



# || બ્રહ્મભટ્ટ સંહિતા ||



લેખકઃ પ્રોફે. (ડો.) કે. સી. બારોટ





## NATIONAL-TEACHER RESEARCH FELLOWSHIP AWARD

To
The Principal,
L. D. Arts College,
Navrangpura, Ahmedabad – 380 009.

**Sub :** Financial Assistance for Award of teacher Followship for completing Ph.D. research work during the Eighth Plan period.

**Ref :** U.G.C. Secretary's D.O. letter No. F. 9-1 / 90(PP) Dated 7-11-1990.

Sir,

With reference to your letter No. 23 dated 6-4-1991 on the subject citied above, I am pleased to inform you that Vice-Chancellor on behalf of the University Grants Commission has accepted the proposal of the college of awarding a teacher-fellowship to Barot Kanubhai Chaturbhai for one year for complating his Ph.D. Degree. It has been noted that he will be working for his Ph.D. at Gujarat University, Ahmedabad-9 under the supervison of Dr. M. J. Mehta, Prof. & Head Dept. of History, University School of Social Sciences, Gujarat University Ahmedabad-9.

The University Grants Commission Would Provide Fund to the College for Appointment of a suitable substitude in place of Barot Kanubhai Chaturbhai on receipt of the necessary details as per University Grants Commission guidelines.

Thanking you.

Yours faithfully,

Registrar
(Guj. Uni. A'bad.)

**Copy to**

1. Shri Barot Kanubhai Chaturbhai
   C/53, Bhagvtnagar Society, Opp. Sarvodaynagar-II, Sola Road, Ahmedabad – 61.
2. The Secretary University Grants Commission, Bahadur Shah Zafar Marg,
   New Delhi. with reference to his D.O. letter No. F. 9-1/90 (CPP) dted. 7-11-1990.
3. Development Officer, Gujarat University, Ahmedabad – 380 009.
4. C.A.O. Gujarat University, Ahmedabad – 380 009.
5. Director College Development Council, Gujarat University, Ahmedabad – 380 009.

# અર્પણ

## સ્વ પરિવાર : સ્વ જ્ઞાતિને સાદર...



સ્વ.પૂ.મોટીબા



સ્વ.પૂ.પિતાશ્રી
ચતુરભાઈ



સ્વ.પૂ.માતૃશ્રી
તુલસીબા



લેખકશ્રી, સહ પરિવાર

# બ્રહ્મભટ્ટ સંહિતા

**'ગુજરાતની સાંસ્કૃતિક પરંપરા અને**
**પરિવર્તનમાં બ્રહ્મભટ્ટ જ્ઞાતિનું પ્રદાન' ૧૮૧૮–૧૯૪૭**


લેખક :

**પ્રોફે. (ડૉ.) કે.સી. બારોટ**

(એમ.એ., એલએલ.બી., પીએચ.ડી)

પૂર્વ અધ્યક્ષ, ઇતિહાસ વિભાગ, એલ.ડી.આર્ટ્સ કૉલેજ,

પૂર્વ અધ્યક્ષ, ગુજરાત ઇતિહાસ પરિષદ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-૩૮૦ ૦૦૯.



પ્રકાશક :

**શ્રી તુલસીદાસ પ્રકાશન, અમદાવાદ.**

**'BRAHMBHATT SANHITA'**

**by :** Prof. (Dr.) K. C. BAROT

**દ્વિતીય આવૃત્તિના પ્રકાશક અને વિતરક :**
**'શ્રી તુલસીદાસ પ્રકાશન'** ૮૮બી રાજયોગ બંગ્લોઝ,
ખોરજ, એસ.જી. હાઈવે, ગાંધીનગર. -૩૮૨૭૩૫.

ભારતીય કોપીરાઈટ એક્ટ અનુસાર આ પુસ્તકની સામગ્રી કે પુસ્તકનું પ્રસ્તુતીકરણના દરેક અધિકાર પ્રોફે. (ડૉ.)કે. સી. બારોટ રહે. : ૮૮બી રાજયોગ બંગ્લોઝ, ખોરજ, એસ.જી. હાઈવે, ગાંધીનગર. આથી કોઈ પણ વ્યક્તિ આ પુસ્તકનું નામ ટાઈટલ ડિઝાઈન, રેખાચિત્ર વગેરે થોડુક કે સંપૂર્ણ તેને તોડી, મરોડી ગુજરાતી અથવા બીજી કોઈપણ ભાષામાં છાપવાનો પ્રયાસ ન કરે. જો આવું કરવામાં આવશે તો તેની પર કાનૂની કાર્યવાહીના ખર્ચ અને પહોંચતી હાનિની જવાબદારી તેની રહેશે. કોઈ પણ વિવાદનું ન્યાયક્ષેત્ર અમદાવાદ રહેશે.

**પ્રથમ આવૃત્તિ :** વર્ષ *1996*

**પ્રથમ આવરણ :** શ્રી વિષ્ણુભાઈ પંચાલ

**દ્વિતીય આવૃત્તિ :** વર્ષ 2025

**દ્વિતીય આવરણ :** શૈલેશ પ્રજાપતિ

**કુલ પૃષ્ઠ :** 34 + 478 = 512

**કિંમત :** 501/-

**ગ્રાફીક્સ ડીઝાઈન : બ્રાઈટ ટાઈપોગ્રાફિક્સ**
હિતેન્દ્ર એસ. જોષી
૨૪, મહાવીર ટાવર, સી.પી. નગરની સામે,
ઘાટલોડિયા, અમદાવાદ મો.૯૯૨૫૧ ૪૭૮૭૭

**મુદ્રક : જય ગ્રાફીક્સ એન્ડ પ્રિન્ટર્સ**
સી-૧૫, વિક્રમ ચેમ્બર્સ, આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૯.
મો. : ૯૯૭૮૪ ૦૭૦૧૬, ૯૩૨૮૮૯૫૪૮૫

# લેખક પરિચય



**નામ** : **પ્રોફે.(ડૉ.) કે. સી. બારોટ** (M.A., LL.B., M.Phil., Ph.D.)

**જન્મસ્થળ** : મુ. ભાટવાસ, તા. સાતલાસણા, જિ. મહેસાણા.

**ઉછેર** : કલોલ (ઉ.ગુ.) તથા નડીયાદ (જિ. ખેડા)

**હોદ્દો** : પૂર્વ અધ્યક્ષ, ઇતિહાસ વિભાગ, એલ.ડી.આર્ટ્સ કૉલેજ, અવાદ-૯. તેમજ પૂર્વ અધ્યક્ષ (૨૦૧૦–૧૨) ગુજરાત ઇતિહાસ પરિષદ.

**અધ્યાપન** : અધ્યાપક તરીકે ૧૯૭૯થી સેવારત. (સ્નાતક / અનુસ્નાતક કક્ષાએ)

- Ph.D. ગાઇડ : ગુજ. યુનિ. / ઉ.ગુજ. યુનિ. / ગુજ. વિદ્યાપીઠ / નાગાલૅન્ડ યુનિ./ પેસિફિક યુનિ.ઉદયપુર-રાજસ્થાન અને I.G.N.O.U./BSAOUમાં Ph.D. / M.Phil ગાઇડ / પ્રોજેક્ટ ગાઇડ. (Ph.D. ના ૨૦ થિસિસ તથા I.G.N.O.U.ના ૬૦ પ્રોજેક્ટમાં ગાઇડ)
- I.A.S. / G.P.S.C. કક્ષાએ વિષય નિષ્ણાત (ફેકલ્ટી) તરીકે S.P.I.P.A. વગેરે સ્ટડી સેન્ટર્સમાં ૧૯૯૫થી
- G.P.S.C.ની પરીક્ષાઓમાં ગાઇડન્સ દ્વારા અનેક વિદ્યાર્થીઓ સફળ. આકાશવાણી – રેડિયો, જ્ઞાનવાણી (I.G.N.O.U.), દૂરદર્શન ટીવી પરથી આ અંગે અનેક કાર્યક્રમો પ્રસારિત.
- **અભ્યાસ સમિતિ – સલાહકાર / સભ્ય :** (૧) ગુજ.યુનિ.અમદાવાદ (૨) ઉ.ગુજ.યુનિ.પાટણ (૩) ગુજ. રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ અને ગુજરાત રાજ્ય ઓપન સ્કૂલ, ગાંધીનગર (૪) માનવ અધિકાર જાગૃતિ અભિયાન – ગુજ. (૫) 'કિસાન રાજ્ય' (દૈનિક), ગાંધીનગર.
- **અમેરિકન બાયોગ્રાફિકલ ઇન્સ્ટિટ્યૂટ :** (I.N.C.-U.S.A.)માં માનદ સભ્ય
- **N.C.C. ઓફિસર** : S/D Boys એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ (કુલ ૧૮ વર્ષ)
- **નોડલ ઓફિસર :** ગુજ. નોલેજ સોસાયટી, એલ.ડી.આર્ટ્સ કૉલેજ, અમદાવાદ (૨૦૦૮)
- **બાયસેગ :** ઇતિહાસ વિષયના ગુજરાત રાજ્યના કોઓર્ડિનેટર (૨૦૦૯-૧૦ વર્ષ)
- **રક્ષાશક્તિ યુનિ. :** અમદાવાદ, 'ભારતના બંધારણ'ના વિષય નિષ્ણાત (૨૦૧૦-૧૧ વર્ષ)

**લેખન પ્રવૃત્તિ : (પ્રકાશિત પુસ્તકો-૧૦૫ અને શોધ લેખો-૬૦)ની ઝલક :**

(૧) 'બ્રહ્મભટ્ટ સંહિતા' (U.G.C.ની નેશનલ ફેલોશિપ સાથેનું Ph.D. રિસર્ચ વર્ક) ગુજરાત બ્રહ્મભટ્ટ મહાસભા, અમદાવાદ.

(૨) 'કલોલ ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં' (M.Philનું રિસર્ચ વર્ક), 'તુલસીદાસ' પ્રકાશન,

(૩) 'સ્વાતંત્ર્ય લડતનાં સંભારણાં – તુલસીદાસ પ્રકાશન, અમદાવાદ

(૪) 'ભારતનો ઇતિહાસ' – (U. P. S. C / G. .P. S. C / NET / G. S. E. T માટે) લિબર્ટી પ્રકાશન,

(૫) 'હિંદનો સ્વાતંત્ર્ય સંગ્રામ અને સ્વાંતંત્ર્યોત્તર ભારત' – (U. P. S. C / G. .P. S. C / NET / G. S. E. T માટે) લિબર્ટી પ્રકાશન, અમદાવાદ.

(૬) 'સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પૂર્વેના મહત્ત્વપૂર્ણ બનાવો' – (U. P. S. C / G. .P. S. C / NET / G. S. E. T માટે) લિબર્ટી પ્રકાશન, અમદાવાદ.

(૭) 'જગતના ઇતિહાસની રૂપરેખા, (U. P. S. C / G. P. S. C / NET/G. S. E. T) અતુલ પ્રકાશન, અમદાવાદ.

(૮) 'જગતનો ઇતિહાસ પ્રશ્નોત્તરરૂપે' – (U. P. S. C / G. .P. S. C / NET / G. S. E. T માટે), અક્ષર પ્રકાશન.
(૯) 'G.K. for PSI & Compi. Exam' (U.P.S.C/G.P.S.C/NET/G.S.E.T), અતુલ પ્રકાશન, અમદાવાદ
(૧૦) 'G.K. for All' (U.P.S.C/G.P.S.C/NET/G.S.E.T), અતુલ પ્રકાશન, અમદાવાદ.
(૧૧) 'સામ્રાજ્યવાદ, પ્રથમ વિશ્વયુદ્ધ અને રશિયન ક્રાંતિ', ગુર્જર પ્રકાશન, અમદાવાદ
(૧૨) 'દ્વિતીય વિશ્વયુદ્ધ અને જગત', ગુર્જર પ્રકાશન, અમદાવાદ.
(૧૩) 'પ્રાચીન ભારતનો ઇતિહાસ' : ગુર્જર પ્રકાશન, અમદાવાદ
(૧૪) 'મૌર્ય અને અનુમૌર્ય યુગ' – ગુર્જર પ્રકાશન, અમદાવાદ.
(૧૫) ગુપ્ત અને હર્ષકાલીન ભારત' – ગુર્જર પ્રકાશન, અમદાવાદ.
(૧૬) 'પ્રથમ વિશ્વયુદ્ધ અને વિશ્વ'–ગુર્જર પ્રકાશન, અમદાવાદ.
(૧૭) 'દ્વિતીય વિશ્વયુદ્ધ અને વિશ્વ–ગુર્જર પ્રકાશન, અમદાવાદ.
(૧૮) 'હિસ્ટ્રીઓગ્રાફી...'(એમ.એ.પાર્ટ 1,પેપર 1) ઉ.ગુ. યુનિવર્સિટી, પાટણ, ૨૦૦૯-૧૦
(૧૯) 'ભારતનો ઇતિહાસ, ૧૭૫૭-૧૮૫૭' (એમ.એ.પાર્ટ 1 પેપર 1) ઉ.ગુ.યુનિ., પાટણ, ૨૦૦૯-૧૦
(૨૦) 'ભારતનું બંધારણ – 'સંક્ષિપ્તમાં' – અક્ષર પ્રકાશન, અમદાવાદ.
(૨૧) 'સમકાલીન ભારતનો ઇતિહાસ' : ગુજરાત યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.
(૨૨) પારિભાષિક શબ્દકોષ (અંગ્રેજી-ગુજરાતી) ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ (પ્રેસ)
(૨૩) ગુજરાતનો ઈતિહાસ (MCQ) (U.P.S.C/G.P.S.C/NET/G.S.E.T-લિબર્ટી પ્રકાશન)
(૨૪) ભારત અને વિશ્વનો ઈતિહાસ (મેઈન્સ) (U.P.S.C/G.P.S.C/NET / G. S. E. T માટે) લિબર્ટી પ્રકાશન, અમદાવાદ.
(૨૫) સામાજિક વિજ્ઞાન (ધો. ૧૦ અને ૧૨) 'સેમકા'. ગુજરાત ઓપન-સ્કૂલ, ગાંધીનગર
(૨૬) 'ભારતીય સંસ્કૃતિ અને વારસો'-માધ્યમિક પાઠ્યક્રમ (અનુ.) 'સેમકા'.ગુજ.ઓ. સ્કૂલ,
(૨૭) TAT સહાયક, નિરવ પ્રકાશન, અમદાવાદ.
(૨૮) ભારતીય સંવિધાન, અક્ષર પ્રકાશન.
(૨૯) ભારતનો ઈતિહાસ (MCQ) (U. P. S. C / G. .P. S. C / NET / G. S. E. T-લિબર્ટી
(૩૦) હિંદનો સ્વા. સંગ્રામ અને સ્વાતંત્ર્યોત્તર ભારત, નિરવ પ્રકાશન, અમદાવાદ.
(૩૧) ભારતનો બંધારણીય ઈતિહાસ (TYBA, Paper-304, 305, 315)ત્રણ પુસ્તકો, નિરવ પ્રકાશન, અમદાવાદ.
(૩૨) 'Freedom Movement of India & India After Independence' (U.P.S.C / G.P.S.C /NET / G.S.E.T માટે) લિબર્ટી પ્રકાશન, અમદાવાદ.

આ ઉપરાંત 'કુલ ૩૫ પુસ્તકોનું પરામર્શનકાર્ય' (I.G.N.O.U. માંથી આંબેડકર યુનિ.માટે) – ડૉ. બા.સા.આં.યુનિ. પ્રકાશન. ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ : ૨૦૧૨ – સામાજિક વિજ્ઞાનમાં સબજેક્ટ કો-ઑર્ડિનેટર.

કુલ ૧૫ પુસ્તકોનું અનુવાદ કાર્ય (I.G.N.O.U. માંથી આંબેડકર યુનિ.માટે) – ડૉ. બા.સા.આં. યુનિ.પ્રકાશન, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગરનાં ધો. ૮ થી ૧૨નાં ઇતિહાસનાં પાઠ્યપુસ્તકો(અંગ્રેજી અનુવાદ સહિત)માં મુખ્ય વિષય સલાહકાર.

## નવ સંસ્કરણ (દ્વિતીય આવૃત્તિ) વેળાએ...



**પ્રિય વાચક મિત્રો, સુજ્ઞ સંશોધનપ્રિય પરિજનો તથા સમસ્ત જ્ઞાતિજનો,**

**સાદર પ્રણામ !!!**

મારા આ નમ્ર શોધકાર્યને બહોળો પ્રતિસાદ આપવા બદલ સર્વપ્રથમ આભાર માનીને ગ્રંથની દ્વિતીય આવૃત્તિ આપના કરકમળમાં મૂકતાં અત્યંત આનંદ-ઉત્સાહ અને ગૌરવની (મિશ્ર) લાગણી અનુભવું છું.

આ ગ્રંથના પ્રથમ પ્રકાશન ટાણે શ્રી બી. ડી. રાવ સાહેબ તથા ડૉ. નંદકિશોરભાઈ, પૂર્વ આચાર્ય શ્રી ડૉ. સુભાષ બ્રહ્મભટ્ટ સહિત સર્વ જ્ઞાતિજનોએ સહકાર અને ઉમળકો દાખવ્યો, એ ભૂલી શકાય તેમ નથી. વળી જ્ઞાતિમંડળ – 'ગુજ. બ્રહ્મભટ્ટ મહાસભા' ઉપરાંત 'દઢાવ બ્રહ્મભટ્ટ મંડળ' અને તેમનાં જ્ઞાતિપત્રો 'શુભદા', 'બ્રહ્મભટ્ટ એકતા', 'બ્રહભટ્ટ મિત્ર' તથા 'ભટ્ટ ભાસ્કરે' આ સંદર્ભે જે સહકાર આપ્યો છે તે માટે તેમનો હું હૃદયપૂર્વક આભારી રહીશ. સ્વજ્ઞાતિ આગેવાનોએ તેજસ્વી વિદ્યાર્થી અને જ્ઞાતિના તારલાઓને સન્માનવાના ભાગરૂપે પણ આ ગ્રંથની નકલ ભેટ આપીને તથા મને વ્યક્તિગત રીતે મળેલી નકલો જ્ઞાતિજનો તથા ઇતર જ્ઞાતિના સંશોધનપ્રિય વાચકોને શક્ય એટલા પ્રમાણમાં પહોંચાડવા માટે કરેલ પ્રયાસ બદલ સર્વનો આભાર. આ રીતે મોટા ભાગનાં ગામો-શહેરોનાં પુસ્તકાલયોને વિનમ્ર ભેટ દ્વારા સ્વજ્ઞાતિના ઇતિહાસને ઉજાગર કરવા જતાં મારી પાસે હાલમાં આ ગ્રંથની માત્ર એકાદ બે જ નકલો બચવા પામી છે.

એવે તબક્કે મારા સુપુત્ર ડૉ. દિગંત કે. બ્રહ્મભટ્ટ (એડી. કલેક્ટર - G.A.S.) દ્વારા એક પ્રસ્તાવ મૂકવામાં આવ્યો કે પૂર્વે જ્ઞાતિ આગેવાનોની સહાય થકી પ્રકાશિત થયેલા આ ગ્રંથને હવે આપણે જાતે જ પુર્નમુદ્રિત કરીએ. જેથી આ ગ્રંથથી વંચિત રહી જવા પામેલ સુજ્ઞવાચકો તેમજ ભાવિપેઢીને પોતાની સાંસ્કૃતિક વિરાસતને ઓળખવા તથા તેને જાળવવામાં સરળતા રહે. વળી, શોધકાર્ય મર્યાદાને લીધે પૂર્વે જ્ઞાતિના જે જે મહાનુભાવોનો આ ગ્રંથમાં ('જ્યોર્તિધરો અંતર્ગત) સમાવેશ કરી શકાયો ન હતો તેમને અત્રે સમાવી લેવા જેવા, હેતુસરના આ પ્રયાસના ભાગરૂપે પ્રસ્તુત ગ્રંથની દ્વિતીય

આવૃત્તિ મારાં પૂ. મોટીબા, પૂ. માતુશ્રી તુલસીબા અને સ્વ પૂ. પિતાશ્રી ચતુરદાસની પુણ્ય સ્મૃતિ સાથે સાંકળીને 'શ્રી તુલસીદાસ પ્રકાશન' અંતર્ગત પ્રકાશિત કરીએ છીએ.

આ તબક્કે અમારા આ પ્રયાસમાં અને ચિ. દિગંતના આ કાર્યમાં સહભાગી બનનાર એમના પરમ મિત્ર શ્રી ઇલેવાન ઠાકર (તંત્રી : કિસાનરાજ), આ ગ્રંથને કમ્પ્યુટરમાં નવેસરથી શબ્દદેહ આપનાર મિત્રો શ્રી પરેશ ગજ્જર, શ્રી કમલેશભાઈ તથા ચિ. અમિત (રિધ્ધી ઝેરોક્ષ-કોમ્પ્યુટર વર્ક્સ, યુનિવર્સિટી પ્લાઝા, નવરંગપુરા, અમદાવાદ) તેમજ લિબર્ટી પ્રકાશનના ચિ. અંકિત જે.પટેલ તેમજ આ નવા સંસ્કરણનું કોમ્પ્યુટર - ગ્રાફિક્સ વર્ક સંભાળનાર ભાઈશ્રી હિતેન્દ્ર એસ. જોષી તથા અન્ય સર્વનો અત્રે ઋણ સ્વીકાર કરું છું. પ્રથમ આવૃત્તિ ટાણે 'બ્રહ્મભટ્ટ સંહિતા' વાંચ્યા બાદ ગ્રંથાવલોકન કરનાર તમામ વિદ્વાનો તથા જ્ઞાતિજનોનો ખૂબ ખૂબ આભાર માની અત્રે એ સર્વેને સમાવિષ્ટ કરી લેવાનો મેં નમ્ર પ્રયાસ કર્યો છે. એ ઉપરાંત ક્યાંક કોઈક જ્ઞાતિજનોએ કરેલ સૂચનોને (૨૦૦ જેટલી નકલો વિવિધ મહાનુભાવોને ભેટ આપ્યા બાદ પ્રતિસાદરૂપે પત્રકાર મિત્રશ્રી ઇંદુભાઈ બ્રહ્મભટ્ટ (લિંચ), શ્રી એમ. એન. બ્રહ્મભટ્ટ (I.R.S.- મુંબઈ) તથા શ્રી મગનભાઈ બારોટ (પૂર્વ કેન્દ્રિય નાણામંત્રીશ્રી) સહિત માત્ર ત્રણ - ચાર પત્રો મળ્યા છે. એની સખેદ નોંધ સાથે) નવી આવૃત્તિમાં મૂલ્યવાન સૂચનો શિરોમાન્ય રાખી એ મુજબ ગ્રંથને પુનઃ પ્રકાશિત કરતાં સાનંદ ગૌરવ અનુભવીએ છીએ. અંતમાં આ સંદર્ભે જરૂરી સૂચનો આવકારવાની ઉત્સુકતાપૂર્વકની ખાત્રી સાથે આભાર. અસ્તુ.

દેવ દિવાળી,
કારતક પૂર્ણીમા - **સંવત ૨૦૮૧**
તા. ૧૫ નવેમ્બર, ૨૦૨૪


**પ્રોફે. (ડૉ.) કે. સી. બારોટ**

૮૮-બી, રાજયોગ બંગ્લોઝ,
એસ.જી. હાઈવે,
ખોરજ, ગાંધીનગર,
ગુજરાત-૩૮૨૭૩૫

પૂર્વ અધ્યક્ષ : ગુજરાત ઈતિહાસ પરિષદ
તેમજ ઈતિહાસ વિભાગ
એલ. ડી. આર્ટ્સ કૉલેજ, નવરંગપુરા,
અમદાવાદ – ૩૮૦ ૦૦૯.
મો. ૯૯૨૫૪ ૯૮૪૨૭

## 'BAROT' - EXTRAORDINARY PEOPLE

Colonel Wilk's History of Mysoor contains an excellent note on the Bhauts, with which I shall conclude my account of these **extraordinary people.**

"Bart, baut, batt, as it is differently pronounced, is a curious approximation to the name of the western bard; and their offices are nearly similar. No Hidoo rajah is without his bards. Hyder, although not a Hindoo, delighted to be constantly preceded by them; and they are an appendage to the stage of many, other Mussulman chiefs. They have a wonderful facility in speaking improvisatore, on any subject proposed to them; a declamation in measures, which may be considered as a sort of medium between blank verse, and modulated prose; but their proper profession is that of chanting the exploits of former days in the front of the troops, while marshalling for battle, and inclining them to emulate the glory of their ancestors."

**Forbes, James : 'Oriental Memoris' (London 1813)**
Chept. XXXXII Page 225

# આમુખ



**– પદ્મશ્રી (ડૉ.) કે. કા. શાસ્ત્રી, અમદાવાદ**

**'બ્રહ્મભટ્ટ સંહિતા'** શીર્ષકથી પ્રસિદ્ધ થતો આ શોધનિબંધ પ્રો. કે. સી. બારોટે તૈયાર કરેલો, 'બ્રહ્મભટ્ટ' જ્ઞાતિના ઈતિહાસમાં ગણ્યકોટિનો પ્રકાશ પાડતો આધારભૂત ગ્રંથ છે.

આ ગ્રંથનું પહેલું પ્રકરણ **'બ્રહ્મભટ્ટ જ્ઞાતિની ઉત્પત્તિ'** વિશેનું છે, જેમાં પ્રાગૈતિહાસકાલથી શરૂ કરી સાંપ્રત સમય સુધીમાં ગુજરાતમાં આવીને એક મોટો વિશાળ સમૂહ કેવી રીતે ક્યાં ક્યાં સ્થિર થયો એ વિશે બની શકે તેટલાં પ્રમાણો મેળવી એના નિર્દેશ સાથે સમુચિત રીતે આપવાનો પ્રયત્ન કર્યો છે. એમાંથી એમણે સ્પષ્ટ તારવણી કરી આપી છે કે આ જ્ઞાતિ બ્રાહ્મણોનો જ એક પ્રકાર છે. (જે વિશેનો આ આમુખ – લેખકનો વર્ષોથી અનુભૂત અનુભવ છે.) મહાભારત તેમજ પુરાણો વગેરેમાં અન્ય વિદ્વાનોએ આપેલાં ઉદાહરણો લઈને આ વાતનું એમણે પૂરતું સમર્થન કર્યું છે. છતાં એક વાત તરફ ધ્યાન દોરી શકાય, કે આ સમગ્ર પ્રયત્ન અનુશ્રુતિઓના પ્રકારનો છે. એટલે એને તદ્દન ભૂતાર્થ ઐતિહાસિક દૃષ્ટિએ સ્વીકારતાં ખચકાવું પડે. અમારે મતે 'ક્ષત્રિય અને વિપ્રકન્યા થકી ઉત્પન્ન થયેલ તે ભટ્ટ' આવું વિધાન ગળે ન ઊતરે તેવું છે. પૌરાણિક માન્યતા પ્રમાણે કેટલાક બ્રાહ્મણોમાંથી ક્ષત્રિયો વિકસ્યા છે તો કેટલાક ક્ષત્રિયો બ્રાહ્મણ થયા છે, પરંતુ પ્રતિલોમ લગ્નોથી બ્રાહ્મણ થયાનું પ્રમાણપુષ્ટ થતું જોવામાં આવ્યું નથી. 'બારોટ' શબ્દનું મૂળ શું હોઈ શકે એ વિષયમાં અનેક વિદ્વાનોના અભિપ્રાય અત્રે નોંધ્યા છે, જેમાંના મોટા ભાગના મારા મતે પ્રતીતિકર નથી. 'બારોટ'માં વચ્ચેનો 'ઓ', ક્યાંથી આવ્યો એ જાણે મૂંઝવી દે એવું લાગે, કિંતુ 'ભ' ઓષ્ઠ્ય વર્ણનો વ્યંજન હોવાથી 'ઉ'કાર થવો એ સહજ છે. 'ગઢપતિ'નો 'ગઢવી' થઈ 'ગઢવી' શબ્દ 'ચારણો' માટે વ્યાપક છે તેમ 'દ્વારપટ્ટ' ('હકીકતે દ્વાર ભર્તા')- દ્વારના અધિકારી બ્રાહ્મણ માટે સ્વાભાવિક છે અને એ નાટકોમાં આવતા 'વૈતાલિક' સંજ્ઞાવાળા બ્રાહ્મણો.' પછીથી 'બારોટ' શબ્દ ચારણો માટે પણ સાહચર્ય અને સમાનવૃત્તિને કારણે પ્રચલિત બન્યો છે. મૂળમાં 'બારોટ' અને 'ગઢવી' અલગ અલગ અધિકાર અને બે ભિન્ન જ્ઞાતિના વ્યક્તિ હતા. પ્રો. બારોટના મતને આનાથી વધુ પુષ્ટિ મળે એ હેતુથી આ અત્રે સૂચન કર્યું છે.

બીજું પ્રકરણ **'ગુજરાતમાં બ્રહ્મભટ્ટ જ્ઞાતિનું સ્થાન'** શ્રમપૂર્વક ઊંડા સંશોધનના બળ પર લખાયેલું છે. એમાં જ્ઞાતિમાં ઘર કરી ગયેલા કેટલાક જડ રિવાજો વિશે પણ નોંધ આપવાનો લેખકનો પ્રયત્ન પ્રશસ્ય કોટિનો છે.

એનું જ અનુસંધાન ત્રીજા **'બ્રિટિશ શાસન અને બ્રહ્મભટ્ટ જ્ઞાતિમાં પરિવર્તન ૧૯મો સૈકો'** પ્રકરણમાં છે. પૂર્વના અને આ પ્રકરણમાં 'બ્રહ્મભટ્ટો'ની સમાજમાં અસામાન્ય કોટિની પ્રતિષ્ઠા હતી એ 'જામીન' થવાની અને એ જ બ્રિટિશ સત્તાના આરંભ કાળમાં લાંબા સમય સુધી માન્ય હતી જે વિશેષતઃ નિરુપણથી સ્પષ્ટ કરવામાં આવ્યું છે. 'કટારની નિશાની' કેટલી પ્રતિષ્ઠાપદ હતી એ સત્ય સારી રીતે ઉપસાવવામાં લેખકને સફળતા મળી છે. સમગ્ર ઇતિહાસ નોંધપાત્ર છે.

ચોથું પ્રકરણ **'બ્રહ્મભટ્ટ અગ્રવર્ગ અને જ્ઞાતિ-સુધારણા'** સમગ્ર ગ્રંથમાં ખૂબ જ મહત્ત્વનું છે. પૂર્વે બીજા પ્રકરણમાં જે વિશે ઇશારો માત્ર થયો છે, તેના અનુસંધાનમાં જ્ઞાતિમાં અનેક પેઢીમાંથી અન્ય હિંદુકોમોની જેમ દઢ થઈ ગયેલા કુરિવાજોનું ઉન્મૂલન કરી જ્ઞાતિ કેવી રીતે એના ગૌરવમય સ્થાનને પહોંચી એ સમુચિત રીતે બતાવવામાં આવ્યું છે.

પાંચમું પ્રકરણ **'ગુજરાતના સાંસ્કૃતિક વિકાસમાં બ્રહ્મભટ્ટ જ્ઞાતિનું પ્રદાન'** એ મુખ્યત્વે જ્ઞાતિના મધ્યકાળથી લઈ અર્વાચીન કાળના આરંભ સુધીમાં થયેલા સંત કવિઓનો પરિચય આપે છે. ગુજરાતના પ્રીતમ અને લાડુ બારોટ-ભક્તરાજ બ્રહ્માનંદ જેવા પ્રથમ કોટિના ભક્ત કવિઓ વગેરે વિશે એમની કૃતિઓમાંથી અવતરણો આપીને એ મહાનુભાવો જ્ઞાતિના કેવા ભૂષણરૂપ હતા એ બતાવવામાં આવ્યું છે. આ પ્રકરણના ઉત્તર ભાગમાં અર્વાચીન આદિકાળથી વર્તમાન સુધીના કવિઓ અને સાહિત્યકારોનો સુવિશદ પરિચય આપવામાં આવ્યો છે.

છઠ્ઠું પ્રકરણ **'બ્રહ્મભટ્ટ જ્ઞાતિના જ્યોતિર્ધરો'**નો સુવિશદ રીતે પરિચય મૂર્ત કરી આપે છે. જેમનો જ્ઞાતિના ઉત્કર્ષ માટે નોંધપાત્ર ફાળો રહ્યો છે. યોગિરાજ શ્રી મનુવર્યજી મહારાજ જેવા ગુજરાતના સંતરત્ન આ જ્ઞાતિના ભૂષણરૂપ છે એ અત્રે નોંધવું જોઈએ.

આ પ્રકરણના ઉપસંહારરૂપે 'સમાપન'માં વિદ્વાન સંશોધકે આટલા સુધીના ગ્રંથમાં શું શું આપ્યું છે તેનાં અતિ સંક્ષેપમાં તારણ કરી આપેલ છે.

છેલ્લાં પ્રકરણોને જરૂરી ચિત્રો આપીને સમૃદ્ધ કરવામાં આવેલ છે.

ગુજરાતના સામાજિક ઇતિહાસ-લેખનમાં આ ગ્રંથ ભાત પાડે એવો છે એમ લખતાં હર્ષ થાય છે. આ 'મહાનિબંધ' લખવા માટે વિદ્વાન લેખકને અભિનંદન આપતાં આનંદ અનુભવું છું. ખાસ તો ગ્રંથનું પ્રકાશન કરવાના ભગીરથી સાહસ માટે એમને અને ભાઈશ્રી ડૉ. નંદકિશોર બારોટને મારાં હાર્દિક અભિનંદન.

કર્ણાવતી – અમદાવાદ **– કે. કા. શાસ્ત્રી**

તા. ૧-૮-૧૯૯૬

# વિદ્યાવ્યાસંગી બ્રહ્મભટ્ટનું સારસ્વતકાર્ય



- પદ્મશ્રી ડૉ. ચંદ્રકાન્ત મહેતા

જીહ્વા પર મા શારદાનો વાસ, વફાદારી, ત્યાગ અને સ્વાર્પણમાં વિશ્વાસ, પ્રશસ્તિની આશ, પણ બ્રહ્મોપાસનામાં જ જીવનની હાશ, શસ્ત્ર, શાસ્ત્રજ્ઞાન અને ધ્યાન, માગવામાં મણા ન રાખે પણ આપવામાંય પાછી પાની ન કરે એવી દાનશીલતા, સૌજન્ય અને શૂરતાના ઉજ્જવળ યશકલશ સમી બ્રહ્મભટ્ટ જ્ઞાતિની આદિકાળની અદ્યાવપિ એક આગવી પરંપરા છે. એ પરંપરામાં દાનવીર કર્ણથી માંડી ખંભાતના દરિયાની દરિયાવદિલી રેલાવતા દેશપરદેશમાં ઉદ્યોગવીર બનીને નરબંકા તરીકે પંકાયેલા શ્રી ભગવતીલાલ ડી. રાવ સુધીનાં અનેક નરરત્નોનો સમાવેશ થાય છે. ડૉ. કે. સી. બારોટ જેવા વિદ્યાવ્યાસંગી અધ્યાપકોનું પણ જ્ઞાનોપાસક તરીકે એમાં આગવું સ્થાન છે.

બ્રહ્મભટ્ટ જ્ઞાતિ વિશે વિસ્તૃત માહિતીપ્રદાન કરતાં અનેક નાનાં-મોટાં પુસ્તકો પ્રસિદ્ધ થતાં રહ્યાં છે, પણ 'બ્રહ્મભટ્ટ સંહિતા' એમાં આગવી ભાત સાથે પદાર્પણ કરી રહ્યું છે. એના લેખક ડૉ. કે. સી. બારોટે ઇતિહાસના પ્રાધ્યાપક (એલ. ડી. આર્ટસ કૉલેજ, અમદાવાદ) અને સંશોધક વિદ્યાર્થી તરીકે જિજ્ઞાસા અને સાધના એમણે હેમખેમ જાળવ્યાં છે. જેની પ્રતીતિ એમણે રજૂ કરેલા ઐતિહાસિક અને સાંસ્કૃતિક વિષયોના એમના પ્રકાશિત સંશોધન લેખો જોતાં થાય છે. 'બ્રહ્મભટ્ટ સંહિતા' ગ્રંથલેખન માટે એમણે અંગ્રેજી-ગુજરાતી એવા અનેક સંદર્ભ ગ્રંથોનાં અવતરણો દ્વારા સામગ્રીની પ્રમાણભૂતતા અને સંશોધનની સૂક્ષ્મદષ્ટિનો પરિચય કરાવ્યો છે. એટલે આ વૈજ્ઞાનિક ઢબે થયેલા લેખન-સંશોધનની વિશ્વસનીયતા અનેકગણી વધી જાય છે. 'સૂતોત્પત્તિ'થી માંડી બ્રહ્મભટ્ટ જ્ઞાતિના જ્યોર્તિધરો સુધીની સામગ્રીનું તેથી જ પૌરાણિક, ઐતિહાસિક તેમજ સાંસ્કૃતિક દષ્ટિએ આગવું મહત્ત્વ છે અને તે માટે તેઓ શાબાશીના અધિકારી ઠરે છે.

ડૉ. નંદકિશોર બારોટ જેમણે 'વિશ્વનાં રત્નો' જેવું આંતરરાષ્ટ્રીય ખ્યાતિક્ષમતા ધરાવતું મૂલ્યવાન સંશોધન પુસ્તક અને રત્નોને લગતો ત્રિભાષી શબ્દકોશ લખીને રત્ન-ઝવેરાતના ઉદ્યોગમાં આગળની હરોળમાં સ્થાન પ્રાપ્ત કરેલ છે; તેઓ માતૃતર્પણ નિમિત્તે વિદ્યાદાન દ્વારા એક સંશોધક વિદ્વાનની પીઠ થાબડે એ પણ એક નોંધપાત્ર ઘટના છે. યશસ્વી દાતા અને સુયોગ્ય પ્રાપ્તકર્તાનો સુવર્ણ સુરભિયોગ દુર્લભ હોય છે.

'બ્રહ્મભટ્ટ સંહિતા'ના લેખક ડૉ. કે. સી. બારોટના આ મૂલ્યવાન સંશોધનને એક સંશોધનપ્રેમી તરીકે હું હૃદયપૂર્વક આવકારી તેમને શોધયાત્રી તરીકે અવિરત કર્મનિષ્ઠ રહેવાની શુભેચ્છા પાઠવું છું.

૧૪ સપ્ટેમ્બર ૧૯૯૬ **– ડૉ. ચંદ્રકાન્ત મહેતા**
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. કુલપતિ



# સ્તુત્ય શોધકાર્ય

('બ્રહ્મભટ્ટ સંહિતા'ની પ્રથમ આવૃત્તિ વેળાએ)

**- મકરંદ મહેતા**

સાચો ઈતિહાસ લોકોનો એટલે કે જનસમૂહનો ઈતિહાસ છે. મારી દૃષ્ટિએ ઈતિહાસ એ માત્ર ભૂતકાળનો જ વિષય નથી. જ્યાં સુધી ભૂતકાળના પ્રસંગોનું અનુસંધાન વર્તમાનકાળ સાથે કરવામાં ન આવે ત્યાં સુધી એનો વિશેષ અર્થ સરતો નથી.

આ બંને દૃષ્ટિકોણને અનુલક્ષીને ડૉ. કે. સી. બારોટે એક ઈતિહાસકારને શોભે તે રીતે આ અભૂતપૂર્વ, સ્તુત્ય શોધકાર્ય કર્યું છે. તેમાં બ્રહ્મભટ્ટ જ્ઞાતિનું ઐતિહાસિક વિવરણ આપવા ઉપરાંત સમગ્ર ગુજરાતના જનસમાજને અનુલક્ષીને એમણે બ્રહ્મભટ્ટ જ્ઞાતિની પરંપરાઓ તેમજ પરિવર્તનની ચકાસણી પણ કરી છે. આ કારણસર ઈતિહાસકારો ઉપરાંત સમાજ પરિવર્તન સાથે સંકળાયેલ બૌદ્ધિકોને આ ગ્રંથ પસંદ પડશે, એટલું જ નહીં પણ એમને વિશેષતઃ માર્ગદર્શક પુરવાર થઈ ગુજરાતના ગ્રંથભંડારોમાં તે આગવું સ્થાન પામશે એવી મને શ્રદ્ધા છે.

આવો અમૂલ્ય ગ્રંથ પ્રસિદ્ધ કરવા બદલ હું ડૉ. કે. સી. બારોટને ધન્યવાદને પાત્ર ગણું છું તેમજ એમને અનેક શુભેચ્છાઓ પાઠવું છું.

અમદાવાદ
૧૬ સપ્ટેમ્બર, ૧૯૯૬

*** 'બ્રહ્મભટ્ટસંહિતા'ની બીજી આવૃત્તિ વેળાએ... ***

એક ખંતિલા સંશોધકોને છાજે એવી ઉત્કંઠા તેમજ જહેમત સાથે પ્રસ્તુત ગ્રંથમાં ખૂટતી વિગતો ઉમેરવાના ભાઈશ્રી ડૉ. કે. સી. બારોટના આ પ્રયાસને અંતરની શુભકામના તેમજ આશીર્વચન સહિત આવકાર.

**ડૉ. મકરંદ મહેતા,**
પૂર્વ અધ્યક્ષ અને પ્રોફેસર,
ગુજ. યુનિ., અમદાવાદ.
ઈતિહાસના વિઝિટિંગ પ્રોફેસર,
યુનિવર્સિટી ઑફ સંદરલૅન્ડ (ઇંગ્લૅન્ડ)
**(આ સંશોધનકાર્યના માર્ગદર્શક)**

અમદાવાદ.
૨૦ જુલાઈ ૨૦૨૩
અ.શ્રાવણ સુદ ત્રીજ

# ગ્રંથાવલોકન

પ્રોફે. ડૉ. મકરંદ મહેતા

છેલ્લા દશેક દાયકાઓથી ઈતિહાસ લેખનવિદ્યાનો અભિગમ બદલાયો છે. અને ખાસકરીને નવી પેઢીના ઈતિહાસકારો સમાજના નીચલા વર્ગોને તેમજ જાતીઓને કેન્દ્રસ્થાને રાખીને સાંસ્કૃતિક અને આર્થીક ઈતિહાસનું નવી રીતે અર્થઘટન કરે છે. દલિતો, સ્ત્રીઓ, આદીવાસીઓ અને અન્ય શોષિત વર્ગો અને જ્ઞાતિઓનો ઈતિહાસ એટલે સમાજના સબડતા કે કચડાયેલા વર્ગોનો ઈતિહાસ (Subaltern History) ઈતિહાસ વિહોણાઓનો ઈતિહાસ (History from below) જેવા ચોટદાર શબ્દોથી વિભુષિત બનેલો આ પ્રકારનો ઈતિહાસ માત્ર બૌદ્ધિકોમાંજ નહિ, પરંતુ સામાન્ય શિક્ષિતવર્ગમાં પણ લોકપ્રિય બન્યો છે.

ઉપર્યુક્ત ક્રન્તીકારી વિચારસરણીને લક્ષમાં લઈને ડૉ. કે. સી. બારોટે મૂળ તેમજ પ્રકાશીત સ્ત્રોતોનો તલસ્પર્શી અભ્યાસ કરીને ‘બ્રહ્મભટ્ટ સંહિતા’ ગ્રંથ લખીને ટૂંક સમયમાં જ સારી એવી લોકચાહના પણ પ્રાપ્ત કરી લીધી છે.

બ્રહ્મભટ્ટ તેમજ બારોટ જેવાં નામોથી જાણીતી આ જ્ઞાતિને સરકારે બક્ષીપંચ અંતર્ગત જ્ઞાતિશ્રેણીમાં સમાવિષ્ઠ કરેલ છે. વાસ્તવિક પરિસ્થિતી આમ હોવા છતાં ગુજરાતના સાંસ્કૃતિક ક્ષેત્રમાં તેણે કરેલું પ્રદાન એવું તો વિશિષ્ટ છે કે માત્ર ભારતીય વિદ્વાનોએ જ નહિ પરંતુ યુરોપ અને અમેરિકાના ઈતિહાસકારોએ પણ તેનો અભ્યાસ કર્યો છે. આ ગ્રંથની ખૂબી એ છે કે લેખકે અંગ્રેજી તેમજ તળપદી ગુજરાતી ભાષામાં રચાયેલ ગ્રંથોનો અભ્યાસ કરીને બ્રહ્મભટ્ટ જ્ઞાતિની કેટલીક વિશિષ્ટ સેવાઓને વસ્તુનિષ્ઠ (Objective) રીતે મુલવી છે. છેક પ્રાચીન કાળથી આ જ્ઞાતીના સભ્યો કેટલાંક મહત્ત્વપૂર્ણ કાર્યો કરતા તેઓ યુદ્ધ સમયે સમારાંગણમાં શૌર્ય - તર્પણનાં ગીતો ગાઈને સૈનિકોને યુદ્ધ કરવા પ્રેરતા. રાજા-મહારાજાઓની વંશવાલીઓ તૈયાર કરી ઈતિહાસની જાળવણી કરતા એટલું જ નહિ પણ ઐતિહાસીક હકીકતોને લોકકથાના બીબામાં ઢાળીને ઈતિહાસને જીવંત રીતે સમાજના આમ વર્ગ સુધી પ્રસરાવતા, બારોટો સાચેજ ગુજરાતના ‘તળપદા‘ અને પરંપરાગત ઈતિહાસકારો (Indigenous and Traditional Historians') હતા. વળી બારોટો સમગ્ર પ્રજામાં બ્રાહ્મણ જેટલાજ

અને ક્વચિત તેમનાથી પણ વિશેષ પવિત્ર મનાતા. આ કારણથી જે સમયે કોર્ટ - કચેરીઓ કે ન્યાયાલયોનો અભાવ હતો ત્યારે, મધ્યકાળથી આ લોકો નાણાં ધીરનાર શાહુકાર અને ઉછીના લેનાર રાજા મહારાજાઓ કે વેપારીઓના પક્ષકાર વતી અને મધ્યસ્થી તરીકે નિયુક્ત કરવામાં આવતા. એવા અગણિત કિસ્સાઓ છે કે જ્યારે ઉછિના લેનાર વ્યક્તિ ધીરનારને નાણાં પરત કરવા આનાકાની કરે કે વધુ પડતો વિલંબ કરે ત્યારે આ લોકો જમીનદાર તરીકેની પોતાની આબરૂ સાચવવા પોતાનાં વ્હાલાં સ્વજનો કે પોતાની જાતનું સ્વાર્પણ - ત્રાગું કરી- પોતાની જાતનું દમન કરી કરારભંગ કરનાર પર નૈતિક દબાણ લાવતા.

આ તો મધ્યકાલીન કે જુના જમાનાની વાત થઈ, પોતાની સેંકડો વર્ષો જુની આ પરંપરાને નવો ઓપ આપીને બ્રહ્મભટ્ટોએ શૌર્યતર્પણથી ભરપૂર સ્વાતંત્ર્ય ગીતો રચ્યાં લલકાર્યાં છે. એટલું જ નહી પણ ખાસ કરીને ગાંધી યુગ દરમિયાન એમણે કારાવાસો ભોગવીને પણ દેશપ્રેમ વ્યક્ત કર્યો છે. પરંપરાગત પ્રતિભા ધરાવનાર બ્રહ્મભટ્ટ જ્ઞાતિ ભલે આર્થિક દૃષ્ટિએ અન્ય વર્ગો સંપન્ન ન હોય પરંતુ એમની સાહિત્ય અને સાંસ્કૃતિક સેવાઓએ સૌનું ધ્યાન દોર્યું છે. વળી આ જ્ઞાતિએ વર્ષોથી અવિરત પ્રયાસો કરીને પોતાની જ્ઞાતિનાં સ્ત્રી-પુરૂષોમાં નવા જમાનાને અનુરૂપ નૂતન શિક્ષણ અને સંસ્કારના સિંચન કર્યા છે.

આ ગ્રંથની ધ્યાન દોરે તેવી એક વિશિષ્ટતા એ છે કે લેખક પોતે આ જ જ્ઞાતિના હોવા છતાં તેમણે ઘણા વિનમ્ર અને એક વ્યાવસાયિક ઇતિહાસકારને શોભે તેવી તટસ્થતા જાળવીને વસ્તુનિષ્ઠ રીતે બ્રહ્મભટ્ટ જ્ઞાતિનું તેમજ ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસનું વિવરણ તેમજ પૃથક્કરણ કર્યું છે. લોકશિક્ષણની દૃષ્ટિએ તો પ્રસ્તુત ગ્રંથ અત્યંત મુલ્યવાન છે.

# આશીર્વચન

**જીવો બ્રહ્મૈવ ના પર:** ... પ્રત્યેક જીવ પરમાત્માથી પર (જુદો) નથી. એનો સાક્ષાત્કાર કરવા અને ભ્રમણા ભાંગવા મનુષ્ય દેહની પ્રાપ્તિ થઈ છે. સદ્ભાવ, મમતા, સમર્પણ અને સેવા દ્વારા પરમલક્ષ્ય સિદ્ધ કરવું, એ હેતુની સિદ્ધિ માટે **'બ્રહ્મભટ્ટ સંહિતા'** સર્વેને માર્ગદર્શન આપશે એવી પરમાત્માને પ્રાર્થના સાથે ડૉ. કે. સી. બારોટે કરેલ સંશોધન માટેનો શ્રમ ચરિતાર્થ થશે એમ મારું માનવું છે. પરમાત્મા ભાઈશ્રી કનુભાઈનું મંગલ કરે અને **બ્રહ્મભટ્ટ જ્ઞાતિજનો આ ગ્રંથમાંથી માર્ગદર્શન મેળવી જીવનનું પરમ લક્ષ્ય સિદ્ધ કરે તેવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના** સાથે આશીર્વાદ.

**—સ્વામી મનુવર્ય**
યોગસાધના આશ્રમ,
પ્રીતમનગર, અમદાવાદ-૬.

'બ્રહ્મભટ્ટ સંહિતા'માં આવતા 'સંહિતા' શબ્દમાં સમ્ ઉપસર્ગ, ધા ધાતુ હિત ભુતકૃદન્ત સ્ત્રી. પ્ર. એ. વ.નો સરળ અર્થ 'સાથે હોવું' કે સારી રીતે સંગ્રહિત કરવું તે થાય. પ્રસ્તુત શોધપ્રબંધમાં બ્રહ્મભટ્ટ સમાજના નીતિ-નિયમ, આચાર-વિચાર તેમજ પરંપરાગત પ્રણાલિઓને સંગ્રહિત કરાયેલ હોવાથી તે આ નામને યથાર્થ પુરવાર કરે છે. બ્રહ્મભટ્ટ સમાજના આદિકાળથી આધુનિકયુગ સુધી ઐતિહાસિક તેમજ સાંસ્કૃતિક પરંપરા, પરિવર્તન અને વિકાસની ગૌરવગાથા વર્ણવતો આ ગ્રંથ; ડૉ. બારોટનો સ્તુત્યશોધયત્ન છે.

**પ્રસ્તુત ગ્રંથ માત્ર બ્રહ્મભટ્ટ સમાજ માટે જ નહિ પણ વિશ્વૈક્ય કાજે શક્તિ-સંહિતાનો પર્યાય અને સંશોધકો માટે પ્રેરક પુરવાર બની રહેશે એવો મારો દઢવિશ્વાસ છે.**

**પ્રોફે. (ડૉ.) આર. સી. શર્મા**
(અધ્યક્ષ, હિન્દી વિભાગ,
અધ્યક્ષ, અનુસ્તાક કેન્દ્ર, એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ)



# આજીવન વિદ્યાર્થી
# કે. સી.ને અનેક શુભેચ્છાસઃ

- પ્રોફે. (ડૉ.) શિરિન મહેતા

શ્રી કે. સી. બારોટે ગુજ.ની બાહોશ, સાહસિક, પરિશ્રમી અને બ્રહ્મજ્ઞાની એવી બ્રહ્મભટ્ટ જ્ઞાતિ પર અત્રે સુંદર સંશોધન કર્યું છે. સાંપ્રત સમયે જ્યારે દેશમાં સમાન નાગરીકસહિતના કેટલાક ધારાઓની ચર્ચા જોર પર છે ત્યારે યક્ષ પ્રશ્ન એ છે કે દેશ-રાષ્ટ્રની એક સૂત્રતાને જાતિ, જ્ઞાતિ, ધર્મ, સમાજ વગેરેમાં વ્યાપ્ત અને પ્રચલિત વૈયક્તિક ધારાઓ દેશના મોટાભાગના બુદ્ધિજીવીઓ, તત્ત્વચિંતકો માટે કેટલી મહત્ત્વપૂર્ણ છે ? વાસ્તવમાં આવા વૈવિધ્યતાસભર અને વૈયક્તિક ધારાઓ રાષ્ટ્રની એકસૂત્રતા, સમન્વય અને સંપ્રભુતા માટે અત્યંત આવશ્યક હોવાથી પ્રસ્તુત ગ્રંથ સામાજીક સુધારણાઓ, જ્ઞાતિની વિવિધ પ્રથાઓ, રીત-રીવાજો અને નાના મોટા ધારાઓ પર ઘણા દસ્તાવેજી પુરાવાઓ સાથે પ્રકાશ પાથરે છે. કાળ ક્રમે એમાં ઘર કરી ગયેલી કુ-પ્રથાઓને તેમજ કાયદાઓને સુધારવાની એટલે કે જ્ઞાતિ સુધારાણાના આંદોલનની જરૂરીયાત ઉભી થઈ, જેમાંથી આધુનિક સમાજનું અવતરણ થયું. આ સંશોધન કાર્ય વર્તમાન સમયની સમસ્યાઓને કુનેહ અને ધીરજપૂર્વક ઉકેલવા બ્રહ્મભટ્ટ સમાજે કરેલા પ્રયાસોની તેજછાયામાં એક દિશાસૂચન કરી જાય છે. આવા સંશોધનમૂલક પ્રયાસને આપણે અનેક શુભેચ્છાઓ સાથે આવકારવો અને અભિનંદવો રહ્યો.

અમદાવાદ.
૨૦ જુલાઈ ૨૦૨૩
અ.શ્રાવણ સુદ ત્રીજ

પ્રોફે. (ડૉ.) શિરિન મહેતા,
(પૂર્વ અધ્યક્ષ અને અધ્યાપક,
ઈતિ.વિભાગ,સમાજવિદ્યા ભવન,
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.)



# ગ્રંથાવલોકન

**- સ્વામિ સચ્ચિદાનંદ**

પ્રત્યેક વસ્તુને પોતાનો ઈતિહાસ હોય છે. પરંતુ જ્યાં સુધી કોઈ પણ વસ્તુ ઐતિહાસિક ભૂમિકા ધારણ ન કરે ત્યાં સુધી એનો ઈતિહાસ આલેખવામાં આવતો નથી. આપણી જ્ઞાતિઓનો પણ પોતપોતાનો આગવો ઈતિહાસ છે. આર્યપ્રજામાં વર્ણવ્યવસ્થા જ્યારે એનાં કટ્ટર સ્વરૂપમાં ધાર્મિક તેમજ રાજકીય રીતે વ્યવહારમાં હતી, ત્યારે જ કેટલીક નવી નવી જ્ઞાતિઓનો ઉદ્‌ભવ થયો હતો. જે પૈકીની કેટલીક આજે પણ વિદ્યમાન છે. આવી પરંપરા થકી બ્રહ્મભટ્ટ જ્ઞાતિ પણ કોઈ કાળે અસ્તિત્વમાં આવી હશે. તેની આકૃતિ અને આનુવંશિક ગુણો-લક્ષણો દ્વારા સચોટ અનુમાન લગાવી શકાય કે તે આર્યપ્રજાનું રૂપાંતરણ છે. બ્રાહ્મણોની ભદ્રતા, વાચાળતા અને કવિત્વશક્તિની સાથે સાથે ક્ષત્રિયોનું શૂરાતન, સાહસ અને બલિદાનવૃત્તિ એ બધું જ એક સાથે તેમાં જોવા મળે છે. (અને પોતાનું 'બ્રહ્મભટ્ટ' નામાભિધાન યથાર્થ ઠરાવે છે.)

આવા જ બ્રહ્મભટ્ટ ભાઈ શ્રી ડૉ. કે. સી. બારોટે પોતાના શોધપ્રબંધમાં ઘણી જ ઊંડાણપૂર્વકની ખેડ કરીને બ્રહ્મભટ્ટ જ્ઞાતિ વિશેનાં ભૂતકાળ તેમજ વર્તમાનકાળનાં ઘણાંબધાં તથ્યોને 'બ્રહ્મભટ્ટ સંહિતા'માં ગ્રંથસ્થ કર્યા છે. માટે જ આ ગ્રંથ માત્ર બ્રહ્મભટ્ટ જ્ઞાતિ પૂરતો મર્યાદિત ન રહેતાં અન્ય જ્ઞાતિઓ, સમાજો અને જિજ્ઞાસુઓ માટે ઐતિહાસિક તથ્યોનું આધારભૂત નિરૂપણ કરનાર બનવા પામેલ છે.

વર્ષાકાળમાં જેમ પર્વત પર પડેલ વરસાદ તેના ઢોળાવો પર વહેતાં વહેતાં નાનાં મોટાં ઝરણાંમાંથી અંતે એક અલ્લડ સરિતાનું સ્વરૂપ ધારણ કરે છે એમ સેંકડો વર્ષો પૂર્વે રચાયેલ સમાજમાં જુદી જુદી જ્ઞાતિઓનાં જે આછાં પાતળાં ઝરણાં રચાયાં હશે તે આગળ જતાં આજે એક વ્યવસ્થિત જ્ઞાતિ-સમાજનું સ્વરૂપ ધારણ કરતાં થઈ ગયેલ જણાય છે. જ્યારે કોઈ જ્ઞાતિ પોતાનું આગવું અસ્તિત્વ ધરાવતી થાય ત્યારે સમયના પ્રવાહ સાથે તેમાં ખરાં-ખોટાં તત્ત્વો પણ ભળે છે, જે રિવાજોના નામે ઓળખાય છે. કાળક્રમે સંદર્ભો બદલાતાં એ રિવાજોમાંથી ઘણાખરા કાં તો અપ્રસ્તુત બને છે અથવા હાનિકારક કુરિવાજમાં ફેરવાઈ જાય છે. જાગૃત જ્ઞાતિઓ સ્વાવલોકન દ્વારા એમાં સુધારો કરી અગ્રગામી બનતી હોય છે. બ્રહ્મભટ્ટ જ્ઞાતિ પણ આવી જ રિત-રિવાજોના વળાંકો

તેમજ ઉત્થાન-પતનનાં અનેક અવરોધો વટાવી એક અવિરત પ્રવાહરૂપે વહેતી આવી છે. ...જે જ્ઞાતિમાં કેળવણીની ભૂખ વહેલી જાગી તેમાં કલમ દ્વારા વિશાળ પાયા પર લોકજાગૃતિ આણવામાં આવી. બ્રહ્મભટ્ટ જ્ઞાતિએ આ પ્રક્રિયામાં ઘણા બધા કવિઓ, વાર્તાકારો, લેખકો, નાટ્યકારો, કેળવણીકારો, સુધારકો અને ઇતિહાસવિદો સહજ રીતે જ પેદા કર્યા છે. ...જ્યારે સમાચારપત્રો, રેડિયો અને ટી.વી. જેવાં પ્રચાર માધ્યમો ઉપલબ્ધ ન હતાં ત્યારે આ દેવીપુત્રોએ આ કામ સહજ રીતે નિભાવ્યું હતું. સમય બદલાતાં સંદર્ભો બદલાયા, નવાં સાધનો, નવાં મૂલ્યો અને નવી જ પરિસ્થિતિનું સર્જન થયું. જે જ્ઞાતિ સૃષ્ટિના આ ક્રમ સાથે કદમ ન મિલાવી શકી એ રૂઢિવાદી ત્રુટિઓમાં ઝકડાઈને હતી ત્યાંની ત્યાં જ રહી ગઈ. બ્રહ્મભટ્ટ જ્ઞાતિએ આ પરિવર્તન સ્વીકાર્યું. પરિણામે, આજે જ્ઞાતિમાં ઉચ્ચ કક્ષાના વિદ્વાનો, લેખકો, ડૉક્ટરો, વકીલો, પ્રાધ્યાપકો, ઉદ્યોગપતિઓ અને સાહસિકો પાક્યા છે.

ખંભાતના શ્રી ભગવતીપ્રસાદ ડી. રાવ આ જ્ઞાતિના ભૂષણરૂપ છે. તેમણે ભામાશાની માફક કેવળ સ્વજ્ઞાતિને જ નહીં પણ અન્ય જ્ઞાતિ-સમાજોને પણ છૂટા હાથની સખાવતો દ્વારા કરોડો રૂપિયાની સહાય કરીને સમગ્ર જનસમાજના ઉત્કર્ષનું ભગીરથ કાર્ય હાથ ધર્યું છે. કેટકેટલાય કાર્યકર્તાઓ નિષ્ઠા અને ઉમળકાપૂર્વક આવાં કામોમાં તન અને મનથી સેવા આપે છે. આ બધું જોતાં ખાતરી થાય છે કે આવનારાં વર્ષોમાં આ જ્ઞાતિ ઘણી જ પ્રગતિ કરશે અને મા સરસ્વતીએ આપેલ સહજ બુદ્ધિનો સદુપયોગ કરીને સમગ્ર રાષ્ટ્રને ગૌરવાન્વિત કરશે.

ભાઈશ્રી કે. સી. બારોટને મારાં હાર્દિક અભિનંદન. એમણે અત્યંત મહેનતપૂર્વક ઊંડું અને આધારભૂત સંશોધન કરી પુષ્કળ માહિતી એકત્રિત કરી, પોતાના મૌલિક ચિંતન-મનનના નિષ્કર્ષરૂપે 'બ્રહ્મભટ્ટ સંહિતા' જેવો અત્યંત ઉપયોગી ગ્રંથ રચીને સમાજને ભેટ ધર્યો છે. **પરમ કૃપાળુ પરમેશ્વરને મારી પ્રાર્થના છે કે આ ગ્રંથનો સૌ કોઈ ખાસ કરીને બ્રહ્મભટ્ટ જ્ઞાતિજનો ખૂબ જ સારી રીતે ઉપયોગ કરી પોતાની સમજ અને દૃષ્ટિનો વ્યાપ વધારે. અસ્તુ...**

**ભક્તિનિકેતન આશ્રમ,**
**દંતાલી, મધ્ય ગુજરાત.** **– સ્વામી સચ્ચિદાનંદ**
**તા. ૩-૩-૧૯૯૭**

* * *

# ગ્રંથાવલોકન

**- પ્રોફે. (ડૉ.) રસેશ જમીનદાર**

ઇતિહાસના નાભિસ્થાને માનવી છે. અર્થાત્ માનવીએ કરેલા પુરુષાર્થની મીમાંસા અને એનું અર્થઘટન કરતું શાસ્ત્ર તે ઇતિહાસ. બીજી રીતે કહીએ તો ભૂતકાલીન હકીકતોનું સમાજ-સંસારના વ્યાપક પરિપ્રેક્ષ્યમાં અર્થઘટન કરવાનું કાર્ય ઇતિહાસનું છે. અર્થાત્ માનવજીવનના સામાજિક-સાંસારિક અનુભવોનો પ્રમાણભૂત દસ્તાવેજી સાહેદ એટલે ઇતિહાસ. આ દષ્ટિએ ઇતિહાસ એ આખા સમાજનું ગૌરવવૃત્ત છે.

માનવપુરુષાર્થની વિગતો સાધનોરૂપે અને અવશેષોરૂપે સંગ્રહિત અને સંરક્ષિત હોય છે. ઉપરાંત લોકસ્મૃતિમાં પણ ઘણું ઘણું સંગ્રહાયું અને સચવાયું હોય છે. દરેક સમયે પ્રજાએ ભૂતકાળના બનાવો, પ્રસંગો, ઘટનાઓને સ્મૃતિમાં સાચવી રાખવાનો પ્રયાસ કર્યો છે. એટલું જ નહીં, પણ એનું 'ભૂતકાલીન જ્ઞાન પછીની પેઢીને પ્રાપ્ત થાય એવી વ્યવસ્થા પણ સમાજે કરી છે. દરેક પેઢીને પોતાની સામાજિક સ્મૃતિ રાખ્યા વિના ચાલ્યું નથી. આથી પેઢી દર પેઢી આની સમજ કેળવવી જોઈએ અને એ કામ ઇતિહાસ શિક્ષણનું છે.

ભારતમાં 'જ્ઞાતિપુરાણો ઇતિહાસનિરુપણમાં મહત્ત્વનું સ્થાન પામ્યાં છે. ભારતના સામાજિક ઇતિહાસના આલેખનમાં આથી આવાં પુરાણો આવશ્યક માહિતી પૂરી પાડે છે. એક સાધન તરીકે જ્ઞાતિપુરાણોની અવગણના થઈ શકે નહીં.

પ્રસ્તુત પરિમાણના પરિપ્રેક્ષ્યમાં આપણે ડૉ. કે. સી. બારોટના ગ્રંથ 'બ્રહ્મભટ્ટ સંહિતા'ને અવલોકવો જોઈએ અને તો એની ઉપયોગિતા અને ઉપાદેયિતા સ્વયંસિદ્ધ જણાશે. કનુભાઈએ એમની જ્ઞાતિના ઇતિહાસને ફંફોસવાનો એક સંનિષ્ઠ પ્રયાસ વિદ્યાવાચસ્પતિની પદવીની પ્રાપ્તિરૂપે કર્યો છે. ઇતિહાસનું બુનિયાદી કાર્ય પરિવર્તનનું છે. પુનરાવર્તનનું જરાય નહીં. આ બાબતને ધ્યાનમાં રાખીને ડૉ. બારોટે 'ગુજરાતની સાંસ્કૃતિક પરંપરા અને પરિવર્તનમાં બ્રહ્મભટ્ટ જ્ઞાતિનું પ્રદાન, ૧૮૧૮-૧૯૪૭' સાધાર અને સોદાહરણ કર્યું છે. ડૉ. કનુભાઈએ આ શોધનિબંધ તૈયાર કરવામાં સારી જહેમત લીધી છે.

આ જ્ઞાતિના લોકોની જીભે સરસ્વતીનું સ્થાન રહેલું છે. સરસ્વતી જ્ઞાનની દેવી છે. સત્યની દેવી છે અને તેથી સત્યની ઉપાસના આ જ્ઞાતિના હાડમાં રહેલી છે.

ઇતિહાસનું બુનિયાદી કાર્ય પણ સત્યની સાધના છે. આ દષ્ટિએ આ જ્ઞાતિના જે લોકોએ સરસ્વતીની સાધનાને પોતાનું પરમ લક્ષ્ય ગણ્યું છે, તેમણે ઇતિહાસ નિરુપણ સારું મહત્ત્વનું પ્રદાન કર્યું છે એમ ચોક્કસ કહી શકાય. એમણે સંબંધિત જ્ઞાતિઓ વિશે જે વિગતો, પ્રત્યક્ષ પ્રમાણોથી અને સ્વનિરીક્ષણથી, આમેજ કરી છે તે દાદ માગી લે તેવી બાબત છે. આ બાબતના અનુસંધાને આ ગ્રંથને અવલોકવો જોઈએ.

પદવી પ્રાપ્તિ માટેનો શોધનિબંધ હોઈ એની કેટલીક મર્યાદાઓ રહેવાની પણ આ ગ્રંથની બીજી આવૃત્તિ વેળાએ આ તરફ તેઓ ધ્યાન જરૂર આપશે એવી આશા સાથે ડૉ. બારોટને હાર્દિક અભિનંદન. આ ગ્રંથનું હૃદયથી સ્વાગત કરું છું તથા પ્રકાશક સંસ્થાને ધન્યવાદ આપું છું.

**પ્રોફે. (ડૉ.) રસેશ જમીનદાર**
(પૂર્વ અધ્યક્ષ, ગુજરાત, વિદ્યાપીઠ, અમદાવાદ)
(સીનિયર ફેલો, ઇન્ડિયન કાઉન્સિલ ઑફ હિસ્ટોરિકલ રીસર્ચ, નવી દિલ્હી)

# ગ્રંથાવલોકન

## પ્રોફે. (ડૉ.) મંગુભાઈ પટેલ

ગુજરાત બ્રહ્મભટ્ટ મહાસભા, અમદાવાદ દ્વારા પ્રકાશિત અને ડૉ. કે. સી. બારોટ લિખિત ‘બ્રહ્મભટ્ટ સંહિતા’ પુસ્તક એક જ બેઠકે વાંચી ગયો. **આંગળીના વેઢે ગણી શકાય તેટલાં જ જ્ઞાતિને લગતાં સંશોધનો થયાં છે. તેમાં બ્રહ્મભટ્ટ જ્ઞાતિ પર લખાયેલ આ પુસ્તકનો આધારભૂત ગ્રંથ તરીકે ઉમેરો થાય છે.** ૨૧મી સદીની ઉષા પ્રગટવાની ઘડીઓ ગણાઈ રહી છે ત્યારે આવી જ્ઞાતિની વાતને સંશોધનનો વિષય બનાવવો તે કેટલે અંશે આવકાર્ય છે તેવો પ્રશ્ન ચોખલિયા ઈતિહાસકારોના મનમાં પેદા થાય તે સહજ છે. જ્ઞાતિવાદના રાક્ષસને બેઠો કરવા માટે લખાતાં પુસ્તકો જરૂર સમાજ અને લોકશાહીના વિકાસને આડખીલીરૂપ છે. પરંતુ ડૉ. બારોટનું આ પુસ્તક જ્ઞાતિવાદના ભારથી લચી જતું નથી. બારોટોનો વ્યવસાય પ્રશસ્તિ કરવાનો હોવા છતાં લેખક તેમની કલમમાં સંયમ જાળવી શક્યા છે તે સંશોધનકાર તરીકેનું તેમનું ઊજળું પાસું ગણાવી શકાય.

ઈતિહાસ સાક્ષી છે, આપણા સંતો અને સુધારકોએ જ્ઞાતિવાદના કુરુપને મિટાવવા માટે અનેક ચળવળો ચલાવી હતી. તેવી જ રીતે આ જ્ઞાતિના સુધારકોએ જ્ઞાતિના કુરિવાજોનું ઉન્મૂલન કરવા માટે ક્રાંતિકારી કદમો ઉઠાવ્યાં હતાં તેનો ચિતાર લેખકે અત્રે સ્તુત્ય રીતે આપ્યો છે.

‘ગુજરાતની સાંસ્કૃતિક પરંપરા અને પરિવર્તનમાં બ્રહ્મભટ્ટ જ્ઞાતિનું પ્રદાન ૧૮૧૮-૧૯૪૭’ નામે લેખકે ગુજરાત યુનિવર્સિટીમાં મહાશોધનિબંધ રજૂ કરી પીએચ.ડી.ની પદવી મેળવી, તે જ શોધનિબંધ ‘બ્રહ્મભટ્ટ સંહિતા’ને નામે પ્રગટ થયો છે.

કુલે છ પ્રકરણમાં લખાયેલા આ ગ્રંથમાં ગુજરાતની બ્રહ્મભટ્ટ જ્ઞાતિનો વૈભવ અને વારસો સચવાયેલો છે.

દરેક જ્ઞાતિ ઈતિહાસના લેખકો પોતાના મૂળ કે ઉત્પત્તિને ઊંડાણથી શોધવા માટે પ્રયત્ન કરે છે અને પોતાની ઉત્પત્તિ સૂર્ય, ચંદ્ર, દેવો, મહાનઋષિઓના કૂળ અને ગોત્ર સાથે જોડવા મથામણ કરતા હોય છે તે જ રીતે આ લેખક પણ મળે તેટલા પ્રાપ્ત ઐતિહાસિક સ્રોતથી કામ શરૂ કરી સાંપ્રત સમાજ સુધી જે આધારો મળે તે લઈ બ્રહ્મભટ્ટ જ્ઞાતિને બ્રાહ્મણ જ્ઞાતિનો એક પ્રકાર બતાવવામાં સફળ રહ્યા છે. સારસ્વતપુત્ર પદ્મશ્રી કે. કા.

શાસ્ત્રીએ આ પુસ્તકનું આમુખ લખી પ્રો. બારોટના સંશોધનને આધાર મળે તે માટે કેટલાંક સૂચનોકર્યાં છે.

બીજા પ્રકરણમાં સંદર્ભોનો આધાર લઈ પ્રાગ-બ્રિટિશકાળમાં બ્રહ્મભટ્ટ જ્ઞાતિનું સ્થાન, રીતરિવાજો, સામાજિક ગુણદોષો, ભજનો, લગ્નગીતો, મરશિયાઓનો ઉલ્લેખ કર્યો છે. ત્રીજું પ્રકરણ તેનું પૂરક બને છે. તેમાં બ્રિટિશ શાસનને કારણે ૧૯મા સૈકામાં આ જ્ઞાતિમાં જે પરિવર્તન આવ્યું તેનું સુંદર વિવરણ દસ્તાવેજોને આધારે કરેલ છે. 'જામીન' થવું 'કટારી'નાં નિશાન અને જ્ઞાતિજનોની બહાદુરીની વિસ્તૃત છણાવટ અત્રે કરી છે.

ચોથા પ્રકરણમાં જ્ઞાતિસુધારણાના યજ્ઞમાં જ્ઞાતિપત્રોના લેખકો તથા તેના તંત્રીઓએ બતાવેલી ખુમારી અને સેવાના ઉલ્લેખો કરીને સંશોધકે સમાજસુધારણાની ચળવળમાં જ્ઞાતિમુખપત્રો કેવું ધારદાર હથિયાર બને છે તે પ્રસ્તુત કર્યું છે. ગાંધીજી, સરદાર પટેલ, દરબાર ગોપાળદાસ તથા મોતીભાઈ અમીને આ જ્ઞાતિ તરફ બતાવેલ પ્રેમભાવનાને લેખક ભૂલ્યા નથી. ગાંધીજી અને સરદારે સત્યાગ્રહની પ્રેરણા બારોટોની 'ત્રાગા' પદ્ધતિમાંથી મેળવી હશે તે લેખકની અતિશયોક્તિ ગણાય. [આ વિગતમાં અમેરિકન સંશોધક હોવર્ડ સ્પોડેકનો આધાર બ્રહ્મભટ્ટ સંહિતાના અંતિમ પ્રકરણ-સમાપનમાં કરેલ છે તે જોવા વિનંતી.]

પ્રકરણ પાંચ અને છ આ પુસ્તકના સિરમોર સમાન છે. તેમાં સંત કવિઓ, સુધારકો અને સ્વાતંત્ર્યસેનાનીઓનો પરિચય કરાવવામાં તેઓ સફળ થયા છે, પ્રીતમ, લાડુ બારોટ, બ્રહ્માનંદ સ્વામી, મનુવર્યજી માટે આ જ્ઞાતિએ ગૌરવ લેવું જોઈએ.

સ્વ. ચુ. પુ. બારોટ, સ્વ. સીતારામ શર્મા અને સ્વ. રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટ અને શ્રી નાનુકાકા સાથે મારો અંગત પરિચય હોવાથી મને આ પુસ્તકમાં વધારે રસ પડ્યો. રૂઢિને તોડવી કેટલું કપરું કામ છે તેનું આ પુસ્તક સાક્ષી બને છે.

'બ્રહ્મભટ્ટ જ્ઞાતિના જ્યોર્તિધરો' દ્વારા લેખક સમાજ માટે ધૂપસળીની જેમ ઘસાઈ જવાની અને સુગંધ ફેલાવવાની અન્ય જ્ઞાતિજનોને પ્રેરણા આપે છે.

પુસ્તકના આવરણ પર દોરાયેલાં ચિત્રો વિષયસૂચક છે એટલું જ નહિ પણ જ્ઞાતિની ખાસિયતો પર પ્રકાશ પાડે છે. સુંદર છાપકામ આપણું ધ્યાન ખેંચે છે. **આ પુસ્તક ગુજરાતના સામાજિક ઇતિહાસોમાં ઉમેરો કરે છે. આ પુસ્તક પોતે પણ એક નજરાણું છે. પ્રત્યેક બ્રહ્મભટ્ટ જ્ઞાતિજનના ઘેર વસાવવાલાયક ઘરેણું છે અને અન્ય જ્ઞાતિના લોકોને પ્રેરણા આપે તેવું છે.**

આવું સંશોધનકાર્ય પ્રગટ કરવાની જવાબદારી આમ તો યુનિવર્સિટીની ગણાય. પરંતુ અહીં (પ્રથમ આવૃત્તિના પ્રકાશન માટે) નૈરોબી સ્થિત ડૉ. નંદકિશોર બારોટે સમાજશિક્ષણ અને લોકશિક્ષણ અર્થે પોતાની 'બા'નું નામ આ પુસ્તક સાથે જોડી તેની તમામ આર્થિક જવાબદારી ઉપાડી બ્રહ્મભટ્ટ સમાજ ઉપર ઉપકાર કર્યો છે અને અદશ્ય થતી બ્રહ્મભટ્ટ ગૌરવગાથાને બચાવી લીધી છે.

પદ્મશ્રી કે. કા. શાસ્ત્રી, પૂ. મનુવર્યજી, ડૉ. મકરંદ મહેતા અને ડૉ. ચંદ્રકાન્ત મહેતા જેવા લેખકોના અભિપ્રાયોને પણ આ ગ્રંથની પ્રસ્તુતતા વધારી દીધી છે. લેખક અને દાતાને અભિનંદન.

**''પૂછો ના યહ, ક્યા ક્યા દિયા તુમકો વિરાટ સમાજને?**
**ક્યા ક્યા દિયા તુમને, કહો માતૃતૂલ્ય સમાજ કો.''**

**પ્રોફે. (ડૉ.) મંગુભાઈ પટેલ**
(પૂર્વ સેનેટ સભ્ય અને ઈતિહાસના રીડર,
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ)



## ગ્રંથાવલોકન

### શ્રી મગનભાઈ બારોટ
(પૂર્વ નાયબ નાણામંત્રી, ભારત સરકાર)

ધૂળમાં વિખરાયેલ સુવર્ણરજને ધીરજથી, ખંતથી અને તેજસ્વી આંખો વડે શોધી કાઢી તેમાંથી એક નયનરમ્ય તેમજ અમૂલ્ય આભૂષણ ઘડનારને આપણે 'ધૂળધોયા' તરીકે ઓળખતા હોઈએ તો બ્રહ્મભટ્ટ સમાજ સમસ્તને અલંકૃત કરનાર 'બ્રહ્મભટ્ટસંહિતા' જેવું આભૂષણ રચનાર ભાઈશ્રી ડૉ. કે. સી. બારોટને પણ એક ધૂળધોયા તરીકે ઓળખાવી શકાય.

સ્વજ્ઞાતિ માટેનો આ શોધગ્રંથ ગમે તેટલો આદરને પાત્ર હોય તોપણ એની મહિમા ગાવાનું કામ જ્યારે એક જ્ઞાતિજન કરતો હોય ત્યારે 'જ્ઞાતિવાદી' હોવાનો આક્ષેપ તેના પર લદાય તો નવાઈ નહીં !! પરંતુ જે ગ્રંથની ઓળખ આપતું આમુખ ગુજરાતના પરમ વંદનીય તથા વિચક્ષણ વિદ્વાન અને ભાષા-સાહિત્યના તપસ્વી એવા પદ્મશ્રી કે. કા. શાસ્ત્રીજી થકી પ્રકરણવાર પૃથક્કરણના રૂપમાં થયું હોય, સોનામાં સુગંધ ભળે તેવા આશયથી ''વિદ્યા વાસંગી બ્રહ્મભટ્ટ'નું પૂર્વ વાઈસ ચાન્સલેર એવા શ્રી ચંદ્રકાન્ત મહેતા થકી જેને આગવું ઓળખપત્ર અપાયું હોય, દેશ-વિદેશોમાંની યુનિવર્સિટીઓમાં ઇતિહાસના શોધકાર્યમાં જે નામનો આદર થતો હોય તેવા પ્રોફે. (ડૉ.) મકરંદ મહેતાએ એક સંશોધક તથા આ શોધકાર્યના માર્ગદર્શક તરીકે જેને સ્તુત્ય શોધકાર્ય ગણાવ્યું હોય તથા વર્તમાન સ્વામી વિવેકાનંદ તરીકે જાણીતા સ્વામી સચ્ચિદાનંદે જેને ઊંડાણપૂર્વક અને આધારભૂત શોધકાર્ય ગણાવ્યું હોય, એવા સંજોગોમાં મારા આ કૃત્યથી મને ઉક્ત દોષ લાગી જશે એવી ધાસ્તી રાખવાની સહેજે જરૂર જણાતી નથી.

આજથી લગભગ બસો વર્ષો પૂર્વે, અર્થાત્ પ્રાગબ્રિટિશકાળ દરમિયાન ગુજરાતમાં આવીને આપણી માતૃભાષાનો ગહન અભ્યાસ કરી ગુજરાતભરમાં ફરીને શોધયાત્રા કરનાર બે આંગ્લ વિદ્વાનો – જેમ્સ ફોબ્સ અને એલેકઝાન્ડર કિનલોક ફાર્બસે બ્રહ્મભટ્ટ જ્ઞાતિની સાહિત્યસેવાનું સન્માન કરીને આપણી ભાષા અને સાહિત્યની પાયાની સેવા કરી છે. પ્રથમે (શ્રી જેમ્સ ફોર્બ્સ) કાવ્ય-સાહિત્યના રચયેતા બ્રહ્મભટ્ટોને

Imortal Bards of England કહી મુર્ધન્ય આંગ્લ સાહિત્યસર્જક શેક્સપિયર અને ગ્રીસના અંધકવિ હોમર સાથે સરખાવ્યા છે, ત્યારે હું સમજુ છું કે સ્વજ્ઞાતિને મળેલ તે એક અણમોલ કીર્તિ છે, જેમાં ડૉ. કે. સી. બારોટે એક મોરપીંછ ઉમેરવાનું કામ (આ ગ્રંથ થકી) કર્યું છે એમ કહું તો તેમાં જરાય અતિશયોક્તિ નથી. ટૂંકમાં આ ગ્રંથ માત્ર બ્રહ્મભટ્ટ સમાજ જ નહીં પણ તત્કાલીન ગુજરાત અને દેશભરના સમાજની પરંપરાઓમાં આવતાં જતાં પરિવર્તનના સાહેદનું કામ કરી શકેલ હોવાથી, તે **બ્રહ્મભટ્ટ સમાજનાં સારાં-નરસાં પાસાંનું પ્રતિબિંબ દર્શાવતી એક શાશ્વત ભેટ ગણાય.**

આવા 'બ્રહ્મભટ્ટસંહિતા' ગ્રંથના સ્વમેળે પુર્નપ્રકાશન કરવા જઈ રહેલ સંશોધકના તેજસ્વી પુત્ર ડૉ. દિગંત બ્રહ્મભટ્ટ (એડીશનલ કલેક્ટર)ને અભિનંદન આપવાં ઘટે. શોધકાર્યની મર્યાદાને અનુલક્ષીને ભાઈશ્રી ડૉ. બારોટે કેટલીક વિગતો પોતાના શોધકાર્યમાં આ પૂર્વે સમાવિષ્ટ કરી નથી, જે અત્રે ટાંકીને તથા ગ્રંથમાં યોગ્ય સ્થાને મૂકીને આ અધૂરપ પૂરી કરવા માટે એમણે આ રીતે એક નમ્ર પ્રયાસ કરેલ છે.

ઉક્ત સંદર્ભે સર્વપ્રથમ વાત કરીશું 'દક્ષગીતા'ની. 'શ્રીમદ્ ભગવદ્ગીતા' સમગ્ર વિશ્વ વિશ્વસાહિત્ય અને ભારતીય સંસ્કૃતિના એક આભૂષણ તરીકે સ્વિકારાઇ ચૂકેલ ધર્મગ્રંથ છે. તેના અઢારે અઢાર અધ્યાયોના તમામ શ્લોકોનું એકમાત્ર હરિગીત છંદમાં-ગેય સ્વરૂપમાં ભાષાન્તર કરવાનું ભગીરથ કાર્ય સંપન્ન કરનાર છે, ઉત્તર ગુજરાતના વિદ્યાપ્રેમી ગામ જંગરાળ નિવાસી અને વ્યવસાયે વકીલ એવા શ્રી ડાહ્યાભાઈ બારોટ. તેમની આ સાહિત્યરચના સર્વ બ્રહ્મભટ્ટકોમના કવિત્વ ક્ષેત્રે રહેલા કૌવતનું જ્વલંત દષ્ટાંત હોવાથી અત્રે તેનો સમાવેશ કરેલ છે. આ જ્ઞાતિએ ભૂતકાળમાં શ્રી ચંદ બારોટ, કવિવરશ્રી સુરદાસ (ચંદરબરદાઈના વંશજ), શ્રી ભૂષણ, શ્રી કલ્હણ, શ્રી બિલ્હણ, શ્રી ગંગ-નરહર અને બિરબલ જેવા ઉત્કૃષ્ટ સાહિત્યવેત્તા અને પ્રખર બુદ્ધિશાળી જ્ઞાતિરત્નો રાષ્ટ્રને ચરણે ધર્યાં હતાં, તેવાં રત્નોની આધુનિક યુગમાં પણ ખોટ પડવા દીધી નથી. જેના દષ્ટાંતરૂપ રઘુનાથ બ્રહ્મભટ્ટ, સારંગ બારોટ, શ્રી અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ, શ્રી પ્રહ્લાદ બ્રહ્મભટ્ટ, શ્રી ભગીરથ બ્રહ્મભટ્ટ આદિ સાથે શ્રી ડાહ્યાભાઈ મો. બારોટને પણ ગણાવી શકાય તેમ છે.

બીજી એક વાતએ કરવાની કે સદર શોધગ્રંથમાં પાટણના ઝમોર, ભાટવાસ (ઉ.ગુ.) ગામના 'તેલિયા' (સત્યાગ્રહ) ઉપરાંત માતર અને નડિયાદ(બંને જિ. ખેડા)ના વિખ્યાત સત્યાગ્રહોનો ઉલ્લેખ છે પરંતુ આધુનિક સમયના કલોલ તાલુકાના કાકાના તારપુરના શ્રી વાસુદેવભાઈ બ્રહ્મભટ્ટ નામના નવયુવકે પોતાના ગામ પાસેથી પસાર થતી રેલવે લાઈન પર જ્યારે સ્ટેશનની સુવિધા અપાઈ ત્યારે તેને પોતાના ગામનું નામ

આપવા માટે કરેલ સત્યાગ્રહની વાત નથી. જેમાં ઉક્ત પ્રસંગે બ્રહ્મભટ્ટ નવયુવકે સત્યાગ્રહના ભાગરૂપે સરકારનું આ અંગે ધ્યાન દોરવા ધસમસતી આવતી ટ્રેન સામે ઊભા રહી જાનની પણ પરવા કર્યા વિના બલિદાન આપીને છેવટે એ સ્ટેશન સાથે ગામનું નામ સાંકળી લેવાની સરકારને ફરજ પાડી હતી તે પણ અત્રે નોંધવાની રજા લઉં છું.

અંતે મારે એટલું જ કહેવું છે કે, આ જ્ઞાતિમાં પરંપરાગત રીતે જે આગવી આવડતો પડેલી છે તે આજે પણ યથાવત જળવાઈ છે. જરૂર છે તો માત્ર આવી બાબતોથી અવગત થઈ તેને જ્ઞાતિ સમસ્ત સુધી પહોંચાડવાની. આ ઉદ્દેશ્યને પાર પાડવામાં આ 'જ્ઞાતિગૌરવ ગ્રંથ' – 'બ્રહ્મભટ્ટસંહિતા'ને ધારી સફળતા સાંપડી છે, જે વર્તમાન જ નહીં પણ ભાવી પેઢીને પણ જ્ઞાતિના ગૌરવવંતા અને ભવ્ય ભૂતકાળ સાથે સાંકળતી કડીરૂપ જરૂરથી બની રહેશે એવો મારો દઢ મત છે, એ માટે ભાઈશ્રી ડૉ. કે. સી. બારોટને જેટલાં અભિનંદન અને ધન્યવાદ આપીએ એટલાં ઓછાં છે.

અસ્તુ.

**સ્વ.શ્રી મગનભાઈ બારોટ**

**(પૂર્વ કેન્દ્રીય નાયબ નાણામંત્રી અને પ્રખર ધારાશાસ્ત્રી)**

**(નોંધ : સ્વ. શ્રી વાસુદેવભાઈ ના સત્યાગ્રહ પ્રસંગને આ ગ્રંથમાં / પૃ.૪૨૫-૪૨૬માં સમાવિષ્ટ કરી લીધેલ છે - તે જાણ સારૂ)**

**Guruvachan M. Brahmbhatt**
**(Ex. Branch Manager-Dena Bank)**
**(Ex. President-Dena Bank Officer's Association)**
**(Ex. Jagirdar of Taladra and Khumanpur)**

Flat No. 306, 3rd Floor,
"Pagrav" S.V. Road,
Goregaon (West),
Mumbai – 400 062. India
Phone : 8721146
28th December, 2001

ડૉ. કે. સી. બારોટ
સી-૫૩, ભાગવતનગર સોસાયટી,
સાગર બંગલા પાસે, સોલા રોડ, અમદાવાદ – ૩૮૦ ૦૬૧.

ભાઈશ્રી,

તમારું લખેલું પુસ્તક ''બ્રહ્મભટ્ટસંહિતા'' જોયું. આ પુસ્તક લખવા બદલ તમને મારા હાર્દિક અભિનંદન પાઠવું છું. કવિરાજ ગિરધરલાલ તે મારા પિતાશ્રી કવિરાજ મંગળદાસના દાદા થાય.

મારું એક સૂચન છે કે તમે નીચેની લખેલ ત્રણ વ્યક્તિઓ વિશે 'ભટ્ટભાસ્કર' અથવા તો 'શુભદા' જેવાં માસિક-જ્ઞાતિપત્રોમાં લેખ લખો.

૧. દાસાનુદાસ મહારાજ-મૂળ ખંભાતના વ્યવસાયે શિક્ષક હતા. સંન્યાચી થયા અને અતીતના શિખર ઉપર બિરાજ્યા. લોકો એમને બીજા સ્વામી રામતીર્થ તરીકે ઓળખે છે. તેમના વિશેનું પુસ્તક છે. ''વીણેલાં ફૂલ'' અમદાવાદથી કોઈ પ્રકાશકે બહાર પાડ્યું છે.
૨. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ (સાક્ષર-ગુજરાતી) સાહેબનું સ્થાન ગુજરાતી સાહિત્ય જગતમાં ઘણી ઉચ્ચ કક્ષાએ છે. બનતા સુધી તો તેઓ પાટણના વતની હતા અને જુવાનીમાં જ બ્લડ કેન્સરથી દેહ છોડ્યો હતો.
૩. શિવલાલ કવિ – મૂળ વતન ભાંડુ – તેમનાં કાવ્યો ઘણાં ઉચ્ચ કોટિનાં છે. જે પ્રથમ વર્ગમાં ગણી શકાય છે. તા. ૧૬-૧૨-૯૧ થી ૨૫-૧૨-૯૧ સુધી અમદાવાદ હતા ત્યારે તમને ફોન કરેલો, પણ તમે ઘેર ન હતા. ઉપરની ત્રણ વ્યક્તિ માટે જીતેન્દ્ર કાંતિલાલ બ્રહ્મભટ્ટ, 'ગુજરાત બ્રહ્મભટ્ટ મહાસભા' અમદાવાદના પ્રમુખને પણ વાત કરી છે. મારા હાથ ધ્રુજે છે એટલે અક્ષરો સારા નથી, આ પત્રનો જવાબ આપશો એવી આશા રાખું છું.

***નોંધ :*** *પત્રલેખકનાં સૂચનોને 'બ્રહ્મભટ્ટસંહિતા'ના નવસંસ્કરણમાં યથાસંભવ સમાવિષ્ટ કરેલ છે.*

**લિ.**
**ગુરુવચનના જયશ્રી કૃષ્ણ**

**N. M. BRAHMBHATT**
(B.A. LL.B.,Advo, I.R.S., F.IC.A.)



2nd March, 2007

To. -
Dr. K. C. Barot
C/53, Bhagwatnagar Society,
Opp Sagar Bunglow,
Sola Road, Ahmedabad – 380 061.

Dear Dr. Barot,

Recently Mr. Navnitbhai Brahbhatt gave me a copy of **'Brahmbhattsamhita', your magnum opus. I have gone through the book and found it not only a source of authentic information about the history of the Brahmbhatt community but also a scholarly work of considerable merit. The amount of research that you have done in ancient and modern sources with copious notes and explanations makes the book a work which will last long. I must also mention the skillful and judicious use of chaste and scholarly language that you have maintained throughout. The community is deeply indebted to you for this effort.**

**I note that of late you have devoted your time and energy in guiding the candidates for the competitive examinations for Central and State Governments. This is a field neglected in Gujarat and your efforts are in the right direction.** As a matter of fact, way back in 1952, I had appeared for the combined empetitive examination for IAS and other Central Services and was selected for the Indian Revenue Service and actually worked as an Asst Commissioner of Income Tax in Calcutta and Bombay for a few years and thereafter voluntarily resigned and went over to East Africa for law practice. **I wonder whether any one in our community has been directly recruited to a Central Service after that I, therfore, welcome your activity and hope many more students from our community will follow your advice.**

Regarding the **'Bhatt Bani'** which is a part of the **'Guru Granth Saheb'**, the holiest of the holy books for-the Sikhs and even generally. I enclose a copy of a write up that appeared in the Times of India some time ago. I think there is enough material and indication in this to show the contribution of the Brahmbhatts to this great book. I think it deserves the scholarly research by a historian like you. I will be happy to know your views in the matter.

It was a pleasure talking to you and I hope we will keep in touch.

With kind regards,

Your sincerely,

**N. M. Brahmbhatt**

97, Bajaj Bhavan, Nariman Point,
Mumbai 400 021. India
Phone : 91-22-2283 4445 | Fax : 91-22-2204 0855
e-mail : brahm_bhatt@sify.com

# ઉદ્‌બોધન

(પ્રથમ આવૃતિ ટાણે...)

**- પ્રોફે. (ડૉ.) કે. સી. બારોટ**

**પ્રિય સુજ્ઞ વાચક,**

નમસ્તે.

આપ જાણો છો કે છેલ્લા ત્રણેક દાયકાઓથી ઇતિહાસમાં થતાં સંશોધનોનાં પરિમાણો બદલાયાં છે. તે સંદર્ભે આર્થિક તેમજ સામાજિક પ્રવાહોની સાથે સાથે યુરોપમાં તથા આપણા દેશમાં પણ મહારાષ્ટ્ર, બંગાળ તથા ગુજરાતમાં કુટુંબ અને જ્ઞાતિના ઇતિહાસને સમજવાના પ્રયાસો હાથ ધરાયા છે. આ પ્રકારના નવા અભિગમને અનુલક્ષીને મેં પી.એચ.ડી.ના સંશોધન કાર્ય માટે **'ગુજરાતની સાંસ્કૃતિક પરંપરા અને પરિવર્તનમાં બ્રહ્મભટ્ટ જ્ઞાતિનું પ્રદાન – ૧૮૧૮-૧૯૪૭'** વિષય પસંદ કર્યો હતો. વિષય પસંદગી પૂર્વે મેં બ્રહ્મભટ્ટ જ્ઞાતિનો ઇતિહાસ અને જ્ઞાતિની આધુનિક પરિસ્થિતિ અંગે ઠીક ઠીક પ્રમાણમાં વાચન કર્યું હતું. વળી સ્વજ્ઞાતિ-સ્નેહવશ સ્વાભાવિકપણે જ જ્ઞાતિના પૂર્વવૃત્તાંત અંગે ગહન જાણકારી પ્રાપ્ત કરવા આતુર હતો. જોકે એનો અર્થ એ નથી કે હું જ્ઞાતિવાદી માનસ ધરાવું છું. હકીકતમાં તો ગુજરાતમાં જે રીતે નવાં નવાં અને પ્રગતિશીલ મૂલ્યો વિકસ્યાં છે તેને માટે જ્ઞાતિ-સામયિકો તેમજ જ્ઞાતિ-મેળાવડાઓએ પણ અત્યંત મહત્ત્વપૂર્ણ ભાગ ભજવ્યો છે. આ સંદર્ભે ઉપર્યુક્ત વિષય પસંદ કરવા પાછળ મારી પાસે મુખ્યત્વે બે કારણો હતાં.

( ૧ ) ગુજરાતના સાંસ્કૃતિક ઉત્થાનમાં બ્રહ્મભટ્ટ જ્ઞાતિએ અત્યંત મહત્ત્વપૂર્ણ પ્રદાન કર્યું હોવા છતાં, તેને વિશે આજ પર્યંત કોઈ ખાસ ખેડાણ થયું નથી. અને

( ૨ ) સંશોધનની પૂર્વ તૈયારી ટાણે મેં કરેલ વાચન દરમ્યાન મને પ્રતીતિ થઈ ચૂકી હતી કે આ વિષય અંગેની માહિતી તેમજ સાધનસામગ્રી ભલે અત્ર-તત્ર (વેરવિખેર) પડી હોય પરંતુ પૂરતા ખંત કુતૂહલ તેમજ ચીવટપૂર્વક તેની શોધખોળ કરવામાં આવે તો તેના પર સારો એવો પ્રકાશ પાડી શકાય તેમ છે.

ઉપર્યુક્ત કારણોને અનુલક્ષીને મેં મારા સંશોધનકાર્ય, મહાનિબંધ પર આધારિત આ ગ્રંથ તૈયાર કરી સર્જનાત્મક શીર્ષક 'બ્રહ્મભટ્ટ સંહિતા'ના નામ સાથે અત્રે પ્રસ્તુત કરેલ છે. આ ગ્રંથનો સંશોધન સમયગાળો ૧૮૧૮ થી ૧૯૪૭ છે. આ સમય દરમિયાન બ્રહ્મભટ્ટ જ્ઞાતિમાં જે આધુનિકરણ થયું તેને સમજવા-સમજાવવા માટે મેં આ જ્ઞાતિની મહત્ત્વપૂર્ણ

પરંપરાઓને ઠીક ઠીક પ્રમાણમાં ન્યાય આપેલ છે. પોતાની આ પરંપરાગત પ્રણાલિઓ યુક્ત જીવનશૈલીમાંથી બ્રહ્મભટ્ટ જ્ઞાતિએ બ્રિટિશયુગ દરમિયાન પોતાનો કાયાકલ્પ કરવા કેવી ભારે મથામણ કરી હતી તેનો ઊંડો અભ્યાસ અત્રે આ ગ્રંથમાં રજૂ કરેલ છે મેં એ બાબત પર ખાસ ભાર મૂક્યો છે કે બ્રહ્મભટ્ટ જ્ઞાતિમાં જે કોઈ પરિવર્તન પ્રવેશ્યું અને જે રીતે તેનું આધુનિકરણ થવા પામ્યું તે બ્રિટિશ રીત-રસમોના આંધળા અનુકરણનું પરિણામ નહોતું, પરંતુ પોતાની જ્ઞાતિની જ પ્રણાલિઓને અનુલક્ષીને તથા જૂના આચાર-વિચારોને ક્રમશઃ બદલીને તે થવા પામ્યું હતું એ ચોક્કસ નોંધવું રહ્યું.

આ ગ્રંથ તૈયાર કરવામાં મેં ગુજરાત અને ગુજરાત બહારનાં સ્થળેથી મળેલ વિવિધ સંદર્ભ સાહિત્યનો પૂરતો ઉપયોગ કર્યો છે. ઉપરાંત લગભગ અલભ્ય કહી શકાય એવા 'ભટ્ટભાસ્કર' અને 'સુભટ્ટ'ના પ્રારંભિક તબક્કાના અંકો એકઠા કરી, વાંચી એમાં રહેલા સંદર્ભનો પણ અત્રે છૂટથી ઉપયોગ કર્યો છે. આ અંગે મને જ્યાં જ્યાં શંકા ઉદ્‌ભવી ત્યાં તેના નિરાકરણ અર્થે મેં તેના મૂળ-આધારભૂત સ્રોતને પણ તપાસ્યા છે. વળી બ્રહ્મભટ્ટ જ્ઞાતિના તથા અન્ય કેટલાક વડીલોની રૂબરૂ મુલાકાતો પણ લીધેલ છે. અ ગ્રંથને અંતે આપવામાં આવેલ સંદર્ભસૂચિ પર દૃષ્ટિપાત કરતાં આપશ્રીને એ વાતની પ્રતીતિ અવશ્ય થશે જ એની મને ખાતરી છે. એ જ રીતે સમગ્ર ગુજરાતમાં આવેલ બ્રહ્મભટ્ટ જ્ઞાતિના વસવાટવાળાં ગામો-'ભટ્ટસ્થાનો' કેટલાં છે એની એક સંકલિત યાદી-જિલ્લાવાર-અત્રે સૌ પ્રથમવાર આપેલ છે. આ બધાં કારણોને લીધે પ્રમાણભૂત બની શકેલો આ ગ્રંથ આપશ્રીના કરકમલમાં રજૂ કરતાં હું ગૌરવ તેમજ આનંદની લાગણી અનુભવી રહ્યો છું.

પ્રસ્તુત સંશોધન ગ્રંથ તૈયાર કરવામાં મારા માર્ગદર્શક પ્રો. ડૉ. મકરંદ મહેતાએ અત્યંત મહત્ત્વપૂર્ણ તેમજ ઉત્સાહપ્રેરક પ્રોત્સાહન પૂરું પાડીને આ ગ્રંથને આટલો માહિતીસભર તેમજ ઉત્કૃષ્ટ બનાવ્યો હોવાથી અત્રે અંતઃકરણપૂર્વક એમનો આભાર માનવાની તક લઉં છું.

મારા આ શોધકાર્યના પ્રથમ સંસ્કરણને પ્રકાશિત કરવા ઉદાર આર્થિક સહાય કરનાર તેમજ વિશ્વનાં અમૂલ્ય રત્નો અંગે મૂલ્યવાન સંશોધનગ્રંથ તૈયાર કરનાર વિદ્વાન ડૉ. નંદકિશોર બારોટ તથા મારા સંશોધનકાર્યના પ્રારંભકાળથી જ જરૂરી તમામ સહયોગની ખાતરી આપનાર બ્રહ્મભટ્ટોના ભામાશા શેઠશ્રી ભગવતીપ્રસાદ ડી. રાવ (ખંભાત) અને આ સર્વે સાથે મને સાંકળવામાં સેતુરૂપ બની પ્રતિપળ પ્રોત્સાહિત કરનાર મારા ઉમદામિત્ર અને પૂર્વ આચાર્યશ્રી સુભાષ બ્રહ્મભટ્ટ (એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ)-એ સર્વેનો હું સર્વદા ઋણી રહીશ.

ઇતિહાસ તેમજ ભાષા-સાહિત્યને ક્ષેત્રે આપણા દેશના પ્રખર વિદ્વાન પદ્મશ્રી પૂ. ડૉ. કે. કા. શાસ્ત્રીજીએ, ઉમળકાભેર આ ગ્રંથનું આમુખ તૈયાર કરી આપીને તથા એના

મુદ્રણદોષ સુધારીને, મુ. પ્રા. ડૉ. ચંદ્રકાન્ત મહેતા (કુલપતિ, ગુજ. યુનિ.) સાહેબે, ઉત્સાહપૂર્વક ગ્રંથ અને ગ્રંથકારનો પરિચય પોતાની આગવી શૈલીમાં આપીને, તથા પરમ આદરણીય સ્વામી શ્રી સચ્ચીદાનંદજી તેમજ સ્વામીશ્રી મનુવર્યજી મહારાજે આ ગ્રંથ માટે અમૂલ્ય આશીર્વચન પાઠવીને પુસ્તકની શોભા વધારવામાં (આ તમામ મહાનુભાવોએ) કરેલ સહાય બદલ એમનો હું સદૈવ આભારી રહીશ.

આ ઉપરાંત મુ. પ્રા. શ્રી બાલમુકુન્દ ભટ્ટ (અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, એલ.ડી.આર્ટ્સ કોલેજ), પ્રા. લતાબહેન ઠક્કર, મુ. ડૉ. પી. યુ. શાસ્ત્રી (અધ્યક્ષ : સંસ્કૃત વિભાગ, એલ. ડી. આર્ટ્સ કોલેજ) સ્નેહી મિત્ર પ્રા. ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ (રીડર ભાષા ભવન ગુજ. યુનિ.) વગેરેએ જુદા જુદા તબક્કે મારા સંશોધનકાર્યની તમામ હસ્તપ્રતો રસપૂર્વક અક્ષરસઃ વાંચી અને ક્ષતિમુક્ત કરવાનું જહેમત ભર્યું કામ કર્યું હોવાથી અત્રે એ સર્વેનો આભાર માનું છું.

એ જ રીતે જેમણે મને અત્યંત ઉત્સાહભેર અલભ્ય એવું સંદર્ભ સાહિત્ય પૂરું પાડ્યું છે તેવા સ્વ. શ્રી બંસીભાઈ ચુ. બારોટ તથા સ્વ.પૂ. પુષ્પાભાભીનો જેટલો આભાર માનું એટલો ઓછો છે. વળી મને અત્યંત ઉપયોગી પ્રોત્સાહન અને માર્ગદર્શન પૂરું પાડનાર મુ. પ્રા. શ્રી ગજેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ (પાટણ), મુ. પ્રા. શ્રી કે. કે. પટેલ સાહેબ (અધ્યક્ષ, ઈતિ. વિભાગ, આર્ટ્સ કોલેજ કલોલ) તથા પ્રા. મિત્ર શ્રી અજીતસિંહ બારોટ (કલોલ) પ્રા. ડૉ. આર. સી. શર્મા (એલ. ડી. આર્ટ્સ કોલેજ) મુ. શ્રી પં. લક્ષ્મીનારાયણ શર્મા (કાનપુર), મુ. શ્રી કેશુભાઈ બારોટ (જૂનાગઢ), મારા સ્વ.પૂ. વડીલ શ્રી બાપુલાલ કુંવરજી બારોટ (ભાટવાસ), સ્વ.પૂ. મુ. શ્રી વીરમજી કેશાજી બારોટ (સોતામલા) તથા મારા પરમ સ્નેહી મિત્ર શ્રી વિનોદ એસ. બારોટ (નડિયાદ) તથા મને ઠેર ઠેર ઉત્સાહપૂર્વક સાથ-સહકાર, ઉપરાંત માહિતીસભર સંદર્ભ-સ્રોત પૂરા પાડનાર મારા સુજ્ઞ જ્ઞાતિજનો અને આ ગ્રંથના પ્રકાશન તેમજ વિતરણની તમામ જવાબદારી સ્વીકારનાર ગુજરાત બ્રહ્મભટ્ટ મહાસભા તથા 'શુભદા' (અમદાવાદ), અને તેના પદાધિકારીઓ માનનીય સ્વ. શ્રી. નવનીતભાઈ, સ્વ.પૂ. શ્રી વાડીલાલકાકા, સ્વ.પૂ. શ્રી. નાનુકાકા, તથા બ્રહ્મભટ્ટ વિદ્યોત્તેજક મંડળ અને 'ભટ્ટભાસ્કર'(વડોદરા)ના મુ. શ્રી. કે. કે. બારોટ 'ચંદ્રકાન્ત હ. રાવ તથા ભો જે. વિદ્યાભવન, ગુજ. વિદ્યાપીઠ, એલ. ડી. આર્ટ્સ કોલેજ, ગુજરાત કોલેજ, ગુજ. યુનિ. બ્રિટિશ લાયબ્રેરી, એમ. જે. લાયબ્રેરી તથા ગાંધીનગર, વડોદરા અને મુંબઈ દફતરભંડારોના કર્મચારીઓ અને અધિકારીઓએ મને પૂરા પાડેલ સંદર્ભગ્રંથો તથા સાધન-સામગ્રી માટે (એ સર્વેનો) આભારી છું.

આ ઉપરાંત મને મારા આ સંશોધનકાર્યમાં સહાયભૂત નીવડેલ 'નેશનલ ટિચર ફેલોશીપ' (પત્રની નકલ આ સાથે સામેલ છે) માટે મારી કોલેજના આચાર્ય શ્રી એ. યુ. પટેલ સાહેબ તથા ઈતિહાસ વિભાગના મારા સહઅધ્યાપક મિત્રો

સ્વ.શ્રી જે. એન. દવે પ્રા. ડૉ. એમ. એલ. પઢીયાર તેમજ અમદાવાદ એજ્યુ. સોસા. ના પદાધિકારીઓનો પણ હું અત્રે આભાર માનું છું.

અત્રે મારે ખાસ નોંધવું છે કે, જાતે અશિક્ષિત હોવા છતાં અનેક કષ્ટો વેઠી મને આ કક્ષા સુધી પહોંચતો કરનાર મારા સ્વ. પૂ. પિતાશ્રી ચતુરભાઈ, સ્વ.પૂ. માતુશ્રી તુલસીબહેન તેમજ મારાં ભાઈ-બહેનો તથા સમગ્ર સંશોધનકાર્ય દરમિયાન લાંબા ગાળા સુધી મને ઘરની મારી સઘળી જવાબદારીઓમાંથી મુક્ત કરીને મોકળાશ કરી આપનાર મારાં ધર્મપત્ની શ્રીમતી ચંદ્રિકા તથા જેમના હક્કનો સ્નેહપૂર્ણ સમય મેં આ શોધકાર્યમાં ફાળવ્યો છે તેવાં મારાં વ્હાલાં બાળકો ચિ. દિગંત અને ચિ. જિજ્ઞાનો અત્રે આભાર ન માનું તો કેમ ચાલે ?

મારા આ શોધગ્રંથનું આવરણ (મુખપૃષ્ઠ) તૈયાર કરવામાં શ્રી વિષ્ણુભાઈ પંચાલ તેમજ તેને અત્યંત કાળજી, આત્મિયતા, ખંત અને જહેમતપૂર્વક મુદ્રિત કરી અક્ષરદેહ આપનાર અર્થ કોમ્પ્યુટર(નવજીવન પ્રેસ સામે, અમદાવાદ)ના શ્રી કનુભાઈ પટેલ તથા તેમના સુપુત્રનો અત્રે આભાર માનું છું.

અંતમાં, ઉપર દર્શાવ્યા અનુસાર આ ગ્રંથ – 'બ્રહ્મભટ્ટ સંહિતા' સમસ્ત બ્રહ્મભટ્ટ જ્ઞાતિની વિશાળ પરંપરાઓ અને તેમાં આવેલા પરિવર્તન પર પ્રકાશ પાડે છે. તે તૈયાર કરવામાં ઉપરોક્ત સાધન સામગ્રી ઉપરાંત મેં મારા ઇતિહાસના જ્ઞાનનો તમામ કસબ અજમાવ્યો હોઈ તે વસ્તુનિષ્ઠ બનવા પામેલ છે. આથી હું દ્રઢપણે માનું છું કે ગુજરાત અને ગુજરાત બહાર વસતા મારા સુજ્ઞ અને સ્નેહાળ જ્ઞાતિજનોને જ નહીં પણ સમાજ પરિવર્તન ક્ષેત્રે રસ ધરાવતા ગુજરાતના અને દેશના તમામ બૌદ્ધિકો, સમાજ સેવકો, સુધારકો તથા વાચકોને પણ આ સંશોધનકાર્ય રસપ્રદ માલૂમ પડશે એવી શુભેચ્છા સાથે વિરમું છું.

આભાર.

ઋષિપંચમી,
૧૭ સપ્ટેમ્બર ૧૯૯૬
સી-૫૩, ભાગવતનગર સોસાયટી,
સાગર બંગલો સામે, સોલા રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૬૧.

**પ્રોફે. (ડૉ.) કે. સી. બારોટ**
(પ્રા. ઇતિહાસ વિભાગ,
એલ. ડી. આર્ટ્સ કોલેજ,
અમદાવાદ-૯.)

# અનુક્રમણિકા


| પ્રકરણ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| * | આવરણ, આમુખ, ગ્રંથાવલોકન અને ઉદ્‌બોધન | I-XXXIV |
| ૧. | બ્રહ્મભટ્ટ જ્ઞાતિની ઉત્પત્તિ | ૧-૩૬ |
| ૨. | ગુજરાતમાં બ્રહ્મભટ્ટ જ્ઞાતિનું સ્થાન : પ્રાગબ્રિટિશકાળ | ૩૭-૫૦ |
| ૩. | બ્રિટિશ શાસન અને બ્રહ્મભટ્ટ જ્ઞાતિમાં પરિવર્તન – ૧૯મો સૈકો | ૫૧-૯૬ |
| ૪. | બ્રહ્મભટ્ટ અગ્રવર્ગ અને જ્ઞાતિ-સુધારણા | ૯૭-૧૬૮ |
| ૫. | ગુજરાતના સાંસ્કૃતિક વિકાસમાં બ્રહ્મભટ્ટ જ્ઞાતિનું પ્રદાન | ૧૬૯-૨૫૩ |
| ૬. | બ્રહ્મભટ્ટ જ્ઞાતિના જ્યોતિર્ધરો | ૨૫૪-૪૩૮ |
| ૭. | સમાપન | ૪૩૯-૪૪૪ |
| | **પરિશિષ્ટ** | |
| * | ગુજરાતનાં ભટ્ટસ્થાનોની જિલ્લાવાર યાદી | ૪૪૫-૪૪૮ |
| * | સંદર્ભ ગ્રંથ સૂચિ, તેમજ ચિત્ર સૂચિ | ૪૪૯-૪૭૬ |
| | **ચિત્રસૂચિ** | |
| (૧) | વડોદરા બ્રહ્મભટ્ટસમાજ, વાર્ષિક મેળાવડો-૧૯૧૭ | ૯૯ |
| (૨) | વ્યવહારપૂજા ! (ચિત્રકાર : શ્રી રવિશંકર રાવળ) | ૧૩૮ |
| (૩) | ગરીબ બિચારી કન્યાઓ ! (શ્રી રવિશંકર રાવળ) | ૧૩૯ |
| (૪) | છઠ્ઠી બ્રહ્મભટ્ટ યુવક પરિષદ-૧૯૩૭ | ૧૫૯ |
| (૫) | નાટક : ‘કોલેજ કન્યા’માં વાઘજીભાઈ બારોટ | ૨૨૭ |

| | | |
|---|---|---|
| (૬) | શ્રી દાજીભાઈ બ્રહ્મભટ્ટ છાત્રાલય, વડોદરા | ૨૬૭ |
| (૭) | ભારતના નાયબ નાણામંત્રી તરીકે<br>શ્રી મગનભાઈ બારોટનો શપથ વિધિ | ૩૪૦ |
| (૮) | વ.પ્ર.શ્રીમતી ઇન્દિરાગાંધી, રિઝર્વ બેંકના<br>ગવર્નરને સંબોધતા શ્રી મગનભાઈ બારોટ | ૩૪૧ |
| (૯) | 'સત્તાસામે સત્યાગ્રહ'<br>(૧) રેલ સત્યાગ્રહ<br>(૨) સત્યાગ્રહી શહીદ શ્રી વાસુદેવ બ્રહ્મભટ્ટ | ૪૨૬ |
| (૧૦) | દુર્લભરાજનું તામ્રપત્ર – ફોટો કોપી (વડનગર) | ૪૬૧ |
| (૧૧) | હયાત-પૂજીત પાળીયાની દુર્લભ તસ્વીર | ૪૬૨ |
| (૧૨) | રાવ જાતિ - ઉદ્‌ભવ વિકાસ | ૪૬૩ |
| (૧૩) | બ્રહ્મભટ્ટ સમાજની મહાન વિભૂતિઓ | ૪૬૪ |
| (૧૪) | કવિવરશ્રી ચંદબરદાઈ (બારોટ) | ૪૬૫ |
| (૧૫) | પેશ્વા બાજીરાવ કાલીન મરાઠા સામ્રાજ્ય | ૪૬૬ |
| (૧૬) | પાલિતાણાના બ્ર. સત્યાગ્રહનું પ્રતિક ચિત્ર | ૪૬૭ |
| (૧૭) | વીર દાદુજી બારોટ, પાલીતાણા | ૪૬૮-૪૬૯ |
| (૧૮) | તેલિયાવીર હાથીજી બારોટ(ભાટવાસની)સ્વાર્પણ કથા | ૪૭૦-૪૭૧ |
| (૧૯) | અતિતકાલિન બ્રહ્મભટ્ટ બ્રાહ્મણ | ૪૭૨ |
| (૨૦) | 'સેતુબંધ' પત્રિકા વિમોચનનું ચિત્ર | ૪૭૩ |
| (૨૧) | વ.પ્ર. મોદીજી સાથે શ્રી લક્ષ્મણરાવ ઈનામદાર | ૪૭૪ |
| (૨૨) | અમે સરસ્વતી પુત્ર..... | ૪૭૫ |
| (૨૩) | બ્રાહ્મણોની વિવિધ પેટા જ્ઞાતિ અટક, ગોત્રનું માહિતી કોષ્ટક | ૪૭૬ |
| (૨૪) | બ્રહ્મભટ્ટ - બારોટ ની પ્રચલીત શાખાઓ | ૪૭૭ |

પ્રકરણ-૧

# બ્રહ્મભટ્ટ - જ્ઞાતિની ઉત્પત્તિ

છેલ્લાં ત્રીસેક વર્ષોથી ઇતિહાસનો અભિગમ બદલાયો છે. તે રાજા-રાણી અને સામંતો-સેનાપતિઓના જીવન સાથે સંકળાયેલો મટીને જન-સામાન્યનાં વિવિધ પાસાંને સ્પર્શવા લાગ્યો છે. આ સંદર્ભને લક્ષમાં રાખીને આજે બંગાળ, મહારાષ્ટ્ર વગેરે પ્રદેશોમાં વિવિધ જ્ઞાતિઓના અભ્યાસો નવા નવા દૃષ્ટિકોણથી થવા લાગ્યા છે. ઇતિહાસકારોએ હવે જ્ઞાતિને શાસ્ત્રીય રીતે સમજવા સમાજશાસ્ત્રનો આશ્રય લેવા માંડ્યો છે.

આ દૃષ્ટિએ બ્રહ્મભટ્ટ જ્ઞાતિનો ઇતિહાસ જાણવો પ્રસ્તુત કે આવકારદાયક ગણાવી શકાય. બ્રહ્મભટ્ટ જ્ઞાતિ માત્ર ગુજરાત, સૌરાષ્ટ્ર કે કચ્છમાં જ નહિ, પરંતુ આપણા દેશના લગભગ સમગ્ર વિસ્તારોમાં પ્રસરેલી છે. પરાપૂર્વથી સમાજમાં અનેકવિધ ભૂમિકાઓ ભજવનાર આ જ્ઞાતિ પ્રાચીન પરંપરાઓ ધરાવે છે. આ જ્ઞાતિ દેશમાં ક્યાંક ભાટ, બારોટ, કવિ, રણા, બ્રહ્મભટ્ટ, ઇનામદાર, જાગીરદાર, રાવ, રાય, રોય, ભટ્ટરાય, રાજુ, શર્મા અને દશોંદી જેવાં વિવિધ નામે ઓળખાય છે. ભૂતકાળમાં દેશભરમાં લડાયેલાં યુદ્ધો વખતે શૌર્ય-તર્પણ અને દેશભક્તિનાં ગીતો રચીને, ગાઈને, રણસંગ્રામમાં હાજર રહીને જાતે જવાંમર્દ સૈનિકોને દેશભક્તિ માટે શૂરાતન ચઢાવવાનું કામ આ જ્ઞાતિએ કર્યું છે, તો ક્યાંક નાણાંકીય લેવડ-દેવડમાં રાજા મહારાજાઓ અને શેઠ-શાહુકારો વચ્ચે જામીન કે બાંહેધરીનું કામ જાનને જોખમે પણ એણે નિભાવ્યું છે.

ગાંધીયુગની સ્વતંત્ર્યલડતોમાં પણ આ જ્ઞાતિએ પોતાના સપૂતોને આગળ કરી પોતાની પરંપરા જાળવી છે. મોટા મોટા કોલ-કરાર-સંધિ કે જામીનગીરીમાં આ જ્ઞાતિનો બોલ બ્રહ્મવાક્ય ગણાતો. બ્રિટિશ કોર્ટો શરૂ થઈ ત્યાં સુધી માત્ર હિંદુઓ કે મુસ્લિમોએ જ નહિ, પણ બ્રિટિશરોએ પણ તેની આમન્યા-મર્યાદા જાળવી હોવાના કિસ્સા પ્રચલિત છે. (જે આગળ ઉપર જોઈશું.)

આ સંજોગામાં આ જ્ઞાતિ વિષે જાણવાની આતુરતા થઈ આવે તે સહજ છે. વાસ્તવમાં ભારતીય ઇતિહાસન મૂળ સ્રોત તેમજ સાધનોની સંભાળ રાખવાનું મહત્ત્વપૂર્ણ કામ આ જ્ઞાતિએ સદીઓ સુધી કર્યું છે. અલબત્ત તે કેટલેક અંક્ષે ક્ષતિયુક્ત હોવા છતાં ઘણા ભારતીય તેમજ વિદેશી ઇતિહાસલેખકો અને વિદ્વાનોએ આ સાધનોનો વિશ્વાસપૂર્વક અને વિપુલ પ્રમાણમાં ઉપયોગ કર્યો છે. જેમાં મુખ્યત્વે કર્નલ ટોડે 'રાજસ્થાનનો ઇતિહાસ' લખવામાં અને એલેક્ઝાન્ડર કિન્લૉક ફૉર્બ્સે 'રાસમાળા' (ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ) રચવામાં આ જ્ઞાતિનાં લખાણો તેમજ કેફિયતોને અત્યંત આધારભૂત માનીને તેનો છૂટથી ઉપયોગ કર્યો છે. કર્નલ ટોડના શબ્દોમાં જોઈએ તો ''ભારતવર્ષમાં યુદ્ધસંબંધી કાવ્યો એ ઇતિહાસનું બીજું સાધન છે, માટે તેના રચયિતા ભાટોને 'મનુષ્ય જાતિના આદિ ઇતિહાસલેખકો' ગણવા જોઈએ. જ્યાં સુધી કવિઓનું ધ્યાન કલ્પિત કથાઓ તરફ આકર્ષિત થવા લાગ્યું નહોતું અથવા જ્યાં સુધી ઇતિહાસનું ક્ષેત્ર એની શ્રેણીના લેખકોએ સમુન્નત કર્યું ન હતું કે જેમણે તેને સાહિત્યનો એક પૃથક્ વિભાગ બનાવી લીધો ત્યાં સુધી ભાટ લોકો વાસ્તવિક ઘટનાઓ લખવાના અને વિદ્યમાન પુરુષોની ખ્યાતિ અજરામર કરવાના કાર્યમાં લાગેલા હતા. વાસ્તવમાં આ કવિ લોકો (બ્રહ્મભટ્ટ) પાછલા (પ્રાચીન) ભારતના મુખ્ય ઇતિહાસલેખકો છે. ભટ્ટ (બ્રહ્મભટ્) કવિઓના કાવ્યગ્રંથો દ્વારા સત્ય ઘટના, ધાર્મિક વિચાર તથા રીતરિવાજ સંબંધી અનેક મહત્ત્વની વાતો પ્રાપ્ત થાય છે, જેમાંની કેટલીક પક્ષપાત વિના લખવામાં આવેલી હોવાથી એવી છે કે તેમની સત્યતા વિષે ઓછો સંદેહ છે.'

એ જ રીતે 'રાસમાળા'ના લેખક એલેકઝાન્ડર કિન્લોક ફૉર્બ્સ ઉપરોક્ત ગ્રંથની પ્રસ્તાવનામાં જણાવે છે કે ''મને ગુજરાતમાં રહ્યાને ઘણા દિવસ થયા નહિ એટલામાં હું સરકારી અધિકાર પર હતો. તેવા પ્રસંગે મારા મ્હોં આગળ (સમક્ષ) એક કાગળ રજૂ કરવામાં આવ્યો તેમાં બે ભાટની સહીઓ સાથે કટારીઓનાં નિશાન કહાડેલાં હતાં. તે જોઈને મારી જિજ્ઞાસા ઉદિત થઈ. પછી મેં પૂછપરછ કરવા માંડી અને એ જાતિના લોકોમાંથી જેઓનો સમાગમ કરવો (શક્ય) બની આવ્યો તેમનો મેં સમાગમ કર્યો. (પરિણામે) ભાટલોકના ભંડારની મને આ પ્રમાણે ઝાંખી થઈ, એટલે મારી જિજ્ઞાસા શમી જવાને બદલે ઉલટાની વધી, જે લોકોની પાસે રાસના ભંડાર હતા અને જે મેળવવાની મારી

ઇચ્છા હતી તે લોકાને સમજાવવાને અને ભંડારના ડાબલાઓ ખુલાસો કરી લેવાને ભાટની વાતોનું જ્ઞાન મેળવી લેવાની અગત્ય હતી. તે મેળવવા માટે કોઈ દેશી માણસના આશ્રય (સાથની) મને ખરેખર અગત્ય જણાઈ. સારા ભાગ્યે કરીને મને તરત જ કવીશ્વરનું (દલપતરામનું) નામ જાણ કરવામાં આવ્યું... મારો આ સંગ્રહ મેં જે રાસોમાંથી કરેલો છે તેઓને નામે નામ મારા સંગ્રહનું નામ ''રાસમાળા'' રાખ્યું છે.''[૨]

વળી ''ગુજરાતી હસ્તપ્રતોની સંકલિત યાદી''માં શ્રી કે. કા. શાસ્ત્રીએ ફૉર્બ્સે પોતાની આ સંશોધન પ્રવૃત્તિનો પ્રારંભ કેવી રીતે કર્યો અને તેમાં બ્રહ્મભટ્ટ જ્ઞાતિ દ્વારા સચવાયેલા સાહિત્યનો કેવી રીતે ઉપયોગ કર્યો તે માહિતી આપતાં જણાવ્યું છે કે... ''સર ફૉર્બ્સ ૧૮૪૬ના નવેમ્બર માસમાં અમદાવાદમાં આસિ. જજ થયા. આ સમય એ ગુજરાતના પુરાતત્ત્વાન્વેષણનો પ્રારંભ સમય. એમની સેવાનો આરંભ શ્રી અંબાલાલ બુ. જાની શબ્દોમાં જોઈએ તો સ્વ. ફૉર્બ્સે આરંભમાં સ્વ. કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈની સહાય અને સહાનુભૂતિથી એક પાસથી ગુજરાતના ઇતિહાસ અને પ્રાચીન ગુજરાતી સાહિત્યના હસ્તલિખિત ગ્રંથોનાં સંશોધન અને સંગ્રહ કરવા માંડ્યા, તેમ બીજી પાસથી એ સંબંધી અપ્રાપ્ય ગ્રંથોની નકલો કરાવી ઉતારવા માંડી. ઉપરાંત કંઠસ્થ ગદ્યપદ્ય સાહિત્ય પણ જાળવવાના ઉદ્દેશથી ગુજરાત-કચ્છ-કાઠિયાવાડમાં ખૂણે-ખાંચરે ભરાયેલા તેમજ રાજ્યાશ્રય સેવતા ભાટ-ચારણાદિ કવિઓ, વહીવંચાઓ, વાર્તાકારો અને ગઢવીઓને નોંતરી નોંતરી તેમના કંઠસ્થ સાહિત્ય, વાર્તા, રાસ, રાસડા, પવાડા, છંદો, કવિતા, દૂહા આદિને વિપુલ પ્રમાણમાં લખાવી-ઉતરાવી લેવાના પ્રબંધો પણ કર્યા. તેઓ બનતું ત્યાં સુધી પ્રાચીન હસ્તલિખિત ગ્રંથો ખરીદી લેતા, પણ જ્યાં તેમ બને તેમ ન હતું ત્યાં શુદ્ધ લેખનશીલ લહીઆઓને રોકીનેયે ગ્રંથોની નકલ ઉતરાવી લેતા...''[૩]

આમ આ બંને અંગ્રેજ વિદ્વાનો અને ઇતિહાસલેખકો ઉપરાંત ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય કવિ દલપતરામ પણ આ કામમાં સહભાગી હતા. તેનો અર્થ એમ થાય કે આ તમામ વિદ્વનોએ આ જ્ઞાતિના લોકોનાં લખાણો કે કેફિયતોને અત્યંત વિશ્વસ્ત અને આધારભૂત માન્યાં હતાં. એજ રીતે તાજેતરનાં વર્ષોમાં પણ દુ. કે. શાસ્ત્રી જેવા આધુનિક લેખકોએ પોતાના ''ગુજરાતના મધ્યકાલીન ઇતિહાસ'' નામના ગ્રંથમાં બ્રહ્મભટ્ટ પ્રજાનો ઇતિહાસના મૂળ આધાર તરીકે મૂલ્યાંક્ન કરવાનો પ્રયાસ કર્યો છે.

આ દષ્ટિએ આપણને પ્રશ્ન થાય કે આ જ્ઞાતિની ઉત્પત્તિ કેવી રીતે થઈ, તેણે ગુજરાતના ઇતિહાસમાં તેમજ સામાજિક-સાંસ્કૃતિક પુનરુત્થાનમાં કેવો ફાળો આપ્યો, આ જ્ઞાતિના ધંધા-રોજગાર સંસ્કારોને કેવી રીતે ઝીલ્યા, પોતાની રીતે તેમાં શી વૃદ્ધિ કરી, અને આ અંગે તેણે કેવો પ્રતિભાવ આપ્યો, બ્રિટિશ કાળ દરમિયાન આ જ્ઞાતિની પરંપરાઓનું કેવું પરિવર્તન આવવા પામ્યું, તેનું સામાજિક કલેવર કેવી રીતે બદલાયું.

ઉપર્યુક્ત તમામ પ્રશ્નો અત્યંત મહત્ત્વના છે. અલબત્ત પ્રાચીન અને મધ્યકાલીન ઘટનાઓ માટે આપણે દંતકથાઓ તેમજ દંતકથાઓ-યુક્ત સાહિત્યનો ઉપયોગ કરવો પડે છે, આમ છતાં પણ ઇતિહાસકારનું કામ દંતકથાઓ-યુક્ત જંગલમાંથી સત્યો શોધી કાઢી તેને મૂલવવાનું છે. આથી આપણે હવે બ્રહ્મભટ્ટ જ્ઞાતિની ઉત્પત્તિ વિષેનાં તથ્યો તપાસીએ.

સુપ્રસિદ્ધ ઇતિહાસકાર શ્રી કે. કા. શાસ્ત્રી બ્રહ્મભટ્ટ જ્ઞાતિના મૂળને સમજાવવાનો પ્રયત્ન કરતાં જણાવે છે કે... ''બ્રહ્મભટ્ટો માટે પ્રાચીન સમયમાં 'ભટ્ટ' શબ્દ વ્યાપક હતો. ''જય જય સદુ પરંત સુભટ્ટ'' (સિરિવાલકહા-૧૫૫) સારા (તમામ) ભટ્ટ જય જય શબ્દ કરી રહ્યા છે. સં. 'ભટ' (યોદ્ધો) 'ભટ્ટ' (૧) ભાટ (૨) વેદાભિજ્ઞ બ્રાહ્મણ (૩) પૌરાણિક વ્યાસ : આ બેઉ શબ્દોના મૂળમાં સં. ભૃ. ભરણપોષણ કરવું, 'ભર્તૃ' ધાતુવાચક બન્યો છે. તો સંસ્કૃત કર્તૃવાચક ભતૃ ૧લી વિ. એ. વ.ના ભર્તા રૂપના વિકાસમાં પ્રા. 'ભટ્ટા' થયો.'' પછીની પાછો એ સંસ્કૃતમાં, 'ભટ્ટ' તરીકે સ્વીકરાઈ માનવાચક બન્યો છે. 'ભટ્ટારક' (૧) પૂજનીય (૨) રાજા એ પણ ફરી સંસ્કૃતમાં આવેલો શબ્દ છે. આમ મૂળમાં સ્વામિત્વનો અર્થ આપનારો 'ભટ્ટ' શબ્દ છેક બ્રાહ્મણ પગારદાર રસોઈયાનો વાચક બની પેલા મહારાજનો પર્યાય બની રહ્યો છે, તો પૂજનીય અર્થ આપનારો (ભટ્ટ) શબ્દ રાજા મહારાજાઓને દરવાજે સ્તુતિપાઠ કરનાર બ્રાહ્મણોને માટે વ્યાપક બન્યો. સેંકડો વર્ષોથી એણે ગુજરાતી વગેરે ભારતીય ભાષાઓને 'ભાટ' શબ્દ આપ્યો. હકીકતે જે બ્રાહ્મણોએ રાજા મહારાજાઓનાં યુદ્ધોને સમયે તેમજ સારા પ્રસંગોએ પ્રશસ્તિ ગાવાની વૃત્તિ સ્વીકારી તેઓ સમાજમાં સંસ્કૃતમાં 'ભટ્ટ' અને ગુજરાતી વગેરેમાં 'ભાટ' શબ્દથી જાણીતા થયા. ભાટ એ બ્રાહ્મણ જાતિ છે, તેથી જ એ જ્ઞાતિને માટે હાલમાં રૂઢ થયેલા 'બ્રહ્મભટ્ટ' શબ્દની ચરિતાર્થતા છે. એથી બ્રાહ્મણોની ચોર્યાસી (તમામ બ્રાહ્મણોનો જમણવાર-જ્ઞાતિ મેળાવડા) જમતી હોય ત્યારે બ્રહ્મભટ્ટોને પણ નિમંત્રણ આપવામાં આવે છે.'' આગળ વધતાં શ્રી કે. કા. શાસ્ત્રીજી જણાવે છે કે ''બ્રહ્મભટ્ટ'' માટે વપરાતો ગુજરાતી ''બારોટ'' શબ્દ કયા મૂળ શબ્દમાંથી ઊતરી આવ્યા છે તેનો સાચો ઇતિહાસ હજૂ મળ્યો નથી. ''બારહટ્ટ'' જેવા કૃત્રિમ શબ્દમાં જ એનું મૂળ જોવાનો પ્રયત્ન છે. સ્વરૂપ ઉપરથી તે પ્રાકૃત ભાષાનો હોય તેમ લાગે છે અને તેનું સંસ્કૃત મૂળ ''દ્વારભટ્ટ'' હોઈ શકે, પરંતુ શબ્દના મધ્યમાં ઓ ક્યાંથી આવ્યો તેનું આ શબ્દથી સમાધાન થતું નથી. બારોટ શબ્દમાં પ્રાકૃત ''બાર'' અને પ્રા. ''વટ'' એવા બે શબ્દો દબાયેલા પડેલા લાગે છે. ''જે સમાસના રૂપમાં આવતાં ''બાર+ઉટ્ટ'' થયેલ (અને) અર્વાચીન ભૂમિકામાં ''બારોટ'' રૂપ આપે તો સંસ્કૃત ''દ્વાર+વર્ત'' ''બારણા પર રહેનાર'' એ અર્થ આપે. રાજા મહારાજાઓને દરવાજે હંમેશા પ્રશસ્તિ

ગાવાને માટે ખડા રહાનારાઓ માટે આ શબ્દ બધુ બંધ બેસે છે, છતાં સ્પષ્ટ કહેવું જોઈએ કે જેમ ''બારહટ્ટ'' શબ્દનો પ્રાકૃત ભાષાઓમાં પત્તો નથી લાગતો તે જ પ્રમાણે ''દ્વારવર્ત'' સંસ્કૃત ભાષામાં-તો 'બારઉટ્ટ''નો પ્રાકૃત ભાષાઓમાં પત્તો લાગતો નથી. વધુ સંગત અને સ્વાભાવિક લાગે તેવી આ સંભાવના માત્ર છે.[૪]

શ્રી કે. કા. શાસ્ત્રીની ઉપર્યુક્ત સંભાવના સામે પાટણ (ઉ. ગુ.)ની આર્ટ્સ કૉલેજના સંસ્કૃતના નિવૃત્ત પ્રાધ્યાપક શ્રી ગજેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ આ ''બ્રહ્મભટ્ટ'' તથા ''બારોટ'' શબ્દની વ્યુત્પત્તિ અને તેના પ્રચલન માટે પોતાનો મત જણાવે છે કે :

**''ब्रह्म वेत्ति असौ ब्रह्म; तत् भट्टयति...कथयति असौ ब्रह्मभट्टः ।''**

અર્થાત્ જે બ્રહ્મને જાણે છે તે બ્રાહ્મણ અને બ્રહ્મને જાણીને (સમજીને) જે અન્યને કહે છે-સમજાવે છે-તે બ્રહ્મભટ્ટ. બીજી એક વ્યુત્પત્તિ જોઈએ. ''બૃ'' ધાતુ ઉપરથી ''બ્રવીતિ'' ત્રીજો પુ. એ.વ. બ્રવીતિ-'વર્ણયતિ કથયતિ અસૌ ભટ્ટ' : અર્થાત્ જે માણસ વિસ્તારપૂર્વક કહીને સમજાવે છે તે ભટ્ટ.

આવી જ એક અન્ય વ્યુત્પત્તિ બ્રહ્મભટ્ટ સમાજના પ્રચલિત સામયિક ''સુભટ્ટ'' (ઓગસ્ટ ૧૯૨૩)ના અંકમાં ''બ્રહ્મભટ્ટ રહસ્ય'' નામના લેખમાં અનામી લેખક અથવા તંત્રી દ્વારા સુંદર કંડિકા-રૂપે ટાંકવામાં આવેલ છે તે જોઈએ.

''ब्रह्मसु ब्राह्मणेषु भट्टः वेद-शास्त्रादिवक्ता यः स ब्रह्मभट्टः।।''

અર્થાત્ બ્રાહ્મણોમાં જે વેદશાસ્ત્રાદિનો સમજાવનાર પ્રવક્તા છે તેને બ્રહ્મભટ્ટ કહેવામાં આવે છે.

આગળ વધતાં પ્રા. શ્રી ગજેન્દ્રભાઈ જણાવે છે કે ''ભટ્ટ'' જેવો બીજો એક શબ્દ છે. ''ભટ''. સંસ્કૃતમાં યોદ્ધા માટે ''ભટ'' અને વીર યોદ્ધા માટે ''સુભટ'' શબ્દ પ્રયોજાય છે. આમ ''ભટ'' એટલે યોદ્ધો અને ''ભટ્ટ'' એટલે જ્ઞાન અને વિદ્વતાને વિસ્તાર અને વિધિપૂર્વક કહેનાર વ્યક્તિ. આમ એકનો સંબંધ ''શસ્ત્ર'' સાથે છે. જ્યારે બીજાનો સંબંધ ''શાસ્ત્ર'' સાથે છે. હવે આ ''ભટ્ટ''માંથી ''ભાટ્ટ'' અને ''ભાટ' કેવી રીતે થયું તે જોઈએ. કુમારિલ ભટ્ટના અનુયાયીઓને ''ભાટ્ટ'' મીમાંસક કહેવાય છે, કારણ કે પ્રાચીન સમયમાં સંતો કે ગુરુઓ પોતાના શિષ્યોને ગુરુ કે પિતૃ-પરંપરાએ ઓળખતા હતા; જેમકે ''દશરથ'નો પુત્ર ''દાશરથિ'', ''વાસુદેવ''નો ''વાસુદેવ'', ''ગર્ગ''નો ''ગાર્ગ્ય'' અને પુત્રી ''ગાર્ગી'', વગેરે એ પ્રમાણે ભટ્ટના અનુયાયી કે વંશજો ''ભાટ્ટ'' કહેવાય તે સ્વાભાવિક છે. કાળક્રમે આ 'ભાટ્ટ'' શબ્દ અપભ્રંશ થઈને ''ભાટ'' બન્યો હોવાની સંભાવના નકારી શકાય તેમ નથી.

આ ભટ લોકો માત્ર મીમાંસકો જ હતા તેમ નથી, પરંતુ તેઓ અન્ય કાર્યોમાં પણ રત રહેતા હોવાથી તેમના ત્રણ પ્રકાર બન્યા : (૧) બ્રહ્મભટ્ટ, (૨) માણભટ્ટ અને (૩) રાવભટ્ટ. આ પૈકીના પ્રથમ બ્રહ્મભટ્ટ તે બ્રહ્મવિષયક જ્ઞાન પ્રાપ્ત કરી પ્રજા સમક્ષ ઉપદેશાત્મક રીતે વિસ્તારપૂર્વક કહેતા કે કહેવોનું કામ કરતા. આ ઉપદેશ મોટે ભાગે સંસ્કૃત ભાષામાં રહેતો એટલે ઉચ્ચ કક્ષાના પ્રજાજનોમાં જ તે મર્યાદિત રહેતો, જ્યારે બીજા વર્ગના એટલે કે માણભટ્ટ, બ્રહ્મભટ્ટ લોકો દ્વારા સંસ્કૃતમાં અપાતા બ્રહ્મવિષયક જ્ઞાનને અત્યંત સરળ અને લોકભોગ્ય ભાષામાં રજુ કરવાનું કામ આ લોકો કરતા. આ સિવાયના ત્રીજા કેટલાક ''ભટ્ટ'' શાસ્ત્ર મૂકીને શસ્ત્રવિદ્યામાં પારંગત બન્યા તે રાજદરબારમાં રાવભટ્ટની પદવી મેળવી શક્યા. આવા મોટા રાજદરબારી કે જાગીરદાર હતા તે ''રાવ'' કહેવાતા અને નાના ''ઉમરાવ'' કે ''ઉપરાવ'' તરીકે પ્રચલિત થયા. વ્યાકરણના નિયમાનુસાર ક્યારેક કોઈક શબ્દનો આદિલોપ અને ક્યારેક અંત્યલોપ થાય છે તે મુજબ 'માણભટ્ટ'' શબ્દનો આદિલોપ અને ''રાવભટ્ટ'નો અંત્યલોપક થતાં ક્રમશઃ ''ભટ્ટ'' અને ''રાવ'' શબ્દો વપરાશમાં રહ્યા, જ્યારે ''બ્રહ્મભટ્ટ'' શબ્દ આવા કોઈ આદિ કે અંત્યલોપ વિના યથાવત્ જળવાયો હોય તેમ જણાય છે, પરંતુ આજે પણ ક્યારેક આવો આદિલોપ થઈ બ્રહ્મભટ્ટોના નિવાસસ્થાનોને માટે ''ભટ્ટસ્થાન'' શબ્દ પ્રયોજાય છે.

ઉપરોક્ત વિગતોને આધારે એ ફલિત થાય છે કે બ્રહ્મભટ્ટ એક જ્ઞાતિ છે અને તે બ્રાહ્મણત્વનો નિર્દેશ કરે છે. આ જ્ઞાતિમાં હાલમાં રાવ, રોય, ભટ્ટરાય, કવિ, બ્રહ્મભટ્ટ, બારોટ, શર્મા, રણા, જાગીરદાર, ઇનામદાર, જમીનદાર, દશોંદી વગેરે કેટલીક અવટંક (અટક) વપરાશમાં છે.

અન્ય કેટલીક શાખાઓ ઉ.ગુ.માં પ્રચલિત છે. દા.ત. રણા, હાર (સાર), શામળાવત વગેરે. વાસ્તવમાં ભટ્ટ અને બ્રહ્મભટ્ટ તે જ્ઞાતિસૂચક શબ્દો છે, જ્યારે 'રાવ', 'બારોટ' વગેરે 'પદવી' કે 'ટાઈલ્સ' માટે વપરાતા-પદસૂચક શબ્દો છે. તેથી જ બ્રિટિશ શાસનકાળમાં સરકારની શ્રેષ્ઠ સેવા કરનાર કોઈ પણ જ્ઞાતિના માણસને 'રાવસાહેબ' કે 'રાવબહાદુર'નો ઇલ્કાબ આપવામાં આવતો હતો તે સર્વવિદિત બાબત છે. આગળ વધતાં પ્રા. શ્રી ગજેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ જણાવે છે કે :

''અત્રે 'ભટ્ટ' શબ્દ દ્વારા જે ઓળખાય છે તે બ્રાહ્મણત્વની પ્રતીતિ કરાવે છે, 'બ્રહ્મભટ્ટ'ની નહીં. તે પાછળનું કારણ એ છે કે બ્રહ્મભટ્ટોને રાજાશાસક અથવા ઉચ્ચકક્ષાના રાજદ્વારી અમલદારો સાથે યાજમાનિક સંબંધો હોવાથી તેમના મર્યાદિત સંબંધોને લીધે રાજદરબારે 'રાજગુરુ' કે 'રાજગોર' એવા શબ્દોથી ઓળખાતા. સામાન્ય માણસો સાથે એમની યજમાનવૃત્તિ હતી જ નહીં. જે લોકોની યજમાનવૃત્તિ આમજનતા સાથે હતી તે તમામ 'ભટ્ટ' તરીકે પ્રચલિત રહ્યા અને આમજનતા એમને જ બ્રાહ્મણ

તરીકે ઓળખતી રહી, જ્યારે રાજદરબારોની સત્તાઓ ઓછી છતાં તેની સાથે સાથે તેને સંલગ્ન આ બ્રહ્મભટ્ટપ્રથા પણ લુપ્ત થવા લાગી. પરિણામે બ્રહ્મભટ્ટોની આર્થિક અવદશા થવા લાગી. તેમ છતાં જનસામાન્યમાં તેઓ યાચકવૃત્તિ અપનાવી શક્યા નહીં માટે 'ભટ્ટ'ની માફક બ્રાહ્મણ તરીકે પ્રજામાંથી વીસરાવા લાગ્યા.[૫]

હવે 'બારોટ' શબ્દની વ્યુત્પત્તિ તરફ દષ્ટિપાત કરીએ. બ્રહ્મભટ્ટોમાં કેટલાક 'બારોટ' તરીકે ઓળખાય છે. આપણે આગળ જોયું તેમ જે રીતે 'રાવ' એક ઇલ્કાબ છે તે રીતે 'બારોટ' પણ એક ઇલ્કાબ જ છે. પ્રા. શ્રી ગજેન્દ્રભાઈના આ મતને સમર્થન આપતો મત શ્રી શાહ અને શ્રોફ પોતાના ''ગુજરાતના વહીવંચા બારોટો'' નામના શોધ નિબંધમાં નોંધે છે કે:

''બારોટ શબ્દ 'ભાટ' (બ્રહ્મભટ્ટ) અને 'વહીવંચા' બંને માટે વપરાય છે. એવું જણાય છે કે શરૂઆતમાં 'બારોટ' એ બંને માટે માનવાચક પદ (ખિતાબ) દર્શાવતા શબ્દ તરીકે વપરાતો હશે, પરંતુ પાછળથી તેમના દ્વારા આ શબ્દ જ્ઞાતિસૂચક નામ તરીકે વપરાશમાં આવ્યો હશે.[૬]

વાસ્તવમાં બારોટ શબ્દ એ બ્રહ્મભટ્ટ જ્ઞાતિના લોકોની પ્રખ્યાત બાર હઠો પરથી 'બારહઠ', 'બારઠ', 'બારટ' અને 'બારોટ' એમ ક્રમશઃ અપભ્રંશ થયેલ કે વ્યુત્પત્તિ પામેલ શબ્દ હોય તેમ સ્પષ્ટ જણાય છે. સામાન્ય રીતે જુદા જુદા સ્થળે જુદા જુદા શબ્દો અને તેના વર્ણો રૂપાન્તરિત રીતે ઉચ્ચારાતા હોય છે; જેમકે અંગ્રેજીમાં 'ટેમ્સ' નદી માટે 'થેમ્સ' પણ વપરાતો જણાય છે. દક્ષિણ ભારતમાં પણ 'ત' તો 'થ' અને ઉત્તર ગુજરાતમાં 'શ' ના બદલે 'હ' (દા. ત. શાખનું હાખ) વપરાય છે. ગ્રામીણ બોલીઓમાં 'ઠ' ના બદલે 'ટ' થતાં 'બારહઠ'માંથી 'બારઠ' અને તેમાંથી 'બારટ' અને 'બારોટ' બન્યો હોવાની શક્યતા જણાય છે.

હવે સવાલ એ ઉભો થાય છે કે 'બારહઠ'માંથી આ 'બારોટ' શબ્દો અવતર્યો હોય તો એ પ્રચલિત બાર હઠો કઈ? એ માટે શ્રી. પુરુષોત્તમદાસ વાઘજીભાઈ બ્રહ્મભટ્ટ-પાટણ (પ્રા. શ્રી. ગજેન્દ્રભાઈના સદ્‌ગત પિતાશ્રી) પોતાના એક કાવ્યમાં આ બારહઠો આ મુજબ વર્ણવે છે તે જોઈએ.

''પ્રથમ હઠ પદ ચઢણ,
યુગલ અમલ બનાવ.

તૃતીયો સભામાં બેસણો,
તુર્થ રાજરી કાવ્ય.

પંચ પરાગત (શ્રેષ્ઠ) પ્રેરણા,
ષષ્ઠ નર કીરત લહંત. (લંણું-લેનાર)

સપ્ત પ્રાતઃ સા દાન દેયણો,
અષ્ઠ રાજદાન લહંત.

નવ શક્તિ સ્મરણ કરે,
દસ, ત્રાગું, દીખ સાર.

એકાદશ હરિ પ્રેરણા,
વકતૃત્વ હઠ્ઠ બાર.''

અર્થાત્-પ્રથમ હઠ તરીકે પદ-પંક્તિ-હરોળમાં ઉચ્ચ સ્થાન બાબતના અભિમાનવાળા; બીજી હઠ, રાજદરબારે રહેતા હોવાથી કસૂંબા-અમલની ટેવવાળા અને અમલદારી કરનાર, ત્રીજી હઠ રાજસભામાં સ્થાન પ્રાપ્ત કરવાની; ચોથી હઠ રાજા મહારાજાઓની જ પ્રશસ્તિ ગાવાની (બ્રહ્મભટ્ટ હતાં ત્યાં સુધી માત્ર બ્રહ્મનું જ ગાન કરતા રાજદરબારમાં બેસી રાજાની સ્તુતિ ગાતા થતાથી બારોટ થયા); પાંચમી હઠ તે પ્રભુ પરબ્રહ્મની ઉપાસન કરવી; છઠ્ઠી હઠ તે યશકીર્તિ પ્રાપ્ત કરવા સતત પ્રયત્નશીલ રહેવું; સાતમી હઠ પ્રાતઃકાળે દાન-ધર્મ કરવાની ટેવવાળા; આઠમી હઠ રાજા પાસેથી જ દાન ગ્રહણ કરવું; નવમી શક્તિની ઉપાસના કરવી; દશમી ત્રાગું કે સત્યાગ્રહ કરવો; અગિયારમી પ્રભુ પાસેથી પ્રેરણા મેળવતા રહેવું એટલે કે આર્યદર્શન અને બારમી હઠ તે વકતૃત્વમાં નૈપુણ્ય ધરાવવું.

આવાં બાર લક્ષણો કે હઠો ધરાવનાર બ્રહ્મભટ્ટને જ **'બારોટ'** કહેવાય. પ્રારંભે આવા લોકો ઘણા ઓછા હશે. પરંતુ કાળક્રમે તે શબ્દ વધુ પ્રચલિત બનતાં જ્ઞાતિ કે કોમનો પર્યાય બની ચૂક્યો હોય એમ જણાય છે. ટૂંકમાં 'બારોટ' એ ઈલ્કાબ કે અવટંક છે અને 'બ્રહ્મભટ્ટ' એ જ્ઞાતિ (સૂચક શબ્દ) છે.[૭]

ગુજરાતના જાણીતા રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટ 'બ્રહ્મભટ્ટ' અને 'બારોટ' શબ્દની વ્યુત્પત્તિ સમજાવતાં જણાવે છે કે 'બારોટ' એટલે 'દ્રવ્યાર્થે બહિરટતિ ઇતિ બારોટ' (અર્થાત્ દવ્યપ્રાપ્તિ અર્થે બહાર ફરે તે બારોટ) અને ''બ્રહ્મ કથયતિ ઈતિ બ્રહ્મભટ્ટ'' (બ્રહ્મનું કથન-વાર્તા કરે તે 'બ્રહ્મભટ્ટ') તેમજ ''યુદ્ધે ભટાન્ શૂરયતિ ઈતિ ભટ્ટઃ'' અર્થાત્ યુદ્ધમાં વિજયની કીર્તિગાથા ગાઈ સુભટોને વીરરસનું પાન કરાવે તે ભટ્ટ''[૮]

આ ઉપરાંત નદિયા (બંગાળ) કોલેજના પ્રધાન પંડિત (આચાર્ય) શ્રીમાન યોગેન્દ્રનાથજી ભટ્ટાચાર્ય (એમ.એ., ડી.એલ.) પોતાના 'જાતિ અને મત' નામના

ગ્રંથમાં નોંધે છે કે 'ભટ્ટ' એ બ્રાહ્મણોનું એક કુળ છે, જેઓ વૈદિક કર્મકાંડ કરાવનારા તથા પુરાણપાઠક તથા કાવ્ય રચનારા બ્રાહ્મણ છે. આવા પ્રકારના ભટ્ટની પદવી તમામ પ્રકારના બ્રાહ્મણોમાં જોવા મળે છે. તેને ભટ્ટ કહેવામાં આવે છે. ગૌંડોમાં પણ 'ભટ્ટ' બ્રાહ્મણ છે તેમ ગુજરાતી બ્રાહ્મણોમાં પણ ભટ્ટ છે. બ્રાહ્મણોમાં વિશેષ ગુણ હોવાને લીધે પૂર્વે ક્ષત્રિય રાજાઓ તરફથી બ્રાહ્મણોને વિશેષ સંમાનસૂચક ઉપાધિઓ (ટાઈટલ) આપવામાં આવતી, જે અત્રે (આગળ જતાં) જાતિસૂચક શબ્દો તરીકે વપરાય છે... આ અંકમાં જ આજ રીતે પંડિત સીતારામ શર્મા(કરાંચીવાળા)એ સિંધના સક્કર મુકામે (ડિસે. ૧૯૨૦માં) સિંધવાસી બ્રહ્મભટ્ટ બંધુઓના સંમેલનમાં બોલતાં જણાવ્યું હતું કે ''ભટ્ટ એક પદવી છે, જે વિદ્વાન બ્રાહ્મણો જ મેળવી શકતા. તે કોઈ ખાસ જાતિસૂચક નામ નથી. 'બ્રહ્મભટ્ટો'ના પૂર્વજો પૂર્વે મહાવિદ્વાન બ્રાહ્મણ અને કવીશ્વરો હતા માટે તેમણે 'ભટ્ટ' તરીકેની પદવી મેળવી હતી. કાળક્રમે વિદ્વત્તાને અભાવે આ 'ભટ્ટ'માંથી 'ભાટ' શબ્દ પ્રયોજવા લાગ્યો છે. મૂળ બ્રહ્મભટ્ટે શબ્દ બ્રહ્મ+ભટ્ટ મળીને બન્યો છે. એનો અર્થ એ જ થાય કે બ્રાહ્મણ હોઈને જે ભટ્ટનું (વીર સૈનિકનું) કાર્ય કરે તે બ્રહ્મભટ્ટ.''[૯] એ જ રીતે 'ભગવદ્ ગોમંડળ'માં પણ ભાટ, સૂત, માગધ અને બંદિજન વગેરે શબ્દોની જે વ્યુત્પત્તિ સમજાવવામાં આવી છે તે પરથી આ બ્રહ્મભટ્ટ જ્ઞાતિ બ્રાહ્મણો પૈકીની એક પેટા જ્ઞાતિ હોવાની ખાતરી થાય છે.

ગુજરાતના બ્રહ્મભટ્ટો વિષે જાણીતા અંગ્રેજ વિદ્વાન એન્થોવાન જણાવે છે કે ''ભાટ-બારોટ-મેવાડા બ્રાહ્મણોના પેટાવિભાગ શબ્દ સંસ્કૃતના 'ભ્રાતા' શબ્દમાંથી ઉતરી આવેલ જણાય છે, જેનો અન્ય પર્યાય 'રાવ' 'કવિ' તેમજ 'દશોંદી' છે. તે પૈકીનો છેલ્લો શબ્દ (દશાંદી) 'દશમ' (દસમો) અને 'દાયા' ભાગ અર્થાત્ દસમા ભાગના હકદાર હોવાનું જણાવે છે. શાસકો અને એમના ભાયાતોની આવકનો દસમો[૧૦] ભાગ ભાટ-બારોટને આપવાનો રિવાજ પૂર્વે પ્રચલિત હતો... આ બાબતે શ્રી નરસિંહભાઈ બ્રહ્મભટ્ટની નોંધ મુજબ ''હિંદુ કાસ્ટ્સ ઍન્ડ સેક્ટ્સ'' નામના અંગ્રેજી ગ્રંથમાં (પૃ. ૮૩) ગ્રંથકાર (આર. સી. એન્થોવાને) 'ભટ્ટ' શબ્દને 'દૈવસ્થ બ્રાહ્મણો'નું કુળનામ લખ્યું છે'', તે બાબત આ મતને સ્પષ્ટ કરે છે.

સહરાનપુરના કલેક્ટર સી. એસ. વિલિયમ કુકે પણ પોતાનાં પુસ્તકોમાં મહાભારતનો હવાલો આપીને 'ભટ્ટ' જાતિને બ્રાહ્મણ સિદ્ધ કરી છે.

સંયુક્ત પ્રદેશ ઈલાહાબાદના ડાયરેક્ટર ઑફ પબ્લિક ઈન્સ્ટ્રકશન; શ્રીમાન નેસફીલ્ડ (એમ. એ) પણ પોતાના પુસ્તક, 'કાસ્ટ સિસ્ટમ'માં ભટ્ટ જાતિને બ્રાહ્મણ વર્ણની ગણાવે છે.

આમ બ્રાહ્મણોનો એક ઉપભેદ બ્રહ્મભટ્ટ પણ છે. તે બ્રહ્મભટ્ટોમાં દામોદર ભટ્ટના પુત્ર સારંગધર ભટ્ટ હતા, જેઓએ પોતાના નામ પરથી 'સારંગધર સંહિતા' નામનો વૈદકનો પ્રસિદ્ધ ગ્રંથ રચ્યો છે. તેમને અનેક ઈતિહાસકર્તાઓને બ્રાહ્મણ વર્ણમાં માન્ય કરેલ છે. બ્રાહ્મણોમાં જે આચાર્ય થયા કરતા તેમને ભટ્ટાચાર્ય(બ્રહ્મભટ્ટ)ની પદવી મળતી. તદનુસાર આ પદવી બંગાળ પ્રાન્તસ્થ બ્રાહ્મણ સમુદાયમાં વિશેષરૂપે (પ્રચલિત) છે. સૌરાષ્ટ્રમાં અમુક કોમના બ્રહ્મભટ્ટોને 'રાવળ' તરીકે ઓળખવામાં આવે છે, જે બ્રાહ્મણોની 'રાવળ' (દા.ત. બાપારાવળ) શાખ સાથે પૂર્વે સંકળાયેલા હોવાની પ્રતીતિ કરાવે છે.[૧૧]

બ્રહ્મભટ્ટ જ્ઞાતિનો પોતાનો ઘણો જ દીર્ઘકાલીન ઈતિહાસ છે. મુખ્યત્વે યુદ્ધોના સમયે યોદ્ધાઓનું ખમીર ટકાવી રાખવાની આ જ્ઞાતિએ મહામૂલી સેવા બજાવી છે. કોઈ સામે લાંબો હાથ કરવાને બદલે રાજા મહારાજાઓનાં વીરોચિત કામો કરીને, વંશપરંપરાગત વૃત્તિ મેળવીને અને આવાં દાનો પણ માત્ર અંગત ઉપયોગ માટે નહીં વાપરતાં જરૂરતમંદ લોકોમાં વહેંચતા આવવાની ઉદારતા ધરાવતી આ જ્ઞાતિનું સમાજમાં આગવું સ્થાન છે.

ડૉ. રેણુ સકસેનાએ એમના મહાનિબંધમાં જણાવ્યું છે તે આ બાબતે ઘણું જ પ્રસ્તુત છે. ''૧૮ મા સૈકામાં અમદાવાદ જિલ્લો ૧૦૨૯ ગામોનો બનેલો હતો તેમાં અનેક જમીન-મહેસૂલ પદ્ધતિઓ પ્રવર્તતી હતી. મરાઠા રાજ્ય તરફથી ભાટ-ચારણોને તેમના જીવનનિર્વાહ માટે ભૂમિદાન આપવામાં આવતું. ''દેવસ્થાન'' અને ''ધર્મદાય'' ધાર્મિક ગ્રાન્ટો હતી, જેનો ઉપયોગ ધાર્મિક સંસ્થાઓના નિર્વાહ માટે થતો. પૂજારી તેમજ ભાટ-ચારણોને પણ આ ગ્રાન્ટો મળતી.'' ડૉ. સકસેના આગળ ઉમેરે છે કે : ''ઉપર્યુક્ત ગ્રાન્ટો ઉપરાંત મોગલો તથા મરાઠાઓ બારોટને ઈનામી જમીન પણ બક્ષિસમાં આપતા અને બારોટો તેનો સદ્‌ઉપયોગ કરતા. માત્ર પોતે જ નહીં, પણ બીજાઓને પણ 'ખાવ' (પોતાને મળેલ દાનમાંથી) અન્ન આપતા. રાજ્ય તરફથી બારોટોને તેમના નિર્વાહ માટે 'જિવાઈ' આપવામાં આવતી, જેને 'જિવાઈભૂમિ' તરીકે ઓળખવામાં આવતી.''[૧૨] એ જ રીતે રણમેદાનમાં વીરોચિત દેખાવ બદલ મેળવેલ જમીનને આજે પણ ગુજરાતમાં 'રણવટિયાં', 'વાંટા' કે 'પાશેતાં' (પાહેતાં)ના નામથી ઓળખવામાં આવે છે. આવી જમીનો સરકારી દફતરે આ નામથી નોંધાયેલ હોવાના ઘણા દાખલા હાલમાં પણ ઉ. ગુજરાતમાં (ખુદ મારા (લેખકના) ગામમાં અને મારાં પોતાનાં ખેતરો પણ) આ નામ સાથે સરકારી દફતરે નોંધાયેલ છે.

આ પરિસ્થિતિ પરથી સ્પષ્ટ સમજાય છે કે આ બ્રહ્મભટ્ટ જ્ઞાતિ અત્યંત સ્વમાની અને જ્ઞાન તથા વીરતાના ગુણો ધરાવતી જ્ઞાતિ હતી. અને તે રાજ્ય તથા સમાજ

પ્રત્યેની પોતાની જવાબદારી અદા કરીને જ 'દેવસ્થાન' 'ધર્મદાય' (ધર્માદા) અને 'જિવાઈ' જેવા લાભ પ્રાપ્ત કરતી હતી. સૌરાષ્ટ્રમાં ખાસ કરીને સીમરોળી, મેઘપુર, સરાડિયા, કટવાણા અને ગુજરાતમાં : પાટણ, જંગરાળ, વીસનગર, (ખેરાળુ, ભાટવાસ) વીજાપુર, ઈડર જેવાં અનેક ગામો તથા મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં નડિયાદ, માતર, રાજપીપળા તથા ખંભાત જેવાં અનેક સ્થળે અત્યાર સુધી બ્રહ્મભટ્ટો જાગીરો ધરાવનારા હતા. (તેમના માટે વપરાતી) ઈનામદાર (જામીનદાર કે જાગીરદાર) વગેરે અવટંકો આ વાતની સાક્ષી પૂરે છે. છેક મોગલાઈના વખતથી બક્ષિસ મળેલાં ગામો અને જમીનો આજે પણ આ જ્ઞાતિ ભોગવતી આવી છે...[૧૩]

આમ બ્રહ્મભટ્ટ-બારોટ શબ્દની વ્યુત્પત્તિ અને એને વિષે કેટલીક પ્રાથમિક માહિતી મેળવ્યા પછી આપણે આ જ્ઞાતિની ઉત્પત્તિ માટે વિવિધ શાસ્ત્રો-પુરાણો-પુસ્તકોના લેખકો અને વિદ્વાનો વગેરે શું માને છે તે જોઈએ.

ઈ. સ. ૧૮૯૫માં શ્રી. ત્રિભુવન કાશીભાઈ બારોટ નામના એક વિદ્વાને 'ભટ્ટોત્પત્તિ-દેવી પુત્ર બ્રહ્મભટ્ટ લોકોની ઉત્પત્તિ' નામનું સુંદર પુસ્તક સ્કંદપુરાણના બ્રહ્મખંડને આધારે લખીને પ્રકાશિત કર્યું હતું, જેમાં એમણે યુધિષ્ઠિર અને દેવર્ષિ નારદ વચ્ચેના સંવાદ દ્વારા બ્રહ્મભટ્ટ જ્ઞાતિની ઉત્પત્તિ બાબતે જે નોંધ્યું છે તે આ પ્રમાણે છે : યુધિષ્ઠિર : હે દેવર્ષિ, 'ભટ્ટ' લોકો કયા વર્ણના છે? અને કેવી રીતે ઉત્પન્ન થયા? તેમનો આચાર શો છે? વિધિ શો છે? એ સર્વ વિસ્તારપૂર્વક નિર્ણય કરીને કહો.''

નારદજી : ''હે નૃપવર્ગમાં શાર્દૂલ જેવા શ્રેષ્ઠ, યુધિષ્ઠિર ! વેદમૂર્તિરૂપ જે ભટ્ટ જ્ઞાતિ છે તેનો નિર્ણય મેં જેવો બ્રહ્માના મુખથી પ્રથમ સાંભળ્યો તેવો જ હું તેને કહું છું તે સાંભળો. અહીંયાં આપને વાસ્તે તેમના જન્મ, આચાર અને વર્ણનો જે પ્રાચીન ઈતિહાસ છે તેનું વર્ણન કરું છું ...

**अत्र ते वर्णयिष्यामि इतिहासं पुरातनम्**
**यथा जन्म यथाचाज्ञे यथैषां वर्णनिर्णयः ।। १३ ।।**

**विधेर्यज्ञावसाताने हि ज्वलद्वह्विरिवोदितः**
**प्रादुरासीत्पुमान् कश्चिज्जवलदग्निसमप्रभः ।। १४ ।।**

બ્રહ્મદેવે (બ્રહ્માજીએ) યજ્ઞ કર્યો ત્યારે યજ્ઞને અંતે યજ્ઞમાંથી કોઈ દાહક શક્તિવિણ પણ અગ્નિ જેવો તેજસ્વી પુરુષ પ્રગટ થયો.

આ પુરુષે બ્રહ્માની અત્યંત સ્તુતિ કરી અને બ્રહ્માથી પ્રખ્યાત થયો માટે 'બ્રહ્મરાવ' એવું વિશિષ્ટ નામ પામ્યો :

**स जातमात्रो हि विधेरेवं कृत्वा स्तुतिं जगौ।**
**बाह्व रासत्वमितः ख्यातो ब्रह्मरावोपि स श्रुतः ।। १६ ।।**

**ब्राह्मणं वरदं वीक्ष्य प्रीता देवी सरस्वती।**
**स्वांके निधाय पुत्रत्वे स्थापयामास तं शिशुम् ।। २८ ।।**

આ પ્રમાણે બ્રહ્મદેવનું વરદાન સાંભળી બ્રહ્મકુમારીએ પ્રસન્ન થઈને 'બ્રહ્મરાવ'ને પુત્રવત ગણી ખોળામાં લીધો, એ જ કારણને લીધે અત્યારે આ 'બ્રહ્મરાવ' (બ્રહ્મભટ્ટ) દેવીપુત્રના નામે પ્રસિદ્ધ છે.

ઉપર્યુક્ત કેટલાક શ્લોકો વાળી સ્કંદપુરાણના બ્રહ્મખંડને આધારે લખેલી આ પુસ્તિકાનો ટૂંકો સાર આ પ્રમાણે છે.

બ્રહ્માએ જ્યારે યજ્ઞ કર્યો તે વખતે યજ્ઞમાંથી એક તેજસ્વી પુરુષ ઉત્પન્ન થયો. આ પુરુષે બહ્માની ઘણી સ્તુતિ કરી. તે બ્રહ્માના યજ્ઞમાંથી ઉત્પન્ન થયો માટે બ્રહ્માએ તેમનું નામ 'બ્રહ્મરાવ' પાડ્યું. બ્રહ્માની સ્તુતિ કરવાથી 'બ્રહ્મરાવ' વરદાન પામ્યા અને તે વરદાનથી સરસ્વતીએ તેમને ખોળે લીધા અને તેમની જિહ્વાએ વાસ કીધો, માટે જ તેમના વંશજો (બ્રહ્મભટ્ટો) ''દેવીપુત્ર''ના નામથી પ્રસિદ્ધ છે. આ વરદાન પામ્યા પછી બ્રહ્માએ 'બ્રહ્મરાવ'નું વેદશિરા ઋષિની પુત્રી વિદ્યા સાથે લગ્ન કરાવ્યું. આ લગ્નથી એમને ત્રણ પુત્રો ઉત્પન્ન થયા, જેમનાં નામ ''સૂત'', ''માગધ'' અને ''બંદી'' છે. આ બ્રહ્મરાવે ''સોમરસ'' નામનો યજ્ઞ કર્યો હતો તે વખતે પ્રથમ પુત્ર સૂતજીનો જન્મ થયો હતો. 'સૂતી' (સોમરસ પાન કરવા વપરાતું પાત્ર) માંથી ઉત્પન્ન થયા હોવાથી તેમનું નામ સૂત રાખ્યું. બ્રહ્માએ તેમને પુરાણનું અધ્યયન કરવા કહ્યું. બીજા પુત્ર માગધને સૂર્ય, ચંદ્ર, મનુવંશ વગેરે અનેક વંશોનું વર્ણન કરવાની શક્તિ બ્રહ્માએ આપી. આ ત્રણે પુત્રોને સરસ્વતીના મુખમાં જે શક્તિ છે તે શક્તિ બ્રહ્માએ આપી અને ઉપર પ્રમાણે દરેક પુત્રના કર્તવ્યના ભાગ પાડ્યા.

પહેલા પુત્ર સૂત એ નિર્વંશ મરણ પામ્યા. બીજા પુત્ર માગધના વંશજો હાલ છે કે જે તેમની ઉપર વર્ણવેલી હકીકત પરથી સમજી શકાય તેમ છે. ત્રીજા પુત્ર બંદીના વંશજો ભટ્ટ-ભાટ-ના નામથી પ્રસિદ્ધ છે.

તે જ રીતે ''બ્રાહ્મણનિર્ણય'' નામના પંડિત છોટાલાલ શર્માના (ઈ. સ. ૧૯૧૬) ગ્રંથને આધારે શ્રી નરસિંહભાઈ ભાણજીભાઈ બ્રહ્મભટ્ટે (કુતિયાણા, સૌરાષ્ટ્ર)થી ઈ. સ. ૧૯૨૪માં ''બ્રહ્મભટ્ટદર્પણ'' તેમજ ''કાવ્યશાસ્ત્ર અને બ્રહ્મભટ્ટ જાતિ'' નામની લઘુ પુસ્તિકા લખી પ્રસિદ્ધ કરી જેમાં બ્રહ્મભટ્ટ જ્ઞાતિની ઉત્પત્તિ બાબતે જે જણાવ્યું છે, તેનો ટૂંક સાર નીચે પ્રમાણે છે :

"કવિકુળ અને ઋષિકુળની બ્રહ્માજીના યજ્ઞકુંડના અગ્નિથી ઉત્પત્તિ થઈ છે તેમ ધર્મગ્રંથો જણાવે છે અને તેમના પુત્ર-પૌત્રાદિને પૂજ્ય ગણાવ્યા છે. તેઓ આગળ નોંધે છે કે "પ્રારંભિક સૃષ્ટિ" અમૈથુની માનવામાં આવે છે, જેને દરેક મતના ધર્મવેત્તાઓ કબૂલ કરે છે. તે મુજબ બ્રહ્મભટ્ટોના પૂર્વજ કવિઋષિની ઉત્પત્તિ યજ્ઞકુંડમાંથી થઈ છે. તે અંગે કિંચિત્ પણ સંશય રહી શકતો નથી."

"સૃષ્ટિની ઉત્પત્તિની શરૂઆતમાં બ્રહ્મરુદ્રનો વરુણ નામે યજ્ઞ થયો. તેની બળતી જ્વાળામાં બ્રહ્મરતઃ હોમ કર્યો તે યજ્ઞમાંથી બ્રહ્મવેત્તા સર્વજ્ઞ ત્રણ પુરુષો ઉત્પન્ન થયા. પ્રથમ ભૃગુ બીજા અંગિરા, ત્રીજા કવિઋષિ-જે બ્રહ્મભટ્ટ તરીકે સત્ય શાસ્ત્રોથી ત્રણે લોકમાં પ્રસિદ્ધ છે. તે ત્રણે પુરુષો દિવ્યદેહ ધારણ કરી પોતપોતાના કારણજન્ય ગુણોથી સંયુક્ત થયા. સાક્ષાત્ જ્વાળાથી પ્રથમ ભૃગુ અને અંગારાથી અંગિરા થયા, બાદ બ્રહ્માજીના યજ્ઞના અંતમાં પ્રજ્વલિત અગ્નિસમાન કવિ નામના પુરુષ ઉત્પન્ન થયા કે જેમાં પ્રકાશવાન અગ્નિ સમાન તેજ હતું.

**विधेर्यज्ञावसाने हि ज्वलद्विह्निरिवोदितः ।**
**प्रादुरासीत्पुमान् कश्चिद् ज्वलदग्निसमप्रमः ।।**

એ જ રીતે પ્રાચીન સ્મૃતિશાસ્ત્રોમાં વર્ણવ્યા મુજબ સમગ્ર સૃષ્ટિનો ક્રમ ચૌદ મનુઓમાં વિભક્ત થયેલ છે અને એક આદ્ય પુરુષ દ્વારા સમગ્ર માનવજાતનો પ્રારંભ થયેલ મનાય છે. આ આદ્ય પુરુષ તે સર્વપ્રથમ યજ્ઞ કરનાર વિવસ્વાનના પુત્ર મનુ-વૈવસ્વત. એમનાં સર્વ સંતાન એટલે મનુષ્ય. મનુષ્યને વિવસ્વાન-આદિત્યનાં સંતાન પણ માનવામાં આવે છે. આ સમગ્ર પ્રાચીન ભારતીય સ્મૃતિઓમાં પ્રમુખ એવી મનુસ્મૃતિમાં ભગવાન મનુએ જાતે બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય અને શૂદ્રની ઉત્પત્તિ નીચે મુજબ દર્શાવી છે.

**सोमपा नाम विप्राणां क्षत्रियाणां हविर्भुजः ।**
**वैश्यानामाज्यपा नाम शूद्राणां तु सुकालिनः ।।११७।।**

અર્થાત્ બ્રાહ્મણોના પિતૃ 'સોમપા' : સોમવલ્લીનું રસપાન કરનાર બ્રાહ્મણો, ક્ષત્રિયોના પિતૃ હવિર્ભુજઃ, વૈશ્યોના 'આજયપા' (ઘી પીનારા) અને શુદ્રના 'સુકાલિન' છે. ભગવાન મનુએ એ પછીના શ્લોકમાં

**सोमपास्तु कवेः पुत्रा हविष्मन्तोऽगरःसुताः ।**
**पुलस्त्यस्याज्यपाः पुत्रा वसिष्ठस्य सुकालिनः ।।११८।।**

અર્થાત્ કવિના પુત્ર સોમપા. સોમ કહીને બ્રાહ્મણો સોમપાના પુત્રો અને સોમપા કવિના પુત્ર છે એમ કહી કવિ (બ્રહ્મભટ્ટ)ને બ્રાહ્મણશ્રેષ્ઠ કહ્યા છે."[૧૬]

એ જ રીતે મહાભારતના અનુસાશાન પર્વ (અધ્યાય ૮૫માં શ્લોક ૧૦૪થી ૧૩૫)માં આ મુજબ કહ્યું છે :

**सर्वभूतेषु च तथा सत्त्वं तेजस्तथोत्तमम्।**
**शुक्रे हतेऽग्नौ तस्मिन्तु प्रादुरासंस्त्रयः प्रभोः।।१०८।।**

**पुरुषा वपुषा युक्ताः स्वैः स्वैः प्रसवजैर्गुणेः।**
**भृगित्येव भृगुः पूर्वमंगारादंगीभवत्।।१०५।।**

**अंगारसंश्रयादैव कविरित्यपरोऽभवत्।**
**सह ज्वालाभिरुत्पन्नो भृगुस्तस्माद्भृगुः स्मृतः।।१०६।।**

અર્થાત્ એ ત્રણે પુરુષો શરીરવાળા હોઈને પોતપોતાના કારણજન્ય ગુણોથી સંયુક્ત હતા. સાક્ષાત્ જ્વાલાથી પ્રથમ ભૃગુ ઋષિ ઉત્પન્ન થયા અને અંગારાથી અંગિરા ઋષિ ઉત્પન્ન થયા.

અંગારામાં રહેલી થોડીક જ્વાલાથી કવિઋષિ ઉત્પન્ન થયા, એના પછી વરુણરૂપ મહાદેવજી બોલ્યા. ''આ ત્રણે પુત્રો મારા છે, આ ત્રણે મારા યજ્ઞનું ફળ છે.'' અગ્નિ દેવે કહ્યું કે ''આ મારા પુત્રો છે, કેમકે એમની ઉત્પત્તિ મારાથી થઈ છે.'' બ્રહ્માજી કહેવા લાગ્યા કે ''યસ્ય બીજંમતસ્ય ફલમ્'' – એટલે કે જેનું બીજ તેનું ફળ. મારું વીર્ય હોમવાથી એમનો જન્મ થયો છે, તેથી આ ત્રણે મારા જ પુત્ર કહેવાય. દેવોમાં આ પ્રકારે વિવાદ થવા લાગ્યો. ત્યારબાદ દેવતાઓએ આ પ્રમાણે ફેંસલો કરીને ત્રણે વહેંચી આપ્યા. તે મુજબ વરુણે ભૃગુજીને, અગ્નિએ અંગિરાને અને બ્રહ્માજીએ કવિને ગ્રહણ કર્યા.

**जग्राह वै भृगुं पूर्वमपत्यं सूर्यवर्चसम्।**
**ईश्वरोऽगिरसंवाग्निरपत्यार्थमकल्पयत्।।१२४।।**

**पितुः ऋषिस्तस्याष्टासन् सुतास्तथा।**
**तदा स वारुणः ख्यातो भृगुः प्रस्रवकर्मकृत्।।१२५।।**

**आग्नेयस्त्वंगिरा श्रीमान् कविर्बालो महायशाः।**
**भार्गवांगिरसौ लोके लोकसन्तानलक्षणौ।।१२६।।**

ત્યારબાદ શ્લોક નંબર ૧૩૨ થી ૧૩૫માં ટૂંકમાં આ પ્રમાણે કહેવામાં આવ્યું છે. ''બ્રહ્માના પુત્ર કવિ ઋષિના પણ આઠ પુત્રો થયા, જે 'વારુણ' ગણાયા. તે આઠે પુત્રો ઉત્પત્તિ-સ્વભાવયુક્ત તેમજ બ્રહ્મત્વને જાણનારા હતા. તેઓ કવિ, કાવ્ય, ધૃષ્ણુ, બુદ્ધિમાન, ઉશના (શુક્ર), ભૃગુ, કાશી તથા ધર્મને જાણનારા હતા. તે આઠ

કવિપુત્રોથી આખું જગત વિસ્તર્યું હોવાથી, તે આઠેય, પ્રજાપતિઓ ગણાયા. આમ અંગિરા, ભૃગુ અને કવિના વંશથી જગત વૃદ્ધિ પામ્યું.

એ જ રીતે 'વર્ણધર્મવિવેક', ધર્મશાસ્ત્રના પ્રથમ તરંગમાંના એક શ્લોકમાં જણાવ્યું છે કે :

**पुरुषास्त्रय उत्पेतुः सर्वशास्त्रार्थवेदिनः।**
**भृगुः प्रथमः संजातः अंगिरा च द्वितीयकः।।**
**अपरः कविः सम्भूतो ब्रह्मवेदेति विश्रुतः।**
**त्रयस्ते लोकविख्यातास्तत्तच्छास्त्रे प्रकीर्तिताः।।**

અર્થાત્ ભૃગુ પ્રથમ થયા અને અંગિરા બીજા થયા. તે પછી 'કવિરાય' (કે 'બ્રહ્મરાવ') થયા, જે બ્રહ્મભટ્ટના નામથી જાણીતા થયા.

**एते हि प्रसवाः सर्वे प्रजानां पतयस्त्रयः।**
**सर्वसन्तानमेतेषामिदभित्युपधारय ।।**

ઉપર્યુક્ત ત્રણે મહાપુરુષો પ્રજાપતિ છે અને સમગ્ર વિશ્વ એમનાં સંતાન છે. એ જ રીતે 'વાયુપુરાણ', 'સ્કંદપુરાણ' અને 'શિવપુરાણ' જેવા પૌરાણિક ધર્મગ્રંથોમાં કવિ વગેરે ઋષિઓની ઉતપત્તિ અંગે ઉલ્લેખો જોવા મળે છે. મહાભારતના અનુશાસન પર્વ (અધ્યાય ૮૫ શ્લોક ૧૪૨)માં બ્રહ્માને દેવો અને બ્રાહ્મણોના પિતામહ ગણીને તેમના ત્રણ પુત્રો ભૃગુ, અંગિરા અને કવિને જણાવ્યા છે, જેમાં કવિ ઋષિના આઠ પુત્રો થયા તેમ જણાવતાં કહ્યું છે કે :

**ब्रह्मणस्तु कवेः पुत्रा वारुणास्तेह्युदाह्यताः।**
**अष्टौ प्रसवजैर्युक्ता गुणैर्ब्रह्मविदः शुभाः।।१३२।।**

આ આઠેય પુત્રો પોતાના સ્વાભાવિક ગુણોથી યુક્ત, પવિત્ર અને બ્રહ્મજ્ઞાની થયા. એમનાં નામ ગણાવતાં કહ્યું છે કે :

**कविः काव्यश्च धृष्णुश्च बुद्धिमानुशनास्तथा।**
**भृगुश्च, विरजाश्चेव काशी चागश्च धर्मवित्।।१३३।।**

કવિ ઋષિના આ આઠેય પુત્રો પણ પ્રજાપતિ કહેવાયા. એમાં કવિ ઋષિના પુત્ર સોમપા થયા. એમનાં નામ વેદમંત્રોથી ઉપર લખાય છે જેમ ભૃગુના વંશજો ભૃગુવંશી કહેવાય છે તેમ કવિ ઋષિના વંશજો કવિવંશી કહેવાય છે.

આ બાબતે વિષ્ણુપુરાણમાં અંશ ૧, અધ્યાય-૧૩માં આપેલ કથામાં દેવતાઓના પુત્ર પૃથુરાજાના યજ્ઞમાંથી સોમરસપાન કરવા વિષે 'સુતી' (સોમરસપાન કરવા વપરાતું

પાત્ર.) માંથી મહાબુદ્ધિશાળી પુરુષ 'સૂત' ઉત્પન્ન થયાની વાત છે, જે બ્રહ્મભટ્ટોના પૂર્વજ હોવાનું પ્રાચીન સમયથી વિદ્વાનો માનતા આવ્યા છે.

'માર્કંડેયપુરાણ'ની કથા અનુસાર પૂર્વે જ્યારે અસુરો સૃષ્ટિમાં ખૂબ જ ત્રાસ વર્તાવવા લાગ્યા ત્યારે ઈન્દ્ર સહિતના દેવોએ બ્રહ્મા પાસે આવીને સ્તુતી કરવા માંડી, તેના પ્રતાપે બ્રહ્માજીએ પોતાના ભાલમાંથી એક પુરુષ પ્રગટ કર્યો, જે 'બ્રહ્મભટ્ટ' કહેવાયો. બીજા એક મત અનુસાર યજ્ઞયાગમાં રોકાયેલા ઋષિઓનું અસુરોથી રક્ષણ કરવા કેટલાક બ્રહ્મઋષિઓએ શસ્ત્રો હાથ ધર્યાં, તે પોતે જન્મે બ્રાહ્મણ અને કર્મે ક્ષત્રિય હોવાથી બ્રહ્મભટ્ટ કહેવાયા. (બ્રહ્મ = બ્રાહ્મણ, ભટ્ટ-શૂરવીર-ક્ષત્રિય).

બ્રહ્મવૈવર્ત પુરાણમાં આવી જ કથા નીચેથી પંક્તિ દ્વારા આપેલ છે.

**क्षत्रियाद्विप्रकन्यायां भट्टो जातः स वाचकः ।**

અર્થાત્ ક્ષત્રિયપિતા અને બ્રાહ્મણ માતાનું 'શંકર' બાળક તે 'બ્રહ્મભટ્ટ'.

આ ઉપરાંત ''હરિવંશ પુરાણ'', ''શ્રીમદ્ ભાગવત'' : (અ. ૧૫, સ્કંધ ૪ શ્લોક ૧૫.) ''યર્જુવેદ'' (અ. ૩૦, પૃ. ૩૩.) ''તુલસીકૃત રામાયણમાં ''બાલકાંડ''માં ધનુર્ભંગ. સમય અને અન્ય ઠેકઠેકાણે ભટ્ટ જાતિનો ઉલ્લેખ છે. એ જ રીતે ''વાલ્મીકિ રામાયણ''માં ''બાલકાંડ''માં, ''વેદાર્થચિંતામણિ'' (ભાગ ૧ પૃ ૪૬૪-૪૬૫) 'પદ્મપુરાણ' (સૃષ્ટિખંડ-અધ્યાય પૃ.-૧) વગેરે ભારતીય શાસ્ત્રો-પુરાણો કે ધર્મગ્રંથોમાં બ્રહ્મભટ્ટ જ્ઞાતિની ઉત્પત્તિ માટે જુદા જુદા અભિપ્રાયો દર્શાવવામાં આવ્યા છે.

એજરીતે બ્રહ્મભટ્ટ-બારોટ-રાવ જ્ઞાતિની ઉત્પત્તિ સંદર્ભે 'ब्रह्मभट्ट प्रकाश' અને भट्टाख्यानम નો ઉલ્લેખ પણ કરવોજ રહ્યો. આ ગ્રંથમાં તેના રચયિતા શ્રી ગીરવરસિંહ રાવની કેટલીક ધ્યાનપ્રદ નોંધ ગ્રંથના પ્રારંભમાં યુધિષ્ઠિર અને નારદમુનિના સંવાદ સ્વરૂપે 'વિષયપ્રવેશ' અંતર્ગત આપી છે જે આ પ્રમાણે છે.

**श्री ब्रह्मा के यज्ञ को, उत्तम यह उपदेश ।**
**ब्रह्म भट्ट प्रकाश को, सुक्ष्म विषय प्रवेश ॥**

**सृष्टि की रचना रची, ब्रह्मा विष्नु महेश्चश्चा ।**
**होवे जो यदि काव्य ना, कैसे व्हे उपदेश ॥**

**ब्रह्मा, विष्नु, महेश मिली, यज्ञ कियो महिपाल ।**
**तामे एक महा पुरूष, प्रकट भयो तत्काल ॥**

**दिव्य देह धारण किये, स्वर्णजनोई धार ।**
**ब्रह्मराव उत्पन्न हुए, हर्ष भयो बे पार ॥**

ब्रह्मराव पर ब्रह्म की, किनी स्तुति अपार ।
तीन देव कहने लगे, को क्या करे विचार ? ॥

श्री सरस्वति ने पालियो, पुत्र समान ही ताय ।
पाय सुतन के दूध को ब्रह्म सु राव कहाय ॥

ब्रह्मराव पर जाने के, ब्रह्मा ने खुद जाय ।
ताहि वेदसिर की सुता, विद्या दी परणामय ॥

सुत, मागध अरूबंधी ये, ब्रह्म राव के पुत्र ।
जग में निश्चय जानिये, देख वेद के सूत्र ॥

वेद पढ़ो सुत से कहयो, मागध वंश बखान ।
काव्य करो यह बंदी को, है विधि को वरदान ॥

काव्य शुद्ध अति श्रेष्ठ है, सत्य वाक्य ये मान ।
संस्कार ये जन्म से, राव जाति के जान ॥

देव वाणि संस्कृत विशे, भट्टाख्यान बरवान ।
संक्षेप से लिख दियो, या को सत्य प्रमान ॥

मुनि नारद को पूछियो, भूप युधिष्ठर सवात ।
सुत मागध अरूबंदी की, उत्पति को कह हाल ॥

ब्रह्मा के मुख से सुणी, भृगु ऋषि ने एक बार ।
सो राजा पृथु से कही, सुण धर भी अवतार ॥

नैषध, माघ, किरात में, अरू रघु वंश कुमार ।
ओर ही ग्रंथन में लिख्यो, उत्पति को सब सार ॥

श्री ब्रह्मा के यज्ञ तणी, अग्नि प्रज्वलित माय ।
जो पुरूष पैदा हुआ, ब्रह्म राव कहलाय ॥

करत प्रशंसा देव गण, सरस कहे सब ताहि ।
स्वर्ण जनोई धार कर, प्रगट भयो जग माहि ॥ [१८]

શ્રી રાવનું ઉપરોક્ત લખાણ બ્રહ્મભટ્ટ જ્ઞાતિની ઉત્પત્તિ સ્પષ્ટપણે દર્શાવી આપે છે. જેનો ઉલ્લેખ શાસ્ત્રો-પુરાણોમાં કરવામાં આવ્યો છે. આજ વસ્તુને 'સ્કંધ પુરાણ'ના 'બ્રહ્મખંડ'માં યુધિષ્ઠિર તેમજ નારદના સંવાદ સ્વરૂપે રજૂ કરવા માટે જે શ્લોક ટાંકવામાં આવ્યા છે તેમાંના મુખ્ય તેના ભાવાર્થ સાથે અત્રે ટાંકું છું.

देवर्षे ब्रूहि तत्त्वेन विस्ताराद्भट्टानिर्णयः ।
को वर्णः कुत उत्पन्नः किमाचारः कियद्विधः ॥ ४ ॥

श्रूयतां नृपशार्दूल वदामि ज्ञाति निर्णयम ।
भट्टानां वेदमूर्तिनां पुरा ब्रह्म मुखाच्छूदूतम् ॥ ५ ॥

इदमेव पुरा वृतं प्रमच्छ पृथुना भृगुः ।
म हं कथयिप्यामि श्रृणुष्व गदतो मम ॥ ६ ॥

विधेर्यज्ञावसाने तु प्रज्वलद्वन्हि वेदितः ।
प्रादुरासीत्पुमान्कश्रिज्जवलदग्निसम प्रभः ॥ ७ ॥

सुस्वरो सुमुखो वाग्मी स्वर्णज्ञोपवीतवान् ।
साक्षाद्वेदावतारो सौ ब्रह्माणं स्तोतुमुद्यतः ॥ ८ ॥

सजात मात्रो हि विधे एवं कृत्वा स्तुतिं जगौ ।
ब्रह्माणं सोत्पतं ख्याता ब्रह्मरावः सविश्रुतः ॥९॥

इति स्तवंभूतभवद्रविष्यं गुणात्मकं तत्कृतमात्मयोनिः ॥
श्रुत्वावर्तीर्ण च विचिंत्य वेदं स ब्रह्मरावं मुदितो बभाषे ॥ १० ॥

वेदरूप ब्रह्मराव सुष्टि स्तुत्या स्तुतोरम्यहम् ।
प्रसादित प्रसन्नात्मा वरं वुणु यथोप्सितम् ॥ ११ ॥

तव कंठे सरस्वत्यो वासो भवति निश्चलः ।
वाक्सिद्धि सर्वदाश्रेव वरानेव निधिर्ददौ ॥ १२ ॥

ब्रह्मणं वरदं वीक्ष्य प्रीत्यादेवी सरस्वती ।
स्वाङ्ढे निधाय पुत्रत्वे स्थापयामास तं शिशुम् ॥ १३ ॥

पाययामास प्रीत्याच सुतस्तन्यं पयोमृतम् ।
देवीपुत्र इति ख्याता ततो जातो जगत्रये ॥ १४ ॥

वेदरूपो ब्रह्मराव भट्टोथ स्तुतिपाठकः ।
देवीपुत्रश्र पंचास्य नामानि मुनयो जगुः ॥ १५ ॥

ऋषेस्तु वेदशिस्सः तुषिता नाम पल्यभूत् ।
स मुनिर्ब्रह्मरावाय ददौ विद्यामिधां सुताम् ॥ १६ ॥

तस्या जाता स्त्रय पुत्रा मूत मागध बंदिनः ।
तेषां वृतिं पृथक चक्रे भगवान् कमलासनः ॥१७॥

पुराणचार्यता विद्या सुते सूते ददौ विधिः ।
सोमसूतौ प्रसूत्वात्सूत इत्यभि विश्रुतः ॥ १८ ॥

सूर्यवंशाचंद्रवंशा मनुवंशास्तथा परे ।
तद्वंश वर्णन प्रज्ञाभार्यार्थं च विधिर्ददौ ॥ १९ ॥

पुत्रपौत्रादि रूपत्वां लक्ष्मी गच्छेत्यतस्ततः ।
मागधो वंशशंसत्वाह युक्तया मागधोहायम् ॥ २० ॥

देवर्षि पितृ भूपानां कवित्वं बंदिने ददौ ।
इति स्तुत्यात्मको धातुस्तवनाद्बंदिभिः स्मृता ॥ २१ ॥

ददौ देवी च गायत्री सावित्री मंत्रमुत्तमम् ।
समस्त ब्रह्म कर्माढयं ब्रह्मतेजो विवर्धनं ॥ २२ ॥

सदाशिवो ददौ तेभ्यो तारकं मंत्रमुत्तमम् ।
स्तुतस्तै भगवद्धर्मान् प्राहप्रीतो महेश्वरः ॥ २३ ॥

गौरीदेवी स्तुता प्रीत्या तंत्रान् मंत्रान् उपादिशत् ।
ददौ पंचदर्शी विद्यां षोडर्शी सुकलागमान् ॥२४॥

विप्रा ब्रह्ममुखाभद्रता भट्टास्तु ब्रह्मवह्निनाः ।
वन्हेः ब्रह्ममुखस्यैका वर्णैक्यं विम वंदिनाम् ॥ २५ ॥

आशीर्वाद प्रयोक्तव्या विप्रैरथ च बंदिभिः ।
त्रिषु वर्णेषु तैरेते पूज्य वंद्या बुभुक्षिभिः ॥ २६ ॥

सूतायानत देशं तु मागधं मागधाय च ।
कौशलं कुशलं कुत्वा बंदिनं बंदिनाय च ॥ २७ ॥

ततः प्रभृति पूज्यंते भट्टा भूपैर्यषेर्थिभिः ।
अविनाशी यशोदेही स्थापयंती यतोह्यमी ॥ २८ ॥

सर्वभूतेषु च तथा सत्वं तेजस्तथोत्तमम् ।
शुक्रे हुतेगौ तस्मिस्तु प्राहुरा सं त्रयः प्रभो ॥ २९ ॥

पुरूषो वपुषा युक्ताः स्वैः स्वैः प्रसवजैर्गुणैः ।
भृगित्येव भृगुपूवप मङ्गरेभ्यो गिरा भवत् ॥३०॥

अंगार संश्रयाश्रैव कविरित्यपरो भवत् ।
सई ज्वालाभिरूतपन्नो भृगस्तस्मात् भृगुस्मृतः ॥३१॥

**सृष्टयादौ विनते यज्ञे ब्रह्मरूद्र विनिर्मिते ।**
**वारूणे तंत्र हूतेग्नौ ब्रह्मरेतोजवलत् शिखे ॥ ३२ ॥**

**पुरूषास्त्रेय उत्पेतु: सर्वज्ञा ब्रह्मबेदिनः ।**
**भृगुः प्रथम संजातः अंगिरा च द्वितीयकः ॥ ३३ ॥**

**अपर कवि संभूतः ब्रह्मभट्टेति विश्रुतः ।**
**त्रयस्ते लोकविख्याता सच्छास्त्रोण प्रकीर्तिताः ॥ ३४ ॥**[१९]

હવે ઉપરોક્ત તમામ શ્લોકોનો ભાવાર્થ વાચકની સરળતા માટે શ્લોકના ક્રમ અનુસાર જોઈ લઈએ.

**ભાવાર્થઃ**

રાજા યુધિષ્ઠિરે પુછ્યું કે હે દેવર્શી નારદજી ! વિસ્તારપૂર્વક ભટ્ટો (બ્રહ્મભટ્ટો)ની ઉત્પત્તિ કહો. તેઓ કઈ વર્ણના હતા, ક્યાંથી ઉત્પન્ન થયા, તેમનું આચરણ શું છે અને તેમના પ્રકાર કેટલા છે ?

જેના જવાબમાં નારદજીએ કહ્યું કે

હે રાજાઓમાં સિંહરૂપ યુધિષ્ઠિર ! હવે ભટ્ટ જાતિનો નિર્ણય જણાવું છું તે સાંભળો. વેદમૂર્તિ ભટ્ટોની આ કથા મેં પૂર્વે શ્રી બ્રહ્મદેવના મુખેથી સાંભળી છે, તે સાંભળો. (શ્લોક નં.૪-૫)

આગળ વધતા તેઓ કહે છે કે

આ કથા પ્રથમ રાજા પૃથુએ મહર્ષિ ભૃગુને પુછી હતી, જે હું તમને કહું છું તે સાંભળો. બ્રહ્માના યજ્ઞને અંતે પ્રજ્જવલિત અગ્નિમાંથી અગ્નિ સમાન તેજસ્વી પુરૂષ પ્રગટ થયો. તે ઉત્તમ સ્વર, મુખ, વચનો અને સુવર્ણ યજ્ઞોપવિત (જનોઈ) ધારણ કરેલ, સાક્ષાત વેદના અવતાર સમાન પુરૂષ બ્રહ્માજીની સ્તુતિ કરવા લાગ્યો.

તે પેદા જતાંજ બ્રહ્માની સ્તુતિ કરતાં બ્રહ્મની ઉત્પત્તિ જણાવવા લાગ્યો. માટે 'બ્રહ્મરાવ' કહેવાયો. બ્રહ્માજી ભૂત, ભવિષ્ય અને વર્તમાન છે. જેમનામાં રહેલા ગુણો સાંભળીને વેદ અંગે વિચાર કરનાર જેણે અવતાર લીધો છે એવા બ્રહ્મરાવથી પ્રસન્ન થઈ બ્રહ્માજી બોલ્યા, હે વેદમૂર્તિ બ્રહ્મરાવ સૃષ્ટિની સ્તુતિ કરતાં તમે મારી પણ સ્તુતિ કરી જેથી પ્રસન્ન થઈ તમારી ઈચ્છા અનુસારનું વરદાન માંગવા જણાવું છું કે, તમારા કંઠમાં નિશ્ચિત સ્વરૂપે સરસ્વતીનો વાસ થશે, તમારી વાણી સદા સિદ્ધિદા બનશે.

બ્રહ્માજીને આ પ્રમાણેનું વરદાન આપતાં જોઈને સરસ્વતીએ પ્રીતિપૂર્વક તે બાળકને પોતાની ગોદમાં લઈ તેના પર પુત્રભાવ વરસાવ્યો તથા તેને સ્તનપાન

કરાવ્યું. ફલતઃ તે ત્રણેય લોકમાં દેવીપુત્ર કહેવાયો. એ બાળકનું ઋષિમુનિઓએ 'વેદરૂપ', 'બ્રહ્મરાવ', 'ભટ્ટ' (બ્રહ્મભટ્ટ), 'સ્તુતિપાઠક' અને 'દેવીપુત્ર' એવા પાંચ નામો આપ્યા. (શ્લોક નં.૯-૧૫)

આગળ વધતાં આ બાળક વેદશિર ઋષિની તુષિતા નામની સ્ત્રીથી ઉત્પન્ન થયેલ વિદ્યા નામક પુત્રી બ્રહ્મરાવને આપી. તેનાથી બ્રહ્મરાવને ત્રણ પુત્રો (૧) સૂત (૨) માગધ (૩) બંદિ થયા. કમલાસન ધરાવતા બ્રહ્માજીએ આ ત્રણેયની આજીવિકા અલગ-અલગ રીતે નિર્ધારિત પણ કરી. બ્રહ્માએ આ સૂત પુત્રને પુરાણોના પઠન-પાઠનની વિદ્યા આપી, 'સોમસૂત' યજ્ઞથી પેદા થવાને કારણે તેઓ સૂત નામે ઓળખાયા. બીજા પુત્ર માગદને સૂર્યવંશ, ચંદ્રવંશ અને મનુવંશ અને અન્ય વંશોના વર્ણનની બુદ્ધિ આપી. આ ઉપરાંત બીજું વરદાન આપતા જણાવ્યું કે તે તેમના ગૃહે હંમેશા લક્ષ્મી નિવાસ કરશે અને વંશોની પ્રશંસા કરવી તે તેમની આજીવિકા હોવાથી 'માગધ' નામથી ઓળખાશે. આ ક્રમમાં તૃતીય પુત્ર બંદિને દેવ, ઋષિ, પિતૃ અને રાજાઓની કવિતા કરવાની શક્તિ આપી અને સ્તુત્યાત્મ ધાતુ સ્તવન કરવાથી જગતમાં બંદિ નામથી ઓળખાયા. વળી તેઓ બ્રહ્મતેજની બુદ્ધિને લીધે બ્રહ્મકર્મના જ્ઞાતા પણ થયા. સદાશિવે એમને તારકમંત્ર આપ્યો. પ્રસન્ન થયેલા મહાદેવ અને પાર્વતીએ પ્રીતિપૂર્વક તેમને તંત્ર-મંત્રનો ઉપદેશ આપી. ષોડ્શ કલા યુક્ત 'પંચદશી' વિદ્યા પ્રદાન કરી. (શ્લોક નં.૧૬-૨૪)

એજ રીતે બ્રહ્માજીના મુખથી બ્રાહ્મણ અને અગ્નિથી ભટ્ટ ઉત્પન્ન થયેલ હોવાથી તે અગ્નિ અને બ્રહ્માના એકમુખ હોવાને કારણે બંદિની વર્ણ એકજ ગણાઈ. કારણ કે બ્રાહ્મણો અને બંદિ આશીર્વાદ આપતા હતા અને એ બંને ત્રણેય વર્ણોમાં પૂજનીય-વંદનીય ગણાયા. (શ્લોક નં.૨૫-૨૬)

આમ જોઈએ તો મહર્ષિ નારદજી રાજા યુધિષ્ઠિરને કહેવા લાગ્યાં કે બ્રહ્મરાવ કે જે અગ્નિમાંથી ઉત્પન્ન થયા તેના સૂત, માગધ અને બંદિ એમ ત્રણ પુત્રો થયા. જેમને બ્રહ્માજીએ અલગ-અલગ વરદાન આપ્યાં. હવે જ્યારે રાજા પૃથુએ યજ્ઞ કર્યો ત્યારે ત્રણેયે રાજાની અદ્‌ભુત સ્તુતિ કરતા ભૃગુ ઋષિએ કહ્યું કે હે રાજા આ ત્રણેય જે કહે છે તે સત્ય છે. કારણ કે તે ત્રણેય ભૂત, ભવિષ્ય અને વર્તમાનના જ્ઞાતા છે. એમના કંઠમાં સરસ્વતીનો વાસ છે. આ સ્તુતિ પ્રસન્ન થયેલ રાજા પૃથુએ કહ્યું કે સૂતને યાનત દેશ, માગધને મગધ દેશ અને બંદિને કૌશલ નામનો દેશ આપવામાં આવે. ત્યારથી યશની ઈચ્છાવાળા રાજાઓ ભટ્ટોને પૂજે છે, જેના બદલામાં ભટ્ટો તેમને અવિનાશી યશ અને ગાધા આપે છે. (શ્લોક નં.૨૭-૨૮)

આ રીતે જડ દેહમાં સત્ત્વગુણનો પ્રકાશ ઉત્તમ તેજ ગણાય, તથા તેમાં ધર્મની પ્રવૃત્તિ ઉમેરાય ત્યારે તે અગ્નિમાં વીર્યના હવનથી ત્રણ પુરૂષ પ્રગટ થાય છે. જે ત્રણેય શરીર ધારણ કરીને પોત-પોતાના કારણજન્ય ગુણોથી સંપન્ન થાય છે. અર્થાત્ જ્વાલાથી પ્રથમ ભૃગુ ઋષિ અને અંગારાથી અંગિરા ઋષિ ઉત્પન્ન થયા. (શ્લોક નં.૨૯-૩૦)

આ અંગારાઓની જ્વાળાઓથી અન્ય કવિ ઋષિ ઉત્પન્ન થયા, જે બ્રહ્મરાવ કહેવાયા અને ભૃગુજી જ્વાલાઓથી પ્રગટ થયા માટે જ ભૃગુ નામથી પ્રસિદ્ધ થયા. આ પ્રમાણેનું વર્ણન મહાભારતમાં મળતું હોવાથી ધર્મશાસ્ત્રમાં પ્રચલિત 'ધર્મવિવેક' નામના પ્રથમ તરંગમાં જે ઉલ્લેખ મળે છે તે મુજબ સૃષ્ટિના આરંભમાં બ્રહ્મા રૂદ્રની વારૂણ નામના અગ્નિની જ્વાળામાં બ્રહ્મરેત હવન કરે છે. તેમાંથી ભૃગુ, અંગિરા અને કવિ નામના ઋષિઓ ઉત્પન્ન થાય છે. જે શાસ્ત્રાર્થ તથા જ્ઞાનને કારણે ત્રણેય લોકમાં 'બ્રહ્મભટ્ટ' નામે વિખ્યાત થાય છે. (શ્લોક નં.૩૧-૩૪)

અત્રે શંકા થાય કે પહેલા પુરાણોમાં યજ્ઞ દ્વારા ઋષિઓની ઉત્પત્તિ બતાવવામાં આવી છે, જે અસંભવિત જણાય છે. પરંતુ યજ્ઞથી શરીરધારી જીવોની ઉત્પત્તિ સંભવિત છે. કારણ કે રજ-વિર્યના સંયોગ વગર દેહ ઉત્પન્ન થવો શક્ય નથી અને કદાચ યજ્ઞથી મનુષ્ય ઉત્પન્ન થઈ શકે તેવું વેદમાં કેમ લખ્યું નથી. આ શંકાના સમાધાન અર્થે કહેવું જોઈએ કે આસ્તિક પરમપિતા પરમેશ્વરની શક્તિ પર શંકા કરતા નથી. સાથે સાથે વેદોમાં એ પ્રમાણ પણ આપેલું છે કે,

**तस्माद्श्वा अजायन्त ये के चोभया दत्तः ।**
**गावोहर्जाज्ञरेतस्मात्तस्माज्जाता अजावयः ॥ ३५ ॥**[२०]

એ જ રીતે મોટા ભાગના પાશ્ચાત્ય લેખકોએ પણ જ્ઞાતિઓનો ઈતિહાસ તપાસવા માટે પ્રાચીન ભારતીય શાસ્ત્રોનો જ આશ્રય લીધેલો છે અને તે મુજબ બ્રહ્મભટ્ટ જ્ઞાતિની ઉત્પત્તિની કથાને આ અંગ્રેજ લેખકોએ પણ માન્યતા આપી છે.

આવા લેખકોમાં આર. સી. એન્થોવાન પ્રથમ કક્ષાના આધારભૂત લેખક છે. તેઓ બ્રહ્મભટ્ટ જ્ઞાતિની ઉત્પત્તિ માટે વિવિધ ભારતીય ગ્રંથોનો હવાલો આપતાં 'બ્રહ્મવૈવર્ત'-નો મત આગળ ધરીને જણાવે છે કે બ્રહ્મભટ્ટ એ શૂદ્ર પિતા અને વૈશ્ય માતા અથવા ક્ષત્રિય પિતા અને બ્રાહ્મણ માતાના સંવનનથી ઉત્પન્ન થયા છે. 'જ્ઞાતિવિવેક'માં બ્રહ્મભટ્ટોને મગધના (માગધી બ્રાહ્મણ) ગણાવ્યા છે. અને તેમની ઉત્પત્તિના વંશ બાબતે જણાયું છે કે તેઓ વૈશ્ય પિતા તથા ક્ષત્રિય માતાનાં સંતાન છે. બીજા એક મતઅનુસાર તેઓ શિવજીના ભાલના પ્રસ્વેદમાંથી ઉત્પન્ન થયા છે અને

શિવપાર્વતીની પ્રશસ્તિ નહીં કરવા બદલ સ્વર્ગમાંથી હાંકી કાઢવામાં આવ્યા છે. આ જ લેખક મુંબઈ પ્રાન્તતા ગર્વનર જ્હોન માલ્કમનો હવાલો આપી, ભારતીય શાસ્ત્રોને આધારભૂત માનીને આગળ જણાવે છે કે, ''મહાદેવે સર્વપ્રથમ, સિંહ સામે તેમના નંદિની (પોઠિયાની) રક્ષા કરવા માટે બ્રહ્મભટ્ટની રચના કરી, પરંતુ તે (બ્રહ્મભટ્ટ) સિંહના પંજામાંથી નંદિને બચાવી શક્યા નહીં, તેથી મહાદેવના કોપ અને શાપ માટે નિમિત્ત બન્યો. ત્યારબાદ મહાદેવને (નંદિની રક્ષા કાજે) કોઈ બીજા જીવની રચના કરવાની ફરજ પડી. પરિણામે (ચરણમાંથી) ચારણની ઉત્પત્તિ થઈ.''

એન્થોવાને પોતાના ઉપર્યુક્ત ગ્રંથમાં આ અંગે આગળ નોંધ્યું છે કે, ''એક વાર ભગવાન બ્રહ્મા તેમજ રુદ્રે મળીને વરુણનો યજ્ઞ કર્યો. તે યજ્ઞકુંડના અગ્નિમાંથી ભૃગુ, અંગિરા અને કવિ નામે ત્રણ ઋષિ ઉત્પન્ન થયા આ ત્રણમાંના ભૃગુમાંથી ભાર્ગવો, અંગિરામાંથી આંગિરસો અને કવિમાંથી કવિવંશી બ્રાહ્મણો ઉત્પન્ન થયા. આ પૈકીના છેલ્લા (કવિવંશી)ના વારસદાર તરીકે ગુજરાતી બ્રહ્મભટ્ટ પોતાની જાતને ગણાવે છે. વધુમાં તેઓ ખાતરીપૂર્વક જણાવે છે કે પંજાબના મોટા ભાગના બારોટનું પેઢીનામું સંત કવિના નામે જાણીતું છે અને તેઓ પણ કવિવંશી બ્રાહ્મણને નામે જાણીતા છે. આમ ગુજરાતી બ્રહ્મભટ્ટ લોકોના મતઅનુસાર તેઓ બ્રાહ્મણો છે. તે દષ્ટિકોણ સમગ્રપણે સત્ય પુરવાર થયો છે.''

એન્થોવાનના ઉપર્યુક્ત મત ઉપર પણ આપણાં ધર્મશાસ્ત્રોનો સ્પષ્ટ પ્રભાવ જણાય છે. અથવા બ્રહ્મભટ્ટ જ્ઞાતિની ઉત્પતિ માટે તેની પાસે આવાં ધર્મશાસ્ત્રોની કથાવાર્તાઓ સિવાય કોઈ વિકલ્પ જણાતો નથી. એણે કરેલી ગુજરાતી બારોટોની મોજણી મુજબ ''તેઓ મૂળભૂત રીતે અલ્હાબાદ તેમજ મારવાડ(રાજસ્થાન)ના વતની છે, જે અમદાવાદ અનેતેના સમીપવર્તી વિસ્તારોમાં સ્થિર-સ્થાયી થયેલા છે. તે પૈકીના કેટલાક તો ઉત્તર ભારતમાં આવેલા કનોજથી આવ્યા હોવાથી 'કનોજિયા બારોટ'ને નામે ઓળખાય છે. આ લોકો (હાલમાં) કચ્છ અને કાઠિયાવાડમાં પણ વસે છે. તેમના બ્રાહ્મણત્વની ઓળખ અનિયમિત અને ઓછી કાળજી છતાં જનોઈ ધારણ કરવાની તેમની પ્રથાથી જણાઈ આવે છે.''[૨૧]

આ કનોજિયા બ્રહ્મભટ્ટ વિષે વિગતવાર માહિતી આપતાં શ્રી નરસિંહભાઈ ભા. બ્રહ્મભટ્ટ સૌરાષ્ટ્રમાં વસતા અન્ય બ્રાહ્મણોને બિલકુલ મળતી-ભળતી જાતિ આ કનોજિયા બ્રહ્મભટ્ટોની ગણાવે છે, કારણ કે (૧) કનોજિયા બ્રહ્મભટ્ટોના બાળકોને યોગ્ય ઉંમરે નિયમિતપણે શાસ્ત્રોક્ત વિધિથી ઉપવીતસંસ્કાર અને ગાયત્રીનો ઉપદેશ થાય છે. (૨) રાજા રજવાડાંઓમાં અને ધનાઢ્ય લોકો ચોર્યાસી (અર્થાત્-ચોર્યાસી જ્ઞાતિના બ્રાહ્મણોનું ભોજન અથવા સમગ્ર બ્રહ્મભોજન) જમાડે છે. ત્યારે અન્ય બ્રાહ્મણોની

માફક જ કનોજિયા બ્રહ્મભટ્ટોને પણ આમંત્રણ હોય છે અને તેઓ પણ ઉચ્ચ કોટિના બ્રાહ્મણોની માફક સીધું (રસોઈની સામગ્રી) લઈ સ્વયં રસોઈ બનાવી જમે છે. (૩) મુંબઈમાં વસતા કચ્છ અને સૌરાષ્ટ્રના કનોજિયા બ્રહ્મભટ્ટો અને સારસ્વત બ્રાહ્મણો એક જ પંક્તિએ ભોજન કરે છે, એટલું જ નહીં, પણ તેમનો આદર-સત્કાર પણ સારસ્વત બ્રાહ્મણો જેટલો જ થાય છે અને તેઓ ભટ્ટ તરીકે જે ઓળખાય છે.

આ કનોજિયા બ્રહ્મભટ્ટોની વસ્તી મોટા ભાગે સૌરાષ્ટ્રમાં જ છે. તેઓ ગામધણી હોવાથી (જાગીરદાર હોવાથી.) તેમની રૈયત (લોકો) તેમને દરબાર તરીકે સંબોધે છે અને જૂનાગઢ સ્ટેટનાં દફતરોમાં અને વ્યાપારીઓના ચોપડે તેઓનું નામ ઠાકોર તરીકે જ લખાય છે, એટલું જ નહીં, પણ પત્રવહેવારમાં પણ 'ઠાકોર શ્રી' એમ પત્ર લખવાની રૂઢિ ચાલુ છે. એ જ રીતે બંગાળમાં પણ બ્રહ્મભટ્ટો માટે 'ઠાકુર' શબ્દ પ્રયોજાય છે.

આ કનોજિયા બ્રહ્મભટ્ટ એટલે મૂળ કનોજમાંથી આવેલા બ્રહ્મભટ્ટો... જ્યારે કાશીમાં વિદ્યાનો પ્રકાશ મંદ થવા લાગ્યો ત્યારે કનોજ વિદ્યાનું સર્વોપરિ સ્થાન બની ગયું હતું.... કનોજમાંથી જ્યારે રાજા જયચંદ રાઠોડની પડતી થઈ અને તેના વંશજો રાજપુતાનામાં આવ્યા ત્યારે તેમના રાજકવિઓ પણ સાથે આવ્યા હતા. જોધસિંહે જોધપુર વસાવી રાજગાદી સ્થાપી ત્યારે આ કવિઓને પણ જાગીરો મળી હતી. ત્યારબાદ દિલ્હીથી સૌરાષ્ટ્રના જે સૂબાઓ નિમાતા તેમની સાથે જોડાઈને આ લોકો જૂનાગઢ (સૌરાષ્ટ્ર)માં આવ્યા હોવાથી પોતાની જન્મભૂમિને ભૂલ્યા વિના કનોજિયા બ્રહ્મભટ્ટ તરીકે ઓળખાય છે.

કવિ ગંગ અને કરણ કવિશ્વર (બંને અકબરના દરબારનાં પ્રખ્યાત વિદ્વાનો પૈકીના હતા), જેના વંશજો સૌરાષ્ટ્રમાં હાલ કનોજિયા બ્રહ્મભટ્ટોના નામે ઓળખાય છે.

એ ઉપરાંત કવિ નરહર (અકબરના વિદ્વાન દરબારીઓ પૈકીના એક)ની દશમી પેઢીએ લખ્ખનરાવ નામે એક શીઘ્રકવિ થયા, જેમણે જૂનાગઢના સૂબા પાસેથી બાર ગામનો પટ્ટો મેળવેલ, તેમના વંશજો હાલમાં લખલાણી તરીકે પ્રસિદ્ધ છે.

મેવાડના પ્રાચીન રાજકવિ કેલવાડામાં રહેલા, તેમના વંશજો હાલમાં કેલ્લિયા શાખાના પ્રસિદ્ધ કનોજિયા બ્રહ્મભટ્ટ છે.

કવિ બૈતાલ નામના રાજા વીર વિક્રમના રાજકવિના વંશજો અત્યારે ધારિયા (ધાર-માળવાના રહીશ.) શાખાના શ્રીમંત અને જાગીરદાર ગણાય છે.

જૂનાગઢના નવાબ, સૌરાષ્ટ્રના બીજા રાજાઓના પણ જે જે રાજકવિ તરીકે પ્રસિદ્ધ થઈ ગયા છે તે પણ કનોજિયા બ્રહ્મભટ્ટો જ છે. જામસાહેબના રાજકવિ પણ કનોજિયા બ્રહ્મભટ્ટ છે.

મહારાજા વીર વિક્રમ પાસે મહાન પ્રતાપી વૈતાલ કવિએ કનોજિયા બ્રહ્મભટ્ટ વિષે જે ખુલાસો કર્યો તે નીચે મુજબ છે (જે પ્રાચીન સમયથી કર્ણોપકર્ણ ચાલ્યો આવતો હોવાથી અશુદ્ધ હોવા છતાં અત્રે યથાવત્ રજૂ કર્યો છે.) :

**કુંડળિયો :** ભરદ્વાર ગોત્રજ કહે, માધ્વિની શાખા જાન,
તિન પ્રવર સુ કહત હૈ, બેદ યજુર પ્રમાન, બેદ યજુર પ્રમાન,
બ્રહ્મભટ્ટ જાતિ જાતિ પ્રકાશી, કાન્યકુબ્જ કુલમોર,
હૈં કનોજકો વાસી, સુન સંજય કે વંશમેં, શારદા સદા નિવાજ,
બેતાલ કહે વિક્રમ સુનો, ગોત્ર અહૈ ભારદ્વારજ''[૨૨]

વધુમાં એન્થોવાન નોંધે છે કે ''ગુજરાતી ભાટના બ્રાહ્મણ મૂળ(ઉત્પત્તિસ્થાન)ના સમર્થનમાં ઉમેરી શકાય કે 'ભાટ' શબ્દ સંસ્કૃતના નિયમિત શબ્દ 'ભટ્ટ'નો અપભ્રંશ છે, જે બ્રાહ્મણોમાં માનાર્થે વપરાય છે. બ્રહ્મભટ્ટ એ ભાટની એક પેટાશાખા છે, જે ઉપર્યુક્ત તારણ-નિષ્કર્ષને સમર્થન આપે છે. તેથી ગુજરાતી ભાટને વિશેષ માન આપતો તેમજ તેમના વ્યક્તિને ઉપસાવતો આ શબ્દ કાઢી ન શકાય તેવો છે, જે મહદ્ અંશે ગુજરાતી કે રાજપૂત ભાટને બ્રાહ્મણ હોવાની પ્રગાઢ ધારણાને અનુમોદન આપે છે. આ ગુજરાતી કે રાજપૂત 'ભાટ' લોકો મૂળે બ્રાહ્મણ છે તેવું સાબિત કરવા ઐતિહાસિક ઉદાહરણો પણ આપી શકાય તેમ છે.''[૨૩]

તુર્કી મુસાફર, સીદી અલીકાપૂદાન (ઈ. સ. ૧૫૩૩) ગુજરાતી ભાટ તેમજ તેમના ધંધા રોજગાર વિશે નોંધતાં તેમને 'બ્રાહ્મણોની એક જાતિ' તરીકે ઓળખાવે છે. એ જ રીતે આર.સી. એન્થોવાન પણ 'ભાટ' લોકોની ઓળખ આપતાં તેમને મેવાડા બ્રાહ્મણની પેટા શાખા તરીકે આ પ્રમાણે વર્ણવે છે. ''ભાટ એ સબડિવિઝન ઑફ મેવાડા બ્રાહ્મણ''[૨૪]

કવિ ચંદ બારોટ, રાજપૂત રાજવી પૃથ્વીરાજ ચૌહાણના અત્યંત માનીતા કવિ તેમજ રાજપુરોહિત હતા. તેમનું પોતાનું કાર્યાલય (રાજ દરબાર) પૃથ્વીરાજ ચૌહાણ જેટલું જ પ્રખ્યાત, સમર્થ તેમજ મહાન હતું, આવું કાર્યાલય માત્ર બ્રાહ્મણો સિવાય કોઈને પણ મળતું ન હતું. (વિશ્વ ઇતિહાસમાં રાજાને સમકક્ષ-સમાન રાજદરબાર ધરાવવાનું આ એકમાત્ર ઉદાહરણ છે.) માટે ચંદ બરદાઈ પોતે ચોક્કસ બ્રાહ્મણ જાતિના જ હશે તેમ માની શકાય. આવા બીજા એક ભાટ કવિ ભૂષણ કે જેમણે, 'શિવરાજભૂષણ' (નામના કાવ્ય)ની રચના કરી છે, જે વીરોચિત લાગણીઓમાં વૃદ્ધિ કરે તેવું કાવ્ય છે. તેમાં તેમણે જાતે નોંધ્યું છે કે તેઓ બ્રાહ્મણ જાતિના છે. તેમણે પોતાનાં ગોત્ર અને પ્રવર પણ એમાં સ્પષ્ટ જણાવ્યાં છે.[૨૫]

આ ઉપરથી એવો પ્રશ્ન સહજ ઉત્પન્ન થાય કે આ બ્રાહ્મણોએ ક્ષત્રિયોની પ્રશસ્તિઓ શા માટે રચી ? સંસ્કૃત સાહિત્યનો અભ્યાસ કરતાં સહેજે જણાઈ આવે છે કે

ક્ષત્રિયોનાં વખાણ કરનાર આવા બ્રાહ્મણોનો તોટો ન હતો. લીમેર પોતાના એક ગ્રંથ ''અલ્તીન દીશેરસ લેખેન''માં નોંધે છે કે વૈદિક યુગમાં ઘણા બ્રાહ્મણો રાજાના પ્રશંસક તરીકે જીવનનિર્વાહ કરતા. ''વસિષ્ઠ''થી ''તૃત્સુ'' અને વિશ્વામિત્રથી ભરત સુધી તો આવા ઘણા બધા રાજવંશો હતા. મહાભારતમાં પણ યુધિષ્ઠિરે કૌરવો સાથેના સંગ્રામમાં સર્વોપરિ સત્તા (વિજય) મેળવ્યા પછી પ્રશંસકો તેમજ ભાટોની સંગતમાં કુરુક્ષેત્રથી હસ્તિનાપુર સુધી વિજયકૂચ કરી હતી. આ બાબતનો ઉલ્લેખ જે. સી. નેસફીલ્ડ નામના વિદ્વાન દ્વારા કરાયો છે, એ પણ આ લોકોને સ્પષ્ટપણે બ્રાહ્મણ ગણાવે છે. તેથી આપણને ગુજરાતી ભાટોને બ્રાહ્મણ માનતાં કોઈ રોકી શકે તેમ નથી.'' આ જ ગ્રંથમાં તેઓ આગળ નોંધે છે કે ''મુંબઈ પ્રાન્તના દક્ષિણ ભાગમાં આજે પણ ''ભાટ'' શબ્દ સ્થાનિક બ્રાહ્મણોને ઓળખવા માટે વપરાય છે, માટે આ ભાટોને અન્ય બ્રાહ્મણો કરતાં ઊણા કે ઊતરતા માનવાનો કોઈ પ્રશ્ન જ ઊભો થતો નથી. ભાટ લોકો આ અંગે સ્પષ્ટતા કરતાં જણાવે છે કે તેમણે હંમેશાં રાજવીઓને રણભૂમિમાં સાથ આપ્યો છે, વીરોચિત કાવ્યો કંઠસ્થ રાખીને વિનોદ, જુસ્સો કે જોમવર્ધક પ્રેરણાગીતો દ્વારા વીર સૈનિકોને પ્રરાક્રમ કરવા પ્રેર્યા છે, તેથી એમનાં કૃત્યોથી પ્રસન્ન થયેલા રાજવીઓએ તેમને ઘણી જાગીરો આપી છે, પરંતુ આ બાબતે અન્ય બ્રાહ્મણોમાં ભાટ માટે ઈર્ષાવૃત્તિ પેદા કરી અને તેમને બ્રાહ્મણોના વારસાગત સંસ્કારોથી વંચિત ગણાવ્યા. આમ જોતાં આ સ્પષ્ટતા (તર્ક) એકતરફી જણાય છે, માટે ભાગ્યે જ આપણો વિશ્વાસ મેળવી શકે તેમ છે.[૨૬]

એન્થોવાનના મતે ભાટોને પ્રશસ્તિ ગાનાર કહી કરવામાં આવેલા માનભંગનું ખરું કારણ તો એ જણાય છે કે તેઓ રાજપૂતો સાથે સદા દરબારમાં કે યુદ્ધમાં સાથે જ રહ્યા હતા, માટે બ્રાહ્મણો સાથેનો તેમનો સંપર્ક ક્રમશઃ ઓછો થતો ગયો અને તેથી બ્રાહ્મણો દ્વારા ધારણ કરવા મુજબની પવિત્રતા તેમણે ગુમાવી અને ઘણી રાજપૂત રીતભાતો અપવાની લીધી. આમ જોઈએ તો તેઓમાંના ઘણા જનોઈ ધારણ કરતા હતા, પરંતુ જનોઈ ધારણ ન કરતા હોય તેવાઓની સંખ્યા પણ ઓછી ન હતી. તેઓમાંના કેટલાક વિધવાવિવાહની છૂટ આપતા હતા અને વાણિયા તથા કણબીઓને ત્યાં રાંધવામાં આવેલું અન્ન ગ્રહણ કરવામાં બાધ રાખતા નહતા. એમાંના કેટલાક તો રાજપૂતો સાથે પણ ભોજનસંબંધ રાખતા હતા. આમાંના બ્રહ્મભટ્ટ સિવાયના તમામ ભાટ મદ્યપાન કરતા. વળી તેમના નામ પણ રાજપૂત શૈલીનાં રહેતાં. પુરુષોનાં નામને અંતે 'સિંગ' કે 'જી' અને સ્ત્રીઓના નામાન્તે ''બા'' (અનુગ) લગાડવામાં આવતો. તેમાંના મોટા ભાગના રાજપૂત-શૈલીનો પોષાક પહેરતા. બ્રાહ્મણોના કડક નિયમોનું ઉલ્લંઘન અથવા એમણે આચરેલી છૂટને લીધે કે રાજપૂતો સાથેના સતત સંપર્કને લીધે બ્રાહ્મણોના ચુસ્ત સામાજિક પવિત્રતાના નિયમોનું ઉલ્લંઘન અથવા ગમે

તે પ્રકારની લેવામાં આવેલી છૂટછાટોને લીધે અને આવી તમામ શક્યતાઓની ગણતરીને લીધે ભાટોને અન્ય બ્રાહ્મણો કરતાં ઊતરતા ગણવાનું વલણ અપનાવવામાં આવ્યું.[૨૭]

એ જ રીતે 'બોમ્બે પ્રેસિડેન્સી ગેઝેટિયર' (ગ્રંથ-૯ વિભાગ-૧) નામના આધારભૂત એવા સરકારી રેકોર્ડમાં નોંધવામાં આવ્યું છે કે ''તે વખતે (ઈ. સ. ૧૯૦૧) ભાટ કે બારોટની વસ્તી ૫૩,૮૭૫ની હતી. આ લોકો દક્ષિણ ગુજરાતમાં ઓછા અને ઉત્તર ગુજરાત તેમજ કાઠિયાવાડમાં વિશેષ પ્રમાણમાં જોવા મળતા હતા. એક અહેવાલ (કે લોકકથા) અનુસાર બ્રહ્માના (સૃષ્ટિના રચયિતાના) મસ્તિષ્કમાંથી ભાટ ઉત્પન્ન થયા હતા. બીજા એક મત મુજબ તેઓ શિવજીના ભાલ પ્રદેશમાંથી ઉત્પન્ન થયા હતા. એક મત મુજબ કાં તો ક્ષત્રિય પુરુષ અને વિધવા બ્રાહ્મણ સ્ત્રીનાં સંતાન અથવા વૈશ્ય પુરુષ અને ક્ષત્રિય સ્ત્રીનાં સંતાન હોવાની માન્યતા પ્રચલિત છે.''

આ ગેઝેટિયરમાં આગળ નોંધવામાં આવ્યું છે કે, ''સ્થાનિક તપાસ અનુસાર ગુજરાતી ભાટ મૂળભૂત રીતે અલ્હાબાદ કે મેવાડના બ્રાહ્મણ છે, જે અમદાવાદ અને તેના સમીપવર્તી વિસ્તારોમાં વસ્યા છે. કાઠિયાવાડ અને કચ્છમાં છેલ્લે આવીને વસેલા કેટલાક કનોજિયા ભાટ ઉત્તર ગુજરાતમાં પણ (કનોજથી) આવીને વસેલા જણાય છે. આ લોકોનું મુખ્ય મથક અમદાવાદ અને તેના પડોશમાંનાં ગામો છે, તે હકીકત જોતાં ઉત્તર ગુજરાતમાં ભાટોના કુલ અગિયાર વાડા કે ગોળ (જૂથાબંધીઓ) જણાય છે. આમાંના ત્રણ વાડા અમદાવાદ જિલ્લામાં અને એ પૈકીનો એક તો અમદાવાદ શહેરમાં જ છે. બાકીના પાંચ વાડા અમદાવાદનાં પડોશી ગાયકવાડી ગામોમાં, બે ખેડામાં અને ખંભાતમાં છે. પૂર્વે મૂળભૂત રીતે તેમનામાં કોઈ જ વિભાગ કે વાડા ન હતા, પરંતુ જેમ જેમ તે બ્રાહ્મણોની શુદ્ધિ કે પવિત્રતાના ધોરણોથી નીચે ઉતરતા ગયા અને નવા નવા ધંધા અપનાવતા ગયા તેમ તેમ બ્રાહ્મણ સમાજના સભ્ય તરીકે તેઓ દૂર થતા ગયા.''

બ્રહ્મભટ્ટ સમાજની પેટા શાખાઓ અને બ્રાહ્મણોની તેમના મળતાપણ માટે આ ગેઝેટિયર આગળ જણાવે છે કે ''જોકે તેમનું બ્રાહ્મણત્વ કાઠિયાવાડી ભાટની પેટાશાખા કે જાતિ જેમકે 'હરમાની', 'કાશિયાની' અને 'પર્વતાની' વગેરેમાં અનિયમિત અને થોડીક બેકાળજીથી જનોઈ પહેરવાની પદ્ધતિમાં સચવાયું છે. બ્રાહ્મણોની માફક ભાટ પણ આંતરલગ્ન કરતા નથી. તેમનાં અંગત નામો રાજપૂતશૈલીનાં પુરુષોનાં નામોને અંતે ''સિંગ'' અને સ્ત્રીઓની નામોને અંતે ''બા'' અનુગવાળાં હોય છે. તેમની અટકોમાં રાવ, રણા, શેખાવત, સામળાવત, સાર (હાર), જે ઉત્તર ગુજરાત ખાતે (ઉપરાંત) જાસપુરા, હીંગાટિયા, જસરાજ, ખેરાડિયા, કુવેદરિયા, બુંધદેજા, ચાના, બદસદિયા, ભૂર્તસારી બુધરેજા, મંદેસરા, સેજાવત, તારીપરિયા, પિતલિયા વગેરે મુખ્ય છે. ઉત્તર અને મધ્ય ગુજરાતમાં બ્રહ્મભટ્ટ વિશેષ પ્રમાણમાં જણાય છે. ગુજરાત તેમજ સૌરાષ્ટ્રમાં

બ્રહ્મભટ્ટોમાં બાર વિભાગો-શાખાઓ છે, જેમાં પરસ્પર રોટી-બેટી વહેવાર નથી. આ તમામમાં બ્રહ્મભટ્ટ ઘણી ઊંચી કક્ષા ધરાવે છે. તેમાંના ઘણા તો બ્રાહ્મણ સમાજની શુદ્ધિસંહિતાની જાળવણી કરવાની ખાસ કાળજી રાખે છે. તે જનોઈ પહેરે છે, વિધસા-વિવાહ કરતા નથી. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં તે બીજી શાખાના બારોટ કે વાણિયા અને કસબી સાથે ભાણા(જમવાનો)વહેવાર રાખતા નથી.[૨૭]

બ્રહ્મભટ્ટોની શાખા-ઉપશાખાઓ તથા તેના બ્રાહ્મણત્વ બાબતે એન્થોવાન પણ નોંધે છે કે ''તેમની કેટલીક શાખાઓ 'હરમાની', 'કાશિયાની' અને 'પર્વતાની'ના નામે પ્રચલિત છે. આમાં આવેલો ''આની'' પ્રત્યય આ લોકોના સિંધના ક્ષત્રિયો સાથે સંપર્ક હોવાની ખાતરી કરાવે છે. સિંધમાં મોટા ભાગના લોકોના ગોત્રમાં નામની પાછળ ''આની'' પ્રત્યય લાગે છે, પરંતુ તેના પર થોડોક ભાર મૂકતાં ''આણી'' બને અને તે સ્પષ્ટપણે સંસ્કૃતના વ્યાકરણાચાર્ય પાણિનિ મુનિ દ્વારા જણાવવામાં આવ્યા મુજબનો છે. 'હરમાની', 'કાશિઆની' તેમજ 'પર્વતાની' જેવાં નામોની તમામ સંભાવનાઓ જોતાં સંસ્કૃતનું ''હરમાની'' નામ અને ''કાશિયાની'' તેમજ ''પર્વતાની'' વગેરેનું મળતું આવતું જણાય છે... જે મહદ્અંશે ગુજરાતી કે રાજપૂત ભાટને બ્રાહ્મણ હોવાની પ્રગાઢ ધારણાને અનુમોદન આપે છે.''[૨૮]

સૌરાષ્ટ્ર અને કચ્છમાં વસતા બારોટોની શાખાઓ માટે વિવિધ લેખકોનાં મંતવ્યો જાણ્યા પછી ગુજરાતના ઉત્તર, દક્ષિણ અને મધ્યભાગમાં વસતા બ્રહ્મભટ્ટોની શાખાઓ વિશે જાણવાની આતુરતા સહજ રીતે જ વધે, કારણ કે આ અંગે કોઈ ઉલ્લેખ તેમાં નથી. આ બ્રહ્મભટ્ટોની કુલ છત્રીસ શાખાઓ હોવા બાબતે કેટલાક વડીલો (જેવા કે ગામ સોતામલા નિવાસી બારોટ વિરમજી કેશાજી અને ગામ ભાટવાસ નિવાસી બારોટ બાપાલાલ કુંવરજી) પાસેથી જાણવા મળ્યું હોવાથી તે બાબતે ગુજરાતનાં જુદાં જુદાં ગામના વડીલો તેમજ બ્રહ્મભટ્ટોના રાજસ્થાન અને ગુજરાતથી આવતા વહીવંચા બારોટોની રૂબરૂ મુલાકાત લઈને આ અંગે પૂછતાં તમામ તો નહિ, પણ એમાંથી નીચે પ્રમાણેની કેટલીક શાખાઓ અંગે જાણવા મળેલ છે, જે અત્રે રજૂ કરું છું : (૧) સિસોદિયા, (૨) સાર, (૩) લોળ, (૪) વળંગ, (૫) વલાસ, (૬) સંચેશરા, (૭) છેલ, (૮) બુટડેચા, (૯) બોરલિયા, (૧૦) સાકરોદિયા, (૧૧) આંખજા, (૧૨) ગોધરિયા, (૧૩) ઘંટાલિયા, (૧૪) મૂલગપુરીયા, (૧૫) નેત્રાણા, (૧૬) શામળાવત, (૧૭) ભાદાણી, (૧૮) દેવાણી, (૧૯) રણા, (૨૦) હેવારસા વગેરે.[૨૯]

આ શાખાઓ જોતાં આપણને ચોક્કસ જણાઈ આવે છે અને તેની માહિતી આપનાર વડીલો પણ એવો જ અભિપ્રાય ધરાવે છે કે આ શાખાઓ મોટા ભાગે જે

તે ગામના બ્રહ્મભટ્ટોના મૂળપુરુષ કે પૂર્વજના નામ પરથી અથવા તેમના નિવાસના મૂળ ગામ વતનના નામ પરથી રાખવામાં આવતી હશે.

બ્રહ્મભટ્ટોની શાખાઓ માટે ''બ્રહ્મભટ્ટ સુધારા-સંગ્રહ-પોથી'' નામની પુસ્તિકામાં (લેખકનું નામ નથી.) બ્રહ્મભટ્ટોની કુલ પાંચ શાખાઓ આ પ્રમાણે આવેલ છે :

**ब्रह्मभट्ट, महाराजा, भट्टा वासणवाडवाः ।**
**ब्रह्मभट्टा पञ्चेतिरह्याताः सर्वे भारतवासिनः ।।**

અર્થાત્ બ્રહ્મભટ્ટ, મહારાજ, ભટ્ટ, વાસણ અને વાડવ એને પાંચ (મુખ્ય શાખાઓ) સમસ્ત ભરતખંડમાં રહેનાર બ્રહ્મભટ્ટોની ખ્યાતિ પ્રાપ્ત શાખાઓ છે.[૩૦]

બ્રહ્મભટ્ટ જ્ઞાતિની ઉત્પત્તિનો હવાલો આપતાં 'સૌરાષ્ટ્રની પછાત કોમો' ભાગ ૩માં 'ભાટ' કે 'બારોટ'ની ઉત્પત્તિ માટે કેટલાંક મંતવ્યો આપેલ છે. અન્ય ગ્રંથો કે પુરાણકથાઓની માફક તેમાં પણ જણાવાયું છે કે ''ભાટ પોતે મહાદેવજીના ભાલમાંથી (કપાળમાંથી) ઉત્પન્ન થયા હોવાથી ભાટ કહેવાયા એમ મનાય છે. બીજી દંતકથા અનુસાર બ્રહ્માએ 'કપાળ' તોડી જે નર નિપજાવ્યો તે અને તેના વંશજો 'બ્રહ્મભટ્ટ' કહેવાયા. પરાક્રમી રાજા વીર વિક્રમના દરબારમાં બેતાલ (વૈતાલ) નામે બ્રહ્મભટ્ટ કવિ હતા. એમણે પોતાની જ્ઞાતિની ઉત્પત્તિ માટે જાતેજ જોંધ્યું છે કે :

''પ્રથમ આદિ હી ભાટ, ભાટ લલાટે નિપાયા,
જિનકે આગે ભાટ, ભાટ સરસ્વતીએ ભણાયા,
વિષ્ણુએ દીની જનોઈ, જીભ્મા, દીની જુવાલકા,
તણ પ્રસન્ન હુઈ કાલકા, બૈતાલ કા કહે,
સુન વિક્રમા, ભાટ નામ તિસ દનકા,
હમ હી ભાટ, હમ હી કાઠ, હમ તો રાવજી કહાવે''...

ભાટ-બ્રહ્મભટ્ટ-કે બારોટ જ્ઞાતિની ઉત્પત્તિ માટે આ ગ્રંથમાં બીજી કેટલીક પ્રચલિત દંતકથાઓ ટાંકવામાં આવી છે જે આ પ્રમાણે છે :

''(૧) ભાટ લોકો બ્રહ્માના પુત્ર કવિ ઋષિનાં સંતાન છે, છત્રપતિ શિવાજીએ પોતાના રાજકવિ ભૂષણ (કે જે બ્રહ્મભટ્ટ જ્ઞાતિના જ હતા)ને ક્ષત્રિય અને ભાટ અંગેનો ભેદ સમજાવવા પ્રશ્ન પૂછેલ તેના જવાબમાં ભૂષણ કવિએ નીચે મુજબ કહેલું :

''જબે રચી ધરતી આકાશ,
તબે લલાટ ભાટ નિપાયો,
ખંભે ક્ષત્રિય ઉત્પત્તિ,
વસી છત્રીસ બનાયો...''[૩૧]

આ ગ્રંથમાં બ્રહ્મભટ્ટ કે ભાટની ઉત્પત્તિ બાબતે એક નવી સંભાવના આપવામાં આવી છે, જે આ પ્રમાણે છે :

''હહૈય'' (એક પ્રકાર) ક્ષત્રિયો તથા ભાર્ગવ બ્રાહ્મણો વચ્ચે એક કાળે વેર ચાલતું હતું. હૈહયના મુખ્ય પુરુષ સહસ્રાર્જુન હતા અને ભાર્ગવના મુખ્ય પુરુષ પરશુરામ હતા. ક્ષત્રિયો બ્રાહ્મણોનો નાશ કરતા અને બ્રાહ્મણો ક્ષત્રિયોનો નાશ કરતા. આમાં જે બ્રાહ્મણો ક્ષત્રિયો સામે હાથ ન ઉપાડી શક્યા તેમણે ક્ષત્રિયોની પ્રશંસા કરવા માંડી અને છંદો તથા કાવ્યો દ્વારા તેમની પ્રશંસા કરવાનું ચાલુ રાખ્યું, એમાંથી એક નવો જ વર્ગ નિર્માણ પામ્યો, તે આ બ્રહ્મભટ્ટ, તે ભાટ અને કાળે કરીને બારોટના નામે ઓળખાયા. (શ્રી વજુભાઈ દામજીભાઈ બારોટના લખાણને આધારે)

(૩) ઈ. સ. ૧૯૨૦માં બહાર પડેલ 'જાતિભાસ્કર' નામના ગ્રંથમાં જણાવેલ છે કે બ્રહ્માએ વરુણયજ્ઞ કર્યો ત્યારે તેમાંથી એક કવિ ઋષિ નિર્માણ થયા તેમનું નામ સૂતજી રાખવામાં આવ્યું. તેઓ ધર્મજ્ઞાન આપતા તથા પૌરાણિક કથાઓ ઋષિઓને કહીને સંભળાવતા અને તેથી તેઓ સૂત પૌરાણિક કહેવાય. તેણે અન્ય કોઈ વર્ણની કન્યા સાથે લગ્ન કર્યું તેના પુત્રનું નામ ભટ્ટ રાખવામાં આવ્યું, તે પરથી અપભ્રંશ થતાં ભાટ થયું. તેના વંશજો ભાટ કહેવાય, એવી પણ માન્યતા છે.

(૪) અન્ય કેટલીક માન્યતા મુજબ બ્રહ્મભટ્ટ મૂળે તો બ્રાહ્મણમાંથી થયા. યાત્રા-સ્થળોએ યાત્રાળુઓના વંશવારસોના ચોપડા રાખવાની પ્રણાલિકા ઘણા જ જૂના કાળથી ભારતમાં ચાલી આવે છે દ્વારકા, મથુરા, કાશી વગેરે સ્થળોએ આજે પણ આવા બ્રાહ્મણો (પંડા) છે. આ પ્રથાએ છેવટે વ્યાપક સ્વરૂપ પકડ્યું. માત્ર ધાર્મિક સ્થળોએ જમાતોનું વહીવંચાપણું ન કરતાં યજમાનના વસવાટો તરફ તેમણે પ્રયાણ કર્યું (અને) બ્રાહ્મણોમાંથી આ ભટ્ટ અથવા ભાટ જુદા પડ્યા. તેઓમાંથી જેઓએ વહીવંચાનું કામ ન કરતાં કવિતા રચવાનું, વાર્તા કહેવાનું તથા પૂજારી તરીકેનું કામ હાથ ધર્યું તેઓ બ્રહ્મભટ્ટ તરીકે જ ઓળખાતા રહ્યા. બાકીના બ્રહ્મભટ્ટને બદલે ભાટ તરીકે ઓળખાવા લાગ્યા. આ ભાટ શબ્દ મૂળે તો બ્રહ્મભટ્ટમાંથી ટૂંકો ને અપભ્રંશ થતાં ભાટ તરીકે જળવાઈ રહ્યો. તેઓએ કથા વાર્તા અને કવિતા ઉપરાંત વહીવંચા તરીકેનું કાર્ય ચાલુ રાખ્યું, એટલે તેઓ ભાટ તરીકે ઓળખાયા. વળી ચારણ, રાવળ વગેરે વર્ણો પણ ઐતિહાસિક લોકવાર્તા દુહા વગેરે કરતા અને રાજ્યોમાં કવિની જેમ પૂંજાતા એટલે તેઓ પણ ભાટ તરીકે ઓળખાયા. વાસ્તવિક રીતે તો તેઓ બારોટ (કે બ્રહ્મભટ્ટ) ભાટથી સાવ જુદા છે.

બ્રહ્મભટ્ટ અને વહીવંચા ભાટ કાળે કરીને બારોટના નામે પણ ઓળખાતા થયા. બારોટ શબ્દની ઉત્પત્તિ 'બાર હઠ' ઉપરથી થઈ હોવાનું મનાય છે. તેમના

હઠારગ્રહી કે નિશ્ચયીપણાના સ્વભાવને લીધે કે અન્ય કોઈ કારણસર તેઓ બારહઠ અને તેમાંથી બારોટ તરીકે ઓળખાયા. આજેય રાજસ્થાન બાજુ કેટલાક બારહઠના નામે ઓળખાય છે.[૩૨] આ મત આ અગાઉ નોંધેલ શ્રી ગજેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટના મતને ઘણો જ મળતો આવે છે, તેથી તેમનો મત તર્કબદ્ધ અને સ્વીકાર્ય ગણવો રહ્યો.

બીજા એક મત મુજબ બારોટ એટલે બાર હોઠ જેટલી જેનામાં વાચાળતા કે હાજર-જવાબીપણું છે તેવી વ્યક્તિ. આ રીતે જોઈએ તો આ જ્ઞાતિ પોતાની વાક્પટુતા માટે છેક પુરાણકાળના સૂત પૌરાણિક, મહાભારતના સંજય, પૃથ્વીરાજ ચૌહાણના ચંદબારોટથી અકબરના દરબારના સૌથી વિચક્ષણ અને વાક્પટુ તથા હાજરજવાબી મંત્રી બિરબલ સુધીના ઈતિહાસમાં આ બાબત સાચી હોવાની ખાતરી કરાવે છે.

આ ભાટમાં મુખ્યત્વે વહીવંચા ભાટ (કે જે સૌરાષ્ટ્રમાં વિશેષ છે.) અને બ્રહ્મભટ્ટ (કે જે ઉત્તર-મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં વિશેષ છે) એમ બે વર્ગો છે. આમાંના વહીવંચા ભાટમાં (૧) સોરઠિયા, (૨) કંકાળી, (૩) કનોજિયા, (૪) આયરી, (૫) રાણીમગા, (૬) નાગમગા, (૭) મજોગઠ, (૮) મારવાડી, (૯) વાસુસેવા, (૧૦) માધવિયા વગેરે પેટા વર્ગો છે. આમાંના

(૧) સોરઠિયા બારોટ સૌરાષ્ટ્ર (સોરઠ) ભરમાં જોવા મળે છે.

(૨) કંકાળી ભાટ અથવા જાચક મીર કે જેઓ મુસલમાન થઈ જતાં હવે કંકાળી ભાટને બદલે જાચક મીરના નામે જાણીતા બન્યા છે.

(૩) કનોજિયા ભાટ તે કનોજથી આવ્યા હોવાથી કનોજિયા કહેવાય છે, જે સૌરાષ્ટ્રમાં ઓછા અને ગુજરાતમાં વિશેષ જોવા મળે છે. તે પછી

(૪) આયર કોમના વહીવંચા ભાટ તે આયરી ભાટ, તે સૌરાષ્ટ્રમાં છે.

(૫) રાણીમગા ભાટ એમને કહેવાય છે કે જે પૂર્વે રાણીવાસે જઈ રાજામહારાજાઓની રાણીઓને લોકવાર્તા, કથા, દુહા અને છંદ સંભળાવતા. આ રાણીઓ લોકલાજ મર્યાદા કે પરદા પદ્ધતિ લીધે ડાયરાઓ કે દરબારમાં જઈ બારોટ-સાહિત્ય અને કાવ્ય-છંદનો લાભ લઈ શકતી ન હોવાથી અને તે સમયે મનોરંજન માટે ખૂબ જ ઓછાં સાધનો હોવાથી રાણીમગા બારોટ આ કામ કરતા અને એ રીતે પોતાનું ગુજરાન ચલાવતા.

(૬) એ જ રીતે નાગમગા ભાટ માત્ર નાગના જાચક હતા. તે મોરબી વિસ્તારમાં ક્યાંક જોવા મળે છે. ''મુંબઈ સમાચાર'' નામના મુંબઈથી પ્રગટ થતા ગુજરાતી સમાચારપત્રમાં રવિવાર તારીખ ૯ માર્ચ

૧૯૮૦ના રોજ શ્રી ડાહ્યાલાલ અંબાલાલ બ્રહ્મભટ્ટની ''નાગદેવનો વહીવંચો''' નામની વાર્તામાં લેખકે આવા એક નાગમગા ભાટ કુટુંબને અરવલ્લી(અંબાજી)ના ડુંગરોમાં નાગને પોતાની પુત્રીના લગ્ન પ્રસંગે આર્થિક સહાયની યાચના કરતાં જાતે જોયા હોવાનું લેખકે નોંધ્યું છે, જે રોમાંચક-રસપ્રદ છે.

(૭) મજોગઠા ભાટ પણ મૂળે વહીવંચા ભાટ છે, પરંતુ મચ્છુકાંઠે વસતા હોવાથી મચ્છુકાંઠિયા અને છેવટે અપભ્રંશ થઈને મજોગઠા કહેવાયા.

(૮) મારવાડ તરફના બારોટો સૌરાષ્ટ્રમાં આવી વસ્યા હોવાને કારણે મારવાડી ભાટ તરીકે ઓળખાતા. હાલમાં સૌરાષ્ટ્રમાં તેમનો વસવાટ જોવા મળતો નથી.

(૯) વાસુદેવા ભાટ અંગે કોઈ ખાસ માહિતી મળતી નથી. (પરંતુ વાસુદેવ) શ્રીકૃષ્ણ અને તેમના યાદવકુળ સાથે ગોકુળ મથુરાથી દ્વારકા આવનાર ભાટ લોકોને આવું નામ મળ્યું હોવાથી અટકળ (કલ્પના) થઈ શકે છે :

(૧૦) માધવિયા ભાટ પણ મૂળે વહીવંચા બારોટ જ છે, તેઓ માધવપુર (કે માધવ-શ્રીકૃષ્ણ) સાથે સંકળાયેલ હોવાને લીધે આવું નામ ધરાવતા હોવાની ધારણા છે.

આ સિવાય કેટલાક રાવળ પણ વહીવંચા ભાટ છે. એક માન્યતા મુજબ ઉદેપુર-ચિત્તોડના રાણા(રાજા)ને રાવળની પદવી છે. દા.ત., બાપારાવળ, સમરસિંહ રાવળ... તો શું તે રાવળ હતા? ના પરંતુ તે રાવળ શાખના બ્રાહ્મણોને આશ્રયે રહ્યા હોવાથી આવું નામ કર્યું હોવાનું મનાય છે. સૌરાષ્ટ્રમાં તેમજ સમગ્ર ગુજરાતમાં હાલમાં રાવળ (રાવલ) શાખના બ્રાહ્મણો છે એટલે રાવળ-બારોટ પણ બ્રાહ્મણોમાંથી ઊતરી આવ્યા હોવાની માન્યતા છે.

આ સિવાય કેટલીક પછાત કોમોમાં પણ તેમના અલગ બારોટ હોય છે, જે તૂરીના નામે ઓળખાય છે. સવર્ણ સમાજમાં તેમની સાથે કોઈક વહેવાર (રોટી-બેટી વગેરે.) કરવામાં આવતા નથી.[૩૩]

આ ઉપરાંત ઈસ્ટ ઈન્ડિયા કંપનીના ઉચ્ચ સનંદી અધિકારી (ઈ. સ. ૧૭૭૦ થી ૧૭૮૨) શ્રી જેમ્સ ફોર્બ્સ પોતાના ગુજરાતના વસવાટ અને ગુજરાતનાં જનજીવનનાં વિવિધ પાસાંના અભ્યાસ દ્વારા રચયેલ ગ્રંથ 'ઓરિયન્ટલ મેમોયિર્સ' માં આ જ્ઞાતિ માટે નોંધ છે કે 'બ્રાટ', 'બાટ', 'બટ' વગેરે જુદા જુદા ઉચ્ચારોથી ઓળખાતા આ લોકો (બારોટ) પશ્ચિમના ''બાર્ડ''ને મળતા આવે છે. તેમની કાર્યપ્રણાલિકા લગભગ એક

જેવી છે. આ જ લેખક પોતાના ઉપર્યુક્ત ગ્રંથમાં આ જ્ઞાતિના લોકો માટે નોંધે છે કે, ''કર્નલ વિલ્ક્સના ''મૈસૂરના ઈતિહાસ''માં ભાટ (લોકો) માટે એમણે ભવ્ય નોંધ કરી છે જેની સાથે સહમત થતાં હું આ 'અદ્‌ભુત લોકો' (Extra-ordinary People) – બારોટો વિષેનું મારું વર્ણન કરું છું''[૩૪]

બ્રહ્મભટ્ટ-બારોટ જ્ઞાતિની ઉત્પત્તિ માટે જેમ્સ ફોર્બ્સ પોતાના ગ્રંથમાં નોંધે છે કે ''એક દંતકથા અનુસાર શિવજી(સંહારક દેવ)ના પાર્વતીજી સાથેના લગ્ન પ્રસંગે દેવોને લાગ્યું કે ઉત્સવનો આનંદ બારોટનાં શીઘ્ર-રચિત કાવ્યો વિના અધૂરો છે, તેથી દેવસભામાં પરાક્રમ કે શૌર્યગીતો ગાવા માટે તેમને કૈલાસમાં લાવવામાં આવ્યા. એ પછી એક દિવસ પાર્વતીજીને બારોટના મુખેથી પ્રશસ્તિ ગીતો સાંભળવાની ઈચ્છા થઈ. તેમણે બારોટને તેમ કરવા કહ્યું ત્યારે તેમની નમ્રતાપૂર્વક માફી માગતાં બારોટે જણાવ્યું કે ''અમારા ધંધાનો ઉત્તમ આદર્શ વીરોનાં પ્રશસ્તિ ગીતો ગાવાનો છે.'' આમ બારોટના ના પાડવાના અવિવેકથી કોપાયમાન થયેલાં પાર્વતીજીએ તેમને હંમેશાં દરિદ્ર રહેવાનો શાપ આપ્યો, તેથી બારોટો શિવજી સમક્ષ પોતાના દારુણ દુર્ભાગ્ય અંગે ફરિયાદ કરવા ગયા. શિવજીએ કહ્યું કે પાર્વતીજીના કોપ અને શાપમાંથી તો તેમને કોઈ જ બચાવી શકે નહીં, માટે શિવજીએ બારોટોને પૃથ્વીલોકમાં જઈ રહેવાની રજા આપી, જ્યાં એમના પર પૃથ્વીની સર્વોપરિ સત્તા(રાજામહારાજાઓ)ની પૂરતી કૃપા (ધન-ધાન્ય રૂપે) વરસશે છતાં આ શાપને લીધે તે (ધન-ધાન્ય) તેમની પાસે ટકશે નહીં, એટલે કે તે દરિદ્ર રહેશે, માટ આ શાપને લીધે બારોટો (કવિઓ) મોટે ભાગે નિર્ધન રહ્યા છે.''[૩૫]

આમ 'બ્રહ્મભટ્ટ' શબ્દની વ્યુત્પત્તિ તથા આ જ્ઞાતિની ઉત્પત્તિ અંગે પ્રચલિત વિવિધ મતમતાન્તરો નોંધ્યા પછી આપણે આ જ્ઞાતિની બ્રહ્માજીએ કરેલ ઉત્પત્તિ સંદર્ભે રસાળ શૈલીમાં, કાવ્યાત્મક રીતે રચેલ એક કાવ્યનો રસાસ્વાદ કરીએ.

**''શાંતિકાજ બ્રહ્માજીએ યજ્ઞ રચાયો, અગ્નિકુંડમાંથી તેજસ્વી બાળ ઉપજાવ્યો.**
**ચંચળ બાળકે બ્રહ્માજી સમક્ષ પ્રશ્ન ઉઠાવ્યો, હું કોણ ? શા કાજ આવ્યો.**
**વાચાળ આ બાળને મા સરસ્વતીએ ઉઠાવી, ખોળે લઈ પયપાન કરાવ્યો.**
**કલમ આશ્રયે બ્રહ્મ-જ્ઞાનનું વરદાન પાયો, સરસ્વતી પુત્ર ઉપનામ ધરાયો.**
**ગુરૂ મહાદેવના વરદાને શોભાવ્યો, રાગ-રાગિણીસઃ શિવગણ ઓળખાયો.**
**આગળ વધતાં આ કવિ બ્રહ્મભટ્ટની ખાસિયતો માટે સ્વતઃ નોંધે છે કે ....**
**અમે સરસ્વતી પુત્ર બ્રહ્મભટ્ટ છીએ, અમે બ્રહ્મ(બ્રહ્માજી)ના ભટ્ટ છીએ.**
**અમે મહાદેવના સંતાન છીએ, અમે માં શારદાની કલમ છીએ.**

**અમે માં કાળીની કટાર છીએ, અમે શસ્ત્ર અને શાસ્ત્રના જાણકાર છીએ.**
**અમે મહારાજા પરશુરામના વંશજ, અમે ભાષાના રચનાર-જાળવનાર છીએ.**
**અમે કળા સંસ્કૃતિને જાળવનાર છીએ, અમે કવિતા રચનાર છીએ.**
**અમે ઈતિહાસ લખનાર છીએ, અમે બારહઠના કારણે 'બારોટ' છીએ.**
**અમે લોકોના ફરિયાદી 'રાવ' છીએ, અમે રાજાના મંત્રી/સુબા/'પેશ્વા' છીએ.**
**અમે ઈનામના 'ઈનામદાર' છીએ, રાજજાગીર રક્ષક 'જાગીરદાર' છીએ.**
**અજબ વાણીના વક્તા અમે 'અજબાણી' છીએ, અમે બ્રહ્મભટ્ટ છીએ.''**

***(સૌજન્ય : બ્રહ્મભટ્ટ મેહુલ, 'કટાર લેખન')***

આવી બ્રહ્મભટ્ટ જ્ઞાતિની ગુજરાતની વસતી સંદર્ભે વિવિધ વિદ્વાનોની નોંધ આ પ્રમાણે છે. અંગ્રેજ સંશોધક આર.સી. એન્થોવાનના જણાવ્યા અનુસાર ૧૯૦૧ની વસ્તીગણતરીમાં ગુજરાતમાં ૧૭,૦૪૮ પુરષો અને ૧૪,૮૩૫ સ્ત્રીઓ સહિત આ જ્ઞાતિની કુલ વસ્તી ૩૧,૮૮૨ હતી. તેઓ ગુજરાતમાં સર્વત્ર તેમજ કોંકણ, કર્ણાટક અને બાકીના ભારતમાં ઠેર ઠેર છૂટી છવાઈ રીતે જોવા મળે છે. ગુજરાતમાં પણ ખાસ કરીને અમદાવાદ, ખેડા, સૌરાષ્ટ્ર અને ગુજરાતનાં દેશી રજવાડાંમાં મોટા પ્રમાણમાં એમની વસ્તી છે... તેમનું મુખ્ય મથક અમદાવાદ અને તેના સમીવર્તી વિસ્તારો છે. તેમના કુલ અગિયાર વાડા (ભટ્ટ સ્થાન) ઉત્તર ગુજરાતમાં, એક અમદાવાદ શહેરમાં ત્રણ અમદાવાદ જિલ્લામાં, પાંચ પડોશી ગાયકવાડી ગામોમાં, બે ખેડા જિલ્લામાં અને એક ખંભાતમાં ગણાવી શકાય.[૩૬]

ઉપર્યુક્ત હકીકતને સમર્થન આપતી નોંધ વડોદરા રાજ્યના ચીફ જસ્ટિસ રા.બ.શ્રી ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈ પોતાના પુસ્તક ''કડી પ્રાન્ત સર્વસંગ્રહ''માં જણાવે છે કે'' બ્રહ્મભટ્ટોની વસ્તી નવસારી અને અમરેલી પ્રાન્ત કરતાં (વડોદરા રાજ્યના) કડીમાં અને (ખુદ) વડોદરામાં વધારે છે. ગુજરાતના બ્રહ્મભટ્ટો મૂળમાં અલ્હાબાદ તથા મારવાડના બ્રાહ્મણ છે, જે કડી પ્રાંત આજુબાજુમાં વસ્યા તેમના વંશજો જણાય છે. તેમનામાં ''કનોજિયા'' અટક હોવાથી નિદાન તેમાંના કેટલાક ઉત્તર ભારતમાંના કનોજથી આવ્યા હોવા જોઈએ. ઉત્તર ગુજરાતમાં તેમનાં ૧૨ મોટાં સ્થાનો (ભટ્ટસ્થાનો) છે, જેમાંનાં ૪ અમદાવાદના બ્રિટિશ જિલ્લામાં છે. ૫ વડોદરા તાબાના કડી પ્રાન્તમાં (પાટણ, કલોલ, જંગરાલ, લીંચ અને વેડા) છે. ૨ ખેડા જિલ્લામાં (નડિયાદ, માતર) અને એક (ખુદ) ખંભાતમાં છે. આ લોકો જનોઈ પહેરે છે તથા તેમનામાં બ્રાહ્મણો જેવી જ શાખાઓ હોય છે ને એક શાખાના માણસો (લોકો)માં લગ્ન થઈ શકતાં નથી. બારોટમાં મુખ્ય બ્રહ્મભટ્ટ છે તે ઊંચા ગણાય છે.[૩૭]

આમ બ્રહ્મભટ્ટ-બારોટ-જ્ઞાતિની ઉત્પત્તિને લગતી પૌરાણિક પરંપરાઓ, માન્યતાઓ, દંતકથાઓ તથા દેશ-વિદેશના વિવિધ વિદ્વાન ઈતિહાસવિદોનાં જુદાં જુદાં મંતવ્યો જાણ્યા પછી બ્રહ્મભટ્ટ જ્ઞાતિને લગતી પ્રાથમિક માહિતી આપણે મેળવી શક્યા છીએ. હવે પછીના પ્રકરણમાં આ જ્ઞાતિ પ્રાચીન કાળમાં શું હતી તેની વાત ન કરતાં આધુનિક યુગ, ખાસ કરીને પ્રાગ્-બ્રિટિશકાળ દરમ્યાન બ્રહ્મભટ્ટ જ્ઞાતિનું ગુજરાતના જનસમાજમાં શું સ્થાન હતું તથા તેનું રોજિંદુ જનજીવન કેવું હતું તે વિષે થોડીક માહિતી મેળવીશું.

## પાદનોંધ :

૧. કર્નલ જેમ્સ ટોડ, **'રાજસ્થાનનો ઈતિહાસ'** ગ્રંથ ૧ : મુંબઈ, ૧૯૧૩ : પૃ. ૩૫-૩૬.

૨. એલેક્ઝાન્ડર કીનલોક ફોર્બ્સ, **'રાસમાળા'** ભાગ ૧ : **અનુ.** રણછોડરાય ઉદયરામ : અમદાવાદ ૧૮૯૯; પૃ. ૮.

૩. કે. કા. શાસ્ત્રી, **'ગુજરાતી હસ્તપ્રતોની સંકલિત યાદી'**, : અમદાવાદ, ૧૯૩૯ : પૃ. ૩

૪. કે. કા. શાસ્ત્રી, **'બ્રહ્મભટ્ટ યુવક-રજત જયંતિ અંક'** : અમદાવાદ-૧૯૬૫ : પૃ. ૧-૨.

૫. ગજેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ, પ્રાધ્યાપક, સંસ્કૃતિવિભાગ, આર્ટ્સ કૉલેજ, પાટણ : ઉત્તર ગુજરાત (તા. ૮-૫-૯૧)ની રૂબરૂ મુલાકાત

૬. એ. એમ. શાહ અને આર. જી. શ્રોફ, **'ગુજરાતના વહીવંચા બારોટો'**, મિલ્ટન સિંગર સંપાદક : ટ્રેડિશનલ ઇન્ડિયા-સ્ટ્રક્ચર એન્ડ ચેઈન્જ ફિલાડેલ્ફિયા, પૃ. ૪૫ : ૧૯૫૯.

૭. પ્રા. ગજેન્દ્ર બ્રહ્મભટ્ટના મતાનુસાર.

૮. રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટ, **'હિંદી બ્રહ્મભટ્ટ કવિઓ'**, **ભટ્ટભારસ્કર,** : અમદાવાદ, ઓક્ટોબર, ૧૯૫૬ પૃ.૨૯૮-૩૦૦.

૯. સિંધવાસી બ્રહ્મભટ્ટ બંધુઓનું સંમેલન (તારીખ ૨૮ થી ૩૦ ડિસેમ્બર, ૧૯૨૦) ભટ્ટભાસ્કર વડોદરા, માર્ચ-એપ્રિલ-૧૯૨૧ : પૃ. ૨૬૫-૨૬૬.

૧૦. આર. સી. એન્થોવાન, **'ટ્રાઈબ્સ એન્ડ કાસ્ટ ઓફ બોમ્બે'**-ગ્રંથ-૧

૧૧. નરસિંહભાઈ ભા. બ્રહ્મભટ્ટ, **'બ્રહ્મભટ્ટ-દર્પણ તથા કાવ્યશાસ્ત્ર અને બ્રહ્મભટ્ટ જાતિ'**, (કુતિયાણા, ૧૯૨૪) પૃ. ૨૩-૨૬.

૧૨. રેણુ સક્સેના, 'અમદાવાદ ફ્રોમ ૧૭૫૦ ટુ ૧૮૫૦-એ રિવ્યૂ ઓફ ઈટ્સ સોસાયટી, ઈકોનોમિક્સ એન્ડ ઈન્સ્ટિટ્યુશન, પીએચ.ડી. મહાનિબંધ, એમ. એસ. યુનિ. (વડોદરા, ૧૯૮૯) પૃ. ૮૫.

૧૩. એજન પૃ. ૮૫.

૧૪. ત્રિભુવન કા. બારોટ, **'ભટ્ટોત્પત્તિ',** : અમદાવાદ, ૧૮૯૫ : પૃ. ૯-૨૨.
૧૫. ન. ભા. બ્રહ્મભટ્ટ ઉપર્યુક્ત, પૃ. ૨૩-૨૬.
૧૬. છગનલાલ અ. કવિ (અનુ.) 'બ્રહ્મભટ્ટ દર્પણ', **ભટ્ટભાસ્કર :** માર્ચ-એપ્રિલ, ૧૯૨૧ : પૃ. ૨૬૯-૨૭૩.
૧૭. ન. ભા. બ્રહ્મભટ્ટ, ઉપર્યુક્ત પૃ. ૧૩.
૧૮. શ્રી ગિરવરસિંહ રાવ, **'બ્રહ્મભટ્ટ પ્રકાશ'**, આમેટનગર, રાજસમન્દ, ૧૯૯૪ (સંવત ૨૦૫૦) પૃ.૩
૧૯. એજન, પૃ.૪.
૨૦. એજન, પૃ.૧૨.
૨૧. એન્થોવાન, ઉપર્યુક્ત પૃ. ૧૨૩-૧૨૪.
૨૨. ન.ભા.બ્રહ્મભટ્ટ, ''ચર્ચાપત્રો'' **ભટ્ટભાસ્કર :** ઓક્ટો.-નવે. ૧૯૨૨ : પૃ.૧૨૧-૧૨૫.
૨૩. એન્થોવાન, ઉપર્યુક્ત પૃ. ૧૨૪.
૨૪. એજન, પૃ. ૧૩૩.
૨૫. એજન, પૃ. ૧૨૫.
૨૬. એજન, પૃ. ૧૨૫.
૨૭. એજન, પૃ. ૧૨૫.
૨૮. **ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસિડેન્સી,** ગ્રંથ-૯, ભાગ-૧ : મુંબઈ, ૧૯૦૧ : પૃ. ૨૦૭.
૨૯. એન્થોવાન, ઉપર્યુક્ત, પૃ. ૧૨૫.
૩૦. શ્રી નાનુભાઈ કા. બારોટ : વડનગર, તારીખ ૩-૬-૧૯૯૨ :
૨૨. શ્રી મંગળજી વા.જાગીરદાર : દુલાણા, તારીખ ૧૦-૬-૯૨,અને શ્રી શંભુસિંહ ગો. કવિરાવ, ભિટવાડા-રાજસ્થાન, તા.૨૫-૬-૧૯૯૨ : ની રૂબરૂ મુલાકાત.
૩૧. 'અનામી',**'બ્રહ્મભટ્ટ સુધારા સંગ્રહપોથી' :** અમદાવાદ, ડિસેમ્બર ૧૯૨૫ : પૃ.૩૬.
૩૨. **'સૌરાષ્ટ્રની પછાત કોમો',** સૌરાષ્ટ્ર પછાતવર્ગ બોર્ડ, મુંબઈ રાજ્ય, : રાજકોટ-૧૯૫૯ : પૃ. ૩૭૧
૩૩. એજન, પૃ. ૩૭૧-૩૭૪.
૩૪. જેમ્સ ફોર્બ્સ, **'ઓરિયેન્ટલ મેમોયર્સ'** ગ્રંથ-૩ : લંડન, ૧૮૧૩ : પૃ. ૨૨૬.
૩૫. એજન, પૃ. ૨૨૬.
૩૬. એન્થોવાન, ઉપર્યુક્ત, પૃ. ૧૨૪.
૩૭. ગોવિંદભાઈ હા. દેસાઈ, **'કડી પ્રાન્ત સર્વસંગ્રહ',** : વડોદરા, ૧૯૨૦ : પૃ. ૧૮૪.

❀

પ્રકરણ-૨

# ગુજરાતમાં બ્રહ્મભટ્ટ જ્ઞાતિનું સ્થાન : પ્રાગ્બ્રિટિશકાળ

બ્રહ્મભટ્ટજ્ઞાતિની ઉત્પત્તિને લગતી વિવિધ માન્યતાઓ તપાસ્યા પછી હવે, આ પ્રકરણમાં પ્રાગ્બ્રિટિશકાળ દરમ્યાન આ જ્ઞાતિના લોકોના પોશાક-પહેરવેશ, તેમજ પ્રચલતિ રીતરિવાજ, પારંપરિક પ્રણાલિકાઓ અને ધર્મપાલન બાબતે વિવિધ ગ્રંથોને આધારે અભ્યાસ કરીશું. સર્વપ્રથમ બ્રહ્મભટ્ટોને લગતી આવી માહિતી માટે આર. સી. એન્થેવાનને યાદ કરીશું, તેઓ નોંધે છે કે ''ભાટો બ્રાહ્મણ વાણિયા અને કણબી જેવા જ જણાતા હતા. પુરષો લાંબી અને ગુચ્છેદાર મૂછો તેમજ થોભિયા (રાજસ્થાની રાજપૂત જેવા) રાખતા હતા. તેઓ મંદિરમાં મુંડન કરાવતા (બાબરી ઉતરાવતા). તેમની સ્ત્રીઓ તેમજ દીકરીઓ રાજપૂત સ્ત્રીઓ કરતાં સહેજ જુદી જણાઈ આવતી. અન્ય કોમની સ્ત્રીઓ કરતાં તે સારા એવા પ્રમાણમાં ઊજળી અને ખૂબસૂરત જણાતી હતી. પુરુષોનો પોશાક તેમના ધંધા અને દેશકાળને અનુરૂપ રહેતો; જેમકે રાજપૂત રાજવીઓના ભાટ સુરવાલ અને ટૂંકો સુતરાઉ કોટ પહેરી ઉપર રાજપૂત શૈલીની પાઘડી (સાફો) બાંધતા. તેઓ કમરબંધ પર કટાર ખોસેલી રાખતા (આ કટાર બાબતે વિશેષ ઉલ્લેખ આગળ ઉપર કર્યો છે.) અને કોટમાં ચાર બટનવાળી સેર (સોનાની ચેઈન) પહેરતા. અગાઉના સમયમાં ટૂંકા સુતરાઉ કોટને બદલે પૂરા ઘેરવાળો અને પગની ઘૂંટીએ અઢે એવડો મોટો કોટ (ચોરણો) પહેરવામાં આવતો. રાણીમગા ભાટ પાઘડીની જગ્યાએ સ્ત્રીઓનો

લાંબો ચોરણો (ઝભ્ભો) માથે વીંટતા. સાધુ અને અતીત ભાટ ભિક્ષુક જેવાં કપડાં ધારણ કરતા, જ્યારે અન્ય ભાટ મધ્યમવર્ગીય હિંદુઓની માફક વસ્ત્ર પરિધાન કરતા, મધ્ય અને ઉત્તર ગુજરાતમાં ભાટ સ્ત્રીઓ લગભગ બાવીસથી ત્રીસ ફૂટ કાપડનો (છીંટનો) પૂરા ઘેરવાળો ઘાઘરો પહેરતી.[૧]

સૌરાષ્ટ્રની પછાત કોમોના જીવનની વૈજ્ઞાનિક રીતે તપાસ અને સંશોધન માટે નિમાયેલ બોર્ડે પોતાના સંશોધનનો જે ગ્રંથ બહાર પાડ્યો છે તે ''સૌરાષ્ટ્રની પછાત કોમો' અનુસાર આ કોમના ''પહેરવેશમાં રાજપૂત કુળોને ઘણો ખરો મળતો શરીરે ચોરણો, લાંબા ઝભ્ભા જેવો (લોંગ કોટ), લાંબી બાંયનું કસવાળું કેડિયું, માથે ભરાવદાર આંટીવાળી પાઘડી, તેમાંય ઝરી ભરેલી હોય, કમ્મરે ભેટ અને ભેટમાં કટારી, (આ કટારી ઉપરથી તેઓ ભાટ તરીકે અલગ ઓળખાઈ આવતા...) સ્ત્રીઓનો પહેરવેશ પણ રાજપૂત સ્ત્રીઓ જેવો જ હતો; જો કે તેમાં સ્થાનિક ઢબની છાંટ રહેતી''. આ જ ગ્રંથમાં આગળ નોંધ્યું છે કે ''સ્ત્રીઓ પણ સાચા મલમલના કસોવાળાં કાપડાં, ગાઢા રાતા રંગની જીમી પહેરતી અને માથે ઓઢણાં ઓઢતી. વૃદ્ધાવસ્થાએ પહોંચે ત્યારે તે રાતા વસ્ત્રોને બદલે કાળાં વસ્ત્રો પહેરતી.''[૨]

આ થઈ સૌરાષ્ટ્રની વાત, પરંતુ મારી (સંશોધકની) જાણ મુજબ (મેં જોયું છે તે મુજબ) ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતની બ્રહ્મભટ્ટ જ્ઞાતિમાં પુરષો મોટે ભાગે ઉપર્યુક્ત અને સમય સ્થળ મુજબ ઝભ્ભો પહેરણ-ધોતી, માથે ટોપી, ક્યારેક કાળી, ક્યારેક ગાંધી ટોપી કે પાઘડી પહેરતા. ઉત્તર ગુજરાતના પુરુષોમાં પાઘડી પહેરવાનો રિવાજ હતો. તે પણ ઉંમર મુજબ જુવાનો કેસરી-કથ્થઈ કે રંગબેરંગી અને વૃદ્ધો સફેદ પાઘડી પહેરતા. જેના ઘરમાં કોઈના મૃત્યુનો શોક હોય તે ખાસ કરીને સફેદ વસ્ત્રો અને સફેદ પાઘડી પહેરે કે સફેદ ખેસ માથે બાંધે, તેવો રિવાજ હતો. સ્ત્રીઓમાં કન્યા પિતાને ઘેર હોય ત્યાં સુધી મોટે ભાગે ચણિયો, ચોળી અને છૂટું ઓઢણું (ક્યારેક-હવે ખાસ-ફ્રોક કે અન્ય આધુનિક વસ્ત્રો પણ ખરાં), જ્યારે પરિણીત સ્ત્રીઓ સાડી-કબજો-ચણિયા વગેરે પહેરી ઘૂંઘટ કાઢતી. મોટી ઉંમરની સ્ત્રીઓ માટે પુરુષોની મર્યાદા જાળવવા લાજ-ઘૂંઘટની પ્રથા અમલમાં હતી. મોટી ઉંમરની સ્ત્રીઓ મોટા ઘેરવાળો-છીંટનો કે સાદો ચણિયો-ઘાઘરો તથા કબજો (બ્લાઉઝ) અને છૂટું ઓઢણું ઓઢતી. તેનાથી મોટી સ્ત્રીઓ બહુ ભડકીલાં ન હોય તેવા આછા રંગનાં વસ્ત્રો પહેરતી, જ્યારે વિધવા સ્ત્રીઓ માથે મુંડન કરાવતી, વૈધવ્યનું પાલન કરતી અને લાલ(સિંદૂરી) રંગનો સાડલો-કબજો અને ઘાઘરો પહેરતી. મૃત્યુ કે શોકના પ્રસંગે કાળાં વસ્ત્રો પહેરવામાં આવતાં

અને મરી જનાર પાછળ તેની ઉંમર અને સગપણ મુજબ શોક પાળવામાં આવતો. વિધવા સ્ત્રીને માટે પતિના મૃત્યુ પાછળ ચૂડલા-કર્મ (હાથની ચૂડીઓ ફોડવાનો વિધિ) કરીને ખૂણો પાળવાની પ્રથા ફરજિયાત હતી (જેમાં આવી સ્ત્રીઓ ત્રણ કે છ મહિના સુધી ઘરના ખૂણેથી બહાર જાહેરમાં જઈ શકતી નહીં. ગામડામાં સંડાસની વ્યવસ્થા ન હોય તેવાં ઘરોની સ્ત્રીઓ કુદરતી હાજતે જવા પણ લગભગ રાત્રે જ બહાર નીકળી શકતી.) બ્રહ્મભટ્ટોમાં પુનર્લગ્નની લગભગ સખત મનાઈ હતી; અલબત્ત કેટલાક વિસ્તારોમાં પુર્નલગ્ન થતાં, પરંતુ તેમ કરનાર લોકોને અભદ્ર માનવામાં આવતા.

જોકે વર્તમાન સમયમાં આધુનિક વસ્ત્રપરિધાન અને વિચારસરણી પ્રચલિત બનેલ છે, તેથી હવે કપડાં પહેરવા બાબતે પહેલાંના જેવી મર્યાદા કે બંધન રહ્યાં નથી, મૃત્યુ પાછળના રોવા કૂટવાના, પણજિયા-મરશિયા કે રાજિયા (એક પ્રકારના શોક-ગીતો) ગાવાની પ્રથા પણ લુપ્ત થતી જાય છે. આવાં શોકગીતો ગાતી વેળાએ મૃત્યુ પામનારની અંગત સ્ત્રીઓ વચ્ચે રહે અને આજુબાજુ કુટુંબ કે ગામની સ્ત્રીઓ રહે તથા બધી મૃત્યુ પામનારના ઘરના આંગણામાં વર્તુળાકારે ફરતાં ફરતાં બે હાથ માથાની ઉપર સુધી લઈ જઈ જોરથી (અંગત ન હોય તે ધીમેથી) છાતી પર હાથ પછાડીને છાતી કૂટતી અને શોકગીતો ગાતી. આ વખતનો દેખાવ અત્યંત કરુણ હોય. સ્ત્રીઓના સાડલા કસીને કમરે બાંધેલા હોય, વાળ છૂટા હોય અને રડતાં રડતાં છાતી કૂટીને ગીતો ગવાય તેના શબ્દો સાંભળી ભલભલા કઠણ કાળજાના માણસો પણ રડી પડે. એનાં ઉદાહરણો તરીકે કેટલાક શોકગીત મરશિયા, પણજિયા કે રાજિયા વગેરેનાં માત્ર મુખડાં (એકાદ બે પંક્તિઓ) અહીં નમૂના પૂરતી રજૂ કરી છે.

આવાં ગીતોમાં જુવાન વયે ગુજરી જનાર માટે અને વૃદ્ધ ઉંમરે ગુજરી જનાર માટેનાં ગીતોના શબ્દો જે રીતે જુદા હોય તે રીતે યુવાન કે વૃદ્ધ સ્ત્રીઓ માટેનાં ગીતોનાં શબ્દો પણ જુદા હોય છે.

દા. ત. જુવાન વયે વિધવા સ્ત્રીને પાછળ મૂકીને ગુજરી ગયેલ યુવક માટે

''રણે ચઢ્યો રે (૨) તારી અંતરા લૂંટી રણે ચઢ્યો.

તારી ભરજવાનીએ રણે ચઢ્યો,

તારી આંકડી મૂછે રણે ચઢ્યો.''

જ્યારે વૃદ્ધ પુરુષ માટેનો શબ્દો છે :

''વસ્તારી વેપારી બાપલશા.

ફૂલોની વાડીએ વાશીગના પૂર્યા.

ચોકમાં ચંપો રોપાય.

ટોડલે નાગરવેલ પથરાય... બાપલશા.''

જુવાન સ્ત્રી માટે ગવાતાં ગીત જોઈએ તો.

'મારી ગોકુળની ગોપી મથુરાની મૈયારણ,

મારી આકાશની વીજળી વહુબા,

મોતીઓનો મોડ ખીંટીએ ખમાયો (સધવા સ્ત્રી માટે),

મીરાંના માપનાં જલૂણી (વિધવા નિઃસંતાન સ્ત્રી માટે),

સોનાના સિંહાસને અમરાપુરે વાસીગના કર્યા.

નામને નૂતરાં સખપાલને છેડે સંઘર્યા.''

જ્યારે વૃદ્ધ સ્ત્રી માટે આ પ્રમાણે ગીત છે :

''મારી જાતને બની યાતો જલૂણી બા

મારી વસ્તારણ-વેપારણ

ભર્યાનાં ભાગીદાર જલૂણી બા''

આ તો માત્ર દૃષ્ટાંતરૂપે કેટલાંક મુખડાં આપ્યાં છે. આવાં ગીતો ગાઈને કૂટીને પણજિયા-મરશિયા સ્વરૂપે પણ ગવાય અને એ જ શબ્દોને જુદા આલાપ-વિલાપ સાથે મોં વાળીને (મૃતક પાછળ રાગ તાણીને વિલાપ કરવા-રડવાની પદ્ધતિ)થી ગાતાં પોતાનાં સ્વ. પૂજ્ય મોટીબાને સંશોધક વગેરેએ જાતે જોયાં - સાંભળ્યાં છે.[૩]

પૂર્વે આવું વાતાવરણ મેં (સંશોધકે) જાતે પણ જોયું છે, પરંતુ હવે તેમ રહ્યું નથી. મૃત્યુ પાછળ મૃત્યુની તિથિથી ત્રીજા દિવસે રવિ, મંગળ કે બુધવાર ન આવે તે રીતે પુરુષોમાં મુંડન (સુંવાળાં ઉતારવાં) અને મૂછો કઢાવવા (ક્લીન શેવ)ની પ્રથા હતી. ગામના કે કુટુંબના તમામ માણસો અકઠા થઈ સગપણ કે મૃતકની ઉંમર મુજબ આ મુંડનક્રિયામાં (સુંવાળામાં) ભાગ લેતા. ગામડામાં ગામકૂવે કે તળાવે બધાં કપડાં પલાળીને માથાબોળ નાહ્યા પછી કોગળો કરતા (રડતા રડતા) મૃતકના કે તેના સગાના (મૃત્યુ બહારગામ થયું હોય તો) ત્યાં જવાનો રિવાજ હતો. મૃત્યુને અગિયાર, બાર કે તેરમા દિવસે (આ અંગે જુદા જુદા સ્થળે જુદા રિવાજ હોવાથી) અનુક્રમે અગિયારમું,

બારમું કે તેરમું કરવામાં આવતું, જેમાં ગામ-કુટુંબ કે સમાજના લોકોને પાકું ભોજન (મિષ્ટાન્ન) કરાવવામાં આવત. વળી રોકડ અને વાસણની લહાણી (વહેંચણી) કરવામાં આવતી. ઘરદીઠ તમામ જમવા આવે અને ન આવી શકે તેને (જોખીને) મીઠાઈ અને બાકીનું જમવાનું આપવામાં આવતું. જોકે મોટા ભાગના સમાજસુધારકોએ અને જ્ઞાતિ પટેલોએ આ બાબતે વાંધો લઈ ઘણાં વર્ષોથી પ્રેતભોજન અને લહાણી-વહેંચણીની પ્રથા બંધ કરાવી છે અને મૃત્યુ પાછળ રોવા-કૂટવાને બદલે બેસણું કે શોકસભા રાખવાની પ્રથા અપવાની છે, છતાં આજે પણ મૃતકની પાછળ સુંવાળાં (મુંડનક્રિયા) ઉતારવાની તેની શય્યા ભરી મૃતકની ગમતી-શોખની ચીજવસ્તુઓ, નવા ખાટલા-પલંગ-ગાદલાં-ચાદર-રજાઈ-ઓશીકાં સાથે ખાવાપીવાની ચીજો ફળ-મીઠાઈ તથા વસ્ત્રો અને રોકડ રકમ સાથે તપોધન બ્રાહ્મણને દાનમાં આપવાની પ્રથા છે. વળી મૃતક પાછળ બ્રાહ્મણને ગોદાન કરવાની પ્રથા પણ (તે પાછળ એવી માન્યતા છે કે સ્વર્ગમાં વૈતરણી નદી પાર કરવા માટે આ ગાય મદદ કરે) પહેલાંની માફક છે; જો કે આ રીતરિવાજ ગામડાઓ કરતાં શહેરોમાં ઓછા કે હળવા પ્રમાણમાં જોવા મળે છે.

આ ઉપરાંત ગુજરાતભરના બ્રહ્મભટ્ટ સમાજમાં પ્રચલિત અન્ય સામાજિક રીતરિવાજો, પ્રથાઓ કે ક્રિયાઓ માટે 'સૌરાષ્ટ્રની પછાત કોમો' નામના ગ્રંથમાં નોંધ્યું છે કે ''સ્ત્રીઓ માસિક ધર્મ દરમિયાન ચારેક દિવસ (કેટલાંક સ્થળે પાંચ દિવસ) સુધી ઘરમાં કોઈને ન સ્પર્શવાની-આભડછેટ પાળવની પ્રથા પણ ખરી; જો કે તેનો આગ્રહ બધી જગ્યાએ રખાતો નથી. પ્રથમ ગર્ભાધાન પછી આવતે માસે ખોળો ભરવાનો રિવાજ કરાવી, તે દરમ્યાન લોટા ભરેલા પાણીથી અને ધાણી તથા સાકરથી હોળીને ફરતે અર્ઘ દેવામાં આવે પછી બધા લોકોની ધાણી, ખજૂર તથા સાકર વહેંચવામાં આવે. આ સમગ્ર પ્રસંગ ઢોલ-શરણાઈ સાથે વાજતે-ગાજતે કરવામાં આવે અને ગામનાં બાળકો જાતે બનાવેલ લાકડાની તલવારોથી તેમાં નાચગાન કરે (એવી પ્રથા પૂર્વે મેં પણ જોઈ છે.) નવજાત બાળકને આ પ્રસંગે ઝભલાં (કપડાં) ભેટ મળે. બાળક ત્રણ ચાર વર્ષનું થયેથી અનુકૂળતાએ મોવાળા (માથાના વાળ કે બાબરી) ઉતરાવે. કુળદેવી માતાને મીઠો ભોગ ધરે, સંબંધીઓને જમાડે. જનોઈ દેવાનો પણ ચાલ આ લોકોમાં પહેલાં હતો, હાલમાં દેવાતી નથી. જ્યારે બ્રહ્મભટ્ટોમાં એ ચાલ (યજ્ઞોપવીત) હજુય છે.[૪]

જન્મપ્રસંગની પ્રથા માટે અંગ્રેજ ઈતિહાસ લેખક આર. સી. એન્થોવાન ઉપર્યુક્ત મંતવ્યને લગભગ મળતી આવતી આ પ્રમાણેની નોંધ કરે છે : ''જન્મપ્રસંગે કોઈ ખાસ ઉત્સવ કરવામાં આવતો નથી. જન્મના છઠ્ઠા દિવસે છઠ્ઠીની (છઠ્ઠા દિનની) પૂજા કરવામાં

આવે છે, જ્યારે ઉત્તર ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રમાં છઠ્ઠને દિવસે (હકીકતમાં રાત્રે) કલમ શાહી અને કટારી) એક બાજઠ-પાટલા ઉપર વસ્ત્રી પાથરીને એમાં અનાજ બિચાવી એના પર વિધાત્રી દેવી સમક્ષ મૂકવામાં આવે છે. જન્મના છઠ્ઠા કે જ્યોતિષીએ નક્કી કરેલા દિવસે (રાશિ પ્રમાણે) બાળકનું નામકરણ એની ફોઈ કરે છે. બાળકના જન્મ પછીના વીસથી ચાલીસ દિવસ સુધી બાળકની માતા અપવિત્ર મનાય છે. બાળક જ્યારે એક વર્ષનું થાય ત્યારે પ્રથમ વાર રાંધેલ અન્નનું પાશાન ધરવાનો વિધિ પણ કરવામાં આવે છે.

યજ્ઞોપવીતની પ્રથા તળાજા ભાટમાં એકસરખી (રીતે પ્રચલિત) નથી, ત્રણ વર્ગો દ્વારા તે ધારણ કરવામાં આવે છે. પ્રથમ વર્ગમાં ધાવતા બાળકને યજ્ઞોપવીતવિધિ બ્રાહ્મણોના ધાર્મિક વિધિ જેવો જ હોય છે. જેમાં સાતથી અગિયાર વર્ષની વયે ધારણ કરેલ જનોઈ જીવનના અંતપર્યંત ધારણ કરેલી રાખવાનો રિવાજ ખરો. એ જ રીતે પ્રથમ પ્રસૂતિ ટાણે ખોળો ભરવાની પ્રથા છે. તેમાં બાઈને (સગર્ભા સ્ત્રીને.) કુંકુમ પગલાં ભરાવે. માવતર તરફથી કપડાં-દાગીના આવે. પ્રથમ સુવાવડ પિયરમાં જ કરવાનો આગ્રહ રાખે. પ્રસૂતિ વેળાએ સ્થાનિક સુયાણી કે જરૂર પડ્યે ડોક્ટરને બોલાવવા કે હોસ્પિટલમાં ખસેડવાનો બાધ ન રાખે. સુવાવડ પ્રસંગે પૂર્વે ઘરના એક ભાગમાં પડદો બાંધી સુવાવડી સ્ત્રીનો ખાટલો રાખવામાં આવતો. સુયાણી કે દાયણ બાઈ સુવાવડ કરાવતી અને વીસ દિવસ સુધી તેને સરસવના તેલની માલિશ સાથે ગરમપાણીથી ચોળીને સ્નાન કરાવવા તથા બાળકને માલિશ કરવા આવી બાઈ ઘેર જ આવતી. સુવાવડમાં ગુંદરપાક ખાવા માટે અને સૂવાનું પાણી ઘી તથા ગોળમાં પકવીને પાવામાં આવતું. વીસ દિવસ સુધી આવી બાઈ ઘરમાં પણ ક્યાંય હરી ફરી શકે નહીં અને સવા મહિના સુધી આભડછેટ પાળવામાં આવે તથા એવી બાઈને આરામ આપવામાં આવે તેવી પ્રથા મેં પણ જોઈ છે. (પુત્રીજન્મ કરતાં પુત્રજન્મથી વધુ આનંદ પ્રસરે.) મારા જાણવા મુજબ ગામમાં કોઈ બાઈને ત્યાં પુત્ર જન્મે તો, તેના ઘરમાં થાળી વગાડવામાં આવતી, જેથી આજુબાજુના લોકોને ખબર પડે. ત્યારબાદ એવી બાઈની સુવાવડ કરનાર બાઈને બક્ષિસ આપવામાં આવે અને ગામમાં મીઠાઈ વહેંચવામા આવે. બાળકને ગળથૂથી (ગોળ-ઘીનું ગરમ-પાકું-કરેલું પાણી)માં ગોળનું પાણી પાય. છઠ્ઠે દિવસે છઠ્ઠી કરે, તેમાં ખડિયો-કલમ અને છરી બાજઠ પર મૂકવામાં આવી હોય. બાળકને પડખાવું ગબડાવે ત્યારે પણ તેની સાથે કટારી તો રાખે જ. આ છરી કે કટારીને તેઓ ખાસ ચિહ્ન તરીકે માને છે. બાળકની ફોઈ આવીને, બ્રાહ્મણ પાસે રાશિ જોવડાવી બાળકનું નામ પાડે, તે બદલ બાળકના બાપદાદા પાસેથી એકાદ બે જોડ કપડાં ભેટ મેળવે. સગાં-સંબંધી તરફથી બાળકને પ્રથમ હોળીએ ઝેભ કરવાથી પ્રથા છે. હોળી પ્રગટ્યા પછી બાળકને તેનાં

દર્શન-પ્રદક્ષિણા કરાવવામાં આવે છે. બીજા વર્ગમા આવતા લોકોમાં લગ્ન સમયે વિધિ પૂરતો જનોઈ-સંસ્કાર કરવામાં આવે છે અને લગ્ન પછી તે ધારણ કરે કે કાઢી નાખે છે, જ્યારે ત્રીજા વર્ગમાં આવતા લોકોમાં-જેમના લગ્નની શક્યતાઓ ઘણી ઓછી હોય છે તેમાં વીસથી પચ્ચીસ વર્ષની ઉંમરે જનોઈ ધારણ કરવાનો રિવાજ છે. આ વર્ગમાં કેટલાક જનોઈ ધારણ કરી રાખે છે, જ્યારે કેટલાક પાછળથી તે ધારણ કરતા નથી.[૫]

હવે લગ્નસંબંધ, તેમાં પ્રચલિત રીતરિવાજ, બાળલગ્ન, પુર્નલગ્ન વગેરે બાબતે આ લેખકની મહત્ત્વપૂર્ણ નોંધ જોઈએ. અલબત્ત ઉપર્યુક્ત રિવાજોની માફક લગ્ન પ્રસંગના રીતરિવાજોમાં પણ હવે આધુનિકતા પ્રવેશી છે; જેમકે પહેલાંના સમયમાં જાનને ત્રણ દિવસ, પછી બે દિવસલ, પછી ત્રણ ટંક પછી, એક દિવસ અને હવે માત્ર એક ટંક ભોજન પૂરતી રોકવાની પ્રથા છે. તે સમયની બદલાતી જતી માંગ, જ્ઞાતિ સેવકો-સુધારકો અને 'ભટ્ટભાસ્કર' જેવાં જ્ઞસાતિમાસિકોએ કરેલ સુધારક પ્રવૃત્તિનું પરિણામ છે. જ્ઞાતિનાં લગ્નપ્રસંગોમાં આપવા-લેવામાં આવતા કરિયાવર અને દાયજો-દહેજ વગેરેમાં સમયાનુસાર ફેરફાર કરવા માટે આ તત્ત્વોએ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે, છતાં પૂર્વે આ પ્રથા કેવી હતી તે સૌ પ્રથમ એનથોવાનના શબ્દોમાં જોઈએ : ''ગુજરાતી ભાટના લગ્ન પ્રસંગે પટેલો કરતાં જુદા પડતા નથી. તેમના લગ્નના ખર્ચાઓ ભારે અને અસહ્ય તેમજ અનોખા હોય છે. કન્યાના પિતાએ વર શોધવાનો રહ છે. સારો સંબંધ કરવા હોય તો કિંમતી જણસો (ચીજવસ્તુ) તથા મોંઘા દાગીના આપવા પડે છે. કેટલાંક ગરીબ કુટુંબો કે જેમની પોતાની જરૂરિયાતો પણ અતૃપ્ત રહેતી હોય, પરંતુ અહમ્ એટલો જ ઊંચો હોય તેવા કુટુંબોમાં બાળકીની હત્યા કરવાનો રિવાજ પ્રચલિત હતો. ભોગ બનનાર બાળકને પાણી અને દૂધ ભરેલી કૂંડીમાં ડુબાડી ગૂંગળાવીને મારી નાંખવામાં-દૂધપીતી કરવામાં આવતી.[૬]

લગ્નના રિવાજ અને વિધિ બાબતે ''સૌરાષ્ટ્રની પછાત કોમો'' ભાગ-૩માં ખૂબ જ રસપ્રદ અને વિગતવાર માહિતી આપવામાં આવી છે તે જોઈએ :

''બાળલગ્નો તો (બ્રહ્મભટ્ટોમાં) થતાં નથી, પણ સગપણ વહેલાં થતાં અને હજી પણ ક્યાંક ક્યાંક થાય છે, પણ લગ્ન તો પુખ્ત ઉંમરે જ કરે છે; જો કે મારી જાણ મુજબ બનાસકાંઠા તથા સાબરકાંઠાના કેટલાક વિસ્તારોમાં અને રાજસ્થાનમાં ખાસ આજે પણ બાળલગ્નો થાય છે (અલબત્ત ચોરી છૂપીથી). વરકન્યાની પસંદગી મા-બાપ જ કરે છે, તેમાં કોઈ પ્રકારના ભાંજગડિયા (મધ્યસ્થી) રોકવામાં આવતા નથી. સગા-સંબંધીઓ આવાં સગવણ જોડવામાં અગત્યનો ભાગ ભજવે ખરાં, પરંતુ યજમાન કોમનાં સગપણ

જોડવામાં આ લોકો (વહીવંચા બારોટો) અગત્યનો ભાગ ભજવે છે. ઘરઘરની તેમની પાસે માહિતી એટલે યજમાનો તેમના મારફતે ઘણી માહિતી મેળવી લે તેમજ તેમની મારફતે વાત ચલાવે. આ તો યજમાનની વાત થઈ. બારોટ કોમમાં સગપણ સમયે બન્ને પક્ષના આપ્તજનો ભેગા મળે, ડાયરો પણ જામે. સામસામા ગોળધાણા ખવાય, ચા પિવાય (ઉત્તર ગુજરાતમાં કસૂંબા-પાણી ઘોલરાં-અફીણના બીનાં જીંડવા કે અફીણનું પાણી પિવાય.) આ સિવાય વિધિમાં ચાંલ્લા કરે. નાળિયેર અને રૂપિયો દેવાય. દહેજની રકમ પણ આ સમયે જ નક્કી થાય. લગ્ન પુખ્ત ઉંમરે અને બન્ને પક્ષની અનુકૂળતાએ ગોઠવાય. આ સઘળો વિધિ હિંદુ સંસ્કૃતિ મુજબનો જ. બંને પક્ષે તડામાર તૈયારીઓ થાય. માણેકથંભ રોપાય અને મંડપારોપણ થાય. ગણેશસ્થાપના થાય. વરકન્યાને પોતપોતાને ત્યાં પીઠી ચોળાય. સ્ત્રીઓ ગીતો ગાય. રાત્રે પણ પ્રાસંગિક ગીતો ગવાય. પૂર્વે લગ્નપ્રસંગે ગવાતાં ફટાણાં હવે કોઈ કોમનાં લગ્નોમાં સાંભળવા મળતાં નથી.

ઉદાહરણાર્થે કેટલાંક લગ્નગીતો જોઈએ :

**લગ્નસમયનું પ્રભાતિયું :**

સૂરજ ઊગ્યો રે કેવડિયાની ક્ડસે કે વેણલાં ભલે વાયાં રે.
સૂતા જાગો રે રાણી રાંદલના કંથ કે વેણલાં ભલે વાયાં રે.
દાતણ કરજો રે તુલસીને ક્યારે કે વેણલાં ભલે વાયાં રે.
સૂરજ... સૂતા જાગો રે નાની વહુના કંથ કે કે વેણલાં ભલે વાયાં રે.
સૂરજ... સૂતા જાગો.
લેજો લેજો રે દાતણિયાની ઝારી કે વેણલાં ભલે વાયાં રે. સૂરજ... સૂતા જાગો
દાતણ કરજો રે તુલસીને ક્યારે વેણલાં ભલે વાયાં રે. સૂરજ... સૂતા જાગો
મુખ લૂજો રે પોતડિયુંને છેડે કે વેણલાં ભલે વાયાં રે. સૂરજ... સૂતા જાગો
વીરા લેજો રે શ્રીરામનાં નામ કે કે વેણલાં ભલે વાયાં રે. સૂરજ... સૂતા જાગો

**અન્ય ગીતો**

વીરનાં સોનાનાં નગારાં, ભાઈનાં સોનાનાં નગારાં.
રૂપા કેરી દાંડી માણારાજ, વીરના હાથડિયામાં શું છે,
ભાઈના હાથડિયામાં શું છે, અમને ક્યોને માણારાજ.

વીરના હાથડિયામાં વીંટી, ભાઈના હાથડિયામાં વીંટી,
માથે પોંચીનો શણગાર, અમને ક્યોને માણારાજ...
કોયલ બેઠી જૂનાણાને ચોક, મોરલિયો બેઠો ગઢને કાંગરે માણારાજ
કોયલ માગે ઝૂમખાની જોડ, મોરલિયો માગે ઢળકતી ઢેલડી માણારાજ.
માંડવ લીલી અડીને પાળી થાંભલી માંડવ ઉંચેરો પડસ બેસારો
કુંવરિયાનો માંડવો.
માંડવ મ્હાલે રાણાને મ્હાલે રાયજી, માંડવ મ્હાલે હમીરભાલ દેહોતરે...
કુંવરિયાનો...
પરથમ થંભ વીરને હાદે થંભાવિયા, ભલેરા થંભ થંભાવજો.
કુંવરિયાનો...
થંભ રે થંભાવીને હીરલે જડાવજો, માણેકથંભ મોતીડે વધાવજો...
કુંવરિયાનો...
લીલૂડી ઘોડી ને પાતળિયો અસવાર, ઘોડલો તો બાંધ્યા આંબલિયાની ડાળ.
ચાબૂકડો વળગાડ્યો વડની વડવાઈએ. લીલૂડી...
લાંબી તે લાંબી રાજકોટ શહેરની બજાર...
વેવાયોની બેટી રમે મોતીડે, મોતી તે લાધ્યું છગનભાઈ વરરાજા રે.
ઘરડેતી આવીને ઝઘડો માંડિયો, દાદા મુજબે પાતલડી પરણાવ.
લેરબડી પરણવાની વીરને હોંશ ઘણી, ખર્ચું તે ખર્ચું લાખ બે લાખ
હમણાં પરણાવું મારા મોભી તમને,....... : વગેરે :

આમ લગ્નગીતોનો મહિમા વિશેષ. ગીતો ગવાય ત્યારે આનંદનું મોજું ચોતરફ ફરી વળે. લગ્નતિથિએ જાન આવી પહોંચે. પહેલાં જાનો ગાડાં તેમજ ઘોડા ઉપર આવતી. હવે તો એ જમાનો લગભગ ગયો કહી શકાય. જાન પ્રથમ તો ગામના પાદરે આવી ઊભી રહે. પહેલાં તો માંડવિયાના એકાદ બે બહાદુર ભાયડા ઘોડે ચડી જાન જ્યાં ઊભી હોય ત્યાં જઈ ચડતા અને કોઈ જાનૈયાનું ફાળિયું ઉપાડી લાવતા. જો એમ કરતાં પકડાઈ જાય તો તેની પાઘડી જાનૈયા લૂંટી લેતા. આ વિધિ ફાળવવાના રિવાજ તરીકે

ઓળખાતી. (ઉત્તર ગુજરાતમાં વરના બૂટ અને કન્યાપક્ષના રસોડેથી એકાદ નાનકડું વાસણ લોટો-પવાલું સંતાડવાનો રિવાજ હતો.) હવે આ પ્રથા રહી નથી. હવે તો જાન આવે ને વાજતે ગાજતે સામૈયાં થાય. કુંવારી સાળી અને કન્યાની મા માથે કળશ અને નાળિયેર લઈને જાય. સામૈયાં પતે. જાનને વાજતે ગાજતે ઉતારે આણે, તેમની પૂરેપૂરી સગવડતા સચવાય તથા સરભરા થાય.

લગ્નના અન્ય વિધિ હિંદુ ધર્મ મુજબના જ. વરરાજા માંડવે આવે ત્યારે સાસુ (યા પાટલા-સાસુ = મોટી સાળી) પોખેં, માંડવા નીચે વરકન્યાને બેસાડ્યા, વરરાજાનો પોશાક પણ કેવો ! શરીરે શેરવાણી કે ચોરણી, માથે સફેદ દૂધ જેવો સાફો (ક્યારેક રંગીન પણ) અને તેમાં કલગી, પગમાં (ભરતકામવાળી) મોજડી, કમરે ભેટ અને ભેટમાં તલવાર. કન્યા પણ સોળે શણગારમાં હોય. વર-પક્ષ તરફથી આવેલાં વસ્ત્રો અને ઘરેણાં પહેરે. (સ્ત્રીઓ ડોકમાં હાંસડી, ઝરમર, કંઠી, બોરમાળ-મગમાળ વગેરે) કાનમાં ઠોળિયો – કડીઓ. (પાંદડીઓ, ઝુમ્મર, બાવડામાં બાજુબંધ, કડાં) રામનામી-બેરખાં (પગમાં ચાંદીની કડલાં-ઝાંઝર) આંગળીએ કરડા-કરડી, વીંટી અને વેઢ. પુરુષો ડોકમાં કંઠો યા માળા, કાનમાં મરચી, ઝોલા, (પગમાં ચાંદીના તોડા), કમરે કંદોરા, હાથમાં વીંટી, (પહેરણમાં સોનાની ચેનવાળાં બટન) વગેર આભૂષણ પહેરાતાં. કન્યા ઘૂમટો તાણીને બેસે. કન્યાદાન દેવાય. હસ્તમેળાપ અને માયરાં થાય. તે પછી ફેરા ફેરવાય અને ચોરીઓ વિધિ થાય (સપ્તપદી બોલાય). આમ બધા વિધિ બ્રાહ્મણ જ કરાવે. તેમના ગોર અલગ હોય. બે-ત્રણ ટંક જાનને રોકવામાં આવે. હાલમાં એકજ ટંકનો રિવાજ છે. સૌની રૂબરૂ માંડવા નીચે દેહજ ભરાય. બીજે દિવસે પહેલાં તો આખા ગામનો ડાયરો (રાવણું) ભરાતો. આજે પણ ગામડામાં આ રિવાજ છે. તેમાં ગામને ચાપાણી (રોકડ રકમ) અપાય. વાળંદ, કુંભાર, ઢોલી વગેરે વસવાયાંને પણ અપાય. આ પછી જાન ઊઘલે (વિદાય થાય). જાનડીઓ ગીતો ગાય. ઘેર આવી વરકન્યા માતાના (કુળદેવીના) સ્થાનકે છેડાછેડી છોડે, નૈવેદ્ય પણ ધરાવે. સાસરે આવી વહુ પોતાના વરથી વડીલ સૌ પુરુષો (ક્યારેક સ્ત્રીઓનો પણ) ઘૂમટો કાઢે.[૭]

હવે વિધવાવિવાહ કે પુનર્લગ્ન માટે આ બંને આધારગ્રંથો શું જણાવે છે તે જોઈએ. સૌ-પ્રથમ સૌરાષ્ટ્રની પછાત કોમોમાં નોંધેલ હકીકત જોઈએ તો ‘‘વિધવા બાઈ ઘરઘરણું (પુનર્લગ્ન) કરી શકે છે. (ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં આ રિવાજ ન હતો. સૌરાષ્ટ્રમાં તે વિશેષ પ્રચલિત હતો.) આગલા ઘરનાં (પોતાનાં) સંતાનો ઉપર તેના મૂળ વાલી વારસોનો હક્ક મનાય છે અને તે જ તેનું ભરણપોષણ તથા ઉછેર કરે છે. દેરવટાની છૂટ નથી. પતિ-પત્નીને અણબનાવ બહુ ઓછા બને છે.[૮]

જ્યારે આ બાબતે એન્થોવાન ઘણી જ વિગતવાર માહિતી આપતાં જણાવે છે કે ‘‘પૂર્વે બ્રહ્મભટ્ટ સિવાય બાકીના તમામ ભાટોમાં વિધવાવિવાહ હતો. વિધવા સ્ત્રી પોતાની ફોઈ, માસી કે મામાના દીકરા સાથે અથવા પોતાના સદ્‌ગત પતિના વિભાગના કોઈ સભ્ય સાથે લગ્ન કરી શકતી નહીં, જ્યારે અન્ય એક નોંધ મુજબ તે વિધવા સ્ત્રી પોતાના મૃત પતિના નાના ભાઈ (તેના દિયર) કે શ્વસુર પક્ષના કોઈ પણ સભ્ય સાથે લગ્ન કરી શકતી. વિધવા-વિવાહ રવિવાર-મંગળવાર કે ગુરુવારે જ સંપન્ન થતા. વિધવા પોતાના માથા ઉપર હેલ (પાણી-ભરેલાં બે મટકાં) મૂકી તેના થનાર પતિને ઘેર જતી, જ્યાં (તેનો થનાર પતિ તેની હેલ ઉતારે ત્યારબાદ) ઘરમાં ગણપતિની સ્થાપના કરી, તેની આગળ ઘીનો દીવો પ્રગટાવી નવદંપતી ભગવાન સમક્ષ બેસે ત્યાં બંનેની કમરે નાડાછડી બંધાય, કપાળે કંકુની અર્ચા કરાય, અધોવસ્ત્રની છેડાછેડી બંધાય, ત્યારબાદ એકી બેકી (odd & evens) કે વીંટીઓની રમત રમવાનો વિધિ થાય તે પછી ગોળ કે પતાસાં વહેંચાય. આમ લગ્નોત્સવ સંપૂર્ણ થતો... આવા લગ્નવિધિને કાઠિયાવાડમાં પ્રચલિત લગ્નનો દરજ્જો આપવામાં આવતો હતો.[૯]

એન્થોવાન પોતાના ઉપર્યુક્ત ગ્રંથમાં છૂટાછેડાના વિધિની માહિતી આપતાં જણાવે છે કે ‘‘મોટા ભાગના ભાટોમાં છૂટાછેડા અપાતા. તે પતિ કે પત્નીના સાચા તહોમતને આધારે આપવામાં આવતા. તેમાં જો પતિ છૂટાછેડાની માંગણી કરે, તો તે પોતાની પત્નીને ‘‘મા’’ કે ‘‘બહેન’’ કહી પોતાની પાઘડીના છેડામાંથી એક ટુકડો ફાડી આપતો અને જો પત્ની તે માગે તો તે પોતાના પતિને ‘ભાઈ કે બાપ’ કહી પોતાની ઓઢણીનો એક છેડો ફાડી આપતી (આમ છેડાછૂટકો કે છૂટાછેડા-છેડા ફાડીને લેવા કે આપવામાં આવતા). છૂટાછેડામાં પોતાના સમાજની સંમતિની જરૂર ન હતી. છૂટાછેડા લીધેલી સ્ત્રી પુનર્લગ્ન કરી શકતી. વ્યભિચારિણી સ્ત્રીને જ્ઞાતિબહાર મૂકવામાં આવતી.[૧૦]

બ્રહ્મભટ્ટ સમાજના મોટા ભાગના લોકોમાં પ્રચલિત ધર્મપાલન, ધાર્મિક પરંપરાઓ વગેરે બાબતે એન્થોવાન આ પ્રમાણે નોંધ કરે છે. ‘‘આ જ્ઞાતિ હિંદુ ગૃહસ્થાશ્રમના નિયમોનું પાલન કરે છે... ભાટલોકો ધર્મે રામાનુજ, શૈવ અને વૈષ્ણવ છે. તેઓ અંબાજી, બહુચરાજી તેમજ મહાકાલીના પૂજકો છે. કાઠિયાવાડમાં (ખાસ કરીને પાલીતાણામાં) કેટલાક ભાટ જૈનધર્મી પણ છે. લગભગ ૧૮૫૦ પછી કેટલાક ભાટ કબીરપંથી, પ્રણામી તેમજ સ્વામિનારાયણ જેવા સંપ્રદાયોના અનુયાયી બનેલા જણાયા છે. તેઓ પોતાના ઘરોમાં ગણપતિ, માતાજી, શિવજી તેમજ ભગવાન વિષ્ણુની છબીઓ (મૂર્તિઓ) પૂજે છે. ગામના મંદિરે (દર્શનાર્થે) જાય છે. શ્રીમંત લોકો દ્વારકા, બનારસ (કાશી) અયોધ્યા, મથુરા, જગન્નાથપુરી તેમજ અન્ય ધર્મસ્થાનોની યાત્રા કરે

છે. પોતાની કુળદેવીની સ્થાપના શ્રીફળની જોડ ગોખલામાં મૂકીને કરવામાં આવે છે. પૂજા સમયે (નવરાત્રમાં) તેની સમક્ષ શુદ્ધ ઘીનો દીવો પ્રજ્વલિત કરવામાં આવે છે. બ્રહ્મભટ્ટોમાં મેરસના રાવ અને રણાનાં કુળદેવી રક્ષકદેવી ચામુંડા માતા છે. કાશિયાની, પર્વતાની, હરમાની, ઇન્દ્રાની તેમજ દેવલૂક (દેવપૂજા, કીર્તન વગેરેનું કામ કરતા હોવાથી દેવલૂક) શાખના ભાટની કુળદેવી કાલિકા છે. એ જ રીતે નખલાની કુળની કુળદેવી ભવાની માતા છે. વાલોયા અને ધનાનીના બ્રહ્માણી સિંધવાનીનાં ખોડિયાર અને ગોધાવાનીનાં કુળદેવી વાઘેશ્વરી માતા છે. એ જ રીતે અન્ય ભાટોમાં પણ હોય છે. (મુસ્લિમ ભાટ) પીરની પૂજા કરે છે અને તેમને શ્રીફળ અર્પણ કરે છે.''[૧૧]

મુસ્લિમ ભાટ વિષે વિગતે માહિતી આપતાં એન્થોાન આગળ નોંધે છે કે ''આ લોકો મૂળે બારોટ હતા. લગભગ સાત પેઢીઓ પૂર્વે બારોટોમાં જમીન બાબતે ઝઘડો થયો અને ભાવનગર તાબાના તળાજા પાસે ઝાંઝમેરમાં આંતરકલહ વધ્યો ત્યારે આ કોમમાં બે ભાગલા પડ્યા. તે પછી કેટલાક કુટુંબો ઘોઘા ચાલ્યાં ગયાં. ત્યાં મુસ્લિમ શાસન હોવાથી ત્યાં શાસક દાઉદ-કુરેશી પાસે જઈ એમણે ઇસ્લામ ધર્મ અંગીકાર કરી ત્યાં વસવાટ શરૂ કર્યો. ઇસ્લામ અંગીકાર કરવાને લીધે સૂબાએ તેમને ઇનામમાં જમીનો આપી.''

આ મુસલમાન ભાટ રાણે તરીકે ઓળખાય છે. તેઓ મોટે ભાગે ભરૂચ અને ખેડા જિલ્લામાં તેમજ વડોદરા રાજ્યમાં જોવા મળે છે. તેઓ પોતાની જાતમાં મુસલમાનોને ભળવા દેતા નથી. તેઓ માત્ર પોતાની જાતમાં જ પરણે છે. તેમનામાં પણ બે વિભાગ છે, જેમાંનો એક વિધવા-વિવાહ કરે છે, જ્યારે બીજો કરતો નથી. આ બંને વિભાગો પરસ્પર રોટીવહેવાર રાખે છે, પરંતુ બેટીવહેવાર (લગ્નસંબંધ) રાખતા નથી. આ લોકો ધર્મે સુન્ની છે અને મહંમદ સાહેબ તથા તે પછીના ખલીફાઓને માને છે. તેઓ તમામ મુસ્લિમ ઉત્સવો ઊજવે છે. તેઓ પોતાના પૂર્વજીવનના ધર્મ (હિંદુ ધર્મ)નો એક રિવાજ પ્રથમ પુરુષ બાળકની બાબરી (મુંડન) વખતે કુળદેવીને મીઠા ભોજનનો ભોગ ધરાવે છે અને પૂજાપાઠ કરે છે. સુરતના કાદરી સૈયદ તેમના ધાર્મિક વડા છે. તેમાંથી કેટલાક કુરાનેશરીફના પાઠ કરે છે; જો કે પૂર્ણ રીતે નહીં. મોટા ભાગના વારસાગત રીતે જમીનદાર છે. થોડાક કારકૂન કે શાળાના શિક્ષકો તરીકે પણ સેવા આપે છે.''[૧૨]

આ જ લેખકે આગળ નોંધે છે કે, ''પૂર્વે જ્યારે ગામમાં ચેપીરોગ શીતળા ફેલાતો ત્યારે તેના પ્રતિનિધિ દેવને (બળિયા દેવને) રીઝવવા માટે ગાય દોહીને તેના દૂધનો ભોગ ધરાવવામાં આવતો અથવા યજ્ઞ કરવામાં આવતો. જ્યારે કોઈ પૂર્વજ

યુદ્ધટાણે વીરગતિને (મૃત્યુને) પામતો ત્યારે તેની ખાંભી (પાળિયો) ઘોડેસવારના સ્વરૂપમાં (તેવી મુદ્રામાં) મૂકવામાં આવતી અને તેની દિવાળીના દિવસોમાં પૂજા કરવામાં આવતી. કર્મકાંડી બ્રાહ્મણોને ચોખા, ઘઉંનો લોટ, ઘી, ગોળ અને રોકડ રકમનું દાન કરવામાં આવતું. ભાટ લોકો તમામ હિંદુ, તહેવારો, ભૂત-પ્રેત કાઢવાની રીતો જાદુ-શુકન-અપશુકન વગેરેમાં માનતા. તેમના કુળગોર ઔદીચ્ય, મોઢ, પ્રશ્નોરા કે શ્રીમાળી બ્રાહ્મણો છે, જે તેમના તમામ ઉત્સવ પ્રસંગે હાજર કરે છે... કોઢિયા (માણસો) કે અઢાર માસથી નીચેના બાળકને માથું ઉત્તરમાં રહે તે રીતે ચત્તાં સુવાડીને દફનાવવામાં આવતાં, તે સિવાય સર્વેની દહનક્રિયા-અગ્નિસંસ્કારમાં કોઈ જ વિશેષ તફાવત નથી.[૧૩]

આમ ઉપર્યુક્ત તમામ ચર્ચાવિચારણા પરથી એમ થાય છે કે ઐતિહાસિક અને સાંસ્કૃતિક દષ્ટિએ આ જ્ઞાતિએ અત્યંત મહત્ત્વપૂર્ણ ભૂમિકાઓ ભજવી છે. પૌરાણિક કાળની માફક મધ્યકાળમાં પણ આ જ્ઞાતિને પવિત્ર ગણવામાં આવતી અને એ રીતે આ જ્ઞાતિને ગુજરાતના સાંસ્કૃતિક જનજીવનમાં મહત્ત્વપૂર્ણ ભાગ ભજવ્યો છે. એક બાજુ રાજા મહારાજા વચ્ચેના કોલ-કરારોમાં તેમની હાજરી અનિવાર્ય ગણાતી, તો બીજી બાજુએ યુદ્ધને ટાણે તેમનાં શૌર્ય-તર્પણનાં ગીતો વિના સૈનિકોમાં અને પ્રજાજનોમાં વીરતા અને સ્વદેશપ્રેમની ભાવનાઓ જગાડવી મુશ્કેલ હતી. એ જ રીતે આ લોકોએ રાજા મહારાજાઓ અને જનસામાન્યની વંશાવળીઓ તૈયાર કરીને એક બાજુ લોકોની પ્રશસ્તિ કરતા તો સાથે સાથે કર્નલ ટૉડ અને ક્વિનલોક ફોર્બ્સના મતે આ રીતે ઇતિહાસ લેખનની કામગીરી બજાવતા. આમ સમ્રપણે જોઈએ તો આ લોકો રાજા-મહારાજાથી માંડી સામાન્ય માનવી સુધી સંકળાયેલ હતા. તેઓ જાતે પણ ખેતીવાડી જેવા સ્થાનિક વ્યવસાયમાં સંકળાયેલા હતા, તેથી જનજીવનના એક ધબકાર સમાન આ પ્રજાએ તે ધબકાર સાંભળ્યા કે માત્ર ઝીલ્યા જ નહીં, પણ એને ઘેર ઘેર અને વ્યકિત વ્યક્તિ સુધી પહોંચતા પણ કર્યાં.

ઈ. સ. ૧૮૧૮માં ગુજરાતમાંથી મરાઠી સત્તા લુપ્ત થતાં, તેને સ્થાને બ્રિટિશ હકૂમત સ્થપાઈ. આ સમયે ગુજરાતમાં વહીવટીતંત્ર તેમજ કેળવણીવિષયક કે કાયદા-કાનૂને ક્ષેત્રે અત્યંત ઝડપથી પરિવર્તન આવવા લાગ્યાં, તેના ભાગરૂપે આ લોકોએ પણ પરંપરાગત વ્યવસાય, રીતરિવાજો અને અન્ય સંબંધિત કાર્યોમાં પરિવર્તન આણ્યું. આ પરિવર્તનની પ્રક્રિયા તેમજ તેનાં ગતિવિધિ શાં હતાં, આ લોકો કેવા સંજોગોમાંથી પસાર થયા અને બ્રિટિશકાળ દરમિયાન એમની પરિસ્થિતિ કેવી હતી, તે અંગે આપણે હવે પછીના પ્રકરણમાં ચર્ચા કરીશું.

# પાદનોંધ :

૧. એન્થોવાન, ઉપર્યુક્ત, પૃ. ૧૨૬.

૨. સૌરાષ્ટ્રની પછાતકોમો, ઉપર્યુક્ત, પૃ. ૩૯૮-૩૯૯.

૩. બ્રહ્મભટ્ટ તુલસીબહેન ચતુરભાઈ અને બ્રહ્મભટ્ટ ડાહીબહેન મણિલાલ ભાટવાસ : તા. ખેરાળુ, તા. ૧૦-૧૨-૯૨ : ની રૂબરૂ મુલાકાત.

૪. સૌરાષ્ટ્રની પછાત કોમો, ઉપર્યુક્ત પૃ. ૩૮૭-૩૯૩.

૫. એન્થોવાન, ઉપર્યુક્ત, પૃ. ૧૨૭.

૬. એજન, પૃ. ૧૨૭.

૭. સૌરાષ્ટ્રની પછાત કોમો, ઉપર્યુક્ત, પૃ. ૩૮૮-૩૯૩.

૮. એજન, પૃ. ૩૯૩-૩૯૪.

૯. એન્થોવાન, ઉપર્યુક્ત, પૃ. ૧૨૮.

૧૦. એજન, પૃ. ૧૨૯.

૧૧. એજન, પૃ. ૧૨૯.

૧૨. એજન, પૃ. ૧૩૦.

૧૩. એજન, પૃ. ૧૩૩.

❀

પ્રકરણ-૩

# બ્રિટિશ શાસન અને બ્રહ્મભટ્ટ જ્ઞાતિમાં પરિવર્તન - ૧૯મો સૈકો

ગત પ્રકરણમાં પ્રાચીન તથા મધ્યકાલીન ગુજરાતના સાંસ્કૃતિક જીવનમાં બ્રહ્મભટ્ટ જ્ઞાતિની જે સ્થિતિ હતી તેની સવિસ્તર ચર્ચા કરી. એ બાબત પર વિશેષ ભાર મૂક્યો છે કે વંશપરંપરાગત રાજાશાહી ધરાવતી ગુજરાતમાં બ્રહ્મભટ્ટોએ કોઈ એક જ નહીં, પરંતુ વિવિધ પ્રકારની ભૂમિકાઓ ભજવી હતી. બ્રહ્મભટ્ટો તેમના વિશિષ્ટ કૌશલ્યોને કારણે રાજા-મહારાજા તેમજ સામંતોમાં માનપાન પામ્યા હતા તેમજ જનસામાન્યમાં પણ તેઓ પરંપરાગત કવિઓ તેમજ ઇતિહાસકારો તરીકે લોકપ્રિય બન્યા હતા. વળી જે જમાનામાં માર્ગો પર લૂંટારાઓ અને ડાકુઓનો ત્રાસ હતો તે જમાનામાં વેપારીઓને ભયમુક્ત કરનાર પણ તેઓ જ હતા. વેપારીઓ, રાજવીઓ અને સામંતો વચ્ચે થતી નાણાકીય લેવડદેવ બ્રહ્મભટ્ટોની મધ્યસ્થી વગર ભાગ્યે જ થતી. આ સંદર્ભમાં પેશ્વા રઘુનાથરાવે જ્યારે નડિયાદ પર હુમલો કર્યો ત્યારે આ લોકોએ કેવા ત્રાગાં કર્યાં હતાં અને કેવી રીતે આત્મસમર્પણ કર્યાં હતાં તે બાબતની પણ આપણે આ પ્રકરણમાં નોંધ લીધેલ છે.

બ્રિટિશ શાસનના પ્રારંભકાળે, સામાજિક ક્ષેત્રે પણ પરિવર્તન આવવા લાગ્યું હતું. ‘‘ગુજરાતમાં સામાજિક પરિવર્તનની દૃષ્ટિએ ઓગણીસમો સૈકો મહત્ત્વનો હતો.’’[૧] ઈ. સ. ૧૮૧૮માં ગુજરાતમાં અંગ્રેજ હકૂમત સ્થપાતાં, જે રીતે સામાજિક પરિવર્તનનો એક નૂતન પ્રવાહ શરૂ થયો તે જ રીતે આર્થિક ક્ષેત્રે પણ એક નવો જ પ્રવાહ શરૂ થયો.

પરિણામે પરિવર્તનશીલ ગણાતી ગુજરાતી જ્ઞાતિઓમાં નવી સામાજિક ચેતનાઓનો ઉદય થયો અને આપખુદ જ્ઞાતિઓમાં જ સુધારાનો એક અદ્‌ભુત પ્રવાહ પ્રારંભાયો. આ તમામ પરિબળોની અસર બ્રહ્મભટ્ટ જ્ઞાતિ પર પડે તે અત્યંત સ્વાભાવિક જ હતું. બ્રિટિશ શાસન તેની પૂર્વેના હિંદુ શાસકોની માફક 'ગોબ્રાહ્મણપ્રતિપાળ'ના હિંદુ આદર્શોને વરેલું ન હતું. બ્રિટિશ શસનનો મૂળ હેતુ ભારતની સંપત્તિને પોતાના દેશ તરફ ખેંચી જવાનો હતો. તેના એક ભાગરૂપે તે સમયની મુંબઈ સરકારના અધિકારીઓએ ખેડૂતો અને જમીનદારો પાસેથી જેમ બને તેમ વધુ પ્રમાણમાં જમીનમહેસૂલ મેળવી લેવાના પ્રયાસો આદર્યા હતા, સાથે સાથે અંગ્રેજોએ વહીવટીતંત્રમાં મૂળભૂત ફેરફારો પણ કર્યા હતા. વર્ષોથી ચાલી આવેલ લોક-પ્રણાલિકાઓને સ્થાને તેમણે સામાજિક કરારનો સિદ્ધાંત દાખલ કર્યો. વળી અંગ્રેજોએ ઠગ-પીંઢારાઓનો નાશ કરીને વેપારી માર્ગોને સુરક્ષિત બનાવ્યા. હવે ત્રાગાંને સ્થાને અદાલતો અને વકીલોની કાર્યવાહીવાળી સંસ્થાઓ શરૂ થઈ. આ તમામ પરિબળોને વાવાઝોડાની માફક એવું તો ત્વરિતપણે કામ કર્યું કે જેને લીધે પરાપૂર્વથી ચાલી આવતી બ્રહ્મભટ્ટપ્રણાલિકા લુપ્ત થવા લાગી. આ ઘટના સાચે જ અભૂતપૂર્વ હતી. તેને વિષે હવે આપણે આ પ્રકરણમાં વિગતે અભ્યાસ હાથ ધરીશું.

શ્રી પુરુષોત્તમદાસ શાહે પોતાના પુસ્તક, ''ચરોતર સર્વસંગ્રહ''માં નોંધ્યું છે કે ''મુસલમાન સત્તાની પડતી અને મરાઠી સત્તાના ઉદય તેમજ અસ્તનો સંક્રાંતિકાળ એટલે બ્રિટિશ શાસનની સ્થાપના પહેલાંનો કાળ, જે ગુજરાત માટે એક અંધકારયુગ હતો.''[૨] પરંતુ ઈ. સ. ૧૮૧૮ની ગુજરાતમાંથી મરાઠી સત્તાનો સૂર્ય આથમી જતાં બ્રિટિશ શાસનનો સૂર્યોદય થયો, જેના પ્રકાશમાં સમગ્ર ભારતવર્ષની સાથે સાથે ગુજરાતમાં પણ શાસન પ્રણાલિકાને ક્ષેત્રે આમૂલ પરિવર્તનના શ્રીગણેશ મંડાયા. આ પરિવર્તન એટલે પરાપૂર્વથી ચાલી આવતી શાસન-પ્રણાલિકાને સ્થાને આધુનિક શાસન-પ્રણાલી તરફનો નવો અભિગમ. મોગલો તેમજ મરાઠાઓના સામ્રાજ્યના સૂર્યાસ્ત પછી ૧૯મા સૈકાના પ્રારંભે ચોક્કસ વગદાર જૂથો ઉદ્‌ભવ પામ્યાં, જેમણે પરિવર્તનને લીધે મળતી તકોનો ઉપયોગ ભારતીય સમયજમાં પોતાની વગને સુદૃઢ કરવા માટે કર્યો, એટલું જ નહીં, પણ પોતાની અનુભવ પૂંજી તેમજ શાસકીય વર્ગ સાથેની નિકટતા તથા અંગ્રેજી ભાષા તરફની સાહજિકતા વગેરે કારણોને લીધે (આવાં વગદાર જૂથોએ) શાસકીય આધુનિકીકરણના આ યુગમાં પણ રાજકીય તેમજ સામાજિક હોદ્દાઓ પર પોતાનો અધિકાર જમાવ્યો.

વાસ્તવમાં ૧૮મી સદીમાં વગદાર રહેલ (એવાં) તમામ જૂથોને ૧૯મી સદીમાં પણ સમૃદ્ધિ અને સત્તા હસ્તગત થઈ હતી તેમ નથી, પરંતુ જેમની સહાયતાને લીધે અંગ્રાજોનું વહીવટી કાર્ય સહજ અને સરળ બની શકે તેમ હતું તેવાં જૂથોને જ આ માન મળ્યું હતું. બ્રહ્મભટ્ટ જ્ઞાતિ આવા પ્રમુખ વગદાર જૂથો પૈકીની પ્રથમ હરોળમાં આવી

જતી હતી, કારણ કે તેની પાસે સમગ્ર રાજ્યનું ઝીણવટભર્યું અને અંગ્રેજ શાસકો માટે તદ્દન અનિવાર્ય કહી શકાય તેવું જ્ઞાન હતું. આવી ઝીણામા ઝીણી માહિતી તેમજ પરિસ્થિતિથી ઘણા અંગ્રેજો અજાણ હતા, માટે આ જ્ઞાતિના વર્ગ કે જૂથને બ્રિટિશ શાસને પણ પ્રારંભકાળમાં સહજ રીતે જ સ્વીકારી લીધું અને તેના આધારે વહીવટીકરણમાં સરળતા, સહજતા તથા નવીનતા આવી. ઈ. સ. ૧૮૧૨ પછીના સમયે બ્રિટિશ વહીવટીતંત્રમાં વહીવટીય નિયિમિતતા અને આવડત માટે અંગ્રેજોનું પૂર્વગ્રહયુક્ત માનસ તથા અર્થતંત્ર તેમજ માનવીય દૃષ્ટિએ અંગ્રેજોને બારોટ જ્ઞાતિનું વહીવટીતંત્રનું વર્ચસ નડતરરૂપ જણાવા લાગ્યું, જે એમણે ક્રમશઃ અને કુનેહપૂર્વક જે રીતે દૂર કર્યું તે અંગે આપણે ચર્ચા હાથ ધરીએ તે પહેલાં બ્રહ્મભટ્ટ જ્ઞાતિનાં વ્યવસાય, પરંપરાગત પ્રવૃત્તિઓ, વહીવટીતંત્ર તેમજ શાસકવર્ગ પર તેમનું પ્રભુત્વ વગેરે બાબતોની એક વાર ટૂંકી સમીક્ષા કરી લઈએ.

બ્રહ્મભટ્ટોના વ્યવસાયનો ઉલ્લેખ કરતાં એન્થોવાન નોંધે છે કે ''ગુજરાતમાં બારોટના પર્યાય તરીકે 'રાવ', 'કવિ' તેમજ 'દશોંદી' શબ્દ વપરાય છે તે પૈકીનો છેલ્લો શબ્દ 'દશોંદી' દશમ : દસમો : દાયભાગ'' અર્થાત્ દસમા ભાગનો હકદાર હોવોનું દર્શાવે છે. શાસકોએ અને એમના ભાયાતોએ પોતાની આવકનો દશમો ભાગ ભાટને આપવો એવો રિવાજ પૂર્વે પ્રચલિત હતો.'' (ડૉ. રેણુ સક્સેનાનો આવો જ મત પ્રમાણે આગળ જોઈ ગયા છીએ.) ભગવાન શ્રીરામચંદ્રજીએ પણ 'દશુંદ' – (રાજ્યની કુલ આવકનો દસમો ભાગ) આપી બ્રહ્મભટ્ટ કવિને કમરે કટાર બંધાવ્યાનો ઉલ્લેખ રામાયણમાં છે.

આ જ્ઞાતિના વ્યવસાય માટે વિવિધ લેખકોનાં લખાણો અને વિદ્વાનોનાં મંતવ્યો જોતાં એમ કહી શકાય કે આ જ્ઞાતિના લોકો સાચા ઇતિહાસ જાળવનારા હતા, માટે જ રાજસ્થાનનો ઇતિહાસ રચનાર કર્નલ ટોડ બ્રહ્મભટ્ટોને ''મનુષ્ય જાતિના આદિ ઇતિહાસલેખકો'' તરીકે વર્ણવતાં નોંધે છે કે, ''એક અતિ મહાન ન્યૂનતા(ખામી) આ કવિઓના લખેલા ઇતિહાસોમાં એ છે કે તેમાં પ્રાયઃ તેમના વીર યોદ્ધાઓની વીરતા અને રણભૂમિના (વીર) રસરંગનું જ વૃત્તાન્ત હોય છે. આ ઇતિહાસ વીર જાતિના વિનોદાર્થે લખવામાં આવેલો હોવાથી ગ્રંથકર્તાઓ તેમાં રાજવ્યવસ્થા, કળા, કૌશલ અને શાંતિમય જીવનયાત્રાના સંબંધમાં કોઈ પણ ઉલ્લેખ કરતા નથી. પ્રેમ અને યુદ્ધ એ જ એમના પ્રિય વિષયો હોય છે. આ સર્વ દોષો હોવા છતાં પણ ભટ્ટ (બ્રહ્મભટ્ટ) કવિઓના કાવ્યગ્રંથો દ્વારા સત્ય ઘટના, ધાર્મિક વિચાર તથા રીત-રિવાજ સંબંધી અનેક મહત્ત્વની વાતો પ્રાપ્ત થાય છે, જેમાંની કેટલીક પક્ષપાત વિના લખવામાં આવેલી હોવાથી એવી છે કે તેમની સત્યતા વિષે ઓછો સંદેહ થાય છે. બ્રહ્મભટ્ટો રાજા મહારાજાઓના ઉમદા અને વીરોચિત ગુણો તેમજ કાર્યોને પદ્યમાં વણી લઈને સુંદર રીતે

રજૂ કરવાનું-ગાવાનું કામ કરતા. આ લોકોનો ''વંશપરંપરાગત વ્યવસાય યુદ્ધગીતો રચના-ગાવાનો હતો,''[૩] પરંતુ રાજપૂતો સાથેની નિકટતા અને તેમનાં સ્તુતિગીતો રચના ગાવાને લીધે બ્રહ્મભટ્ટોનું મહત્ત્વ વધ્યું, વળી દેવીપુત્ર તરીકે ઓળખાતા હોવાના લીધે ગુજરાતી સમાજમાં તેમની ગણના પવિત્ર અને આદરયુક્ત મનાતી હતી. આ આદર સમાજમાં તેમના પ્રભાવ માટે પાયારૂપ બન્યો. ''તેમનો ક્રોધ દેવીમાતાના ક્રોધ જેટલો જ વિનાશક ગણાતો. તેમના શાપ અને પુણ્યપ્રકોપથી લોકો ડરતા.''[૪]

હકીકતમાં ''અંગ્રેજોના આગમન પૂર્વે અન્ય પવિત્ર જ્ઞાતિઓને મળતું તે કરતાં વિશેષ આદર-સમ્માન આ બ્રહ્મભટ્ટ જ્ઞાતિને મળતું.''[૫] પરિણામે તેઓ ખાનગી કરારોમાં તથા સરકારી મહેસૂલ તેમજ સ્વતંત્ર કરારોમાં જામીન તરીકે ઉપયોગમાં લેવાવા લાગ્યા, જે પૈકીનું એક સુંદર ઉદાહરણ ''મહીકાંઠા ડિરેક્ટરી''માં આપેલ છે જે અત્રે નોંધીએ :

''બારોટ સાલમસંગ ગુમાનસંગે ગાયકવાડ સરકારને આપેલ કબૂલાત સને ૧૮૦૮ શ્રીમંત મહારાજ સેનાખાસખેલ સમશેર બહાદૂર લખી આપું છું કે હું સાલમસંગ ગુમાનસંગ મારી રાજીખુશીથી ચુહાણ ઝાલાજી આમલિયારાનો જામીન હંમેશનો થયો છું અને હું તેને, તેના લોકોને ભાઈઓને તથા રૈયતને સરકારના મહાલમાં તથા પંત પ્રધાનના તાબાના મહાલમાં અથવા અંગ્રેજ સરકારના મહાલમાં ચોરી કે ફિસાદ થવા નહીં દઉં. હું જામીન થયો છું માટે મારી જાતથી જામીનદાર થાઉં છું કે ભાથીજી આ શરત પ્રમાણે ચાલશે અને સરકારને મોસલ મૂકવાની જરૂર પડશે તો તેનો ખર્ચ મારે આપવો-તે માટે મારી નીચે સહી છે. સહી (જાતે) સાલમસંગ ગુમાનસંગ-કપડવંજના બારોટ : તે ભાથીજીનો આડ-જામીન થવાને હું કબુલ કરું છું. કારનેડ, ફર્સ્ટ આસિ. ૮ ઑક્ટોબર : ૧૮૯૮ શ્રીમાન સાકોન આણંદરાવ ગાયકવાડનો સિક્કો. :''[૬]

શાહ અને શ્રોફ અનુસાર પણ ''બ્રહ્મભટ્ટો, આ કામ કદાચ તેરમા સૈકાથી જ કરતા આવ્યા હશે. તેઓ લોકોની સારી વર્તણૂક અને કરારપાલનના જામીન થતા તથા વેપારીઓ અને પ્રવાસીઓના રક્ષક તથા ભોમિયા તરીકે પણ સેવાઓ આપતા. પોતાના કાફલામાં આવા બ્રહ્મભટ્ટને સાથે રાખીને આ લોકો લૂંટારાઓના ભય સામે રક્ષણ મેળવીને તદ્દન નિશ્ચિત બની જતા.''[૭] આ વાતને બળ મળી રહે તેવું વિધાન મહારાષ્ટ્ર સ્ટેટ હાર્કાઇવ્ઝની નોંધપોથીમાં છે કે, ''૧૯મી સદી પહેલાં આવી સલામતી ગુજરાતના વેપારી-જીવનમાં એક મહત્ત્વપૂર્ણ ભાગ હતી. આવી સદીઓના બદલે બ્રહ્મભટ્ટ કોમને બાંહેધરીના કામના જોખમ અનુસાર વળતર મળી રહેતું.''[૮]

અંગ્રેજો પૂર્વે, ગુજરાત પર રાજ્યકર્તા તરીકે મરાઠાઓ હતા, તેમણે આ વ્યવસ્થાને પ્રોત્સાહન આપીને અને તેને નિભાવી પણ હતી. ''બ્રહ્મભટ્ટોએ જનતાને

બહારવટિયાઓના ત્રાસમાંથી ઉગારી લેવા પોતાના પ્રાણ પણ હોડમાં મૂક્યા હતા.''[૯] પ્રખ્યાત અંગ્રેજ સંશોધક કર્નલ ટોડ પણ આ વાતને સમર્થન આપતાં જણાવે છે કે ''બ્રહ્મભટ્ટો યાત્રાળુઓના ભોમિયા પણ બનતા. જો કોઈ તેમના ગ્રાહકને લૂંટવાનો પ્રયાસ કરે તો આ લોકો ત્રાગું કરતા.''[૧૦] એ જ રીતે ''સૌરાષ્ટ્રમાં (ગુજરાતનાં પણ) લગભગ તમામ ગામોને પાદરે આ લોકોની સ્મૃતિને ચિરંજીવ કરતા પાળિયાઓ ઊભા છે, જેમણે લૂંટારાઓને ગામનાં ઢોરોને લૂંટાતાં રોકવા ત્રાગાં કરેલાં.''[૧૧] આમ લૂંટારાઓ પણ તેમની (બ્રહ્મભટ્ટની) બીક અને મર્યાદા જાળવતા તે નોંધવા જેવી બાબત છે.

આપણે અગાઉ જોયું તેમ દેવીપુત્ર હોવાને નાતે બ્રહ્મભટ્ટો પવિત્ર ગણાતા. તેમનાં બલિદાન વ્યર્થ ન જતાં. તેમ કરવા માટે બ્રહ્મભટ્ટને ફરજ પાડનાર ઉપર દેવતાઓનો અભિશાપ ઊતરતો અને તેનો સર્વનાશ થતો એવી માન્યતા ચોમરે ફેલાયેલ હતી.[૧૨] આમ કરારપાલનની પોતાની પવિત્ર ફરજનો ભંગ થતો જણાતાં બ્રહ્મભટ્ટ જ્ઞાતિના લોકો ત્રાગું કરતા. એમનાં ત્રાગાં(સ્વાર્પણ)ની તૈયારી પર જામીનગીરીના પ્રભાવનો મૂળ આધાર રહેતો. આમાં સામાન્ય રીતે જામીન થયેલ (મધ્યસ્થી) બ્રહ્મભટ્ટ પોતાના અંગત સગાં-વહાલાં અથવા પોતાના શરીર પર ઘા કરીને તેમાંથી નીકળતું રક્ત કરારપાલનમાં નિષ્ફળ જનાર કે જામીનગીરીનું માન ન રાખનાર વ્યક્તિના ઘર કે આંગણામાં છાંટતા, જે ખૂબ જ અપશુકન-અશુભ મનાતું.

આ અંગે એક પ્રાચીન બ્રિટિશ નિરીક્ષક મેક્સમુરાડો પોતાનો સ્વાનુભવ નોંધે છે કે ''જે લોકો નિયમિત રીતે બાંહેધરી આપતા હોય છે તેમની કોણીથી નીચેના ભાગમાં આવા ઘણા કાપા મોજૂદ હોય છે.''[૧૩] વળી કેટલાક પ્રસંગોમાં લાંઘણ (ભૂખહડતાળ) કે ધરણાંનો પણ આશ્રય લેવાતો, જેને લીધે તેમ કરનાર બ્રહ્મભટ્ટનું મૃત્યુ થશે તો દેવીમાતાનો ક્રોધ પોતાના ઉપર ઊતરશે એવી દહેશતથી કરારભંગ કરનાર ફફડી ઊઠતો. જેના પક્ષે કોઈ બ્રહ્મભટ્ટ જામીન થતો તે પક્ષ તરફથી તેને નિયત રકમ ચૂકાવવામાં આવતી. પરિણામે તત્કાલીન સમાજમાં (કોર્ટ કચેરીના અભાવે) મિલકતનો ફેરબદલો તેમજ ભાડું, વેપાર અને નાણાંની લેવડદેવડમાં બ્રહ્મભટ્ટની જામીનગીરી અનિવાર્ય બની રહેતી. જનસામન્યથી લઈ શેઠ-શાહુકારો, શ્રીમંત સોદાગરો અને રાજા મહારાજાઓ વચ્ચેના સંધિકરારોમાં બ્રહ્મભટ્ટો જામીન થતા. ટૂંકમાં, આધુનિક કોર્ટ કચેરીનું કામ આ લોકો અત્યંત કુશળતાપૂર્વક પાર પાડતા હતા. રાજાઓ વચ્ચેના સંધિકારોમાં પણ તેમની જામીનગીરીના ઘણા દાખલા મોજૂદ છે.''[૧૪] આમ ''લગભગ સોળમી સદીથી શાસકોએ જમીનમહેસૂલની વસૂલાત માટે જામીન તરીકે (બ્રહ્મભટ્ટોને) માન્ય રાખ્યા હતા.''[૧૫] મોગલોના ઉત્તરકાળથી અંગ્રેજોના શરૂઆતના સમય પર્યંત ખેડૂતો પાસેથી મધ્યસ્થ સંસ્થાઓ દ્વારા મહેસૂલ ઉઘરાવવામાં આવતું. વળી તેઓ ખેડૂતો પાસેથી (ફ્રાન્સના લૂઈ

શાસકો દ્વારા અપાતા મહેસૂલ વસૂલીના ઈજારાની જેમ) કેટલું મહેસૂલ ઉઘરાવે છે તે મહત્ત્વનું ન હતું, પરંતુ આ મધ્યસ્થીઓ તેમાંથી અમુક ચોક્કસ રકમ સરકારમાં ભરતા, તેવા કરારો ઉપર પણ બ્રહ્મભટ્ટોની જામીનની પ્રથા છેક ઈ. સ. ૧૮૧૬ સુધી પ્રચલિત હતી.''[૧૬] આ જામીનગીરી દરમિયાન તેનું કરારપાલન ન થવાને લીધે બ્રહ્મભટ્ટો ત્રાગાં કરતા અને એ નિષ્ફળ જતાં લાગે તો વધુ આકરા ઉપાય તરીકે પોતાનાં અંગત સગાં-વહાલાં, (ખાસ કરીને પોતાની કુમારિકા), પુત્રી, પુત્ર-પત્ની-વચેટ ભાઈ-માતા અને છેવટે પોતાની જાતની આહુતિ આપતાં પણ તેઓ અચકાતા ન હતા. આથી પણ ભયાનક આત્મસમર્પણનો એક કિસ્સો અંગ્રેજ મુસાફર મેક્સમુરાડો નોંધે છે કે ''એક પ્રસંગે એક ભાલા વડે ગરદનના ભાગથી વીંધાયેલા એવા ચાર બ્રહ્મભટ્ટો રૂ-વીંટેલા અને તેલથી તરબોળ એવા પોશાકમાં સજ્જ ગુનેગાર વ્યક્તિના ઘર આગળ જઈને પોતાનાં આવાં વસ્ત્રોને નીચેના ભાગથી આગ ચાંપી નાચતાં નાચતાં બળીને રાખનો ઢગલો થઈ જતા હોય તેવા અનેક પ્રસંગો બનતા (તેણે જોયા છે.)''[૧૭]

આ સંદર્ભે ગુજરાતના સોલંકી-વાઘેલા શાસનકાળમાં રાજવી કુમારપાળના રાજ્યમાં પાટણ મુકામે બનેલા ઝમોર (બ્રહ્મભટ્ટ સામુહિક અગ્નિદાહ) પ્રસંગની નોંધ કર્યા પછી એના જેવી એક બીજી ઘટના સૌરાષ્ટ્ર-ગુજરાતના પ્રખ્યાત જૈન તીર્થ પાલીતાણાના રક્ષણકાજે દિલ્લીના સુલતાન અલ્લાઉદ્દીન ખલજીના આક્રમણ ટાણે આ જૈન તીર્થના રક્ષણકાજે વિર બ્રહ્મભટ્ટ દાદુજીની આગેવાની નીચે પાલીતાણા પર્વતના પ્રત્યેક પગથીયે એક-એક બ્રહ્મભટ્ટનું બલિદાન આપી છેવટે વિધર્મી આતતાઈની પકડમાંથી તીર્થને છોડાવવાનું પુણ્યકાર્ય કરનાર નિસ્વાર્થ અને વિર બ્રહ્મભટ્ટોની આત્મહત્યાનું વર્ણન પાલીતાણાના જૈન ગ્રંથોમાં સચવાયેલ છે. વળી, વિર દાદુજી બ્રહ્મભટ્ટની આજે પણ અહીં ઉભેલી પ્રતિમા આ ઘટનાની સાક્ષી પુરે છે. (ગ્રંથને અંતે મુકેલ પ્રતિક ચિત્ર તેમજ આ ઘટના પરથી બનેલ ગુજરાતી ફિલ્મ ''કસુંબો'' તેની આબેહુબ રજુઆત છે અત્રે પૃષ્ઠ ૪૬૮ પર મૂકેલ છે.)

સ્વાર્પણની ઉક્ત અને આગવી પ્રથાને 'તેલિયા પહેરવાની પ્રથા' કહેવામાં આવતી. આવી એક સત્ય ઘટના મારા (સંશોધકના) ગામમાં પણ પોણા બસો વર્ષ પૂર્વે બની હતી, જે મુજબ ગામ ભાટવાસ (તાલુકા ખેરાળુ, જિ. મહેસાણા)થી દક્ષિણ-પૂર્વ દિશામાં તારંગાની ટેકરીઓની તળેટીમાં આવેલા ટીંબા ગામે પાલવી (ગઢીઆ) ઠાકોરના ગામમાં ત્યાંના ભાણેજ અને ડભોડા ગામ(તાલુકે ખેરાળુ)નો કોળી ઠાકોર હગુજી પોતાના ખરાબ વર્તનને લીધે ટીંબા છોડી ભાટવાસ ગામમાં બ્રહ્મભટ્ટ જ્ઞાતિજનોના શરણે આવી ભરાયો. કોઈ અશુભ પ્રસંગે બહારગામ ગયેલા હોવાથી ગામમાં પુરુષો હાજર નહોતા, માત્ર સ્ત્રીઓ જ હાજર હતી, તેથી આ હગુજી એક જૈન વાણિયાના ઘરમાં છુપાઈ

ગયો. તેને મારવા પાછળ પડેલા ઠાકોરોએ એ ઘરનું છાપરું તેમજ કાટમાળ ખસેડી, ઘરમાં ઊતરી તેને મરણતોલ માર માર્યો ઘાયલ હગુજી ત્યાંની ગામના પાદર (ગોદરા) સુધી માંડ પહોંચ્યો ત્યાં પડ્યો અને મરી ગયો. ગામની બહેન-માતાઓ આ કમોત જોઈ ડઘાઈ ગઈ. એમણે મારનાર ઠાકોરોને વાર્યા હતા, પણ તેઓ માન્યા નહીં અને હગુજીનું મોત થતાં, આ સ્ત્રીઓમાં મુખ્ય એવાં સમજૂબા નામે સુખદેવજી બ્રહ્મભટ્ટની ધર્મપત્નીએ પોતાના થાનેલા (સ્તન) કાપીને મારનારાઓ ઉપર લોહી છાંટ્યુ, પણ તેઓ ભાગી છૂટ્યા.

ત્યારબાદ, અશુભ પ્રસંગે ગયેલા પુરુષો ઘેર આવ્યા ત્યારે તેમણે જાણ્યું કે પોતાના શરણે આવેલા માણસને એમની ગેરહાજરીમાં આ રીતે જીવતો મારી નાખવામાં આવ્યો છે. આ વાતથી રોષે ભરાઈ તેઓ ટીંબા જવા અને ત્રાગું કરવા તૈયાર થયા. ટીંબાના ઠાકોરોની સાન ઠેકાણે લાવવા ચાલીસ વર્ષના યુવાન બ્રહ્મભટ્ટ હાથીજીએ તેલિયો પહેર્યો. ટીંબા ગામે જઈને તેઓ પોતાના શરીરે આગ ચાંપીને નૃત્ય કરતાં કરતાં મોતને ભેટ્યા. તેમણે મરતાં પૂર્વે ગ્રામજનોને શાપ આપ્યો જેના નિવારણ કાજે ભાટવાસના બ્રહ્મભટ્ટોને ટીંબાની સીમમાંથી ચાલીસ વીઘા જમીન (જેને આજે રણવટિયાં અને વલ્લીવાળાં ખેતર કહે છે અને જે અમારા ભોગવટામાં છે) આપી, છતાં કોઈ કચાશ રહી જવાને કારણે આ ઠાકોરો દુઃખી થતા હોવાથી એમણે ઈ. સ. ૧૯૮૯માં ભાટવાસના બ્રહ્મભટ્ટોને અને કુમારિકાઓને પોતાને ત્યાં વાજતે ગાજે બોલાવી સ્વાગત કરી હાથીજીનો જે સ્થળે જીવ ગયો હતો ત્યાં હવન કરી દેવળ બંધાવ્યુ, ત્યાર બાદ હવે ગામજનાને શાંતિ થઈ. એ વાત મારી જાણમાં અને સમજમાં બનેલ છે.''[૧૮] (અત્રે પૃષ્ઠ ૪૬૯ પર મૂકેલ છે.)

આવી અનેક ઘટનાઓથી લોકસાહિત્યમાં અનેક પૃષ્ઠો ભરેલાં પડેલાં છે. તે તમામ વિગતમાં ન ઊતરતાં એકાદ દૃષ્ટાંત જોઈ હવે આપણે ફરી મૂળ વાત ઉપર આવીએ.

ખેડા જિલ્લાના આસિ. કલેક્ટર આર્કિબોલ્ડ રોબર્ટસને નોંધ્યું છે કે ''એક બ્રહ્મભટ્ટ પોતાના ફરજપાલનના કામ માટે તર્કબદ્ધ અને ઝીણવટભરી રીતે ચોક્સાઈ રાખે છે છતાં જો તેને તેમ (ત્રાગું) કરવું જ પડે તો તેનો સઘળો દોષ તેમ કરવાની ફરજ પાડનારને શિરે મઢી દેવાય છે.''[૧૯] સામાન્ય રીતે દેવીપુત્ર ગણાતી બ્રહ્મભટ્ટની હત્યા કે તેની આત્મહત્યાનો દોષ પોતાને શિરે આવે તેવું કોઈ હિંદુ પસંદ કરતો નથી.

એ.કે. ફૉર્બ્સે ''રાસમાળા''માં આ પ્રથા અંગે નોંધ્યું છે કે ''તે બ્રહ્મભટ્ટો દેવતાઓથી ઉત્પન્ન થયેલા (દેવીપુત્ર) અને તેમના માનીતા હોવાથી કોઈથી પણ ન ગભરાય તેવા લોકો પણ બ્રહ્મભટ્ટોનું માન જાળવતા. તેઓ પણ કરાર મુજબ વચનપાલન કરાવી લેવાની તેવડવાળા હતા અને તેમાં ભાગ્યેજ તેઓ પાછા પડતા. ત્રાગાં અને ધરણાંઓ એમનાં બે મુખ્ય સાધનો હતાં. ત્રાગું કરતી વેળાએ પોતાની જાતના કે પોતાના

કુટુંબના કોઈ માણસના શરીરના ભાગને કાપીને જેને માટે ત્રાગું કરવું પડતું તેના ઘેર ઈશ્વરનો કોપ ઊતરવાને અને વેર વાળવાને માટે પ્રાર્થના કરતા. ધરણાં કરતી વેળાએ જે કરાર મુજબ ન વર્તે તેને ત્યાં કેટલાક (બ્રહ્મભટ્ટો) એકઠા થતા અને લાંઘણ (ભૂખ હડતાલ) કરતા તેમજ પોતાના ઘરનાં કુટુંબીજનોને પણ લાંઘણ કરાવતા અને જ્યારે તે વ્યક્તિ કરાર મુજબ અમલ કરવા તૈયાર થાય ત્યારે જ તેને એમાંથી મુક્ત કરતા પરંતુ બ્રિટિશ શાસન આવ્યા પછી આવી પદ્ધતિઓ નામશેષ બની છે અને બ્રહ્મભટ્ટોની જામીનનો ચાલ (રિવાજ) પણ નીકળી ગયો છે.''[૨૦]

આ ત્રાગાં ધરણાં વગેરે અંગે નોંધતાં ગાયકવાડ સરકારના ચીફ જસ્ટિસ શ્રી ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈ પોતાના પુસ્તક ''કડી પ્રાન્ત સર્વ સંગ્રહ''માં નોંધે છે કે ''આ લોકોનો પહેલાં એક અગત્યનો ધંધો જામીન થવાનો હતો. સામસામા રાજાઓ વચ્ચેના કોલકરારોમાં તેઓ જામીન થતા. ખાનગી માણસોમાં અરસપરસ લેણદેણના દસ્તાવેજોમાં પણ તેઓ જ જામીન થતા. તેમની જામીનગીરી ઘણી જ પવિત્ર મનાતી, કારણ કે તે પોતાની આ જામીનગીરી પાળવા માટે ત્રાગું અથવા ધરણાં કરતા. ત્રાગું એટલે જ્યારે કોઈ રાજા કે ગરાસિયો (ગરાસદાર) પોતાના કરાર પ્રમાણે ચાલે નહીં તો તે પતાવવા માટે આ લોકો પોતાના શરીર પર હથિયાર વડે જખમ (ઘા) કરતા અથવા તો પોતાનાં કે પોતાનાં અંગત સગાંનો પ્રાણ પણ અર્પતા; જો કે આવી આત્યંતિક ઘટનાઓ ક્યારેક જ ઘટતી. કારણ કે મૃતકની હત્યાનું પાપ લાગે તો ડરથી લોકો બીતા અને કરાર પાળતા. ધરણું માંડવું એટલે જે માણસ કરાર પાળતો ન હોય તેના ઘરની આસપાસ બારોટો એક ટોળું થઈને બેસતા અને જ્યાં સુધી તે કરાર પાળે નહીં ત્યાં સુધી પોતે ખાય નહીં અને તે ઘરવાળાને ખાવા દે નહીં. આને ધરણું કહેવાય. આ જામીનગીરીઓ બદલ બારોટોને જે પ્રાન્ત, ગામ કે ઇલાકાની જામીનગીરી કરી હોય ત્યાંથી સારી આર્થિક આવક મળતી., પણ હવે બ્રિટિશ સામ્રાજ્ય થયા પછી તે ધંધો પણ પડી ભાંગ્યો છે. હવે કેટલાક બારોટો ખેતી, કેટલાક શરાફી વેપાર અથવા ધીરધાર કરે છે.''[૨૧]

આ અંગે ભરૂચના કલેક્ટરશ્રીની નોંધ જોઈએ : ''કોઈક બ્રહ્મભટ્ટના અપમૃત્યુને માટે જવાબદાર ઠરવાને બદલે કોઈ પણ દેવાદાર વ્યક્તિ સ્વાભાવિકપણે જ પોતાને બારણે કોઈ નિર્દોષ બ્રહ્મભટ્ટનો ભોગ અપાય તે કરતાં પોતાની જિંદગી (અને સર્વસ્વ) છોડી દેવા તૈયાર થતો.''[૨૨]

''આ પ્રકારનું ધાર્મિક ડરયુક્ત દબાણ તત્કાલીન સમાજમાં અત્યંત અસરકારક ગણાતું. વળી કોઈ પણ કરાર ઉપર તે પ્રમાણભૂત છે એમ દર્શાવવા માટે બ્રહ્મભટ્ટની મુદ્રા-કટારીનું નિશાન (તેની પ્રમાણિકતા દર્શાવવા) પૂરતું હતું.''[૨૩]

એ. કે. ફોર્બ્સ ''રાસમાળા''માં બ્રહ્મભટ્ટોની કટારી અંગે નોંધે છે કે ''કટારી કેડમાં ખોસ્યા વિના તેઓ ક્યારેય બહાર નીકળતા નથી અને તેઓ (કરારમાં) સાક્ષી (તરીકે સહી) કરે છે ત્યારે પોતાની કટારીનું નિશાન કાગળ ઉપર દોરે છે. તે ત્રાગું કરીને મરી જાય ત્યારે તેની છાતી ઉપર કટારીનું નિશાન કાઢવામાં આવે છે.''[૨૪]

બ્રહ્મભટ્ટો સાથે આ રીતે સહજપણે સંકળાયેલ આ કટારી અંગે ગુજરાતના જાણીતા લોકકથા લેખક ડાહ્યાલાલા અ. બ્રહ્મભટ્ટ પોતાના માહિતીસભર લેખ ''બ્રહ્મભટ્ટોની કટારી''માં જણાવે છે કે ''કટારી એ બ્રહ્મભટ્ટનું ખાસ નિશાન-ખાસ પ્રતીક-ખાસ હથિયાર છે. જેમ શીખ લોકોને માટે કિરપાણ ખાસ અગત્યનું હથિયાર ગણાય છે તેમ બ્રહ્મભટ્ટો માટે કટારી એ ખાસ હથિયાર ગણાય. માત્ર હથિયાર તરીકે જ કટારીનું મહત્ત્વ ન હતું, પણ પરંતુ બીજી રીતે પણ કટારી બ્રહ્મભટ્ટોમસાં ખાસ અને અનોખું સ્થાન પામેલી.

અગાઉના સમયમાં બ્રહ્મભટ્ટ યોદ્ધાઓ પોતપોતાનાં ગામો કે મહોલ્લામાં બ્રહ્મભટ્ટ કિશોર-કિશોરીઓને કટારીની ખાસ તાલીમ આપતા. બ્રહ્મભટ્ટોના પોશાક તરીકે અંગરખું, ધોતિયું અને પાઘડી પહેરવામાં આવતાં. આ અંગરખાની કસને વીસ પચ્ચીસ હાથ લાંબી હીર (રેશમ)ની દોરી બાંધવામાં આવતી. તેનો બીજો છેડો કટારી સાથે બાંધી વીંટી દેવામાં આવતી. આવી કટારી કમરે ખોસવામાં આવતી. તે ખાસ ઊંચી જાતના ગજવેલ (પોલાદ)માંથી બનાવવામાં આવતી. તેની બંને બાજુએ ધાર કાઢવામાં આવતી. તેનો હાથો ચાંદી કે સોના વડે મઢાવવામાં આવતો. વધુ ધનવાન માણસો તેમાં રત્નો પણ જડાવતા હતા.

કોઈ પણ બ્રહ્મભટ્ટ હજારો માણસો વચ્ચે કદાચ ઘેરાઈ જતો તોપણ માત્ર એક કટારી વડે ઘણા માણસોને મારી કે ઘાયલ કરીને પોતે ઘેરામાંથી નિર્વિઘ્ને નીકળી શકતો. કટારીએ વીંટેલ દોરી ઉકેલી નાખી પોતાના એક હાથના આંગળા વચ્ચે કટારીને પકડીને ગમે તે માણસને નિશાન બનાવી એવી તો તરકીબથી મારવામાં આવતી કે કટારી દુશ્મનથી છાતીમાં જ ઘૂસી જતી. તે પછી તે એવી જ તરકીબથી અને ત્વરાથી પોતાના અંગરખાની કસને બાંધેલી દોરીને પકડીને આંચકો મારતો કે જેથી પેલા માણસની છાતીમાંથી નીકળી જઈ કટારી મારનારનાર હાથમાં આવી જતી. આમ કેટલા દૂર ઊભેલા માણસો પર પ્રહાર કરી શકાતો. જ્યારે સાવ નજીકથી હાથોહાથની લડાઈ હોય ત્યારે કટારી પકડેલ હાથ એટલી ત્વરાથી યંત્રવત્ ફરતો કે ભલભલો સમશેરબહાદુર પણ તેને પહોંચી શકતો નહીં. આવા કટાર-યુદ્ધની તાલીમ આપવામાં આવતી, તેથી જ માત્ર એકલી કટારી વડે બ્રહ્મભટ્ટો પોતાનું રક્ષણ કરી શકતા. કટારી વડે માત્ર હુમલો

કે બચાવ કરવામાં આવતો હતો એમ માનવાનું નથી. કટારી વડે કોઈ પણ બ્રહ્મભટ્ટ પોતાને થયેલા અન્યાય માટે અથવા પરહિતને કાજે કે પારકાને થતા અન્યાય સમયે મદદે જઈ, સત્યાગ્રહ કરી અન્યાયનો સામનો પણ કરતો. સામો પક્ષ જો બ્રહ્મભટ્ટના સત્યાગ્રહને માન ન આપે તો તે પોતાની પ્રાણપ્યારી કટારીને પોતાના જ ગળામાં મારી પોતાની કુરબાની આપી દેતો, પરંતુ અન્યાયને તાબે થતો નહીં.

અગાઉના આપણા દેશમાં રાજ્યસત્તાઓની સ્થિરતા ન હતી, ક્યારે કયો માનવી સત્તા હાથમાં લઈ રાજા બની બેસે તે નક્કી ન હતું, મારે તેની તરવારનો યુગ હતો, ત્યારે સત્તાપલટા કે રાજપલટા છાશવારે થઈ જતા. આવે વખતે કોઈ પણ કરારો દસ્તાવેજો-વચનો વગેરેનું પાલન થવું અનિશ્ચિત મનાતું, જ્યારે આવી પરિસ્થિતિ હોય ત્યારે લેખો, જામીનગીરીના લેખો તથા ઇતર કરારો વગેરે ઉપર લોકોનો વિશ્વાસ શી રીત રહી શકે? જો આવો વિશ્વાસ ન રહે તો પ્રજાજીવન કપરું બની જાય. આવા સમયે બ્રહ્મભટ્ટ જ્ઞાતિએ આખાયે દેશમાં સત્તાની ફેરબદલીઓ વખતે ભવ્ય કુરબાનીઓ આપીને પણ પ્રજાના આવા કરારો વગેરેનું પાલન કરાવ્યું હતું.

એક રાજ્ય બીજા રાજ્ય પાસે કરાર કરે ત્યારે તેના પાલન માટે જામીનની જરૂર રહેતી. તે વખતે જામીને તરીકે કોઈ ખાસ મજબૂત માનવીની જરૂર પડતી. વળી તે માનવી પણ એટલો બધો શક્તિશાળી હોવો જોઈએ કે તેનાથી કરાર કરનાર વ્યક્તિઓ ડરતી હોય, એટલે આવા કરારપાલન માટેના જામીન તરીકે કોઈ પણ બ્રહ્મભટ્ટને પસંદ કરવામાં આવતા. જો કદાચ તે કરાર જે તે રાજા પાળી શકે નહીં અથવા વચનભંગ કરવા તૈયાર થાય તો સામાપક્ષીવાળો રજા જામીન થયેલ બ્રહ્મભટ્ટને બોલાવી તેમની જામીનગીરી પતાવવા વિનંતી કરતો, આથી જામીન થનાર બ્રહ્મભટ્ટ પેલા વચનભંગ કરવા તૈયાર થયેલ રાજા પાસે સત્યાગ્રહ કરતો અને તે ન માને તો પોતાની કટાર વડે તે રાજાને આંગણે પોતાનો જીવ આપતો, છતાં પણ જો તે રાજા માને નહિ તો પેલા બ્રહ્મભટ્ટનાં સગાંવહાલાં પણ ત્યાં જઈ પોતાના જીવની આહુતિ આપતાં અચકાતાં નહીં અને બ્રહ્મભટ્ટોની કુરબાની થતાં તે રાજા તુરત માની જતો.

આમ બ્રહ્મભટ્ટોની જામીનગીરી આપવાની પ્રથા શરૂ થઈ. પછી રાજા મહારાજાઓ વચ્ચેના કરારો અને દસ્તાવેજોમાં બ્રહ્મભટ્ટોની જામીનગરી લેવાની પ્રથા પડી. દસ્તાવેજોમાં બ્રહ્મભટ્ટો પોતાની કટારીનું નિશાન કરી નીચે પોતાની સહી કે અંગૂઠો કરતા અને આમ સમગ્ર દેશમાં બ્રહ્મભટ્ટોની જામીનગીરીનો એક રિવાજ બની ગયો હતો. ગમે તેનું રાજ્ય બદલાય અથવા નાશ પામે, પરંતુ પ્રજાની મિલકતોના દસ્તાવેજનું પાલન તો બ્રહ્મભટ્ટોની જામીનગીરીને લીધે જ થતું. તેના બદલામાં રાજાઓ

તેમન ઇતર પ્રજાજનો તરફથી બ્રહ્મભટ્ટોને થોડોક આર્થિક બલદો (વર્તમાન સ્ટેમ્પડ્યૂટીની માફક) જે તે વ્યક્તિથી મળી રહેતો.

આ પ્રથા અંગ્રેજોના આગમન પછી પણ ચાલુ રહી હતી તેનો આ જ પ્રકરણમાં અગાઉ આપણે જોયો તેથી સહેજ જુદો એક નમૂનો આજ લેખકના ઉપર્યુક્ત સામાયિકમાં (પૃષ્ઠ ૩૮૮) પર આપેલ છે, જે અત્રે ટાંકું છું. તે મુજબ ટીંટોઈના ઠાકોર કનકાજી તથા તેમના દીકરા લાલાજીએ કેપ્ટન વિલિયમ માઈલ્કને (૧૮૨૧માં) કરી આપેલ કરારનામાની કેટલીક કલમો આ પ્રમાણે છે.

**કલમ નંબર ૨ :**

નામદાર કંપની સરકાર ગાયકવાડ તથા બીજા કોઈ દેશ અથવા પરગણામાં ગુનેગાર અથવા બહારવટિયાઓને અમારે દાખલ કરવા કે રાખવા નહિ, પરંતુ વગર ઢીલે (વિલંબે) અને વગર બાને (બંધને) એવાઓને પકડી સ્વાધીન કરીએ.

**કલમ નંબર ૩ :**

અંગ્રેજ સરકાર કે ગાયકવાડ રાજ્ય સામે થનાર સઘળા માણસોની સામે અમારી શક્તિ પ્રમાણે અને તેમને કોઈ પ્રકારે મદદ આપીએ નહિ, પણ તેઓને ખાવાપીવાનો રસ્તો બંધ કરીને પકડી પણ આપીએ.

**કલમ નંબર ૫ :**

અમારી અને પડોશીની વચ્ચે કોઈ ટંટો થાય ત્યારે તે ટંટાનો ફડચો અંગ્રેજ સરકારને સોંપીએ અને તે જે ઠરાવ કરે તે અમારે કબૂલ રાખીએ.

**કલમ નંબર ૬ :**

હમારી હદમાંથી વેપારીઓના જવાને સંરક્ષણ થશે અને અંગ્રેજ સરકાર જે રાહદારી વગેરેથી જકાત વસૂલ કરવાને કાયદા કરે તે પ્રમાણે અમારે ચાલવું.

**કલમ નંબર ૭ :**

અંગ્રેજ સરકારના હુકમ પ્રમાણે અફીણનો વેપાર કરવો અને તે સિવાય કરવો નહિ.

**કલમ નંબર ૮ :**

તારીખ ૨૫ ડિસે. ૧૮૧૮ને રોજ અંગ્રેજ સરકારને મેં જામીન આપ્યા છે તે કાયમ છે અને તે જામીન પ્રમાણે મારે અનુસરીને ચાલવું અને તેમાંની કોઈ શરતો તોડવી નહિ.

ઉપર્યુક્ત આઠેય શરતો નીચે મેં સહી કરી છે તે પ્રમાણે શું નક્કી ચાલીશુ. આ કરારના હંમેશના જામીન બારોટ ખુટા હમીર અને બારોટ ખુશાલ ઘહેલા મોજે ગામ

ઈટારી પરગણે મોડાસાનાને ઠરાવ્યા છે. તેઓ આ કરાર પ્રમાણે ચાલવાનો બંદોબસ્ત રાખશે.

સહી : ઠાકોર કનકાજી તથા તેમના દીકરા લાલજી, જામીન બારોટ ખુટા હમીર અને બારોટ ખુસાલ દોહલા.[૨૫]

આવા જામીનગીરીના દસ્તાવેજ આપણે અન્ય દેશી રજવાડાં તથા ગાયકવાડ સરકાર સાથે થયા હોય તેવા અન્ય કિસ્સા આ પૂર્વે જોયા છે. અત્રે અંગ્રેજ સરકાર સાથે થયેલ આ કરારથી મારો એ બતાવવાનો આશય છે કે અંગ્રેજ સરકારના આગમન પછી ઘણા લાંબા સમય સુધી બારોટ જામીનગીરીવળા ઘણા કરાર-દસ્તાવેજ થતા અને તેને વર્તમાન કોર્ટ કચેરી જેટલું વજૂદ-મહત્ત્વ મળતું. આવા ઘણા બધા કરાર કે દસ્તાવેજના પુરાવાઓ 'રાસમાળા', 'જમીન જાગીરનો ભોમિયો', 'રાજસ્થાનનો ઈતિહાસ' અને 'ભારત રાજ્યમંડળ' વગેરે ગ્રંથોમાં મોજૂદ છે.

આવા કરારો કે જામીનખતો પર બારોટ લોકોની સહી અને કટારનું નિશાન લગાવવામાં આવતું, ત્યારબાદ જ આ કરાર વિશ્વસનીય બની શકતો. આવા કરારો કે જામીનખત અંગે 'જેમ્સ ફોર્બ્સ' નામના અંગ્રેજ વિદ્વાન પોતાના ગ્રંથ 'ઓરિયેન્ટલ મેમોયર્સ'માં નોંધે છે કે ''માંડવા-વિજય બાદ અને બઝેરિયા તેમજ વેલોરિયાના ગરાસિયા આગેવાનો સાથેની નિરાશાજનક વાતચીત બાદ બીજી કોઈ જ શરતો સ્વીકૃત ન થવાથી નારાજ થઈને તેમેન મારી માગણીઓ સાથે સહમત થવું પડ્યું અને ભાટ જામીનગીરીનો તેમને સ્વીકાર કરવો પડ્યો. તેમણે શેરુલા ગામના ભાટ આગેવાન રાયજીસિંહ અને અન્ય પ્રતિષ્ઠિત કુટુંબોના ભાટોને તેમના આગેવાનો સહિત તેમના અધિકારના પાલન અને જરૂરી જામીનગીરી માટે રોક્યા, ડભોઈ દરબારમાં તેમના અને કંપની સરકાર વચ્ચે થયેલા મૈત્રી તેમજ શાંતિ-કરારને ભાટો કે જે જામીનખત પર સહી સાથે સિક્કાને બદલે તેમના મોતના સાધન સમાન કટારીનું નિશાન કરે છે તેમણે પ્રત્યેકના નામ સામે નિશાન કરીને કરારને સુધાર્યો. બાનમાં રાખેલ સ્ત્રીઓને મુક્ત કરીને સંપૂર્ણ શાંતિની પુનઃસ્થાપના કરી.''[૨૬]

આ શબ્દો બતાવે છે કે આ જ્ઞાતિના માણસોની જામીનગીરી ખૂબ વજૂદ-મહત્ત્વ ધરાવતી હતી કે જેને જનસામાન્ય ઉપરાંત બ્રિટિશ વહીવટકર્તાઓ પણ છૂટથી ઉપયોગ કરતા. બીજા શબ્દોમાં કહીએ તો આધુનિક કોર્ટ કચેરીની અવેજીમાં બારોટ લોકો આવી સંસ્થાનું કામ કરતા, એટલું જ નહીં, પણ બારોટની જામીનગીરી પછી પોતાની પ્રજામાં (લોકોમાં) સુખશાંતિ સ્થપાઈ હોવાનો ઉલ્લેખ પણ આવા અંગ્રેજ વહીવટી અધિકારીઓએ કર્યો છે. આ બાબત બ્રહ્મભટ્ટ જ્ઞાતિના લોકોની ઉપયોગિતા કે મહત્તા દર્શાવવા માટે પૂરતી છે.

આ અંગેનું પ્રચલિત દૃષ્ટાંત અત્રે ટાંકવું જરૂરી જણાય છે. ઈ. સ. ૧૮૧૫-૧૬માં

બ્રહ્મભટ્ટ-જામીનગીરી માટે બહુ ચર્ચિત કેસ એવા ખેડા જિલ્લાના 'માતર કાવતરા કેસ' અંગે સરકીટ અને અપીલ અદાલતના તૃતીય ન્યાયાધીશ ટૉમસ કીટે મુકદ્દમો ચલાવીને બ્રહ્મભટ્ટોને નિર્દોષ જાહેર કર્યા હતા, જ્યારે બ્રિટિશ સરકાર તેમજ અમલદારોને જવાબદાર ઠેરવ્યા હતા. આ ન્યાયાધીશે પોતાના ચુકાદામાં બ્રહ્મભટ્ટની જામીનગીરીપ્રથાના ઉન્મૂલનનો વિરોધ નોંધાવતાં સરકારને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે : ''જામીન તરીકે બ્રહ્મભટ્ટો શાંતિ જાળવતા, સમાજને સુધારતા અને મહેસૂલ વસૂલ કરતા. તેઓ આ બધું ખર્ચ કરીને નહીં, પણ પોતાના આત્મબલિદાન(ત્રાગા)ને ભોગે કરતા.''[૨૭]

એન્થોવાન પોતાના ઉપર્યુક્ત ગ્રંથમાં આગળ જણાવે છે કે, ''આઈને-અકબરીમાં ભાટ-ચારણોનો ઉલ્લેખ છે. હિંદુઓના જણાવ્યા મુજબ ચારણ મહાદેવજીના ઈચ્છાપુત્ર છે અને ભાટ તેમની (મહાદેવજીની) કરોડરજ્જુમાંથી ઉત્પન્ન થયા છે. આ બંને પુત્રો (શિવજીના) ભિન્ન ભિન્ન જાતિઓના સંસ્થાપકો છે. ચારણો દુહા રચીને પ્રશસ્તિ ગાય છે અને માનવજાતિના ભૂતકાળ તેમજ ભાવિની ઘટનાઓને જાહેરમાં લાવે છે. તેમાંના મોટા ભાગના ઉત્સવોમાં સ્તુતિ ગાવાના અને વંશાવલી કંઠસ્થ રાખવાના, રણભૂમિમાં યુદ્ધજન્ય શૌર્ય કથાઓ સંભળાવવાના અને તેમ કરીને લશ્કરી ટુકડીઓનો જુસ્સો જીવંત રાખવાના કામમાં રોકાયેલા હોય છે. સમગ્ર હિંદમાં એવો ભાગ્યેજ કોઈ મોટો માણસ (રાજા મહારાજા) હશે કે જેની સેવામાં આ જાતિનું કોઈ ન હોય.''[૨૮]

ઉપર્યુક્ત વાત સાચી જ છે. ઇતિહાસમાં પૃષ્ઠો પલટાવતાં એવી કોઈ નાની કે મોટી સત્તા જોવા મળતી નથી કે જેમાં બ્રહ્મભટ્ટ કોમના કવિ કે બારોટ રાજદરબારમાં હાજર ન હોય. રાજા-મહારાજાને સાચી સલાહ અને તેમના ગુણ-અવગુણ બેધડક રીતે મોં પર કહી દેવાની હિંમત આ જ્ઞાતિના લોકો જ ધરાવતા. માત્ર હિંદુ જ નહિ, પણ મુસ્લિમ બાદશાહો પણ આ જ્ઞાતિના કવિઓને મંત્રી કે દરબારી સખા-મિત્ર તરીકે પોતાની સમીપ રાખતા. અકબરના દરબારનાં પ્રખ્યાત નવરત્નોમાં બિરબિલ સહિત કુલ ચાર બ્રહ્મભટ્ટ કવિવરો હતા. રૂઢિચુસ્ત ગણાતા. ઔરંગઝેબના દરબારમાં પણ રાજકવિ ભૂષણે સાચી વાત કહીને તેના રાજ્યને કાયમી રામરામ કર્યાના દૃષ્ટાંતો પ્રચલિત છે. ટૂંકમાં, ભૂતકાળમાં તમામ રાજસત્તાઓ બ્રહ્મભટ્ટ વગર અધૂરી ગણાતી હતી. ચુ. પુ. બારોટ 'બારોટ વિ. બ્રહ્મભટ્ટ' નામના લેખમાં નોંધે છે તે અત્રે ઉપયોગી થઈ પડશે તેમ માની જણાવું છું. તેમણે લખ્યું છે કે ''રાજપુતાના અને ગુજરાત સિવાય બીજા પ્રદેશોમાં ''બારોટ'' શબ્દ પ્રયોજાતો નથી, એનું કારણ મને એવું લાગે છે કે ત્રાગાં, હામી, જમાની, ઇત્યાદિ રાજપુતાના અને ગુજરાતના ભટ્ટોના જ ઇતિહાસમાં છે. ઉત્તર હિંદમાં પણ એકે એવું કોઈ બતાવી આપે તો જ મારી દલીલ તૂટી પડે. હજી સુધી સરકારી ગેઝેટિયરો જોતાં બીજા કોઈ પ્રાંતના ભાટોની તવારીખમાં રાજપુતાના-

ગુજરાતની તવારીખના જેવા સંધિ-વિગ્રાહક તરીકે, હામી-જમાની કરનાર તરીકે અને વચનસિદ્ધિ અર્થે આત્મબલિદાન આપનાર મહા ટેકીલા જનો તરીકે બારોટોનો ઉલ્લેખ નથી, એટલે બારોટ શબ્દને ભૂલી જવો એ મને આપણા મધ્યકાલીન ઇતિહાસના એક ઉજ્જવળ પાનાને ભૂલી જવા જેવું લાગે છે. જોકે મુખ્યત્વે તે બાબતે હું નામવાદી નહિ, પણ અર્થવાદી છું અને જન્મવાદી નહિ પણ ગુણવાદી છું.''[૨૯] આ શબ્દો પરથી એમ જણાય છે કે જામીનગીરીનો ધંધો કે ત્રાગાં-સત્યાગ્રહના પ્રસંગો ગુજરાતના બારોટ સમાજમાં જેટલા નોંધાયા છે તેટલા બહારના બારોટ સમાજમાં નોંધયા નથી. એ દૃષ્ટિએ આપણા ગુજરાતી સમાજની આ એક આગવી વિરલ અન ભાતીગળ પ્રણાલિકા ગણાય. ગુજરાતના બ્રહ્મભટ્ટ સમાજે પરાપૂર્વથી રાજકારણમાં ભાગ લીધો છે. તેની જામીનગીરીને લગતા કેટલાક દસ્તાવેજો શ્રી ઈશ્વરભાઈ રાધાસ્વામીએ 'ભટ્ટ ભાસ્કર'માં આપ્યા છે, જે મહત્ત્વપૂર્ણ હોવાથી અત્રે નોંધીએ :

''બ્રહ્મભટ્ટો છેક પંદરમી સદી સુધી રાજકારણમાં સારી રીતે ભાગ લેતા હતા, પરંતુ તે પછીયે તેમણે એ કામ છોડી દીધું નથી. ચંદ બરદાઈ (રાજસ્થાનમાં આ શબ્દ બારોટ, રાવ વગેરે માટે પ્રયોજાયેલો જણાય છે તેઓ આશ્રયદાતાની પ્રશસ્તી અર્થે જે સ્તુતિગીતો-બિરદ રચતા તેને બિરદાવલી અને આ કામ કરનાર બરદાઈ તરીકે ઓળખાતા) પૃથ્વીરાજના રાજકવિ, સુભટ અને મિત્ર હોવા ઉપરાંત મંત્રી પણ હતા. એજ રીત સમ્રાટ અકબરના દરબારના નવરંગ પૈકીના એક વીરવર-બિરબલે (મૂળ નામ મહેશદાસ બ્રહ્મભટ્ટ) મહાન અકબર બાદશાહના સમયે અફઘાનિસ્તાનના એના પ્રદેશમાં થયેલ વિદ્રોહ, પોતાની કુનેહ અને બહાદુરીથી એકમાત્ર સેનાપતિ તરીકે દબાવીને સમ્રાટ અકબરનો વિશેષ સ્નેહ અને વિશ્વાસ સંપાદન કર્યો હતો. આ વિશાળ રાજ્યની ઉત્તમ શાસન વ્યવસ્થા પણ તેમણેજ કરી બતાવી હતી એ ઇતિહાસપ્રસિદ્ધ દાખલો છે. જે દર્શાવે છે કે આજે માત્ર પોતાના હાજર જવાબીપણા માટે બિરબલ ભલે પ્રખ્યાત હોય પરંતુ સાથે સાથે તે વિર યોદ્ધા અને કુશળ વહિવટકર્તાની આવડત પણ ધરાવતો હતો. ત્યારબાદના ઇતિહાસમાં બ્રહ્મભટ્ટોનાં આવાં દૃષ્ટાંતો મોટા પ્રમાણમાં ભલે ન મળે, પરંતુ તે છેક અંગ્રેજી રાજ્યના આરંભ સુધી ગામોની મહેસૂલ પટ્ટેથી વસૂલ કરવાની તથા બીજી સંધિઓ અને કોલકરારોની બાબતમાં બ્રહ્મભટ્ટો ભાગ લેતા જ હતા તે બતાવવા માટે નીચેનાં કેટલાંક ઉદાહરણો પૂરતાં થઈ પડશે :

''બ્રિટિશ રાજ્ય થયા પછી એજન્સીમાં વ્યવસ્થિત બંધારણો થયાં તે વખતે અંગ્રેજ સરકારે બધા દેશી રાજાઓ તેમજ નાનામોટા ઠાકોરો પાસે કોલ-કરારો કરાવ્યા. તે દરેકમાં ઠાકોરના જામીન તરીકે બ્રહ્મભટ્ટ બંધુઓની જ સહીઓ લીધી છે તેનાં દૃષ્ટાંતો આ મુજબ છે : (૧) અમદાવાદ જિલ્લામાં આવેલા આંબલિયારાના ઠાકોર ચૌહાણ

ભાથીજી ઝાલાજી અને નામદાર ગાયકવાડ સરકાર વચ્ચેનું લખાણ તારીખ ૯-૧૯-૧૮૦૮ : સંવત ૧૮૬૪ના આસો વદિ ૪ : જામીન કપડવંજના બ્રહ્મભટ્ટ આલમસિંહ ગુમાનસિંહ છે.

''(૨) લવાડના જમીનદા અને આણંદરાવ ગાયકવાડ વચ્ચેના અભયવચનનનું ખત સને ૧૮૦૯-૧૦ સંવત ૧૮૬૬ : ઈ. સ. ૧૮૦૯ : ના કારતક વદિ ૩, જામીન કપડવંજના બ્રહ્મભટ્ટ બહેચરભાઈ દીપસિંહ અને બ્રહ્મભટ્ટ વીરમ બહેચર છે.

''(૩) શ્રી સરદાર ઓનરેબલ કંપની બહાદુર દો ઓનરેબલ લીઠાં નસતાં જામ સાહેબ. નિસ્બત ગાયકવાડ સેનાખાસખેલ સમશેરબહાદુર વચ્ચે તથા બહિયલના પગી મેઘાજી ગોંડળજી વચ્ચેનું લખત સંવત ૧૮૭૫ના માગશર વદી ૨, તારીખ ૧૫-૧૨-૧૮૧૮, જામીન દહેગામના બ્રહ્મભટ્ટ હીરજી દલજી તથા બ્રહ્મભટ્ટ હાથી વસ્તા છે.

''(૪) ટીંટોઈના ઠાકોર કનકાજી તથા તેમના દીકરા લાલાજીએ કેપ્ટન વિલિયમ માઈલ્સને લખી આપેલું કરારનામું સંવત ૧૮૭૭-૭૮ના ચૈત્ર વદી ૧૨, તારીખ ૨૯ એપ્રિલ, ૧૮૨૧, જામીન ઈટાડીના બ્રહ્મભટ્ટ ખુમાનસિંહ તથા બ્રહ્મભટ્ટ ખુશાલ દાહેલા છે.

''(૫) ધી સરકાર ઓનરેબલ કંપની અંગ્રેજ બહાદુર દીવાને આઝમ કર્નલ મોએલ સાહેબ, એકટિંગ પોલિટિકલ એજન્ટ પ્રાન્ત ગુજરાત, તાલુકે કટોસણના મકવાણા રાણાજી ભવાનજી તથા બીજાઓને પાલનપુર મુકામે લખી આપેલું કરારનામું સંવત ૧૮૬૬ના શ્રાવણ વદી ૮ તારીખ ૧૧-૮-૧૮૩૦. જામીન બ્રહ્મભટ્ટ જાલમસિંહ કુબેરસિંહ તથા બ્રહ્મભટ્ટ હરિભાઈ હિંમતસિંહ છે.

''(૬) અહમદનગર (ગુજરાતના) શ્રી મહારાજ પૃથ્વીસિંહજી કરણસિંહજી અને તખતસિંહજી કરણસિંહજીની સહીવાળો સતીનો ચાલ બંધ કરવા બાબતનો કાગળ મહીકાંઠાના આસિસ્ટંટ પોલિટિકલ એજન્ટ કેપ્ટન ઔદામને તારીખ ૧૮-૧૨-૧૮૩૬ના રોજ લખેલો તેમાં ગાયકવાડ સરકારના બાકીના પૈસા ભરી દેવાની બાબતમાં જામીન પાટણના બ્રહ્મભટ્ટ ઉમેદસિંહજીનું નામ છે.''[૩૦]

આ જ લેખકે ઉપર્યુક્ત પુસ્તકમાં આગળ નોંધ્યું છે કે ''આ રીતે બ્રહ્મભટ્ટોનું છેક દોઢસો વર્ષ પહેલાં ત્રણ રાજકારણમાં ઘણા લાંબા સમયથી સંમાન થતું આવતું હતું. વળી બ્રહ્મભટ્ટો જેના જામીન થતા તેની જામીનગીરી પ્રાણના ભોગે પણ તાર ઉતારતા તે વિષે કેટલાંક ઇતિહાસપ્રસિદ્ધ ઉદાહરણો આ પ્રમાણે છે :

''સંવત ૧૬૫૦ (ઈ. સ. ૧૫૯૩)ના અરસામાં ઇડરના રાવ (રાજવી) જગન્નાથના જામીન, અકબરના દરબારમાં વડોદરાના વૈતાલ બ્રહ્મભટ્ટ થયા હતા.

પરંતુ પાછળથી રાજવીએ વૈતાલ ભટ્ટના લહેણા પૈસા, ઘણા થતાં આપી શકાય તેમ ન લાગવાથી એમના ઉપર તહોમત મૂક્યું. પોતે અકબર બાદશાહને વચન આપ્યું હોવાથી વૈતાલ બ્રહ્મભટ્ટ દિલ્હી ગયા અને બાદશાહને સઘળી હકીકતથી વાકેફ કર્યા તથા બાદશાહના હુકમથી તે સમયના અમદાવાદના હાકમે સૂબા શાહજાદા મુરાદ પાસેથી પાંચ હજાર ઘોડેસવારોની મદદ મેળવી ઇડરનું રાજ્ય પોતાને કબજે કર્યું.'' તેઓ આગળ નોંધે છે કે ''આ રીતે બ્રહ્મભટ્ટ લોકો રાજકાણમાં સારી રીતે ભાગ લેતા હતા અને તેના બદલામાં રાજા મહારાજાઓ તરફથી તેમને જાગીરો તથા ગામો (ભેટ સોગાદરૂપે) આપવામાં આવતાં હતાં. એનો એક દાખલો જોઈએ તો અંબાસણના (તા. વિજાપુર, જિ. મહેસાણા) ઠાકોર પાતલસિંહજીએ બારોટને એવા જ એક કામના બદલમાં વેડુ અને દેવડુ ગામો આપ્યાં હતાં.'' છેલ્લે તેઓ જણાવે છે કે ''વળી સંવત ૧૭૦૦ (ઈ. સ. ૧૬૪૩) થી ૧૮૦૦ (ઈ. સ. ૧૭૪૩)ના અરસામાં જ્યારે દિલ્હીથી મહંમદ બેગડો જૂનાગઢ ઉપર ચઢી આવ્યો ત્યારે ગામ વંથલીથી રૂડજી બારોટ ત્યાંથી નીકળી પંચમહાલમાં બોરુ ગામે આવી રહ્યા. પછી પોતાના જીવનનિર્વાહ માટે સિંધિયા સરકાર પાસે ગ્વાલિયર ગયા. ત્યાં પોતાની વીરરસની રચનાઓથી ખુશ કરી તાંબાના પતરે નવસો વિઘાનો વાંટો બક્ષિસ લખાવી લાવ્યા. તેનો ઉપયોગ હાલ બોરુ જકરડા કરે છે.''[૩૧]

બ્રહ્મભટ્ટ કવિઓ અને રાજદરબારીઓ માટે કર્નલ ટોડ નોંધે છે કે ''તેમની વાચાળતા અને સ્પષ્ટતાની પૂર્તિ તેમની સ્વતંત્ર લેખનીથી થઈ જાય છે. રાજપૂત રાજાઓની કઠોરતાનો પ્રભાવ કવિઓના કાવ્યો પર પડતો નથી. તેમનાં કાવ્યોની ધારા અસ્ખલિત રીતે વહેતી ચાલી જાય છે, પરંતુ અલબત્ત છંદ-ભુજંગના નિયમની બેડી તેને રોકે છે. જે ઇતિહાસલેખકની સ્વતંત્રતાના અવરોધને માટે કમ સમજવી જોઈએ નહીં.'' તેઓ આગળ વધતાં જણાવે છે કે ''રાજા અને કવિ પોકળ પ્રશંસાના બદલામાં પુષ્કળ ધન પ્રાપ્ત કરી લે છે. તેથી ઐતિહાસિક કાવ્યોની સત્યતામાં દોષ આવી જાય છે. માટ ભાટ લોકોના કહેવા પ્રમાણે આ 'સુખ્યાતિ'નો સોદો આવા કવિરાજો અને ઇતિહાસલેખકોના હાથમાં ત્યાં સુધી રહેશે કે જ્યાં સુધી સમાજમાં પૂર્ણશિક્ષિત અને સ્વતંત્ર લોકોની એક એવી શ્રેણી તૈયાર નહીં થાય કે જે સાહિત્ય વિષયક વ્યવસાયને માટે સર્વસાધારણમાં સંમાનિત થવા સિવાય બીજા કોઈ પારિતોષિકની ઇચ્છા નહીં રાખે....તેમ છતાં પણ આ ઇતિહાસલેખકો કોઈ કોઈ વખતે એવી સત્ય વાત કહેવાનું સાહસ કરી બેસે છે કે એમના સ્વામીઓને અત્યંત અપ્રિય લાગે છે. જ્યારે તેમનું (કવિનું) હૃદય દુઃખી થાય છે, તેમનો ક્રોધ વધે છે ત્યાર પછી તેનું શું પરિણામ આવશે તેનો લેશમાત્ર ભય તેઓ રાખતા નથી અને જે વ્યક્તિ તેમના ક્રોધનું કારણ બને છે તેનું અકલ્યાણ થાય છે. અનેક હઠીલા પુરુષોને તેમનાં નિન્દોપહાસક કાવ્યોના ફટકાઓએ

સદાને માટે ઉપહાસને પાત્ર બનાવી દીધા છે. જો તેમણે બારોટને ક્રોધિત કર્યા ન હોત તો તેમના નામ પર અપકીર્તિનું લાંછન લાગત નહીં. માટે જ રાજપૂતો શત્રુઓના શસ્ત્રની અપેક્ષાએ કવિઓની વિષમયી વાણીથી અધિક ડરે છે. આમ આવા કેટલાક દોષો હોવા છતાં ભટ્ટ કવિઓના કાવ્યગ્રંથો દ્વારા સત્ય ઘટના, ધાર્મિક વિચાર તથા રીત-રિવાજ સંબંધી અનેક મહત્ત્વની વાતો પ્રાપ્ત થાય છે, જેમાંની કેટલીક પક્ષપાત વિના જ લખાઈ હોવાથી તેની સત્યતા માટે સંદેહ ઓછો છે.''[૩૨]

કર્નલ ટોડના આ મંતવ્ય પછી આપણે વર્તમાન સમયના ઇતિહાસના અભ્યાસી પ્રાધ્યાપક ઈશ્વરલાલ પી. ઓઝાના 'ગુજરાતના ઇતિહાસની લેખનપ્રવૃત્તિ' નામના લેખમાં નોંધવામાં આવલા આ અંગેના વિચારો જાણીએ :

''ગુજરાત અને રાજસ્થાનની (રાજસ્થાન ચાલુક્યોના સમયે ગુજરાતના ભાગ તરીકે હતું, ઇતિહાસપ્રવૃત્તિને સંબંધ છે ત્યાં સુધી બારોટ (વગેરે) વર્ગનું વિશિષ્ટ મહત્ત્વ છે. આ વર્ગની આધુનિક ઇતિહાસ સંશોધકો અને લેખકો ઉપેક્ષા કરે છે, પરંતુ ઇતિહાસ-જગત પર તેના કેટલાક ઉપકારો છે તેમાં મહત્ત્વનો ઉપકાર પ્રાચીન લિખિત ગ્રંથોના વિચારોને જાળવી રાખવાનો છે. ફોર્બ્સે તૂરી જેવા અછૂતોના બારોટોનો આવા આનુવંશિક વારસાનાં ઘણાં દૃષ્ટાંતો આપ્યાં છે. ફક્ત 'પ્રબંધચિંતામણિ'માં મળે તેવા કેટલાક વિચારો વાઘેલા તથા સમીના તૂરી બારોટો પાસેથી ફોર્બ્સને જાણવા મળ્યા હતા. ઇતિહાસસંશોધક મહેનત કરે તો આવી ઘણી માહિતી આ સદંતર ઉપેક્ષિત વર્ગ પાસેથી મળી શકે.''[૩૩]

એન્થોવાન પણ આ લોકોના આ મહત્ત્વપૂર્ણ વ્યવસાય પર પ્રકાશ પાડતાં ખાસ કરીને વહીવંચા બારોટો માટે નોંધે છે કે ''ધંધાથી ભાટ લોકો વંશાવળી રાખનારા ગાયક અને સ્તુતિ કરનાર હતા. તેઓ દેશી રજવાડાંઓમાં તેમજ ધનિકોના કુટુંબોમાં જતા. પ્રત્યેક રાજપૂત રાજવી અને જમીનદારોનાં કુટુંબ સાથે કોઈ ને કોઈ ભાટ (આ રીતે સંકળાયેલા રહેતા. આવા પ્રત્યેક ભાટને (પોતાના) ચોક્કસ વારા રહેલા, જે પ્રમાણે તે દર વર્ષે પોતાના યજમાનને ઘેર જતા. આવા એક ગામના વારા વખતે તે એક ઘેરથી બીજે ઘેર જતા ત્યારે યજમાન દ્વારા ભાટનું સ્વાગત કરવામાં આવતું અને તેના રોકાણ દરમિયાન તેની સારી એવી સરભરા કરવામાં આવતી. તે પોતાની સાથે વંશાવલીનો ચોપડો-વહી-રાખતા અને યજમાનના ગોત્ર(કુળ-વંશ)માં થયેલ તમામ યાદગાર (વીરોચિત) કૃત્યો મોઢે યાદ રાખીને બોલી જતા. આમ યજમાનના વીરપૂર્વજોની તેઓ વંશાવલી વર્ણવતા. વળી ભાટ યજમાનને ત્યાં પોતાની આખરી મુલાકાત પછી કુટુંબમાં થયેલ જન્મ, લગ્ન કે મરણની નોંધ કરતા. તે પ્રત્યેક નોંધની ફી લેતા તેમજ યજમાનની ઉદારતા અનુસાર વાર્ષિક ભેટ સોગાત પણ મેળવતા.''[૩૪]

આ જ ગ્રંથમાં એન્થોવાન આગળ જતાં બ્રહ્મભટ્ટોના વ્યવસાયમાં બીજાં કેટલાંક સાધનો કે રીતભાતોનું વર્ણન આ રીતે કરે છે : ''થોડાંક વર્ષો અગાઉ ધનોપાર્જનનો એક માર્ગ તેમની મધ્યસ્થીથી કરાયેલ ગિરોખત-જામીનખતની પરિપૂર્ણતા પણ હતી. જો કોઈ માણસ ભાટને આપેલ વચનનો ભંગ કરે તો ભાટ ત્રાગું-એટલે કે પોતાના કુટુંબની કોઈ એક કન્યા-સ્ત્રીને, વચનભંગ કરનારના નિવાસસ્થાને લાવીને મારી નાખવાની ધમકી આપતો કે હકીકતમાં જ તેની હત્યા કરવાની રીત અપનાવતો. જો આ રીત પણ નિષ્ફળ જાય તો તે ભાટ પોતાના કાળજામાં (પોતાની જાતે જ) કટારી ભોંકીને જીવ આપી દેતો. આ પદ્ધતિને લીધે થતા અભિશાપ અને ભાટના ખૂનનું પાતક (પાપ) પોતાના શિરે આવવાની દહેશત મોટે ભાગે (ગમે તેવા) હઠીલા-જિદ્દી-માણસની બુદ્ધિને પણ ઠેકાણે લાવી દેતી. એકાદ બે સૈકાથી માંડ વધુ સમય અગાઉ ભાટ શબ્દનો અર્થ કોઈ પણ પ્રકારના ધંધાની પરિપૂર્ણતા માટે જરૂરી ખાતરી સમાન થઈ ચૂક્યો હતો. રાજકુમારથી માંડીને સામાન્ય ગ્રામજન સુધીના તમામ માણસોને ચોક્કસ ખાતરી હતી કે ભાટ હંમેશાં પોતાનું વચન પાળશે જ અથવા (તેમ ન થતાં) મોતને ભેટશે. તેથી ભાટની સહી વિનાનો કોઈ જ વહેવાર-સોદો-કાયદેસરનો ગણાતો નહીં. કર્નલ વૉકર દ્વારા ૧૮૦૭માં કાઠિયાવાડી રાજવીઓનાં લેવાયેલાં તમામ જામીનપત્રો પર ભાટની સહી લેવામાં આવી હતી.''

આમ વહી રાખવી કે વહીવંચાનો ધંધો કરવો તે વહીવંચા બારોટોનું ખાસ કામ હતું. એ સિવાયના બ્રહ્મભટ્ટ-બારોટો જામીન તરીકે કોલકરારના મધ્યસ્થી રહેવા ઉપરાંત અન્ય વ્યવસાય કરતા. તે અંગે એન્થોવાન આછળ નોંધે છે કે ''તેઓ મોટા પાયા ઉપર ખજાનાના રક્ષક તરીકે અને સફર દરમિયાન તેની જાળવણી કરવા માટે ખાસ કામમાં આવતા. તેમની આત્મબલિદાન આપવાની કે ત્રાગું કરવાની ધમકી મોટા મોટા ચોર-લૂંટારાઓ પાસેથી મૂલ્યવાન ચીજોને હાથ અડકાડ્યા સિવાયની (સલામત) પાછી લાવવા માટે પૂરતી હતી.''[૩૫]

વાસ્તવમાં જ્યારે આવાગમનમાં આધુનિક સાધનો વિકસ્યાં ન હતાં, તે પૂર્વે યાતાયાત કે આવાગમન માટે પારંપરિક સાધનોનો પુષ્કળ ઉપયોગ થતો ત્યારે દેશમાં ઠેર ઠેર ચોર-લૂંટારા કે ઠગોની ટોળીઓનો ઉપદ્રવ હતો, જે લોર્ડ વિલિયમ બેન્ટિકના સમયે (૧૮૨૮-૩૫) નિયંત્રણમાં આવ્યો તોપણ શેઠ શાહુકારો અને યાત્રાળુઓના જાનમાલના રક્ષણ માટે મરણિયા અને જવાંમર્દ બ્રહ્મભટ્ટ યુવકો રખોપા (રક્ષક) કે વળાવિયા તરીકે સાથે રાખવાની પ્રથા તો ચાલુ જ રહી હતી. એન્થોવાન પણ કબૂલ કરે છે કે બારોટની હાજરી અને આત્મબલિદાનની ધમકી ક્યારેક હકીકતમાં તેમ કરવાની રીતથી ચોર-લૂંટારા અને ઠગ પણ દૂર રહેતા.

એ જ રીતે ઈ. સ. ૧૬૬૪-૬૫માં ગુજરાતની મુલાકાતે આવેલા ફ્રેંચ મુસાફર જીન-દ-થેવનોટે ગુજરાતનાં અનેક ઐતિહાસિક સ્થળો તેમજ માણસોની મુલાકાત લઈ નોંધ્યું છે કે ''ગુજરાતમાં ડાકુ-લૂંટારાઓનો એટલો બધો ભય રહેતો કે વેપારીઓ અને મુસાફરો પોતાના જાનમાલનું રક્ષણ કરવા ચારણ-બારોટની સેવાઓ લેતા.'' પોતાનો જ અનુભવ ટાંકીને તે આગળ જણાવે છે કે ''એક સમયે જ્યારે તે અમદાવાદથી ખંભાત જતો હતો ત્યારે તેને એવી સલાહ આપવામાં આવી કે તેણે પોતાના જાનમાલનું રક્ષણ કરવા કેટલાક ચારણ-બારોટને રાખવા જોઈએ.'' તેમ તેમ કરવાની ના પાડી છતાં સ્પષ્ટ નોંધ કરી કે ચારણ-બારોટ ખાસ કરીને ભરૂચ-ખંભાત અને અમદાવાદમાં વસે છે. તેઓ લૂંટારાઓથી પ્રવાસીઓનું રક્ષણ કરે છે. જરૂર પડે તો તેઓ તેમનું પોતાનું મસ્તક ધડથી અલગ કરી આપે છે અને તેમની સ્ત્રીઓ પોતાનાં વક્ષ:સ્થળ કાપીને બલિદાન આપતાં પણ અચકાતી નથી. આ લોકો હિંદુઓમાં અત્યંત પવિત્ર ગણાતા હોવાથી અને તેમની આત્મહત્યાથી હિંદુઓની ધાર્મિક લાગણી દુભાતી હોવાથી લૂંટારાઓ પણ તેમનો સામનો કરતા અચકાય છે.[૩૬]

અત્રે નોંધવું ઘટે કે કે આ ફ્રેંચ મુસાફર થેવેનોટ ઈ. સ. ૧૬૬૪-૬૫ એટલે કે ઔંગઝેબના સમયે ગુજરાતના પ્રવાસે આવ્યા હતો. તે વિદેશી પ્રવાસી હોવાથી 'બારોટ' શબ્દનો ઉપયોગ ન કરતાં તેણે 'ચારણ'નો ઉપયોગ કર્યો છે, પરંતુ તેનો આશય 'બારોટ' જ કહેવાનો છે, કારણ કે 'દેવીપુત્ર' તરીકે પ્રચલિત આ લોકો જ જાનમાલનું રક્ષણ કરવાના કામમાં રોકાયેલ હોવાના અનેક પુરાવા મળી રહે છે. વળી થેવેનોટે ભરૂચ ખંભાત અને અમદાવાદનો જે ઉલ્લેખ કર્યો છે તે તમામ સ્થળો ચારણોનો નહીં, પણ બ્રહ્મભટ્ટોનાં નિવાસસ્થળો તરીકે પ્રચલિત છે. આમ બ્રહ્મભટ્ટ જામીનગીરીના વ્યવસાય અંગે આને એક ઐતિહાસિક, મહત્ત્વપૂર્ણ અને આધારભૂત ઉલ્લેખ ગણાવી શકાય.

'બ્રહ્મભટ્ટોની કટારી' નામના લેખમાં ડાહ્યાલાલ 'બ્રહ્મભટ્ટે પણ બ્રહ્મભટ્ટોના વ્યવસાય માટે ઉપર્યુક્ત મતને મળતું લખાણ કર્યું છે કે ''અગાઉના વખતમાં રાજસત્તાઓ અસ્થિર હતી અને રાજપલટા છાશવારે થતા અને કોઈ પણ કરાર, વચન કે દસ્તાવેજોનું પાલન અનિશ્ચિત હતું ત્યારે બ્રહ્મભટ્ટ જ્ઞાતિએ સમગ્ર દેશમાં જાનની કુરબાની આપીને પણ આવા કોલ-કરાર પતાવ્યા હતા. વચનભંગ થવાના કિસ્સામાં તે રાજા મહારાજા કે શેઠ-શાહુકાર જે હોય તે વચનભંગ કરનારને પહેલાં કરાર-પાલન કરવા અને તે (કરારમાં) પોતાની જામીનગીરી હોવા અંગેની જાણ કરતો, સત્યાગ્રહ પણ કરતો, તેમ છતાં પણ ન માને તો પોતાનાં વહાલાં સ્વજનો અને છેલ્લે પોતાની જાતની આહુતિ આપતાં પણ તે અચકાતો ન હતો... આમ આખા દેશમાં બ્રહ્મભટ્ટ-જામીનગીરીઓ ચાલતી. ગમે તે રાજા થાય, કે ગમે તેનું રાજ્ય નાશ પામે તો પ્રજાની મિલકતોનાં દસ્તાવેજોનું પાલન આ

રીતે થતું, જેના બદલામાં રાજાઓ કે પ્રજાજનો તરફથી બ્રહ્મભટ્ટોને થોડોક આર્થિક બદલો આજની સ્ટેમ્પ-ડ્યૂટીની માફક જે તે વ્યક્તિ તરફથી મળતો હતો.[૩૭]

આમ બ્રહ્મભટ્ટોની સ્વાર્પણની આ ભાવનાને લીધે પ્રજાજીવન પર તેમનો વિશેષ કાબૂ હતો. કથા-દંતકથાઓ ઉપરાંત ઈ. સ. ૧૭૭૦ થી ૧૭૮૨ વચ્ચે ગુજરાતમાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીના સનદી અધિકારી તરીકે આવેલ જેમ્બ ફોર્બ્સ પણ બ્રહ્મભટ્ટોના સત્યાગ્રહો, ત્રાગાં, 'ઝમોર' (સામૂહિક આત્મવિલોપન) વગેરે બાબતો સહિત બ્રહ્મભટ્ટોના વ્યવસાય અંગે નોંધે છે કે : ''ભાટ લોકો ગુજરાતના વિવિધ વિસ્તારોમાં વસે છે. મધ્યયુગીન યુરોપમાં જે રીતે ગીતો લલકારનાર સુભટો (બાર્ડ્સ) થઈ ગયા તે જ રીતે ગુજરાતના આ ભટ્ટો સ્વયં કવિતાઓ રચે છે અને તે સ્વયં ગાય પણ છે. આ કાવ્યો હિંદુ પૌરાણિક કથાવાર્તાઓ પરથી રચવામાં આવે છે અને તે છટાદાર અવાજ સાથે અજાણ્યાનું પણ મન હરી લે તેવા ભાવથી ગાઈ સંભળાવે છે. હિંદુ રાજાઓ તેમને આજના મરાઠા શાસકો પણ પોતાના કુટુંબમાં ભાટને અચૂક રાખે છે. આ ભાટ જાહેર પ્રસંગોમાં રાજાની સાથે રહે છે, તેની પ્રશસ્તિઓ ગાઈ સંભળાવે છે અને અલંકારિક તેમજ અતિશયોક્તિયુક્ત ભાષા દ્વારા પોતાના માલિકનો દરજ્જો વધારી આપે છે.''[૩૮]

જેમ્સ ફોર્બ્સ આ લોકોની કવિઓ કે ગીતકારો તરીકેની ભૂમિકા પૂરી પાડવાની વાતથી સંતોષ પામતા નથી, તેથી અગાઉ કહ્યા મુજબ મુજબ રાજા મહારાજાઓ કે વેપારીઓ અને પ્રજાજનો વગેરે વચ્ચે થયેલ કોલકરારોમાં ભાટ લોકો કેવી ભૂમિકા ભજવતા હતા તે અંગેનું વર્ણન કરે છે. આ વર્ણન કોઈના મોઢે સાંભળીને નહીં, પણ જાતે જ પ્રત્યક્ષ રીતે, જે એમણે જોયું-સાંભળ્યું તેવું (શબ્દશઃ) કરે છે, જે અત્યંત આધારભૂત હોવાથી અત્રે તેમના જ શબ્દોમાં નોંધ્યું છે :

Although this is the usual occupation of the 'Bhats', many of them have another mode of living, they offer themselves as security to the different governemnts for payments of their revenue, and the good behaviour of the Zamindars, Patels and Public farmers, they also became gurantees for treties between rival princes and the performance of the bends by individuals. No security is esteemed, so binding of sacred as that at a 'Bhat', because on failure of the obligation, he proceeds to the house of the offending party, and in his presence destroys either himself or one of his family, imprecating the most dreadful Vengenance of the Gods on the head of him who had compelled them in shed his blood. This is deemed a dire catastrophe, as the Hindooes are

taught to believe that the Bhat's life in which Superatitions Vaneration is attached ever and above their agreessor by an offended deity. It is therefore very uncommon for an obligation to be broken when a Bhat stands security."[૩૯]

આગળ પોતાના ઉપર્યુક્ત ગ્રંથમાં નોંધતાં જેમ્સ ફોર્બ્સ બારોટ કોમનાં સ્વાર્પણ અને સત્યાગ્રહની ખાતરી કરાવવા તેનો પોતાનો જોયેલ નડિયાદના બારોટોનો ત્રાગા કે સત્યાગ્રહનો પ્રસંગ જે રીતે લંબાણપૂર્વક વર્ણવે છે તે એના જ શબ્દોમાં ''કાંડોરાવ કે જેમનું રાજધાનીનું મુખ્ય શહેર નડિયાદ હતું, તે ગુજરાતનું એક અત્યંત સુંદર સુશોભિત શહેર હતું. લગભગ ત્રણ માઈલના ઘેરાવાવાળું પૌરાત્ય પદ્ધતિની ઓછી પહોળી દીવાલો, અનિયમિત અંતરે ગોળગુંબજવાળી કિલ્લેબંધી તથા મજબૂત નવ દરવાજા અને કિલ્લાને ફરતી કોરી સૂકી ખાઈવાળું આ નગર હતું. અંગ્રેજ અને ડચ વેપારીઓ તેની વારંવાર મુલાકાત લેતા અને જ્યાં હાલમાં લગભગ બારહજાર જેટલાં કુટુંબો સર્વોત્તમ બાફટા (સિલ્ક) તથા અન્ય સુતરાઉ કાપડના ઉત્પાદનમાં રોકાયેલાં હતા ત્યાં પહોચી આંબા આમલીની ગીચ ઝાડી તથા સુખડથી સહેજ ઊતરતી કક્ષાનાં નાનાં વૃક્ષોની વનરાજી તેમજ ભરચક કૂવાઓ તથા વિશાળ તળાવો પાસે અમે અમારાતંબુ તાણ્યા.

''રાઘોબાએ કાંડોરાવના ગુના બદલ ખૂબ જ ઉદારતાપૂર્વક માત્ર સાઠ હજાર રૂપિયાની કર-વસૂલાત નડિયાદની વસ્તી પર નાંખી, પરંતુ શહેરને રોળી નાખવાની ધમકી ન મળી ત્યાં સુધી એમણે તે ભરવાની વાત સાંભળી નહીં તેથી દરેક નાગરિકની તમામ મિલકત અને તેમની સંખ્યા મુજબ કર-આકારણી કરવામાં આવી, પરંતુ કેટલાક બ્રાહ્મણ જાતિના ભાટને નામે ઓળખાતા અને તમામ પ્રકારની મુક્તિવાળા કેટલાક વિશેષાધિકારો ભોગવતા લોકોએ આ ભરવાની ના પાડી.''

જેમ્સ ફોર્બ્સના સમયે નડિયાદમાં બેવાર કર-આકારણી થઈ અને બે વાર ત્યાં લૂંટ પણ થઈ. ''રાઘોબાના શાસનના પ્રારંભે ત્રણ માસમાં આ મોટી આપત્તિ ભોગવતા નડિયાદવાસીઓનો કર ઘટાડવામાં આવ્યો, પરંતુ હજુ પ્રત્યેક કુટુંબનો ચોથો ભાગ નાખુશ હતો, કારણ કે તેમની છેલ્લી નાનામાં નાની વસ્તુઓ કરની વસૂલાત પેટે લૂંટવામાં આવી હતી, એટલું જ નહીં, પણ કપડાં અને જરૂરી વસ્તુઓ છીનવી લેવાઈને ગામ માલિકોને હવે સાવ દરિદ્ર બનાવી દેવાયા. મરાઠાઓની આવી ક્રૂરતા એટલી તો સહજ હતી કે નડિયાદમાં તેમણે કરેલી નિર્દયતા અમારા મિત્ર રાજ્યોને સાવ સામાન્ય ગણાવી હતી.''

જ્યારે આ ઘાતકીપણાના અને બારોટો દ્વારા કર નહીં ભરવાના સમાચાર અંગ્રેજી છાવણીમાં ગયા ત્યારે કમાન્ડિંગ ઓફિસરે બ્રિગેડ(લશ્કરી ટુકડી)ના મેજરને ખાનગીમાં શહેરમાં આગેવાન બારોટોને સમજાવી-પટાવી લેવા અને જો તેઓ પોતાનો હઠાગ્રહ

(સત્યાગ્રહ) છોડી દે અને બચાવ પર આધાર રાખે તો ગંભીરપણે આ દુ:ખદ પગલાનો ઉપાય નીકળી શકે તેવું જણાવવા મોકલ્યા, જેના જવાબમાં જ્ઞાતિના આગેવાનોએ અધિકારીને જણાવ્યું કે તેઓ (સરકાર દ્વારા) માગ્યા કરતાં પણ ઘણું બધું વધુ આપી શકે તેમ છે, પરંતુ કર સિવાયના અન્ય કોઈ સ્વરૂપમાં (કરરૂપે તો નહીં જ.) વિશેષમાં આ લોકોએ જણાવ્યું કે જો રાઘોબા એમની પાસેથી ફરજિયાત કરવસૂલાતનો આગ્રહ રાખશે તો તેઓ તાબે થવા કરતાં મોતને ભેટવાનું વિશેષ પસંદ કરશે.

આ સ્નેહાળ સમજાવટ નિરર્થક પુરવાર થતાં અને રાઘોબા દ્વારા અદમ્ય દબાણ ચાલુ રખાતાં સમગ્ર બારોટ જ્ઞાતિના પુરુષો, સ્ત્રીઓ અને બાળકો શહેરના ખુલ્લા ભાગમાં કટારો લઈને સમર્પણનાં સૂત્રો પોકારતાં એકત્રિત થયાં. તેમણે ફરી એક વાર કરમુક્તિ માટે વિંનતી કરી જોઈ જે નકારી કાઢવામાં આવી તેથી આ લોકો એકાએક એકબીજા તરફ ઝનૂનપૂર્વક ધસી ગયા. જેમ્સ ફૉર્બ્સ અને તેની વિસ્મય પામેલ લશ્કરી ટુકડી તેમને નિઃશસ્ત્ર કરે તે પહેલાં તો ખૂબ જ મોટી સંખ્યામાં (બારોટોનાં) મોત નીપજ્યાં.

એવામાં એક બારોટ બીજાઓ કરતાં જુદો જ વધુ શાંત અને ઉદાર જણાતો હતો તે પોતાનો સમગ્ર પરિવાર દરબાર સામે લઈ આવ્યો. તેના પરિવારમાં બે યુવાન ભાઈઓ અને એક સુંદર બહેનનો સમાવેશ થતો હતો. તે તમામ અગિયાર વર્ષથી ઓછી ઉંમરનાં હતાં. તેણે સર્વપ્રથમ પોતાની નાજુક અને ખૂબસૂરત બહેનના કાળજામાં કટાર ભોંકી દીધી. બીજી ક્ષણે તે જ કટાર પોતાના એક ભાઈના કાળજામાં ભોંકી દીધી અને (આમ અત્યંત) ઉશ્કેરાયેલા તે બારોટને રોકવામાં આવે તે પહેલા બીજાને પણ હણી નાખ્યો. પાછળથી એક માણસને કહેતાં સાંભળ્યો હતો કે થોડાક મહિનાઓ પહેલાં જ તેના બાપે પણ આવા જ ઉમદા કામ માટે આવું બલિદાન આપ્યું હતું, જે કામ માટે આજે તે પોતે પોતાની ભાઈ-બહેનનનો ઘાતક બન્યો હતો.

આ બલિદાન પછી ભાટ કે બ્રાહ્મણોએ હવે કોઈ પણ કર ભરવામાં હીણપત ન અનુભવી. ક્યારેક એવી વિસંવાદિતા માનવચારિત્ર્યમાં જણાય છે અને સામાન્ય પ્રણાલિકાના નિયમભંગનું કેવું પ્રદર્શન કરે છે! (તે બાબતનું આ એક યાદકાર ઉદાહરણ છે.)

નડિયાદની આ કર-આકારણી નિયત સમય મર્યાદામાં પૂરી પાડતાં ફોર્બ્સ અને તેની ટુકડીએ ૧૪મી મે ૧૭૭૪ના રોજ આ ત્રસ્ત શહેર છોડ્યું, પરંતુ ઉપર્યુક્ત પ્રસંગ તેઓ ક્યારેય ભૂલી શક્યા નહીં.[૪૦] એટલું જ નહીં પણ ગુજરાતની આ પ્રજાને (બ્રહ્મભટ્ટોને) એક અપ્રતિમ પ્રજા' (Extra-ordinary people) તરીકે હંમેશાં આદરપૂર્વક ઓળખાવતા રહ્યા. (વિશેષ જાણકારી માટે જુઓ – "Oriental Memoirs" – James Forbes – London –1813.)

આમ જેમ્સ ફોર્બ્સ જેવા વિદ્વાન અંગ્રેજ ઈતિહાસકાર અને અંગ્રેજ લેખકનાં ઉપર્યુક્ત લખાણોમાંથી આપણને બ્રહ્મભટ્ટ જ્ઞાતિના સમર્પણની અને ખમીરની સાબિતી મળી રહે છે. હંમેશાં અન્યાયી સત્તાધીશો સામે બ્રહ્મભટ્ટોને મોટી કુરબાનીઓ આપવી પડી હતી, જેનાં અનેક જ્વલંત ઉદાહરણો ઈતિહાસમાં મોજૂદ છે. એ પૈકીનાં કેટલાંક ઉદાહરણો અત્યંત પ્રચલિત હોવાથી અત્રે ટૂંકમાં ઉલ્લેખ લઈએ.

સૌથી પહેલો પ્રસંગ ઈ. સ. ૧૮૬૩-૬૪માં ગાયકવાડી શાસનના ઉત્તર ગુજરાતના મહેસાણા પાસેના ઊંઝા ગામનો છે. મુલ્કી હાકેમો અને ગોરા અમલદારોની ચડવણીથી શ્રી ખંડેરાવ ગાયકવાડે ઊંઝાના જમીનવેરાના વધારો કર્યો, એટલું જ નહીં, પણ ઈનામ-પસાયતામાં આપેલ જમીન-જાગીરો વંશપરંપરાગત રીતે ભોગવતા બ્રહ્મભટ્ટોને પણ આ જમીનો ખાલસા કરવાના હુકમરો આપવામાં આવ્યા. આ અન્યાયી પગલાંથી જનસામાન્યમાં ખૂબ અસંતોષ જાગ્યો, પરંતુ વિરોધ કોણ કરે, એ પ્રશ્ન હતો. આવા અન્યાયનો પ્રતિકાર કરવાનું બ્રહ્મભટ્ટ કોમના સ્વભાવમાં હતું તેથી પોતાને વંશપરંપરાગત મળેલ હક્ક-ભોગવટા માટે લડી લેવા અને અન્યાય સામે અવાજ ઉઠાવવા ગામેગામના બ્રહ્મભટ્ટ અગ્રણીઓ એકઠા થવા લાગ્યા. એ સમયે પાટણ મહાલ અને ઊંઝા ગામ થાણેદાર રઘુનાથરાવના નિયંત્રણમાં હતું. પોતાને થયેલ ઉપર્યુક્ત અન્યાયની રજૂઆત કરવા શ્રી ભૂપતસિંહ કિરતસિંહ(ઊંઝા)ની આગેવાની નીચે એક બ્રહ્મભટ્ટ પ્રતિનિધિ મંડળે એમની મુલાકાત માંગી, જે સ્વીકરાવામાં આવી નહીં. ઉલ્ટાનું આ લોકોને કેદ પકડવામાં આવ્યા તેથી બ્રહ્મભટ્ટોએ ભૂખ-હડતાલનો અહિંસક માર્ગ પકડ્યો. એમ કરતાં પણ કોઈ નિર્ણય ન આવે તો આત્મબલિદાન આપવાનો આ લોકોને નિરધાર કરી લીધો. પોતાની પ્રજાને થતા અન્યાયની આ મદાંધ થાણેદારને કોઈ પરવા ન હતી. ભૂખ-હડતાલની તેણે કોઈ નોંધ જ લીધી નહીં તેથી અંતે ભૂપતસિંહે પોતાનાં ગામ અને જ્ઞાતિને થતા અન્યાયના પ્રતિકાર સામે આત્મબલિદાન (ત્રાગું) કરી દેવા નિર્ણય કર્યો. અન્ય આગેવાન વડીલોને પોતાના કુટુંબ-પરિવારની ભલામણ કરી કોઈ કંઈ સમજે, બોલે કે રોકે તે પહેલાં જ ''જય મા ભવાની'' કહી કમરે (ભેટે) બાંધેલ કટારી પોતાના પેટમાં હુલાવી દીધી. બહાર ધસી આવેલાં આંતરડાં ખેંચી કાઢી ગળામાં વીંટીને થાણેદાર તથા ગોરા મુલ્કી અમલદારની આખરી મુલાકાત માટે સિંહગર્જના કરી. બ્રહ્મભટ્ટના આત્મબલિદાનના સમાચાર જોતજોતમાં બધે જ ફેલાઈ ગયા. રાજવહીવટ સામે જનસામાન્યમાં પણ ધિક્કારની લાગણી ફેલાઈ ગઈ. બ્રહ્મભટ્ટ નવયુકનું આ બલિદાન વ્યર્થ ન ગયું. મહારાજ ખંડેરાવ વતી મહાલના અધિષ્ઠાતા થાણેદાર રઘુનાથરાવે એ અન્યાયી કાયદો પાછો ખેંચી લેવા વચન આપ્યું ત્યારે જ આ નવયુકવે હસ્તે મોઢે પ્રાણ તજ્યા.[૪૧]

આવી જ એક ઘટના સૌરાષ્ટ્રના પ્રચલિત જૈન તીર્થસ્થળ પાલિતાણામાં બનેલ છે, જે શ્રી ડાહ્યાલાલ અં. બ્રહ્મભટ્ટે (કલોલ) 'જનકલ્યાણ'માં આ પ્રમાણે આલેખી છે તે જોઈએ. ''પાલિતાણાના જૈન તીર્થસ્થળ પર મહંમદ બેગડાના આક્રમણને લીધે પાલિતાણાના વયોવૃદ્ધ બ્રહ્મભટ્ટ કાળિદાસ પાસે તમામ જૈનોએ એકઠા થઈને તીર્થ બચાવી લેવા વિનંતી કરી. શ્રી કાળિદાસે પોતાન જ્ઞાતિબંધુઓને એકઠા કરી તીર્થને બચાવવા લગભગ સો બ્રહ્મભટ્ટોને અહિંસક સત્યાગ્રહ કરવા તૈયાર કર્યા. મહંમદ બેગડાએ આક્રમણ કર્યું ત્યારે આ સત્યાગ્રહીઓ શેત્રુંજા(પહાડ)ના પગથિયે ઊભા રહી ગયા અને સુલતાનને સમજાવવા પ્રયત્ન કર્યો, પરંતુ તે ન માનતાં સર્વપ્રથમ કાળિદાસ, પછી જીભાઈ અને સોળ વર્ષના પ્રતાપસિંહે... ''જય અંબે''ના જયનાદ સાથે પોતાના પેટમાં કટારી મારી પોતાનું બલિદાન આપી દીધું. આમ એક પછી એક કુલ સાત બ્રહ્મભટ્ટોએ પોતાની કુરબાની આપી. વળી ગામ પરગામના બીજા બ્રહ્મભટ્ટોએ આ કાર્યનો વિરોધ દર્શાવવા સત્યાગ્રહ કરી 'ઝમોર' (પુરુષો દ્વારા સામૂહિક અગ્નિસ્નાની પ્રક્રિયા) ખડકવા તૈયારી કરી તેથી મુસ્લિમ સુલતાનનું કાળજું નરમ પડ્યું અને તે તીર્થ તેમજ મૂર્તિઓનો ધ્વંશ કર્યા વિના જ પાછો ફર્યો. ત્યારથી આ જ પર્યંત બ્રહ્મભટ્ટોની કુરબાનીને યાદ કરી તેમને મંદિર તરફથી પૂજાપાઠ કરવાના હક્કો આપવામાં આવ્યા છે.[૪૨]

આવો જ એક બીજો પ્રસંગ પાટણમાં કુમારપાળના સમયે થઈ ગયો તે અત્રે ટૂંકમાં રજૂ કરીએ : ''કુમારપાળનાં લગ્ન ઉદેપુરના રાણાની દીકરી રામકુંવરબા સાથે થયાં હતાં. તેઓ ચુસ્ત શૈવ હતાં, જ્યારે કુમારપાળ ચુસ્ત જૈન હોવાથી રાણીને ગૃહપ્રવેશ પૂર્વે જૈન સાધુ હેમચંદ્રાચાર્યના આશીર્વાદ અને ઉપદેશ ગ્રહણ કાજે જવા કહ્યું. રાણી માન્યા નહીંને પિતૃગૃહે પાછાં ફર્યાં. ''કુમારપાળના દરબારમાં દશોંદી બારોટ જલ્હણજી અને પલ્હણજી ખૂબ જાણીતા હતા. કુમારપાળે તે બંનેને ઉદેપુરથી રાણીને મનાવીને લઈ આવવાનું કામ સોંપ્યું. બંને ઉદેપુર ગયા (ને) પોતાની જાત-બાંહેધરી ઉપર રાણીને મનાવી પાટણ લાવ્યા. તે પછી પણ કુમારપાળે તો પોતાનું અગાઉનું ફરમાન ચાલુ રાખ્યું અને તે સિવાય રાણીને રાજમહેલમાં પ્રવેશવાની ના પાડી. પરિણામે બંને બ્રહ્મભટ્ટો રાણીને પિતૃગૃહે પરત મૂકી આવ્યા. તેથી રાજા એમના ઉપર ગુસ્સે થયા, તેમનું અપમાન કર્યું. વિવેક ભૂલી ભ્રષ્ટ બનેલા કુમારપાળના અસહ્ય ત્રાસથી થાકીને બંને બ્રહ્મભટ્ટોએ સમગ્ર જ્ઞાતિ બંધુઓને કે જેમને 'નવલાખ કટારી' એવા નામે ઓળખવામાં આવે છે તેને પાટણમાં એકઠા કર્યાં. તેમણે આવીને રાજાના હૃદયનુંઝેર દૂર કરવા સત્યાગ્રહ-ઝમોર-ની વીરોચિત રીત અપવાની. પાટણમાં હૃદય કંપાવે તેવી ભડભડતી ચિતાની ગગનચુંબી જ્વાળાઓરૂપી યજ્ઞકુંડમાં ઝનૂનભર્યા સાતસો ને સત્યાસી બ્રહ્મભટ્ટોએ પોતાના અમૂલ્ય માનવદેહોનું બલિદાન આપ્યું તેથી કુમારપાળની આંખો ઊઘડી. પોતાની ભૂલનો એકરાર કરી (એણે) બ્રહ્મભટ્ટોને પુરતો માન મરતબો આપ્યો.''[૪૪]

આમ આવા સત્યાગ્રહના પ્રસંગો જોતાં આપણને સહજ રીતે જ પ્રશ્ન થાય કે ભારતની સ્વાતંત્ર્ય ચળવળમાં સત્યાગ્રહના પ્રયોગો કરવાની પ્રેરણા પૂ. બાપુજીને અને લોખંડી પુરુષ સરદારશ્રીને આવા પ્રસંગોમાંથી તો નહીં મળી હોયને! (આ સંદર્ભે 'બ્રહ્મભટ્ટ સંહિતા'ના અંતિમ-સમાપન પ્રકરણમાં પૃષ્ઠ ..... પર આપેલ અમેરિકન ઇતિહાસકાર હોવર્ડ સ્પોડેકનું વિધાન જોઈ જવું યોગ્ય બની રહેશે.) જોકે ક્રમશઃ આ ખમીર અને સત્યાગ્રહ તેમજ સ્વાર્પણની ભાવના ઓછી થતી ગઈ તેમાં કેટલેક અંશે જ્ઞાતિજનોનો, તો કેટલેક અંશે શઠ બ્રિટિશ સરકારનો પણ વાક હતો. આ ભાવના કઈ રીતે લુપ્ત થઈ તે માટે શાહ અને શ્રોફ નોંધે છે કે ‘‘મહેસૂલ ઉઘરાવવામાં ભાટ. જામીનગીરીની પ્રથા અંગ્રેજોએ ઈ.સ.૧૮૧૬માં બંધ કરી. મુસાફરીનાં વધુ સલામત સાધનો તથા અંગ્રેજોની કાયદાની કોર્ટોને લીધે મિલકતની ફેરબદલી, ભાડા, વેપાર કે સાધનો તથા અંગ્રેજોની કાયદાની કોર્ટોને લીધે મિલકતની ફેરબદલી, ભાડા, વેપાર કે નાણાકીય લેવડદેવડમાં કે યાત્રામાં તેમની જામીનગીરી હવે નિરર્થક બની ગઈ. વધુમાં ઈ.સ.૧૮૦૮થી અંગ્રેજોએ ત્રાગાના કિસ્સાઓ પર હત્યાના કિસ્સા તરીકે કામ ચલાવવાનું શરૂ કર્યું. સાથોસાથ ઘણા ભાટે માતાજીની પૂજા કરવાનું બંધ કરી દેતાં દેવીપુત્ર તરીકેનું સ્થાન સમાજમાંથી ગુમાવ્યું. આમ ભાટ-ચારણોએ અધીનતાના વિશેષ લાભો ગુમાવ્યા. પરિણામે તેમની વગ નબળી પડી. બ્રિટિશ શાસન હેઠળ તેમના પૂર્વોક્ત લાભો ગુમાવ્યા. પરિણામે તેમની વગ નબળી પડી. બ્રિટિશ શાસન હેઠળ તેમના સૌથી મહત્ત્વપૂર્ણ આશ્રયદાતાઓ રાજપૂતો અને સરદારોની સત્તા પણ ઘટી ગઈ હતી. વળી મનોરંજનના નૂતન પ્રકારોથી સમાજના પાશ્ચાત્ય પ્રવાહમાં ભાટ-ચારણનાં કાવ્યો અને કથાઓ તરફના રસમાં પણ સારો એવો ઘટાડો થયો, જોકે હજુ વહીવંચાઓએ પ્રશસ્તિગીતો ગાવાની તથા કથા-વાર્તાઓ કહેવાની આ પરંપરા જાળવી રાખી છે, પરંતુ સૌરાષ્ટ્રના અમુક કુટુંબોને બાદ કરતાં મોટા ભાગનાએ પોતાનો જૂનો વ્યવસાય ત્યજી દીધો છે. સ્તુતિકાવ્યના વ્યવસાયને હવે તેઓ એક પ્રકારની યાચકવૃત્તિ સમજે છે તેથી હવે આ લોકોએ નવા નવા વ્યવસાયો અપનાવ્યા છે.[૪૫]

શ્રી. શાહ અને શ્રોફની માફક એન્થોવાન પણ આ જ બાબતે નોંધે છે કે ‘‘દેશી રજવાડાં સિવાય ભાટોની જૂની સંસ્થા લગભગ મૃતઃપ્રાય બની છે. ગરીબાઈએ કેટલાકને મધ્યમવર્ગીય લોકો પાસે પણ યાચના કરાવી. બ્રિટિશ શાસન દરમ્યાન તેમણે પોતાની સત્તા તેમજ જીવનનિર્વાહનો આધાર ગુમાવ્યો છે તેથી કેટલાક ભાટો પોતાના આ જૂના પૈતૃક વારસાને-ધંધાને-ત્યજીને હવે ખેતી, પશુપાલન, શાહુકારી, ધીરધાર કે વેપાર કરી સાધનસંન્ન અને અન્ય વ્યવસાય કરતા થયા છે.’’[૪૬] બ્રહ્મભટ્ટોના વ્યવસાય બાબતે આધુનિક ઇતિહાસવેત્તા ડૉ. મકરંદ મહેતાના 'સાહિત્ય અને સામાજિક ચેતના' નામના

પુસ્તકમાં 'સાંપ્રદાયિક સાહિત્ય અને સામાજિક ચેતના' સ્વામિનારાયણ સંપ્રદાયનો અભ્યાસ (ઈ. સ. ૧૮૦૦ થી ૧૮૪૦) કથન ઘણું જ રસપ્રદ થઈ પડશે. તેઓ નોંધ છે કે ''હિંદુ કવિઓ અને આખ્યાનકારોએ તેમજ ભાટ, ચારણ અને બારોટ જેવી સંસ્થાઓએ ઇતિહાસ-પુરાણોના વિષયોને સાહિત્યકૃતિઓમાં વણી લઈ, સામાજિક અનિષ્ટો સામે અંગુલિ નિર્દેશ કરી, વંશાવલીઓ રચી આપીને તથા શૌર્યપ્રેમનાંગીતો ગાઈ સંભળાવીને ગુજરાતની લિખિત તેમજ મૌખિક સાહિત્ય-સાંસ્કૃતિક પરંપરાઓ જાળવી રાખી છે. અલબત્ત તેમને મન ખરેખર બનેલી કે બનતી જતી હકીકતો ગૌણ હતી, જે મહત્ત્વનું હતું તે તેમનાં વિષય-વસ્તુને ઐતિહાસિક ખ્યાલના અગમ્ય (Mysterious) અને અમૂર્ત ઢાંચામાં આકાર અપવાનું હતું. ગુજરાતના પરંપરાગત ઈતિહાસકારો આ રીતે લોકાચાર અને લોકરૂઢિને લક્ષમાં રાખીને પેઢી દર પેઢી સાંપ્રત સમાજની રીતરસમોને સમજાવતા આવ્યા હતા.''[૪૭] આ આધુનિક અને વિદ્વાન ઇતિહાસવિદની માફક બ્રિટિશ કાળમાં ગુજરાતની અસ્મિતાને જાગ્રત કરનાર શ્રી. એલેક્ઝાન્ડર કિન્લોક ફોર્બ્સ પોતાના ગ્રંથ 'રસમાળામા'માં ભાટ લોકોના વ્યવસાયનું કે ''ભાટ લોકોના વર્ણનમાં એક વિષય એવો છે કે જેની સામે આપણાથી તકરાર ઉઠાવી શકાય તેમ નથી અને તે (ઇતિહાસ) વિષયની રીતભાત વિષેનો છે, તેમાં અતિશયોક્તિ કરી હોય તેનો સંગ્રહમાં જે ભાગ ઇતિહાસના વિષયમાં મુખ્યત્વે કરીને ઘણો મૂલ્યાવાન છે એવા ભાગનો વધારે સંગ્રહ કર્યો છે. કદાચ એમને લાગે છે કે જે કવિતા ક્ષત્રિયના પુત્રોને શક્તિની વેળામાં વિનોદ પમાડનારી અને સંકટની વેળામાં હિંમત આપનાર કેટલાક સૈકાઓથી થઈ પડી હતી તે કવિતા ઉપર લક્ષ ખેંચવાનું અમારાં આ લાચાર અને અયોગ્ય પૃષ્ઠોના ભાગ્યમાં ઘણું કરીને છેલ્લી વારનું જ હશે.'' આ શબ્દો કવિહૃદયી, ઇતિહાસ-પારખુ ફોર્બ્સ સાહેબના હૃદયના ઉદ્‌ગારો છે. પોતાના અભ્યાસકાળ દરમિયાન એમને આ જ્ઞાતિનાં લખાણો, કેફિયતો અને રૂબરૂ મુલાકાતો વગેરેથી જે અનુભવો થયા તેના આધારે એમણે આ જ્ઞાતિનું સાચું ખમીર તેમજ કર્તૃત્વનું સમાજમાં મહત્ત્વ વગેરે પિછાણી તેની યોગ્ય નોંધ લીધી છે અને તેને ભવ્ય અંજલિ પણ આપી છે, જે આપણા જેવા અભ્યાસુઓ માટે માર્ગદર્શક પુરવાર થઈ શકે તેમ છે. આવા જ એક બ્રિટિશ લેખક મેક્સમુરાડો બ્રહ્મભટ્ટોના આ વ્યવસાયની વિશ્વસનીયતા માટે નોંધે છે કે ''કોઈ પણ કરાર પર એક માત્ર બારોટની કટારની નિશાની તે કરારની પ્રામાણિકતાની ખાતરી માટે પૂરતી હતી.''[૪૯]

એ જ રીતે એ. કે. ફાર્બ્સ પોતે નોંધે છે ''જેમની બાંહેધરી કોઈ પણ પ્રકારના ભય વિના સ્વીકારી શકાય (તેમ હોય) તેવી એક માત્ર વ્યક્તિ તરીકે બ્રહ્મભટ્ટોનો આધાર લેવામાં આવતો.''[૫૦]

જેમ આ પ્રથા સરકાર માટે મહેસૂલ-વસૂલીની ખાતરીરૂપે ઉપયોગી હતી તેમ તે બ્રહ્મભટ્ટો માટે પણ લાભદાયી હતી, તે અંગે અગાઉ જોઈ ગયા. વાસ્તવમાં અઢારમી સદીની રાજકીય અંધાધૂંધીમાં બ્રહ્મભટ્ટોની આ પ્રકારની સેવાઓની ભારે માંગ હતી. ખાસ કરીને અરાજક પ્રદેશોમાં ''નિયમોના ભંગથી તંત્રની શિથિલતાથી અને મુસ્લિમ વારસદારોના પૂર્વગ્રહોને લીધે આ હિંદુ ધાર્મિક સંપ્રદાયો જેટલો લાભ અન્ય કોઈને થયો નથી.''[૫૧] ''આ રીતે ઘણા બ્રહ્મભટ્ટોએ અઢળક સંપત્તિ એકઠી કરી.''[૫૨] અમેરિકાના સંશોધક નીલરાબીટોય પોતાના લેખ ''શાસકીય આધુનિકીકરણ અને બ્રિટિશકાલીન ગુજરાતના ભાટ''માં અત્યંત રસપ્રદ રીતે બ્રહ્મભટ્ટની જામીનગીરી પ્રથા અને તેની સમાપ્તિ અંગે વિવિધ ઉપયોગી માહિતી આપતાં નોંધે છે એ જોઈએ : ''ઈ. સ. ૧૮૦૩ સુધીમાં... ખેડા કલેક્ટરના તાબા પ્રદેશમાં બ્રહ્મભટ્ટોની સત્તાઓ વિસ્તરી હતી. માટે જ ખેડા જિલ્લા કલેક્ટર બાયરત રોલ્સના મતે બ્રહ્મભટ્ટો એવું માધ્યમ હતા કે જેમના દ્વારા ન્યાયી-અન્યાયી દરેક પ્રકારના કરારનું પાલન કરાવવામાં આવતું. વ્યક્તિ વચ્ચેના કે શાસકીય સત્તા અને રૈયત (પ્રજા) વચ્ચેની મહેસૂલી વસૂલાત, ખાનગી દેવાની ચુકવણી-ઉઘરાણી, પ્રત્યેક કરારનું પાલન, ગુનેગારોની ધરપકડ, ચોરાયેલ માલસામાન પાછો મેળવવો, ગુનાહિત કૃત્યોની માહિતી છૂપાવવી, ગુનેગારોને ભગાડવા, ન્યાયી કરારોનું પાલન ન કરવાની પક્ષકારોની હઠ (વગેરે) આ તમામ બાબતો બ્રહ્મભટ્ટ જ્ઞાતિના પ્રભાવ નીચે આવી જતી અને તેને લગતી સરકારની સઘળી સત્તાઓ આ (બ્રહ્મભટ્ટ) લોકોએ મેળવી લીધી હતી.''[૫૩]

આવી સત્તાઓ અને અધિકારો જે બ્રહ્મભટ્ટોના અધિકારક્ષેત્ર નીચે આવી ગયેલ હતા તે બ્રહ્મભટ્ટો પોતાની જાતે સ્વેચ્છાએ આવી સત્તાઓ ત્યજવા માગતા ન હતા. મૂળભૂત રીતે તેમની આ સત્તાઓ અંગ્રેજ શાસનની આધુનિકતા પ્રત્યેની વૃત્તિથી તદ્દન વિરુદ્ધમાં હતી, તેમ છતાં અંગ્રેજોએ આ 'બ્રહ્મભટ્ટ' સત્તાને નિર્બળ કરવા તાત્કાલિક કોઈ ખાસ પ્રયત્નો કર્યા નહીં. વાસ્તવમાં ઈ. સ. ૧૭૯૬થી ૧૮૧૧ સુધી મુંબઈના ગર્વનર રહી ચૂકેલા જોનાથન ડંકનના શાસનકાળ દરમ્યાન પણ આ 'બ્રહ્મભટ્ટ' સત્તાને કાયદેસર પ્રોત્સાહન મળતું રહ્યું હતું. આમ ગવર્નર આ બ્રહ્મભટ્ટો હતા. દક્ષિણ ગુજરાતનું શાસન એ મુંબઈ સરકાર માટે પ્રાદેશિક જવાબદારીનો પ્રથમ (નવોસવો) અનુભવ હતો. મહેસૂલ અને કાયદાની બાબતે દીવાની સેવાઓથી તેઓ અજાણ હતા તેમજ જિલ્લાઓની સ્થિતિ પણ તેમને અપરિચિત હતી. વળી, ડંકન એકદમ ઉતાવળિયા ફેરફાર ટાળવા માગતા હતા. તેમની સાવધાનીઓનો વધારાનો લાભ એ હતો કે તેથી શાંતિ જળવાતી હોવા છતાં જમીનમહેસૂલની વસૂલાત સરળ બનતી હતી. દેવામાં ડૂબેલી અંગ્રેજ સરકાર માટે આ બંને બાબતો અત્યંત મહત્ત્વની હતી, એટલું જ નહીં, પરંતુ હંમેશાં પોતાના ગવર્નરના હોદ્દા પરથી ફેંકાઈ જવાની બીક રાખનાર ગવર્નર માટે

પણ તે એટલી જ મહત્ત્વની હતી.''[૫૪] તેથી જ કામની ઝડપને લીધે તેમજ પોતાના વડપણભર્યા વલણ દ્વારા ગુજરાતમાં અને ખાસ કરીને બ્રહ્મભટ્ટો પ્રત્યે ડંકન અત્યંત સાવચેતી ભરી શાસકીય નીતિ અનુસર્યા. ગુજરાત ખાતે અત્યંત વગદાર અને વડોદરાસ્થિત એવા બ્રિટિશ નીતિ અનુસર્યા. ગુજરાત ખાતે અત્યંત વગદાર અને વડોદરાસ્થિત એવા બ્રિટિશ વહીવટકર્તા મેજર એલેકઝાન્ડર વોકરનો તેમને ઘણો જ મજબૂત સાથ-સહકાર મળ્યો. ઉદ્દામ વડપણની ભાવનાની નજરે જોઈએ તો વોકરની એ દલીલ હતી કે બ્રહ્મભટ્ટ-બાંહેધરી-જામીનગીરી તેની પ્રાચીનતાને લીધે જળવાઈ રહેવાને હકદાર બની છે. તેમણે પોતાની દલીલને એમ કહીને વધુ પ્રબળ કરી છે કે આ બ્રહ્મભટ્ટ-બાંહેધરીની પ્રથા આધુનિક પદ્ધતિ હોય તોપણ તે ગુનાઓ અટકાવવાનું તેમજ મહેસૂલ વસુલ કરવાનું સૌથી વધુ સરળ અને અસરકારક સાધન રહી છે (કારણ કે) કિફાયતી, ઉપયોગી, પ્રચલિત અને વ્યવહારુ હોવાના સઘળા લાભો તેમાં હતાં.''[૫૫]

આ પ્રથા ચાલુ રાખીને કર્નલ વોકરે આત્મઘાતી જોખમ શક્ય એટલું ઘટાડ્યું હતું. તેણે જણાવ્યું છે કે બાંહેધરીના દરેક પ્રસંગે બ્રહ્મભટ્ટો પોતાની જિંદગીનું પૂરતું મૂલ્ય આંકતા, ત્રાગાં વગેરેની પ્રથાને લીધે થતા મૃત્યુને વોકર માનવીય ગણાવે છે. તેના મતે જ્યાં બ્રહ્મભટ્ટ જામીનગીરી નહોતી ત્યાં હત્યાના પ્રસંગો વિશેષ બનતા અને સ્થાનિક મેજિસ્ટ્રેટ દ્વારા રખાતા મૃત્યુ-રજિસ્ટરમાં નોંધ્યા પ્રમાણે આ વિસ્તારમાં મરાઠા સત્તાની શરૂઆતથી જ સમગ્ર ગુજરાતમાં ઉચિત બાંહેધરીના જામીનગીરીના અભાવે થતી માનવજીવનની ક્ષતિ તે બાંહેધરીના ઉપાયથી થતી ક્ષતિ કરતાં ઘણી વધારે હતી.''[૫૬] તેથી જ વોકરે જણાવ્યું છે કે ''હત્યાના નિર્મળ ગુનાઓ થવાની વિરુદ્ધમાં સ્વયં માનવતાએ બ્રિટિશ સરકારને એકમાત્ર અસરકારક બાંહેધરી અપનાવવાની ફરજ પાડી.''[૫૭]

આ મુજબના એલેકઝાન્ડર વોકરનાં મંતવ્યોનો મુંબઈ સરકારે સ્વીકાર કર્યો અને તે માટે વિરોધીઓનાં મતમતાન્તરોની સરકારે જરા પણ પરવા કરી નહીં. પરિણામે બ્રહ્મભટ્ટોની આ વંશપરંપરાગત સત્તા ચાલુ રહી તે સ્થિર અને સુરક્ષિત જમીનમહેસૂલ માટે પોતાના શાસનમાંના આધુનિકતા પ્રત્યેના વલણને દબાવવાની ડંકનની ઉત્સુકતાને તથા વોકર તરફથી ડંકનને મળેલા સમર્થનને આભારી હતું.

તેમ છતાં આ બધું ઈ. સ. ૧૮૦૮-'૯ સુધી તો ગંભીર ફેર-વિચારણા હેઠળ આવ્યું. બન્યું એમ કે ઈ. સ. ૧૮૦૮માં એક કરારના પાલન અર્થે દબાણ લાવવા ધોળકાના એક બ્રહ્મભટ્ટે પોતાની પુત્રીની હત્યા કરી. તેનો કેસ (મુકદ્દમો) ચાલ્યો ત્યારે તે બ્રહ્મભટ્ટે સાક્ષી પૂરી કે ''મારી પુત્રી (નામે) વખત, ઉંમર આશરે ચાર વર્ષની હત્યા

કરવામાં મેં મારી જાતિની પ્રથાનું અનુસરણ કર્યું છે. આ સરકાર દ્વારા આ માટે હું દોષિત ગણાઈશ તે બાબત હું અજાણ હતો.''[૫૮] ધોળકાના બ્રહ્મભટ્ટોના ત્રણ આગેવાનો દ્વારા આ માન્યતાનું સમર્થન કરવામાં આવ્યું. જ્યારે અદાલતે તેમને તેમનો અભિપ્રાય આપવા કહ્યું, ત્યારે તેમણે જણાવ્યું કે ''કોઈ પણ બ્રહ્મભટ્ટ ત્રાગામાં પોતાની માતા કે સંતાનના જીવ લે છે અથવા તો પોતાના શરીર પર હિંસા આચરે છે તેને જ્ઞાતિ દ્વારા કોઈ સજા થતી નથી કે તેનો જ્ઞાતિ-બહિષ્કાર પણ કરાતો નથી. વાસ્તવમાં આ તો પરાપૂર્વથી ચાલ્યો આવતો જ્ઞાતિનો રિવાજ છે અને આવાં કૃત્યો જ્ઞાતિ પ્રત્યેની ફરજો સાથે સંબંધિત ગણવામાં આવે છે.''[૫૯]

અંગ્રેજ સરકારે આ દલીલની યર્થાથતા સ્વીકારીને તે બારોટને ત્રણ વર્ષની સજા કરી. સરકારે આ કેસમાં કબૂલ કર્યું કે ''અંગ્રેજોની દષ્ટિએ હત્યા બદલ કરવામાં આવતી સજાની સરખામણીમાં આ સજા ઘણી ઉદાર હતી પરંતુ ભારતીય સમાજમાં કાયદાના અજાણ્યા એવા વિદેશી વિસ્તારોને ઉતાવળમાં દાખલ કરવાથી થતા અન્યાયનો પણ સરકારે સ્વીકાર કર્યો. તેને બદલે સરકારે આ હત્યાના રિવાજને અનુકૂળ 'શહીદોની જાતિ' તરીકે ગણવાનું પસંદ કર્યું, તેમ છતાં તેણે માનવતાના અને સભ્ય સમાજના નિયમોથી વિરુદ્ધ એવા ગુના માટે પોતાની નામંજૂરી જાહેર કરવાનું નક્કી કર્યું. આવી ઉદારતાની અપેક્ષા રાખી શકાય નહીં તેવો ઢંઢેરો બહાર પાડવામાં આવ્યો.''[૬૦]

જોકે આ ઢંઢેરાની જાહેરાત પછી પણ બ્રહ્મભટ્ટ-જામીનગીરીની પ્રથાનો એકદમ અંત આવ્યો નહીં અને જૂની પ્રથાને વળગી રહેવાની વોકર અને ડંકનની વિચારસરણી વધુ પ્રબળ બની. તેથી જ માર્ચ, ૧૮૧૧માં ડંકને જણાવ્યું કે ''જ્યાં જ્યાં અન્ય પ્રકારની બાંહેધરીઓ નિષ્ફળ નીવડતી ત્યાં બ્રહ્મભટ્ટ-જામીનગીરી સફળ થતી હતી. ઓછામાં ઓછા ખર્ચમાં લોકો મહેસૂલી વસૂલીનું એક સાવ સરળ સાધન પૂરું પાડતા હતા.''[૬૧] માર્ચ, ૧૮૧૧માં ડંકને પોતાનો અહેવાલ પ્રસિદ્ધ કર્યો જેમાં તેણે ભારપૂર્વક જણાવ્યું કે

''બાંહેધરીને જેઓ પોતાનો વ્યવસાય બનાવી બેઠા છે તેમાં તેમની પોતાની જાનહાનિ થતી હોય તોપણ તેઓ બાંહેધરીની પ્રથાને સહેલાઈથી છોડી દઈ શકે તેમાં બૂરું કેટલું રહેલું છે તેના જવાબમાં કહી શકાય કે આ પ્રથામાં ભલું વિશેષ છે (ને બૂરું નથી.) તે બાબતે ભાગ્યે જ શંકા કરી શકાય.''[૬૨]

આ પ્રથાની તરફેણ કરનારા માટે ડંકનનો અભિપ્રાય મદદરૂપ હતો અને વિરોધીઓ માટે નડતરરૂપ હતો; જોકે સંચાલક મંડળે ડંકનની વાતને ટેકો આપ્યો. મુંબઈ સરકાર જે કરારો દ્વારા પોતાનું મહેસૂલ પ્રાપ્ત કરતી હતી તેના અવિભાજ્ય ભાગ તરીકે હત્યા અને રક્તપાતની ધમકી સામે તેણે ચેતવણી આપી છતાં 'બ્રહ્મભટ્ટ-બાંહેધરી'

ચાલુ રાખી, કારણ કે તે પદ્ધતિ અસરકારક, પ્રણાલિકાગત તેમજ દેશમાં મહેસૂલ અને પોલીસ-વહીવટ માટેની આંતરિક અર્થતંત્રની આપણી પદ્ધતિના એક આવશ્યક ભાગરૂપ હતી.''[૬૩]

આમ મુંબઈ સરકાર અને સંચાલક મંડળના મતાનુસાર જ્યારે રક્તપાત સર્જાતો ત્યારે જ આ પ્રથા વાંધાજનક હતી તેથી આ તબક્કે અંગ્રેજોએ પોતાના સિદ્ધાંતોને અનુકૂળ પ્રથાને પકડી રાખવાનું નક્કી રાખ્યું અને સાથે સાથે પોતાના સિદ્ધાંતોને પ્રતિકૂળ લક્ષણો દૂર કરવાનું પણ ઇચ્છયું. તેઓ પ્રણાલિકાગત એવી આ પ્રથાને આધુનિક બનાવવા તેમજ પ્રશાસનના ભાગરૂપ બનાવવા માગતા હતા, તેનો નાશ કરવા ઇચ્છતા ન હતા. આ પરિસ્થિતિ (તેઓના) જાતિસ્વાતંત્ર્યની વિરુદ્ધ હતી. બ્રહ્મભટ્ટનાં જીવન અને મૃત્યુને મળતા આદરસંમાન-પ્રથાનો આધાર હતો. ત્રાગાના ડર વિના આ પ્રથા નિરર્થક બની જાય તેમ હતી, કારણ કે ત્રાગાની ધમકી વડે જો બ્રહ્મભટ્ટ ભય ન ઉપજાવી શકે તો બાંહેધરી તરીકેની તેની ઉપયોગિતા મટી જાય. હવે અંગ્રેજો આ પ્રથામાં રહેલ અમાનવીય તત્ત્વો (રક્તપાત) દૂર કરી તેને શુદ્ધ કરે અને સાથે સાથે તે પ્રથાનો વહીવટીતંત્રમાં ઉપયોગ કરી લાભ મેળવે તે બંને બાબતો પરસ્પર વિરોધાભાસી હતી, જ્યારે કાનૂની અદાલત સરકારી નિયંત્રણ દ્વારા આ પ્રથાનું ગળું દાબી દેવા પ્રયત્નશીલ હતી.

ઈ. સ. ૧૮૨૧થી ૧૮૧૯ દરમ્યાન મુંબઈના સર ઈયાન નેપિયનના શાસન વખતે મુંબઈ સરકારે તેમાં નોંધપાત્ર ફેરફાર કર્યા. અત્યાર સુધી તો અંગ્રેજોને વિશ્વાસ હતો કે તેઓએ મેળવેલા પ્રદેશો પર કાબૂ રાખી શકશે અને ફાયદાકારક રીતે વહીવટ પણ ચલાવી શકશે તેથી તેની સામાન્ય નીતિ સાવચેતીભર્યા સાહસ તરફથી બ્રિટિશ શાસનને કાયદેસરતા બક્ષતા અભિગમવાળી બની અને મુંબઈ સરકારે પારંપરિક રીતે કામ કરવાનું બંધ કરીને આધુનિકીકરણની ધીમી પ્રક્રિયા શરૂ કરી.[૬૪]

ઈ. સ. ૧૮૧૨થી ૧૮૫૯ના ગાળામાં દક્ષિણ ગુજરાતના વહીવટી ક્ષેત્રે ઘણી નવી પદ્ધતિઓ દાખલ કરવામાં આવી હતી, જે ભારતીય પારંપરિક અધિકારીઓના ભોગે બ્રિટિશ વહીવટકર્તાઓનો અધિકાર વધારવાના હેતુથી રચાવામાં આવી હતી અને તેને લીધે તાત્કાલિક મહેસૂલ વધે અને છેવટે વહીવટ વધુ કાર્યક્ષમ અને કાયદેસર બને તેવી ગણતરી હતી. આવા વાતાવરણ વચ્ચે સત્તા અને વર્ચસ્વ એવાં બંને ક્ષેત્રે નુકસાન વેઠનારા લોકોમાં બ્રહ્મભટ્ટ જ્ઞાતિના લોકો હોય તે સ્વાભાવિક છે.

આ તમામ પ્રયત્નો કરવા છતાં બ્રહ્મભટ્ટ-જામીનગીરી પર રખાતા ભરોસાને બ્રિટિશ શાસન એકદમ દૂર કરી શક્યું નહીં. છેક ઈ. સ. ૧૮૧૭ સુધી તો આવી કોઈ

સ્થિતિ પણ સર્જાઈ નહીં. ભરૂચના એક મેજિસ્ટ્રેટે આશરે દશ વર્ષ પૂર્વે બ્રહ્મભટ્ટોને 'અસાધારણ હઠીલા' તરીકે ઓળખાવ્યા હતા. તેનો આ અભિપ્રાય એકદમ ચોક્કસ હતો, કારણ કે પોતાની સ્થિતિ બદલવાના પ્રયત્નો સામે તેમણે હઠીલા હોવાની પ્રતિષ્ઠા ઘણા લાંબા સમય સુધી ભોગવી હતી.''[૬૬]

આપણે આ પહેલાંના પ્રકરણમાં જોયું તેમ ઈ. સ. ૧૭૭૫માં મરાઠી પેશ્વા રઘુનાથરાવ દ્વારા બળજબરીથી કરેલ અતિશય વધુ એવી મહેસૂલી વસૂલીને નિષ્ફળ બનાવવા અને પોતાનો વિરોધ દર્શાવવા માટે નડિયાદના બ્રહ્મભટ્ટોએ પોતાનાં ત્રણ બાળકો અને બે સ્ત્રીઓનું બલિદાન આપ્યું હતું. ઈ. સ. ૧૮૧૫માં ફરી એક વાર તેમણે પોતાની પ્રતિષ્ઠાને પુષ્ટિ આપી જે અંગ્રેજો અને બ્રહ્મભટ્ટો બંને માટે આઘાતજનક હતું. આ વર્ષે નેપિયનના શાસને ખેડા જિલ્લાના કલેક્ટરની હકૂમત હેઠળના માતરમાં ઈ. સ. ૧૮૧૪ના કાયદા ક્રમાંક ૨ અને ૩ દાખલ કર્યા. જે પૈકીના નિયમ ૨ મુજબ મરાઠાઓ દ્વારા ત્યજી દેવાયેલ પ્રદેશોનાં ગામોમાં તલાટી અથવા હિસાબનીશની નિમણૂકની જોગવાઈ હતી. આ તલાટીઓ સીધા જ બ્રિટિશ ક્લેક્ટરના તાબા (નિયંત્રણ) નીચે હતા. વળી તેમણે ગામોમાંનાં સાધનોની ચોક્કસ માહિતી પણ પૂરી પાડવાની હતી, તેથી તાત્ત્વિક રીતે આ નિયમ ગામના વગદાર વર્ગના ભોગે બ્રિટિશ હકૂમતની સત્તા વધારવા કાજે રચાયો હતો.[૬૭] અંતે દરેક ગામમાંથી મળતું મહેસૂલ વધારવા માટે ક્લમ ત્રણ (ઈ. સ. ૧૮૧૪) મુજબ વેચેલી કે ભાડે નહીં આપેલ તેવી સઘળી જમીનની નોંધણીની માગણી કરી તેમજ ગેરકાયદેસર વેચાયેલી માલુમ પડી હોય તેવી તમામ જમીન વિરુદ્ધ સાર્વજનિક મહેસૂલની વસૂલાત માટે કાનૂની કાર્યવાહીની જોગવાઈ કરી. ફરી એક વાર આ બંને કાયદાઓનો હેતુ ગેરકાયદેસર વેચેલ જમીન ધરાવતા જિલ્લાના વગદાર વર્ગ અને સ્થાનિક મુખી અથવા તાલુકદારને નબળા પાડવાનો અને મહેસૂલમાં વધારો કરવાનો હતો.[૬૮]

બ્રિટિશરો આ બંને નિયમોને ખેડા જિલ્લા કલેક્ટરની હકૂમત હેઠળના નડિયાદ તાલુકામાં દાખલ કરી ચૂક્યા હતા. પરિણામે તેનો અમલ થતો અટકાવવા માટે વારસાગત જિલ્લાના અને ગામના અધિકારીઓ (દેસાઈ, મજમૂદાર અને પટેલ) સંગઠિત થયા. આ જૂને બળજબરીથી દાબી દેવામાં આવ્યું. આ રીતે અમાની (Amani) અથવા રૈયતવારી પ્રથા દાખલ કરીને સરકારે અધિકારીઓને ખૂબ જ નિર્બળ બનાવી દીધા.[૬૯] સાથે આ લોકોનું એક જૂથ થવાથી અંગ્રેજો ચોંકી ઊઠ્યા હતા. આ નવી પદ્ધતિનો ભયંકર વિરોધ થશે તેવી ડંકનની માન્યતા જાણે કે સાચી ઠરતી હોય તેમ લાગ્યું, તેમ છતાં નડિયાદના કાવતરામાંથી ખેડાના કલેક્ટર પાછા પડ્યા નહીં. તેમણે આ નિયમ માતરમાં ખેડા જિલ્લાના એક (તાલુકામાં) લાગુ કરવા નક્કી કર્યું. પરિણામ પહેલાંની

માફક જ આવ્યું, પરંતુ જિલ્લાના અને ગામોના અધિકારીઓને સ્થાને આ વખતે બારોટો તરફથી પ્રતિકાર થયો. કલેક્ટર બાયરોમ રાઓલ્સે પાછળથી કબૂલ કર્યું કે જેઓ આ પ્રતિકારમાં જોડાયા હતા તે અધિકારી વર્ગના નહીં, પણ ધાર્મિક હતા, તેથી તે ઓછા મહત્ત્વનું હોય કે ન હોય, પરંતુ નોંધપાત્ર જરૂર હતું. આવો બાયરન રોલ્સનો અભિપ્રાય સાચો હતો.[૭૦]

ત્યારબાદ ૧૪મી માર્ચ, ૧૮૧૫ના રોજ બહાર પડેલ જાહેરનામાની જોગવાઈઓ (કાયદાની, કલમ નંબર એક) હેઠળ ફરમાવવામાં આવ્યું કે ''એક વર્ષની મુદતમાં મહેસૂલ-મુક્ત સઘળી જમીનની કલેક્ટર પાસે નોંધણી કરાવી દેવી.''[૭૧] ઢંઢેરાથી કોઈ જાહેર વિવાદ ઉભો થયો નહીં, પરંતુ ત્યારપછી ઈ. સ. ૧૮૧૫ના મે માસમાં 'તલાટી નિયમ' દાખલ કરવામાં આવ્યો ત્યારે બ્રહ્મભટ્ટો તરફથી તેનો તાત્કાલિક વિરોધ થયો. મે અને જુલાઈ મહિનામાં પ્રતિકારતા ઘણાબધા પ્રસંગો બન્યા અને એક સિવાય બધાનો નિકાલ હિંસા વગર થયો.''[૭૨] પરંતુ માતર શહેરમાં આ તલાટી-અધિનિયમનો બ્રહ્મભટ્ટો દ્વારા ઘણો મોટો વિરોધ નિશ્ચિત હતો. ઈ. સ. ૧૮૧૪ના અધિનિયમ નં. બે અનુસાર તલાટીએ રાખવાની જમીન અંગેની વિગતો તેમણે સરકારને આપવાનો એકી અવાજે એકજૂથે થઈને ઈનકાર કર્યો. આસિ. કલેક્ટર આર્કિબોલ્ડ રોબર્ટસને ત્રણ બ્રહ્મભટ્ટ આગેવાનોને કાવતરાખોર ઠરાવ્યા અને ૭મી જુલાઈના રોજ આ આગેવાનો વિરુદ્ધ મેજિસ્ટ્રેટ એડવર્ડ આયર્નસાઈડને ફરમાનપત્ર આપ્યું. જેનો બ્રહ્મભટ્ટોએ સાફ ઇન્કાર કર્યો તેથી આયર્નસાઈડે બળજબરીથી અનુમતિ મેળવવા લશ્કર મોકલ્યું. લશ્કર જો કંઈ પણ પગલાં ભરે તો તેની સામે તાત્કાલિક આત્મવિલોપન દ્વારા ભોગ આપવા તૈયાર એવા બસો બ્રહ્મભટ્ટોનો લશ્કરને સામનો કરવો પડ્યો. ત્યારે (સરકારની) આ તરકીબ પણ નાકામયાબ નીવડી. છેલ્લા ઉપાય તરીકે એક બ્રાહ્મણને આ નિયમોની સમજણ આપવા બ્રહ્મભટ્ટો પાસે મોકલ્યો, પરંતુ તે પણ નિષ્ફળ નિવડ્યો. પરિણામે પરિસ્થિતિ યથાવત્ રહી.[૭૩]

મેજિ. આયર્નસાઈડ અને રોબર્ટસન બંને ઉપર્યુક્ત બનાવ પછી અત્યંત વિચલિત થયા. પરિણામે મેજિ. આર્નસાઈડે ''અત્યંત મહત્ત્વના વિષય'' પર તાત્કાલિક આદેશની વિનંતી કરી. તેમના દાવા મુજબ કાનૂની તેમજ મહેસૂલી બંને વિભાગના અધિકારી જેની સાથે જોડાયેલ છે તેવી સમગ્ર સરકારના લાભાર્થે ગંભીરતાપૂર્વક આવરી લેતી તાકીદની પરિસ્થિતિ અમલમાં હતી.[૭૪]

પોતાના તાબા નીચેની જમીનની તપાસ પૂરી થતાં સરકાર તે છીનવી લેશે એવી બ્રહ્મભટ્ટોની દહેશત પર તાકીદની પરિસ્થિતિ આધારિત હતી અને આ દહેશત ખોટી પણ ન હતી; જોકે આયર્નસાઈડે તે માન્યતા ખોટી છે તેવું પુરવાર કરવા દલીલો

કરીને પ્રયત્નો કર્યો. તેણે બ્રહ્મભટ્ટો સમક્ષ એવી દલીલ કરી કે ''અગાઉ રાજાઓ પેશ્વાઓ, ગાયકવાડોના સમયે કોઈ પણ શાસન હેઠળ આવી મહેસૂલ-મુક્ત જમીનની યાદી બનાવવાનો રિવાજ ન હતો.''[૭૫]

ત્યારબાદ બનેલ બનાવો માટે બ્રહ્મભટ્ટોએ અહીં આપેલ 'મુક્ત જમીનની યાદી'નો સંદર્ભ અર્થસૂચક હતો. ઈ. સ. ૧૮૪ના અધિનિયમ ત્રણના આદેશ અનુસાર નોંધાયેલ અને નવા નિમાયેલ તલાટીઓની કામગીરી બાબતે દેખીતી રીતે જ આ લોકો મૂંઝાયેલા તો હતા જ. આયર્નસાઈડની દલીલ એવી હતી કે પોતાની વગ જાળવી રાખવાની આતુરતા તેમજ ગર્વે બ્રહ્મભટ્ટોને પ્રેરણા પૂરી પાડી. તેના મતે બ્રહ્મભટ્ટોના વર્તન માટે કોઈ વાજબી કારણ ન હોતું અને તે મુજબ જ તેમની બ્રહ્મભટ્ટોની સાથે વહેવાર કરવો જોઈએ. રૈયતના (પ્રજાના) કાયદેસરના હક્કને કોઈ પણ પ્રકારે અસર ન કરતાં અને સરકારના હક્કોની અખંડિતતા જાળવી રાખવા માટેના કાયદાની પેટા કલમોના જરૂરી અમલમાં દાખલ સ્વાર્થી સંપ પર આધારિત અનુચિત પૂર્વગ્રહોને મંજૂર ન રાખવાની આવી જરૂરિયાત તેમજ નીતિ વિષે અભિપ્રાય નક્કી જ છે.[૭૬]

બ્રહ્મભટ્ટો માટે આ બાબત રૂઢિથી મોઢું ફેરવી લેવાની વાત સ્વીકારવા કે ન સ્વીકારવાનો પ્રશ્ન હતો, જ્યારે અંગ્રેજો માટે તે ''સરકારના હક્કો''નો અને રિવાજ દ્વારા મળેલા હક્કો ઉપર ''કાયદેસરના હક્કોની શ્રેષ્ઠતા'' સાબિત કરવા માટેનો પ્રશ્ન હતો. બ્રહ્મભટ્ટોની દલીલ અનુસાર અંગ્રેજો પણ વારસાઈ શાસકો જ હતા અને તે પરાપૂર્વથી ચાલ્યા આવતા નિયમોને અનુસરવા માટે બંધાયેલા હતા, જ્યારે સામે પક્ષે અંગ્રેજો સહુ માટે સામાન્ય રીતે લાગુ પડતા કાયદેસરના હક્કો વિષે બોલતા અને વિચારતા હતા.[૭૭]

આમ આર્યનસાઈડે મુંબઈ સરકારને સલાહ આપી કે ''બારોટો વિરુદ્ધ મક્કમ પગલાં લેવાવાં જોઈએ. તેમના દાવાઓ પ્રત્યેની કબૂલાતથી તલાટીધારો અસરકારક રીતે વાંઝિયો બનશે, જેને લીધે ગુજરાતમાં શાસન કરવાની અંગ્રેજોની ક્ષમતાં ગંભીર અડચણો ઊભી થશે.''[૭૮] રોબર્ટસન આ વાત સાથે સંપૂર્ણ સહમત થયા. તેમણે એવી દલીલ કરી કે ''બ્રહ્મભટ્ટ-જામીનગીરી ક્યારેય ચકાસણીથી પર હતી તેમ માની લેવાને કોઈ કારણ નહતું માટે બ્રહ્મભટ્ટ-પ્રતિકારને કાયદેસરનો કોઈ આધાર ન હતો. તેને તાત્કાલિક કચડી નાંખવાની નિષ્ફળતાનો મતલબ સક્ષમ વહીવટીતંત્ર સર્જવાના અંગ્રેજોના તમામ પ્રયત્નોનો પરાજય થાય તેમ છે, તેથી આ વખતે સરકારે જો નમતું જોખ્યું તો તલાટીધારો નાબૂદ થશે અને ભવિષ્યમાં બ્રિટિશ હકૂમતના મહેસૂલ-વહીવટને એક સુનિયંત્રિત તંત્રમાં ફેરવી નાખવાના પ્રયત્નો નાકામયાબ નીવડશે.''૭૯

સ્થાનિક અંગ્રેજ અફસરો આથી દેખીતી રીતે જ ચમકી ઊઠ્યા. નડિયાદમાં દેસાઈઓ અને પટેલોના સંપ પ્રત્યેના તેમના પ્રતિભાવ કરતાં બ્રહ્મભટ્ટોના સંપ માટે આ ઓફિસરોનો પ્રતિભાવ ખૂબ જ આવેશમય હતો. નડિયાદ-કાવતરું લાંબા સમયથી દાખલ કરવા ધારેલ સુધારો દાખલ કરવાની તક લેખે જાણે કે આવકારદાયક હતું. આ સુધારો એટલે અમાની વહીવટને માત્ર બળથી કાબૂમાં લઈ શકાવો, પરંતુ જે દેખીતી રીતે જ સુગઠિત હતા તેવા માતરના બ્રહ્મભટ્ટ-પ્રતિકારે અજોડ અને નાજુક પ્રશ્ન ઊભો કર્યો. ત્રાગાનો ઉપયોગ કરવાની બ્રહ્મભટ્ટોની તૈયારીએ તેમના કાવતરાને સફળ થવાને બળ પૂરું પાડ્યું, જેથી આયર્નસાઈડ અને રોબર્ટસન હકીકતમાં ફિકરમાં પડ્યા.

નેપિયન અને તેના વહીવટી મંડળે ખાસ અધિનિયમ અને તાત્કાલિક જપ્તીની વિરુદ્ધ નિર્ણય લીધો. તેમને લાગ્યું કે ખાસ અધિનિયમ જરૂરી ન હતો અને તાત્કાલિક જપ્તી કાયદાકીય મુશ્કેલીઓમાં પરિણમશે. તેને બદલે ઈ. સ. ૧૮૧૬ના જાન્યુઆરીમાં સરકારે જો તમામ બ્રહ્મભટ્ટો ૧૪ માર્ચ પહેલા પોતાની જમીનની નોંધણી કરાવી લે અને ત્રણ આગેવાનો મેજિસ્ટ્રેટને શરણે આવે તો માફીના પ્રસ્તાવની જાહેરાત કરવાનું પસંદ કર્યું. આ જાહેરાતમાં જણાવવામાં આવ્યું કે ''જો બ્રહ્મભટ્ટો સહકાર આપવામાં નિષ્ફળ જશે તો અધિનિયમ ત્રણ અનુસાર લાદવામાં આવેલ સજાઓનો અમલ કરવામાં આવશે.''[૯૦]

જાન્યુઆરીમાં થયેલ ઢંઢેરાની શરતો હેઠળ માત્ર એક જ બ્રહ્મભટ્ટ ખેડા ન્યાયાધીશ સમક્ષ હાજર થયો અને તાત્કાલિક ફેર-વિચારણાને માટે તેના સાથીઓ સાથે જઈ ભળ્યો.[૯૧] જાન્યુઆરીથી જાહેરાત તેમજ તૃતીય અધિનિયમ દ્વારા પૂરી પાડવામાં આવેલ સમય-મર્યાદાને બીજે દિવસે ૧૫મી માર્ચના રોજ રોબર્ટસને બ્રહ્મભટ્ટોની જમીનનું સર્વેક્ષણ કરવા એક ટુકડી મોકલી. જે પટેલોએ આ સર્વેક્ષણમાં મદદ કરી હતી તેમના આંગણામાં ત્રાગાં દ્વારા વીસ બલિદાનો આપવાની બ્રહ્મભટ્ટોએ ધમકી આપી, પરંતુ પટેલોનાં ઘરોને રક્ષણ આપવામાં આવ્યું અને કોઈ પણ બનાવ બન્યા વગર ૧૮મી માર્ચે સર્વેક્ષણ પૂરું કરવામાં આવ્યું, જાન્યુઆરીના ઢંઢેરાની કલમ અનુસાર સઘળી જમીન પૂરી આકારણી નીચે લાવવામાં આવી.[૯૨]

ત્યારબાદ ૨૦મી માર્ચની સવારે કલેક્ટરના પટાવાળાઓ દ્વારા એક બ્રહ્મભટ્ટને બળજબરીથી પકડવામાં આવ્યો. થોડાક જ્ઞાતિબંધુઓએ તેને છોડાવવા માટે પ્રયત્ન કર્યો. પરિણામે તેમની વચ્ચે થયેલ ઝપાઝપીમાં એક બ્રહ્મભટ્ટનું મોત નીપજ્યું. તેના શબને એક પટેલના આંગણામાં બાળવાની ધમકી આપવામાં આવી, પરંતુ તેમાં તેમને સફળતા મળી નહીં. શહેરના બ્રહ્મભટ્ટવાસમાં એક થાંભલા પર મડદાને લટકાવવામાં આવ્યું.[૯૩] આ તમામ ઘટનાઓના જવાબરૂપે રોબર્ટસને તે જ દિવસે સરકારને જણાવ્યું કે

હવે બ્રહ્મભટ્ટો આક્રમક બન્યા હોવાથી ઉદારતા બતાવવાના પ્રત્યેક પ્રયત્નો નાકામયાબ નીવડતાં તેમને કાબૂમાં લેવા કોઈ પણ પ્રકારની બળજબરી કરવા અંગ્રેજો તત્પર થયા છે. આત્મઘાત કરવાના અનેક પ્રસંગોના સમાચાર મળ્યા છતાં જ્યારે બ્રહ્મભટ્ટોએ પોતાની જાત તરફ પ્રશંસનીય આદર વ્યક્ત કર્યો હતો ત્યારે રોબર્ટસનની આગાહી સાચી ઠરી. ૨૪મી માર્ચે સરકાર પર દબાણ લાવવાના હેતુથી માતરના બ્રહ્મભટ્ટોએ ત્રાગું કરી તેમની બે સ્ત્રીઓનો ભોગ આપ્યો. ચાર્લ્સ નોરીસન આયર્નસાઈડની ગેરહાજરીમા કામચલાઉ અધિકાર ભોગવતો હતો અને રોબર્ટસનની વહીવટી સત્તાની તેના પર ભારે અસર હતી. ૨૬મીની સવારે લશ્કર બોલાવ્યું તેથી બ્રહ્મભટ્ટોને નવાઈ લાગી લશ્કરે શહેરમાં બે બ્રહ્મભટ્ટ મૃતદેહોને જાહેરમાં અગ્નિદાહ દેતા રોક્યા. આ ઉપરાંત ત્રાગાના નજીવા બનાવો ઉપરાંત લશ્કરે ૧૩૯ સ્ત્રી-પુરુષો અને ૧૬ બાળકોને કેદ પકડ્યાં.[૯૪]

નોરીસનના બળવા પરના નિર્ણયને રોબર્ટસને સંપૂર્ણ ટેકો આપ્યો. બે સ્ત્રીઓની હત્યા કરીને બ્રહ્મભટ્ટોએ પોતાની જાતને દેશદ્રોહના અપરાધના દંડ તેમજ સજાને પાત્ર બનાવ્યા[૯૫] અને તે તેની સફળતાથી ખૂબ જ ખુશ હતો. તેણે એવું તારણ કાઢ્યું કે ''સૌથી વધુ નિર્દય અને શરમજનક પૂર્વગ્રહો કે જે સરકારની શક્તિ અને નિપુણતામાં અડચણરૂપ બને તેના પર માનવતાવાદી 'કંપની સરકારે' વિજય મેળવ્યો.''[૯૬] મુંબઈ સરકારે પણ તેનાં પગલાંઓનું અનુમોદન કર્યું અને તેથી બિન-અનુભવી ચાર્લ્સ નોરીસને હાશ અનુભવી.[૯૭] મુંબઈ સરકારે 'કોર્ટ ઓફ ડિરેક્ટર્સ' (સંચાલક મંડળ) ને જણાવ્યું કે ''સરકારના ઈરાદાઓની સામે 'ધર્માંધતા'ના ઉપયોગની નિરર્થકતારૂપે માતરની ઘટનાઓ સાબિત થઈ તેમ જે સરકારો એ બ્રહ્મભટ્ટોને અત્યાર સુધી સહન કર્યા હતા તેમના અસામર્થ્યનું ઉદાહરણ પૂરું પાડ્યું. મુંબઈ સરકારના મતે બ્રહ્મભટ્ટ-કાવતરાને કચડી નાંખવું તે અંગ્રેજ શાસનની અખંડિતતાનો પુરાવો હતો.''[૯૮]

મુંબઈ સરકાર સંચાલક મંડળ(કોર્ટ ઓફ ડિરેક્ટર્સ)ને જાણ કરી કે બ્રહ્મભટ્ટોનાં કાવતરાને કચડવામાં તેને સફળતા મળી છે. તેના બે મહિના પછી પરંપરાના સમર્થક અને નવીનીતિ દાખલ કરવાના વિરોધી એવા ન્યાયાધીશ કીટે બ્રહ્મભટ્ટોને આરોપમાંથી મુક્ત જાહેર કરતાં જણાવ્યું કે સમગ્ર ઘટના માટે સ્થાનિક અંગ્રેજ અમલદારો જવાબદાર હતા, નહીં કે બ્રહ્મભટ્ટો, એમ વિચારીને બ્રહ્મભટ્ટોને નિર્દોષ જાહેર કર્યા. કીટે કબૂલ્યું કે નિઃશંક સરકાર માટે આ ચુકાદો આઘાતજનક હતો છતાં તેણે આગ્રહ રાખ્યો કે ''આ સુનાવણીઓના પરિણામે મારા મનમાં એવી માન્યતા દૃઢ બની છે કે છેલ્લા સાત મહિનાઓ દરમ્યાન બનેલ પ્રસંગો કમનસીબ ભૂલો અને કાયદાઓના અયોગ્ય અર્થઘટનામાંથી ઉદ્‌ભવેલ છે.''[૯૯]

રોબર્ટ્સન અને આયર્નસાઈડના પક્ષે એમ માનવું ભૂલભર્યું હતું કે નવા નિમાયેલા તલાટીને બ્રહ્મભટ્ટો પાસેથી અથવા તો કોઈ પણ પ્રજાજન પાસેથી તેમની અંગત મિલકતની માહિતી પૂરી પાડવાનો અધિકાર હતો. કીટના અભિપ્રાયે ગ્રામીણ સાધનો પરની માહિતી જાળવવા માત્રનો જ તલાટીને અધિકાર આપતા અધિનિયમ બે ને વેચાયેલી જમીનની નોંધણીની ફરજના માત્ર બ્રિટિશ કલેક્ટરને અધિકાર આપતા અધિનિયમ ત્રણ બંને ભેળસેળ થ, ગયા હતા. રોબર્ટસન અને આયર્નસાઈડે ધારી લીધું હતું કે તલાટીને તે સત્તા છે, જે વાસ્તવમાં સને ૧૮૧૪ના ત્રણ અનુસાર કરેલા જાહેરનામાની તારીખ ૧૪ માર્ચ ૧૮૧૫ હતી અને તે પછીના એક વર્ષમાં દરેક પ્રજાજને પોતાની મુક્ત જમીનની નોંધણી કરાવવાની હતી. આ મુદ્દત પૂરી થાય તે પહેલાં જ પોતાની જમીન નહીં નોંધાવનાર બ્રહ્મભટ્ટો વિરુદ્ધ સ્થાનિક બ્રિટિશ અધિકારીઓએ પગલાં લીધાં હતાં. આમ ન્યાયાધીશ કીટના મતે ૧૪મી માર્ચ ૧૮૧૬ પહેલાં આવી માગણી કરવાનો કે અધિનિયમ બીજાના વિરોધ માટે બ્રહ્મભટ્ટોને સજા કરવાનો કોઈ કાનૂની આધાર ન હતો.[૯૦]

મુંબઈ વહીવટી મંડળના નવા સભ્ય ગાય પેન્ડેરગાસ્ટનો કીટને મજબૂત આધાર સાંપડ્યો. અન્યથા ઈ. સ. ૧૮૦૬થી જે, બ્રહ્મભટ્ટ પ્રથાનો વિરોધ કરતો આવ્યો હતો તે પેન્ડેરગાસ્ટે કબૂલ કર્યું કે આ ઘટના બનવી જ નહોતી જોઈતી. તેના મતાનુસાર આયર્નસાઈડ અને ખાસ કરીને રોબર્ટસન વધુ પડતી ઉતાવળથી વર્ત્યો હતો, જેના લીધે બીજા અને ત્રીજા અધિનિયમનો ખોટો ઉપયોગ થયો હતો.તેણે એ પણ નોંધ્યું કે આ અધિનિયમનું ગુજરાતીમાં ભાષાંતર કરવામાં આવ્યું જ નહોતું અને જ્યારે બ્રહ્મભટ્ટો પર અધિનિયમ બેનો પ્રતિકાર કરવા બદલ કાયદેસરના પગલાં લેવામાં આવ્યાંઅને ત્રીજા અધિનિયમ હેઠળની જોગવાઈઓ મુજબ સજા કરવામાં આવી હતી તેમ છતાં આવી ફરજિયાત નોંધણીની માગણીનો અધિકાર ધરાવનાર કલેક્ટરે ક્યારેય બ્રહ્મભટ્ટોને તેમની જમીનની નોંધણી કરાવવા જણાવ્યું નહોતું.[૯૧]

ગવર્નર નેપિયને બ્રહ્મભટ્ટોને 'અપરાધી' તરીકે ઓળખવાનું ચાલુ રાખ્યું અને પોતાના ગવર્નરપદની મુદત દરમ્યાનની કડવામાં કડવી ક્ષણે તેણે આયર્નસાઈડ અને રોબર્ટસને સંપૂર્ણ ટેકો આપ્યો. તેની દલીલ માની શકાય તેમ નહોતી. ન્યાયાધીશ અને કલેક્ટરની માન્યતા પણ તેવી જ હતી. એક ધારા મુજબ એક વર્ષની મુદત આપવામાં આવી અને બીજા મુજબ તાત્કાલિક નોંધણીની માગણી કરવામાં થતા વિરોધાભાસને સમજાવવાનો કોઈ પ્રયત્ન કરવામાં આવ્યો નહોતી. નેપિયન પણ ન્યાયાધીશ કીટ અને પેન્ડેરગાસ્ટની દલીલો પાછળનું બળ ઓળખી ગયા હશે કારણ કે તે દલીલોનું ખરાપણું નકાર્યા પછી તેણે બ્રહ્મભટ્ટોની જામીનને આકારણીથી મુક્ત કરવાનું કબૂલ્યું.[૯૨]

આખરી નિર્ણય ડાયરેક્ટરોની અદાલત (નિયામક મંડળ) પર છોડવામાં આવ્યો. અદાલતે પણ કીટ અને પેન્ડેરગ્રાસ્ટનો પક્ષ લીધો. અદાલતે જાહેર કર્યું કે ''બ્રહ્મભટ્ટો પ્રત્યેનું મુંબઈ સરકારનું વર્તન અવિવેક અને અન્યાયી હતું. અદાલતે મુંબઈ સરકારને ભવિષ્યમાં તેના કાયદાઓની જોગવાઈઓ બાબત વધુ સ્પષ્ટ બનવા તેમજ ''સહુને લાગુ પડતા અથવા 'ઉતાવળિયા નિર્ણયો' ટાળવાની સલાહ આપી.''[૯૩] અને આ અંગે મુંબઈ સરકાર તેમજ સ્થાનિક અંગ્રેજ અધિકારીઓ વચ્ચેના તહોમતનામાને સમાન ગણાવ્યું, પરંતુ આ અહેવાલ મુંબઈ પહોંચે તે પહેલાં ગર્વનર નેપિયન ઇંગ્લૅન્ડ જવા ગણાવ્યું, પરંતુ આ અહેવાલ મુંબઈ પહોંચે તે પહલાં ગવર્નર નેપિયન ઇંગ્લૅન્ડ જવા રવાન થઈ ચૂક્યા હતા. અંતે સને ૧૮૧૯માં નવા વહીવટકર્તાઓએ ઈ. સ. ૧૮૧૫-૧૬ના બ્રહ્મભટ્ટોના આ સામૂહિક પ્રતિકારમાં સંકળાયેલ તમામને માફી બક્ષી.[૯૪]

આમ માતરના બ્રહ્મભટ્ટોનો આરોપમાંથી થયેલ નિર્દોષ છૂટકારો અને તે પછી ઉઠેલો વિવાદ તત્કાલિન બ્રિટિશ શાસનનાં લક્ષણો બાબતે ઘણું બધું કહી જાય છે.

અહીં અંગ્રેજોનું વર્તન પોતાની રીતે કાયદાની સુસંગતતા મુજબનું હતું, પરંતુ જ્યારે તેની વિરુદ્ધનો પુરાવો તેમની સામે ઉપસ્થિત થતો અને જ્યારે તેમના પોતાના કાયદાઓની જોગવાઈઓએ તેમની વહીવટી સુધારા આણવાની કાર્યદક્ષતાને મર્યાદિત કરવા લાગતી ત્યારે લાક્ષણિક રીતે રૂઢિઓ પ્રત્યે સહાનુભૂતિહીન એવા અંગ્રેજોએ પોતાનાં કૃત્યોને વાજબી ઠેરવવા માટે રૂઢિઓનો આધાર લીધો હતો તેનું પરિણામ માનવામાં ન આવે તેવું આવ્યું. મુંબઈ ઇલાકામાં કાયદેસરતાના અતિઉત્સાહભર્યા સમયનો અંત આણવામાં ન્યાયમૂર્તિ કીટ અને પેન્ડરગાસ્ટ દ્વારા અને છેવટે નિયામકો (ડાયરેક્ટર્સ) દ્વારા જેને સમર્થન મળ્યું હતું તેવા બ્રહ્મભટ્ટોના વિરોધે વિશેષ ફાળો નોંધાવ્યો.

બ્રહ્મભટ્ટોને પોતાની જમીન પાછી મળવા છતાં અને નિર્દોષ ઠરી છૂટવા છતાં તેમને માટે હવે ઘણું મોડું થઈ ગયું હતું. ઈ. સ. ૧૮૧૫-૧૬ના બ્રહ્મભટ્ટોના પ્રતિકારથી ગુજરાતમાંના બ્રિટિશ વિસ્તારમાં તેમની સત્તા અને વગના વાસ્તવિક અંતની શરૂઆત થઈ. ઈ. સ. ૧૮૧૫ સુધીમાં મુંબઈ સરકાર પગભર બની હતી ત્યારે બ્રહ્મભટ્ટોના પ્રતિકારે આ પ્રથામાં સત્તાવાર ભાગ લેવાના અંત માટે અનુકૂળ બહાનું પૂરું પાડ્યું અને તે દ્વારા માત્ર 'બુદ્ધિહીન' જ નહીં, પરંતુ અતિનિયમિત વહીવટીય સ્તર સાથેના સંબંધો કાપી નાંખવાનું બહાનું પણ પૂરું પાડ્યું. રોબર્ટ્સનનો આ મતલબનો નિર્ણય વધુ પુરાવો પૂરો પાડે છે, જે ખરેખર ન્યાયાધીશ કીટના શબ્દોમાં કહીએ તો બ્રહ્મભટ્ટો ''અપરાધી સાબિત થયા પહેલાં જ દંડાયા હતા અને આ મામલામાં ફક્ત માતરના કાવતરામાં

ભાગ લીધેલ બ્રહ્મભટ્ટોની જ નહીં, પરંતુ સમગ્ર ખેડા જિલ્લા કલેક્ટરની હકૂમત હેઠળના બ્રહ્મભટ્ટોને સજા કરવામાં આવી હતી, તેથી અંગ્રેજ નીતિ શરૂથી અસંબદ્ધ નહીં, પણ આધુનિક વહીવટના સિદ્ધાંતોથી પણ અસંબદ્ધ એવી પદ્ધતિનો અંત લાવવાની અંગ્રેજોની ઉત્સુકતા સ્પષ્ટ રીતે જણાઈ આવે છે. માત્ર ટોમસ કીટે બ્રહ્મભટ્ટ એજન્સીના નાશનો વિરોધ કર્યો. તેણે કારણ આપ્યું કે બાંહેધરી-જામીન તરીકે બ્રહ્મભટ્ટો શાંતિ જાળવતા, સમાજને સુધારતા અને મહેસૂલ વસૂલ કરતા. તેઓ આ બધું 'ખર્ચ કરીને નહીં, પણ જીવના ભોગે' (આત્મહત્યા કે આપ્તજનની હત્યા દ્વારા) કરતા.[૯૫]

આ બ્રહ્મભટ્ટોના ભાવિ માટે નેપીયન અને તેના વહીવટી મંડળે કોઈ જ ચિંતા બતાવી નહીં. ખાનગી કરારોમાં જામીન તરીકે અનુમતિ અપાયા છતાં જેઓ મુંબઈ ઈલાકામાં રહેતા હતા તેઓને પોતાની આવકનાં મોટાં સાધન અને વગથી વંચિત કરવામાં આવ્યાં હતા. અંગ્રેજો આ બાબતથી સારી રીતે વાકેફ હતા અને તેમનો મૂળ ઉદ્દેશ પણ એ જ હતો.

વાસ્તવમાં બન્યું પણ એમ જ. ''બ્રહ્મભટ્ટોએ ત્યારબાદ પોતાની સત્તા અને આજીવિકાનું મુખ્ય સાધન ગુમાવ્યું. આખી ઓગણીસમી સદી દરમ્યાન આમ જ ચાલતું રહ્યું. ઈ. સ. ૧૮૭૭ સુધીમાં તો આ બ્રહ્મભટ્ટો અવનતિ પામતા વર્ગ તરીકે ઓળખવામાં લાગ્યા.''[૯૬]

આ રીતે નેપીયનના વહીવટ દરમ્યાન તેનું ધાર્યું થયું. વહીવટ પર પ્રભાવ ધરાવતી બ્રહ્મભટ્ટ-સંસ્થાનો નાશ કરીને સ્થિર શાસન પ્રત્યેના સંભવિત પડકારને તેણે ગંભીરપણે નિર્બળ કર્યો હતો. ઈ. સ. ૧૮૧૯માં સરકાર અને અપીલ અદાલતના એક સભ્યે જાહેર કર્યું કે ''આ બનાવથી અમને કોઈ ખેદનો અનુભવ થતો નથી. સમયે જ અમને આ અસરોનું મૂલ્યાંકન કરવ સમક્ષ બનાવ્યા છે અને આમ આ દેશમાં બ્રિટિશ સરકારના નિયમો અને કાનૂનો મક્કમપણે દાખલ કરવાનું વર્ષ ૧૮૧૫થી જ ગણાય.''[૯૭] આમ બ્રિટિશ શાસન દઢપણે સ્થાપિત કરવા બ્રહ્મભટ્ટ-સંસ્થાઓ-પ્રથાઓનો નાશ અંગ્રેજો માટે અનિવાર્ય હતો. જોનાથન ડંકનના શાસનકાળ દરમ્યાન સરકારની કોઈજ સલામતી ન હતી ત્યારે આ બ્રહ્મભટ્ટો ઉપયોગી હતા. ત્યારબાદ ગવર્નર એલ્ફિન્સ્ટનના શાસનમાં તેઓ સત્તાવાર વહીવટના ભાગરૂપ ન હતા. ત્યારે બ્રહ્મભટ્ટોને સહન કરી લેવામાં આવતા હતા અને વખાણવામાં પણ આવતા હતા પરંતુ નેપિયનના વહીવટે બ્રહ્મભટ્ટોને પડકાર્યા. પોતાના પુરોગામીઓથી ઊલટું બ્રહ્મભટ્ટોની સહાય વિના જ ગુજરાત પર રાજ્ય કરવાની પોતાની આવડત પર તેને આત્મવિશ્વાસ હતો. કાર્યક્ષમ સરકાર પૂરી પાડવાની પોતાની ફરજ છે તેવી બ્રિટિશ માન્યતા પર આધારિત એવા

વિશ્વાસને લીધે અંગ્રેજો જાણી જોઈને બ્રહ્મભટ્ટોને શક્તિહીન બનાવવા માટે અધીરા બન્યા હતા. આ બધાંને પરિણામે ઓગણીસમા સૈકાના પ્રારંભકાળે બ્રિટિશ વહીવટીતંત્રમાં જે પરિવર્તનોનો પ્રવાહ ચાલુ થયો તેણે ગુજરાતમાં ઘણાં વર્ષોથી ચાલી આવતી બ્રહ્મભટ્ટપ્રથાને સદાકાળ માટે નામશેષ બનાવી દીધી.

બ્રિટિશ શાસનને પ્રતાપે ઈ. સ. ૧૮૨૦ પછી પણ ગુજરાતમાં વહીવટી તંત્ર, કાયદા-કાનૂન, અર્થતંત્ર તેમજ સાંસ્કૃતિક ક્ષેત્રોમાં ભારે પરિવર્તન આવતું ગયું. આ પ્રક્રિયા પરંપરાગત ગુજરાતી સમાજ માટે અત્યંત કષ્ટપ્રદ હતી. ખાસ કરીને બ્રહ્મભટ્ટ જ્ઞાતિ માટે તો તે અસહ્ય પુરવાર થઈ. બ્રહ્મભટ્ટોએ એક તરફ તેમના પરંપરાગત વ્યવસાયો ગુમાવ્યા, તો બીજી તરફ અન્ય આધુનિક વ્યવસાયોની તાલીમને અભાવે તેઓ આર્થિક પાયમાલીમાં મુકાયા. તેમનામાં આધુનિક કાર્યદક્ષતાનો અભાવ હતો તેમ છતાં અનેક મુશ્કેલીઓ તેમજ સમસ્યાઓનો સામનો કરીને તેમણે આધુનિક શિક્ષણ લેવું શરૂ કર્યું. બ્રહ્મભટ્ટ જ્ઞાતિમાં અસલની ખુમારી તો હતી જ. તેઓ શૂરવીર હતા. શસ્ત્રોનો ઉપયોગ, દુશ્મનોનો સંહાર તથા સ્વાર્પણ માટે કેવી રીતે કરવો તે વાત સૈકાઓથી તેઓ જાણતા હતા. વળી પરંપરાગત સાહિત્યક પ્રતિભા પણ તેમને ગળથૂથીમાં જ (બચપણમાં જ) મળી હતી. રાજા મહારાજાઓના સમયે દેશભક્તિની બાબતમાં તેઓ કોઈથી ઊતરે તેવા ન હતા. આવા વિશિષ્ટ ગુણોને કારણે તેમણે બ્રિટિશરો દ્વારા કરાયેલ આઘાત પચાવી સમગ્ર જ્ઞાતિને બેઠી કરવા નવો અભિગમ અપનાવ્યો.

આમ તમામ સંજોગો અને સમય (ઓગણીસમા સૈકામાં) ઝડપથી બદલાતા રાજકીય-સામાજિક ક્ષેત્રે પરિવર્તનનો પ્રવાહ ચાલુ થયો. ગુજરાતના સમાજજીવનમાં પણ પ્રખ્યાત સુધારકો, જેવા કે દુર્ગારામ મહેતાજી, મહીપતરામ, સુધારક અને વીર કવિ નર્મદ તથા કવિ દલપતરામે સમગ્ર ગુજરાતની જનતાને સમયની માગણી મુજબ બદલવાની જહેમત ઉપાડી. તેવા સંજોગોમાં આ વિશાળ પ્રક્રિયાની અસર બ્રહ્મભટ્ટ જ્ઞાતિ ઉપર પણ પડે તે સ્વાભાવિક હતું.

પરિણામે અઢારમા સૈકામાં અને મહદ્ અંશે તે પહેલાંથી જ બ્રહ્મભટ્ટ જ્ઞાતિએ મને કે કમને ક્રમશઃ પોતાના પારંપરિક વ્યવસાયોને ત્યજવા માંડ્યા અને આનુષંગિક દેશ અને ખાસ કરીને સમગ્ર ગુજરાત પર જે પ્રભાવ પડ્યો તેને લીધે ઉત્પન્ન થયેલ જરૂરિયાતોને પહોંચી વળવા બ્રહ્મભટ્ટ જ્ઞાતિએ અને તેના અગ્રવર્ગે કેવી સુધારક પ્રવૃત્તિઓ હાથ ધરી તેની ચર્ચા હવે પછીના પ્રકરણમાં હાથ ધરીશું.

# પાદનોંધ :

૧૧. મકરંદ મહેતા, 'સામાજિક પરિવર્તન અને ગુજરાતના અસ્પૃશ્યો, ૧૯મો સૈકો,' : અમદાવાદ, ફેબ્રુઆરી ૧૯૮૬ : પૃ.૫.

૧૨. પુરુષોત્તમદાસ છ. બારોટ, 'ચરોતર સર્વસંગ્રહ'-વિ.૧. : નડિયાદ, ૧૯૫૪ : પૃ.૭૯૭.

૧૩. શાહ અને શ્રોફ, 'ગુજરાતના વહીવંચા બારોટ', મિલ્ટ સિંગર – સંપાદિત : 'ટ્રેડિશનલ ઇંડિયા સ્ટ્રક્ચર ઍન્ડ ચેઈન્જ', જયપુર, ૧૯૭૫ : પૃ.૪૨.

૧૪. એજન, પૃ.૪૪.

૧૫. આર. પી. એન્થોવાન, 'ટાઈમ્સ ઍન્ડ કાસ્ટ ઑફ બોમ્બે', મુંબઈ – ૧૯૨૦ : પૃ.૧૨૪.

૧૬. દામોદરદાસ રેવાદાસ શાહ, 'મહીકાંઠા ડિરેક્ટરી' : અમદાવાદ,૧૯૦૫ : પૃ.૬૨-૬૩.

૧૭. શાહ અને શ્રોફ, ઉપર્યુક્ત પૃ. ૪૪-૪૫.

૧૮. મહારાષ્ટ્ર સ્ટેટ આર્કાઈવ્ઝ, રેવન્યૂ ડિપાર્ટમેન્ટ ડાયરી, ૪૭-૧૬૨૭, વોકર ટુ ગ્રાન્ટ મે-૩ ૧૮૦૪.

૧૯. 'બ્રહ્મભટ્ટ યુવક-રજત જયંતી અંક' : અમદાવાદ, નવેમ્બર ૧૯૬૫ : પૃ. ૪૫.

૧૦. કર્નલ જેમ્સ ટોડ, 'રાજસ્થાનનો ઇતિહાસ' : લંડન, ૧૮૨૯-૩૨ : પૃ. ૫૦૦.

૧૧. બોમ્બે ગેઝેટિયર, ગ્રંથ-૯ ભાગ. ૧. પૃ. ૨૧૮.

૧૨. શાહ અને શ્રોફ, ઉપર્યુક્ત પૃ. ૪૪-૪૫.

૧૩. જેમ્સ મેકમુરડો, 'એન એકાઉન્ટ ઓફ ધ પ્રોવિન્સ ઓફ કચ્છ ઍન્ડ કટિંગ લાઈન બીટવીન ગુજરાત ઍન્ડ રિવર ઈન્ડસ' : મુંબઈ, ૧૯૨૦ : પૃ. ૨૩૩.

૧૪. સી. યુય એટચીસન્ટ, 'એ કલેક્શન ઑફ ટ્રિટીઝ એગેંજમેંટ ઑફ સનંદ્ઝ', ગ્રંથ-૬ પી પી. ૨. : કલકત્તા, ૧૯૩૨ : પૃ. ૧૬૫-૬૭.

૧૫. 'બોમ્બે ગેઝેટિયર', ઉપર્યુક્ત, પૃ. ૨૦૯.

૧૬. એજન, પૃ. ૯૨.

૧૭. જેમ્સ મેકમુરાડો, ઉપર્યુક્ત પૃ. ૨૩૩.

૧૮. આ ઘટના મારા (સંશાધકના) પોતાના ગામ ભાટવાસ (તાલુકો ખેરાળુ, જિલ્લા મહેસાણા)માં આશરે પોણાબસો વર્ષ પૂર્વે બનેલ છે, જે મને મારા વડીલ બાપાલાલ કુંવરજી બ્રહ્મભટ્ટે જણાવેલ છે જેને અમારા વહીવંચા બારોટ શ્રી. દોલતસિંહ બારોટે (નાણાબેડા, રાજસ્થાન) સમર્થન આપેલ છે.

૧૯. એમ. એસ. એ. આર. ડી. ડી. ૪૬-૧૨૦૮ રોબર્ટસન ટુ વોકર, જુલાઈ ૧૮૦૪, પૃ. ૨૮૦.

૨૦. એ. કે. ફાર્બ્સ, 'રાસમાળા', ભા. ૨ : અમદાવાદ, ૧૮૯૯ : પૃ. ૩૧૫.

૨૧. ગોવિંદભાઈ હા. દેસાઈ, 'કડી પ્રાન્ત સર્વસંગ્રહ', : વડોદરા, ૧૯૨૦ : પૃ. ૧૮૪-૮૫.

૨૨. બોમ્બે સેલ્સ, ૩૯ પી. ટી. ૧૩૧ ડીગલ ટુ વોકર મે-૧૦, ૧૮૦૪.

૨૩. મેકમુરાડો, 'રિમાર્ક્સ ઓન ધ પ્રોવીન્સ ઓફ કાઠિયાવાર, ઈટ્સ ઈનહેલિટેસ, ધેર મેનર્સ ઍન્ડ કસ્ટમ્સ', : મુંબઈ, ૧૮૨૯ : પૃ. ૨૮૨.

૨૪. એ. કે. ફાર્બ્સ, ઉપર્યુક્ત પૃ. ૩૧૭.

૨૫. ડાહ્યાલાલ અં. બ્રહ્મભટ્ટ, 'બ્રહ્મભટ્ટોની કટારી' હિંદુમિલન મંદિર : અમદાવાદ, ઓગસ્ટ ૧૯૭૨ : પૃ. ૩૮૫.

૨૬. જેમ્સ ફોર્બ્સ, 'ઓરિયેન્ટલ મેમોયર્સ', ગ્રંથ-૩ : લંડન, ૧૮૧૩ : પૃ. ૨૨૫.

૨૭. એમ. એસ. એ., જે. ડી. ડી. ૮૭-૩૪૦૪, કીટ ટુ બેક્સ : મુંબઈ ઓગસ્ટ ૩, ૧૮૧૬.

૨૮. જેમ્સ ફોર્બ્સ, ઉપર્યુક્ત પૃ. ૨૨૮.

૨૯. ચૂ. પુ બારોટ, બ્રહ્મભટ્ટ વિ. બારોટ, 'ભટ્ટભાસ્કર' : અમદાવાદ, જુલાઈ ૧૯૩૭ : પૃ. ૨૦૭.

૩૦. ઈશ્વરભાઈ રાધાસ્વામી, 'રાજકારણમાં બ્રહ્મભટ્ટોની હિસ્સો', 'બ્રહ્મભટ્ટ યુવક' અમદાવાદ, માર્ચ ૧૯૭૧ : પૃ. ૫-૬.

૩૧. એજન, પૃ. ૭.

૩૨. કર્નલ ટોડ, ઉપર્યુક્ત, પૃ. ૩૬.

૩૩. ઈશ્વરલાલ મો. ઓઝા, 'ગુજરાતના ઈતિહાસલેખનની પ્રવૃત્તિ', ફા. ગુ. સ. ત્રૈમાસિક અંક ૨, : એપ્રિલ-જૂન ૧૯૮૪ : પૃ. ૧૬૨-૧૬૭.

૩૪. એન્થોવાન, ઉપર્યુક્ત, પૃ. ૧૩૦.

૩૫. એજન, પૃ. ૧૩૦.

૩૬. સુરેન્દ્રનાથ સેન, 'ઈન્ડિયન ટ્રાવેલ્સ ઑફ થેવનોટ ઍન્ડ કારેઈ, દિલ્હી', ૧૯૪૯, પૃ. ૧૯.

૩૭. ડાહ્યાલાલ અં. બ્રહ્મભટ્ટ, ઉપર્યુક્ત, પૃ. ૩૮૫-૩૮૬.

૩૮. જેમ્સ ફોર્બ્સ, ઉપર્યુક્ત, પૃ. ૮૯.

૩૯. એજન, પૃ. ૯૦.

૪૦. એજન, પૃ. ૮૯-૯૪.

૪૧. કનુ પંડ્યા, 'વીર ભૂપતસિંહ બ્રહ્મભટ્ટ', પ્રગતિ : દીપોત્સવી અંક : ઊંઝા વર્ષ નથી : પૃ. ૨૫-૨૮.

૪૨. ડાહ્યાલાલ બ્રહ્મભટ્ટ, 'બલિદાન', જનકલ્યાણ : વર્ષ માસ નથી : પૃ. ૩૦૧-૩૦૩.

૪૩. ડાહ્યાલાલ બ્રહ્મભટ્ટ, 'બ્રહ્મભટ્ટોની કટારી', હિંદુમિલન મંદિર, : ઓગસ્ટ-૧૯૭૨ : પૃ. ૩૮૭ અનુસાર નવલાખ કટારી એટલે શું તે જોઈએ : ''શહેનશાહ જહાંગીરના સમયે સમગ્ર ભારતમાંથી બ્રહ્મભટ્ટને દિલ્હી નિમંત્રણ આપી બોલાવવામાં આવ્યા હતા. દરેક જુવાન બ્રહ્મભટ્ટ પોતાની કમરે કટારી રાખતો હોવાથ આવા નવલાખ યુવકો અહીં ભેગા થયા હતા. ત્યારથી બ્રહ્મભટ્ટોની જનસંખ્યા માટે ''નવલાખ-કટારી'' શબ્દ પ્રચલિત છે. વાસ્તવમાં દિલ્હીમાં એકત્રિત થયેલા બ્રહ્મભટ્ટો સમગ્ર બ્રહ્મભટ્ટ સમાજના પ્રતિનિધિત્વરૂપ હતા. જો ઘરદીઠ એકપણ ત્યાં ગયા હો તો એથી ત્રણ કે ચાર ગણી સંખ્યા એમના વતનના ઘેર હોય તેમ સહેજે માની શકાય''.

૪૪. વાડીલાલ બ્રહ્મભટ્ટ : જગુદણ : 'પાટણનો ઝમોર-સત્યાગ્રહ', 'બ્રહ્મભટ્ટ યુવક', : અમદાવાદ-૧૯૬૫ : પૃ. ૧૬-૨ અને કેશવલાલ પૃથ્વીરાજ બારોટ : કલોલ : 'ભટ્ટભાસ્કર' – ૧૯૨૦.

૪૫. શાહ અને શ્રોફ, ઉપર્યુક્ત પૃ. ૪૫.

૪૬. એન્થોવાન, ઉપર્યુક્ત, પૃ. ૧૩૦.

૪૭. ડો.મકરંદ મહેતા 'સાંપ્રદાયિક સાહિત્ય અને સામાજિક ચેતના, સ્વામિનારાયણ સંપ્રદાયનો અભ્યાસ, ૧૮૦૦ થી ૧૮૪૦', અર્થાત્, : ૧૯૮૭ : પૃ. ૧-૨.

૪૮. એ. કે. ફોર્બ્સ, ઉપર્યુક્ત, પૃ. ૩૧૮-૩૧૯.

૪૯. મેક્સમુરડો, ઉપર્યુક્ત, પૃ. ૨૮૨.

૫૦. એ. કે. ફોર્બ્સ, ઉપર્યુક્ત, પૃ. ૫૫૮.

૫૧. એમ.એસ.એ., આર. ડી. ડી.-૧૦૧-૨૦૧૧, રોબર્ટસન ટુ વાર્ડન, જુલાઈ-૧૫, ૧૮૧૫.

૫૨. એમ. એસ. એ., જે.ડી.ડી. ૮૪-૧૯૮૫ રોલ્સ ટુ વોર્ડન, જૂન. ૨૪-૧૮૧૬ એ એમ. એસ. એ. જે.ડી.ડી.-૯૦-૬૨૭ 'રિપોર્ટ ઓન ધ ભાટ એજન્સી'.

૫૩. એમ.એસ.એ., જે.ડી.ડી. ૮૪-૧૯૯૨-૯૩, રોલ્સ ટુ વોર્ડન, ૨૪-૧૮૧૬.

૫૪. ડેવિડ કોપ, 'બ્રિટિશ ઓરિયેન્ડાલિઝમ ઍન્ડ ધ બેંગાલ રેનેસાં', : બર્કલે યુનિ. ઑફ કેલિફોર્નિયા પ્રેસ, ૧૯૬૯ : પૃ. ૨૯.

૫૫. આઈ.ઓ. બોમ્બે, પોલ પો. રેન્જ-૩૮૨, ૨૧ : ૮૬૯૨-૯૩, ૬૮૯૭, ૬૯૦૮, વોકર ટુ સી જ્ઞી. ઓ સર ઍન્ડ અપિલ, ઓગસ્ટ-૧૬, ૧૮૦૬ એમ.એસ.એ., ઓલ્ડ સેલ્સ, ૬૪:૧૫, ૧૧૭.

૫૬. આઈ.ઓ., બોમ્બે પોલ.-પ્રો રેન્જ ૩૮૨, ૨૧-૬૮૯૭, ૬૮૯૨, વોકર ટુ સિટી ઑફ સર ઍન્ડ અપિલ. ઓગસ્ટ-૧૬, ૧૮૦૬.

૫૭. એજન પૃ. ૬૮૯૨.

૫૮. એમ. એસ. એ. ઓલ્ડ સેલ્સ, ૫૨, ૧૫૦ ગ્રાન્ટ ટુ ડંકન, ડિસેમ્બર ૧૪-૧૮૦૮.

૫૯. બોમ્બે ગેઝેણિયર, ઉપર્યુક્ત, પૃ. ૨૧૧-૨૧૨.

૬૦. એમ.એસ.એ.જે.ડી.ડી, ૪૭ : ૨૯૨, હોલ્ફર્ડ ટુ વાર્ડન, જાન્યુઆરી ૨૩-૧૮૦૯ તથા અન્ય.

૬૧. એમ.એસ.એ., આર.ડી.ડી, ૮૭ : ૧૭૮૮-૪૬, મિનિટ્સ ઑફ ગવર્નમેંટ, ઓગસ્ટ ૨૫, ૧૮૧૩ : જોકે ૧૮૭૨ સુધી ત્રાગાની હત્યા બદલ બ્રહ્મભટ્ટોને સજામાંથી બાકાત રખાયા હતા. શાહ-શ્રોફ પૃ. ૪૫.

૬૨. એમ.એસ.એ., ઓલ્ડ સેલ્સ, ૯ : ૧૧૯-૧૨૦, કેન્સિલ વોર્ડન, 'વાર્ડન્સ સમરી ઑફ ભાટ્સ ઍન્ડ ધેર ત્રાગા', એમ.એસ.એ., આર.ડી.ડી. ૮૫ : ૮૮૯ સિટી ઑફ સર ઍન્ડ અપિલ ટુ ડંકન મે-૨૪, ૧૮૦૯.

૬૩. આઈ.ઓ.જ્યુડી, લેટર્સ ટુ બોમ્બે, ૧ : ૮૭-૯૨, બોમ્બે કોર્ટ, ડિસેમ્બર ૨૨, ૧૮૧૫ની નોંધ અનુસાર.

૬૪. વધુ વિગત માટે જુઓ નીલ રેબીટોયનો મહાનિબંધ 'સોવ્રિન્ટી, પ્રોફિટ્સ ઍન્ડ સોશિયલ' : પેન્સિલવેનિયાયુનિ.૧૯૭૨.

૬૫. આઈ.ઓ.બોમ્બે, પોલ. પ્રો રેન્જ, ૩૮૨, ૨૧ : ૬૮૨૮, 'પેન્ડર ગેસ્ટ ટુ સિટી ઓફ સર ઍન્ડ એપ'. જુલાઈ ૨૬, ૧૮૦૬.

૬૬. બોમ્બે ગેઝેટિયર, ઉપર્યુક્ત, પૃ. ૨૧૧-૨૧૨.

૬૭. આઈ. ઓ. રેવન્યુ લેટર્સ ફોર્મ બોમ્બે ૫ : ૫૮૫-૮૭, 'બોમ્બે ટુ સીટી ઓફ ડિસ્ટી.', માર્ચ ૧૮૨૧ વગેરે.

૬૮. એમ.એસ.એ.આર.ડી.ડી, ૮૨ : ૨૩૩૯-૪૫, ભરૂચ રેવન્યૂ કમિ. ઑફ સર્વે. ટુ વોર્ડન, જૂન ૨૬, ૧૮૧૨ વગેરે.

૬૯. એમ.એસ.એ.આર.ડી.ડી, ૭૭ : ૧૮૮૬-૮૮, રોબર્ટસન ટુ આયર્નસાઈડ, સપ્ટેમ્બર ૧૭, ૧૮૧૫ વગેરે.

૭૦. એમ.એસ.એ., આર.ડી.ડી., ૧૦૯ : ૧૮૪૩, રોલ્સ ટુ વોર્ડન, ઓક્ટોબર ૮, ૧૮૧૬.

૭૧. એમ.એ.એ., જે.ડી.ડી.૮૦ : ૧૭૫૨-૭૩, રોબર્ટસન ટુ વોર્ડન, જાન્યુઆરી-૧, ૧૮૧૬.

૭૨. આઈ.ઓ.પર્સનલ રેકોર્ડ્સ, ૧૭:૩૬૦, એમ.એસ.એ., જે.ડી.ડી. ૭૬; ૧૩૦૨-૦૩, આયર્નસાઈડ ટુ વોર્ડન, જુલાઈ ૧૫ તેમજ અન્ય.

૭૩. એમ.એસ.એ., જે.ડી.ડી. ૭૬; ૧૩૦૨-૦૩, આયર્નસાઈડ ટુ વોર્ડન, જુલાઈ ૧૫ તેમજ અન્ય.

૭૪. એમ.એસ.એ., જે.ડી.ડી. ૭૭૬; ૧૩૦૨-૦૩, આયર્નસાઈડ ટુ વોર્ડન, જુલાઈ ૧૫, ૧૮૧૫.

૭૫. એમ.એસ.એ., જે.ડી.ડી. ૭૬; ૧૩૧૯-૨૦, પિટિશન ઑફ ભાટ્સ ટુ આયર્નસાઈડ, જુલાઈ ૧૩, ૧૮૧૫.

૭૬. એમ.એસ.એ., જે.ડી.ડી., ૭૬; ૧૩૦૯, આયર્નસાઈડ, ટુ વોર્ડન, જુલાઈ ૧૫, ૧૮૧૫.

૭૭. એમ.એસ.એ., આર.ડી.ડી., ૧૦૮; ૧૭૧૩-૧૪, બાનેવાલ ટુ રોલ્સ, ઓગસ્ટ ૧-૧૮૧૬.

૭૮. એમ.એસ.એ., જે.ડી.ડી., ૭૬; ૧૩૦૮, આયર્નસાઈડ ટુ વોર્ડન, જુલાઈ ૧૫, ૧૮૦૫.

૭૯. એમ.એસ.એ., આર.ડી.ડી., ૧૦૧; ૨૦૨૫, રોબર્ટસન ટુ વોર્ડન, જુલાઈ ૧૫, ૧૮૧૫.

૮૦. એમ.એસ.એ., જે.ડી.ડી., ૮૦; ૧૮૦-૮૨, સરકારી અહેવાલ, જાન્યુઆરી-૧૭, ૧૮૧૬.

૮૧. એમ.એસ.એ., જે.ડી.ડી., ૮૨; ૧૧૧૯-૨૪, રોબર્ટસન ટુ વોર્ડન, માર્ચ ૨૦, ૧૮૧૬.

૮૨. એજન, પૃ. ૧૧૨-૪-૨૮, ૧૧૫૦.

૮૩. એજન પૃ. ૧૧૨૮-૩૦.

૮૪. એમ.એસ.એ., ડે.ડી.સી. ૮૨ : ૧૨૩૦-૩૫, નોરિસન ટુ વોર્ડન, માર્ચ ૨૫, ૧૮૧૩.

૮૫. એમ.એસ.એ., જે.ડી.ડી, ૮૨ : ૧૨૫૬-રોબર્ટસન ટુ વોર્ડન, માર્ચ ૨૬, ૧૮૧૬.

૮૬. એજન પૃ. ૧૨૫૭.

૮૭. એમ.એસ.એ.જે.ડી.ડી.-૮૨, સરકારી અહેવાલ, એપ્રિલ-૪-૧૮૧૬.

૮૮. આઈ. ઓ. રેવન્યૂ લેટર્સ ફોર્મ બોમ્બે, ૩:૧૩૩, બોમ્બે ટુ સિટી ઑફ ડિસ્ટિ. એપ્રિલ ૧૭, ૧૮૧૬.

૮૯. એમ.એસ.એ., જે.ડી.ડી., ૮૪ : ૧૯૧૦, કીટ ટુ વોર્ડન, જૂન-૨૧, ૧૮૧૬.

૯૦. એજન પૃ. ૧૮૧૧-૧૫ તથા એમ. એસ. એ., જે.ડી.ડી. ૮૮, ૩૪૧૨-૧૭ કીટ ટુ બેક્સ ૩, ૧૮૧૬.

૯૧. એમ.એસ.એ., જે.ડી.ડી. ૧૦૧ : ૭૯૪-૮૦૬, પ્રમુખશ્રીનો અહેવાલ. જાન્યુઆરી, ૨૭, ૧૮૧૮ અને એમ.એસ.એ.જે.ડી. ૧૦૩; ૧૭૫૫-૫૭ પ્રમુખશ્રીનો અહેવાલ, જૂન ૧-૧૮૧૮.

૯૨. એમ.એસ.એ.જે.ડી.ડી, ૧૦૩; ૧૭૦૪ : નેપિયનનો અહેવાલ, : જૂન ૧૮૧૮.

૯૩. આઈઓ.જ્યુડી.લેટર્સ ટુ બોમ્બે, ૧.૨૦૫-૦૮ બોમ્બે ડિસેમ્બર ૧૧-૧૮૧૮.

૯૪. એમ.એસ.એ.જ્યુડી.ડિપાર્ટમેન્ટ, લેટર્સ, ૮:૧૧૨ બોમ્બે, એપ્રિલ-૧૯-૧૮૨૦.

૯૫. એમ.એસ.એ., જે.ડી.ડી., ૮૭ : ૩૪૦૩, કીટ ટુ બેક્સ, ઓગસ્ટ ૩, ૧૮૧૬.

૯૬. બોમ્બે ગેઝેણિયર, ઉપર્યુક્ત,૨૧૪,શાહ અને શ્રોફ, ઉપર્યુક્ત, પૃ.૪૫ એન્થોવાન, ઉપર્યુક્ત પૃ.૧૩૦, ભારત સરકાર વસ્તીગણતરી, ૧૯૬૧ ગ્રંથ-૫, ભાગ-૬, ગુજરાત ગ્રામ સર્વેક્ષણ, ઈસનપુર વગેરે.

૯૭. એમ.એસ.એ.,જે.ડી.ડી. ૧૧૫, ૨૬૨૪-૨૫. સુધર લેન્ડ ટુ બેકર્સ, જુલાઈ ૨૦, ૧૮૧૯.

❀

પ્રકરણ-૪

# બ્રહ્મભટ્ટ અગ્રવર્ગ અને જ્ઞાતિ-સુધારણા

હિંદુસ્તાનમાં બ્રિટિશ હકૂમતના આગમન બાદ અગાઉની એક સાંસ્કૃતિક સંસ્થા તરીકે વર્ષો નહિ, પણ સૈકાઓ સુધી પ્રચલિત રહેલ બ્રહ્મભટ્ટ જ્ઞાતિ કેવી રીતે નષ્ટપ્રાય બની તેની વિગતો આપણે આ પહેલાંના પ્રકરણમાં વિસ્તારપૂર્વક નોંધી છે. આવા કુઠારાઘાતને સહન કરી લઈને કાળક્રમે બ્રહ્મભટ્ટ જ્ઞાતિ કઈ રીતે ઊભી થઈ, તેણે પોતાના ઘર-આંગણાનાં દૂષણો કઈ રીતે ડામ્યાં, પોતાના કુરિવાજો અને અજ્ઞાનતા કઈ રીતે દૂર કર્યાં, તે બધાનો ચિતાર હવે આ પ્રકરણમાં રજૂ કરીએ.

શાસક તરીકે ભારતભરમાં સ્થિર થયેલ અંગ્રેજ હકૂમત હવે સર્વસ્વીકૃત હકીકત બની ગઈ હોવાથી કોઈ પણ સંસ્થા કે સમાજને જો પોતાનું અસ્તિત્વ જાળવી રાખવું હોય તો તેને અનુરૂપ પરિવર્તન કર્યા વિના છૂટકો જ ન હતો. બીજી બાજુ શસ્ત્ર અને શાસ્ત્ર બંનેમાં નિપુણ એવી આ કોમે લગભગ પોતાની પ્રાચીન ગરિમા ગુમાવી દીધી હતી તેને પુનઃ જીવંત કરવા બ્રહ્મભટ્ટ યુવક-યુવતિઓએ બદલાયેલ સમય-સંજોગોને અનુરૂપ એવું આધુનિક શિક્ષણ લેવું શરૂ કર્યું, તેમ છતાં મોટા ભાગના બ્રહ્મભટ્ટો સમયના વહેણને સમજ્યા વિના જ હજી પ્રાચીન અને પરંપરાગત મહત્તામાં જ રાચતા હતા. પરિણામે વાણિયા-બ્રાહ્મણ જેવી કેટલીક સમજુ જ્ઞાતિઓની સરખામણીમાં આ જ્ઞાતિમાં શિક્ષણ અને આધુનિકતાનો વ્યાપ અત્યંત ધીમો અને અલ્પ પ્રમાણમાં થયો.

પરંતુ મુખ્ય મુદ્દો એ છે કે ગમે તેટલું ધીમે, પણ બ્રહ્મભટ્ટ બાળકો આધુનિક શાળા-મહાશાળાઓમાં જતાં થયાં. તેમનામાં જેમ જેમ આધુનિક કેળવણીનો પ્રચાર વધતો ગયો તેમ તેમ તેમણે આધુનિકતા અપનાવવાની સાથે સાથે પ્રાચીન અને પરંપરાગત સામાજિક બદીઓની આકરી ટીકાઓ કરવા માંડી. જ્ઞાતિના શિક્ષિત યુવકોએ કુરિવાજોના ઉન્મૂલન માટે વ્યવસ્થિત પ્રયાસો હાથ ધર્યા, જેના એક ભાગરૂપે ઈ. સ. ૧૯૧૫માં સર્વપ્રથમ બ્રહ્મભટ્ટ પરિષદ વડોદરા મુકામે મળી. બીજો મેળાવડો ૧૯૧૭માં વડોદરા મુકામે મળ્યો (જુઓ ચિત્ર પૃ. ૮૩) ત્યારબાદ ત્રણેક વર્ષ ચર્ચાવિચારણામાં વ્યતિત કર્યા પછી પ્રખ્યાત કવિવર શ્રી ચંદ બારોટની જયંતીપર્વ નિમિત્તે દ્વિતીય બ્રહ્મભટ્ટ પરિષદ તારીખ ૨૫-૧૨-૧૯૨૦ વડોદરાના 'મહારાજા થિયેટર' ખાતે મળી, જેના પ્રમુખસ્થાને જાણીતા સાક્ષર કવિ ન્હાનાલાલ હતા. ત્યારથી સ્વજ્ઞાતિસુધારણાની ધગશ લઈ બેઠેલા પુરુષોત્તમદાસ માતરવાળા જેવા યુવકોએ આવા બદલાયેલા વાતાવરણમાં 'ભટ્ટભાસ્કર' નામે એક જ્ઞાતિપત્ર કાઢવાનું શરૂ કર્યું, જેના પ્રથમ અંકમાં (જૂન, ૧૯૨૦) એમણે આ પત્ર કાઢવાનો આશય તેમ આવશ્યકતા સમજાવતાં નોંધ્યું હતું કે ‘‘હાલમાં આપણી જ્ઞાતિ અન્ય જ્ઞાતિઓ કરતાં સુધારાની બાબતે ઘણી જ પાછળ છે. દરેક કોમ તરફથી એકાદ માસિક પત્ર પ્રસિદ્ધ કરવામાં આવે છે. રાજ્યની લગભગ દરેક કોમ તરફથી એકાદ માસિકપત્ર પ્રસિદ્ધ કરવામાં આવે છે. આપણી આટલી મોટી કોમ તરફથી એક પણ માસિક નીકળતું નથી એ ખેદનો વિષય છે. આપણા પૂર્વજો સરસ્વતીના વરપુત્રો કહેવાતા. સાહિત્યક્ષેત્રે આપણું પ્રથમ સ્થાન હતું, પરંતુ કાળના પ્રવાહ સાથે હવે એ બધું બદલાઈ ગયું છે. આપણી કોમમાં જાગૃતિ લાવવા સારુ એકાદ માસિકની ખાસ આવશ્યકતા છે. અત્યાર સુધીમાં 'બ્રહ્મભટ્ટ-શુભેચ્છક', 'બ્રહ્મભટ્ટ-મિત્ર', 'બ્રહ્મભટ્ટ-ભાસ્કર' વગેરે માસિકો કેટલાક સાહિત્યપ્રેમી અને ઉત્સાહી જ્ઞાતિબંધુઓ તરફથી કાઢવામાં આવ્યાં છે, પરંતુ હાલમાં તેમાંથી એકપણ માસિક હયાતીમાં નથી. આર્થિક સાધન અને ઉત્તેજનાના અભાવે જ ઉપર્યુક્ત માસિકો તેમના કાર્યવાહકો તરફથી બંધ પાડવામાં આવ્યાં છે.’’[1]

આમ 'ભટ્ટ ભાસ્કર'ના પ્રથમ અંકથી જ તેના આદ્યતંત્રીએ જ્ઞાતિમાં માસિકપત્રની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. આર્થિક નિર્બળતા અને પ્રોત્સાહનના અભાવે બંધ પડેલ જ્ઞાતિપત્રોનો ઉલ્લેખ કરીને એવા સંજોગોમાં, પોતે કેમ આ કામ હાથ પર લીધું તેનો ખુલાસો કરતાં જ્ઞાતિપત્ર કાઢવાના પોતાના આશયનો સ્પષ્ટતા કરવા તેઓ આગળ નોંધે છે કે, ‘‘માસિક કાઢવાનો મુખ્ય આશય જ્ઞાનનો પ્રચાર કરી અજ્ઞાનને દૂર કરવાનો છે તથા આપણી જ્ઞાતિમાં જે કેટલાક દુષ્ટ જ્ઞાતિરિવાજો પગપેસારો કરી ગયા છે તે દૂર કરવાનો છે, પણ એથી કરીને કોઈ પણ વિવાદગ્રસ્ત વિષય ચર્ચવાનો



વડોદરા બ્રહ્મભટ્ટ સમાજનો વાર્ષિક મેળાવડો – ૧૯૧૭

અમારો હેતુ નથી. પૂર્વે સાહિત્યક્ષેત્રે આપણી કોમને જ પ્રથમ સ્થાન અપાતું. આપણી કોમ પાસે પ્રાચીન સાહિત્ય હસ્તલિખિત ગ્રંથોનો પુષ્કળ ભંડાર ભરેલો છે, જેનો ઉપયોગ કર્નલ ટોડ અને ફાર્બ્સ સાહેબે વિપુલ પ્રમાણમાં કર્યો છે. એ પ્રસિદ્ધ સાહિત્ય પ્રગટ કરવામાં આવે તો ગુજરાતી સાહિત્યમાં ઘણો ઉમેરો થાય. આ સિવાય બ્રહ્મભટ્ટ બંધુઓને કંઠે પણ પુષ્કળ સાહિત્ય છે, એ બધું પ્રગટ કરવાનો અમારો આશય છે, માટે જ વિનંતી કરવામાં આવે છે કે જેમની પાસે આવું જૂનું સાહિત્ય હોય તેમણે માસિકમાં પ્રગટ કરવા સારુ મોકલવા કૃપા કરવી. માસિક કમાવાના ઉદ્દેશથી કાઢવામાં આવતું નથી, તેનો મુખ્ય હેતુ જ્ઞાતિમાં જ્ઞાનનો ફેલાવો કરવાનો છે.''[૨]

આમ જૂન, ૧૯૨૦થી શ્રીમાતરવાળાએ જ્ઞાન અને સુધારા ફેલાવવાના આશયથી જે અભિયાન ચલાવ્યું તેને તત્કાલીન પ્રખર સમાજસુધારક શ્રી ગોવિંદદાસ કાંટાવાલાએ જાતે જ 'જાતિઓમાં જાગૃતિ' નામે લેખ 'ભટ્ટભાસ્કર'માં મોકલીને શ્રી માતરવાલાના કાર્યને સફળ અને સાર્થક બનાવ્યું. આ લેખમાં તેમણે જણાવ્યું હતું કે ''ગુજરાતમાં સર્વ જ્ઞાતિઓમાં રીત-રિવાજ લગભગ સરખા હોય છે. જે ખરાબ રિવાજ ચાલે છે તે સર્વ કોમોમોં લગભગ સરખા છે; જેમકે બાળલગ્ન, વૃદ્ધલગ્ન, કન્યાવિક્રય, સાટાં, તેખડાં, લગ્ન-મરણનાં ખર્ચ, રોવું-કૂટવું, વિધવાઓની કફોડી સ્થિતિ, ગરીબોના માઠા હાલ, અનાથ બાળકોની દુર્દશા વગેરે...'' પ્રસ્તુ લેખમાં આ કુરિવાજોના ઉન્મૂલન કાજે એમણે જ માર્ગ બતાવ્યો છે કે, ''જાતિઓ સુધારવાના ખરા માર્ગ બે છે : એક કેળવણીનો આરંભ જાતે કરી બતાવવો તેથી જેમ અજ્ઞાન ઓછું થાય તેમ સુધારો આપોઆપ આવતો જાય. બીજો માર્ગ કઠણ છે, પરંતુ તેની અસર સચોટ થાય તેમ છે. નાતવાળા ટીકા કરશે કે વખતે સામા થશે એવી બીકથી સુજ્ઞપુરુષો પણ નવું કરતાં પાછાં હઠે છે, પરંતુ જ્યાં સુધી ભણેલા અને વિચારવાન લોકો ફજેતી કે નિંદાની પરવા ન કરતાં સુકૃત્ય કરવાની હિંમત બતાવશે નહીં ત્યાં સુધી સુધારા થવા મુશ્કેલ છે.'' છેલ્લે પોતાના લેખનું સમાપન કરતાં બ્રહ્મભટ્ટ જ્ઞાતિનાં સુધારક પરિબળોને સાથ આપવા અને જાગ્રત બનવા જે શિખામણ આપી છે તે આ મુજબ છે : ''બ્રહ્મભટ્ટ અથવા સામાન્ય રીતે જેઓ બારોટના નામે ઓળખાય છે તેઓ જાતિની ચળવળમાં સર્વથી છેલ્લા જાગ્યા છે. પૂર્વે જે જ્ઞાતિ, જ્ઞાન અને શૂરવીરપણામાં આગળ વધેલી, રાજ્યકવિ તરીકે જાણીતી થયેલી, રણસંગ્રામ માટે વીરકાવ્યોથી યોદ્ધાઓને ઉશ્કેરતી તથા રાજકાજમાં પણ સારો કાબૂ ધરાવતી તે જાતિ હાલ બીજી ઘણી નાતોની પેઠે અધમાવસ્થા ભોગવે છે તેને સુધારવાના (આવા) પ્રયત્ન માટે રા. શ્રી. પુરુષોત્તમદાસ (માતરવાળા) ને ધન્યવાદ ઘટે છે.''[૩]

એ રીતે જોઈએ તો અન્ય જ્ઞાતિઓમાં સમાન્તરે ચાલી રહેલી જ્ઞાતિસુધારક-પ્રવૃત્તિઓને પોતાના માસિકમાં સ્થાન આપીને, 'સુભટ્ટ' નામના જ્ઞાતિપત્રમાં 'જ્ઞાતિમાં માસિકની જરૂર છે' એ શીર્ષક નીચે 'પ્રૌઢ માર્તંડ'ના તંત્રીશ્રી પ્રભાશંકર જયશંકર પાઠકનો, તમામ જ્ઞાતિઓને લાગુ પડતો લેખ છપાયો હોવાથી અત્રે ટાંકીએ. ''જ્ઞાતિમાં પ્રગતિ પ્રસારવાનું માસિક એક પ્રબળ સાધન છે. જ્ઞાતિ માસિકોને તલવારની ધાર પર રહી જ્ઞાતિસેવાનું કાર્ય બજાવવાનું હોય છે, જેના બદલામાં મોટે ભાગે યશ કરતાં અપયશ જ પ્રાપ્ત થાય છે... અનેક અડચણો છતાં જ્ઞાતિની ઉન્નતિ માટે જ્ઞાતિમાસિક ખાસ જરૂરી છે ને તે સાથે ઉન્નતિ ઈચ્છનારાઓએ તેને ઉત્તેજન આપવાની પણ જરૂર છે. ઘેર ઘેર જઈ ઉન્નતિના મંત્રો પ્રેરવાનું, જ્ઞાતિબંધુઓને પરસ્પર વિચારોની આપલે કરવાનું, જ્ઞાતિની હિલચાલો અને જ્ઞાતિસમાચાર જાણવાનું, સૌએ એક ઝંડા નીચે સામાન્ય હિતોનો વિચાર કરવાનું, જ્ઞાતિની ખરી સ્થિતિનો ચિતાર આપી સુધારા ત્યજવા પ્રયાસ કરવાનું, ખૂણે ખૂણે ચાલતી આપખુદીઓ અને દબામણીઓ દૂર કરવાનું, કેળવાયેલા વર્ગને ઉત્તેજન આપી આગળ પડતા કરવાનું અને લોકમત કેળવવાનું માસિક અત્યુત્તમ સાધન છે.''[૪]

આના અનુસંધાનમાં 'સુભટ્ટ'માં રા. પ્રતાપ બ્રહ્મભટ્ટે ''જ્ઞાતિમાં માસિકોના લેખો કેવા હોવા જોઈએ''એ શીર્ષક નીચે સુંદર અને બોધપ્રદ લેખ આપ્યો છે તે જોઈએ : ''છેલ્લા પાંચ વર્ષથી ગુજરાતનાં માસિકો કે જ્ઞાતિપત્રોમાં ઘણો જ ફેરફાર થતો જાય છે. એમાં એવા લેખો ન હોવા જોઈએ કે જેથી જ્ઞાતિમાં જે અધમતા છે તે કાયમ રહે. તેમણે દઢતાથી જ્ઞાતિમાં જે જે કુકર્મો હોય તે ઉઘાડાં પાડી સમાજ વ્યવસ્થિત થાય તેવા લેખો લખવા જ્ઞાતિમાંથી અમુક યુવકોએ હિંમતથી બહાર આવીને આગળ આવી, યોજનાઓ રજૂ કરી તેને માટે જે જે હરકતો હોય તે જણાવવી... આ માટે તંત્રી કે સુધારા ઈચ્છનારે પોતે તૈયાર રહેવું... જે વસ્તુ જ્ઞાતિ પાસે તેઓ કરાવવા માગતા હોય તેનો સંચય કરી, જ્ઞાતિને સુંદર લેખોથી વિદિત કરી, વર્તનમાં મૂકી, તેવી ભાવનાને પોષે તેવા લેખો લખી જ્ઞાતિને જાગ્રત કરવી. જ્ઞાતિમાં થતાં બાળલગ્નો, વૃદ્ધલગ્નો, કજોડાં-તેમાંય કન્યા મોટી ને વર નાનો એવા અનુચિત લગ્ન પ્રસંગો બતાવતાં કોઈની પણ આંખની શરમ વિના જે હોય તે ખરા સ્વરૂપમાં પ્રગટ કરવું, સ્ત્રીઓની સામાજિક ઉન્નતિ અને વિધવાઓ પ્રત્યે પોતાનો ધર્મ, કેળવણી માટે વ્યવહારુ યોજના વગેરે વિષયોથી જ્ઞાતિમાસિકો ભરપૂર હોવાં જોઈએ... બાકી સામાજિક લેખો આવશ્યક છે, પણ તે ગૌણ પક્ષે, જ્ઞાતિમાસિકો ચલાવનારાઓ શિરને સાટે જો કામ લેશે તો જરૂર જ્ઞાતિઓમાં જે અધમતા છે તે દૂર થશે. જ્યાં સુધી જ્ઞાતિઓ સુધરશે નહિ ત્યાંસુધી દેશની સામાજિક સુધારણા કદી પણ ફળવાની નથી. જ્ઞાતિઓથી રાષ્ટ્ર બનેલું છે. માટે જ્ઞાતિઓમાંથી જૂનાં અયોગ્ય મૂલ્યો નાબૂદ ન થાય ત્યાંસુધી પરદેશી સત્તા નાબૂદ કરવાની આશા રાખી

શકાય તેમ છે જ નહિ, માટે જ્ઞાતિઓની શુદ્ધિ થાય તેવા લેખોને જ્ઞાતિપત્રોમાં પ્રથમ સ્થાન હોવું જોઈએ.''[૫]

ઉપર્યુક્ત બંને લેખકોને આધારે એમ કહી શકાય કે આ અરસામાં માત્ર બ્રહ્મભટ્ટ જ્ઞાતિમાં જ નહીં, પરંતુ સમાજની અન્ય જ્ઞાતિઓમાં પણ સુધારણાની હવા ફૂંકાઈ હતી. આ માટે જ્ઞાતિપત્રો એક સબળ પ્રચાર-માધ્યમ હોવાથી રા. પ્રતાપે આવાં જ્ઞાતિપત્રોમાં લેખો કેવા પ્રકારના હોવા જોઈએ, તેના તંત્રીનું શું કર્તવ્ય છે, તેના વાણીવર્તનમાં સમાનતા છે કે કેમ, વગેરે ચર્ચા કરીને જાણે કે નવાં-જૂનાં જ્ઞાતિપત્રોને એક ચોક્કસ દિશા સૂચવી છે. 'સુભટ્ટ' અને 'ભટ્ટભાસ્કર' નામનાં બ્રહ્મભટ્ટ-જ્ઞાતિપત્રોના તંત્રી તરીકે અનુક્રમે શ્રી સીતારામ શર્મા અને શ્રી ચુ. પુ. બારોટે ઘણાં વર્ષો સુધી સેવા બજાવી રા. પ્રતાપે દર્શાવેલ ઉપર્યુક્ત શિખામણનું અક્ષરશઃ પાલન કરીબતાવીને અજબ નૈતિક હિંમત દર્શાવી છે. કુરિવાજોનો તથા અન્યાયનો અહિંસક વિરોધ, ગોળ-વાડા કે કુલીન-અકુલીન જેવા કૃત્રિમભેદનું ઉન્મૂલન અને કન્યાકેળવણી, વિધવાવિવાહ જેવા સુધારાઓને પ્રોત્સાહન આપીને પોતાને ઘેરથી જ સુધારાઓની શરૂઆત કરી સમાજમાં દાખલો બેસાડ્યો છે.

શ્રી સીતારામ શર્મા 'સુભટ્ટ'માં 'આંખ ઉઘાડો' શીર્ષક નીચે બ્રહ્મભટ્ટ-જ્ઞાતિજનોને સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે ''ઈતિહાસના પરિવર્તન સાથે કોમની સ્થિતિનું પરિવર્તન થયું. રાજ્યકર્તાઓની ફેરફારી સાથે જૂના માર્ગો બદલાયા. વસ્તુસ્થિતિ સમજી જેમણે કામ લીધું તેમની જાહોજલાલી થતી ગઈ, જેઓ નવીન સમયને સમજી ન શક્યા, ભવિષ્યનો વિચાર કરી ન શક્યા તેમની ત્રિશંકુ જેવી ગતિ થઈ. આપણે રાજાઓના મિત્ર, સલાહકાર, કવિ, ઈતિહાસકાર (અને) યોદ્ધા હતા. નવા ફેરફારમાં રાજાનું સ્થાન વિદેશી અમલદારોના હાથમાં ગયું. તેમની મૈત્રીનો માર્ગ પહેલાં તો તેમની ભાષા જાણવાનો હતો. તેમાં આપણે બેદરકારી બતાવી (રાજ્યકર્તાઓના) સલાહકાર થવામાં નવી અને જૂની રાજનીતિનો અભ્યાસ કરી સમયસૂચકતા બતાવવાની (જરૂર) હતી તેમાં આપણે પેઠા નહિ. છાપખાનાં નીકળ્યાં, વર્તમાનપત્રો શરૂ થયાં, નવીન ઢબે ઈતિહાસો લખાયા અને છપાવા લાગ્યા, કાવ્યોની શૈલી ઉપર નવીન પ્રજાની છાપ પડી, આપણે તોયે ન જાગ્યા, પરિણામ શું આવ્યું? આપણી અવગતિ થઈ. આપણે અફીણ, કસૂંબા, હુક્કા, રાવણાં એમાં જ પડી રહ્યા. સમયની ગતિ વધતી ગઈ, આપણે પાછળ રહી ગયા, રેલગાડીઓ શરૂ થઈ, વિમાનો ઊડવા લાગ્યાં, તોયે આપણે તો ગાડાં અને પગરસ્તે જ ચાલતા રહ્યા. બંધુઓ, આ સમય ઝડપથી વહી જાય છે. સમયની સાથે નહિ રહેવાના આપણા વડીલોના પ્રમાદનું પ્રાયશ્ચિત કરીશું. હરીફાઈવાળી દુનિયામાં આગળ આવવું છે? જવાબ ''હા''માં હોય તો ચેતો ! જાગો !!

કમર કસો !! બીજાઓને વેગથી ધતસાં જોઈને મોં વકાસી ઊભા ન રહો. કામે વળગો, બીજા ભાઈઓને પણ ઢંઢોળીને બેઠા કરો, તો આજે નહિ તો કોઈક દિવસે પણ ઉદ્ધાર થશે અને જવાબ ''ના''માં હોય તો મારે કંઈ જ કહેવું નથી. રામ રામ.''

સ્વજ્ઞાતિસુધાર માટે કેવી ધગશ ભરી છે આ શબ્દોમાં, કેવી જલદ અને સચોટ વિચારસરણી છે? આવા લેખો જ્ઞાતિપત્રો સિવાય જ્ઞાતિના જનસામાન્ય સુધી પહોંચાડવા તે અત્યંત મુશ્કેલ ગણાય. પરંતુ 'ભટ્ટભાસ્કર' તે સરળ કરી બતાવ્યું. પરિણામે જ્ઞાતિમાં જ્ઞાતિ-જાગૃતિ અને સુધારક વિચારસરણી ક્રમશઃ પ્રચલિત બની શકી. શિક્ષિત યુવકો સ્વજ્ઞાતિની અવદશા જોઈ વ્યાકૂળ બની ઊઠ્યા અને તે માટે જવાબદાર કુરિવાજો બનતી ત્વરાએ નાબૂદ કરવા જાણે કે થનગની રહ્યા હતા. વડીલોએ પ્રમાદમાં વેડફી દીધેલ સમયને સત્વરે સદુપયોગમાં લેવાની ઉતાવળ ઉપર્યુક્ત લેખકની કલમમાં સ્પષ્ટપણે વર્તાઈ આવે છે. તેઓ સ્વજ્ઞાતિને આ અવદશામાંથી ઉગરવા સચોટ દિશાસૂચન કરતાં આગળ નોંધે છે કે, ''જો (સારી નોકરીએ) લાગવું હોય, સુખો જીવવું હોય, ભવિષ્યની પ્રજાને સમાજમાં યોગ્ય સ્થાન અપાવવું હોય તો હવે એક પ્રશ્ન એ છે કે આપણે એને માટે શું કરવું? હવે જમાનો એવો નથી રહ્યો કે આપણે ભૂતકાળમાં આવા હતા કને તેવા હતા, એમ બોલ્યાથી આપણો દહાડો વળે. હવે જમાનો એવો આવ્યો છે કે આપણે ભૂતકાળમાં કેવા કેવા હતા તે તરફ લક્ષ્ય રાખી વર્તમાનમાં એવા થવા પ્રયત્ન કરીએ. ભૂતકાળમાં આપણા પૂર્વજ બિરબલ (મૂળ નામ મહેશપ્રસાદ બ્રહ્મભટ્ટ) મહા સમર્થ મોગલ શહેનશાહ અકબરના પ્રધાન હતા, પરંતુ વર્તમાનમાં આપણામાંથી કેટલા રાજકવિ છે? બીરબલ, મહાન સમ્રાટ અકબરના દરબારના અગ્રેસર સુભટ્ટો પૈકીના એક હતા. વર્તમાનમાં આપણામાંથી કેટલા રાજકવિ છે? કેટલા લડાઈને ક્ષેત્રે મોખરે જાય એવા છે? ભૂતકાળમાં રાજાઓ જેવાં દાન નહોતા કરતા એવાં સર્વસ્સનાં દાન આપણા પૂર્વજોએ કરી બતાવ્યાં છે. વર્તમાનમાં આપણી એકલવાયી જ્ઞાતિ-બોર્ડિંગને માટે કમાણીનો સોમો હિસ્સો પણ આપવા આપણમાંથી કેટલા નીકળે છે? ભૂતકાળમાં બીજાઓનાં દુઃખનાં નિવારણ અર્થે બ્રહ્મભટ્ટો (સત્યાગ્રહી) થઈને રાજાની અજ્ઞાની અને (પોતાના) પ્રાણની પણ પરવા નહોતા કરતા, વર્તમાનમાં કોમનાં દુઃખ નિવારણ માટે કેટલા જણ સ્વાર્થ ત્યજવા તૈયાર છે? આ પ્રશ્નો સહુએ પોતપોતાના મનને પૂછી જોવા અને જવાબ શા મળે છે તે વિચારવું... હાથ પણ હલાવ્યા વિના ઉજ્જવળ ભાવિ તરફ દષ્ટિ સ્થાપીને માત્ર એની જ વાતો કરીએ તો સારો દિવસ કદી પણ નઆવે, પરંતુ આપણી ભૂલોને જોઈએ, આપણા દોષો ઢાંકવાને બદલે પ્રગટ થવા દઈએ અને તે નિવારવા પ્રયત્ન કરીએ, ઉન્નતગામી ભાવનાઓ સાથે ઉન્નતિ માટે જોઈતાં સઘળાં કાર્યો કરીએ તો સારો દિવસ જરૂર આવે. આ બધુંયે આપણે કરી શકીએ તેમ છીએ,

પણ ક્યારે? એ બધું કરતાં પહેલાં આપણે આપણા વિચાર અને વર્તનમાં સમયાનુકૂળ સુધારા કરવાની જરૂર છે. અત્યાર સુધી આપણે જ્યાં ત્યાં થાગડ-થીગડની નીતિનું અવલંબન કરતા આવ્યા છીએ. લેખોમાં કે ભાષણોમાં, માસિકોનાં પાનાંમાં કે પરિષદોની વ્યાસપીઠો ઉપરથી અનુક્રમે લખતાં કે બોલતાં આપણે એવી સંભાળ રાખતા આવ્યા છીએ કે રખેને આપણું જરાએ ઘસાતું ન બોલાઈ જાય. એમ કરાય તો મિથ્યા આડંબર છે. માટે તમે જેવા છો તેવા જ દેખાવાનો પ્રયત્ન કરો. આપણી ભૂલ હોય તો તે પહેલાં જોવી અને બીજાને પણ તે જોવા દેવી, તથા તેને સુધારવાના પ્રયત્ન કરવા એ જ ઉન્નતિનો ખરો માર્ગ છે. આપણી ફરજ એ જ છે કે સહુથી પહેલાં આપણે આપણને જ જોતા અને જણતા રાખવા અને અન્ય સમાજ સાથેની સરખામણીમાં આપણે કેટલા પાછળ છીએ... દુઃખી છીએ તે જોઈ આગળ વધવાના તથા દુઃખ ફીટ્યે સુખી થવાના પ્રયત્નો સેવતા રહીએ તે જરૂરી છે.''

સ્વજ્ઞાતિસુધારણાના આવા જલદ વિચારોને ''ભટ્ટભાસ્કરે'' પોતાના પ્રથમ અંકમાં જ સ્થાન આપીને સમાજસુધારણાનો ભાવી અગ્નિપથ જાણે કે જાહેર કરી દીધો હોય એમ જણાય છે. પોતાના ભવ્ય ભૂતકાળની વાતો વાગોળવા કરતાં પોતાના અવગુણો-દોષો પર ઢાંક-પિછોડો કર્યા વગર જ ખેલદિલીપૂર્વક, જે છે તે જો ખોટું હોય તો સુધારીને સારું અને સાચું કરવા શ્રી. સીતારામ શર્માએ જ્ઞાતિજનોને માર્મિક આગ્રહ કર્યો છે. આ જ લેખમાં લેખક આગળ વધતાં જણાવે છે કે :

''ભૂતકાળમાં આપણે (ઘણું) બધું હતા. સમાજમાં આપણો માનમરતબો અને મોભો બધું સચવાયું હતું. આપણે સમાજને દોરતા, રાજાઓને સલાહ આપતા, સાહિત્ય દ્વારા લોકજીવનનાં ઘડતર કરતા, રણાંગણોમાં જઈ દુશ્મનના દિલ ધડકાવવા, દેશ, પરદેશમાં આપણા દેશના એચલી તરીકે કામ કરતા, યુદ્ધના સમયમાં સુલેહ કરાવતા, સુલેહના સમયે જ્ઞાનનો પ્રચાર કરતા. સરસ્વતીની સેવા એ જ આપણા જીવનનું લક્ષ્ય હતું, પરંતુ અત્યારે સમાજમાં આપણી સ્થિતિ શી છે, સમાજમાં આપણો મોભો કેટલો છે, રાજકાજમાં આપણે કેટલો ભાગ લઈએ છીએ? આપણે સરસ્વતીની કેટલી સેવા કરીએ છીએ, હૃદય પર હાથ મૂકીને શુદ્ધ મને તમારા આત્માને, પૂછો... જો પદવીવાળી પરીક્ષાઓથી કિંમત આંકવા જશો તો આપણી કોમમાં કેટલા સિવિલિયનો (સિવિલ એન્જિનિયર્સ) છે, બી.એ., એમ.એ., એલએલ.બી. અથવા વેપાર (કોમર્સ) કે ખેતીવાડીના વિષયમાં કેટલા ગ્રેજ્યુએટો છે, સાહિત્યસેવાથી કસોટી કાઢવા માગતા હો તો કેટલા બ્રહ્મભટ્ટોનાં નામ ગુજરાતના સાહિત્યક્ષેત્રોમાં આગળ આવે છે, સાહિત્ય પરિષદમાં કેટલા બ્રહ્મભટ્ટો રસ લે છે, નવા યુગને અનુસરતું સાહિત્ય કેટલા બ્રહ્મભટ્ટો

ઉત્પન્ન કરે છે, જો પૈસાથી મોટાઈનાં માપ કાઢવા ઈચ્છતા હોય તો કેટલા બ્રહ્મભટ્ટોની પેઢીઓ ચાલે છે, કેટલા લક્ષાધિપતિ છે, કેટલા કારખાનાં ધરાવે છે, જો સરકારી નોકરીને કસોટીનું સાધન ગણતા હો તો દેશી કે બ્રિટિશ રાજ્યમાં આપણા કેટલા ભાઈઓ મોટા હોદ્દાઓ ભોગવે છે? આ બધાના ઉત્તરમાં અપવાદ સિવાય જવાબ શૂન્યમાં જ આવે છે તેથી સમામાં આપણાં માન ધીરે ધીરે ઘટતાં જાય છે, એટલું જ નહીં, પણ જો સમાજમાં આપણું સ્થાન ટકાવી રાખવા માટે હજી પણ પ્રયાસ કરવામાં આવે અને હજી પણ આપણી જ્ઞાતિના નેતા ગણાતા બંધુઓ આંખ નહિ ઉઘાડે તો આપણે હજી પણ અવનતિની ઊંડી ગર્તામાં જઈ નહિ પડીએ એની શી ખાતરી?''[૬]

આમ જ્ઞાતિસુધારણા કાજે મળતી જ્ઞાતિ-સભાઓ તેમજ જ્ઞાતિ-માસિકોના પ્રયાસોને લીધે જ્ઞાતિની તત્કાલીન અવદશામાંથી બહાર નીકળવાનો માર્ગ અથવા સુધારા કરવાના ધગશભર્યા ઉપાયો એમાં સૂચવવામાં આવતા, જેને સમગ્ર સમાજના શિક્ષિત વર્ગે ઉમળકાભેર આવકાર્યા. કેટલાક રૂઢિચુસ્તો અને અજ્ઞાનીઓને બાદ કરતાં જ્ઞાતિનાં પ્રશ્નો, મુશ્કેલીઓ, મૂંઝવણો અને તેના ઉપાયો અંગેના ઉપાયો અંગે આ સામાયિકમાં છૂટથી ચર્ચા કરવામાં આવતી. શ્રી પુરુષોત્તમદાસ માતરવાળા, શ્રી સીતારામ શર્મા તેમજ શ્રી ચુ. બારોટ વગેરે જેવા ગાંધીવાદી અને સુધારક પ્રકૃતિના જ્ઞાતિના અનેક યુવકોએ 'ભટ્ટભાસ્કર' અને 'સુભટ્ટ' જેવાં જ્ઞાતિપત્રો દ્વારા સમાજમાં પ્રવર્તમાન ક્ષતિઓ સામે જાણે કે બંડ પોકાર્યું હતું.

આ પ્રાકૃતિક અવસ્થામાં જ સંભવતઃ જાન્યુઆરી, ફેબ્રુઆરી ૧૯૨૧ના 'ભટ્ટભાસ્કર'માં 'બ્રાહ્મણ વર્ણમાં આપણી જ્ઞાતિની પદવી' નામના લેખમાં અનુવાદક (લેખકનું નામ નથી.) શ્રી ચુ. પુ. બ્રહ્મભટ્ટે ભૂતકાળની ગૌરવગાથાનો હવાલો આપીને જ્ઞાતિબંધુઓને સુધારવા માટે જે મહત્ત્વપૂર્ણ લેખ લખ્યો છે તે સુધારાના ઉષાઃકાળે જ્ઞાતિજનોને દિશાસૂચન કરવામાં મહત્ત્વનો હોવાથી અત્રે રજૂ કરું છું : ''વહાલા બંધુઓ ! આપણી આ ઉત્તમ જ્ઞાતિના પૂર્વજો, જેવા કે મહર્ષિ; વાત્સ્યાયન, સાયણાચાર્ય, માધવાચાર્ય, કુમારિલ ભટ્ટ, કાલિદાસ, વૈતાલ ભટ્ટ, ચંદ બરદાઈ, ફલગણા ભટ્ટ, સાંગાર ભટ્ટ, માધોરાવ, રાજા બિરબલ, રાજા જુગલકિશોર, ભૈરો ભટ્ટ, કેદાર ભટ્ટો, જલ્હણ કવિ કલ્હણ અને સૂર્યમલ્લ, કવિ નરહર, ગંગ, ગિરધર, સૂરદાસ, પદ્માકર આદિ આદિ.

''પ્રાચીન પ્રતિષ્ઠા, તેમની ખ્યાતિ, તેમની યોગ્યતા તથા તેમનાં શરૂવીરતાનાં કાર્યો આજ સુધી લટકતી તલવારની પેઠે, બલ્કે દટાયેલા હીરાની પેઠે અજ્ઞાન તથા અંધકારના કૂપમાંના કીચડમાં પડ્યાં રહ્યાં છે અને કેટલાક સૈકાઓથી આપણી પોતાની અયોગ્યતા તથા વિદ્યાએ કરી ભટ્ટ જેવા ઉત્તમ આદરણીય પદવીની ચમક ચમકતી રહી છે. તેમનાં જીવનચરિત્રોના પાઠ આની નિઃશંક પ્રતીતિ કરાવે છે કે આપણા પૂર્વજોમાં શારીરિક,

આત્મિક તથા આધ્યાત્મિક બળ કેટલું હતું કે જે કાર્યનો એમણે એક વાર પ્રારંભ કર્યો તે કાર્ય પૂર્ણ કરવામાં તેમનું પોતાનું જીવન પણ અર્પણ કરવું પડે તો પ્રાણની પરવા નહિ કરતાં એ કામ કદી અધૂરું રહેવા દીધું નથી ને જ્યાં જ્યાં એક વાર નજર નાખી ત્યાં ત્યાં કઠિનમાં કઠિન માર્ગો પર ચાલી ઈપ્સિત (ઇચ્છા મુજબનું) સ્થાન પ્રાપ્ત કર્યું છે. સંસ્કૃતના વિદ્વાનોમાં કુમારિલ ભટ્ટનું નામ આત્મસમર્પણ માટે જીવતું જાગતું ઉદાહરણ છે. ગ્રંથોની વ્યાખ્યાનો આરંભ કર્યો તો શ્રોતાઓનો વિશ્વાસ દૃઢ કરાવીને જ છોડ્યા. શાસ્ત્રાર્થોમાં ભાગ લીધો તો એવાં અકાટ્ય કારણો અને હેતુઓ બતાવ્યાં કે કોઈ ઊભું ના રહી શક્યું અને શતાબ્દીઓથી પ્રચલિત થયેલા મતોને એવા નસાડ્યા કે પાછું વળી જોવાનું પણ સાહસ ન કરી શક્યા. ઈશ્વરભક્તિમાં એવા મગ્ન થયા અને એવું પ્રેમગાન ચલાવ્યું કે ભક્તિરૂપી સમુદ્રમાં લહરીઓની પરંપરા ચાલી. જો આયુર્વેદિક વિદ્યા તરફ ધ્યાન ફેરવ્યું તો ત્યાં પણ વિજયના વાવટા ઉરાડ્યા... જો ઈતિહાસવિદ્યા તરફ રુચિવાળી તો એમાં પણ એટલી ક્ષમતા બતાવી કે એના અન્વેષણકર્તા કહેવાયા. કર્નલ ટોડ પણ લખે છે કે ‘હિંદમાં એક નવી જાતિ હતી કે... જેનું કાર્ય રાજકીય વૃતાન્ત... લખવાનું હતું. અને એ સમયમાં જે જે વૃતાન્ત યોગ્ય તથા અદ્વિતીય વિદ્વાન હતા, કિંતુ આપણે માટે શું આ લજ્જાસ્પદ નથી કે હવે આપણે કેવળ એમનાં નામ પોકારીને જ પ્રસન્ન રહીએ અને સ્વયં એટલો પણ પ્રયત્ન ન કરીએ કે એમની બરોબરી કરવાનું તો દૂર રહ્યું, પણ એમના શતાંશ પણ બની કેંક કરી બતાવીએ અને બાપનું નામ ગુમાવવા બેઠેલા છોકરા જેવું કાળું મોઢું રાખતાં બચીએ? ખરું પૂછો તો આ જ આપણા અનાદર તથા આપણી પડતીનું કારણ છે. અંગ્રેજી સરકારનાં દોઢસો વર્ષના અમલ પછી હમણાં હમણાં અનેક પ્રકારની વિદ્યાઓ જ્ઞાત કરીને આપણા વિદ્વાન જ્ઞાતિબંધુઓ હવે એ ચિંતામાં છે કે અમારે પણ પોતાની જ્ઞાતિની ઉન્નતિ તથા ભલાઈ માટે પ્રયત્ન કરવો જોઈએ.’’[૭]

ઉપર્યુક્ત લેખમાં લેખકે સહજ રીતે જ જ્ઞાતિબંધુઓને ભૂતકાળની ગૌરવપૂર્ણ વાતોથી પોરસાવા કરતાં જાતે હવે એવા બની જ્ઞાતિમાં પ્રવર્તમાન બદીઓ નષ્ટ કરવા સરસ ઉપાયો કે કર્તવ્યો સૂચવ્યાં છે. આ જ રીતે ‘‘સેવક’’ ઉપનામધારી એક લેખકે જ્ઞાતિમાં જાતે જ બની બેઠેલા શેઠો અને આગેવાનોને વિનંતીના સ્વરૂપે ચીમકી આપતાં લખ્યું છે કે :

**‘‘જ્ઞાતિ-શેઠોને વિનંતી’’**

અરે ઓ ન્યાયતના શેઠો ! વિચારો કંઈક લાવોને,
ડૂબેલી ન્યાતને ટેકો દઈ સત્ત્વર બચાવોને.
નથી રહી વિદ્વત્તા કંઈ ને અજ્ઞાન ચોમેર છવાયું છે.
પરાક્રમ તે તમારાં છે કંઈ તમ લક્ષ લાવ્યું છે?

સત્તાનો મદ ધરી મનમાં, સદા તેને જ ચાહો છો,
પરંતુ જ્ઞાતિ બગડે તે, જરા નહિ મનમાં લાવો છો.
કરી ઉપકૃત જ્ઞાતિને, અજ્ઞાનતા મૂળથી કાપો,
મનસ્વી ભોગવી સત્તા, તેને તિલાંજલિ આપો.''

અત્રે આ કાવ્યની માત્ર કેટલી પંક્તિઓ જ આપી છે, પરંતુ તેમાં પણ કવિની સ્વજ્ઞાતિના ઉદ્ધાર માટે જ્ઞાતિના બની બેઠેલા દંભી શેઠોને જે વ્યથાપૂર્ણ રીતે વિનંતી કરેલ છે તે બતાવી આપે છે કે આ સમયે જાણે કે વર્ષોથી અજ્ઞાન અને દૂષણોથી દટાયેલ જ્ઞાતિનો ઉદ્ધાર કરવા એક નવી જ હવા ચાલી હતી. ખાસ કરીને શિક્ષિત યુવકોને કાવ્ય, વાર્તા-કથા-નાટક કે લેખના સ્વરૂપમાં સ્વજ્ઞાતિના પુનરુત્થાન માટે જાણે કે હવે કમર કસી હતી.

આવી જ જોષભરી કલમથી રા. છોટાલાલ મોરલીધર બ્રહ્મભટ્ટ (બી.એ.) આ જ અંકમાં 'આપણી ઉન્નતિ આપણા પોતાના હાથમાં રહેલી છે.' નામના લેખમાં પોતાની અંતવ્યર્થતા વ્યક્ત કરતાં નોંધે છે કે ''એક સમય એવો હતો કે જ્યારે બ્રહ્મભટ્ટ કોમ ઉન્નતિના શિખરે પહોંચી હતી, તેની સમૃદ્ધિ અને કીર્તિનાં સુવર્ણમય કિરણો ચોતરફ પ્રકાશતાં હતાં...'' જ્યારે આજે જ્ઞાતિમાં વિદ્વત્તાનું પ્રમાણ ઘણું ઓછું છે, કેળવાયેલ વર્ગ બહુ જૂજ છે, સ્ત્રીઓ કેવળ અભણ છે. હાલની સ્થિતિમાં ઉન્નતિ અર્થે કેળવણીના બહોળા પ્રચારની જરૂર છે. તે વગર જ્ઞાતિમાંથી અજ્ઞાનરૂપી ઘનઘોર અંધકાર ટળે તેમ નથી. આપણું ભવિષ્ય આપણા જ હાથમાં છે. આજ દિન સુધી આપણા જીવનનો ઝરો મરુભૂમિ તરફ વળેલો હતો તેને હવે કોઈ ફળદ્રુપ પ્રદેશ તરફ વાળવાની જરૂર છે.'' એમ લખીને લેખકે ''મોઢ માર્તંડ'' નામના જ્ઞાતિપત્રના તંત્રી પ્રભાશંકર જયશંકર પાઠકના લેખ 'જ્ઞાતિનું નખ્ખોદ કોણ વાળે છે?'નો હવાલો આપ્યો છે, જે તમામ જ્ઞાતિઓની અવદશા અને તેમાંથી બહાર નીકળવાનો માર્ગ સૂચવતો હોવાથી અત્રે ટાંકીને ''જ્ઞાતિનું નખ્ખોદ કોણ વાળે છે?'' જવાબમાં લેખક જણાવે છે કે :

(૧) કેવળ શોભાના પૂતળા જેવા નામધારી પટેલો.

(૨) રાક્ષસી મહત્ત્વાકાંક્ષાને લીધે અન્યનો ઉત્કર્ષ નહિ કરનાર તેજોદ્વેષીઓ.

(૩) બંને બાજુ ઢોલકી વગાડનાર ખુશામતખોરો.

(૪) હિત-અહિત સમજ્યા વિના જ માત્ર પોતાનો કક્કો ઘૂંટાવવા ધમપછાડા કરનાર ધોકાપંથીઓ.

(૫) મોઢે મીઠું બોલી પાછળથી મૂષકવિદ્યા કરનાર હિતશત્રુઓ.

(૬) ઊછરતા ઉત્સાહી યુવકવર્ગને દબાવી દેવા ઇચ્છતા બુદ્ધિના ઇજારદારો.

(૭) નિંદા કરવાના જ જાતિ-સ્વભાવવાળા અક્કલશૂન્ય ટીકાખોરો.

(૮) પોતે કેવું ચક્કર ચલાવી જાણે છે એમ દેખાડવા મથતા વિઘ્નસંતોષીઓ.

(૯) ફક્ત પક્ષાપક્ષીને વળગી રહી સૃષ્ટિના હિતમાં આડે આવતા પક્ષકારો.

(૧૦) પરિણામની વાટ જોયા પછી જ એક બાજુમાં ભળતા ડહાપણના ડોળઘાલુ તટસ્થો.

''સમાજમાં આવી (ઉપર્યુક્ત) વ્યક્તિઓનું સદંતર અનસ્તિત્વ તો અસંભવિત જ છે ત્યારે શું કરવું? એ લાંબા પહોળા સ્તંભોને જ્યાંના ત્યાં જ ઊભા રહેવા દઈ પોતાનો સીધો પ્રયાણમાર્ગ શોધી લેવાના સુધારાની શરૂઆત પોતાને ઘેરથી જ કરવી. દલીલો કરવા કરતાં કામ કરીને દાખલો બેસાડવો ઉત્તમ છે, માટે કાલનું કામ આજે કરો. શુભસ્ય શીઘ્રમ્...''[૯]

ઉપર્યુક્ત તમામ સુધારકોનાં લખાણો તે સમયના સમાજમાં અત્યંત ઉપયોગી હતાં. આ લખાણોને આપણે વર્તમાન વાણી-સ્વાતંત્ર્ય અને સુધારાના યુગની નજરથી મૂલવવા જઈએ તે યોગ્ય નથી. આ લખાણો આજથી ખાસ્સાં સિત્તેર વર્ષ પહેલાંના છે. એ સમયે સમગ્ર દેશ અજ્ઞાન, પરાધીનતા અને ગરીબાઈ જેવાં દૂષણોના વિષચક્રમાં ફસાયેલો હતો. એટલું ઓછું હોય તેમ અનેક પ્રકારના કુરિવાજો, જૂથબંધીઓ કે ગોળવાડા વગેરેથી જાણે કે મોટા ભાગનો ભારતીય સમાજ જકડાયેલો હતો ત્યારે બ્રહ્મભટ્ટ સમાજમાં રહેલો દોષો કબૂલવા કે તેમાં સુધારા સૂચવવા, જ્ઞાતિના આગેવાનો, પટેલોની આકરી ટીકા કરવી. વગેરે હિંમત માગી લે તેવું કામ હતું. આવા નવયુવક લેખકોને ''ભટ્ટભાસ્કર'' જેવાં જ્ઞાતિમાસિકોએ આવકાર્યા. તેમની તેજીલી કલમને પોતાનાં પાનાં પર સ્થાન આપીને સમગ્ર જ્ઞાતિમાં નવચેતનાનો શંખ ફૂંકવાની પ્રવૃત્તિ પણ આવા પત્રોએ ઉપાડી લીધી. સમાજમાં સારા વિચારકો-લેખકોને પ્રોત્સાહન મળી રહે તે આશયથી 'ઇનામી લેખોની હરીફાઈ' શરૂ કરી સાંપ્રત સમાજને સ્પર્શતા લેખો મગાવવામાં આવવા લાગ્યા. પરિણામે યુવાવર્ગને જાણે કે સુધારણા-ચળવળની ચાનક ચડી ને નવા નવા સુધારા અને જ્ઞાતિની ઉન્નતિના ઉપાયો સૂચવા લેખો આ જ્ઞાતિપત્રોને મળવા લાગ્યા. તે પૈકીનો એક લેખ શંકરલાલ દામોદરદાસ બ્રહ્મભટ્ટ અડાસવાળાનો 'ભટ્ટભાસ્કર'માંથી અહીં ઉદાહરણ માટે રજૂ કરીએ.

''સમાજમાંથી અજ્ઞાન અને દુર્વ્યસનો દૂર કરવાનો સઘળો ભાર યુવકમંડળ ઉપર જ મૂકી શકાય. જો યુવકો પોતાના જ ગામ અગર ગોળ કે મંડળની અંદરના બાળકોની

કેળવણી પર દેખરેખ રાખે તો જ કેળવણીનો સારો પ્રચાર થઈ શકે. તે બાબતે યુવક મંડળે ચાંપતા ઇલાજ લેવાની ખાસ જરૂર છે, કારણ કે આમાં મોટેરા કંઈ પણ કરી શકવા અસમર્થ છે. જો મોટેરા કરી શકે તેમ જ હોય તો આ અંધારાં ઉલેચવાનો વખત જ ન આવત, એટલે પહેલ યુવકોમાંથી જ થવી જોઈએ. સૌપ્રથમ તેમણે જ્ઞાતિનાં બાળકોને પોતાના ભાઈ-ભાંડુ સમાન ગણીને તેમનાં માબાપ કે વાલી કરતાં પણ વધારે કાળજી રાખી તેમની કેળવણીમાં નડતાં વિઘ્નો નષ્ટ કરી તેમને કેળવણીમાં વધારે કાળજી રાખી તેમની કેળવણીમાં નડતાં વિઘ્નો નષ્ટ કરી તેમને કેળવણીમાં વિશેષ રસ લેતાં કરવાં. તેઓ દુર્વ્યસન ન કરે, અવળે રસ્તે ન ચઢે, તે બાબત પૂરતી સંભાળ રાખવી અને તેનાં વાલી કે મા-બાપની બેદરકારી દૂર કરવી. આ કામ જ્ઞાતિસુધાર કરવા મથતા યુવકમંડળના સભ્યોનું છે. દરેક યુવક તેમ કરવા મથશે તો જરૂર થોડાં જ વર્ષોમાં આખો સમાજ સુધરી શકશે.''[૧૦]

આવાં અનેક સમાજસુધારકોએ સ્વજ્ઞાતિસુધારાના પુણ્ય યજ્ઞમાં સમૃદ્ધિ એકત્ર કરવાની સઘળી જવાબદારી યુવકોને ખભે જ લાદી છે. યુવાશક્તિ એ પ્રત્યેક સમાજ કે દેશની સાચી શક્તિ હોવાથી યુવકો ધારે તે કરી શકે તેમ હોઈ એમનું કથન ખોટું પણ નથી. એમણે સૂચવેલા માર્ગો સ્વજ્ઞાતિસુધારના સચોટ માર્ગો હોવાથી દુષ્કર જરૂર છે, પણ અશક્ય નથી. માટે જ સ્વામી વિવેકાનંદ અને મહાત્મા ગાંધીજીએ પણ યુવકવર્ગને જ સમાજસુધારણા અને સ્વાધીનતાપ્રાપ્તિના મુખ્ય ચાલક બળ તરીકે વર્ણવ્યો છે. તે જ રીતે 'સત્યપ્રકાશે', 'નવજુવાનોને' નામના લેખમાં છે કે :

''જ્યારે હિંદમાંની પ્રત્યેક જ્ઞાતિ પોતાની જ્ઞાતિમાં સુધારા કરી પોતાના ભાવીના જ્ઞાતિબંધુઓને કેળવણી પામેલા અને સુસંસ્કૃત બનાવવા ભગીરથ પ્રયત્નો કરી રહી છે ત્યારે આપણા બ્રહ્મભટ્ટ યુવકો બેસી રહે તે ઇચ્છવા યોગ્ય નથી... બીજી જ્ઞાતિના કરતાં આપણા યુવકોએ ઘણું (વિશેષ) કરવાનું છે. ગુજરાતમાં આપણી વસ્તી લગભગ ૧૬,૦૦૦ ઘરની છે. તેમાં કેળવણીની સરાસરી કાઢીએ તો ભાગ્યે જ ૧૦% નીકળે. કોઈ પણ બાબતે જ્ઞાતિ જ્યારે પછાત હોય ત્યારે યુવકોએ જ વિચારવું રહ્યું, જો યુવકો ધારે તો શું ન કરી શકે? યુવકોએ સ્વજ્ઞાતિમાં થતા અનર્થો બંધ કરવા પ્રયત્નો કરવા જોઈએ. વરવિક્રય, કન્યાવિક્રય, બાળલગ્ન, વૃદ્ધલગ્ન વગેરે બંધ થાય તેવી હિલચાલ કરવી જોઈએ અને સાથે સાથે કેળવણીના પ્રચાર માટે ઘટતા ઇલાજો પણ કરવા જોઈએ. પ્રત્યેક ગામના યુવકો યુવકમંડળો સ્થાપે અને તેની મારફતે કેળવણીપ્રચારતા કાર્યને વેગ આપે. આ પ્રમાણે જ્ઞાતિ પ્રત્યેનું કર્તવ્ય યુવકોએ ઉત્સાહપૂર્વક ઉપાડી લેવું જોઈએ.''[૧૧]

યુવા-જાગૃતિ અને તે દ્વારા સ્વજ્ઞાતિસુધારની પ્રવૃત્તિ હાથ ધરવા માગતા ''શ્રીનાથ'' નામના બીજા એક બ્રહ્મભટ્ટ લેખકે 'અવનતિમાં સડતો આપણો સમાજ''માં

"યુવકો ! પ્રગતિ તેની જ ઉન્નતિ. વિચાર કરી જુઓ કે બીજી જ્ઞાતિઓ જ્યારે પ્રગતિરૂપી એરોપ્લેનમાં પોતાની સફર કરી રહી છે જ્યારે તમારી પોતાની જ્ઞાતિ પ્રગતિ માટે જમીન પર ઢીંચણઘસેડા કરતી માલૂમ પડશે. આ આપણા માટે કેટલું બધું શરમભર્યું છે? આજથી પ્રતિજ્ઞા કરો કે મારે મારી જ્ઞાતિને સુધારવા, ઉન્નતિને માર્ગે ચડાવવા મારાથી બનતો ફાળો આપવો જ છે..."[૧૨]

આથી પણ આગળ વધીને શ્રી ચંદુલાલ રાણા નામના બ્રહ્મભટ્ટ લેખકે રીતસર આહ્વાન કરતાં બ્રહ્મભટ્ટ યુવકોને સંબોધીને લખ્યું છે કે"અય બિરાદર ! હવે હદ થઈ ! જાગ, ઊઠ ! કોની વાટ જુએ છે?... એ બ્રહ્મભટ્ટ જુવાન ! તું વિશ્વબંધુત્વના પાઠ વેદિયા ઢોર પેઠે ગણગણે છે, પણ તું કઈ ડાળ પર ઊભો છે તેનું ભાન લાવ. તારે વળી એકડા શા ને ગોળ શા ! વાડા શા ને ઉકરડા શા ! ફગાવી દે એ તારાં જૂનાં બંધનો... જલાવી દે તમારા કાળા કાયદાને તેમાંથી ઊભી કર કીર્તિરૂપ ગગનચુંબી મહેલ"[૧૩]

આવાં જલદ, આવાં દાહક અને આવાં પ્રેરક લખાણો વાંચીને તેમજ આવા વક્તવ્યો સાંભળીને જ સ્વજ્ઞાતિ સુધારવાના અભિયાનમાં બ્રહ્મભટ્ટ યુવકો જોડાવા લાગ્યા. એમણે સમાજમાં ઘર કરી ગયેલ જૂની બદીઓને દૂર કરવા જે પ્રયત્નો કર્યા તેને પરિણામે સમાજમાં ઘર કરી ગયેલ બાળલગ્નો, વૃદ્ધલગ્નો, કજોડાં, દ્વિલગ્નો, વિધવા-પ્રથા, કન્યા વિક્રય, વરવિક્રય તેમજ મૃત્યુ પાછળ થતા રોવા-કૂટવાના તથા પ્રેતભોજનના દંભી વિવાહ વગેરે ક્ષેત્રે સુધારા કરવા માટે કેવા પ્રયત્નો થયા તે એક પછી એક વિગતે જોઈએ. જોકે બાળલગ્ન વગેરે દૂષણો એકબીજાથી એટલાં જોડાયેલાં છે કે તેના ભાગલા પાડવા તે સાવ કૃત્રિમ પ્રક્રિયા લાગે છે અને પ્રયત્ન કરવા છતાં એકબીજામાં સ્થિતિ તેમજ જે ક્ષેત્રે ક્રમશઃ સુધારા કેવી રીતે થયા તે નીચે પ્રમાણે નોંધવા પ્રયત્ન કરું છું.

**: બાળલગ્ન :**

લગભગ તમામ જ્ઞાતિઓમાં પ્રચલિત એવો આ કુરિવાજ બ્રહ્મભટ્ટ જ્ઞાતિમાં પણ સારા પ્રમાણમાં પ્રચલિત હતો. આ ક્ષેત્રે કરવા જ્ઞાતિસુધારકોને કેવા પ્રયત્નો કરવા પડ્યા તે હવે વિગતવાર જોઈએ.

એક બાજુ જ્યારે વિદૂષી અને વિદેશી એવાં શ્રીમતી ડૉ. એની બિસેન્ટ પ્રાચીન આર્યલગ્નપ્રથા-ભાવનામાં ભરપેટ વખાણ કરતાં નોંધે છે કે,

"તમે ભારતનાં પ્રાચીન આર્યોનાં લખાયેલાં પુસ્તકો સિવાય, અખિલ ભારતમાંથી કે વિશ્વના કોઈ પણ ધર્મમાંથી વધુ ઉમદા, વધુ રમણીય અને વધુ પરિપૂર્ણ લગ્નનો આદર્શ મેળવી શકશો નહિ."[૧૪]

તો બીજી બાજુ આવી ઉદ્દાત ભાવનાને વિસારી દઈને વિશ્વની સુંદર લગ્નભાવનાને કલુષિત કરી મૂકનાર વર્તમાન કુપ્રથા-બાળલગ્નની કડવી હકીકતને આપણે જાણતા હોવા છતાં અજાણ થઈ વીસરી જઈએ તો, તે કરતાં તેને જાહેર કરી આગળ વધતી અટકાવવા મથીએ તો સારું, એવી સમજ સમગ્ર સમાજમાં અને બ્રહ્મભટ્ટ જ્ઞાતિમાં પણ વ્યાપક બનવા લાગી હતી. સુધારણાના એ સુપ્રભાતે પ્રખ્યાત સમાજસુધારક હરગોવિંદદાસ કાંટાવાળાએ બાળલગ્ન અંગે ચોથી ખડાયતા પરિષદ(ભરૂચ તા.૪-૫-૧૯૨૨ના) પ્રમુખસ્થાનેથી જણાવ્યું કે, ''બાળલગ્ન સર્વે કોમમાં થતાં જોવામાં આવે છે. ઘણાક સમજે છે કે શાસ્ત્ર પ્રમાણે કન્યાકાળ વીતી જતાં પૂર્વે તેને પરણાવી દેવી જોઈએ. પુરાણીઓ-શાસ્ત્રીઓ અંગિરાનો શ્લોક ભણી દસ વર્ષની અંદર જ કન્યાનું લગ્ન કરવું જોઈએ એમ સમજાવે છે કે આઠ વર્ષની પુત્રી ગૌરી, નવમે રોહિણી અને દશમે રજસ્વલા થાય છ, તેથી તેને પરણાવી દેવી જોઈએ.'' આ શ્લોક ''સુભટ્ટ'' ઓક્ટોબર ૧૯૨૪, પૃ.૧૦૬માં આ મુજબ આપેલ છે.

**अष्टवर्षा भवेः गौरी, नववर्षा च रोहिणी ।**
**दशवर्षा भवेत् कन्या, ततोऽग्रे च रजस्वला ।।**

આગળ વધતાં શ્રી કાંટાવાળા જણાવે છે કે, ''આ શ્લોક નાની અને પાછળથી થયેલ સંવર્ત-સ્મૃતિઓમાં ઘુસાડી દીધેલ છે – ''આયુર્વેદ'', ''વેદસૂત્રો'', ''મહાભારત'' અને અન્ય ગ્રંથો તો કન્યાને મોટી વયે જ પરણાવવાનું કહે છે.'' માનવધર્મશાસ્ત્ર કહે છે કે ''કુંવારી કન્યાએ ઋતુ આવ્યા છતાં-ત્રણ વર્ષ માટે વાટ જોવી અને પછી યોગ્ય પતિ મેળવવો. ઋતુમતી કન્યા જીવતાં સુધી ભલે કુંવારી રહે, પરંતુ ગુણ વગરના (પુરુષ) સાથે કદી પરણાવી દેવી નહિ.'' યાજ્ઞવલ્ક્ય – ''અખંડ બ્રહ્મચર્યવાળી, (પુરુષ સંભોગથી દુષિત ન થયેલ) કન્યા પરણવી.'' એમ કહે છે, જ્યારે વાગ્ભટ કહે છે કે પચીસ વર્ષના પુરુષે સોળ વર્ષની કન્યાથી પ્રજા ઉત્પન્ન કરવી. આ સિવાય ઘણા પુરાવા બાળલગ્નની વિરુદ્ધમાં મળી આવે છે. વળી લગ્ન વખતે વરકન્યાને જે પ્રતિજ્ઞાઓ લેવાની હોય છે તે અણસમજુ છોકરાં કેવી રીતે લઈ શકે અને એનો અર્થ તો જાણી જ કેમ શકે ?''[૧૫]

આ વક્તવ્યના સંદર્ભમાં શ્રી બાપાલાલ ગો. બ્રહ્મભટ્ટનું એક દષ્ટાંત જોઈએ : ''એક ભાઈને ત્યાં બાળલગ્ન થયું હતું. વરને તેના મામાએ અને કન્યાને તેની માતાએ (ઊંચકીને) ઊંઘતા પરણાવ્યાં. એક દિવસ બંને અણસમજુ દંપતી રમતાં હતાં (ત્યારે) બાળપત્નીએ તેના પતિનું રમકડું ઝૂંટવી લીધું, (તેથી) પેલા ભાઈએ તેની પત્નીને બેચાર ધોલ લગાવી દીધા. છોકરી રડતી રડતી તેની સાસુ પાસે ગઈ અને કહ્યું કે, ''બા, બા મને ભાઈએ માર્યું.'' આ સાંભળી સાસુ શરમિંદા પડી બોલ્યાં : ''ગાંડી, એવું ન બોલીએ... એ તો

તારો પરણેતર થાય.'' કહો આ તે લગ્ન કે મશ્કરી. આવાં લગ્નો અટકાવવાં જોઈએ, નહીંતર જુવાનવર્ગ જાગ્યો છે તે વડીલ વર્ગ સામે બંડ ઉઠાવશે.''[૧૬]

આવાં ફારસ ભજવાય નહીં પણ જિવાય તે આપણા સમાજની કરુણાન્તિકા નહીં તો બીજું શું? આવાં લગ્નો એકાદ બે નહી, પણ સારી એવી સંખ્યામાં થતાં હતાં. ચોથી ખડાયતા પરિષદના પ્રમુખસ્થાનેથી પોતાના વક્તવ્યમાં પ્રખર સમાજસુધારક શ્રી હરગોવિંદદાસ કાંટાવાળાએ સમાજમાં થતાં આવાં બાળલગ્નોની-કેટલીક આંકડા સાથેની હકીકતો રજૂ કરી છે તે હેરત પમાડે તેવી હોવાથી અત્રે નોંધવી જરૂરી છે :

''બાળલગ્ન નિષેધનો કાયદો થવા છતાં સન ૧૯૧૧ની ખાતેસુમારી (વસ્તીગણતરી) પ્રમાણે વડોદરા રાજ્યમાં પાંચ વર્ષની અંદરના હજારે ૧૫ છોકરા અને ૯૬ છોકરીઓના લગ્ન થયેલાં હતાં. પાંચમથી દસ વર્ષ સુધીમાં ૧૨૬ છોકરા અને ૫૭૦ છોકરીઓ પરણી હતી. એટલે એકંદરી (સરેરાશ) લેતાં ૧૫ વર્ષની ઉંમર પહેલાં દર હજારે ૪૩૭ છોકરાઓનાં અને ૮૭૬ છોકરીઓનાં લગ્ન થયાં હતાં. આખો હિંદુસ્તાન લઈએ તો એક જ વર્ષમાં થયેલી વસ્તીગણતરી પ્રમાણે હિંદુઓમાં પાંચ વર્ષની ઉંમર દરમિયાન દર હજારે ૧૦ છોકરા અને ૧૮ છોકરીઓ, પાંચથી દસ વર્ષ સુધી ૪૮ છોકરા ને ૧૩૨ છોકરીએ અને દશથી પંદર વર્ષ સુધીમાં ૧૫૯ છોકરા અને ૪૮૮ છોકરીઓ પરણી હતી, એટલે એકંદર ૧૫ વર્ષની અંદર ૨૧૭ વર અને ૭૨૮ કન્યાનાં લગ્ન થઈ ચૂક્યાં હતાં.''

આવાં લગ્નોથી થતા નુકસાનનો ખ્યાલ આપતાં તેમણે આગળ જણાવ્યું છે કે ''ઢીંગલા-ઢીંગલીનાં લગ્ન થાય અને કાચી વયે તેઓ સંબંધમાં આવે તેથી ઘણાં જ માઠાં પરિણામ નીપજે છે. નાનપણમાં મરણનું પ્રમાણ વધુ હોય છે તેથી બાળવિધવા થવાના પ્રસંગ વધુ આવે છે. કાચી વયે થયેલી સંતતિ નિર્માલ્ય જ હોય અને તેથી સ્ત્રીઓ તરુણાવસ્થામાં મરણને શરણ થાય છે કે હમેશ માંદગી ભોગવે છે. સંસારની જંજાળમાં ભેરવાતાં તેઓનું ભણવા તરફનું લક્ષ્ય ખસી જાય છે. અધૂરા અભ્યાસને લીધે સારી નોકરી કે મોટો ધંધો કરવા નલાયક બને છે... પહેલાં, લગ્ન થયા પછી પાંચ સાત કે નવ વર્ષ સુધી કન્યાને સાસરે વળાવવામાં આવતી નહિ તેથી બાળલગ્નની શારીરિક પીડા ઓછી નડતી. હાલ તો લગ્ન પછી એક કે ત્રણ વર્ષે કન્યાને સાસરે ધકેલી લેવામાં આવે છે. પહેલી સુવાવડ પિયરમાં થયા પછી જિયાણું વળાવવાની તૈયારી કરવાન બહાને તેને એક બે વર્ષ સાસરે મોકલવામાં આવતી નહિ. હાલ તો બે ચાર મહિના વીત્યા કે તેને સાસરે જવું પડે છે અને ટૂંકે ગાળે છોકરાં પેટ પડવાથી તેનું શરીર ધોવાઈ જાય છે.'' આગળ વધતાં તેઓ ઉમેરે છે કે :

"લગ્નને બદલે બચપણમાં વિવાહ કરવાની રીત સર્વત્ર છે અને ઘણીખરી નાતોમાં તે ઠીક થઈ શકતાં નથી. લગ્નની પૂર્વે વરકન્યામાંથી એક બહેરુ બોબડું નીકળે, લૂલું-લંગડું થાય, બળિયા વગેરેના ઉપદ્રવ કદરૂપું બને, કિંવા બોથડ નીવડે તોપણ તેની સાથે લગ્ન કરવું જ પહે. તે અયોગ્ય છે. જેનાં છોકરાં ઘોડિયામાં જ ઝડપાય કે સ્ત્રી મરી ગયા પછી જેનો વિવાહ મૃતપત્નિને અગ્નિદાહ દેતાં દેતાં સ્મશાનમાં થાય તે (જ) કુળવાન ગણાય એવી માન્યતા જ્યાં હોય ત્યાં સુધારાની આશા શી રીતે રખાય?"[૧૭]

આવા શબ્દો, આવા વિચારો વીસમી સદીના પ્રારંભે કે જ્યારે સમગ્ર સમાજ વિવિધ કુરિવાજોના સકંજામાં ફસાયેલો હતો ત્યારે શ્રી. કાંટાવાળા તથા "પાટીદાર" જ્ઞાતિમાસિકના સંચાલક ઢસા દરબારશ્રી ગોપાળદાસ દેસાઈ જેવા કેટલાક સમાજસેવકાએ સમાજમાં વહેતા કર્યા હતા. બ્રહ્મભટ્ટ સમાજમાં પણ શ્રી. પુરુષોત્તમદાસ માતરવાળા, શ્રી ચુ. પુ. બ્રહ્મભટ્ટ બારોટ અને શ્રી સીતારામ શર્મા જેવા સ્વજ્ઞાતિ સુધાર માટે ઝઝૂમતા જ્ઞાતિસેવકોએ પણ ઉક્તવિચારો આત્મસાત્ કરી લીધા હતા. જ્યારે આ વિચારે જ્ઞાતિના બીજા શિક્ષિત યુવકોએ પણ સમગ્ર સમાજમાં ફરતા કરવા પોતાની કલમ ઉપાડી હતી. આવા એક જાણીતા કલમબાજ કરણસિંહ નારસિંહ કવિએ આ સંદર્ભે નોંધ્યું છે કે, "બાળલગ્નનો રિવાજ આપણી જ્ઞાતિમાં એટલો બધો તો પ્રચલિત છે કે જેનો જડમૂળથી નાશ કરવો એ આભ સાથે બાથ ભીડવા જેવું લાગે, પરંતુ "હિંમતે મર્દાં તો મદદે ખુદા" એ સૂત્ર પ્રમાણે દરેક જ્ઞાતિબંધુએ આ અયોગ્ય રિવાજને દૂર કરવા યથાશક્તિ ફાળો આપવાની જરૂર છે. ઘણા એમ માને છે કે કુળવાનનો છોકરો તો પારણામાંથી જ ઝડપાય (પરણી જાય), કુળવાનને ઘેર છોકરાઓ પ્રસવ થયો કે તરત જ તેનો વિવાહ થવો જોઈએ એવી માન્યતા આપણામાં ઘૂસી ગયેલી છે અને બને છે પણ એમ જ. અરે સ્ત્રી સગર્ભા હોય ત્યારથી જ બંને (પક્ષ) નક્કી કરી મૂકે છે કે એકને છોકરો અને બીજાને છોકરી અવરે તો તે બંનેનો વિવાહ કરવો અને આઠ નવ વર્ષમાં તો ઢીંગલા-ઢીંગલીને પરણાવી પણ દે છે... એમના ભવિષ્યનો માબાપ લેશમાત્ર પણ વિચાર કરતાં નથી. ખૂબીની વાત એ છે કે છોકરો નવ દશ વર્ષનો થાય અને તેનાં લગ્ન અથવા હિતાવહ પણ ન થાય તો જ્ઞાતિજનો તેનાં માબાપની નિંદા કરે છે અને સગાં વહાલા આવીને ઠપકો પણ આપે છે, એટલે બિચારાં માબાપને ગમે તે પ્રકારે છોકરા યા છોકરીનાં લગ્ન કરવા પડે છે."[૧૮]

તત્કાલીન સમાજમાં બાળલગ્નનો કેવો પ્રચાર હતો એનો આ લેખકનાં લખાણ પરથી ખ્યાલ આવે છે. બચપણથી જ દીકરા-દીકરીને સારા (કહેવાતા) ઘરમાં પરણાવી દેવાની રીતસર હોડ જ બકવામા આવતી. દરેક ગામમાં, દરેક જ્ઞાતિમાં બેચાર એવા ચૌદશિયા-પંચાતિયા આગેવાનો રહેતા કે જે આ વાતની ખાસ તજવીજ રાખતા, પણ

એમ કરવા જતાં એ કેટલું મોટું નુકસાન કરી ભાવી પેઢીને તબાહ કરતા હતા તે વાતનો તેમને કાં તો ખ્યાલ જ નહતો અથવા પરવા ન હતી. આ જ લેખમાં લેખક શ્રી કરણસિંહ કવિ આગળ આ બાબતે સ્પષ્ટ જણાવે છે કે

''પુત્રને કે પુત્રીને વિદ્યા સંપાદન કરાવવી, સારી વ્યાવહારિક કેળવણી આપવી, તેમનું ચારિત્ર્ય સુધારવું એ વિષયો તો જાણે નજીવા જ હોય તેમ તે તરફ માબાપ કે જ્ઞાતિજનોનું વધારે લક્ષ ખેંચાતું નથી પરંતુ આપણી હયાતીમાં જ આપણાં પુત્ર પુત્રીનાં બાળકોને ક્યારે રમાડીએ તેવી તીવ્ર ઈચ્છા (આ) માબાપ ધરાવે છે ! અને એ જ ઈચ્છા માબાપને પોતાને તેમજ તેમનાં પુત્ર પુત્રીઓને માટે વિનાશક નીવડે છે. બાલ્યાવસ્થામાં જ લગ્નગાંઠથી બંધાવાથી બાળકની ગરદન પર સંસારની ધૂંસરી પડે છે અને ક્રમે ક્રમેતે ધૂંસરીનો ભાર એટલો બધો વધતો જાય છે કે તે પારકાનું તો શું પોતાનું પણ શ્રેય કરવા નિષ્ફળ નીવડે છે. તેનું શારીરિક તથા આર્થિક બંને દૃષ્ટિએ અધઃપતન થાય છે. આ લગ્ને આપણી જ્ઞાતિમાં ઊંડાં મૂળ નાખ્યાં છે, તેથ પ્રતમ તો તે છોકરાને વિદ્યાભ્યાસમાં અડચણ આપે છે. વળી માબાપ નાનપણમાં જ ગુજરી જાય તો ત્યારથી જ નાદાન છોકરાને માથે કુટુંબના ભરણપોષણનો બોજો આવી પડે છે. તદુપરાંત બાળલગ્નથી વરવધૂ ઉભયનું સાંસારિક જીવન ઘણી વાર વિષમય બને છે. દરેક માણસના વિચા સરખા હોતા નથી એટલે વરવધૂના ભિન્ન મત હોય તો પરિણામ વિનાશકારક નીવડે છે, તેથી કેટલાંક સ્થળે ધીમે ધીમે એકબીજા તરફ અણગમાની લાગણી ઉદ્ભવે છે. અને તે એટલે સુધી વધે છે કે બંનેને એકબીજાનું મુખ જોવું પણ ગમતું નથી અને સાંસારિક જીવન બગડવાથી માણસની જિંદગી તદ્દન વિષમય બને એ નિઃસંશય છે. વળી કદાચ લગ્ન થયા પછી પેલી બાળાનો બાળકપતિ મૃત્યુ પામે તો તે અણસમજુ નાદાન અને જેને સંસારનો પવન પણ નથી લાગ્યો તેવી ગરીબ બિચારી છોકરી આખી જિંદગીભર રંડાપો સેવે છે, એ બહુ ખેદજનક છે.''[૧૯]

લેખકનાં આ વિચારોને જાણીતા સમાજસુધારક શ્રી હરગોવિંદદાસ કાંટાવાળાના ચોથી ખડાયતા પરિષદ(૧૯૨૨)ના પ્રમુખપદીપ ભાષણમાંથી પૂરતું સમર્થન મળી રહે છે, જેમાં શ્રી કાંટાવાળાએ બાળવિધવાઓની સ્થિતિ અને આંકડાકીય માહિતી ખૂબ જ સુંદર રીતે પાડતાં નોધ્યું છે કે

''અનેક જાતના વ્યાધિ અને અકસ્માતને કારણે મોટી વય કરતાં બચપણનું મરણપ્રમાણ ઘણું જ વધારે હોય છે. તેથી બાળક કન્યાઓને વિધવા થવાના ઘણા જ પ્રસંગો આવે છે. પરણ્યા પછી તુર્ત કે વર્ષે બે વર્ષે દસ બાર વર્ષની કન્યા રાંડે છે, ત્યારે ગામમાં ત્રાસ ત્રાસ થઈ રહે છે, પરંતુ એ સ્મશાનજ્ઞાન નાહ્યા પછી ટાઢું, શીતલ થઈ

જાય છે. હાલની ભયંકર મહામારીઓ – કોલેરા – પ્લેગ – ઈન્ફ્લુએંઝા – કાળો કેર વતાર્વે છે, કેમકે તેઓ વૃદ્ધ કરતાં તરુણ બાળકો પર વધારે હુમલો કરે છે. સને ૧૯૧૧ની ખાનેસુમારી (વસ્તી ગણતરી) પ્રમાણે હિંદમાં બાળવિધવાઓ કાચી વયે કેટલી થઈ તેનો કોઠો નીચે આ પ્રમાણે છે :

| **ઉંમર વર્ષ** | **સમગ્ર હિંદુ વિધવાની સંખ્યા** |
|---|---|
| ૦.૧ | ૦૦૧૦૧૪ |
| ૧ થી ૨ | ૦૦૦૮૫૬ |
| ૨ થી ૩ | ૦૦૧૮૦૭ |
| ૩ થી ૪ | ૦૦૯૨૭૩ |
| ૪ થી ૫ | ૦૧૭૭૦૩ |
| ૫ થી ૯ | ૦૯૪૨૭૦ |
| ૧૦ થી ૧૫ | ૨૨૩૦૩૨ |
| **કુલ સંખ્યા** | **૩૪૭૯૫૫** |

મુંબઈ ઈલાકો (જ) લઈએ તો તેમાં દશ વર્ષની અંદરની વિધવા થયેલી છોકરીઓની સંખ્યા ૩૬૨૫૬ હતી. આ આંકડા કેટલા ભયંકર છે ! બાળવિધવાઓની સંખ્યા લાખોની થાય છે તેમાં પાંચ વર્ષની અંદર ૩૦, ૬૫૩ બાલિકાઓને વૈધવ્ય પ્રાપ્ત થયું હતું'' કેવી ભયાનક વાસ્તવિકતા છે ! છતાં આ પાપલગ્ન અટકાવવામાં કેમ નથી આવતાં ? તેની લેખકને નવાઈ લાગે છે. તેઓ આગળ નોંધે છે કે ''બાળવિધવાઓના કેવા બૂરા લાલ થાય છે તે ટૂંકામાં ઉપર જણાવ્યા છે. તેમને જો નાનપણમાં પરણાવી ન હોત તો તે બાળપણે વિધવા થાત જ નહિ અને તેનો દોષ માબાપને શિરે ચોંટત નહિ. પુરુષો રંડાય ત્યારે ફરી પરણે અને સ્ત્રીઓને તેવી છૂટ ન મળે તેથી કુંવારા વર તેટલા પ્રમાણમાં પરણ્યા વગર રહી જાય છે. વિધવા થઈ એટલે તેને નાત-જાતનાં લહાવા મળતા નથી, શું પિયરમાં કે શું સાસરે તેને હલકી ગણવામાં આવે છે. ઘણીકને ખાવા-પીવાના સાંસા પડે છે. ઘણી શિયળ સાચવવાને શક્તિમાન થતી નથી તેથી તેને ગર્ભપાત કરવો પડે છે કે તેને ઝેર દઈને મારી નાખવામાં આવે છે. બાળહત્યાને સ્ત્રીહત્યાનું મહાઘાતક લાગે... તે બાઈ કોઈની સાથે નીકળી જાય (ભાગી જાય) તેથી આબરૂ ન જાય, પણ નાની વિધવાને ફરીથી પરણાવવા જતાં પૃથ્વી રસાતાળ જાય''[૨૦]

કેવી વ્યથા, કેવો ઉપાલંભ છે આ શબ્દોમાં ! એક સાચા સુધારકનો આર્તદાન છે, એનો એ નાદ બ્રહ્મભટ્ટ સમાજના કેટલાક સુધારક યુવકોએ જીલ્યો હતો, કારણ કે શ્રી કાંટાવાળાએ જણાવેલી તકલીફો અને તે બાળવિવાહનાં દૂષણો તથા એનાથી ઊપજતા પ્રશ્નો બ્રહ્મભટ્ટ સમાજ માટે નવા ન હતા. પ્રત્યેક ગામ કસ્બા કે મહોલ્લામાં બ્રહ્મભટ્ટ બાળવિધવા-નામમાત્રની વિધવાઓનાં મુંડન કરાવેલાં માથાં અને લાલ-સિંદૂરી વસ્ત્રો આ વાતની સાક્ષી પૂરતાં હતાં. ખુદ મારા (સંશોધકના) ઘરમાં જ મારા બાપુજીના મોટા ભાઈ નાની ઉંમરે ગુજરી જવાથી માત્ર અગિયાર વર્ષની ઉંમરે બાળવિધવા બનેલાં અમારાં મોટીબા, એમનું મુંડનવાળું માથું અને વૈધવ્યસૂચક સિંદૂરી કપડાંનો હું પણ સાક્ષી છું. એમણે સંસારમાં કોઈ સુખ જોયું ન હતું છતાં નામ માત્રનાં લગ્નની સજા એમણે આખી જિંદગી ભોગવી હતી. અલબત્ત, અમને એમણે સગી મા જેવો પ્રેમ આપ્યો હતો અને અમે અમારા ઘરમાં એમને મોટીબા (દાદીમા) જેવું જ વર્ચસ્વ આપ્યું હતું. પરંતુ એ તમામ સામે અગિયાર વર્ષની નાસમજ ઉંમરેથી ભોગવવું શરૂ કરેલું વૈધવ્ય તે બંનેની તુલના ક્યારેય થઈ શકે તેમ નથી. સમાજે જાતે આપી દીધેલ આ સજાને તેણે જ ''ગંગાસ્વરૂપ''' જેવાં અનેક ઉપનામો આપી દીધાં છે. હકીકતમાં આ પ્રથા ખૂબ જ આકરી, કઠોર કે ક્રૂર હતી એમ અવશ્ય લાગે છે, માટે જ સુધારક અને સુજ્ઞ એવા જ્ઞાતિબંધુ શ્રી કરણસિંહ કવિ આ પ્રથાનું નિવારણ કરવા યુવકોને જાગ્રત કરતાં લખે છે કે, ''અનુભવીએ છીએ છતાં આપણે કુંભકર્ણની નિંદ્રામાંથી જાગ્રત થતા નથી. ઊઠો ! જાગ્રત થાઓ વીર બ્રહ્મભટ્ટો અને તમારા મૂળને નષ્ટ કરતા કીડાઓનો નાશ કરો. આ બાળલગ્નોનાં માઠાં ફળ અનુભવતા નવયુવાનો જ પોતાનું શ્રેય ન કરી શકે તો પછી જ્ઞાતિ-ઉન્નતિને અવકાશ જ ક્યાં ? જો આ કુધારો બંધ થાય અને સમજુપણામાં ઈચ્છાનુસાર લગ્ન કરવાની પદ્ધતિ પ્રચલિત થાય તો જ્ઞાતિ-ઉન્નતિનું કામ સહેલું થઈ પડે.''

કરણસિંહ કવિએ કરેલ ઉપર્યુક્ત વિનંતી યોગ્ય સમયની જ હતી. પૂ. ગાંધીબાપુએ પણ આ બાબતે નોંધ્યું છે કે ''જે માબાપો પોતાનાં છોકરાંનાં બાળપણમાં જ લગ્ન કરે છે તેઓ તેમનાં દુશ્મનો બને છે અને તેમને પરાધીન અને નમાલાં બનાવી મૂકે છે.''[૨૧]

સ્વામી રામતીર્થ જેવા પ્રખર ધર્મજ્ઞ, વિદ્વાન અને સમાજસુધારકે પણ ધર્મના બહાના નીચે આવાં સમજ વગરનાં અને માબાપ દ્વારા કરાયેલ બાળલગ્નો અંગે લખ્યું છે કે ''જે વરકન્યા પોતાનો વિવાહ પોતાની મેળે નથી કરી શકતાં એવા અપવિત્ર વિવાહને વેદમંત્રો પવિત્ર કરે એ તો બાજુ પર રહ્યું, પરતું એથી તો ઊલટા વેદમંત્રો પોતાનું મહત્ત્વ ગુમાવે છે... હે તરુણજનો ! બંધ કરો, બંધ કરો, હે ભારતના ભવિષ્યના ઊછરતા યુવકો, આ બંધ કરો, નૈતિક વિચાર કે ભારતવર્ષનો વિચાર કરીને તમારા પોતાના માટે કે તમારા વંશજો માટે કૃપા કરીને આ અંધકારયુક્ત વિવાહપ્રણાલી બંધ કરો.''[૨૨]

એ જ રીતે મહાત્મા ગાંધીજીએ પણ આ કુરિવાજ અટકાવવા અને તે સામે યુવકોને સત્યાગ્રહ કરવા સમજાવતાં ''નવજીવન''માં લખ્યું હતું કે ''જ્યાં જ્યાં કન્યા વિવાહ જેવી વસ્તુને ન સમજી શકે એવી બાળક હોય ત્યાં વિવાહનો કોઈ અર્થ નથી. વિવાહ એટલે સ્ત્રી-પુરુષે સમજપૂર્વક બાંધેલો અમુક પ્રકારનો સંબંધ... કરારનામું... જે કરારનામું જે પક્ષે સમજ્યા વિના જ અથવા બળાત્કારથી કરેલું હોય તે તેને બંધનકર્તા હોં જ ન શકે, માટે આવા સંબંધ ફોક કરવાની હિંમત રાખનારા યુવકો નહિ નીકળી પડે ત્યાંસુધી ગરીબ રાંક બાળાઓની રક્ષા થવાની નથી.''[૨૩]

આવા ચિંતનપૂર્ણ અને વેધક લેખો દ્વારા જ્ઞાતિપત્રોએ યુવકોને સુધારણા-આંદોલન માટે તત્પર કર્યા. ગામેગામ યુવક-મંડળો સ્થપાયાં. આવા એક સંમેલન ''ગુજરાત બ્રહ્મભટ્ટ યુવક સંમેલન'' (વડોદરા, તારીખ ૯ નવેમ્બર, ૧૯૨૪)માં ઠરાવ કરવામાં આવ્યો હતો કે ''આ સંમેલન બાળલગ્ન, વૃદ્ધલગ્ન, સ્ત્રી-પુરુષના લગ્ન-મરણ પાછળ થતા અયોગ્ય ખર્ચા તથા વ્યસનસેવન ના થાય તેમ ઉત્કૃષ્ટ ઈચ્છા ધરાવે છે.''[૨૪] આ સંમેલનમાં જોકે આવા કુરિવાજોની નાબૂદી માટે કેવળ ઉત્કટ ઈચ્છા જ દર્શાવવામાં આવેલ છે, પરંતુ તે આગળ જતાં પુષ્ટ અને પરિપક્વ બનેલ પણ જોવા મળે છે. આ વાતને શ્રી જેભાઈ કાભાઈ બ્રહ્મભટ્ટનો પ્રસ્તુત લેખ પુરતું સમર્થન આપતો હોવાથી હવે તે જોઈએ :

''લગ્ન જેવા સંસારમાં ખૂબ ધ્યાન આપવા લાયક અને પરમવિચારણીય કાર્યમાં પણ આપણે ઘણા જ પછાત છીએ. યંત્રાધીન પૂતળાંની માફક છોકરાં છોકરીઓને આપણે લાકડે માંકડાં વળગાડી દઈએ છીએ. આવી રીતોમાં કેટલા સંસારો દુઃખી થાય છે, થયા છે અને થશે. શ્રીમંત ગાયકવાડ સરકારે બાળલગ્નરૂપી રાક્ષસને નાનાં છોકરાનો કોળિયો કરતાં અટકાવવા કાયદો કર્યો, તે છતાં અજ્ઞાની માબાપો છાનાં-માનાં બાળકોને બાળપણમાં જ પરણાવે છે. તે શું ઓછા અફસોસની વાત છે? ભાઈઓ ! કહો કે આપણે કેવી રીતે ઉન્નત દશા પર આવી શકીએ? આવા લગ્નોથી જ તો દેશમાં દુરાચાર તથા અનીતિ વધી પડ્યાં છે.''[૨૫]

આ લેખકના ઉપર્યુક્ત વિચારો અત્યંત મનનીય છે. ગાયકવાડ સરકારે પણ આ કુરિવાજના ઉન્મૂલન માટે ''શારદા એક્ટ'' ઘડ્યો તેની કલમ નંબર ૪ અનુસાર ''૧૮ વર્ષની અંદરનો છોકરો અને ૧૪ વર્ષની અંદરની છોકરી બાળ ગણાશે. જે લગ્નમાં વર કે વધૂમાંથી કોઈ બાળ હોય તેને બાળલગ્ન ગણવામાં આવશે.'' આ કાયદાની કલમ પાંચમાં આવા ગુનેગારોના ત્રણ વર્ગ પાડ્યા (અ) નાની ઉંમરની છોકરીઓ જોડે લગ્ન કરનાર પાકટ વયના માણસો, (બ) આવાં બાળલગ્નોમાં અગત્યનો (ધાર્મિક) વિધિ

કરનાર માણસો અને (ક) બાળલગ્નમાં મદદ કરનાર અથવા તેની પરવાનગી આપનાર માબાપ કે વાલીઓ.'' આગળ આ ગુના બદલ સજાની જોગવાઈ કલમ નં.૬ અને ૭માં કરાઈ છે તે જોઈએ. કલમ ૬ : ''જો પુરુષ ૧૮ થી ૨૧ વર્ષનો હોય અને ૧૪ વર્ષની નાની છોકરી સાથે લગ્ન કરે તો રૂ. ૧૦૦૦નો દંડ અને કલમ ૭ મુજબ ''જો પુરુષ ૨૧ વર્ષ ઉપરનો હોય અને ૧૪ વર્ષની નાની છોકરી સાથે લગ્ન કરે તો તેને એક માસની કેદ કે રૂ.૧૦૦૦. અથવા બંનેની સજા થઈ શકશે.''[૨૬]

કાયદાની અતિ સ્પષ્ટ જોગવાઈ, સ્વજ્ઞાતિસુધાર માટે તત્પર યુવકો અને જ્ઞાતિપત્રોના ઉપર્યુક્ત પ્રયત્નો થકી અન્ય જ્ઞાતિઓની માફક આવી વિચારસરણી હવે બ્રહ્મભટ્ટ સમાજમાં પણ પ્રચલિત બની. બ્રહ્મભટ્ટ સમાજના જાગ્રત વિચારકો, કવિઓ અને સુધારકોએ આ માટે પોતાની કલમ ચલાવી, જેમાં ઝવેર કવિ કે જેમણે માત્ર સ્વજ્ઞાતિસુધારણા કાજે જકલમ હાથમાં પકહી હતી (તેમનાં કાવ્યોનો રસાસ્વાદ હવે પછીના પ્રકરણમાં વિગતે હોવાથી અત્રે ઉલ્લેખ માત્ર કરું છું.) અને જેમને ચુ. પુ. બારોટ એકમાત્ર 'જ્ઞાતિકવિ' કહેતા હતા. તેમણે આ ક્ષેત્રે ઘણું ઘણું લખીને સમાજના કુરિવાજોના ઉન્મૂલન માટે સુંદર પ્રયત્નો કર્યા તે ઉપરાંત બીજા એક અનામી કવિએ 'બ્રહ્મચારી' નામના કાવ્યમાં બાળલગ્ન અને તેનાં માઠાં પરિણામો અંગે એક વેધક અને અત્યંત સુસંગત કાવ્ય લખ્યું છે, તેની કેટલીક પંક્તિઓ જોઈએ :

''થયો પાસ હું દૂસરી માંહીં જ્યારે,
વરાવ્યો મને ત્યાં પૂરા વર્ષ બારે.

થયાં ચૌદ ત્યાં ષોડશી સુંદરી થઈ,
પિલાઈ મતિ-શક્તિ ઘાણીમાં ગઈ.

ભરી કોથળી બે, પિતાએ વરાવ્યો,
અને લહાવ માતાજીએ લેવરાવ્યો.

ભણું છું પરાણે પૂરી આજ ચોથી,
નથી ફાવતી ઝાલવી હાથ પોથી.

છું હું પુત્રનો તાત, ભાઈ,
કહે છે હવે કામિની, લ્યો (થોડું) કમાઈ.

કહે તાત, ભણવા મહીં જીવ રાખો,
કરું છું હવે એ, મિત્ર, ભાખો.

હવે તો કૂવો કે નદી ખોળવી છે,
અગર રાખ અંગે ભલી ચોળવી છે.

કરી છે મહા બાળલગ્ને ખુવારી,
રડે છે કંઈ બાલ-રાંડો બિચારી.''[૨૭]

કેવી સરળ છતાં સચોટ-વેધક-ભાષામાં સમાજના આ કલંકને કવિએ કાવ્યમાં ગૂંથ્યું છે ! આવાં લગ્નોથી માત્ર બાળાઓને જ નહીં પણ યુવકોને પણ કેટલું દુઃખ વેઠવું પડતું હતું તેનો સુંદર અને કટાક્ષમય ચિતાર અત્રે રજૂ કરેલ છે. આવા પાપાચારને પોષવાથી એમાંથી બાળવિધવાઓ તથા એવા અન્ય વિકટ પ્રશ્નો ઊભા થતા હોય તો આવા પાપાચારને ઊગતાં જ કેમ ડામવા નહીં? એવા વિચાર અને ઉપાય સાથે શ્રી શંકરલાલ બ્રહ્મભટ્ટ (અડાસવાળા) નોંધે છે કે,

''સૌથી પરમ અગત્ય બાળલગ્ન અટકાવવાની અને ખાસ વયાન્તર રાખવાની છે... સૌ કરતાં બાળલગ્નોમાં જોખમ ઘણું જ સમાયું છે, પરંતુ આજે તો સર્વે બાળક (લગ્ન માટે) શોધે છે. કોઈ વીસ વર્ષની ઉંમર સુધી કુંવારા હોય તો તેને વિષે એમજ મનાય છે કે નક્કી એનામાં કોઈ ખોડ હશે, નહિંતર આમ પડી ના રહે... જો બાળલગ્નનો બંદોબસ્ત કરી વયાંતરની રીતે દાખલ કરવામાં આવે તો કન્યાની કંઈક છૂટ જણાય ખરી.''[૨૮]

આવા ચિંતનપૂર્ણ લેખો દ્વારા બ્રહ્મભટ્ટ જ્ઞાતિપત્રો સમગ્ર જ્ઞાતિજનોના ધ્યાન પર આ વાત લાવતા ત્યારે ચુ. પુ. બારોટ જેવા સ્પષ્ટવકતા અને સ્વજ્ઞાતિ હિત ચિંતકો પોતાની કલમ દ્વારા આવા કુરિવાજો પર કુઠારાઘાત કર્યા વિના કેમ રહી શકે? તો આવો એમની કલમપ્રસાદી આસ્વાદીએ, ''ત્રાસદાયક અને ઉડતા સમાચાર મળે છે કે ડાંગરવાના કોઈ જ્ઞાતિબંધુએ રૂપિયા બે હજાર લઈને એક વર્ષની પોતાની છોડી (દીકરી)નાં ચરાડાના બારોટ સાથે વિવાહ લીધા છે. અમે આશા રાખીએ છીએ કે આ સમાચાર ખોટા હશે... જો આ ઉડતી વાત ખરી હોય તો ડાંગરવાવાળા ભાઈ અધમ કૃત્ય કરી રહ્યા છે. આ બંને ભાઈઓને અમે વિનંતી કરીએ છીએ કે આવા કુકર્મથી જ્ઞાતિને કલંકિત રખે કરતા. ચરાડા તથા ડાંગરવાના ભટ્ટસ્થાનોને આ બાબત સત્ય હોય તે લખી મોકલવા અને અત્યાચાર અટકાવવા અમે વીનવીએ છીએ. 'દંઢાવ હિતવર્ધક મંડળ' અને 'ગુજરાત બ્રહ્મભટ્ટ યુવકમંડળ' જાગ્રત થાય અને આવાં પાપ અટકાવવા મથે.''[૨૯]

કુરિવાજ માટે આ લેખકના દિલમાં ભરેલ કટુતા એમની કલમમાં વક્રોકિત ઉમેરીને જ્ઞાતિજનોને 'આપ જાણો છો?' દ્વારા જણાવે છે કે.'' ગોમતીપુરમાં એક જ્ઞાતિબંધુએ પોતાની બે દીકરીનાં લગ્ન સાથે સાથે જ પોતાની આઠ વર્ષની બાળાનું પણ બાળલગ્ન કરી દીધું, પરંતુ જાન પાંચ દિવસ રાખી, વાહ રે ફુલણજી.''[૩૦]

'ભટ્ટભાસ્કર'ની ઉપર્યુક્ત કોલેમમાં લગ્નસરાને અનુરૂપ સમાચાર આપતાં અને બાલલગ્ન કરતા, કરાવતા લોકોને લાલબત્તી ધરતાં તેઓ નોંધે છે કે

''લગ્નસરા ચાલે છે એટલે કજોડાં અને બાળલગ્નો થઈ રહ્યાં છે. (તે) ક્યાંક અજ્ઞાનને લીધે તો ક્યાંક દીકરી પરણાવી લેવાના લહાવાના લોભે યાતો... કુલીન-અકુલીનની પ્રથાને અંગે નડતી સંકડામણને લીધે થયા કરે છે. નડિયાદ બ્રહ્મપોળમાં એવું એક બાળલગ્ન થયું. તે પ્રસંગે શ્રી સ્વામિનારાયણ, શ્રી દાદુભાઈ અને આ પત્રના તંત્રી ચુ.પુ.બારોટ યુવકમંડળની સેવાયાત્રાએ નીકળેલા તે સ્થળ પર જઈ ચડ્યા. બાળલગ્નની મૂર્ખતા અને અશાસ્ત્રીયતા વિષે ત્યાં જ ભાષણો થયાં. એ રાજ્ય વડોદરાનું (એટલે) દંડ દેવાનો (થશે જ) પણ જ્યાં બધું ગતાનુગતિક થતું હોય ત્યાં શી અસર ?''[૩૧]

આવા ઉપાલંભ, વક્રોકિત અને આ પાછળની વ્યથા સમજનાર વર્ગ પણ જ્ઞાતિમાં હતો જ, જે આવાં લખાણોને લીધે પોતાનાં સગાંવહાલાંમાં થતાં આવાં પાપલગ્નોમાં ન જવા અને એ રીતે આવા કુરિવાજોનો પ્રતિકાર કરવા તૈયાર હતા. ઉદાહરણાર્થે એક સમાચાર : ''શ્રી રણછોડભાઈ સ્વામિનારાયણ... પોતાના બનેવીને ઘેર નડિયાદમાં, ગયા મહિનામાં બાળલગ્ન થયેલું (તેમાં એમણે સજોડે) ભાગ લેવાની ના પાડી હતી. આવા જોડાં ઘેર ઘેર જામો, યુગલને અભિનંદન''[૩૨]

સાચે જ આવા લોકો અભિનંદન ને પાત્ર છે. એમાંય સુધારકને પોતાની કલ્પના અનુસારના સુધારા લોકો દ્વારા અપનાવતા જોવાનો લહાવો અનેરો જ હોય છે. પૂ. મહાત્મા ગાંધી પણ લોકોને આવા કુરિવાજો સામે 'સત્યાગ્રહનો ઉપાય' કરવા સમજાવતાં નોંધે છે કે, ''જ્યાં વ્યભિચારી અને લોભી મળે ત્યાં ગરીબ ગાયની કતલ થતી અટકાવવી લગભગ અશક્ય છે... એ જોડી લગ્ન છાનાં કરશે. લગ્નક્રિયા કરનારા કહેવાતા બ્રાહ્મણ અને થોડા જાનૈયા સહેજે મેળવી લેશે એક કિસ્સો (ખંભાતના મૂળજીભાઈ બ્રહ્મભટ્ટનો આ કિસ્સો આગળ ઉપર લીધેલ છે.) આવો જ થોડા દિવસ પહેલાં બની ગયો. એનું સ્મરણ 'નવજીવન'ના વાંચનારને હશે જ.''[૩૩]

આ લેખમાં જ પૂ. ગાંધીબાપુ આગળ નોંધે છે કે, ''બાળલગ્નો સામે લોકમત ઊભો કરી શકાય તો સુધારો આપોઆપ કરો શકાય છે. તેમ કરવા સારુ... કેળવણીની આવશ્યક્તા છે. જે માબાપો લોભને વશ થઈ પોતાની બાળાને વેચવા તૈયાર થાય છે તેમને શોધી કાઢવા રહ્યા, તેમને સમજાવવા રહ્યા, (અને જે તે ગામનાં) મહાજનો પાસે કન્યાવિક્રયની સામે ઠરાવો કરાવા રહ્યા. આવું ઝીણું કામ વિશાળ ક્ષેત્રમાં ન થઈ શકે... વૃદ્ધ-બાળલગ્ન સામે વાતાવરણ તૈયાર કરવાનો જલદ ઉપાય તો એ છે કે તાજા થયેલા લગ્નની સામે લોકમત એકઠો કરવો અને વૃદ્ધ પિતાનો તથા લોભી બાપનો

અહિંસક બહિષ્કાર સાધવો. આવો એક શુદ્ધ બહિષ્કાર સાધી શકાય તો સહેજે બીજાં માબાપો પોતાની દીકરીને વેચતાં સંકોચાશે અને વૃદ્ધો બાળકન્યાને પરણતા અટકશે.''[૩૪]

આ અગાઉ પણ ગાંધીજીએ, 'મદ્રાસ કોલેજના વિદ્યાર્થીઓ સમક્ષ : સપ્ટેમ્બર ૧૯૨૭ : બોલતાં એવું કહ્યું હતું કે ''બાળલગ્નોને લીધે થતી બાળ વિધવાઓનું દુઃખ મટાડવાનો એક જ વ્યવહારુ ઉપાય છે અને તે એ કે યુવકોએ ''પરણું તો બાલવિધવાને જ પરણું એવી પ્રતિજ્ઞા કરવી.''[૩૫]

સમગ્ર રાષ્ટ્ર અને વિશ્વભરને પણ માર્ગચિંધનાર મહાત્મા ગાંધીએ બતાવેલ આ કેવો વ્યવહારુ માર્ગ છે! ''આ પાપી લગ્ન પ્રથાનો ભોગ બનેલ નિર્દોષ બાળાઓને બચાવવા દરેક યુવકે આગળ આવવું જોઈએ'' એવું સૂચન થયા પછી 'ભટ્ટભાસ્કરે' બાળવિધવાઓ સાથે લગ્ન યોજવાં એ રૂઢિચુસ્ત જમાનામાં ખૂબ જ હિંમત લે તેવી વિજ્ઞપ્તિ પોતાના મુખપૃષ્ઠ પર છાપવા માંડી, તે જોઈએ :

''બાળવિધવા જોઈએ છે સારી આવકવાળા એક જુવાન સુધારક વિધુરને. જાહેરમાં પુનર્લગ્ન કરવા માટે આરોગ્યવાન, સ્વરૂપવાન અને ગૃહકાર્યમાં કુશળ એવી બાળવિધવા જોઈએ છે. પત્રવ્યવહાર તદ્દન ખાનગી રહેશે. નીચેની સરનામે લખો યા મળે :

– ગંભીરસિંહ દુ. બ્રહ્મભટ્ટ, ચીખલી, જિલ્લા સુરત.''[૩૬]

પાટીદાર જેવી સમાજની બીજી જ્ઞાતિઓમાં થતાં આવા સુધારાઓને પણ 'ભટ્ટભાસ્કર' દ્વારા છાપીને આ કુરિવાજ નાબૂદ કરવા પ્રેરણા મળી રહે તે માટે પાટીદાર કોમની બારડોલી ખાતે મળેલ સભાએ કરેલ ઠરાવ આ જ્ઞાતિપત્રે નીચે પ્રમાણે નોંધ્યો છે તે જોઈએ :

''ઠરાવ નંબર ૧. લગ્ન અને બાળલગ્નની ઉંમર – બાળલગ્નથી થતો કોમનો નાશ કોઈ પણ ભોગે અટકાવવો જોઇએ એવી આ પંચને પાકી ખાતરી થઈ હોવાથી પંચ ઠરાવે છે કે હવે પછી બાળલગ્ન તદ્દન બંધ કરવાં, એટલે કે વરને માટે ઓછામાં ઓછી ઉંમર ૨૦ વર્ષની અને કન્યાને માટે ઓછામાં ઓછી ઉંમર ૧૬ વર્ષની ઠરાવવામાં આવે છે.''[૩૭]

તત્કાલીન સમાજના અન્ય વર્ગોમાં થતા સુધારાઓ ઝીલીને બ્રહ્મભટ્ટ સુધારકોને કરેલ ઉક્ત પ્રયાસને પરિણામે બ્રહ્મભટ્ટ સમાજમાંથી પણ એવા કેટલાક યુવકો આગળ આવ્યા, જેમણે બાળલગ્નોના નિષેધ માટે તન-મન અને ધનથી પૂરી સેવા આપી સમાજને આ પાપલગ્નમાંથી ઉગાર્યો. ''બરોડા રાજ્યે 'શારદા એક્ટ' ઘડીને તેમને યોગ્ય પ્રતિસાદ પૂરો પાડ્યો હતો. હવે ભાવનગર રાજ્યે પણ આવો ધારો કરી... ઠરાવ્યું કે ૪૫ વર્ષથી વધુ ઉંમરનો કોઇ પણ પુરુષ પોતાનાથી અડધી ઉંમરથી નીચેની સ્ત્રી સાથે

પરણી શકે નહીં. આ સમાચારને અંતે ''બ્રિટિશ રાજ્ય આ જરૂરી કાયદો-કલમ ક્યારે ઉમેરશે?''[૩૮] એવી ટકોર કરવામાં આવી. આવા કાયદાઓ દ્વારા જ આવા કુરિવાજોને સમાજમાંથી તિલાંજલિ આપી શકાય એવી ચોક્કસ સમજ જ્ઞાતિપત્રો દ્વારા જ્ઞાતિજનોને અને સરકારને પણ આપવામાં આવતી તે શું ઓછી જાગૃતિ બતાવે છે? ગાંધીજીએ પણ યુવકોને વારંવાર અપીલો કરી હતી કે ''નવયુવકોને મારી સલાહ છે કે ગમે તેવાં કષ્ટ સહન કરીને પણ તે સમાજનાશક બાળલગ્ન ઈત્યાદિ કુરૂઢિઓને વશ થાઓ નહિ. વડીલોની સાથે સંપૂર્ણ વિનય જાળવજો અને સત્યનો આગ્રહ પણ તેટલી જ સંપૂર્ણતાએ જાળવજો. સત્યના આગ્રહ વિનાનો વિનય, વિનય નથી, પણ ખુશામત છે, ખરું જોતાં તો તે અવિનય જ છે.''[૩૯]

સ્વજ્ઞાતિ સુધારના યજ્ઞ ત્રણે સમગ્ર રાષ્ટ્રને માર્ગ બતાવનાર આવા વિચારોનો પડઘો પાડતાં આણંદના પાટીદાર યુવકો સમક્ષ સરદાર પટેલ કેમ ચૂપ રહે? પોતાના વિચારો રજુ કરતાં એમણે કહ્યું કે ''મારી કહેલી વાતો તમે ગોખી રાખજો... બાળલગ્ન કદી ન કરવાં, બાળાઓને જબરાઈથી વૈધવ્ય ન પળાવો. આચારવિચાર પાળવાનું શિક્ષણ આપો અને સાથે છુટ પણ આપો.''[૪૦]

એ જ રીતે સરદાર પટેલે ''બારડોલી સત્યાગ્રહ''માં પણ યુવકોને સંબોધીને લખ્યું કે ''બાળલગ્નને બાળહત્યા સમજી બંધ કરો.''[૪૧]

આવા યુગદ્રષ્ટા મહામાનવોની શિખામણ તેમજ માર્ગદર્શન હિંદભરના યુવકોએ આત્મસાત્ કરવા ભગીરથ પ્રયત્નો આદર્યા હતા ત્યારે બ્રહ્મભટ્ટ સમાજ સ્વજ્ઞાતિમાં થતાં આવાં પાપલગ્નો અટકાવવા ના મથે તેમ બને? સરકાર દ્વારા પણ આવા કાયદા ઘડાવા છતાં માત્ર એટલાથી સંતોષ માની બેસી ન રહેવા જ્ઞાતિજનોને ''શારદા બિલની હૂંફમાં જો જો ઊંઘતા'' એવા શીર્ષક નીચે ચીમકી આપતાં ચુ. પુ.બારોટ 'ભટ્ટભાસ્કર'માં નોંધે છે કે,

''એમ કહેવામાં આવે છે કે હવે શારદાબિલ થયું છે એટલે બાળવિધવા થવાની જ ક્યાં છે? આ ભયંકર ભૂલ છે. બાળલગ્નો-પ્રતિબંધક ધારો વડોદરા રાજ્યમાં લાંબા વખતથી છે. (છતાં) જ્યાં લોકો બાળલગ્નોની વિરુદ્ધ નથી ત્યાં કાયદા શું કરી શકવાના છે? ગમે તેવા સખત કાયદાઓમાંથી પણ તેઓ અનેક બારીઓ કાઢશે. કેટલાક દંડ અને જેલ વહોરશે, પણ કુછંદ નહિ છોડે.''[૪૨]

તત્કાલિન સમાજની તાસીર સમા આ કુરિવાજ પ્રત્યે અન્ય જ્ઞાતિ આગેવાનોપણ ચિંતિત હતા. એના પ્રમાણ તરીકે આવા જ એક પ્રખર સમાજસુધારક દરબારશ્રી ગોપાળદાસ અંબાઈદાસ દેસાઈએ ''વડોદરા પ્રજામંડળ''ના પ્રમુખસ્થાનેથી આગ ઝરતી જુબાનમાં કહ્યું હતું કે

''ઊઠો, ગગન ગજવી બોલો કે ભ્રષ્ટ કુલીનતાના અમે આજથી શત્રુ છીએ, સાચી કુલીનતાના મિત્ર છીએ. બોલો કે આજથી પરઠણ ન લેવી, ન દેવી. અમે બાળલગ્ન નહિ સાંખવાના. બાળલગ્ન હશે ત્યાં સુધી બાળવિધવાને વિધવા માનીશું જ નહીં.''[૪૩]

આ બધા લેખો, વિચારો તેમ વક્તવ્યોને લીધે જ હવે પછી બ્રહ્મભટ્ટ સમાજનાં જે સંમેલનો મળ્યાં તેમાં સમાજનાં પ્રચલિત કુરિવાજો દૂર કરવા ઠરાવો થયાં. આમાંય ૧૮, ૧૯, ૨૦ ઓક્ટોબર ૧૯૨૯ના રોજ મરોલી ખાતે મળેલ અધિવેશનના પ્રમુખસ્થાનેની જે. એમ. બારોટે (એડવોકેટ) કરેલ ઠરાવ મુજબ :

''૧૪ વર્ષની અંદરની કન્યાના અને ૧૮ વર્ષની અંદરના કોઈ પણ પુરુષના લગ્નને આ સભા બાળલગ્ન માને છે અને આવાં બાળલગ્નો જ્ઞાતિને નુકસાનકારક હોઈ તેને અટકાવવાં અગર તો તેવાં થઈ ગયેલાં બાળલગ્નોને વિશે દરેક પ્રકારે શારદાબિલની રૂએ તજવીજ કરાવવાનું આ સભા ઠરાવે છે.''[૪૪]

આ અગાઉ પણ (ડિસેમ્બર ૧૯૨૨) વડોદરા મુકામે 'અખિલ ભારતવર્ષીય બ્રહ્મભટ્ટ પરિષદ' ખાતે કરેલા ઠરાવો પૈકીના ઠરાવ નંબર ૭ મુજબ નક્કી કરવામાં આવ્યું હતું કે, 'બ્રહ્મભટ્ટ-બ્રાહ્મણ જાતિમાંથી બાળવિવાહની કુરૂઢિ સદંતર નાબૂદ કરવા માટે જ્ઞાતિનાં પુત્ર-પુત્રીઓનાં લગ્ન અનુક્રમે કમમાં કમ સોળથી વીસ (પુત્ર) અને બારથી ચૌદ (પુત્રી) વર્ષની વયે કરવાં''[૪૫] છતાં પણ આ કાયદાનો અમલ પૂરતા પ્રમાણમાં થયો ન હોવાથી દશ વર્ષના ગાળામાં (૧૯૨૨ થી ૧૯૩૨) દરમ્યાન મળેલાં વિવિધ સંમેલનો અને પરિષદોમાં બાળલગ્ન નિષેધ માટે ચર્ચાઓ, ઠરાવો અને પ્રયત્નો થતા ગયા. આમ સરકારી કાયદાઓ, જ્ઞાતિપત્રોનાં લખાણો, સુધારકોના પ્રયાસો તેમજ યુવક મંડળોની જાગૃતિ આવવા લાગી, બાળલગ્નનું પ્રમાણ ઘટ્યું ને આવાં લગ્નો તરફ લોકોમાં ઘૃણા વધતી ચાલી. આવા અભિગમને ઉત્તેજન મળતું રહે તે માટે ચુ. પુ. બારોટ જેવા જાગ્રત તંત્રીઓ પોતાની કલમ દ્વારા ચેતવણી આપતાં નોંધતા રહેતા કે

''ચૌદ વર્ષ પૂરાં ન થયાં હોય તેવી કન્યાનાં અને અઢાર વર્ષ પૂરાં ન હોય તેવા મૂરતિયાનાં લગ્નો તે બાળલગ્નો છે. સરકારમાં કાયદા પ્રમાણે ફરિયાદ થતાં એનો ભંગ કરનારને માત્ર દંડ જ નહિ, પણ કેદની સજાય થઈ શકે છે. ઓલાદ દિનપ્રતિતિદિન ઊતરતી (કક્ષાની બનતી) જાય છે, બાળવિધવાઓની સંખ્યા વધતી જાય છે અને સમજુ સમાજમાં આપણી કોમની પ્રતિષ્ઠા હલકી પડે છે.''[૪૬]

આમ સમગ્રપણે જોઈએ તો ઉપર્યુક્ત તમામ પ્રયત્નોને લીધે ૧૯૩૫થી ૧૯૫૦ સુધીનાં પંદર વર્ષો દરમ્યાન સ્વતંત્રતા-લડતના સમયમાં બ્રહ્મભટ્ટ જ્ઞાતિમાં પણ આધુનિક વિચારસરણી પ્રબળ બનતી ચાલી. જ્ઞાતિના સપૂતો સ્વાધીનતા-સંગ્રામમાં

પણ પોતાનો ફાળો નોંધાવતા રહ્યા. ચુ. પુ બારોટ જેવા સ્વાતંત્ર્ય સેનાનીએ સ્વજ્ઞાતિ સુધારવાનું પોતાનું કામ ચાલુ રાખ્યું હતું. આ રીતે કાળના પ્રવાહો પલટાતાં માણસો બદલાયા, વિચારો બદલાય, દેશ સ્વતંત્રતા મેળવી શક્યો, સમગ્ર દેશમાં સાર્વત્રિક સુધારણાની હવસા ચાલી. મહાત્મા ગાંધીજીન વિદાય પછી પણ એ હવા ચાલુ રહી. બદલાયેલા વાતાવરણમાં દશરથ બ્રહ્મભટ્ટે : ૧૯૫૦, ઓગસ્ટમાં : 'ભટ્ટભાસ્કર' દ્વારા નવા સ્વરૂપે થતાં લગ્નો-કુમાર લગ્નોને બાળલગ્નનું બીજું સ્વરૂપ ગણાવી તેનાથી સાવચેત રહેવા જણાવતાં લખ્યું કે ''પુત્રી ચૌદ-પંદરની થઈ કે સાપના ભારા ગણાય. શિક્ષણ પૂરું થયે લગ્ન કરી દેવાય. તેના પર બીજી એક વ્યક્તિ અને માયકાંગલી પ્રજાની જવાબદારી લદાય... માબાપોને ખબર નથી કે તે પોતાનાં સંતાનોની આ રીતે જિંદગી બગાડી રહ્યાં છે''[૪૭]

આ લેખકે બાળલગ્નોના અનિષ્ટને બદલે નવુ અનિષ્ટ ન ઘૂસે તેવી ચેતવણી આપી હતી. આવા પ્રયાસોને લીધે બાળલગ્નોનું અનિષ્ટ પહેલાં કરતાં ઘણું નષ્ટપ્રાય થયું અમે કહી શકય અને એમાં જ્ઞાતિપત્રો, જ્ઞાતિના અને અન્ય સમાજ સુધારકો વગેરેનો ફાળો અત્યંત મહત્ત્વપૂર્ણ ગણી શકાય તેવો હતો.

### બહુલગ્ન, વૃદ્ધલગ્ન તેમજ કજોડાંની કુપ્રથા

હિંદુ સમાજના અન્ય વર્ગોની માફક બ્રહ્મભટ્ટ જ્ઞાતિમાં પણ બાળલગ્નોની કુપ્રથા પ્રચલિત હતી તે ડામવા માટે તેમજ પુખ્ત વયે સમજપૂર્વકનાં લગ્ન કરવા કરાવવા માટે જ્ઞાતિસુધારકોએ કેવા પ્રયત્નો કર્યા તે જોયા પછી હવે એવા જ એક બીજા કુરિવાજ બહુલગ્નપ્રથા-બહુપત્નીપ્રથા તથા વૃદ્ધલગ્ન કે કજોડાં બાબતે શી સ્થિતિ હતી અને તેમાં સુધારાઓ કરવા માટે સુધારકોએ કેવા કેવા પ્રયત્નો કર્યા તેની ચર્ચા અત્રે હાથ ધરીશું.

આમ તો સમગ્ર હિંદુ સમાજના આદર્શ સમાન મર્યાદા પુરુષોત્તમ શ્રીરામચંદ્રજીએ એકપત્નીવ્રતનો આદર્શ માત્ર કહીને નહીં, પણ જીવીને બતાવ્યો હતો. કાળક્રમે રામચંદ્ર ભગવાનની પૂજા તો ચાલુ રહી, પરંતુ તેમના દ્વારા પ્રસ્થાપિત આદર્શ લગભગ ભુલાઈ જવા પામ્યો. પરિણામે સમગ્ર વિશ્વમાં અત્યંત પ્રશંસા પામેલ હિંદુ લગ્નપ્રથાની ગરિમાને ફટકો પડ્યો હતો તેથી સમાજ-સુધારકોએ સ્વજ્ઞાતિ અને સમગ્ર સમાજમાંથી બહુલગ્નની આ કુપ્રથા દૂર કરવા ભગીરથ પ્રયત્નો હાથ ધર્યા. પટેલ જ્ઞાતિના નિષ્ઠાવાન અને નીડર સુધારકો જેવા કે વડોદરા પ્રજામંડળના પ્રમુખ ઢસા દરબારશ્રી ગોપાળદાસ અંબાઈદાસ દેસાઈ, 'પાટીદાર જ્ઞાતિપત્રિકા'ના આદ્યમંત્રી શ્રી નરસિંહભાઈ ઈશ્વરભાઈ પટેલ તેમજ લોકલાડીલા સરદાર પટેલ વગેરેએ પ્રસંગોપાત્ત આગ ઝરતી જબાનમાં વકતવ્યો આપ્યાં અને 'પાટીદાર' જેવાં જ્ઞાતિમાસિકોએ તેને

બેધડક છાપીને સમાજને બેનકાબ કરવા પ્રયત્ન કર્યો. પાટીદાર જ્ઞાતિના રીતરિવાજો બ્રહ્મભટ્ટ જ્ઞાતિને પણ ઘણે ભાગે મળતા આવતા હોવાથી સીતારામ શર્મા, ચુ. પુ. બારોટ, પ્રહ્લાદ બ્રહ્મભટ્ટ, ઝવેરભાઈ કવિ જેવા કેટલાક બ્રહ્મભટ્ટ સુધારકોએ પણ પાટીદાર જ્ઞાતિની માફક પોતાના જ્ઞાતિમાસિકોમાં સ્વજ્ઞાતિસુધાર માટે જે પ્રયત્નો આદર્યા તેને લીધે અને સરકારે આવા પ્રયત્નોને અનુલક્ષીને બહુપત્નીપ્રથાને ગેરકાયદે ઠરાવી તેને લીધે આ અભિયાન સારા એવા પ્રમાણમાં સફળ નીવડ્યું એમ કહી શકાય.

'પાટીદાર'ના આદ્ય તંત્રી અને જ્ઞાતિસુધારક શ્રી નરસિંહભાઈ પટેલ હિંદુ સમાજમાં ચાલતો લગ્નપ્રપંચ ખુલ્લો પાડવા અને સદીઓથી લગ્નપ્રથામાં પુરુષોનું જે વર્ચસ ચાલતું હતું તે રોકવા માટે 'પુરુષનો લગ્નપ્રપંચ' એ શીર્ષક નીચે ધારદાર કલમથી લેખ લખ્યો, જે માત્ર બ્રહ્મભટ્ટને જ નહિ પણ સમગ્ર હિંદુ સમાજને લાગુ પડતો ઓવાથી અત્રે ટાંકું છું :

''પુરુષ માટે લગ્ન મરજિયાત છે, સ્ત્રીને માથે ફરજિયાત (અહીં પુરુષ માટે અને સ્ત્રીને માટે શબ્દનું પ્રયોજન સહેતુક જણાય છે.) વિધુર થતાં પુરુષ માટે પુનર્લગ્નના પ્રાચીન અધિકાર અખંડિત અને સ્ત્રીના અધિકાર ખાંડી નાખેલ. સ્ત્રીને તો અમુક ઉંમરે પરણવું... પરણી નાખવું... પરણી મરવું જ પડે. પરણ્યા પછી બીજી જ પળે વિધવા થતાં પણ મરતાં સુધી વૈધવ્ય પાળવું જ પડે. આમ સ્ત્રીના લગ્નવિષયક સર્વાધિકાર પરાધીન છે, પણ પુરુષના સર્વાધિકાર (પોતાને) અધીન છે.''

આમ સ્ત્રીને પામર કરવા પુરુષે જાણી જોઈને છળ કર્યું છે. લગ્નવિષયે પુરુષ પોતાની સગવડ-અગવડ કે પોતાના માપદંડ મુજબ આ રિવાજ ઘડ્યા છે, એટલું જ નહીં પણ સ્ત્રીને તેની અજ્ઞાન, અબૂધ અવસ્થામાં પરણાવી દઈને આ છળ-કપટ ન પકડાય તેવી ગોઠવણ પણ પુરુષે કરી છે એમ કહેતાં તેઓ આગળ નોંધે છે કે

''સ્ત્રીને મોટી ઉંમરની થવા દે તો લગ્નવિષયમાં પુરુષની સામે જઈને તે બંડ ઉઠાવે, માટે તેને નાનપણથી જ પરણાવી દેવી, નહીં તો રજસ્વલા થયે કુંવારી રહેતાં તેનાં માબાપ નરકમાં પડે એવી પણ સ્વાર્થી અને ભ્રષ્ટ પુરુષ સ્મૃતિકારોએ મૂર્ખ જનસમાજને બીક દેખાડી છે. પુરુષને આવાં કોઈ જ બંધન નડતાં નથી. તેના પરિણામે ગમે તે વયનો અને ગમે તે અવસ્થાનો પુરુષ નાની કુમળી કન્યા સાથે લગ્ન કરી શકે. સ્વાર્થી માબાપ કુળને કે પૈસાને કે બીજે સ્વાર્થે થઈને કન્યાહિત તરફ દૃષ્ટિ ન રાખતાં તેને લગ્નવેદી પર હોમી દે.

कन्या यच्छति वृद्धाय नीचाय धनलीप्सया।
कुरूपाय कुशीलाय स प्रेतो जायते नरः।।

અર્થાત્ ધનને લોભે કન્યાને, વૃદ્ધ, નીચ, કૂબડા કે દુર્ગુણીને દેનાર માણસ પ્રેત થાય છે એવા સ્મૃતિકારોના નિષેધને અવગણીને પણ સ્વાર્થી માબાપ પોતાની કૂમળી કન્યાઓને ભ્રષ્ટ લગ્નવેદી પર હોમે છે... સ્ત્રીજાતિ અને સમસ્ત જનસમાજ પર આનાં કેવાં ભયંકર પરિણામ આવ્યાં છે? અનેક કૂમળી નવોઢાઓ પ્રૌઢ અને બળવાન પુરુષની કામલોલુપતાને પરિણામે જુવાનીમાં જ મરણ પામે છે, જીવતી રહે છે તે ભાગી જાય છે અને તેમનાં જિવતર હણાય છે. વૃદ્ધ પુરુષની જુવાન સ્ત્રીઓ કુદરતી કારણે વિધવા થાય છે તે પુનર્લગ્ન કરી શકે નહીં, જ્યારે વિધુરને પરણ્યા વિના ચાલે નહીં, વળી કેટલાકને તો સાથે લાગી બબ્બે કે ત્રણ ત્રણ સ્ત્રીઓ જોઈએ.''[૪૮]

આમ સમગ્રપણે જોઈએ તો આવા પ્રપંચ દ્વારા પુરુષે સ્ત્રીને અનયાય કર્યો છે, એટલું જ નહીં, પણ બાપ-ભાઈ-દીકરા કે પતિના રૂપમાં હંમેશા સ્ત્રી પર વર્ચસ્વ જમાવી રાખીને પુરુષ સ્ત્રીના અસ્તિત્વનો ઉપહાસ કર્યો છે, તેનું જીવન પરાધીન કે પાંગળું બનાવી દીધું છે, તેને પાંગરતી જ પરણાવી દઈને તેના દૈહિકવિકાસ ઉપર છીણી મૂકી દીધી છે. પરણ્યા પછી પતિદેવની ખાનગી મિલકત બની જતી બાળાને રૂઢિઓની સાંકળેથી જકડીને પૂજા કરવાનું મર્દાનગીભર્યું મિથ્યાભિમાન લેતો પુરુષ કેવળ પ્રપંચ જ કરે છે. લગ્ન જેવા ઉચ્ચ સંસ્કારને આમ લાકડે માંકડું વળગાડી દેવાનું સ્વરૂપ પ્રાપ્ત થયું છે તે દૂર ન થાય ત્યાંસુધી વિશુદ્ધ સંસ્કાર કેમ પાંગરે? ગુજરાતના જાણીતા કવિ શ્રી નાનાલાલની લગ્નમીમાંસા અનુસાર ''ઉભયના ઉરનું ઐક્ય એ જ લગ્ન''. એવા જ બીજા ગુજરાતી સાક્ષરશ્રી ગોવર્ધનરામ ત્રિપાઠીના કાવ્યની પંક્તિઓ ટાંકીને શ્રી નટવરલાલ છોટાલાલ બારોટે 'ભટ્ટભાસ્કર'માં જ્ઞાતિબંધુઓને આવાં પાપલગ્નો દ્વારા સર્જાતાં કજોડાં માટે સાફ શબ્દોમાં લખ્યું છે કે

''સંસાર માંહિ પ્રયાણ કાજ જ માન્ય ચેતન સર્વ છે,
બે એકથી જ ભલાં પ્રવાસ વિષે મળી કહ્યું એવુંયે,

એ મિત્રતાનો હેતુ, પણ રસ-ઐક્ય વણ નહિ મિત્રતા,
નહિ ગ્રહે ઉરપારો વિગુણ ચિત્તસ્થળી પર સ્થિરતા.''

સંસારશકટ(સંસારરૂપી ગાડા)નાં બે ચક્રો સ્ત્રી અને પુરુષ... એકાદ ભાંગ્યું તો સફર અધવચ્ચે જ ભાંગવાની જેવી સ્થિતિ ભાંગફોડથી ઉત્પન્ન થવાની તેવી જ સ્થિતિ ઉદ્ભવે, જો સ્ત્રી અને પુરુષ વચ્ચે મન-ઐક્ય ન હોય તો. ''રસ-ઐક્ય પણ ઐક્ય નહિ.'' એ ગોવર્ધનરામનું અનુભવગમ્ય બ્રહ્મવાક્ય કોણ ઉવેખી શકે? અને ''રસ-ઐક્ય વણ નહિ મિત્રતા'' એ પણ એટલું જ સાચું છે... પરંતુ પુરુષ પચાસનો હોય

અને સ્ત્રી યૌવનને આરે પગ માંડતી હોય તો તેમની વચ્ચે રસઐક્ય સંભવે ખરું? એક સ્વભાવનાં, સંસ્કારનાં, એક વૃત્તિનાં સ્ત્રીપુરુષો પામે છે. ન ઐક્ય એટલે આદિ ને અંત... સંસારનાદ ત્યારે જ પ્રગટે, જ્યારે સ્ત્રીપુરુષનું મન-ઐક્ય થાય. ને ત્યારે જ 'પરણવું એટલે પ્રભુતામાં પગલાં માંડવા' સાચું ઠરે ને તેમ ન બને તો પરણવું એટલે વિનાશને પંથે પડવું. જે માબાપો લગ્નજીવનના સાચાં રહસ્યને સમજ્યા વિના લગ્નને પ્રજોત્પત્તિનું સાધન સમજી પુત્ર-પુત્રીના મોહમાં સમગ્ર સંસારને, તેના મોંઘામૂલા માનવજીવનને દુઃખમય કરી મૂકે છે તે માબાપો માબાપરૂપ શત્રુની ગરજ સારે છે ને પુત્રનું હિત કરવા જતાં અહિત જ કરી બેસે છે.[૪૯]

આવા સ્પષ્ટ શબ્દોમાં બ્રહ્મભટ્ટ સુધારક લેખકોએ સમાજની લગ્નવ્યવસ્થાની ઊણપો છતી કરીને, તેના લેખો જ્ઞાતિમાસિકોમાં આપીને લોકોને 'લગ્ન'ની સાચી સમજ આપવા પ્રયત્ન શરૂ કર્યો. વરકન્યાના અયોગ્ય જોડાને જ્યાં જ્યાં ગોઠવી દેવાની ક્રિયા એટલે કે બહુલગ્ન-વૃદ્ધલગ્ન અથવા કજોડું, આવાં લગ્નોથી કન્યાની સ્થિતિ કફોડી થાય છે, કારણ કે પુરુષ બીજી વાર લગ્નઘેલો બને તો સમાજ એને રોકતો-ટોકતો નથી પરંતુ સહન કરવાનું તો સ્ત્રીને ભાગે જ. માટે જ ખ્યાતનામ ગુજરાતી વિદ્વાન રામનારાયણ પાઠક નોંધે છે ''હિંદુઓના પહેલા લગ્નને માટે કશા જ કારણની જરૂર હોતી નથી અને બીજા લગ્ન માટે દરેક હકીકત કારણ બને છે તે સાચું છે. ગુજરાતમાં 'ગૌરીવ્રત' દ્વારા કુમારિકાઓ પ્રભુ પાસે સારા, યોગ્ય અને લાયક વરની માગણી કરતી હોય છે, પરંતુ અણસમજુ માબાપ દ્વારા કૂમળી કળી જેવી કન્યાના માથે બીજી વાર પરણેલો-ઘરડો પતિ ઠોકીને તેને દુઃખના દરિયામાં હડસેલી મૂકે છે ત્યારે કેવી સ્થિતિ થાય છે તેનું કરુણ વર્ણન કવિશ્રી વલ્લભ ભટ્ટે પોતાનાં ''કજોડાના ગરબામાં કર્યું છે તે જોઈએ :

''ગોરમા, ઘરડો તે ભરથાર, કે આપ્યો મુજને લોલ,
ગોરમા, ધિક કીધો અવતાર કે શું કહું તુજને રે લોલ,
ગોરમા, હું તો નાનું બાળ, કે એ મોટો બૂઢિયો રે લોલ,
ગોરમા, મારું થયું જોબન ને પિયુ વરવો થયો રે લોલ.
ગોરમા, શિયાળાની રાત, કે સ્વાદ હોય ઘણો રે લોલ,
ગોરમા, મૂરખ ઘરડી જાત કે કેવો ગૂંગણો રે લોલ,
ગોરમા, નવરાત્રના દિન કે સહુ સોહામણા રે લોલ,
ગોરમા, પિયુની ઘરડી જાત કે અર્થ ક્યાંથી સરે રે લોલ.

ગોરમા, સહુને મન દિવાળી કે મારે હુતાશણી રે લોલ,
ગોરમા, મારા કરમના ભોગ કે હું તો નિરાસણી રે લોલ,
ગોરમા, પિયુજી સૂતા તાણી સોડ કે થાઉં સતી રે લોલ,
ગોરમા, કર જોડી લાગું પાય કે દેજો સમ્રથ ધણી રે લોલ.''

આ ગરબામાં કવિએ કન્યાના કોડ અને તેના વૃદ્ધ પતિ વચ્ચે સતત ચાલતા માનસિક ગજગ્રાહ કે વૈમનસ્યની વ્યથા-કથા ચીતરીને આવા વ્યંગ્યગીત દ્વારા માબાપોને પોતાની કન્યાને દુઃખમાં ન નાખવા સમજાવ્યાં છે. બીજી સ્ત્રીઓ જ્યારે આનંદ-મંગલ કરતી હોય ત્યારે આવો પતિ મેળવીને કલ્પાંત કરતી કન્યા પ્રભુને બીજા જન્મમાં સારો પતિ આપીને તે જન્મ સુધારવા વિનંતી કરે છે., કારણ કે આ જન્મ સુધારવાનું તો હવે તેના હાથમાં રહ્યું નથી. આ બાબત કન્યાની દયનીયતા દર્શાવે છે.

આવા જ એકબીજા વ્યંગ્ય કાવ્યમાં કવિએ પ્રપંચી પુરુષે બીજી વાર લગ્ન કરવાની તૈયારી કરી છે અને ત્યારે તેની હયાત પત્નીને કેવી વ્યથા થતી હશે તેનો ચિતાર આપી આવા દ્વિલગ્ન કે બહુલગ્ન કરવા ઘેલા પુરુષને પોતાની પુત્રી ન આપવા ''બીજવરની જાનમાં'' નામના કાવ્ય દ્વારા ઈશારો કર્યો છે તે કવિશ્રી કેશવના શબ્દોમાં જોઈએ :

''કંકુ છાંટી કંકોતરી મોકલી રે ભાઈ જાનમાં ચાલો,
જૂની વહુ બેઠી-સૂતી એકલી રે કરે લોહી ઉકાળો.
હાંરે લેવાણાં ઘડિયાં લગ્ન રે ભાઈ જાનમાં ચાલો,
બળતી બાળાને અંગ અંગ રે ધીકે છાતીએ લ્હાળો.
હાંરે પરણે બીજવર ફૂટડો રે, ભાઈ જાનમાં ચાલો,
થતા જૂનીના દિલના ટુકડા રે, વેરી બનતો વ્હાલો.
શોધ્યું સાસરિયું વરે ખાસ્સું રે, ભાઈ જાનમાં ચાલો,
પેલી ત્યજેલીનાં ઊનાં આંસુ રે, કોણ લૂંછવાવાળો ?
પેલો પુનર્લગ્ને પીઠી ચોળે રે, ભાઈ જાનમાં ચાલો,
બાળા બળબળતા બોલ બોલે રે, કોઈ તો ઉત્તર આલો.
છતે હેવાતને કીધી હીણી રે, તમે સુણજો શાણા,
એવી બદી પર દેવા છીણી રે, ઠોકો યુવાનો થાણાં.''૫૧

આ ગીતમાં કવિએ છતી પત્નીએ બીજી વાર લગ્ન કરતા ઉતાવળા બનેલા વરની ઠેકડી ઉડાવશં પુરુષની સ્વચ્છંદતા અને સ્ત્રીની નિતાંત વ્યથા દર્શાવી સમાજના આ કુરિવાજ પર કુઠારાઘાત કરવા માટે યુવકાને છીણી ઉઠાવી કુરિવાજોનું છેદન કરવા હાકલ કરી છે. આવી જ હાકલ કરતાં યુવકોને જાગ્રત બનવા જણાવતાં જાણીતા સમાજસુધારક શ્રી ગોપાળદાસ દરબાર તેજ જુબાનમાં જણાવે છે કે,

''ઉઠો, આજે ગગન ગજવી બોલો કે અમે બાળલગ્ન-વૃદ્ધલગ્ન કે બહુલગ્ન નહિ સાંખવાના.... અને પ્રાચીન આર્ય પ્રણાલિકાને ઈચ્છાલગ્ન કરવાના અને કરાવવાના.''[૫૨]

પોતાની આજુબાજુની જ્ઞાતિઓમાં જ્યારે આવી હાકલો દ્વારા જનજાગૃતિ અને રૂઢિઓના છેદનનું કામ જોરશોરથી થઈ રહ્યું હોય ત્યારે બ્રહ્મભટ્ટ જ્ઞાતિસુધારકો ચૂક કેમ બેસી રહે? તેમણે પણ સ્વજ્ઞાતિ-સુધાર માટે હાકલ કરી આવા જ વિચારોનો પ્રતિસાદ પાડતો એક બીજો લેખ 'મનના મણકા' રૂપે શ્રી મણિલાલ ચુ. બ્રહ્મભટ્ટે રજૂ કર્યો, જેમાં બહુલગ્નને વખોડી તે સામે સુધારાની ઝુંબેશ ચલાવવા કહેવામાં આવ્યું છે : ''અનેક પત્નીઓવાળા પતિદેવના સંસારનું વર્ણન કરવાની જરૂર નથી. જ્યાં જ્યાં એવો સંસાર છે ત્યાં નિત્ય ભવાડા છે અને આજુબાજુ વસતા લોકો તે રોજ જુએ છે અને આપણે તિરસ્કાર જ કરે છે.'' આવા કુરિવાજને રમૂજરૂપે રજૂ કરી લોકજાગૃતિ લાવવાના આશયથી લોકગીતો ગવાતાં તેમજ રામલીલા કે ભવાઈનાં ફારસ (પ્રહસન) પણ ભજવાતાં, જેમાં બે પત્નીવાળા પુરુષની કફોડી સ્થિતિ દર્શાવી બહુલગ્નપ્રથા અટકાવવાનો ઉપદેશ અપાયો હોય ત્યાં તેવાં ઉદાહરણોથી આપણે સર્વે વાકેફ છીએ છતાં આવાં રમૂજી લોકગીતો કે જોડકણાં લોકપ્રિય હોવાથી તેની બે કડીઓ નમૂનારૂપે અત્રે ટાંકું છું :

''જૂની મગે બાજરી ને નવી માગે ઘઉં,
ઘરમાં બૈરા કજિયા કરે ક્યાંથી લાવી દઉં,
મારા બાપ મારી નાખ્યો રે.
જૂની મારે જોડેથી ને નવી મારે બહુ,
સૌને વીનવી કહું છું, બે ના કરશો વહુ,
માબાપ મારી નાખ્યો રે...''

આ લેખકે ''મનના મણકા'' દ્વારા જ્ઞાતિના યુવકોને આવા કુરિવાજના ઉન્મૂલન માટે હાકલ કરતાં આગળ નોંધ્યું છે કે ''કોમનો સુધરેલ-ક્ષિક્ષિતવર્ગ પોતાને કાંઈ પણ

કરી શકવા અસમર્થ માને છે? શા માટે એ મૌન સેવે છે? શિક્ષિતો પદવીધરો નથી લખતા લેખો, નથી ઘૂમતા સેવાયાત્રાઓમાં કે નથી ઘૂમતા મંડળોમાં. આનું કારણ શું? શું કોમમાં સમર્થ આગેવાનોની ખોટ છે? શું એનામાં જુવાનીના જોમની ઊણપ છે? શું તેઓ પેટભર્યાથી જ સંતુષ્ટ છે કે પછી શું ગાડરિયા પ્રવાહનાં વહેણ બદલવાં એમને ગમતાં નથી? શું છે?''[૫૩]

આવાં આવાં ઉપાલંભો, હાકલો અને પડકારોનો પ્રભાવ પડ્યો હોય તેમ બ્રહ્મભટ્ટ જ્ઞાતિસુધારકોએ જ્ઞાતિમંડળો અને યુવકમંડળો દ્વારા આવા કુરિવાજોના ઉન્મૂલન અર્થે એક બાજુ જે ઠરાવો કર્યા તે જોઈએ ''એક કરતાં વધુ સ્ત્રી કરવાનો ચાલ અટકાવવો, મોજશોખનાં સાધનો તરીકે તેમજ પહેરામણી-પૈઠણ ખાતર બીજી સ્ત્રી થઈ શકે નહિ, પણ પ્રથમની સ્ત્રી નિઃસંતાન હોય કે ગુજરી ગઈ હોય, અશકત હોય કે અસાધ્ય રોગથી પીડાતી હોય, સંતાન ન થતાં હોય તેવા દાખલાઓમાં જ બીજી સ્ત્રી કરવાની છૂટ આપી શકય, પરંતુ બાળલગ્ન અને વૃદ્ધ ધણી માટે તો ખાસ પ્રતિબંધ થવો જોઈએ.''[૫૪]

જ્યારે બીજી બાજુ લગ્નસરા શરૂ થતાં આવાં બાળલગ્નો ન કરવા માટે ''ભટ્ટભાસ્કર''ના કવર પેજ પર તંત્રીએ તેજાબી ભાષામાં ચેતવણી આપતાં લખ્યું છે કે

''આ જમાનામાં પોતાની કન્યાને માટે ચાલીશ કરતાં મોટી ઉંમરનો મુરતિયો શોધવા કરતાં... વગર પરણાવ્યે બાળવિધવા સમજીને જ ઉછેરવી વધુ સારું છે.'' આગળ બીજી ચેતવણી ઉચ્ચારતાં એમણે જણાવ્યું કે ''કજોડાં ન કરશો. કજોડાંના સંસારમાં હંમેશાં હોળી જ સળગતી રહે છે.''[૫૫]

આમ આપણે જોયું કે સ્વજ્ઞાતિ અને સમાજની અન્ય જ્ઞાતિઓમાં પણ આવાં દુષ્ટ લગ્નો સામે જનજાગૃતિ વધી જતાં સુધારકો માત્ર જણાવેલ ઠરાવો પસરા કરીને મૂંગા બેસી રહ્યા ન હતા, તેમણે તો જ્યાં જ્યાં આવાં દુષ્ટ લગ્નો થતાં જણાયાં ત્યાં ગાંધી-ચીંધ્યા માર્ગે અહિંસક સત્યાગ્રહ કરીને ખુદ મહાત્મા ગાંધીજીની પ્રશંસા અર્જિત કરી. આવાં કેટલાંક દુષ્ટ લગ્નો અને સુધારકોના પ્રયત્નોના ઉદાહરણો હવે જોઈએ.

સૌથી પહેલું દષ્ટાંત ખંભાતિનિવાસી શ્રી મૂળજીભાઈ મોહનભાઈ બારોટના વૃદ્ધ લગ્નનું છે. આ એમનું લગભગ ચોથું લગ્ન હતું. આ પ્રસંગે સમગ્ર ગુજરાતના બ્રહ્મભટ્ટોએ જ્ઞાતિજનો ઉપરાંત આગેવાન સમાજસુધારકો, જેમાં મહાત્મા ગાંધી, સુમંત મહેતા, કાકાસાહેબ કાલેલકર વગેરેનું ધ્યાન દોરી તેમનું માર્ગદર્શન પણ માગ્યું હતું. આવા લગ્ન કરવારની સાન ઠેકાણે લાવવા અને તેને તેમ કરતાં અટકાવવા પૂરતા

પ્રયત્નો કર્યા હતા. આવા લગ્નઘેલા શ્રી મૂળજીભાઈની ઓળખ આપતાં 'ભટ્ટભાસ્કર'ના તંત્રી શ્રી ચુ. પુ. બારોટ નોંધે છે કે ''મૂળજીભાઈને વાળ ધોળા થયા છે. બધા દાંત પડી ગયા છે. ચોકઠાથી ચાવવું પડે છે. આંખે મોતિયા ઉતાર્યા છે. કંપવાની શરૂઆત છે. છેલ્લે ઘાતક માંદગીમાંથી હમણાં પરાણે બચીને બેઠા થયા છે. ૬૫-૭૦ની વર્ષની ઉંમર થવા આવી છે. ખાલ (ચામડી) લબડવા લાગી છે અને ત્રીજી કે ચોથી વારની પત્નીના મરણને પૂરો માસ પણ વીત્યો નથી ત્યાં તો ચારે કોરથી અફવાઓ ઊડી છે કે ગુજરાત બ્રહ્મભટ્ટ કેળવણી મંડળના પ્રમુખ, સંસારસુધારક શ્રીમંતસયાજીરાવ ગાયકવાડ સરકારના પેન્શનર, આપણી ન્યાતમાં પહેલવહેલા વિલાયત સફર કરી આવનાર અને 'પેપરોના જાણકાર' શ્રી મૂળજીભાઈ પરણવા ઊભટ્યા છે. આ અફવા સાંભળતાં અમને અત્યંત દુઃખ થયેલું. વસ્તુતઃ અમે એ સમાચાર માની શક્યા જ નહીં, છતાં અફવાઓ જોરથી ફૂંકાતી હોવાથી અમે ખરી હકીકત શી છે તે શ્રી મૂળજીભાઈને પોતાને જ પૂછી જોતાં, (પોષ વદ ૧૩, ૧૯૮૪ના રોજ) પત્ર લખેલો.''[૫૬]

શ્રી મૂળજીભાઈ જેવા વિદ્વાન, કેળવણીપ્રિય, સંસાર સુધારકક્ષાના માણસ ચોથી વાર લગ્ન કરવા ઉત્સૂક બને તે માની ન શકવાથી તંત્રી શ્રી ચુ. પુ. બારોટે મૂળજીભાઈનો ખુલાસો પૂછતાં તેમણે કેટલાંક હાસ્યાપદ કારણો દર્શાવીને આ લગ્ન કરવા ઈચ્છા દર્શાવી. આમ ખુલાસો મળ્યા પછી ચુ. પુ. બારોટે 'ભટ્ટભાસ્કર'ના માધ્યમથી આ બાબતે જનજાગૃતિ તૈયાર કરી અને જ્ઞાતિ ઉપરાંત ગાંધીજી, કાકાસાહેબ કાલેલકર અને શ્રીમંત સુમંત મહેતા જેવા પ્રખ્યાત સુધારકોને આ બાબતમાં રસ લેતા કર્યા. ગાંધીજીએ જાતે શ્રી મૂળજીભાઈને પત્ર લખીને આ લગ્ન ન કરવા માટે અને ૧૫-૧૬ વર્ષની અબૂધ કન્યાનો ભવ ન બગાડવા સમજાવતાં બ્રહ્મભટ્ટ સુધારકોને આ પાપ લગ્ન અટકાવવા માટે 'ગાયને કોણ છોડાવશે?' એવા શીર્ષક નીચે તારીખ ૨૮-૨-૧૯૨૮ના 'નવજીવન'ના લેખ લખ્યો કે

''જો બ્રહ્મભટ્ટ જ્ઞાતિમાં બાળાઓને સારુ લાગણીની શૂન્યતા હશે, એ જ્ઞાતિમાં હૃદયવાળા માનવીઓમાં કાયરતા હશે તો અને એ કોમમાં જાહેરમત જેવું કંઈ જ નહિ હોય તો આ કજોડું થતું કોઈ જ નહિ અટકાવી શકે. અને તેથી બ્રહ્મભટ્ટ કોમમાં ખોબા જેટલા, પણ દયાવાળા જુવાનો કે દયાવાળી સ્ત્રીઓ હોય તેમણે ડરીને પોતાનું કર્તવ્ય ભૂલવાનું નથી... ખંતથી અને જાહેરમત કેળવવાથી આવાં બે લગ્નો થતાં છેલ્લા બાર મહિનામાં અટકી શક્યાં છે, થયેલી સગાઈ પણ તોડી નાંખવામાં આવી, તો અહીં તો હજી સગાઈની વાત જ થયેલી છે ત્યાં જો જાહેરમત કેળવી શકાય તો કોઈ ગરીબ ગાય ઘાતમાંથી બચી જવાનો પૂરો સંભવ છે.''[૫૭]

પૂ. ગાંધીજીએ જાતે અંગત રસ લઈને આ બાબતે જાહેરમત કેળવવા કે અપીલ કરી તેનો સારો એવો પ્રતિભાવ સાંપડ્યો. સમગ્ર જનસમાજમાંથી બ્રહ્મભટ્ટ જ્ઞાતિના અગ્રણી સુધારકો, યુવકો અને મહિલાઓ દ્વારા આ અત્યાચારી પાપલગ્ન થતું અટકાવવા અનેક અપીલો કરવામા આવી અને જાણે કે આ પ્રશ્ન માત્ર બ્રહ્મભટ્ટ સમાજનો જ ન હોય, પરંતુ સમગ્ર હિંદુ સમાજનો હોય તેવું વાતાવરણ સર્જાયું. સમગ્ર રાજ્યમાં નાનાં મોટાં ગામ અને શહેરોમાં આ લગ્નના વિરોધનાં સભાઓ-ચર્ચાઓ ગોઠવવામાં આવી. મહારાજા સયાજીરાવ ગાયકવાડના રાજ્યમાં મૂળજીભાઈ સરકારી ખાતામાં વર્ષો સુધી સેવક હોવાના ખાતે પેન્શન ભોગવતા હોવાથી વડોદરા મુકામે આ નિંદ્યલગ્ન સામે પ્રબળ વિરોધ દર્શાવવા બ્રહ્મભટ્ટોની એક જાહેર સભા શ્રી દાજીભાઈ બ્રહ્મભટ્ટ છાત્રાલયના મકાનમાં તારીખ ૨૬-૨-૧૯૨૮ની રાત્રષ આઠ વાગ્યે મળી, જેમાં જ્ઞાતિના આગેવાનો નાગરિકો ઉપરાંત જાહેર જનતાએ પણ ભાગ લીધો. સભાનું પ્રભુખસ્થાન ગુજરાતના જાણીતા સમાજસેવક શ્રી સુમંત મહેતા લેવાના હતા, પરંતુ નાદુરસ્ત તબિયતને કારણે તેઓ હાજર ન રહી શકતાં આ લગ્નની કડક આલોચના કરતો સંદેશો પાઠવ્યો તેમાં સ્પષ્ટ જણાવ્યું હતું કે : ‘‘આવાં લગ્નો અટકાવવા માટે પ્રયત્નો કરવા એ તમારો ધર્મ છે... આવી પાશવી વૃત્તિ સહન કરી લેવી જ ન જોઈએ. આ બાબતે તમે ખૂબ પ્રજામત કેળવો અને એમને ભાન (થઈ) આવે એવાં પગલાં લો. હું પોતે સ્પષ્ટ માનું છું કે વડોદરાની સરકારે પણ (આ લગ્ન સામે) અણગમો જાહેર કરવો જોઈએ. આ વખતના ‘નવજીવન’માં મહાત્મા ગાંધીજીએ પણ આ વિષય પર મત દર્શાવ્યો છે. એ પવિત્ર નિઃસ્પૃહી વ્યક્તિ જે સલાહ આપે તેનો સહેલાઈથી અસ્વીકાર થઈ શકે નહીં, તેમ છતાં તે જો તદ્દન નફ્ફટ થઈને પ્રજામતનો તેમજ પોતાની ન્યાયતના જુવાનિયાઓનો અભિપ્રાય નહિ માને તો તે (મૂળજીભાઈ) સુખી થવાના નથી એટલું નક્કી છે. એમને જીવવું ભારે થઈ પડશે. વડોદરા મહારાજશ્રી તથા સરકાર ખુદ આવા વૃદ્ધ અને અસામન લગ્ની વિરુદ્ધ છે. થોડાક સમયમાં કાયદા પણ થશે, તેમ છતાં જો ભાઈ મૂળજીભાઈ કોઈનું સાંભળશે નહિ કે માનશે નહિ તો એ દુષ્ટ કર્મનાં ફળ એમને સહન કરવાં પડશે અને બિચારી બૈરીને (પણ વગર વાંકે) ખમવાં પડશે.’’[૫૮]

આવા સાર્વત્રિક વિરોધને લીધે અને પૂ. ગાંધી બાપુની દરમ્યાનગીરીને લીધે કે તેમની સલાહ માનીને મૂળજીભાઈએ ‘ભટ્ટભાસ્કર’ને તારીખ ૧-૩-૧૯૨૮ના રોજ પત્ર લખીને પોતે ‘‘આવા અવળા વિચારને તિલાંજલિ આપવા’’નો નિર્ણય જાહેર કર્યો. સમગ્ર ગુજરાતના બ્રહ્મભટ્ટોએ આ વિચારને વધાવી લીધો. અમદાવાદ મુકામે જાહેર સભામાં કહ્યું કે મૂળજીભાઈ પોતાના સગા હોવા છતાં સિદ્ધાંત અને સમાજસુધારણા

કાજે આ નિંદ્ય લગ્નનો તેમણે વિરોધ કર્યો હતો તેમ કબૂલીને જણાવ્યું કે ગુજરાતનાં વર્તમાનપત્રો, જ્ઞાતિ અને પરજ્ઞાતિના યુવકોએ પણ સંગીન સહકાર અને પ્રોત્સાહન આપી તેનો વિરોધ કર્યો તે માટે તથા પૂ. ગાંધી બાપુએ અંગત રસ લઈ બ્રહ્મભટ્ટ યુવકોને સત્યાગ્રહનો માર્ગ ચીંધી સફળ દિશાસૂચન કર્યું તે માટે સર્વેનો આભાર વ્યક્ત કર્યો. આમ આ નિંદ્યલગ્ન માત્ર બ્રહ્મભટ્ટ જ્ઞાતિનું જ ન રહેતાં ગુજરાત ભરનું બની ગયું. લોકોએ મૂળજીભાઈએ અંતે લીધેલા ઉચિત નિર્ણયથી આનંદ થયો, પરંતુ તે વિશેષ ટકે તે પહેલાં પાપભીરુ અને અવિચારી શ્રી મૂળજીભાઈએ વિશ્વવંદ્ય મહાત્મા ગાંધીજીને તથા સમગ્ર સુધારકોને અંધારામાં રાખીને ઉત્તર ગુજરાતના લીંચની કન્યા (બાઈ મેના) સાથે (વૈશાખ વદિ નોમ સંવત ૧૯૮૪ના વીંછૂડાના કાળ મુહૂર્તવાળી રાત્રે) ચૂપચાપ અમદાવાદના સરસપુર મુકામે કપટલગ્ન કરી લીધાં અને આમ સમગ્ર જ્ઞાતિ-સમાજની સાથેસાથે મહાત્મા ગાંધીજીને પણ છેતર્યા. આ નિંદ્યલગ્ન સામે જ્ઞાતિસુધારકો તથા સમાજસુધારક શ્રી સુમંત મહેતા વગેરેએ તથા ખૂબ જ ઊંડી વ્યથા સાથે જૂન ૧૯૨૮ના 'ભટ્ટભાસ્કર' વગેરે જ્ઞાતિપત્રોએ પણ નોંધ લીધી. આ ઉપરાંત આ અંકમાં આવા જ બીજા એક લગ્ન બાબતે સમાચાર આપતાં નોંધ્યું કે, વડોદરાના શ્રી. અનોપરાવ (ઉંમર ૪૫ વર્ષ) જેમની અગાઉની પત્નીનાં બે પુત્રો તેમજ એક પુત્રી, જેમાંનો મોટો પુત્ર એમ.બી.,બી.એસ.ની છેલ્લી પરીક્ષામાં બેસનાર હોઈ તે સંજોગોમાં લીંચના શ્રી દમાજી રણાની પુત્રીને પરણવા તૈયાર થયા હતા, પરંતુ મૂળજીભાઈન લગ્નના વ્યાપક વિરોધથી ડરીને એમણે લગ્ન મોકૂફ રાખ્યું હતું. આમ આ સમયે મૂળજીભાઈના દૃષ્ટાંતથી કેટલાંક કજોડાં થતાં અટક્યાં અને કેટલાકે તેમની નફટાઈની નકલ કરી આવાં પાપલગ્નો કર્યાં. પરંતુ એક વાત ચોક્કસ નોંધવી જોઈએ કે પહેલાં આ કામ જે રીતે ખુલ્લે આમ થતું તેમાં હવે લોકલાજ ભળી જતાં તેના પર નિયંત્રણ આવી જવા પામ્યું. વળી સ્વજ્ઞાતિ અને અન્ય જ્ઞાતિના યુવકોએ પોતાની આસપાસ જો કોઈ આવાં કપટલગ્ન કરવા પેરવી કરતો હોય તો તેને ખુલ્લો પાડી દેવા જ્ઞાતિપત્રો કે સુધારકોનો આશ્રય લેવા માંડ્યો. એ રીતે જોઈએ તો આ સુધારણા ચળવળને સફળતા સાંપડી ગણાય.

આવો જ એક બીજો કિસ્સો કે જેમા મહાત્મા ગાંધી-ચીંધ્યા માર્ગે સમસ્ત જ્ઞાતિ અને અન્ય જ્ઞાતિઓના યુવકોએ કેવી જોરદાર લડત આપી તે બતાવવા અને સમાજસુધારણાને ક્ષેત્રે આવી ચળવળો કેવી જાગૃતિ આણી શકે તે દર્શાવવા અત્રે નોંધું છું :

નડિયાદના વતની શ્રી મણિલાલ ગિરધરલાલ બ્રહ્મભટ્ટના મુડદાલ સુપુત્ર શ્રી પ્રભુલાલ, ઉંમર વર્ષ ૧૫ : જેને માત્ર અગિયાર વર્ષની પત્ની હયાત હોવા છતાં બીમારીના બહાને વેડાનિવાસી શ્રી ચુનીલાલ ત્રી. બ્રહ્મભટ્ટની ૧૫ વર્ષની હાડેતી તંદુરસ્ત પુત્રી પત્ની

તરીકે લાવવા તૈયાર થયા તે સમાચાર મળતાં ચું. પુ. બારોટ, શ્રી રણછોડભાઈ સ્વામિનારાયણ (એડવોકેટ), શ્રી દાદુભાઈ જેસંગભાઈ બ્રહ્મભટ્ટ વગેરેએ મહાત્મા ગાંધીજીની સલાહ મુજબ સત્યાગ્રહ કરવાનું નક્કી કરી અમદાવાદ નડિયાદ તેમજ રાજ્યનાં અન્ય ભટ્ટસ્થાનોમાં આવાં લગ્નો રોકવા સારુ જનમત કેળવવા એક અભિયાન ચાલુ કર્યું. બારડોલી સત્યાગ્રહ પછી જાણીતા બનેલા લોકલાડીલા સરદાર પટેલો તો આગળ વધીને બ્રહ્મભટ્ટ સમાજના સુધારક-યુવકોને આ અંગે સલાહ પણ આપી કે,

''તમે યુવકો કેડ બાંધી શેરીએ શેરીએ સભાઓ કરશો, પત્રિકાઓ કાઢશો, કવિતાઓ ગાશો, સરઘસો કાઢશો અને શરમ શરમથી આખું નડિયાદનું વાતાવરણ ભરી દેશો તો લોકોની અને પંચની મંદતા ઘડીક પણ ટકી રહેવાની નથી તેની ખાતરી રાખશો. તમે તમારા કર્તવ્યમાં કટિબદ્ધ થઈ અવિશ્રાંત મંથન કર્યું એટલે સૂતેલા સિંહો જાગશે અને રા. મણિભાઈની બહેર મારી ગયેલ અક્કલ પણ ઠેકાણે આવશે, પણ બધો આધાર તમારા ઘર છે. તમે ફસક્યા તો એ અનાથ બાળાનું અને મુડદાલ પ્રભુલાલનું કોઈ નથી. તમને ધમકીઓ મળશે અને કદાચ માર પણ પડશે તો તે વિનયપૂર્વક ખમી લેશો... આ બાબતે નડિયાદ સમસ્તના યુવકોને જાગ્રત કરો... મહાત્મા ગાંધીજીએ 'નવજીવન'માં લખ્યું છે કે આવા સામાજિક અત્યાચરો સામે તે જ જ્ઞાતિના યુવકોને જ સામે થવાનો દરેકને હક્ક છે તેવું નથી, હિંદુમાત્રને આવા સામાજિક અત્યાચારોનો વિરોધ કરવાનો અધિકાર છે. જો તમે નડિયાદ સમસ્ત જનતાની સહાનુભૂતિ આ કેસમાં દોરવી શકશો તો આપણા મોટેરાઓની શિથિલતા પણ ઊડી જશે...''[૫૯]

આવા પ્રયાસોને લીધે નડિયાદ સમસ્તના હિંદુઓમાંથી લગભગ આઠસો નાગરિકોની જનસભા યોજી. જેનું પ્રમુખસ્થાન પ્રખ્યાત સમાજસુધારક અને વડોદરા પ્રજામંડળના પ્રમુખ ઢસા દરબારશ્રી દેસાઈ ગોપાલદાસ અંબાઈદાસ લેવાના હતા, પરંતુ સરદારશ્રીની સભામાં જવાના હોવાથી તે આવી શક્યા નહિ તેથી પોતાનો સંદેશો મોકલાવી એમણે કહ્યું કે ''એક નિર્દોષ અગિયાર વર્ષની બાળા પર બીજી પરણાવી મારવામાં આવે છે તે બદલ વિરોધ દર્શાવવા મારી પણ ઇચ્છા હતી છતાં હાજરી રહી શકતો નથી તે માટે માફ કરશો. વડોદરા મંડળના પ્રમુખ તરીકે પણ આવું કામ થાય નહિ તે જોવા ખાસ ઇચ્છા છે. આ લગ્ન અટકાવવા હું પણ મારાથી બનતું કરવા પ્રયત્ન કરીશ.''[૬૦] ત્યારબાદ 'પાટીદાર' જ્ઞાતિપત્રના આદ્યતંત્રી અને સુધારક એવા શ્રી નરસિંહભાઈ ઈ. પટેલે પણ આવાં કપટલગ્નો સામે સમગ્ર યુવકોનું અગ્નિવત્ બનવા અને કાયદો નહિ, પણ કલ્યાણ જોવા તથા લગ્નોત્સુક મુડદાલ છોકરાનું અપહરણ કરવા જેવા ઉગ્ર ઉપાયો પણ સૂચવ્યા.

આ લગ્ન અને તેની સામેની લડત ગુજરાતમાં પ્રખ્યાત બની જવા પામી. ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક અને પવિત્ર ઋષિ સમાન શ્રી કાકાસાહેબ કાલેલકરે પણ આ અંગે સલાહ આપી કે ''સત્ય અને અહિંસાના માન્ય કરેલ અમારા ધોરણ સિવાય કોઈ પણ અન્ય ભય, કાયદા કે મિથ્યા ધર્મસ્મૃતિવાદની લેશ પણ દરકાર કરવી નહિ. આવા આતતાયી બડેખાંને જરૂર વખોડો એમાં જ સામાજિક ક્રાંતિ આવશે.''[૬૧]

ગુજરાત વિદ્યાપીઠમાં ગ્રંથપાલ તરીકે સેવા આપતા હોવાથી શ્રી ચુ. પુ. બારોટ મહાત્મા ગાંધીજી, કાકાસાહેબ તેમજ સરદાર પટેલ જેવા દેશનેતાઓ અને સુધારકોનું ધ્યાન આ બાબતે કરી શક્યા અને તેમની કિંમતી સલાહ મેળવી શક્યા. પરિણામે આ સમગ્ર લડત વેગવાન બની. સમગ્ર જ્ઞાતિમાંથી આવાં લગ્નો યોજનાર સામે ધિક્કાર અને ફિટકારની વર્ષા થવા લાગી. શ્રી ગિરધરલાલ શિવલાલ બ્રહ્મભટ્ટે આ લગ્નપ્રસંગે ''ધિક્કાર લાખો વાર છે'' નામે જ કવિતા રચી, તે એકદમ સુસંગત હોવાથી તેની એક ઝલક જોઈએ :

''બૈરી તણી ભૂખ લાગતી, બૈરી ભૂખ્યા કુળવાનને,
કૂમળી કળીશી બાલિકાનો બાળે ભવ હેવાન એ.
ગૃહ બળે ગૃહિણી બળે, ગૃહપતિ અંદર બળે.
ધિક્કાર લાખો વાર છે એ કુળને, કુળવાનને.
ગૃહે ગૃહે વ્યભિચારની વિષવેલ છે વીંટળાઈ વળી,
આંખથી જુએ છતાંએ આંખ તો આડી કરે.
એ નથી કંઈ ન્યાત પણ જમાત ખરે,
ધિક્કાર લાખો વાર છે એ ન્યાતને એ જાતને''૬૨

કવિએ આવાં કાવ્યો દ્વારા પાપલગ્નો કરનાર અને તે ચલાવી લેનાર-સમાજ બંનેને દોષિત ગણી તેમને ધિક્કાર્યા છે. આવા જ બીજા એક બ્રહ્મભટ્ટ કવિએ લગ્નશૂરા પ્રભુલાલની અને તેમની દંભી કુલીનતાની ઠેકડી ઉડાડતાં ભારોભાર વ્યંગભરી કલમે લખ્યું કે –

''મ્હારા લગ્નશૂરા વીર હો સિધાવો વેડા વાટ.
બૈરી પિયરમાં વલવલે ને આપ થતા વરરાજ,
આવું તો શોભે તમ જેવાને ઓ કુળવાન કુળરાજ.

રક્ત થશે કુમકુમ મારું ને જાનૈયા ડાઘુલોક,
ભડભડતી એની ચિંતા તમારો થાશે ચોરી ચોક.
એના ગવાશે રાજિયા ને ગવાશે તમ ધ્રોળ,
એ દિનથી જીવનનૌકા તમારી ચડશે સાગર છોળ.
માનો કંઈક માનો, તમે ઓ હઠે ચડ્યા હઠરાજ.
તો, લળી લળી ને નમીએ તમને અમે સૌ પૂજીએ પદરજ.''૬૩

આમ વ્યંગ કે ઉપહાસ કર્યા પછી હઠે ચઢેલા કૃષકાય અને એક પત્ની હોવા છતાં બીજીને પરણવા નીકળેલા આ કુળવાન હઠરાજને માની જવા અને જ્ઞાતિની નિર્દોષ કન્યાનું જીવન નહીં બગાડવા કવિએ વિનંતી કરી. ભરચક વિરોધ અને લોક-આંદોલન દ્વારા પણ આ લગ્ન અટકાવવા પ્રભુલાલના પિતા મણિલાલ પર દબાણ લાવવામાં આવ્યું, પરંતુ તે બધું જ વ્યર્થ ગયું. ખૂબ જ નાટ્યાત્મક રીતે વેડાવાળા ચુનીલાલ ત્રિભુવનદાસ બ્રહ્મભટ્ટે ખાનગીમાં આટલા મોટા વિરોધની પરવા કર્યા વિના પોતાની દીકરી ચંચળબહેનને (વૈશાખ વદી સાતમ ને ગુરુવાર, તારીખ ૩૦-૫-૧૯૨૯) પરણાવી દીધી. કમનસીબે મૂળજીભાઈ ખંભાતી જૈફ વયને લીધે અને આ ભાઈ પ્રભુલાલ નાની ઉંમરે લાગેલી માંદગીને લીધે લગ્ન પછીના બે માસમાં જ અકાળ અવસાન પામ્યા (તારીખ ૨૭-૭-૧૯૨૯), જેના પરિણામે સમગ્ર જ્ઞાતિ પર વિશ્વવંદ્ય નેતાઓની સલાહ નહીં માનવાનો કાળો ડાઘ લાગ્યો (જેને માટે બ્રહ્મભટ્ટ યુવક મંડળે આ લગ્ન તારીખે ઉપવાસ કરીને પ્રતિવર્ષ પ્રાયશ્ચિત કરવાનું નક્કી કર્યું હતું.) અને તેઓ બંને બાળ વિધવાઓનો માત્ર હાથ પકડવાના ગુના બદલ આજીવન બાળવૈધવ્યની યાતના ભોગવવા છોડી ગયા. જ્ઞાતિપત્રોની માફક ગુજરાતના ''સંદેશ'', ''સૌરાષ્ટ્ર'' અને ''આર્યપ્રકા'' જેવાં સમાચારપત્રોએ એની આકરી ટીકા કરી. ''સંદેશ'' (તારીખ ૨-૮-૧૯૨૯) આ લગ્ન અને એ અબળાઓનાં વૈધવ્ય માટે ''એક ભયંકર સામાજિક અત્યાચાર'' એવા શીર્ષક નીચે સમગ્ર હિંદુ સમાજની આવી દુષ્ટ લગ્નપ્રથાની સખત ટીકા કરી. ''સૌરાષ્ટ્ર'' (તારીખ ૧૦-૮-૧૯૨૯ના રોજ)માં આ સમાચાર ''વૈધવ્યના વિલાપ''એ શીર્ષક નીચે છાપી આવાં નિંદ્યલગ્નોની ભયંકર ટીકા કરી. તેનો ભોગ બનનાર બે બે બાળાઓના અંધકારમય ભાવિ અંગે સમાજને વિચારવા કહ્યું. લગભગ આવો જ સૂર 'આર્યપ્રકાશ' નામના સમાચારપત્રમાંથી નીકળતો હતો. ગુજરાતના જાણીતા ચિત્રકાર રવિશંકર રાવળે આ પ્રસંગે અનુલક્ષીને એક કટાક્ષચિત્ર 'વ્યવહારપૂજા' બનાવ્યું જે 'ભટ્ટભાસ્કર' જ્ઞાતિજનોને જાગ્રત કરવા માટે છાપ્યું. (જુઓ પૃ. ૧૪૩-૧૪૪) જે અત્રે 'ભટ્ટભાસ્કર'માંથી સાભાર લઈને યથાતથ છાપ્યું છે.

આમ પહેલાં મૂળજીભાઈનાં વૃદ્ધલગ્ન, પછી પ્રભુલાલનાં બાળલગ્ન, દ્વિલગ્ન વગેરે પાપલગ્નોને લીધે સમગ્ર બ્રહ્મભટ્ટ સમાજમાં ચેતનાનો પવન ફૂંકાયો. આ લગ્નને લીધે થયેલ બાળવિધવાઓનાં પુનઃર્લગ્ન કરાવવા માટે સમાજનાં સમગ્ર જાગ્રત યુવક-યુવતીઓ તેમજ સમાજસુધારકો તથા ગાંધીજી વગેરેએ પણ સારી એવી ચળવળ ચલાવી. વળી આ તમામ પ્રયત્નો ગાંધી-ચીંધ્યા માર્ગે થયા તે જન-જાગૃતિનું ચિહ્ન ગણાય જોકે આવાં પાપલગ્નો એક યા બીજા કારણસર અટકાવી તો ન શકાયાં, પરંતુ તે અનિષ્ટ છે અને તે થતાં અટકાવવાં જોઈએ એવી સમજ પ્રજામાં કેળવાઈ. તે માટે આ પ્રસંગોએ મોટો ભાગ ભજવ્યો એમ જરૂર કહી શકાય. માત્ર બ્રહ્મભટ્ટ જ્ઞાતિજનો જ નહીં, પરંતુ ઇતર જ્ઞાતિના લોકોને પણ આ અંગે વિચાર કરતા કરી દઈને સામાજિક ચેતના જગાવવાનું મહત્ત્વપૂર્ણ કામ આ પ્રસંગોએ કર્યું એમ કહેવાય.

આવો જ એક બીજો પ્રસંગ એટલા માટે નોંધવાનું મન થાય છે કે એમાં સુધારક યુવકોએ પદ્ધતિરસનું ગાંધીવાદી માર્ગે સત્યાગ્રહી આંદોલન ચલાવ્યું હતું, જેમાં ખાદીના બેનરો, સૂત્રોચ્ચાર, ધરણાં, દેખાવ, પ્રભાતફેરી અને શાંત અહિંસક એવા તમામ માધ્યમો દ્વારા આ પાપલગ્નનો યુવકોએ અપ્રતિમ ધૈર્ય અને સાહસથી મુકાબલો કરી ગુજરાતમાં જ નહિ, પણ સમગ્ર દેશમાં સુંદર દાખલો બેસાડ્યો હતો. એ પ્રસંગે ટૂંકમાં આ પ્રમાણે હતો. નડિયાદના શ્રી જે. પી. રાવ ઘરડેઘડપણ પુનઃર્લગ્ન કરી નાનકડી બાળાનો ભવ બાળવા નીકળ્યા હતા તે પ્રસંગે થયેલ ભયંકર વિરોધ-ઝુંબેશને લીધે એકવાર તો આ લગ્ન મોકૂફ રાખવાની જે. પી. રાવને ફરજ પડી હતી. પાછળથી આકસ્મિક જ આ લગ્ન ગોઠવાયાના સમાચાર મળતાં ફરી સામાજિક ક્રાંતિના ઇતિહાસમાં સર્વપ્રથમ પ્રયોગ તરીકે પ્રભાતફેરી કાઢીને ચુ. પુ. બારોટ, ચુ. ઈ. બારોટ, જે. ટી. બારોટ, ફૂલાભાઈ બારોટ તથા ધરાસણા સત્યાગ્રહમાં ભાગ લઈ ચૂકેલા એક વણિક યુવકે સ્વેચ્છાએ આ સત્યાગ્રહમાં ભાગ લઈ, ગાલીપ્રદાન અને માર પડવાની બીક અને ધમકીઓ છતાં સામાજિક ચેતના લાવવાના સ્વધર્મના નિર્વાહ અર્થે જે સૂત્રો પોકારીને દેખાવ કર્યો તે ઉત્સાહપ્રેરક હતો. સૂત્રો પણ કેવાં? ...થોડાંક ઉદાહરણ જોઈએ...

> ''બાળવિધવા બનાવી પાપમાં પડશો નહીં,
> પાપીઓને સાથ આપી પાપમાં પડશો નહીં,
> ઓ જે. પી. ઘરડેઘડપણ પૂનર્લગ્ન કરશો નહીં,
> છે પુત્ર-પુત્રી તમારે... પાપમાં પડશો નહીં.''

## વ્યવહારપૂજા !

**ભટ્ટભાસ્કર (નવેમ્બર ૧૯૨૯ - ચિત્રકાર : રવિશંકર રાવળ)**



દુષ્ટ વૃદ્ધ બાળલગ્નને ઉત્તેજન આપ્યા પછી અને ત્યારબાદ દોઢ જ મહિને ૧૪ વર્ષની મેનાને રંડાપો આવ્યા પછી, લોક આ પ્રમાણે ત્રણ ન્યાતો કેમ ખાઈ શક્યું હશે?

## ગરીબ બિચારી કન્યાઓ !

ભટ્ટભાસ્કર (નવેમ્બર ૧૯૨૯ - ચિત્રકાર : રવિશંકર રાવળ)



આ ઉપરાંત બીજાં પણ કેટલાંક સૂત્રો લયબદ્ધ ગાઈને-પોકારીને એમણે સમગ્ર નડિયાદ શહેરના લોકોને વહેલી સવારની અને કુરિવાજોની ઘાઢ નિંદ્રામાંથી જાગૃત કરવા પ્રયત્નો કર્યા હતા તેના શબ્દો આ પ્રમાણે છે :

''કજોડામાં કોણ જશે ?''

''નાકકટ્ટા ભાઈ, નાકકટ્ટા''

''વૃદ્ધલગ્નમાં કોણ જશે ?''

''નાકકટ્ટા ભાઈ, નાકકટ્ટા''

''પાપલગ્નમાં કોણ જશે ?''

''નાકકટ્ટા ભાઈ, નાકકટ્ટા''

આવાં વ્યંગપૂર્ણ અને સુંદર સૂત્રો દ્વારા જે.પી.ને પાપલગ્નના પંથે વધતાં અટકાવવા અને એમના લગ્નમાં ભાગ લેતા લોકોને પણ રોકવા માટે આ સત્યાગ્રહીઓએ પ્રયત્ન કર્યો હતો. વળી જે.પી.ના નિવાસસ્થાન નડિયાદથી જાનપ્રસ્થાનની સાથે સાથે લગ્નસ્થળ-કલોલ (ઉ.ગુ.) સુધી રેલગાડીમાં પણ પ્રતાડાતાં (મારખાતાં) અને અપમાન સહન કરીનેય આવો વિરોધી દેખાવ ચાલુ રાખવાનું સાહસ ઉપર્યુક્ત યુવકો ચાલુ રાખી શક્યા તે ઓછી હિંમતની વાત નથી. કલોલમાં પણ આ લગ્નને સાથ ન મળે તે માટે યુવક મંડળે પ્રયત્નો કર્યા.[૬૫] પરંતુ જ્યાં સમગ્ર સામાજિક કલેવર જ સડેલું હોય ત્યાં શું થઈ શકે? પ્રયત્ન નિષ્ફળ ગયો. લગ્ન થયાં, છતાં તે પ્રયત્ન સદંતર નિષ્ફળ એટલા માટે ન કહેવાય કે સમાજનું અને સરકારનું ધ્યાન એ તરફ દોરાયું. પરિણામે આ અનિષ્ટ ડામવા કાયદો ઘડાયો ને સમય જતાં સમાજમાંથી તે નામશેષ બની જવા પામ્યું.

## વિધવા-સમસ્યા

ઉપર્યુક્ત ચર્ચા ઉપરથી ફલિત થાય છે કે એ સમયે સમગ્ર હિંદુ સમાજ આવાં પાપલગ્નોની આડપેદાશ સમાન વિધવા-સમસ્યાનો ભોગ બનેલ હતો. બ્રહ્મભટ્ટ જ્ઞાતિ પણ એનાથી મુક્ત ન હતી. ઈ. સ. ૧૯૧૧ની વસ્તીગણતરી અનુસાર માત્ર પંદર વર્ષ સુધીની જ બાળવિધવાઓની સંખ્યા સમાજમાં સાડાત્રણ લાખ જેટલી હતી.[૬૬] તેનાથી મોટી ઉંમરની વિધવાઓની સંખ્યાને એમાં ઉમેરીએ તો આપણને ચક્કર જ આવી જાય. વાસ્તવમાં આપણા આનંદ-કિલ્લોલ કરતાં ઘરોમાં બધાંના આનંદ વચ્ચે ઘરના કોઈ એક અંધારા ખૂણે નાનકડી અબૂધ કે નિર્દોષ યૌવના, વિધવાના સ્વાંગમાં પોતાના દુર્ભાગ્યને દોષ દેતી, શ્વાસે શ્વાસે નિસાસા નાખતી, અશ્રુભીની આંખે આપણી સમક્ષ મૂક પ્રશ્ન કરતી હોય, પોતાના સુખની ક્ષણોનો હિસાબ માગતી હોય ત્યારે આપણને

આમ કોઈના ભાગ્યેને દુર્ભાગ્યમાં જ પલટાવતાં રોકવાનો નિરાધાર કરવાનો વિચાર અચૂક થઈ આવે. તત્કાલીન સમાજમાં લગભગ પ્રત્યેક કુટુંબમાં આવી વિધવાઓ સમાજના આ અનિષ્ટ વ્યાધિની ચાડી ખાતી હતી. પૂર્વે પુખ્ત વયે સ્નેહલગ્ન-સ્વયંવર થતાં ત્યારે પરસ્પરના સ્નેહનો સાથ અકાળે છૂટી જતાં વિધવા થયેલ સ્ત્રી સમજપૂર્વક વૈધવ્ય પાળતી કે સતી થતી, પરંતુ કાળક્રમે તે પ્રથા યંત્રવત્-જડ બની જતાં સમગ્ર સમાજ જાણે કે વિધવાઓના વ્યાધિથી ગ્રસ્ત થઈ ચૂક્યો હતો. સાચું પૂછો તો તે વર્તમાન સમયની કેન્સર તેમજ એઈડ્સ જેવી ઘાતક બીમારી જ હતી.

વિધવા સ્ત્રીઓ તરફ સ્નેહ, સહાનુભૂતિ કે દયા-માયા બતાવવાને બદલે સમગ્ર સમાજ તેમને અમંગલ-અપશુકન અને અનર્થનું મૂળ સમજતો હતો. ક્યાંક તેને ''છપ્પરપગી'' કહી વગોવવમાં આવતી, તો ક્યાંક એના પગલે જ એનો પતિ મરી પરવાર્યો એવું મહેણું પણ મારવમાં આવતું. આમ એક તરફ વિધવાઓની આવી કફોડી સ્થિતિ, સમાજ દ્વારા થતી ઉપેક્ષા-અપમાન, તો બીજી તરફ યૌવનનો ઉન્માદ, સંયમ વિનાનું સ્વચ્છંદી સામાજિક વાતાવરણ, બંને વચ્ચે વિધવા માટે સલામત ટકી રહેવું અત્યંત દુષ્કર. ક્યાંક ભોળવાઈને ભૂલ કરી બેસે કે ધામ ધમકીનો ભોગ બની શરણે થાય અને ''ન થવાનું થઈ જાય તો'' કૂવો-હવાડો કરવાનો કે ઝેર પીવાનો વારો સ્ત્રીનો જ આવે, પુરુષ તો બીચારો ''તાંબાનો લોટો'' સાફ કરી ફરી ઉપયોગમાં લેવાય અને સ્ત્રીને દુરાચારી, અધમ, કુલટા કહી ફિટકારવામાં આવે. ક્યાંક મહેણાં-ટોણાં તો ક્યાંક પથ્થરથી મરાય, તો વળી ક્યાંક બહિષ્કાર કરી કાઢી મુકાય. આવી અધમ વ્યવસ્થા નિવારવા સમાજસુધારકો અને વિચારકો અને આગળ આવવા લાગ્યા હતા તે પૈકીના ગુજરાતના વિદ્વાન અને પ્રખ્યાત સમાજ-સુધારક લેખક શ્રી રમણભાઈ મ. નીલકંઠ હિંદુ સમાજમાં વિધવાઓની સમસ્યા અંગે પોતાના વિચારો દર્શાવતાં જણાવે છે કે,

''જ્યાં વિના અપરાધે વિધવાઓનાં હૃદય કચડી નાંખવામાં આવે, જ્યાં વિધવાઓ તરફ દિલસોજી હોવાને બદલે તેને શાપિત અપશુકનરૂપ અને સાપનો ભારો ગણવામાં આવે, જ્યાં વિધવા માટે કુરૂપતા અને દાસ્ય નિર્માણ કરવામાં આવે, જ્યાં વિધવાઓનો વારસો પણ સંકુચિત કરી દેવામાં આવે, જ્યાં મનુષ્યપ્રકૃતિ વિરુદ્ધ વિધવાઓને પરાણે વૈરાગ્યમાં ઉતારવાના પ્રયત્નથી તેમને અનીતિના અને કઠોરતાના માર્ગમાં હડસેલી દેવામાં આવે ત્યાં પ્રજામાં સ્વતંત્રતાની ભાવનાનો પરિપૂર્ણ ઉદય શી રીતે થાય?... સ્વતંત્રતા માટે મથતી પ્રજાના સમાજ-બંધારણમાં વિધવાઓની સ્વતંત્રતાનો વિધ્વંશ કરવો એ ઘટના કયા માનસશાસ્ત્ર, કયા ઈતિહાસ, કઈ રાષ્ટ્ર રીતિને આધારે ટકશે?''

ઉપર્યુક્ત વિચારો દ્વારા આપણને વિદ્વાન લેખક સ્વતંત્રતાપ્રાપ્તિના માર્ગ પર અગ્રેસર થઈ ચૂકેલા હિંદુસ્તાનના મોટા વર્ગને પોતાના સમાજજીવનના મહત્ત્વપૂર્ણ પાસા તરફના ઉપેક્ષાના ભાવને સ્પષ્ટ કરે છે. તેમના મતે આવી સ્વતંત્રતા અધકચરી ગણાય, અપૂરતી ગણાય, માટે પહેલાં સ્ત્રીઓની અને ખાસ કરીને વિધવાઓની દશા સુધાર્યા પછી જ સ્વતંત્રતાપ્રાપ્તિ તરફ અગ્રેસર થઈ શકાય.

ગુજરાતના આવા જ એકબીજા પ્રખ સાક્ષર શ્રી ગોવર્ધનરામ મા. ત્રિપાઠી પોતાની આગવીકાવ્યશૈલીમાં વિધવાઓની વ્યથા આ પ્રમાણે વર્ણવે છે :

''શી હાય ! આર્ય વિધવાની દશા અરે રે !
દેખી સખેદ મન થાય ખરે, હરે ! રે !
ઝૂરે સદૈવ વિરહે વળી વ્યાધિ શોષે,
આવે તથાપિ શિર આળ અનેક દોષે.''૬૮

જ્યારે કવિ કલાપીની પંક્તિઓ ટાંકીને વૈધવ્યને ગૌરવશાળી ગણાવતાં જાણીતા પત્રકાર લેખક અને સુધારક પ્રહ્લાદ બ્રહ્મભટ્ટ સમસ્ત સમાજમાં વ્યાપેલ કુરિવાજી ટીકા કરતાં નોંધે છે કે ''છે વૈધવ્યે વધુ વિમલતા બહેન સૌભાગ્યશાળી કંઈ.'' કવિ કલાપીની એ ભાવના કેટલી આદરણીય છે? આજે તો બળાત્કારે વૈધવ્ય પળાવવામાં આવે છે. એ ફરજિયાત પળાવાતા વૈધવ્યમાં વિમલતા ક્યાંથી હોય? સમાજમાં આજે એવી બાળવિધવાઓ મોજૂદ છે કે જેમને વૈધવ્યધર્મની મહત્તાનું ભાન નથી હોતું. જુવાનીના આંગણે પ્રશવતી બાલિકા વૈધવ્યધર્મ ન સમજતી હોવા છતાં, તેને ચૌદ વર્ષની વયે ૬૫-૭૦ વર્ષના મરણકાંઠે ઊભેલા પુરુષ સાથે પરણાવી દીધા પછી વરસે વૈધવ્ય પ્રાપ્ત થયું હોય છતાં એને પુનર્લગ્ન કરવાની સમાજ છૂટ આપી શકતો નથી. ત્યારે વૈધવ્ય એ પાપ નથી?... સમાજે એને ફરજિયાત વૈધવ્ય પાળવાની ફરજ પાડી હોય. આખરે એ સમાજને શાપ આપતી છૂપા વ્યભિચારને પંથે પડે અને પછી સમાજ વૈધવ્ય ધર્મને નિંદે એ કોને પાપે? હિંદુસમાજમાં (આવી) સ્ત્રીઓના પુનર્લગ્ન પર પ્રતિબંધ અને વૃદ્ધ પુરુષ ચૌદ વર્ષની કન્યા પરણે તેમાં સમાજને વાંધો ન હોય. જ્યારે ફાટફાટ જુવાનીમાં મહાલતી સ્ત્રી વૃદ્ધને પનારે પડી હોય અને પુનર્લગ્ન કરવા માગતી હોય તેને સમાજ છૂટ ન આપે એ સમાજનો કેવો ન્યાય?... સમાજનો મોટો ભાગ એ જાણે છે કે બળાત્કારે પળાવાતા વૈધવ્યના પરિણામે તીર્થસ્થાનોમાં ગર્ભપાતો કરવા પડે છે, પણ તે માટે જવાબદાર કોણ? કવિ નાનાલાલ કહે છે કે તેમ

''દેહલગ્નની વિધવાને પુનર્લગ્ન-સમું પુણ્ય નથી''
'''સ્નેહલગ્નની વિધવાને પુનર્લગ્ન-સમું પાપ નથી.''

હવે સમાજમાં સ્નેહલગ્ન ક્યાં છે? માતાપિતાએ દલાલી કરીને ગોઠવેલાં લગ્નના ચોકઠામાં આજે હજારો બાળાઓ હોમાઈ રહી છે, સમાજ ફરજિયાત વૈધવ્ય પળાવી રહ્યો છે, ત્યારે એ પ્રશ્ન ઊભો થાય કે પુણ્ય કે પાપ?[૬૯] આમ વિધવાઓનો પ્રશ્ન હિંદુસમાજની અન્ય સમસ્યાઓ પૈકીનો ખૂબ જ પેચીદો પ્રશ્ન હતો અને હજીયે છે.

લગ્નઘેલા અને વિષયલોલુપ પુરુષ-સમાજે સ્ત્રી પાસે ફરજિયાત વૈધવ્યપાલનની અપેક્ષા અને પોતાના માટે ગમે તે ઉંમરે ગમે તેટલાં લગ્ન કરવાની છૂટ રાખીને સામાજિક અન્યાયને પોષ્યો હતો, માટે તો મહાત્મા ગાંધીજીએ આ દૂષણ સત્વરે ડામવા માટે સ્પષ્ટ શબ્દોમાં લખ્યું હતું કે ''બળાત્કારે પળાયેલ વૈધવ્ય એ પાપ છે (જ્યારે) સ્વેચ્છાએ પળાયેલ વૈધવ્ય એ ધર્મ છે, આત્માની શોભા છે. પંદર વર્ષની બાળા સમજપૂર્વક વૈધવ્ય પાળે છે એમ કહેવામાં ઉદ્દતાઈ છે... અજ્ઞાન છે... તેને પરણવાની બધી સગવડ કરી દેવાનો માબાપનો ધર્મ છે... જે બાળવિધવા ઉંમરે પહોંચતાં પુનર્લગ્ન કરવા ઇચ્છે તેને સંપૂર્ણ છૂટ અને ઉત્તેજન મળવાં જોઈએ, એટલું જ નહિ, પણ માબાપોએ ખંતપૂર્વક એ બાળાઓને યોગ્ય રીતે પરણાવી જોઈએ.''[૭૦]

આમ ગાંધીજીના મતે વૈધવ્ય એ હિંદુધર્મની વિશેષતા અને સંયમની નિશાની છે. તેઓ વિધવાને ત્યાગમૂર્તિ ને શુભ શુકન ગણે છે, પરંતુ બાળવિધવાઓ બળજબરીપૂર્વક આવા વૈધવ્યધર્મ પાળતી હોય તેમને તેનો શો અર્થ? એવી બાળવિધવાઓને તેઓ વિધવા ગણવા જ તૈયાર નથી. આ માટે એમણે 'નવજીવન'માં લખ્યું હતું કે

''એક નાનકડી બાળાને તેનાં નિર્દય માતાપિતાના સ્વાર્થ અથવા અજ્ઞાનને વશ થઈ તેના શ્રેયને કોરે મૂકી તેની મરજી અને જાણ વિના કોઈને સોંપી દે તો તે સંબંધ લગ્ન ન મનાય... આવી બાળાનો પુનર્વિવાહ કર્તવ્ય થઈ પડે છે. આ વિવાહને સારુ પુનર્વિવાહ શબ્દ વાપરવો જ અયોગ્ય છે, કારણ કે આવી બાળાનું લગ્ન થયું જ નથી એટલે એવી બાળાઓના કહેવાતા પિતાના મૃત્યુ પછી તેને સારુ યોગ્ય વર શોધવો એ માતાપિતાનો સહેજે ધર્મ છે.''[૭૧]

આજ વિચારે આગળ વધારતાં કવિશ્રી નાનાલાલ કહે છે કે
''સાચા લગ્નની વિધવા પુનર્લગ્ન માગશે જ નહિ
પરંતુ શાસ્ત્રીય કે સાચાં લગ્ન જ જેનાં ન થયાં હોય,
ધૂળની ઢબુ (ઢીંગલી) પરણે ને મરી જાય એમ રમતમાત્ર
રમ્યાં હોય તેમને સાચ્ચું એક લગ્ને નહીં કરવા દે સંસાર.''[૭૦]

આવા ખ્યાતનામ વિચારકો, સમાજસુધારકો, વિદ્વાનો અને મહાત્મા ગાંધીજી જેવા વિશ્વવંદ્ય નેતાનાં લખાણો ટાંકવા ઉપરાંત હિંદુધર્મશાસ્ત્રના ગ્રંથોમાંથી પણ આવી વિધવાઓને વૈધવ્યના ત્રાસમાંથી છોડાવવા પુનર્લગ્ન કરવાની છૂટ આપવાની શાસ્ત્રની સંમત્તિ પણ 'ભટ્ટભાસ્કર'ના મુખપૃષ્ઠ પર છાપીને સમગ્ર જ્ઞાતિને વિધવાસમસ્યા હળવી કરવા કયા સંજોગોમાં સ્ત્રીએ વૈધવ્ય પાળવું. ક્યારે પુનર્લગ્ન કરવું, તેનાં સંતાનોને શું કહેવાય વગેરે બાબતોની શાસ્ત્રોમાં શી સ્પષ્ટતા કરવામાંઆવી છે તે હવે જોઈએ... પરાશર સ્મૃતિમાં જણાવ્યું છે કે,

''પતિના સમાચાર ન મળે તો, તે મૃત્યુ પામ્યો હોય તો, સંન્યાય ગ્રહણ કરે તો, તે ષંઢ હોય તો, અને અધમ કે પતિત થઈ ગયો હોય તો, સ્ત્રી બીજો પતિ કરી શકે'' – જ્યારે આ અંગે નારદ સ્મૃતિમાં જણાવાયું છે કે,

''પ્રજાપતિ બ્રહ્માનો આ (પુનર્લગ્ન માટેનો) અભિપ્રાય છે. એમ કરવાથી સ્ત્રીને કશો જ દોષ લાગતો નથી.'' ભગવાન મનુ પણ સ્પષ્ટ પણે નોંધે છે કે,

''કોઈ પણ સ્ત્રી વિધવા થયા પછી અથવા પતિએ ત્યજી દેવાથી ફરી લગ્ન કરે તો તે પુનર્લગ્ન કે પુત્ર ઉત્પન્ન થાય તેને પુનર્ભૂ કહેવો.'' આ ઉપરાંત

કાત્યાયન ઋષિ અને મહામુનિ વસિષ્ઠનો પણ એવો જ મત છે.''[૭૩]

આમ જ્ઞાતિપત્ર 'ભટ્ટભાસ્કરે' વિખ્યાત ધર્મશાસ્ત્રોના હવાલા આપીને વિધવા સ્ત્રીઓના પુનર્લગ્નની હિલચાલ લોકમાનસ સુધી પહોંચાડી. મહાત્મા ગાંધીજીના પાવન વિચારો દ્વારા આપણા સમાજમાં પુરુષ અને સ્ત્રી વચ્ચે આ બાબતે કેવાં અસમાન ધોરણો છે તે અંગેનો 'નવજીવન'નો લેખ બતાવતાં ''ભટ્ટભાસ્કર'' નોંધે છે કે,

''જે છૂટ વિધુરને હોય તે વિધવાને હોવી જ જોઈએ. વિધવાઓનો પુનર્લગ્ન સામે જે વાંધાઓ ઉઠાવવામાં આવે છે તેનો વિધુરની બાબતે વિચાર સરખોએ થતો નથી. આ એક પક્ષી ન્યાય શું સૂચવે છે?... પિતાનો ધર્મ છે કે તે પોતે પોતાની નિર્દોષ વિધવા બાલિકાઓને પરણાવી દે અને જે વિધવા પુનર્લગ્ન કરવાની ઇચ્છા પ્રકટ કરે તેના રસ્તામાં કોઈ પણ અડચણ ન નાખે''[૭૪]

આવાં વક્તવ્યો અને વિચારો તથા લેખો દ્વારા ''સુભટ્ટ'' તથા ''ભટ્ટભાસ્કર'' જેવાં જ્ઞાતિમાસિકોએ સમગ્ર બ્રહ્મભટ્ટ સમાજની આંખ ઉઘાડી દીધી. વળી ''સુભટ્ટે'' તો માર્ચ ૧૯૨૪ના અંકને ''વિધવા અંક''નું નામ આપીને સ્વજ્ઞાતિ ઉપરાંત સમગ્ર સમાજમાંથી વિધવાસમસ્યાને લગતા ધ્યાનાકર્ષક લેખો મંગાવી છપાવીને આ સમસ્યાની ગંભીરતા તથા તેના વહેવારુ ઉકેલ સૂચવ્યા. ટૂંકમાં, જ્ઞાતિસુધારકોએ આ સમસ્યાને

ખૂબ જ મહત્ત્વ આપીને સમગ્ર જ્ઞાતિજનો તેમજ સમાજના લોકોને જાગ્રત કરી દીધા. એમાંના શ્રી રમણભાઈ નીલકંઠ તથા શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠીના વિચારો આપણે આ પૂર્વે જોઈ ગયા, હવે તે વખતે સ્ત્રીકાર્યકર અને સમાજસેવિકા તરીકે ખ્યાતનામ એવાં ગં.સ્વ. રમાબાઈ રાનડેનો 'નિરાધાર વિધવાઓ' નામનો લેખ અત્રે ધ્યાન દોરે તેવો હોવાથી તેનો સ્વલ્પ ભાગ જોઈએ : ''નિરાધાર વિધવાઓ માટે આપણે શું કરી શકીએ? તે વિચારવા જેવું છે... પોતાના સુખદુઃખનાં ભાગ લેનાર તથા પોતાની કદર કરનાર અને સંભાળ રાખનાર કોઈ નથી એ વિચાર એમના મનમાં હંમેશા રહે છે અને તેથી તેનો નિરાઈ થઈ દુઃખી રહે છે. આપણી વયોવૃદ્ધ અને અનભવી સ્ત્રીઓની ફરજ છે કે તેમણે આ કમનસીબ સ્ત્રીઓના મનમાંથી નિરાશાના વિચારો દૂર કરવા પ્રયાસ કરવો જોઈએ. તેઓએ તેમને સમજાવવું જોઈએ કે મનુષ્યજન્મ નિરર્થક નથી... અને જો કે તેમની જિંદગીની સઘળી મુરાદો બર ન આવે તો પણ તેઓ પોતાના દેશ માટે ઘણું ઉપયોગી કામ કરી શકે તેમ છે. આ પ્રમાણે કરીએ તો આપણે કેટલું બધું દુઃખ ઓછું કરી શકીએ અને આપણી દુઃખી બહેનોની સ્થિતિમાં કેટલો સુધારો કરી શકીએ?''[૭૫]

આ લેખમાં વચ્ચે તંત્રીશ્રીએ ઉમેર્યું છે કે આવી સારા માર્ગે વળેલી બહેનો દેશનું નહિ ને કેવળ સ્વજ્ઞાતિના ઉદ્ધારનું કામ કરશે તોપણ એ રીતે સમગ્ર સમાજ અને દેશનો ઉદ્ધાર થશે અને એ જ મોટી દેશસેવા ગણાશે. આ રીતે વિધવાઓની હાલાકી દૂર થશે અને સ્વદેશની સેવા થશે એવો બેવડો ધર્મ લેખિકા રમાબાઈએ સૂચવ્યો છે કે જે પોતે વિધવા હોવાથી ઘણો મહત્ત્વપૂર્ણ બની જાય છે.

આ જ અંકમાં 'વિધવા'ના ટૂંકા શીર્ષક નીચેના લેખમાં પૂ. ગાંધી બાપુ વિધવા સમસ્યાના ઉકેલ માટે બીજા કેટલાક મહત્ત્વપૂર્ણ ઉપાયો આ રીતે સૂચવે છે :

''તેનો ઉપાય એ છે કે પુરુષોએ પુનર્વિવાહ નહિ કરવાની પ્રતિજ્ઞા લેવી જોઈએ, પણ તે સિવાયના બીજા ઉપાયો છે, જે આ મુજબ છે :

૧. બાળલગ્નો બંધ થવાં જોઈએ.

૨. વરકન્યાને સાથે રહેવાનો સમય ન આવે ત્યાં સુધી હરગીજ વિવાહ ન કરવા.

૩. જે સ્ત્રી પોતાના ધણી સાથે મુદ્દલ રહી જ નથી તેઓને પરણવાની છૂટ આપવી જોઈએ, એટલું જ નહિ, પણ તેઓને પરણવાનું ઉત્તેજન આપવું જોઈઅ. આવી સ્ત્રીઓને વિધવા ન જ ગણવી જોઈએ.

૪. જેઓ પંદર વર્ષની અંદર વૈધવ્ય પામી છે તે અને જેમની વય હજુ જુવાન છે તેવી વિધવાઓને પુનર્લગ્નની છૂટ મળવી જોઈએ.

૫. વૈધવ્યને અપશુકનની નિશાની ગણાય છે તેને બદલે પવિત્ર ગણી તેને માન મળવું જોઈએ.

૬. વિધવાઓને સારુ શિક્ષણ અને રોજગારનો પ્રબંધ થવો જોઈએ.

આગળ પૂ.બાપુએ નોંધ્યું છે કે વૈધવ્ય પાળવું એ પુણ્યકર્મ છે, પણ વિધવાવિવાહ સર્વથા પાપકર્મ નથી. જો આટલા સુધારા થાય તો વિધવાના શાપમાંથી હિંદુ સંસાર બચી જાય એમાં શક નથી. ઉપરના સુધારા દરેક જ્ઞાતિ (નાત) પોતાને સારું કરી શકે તમે છે.''[૭૬]

આવા યુગપરિવર્તક સુધારાઓ પૂ.બાપુએ સૂચવ્યા તથા બ્રહ્મભટ્ટ સમાજના જ્ઞાતિમાસિકે તે વધાવી લીધા અને સ્વજ્ઞાતિમાં પ્રવર્તતી વિકટ સમસ્યાના ઉકેલ માટેની દિશામાં એક આગેકદમ ઉઠાવ્યું.

'સુભટ્ટ'ના આ જ ''વિધવા-અંક''માં એક 'અનુભવી' ઉપનામધારી બ્રહ્મભટ્ટે 'વિધવાઓનાં આંસુ' નામના લેખમાં સ્વજ્ઞાતિને સંબોધીને પોતાની વિધવા બહેન-દીકરીઓના ઉત્કર્ષ માટે સમગ્ર જ્ઞાતિજનોને અપીલ કરી છે કે

''રાજાની તોપ જે કામ ન કરી શકે તે કામ ગરીબનું એક જ આંસુ કરી શકે છે. હિંદુ સમાજમાં સ્ત્રીવર્ગ ગરીબ ગણાય છે, તેમાં નિરાધાર વિધવા તો સહુથીયે ગરીબ. એવી સ્ત્રીઓના ઊકળતા હૃદયમાંથી, કકળતી, આંતરડીમાંથી, નીકળતાં ઊના નિઃશ્વાસ સાથેનાં અશ્રુબિંદુઓની આપણી જ્ઞાતિમાં તો નદીઓ વહી રહી છે. તે નદીએ બ્રહ્મભટ્ટ જ્ઞાતિના પાયાને હચમચાવી મૂક્યો છે અને જો હજીયે આપણે આ સવાલનો ઉકેલ નહિ કરીએ તો જ્ઞાતિની ઉપર વિધવાઓના શાપ પડતાં પ્રભુનો કોપ પણ વરસશે.''[૭૭]

વાસ્તવમાં બ્રહ્મભટ્ટ સમાજમાં લગભગ કોઈ પણ ભટ્ટસ્થાન લાલ-સિંદૂરી કપડાં પરિધાન કર્યાં હોય તેવી બહેનોથી ખાલી ન હતું, એટલે કે સમગ્ર બ્રહ્મભટ્ટ જ્ઞાતિમાં આ સમસ્યા અત્યંત વિકરાળ અવસ્થામાં હતી. અને તેને યોગ્ય દિશાએ વાળીને ઉકેલવાનો પ્રયત્ન જરૂરી હતો તે દિશામાં બીજું વહેવારુ સૂચન કરતાં પ્રખ્યાત જ્ઞાતિસુધારક અને પત્રકાર તથા 'સુભટ્ટ' (મુંબઈ) ના તંત્રીશ્રી સીતારામ જે. શર્મા 'સુભટ્ટ'ના 'વિધવા' અંકમાં વિધવા સમસ્યાનો વધુ સચોટ ઉપાય બતાવતાં નોંધે છે કે,

''આપણામાં જો દયા અને ઉદારતાનો છાંટો પણ હોય તો આ કઠિન પ્રશ્નને ઉદારતાથી બુદ્ધિપૂર્વક વિચારવો ઘટે છે. જો તેમ નહિ કરીએ તો પછીનાં પરિણામનો દોષ જ્ઞાતિને શિરે રહેશે... કુટુંબમાં તેમનું માન જળવાય, પ્રત્યેક વિધવાનું પાલનપોષણ કરવાની ફરજ તેનાં સાસરિયાં ઉપર નખાય, લગ્નપ્રસંગે સ્ત્રીધન(પડલા)ની ગોઠવણ થાય અને વિધવાઓને લખતાં વાંચતા સિવણ-ગૂંથણ કે અન્ય કામ કરવાનું શિક્ષણ

આપી તેનો લાભ લેવાય એવી વ્યસ્થા કરવામાં આવે તો ન્યાતનું મોટા ભાગનું દુઃખ દૂર થાય.''[૭૮]

આમ બ્રહ્મભટ્ટ જ્ઞાતિમાં વિધવાસમસ્યા માટે ખૂબ જ સારા પ્રમાણમાં જાગૃતિ આવી જવા પામી હતી. પરિણામે કેટલાક યુવકો આવી બાળવિધવાઓ સાથે લગ્ન કરી આ પ્રથાને તોડી પાડતા આગળ આવ્યા. એ જ રીતે સ્વજ્ઞાતિમાં થતાં બહુલગ્ન... વૃદ્ધલગ્ન રોકવા સમગ્ર જ્ઞાતિ જ નહીં, પણ સમગ્ર જનસમાજનો સાથ સહકાર મેળવવામાં આવે અને તે વખતના પ્રખર સુધારકોને આ પ્રશ્ન માટે આંદોલન કરવા માટે બ્રહ્મભટ્ટ જ્ઞાતિનાં સદા યાદગાર બની રહેલાં મૂળજીભાઈનાં વૃદ્ધલગ્ન અને પ્રભુલાલનાં દ્વિતીય લગ્નથી આ સુધારકો હવે જાગ્રત બન્યા હતા. આવા લગ્નોને કારણે નિર્દોષ ઉંમરે અકાળે વિધવા બનેલ બાઈ મેના અને કમળા બંને તથા ચંચળબહેન જેવી બાળવિધવાઓનાં પુનર્લગ્ન માટે ભરપૂર પ્રયત્ન કરનાર તમામ જ્ઞતિસુધારક બંધુઓ ઉપરાંત સમાજના ખ્યાતનામ સુધારક શ્રી સુમંત મહેતા, દરબાર ગોપાળદાસ, નારણભાઈ પટેલ અને સરદાર પટેલ તેમજ મહાત્મા ગાંધી અને કાકસાહેબ કાલેલકર જેવા પ્રખ્યાત નેતાઓના માર્ગદર્શન અનુસાર જે જોરદાર જનજાગૃતિ આણવામાં આવી એને લીધે સરકારે પણ કાયદા દ્વારા બાળલગ્ન, દ્વિતીય લગ્ન, બહુલગ્ન કે વૃદ્ધલગ્ન પર પ્રતિબંધ લાદી દેતાં બાળવિધવાનું પ્રમાણ ઘટવા લાગ્યું.

વળી જ્ઞાતિના સુધારક યુવકો અને લેખકો દ્વારા ચલાવવામાં આવેલ પરિવર્તનને લીધે પહેલાં જે જ્ઞાતિપત્રોમાં માત્ર બાળલગ્ન કે વૃદ્ધલગ્નના જ સમાચાર આવતા હતા તેને બદલે હવે ''બાળવિધવા જોઈએ છે'' એવા શીર્ષક નીચે ''સારી આવકવાળા અને જુવાન, સુધારક, વિધુરને જાહેરમાં પુનર્લગ્ન કરવા માટે... બાળવિધવા જોઈએ છે. લખો યા મળો. ગંભીરસિંહ બ્રહ્મભટ્ટ – ચીખલી, જિલ્લા સુરત.''[૭૯]

તદુપરાંત ''ચરોતરના છ ગામની એક બાળવિધવા સાથે વૈદિક વિધિથી પુનર્લગ્ન કરવા જોઈએ છે એક સુધારક યુવાન'' લખો પો.બો. નંબર ૨૮ કેર ઓફ 'ભટ્ટભાસ્કર' જેવી વ્યક્તિગત જાહેરાતો આવવા લાગી. જ્યારે સમગ્ર સમાજમાંથી આવાં લગ્નોને પ્રોત્સાહન મળી રહે તે માટે ''વૈદિક વિધિથી જાહેરમાં લગ્ન કરવા ઈચ્છતી બ્રહ્મભટ્ટ બાળવિધવાઓ તથા તેમની સાથે લગ્નની જોડાવા ઇચ્છતા બ્રહ્મભટ્ટ જુવાનોએ નીચેના સરનામે પત્ર વ્યવહાર કરવો. પી.બી. ૩૬, 'ભટ્ટભાસ્કર'.[૮૦]

આવી જાહેરાતો દ્વારા અને આવાં લગ્નો કરનાર યુવકોને લગતી માહિતી છાપીને આવાં લગ્નોને પ્રોત્સાહન આપવામાં 'ભટ્ટભાસ્કર' મોખરે રહ્યું. વળી લોકોમાં હવે જાગૃતિ આવતી જતી હતી, બાળલગ્ન-વૃદ્ધલગ્ન વગેરે પાપલગ્નો સામે જનસામાન્યમાં નફરતભરી વિચારસરણી વ્યાપક બનતી ચાલી હતી, તેવા સંજોગોમાં પણ કેટલાક

રૂઢિચુસ્ત જ્ઞાતિજનોએ પુનર્લગ્નની નિંદા કરી તેની સામે આંદોલન કરવા પ્રયત્ન કર્યો, પરંતુ તેમનો વિરોધ વિશેષ ટક્યો નહિ. વળી સરકારના સક્રિય સાથ સહકારને કારણે આ વિરોધીઓ ફાવ્યા નહિ. પરિણામે પુનર્લગ્ન થવાં શક્ય બનતાં ચાલ્યાં અને વિધવાઓનું પ્રમાણ ક્રમશઃ ઓછું થવા લાગ્યું.

## અન્ય કુરિવાજો

બાળલગ્ન, બહુલગ્ન, વૃદ્ધલગ્ન અને વિધવાસમસ્યા ઉપરાંત સમાજના સન્ય વર્ગોની માફક બ્રહ્મભટ્ટ જ્ઞાતિમાં પણ કન્યાવિક્રય, વરવિક્રય, લગ્નમરણ પાછળનાં જમણ કે જ્ઞાતિવરા, મૃત્યુ પછી રોવાકૂટવાના રિવાજ, દંભી કુલીનતા, લાલ-ઘૂંઘટ કે પડદાપ્રથા, ગોળ-એકડા કે વાડાપ્રથા તથા કન્યાકેળવણીનું અતિ અલ્પ પ્રમાણ જેવાં અન્ય દૂષણો પ્રચલિત હતાં તેને ડામવા માટે અને જ્ઞાતિની પ્રવર્તમાન સ્થિતિને સુધારવા માટે બ્રહ્મભટ્ટ જ્ઞાતિસુધારકોએ કેવા કેવા પ્રયાસો કર્યા તે ક્રમશઃ સંક્ષેપમાં જોઈશું.

## કન્યાવિક્રય-વરવિક્રય

સામાન્યતઃ સૃષ્ટિના સર્જનથી જ માબાપ માટે પોતાનાં સંતાનો એક અણમોલ ખજાના સમાન માનતાં આવ્યાં છે, તેમ છતાં વિવિધ કારણોસર અને મનુષ્યસ્વભાવમાં કાળક્રમે પ્રવેશેલી વિકૃતિઓના એક ભાગરૂપે લગ્નબજારમાં કિંમત મોંઢે માગીને વસૂલ કરવાની રીત પ્રચલિત બની હતી. સમગ્ર દેશમાં આ કુરિવાજ એક યા બીજા સ્વરૂપે અને વત્તે ઓછે અંશે પ્રચલિત બન્યો હતો ત્યારે એવા સંજોગોમાં બ્રહ્મભટ્ટ જ્ઞાતિમા આ બે કુરિવાજોનું પ્રચલન કેવું હતું તે જોઈએ.

કન્યાવિક્રય જેવા દુષ્ટ રિવાજની ટીકા કરતાં સુરત મુકામે મળેલ હિંદુ મહાસભાના પ્રમુખપદેથી પોતાના વક્તવ્યમાં બંગાળના ખ્યાતિપ્રાપ્ત સુધારક અને વિચારક રામાનંદ ચટ્ટોપાધ્યાયે કહ્યું છે કે ''કન્યાવિક્રયનો આ દુષ્ટ રિવાજ આપણા દેશમાં કેટલાક ભાગોમાં ઘણા માણસોને જીવનભર અને બીજા કેટલાકને મોટી ઉંમર સુધી વાંઢા (કુંવારા) રાખે છે, આથી કેટલીક ન્યાતોની જનસંખ્યામાં મોટો ઘટાડો થાય છે અને અન્ય માઠાં પરિણામો આવે છે.''[૮૧]

શ્રી રામાનંદ ચટ્ટોપાધ્યાયજીનું વક્તવ્ય તદ્દન યથાર્થ છે. આ કુરિવાજને લીધે કેટલાંક સ્વાર્થી કે જરૂરતમંદ માબાપ પોતાની બાળાઓને શ્રીમંત છતાં મોટી ઉંમરના હોય એવા બીજી બીજી વાર પરણતા પુરુષના હાથમાં પત્નીરૂપે સોંપતા હતા અને પોતાની દીકરી આખી જિંદગી રાજ્ય કરશે એવાં સ્વપ્નોમાં રાચતા રહેતા હતા. આ કુપ્રથાને લીધે જેની આર્થિક સ્થિતિ સારી ન હોય તેવા લાયક યુવકો પણ કન્યાવિહોણા રહી જવા પામતા અને પૈસાપાત્ર લોકો એ બે કે ત્રણ પત્નીઓ ધરાવતા થયા હતા.

આમ જોઈએ તો આ લગ્નપ્રથા માબાપ તેમજ વરપક્ષ માટે એક પ્રકારની સોદાબાજી બની ગઈ હતી તેથી જ એક વિદ્વાને જણાવ્યું છે કે,

''કન્યાવિક્રય કરનાર મનુષ્ય (મા-બાપ) કરતાં પારધી ઘણો સારો, કારણ કે તે બીજા પ્રાણીઓ તરફ જ નિર્દય બને છે, પરંતુ પોતાના સંતાનો માટે તો તે દયાવાન જ હોય છે, જ્યારે કન્યાવિક્રય કરનાર માતાપિતા પોતાની કન્યાને સારી રીતે વેચીને તેને આજીવન રિબાવી રિબાવીને હણે છે.''[૮૨]

ઉપર્યુક્ત વિધાન સાવ સાચું છે, કારણ કે દ્રવ્યપ્રાપ્તિ અથવા પોતાની નિરાધાર અવસ્થાને કારણ કે બીજા કોઈ સ્વાર્થવશ જ્યારે માબાપ પોતાનાં જ બાળકોનો સોદો કરે અને તેને લગ્નના 'દાયજા'-'કરિયાવર' કે એવાં રૂપકડાં નામ આપે ત્યારે તે પ્રાણીઓની નિર્દય હત્યા કરનાર પારધી કરતાં પણ વધુ ક્રૂર બને છે અને પોતાનાં જ સંતાનોને આ જીવન દુઃખની ગર્તામાં ધકેલીને પોતે મોટાઈ કે કુલીનતાનો ડોળ કરે છે. પોતાની ઉંમરલાયક થયેલ પુત્રીને અથવા પુત્રને સારા ઠેકાણે પરણાવવાને બદલે શિક્ષણ, જ્ઞાન, ગુણ, સ્વરૂપ, સ્વભાવ કે ઉંમરની યોગ્યતા-અયોગ્યતાનો અને અન્ય કોઈ મેળ જામતો ન હોય તેવાં કજોડાં કરીને માબાપ પોતાની ફરજમાંથી મુક્ત થયાનો સંતોષ માને તે કેટલો યોગ્ય રિવાજ ગણાય? વળી માબાપની આજ્ઞા માથે ચડાવતાં પુત્ર-પુત્રીઓ આજીવન કાંતો દુઃખી થાય છે અથવા અનર્થને માર્ગે ચડે છે. આવા વિચારોને સમર્થન આપતાં ''સુભટ્ટ'' જાન્યુઆરી ૧૯૨૩ના અંકમાં અમરસિંહ દોલતસિંહ બ્રહ્મભટ્ટે (ધરમપુર) કન્યાવિક્રય અંગે નોંધ્યું છે કે,

''આ કુચાલના ગુલામો પોતાની પુત્રીઓ સહિત દુનિયાને અને જ્ઞાતિને માટે મહાન ત્રાસ, ભાર અને કલંકરૂપ થઈ પડે છે. આ ભૂંડો, ભય અને ત્રાસદાયક રિવાજ કયા વિચારશિલ સુજ્ઞ અને કોમળ હૃદયના પુરુષને પ્રચંડ અસર પહોંચાડી નહિ પિગળાવે?... જે પણ કોમમાં આ નિંદ્ય, અન્યાયી, પાપી, ક્રૂર અને નિષ્ઠુર રિવાજ અસ્તિત્વ ધરાવે છે તે કોમ સૌથી અધમ, દુઃખી અને દેશના દુશ્મન-સમાન છે. જે જ્ઞાતિમાં આ હાનિકારક અને હૃદયભેદક કન્યાવિક્રયની પ્રથા મોટા પ્રમાણમાં ચાલે છે અને જ્યાં લગ્ન એ ખરેખર વેપારરૂપ જ મનાય છે તે જ્ઞાતિમાં ગમે તેમ થાય તોપણ કન્યા બદલ વધારે પૈસા ખર્ચનાર જ પરણે... માટે જ પરમ કૃપાળુ... જગન્નિયંતા પ્રત્યે આગ્રહભરી નમ્ર વિનવણી કે અમારી જ્ઞાતિમાં છેક ખૂણે ખાંચરે પણ આ બદીનો અણુમાત્ર પણ સ્પર્શ હોય ત્યાંથી તેને સત્વર જમીનદોસ્ત કરી અમારા જ્ઞાતિભાઈઓને હંમેશાં સુમાર્ગે ચાલી આવા અનર્થો ન કરવાની સદ્‌બુદ્ધિ આપો ! વિશેષમાં અમારી કોમના આગેવાન, ઉત્સાહી અને સુજ્ઞ ભાઈઓને અંતઃકરણપૂર્વક ભલામણ કે આ વિશે યોગ્ય સુધારાઓ નવેસરથી સવેળા દાખલ કરી કોમના ઉદ્ધાર માટે યથોચિત પ્રયાસ કરે.''[૮૩]

આ લેખક આર્જવભરી વિનંતી દ્વારા જ્ઞાતિબંધુઓને આવા કુરિવાજ ન કરવા અને તેમ કરવાની દુષ્ટબુદ્ધિ ન આપવા ઈશ્વરને પ્રાર્થના કરે છે ત્યારે, અન્ય એક બ્રહ્મભટ્ટ બંધુ જેઠીસિંહ હમીરભાઈ ઈનામદારે 'સુભટ્ટ' (માર્ચ ૧૯૨૩)માં પોતાના લેખમાં ''કન્યાવિક્રય'' વિષે સુંદર વિચારો દર્શાવ્યા છે કે,

''કન્યાવિક્રય જેવું ઘોર પાપ તો એકે નથી. શાસ્ત્રમાં પણ તેનો નિષેધ કરેલો છે... દીકરીના ઘરનું પાણી પણ ન પીવું તેવો રિવાજ હજી છે તેનો હેતુ શો? આપણા બાળકને આપણે આપીએ કે તેના મોઢામાંથી કાઢી લઈ આપણે ખાઈએ?... હાથ ન પહોંચે તો ઓછું આપીએ, પરંતુ આવો અધોગતિને પમાડનાર રિવાજ તો નાબૂદ કર્યે જ છૂટકો છે.''[૮૪]

આ સંદર્ભે ખ્યાતનામ કવિ અને સુધારક શ્રી દામોદરદાસ ખુશાલદાસ બોટાદકરે પણ કન્યાવિક્રય વિષે આવા જ ઉગ્ર પ્રત્યાઘાતો આપતાં નોંધ્યું છે કે, ''કન્યાવિક્રય એ કન્યાઓ માટે વર મેળવવા અર્થે લેવાયેલ એક પ્રકારની લાંચ જ છે. જ્ઞાતિના કે સમાજના નેતાઓની ફરજ છે કે એવી લાંચ કોઈ જ ન લઈ શકે એવા ઉપાયો યોજવા અને સમાજ તેમ ન કરી શકે તો રાજસત્તાની સહાય મેળવીને પણ એ પાપ અટકાવવું... સામયિક અને પત્રો પરથી જણાય છે કે હિંદની રાજસભામાં એક સભ્યે કન્યાવિક્રય બંધ કરવાનો ખરડો રજૂ કર્યો હતો, જે પસાર થયો છે. કન્યાવિક્રયનો પ્રતિબંધ કરવા માટે હિંદના સમાજ-હિતચિંતકોને છેવટે રાજ્યની સહાય લેવી પડે અને દંડાદિકના શાસન વિના આપણે એ કુમાર્ગેથી પાછા ન વળીએ એ આપણે માટે ખચિત નામોશી-ભરેલું ગણાય. મનુષ્ય જાતિને (પોતાના પંડને પણ) વેચવાનો અધિકાર નથી અને આપણે વેપારક્રિયામાં ઊતરતાં ઊતરતાં છેવટે આ સ્થિતિ પર જઈ પહોંચીએ તો બેશક, રાજ્ય તરફથી થતી અટકાયત આપણા માટે આવશ્યક જ ગણાય.''[૮૫]

આવા ઉગ્ર વિચારો સ્વજ્ઞાતિમાસિકોમાં છપાતાં તે વાંચી વિચારી જાગ્રત બનેલ સુધારકોએ તારીખ ૧૩-૧૪ નવેમ્બર, ૧૯૨૫ના રોજ વડતાલ મુકામે ''બ્રહ્મભટ્ટ જ્ઞાતિ મહાપંચ'' બોલાવ્યું, જેમાં કન્યાવિક્રય અટકાવવા માટે કન્યાદાનના ત્રણ પ્રકાર (ઉત્તમ-મધ્યમ અને કનિષ્ઠ) નક્કી કરીને નીચેના ઠરાવો સર્વાનુમતે પસાર કર્યા :

(૧) **પહેરામણી સાથે કન્યા આપવી :** એટલે કે કુળવાનશાહીના ફાંકાની લાલચે નહિ, પણ કન્યાદાન દેનાર ઘરનો સુખી હોય અને પોતાની ઉમેદ (ઉમંગ) હોય તો દીકરી મફત (કોઈ અવેજ વગર) આપવી અને જણસ-લૂગડાં-જમીન-જાગીર આપે તો સામે મનાઈ નથી કે તે ફરજિયાત પણ નથી.

(૨) **કન્યા મફત આપવી :** એટલે કે વરવાળા પાસેથી કન્યા દેવા બદલ પૈસાની કે બીજી કોઈ પણ મદદ લેવી નહિ તેમજ દીકરીના વાલીએ જાતે જાન વગેરેનું ખર્ચ ઉપાડી શક્તિ અનુસાર વિવેક સાચવતો.

(૩) કન્યાદેનાર ગરીબ કે વિધવા બાઈ હોય, એને આવકનું કંઈ જ સાધન ન હોય તો વરવાળા પાસેથી કન્યા આપવા બદલ ખર્ચ (માત્ર) ગામના બે આગેવાનો રૂબરૂ હિસાબ રખાવી-લેવું. તે ઉપરાંત લેવાની છૂટ નથી.

ઉપરના કન્યાદાન ઉત્તમ-મધ્યમ અને કનિષ્ઠ એવા ત્રણ પ્રકારનાં છે તેમાં ખાસ કરીને છેલ્લા પ્રકારનાં લગ્ન નિરાધાર માટે છે. ગામના જ્ઞાતિભાઈઓએ લાણાદીઠ ચાંલ્લો આપી તેનો બોજો ઓછો કરવો. આ રિવાજનો અમલ ગામના પંચની મરજીથી જ લાગુ પાડવો.''[૮૬]

આ દિશામાં જ આગળ વધતાં ગુજરાતના બ્રહ્મભટ્ટો પૈકીના ચરોત્તરના અઢાર ગામના બ્રહ્મભટ્ટોએ સામૂહિક રીતે કરેલો ઠરાવ ધ્યાન દોરે તેવો હોવાથી અત્રે નોંધું છું :

**ઠરાવ નંબર (૨) :** સમાજમાં કોઈએ કન્યાવિક્રય કરવો નહિ... તે સમાજની જાણમાં આવે તો તેને ગુનેગાર ગણી સમાજ ધારે તે દંડ કરી શકે.

**ઠરાવ નંબર (૫) :** કોઈ શખ્સ કન્યાવિક્રય કરી વિવાહ પ્રસંગે સમાજને નિમંત્રે તો તેનું નિમંત્રણ સ્વીકારવું નહિ. ભૂલેચૂકે (પણ) કોઈ જાય તો તેને ગુનેગાર ગણી યોગ્ય શિક્ષા કરવી.[૮૭]

આમ કન્યાવિક્રય બાબતે જ્ઞાતિમાં જાગૃતિ આવતાં તેનો બહિષ્કાર કરવાની લોકોમાં સમજ કેળવાઈ.

કન્યાવિક્રયની માફક બ્રહ્મભટ્ટ જ્ઞાતિમાં વરવિક્રયનો રિવાજ પણ ઘણી જગ્યાએ પ્રચલનમાં હતો. આ રિવાજ પણ દુષ્ટ અને અનર્થસર્જક હોવાથી તેના પર પ્રતિબંધ મૂકતાં અને તેને સમાજમાં વધુ વ્યાપક બનતો રોકવા બ્રહ્મભટ્ટ જ્ઞાતિએ કેવા પ્રયત્નો કર્યા તે જોતાં પહેલાં મહાત્મા ગાંધીજીએ વરવિક્રય બાબતે 'નવજીવન'માં આ અંગે જે વિચારો દર્શાવ્યા હતા તે જોઈએ :

''બાપ કન્યાને વેચે છે એ રિવાજ તો દુષ્ટ છે જ, પણ વર જ્યારે કન્યાના બાપ પાસેથી પરણાવાની મહેરબાનીનો દંડ લે છે ત્યારે નીચતાની હદ આવી રહે છે. (પ્રત્યેક) બાપે આવો દંડ નહિ આપવાની પ્રતિજ્ઞા લેવી જોઈએ ને કન્યાને મોટી થવા દેવી જોઈએ... પૈસાની લાલચે કરેલો વિવાહ (તે) વિવાહ નથી, એક સોદો છે. નવયુવકોએ આવા સોદામાંથી ઊગરવું.''[૮૮]

આ તો થયા મહાત્માજીના વરવિક્રયના વિચારો. એને ''ભટ્ટભાસ્કર''ના મુખપૃષ્ઠ પર છાપીને તંત્રીશ્રી ચુ. પુ. બારોટે આ દુષ્ટ રિવાજને સ્વજ્ઞાતિમાંથી પણ કાયમી તિલાંજલ આપવા ઈશારો કર્યો છે. આવા પ્રયત્નોના એક ભાગરૂપે સમગ્ર

સમાજમાંથી આ કુરિવાજને દૂર કરવા વડોદરા રાજ્યની ધારાસભામાં વરવિક્રયના અનિષ્ટ સામે શ્રી બાલુભાઈ દેસાઈએ રજૂ કરેલ ખરડો બ્રહ્મભટ્ટ જ્ઞાતિજનોને પણ લાગુ પડતો હોવાથી 'બ્રહ્મભટ્ટ' નામના જ્ઞાતિમાસિકમાં સંપાદકશ્રી પ્રહ્‌લાદ બ્રહ્મભટ્ટે આપ્યો છે જે આ મુજબ છે :

''વડોદરા રાજ્યમાં અનાવિલ, પાટીદાર... વગેરે જ્ઞાતિઓમાં વરવિક્રય કરવાનો રિવાજ લગ્ન કરતી વખતે ઘણાં લાંબા વખતથી ચાલુ છે અને તે માટે કન્યાપક્ષ તરફથી વરપક્ષને મોટી રકમ આપવી પડે છે. આ રિવાજથી આ જ્ઞાતિઓની ભયંકર દુર્દશા થવા બેઠી છે. આ જ્ઞાતિઓમાં છોકરીઓનો જન્મદિવસ એ ભયંકર આફત સમાન છે... વાંકડો, હુંડો કે પૈઠણના નામથી ઓળખાતા... આ રિવાજથી છોકરીઓ બળી મરી આત્મઘાત કર્યાના ઘણા દાખલા છે... વરવિક્રયના રિવાજથી ઊપજતાં અનિષ્ટ પરિણામો અટકાવવા શ્રીમંત સરકાર સયાજીરાવ ગાયકવાડે નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

(૧૦) જે કોઈ શખ્સ વરવિક્રય કરે અગર કરાવે તેને ૬ માસની સખત કેદ અને રૂ. ૫૦૦ સુધીના દંડની શિક્ષાને પાત્ર હશે.

(૧૧) હરકોઈ જ્ઞાતિમાં થયેલ ગામના પટેલ, તલાટી નોંધે, તે લગ્નમાં વરવિક્રય કરવામાં આવે છે કે નહીં તેના લિખિત જવાબ બંને પક્ષે લેવા.

(૧૩) જો વરવિક્રય થયેલ જણાય તો બંને પક્ષના જવાબોની નોંધ સાથે સરદહુ ગામના પટેલ-તલાટીએ હકૂમતવાળી ફોજદારી ન્યાયાધીશી તરફ મોકલવા.''[૮૯]

આ પ્રતિબંધ અન્વયે કુલ ૨૦ જોગવાઈઓ કરવામાં આવી હતી, જેમાંથી મહત્ત્વની ત્રણ અત્રે નોંધી છે. આવા રાજકીય પ્રતિબંધોને કારણે જ આ દુષ્ટ રિવાજ ખુલ્લે આમ થતો અટક્યો. અલબત્ત અંદરખાને ક્યારેક આવા રિવાજનું પાલન થયાના દાખલા જોવા મળતા, છતાં તેનું પ્રમાણ ઘણું ઓછું થવા પામ્યું એમ કહી શકાય.

### લગ્ન મરણ પાછળનાં જમણ કે જ્ઞાતિવરા

સામાન્યતઃ પોતાનાં બાળકોના લગ્નોત્સવો માબાપ માટે અત્યંત ઉમંગનો પ્રસંગ ગણાય, પરંતુ સમાજના દંભી અને નિરર્થક રિવાજોને કારણે સામાન્ય સ્થિતિના માબાપ માટે પોતાનાં સંતાનોના લગ્નપ્રસંગ એટલે ઘર ખેતર કે દર દાગીના વેચી સાટીને કરવો પડતો વહેવાર માત્ર બની રહે છે. લગ્ન વખતે કરેલા મિથ્યા દેખાવોને કારણે થઈ ગયેલ દેવાના ડુંગર નીચે દટાયેલ માબાપ માટે આવો બીજો પ્રસંગ કેમ કરી કાઢવો ? તે પ્રાણપ્રશ્ન બની રહે છે. આવા જ્ઞાતિવરા કે જમણવારના ખોટા ખર્ચ બ્રહ્મભટ્ટ સમાજમાં

પણ ઘણા મોટા પ્રમાણમાં થતા હોવાથી તે ક્ષેત્રે કંઈક સુધારો કરવાના આશયથી તારીખ ૧૩-૧૪ નવેમ્બર, ૧૯૨૫ના રોજ વડતાલ મુકામે ભરાયેલ જ્ઞાતિના મહાપંચે જે ઠરાવો કર્યા તેમાં લગ્ન પાછળના ખોટા ખર્ચાઓને લગતા ઠરાવો મહત્ત્વના હોવાથી અત્રે નોંધીશું :

૧. વરવાળાએ જાનનું માણસ પચ્ચીસથી વધુ લઈ જવું નહિ.

૨. પાંચ માણસ પણ વર સાથે જાનમાં લઈ જઈને લગ્ન થાય તો હરકત નથી.

૩. જાનને વધુમાં વધુ બે જમણ આપવાં. બેથી વધારે નહિ.

૪. કન્યાવાળાએ ગામના નાતીલાઓને જમણ આપવાનો રિવાજ બંધ કરાય છે.

૫. દીકરા-દીકરીના લગ્નપ્રસંગે વહેંચાતાં ઢેબરાં-ગોળનો રિવાજ બંધ કરી માત્ર ગોળ લહાણાદીઠ અરધો શેર આપવા ઠરાવ્યું છે. આ ઉપરાંત દહેજ બાબતે આશરે સો સવોસાથી વધારે કિંમતી દાગીના દહેજમાં રાખવા નહિ તથા આવા બીજા ખોટા ખર્ચાઓમાં કરકસર કરવાનું ઠરાવવામાં આવ્યું. તે ઉપરાંત

(૧૭) જાનના સામૈયા વખતે દારૂખાનું ફોડવું નહિ તથા બેન્ડવાજાં લઈ જવાં નહિ.

આ ઠરાવનો ભંગ કરનારનો ગામપંચવાળાએ દંડ લેવો.''[૯૦]

આવી જોગવાઈઓ અને ઠરાવો દ્વારા બ્રહ્મભટ્ટ જ્ઞાતિના સુધારકોએ જ્ઞાતિના નબળી આર્થિક સ્થિતિવાળા લોકોની પણ સમાજમાં આબરૂ જળવાઈ રહે અને બિનજરૂરી ખર્ચાઓની ખોટી દેખાદેખીથી જ્ઞાતિબંધુઓને નુકસાન ન થાય તે જોવા પૂરતો પ્રયાસ કર્યો હતો.

એ જ રીતે મૃત્યુ પાછળના જમણ વગેરેના ખર્ચાઓ ઘટાડવા માટે પણ પ્રયાસો થયા. મૃત્યુનો પ્રસંગ અત્યંત કરુણાજનક હોય છે. એક તરફ પોતાના સ્નેહી-સ્વજનનું મૃત્યુ હોય તેવે પ્રસંગે શોક સંતપ્ત પરિવારને સાંત્વન આપવાને બદલે જ્ઞાતિવરા-અગિયારમાં-બારમાં-લહાણાં વગેરેના ખોટા રિવાજને લીધે મૃતક પાછળ જીવંત રહેતા માણસો જો આર્થિક રીતે સધ્ધર ન હોય તો જીવતે જીવ મૂઆ બરાબર થઈ રહેતાં હોવાથી તેમની પાસેથ મૃતક પાછળ પ્રેતભોજન બળાત્કારે વું તે તદ્દન અમાનુષી કૃત્ય ગણાય, તેમ છતાં માત્ર ખર્ચને કારણે જ આવાં પ્રેતભોજન બંધ કરવાની તરફેણ નહિ

કરતાં અને તે માટે યોગ્ય કારણ રજૂ કરતાં સુધારક વિચારસરણીવાળા શ્રી ગિરધરલાલ ઝીણાભાઈ બારોટ પોતાના 'તિલાંજલિ આપશો કે?' શીર્ષક નીચેના લેખમાં 'ભટ્ટભાસ્કર'માં લખે છે કે ''મરણના ભોજનનો ત્યાગ કરવાનું કારણ આ જીર્ણ મનોવૃત્તિ કે ગજા ઉપરનાં ખર્ચ જ નથી, ખરી રીતે તો મરણ પાછળનાં ભોજન એ ભારે દંભ સેવવા જેવું છે, એ જંગલીપણાના ભોગ થઈ જવા જેવું છે, તેથી જ તેનો ત્યાગ કરવો જોઈએ... ખર્ચ જ જો કારણ હોય તો શ્રીમંતોને આની છૂટ મળવી જોઈએ અને જમવા જનાર બધાં જાણે ગરીબ ગુરબાં છે માટે જમવા જાય છે એમ દેખાય માટે આ રૂઢિમાં રહેલા દંભને વિચારી, એના અસંસ્કારીપણાને સમજી લઈને આપણે એનો ત્યાગ કરવો અને તેમ જ્ઞાતિ પાસે તેનો ત્યાગ કરાવવા મથવું જોઈએ.''[૯૧]

આવા જ વિચારોનું પ્રતિપાદન કરતાં વિદ્વાન સાહિત્યકાર અને સુધારક શ્રી કાકાસાહેબ કાલેલકર જણાવે છે કે ''જેઓ મરણભોજન આપે છે તેઓ પોતાને ત્યાં જમી ગયેલા લોકો પાસેથી પ્રસંગ આવ્યે મહેણાં-ટોણાં મારી પાછું ઉઘરાવવાની પઠાણીવૃત્તિ નથી બતાવતાં એવું કોઈ સિદ્ધ કરી શકે? જમણ આપવું અને પાછુ માગવું અને ''પાછું આપ્યું છે'' માટે ફરી ઉઘરાવવું એ જાતના ચાંડાળચક્ર (Vicious circle)નો અંત કોઈ કાળે આવવાનો નથી, એટલે કેટલાક લોકોએ ન્યાતની શરમ છોડી અથવા સાચું કહીએ તો બેશરમી છોડી ન્યાત જમાડવાની પ્રથા કાઢી નાખવી જોઈએ અને કંજૂસાઈના આળથી બીતા હોય તો એટલા પૈસા ન્યાતહિતના કોઈ સ્થાયી કામમાં ખર્ચવા જોઈએ, પણ આવી બીક નહિ જ રાખવી જોઈએ.''[૯૨]

શ્રી બહાદુરસિંહ ખુશાલસિંહ જાગીરદાર પણ બ્રહ્મભટ્ટ ''જ્ઞાતિબંધુઓને'' આવા ''જ્ઞાતિવરા'' અટકાવવા સમજાવતાં જણાવે છે કે,

''જ્ઞાતિવરાનાં અનિષ્ટ પરિણામો હવે સૌ કોઈ જાણી શક્યા છે. હવે દરેક સુધરેલી જ્ઞાતિમાંથી એવા જમણના બિનજરૂરી ખર્ચાઓને તિલાંજલિ મળી ચૂકી છે. છતાં આપણી જ્ઞાતિમાં આવાં જમણો હજી ઘણા મોટા પ્રમાણમાં થતાં રહે છે એ માટે યુવકો ઘણું કરી શકે છે. યુવકો જો ધારે તો સત્યાગ્રહનું શસ્ત્ર અજમાવીને એ પૈસા હસ્તગત કરી તેમાંથી જ્ઞાતિના ગરીબોની કેળવણીનો બંદોબસ્ત કરી શકે. એ માટે યુવકો આટલી હિંમત તો બતાવે જ બતાવે.''[૯૩]

'ગોમતીપુરની શરમ' નામના એક લેખમાં પ્રેતભોજનનો એક શરમજનક કિસ્સો નોંધી આ રિવાજ સરે બંધ કરવા ઉપાલંભ આપતાં ચુ. પુ. બારોટે નોંધ્યું છે કે

થોડાક વખત પર ગોમતીપુરમાં... બારમું કરવામાં આવ્યું. મરણમાં પણ ચૂરમું ખાવાના લાલચુઓને બારમું કરનાને ચૂરમું કરવા ચડાવ્યા, પરંતુ ચરૂમું કરીને લાડુ

કરવાનો જાણે રિવાજ તોડતાં પેલા ભાઈ ગભરાયા ને લાડુ કર્યા તેથી મરણસ્વાદિયા લાલચુઓએ ભોજનનો બહિષ્કાર કર્યો... કેટલાય કાલાવાલા પછી રાતના બાર વાગ્યે માત્ર બૈરાંનાં પિરસણ સ્વીકારાયાં, પણ ભાયડા અને છોકરા માટે રાંધેલું ગાયોને આપ્યું. આ સંદર્ભે તંત્રી શ્રી ચુ. પુ. બારોટ આવા શરમજનક સમાચાર 'ભટ્ટભાસ્કરમાં' છાપીને તે સ્તવરે ત્યજવા માટે સમાજને લાલબધી ધરે છે. તેઓ આગળ નોંધે છે :

''બારમું જ ખાવું હરામ હોવું જોઈએ એ અસંસ્કારી જમણ જમતાં જ લજાવું જોઈએ, પણ એમાંય ચાલુ રિવાજ ઓળંગીને અમને તો ચૂરમું જ જમાડો, નહિ તો તમારા કરેલા લાડુ ગાયને ધરાવો એવો આગ્રહ રાખવો એ તો શરમની અવધિ સમાન છે.''[૯૪]

આ પ્રસંગે તથા ઉપર શ્રી જાગીરદારે યુવકોને કરેલ આર્જવપૂર્ણ અપીલ અને છેલ્લા કેટલાક સમયથી પ્રેતભોજન માટે પૂ. મહાત્મા ગાંધી, કાકાસાહેબ કાલેલકર વગેરેના વિચારો અને ઓક્ટોબર ૧૯૨૯ના 'ભટ્ટભાસ્કર'ના જાણીતા ચિત્રકાર રવિશંકર રાવળે 'વ્યવહારપૂજા' નામે પ્રેતભોજનના કટાક્ષચિત્રો રજૂ કર્યા તે વાંચ પછી બ્રહ્મભટ્ટ યુવકોએ પણ આ અનિષ્ટના ઉન્મૂલન માટે સત્યાગ્રહનો કેવો માર્ગ પકડ્યો તે ખુદ મહાત્મા ગાંધીના શબ્દોમાં જોઈએ, : ''સત્યાગ્રહ સર્વવ્યાપક હોવાથી... સામાજિક ક્ષેત્રમાં પણ વાપરી શકાય છે. આવો ઉપયોગ ધર્મજના સાહસિક વિદ્યાર્થીઓએ ત્યાંના સમાજની સામે થોડા દિવસ પહેલાં કરી બતાવ્યો. સોમવાર તારીખ ૨૩-૧-૧૯૨૮મી એ બારમા અંગે જે મોટા જમણવાર થનાર છે તેમાં (વિદ્યાર્થીઓએ નક્કી કર્યું કે) (૧) અમે જમીશું નહિ. (૨) આ રૂઢિ સામે અમારો સખત વિરોધ દર્શાવવા તે ટંક (જમણવારનો ટંક) પૂરતો ઉપવાસ કરીશું. (૩) આ કામમાં અમારે ઘેર કે કુટુંબમાંથી જે કંઈ ત્રાસ સહન કરવો પડશે તે શાંતિ અને રાજીખુશીથી સહન કરીશું અને જમણને દિવસે મોટેરાંના ક્રોધ વહોરીને પણ ૨૮૫ વિદ્યાર્થીઓએ જમણમાં ભાગ ન લીધો અને ઘણાએ તો લાંઘણ પણ કરી.''[૯૫]

આમ પ્રેતભોજન જેવા શરમજનક જ્ઞાતિવરા રોકવા બ્રહ્મભટ્ટ યુવકો તેમજ સુધારકોએ ગાંધીચીંધ્યા માર્ગે સત્યાગ્રહો અને વિરોધી દેખાવો યોજીને, કષ્ટ વેઠીને પણ સમગ્ર જ્ઞાતિમાંથી આ કુરિવાજ નષ્ટપ્રાય કરવા નોંધપાત્ર કામ કર્યું, જેના પરિણામે ધીરે ધીરે આ કુરિવાજનું પ્રચલન ઘટી જવા પામ્યું.

## મૃત્યુ પાછળ રોવા-કૂટવાનો કુરિવાજ

બ્રહ્મભટ્ટ જ્ઞાતિમાં આ પણ એક શરમજનક કુરિવાજ હતો. એક તરફ સ્વજનના મૃત્યુના આઘાતથી વ્યથિત કુટુંબીજનો તેમાંથી બહાર નીકળી સ્વસ્થ બને તે પહેલાં ગામ અને પરગામનાં સગાંવહાલાંનાં ધાડાં કેવળ દંભી મિથ્યાચાર કરતાં, રોતાં કૂટતાં આવે, પરિણામે ઘરવાલાંને ફરી પોતાના સ્વજનનો શોક મનાવવા બેસવું પડે. આવું

એક બે નહીં પણ મોટે ભાગે તેર દિવસ સુધી સતત ચાલુ રહે, તો ઘરનાં માણસોની હાલત કેવી થાય? આ વિચાર માત્રથી ગાત્રો ગળી જાય છે. આવા કરુણ પ્રસંગનું પણ બાહ્યાચાર કે કેવળ દંભી દેખાવમાં રૂપાંતર થયેલું જોઈ સુધારકોએ તે દિશામાં લખવા કે કહેવા માંડ્યું. આવા પ્રસંગે પુરુષવર્ગ કરતાં મહિલાઓને ભાગે વ્યથા વિશેષ પ્રમાણમાં આવતી હોવાથી આ વ્યથાને વાચા આપતાં સુધારક બ્રહ્મભટ્ટ મહિલા પાર્વતીબા(ધરમપુર)ના વિચારો જોઈએ : ''આપણી કોમમાં હેબક ઉપજાવે તેવા, નિંદવા જોગ, દુઃખદાયક, કેટલાક કુરિવજો લાંબા કાળથી ચાલ્યા આવે છે તેમાંનો રડવાકૂટવા અને રાજિયા ગાવાનો હલકો ચાલ ઘણો જોરબંધ ચાલે છે. એમાં ઘણી બહેનો દેખાદેખી લોકલાજ કે બીજાઓની ઉશ્કેરણીથી-સામેલ થાય છે. કૂટનારીઓ... નવી આવ્યા જ કરે... તે તમામને રડી કૂટીને મૃતકની બાઇડીઓએ જવાબ આપવો રહ્યો. આથી ઘણી બહેનો લાંબી મુદત સુધી સારી પેઠે ખાટલા ભોગવે. ધાવણાં બાળક હોય તો તેમનું પણ મરણ નીપજે. બરાબર કુટાય નહિ તો મહેણાં પડે. આ તે કેવો ગેરવ્યાજબીને ત્રાસદાયક રિવાજ ! ખરી લાગણીવાળાંનાં તો અંતર જ રડે. મારી તો ચોક્કસ ખાતરી છે કે પોતાનાં સગાંઓના મરણ પાછળ કૂટવા માટે કોઈ ધાર્મિક ગ્રંથ રજા આપતો નથી. વળી મુસલમાન, પારસી, દક્ષિણીઓ અને એવી બીજી અનેક કોમોમાં આ રિવાજ નથી તેમજ બ્રાહ્મણ, વાણિયા વગેરે કોમોમાં આ કુચાલનો બહિષ્કાર થઈ ગયો છે, માટે મહારાષ્ટ્રવાસીઓ તો 'મૃતક પાછળ રોવા સારું હું કેટલીક ગુજરાતી ભાડૂતી બાઈઓ લાવવા જાઉં છું.' એમ કહી ગુજરાતીઓની હાંસી ઉડાવે છે. એ બતાવે છે કે આપણા આવા કઢંગા રિવાજો અન્ય પ્રાંતોના લોકો માટે ઉપહાસરૂપ થઈ પડ્યા છે. એ ઉપરથી એટલું સાબિત થતું નથી કે આ ચાલ બિલકુલ નકામો છે?''[૯૬]

આમ આ કુચાલને સ્વજ્ઞાતિમાંથી કાયમી ધોરણે તિલાંજલિ આપીને તેના ત્રાસમાંથી ખાસ કરીને સ્ત્રીવર્ગને ઉગારી લેવા સુધારક જ્ઞાતિભગિની શ્રીમતી પાર્વતીબા જેવાના લેખો વગેરે વાંચીને બદલાતા જતા સમયની સાથે સાથે બ્રહ્મભટ્ટ જ્ઞાતિએ પણ આ કુરિવાજ ત્યજવા માટે યોગ્ય પગલાં લીધાં તેમાં ''ખંભાતના બ્રહ્મભટ્ટ ચોર્યાસી પંચે કરેલા રડવા-કૂટવા અંગેના ઠરાવ''[૯૭]ની જાણ ''ભટ્ટભાસ્કરે'' સર્વજ્ઞાતિજનોને કરીને તે રીતે પોતાને ત્યાંથી આ રિવાજને દેશવટો આપવા અપીલ કરી.

આ બધાંને લીધે ધીરે ધીરે આ કુપ્રથાનું પ્રચલન ઘટ્યું.

## કુલીનતા

બ્રહ્મભટ્ટ જ્ઞાતિમાં પણ કુલીન-અકુલીન અને ઉચ્ચનીયતા ભેદભાવ પ્રચલિત હતા. ખંભાત, ચરોતર, છ ગામ, બારગામ, પંદરગામ અને સત્યાવીસ ગામના ગોળ

વગેરે વાડાઓમાં સમસ્ત સમસ્ત બ્રહ્મભટ્ટ જ્ઞાતિને વહેંચી નાખીને પૂર્વજોએ આવાગમનનાં સાધનોના અભાવવાળા યુગમાં કદાચ સગવડ સાધી હશે આધુનિક યુગના આગમન પછી આ 'ગોળ' અર્થહીન બની ગયા હતા હોવા છતાં કુલીનતાનો દંભ ધારણ કરી બેઠેલા કેટલાક જ્ઞાતિજનોએ પોતાને શ્રેષ્ઠ માનવા-મનાવવાનું ચાલુ રાખ્યું હતું. આવા કુલીનોના કુળમાં જન્મ લઈને બાકી કોઈ જ યોગ્યતા ન ધરાવતા ઘણા લોકો કહેવાતા અકુલીનો પાસેથી માત્ર દીકરીઓ જ સ્વીકારતા નહિ, પણ વહેવારના જુદા જુદા નામે શ્વશુરગૃહેથી મોટી રકમ માલમિલકત પડાવતા. ઉક્તિ રકમ ખર્ચાઈ જતાં પત્નીને ફરી પિતૃગૃહે જઈ તે લઈ આવવા ફરજ પાડવામાં આવતી તથા તેમ ન કરનારને ઘણી વાર પોતાના જીવ પણ ખોવા પડતા. આવા કમોતના વધતા જતા પ્રસંગોથી છંછેડાયેલા કેટલાક સુધાકો અને કવિઓ-લેખકોએ આવી કુલીનતાનો ત્યાગ કરી, સમસ્ત જ્ઞાતિને સમાન ગણી વહેવાર કરવા લોકોને સમજાવ્યા. આ બાબતે કલોલના શ્રી ડોસાલાલ મોહનલાલ બારોટ પોતાના 'કુલીનતા પુરાણ' દ્વારા શ્રી ઝવેરભાઈ બેચરભાઈ કવિ પોતાના 'બ્રહ્મભટ્ટ ચેતન' તથા 'બ્રહ્મભટ્ટ હિતોપદેશ' ઉપરાંત અનેક જ્ઞાતિ-કાવ્યો દ્વારા આ સંદર્ભે સુધારા કરવા અભિયાન ચલાવ્યાં હતાં. શ્રી ઝવેર કવિ તો આને લીધે જ્ઞાતિકવિનું બહુમના પણ પામ્યા હતા તે કુલીનતાના આ દંભને ખુલ્લો પાડવા માટે અત્યંત જાણીતા હતા. કુલીનતાના લાલચુ જ્ઞાતિજનો પોતાની દીકરીને મોટા કુળવાનને ત્યાં આપવાના ખોટા દંભ માટે કેવાં દુઃખ વેઠે છે તે બતાવી તેમ ન કરવા શ્રી ઝવેરભાઈ કવિ શું કહે છે તેનું અત્રે એક ઉદાહરણ જોઈએ, વધુ દૃષ્ટાંત આગળ જોઈશું :

''કરજ ઊપજથી અદકાં કીધાં, તોરમાં ઊંચા અડી રહ્યા છો,
ઘર-જાગીરો ગિરો મૂકી, મિથ્યા મદમાં મરી રહ્યા છો,
કન્યાઓ દેવામાં ખોટા, કુળના નાદે ચડી રહ્યા છો,
થાપ પડ્યા છે, કન્યાઓને તમે દુર્બળતામાં દળી રહ્યા છો.''[૯૮]

આવાં આવાં અનેક ગીતો દ્વારા જેમાં 'કીર્તિનો ઝરો અને આબરૂનો ફુવારો', 'અમે કુળવાનના જાયા', 'કારીગર છે કુળવાનો' વગેરે ઉપહાસાત્મક છતાં સચોટ કાવ્યો દ્વારા ઝવેર કવિએ 'કેવળ કુળ'ના મિથ્યાભિમાનીઓમાં મૂર્ખતા, કાવાદાવા, દુષ્ટતા વગેરેને વખોઢી કાઢી, સાચી કુલીનતાનાં લક્ષણ જ્ઞાતિજનોને જણાવી માત્ર બ્રહ્મભટ્ટ જ નહિ, પણ સર્વ જ્ઞાતિજનોને ચેતવ્યા છે. આમ કુલીનતામાં દંભ અને કુળવાનશાહીના મિથ્યા આડંબરમાંથી બ્રહ્મભટ્ટ જ્ઞાતિને બહાર આવી તેને બદલે સમસ્ત જ્ઞાતિજનો સરખા છે તેમ ગણવાની આવા સુજ્ઞ સુધારકોએ અપીલ કરી હતી. શ્રી ચુ. પુ. બારોટે આવી

દંભી કુલીનતાને ત્યજી પોતાનાં સંતાનોનાં લગ્ન આવાં દંભ વગર કરી જ્ઞાતિસુધારક તરીકે જાતે જ તેમ કરીને દષ્ટાંત પૂરું પાડ્યુ હતું. આવા પ્રયત્ન વગેરેને લીધે અને બદલાતા જતા વાતાવરણમાં પછી તો જ્ઞાતિના મેળાવડાઓ, યુવકસંમેલનો વગેરેનું પ્રમાણ વધતાં કુલીનતાનો દંભી રિવાજ જ્ઞાતિમાં ઝડપથી નામશેષ બનવા લાગ્યો. વળી મહારાજા ગાયકવાડે વડોદરા રાજ્યમાં ગોવિંદભાઈ દેસાઈના અધ્યક્ષપણા નીચે 'ગોળ, એકડા, તડા સમિતિ' નીમીને, આવા ભેદભાવ મિટાવી સમસ્ત જ્ઞાતિજનોને એક થઈ રહેવા સૂચન કર્યું. વળી કુળવાનશાહી અને કુળમૂઢોનો મોહ તોડવા સાર્વજનિક સંગીન કેળવણી શરૂ કરાઈ, જેણે લોકમાનસને જાગ્રત કરી આવા દંભી, મિથ્યા દેખાવ નાબૂદ કર્યા.

### લાજ-ઘૂંઘટ કે પરદાપ્રથા

આ કુરિવાજ પણ બ્રહ્મભટ્ટ જ્ઞાતિમાં અન્ય કુરિવાજોની માફક પ્રચલિત હતો. ભારતીય ઉપખંડના પશ્ચિમોત્તર વિભાગમાં આવેલી ગિરિમાળામાં વિકસેલા આદિમ ભારતીયોના આર્ય (અર્થાત્ સંસ્કારી) સમાજમાં મુક્ત વિહરતી સ્ત્રીઓ, શાસ્ત્રાર્થ અને શસ્ત્રકાળમાં નિપુણ ગણાતી સ્ત્રીઓ બારસો વર્ષ ઉપર શરૂ થયેલા ઝનૂની વિદેશી આક્રમણકારોના સમયમાં લાજ-ઘૂંઘટ કે પરદા પાછળ જઈ બેઠી. હવસી શિકારી જેવા વિદેશી આક્રમકોની હવસના ભોગ ન બનવું પડે તે માટે હિંદુ સમાજની બહેનોને માથે આ કુપ્રથા ઠોકી દેવામાં આવી, જે આધુનિક યુગમાં આવી કોઈ દહેશત ન રહેવા છતાં ચાલુ જ રહી. રાજપૂત કન્યાઓ અને સ્ત્રીઓ શાસનકર્તાની હોવાથી આવાં આક્રમણોમાં સૌથી વધુ ભોગવવાનું એમને આવતું માટે આ પ્રથા એમના ઘરોમાં વિશેષ હતી. બ્રહ્મભટ્ટો આ રાજપૂત શાસકોથી ઘણા નજીક હોવાથી તેમની સ્ત્રીઓમાં પણ આ કુપ્રથા સૌથી વધુ ઊતરી આવી હોવાની શક્યતા નકારી કઢાય તેવી નથી.

બ્રહ્મભટ્ટ જ્ઞાતિમાંથી આ પ્રથાને દૂર કરવા માટે જ્ઞાતિની બાળાઓને કેળવણી લઈ સંસ્કારી બની આવા કુરિવાજોનો ભોગ બનતી અટકાવવાની જરૂરિયાત બ્રહ્મભટ્ટ જ્ઞાતિના અદના અને આદ્ય સેવક શ્રી પુરુષોત્તમદાસ માતરવાળાના ધ્યાનમાં આવી હતી. વડોદરા મુકામે ઈ. સ. ૧૯૧૫માં મળેલી પ્રથમ 'ગુજરાત બ્રહ્મભટ્ટ પરિષદ'માં જાણીતાં સમાજસેવિકા અને સુધારક એવાં શ્રીમતી શારદાબહેન મહેતાને બોલાવી લાવવાની શ્રી માતરવાળાની ઈચ્છા હતી, પરંતુ શારદાબહેને તો સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે

''જુઓને ભાઈ, મેં સાંભળ્યું છે કે તમારી ન્યાતનાં બૈરાં આ પરિષદમાં આવવાનાં નથી ત્યારે (ખાસ બૈરાંઓ માટેનું) ભાષણ હું કોની આગળ કરું? એમનાં ધર્મ વચનોનો જવાબ આપતાં માતરવાળાએ આ પરિષદમાં જ્ઞાતિનાં બૈરાંને બોલાવવાની ખાતરી

રૂઢીના કિલ્લાના ખરતા કાંગરા



છઠ્ઠી બ્રહ્મભટ્ટ યુવક પરિષદ – નડિયાદ (જૂન ૧૯૩૭)

(જાહેર મેળાવડામાં બ્રહ્મભટ્ટ બહેનોની નોંધપાત્ર હાજરીને અનુલક્ષીને અત્રે 'રૂઢીના કિલ્લાના ખરતા કાંગરા' યથાર્થ રીતે જ લખાયું છે.)

આપી અને તે પાળી બતાવી.''[૯૯] અને આમ શ્રી માતરવાળાના પ્રયત્નને લીધે સર્વપ્રથમ વાર જ્ઞાતિની સ્ત્રીઓ જાહેર પરિષદોમાં શ્રોતા તરીકે ઉપસ્થિત થઈ, જેને લીધે લાજ કે ઘૂંઘટની પ્રથા પર કુઠારાઘાત થયો. આ જ રીતે 'ગુજરાત બ્રહ્મભટ્ટ યુવક મંડળનું ચોથું સંમેલન' ભરૂચ મુકામે ૨૭ ડિસેમ્બર ૧૯૨૭ના રોજ મળ્યું, જેમાં સ્ત્રીઓની ઓછી હાજરી હોવાથી સર્વાનુમતે ઠરાવ પસાર કરીને હવેનાં સંમેલનોમાં તેમની વધુમાં વધુ હાજરી લાવવાનું નક્કી કરવામાં આવ્યું; જોકે આ સંમેલનમાં સ્ત્રીઓ માટે પરદાની અલગ બેઠક વ્યવસ્થા હતી અને તેનો લાભ લેવા માટે કેટલીક સ્ત્રીઓ આ પરિષદમાં હાજર પણ રહી હતી. તે કંઈ ઓછા સંતોષની વાત ન હતી. આ વાતની નોંધ માત્ર જ્ઞાતિપત્રોમાં જ લેવાઈ હતી તેમ નથી, પરંતુ 'આર્યપ્રકાશ' (તારીખ ૨૨-૧-૧૯૨૮) નામની પ્રચલિત પત્રિકાએ પણ ભરૂચની આ બ્રહ્મભટ્ટ પરિષદમાં બહેનોની હાજરીની નોંધ લેતાં લખ્યું કે,

''બ્રહ્મભટ્ટ કોમની સદાય પડદા પાછળ રહેનારી બહેનો, પડદા ખસેડીને પોતાની કોમના જુવાનોની જાહેર સભામાં હાજરી આપવા તૈયાર થઈ છે. એ ખરું કે જાહેર સભામાં પણ તેઓ પોતાનો પડદો લઈને આવેલ છે છતાં હવે પડદો ખસે છે અને ઘરના ઓરડેથી ભરૂચના સભાખંડ 'ભરૂચાહૉલ' સુધી આવતો થયો છે એ પણ સમયની બલિહારી જ છે ને?'' જરા વિચાર તો કરો તત્કાલીન સમાજની. આજના યુગમાં તો સ્ત્રીસ્વાતંત્ર્ય સહજ બાબત છે, પરંતુ આ સુધારાના મૂળમાં રહેલી આવી વિરલ ઘટનાઓનું મૂલ્ય સહેજ પણ ઓછું આંકવું જોએ નહીં.

આ રીતે એક વાર પરદાની જર્જરિત પ્રથા છૂટી જતાં મુંબઈના હીરાબાગ ખાતે ૨જી માર્ચ ૧૯૩૭ના રોજ બ્રહ્મભટ્ટ જ્ઞાતિનાં પહેલી લેડી ડોક્ટર બનનાર ડૉ. વિદ્યાવત બેતાબ (એમ.ડી.)ને સુવર્ણચંદ્રક મળ્યેથી તેમના સન્માન નિમિત્તે મુંબઈનિવાસી બ્રહ્મભટ્ટ ભાઈઓ અને બહેનોની જે સભા મળી તેનો અહેવાલ આપતાં 'ભટ્ટભાસ્કર' નોંધે છે કે,

''શ્રી બ્રહ્મભટ્ટ યુવક મંડળનાં મરોલી અને નડિયાદનાં સંમેલનોમાં જ્ઞાતિના ઇતિહાસમાં પ્રથમ વાર બ્રહ્મભટ્ટ સન્નારીઓએ પ્રગતિશત્રુ એવા પડદાના જુલ્મી રિવાજને ફગાવી દઈ હાજરી આપી. જેમાં પોતાનાં નામ આપનાર બહેનોનાં નામ બ્રહ્મભટ્ટ કોમના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકાઈ રહેશે, માટે અત્રે આપતાં ઘટે, જે આ પ્રમાણે છે : (૧) શ્રીમતી કંચનબહેન ડાહ્યાભાઈ બારોટ, (૨) ડાહીબહેન મૂળજીભાઈ બારોટ, (૩) ચંચળબહેન ભગવાનસિંહ રાવ, (૪) મણિબહેન મૂળજીભાઈ બ્રહ્મભટ્ટ, (૫) ડાહીબહેન પરધુભાઈ બારોટ, (૬) ચંચળબહેન છોટાલાલ ભટ્ટ અને (૭) મણિબહેન સીતારામ શર્મા. (જુઓ ચિત્ર પૃ. ૧૬૪)

આ લેખકે આગળ સરસ નોંધ મૂકી છે કે ''લગભગ ૫૦ બહેનો સાથે ૧૨ જેટલાં સ્ત્રી પુરુષોએ આ પ્રસંગે હાજરી આપી હતી. પુરુષોથી અગ્રસ્થાને ખુરશી પર હળવા હૃદયે, મલાજાની જંજાળને ''મોટા પાઘડાંઓવાળા માટે'' રહેવા દઈને બેઠેલી આપણી જ્ઞાતિની સ્ત્રીશક્તિને જોતાં રૂઢિ-રિવાજના રક્ષકોને તો આપઘાત કરવાની તમન્ના જાગે એવું દૃશ્ય હતું.'' સ્વજ્ઞાતિમાં આવી રહેલા સુધારાનો આનંદ લેખકે પોતાની કલમ દ્વારા કેવો સરસ રીતે આલેખ્યો છે !

આમ ક્રમશઃ આ પદ્ધતિ પણ હળવી બનતી ચાલી. છેલ્લે તેની ઓસરતી જતી પકડ વિશે બોલતાં 'સુધારાવાળા' બ્રહ્મભટ્ટ યુવકે નોંધ્યું છે કે,

''લાજ ને પડદો અનાર્ય રિવાજ છે. મરોલી અને ત્યાર પછી નડિયાદ યુવક સંમેલનમાં મધ્યા અને વૃદ્ધાઓએ પણ આ રિવાજનો ભંગ કરીને જુનવાણી લોકોમાં ભારે ઊહાપોહ પેદા કર્યો હતો. બીજી ન્યાત કરતાં આપણી જ્ઞાતિમાં અત્યારે પડદો ઘણો ઓછો થઈ ગયો છે. હવે ભટ્ટસ્થાનનો કોઈ મહેમાન આપણા ઘરે આવે તો જ, આપણે પડદો પાળીએ છીએ, બાકી નારીસમાજનો સામાન્ય વહેવાર તો લાજથી જ ચાલે છે અને આ લાજનું વલણ પણ જવા તરફ જ છે.''[૧૦૨]

આજના સ્વતંત્ર વાતાવરણમાં ઊછર્યા હોવાથી આપણને એ વખતે પ્રચલિત એવા આ રિવાજની ગંભીરતા સમજાતી નથી, પરંતુ તે પ્રથા હટવાથી જ આજે છૂટથી હરતી ફરતી બહેનોને માટે આટલી સ્વતંત્રતા શક્ય બની છે, તે ન ભુલાવું જોઈએ. આમ લાજ અને પડદાનો કુરિવાજ પણ બ્રહ્મભટ્ટ જ્ઞાતિમાંથી ધીરે ધીરે નામશેષ બની જવા પામ્યો.

આ ઉપરાંત કન્યાકેળવણી તરફ સેવાતા દુર્લક્ષ્યમાં પણ ઘટાડો થવા પામ્યો જ્ઞાતિની કન્યાઓને શિક્ષણ તરફ રસ લેતી કરવામાં આવી. બ્રહ્મભટ્ટ જ્ઞાતિમાં પ્રથમ ડૉ. વિદ્યાવતી બેતાબ (એમ.ડી.) ને મળેલ સુવર્ણચંદ્રક અને ડૉક્ટરની ડિગ્રી માટે સંમાનવાનો મુંબઈમાં ઊજવાયેલ સમારંભ આ બાબતની સાક્ષી પુરે છે. ગુજરાતના ગામેગામ બહેનોને પ્રાથમિક શિક્ષણ લેતી કરવા માટે ચળવળ ચાલી, જેને લીધે ૧૯૩૧ની વસ્તીગણતરી મુજબ કુલ ૫૬૭ પુરુષો અને ૮૯ સ્ત્રીઓને પ્રાથમિક શિક્ષણ અને કુલ ૪૪.૧ પુરુષોને તથા ૦.૨ સ્ત્રીઓને (કુલ હજારમાંથી) અંગ્રેજી શિક્ષણ મળ્યું હતું, જે ૧૯૧૪ની વસ્તીગણતરીમાં વધીને પ્રાથમિક ક્ષેત્રે કુલ ૬૪૮ પુરુષો અને ૨૦૦ સ્ત્રીઓનું અને અંગ્રેજી ક્ષેત્રે ૮૩ પુરુષો અને માત્ર ૧ સ્ત્રીનું (કુલ હજારમાંથી) બનવા પામ્યું હતું.''[૧૦૩]

ટૂંકમાં, સ્ત્રીકેળવણીને ક્ષેત્રે પણ બ્રહ્મભટ્ટ સમાજ-સુધારકોએ પૂરતા પ્રયત્નો કર્યા જેનું ઘણું સારું પરિણામ આવ્યું.

આમ સમગ્ર ગુજરાતની બ્રહ્મભટ્ટ જ્ઞાતિમાં ઉપર્યુક્ત કુરિવાજો પ્રવર્તતા હતા, તેની સામે સ્વજ્ઞાતિસુધારકો, ઉત્સાહી યુવકો, જ્ઞાતિપત્રો અને ગાંધીજી, સરદાર પટેલ, કાકાસાહેબ કાલેલકર તથા અન્ય જ્ઞાતિઆગેવાન, સુધારકોના સક્રિય સહકાર દ્વારા બ્રહ્મભટ્ટ જ્ઞાતિએ પોતાના ઘર-આંગણાના આ કુરિવાજોને નાથવા અને નાબૂદ કરવા ભરચક પ્રયત્નો કર્યા, જેમાં તેમને ઘણે અંશે સફળતા મળી, જેનાં સારાં ફળ જ્ઞાતિજનો આજે ચાખી રહ્યાં છે.

અજ્ઞાન તથા કુરિવાજના બંધનોમાંથી મુક્તિ અપાવી અને વર્તમાન પ્રગતિ સાધી શકવા માટે સર્વે જ્ઞાતિજનો ઉપર્યુક્ત સુધારકો, સંજોગો અને સાધનોના સદા સર્વદા આભારી રહેશે.

## પાદનોંધ :

૧૧. ''ભટ્ટભાસ્કર'', : વડોદરા, જૂન ૧૯૨૦ : પૃ. ૨-૩

૧૨. એજન, પૃ. ૩.

૧૩. હરગોવિંદદાસ દ્વા. કાંટાવાળા, ''જાતિઓમાં જાગૃતિ'' ભટ્ટભાસ્કર : જૂન ૧૯૨૦ : પૃ. ૬. વધુ વિગત માટે જુઓ ડો. એમ. એલ. પઢિયારનો મહાનિબંધ ''ગુજરાતના સામાજિક-આર્થિક અને રાષ્ટ્રીય ઉત્થાનમાં હ. દ્વા. કાંટાવાળાનું પ્રદાન'' (૧૮૪૪-૧૯૩૧) ગુજ. યુનિ. ૧૯૯૧.

૧૪. પ્રભાશંકર જ પાઠક, 'જ્ઞાતિમાસિકની જરૂર છે?' 'મોઢ માર્તંડ', 'સુભટ્ટ'.

૧૫. શ્રી પ્રતાપ, ''જ્ઞાતિમાસિકોમાં લેખ કેવા હોવા જોઈએ'' સુભટ્ટ : ડિસે. ૧૯૨૪ : પૃ. ૧૩૦.

૧૬. સીતારામ શર્મા, ''આંખ ઉઘાડો'', ભટ્ટભાસ્કર, : જૂન ૧૯૨૦ : પૃ. ૮-૧૨.

૧૭. ચુ.પુ.બ્રહ્મભટ્ટ : અનુ.: ''બ્રાહ્મણ વર્ણમાં આપણી જ્ઞાતિની પદવી'', ભટ્ટભાસ્કર, : જાન્યુ, ૧૯૨૧ : પૃ. ૮-૧૨.

૧૮. ''સેવક'', ''જ્ઞાતિ શેઠોને વિનંતી'', ભટ્ટભાસ્કર, : માર્ચ એપ્રિલ ૧૯૨૭ : પૃ. ૨૩૯.

૧૯. છોટાલાલ મો. બ્રહ્મભટ્ટ, ''આપણી ઉન્નતિ આપણા પોતાના જ હાથમાં રહેલી છે.'' ભટ્ટભાસ્કર, : માર્ચ- એપ્રિલ, ૧૯૨૧ : પૃ. ૨૫૫-૨૫૭.

૧૦. શંકરલાલ દા. બ્રહ્મભટ્ટ, ''ઈનામી લેખોની હરીફાઈ'' ભટ્ટભાસ્કર : મે, ૧૯૨૬ : પૃ. ૨૭૩-૨૭૪.

૧૧. સત્યપ્રકાઈ ''નવયુવાનોને'', ભટ્ટભાસ્કર, : ઓક્ટોબર ૧૯૩૧ : પૃ. ૫.

૧૨. શ્રીનાથ, ''અવનતિમાં સડતો આપણો સમાજ, ''ભટ્ટભાસ્કર, : ફેબ્રુઆરી ૧૮૩૧ : પૃ. ૧૧૮.

૧૩. ચંદુલાલ રણા, ''બ્રહ્મભટ્ટ યુવાનોને'' ભટ્ટભાસ્કર, : જુલાઈ- ૧૯૩૫ : પૃ. ૧૯૮.

૧૪. ''જલધિ'', ''લગ્નરહસ્ય'', ભટ્ટભાસ્કર, : જુલાઈ-૧૯૩૫ : પૃ. ૧૯૮.

૧૫. હરગોવિંદદાસ કાંટાવાળા (પ્રમુખ) ચોથી ખડાયતા પરિષદ, ભરૂચ (તારીખ ૪-૫ જૂન, ૧૯૨૨)ના વ્યાખ્યાનમાંથી, ખડાયતા મિત્ર, : અમદાવાદ, ૧૯૨૨ : પૃ. ૨૭.

૧૬. બાપુલાલ ગો. બ્રહ્મભટ્ટ, ''ચમત્કારિક સ્નાન'' ભટ્ટભાસ્કર, (મે ૧૯૩૧) પૃ. ૨૧૦-૧૧.

૧૭. શ્રી કાંટાવાલા, ઉપર્યુક્ત પૃ. ૨૭ (ભ. ભા. સપ્ટેમ્બર, ૧૯૨૨ પૃ. ૭૩-૭૫)

૧૮. કરણસિંહ કવિ, ''બાળલગ્ન'', સુભટ્ટ (ફેબ્રુઆરી ૧૯૨૪) પૃ. ૧૩૪-૩૫.

૨૦. એજન પૃ. ૧૩૪.

૨૧. કરણસિંહ કવિ, ઉપર્યુક્ત, ૧૩૫.

૨૨. સ્વામી રામતીર્થ, સુભટ્ટ : માર્ચ-૧૯૨૩ (પૃ. ૧૯૨૯)

૨૩. પૂ.ગાંધીજી, નવજીવન. (અમદાવાદ, તારીખ ૧૦-૨-૧૯૨૯) ભ. ભા. ફેબ્રુઆરી ૨૯, પૃ. ૧૨૦.

૨૪. ગુજરાત બ્રહ્મભટ્ટ યુવક સંમેલન, ભટ્ટભાસ્કર, અમદાવાદ, નવેમ્બર, ૧૯૨૪, પૃ. ૬૨.

૨૫. જેભાઈ કા. બ્રહ્મભટ્ટ, ''યુવક સંમેલનમાં ભાષણો'', ભટ્ટભાસ્કર, : માર્ચ ૧૯૨૫ : પૃ. ૧૫૩.

૨૬. ભટ્ટભાસ્કર : ઓક્ટોબર-નવેમ્બર ૧૯૩૦ : પૃ. ૨૮-૨૯.

૨૭. ભટ્ટભાસ્કર, : જૂન-જુલાઈ ૧૯૨૩ : પૃ. ૨૪.

૨૮. શંકરલાલ દા. બ્રહ્મભટ્ટ ''ઈનામી લેખોની હરિફાઈ'', ભટ્ટભાસ્કર : એપ્રિલ-૧૯૨૭ : પૃ. ૨૬૧.

૨૯. ગુ. પુ. બારોટ, ''આપ જાણો છો ? ભટ્ટભાસ્કર, : માર્ચ ૧૯૨૭ : પૃ. ૨૩૫.

૩૦. એજન, : ફેબ્રુઆરી ૧૯૨૭ : પૃ. ૨૧૭.

૩૧. ભટ્ટભાસ્કર : મે-૧૦૨૭ : પૃ. ૨૯૦.

૩૨. એજન : એપ્રિલ, ૧૯૨૭ : પૃ. ૨૬૭.

૩૩. પૂ.ગાંધીજી, ''સત્યાગ્રહનો ઉપાય'', ભટ્ટભાસ્કર : ઓક્ટોબર-નવેમ્બર ૧૯૨૯ : પૃ. ૫-૬.

૩૪. એજન પૃ. ૬-૭.

૩૫. એજન, : જૂન ૧૯૨૯ મુખપૃષ્ઠ : પાછલું :

૩૬. એજન, : ઓક્ટોબર ૧૯૨૯ પૃ. ૩૫.

૩૭. એજન, : ઓક્ટો-નવે. ૧૯૩૦ : મુખપૃષ્ઠ : પાછલું.

૩૮. પૂ.ગાંધીજી, ''નવજીવન'' ૧૯-૧૨-૧૯૨૯. : ભટ્ટભાસ્કર જાન્યુ. ૩૦ પૃ. ૧૧૦.

૩૯. સરદાર વલ્લભભાઈ પટેલ : પ્રમુખ પાટીદાર યુવક પરિષદ આણંદનું ભાષણ-ડિસે. ૧૯૩૧.

૪૦. સરદાર પટેલ, ''બારડોલી સત્યાગ્રહ'', : તારીખ ૨૯-૧૨-૨૯ : ભટ્ટભાસ્કર : જાન્યુઆરી ૧૯-૩૦ : પૃ.૭૮.

૪૧. ચુ.પુ.બારોટ, ''સરસપુરમાં સભા'' : ડિસે.૧૯૨૯: ભટ્ટ ભાસ્કર, : જાન્યુઆરી ૧૯૩૦, : પૃ.૧૧૧-૧૧૩.

૪૨. દરબાર ગોપાળદાસ અં. દેસાઈ, (પ્રમુખ વડોદરા પ્રજામંડળ, ભટ્ટભાસ્કર) જુલાઈ ૧૯૨૮, : પૃ.૨૨૫.

૪૩. ગુજરાત બ. યુવક મંડળ, પાચમું સંમેલન : તારીખ ૧૮-૧૯-૨૦ : ઓક્ટો. ૧૯૨૯ : ભટ્ટભાસ્કર : નવે-૧૯૨૯ : પૃ. ૩૫૧.

૪૪. બ્રહ્મભટ્ટ મહાસભાનો અહેવાલ, સુભટ્ટ : માર્ચ, ૧૯૨૩ : પૃ. ૧૬૦.

૪૫. ભટ્ટભાસ્કર, : ફેબ્રુ. ૧૯૩૫ : કવર પેજ.

૪૬. ભટ્ટભાસ્કર, : ઓક્ટો-નવે.-૧૯૩૦ : પૃ. ૨૮-૨૯.

૪૭. નટવરસિંહભાઈ ઈ.પટેલ, ''પુરુષોનો લગ્નપ્રપંચ'', પાટીદાર, : ફેબ્રુ. ૧૯૨૫.

૪૮. નટવરલાલ છો. બારોટ, ''કજોડું''-ભટ્ટભાસ્કર : જૂન ૧૯૩૭ પૃ. ૧૭૪.

૪૯. કવિ વલ્લભ ભટ્ટ, ''કજોડાનો ગરબો'', ભટ્ટભાસ્કર, : માર્ચ ૧૯૨૮ : પૃ. ૧૩૩.

૫૦. શ્રી કેશવ, ''બીજવરની જાનમાં'' ભટ્ટભાસ્કર, : મે ૧૯૩૨ : પૃ. ૨૦૪.

૫૧. દરબાર ગોપાળદાસ, ''ઊઠો'' ભટ્ટભાસ્કર, : જૂન ૧૯૨૯ : પૃ. ૨૨૫.

૫૨. મણિલાલ ચુ. બ્રહ્મભટ્ટ, ''મનના મણકા'', ભટ્ટભાસ્કર, : જુલાઈ-૧૯૩૫, : પૃ. ૧૯૪.

૫૩. શંકરલાલ દા. બ્રહ્મભટ્ટ ''ઈનામી લેખોની હરિફાઈ'', ભટ્ટભાસ્કર, : મેં. ૧૯૨૭ : પૃ. ૨૭૪.

૫૪. ચુ. પુ. બારોટ, ''લગ્નસરા ચાલુ થઈ છે, બંધુઓ, ધ્યાનમાં રાખજો'', ભટ્ટભાસ્કર : ફેબ્રુ. ૧૯૩૫ : મુખ પૃષ્ઠ.

૫૫. ચુ. પુ. બારોટ, ''કુલીનતાનું દેવાળું : ઊઘલવાના છે?'' ભટ્ટભાસ્કર, : ફેબ્રુઆરી ૧૯૨૮, : પૃ. ૧૧૩.

૫૬. પૂ. ગાંધીજી, ''ગાયને કોણ છોડાવશે''? નવજીવન, : તારીખ ૨૮-૨-૧૯૨૮.

૫૭. ડૉ. સુમંત મહેતા, ''બ્રહ્મભટ્ટ જ્ઞાતિમાં ભયંકર વૃદ્ધલગ્ન 'વિરોધસભા' વડોદરા, ભટ્ટભાસ્કર : માર્ચ ૧૯૨૮ : પૃ. ૧૬૭.

૫૮. ચુ. પુ. બારોટ, ''નડિયાદના બ્રહ્મભટ્ટોની જાહેરસભામાં ભાષણ'', ભટ્ટભાસ્કરનો વધારો, નં. ૨ : મે-જૂન, ૧૯૨૯ : પૃ. ૧૦.

૫૯. દરબાર ગોપાળદાસ, ભટ્ટભાસ્કરનો વધારો નં. ૨ : મે-જૂન ૧૯૨૯ : પૃ. ૪.

૬૦. કાકાસાહેબ કાલેલકર, ભટ્ટભાસ્કરનો વધારો નં. ૪ : મે-૧૯૨૯ : પૃ ૫.

૬૧. ગિરધરલાલ ચિ. બ્રહ્મભટ્ટ ''ધિક્કાર લાખો વાર છે'' બ્રહ્મભટ્ટ પત્રિકા નં.૬ : મે-જૂન ૧૯૨૯ : પૃ.૧.

૬૨. ''બ્રહ્મભટ્ટયુવક'' – ''સીધાવો વેડાવાટ'' – બ્રહ્મભટ્ટ પત્રિકા નં. ૫ : મે-જૂન ૧૯૨૯ : પૃ. ૮.

૬૩. ચુ.પુ. બારોટ – ''આપ જાણો છો ?'' ભટ્ટભાસ્કર : જૂન-૧૯૩૧ : પૃ.૨૭૯.

૬૪. એજન, પૃ.૨૮૫.

૬૫. દામોદરદાસ બોટાદકર, ''હિંદુસ્તાનની બાળવિધવાઓ'', સુભટ્ટ : ઓક્ટોબર-નવે. : ૧૯૨૩, પૃ. ૯૧.

૬૬. રમણભાઈ મ. નીલકંઠ, ''વિધવાઓનું સ્વાતંત્ર્ય'', સુભટ્ટ : માર્ચ ૧૯૨૩ : પૃ. ૧૬૭.

૬૭. ગોવર્ધનરામ ત્રિપાઠી, સુભટ્ટ : માર્ચ ૧૯૨૩ : પૃ. ૧૬૯.

૬૮. પ્રહ્લાદ બ્રહ્મભટ્ટ, ''પુણ્ય કે પાપ ?'' સુભસ્ટ : ડિસે. ૧૯૨૯ : પૃ. ૪૪-૪૬.

૬૯. પૂ.ગાંધીજી, ખડાયતામિત્ર-વિધવા અંક, ફેબ્રુ. ૧૯૩૦ : ભ. ભા. માર્ચ ૧૯૩૦.

૭૦. પૂ.ગાંધીજી, નવજીવન : તારીખ ૨૨ સપ્ટેમ્બર ૧૯૨૯.

૭૧. કવિ નાનાલાલ, ભટ્ટભાસ્કર, : માર્ચ ૧૯૩૦ : પૃ. ૧૬૫.

૭૨. ''વિધવાઓ અને ધર્મશાસ્ત્ર'' ભટ્ટભાસ્કર : ઓગસ્ટ ૧૯૨૮ : મુખપૃષ્ઠ.

૭૩. પૂ. ગાંધીજી, નવજીવન : તારીખ ૩૦ જૂન, ૧૯૨૯ : ભ. ભા. ઓગસ્ટ, ૨૯, પૃ. ૨૫૭.

૭૪. ગં. સ્વ. રમાબાઈ રાનડે, ''નિરાધાર વિધવાઓ'', વિધવા અંક-સુભટ્ટ : માર્ચ ૧૯૨૩ : પૃ. ૧૬૯.

૭૫. પૂ. ગાંધીજી ''વિધવા'', વિધવા અંક-સુભટ્ટ : માર્ચ ૧૯૨૩ : પૃ. ૧૬૮.

૭૬. ''અનુભવી'', ''વિધવાનાં આંસુ,'' વિધવા અંક-સુભટ્ટ : માર્ચ ૧૯૨૩ : પૃ. ૧૭૦.

૭૭. સીતારામ શર્મા, ''વિધવા અંક'' – સુભટ્ટ : માર્ચ ૧૯૨૯ : પૃ. ૧૮૩.

૭૮. ભટ્ટભાસ્કર, : મે-૧૯૩૦ : પૃ. ૧૬૫.

૭૯. ભટ્ટભાસ્કર : માર્ચ ૧૯૩૦ : પૃ. ૧૬૫.

૮૦. રામાનંદ ચટ્ટોપાધ્યાય, ભટ્ટભાસ્કર, : એપ્રિલ ૧૯૨૯ : મુખપૃષ્ઠ.

૮૧. અમરસિંહ દ. બ્રહ્મભટ્ટ, ''કન્યાવિક્રય'', સુભટ્ટ : જાન્યુ. ૧૯૨૩ : પૃ. ૧૨૪.

૮૨. એજન પૃ. ૧૨૪-૧૨૫.

૮૩. જેઠીસિંહ હ. ઈનામદાર, 'સુભટ્ટ' : માર્ચ ૧૯૨૩ : પૃ. ૧૮.

૮૪. શ્રી દામોદરદાસ બોટાદકર, ''કન્યાવિક્રય વિષે કંઈક'' સુભટ્ટ : નવેમ્બર ૧૯૨૪ : પૃ. ૮૯.

૮૫. ''બ્રહ્મભટ્ટ મહાપંચ-વડતાલ'' (તારીખ ૧૩-૧૪ નવેમ્બર)ના ઠરાવ, બ્રહ્મભટ્ટ સુધારા સંગ્રહપોથી, : અમદાવાદ ડિસે. ૧૯૨૫ : પૃ. ૧૪-૧૫.

૮૬. ચરોતર અઢાર ગામના ગોળના બ્રહ્મભટ્ટોએ (તારીખ ૪-૨-૧૯૨૭) કરેલ ઠરાવો, ભટ્ટભાસ્કર, માર્ચ, ૧૯૨૭, પૃ. ૨૩૬.

૮૭. પૂ.ગાંધીજી, ''વરવિક્રય'', નવજીવન તારીખ ૨-૯-૧૯૨૮ ભટ્ટભાસ્કર, ઓક્ટો. ૧૯૨૮.

૮૮. પ્રહલાદ બ્રહ્મભટ્ટ ''વરવિક્રય પ્રતિબંધ-નિબંધ 'બ્રહ્મભટ્ટ' ફેબ્રુ. ૧૯૩૭ પૃ. ૭૧

૮૯. ''ખર્ચ કમી કરવા બાબત નિયમો'' 'બ્રહ્મભટ્ટ સુધારા-સંગ્રહપોથી' : ડિસે. ૧૯૨૫ : પૃ. ૧૫-૧૭.

૯૦. ગિરધરભાઈ ઝી. બારોટ, ''ભટ્ટભાસ્કર'' ઓક્ટોબર-નવે.૧૯૩૨ : પૃ. ૧૨.

૯૧. બહાદુરસિંહ ખુ. જાગીરદાર, ''જ્ઞાતિવરા'' ભટ્ટભાસ્કર, : જાન્યુ. ૧૯૩૫ : મુખપૃષ્ઠ.

૯૨. ચુ.પુ.બારોટ, ''ગોમતીપુરની શરમ'', ભટ્ટભાસ્કર : જાન્યુ-૧૯૩૫ : પૃ. ૩૨.

૯૩. પૂ.ગાંધીજી, ''વિદ્યાર્થીઓનો સુંદર સત્યાગ્રહ'', ભટ્ટભાસ્કર માર્ચ, ૧૯૨૮ : પૃ. ૧૫૫.

૯૪. શ્રીમતી પાર્વતીબા લાલસંગ બ્રહ્મભટ્ટ, 'સુભટ્ટ' : ઓક્ટો.

૧૯૨૩ : પૃ. ૧૦૫-૭.

૯૫. ''જ્ઞાતિ-સમાચાર'', ભટ્ટભાસ્કર, : જૂન ૧૯૨૨ : પૃ. ૩૩.

૯૬. ચુ. પુ. બારોટ, ''આસ્વાદ'', ભટ્ટભાસ્કર : માર્ચ ૧૯૨૭ : પૃ. ૨-૮.

૯૭. સીતારામ શર્મા, ''નારાયણ એક સબળ વ્યક્તિ'', ભટ્ટભાસ્કર : ઓક્ટોબર ૧૯૨૭ : પૃ. ૩૦-૩૧.

૯૮. ''આર્યપ્રકાશ'' તારીખ ૨૨-૧-૧૯૨૮ : 'ભટ્ટભાસ્કર', માર્ચ-૧૯૨૮ : ૫૧૬૦.

૯૯. ડૉ. વિદ્યાવતી બેતાબનો સંમાન સમારંભ : મુંબઈ : 'ભટ્ટભાસ્કર' : એપ્રિલ-૧૯૩૭ : પૃ. ૧૧૪-૧૧૫.

૧૦૦. શ્રી સુધારાવાળા, ''લાજને ને પડદો, બે અનાર્ય રિવાજો'', ભટ્ટભાસ્કર : જૂન ૧૯૩૮ : પૃ. ૧૯૨.

૧૦૧. ભારતની વસ્તીગણતરી, અહેવાલ-૧૯૪૧-ગં. ૧૭ : વડોદરા : પૃ. ૧૧૦.

❀

પ્રકરણ-૫

# ગુજરાતના સાંસ્કૃતિક વિકાસમાં બ્રહ્મભટ્ટ જ્ઞાતિનું પ્રદાન

ગુજરાતની ભાતીગળ સાંસ્કૃતિને ખીલવવામાં બ્રહ્મભટ્ટ કવિઓ, નાટ્યકારો, સાહિત્યકારો અને સારસ્વતોએ સૈકાઓથી પ્રદાન કર્યું છે. તેમના આ કતૃત્વને રાષ્ટ્રીય ફલક પર સમજાવાના આશયથી અત્રે સમગ્ર હિંદના તેજસ્વી અને વિશ્વવિખ્યાત સારસ્વતોનો પણ આ પ્રકરણમાં સંક્ષિપ્ત ઉલ્લેખ કરીશું.

સામાન્યતઃ બ્રહ્મભટ્ટ જ્ઞાતિ પ્રાચીન કાળથી જ સાહિત્યને ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ ભાગ ભજવતી આવી છે. બ્રહ્મભટ્ટ જ્ઞાતિજનો વિદ્યાની દેવી સરસ્વતીના વરપુત્રો તરીકે પણ જાણીતા છે. આ દૃષ્ટિએ જોતાં આ જ્ઞાતિમાં પ્રાચીન કાળથી જ એક એકથી ઉત્તમ એવા અનેક સાહિત્યકારો પેદા થયા છે, જેની નોંધથી સમગ્ર હિંદના સાહિત્યનાં પૃષ્ઠ ભરાયેલાં પડ્યાં છે, પરંતુ એ બધાની અત્રે વાત ન કરતાં તે પૈકીના કેટલાક મહત્ત્વપૂર્ણ કવિઓને આપણે ઉદાહરણ તરીકે લઈએ તો પુરાતનકાળમાં વેલંગ અને વલ્લાલ, રામચંદ્રજીના દરબારમાં ઉચ્ચ સ્થાન ભોગવનાર રેહપાલ, પુરાણોના વક્તા સૂતજી, મહાભારતનાં યુદ્ધનો ઉત્તમ અહેવાલ આપનાર દિવ્યદ્રષ્ટા મહાત્મા સંજય, બોદ્ધોનો શસ્ત્રોમાં પરાભવ કરીને વૈદિક મત સ્થાપનાર કુમારિલ ભટ્ટ, મનુસ્મૃતિ પર ભાષ્ય રચનાર કલ્લુક ભટ્ટ, ‘‘માલતીમાધવ’’ ‘‘ઉત્તમરામચરિત’’ અને ‘‘મહાવીરચરિત’’ના રચયિતા ભવભૂતિ, ‘‘કાદમ્બરી’’ તેમજ ‘‘હર્ષચરિત’’ના કર્તા બાણભટ્ટ વિશ્વવિખ્યાત વૈજ્ઞાનિક આર્યભટ્ટ તથા

સ્મૃતિ પર પર જકડાઈ ગયેલ રાજા વિક્રમના દરબારના પ્રખ્યાત કવિ વૈતાલથી આપણે સારી રીતે વાકેફ છીએ. આ તમામ કવિઓ અને વિદ્વાનો બ્રહ્મભટ્ટ જ્ઞાતિમાંથી આવતા હોવાના ઉલ્લેખો પુરણો તેમજ પુરાણકથાઓ વગેરેને આધારે મળી આવે છે. આ તો થઈ પ્રાચીનકાળની વાત, પરંતુ મધ્યયુગીન ભારતના બ્રહ્મભટ્ટો વિશે પ્રાચીન કાળની સરખામણીમાં વધુ આધારભૂત માહિતી પ્રાપ્ત થાય છે. આ સમયે બ્રહ્મભટ્ટ પરંપરાને પરાકાષ્ઠાએ પહોચાડનાર અનેક કવિઓ થઈ ગયા. આ તમામ સંસ્કારસ્વામીઓ દ્વારા ભારત તેમજ ગુજરાતનું સાંસ્કૃતિક જીવન જીવંત અને સમૃદ્ધ બન્યું હતું તે હકીકત છે.

મહાપરાક્રમી પૃથ્વીરાજ ચૌહાણને તેના અંગત મિત્ર અને રાજકવિ એવા ચંદ બારોટે જે રીતે મૃત્યુપર્યંત સાથ આપ્યો હતો તેનાથી આપણે સૌ વાકેફ છીએ. રાજસ્થાનનો ગૌરવપૂર્ણ ઇતિહાસ આલેખનાર અંગ્રેજ ઇતિહાસકાર કર્નલ જેમ્સ ટોડ પોતાના આ લેખન માટે ચંદ બરદાઈના 'પૃથ્વીરાજ રાસો'ને મુખ્ય આધાર માનીને ચાલ્યા છે. જ્યારે ગુજરાતનો આ રીતનો ઇતિહાસ તૈયાર કરનાર એ. કે. ફાર્બ્સ પણ પોતાના શોધપૂર્ણગ્રંથ ''રાસમાળા''માં ચોક્કસપણે કબૂલ કરે છે કે,

''શાહબુદ્દીન ઘોરી સાથેની લડત દરમ્યાન પૃથ્વીરાજને એકધારી રીતે સાથ અને પ્રેરણા આપનાર ચંદ બારોટ જ હતા.''[૧]

પૃથ્વીરાજને હરાવીને શાહબુદ્દીન ઘોરી ગઝની લઈ ગયો. ત્યાં તેને બંદી બનાવી, અંધ કરીને રાખ્યો, પોતાના બચપણના સખા અને સ્વામિની આવી અવદશા જોઈને તેમને મળવા ગયેલ ચંદનું ખમીર ઊકળી ઊઠ્યું. તેમના મુખેથી અકાટ્ય વાકપ્રહાર ચાલુ થયો, જેના આધારે રચેલ પ્રયુક્તિમાં પૃથ્વીરાજે શબ્દવેદી બાણનું શરસંધાન કરી શાહબુદ્દીનને હણ્યો. ત્યારબાદ બંને મિત્રો પરસ્પરની તલવાર દ્વારા એકબીજાનો વધ કરી વીરગતિ પામ્યા. તે પ્રસંગે ચંદ બરદાઈએ પ્રયોજેલ પ્રેરક અને પ્રચંડ શબ્દો જોઈએ :

''એહી બાન ચૌહાન, રામ રાવન ઉથાપ્યો,
એહી બાન ચૌહાન, કરણ શિર અર્જુન કાપ્યો,
એહી બાન ચૌહાન, શિવત્રિપુરાસુર સંધ્યો,
એહી બાન ચૌહાન, લછમન કર કમ્મર બિંધ્યો,
સોબાન આજ તોં કર ચઢ્યો, ચંદ બિરદ સચ્ચો કવે,
ચૌહાનરાજ સાંભર ધનિ, મત ચૂકે મોટે તવે,
ચાર બંસ, ચોવીસગજ, અંગુલ અષ્ટ પ્રમાન,
એ તે પર સુલતાન હૈ, મત ચૂકે ચહુઆન.''[૨]

આથી જ વડોદરા મુકામે કવિ ચંદને બિરદાવતાં, ચંદ જયંતી પ્રસંગે (તારીખ ૨૫-૧૨-૧૯૨૦.) ગુજરાતના સાક્ષર કવિ નાનાલાલે કહ્યું હતું કે ''ચંદ માત્ર કવિ જ નથી, પરંતુ એથી પણ આગળ વધીને ધીર, વીર, મંત્રીશ્વર તથા પૃથ્વીરાજની બાંહરૂપ મહાપુરુષ છે.''[૩] આ કવીશ્વરે ચંદને ''કેસરી સંઘનો ગોવાળ'' કહી સભાના પ્રમુખસ્થાનેથી સુંદર ભાષણ આપ્યું હતું, તે પરથી ચંદની બહુમુખી પ્રતિભાની ઝલક મળી રહે છે.

એ જ રીતે ભીમરાવ ભોળાનાથે પોતાના પુસ્તક ''પૃથુરાજ રાસા''માં નોંધ્યું કે

''જે જીવનકથામાં વીર, અદ્‌ભુત, શૃંગાર અને કરુણારસ આવી ભવ્યતાથી વ્યાપી રહ્યો છે. તે કથા રસપ્રિય કવિના ચિત્રનું આકર્ષણ કરે અને કવિતાના ચમત્કારની ફરી પ્રદીપ્ત કરવાની કવિને પ્રેરણા મળે એમાં આશ્ચર્ય નથી. પૃથુરાજનાં પરાક્રમ તેનાં આશ્રિત, સાથી મિત્ર, તેની શૌર્યમાં ઉશ્કેરનાર ચંદ બારદાઈએ તેના ચરિતના દર્શનથી પ્રેરિત થઈ ''પૃથ્વીરાજ રાસૌ'' નામે કાવ્ય રચ્યું છે. વાસ્તવિક વૃત્તાંતમાં કલ્પનાની સૃષ્ટિ ઉમેરી પૃથ્વીરાજની પ્રસંશા ગાઈ છે. એ કાવ્યને પ્રતાપે આજ સાતસો વર્ષ સુધી એ અદભુત વૃત્તાન્ત જીવંત રહ્યું છેઅને સાતસો વર્ષના અનેક ચક્ર ચાલ્યા જશે તોપણ જીવંત જ રહેશે.''[૪]

ઐતિહાસિક કપરી પ્રેક્ષ્યમાં તપાસતાં જણાય છે કે તત્કાલીન પરંપરા અનુસાર કોઈપણ રાજકીય પોતાના આશ્રયદાતા રાજાનું અવસાન કે તેની જે તે યુદ્ધમાં થયેલ હાર નોંધાતા નહીં, માટે ચંદ બરદાઈએ પણ ઉક્ત પ્રસંગ પોતાના કલમના બળે આલેખ્યો છે. વાસ્તવમાં ઈ.સ.૧૧૯૧ના તરાઇના પ્રથમ યુદ્ધમાં વિજેતા બનેલા પૃથ્વીરાજે ઘોરીને જીવતો જવા દેવાની જે ભૂલ કરી હતી, તે ઘોરીએ ઈ. સ. ૧૧૯૨ના (બીજા જ) વર્ષે થયેલ તરાઈના બીજા યુદ્ધમાં દોહરાવી નહીં. પૃથ્વીરાજનો યુદ્ધ ભૂમિ પર વધ કર્યાં પછી પોતાને ભારત આવવા આમંત્રણ પાઠવનાર કનોજના જયચંદ રાઠોડ સહિતના મોટાભાગના રાજવીઓને સળંગ ૧૪ વર્ષ (ઈ. સ. ૧૧૯૨ થી ૧૨૦૬) સુધી લૂંટ્યા પછી પોતાના ગુલામ કુતબુદ્દીન ઐબકને દિલ્હીની ગાદી સોંપીને ઘોરી પાછો ફર્યો હતા. તે ઐતિહાસિક તથ્ય અત્રે નોંધવું રહ્યું.

પૃથ્વીરાજ ચૌહાણની માફક મહાન મોગલ સમ્રાટ અકબરના દરબારમાં પ્રખ્યાત વિદ્વાન કવિઓ પૈકીના કવિ ગંગ (૧૫૫૪-૧૬૨૬), કવિ નરહર (૧૫૦૫-૧૬૧૨), કર્ણ કવીશ્વર અને રાજા બીરબલ (એ ચારેય) બ્રહ્મભટ્ટ જ્ઞાતિના જ હતા. અકબર અને તેના યુગ માટે અંગ્રેજ તેમજ ભારતીય વિદ્વાનોએ થોકબંધ પુસ્તકો લખ્યાં છે, પરંતુ અકબરનું ચરિત કૃતિઓ દ્વારા જ અભિવ્યકત થાય છે. અકબર સર્જક મનોવૃત્તિનો અને કવિઓનો ચાહક હતો. હિંદુ મુસલમાન તમામ કવિઓને તે પૂરતું માન-સમ્માન આપતો. ઓગણીસમા સૈકાના કેટલાક પારસી લેખકોએ અકબર અને બ્રહ્મભટ્ટ કવિઓના સંબંધો

વિશે સારો એવો અભ્યાસ કર્યો છે. આ સિવાય પણ બાદશાહ અને બીરબલની બુદ્ધિચાતુર્યભરી વાર્તાઓથી આપણે વાકેફ છીએ જ, પરંતુ પેસતનજી જમશેદજી સઠા નામના પારસી લેખકની ''ભાટનો દીકરો જન્મથી જ ભાટ'' નામની કૃતિ બ્રહ્મભટ્ટોની બુદ્ધિચાતુર્ય અને સાંસ્કૃતિક પ્રતિભાથી વાકેફ કરતી હોવાથી અને આપણા સંશોધનને એક નવો જ આયામ આપતી હોવાથી અત્રે રજૂ કરીએ છીએ.

એક સમયે કવિ ગંગને અકબરે કહ્યું કે ''તમે લોકો કવિ કેવી રીતે બન્યા ?'' કવિગંગે કહ્યું : ''ખુદાવિંદ ! અમને લોકોને શીખવવામાં આવતું નથી. ભાટનો દીકરો તો જન્મથી જ ભાટ (કવિ) થાય છે. અકબરે તે સાબિત કરી બતાવવા કહ્યું ત્યારે ગંગે કહ્યું : ''મારી પુત્રી ગર્ભવતી છે. તેને જે કંઈ અવતરે તેને તમે જાતે જ ઉછેરીને ખાતરી કરી લેજો.'' ગંગની પુત્રીને દીકરો અવતર્યો. અકબરે તેને ઉછેર્યો. તે સાત વર્ષનો થયો ત્યારે પરીક્ષા માટે દરબારમાં રજુ કરી ગંગને ઉપર્યુક્ત કથન સાબિત કરવા કહેતા ગંગ બોલ્યા : ''સુનરે શાહ અકબર દિલ્લીયન કો, યદી હેત-પ્રીત ક્રિયા ભાટનકી, એક ચંચલ એક બસે રે વશનેં, દેખ ગર્ભમાં લડકે પઢયન કી, પરનર પાસ રહે ન પરવશમેં, દેખ ખુશબો ન જાત કલિયન કી, કવિ ગંગ કહે, યહ ભાટકો જાયો, અસલ સ્વરૂપ જાત મનયન કી.'' આમ કહી પોતાના દૌહિત્રના જાતિસંસ્કાર કરવા માટે કાનમાં ફૂંક મારી બાદશાહ સમક્ષ શીઘ્રકાવ્ય રચી કંઈક માગવા કહ્યું. ત્યારે બાળક બોલ્યો :

''અકબર શાહ, બાદશાહ, હુમાયુ કે નંદન ભટુણ કે રંગણ,
દે એક થોરાસા, એક થોરાસા,
દો જંજીર દે, દો ખંજર દે, એક ચાંદીકા, એક સોનેકા,
દો ઘોડા દે, એક કચ્છકા, એક ભૂજકા,
દો ઉંટ દે, એક લાહોરકા, એક મુલ્તાનકા,
દો હાથી દે, એક સંબલકા, એક દીપકા,
દો ભાટણી દે, જૈસે ફુલ ગુલાબકા,
દો ગૌવા દે, ગોવાલણ ગ્વાલનકા,
દો કુનબી દે, વો ખેડે ગારા ભાતકા,
દો પલંગ દે, છત્તર આછા સંગતકા,
દો ગોલી દે, કામ કરે ઘર સમાલનકા,
ઝાટક ઝૂટક પલંગ બિછાવે, ઔર સોવે લડકા ભાટનકા.''[૫]

આ કાવ્ય મૂળ સ્વરૂપમાં ક્યારે રચાયું તે કહી શકાય તેમ નથી, પરંતુ ૧૯મી સદીમાં અને તે પછી પણ ગુજરાતી પ્રજાને મનોરંજન અને બ્રહ્મભટ્ટોની જન્મજાત કવિકલાનો પુરાવો પૂરો પાડે છે તેમા શંકા નથી.

અકબરના રાજ દરબારના એક રત્ન એવા મહાપાત્ર કવિ નરહરે પણ પોતાની કવિત્વશક્તિથી અકબરને એટલા પ્રભાવિત કર્યા હતા કે અકબર જાતે મુસ્લિમ હોવા છતાં એણે પોતાના રાજ્યમાં ગોવધ પર પ્રતિબંધ ફરમાવ્યો હતો. એ પ્રસંગ અને કવિતા – છપ્પય – આ પ્રમાણે છે.

એકવાર કવિ નરહર તેમજ અન્ય દરબારીઓ સાથે બાદશાહ શિકાર કરવા જંગલમાં ગયા હતા. ત્યાં ઘોડાઓના અવાજથી કેટલીક ગાયો ઘાસ ચરતાં ચરતાં ચમકીને ભાગવા જતાં મોઢામાં ઘાસનાં તરણાં સાથે ઘોડેસવારો તરફ જોતી ઊભી રહી ગઈ. તે જોઈ અકબરે નરહરને પૂછ્યું કે ''આમ મોઢામાં તરણાં લઈને આ ગાયો શું કહે છે?'' ત્યારે મળેલી તકનો ઉપયોગ કરી કવિએ કહ્યું કે :

''અરિ હું તૃણ ધરહિંતાહિ મારત ન સબલ કોઈ.
હમ અન્તન ચરહિં, બૈન ઉચારત દીન હોઈ,
અમૃત પય નિત શ્રવહિં, પરછ મહિં થંભન જાવહિં,
હિંદુ હું મધુર ન દેહિ, કટુક તુરકહિ ન પિયાવહિ,
કહે નરહર સકલર સુનૌ, વિનય ગૌ જોરે કરન.[૬]

ઉક્ત પંક્તિઓના સંક્ષિપ્તાર્થએ થાપક મોઢામાં ઘાસનું તરણું લઈને ઉભેલી આ નિર્દોષ ગાયો અમને પૂછે કે અમે રાત-દિવસ જોયા વિના હિંદુ-મુસ્લિમ સૌને જીવતાં દૂધ અને મર્યેથી હાડ-માંસ આપીએ છીએ. અમારાં બાળકો તમારા માટે ખેતર ખેડી અનાજ પકવી આપે છે, છતાં અમારી હત્યા શા માટે? એના જવાબમાં સમ્રાટ અકબરે એ જ વખતે ત્યાંથી પોતાના દૂતને દરબાર સુધી દોડાવી સમગ્ર રાજ્યમાં ગૌવધ પ્રતિબંધ ફરમાવ્યો હતો અને આજીવન તેનું પાલન કર્યું હતું.

અકબરના દરબારનાં વિશ્વવિખ્યાત નવરત્નોમાં શ્રેષ્ઠ, સૌના પીતિપાત્ર, ઊંચી બુદ્ધિપ્રતિભા તેમજ હાજરજવાબી સ્વભાવના સ્વામી, વીર યોદ્ધા, (માટે જ વીરવર-બીરબલ કહેવાયા) અકબરના અંગત મિત્ર અને સૌથી વિશ્વાસુ મંત્રી એવા બીરબલને જનસામાન્ય આજે સદીઓ પછી પણ બુદ્ધિ-પ્રતિભાના પર્યાય તરીકે ઓળખાય છે, માટે જ આપણે એના આ ગુણના દૃષ્ટાંતરૂપ એક પ્રસંગ ટાંકીશું.

એક દિવસ બાદશાહે બીરબલને પૂછયું કે ''વાણિયાઓ ડાહી માના દીકરા કહેવાય છે તે વાત સાચી છે?'' બીરબલે જવાબમાં ''હા !! નામદાર'' કહ્યું તો અકબરે તે પુરવાર કરવા કહ્યું, પરિણામે તેમની બીરબલે અમદાવાદથી બે વણિક વેપારીઓને દિલ્હી દરબારમાં બોલાવી અકબરને તેમની પરીક્ષા કરવા જણાવ્યું. અકબરે આ વાણિયાઓના હાથમાં મગના દાણા મૂકીને પૂછયું કે ''આ શું છે?'' વાણિયો તો ગભરાયા. પણ ચેતી ગયાને કહ્યું કે ''આ તો અડદ છે'' તેથી અકબરે ફરી પૂછયું કે'' નહીં નહીં, તે અડદ નથી, પણ મરી છે. ''ત્યારબાદ ફરી પૂછતાં તેને વટાણા, તુવેર વગેરે કહ્યું તેથી બાદશાહે પૂછ્યું કે તમે શું પાગલ થઈ ગયા છો? આ તો મગ છે મગ'' વાણિયા બોલ્યા : ''જી હજૂર એ જ એ જ'' તેથી અકબરે ફરી પૂછયું કે ''એ જ એટલે શું?'' વાણિયાઓએ કહ્યું ''સરકાર ! આપ હમણાં બોલ્યા તે જ.'' ''પણ તેનું નામ શું છે?'' વાણિયા કહે : ''દિલ્હીમાં અમારું મગજ બગડી ગયું છે. અમારી સ્મૃતિ પણ બગડી ગઈ છે.'' તેથી બાદશાહે કહ્યું કે ''તમારા હાથમાં મગ હતાને?'' તો વાણિયા કહે કે ''હા સરકાર, એ જ.'' તેથી થાકીને બીરબલે બાદશાહને કહ્યું કે ''જહાપનાહ હું નહોતો કહેતો કે વાણિયા મગનું નામ પણ નહીં પાડે.''[૭]

બ્રહ્મભટ્ટ જ્ઞાતિની સાંસ્કૃતિક પરંપરાને સમજાવવા અત્રે એક વધુ છેલ્લો પ્રસંગ ટાંકીશું એક વાર તાનસેન અકબર પાસે આવીને કહ્યું કે

''ઉંમર તક સબ હી હૈ મસ્તાન, નર નાર બાલ વૃદ્ધ જવાન, દસે જબાન, સોલે સાન, વીસે જ્ઞાન, ત્રીસે જવાન, ચાલીસે પઠાન, કહત મિયાં તાનસેન સુન શાહ અકબર, પચાસે ગાનતાન, સાઠે મસાન.''

આ સમયે અકબરને છપ્પન વર્ષ તો થયાં હતાં તેથી તે ઉપર્યુક્ત કવિતા સાંભળીને નિરાશ થઈ ગયો. તેણે બૈજુ બહાવરાને આ અંગે પૂછયું તો બૈજુ બહાવરાએ કહ્યું કે

''સોળે સાન, વીસે જ્ઞાન, ત્રીસે વિદ્વાન, ચાલીસે જવાન, પચાસે પઠાન, કહત બૈજુ બાવરા સુન બાદશાહ અકબર, સાઠે ગાન-તાન, સીતેરે મસાન.'' બીરબલે પણ આ વાતને એક દસકો (ઉંમર) વધારી કહ્યું. તેથી અકબરે કવિ ગંગને પૂછયું તો કવિએ કહ્યું કે ''આ બધાએ તમને ખુશ કરવા ઉપર મુજબ કહ્યું છે, પણ હકીકતમાં ''જન્મ-મરણ તો માણસના હાથની વાત નથી, ઉપરવાળાના હાથમાં છે. મૃત્યુ તો ગમે ત્યારે માણસને ભરખી જઈ શકે છે. માટે નિરાશ થશો નહીં અને ઉપર્યુક્ત કવિતામાં ''સોલે સાન, વીસે જ્ઞાન અને ત્રીસે જવાન.''[૮] એટલી જ મૂળ પંક્તિઓ છે, જેમાં દરેકે આપને ખુશ કરવા એક દસકો વધારીને જણાવેલ છે.''

આ ઉપરાંત મહાકવિ ચંદ બરદાઈના વંશજ અને હિંદી સાહિત્ય જગતના મહાન ભક્ત કવિ સંત સૂરદાસ (૧૪૭૯-૧૫૮૪) પણ બ્રહ્મભટ્ટ જ્ઞાતિના જ હતા. તેમનાં

ભક્તિપદો આજે પણ હિંદી સાહિત્ય આભૂષણ-સમાન છે. લોકનિર્ણય મુજબ તેઓની ગણના સાહિત્યના સૂર્ય તરીકે થતી તે માટે પ્રચલિત પદ જોઈએ :

''સૂર સૂર, તુલસી શશી, ઉડગન કેશવદાસ,
અબકે કવિ ખદ્યોત સમ, જહાં તહાં કરત પ્રકાશ.''

અર્થાત્ હિંદી સાહિત્ય જગતમાં સૂરદાસની ગણના સૂર્ય સમાન, તુલસીદાસની શરદ એટલે ચંદ્ર સમાન અને કેશવદાસની તારામંડલ સમાન થાય છે. જ્યારે આજકાલના કવિઓ તો ખદ્યોત એટલે કે આગીયા સમાન હોવાથી તેઓ અહીં-તહીં ઉડતા જાય છે અને ક્ષણિક પ્રકાશ પાથરતા જાય છે.

એ જ પ્રમાણે બીજા કોઈક કવિએ હિંદીના પ્રથમ પંક્તિના પાંચ કવિઓની શ્રેષ્ઠ કલાને આ રીતે વર્ણવી છે.

''છંદ ચંદ, પદ સૂરકે, દુહા બિહારીદાસ,
ચૌપાઈ તુલસીદાસકી, કેશવ કવિત-વિલાસ.''

બીજો એક કવિએ તો, બાકીના કવિઓમાં જે એક એક ગુણ છે તે ત્રણે સુરદાસજીમાં એકસાથે હોવાનું જણાવતાં લખ્યું છે કે

''ઉત્તમ પદ કવિ ગંગકે, ઉપમા કો બલવીર,
કેશવ અર્થ-ગંભીરતા, સૂર તીન ગુણ ધીર.''૯

આમ મોટા ભાગના વિવેચકો અને વિદ્વાનો ભક્તકવિ સૂરદાસનાં ભક્તિપદોનાં વખાણ કરતાં થાકતા નથી. એ જ રીતે બ્રહ્મભટ્ટ કવિઓની પરંપરામાં ઉત્તમ સ્થાન ધરાવનાર રસિક કવિ બિહારીલાલનાં વખાણ કરતાં કહેવાયું છે કે

''દોહા બિહારીલાલકે, જ્યું નાવકકે તીર,
દેખનમેં છોટા લગે, ઘાવ કરે ગંભીર.''

કવિ બિહારીલાલ શૃંગારરસના આચાર્ય ગણાય છે. તેમની રસિક કાવ્યકલાના કેટલાક નમૂના જોઈએ, જે પ્રાસાનુપ્રાસ, અલંકારથી ભરપૂર અને અર્થસભર છે :

''નભલાલી ચાલી નિશા, ચટકાલી ધૂન કીન,
રતિપાલી ચાલી અનત, આયે બનમાલીન.''

અર્થ સ્પષ્ટ છે. ભાષા ન જાણનાર પણ ડોલી ઊઠે એવું વર્ણન છે. હવે વિરહિતા માનુનીની વિરહદશાનું વર્ણન કરતાં કવિએ કરેલી અતિશયોક્તિ કેવી સુભગ અને મનોહારી છે તે જોઈએ.

''સુનત પથિક મુંહ મહા-નિશિ, ચલતિ લૂવે ઉહીંગામ,
''બિન બુઝે, બિનુહી કદૈ, જિયત બિચારી બામ,''

અર્થાત્ વિદેશ ગયેલા પતિએ પથિકોના મુખેથી સાંભળ્યું કે એના ગામમાં મહા મહિનાની રાત્રિએ પણ ગરમ લૂ વાય છે, ત્યારે વગર કહ્યે જ તેને જાણી લીધું કે એની પત્ની જીવે છે, કારણ કે વિરહાગ્નિથી બળતા એના દેહમાંથી નીકળતી ગરમ લૂનો પથિકોને પણ અનુભવ થયો છે. નીચેની પંક્તિમાં તો કવિએ વિરહાગ્નિનું જોર એટલું બધું વધી ગયેલું જણાવ્યું છે કે એની ખબર કાઢવા જતી સખીઓને શિયાળાની રાત્રે પણ ભીનાં કપડાં આડાં રાખીને તેની પાસે જવું પડે છે, નહિ તો વિરહગ્નિની ઝાળ એમને પણ દઝાડી દે તેમ કહીને હદ કરી નાંખી છે. તે કવિના પોતાના શબ્દોમાં જોઈએ.

''આડે દે આલે બસન, જાડે હૂંહી રાત,
સાહસ કૈ કૈ સ્નેહબસ, સખી સલૈ ઢિગ જાત.''

આ તો થઈ વિરહાગ્નિની વાત, કવિ બિહારી કાવ્યમાં આવતી નાયિકાના સૌંદર્યનું વર્ણન કરતા કહે છે :

'પત્રાહિ તિથિ પાઈયે, વા ઘર કે ચહું પાસ,
નિતપ્રતિ, પૂન્યોઈ રહે, આનન-આપ ઉજાસ''

અર્થાત્ નાયિકાના ઘરની આસપાસ તો એના મુખ-સૌંદર્યથી હંમેશા પૂર્ણિમા જ પ્રકાશી રહે છે, એટલે એ સ્થળે પંચાંગ સિવાય તો તિથિની પણ સમજ પડતી નથી.

આમ ગાગરમાં સાગર ભરવાની કલા તો બિહારીની જ. ટીકાકારો કુંડળિયા અને કવિત જેવા છંદોમાં પણ જે વાતો સમાવીને સિદ્ધ કરી શક્યા નથી તે કવિ બિહારીએ માત્ર દોહામાં સિદ્ધ કરી બતાવી છે. તેમની કવિતામાં વ્રજભાષાનું માધુર્ય પૂર્ણ રૂપે પ્રગટ થયું છે. તેમની રચના ''બિહારી સતસઈ'' ને તેના ભાવ અને ભાષાને લીધે જ શૃંગાર રસનો શૃંગારપુંજ કહ્યો છે.''[૧૦] તે યથાર્થ છે.

આ સમય પછીના હિંદી સાહિત્યના પ્રખ્યાત બ્રહ્મભટ્ટ કવિ છે ભૂષણ (ઈ. સે ૧૬૩૫-૧૭૧૫), જે ઔરંગઝેબના દરબારમાં એના મોઢા પર એનાં ભૂતકાલીન કરતૂતો આ રીતે ...

''તસબી લૈ હાથમેં, સુબહ કરે બંદગી કૈ,
મનમેં કપટસે, જપે હૈ જપ જપ્પ કૈ,
આગરેમેં આયદારા, ચોકમેં ચુનાય દિયો,
માર્યો નિજ તાત, છત્ર છીન લીનો છપ્પકે.

શાહ સૂજા ઘેર લાવ્યો, અધમ દૂવાઈ ફેરી,
નાશ કીનો કુટુંબ, તમામ ચમ્પી ચમ્પકે.
ભૂષન ભણત, શઠ છંદી મતિમંદ ભર્યો.
સૌ સૌ ચૂહે ખાય કે બિલ્લી બેઠી તપ્પકે.''૧૧

કહી દિલ્હી ત્યજીને બેધડક ચાલી નીકળ્યા હતા. મહાકવિ ચંદ સિવાય વીરરસની કવિતાઓ કવિ ભૂષણ જેવી બીજા કોઈએ રચી નથી. એમના શબ્દોમાં મરેલા માનવીને બેઠા કરવા જેટલું જોમ વર્તાય છે, તેથી સ્તો હિંદુ સાંસ્કૃતિક પરંપરાના સર્વશ્રેષ્ઠ કવિઓમાં કવિવર ભૂષણની ગણના થાય છે. એમની શ્રેષ્ઠ રચનાની એક ઝલક જોઈએ.

''રાની રજવારનકી દુકાનાં લગાઈ બૈઠી,
તહાંઆઈ બાદશાહ રાય દેખે સબકી,
રાહનકે માર, દાવાદાર ગયે ધબકી,
દક્ષિનકે નાથ ઐસી દેખિ ધરે મૂચ્છે હાથ,
શિવાજી ન હોત તો સુન્નત હોત સબકી,''

અર્થાત્ રજવાડીની રાણીઓ, સ્ત્રીઓ માટેના ખાસ (મીના બજારમાં) દુકાનો લગાવીને બેઠી, ત્યા બાદશાહ આવી બધાની રીતભાત જોઈને દીકરીઓ કે સ્ત્રીઓનો યાર થવા ચાહે છે. એવા બાદશાહના પ્રતાપથી વાટપાડુ અને દાવાદારો પણ ડરી ગયા છે એવી બાદશાહની વાત કરી તોપણ કોઈએ તેના પર હુમલો (ઘાત) કર્યો નહીં, તેથી ક્ષત્રિય વંશના રાજપૂતોની નાદાની જોઈને (દક્ષિણના નાથ) શિવાજીએ (મૂછે હાથ દીધો, લડાઈ કરી). જો આવે ટાણે શિવાજી ન હોત તો બધા હિંદુઓનો સુન્નત થાત (મુસલાન બની જાત.)[૧૨]

વળી કવિ ભૂષણે શિવાજીને પ્રથમ મુલાકાતમાં જ જે કવિતા સંભળાવી તે કાવ્યકલાના ઉત્તમ નમૂનારૂમ માલોપમા અલંકારનું શ્રેષ્ઠ ઉદાહરણ હોવાથી અત્રે રજૂ કરું છું :

''દાવાદ્યુમ-દંડ પર, ચીત્તા મૃગ-ઝંડુ પર,
ભૂષન-પિત્તુંડ પર, જૈસે મૃગરાજ હૈ,
તેજ મત-સંશ પર, કાન્હ જિમી કંસ પર,
ત્યોં મલેચ્છ-વંશપર, શેર શિવરાજ હૈ.''

ઉપર્યુક્ત લેખમાં રા. બ. હરગોવિંદદાસ કાંટાવાળાએ જણાવ્યું છે કે, શિવાજીના દરબારમાં પ્રવેશતાં જ કવિના પ્રત્યેક કવિત પર પ્રત્યેક પગથિયે આગળ વધતાં જતાં હજાર રૂપિયાથી શરૂ કરી બાવનમા પગથિયે બાવન હજાર રૂપિયા કવિને શિવાજીએ રોકડા ચૂકવ્યા હતા, તેથી એ રચનાને ''શિવાબાવની'' કહે છે. ત્યારબાદ કવિએ શિવાજી વિના કોઈનું પણ દાન સ્વીકાર્યુ નહોતું, તેથી જ કવિનું સંમાન કરવાનો બીજો ઉપાય ન જણાતાં પન્નાના મહારાજા છત્રસાલસિંહે કવિરાજ ભૂષણની પાલખી પોતાના ખભે જાતે જ ઉપાડીને તેમનું બહુમાન કર્યું હતું. કવિ ભૂષણે શિવાજીના શાસનકાળ (૧૬૬૪-૮૦) પર્યંત એમની સાથે રહીને ''શિવાબાવની'' ''ભૂષણ-ઉલ્લાસ'', ''છત્રસાલ-શતક'' અને ''શિવરાજ-ભૂષણ'' જેવાં ઉત્તમ કાવ્યગ્રંથોની રચના કરી. ઈ. સ. ૧૭૧૫માં તેઓ સ્વર્ગવાસી થયા. ભૂષણના નાના ભાઈ મતિરામજીએ પણ બૂંદીના રાજા ફતેસિંહજી અને કુમાઉના રાજા ઉદ્યોતસિંહજીના દરબારમાં રહીને ''લલિત લલામ'', ''છંદસાર પિંગલ'', ''રસરાજ'' અને ''અલંકાર પચીસી'' (કે પચાસેક) જેવા વિદ્વત્તાપૂર્ણ ગ્રંથો રચી (બહુમાન મેળવી.) કવિઓને ઉત્તમ કાવ્યસર્જનનો માર્ગ બતાવ્યો છે.''[૧૩]

માત્ર કલમના આશ્રયે રહેનાર આ બ્રહ્મભટ્ટ કવિવરો કોઈની નોકરી ચાકરી કરવાનું ક્યારેય પસંદ કરતા ન હતા, તેમની કલમ જ તેમના જીવનનિર્વાહનું ઉત્તમ અને એકમાત્ર સાધન હતી. (ગુજરાતના કવિ વીર નર્મદ પણ એ ખુમારીનું ઉત્તમ દષ્ટાંત છે). છતાં કાવ્યસર્જન દ્વારા કવિઓને અનેક લાભ પણ થતા હતા. તેની કબૂલાત કરતા કવિ મમ્મટ જણાવે છે કે :

''काव्यं यशसेऽर्थकृते व्यवहारविदे शिवेतरक्षतये।
सद्यः परनिवृतये कान्तासम्मिततयोपदेशयुजे।।''

અર્થાત્ કાવ્યથી યશ, ધન અને વ્યવહારજ્ઞાન પ્રાપ્ત થાય છે, અમંગલનું નિવારણ થાય છે તેમજ સ્ત્રીસમ્મિત ઉપદેશ પણ થઈ શકે છે.''[૧૪] ઉપર્યુક્ત શ્લોકના સમર્થનમાં શાસ્ત્રો, પુરાણો અને ઇતિહાસકથાઓમાંથી આપણને અનેક દષ્ટાંતો મળી રહે છે.

આમ ઉપર્યુક્ત કવિઓએ ભારતીય સાહિત્યની ઉત્તમ સેવા બજાવી છે. સંસ્કૃત હોય, હિંદી હોય કે બીજી કોઈ પ્રાદેશિક ભાષા, પ્રત્યેકમાં બ્રહ્મભટ્ટ કવિઓનું પ્રદાન નોંધપાત્ર જણાયું છે. આ કવિઓએ વિદ્યાના પ્રત્યેક વિભાગ, જેવા કે વેદભાષ્ય, આયુર્વેદવિદ્યા, ગાંધર્વવિદ્યા, છંદવ્યાકરણવિદ્યા, કોશ, કાવ્ય, નીતિ, શૃંગાર, ભક્તિ, સ્તોત્રકાવ્ય, અલંકાર અને એવાં અનેક શાસ્ત્રોને ક્ષેત્રે પોતાની અદ્‌ભુત કલમ ચલાવીને અપ્રતિમ સાહિત્યસર્જન દ્વારા લોકોને મંત્રમુગ્ધ કરી દીધા છે. દેશ-વિદેશની અનેક

ભાષાઓમાં એના તરજૂમા થયા છે અને તે વખણાયા પણ છે. આમ આ સર્જકો દ્વારા સર્જાયેલ સાહિત્યને લીધે જે ગૌરવ મળ્યું છે તેને ભારતીય સાહિત્ય હંમેશા યાદ રાખશે.

આ સર્જકોની તેજછાયામાં ગુજરાતના કવિઓ અને સાહિત્યસર્જકો જેવા કે, પ્રીતમ, ધીરાભક્ત, બ્રહ્માનંદ, શિવલાલ કવિ તથા જ્યેષ્ઠ અને ગિરધર કવિ, ઉપરાંત આધુનિક સારસ્વતોમાં મુખ્ય એવા રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટ, સારંગ બારોટ, પ્રહ્લાદ બ્રહ્મભટ્ટ મંગળદાસ ચ. કવિ વગેરેનો સમાવેશ થાય છે. અત્રે તેમના વિશે ઉપલબ્ધ માહિતી અને તેમની ખ્યાતનામ કૃતિઓનો રસાસ્વાદ લઈએ.

## સંત પ્રીતમદાસ (ઈ. સ. ૧૭૦૩-૧૭૯૮)

સંત પ્રીતમદાસનો જન્મ કયા વર્ષમાં થયો તે ચોક્કસ કહેવું મુશ્કેલ છે છતાં ''પ્રીતમવાણી'' નામના ગ્રંથ(સસ્તું સાહિત્ય કાર્યાલય, અમદાવાદ)ને આધારે તેમનો જન્મ ઈ. સ. ૧૭૧૮થી ૧૭૨૪ દરમ્યાન થયો હોવાનું મનાય છે, જ્યારે બીજા કેટલાકના મત અનુસાર તેમનો જન્મ ઈ. સ. ૧૭૦૩ થી ૧૭૩૦ દરમ્યાન થયો હોવો જોઈએ. આવી વિવિધ માન્યતાઓને લીધે તેમનો ચોક્કસ જન્મસમય આપણે જાણી શકતા નથી, પરંતુ તેમના પિતાનું નામ પ્રતાપસિંહ બ્રહ્મભટ્ટ તેમજ માતાનું નામ જેકુંવરબા હતું (તે નિર્વિવાદ છે). તેમનો જન્મ અમદાવાદ પાસેના બાવળા મુકામે થયો હોવાનું મોટા ભાગના વિદ્વાનો કબૂલ કરે છે; જોકે ઈચ્છારામ સૂર્યરામ દેસાઈ જેવા કેટલાક વિદ્વાનો તેમના જન્મસ્થળ તરીકે સંદેસરનું નામ આપે છે, પરંતુ વહીવંચાના ચોપડા વગેરેને આધારે તથા પ્રીતમદાસ રામાનંદી સાધુ હોવાથી તેમના મંદિરની પ્રચલિત પરંપરાને આધારે તેમના જન્મસ્થાન તરીકે બાવળાને જ સમર્થન મળતું રહ્યું છે.

પ્રીતમદાસ રામાનંદી સાધુ હતા. તેમના ગુરુનું નામ મહંત ભાઈદાસજી બાપુ હતું. નડિયાદના રામાનંદી સાધુ ગોવિંદરામ પાસેથી તેમણે ભગવદ્‌ગીતા, યોગવાસિષ્ઠ રામાયણ વગેરેનું શ્રવણ કર્યું હતું. એમણે પણ ગુજરાતના જાણીતા કવિ અખાની માફક ઘણા ગુરુ કર્યા હતા. આકરી તપશ્ચર્યા પછી તેમણે વેદ-વેદાંતનું જ્ઞાન મેળવ્યું હતું. ભક્ત સૂરદાસજીની માફક તેઓ બાળપણથી જ અંધ હોવા છતાં અજાયબ ભાષાશુદ્ધિ અને સુંદર સંસ્કારો મેળવ્યા હતા. ચૂડા-રાણપુરમાં રહીને વીસ વર્ષ સુધી પરમજ્ઞાનપ્રાપ્તિ અર્થે ઊંડો અભ્યાસ કરીને પાંત્રીસ વર્ષની ઉંમર સુધીમાં તો પરમજ્ઞાની બનવાનું માન પણ મેળવી ચૂક્યા હતા. એમનો ત્યાગ; આદર્શ હતો, બુદ્ધિવૈભવ તથા સ્મરણશક્તિ અપ્રતિમ હતાં. તેઓ સંસ્કૃતના જ્ઞાતા અને ભાષાના પંડિત હતા, તેથી તેમની પરમ મનોહર કવિતાઓ ઉપર સાધુમંડળો ડોલી ઊઠતાં. એવું એક દૃષ્ટાંત જોઈએ :

''કક્કા કર સદગુરૂનો સંગ, રુદેકમળમાં લાગે રંગ,
અંતરમાં અજવાળું થાય, માયા મનથી દૂર પળાય,
લિંગ-વાસના હોયે ભંગ, કક્કા કર સદગુરૂનો સંગ.''

કેવી સરળ છતાં ભાવપૂર્ણ રચના છે ! આ અને આવી અનેક રચનાઓ તેમજ પ્રિતમદાસના કક્કાના પડછંદા ગામેગામ મંદિરોમાંથી ઉઠતા સાંભળી તેમના ગુરુએ સંતોષ સાથે તેમને તીર્થાટનની રાજા આપી. પોતાની સાથે લહિયાને લઈને તેમની પાસે કવિતાઓ લખાવતા લખાવતા આ સંત કવિ દસ વર્ષ સુધી તીર્થક્ષેત્રોમાં ફરતા રહ્યા અને ઘણી બધી કાવ્યરચનાઓ કરતા રહ્યા. એમની કવિતાઓ ખાસ ઉપદેશાત્મક હોવાથી ગુરુમંત્ર જેવી જણાય છે. રણભેરી જેવી શૈલી અને શ્રોતા કે વાચકના હૃદયમાં સોંસરી ઊતરી જાય તેવી શબ્દરચનાને લીધે પ્રીતમદાસની કવિતા અત્યંત પ્રચલિત બની છે. સંતની કવિતાકલાનું એક બીજું ઉદાહરણ જોઈએ :

''કુટુંબકબીલો કામ નહિ આવે,
સગાં સહોદર કહેવાનાં,
આજકાલ દિન પાંચ સાતમાં,
સરવે વાટે વહેવાનાં,
મરનારને શીદે રડો છો?
રડનારાં નથી રહેવાનાં,
તોપની આગળ તૂબડાં
તે સરવે ઊડી જાવાનાં.''

તીર્થાટન અને કાવ્યકલાની ઉત્તમ સૂઝને લીધે તેમની કવિતાની અને તેમના નિર્મળ ચરિતની સુવાસ દેશભરમાં ફેલાઈ. ગુજરાતમાં તે વખતે અજરાકતા અને અંધાધૂંધીનું રાજ્ય હોવાથી ધાર્મિક ક્ષેત્રે વ્યાપક અધોગતિને જોઈને પ્રીતમદાસે ગુજરાતની મધ્યમાં સંદેસર ગામમાં ધર્મનો ઝંડો રોપ્યો. પ્રીતમદાસ સંદેસરમાં રહી વધુ કીર્તિમાન બન્યા. અહીં પોતાની સાથે ચાર લહિયા રાખી એકીસાથે ચાર લહિયાઓને ચાર ચાર પદ રચનાઓ લખાવી શકે એટલી ઉત્કટ પ્રબળ કાવ્યપ્રેરણા તેમને થતી હતી. તેમનાં શક્તિ અને સામર્થ્યનો આ ઉત્તમ દાખલો છે. આ ચારે લહિયોઓને જુદાં જુદાં ચારેય પદની એક એક લીટી પછી એક લખાવીને એક જ સમયે ચારે પદનું ચોસર તેઓ પૂરું કરતાં. અહીં તેમણે અત્યંત લોકપ્રિય નીવડેલી ''સરસગીતા'' (ઈ. સ. ૧૭૭૫) અને શ્રીમદ્‌ભાગવત તથા 'આધ્યાત્મ રામાયણ' નામની ગ્રંથો કાવ્ય સ્વરૂપમાં લખાવીને રચ્યાં.

આ મહાત્માને નામે અનેમ ચમત્કારિક વાતોપણ નોંધાયેલ છે. ઈ. સ. ૧૭૮૦માં પ્રીતમદાસ ચાર મહિના માટે ડાકોરમાં રોકાયા હતા ત્યારે દરરોજ ઠાકોરજીની આરતી ટાણે તેમને હાજર થઈ જતા જોઈ એક સાધુએ આંધળા હોવાથી શું દર્શન કરતા હશે તેવી ટકોર કરી. જવાબમાં પ્રીતમદાસે રણછોડરાય દ્વારા એ સમયે જે વસ્ત્રાલંકાર પરિધાન કરાયાં હતાં અને તેમનું જે રૂપ હતું તેનું આબેહૂબ વર્ણન કરતાં મૂર્તિ પર પૂજારીએ ભૂલથી કમળનું ફૂલ ઊંધું મૂક્યું હતું તે પણ પોતાના પદમાં વર્ણવ્યું, તેથી બધા ચકિત થઈ ગયા. આ વાત (ચમત્કાર) સાચી હોય કે ખોટી, પણ અંધ હોવા છતાં ભક્ત સૂરદાસની માફક પ્રીતમદાસના પદોમાં પણ જે વર્ણન કરવામાં આવતું તે આંખ દ્વારા જોઈને જ થઈ શકે તેવું અદ્‌ભુત અને આબેહૂબ હતું તે તેમની ઉત્તમ સર્જનશક્તિ અને કાવ્યકલા માટેના પ્રમાણરૂપ ગણી શકાય.

આવા અન્ય કેટલાક ચમત્કારો પ્રીતમદાસના નામે નોંધાયા હોવા છતાં એ આપણા અભ્યાસનો વિષય નહીં હોવાથી ઉપર્યુક્ત એક ઉલ્લેખ માત્ર પૂરતો છે એમ માની આગળ વધશું.

કવિ પ્રીતમદાસનાં અન્ય બે પુસ્તકો ''ભગવદ્‌ગીતા'' અને ''વિનયદીનતા'' પણ આવાં અત્યંત પ્રચલિત બન્યાં. એમણે આ ગ્રંથો ઉપરાંત છૂટક પદો પણ મોટા પ્રમાણમાં રચ્યાં છે. તેમનાં પદોમાં આવતાં રૂપકો આપણી આસપાસના જનજીવનમાં ઓતપ્રોત થયેલ હોય તેવાં સુંદર અને ઉપમાઓથી અલંકૃત હોવાથી અત્યંત સચોટ બન્યાં છે. ઉદાહરણ તરીકે જોઈએ તો,

''જુવતી જળ ભરવાને જાયે, ભરી નીરને પાછી રે આવે,
શિર બેડું ને હાથ લે તાળી, મુખ હસે છે વારી વારી,
બેડું ચિત્ત નથી રે વિસરતું એવું હરિચરણે ચિત્ત ધરવું.''

કેવું સહજ છતાં સચોટ ઉદાહરણ ! આ જ ખાસીયતને લીધે પ્રીતમદાસ ઘણા લોકપ્રિય બન્યા હોવાનું માની શકાય. પ્રીતમદાસનું આવું જ એક લોકપ્રિયપદ, ગાંધીજીની 'આશ્રમભજનાવલિ'માં ખૂબ આદરપૂર્ણ સ્થાન પામ્યું છે તે જોઈએ :

''હરિનો મારગ છે શુરાનો, નહિ કાયરનું કામ જોને,
પરથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને.''

આ પદમાં આગળ એમણે ખૂબ જ સરસ રૂપકો આપ્યાં છે. આવી અદ્‌ભુત અને ઉત્તમ રચનાઓ દ્વારા આજે આટલાં બધાં વર્ષો પછી પણ ગુજરાતી સાહિત્યમાં સંતકવિઓની શ્રેણીમાં મહાત્મા પ્રીતમનું નામ પૂરતાં આદર-સમ્માન સાથે લેવાય છે. સાંસારિક જીવનમાં સંત પ્રીતમદાસ વાસ્તવમાં ત્યાગી હતા. વહીવંચાના ચોપડા મુજબ

તેમની ગુરુપરંપરા પણ ત્યાગીઓની છે. તેમને કુલ પાંત્રીસ શિષ્યો હતા, જે તમામ ત્યાગી હતા. એમના આવા શિષ્યો ગુજરાતભરમાં કુલ બાવન મંદિરો ધરાવતા હતા.

સંત પ્રીતમદાસના શીઘ્ર અને સચોટ કાવ્યસર્જન માટે કહેવાય છે કે એક વાર એમનો લહિયો શ્રીધર મદિરાપાન કરીને આવ્યો હતો તેથી કવિએ વેધક વાણીમાં ત્યાં જ શીઘ્રકાવ્યસર્જન કર્યું, જેમાં કહ્યું છે કે

''શું કર્યું ગીતા ગાઈને રે ? તે શું કર્યુ ગીતા ગાઈને ?
ભણ્યો ગણ્યો પણ ભેદ ના જાણ્યા રે,
કુટુંબ પોષ્યું કમાઈને રે,
પોથી વાંચી પરમાર્થ ન કીધું રે,
ધિક પડ્યો પંડિતાઈને રે.
તેં શું કર્યું ગીતા ગાઈને રે ?''

આવા ઉત્તમ અને અનુપમ કાવ્યસર્જક શીઘ્રકવિ મહાત્મા અને સંસારત્યાગી સંત પ્રીતમદાસે સમગ્ર બ્રહ્મભટ્ટ જ્ઞાતિને પોતાની થકી ઉજ્જવળ બનાવી છે. એમના દેહવિલય માટે એમના પટ્ટ શિષ્ય નારણદાસ સ્પષ્ટ જણાવે છે કે ''તેઓ સંવત ૧૮૫૪ (ઈ. સ. ૧૭૯૮) ને વૈશાખ વદ બારસના રોજ સ્વર્ગે સિધાવ્યા હતા.''[૧૫]

### જ્ઞાનધારાનો કવિ ધીરો ભક્ત (ઈ. સ. ૧૭૫૩-૧૮૫૨)

બ્રહ્મભટ્ટ કવિ ધીરા ભક્તનો જન્મ ઈ. સ. ૧૭૫૩-૫૪માં થયો હોવાનું મનાય છે જોકે એમની જન્મતિથિ માટે ચોક્કસ માહિતી મળતી નથી છતાં મોટા ભાગના વિદ્વાનો ઉપર્યુક્ત સાલને માન્યતા આપે છે, જ્યારે તેમની મૃત્યુતિથિ અંગે ચોક્કસ લિખિત પુરાવો હાથ લાગ્યો છે તે મુજબ ધીરા ભગતનું દેહાવસાન સંવત ૧૮૮૧ (ઈ. સ. ૧૮૨૫) આસો સુદિ ૧૫ને દિવસે થયું હતું અને તે વખતે એમની ઉંમર ૭૨ વર્ષની હતી. આ ઉપરથી જન્મસમય ઈ. સ. ૧૭૮૩ સાચો હોય તેમ જણાય છે.

આ બ્રહ્મનિષ્ઠ કવિ ધીરા ભગતનો જન્મ વડોદરા પાસેના સાવલી નજીક ગોઠડા ગામે થયો હતો. તેમના પિતાનું નામ પ્રતાપ બારોટ અને માતાનું નામ દેવબા હતું એમનું કુટુંબ વૈષ્ણવધર્મી હતું, પરંતુ ધીરા ભગત જાતે રામાનંદી હતા. એમના એક ભાઈ પણ ભક્ત હતા. આમ ભક્તિ એ એમનો કૌટુંબિક વારસો હોય એમ જણાય છે.

માત્ર ચૌદ વર્ષની બાલ્યાવસ્થામાં જ તેઓ કૃષ્ણાજી સાધુના સંપર્કમાં આવતાં એમની કાવ્યસર્જનની શક્તિ ખીલવા લાગી હતી. આ સંતે જ એમને ભક્તિનો રંગ

લગાડ્યો હતો. સમય જતાં તે પરમ તત્ત્વ આત્મત્ત્વના સાધક તરીકે પ્રખ્યાત થયા. તેઓ સંઘ કાઢીને ડાકોર જતા ત્યારે એમનાં ભજનો અને સત્સંગનો લાભ લેવા અનેક લોકો તેમાં જોડાતા. તેમનું ભક્તિમંડળ ઘણું મોટું હતું, તેમની ''કાફી''ઓ એટલી બધી લોકપ્રિય બની હતી કે જેમ નરસિંહ મહેતાના પ્રભાતિયાં, શામળ ભટ્ટના છપ્પા, ભોજા ભગતના ચાબખા, અખાના છપ્પા અને દયારામની ગરબી પ્રખ્યાત હતાં, તેની કાફીની કેટલીક પંક્તિઓ અત્યંત પ્રચલિત છે, જે અહીં નમૂનારૂપે મૂકવાની ઈચ્છા રોકી શકાતી નથી.

''જેને રામ રાખે રે, તેને કુણ મારી શકે?
અવર નહિ દેખું રે, બીજો કોઈ પ્રભુ પખે.''

ધીરા ભગતે રચેલામાંથી નીચે મુજબના ગ્રંથો હાથ લાગ્યા છે, તેમાંથી કેટલાંક, ગુજરાતના પ્રખ્યાત સાક્ષરથી હરગોવિંદદાસ કાંટાવાળાના હાથે ''કાવ્યમાળ''ના નામે પ્રગટ થયા છે, જેમાં (૧) સ્વરૂપની કાફીઓ, (૨) મતવાદી, (૩) આત્મબોધ, (૪) જ્ઞાન કક્કો, (૫) યોગમાર્ગ, (૬) છૂટક પદ, ગરબીઓ, ધોળ, (૭) પ્રશ્નોત્તર માલિકા અને (૮) અવળવાણી અત્યંત પ્રચલિત છે. આ ઉપરાંત પચ્ચીસ ત્રીસ હજાર છૂટક કાવ્યો તેમજ નાનાં મોટા પુસ્તકો અને હિંદી કાવ્યો પણ તેમને રચ્યાં હોય એમ મનાય છે.

ધીરા ભગતના ગ્રંથો વિષે ''પ્રાચીન કાવ્યમાળા''ના ૨૩મા પુસ્તક ''સ્વરૂપ''ની શરુઆત્માં જે માહિતી આપેલ છે તે આ બાબત પર કંઈક વિશેષ પ્રકાશ પાડે છે. તેમાં જણાવ્યા મુજબ ધીરા ભગતે ''અશ્વમેઘ''' નામે કાવ્ય રચેલું છે, જેની હસ્તપ્રત ધીરા ભગતના વારસદારો પાસેથી લઈને સાવલીના વકીલ હરગોવિંદભાઈ બ્રહ્મભટ્ટ ''ગુજરાત વર્નાક્યુલર સોસાયટી'' ને મોકલી આપી છે, જે અપૂર્ણ અને કેટલોક ભાગ ખવાઈ ગયો હોય તેવી છે, પરંતુ તેના પરથી ''અશ્વમેધ''ને ધીરા ભગતની કૃતિ તરીકે આપણે ચોક્કસ ગણાવી શકીએ.

''ધીરા ભગત'' પોતાની કાવ્યરચના બોલતા અને ભક્તો તે લખી લેતા તથા કંઠસ્થ કરી લેતા. ભક્ત તરીકે ધીરા ભગત ગીતાજીમાં વર્ણવ્યા મુજબના સ્થિતપ્રજ્ઞ હતા. તેમને માન, મોહ કે મમતા ન હતાં. તેઓ પૂર્ણ વૈરાગી હતા. તેથી તેમનાં રચેલાં નવાં કાવ્યોને તેઓ મહીનદીએ સ્નાન કરવા જતા ત્યારે વાંસની ભૂંગળીમાં મૂકી વહાવી દેતા. મહીકાંઠે વસતા લોકો આ ભૂંગળીમાંથી કાવ્યો વાંચતા અને તેમના ભક્ત બની જતા. કેવી સહજ સરળ અને નિર્મોહી રીત છે! માન-અકરામ કે નામની પ્રસિદ્ધની કોઈ જ પરવા વિના મહી નદીને પોતાની ભક્તિ જાણે કે સમર્પણ કરતા હોય તેવો ભાવ આમાં રહેલો જણાય છે. છતાં આ પ્રવૃત્તિને લીધે ધીરા ભગતની પ્રસિદ્ધ દૂરસુદૂર ફેલાઈ હતી તે પણ કબૂલવું જોઈએ.

જ્ઞાનગંગાનો જે પ્રવાહ આપણા સંતોએ-મીરાં, નરસિંહ, કબીર કે સંત રોહિદાસે-વહાવ્યો છે ધીરા ભગત પણ તેમાંના એક જણાય છે. જ્ઞાનમાર્ગનાં અને બ્રહ્મજ્ઞાનનાં તેમના ભજન આ વાતની સાક્ષી પૂરે છે. આ સંતોનાં ભજનોમાં એટલું બધું સામ્ય છે કે આપણને એકબીજાની રચના પર પરસ્પરની અસર હોય તેમ લાગે.

''વસ્તુ અમોલક દીની મેરે સદગુરુ'' એમ કહીને ગુરુનો મહિમા તેઓ કબૂલ કરે છે. ''વસ્તુ'' આત્મત્ત્વને જાણી જે બ્રહ્માનંદ કે આત્માનંદ એમને પ્રાપ્ત થયો તે કારણે ભગત અને જગતને બનતું ન હતું. તેઓ અવળવાણી કરી ઘણી વાર થોડામાં ઘણું કહી જતા અખા જેવા પણ જણાયા છે. એમની ઉત્કૃષ્ટ રચના ''તરણા-ઓથે ડુંગર રે ડુંગર કોઈ દેખે નહિ.'' ''વસ્તુ વાડને ખાઈ ગયું અને સમુદ્રને ગળી ગયું ફીણ''માં અવળવાણી તથા ''સંત મળે સાચા રે, 'અગમની તે ખબર કરે'વાળી કાફીઓમાં ગૂઢ વાતોનો ઉલ્લેખ કવિએ અવળવાણીમાં કર્યો છે. આ રીતે અગમનિગમનો બોધ આપતી સરસ છતાં સચોટ કાફીઓ જ ધીરા ભગતની વિશેષતા છે. તેમની આવી બીજી કેટલીક કાફીઓના નમૂના જોઈએ :

''સાંઈ કહે સમજાવું રે, ઉકેલી તારી આંટી,
સીધીસટ વાત છે રે, નથી ચાલ કંઈ રાંટી,
વિવેક વડે તું દેહને વિચારે, એટલે જણાશે તુજને આમ,
દેહ તો ઈન્દ્રિયો કેરો છે દ્રષ્ટા, એતો છે એથી જુદો તમામ,
વિવેક વડે જોજે રે, ત્યારે જઈશ તું, ખાટી... સાંઈ...
અનુભવી આવોરે, જ્ઞાનગતિ કરનારા,
ભેદ બતાવો રે, બ્રહ્મમાંહે ભળનરા ?
કહો પવનનું મૂળ અમને, ક્યાંથી આવ્યું મન?
ઠીક કરી બતાવો રે ક્યાં છે મન પવન?[૨]
શબ્દ ક્યાંથી ઊઠે રે? ગગનમાં ચઢનારા ... અનુભવી આવો રે... ૩
અનુભવી આવો, ભેદ બતાવો, વિશ્વંભર વિસ્તાર,
લાંબા પહોળા કે પચરંગા કેવે રૂપે છે કિરતાર ?... ૪
ધણી ધીરાના રે, સ્વામી સરજણહાર ... અનુભવી આવો રે... ૫''

કેવી ગહન વાત કવિએ સહજ રીતે અનુભવી, સંતો અને સુજ્ઞ પુરુષોને પુછી છે ! છે કોઈ બતાવનાર કે પ્રભુ કેવા છે? એમની આવી જ બીજી એક કાફી જોઇએ :

''પંખીડાં પિયુ પિયુ પોકારો, આતો ભાઈ ઊતરવાનો આરો રે,
હરિપદ ઉર-કમળમાં ધારો, પંખીડાં પિયુ પિયુ પોકારો,
ભાત-જાતનો ભેદ નથી ભાઈ, કોણ દાનવ કોણ દેવા રે ?
દાસ ધીરા હરિ ધ્યાન ધરે તો, હરિજન હરજી જેવા... પંખીડાં.''

આવા ગૂઢ જ્ઞાનની અને ''જ્યાં વાણી ન પહોંચે વિસ્તાર એવા અગમ ખેલ અપાર'' વાળા દેશની વાત કરનાર ધીરાને આ ભૌતિક દુનિયાના લોકો કેવી રીતે સમજી-જાણી શકવાના હતા? તેથી જ તો કવિ નર્મદે ધીરા ભગતને ''બાઘંડ'' કહ્યા છે. વાસ્તવમાં સ્થિતિ સાવ જુદી જ હતી. ધીરા ભગત તો અલૌકિક નિજાનંદમાં વિહરતા હતા, તેથી તેમને આવાં વિશેષણોની કંઈ પરવા ન હતી. ''ધીરો થયો હીરો રે'' એવું કહેનાર ધીરો યથાર્થ છે. એમાં કોઈ જ આત્મશ્લાઘા નથી. હકીકતમાં તો જ્ઞાનસુધા પીને ''ધિંગડમલ'' બનેલા ધીરા ભગત પૂરા જ્ઞાની હતા. ભવસાગરમાં રહેલા રાગદ્વેષનાં માઠાં પરિણામ તેઓ જોઈ શક્યા હતા. સંસાર અસાર છે અને તેમાં આડંબર વિશેષ છે તેના જ જાણકાર ધીરાભક્ત આ બધું જોઈ હસતા હતા અને તેની નિંદા પણ કરતા. અન્ય કવિઓની માફક ''કવિતા કરીને ગુણલા ગાવા''નું અને તે દ્વારા પેટ ભરવાનું કે ધર્મને નામે ધૂતવાનું તેમને પસંદ ન હતું. સંસારનું જ્ઞાન ''અવિદ્યારૂપ છે અને જગનો વ્યાપાર એ માયાવી ''ભુલવણી'' છે. દોલતને તેમણે ''દીવાની'' ગણી છે. યૌવન એમણે ''મહુડી કેરી મદિરા'' સાથે સરખાવી છે. તેમના મતે મનને માર્યા વિના અને ''બ્રહ્મ''નો સાક્ષાત્કાર પામતાં પહેલાં મનનો મેલ ધોવાઈ જવો જોઈએ. આવાં વેદાન્તનાં વચનો તેમનાં પદોમાં ઠેર ઠેર ઝબકી રહેલાં છે તે જ બતાવી આપે છે કે ધીરા ભગત પૂર્ણજ્ઞાની, અદ્વૈતવાદી અને દિવ્ય જ્યોતિસ્વરૂપ હતા. તેમનાં પદો ઉપરથી જણાય છે કે પહેલાં તેમણે હઠયોગ અને રાજયોગની માહિતી હશે. ''સ્વરૂપની કાફીઓમાં'' યોગશાસ્ત્રની હકીકત આપવામાં આવી છે. વળી ''જેને રામ રાખે રે તેને કોણ મારી શકે'' અને ''હોલો હોલીને કહે છે રે'' જેવી રચનાઓ – ''કાફીઓ'' તેમનામાં રહેલી અપાર શ્રદ્ધાનું બળ બતાવે છે. તેમના ભક્તોપણ આથી જ વિશેષ શ્રદ્ધાં મેળવતા હશે એમ કહી શકાય. દુનિયાની સમજ અને તેમાં કરવા જેવા સુધારા વિષે પણ તેમની લાગણી તીવ્ર છે. ''થાણદાર થયા રે'' તથા ''ખબરદાર મનસૂબાજી ખાંડાની ધારે ચડવું છે'' વાળી કાફીઓમાં તેમની સંસારી સમજની પરિપક્વતા દેખાઈ આવે છે.[૧૯]

પોતાની ફકીરી મસ્તીમાં મસ્ત ધીરા ભગતે રચેલી આવી ઉત્કૃષ્ટ કાફીઓની સંખ્યા ૨૫ થી ૩૦ હજારની અંદાજવામાં આવે છે :

આમ, ''ધીરા ભગતે જે રીતે જ્ઞાનબોધ આપ્યો છે, શ્રદ્ધાની જરૂરિયાત જણાવી છે અને શુદ્ધ ભક્તિનાં અને ગહન તત્ત્વનાં પદો ગાયાં છે તેની ભાષા સીધી અને સરળ છે. તેના વિચારો સહેલી રીતે મુકાયેલા, પણ ગંભીર મનને જાગ્રત કરનારા છે. એમનું લખાણ છૂટું સુગમ્ય અને ઠાવકું હોવાની સાથે સાથે સુવાચ્ય અને આકર્ષક છે. આત્મજ્ઞાનની અંદર તેની ગણના અખાથી બીજે નંબરે થઈ શકે છે. તેઓ યોગ કરતાં જ્ઞાનને વધારે સબળ માનતા હતા. તેમની કવિતા જ્ઞાનનો ધોધ છે, હૃદયનો ઊભરો છે, સેવાભાવની કીર્તિ છે. તે ઉદર-નિર્વાહ, પ્રતિષ્ઠા કે ખ્યાતિ માટે નથી, તેથી ''ધીંગડમલ'' ધીરાની વાણી ગુર્જર સાહિત્યમાં સદાકાળ અમર રહેશે. તેમની ભાષા કરડી અને કટાક્ષમય છતાં મૃદુત્વ તેમજ માધુર્યથી ભરપૂર છે.[૨૦]

## સ્વામી બ્રહ્માનંદ (૧૭૭૨-૧૮૩૨)

સ્વામી સહજાનંદે ગુજરાતમાં વસવાટ કરીને સ્વામિનારાયણ-સંપ્રદાયની સ્થાપના કરી હતી. આ સંપ્રદાય આજે તો દેશવિદેશમાં લોકપ્રિય છે, પરંતુ પ્રારંભકાળે તેમના માટે સંપ્રદાયની સ્થાપના અને સદાચાર, અહિંસા, વ્યસનમુક્તિ તથા ઉચ્ચનીયતા ભેદભાવ ભુલાવી જનતામાં પ્રતિષ્ઠા મેળવવી તે સહેલું કામ ન હતું. સહજાનંદ સ્વામી જાતે માણસપારખુ હતા. કોઈ પણ તેજસ્વી વ્યક્તિને તેઓ પોતાના સંપ્રદાય તરફ આકર્ષતા અને તેના દ્વારા સંપ્રદાયની લોકપ્રિયતા વધારતા. ઓગણીસમા સૈકાના પ્રારંભે કેટલાક સાધુસંતો સહજાનંદ સ્વામીના પ્રીતિપાત્ર બન્યા હતા તેમાં સ્વામી બ્રહ્મનંદનું નામ મોખરે હતું. માટે જ એચ. જી. બ્રીગ્ઝ નામના અંગ્રેજ લેખકે નોંધ્યું છે કે,

"Among these must not be forgotten the name of Brahmanad, one of rare co-educator and the bosom friend of the reformer (Swami Sahajanand). He was a hindu classic scholar of no ordinary ability, of singularly mild department and a benevlence of disposition and character rarely met, he was a peoet too, and his songs and allegories are still recited with enthusiasm."[૨૧]

આવા સ્વામી બ્રહ્માનંદનો જન્મ ઈ. સ. ૧૭૭૨માં આબુ પાસેના ડુંગરપુર પરગણાના ખાણ ગામમાં બ્રહ્મભટ્ટ જ્ઞાતિના (કેટલાકને મતે ગઢવી કોમના) શ્રી શંભુરાવને ઘેર માતા લાલબાની કૂખે થયો હતો. તેમનું પૂર્વાશ્રમનું નામ શ્રીરંગદાસ કે લાડુ બારોટ હતું. બાળક લાડુ બચપણથી જ સુંદર, બુદ્ધિમાન, વિવેકી, વિનોદી અને બહાદુર હતા. તેઓ પંદર વર્ષની ઉંમરે પિતા શંભુરાવ સાથે ઉદયપુર ગયા હતા. તે વખતે ઉદયપુરના મહારાણાને ત્યા લગ્નપ્રસંગ હતો. અજાણ લાડુએ પોતાની ઈશ્વરદત્ત શક્તિથી રચેલા છંદ, દોહા અને કવિતા રાણાજીના દરબારમાં ગાઈ સંભળાવ્યાં તેથી

આનંદાશ્ચર્ય પામી રાણાએ આ બુદ્ધિશાળી બાળકને કચ્છમાં પિંગળ ભણવા અને ભણી રહ્યા પછી એક પરગણું ભેટ-બક્ષિસ આપવા કહ્યું. આથી શંભુ બારોટે બાળ લાડુને કચ્છની પિંગળ પાઠશાળામાં ભણવા મોકલ્યા, જ્યાં રહીને આઠ વર્ષ સુધી તેમણે કાવ્યશાસ્ત્રનો અભ્યાસ કર્યો.[૨૨]

જ્યારે બીજી એક માન્યતા અનુસાર 'શ્રી બ્રહ્માનંદ કાવ્ય'ના સંપાદક રાજકવિ માવદનજી ભીમજી (કાલાવાડ) જણાવે છે કે ''સ્વામી બ્રહ્માનંદ સાત વર્ષના થયા ત્યારે તેમણે દેવધરના પૂજારી શ્રી શિવશંકર ઉપાધ્યાય પાસે વિદ્યાભ્યાસનો પ્રારંભ કર્યો. યોગ્ય ઉંમરે ઉપવીતસંસ્કાર થયા... ચૌદ વર્ષ કેટલુંક પ્રાથમિક જ્ઞાન મેળવ્યા પછી પોતાના રમૂજી સ્વભાવે બાળમિત્રોમાં કાવ્યપંક્તિઓ કરતા તેમજ અણકેળવાયેલ કવિની ચતુરાઈથી અનેક જનોને આકર્ષતા. શ્રી લાડુદાનજી જોઈતું સાહિત્ય સાથે લઈને સગાં સંબંધીઓને... છેલ્લા પ્રણામ કરી, કચ્છ ભૂજની વાટ સિધાવવા રજા લીધી તે વખતે તેમની ઉંમર આશરે અઢારેક વર્ષની હતી. ભૂજ આવીને મહારાવશ્રીને મળ્યા. ત્યાં શ્રી લખપતિ વ્રજભાષા પાઠશાળામાં રહી મુખ્ય અધ્યાપક રાજકવિ શ્રી અભયદાનજીના હાથ નીચે પિંગળસાહિત્યનો અભ્યાસ કર્યો. પહેલાં અષ્ટાવધાની, પછી ષોડશાવધાની, ચોસઠાવધાની, શતાવધાની, અષ્ટોત્તર શતાવધાની અને છેલ્લે સહસ્રાવધાની બન્યા. લગભગ દશ વર્ષ ભૂજની ઉપર્યુક્ત પાઠશાળામાં રહીને ઉચ્ચ અભ્યાસ ઉપરાંત સિતાર, નરઘાં, ડંકો, વાદ્યો તથા છડીનો બોલ વગેરે શીખ્યા. આમ ચોવીસ કળાઓ, જેવી કે ગીત, વાદ્ય, નૃત્ય, નાટ્ય, ઉદકવાદ્ય, પ્રતિમાળા, વાચનકલા, નાટક-આખ્યાયિકા-દર્શન, કાવ્ય સમસ્યાપૂર્તિ, તર્કવાદ, રથકારકલા, શિલ્પકલા, રૌપ્યરત્નપરીક્ષા, અક્ષરમુષ્ટિકા કથન, શુકનકલા, આસંવાચ્ય, માનસી કાવ્ય, અભિધાનકોશ, છંદજ્ઞાન, ક્રિયાતિકલ્પ અને આકર્ષક્રીડા ઉપરાંત શુક્રનીતિ, ચાણક્યનીતિ, અંગદ-વિદુરનીતિ વગેરે નીતિશાસ્ત્રો ભટ્ટાચાર્યજી પાસેથી શીખ્યા, જૂનાગઢના નવાબ હામીદખાનજીના કાજી મકબૂલ મિયાં કાજીસાહેબને બ્રહ્માનંદજીએ એક જ કવિતામાં સમગ્ર કુરાને શરીફનો ટૂંક સાર કહી સંભળાવીને ચકિત કરી દીધા તેથી ખુશ થઈને નવાબ સાહેબે તેમને પોતાના શાહજાદા બહાદુરખાનના સાહિત્યકલા અને સંગીતકલાગુરુ તરીકે જૂનાગઢ સ્ટેટમાં રાખ્યા.''[૨૩]

કહેવાય છે કે પોતાનો અભ્યાસ પૂરો કર્યા પછી તેઓ જૂનાગઢ, જામનગર, બીકાનેર અને ભાવનગર વગેરે રાજ્યોમાં ગયા, જ્યાં એમનો ભારે સત્કાર થયો. ત્યાંથી ફરી ભૂજમાં આવતાં ભૂજના મહારાવે પણ તેમનું સંમાન કર્યું. આ વખતે ભૂજમાં શ્રીસહજાનંદ સ્વામીનાં દર્શન કરી પ્રેમવિભોર બની ગયેલા લાડુ બારોટે :

''આજની ઘડી રે ધન્ય, આજની ઘડી,
મેં નિરખ્યા સહજાનંદ, ધન્ય આજની ઘડી,

ગાયું. શ્રીસહજાનંદ સ્વામીએ અતિ આનંદપૂર્વક તેમનો સત્કારી કરી પોતાની સાથે રાખ્યા. આ પ્રસંગ ઈ. સ. ૧૮૦૪માં બન્યો, ત્યાંથી, કવિ લાડુ બારોટ શ્રી સ્વામિનારાયણ સાથે દેશાટન કરવા નીકળ્યા. સિદ્ધપુર જતા માર્ગમાં ગેરિતા ગામમાં ઈ. સ. ૧૮૦૫માં સ્વામી સહજાનંદે એમને ભાગવતદીક્ષા આપીને. તેમનું નામ ''શ્રીરંગ'' પાડ્યું. ત્યાંથી પાછા ફરી ગઢડા (સૌરાષ્ટ્ર) આવ્યા પછી લાડુ બારોટનો ઉત્કટ વૈરાગ્ય જોઈને શ્રી સ્વામિનારાયણે તેમને શિખાસૂત્ર છોડી દેવા આજ્ઞા કરી પરમહંસની દીક્ષા આપી, ત્યારથી તેમનું નામ 'સ્વામી બ્રહ્માનંદ' પડ્યું. આ વખતે એમની કવિ તરીકેની કીર્તિ એટલી બધી ફેલાઈ હતી કે વડોદરાના તે વખતના મહારાજા સયાજીરાવ ગાયકવાડે કહેવડાવ્યું કે જો શ્રીરંગ બારોટ (લાડુ બારોટ) મારા રાજકવિ થાય તો તેમને વાર્ષિક રૂ. ૨૫,૦૦૦ ની ઉત્પન્ન (ઊપજ)વાળું ગામ આપું, પરંતુ બ્રહ્માનંદસ્વામી આવી સાંસારિક લાલચમાં ફસાયા નહીં. આવા નિઃસ્પૃહ અને નિર્મોહ હતા સ્વામી બ્રહ્માનંદ !

તેમની સ્મરણશક્તિ અનન્ય અને બુદ્ધિ વિચક્ષણ હોવાથી તેઓ દરરોજ આઠ પદ રચના. તેમનાં રચેલાં કીર્તન શ્રીજી મહારાજને અત્યંત પ્રિય હતાં. સ્વામીજી જેવા કાવ્યકલામાં નિપુણ હતા તેવાજ વ્યહારકુશળ અને કાર્યદક્ષ પણ હતા. સ્વામિનારાયણ સંપ્રદાયનાં ઘણાં મંદિરો શ્રીજી મહારાજની આજ્ઞાથી બ્રહ્માનંદ સ્વામીએ બંધાવેલાં છે, જેમા અમદાવાદનું નરનારાયણદેવનું મંદિર (ઈ. સ. ૧૮૨૨), વડતાલનું લક્ષ્મીનારાયણદેવનું મંદિર (ઈ. સ. ૧૮૨૫) જૂનાગઢનું શ્રી રાધારમણદેવનું મંદિર (ઈ. સ. ૧૮૨૮) અનેક કવિતાઓ રચી અને ઈ. સ. ૧૮૩૨માં (સં. ૧૮૮૮ના જેઠ સુદ દશમના રોજ) દેહત્યાગ કર્યો.

સ્વામી બ્રહ્માનંદે ડિંગળ, શુદ્ધ ગુજરાતી, હિંદીમિશ્રિત ગુજરાતી, શુદ્ધ હિન્દી અને કચ્છી એમ વિવિધ ભાષાઓમાં કાવ્યરચનાઓ કરી છે. તેમણે કુલ ૧૮,૦૦૦ પદો રચ્યાં હોવાનું મનાય છે, જેમાંથી કુલ ૮,૦૦૦ ગ્રંથસ્થ થયેલાં છે. પોતાના કેટલાક ગ્રંથોની રચના માટે એમણે સમનિર્દેશ આપ્યો છે. ઈ. સ. ૧૮૧૯માં ''સંપ્રદાયપ્રદીપ''ની રચના કર્યા પછી ઈ. સ. ૧૮૨૨માં શ્રીનગરમાં રહીને ''સુમતિપ્રકાશ''ની રચના કરી તેનું એક પદ જોઈએ ... :

''સંવત અષ્ટદશ સહી, વર્ષ અઠોતેર જાણ,
મહા સુદ પંચમી વાર બુધ, પૂરણ, ગ્રંથ પ્રમાણ,

શ્રીનગર શુભ શહેરમાં, નરનારાયણ પાસ,
તહાં રહી બ્રહ્માનંદ કવિ કીનો 'સુમતિપ્રકાશ.' ''

ત્યારબાદ ઈ. સ. ૧૮૨૭માં 'બ્રહ્મવિલાસ' માટે પણ તેમનું પદ :

''સંવત અષ્ટદશ શ્રેષ્ઠ, વ્યતીત ભયે વર્ષ ત્યાસી,
દ્વિતીયા શુકલ અષાઢ, શુક્રવાર શુભરાશિ,
ઉન્મત્ત ગંગાતીર, નગપુર દુર્ગ નિવાસા,
તહાં હી પૂરન કીન, ગ્રંથ યહ બ્રહ્મવિલાસા.''

આ ઉપરાંત 'નીતિપ્રકાશ', ''ચાંદ્રાયણપ્રારંભ'', ''ધર્મવંશપ્રકા'', ''વિવેકચિંતામણિ'', ''ઉપદેશચિંતમણિ'', ''શિક્ષાપત્રી'' વગેરે ખૂબ જ પ્રખ્યાત ગ્રંથો સ્વામી બ્રહ્માનંદની ઉત્તમ કાવ્યરચનાના નમૂના છે. તેમાંની મોતીદામ, ભુજંગી, નારાચ, કુંડળિયા, છપ્પા, ઝૂલણા, સવૈયા, ચર્ચરી અને રેણકી છંદોમાં કરેલી કવિતાઓ અતિમનોહર, વેધક અને દિલ ડોલાવનાર છે. સ્વામી બ્રહ્માનંદની કવિતાની ભાષા સરળ છતાં સુંદર છે. તેમની એક શુદ્ધ ગુજરાતી રચના લઈએ :

''આ તનરંગ પતંગ સરીખો, જાતાં વાર ન લાગેજી,
અસંખ્યા ગયા ધન સંપત્તિ મેલી તારી નજરું આગેજી...
જેમ ઉંદરડે દારૂ પીધો, મસ્તાનો થઈ ડોલેજી,
મગરૂરીમાં અંગ મરોડે, જેમ તેમ મુખેથી બોલેજી,
મનમાં જાણે મુજ સરીખો, રસિયો નહીં કોઈ રાગીજી,
બહારે તકરી રહી બિલાડી, લેતાં વાર ન લાગીજી,
આજકાલમાં હું તું કરતાં, જમડા તાણી જાશેજી,
બ્રહ્માનંદ કહે ચેત અજ્ઞાની, અંતે ફજેતી થાશેજી.''

એ જ રીતે મિશ્ર હિંદીમાં રચેલ કુંડળિયા :

''બગલા બોલત રોષ કર, મચ્છ છંડહું ભીર,
સંધ્યાવંદન કરત હોં, દૂર ખડી રહો તીર...''

અને ઉપદેશના ઝૂલણા લઈએ :

''પાઈ જિંદગી, બંદગી નાહીં કીની, નિત્ય ખ્યાલ કિયા ઠગબાજિયાંકા,
મદમોહમમેં તે મગરૂર ફિર્યો, તન તાકતા નારિયાં તાજિયાંકા,

સદગુરુ સાહેબકા રંગ ચઢયા નહીં, સંગ કિયા નર પાજિયાંકા,
બ્રહ્માનંદ કહે કૈસે બાત બનેં, તેતોં ગરાગરે જૂતિયાં ઝાઝિયાંકા.''

એજ રીતે સ્વામીજીના સિંહાવલોકી સવૈયા લઈએ તો એમાં નવોજ ભાવ છલકતો જણાશે :

''બરહાતન તાવત હૈ સજની, અબ તો સુખ અંતરમેં ન રહા,
ન રહા સુખવા ઉદાસ ફિરૂં, અરુ પ્રેમકો પાસગલે પરહા,...
દિયરા દિલ દોત નહિ તબલા, જબલા નહિં તાળ મિટે જિયરા,
જિયરા બ્રહ્માનંદ ચાર જગી, રટ એક લગી પિયરા પિયરા,''

આમ બ્રહ્માનંદ સ્વામીની કવિતાઓમાં એક બારોટ કવિની જબાનની રણકતી વીરતાનો પ્રતાપ પ્રબળપણે પ્રગટ થતો જણાય છે. કવીશ્વર દલપતરામે સ્વામી બ્રહ્માનંદની ભાષા અને શૈલીને પોતાના માટે એક આદર્શરૂપ ગણાવી છે. બ્રહ્માનંદ સ્વામીની કવિતામાં પ્રેમલક્ષણાભક્તિનું અંગ સર્વોપરિ છે. તેનાં પદલાલિત્ય, વાણીમાધુર્ય અને ગૌરવ અનુપમ છે, માટે ગુર્જરભાષાના પ્રથમ પંક્તિના કવિઓમાં બ્રહ્માનંદ સ્વામીનું સ્થાન ઉત્તમ અને અગ્રિમ છે તેમાં શંકા નથી.[૨૪]

ગુજરાતના પ્રખ્યાત સાહિત્યસર્જક અને વિવેચકશ્રી કનૈયાલાલ મા. મનુશી બ્રહ્માનંદનાં કાવ્યો માટે નોંધે છે કે

''તેમનાં (બ્રહ્માનંદનાં) કાવ્યમાં હૃદયનો જુસ્સો, ઉદ્‌ગારનો ઠીક, ભાષાનું ગૌરવ અને શ્રોતાના મન પર સચોટ છાપ મારનારી ઝામકવાણી, પદે પદ રણકા કરતી રચનાવાળી કવિતા મનને આકર્ષે છે, તેમનાં પદો લાવણ્યના અનુકરણ માટે શ્રેષ્ઠ છે.''[૨૫]

એવા જ એકબીજા સાહિત્યસર્જક અને મીમાંસક-વિવિચક શ્રી કિશોરલાલ મશરૂવાળા પણ સ્વામી બ્રહ્માનંદ માટે લખે છે કે ''(બ્રહ્માનંદની રચનાઓમાં) ગંભીર અને શાંત જ્ઞાન અને વિજ્ઞાનનાં તત્ત્વો, માતા જેવી મૌન ભાષામાં સમજાવીને ઉપદેશ આપનારી મુક્ત મુનિની વાણી છે. તે રોમેરોમમાં ઉત્સાહ અને શૌર્ય પેરનારી બ્રહ્મમુનિની ઉક્તિ આજે પણ શ્રોતા અને વાચકનાં મન પર તેવી જ (ગાઢ) અસર કરે છે.''[૨૬]

અને છેલ્લે કવિ દલપતરામ ડાહ્યાભાઈના શબ્દોમાં જોઈએ : ''તેમણે (બ્રહ્માનંદે) બધાં મળીને ૮૦૦૦ પદો રચ્યાં છે. તેમણે તરેહ તરેહનાં પદો છંદો પણ રચ્યાં છે... કોઈનું મન ગમે તેટલું ઉદાસ હોય તોપણ તેનું મન ખુશ કરવાની એમની કવિતામાં શક્તિ હતી...''

✦

**કવિરાજ જેષ્ટરાવ અને કવિરાજ ગિરધરલાલ**

(ઈ. સ. ૧૮૪૪-૧૮૮૪) (ઈ. સ. ૧૮૩૩-૧૮૮૪)

આ બંને બ્રહ્મભટ્ટ કવિઓ ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લાના તાલુકાના ગામ વિજાપુરમાં જન્મ્યા હતા. આ બંનેમાં કવિ ગિરધરલાલ મોટા હતા. તેમનો જન્મ ઈ. સ. ૧૮૩૩માં અને મૃત્યુ ઈ. સ. ૧૮૮૪માં જ્યારે કવિ જેષ્ટરાવનો જન્મ ઈ. સ. ૧૮૪૪-૪૬માં અને મૃત્યુ ઈ. સ. ૧૮૮૪માં થયું હતું. બંને કવિઓ મૂળ એક જ કુટુંબના ભાઈઓ હોવા ઉપરાંત ગાઢ મિત્રો પણ હતા. તેઓનો પરસ્પર સ્નેહ સંબંધ એટલો વિશેષ હતો કે પરગામ જવાથી માંડીને કાવ્યરચના જેવી લગભગ તમામ પ્રવૃત્તિઓ બંને સાથે મળીને કરતા હોવાથી 'જેષ્ટ-ગિરધર'ની જોડી તરીકે પ્રખ્યાત બન્યા હતા. એમની મૈત્રી માટે કહેવાય છે કે કવિ જેષ્ટનો સ્વર્ગવાસ થયાના સમાચાર સાંભળીને મરણાસન્ન કવિ ગિરધર બોલી ઉઠ્યા એકબીજાથી જુદા ન પડનાર મિત્રો સાથે એક ચિંતામાં જ બળત. પણ ખેર એટલું તો છે કે મારે, આત્મા તો જેષ્ટલાલ સાથે ગયો અને મારું શરીર આવતા બુધવાર સુધી રહેશે. આમ કહ્યા પછીના બુધવારે કવિ ગિરધરલાલનો સ્વર્ગવાસ થયો.

બંને કવિઓના સ્વર્ગવાસના સમાચાર જાણીને પંડિત યતિશ્રી અમૃતવિજયજીએ ''સ્નેહી કવિઓ બેઉ ઉઠી સિધાવ્યા'' પંક્તિઓ વાળી વિરહની ગરીબી રચી હતી. આ ઉપરાંત પ્રખર જૈનાચાર્ય શ્રીમાન બુદ્ધિસાગર મહારાજે પોતાના ગ્રંથ'' 'વિજાપુર વૃતાન્ત' (પૃષ્ઠ ૯૭)માં આ બંને કવિઓ માટે આ પ્રમાણે લખ્યું કે :

''બ્રહ્મભટ્ટ કવિ જેષ્ટ અને ગિરધર બંને વ્રજભાષાના ઉત્તમ કવિઓ વિજાપુરમાં થયા હતા.'' આગળ ઉપર શ્રીમાન બુદ્ધિસાગરજીએ આ બંને કવિઓની કૃતિઓ અંગે નોંધ કરી છે. વળી છગનલાલ અમથારામ બ્રહ્મભટ્ટે (મહેસાણા) પણ એમની કૃતિઓની યાદી નીચે પ્રમાણે આપેલ છે.

(૧) **કવિ જેષ્ટરાવ રચિત ગ્રંથો.**

(૧) મણિરત્નમાળા (કવિતામાં ભાષાંતર)

(૨) ''અન્યોક્તિ વિલાસ.''

(૩) અવતાર પચ્ચીસી અને છૂટક કાવ્યો.''

(૧) **કવિ ગિરધરલાલ રચિત ગ્રંથો.**

(૧) ''મનોબોધ' અને

(૨) ''પ્રતાપ યશેન્દુ ચન્દ્રિકા'' અથવા ''પ્રતાપ ગુણસાગર'' અને

(૩) જાબવા સ્ટેટના રજાજીનો ગ્રંથ ''ગોપાલસાગર.''

આ ઉપરાંત અન્ય કાવ્યોમાં પણ આ કવિઓને પિંગળ, નાયિકાભેદ, અલંકાર રસ, ધ્વનિ પસ્તાર વગેરે કાવ્યાંગોની ચર્ચા કરી છે. આ બધા ગ્રંથો અમારી પાસે છે.''

આ બંને કવિવરો પર નોંધ લખતાં મહેસાણાનાં કવિ છગનલાલ અમથારામ બ્રહ્મભટ્ટ જણાવે છે કે :[૨૮]

''તેમની (કવિ જેષ્ટારાવની) મેઘાશક્તિ બાલ્યાવસ્થાથી જ અલૌકિક પ્રકારની હતી. તેથી એમના સંપર્કમાં આવનાર તમામ માણસો એવું અનુમાન કરતા કે ભવિષ્યમાં આ એક મહાન વિદ્વાન નીવડશે, અને ઈશ્વરેચ્છાથી થયું પણ એમજ. તેમનાં કાવ્યો એવાં અનુપ્રાસ-વર્ણ સંબંધ અને અલંકારયુક્ત બનતાં કે તેમના સમાનાં કોઈ કવિ ભાગ્યે જ તેમની તુલનામાં આવી શકે, એમ કહી એ તો તે અતિશયોક્તિ ભરેલું નહિં જ કહેવાય.

આ કવિરાજે તેમના સહચર કવિરાજ ગિરધરલાલ કે જેઓ સંસ્કૃતના સારા અભ્યાસી હતા. તેમની સાથે પ્રસિદ્ધ પંડિતવર્ય ગોરજી મહારાજ અમૃતવિજયજી પાસે પોતાનો સાહિત્યને લગતો અભ્યાસ કર્યો હતો. ગુરુની આ બંને કવિરાજ પર સારી કૃપા હતી, જ્યારે તેમનો અભ્યાસ પૂરો થયો ત્યારે ગુરુએ આ બંને શિષ્યોને સારા આશીર્વાદ આપ્યા. પાઠશાળામાંથી નીકળ્યા બાદ આ બંને મિત્રો તમામ સ્થળે ફરતા હતા. તેઓ એકબીજાના સ્વભાવ સાથે એટલા બધા મળતા હતા કે કોઈ પણ કાર્યમાં તેમના વચ્ચે મતભેદ ભાગ્યે જ થયો હશે.

કવિરાજનું ગુજરાત-કાઠિયાવાડનાં રજવાડામાં બહુ સારુ મન હતું. તેઓ કેટલીક સભાઓમાં વિજય મેળવવા ભાગ્યશાળી થયા હતા. તેમને મારવાડ, મેવાડના રાજકવિઓ તરફથી પણ ઘણાં આમંત્રણ મળ્યાં હતાં. આ બંને મિત્રો એક સમયે મહીકાંઠાના કોઈ રજવાડામાં ગયા પરંતુ રાજાસાહેબ તેમને ઓળખી શક્યા નહિ, અને રાજાના એક મુસલમાન જમાદારની ચશ્મપોશીથી તેમની સરભરા કરવામાં આવી નહિ તેથી તેમણે નીચેનું કવિત કહ્યું...

''નાગનકો ગામ વહાં ધોબનકો કામ કહા?
**પાતરકો**[૧] કામ કહાં? **નાજર**[૨] કી યારીમેં.
મૂરખ તમામ વહાં ચાતુરકો કામ કહા?
કાયરકો કામ કહાં સૂરનકી રારીમેં
કાગનકો ગામ વહાં હંસનકો કામ કહાં?
કોયલકા કામ કહાં? **બંબૂરકી**[૩] બારીમેં.

કહે જેષ્ટરાવ યાર હમહે ઉદારનકે,
કવિયનકો કામ કહાં સૂમકી કચારીમેં?
સુનિહૌ **સુજાન** શ્રૌન[૪] દે કે, હમ સત્ય કહે,
હરિ હે જરૂર જાહિ હમસોં બિગારી હૈ,
નાહિ હમારે પાસ ઢાલ **કરવાલ**[૫] છૂરી,
બરછી **દુનાલતે**[૬]; વચન માર ભારી હૈ
કાયર કપૂત સૂન નિર્લજ પે જોર નહિ,
દાની શૂરવીરન પૈ હિમ્મત હમારી હૈ.
કહે "જેષ્યરાવ" દિલ ચ્હાય વાપૈ જીન ધરો
કવિ કે તબલેમેં **તુરંગ**[૭] **ખર**[૮] ન્યારી હૈ.

((૧) વૈશ્યા (૨) હિજડા (૩) બાવળ (૪) કાન (૫) તલવાર (૬) બંદૂક (૭) ઘોડો (૮) ગધેડો.)

કવિવરશ્રી ગીરધરલાલ પોતે મોટે ભાગે કાવ્યાંગોની જ ચર્ચા કરતા. તેમ છતાં પોતાની એક રચનામાં કવિઓની લાક્ષણિકતા જણાવી તેમને સ્વમાન કેટલું પ્રિય હોય છે તે વાત કવિએ સુંદર રીતે વ્યક્ત કરી છે તે જોઈએ.

"તેજ બિન રૂપ તૈસે, સનૈ બિન ભૂપ જૈસે,
કૈલ બિન કૂપ જૈસે, દેહ બિન પ્રાણ હૈ,
પોર્સ બિન ભાગ જૈસે, જાતિ બિન ત્યાગ જૈસે,
કંઠ બિન રાગ જૈસે, આસ્યં બિન ઘ્રાણ હૈ.
દ્વિજ બિન છંદ જૈસે, દેવ બિન ઈન્દ જૈસે,
રૈન બિન ચંદ જૈસે, પાય બિન પદત્રાણ હૈ.
ગિરધર ભનંત ભૂપ, જાનત સુજાન જાન,
માન બિન દાન જૈસે, પરાધિન પ્રાન હૈ.

કવિની શબ્દછટા દાદ માંગી લે તેવી છે પ્રાસ, તાલ, આરોહ-અવરોહ અને એવો જ પહાડી કંઠએ બધાનો સમન્વય થતાં કેવું સુંદર વાતાવરણ સર્જાતું હશે ! તેની

કલ્પના જ કરવી રહી. બીજી એક રચનામાં કવિ કઈ કઈ વસ્તુની પરીક્ષા કોના દ્વારા થઈ શકે તે માટે આવીજ છટાથી કહે છે કે :

''પારખ પરીક્ષા કરે મ્હોરતૈ રૂપયૈનકી, મોતીકી પરીક્ષા હોત તેજ કે તમકતે,
હીરાકી પરીક્ષા હન જુહેરી જુગત જાનૈ, પન્નાકી પરીક્ષસા આછી ધાતુ દમકતેં.
માનુષ પરીક્ષા યાકી બાતકૈ બતાવહું તૈં, બાજીકી પરીક્ષા વેદ ચાલ કે ચમકતે,
ગિરધર ભનંત ભૈયા, ચાંચહી સુજાન જાનો, કવિકી પરીક્ષા કાવ્ય જોર કે ઝમકતે.''

આ બંને કવિઓએ રચેલા ''પ્રતાપસાગર'' ગ્રંથથી ખુશ થઈને સુંથ-રાજાપુરના દરબાર સાહેબ રાણા પ્રતાપજીએ બંને કવિઓને ''લક્ષપસાવ'' (લક્ષ પસાવની કિંમત જુદા જુદા સમયે જુદી જુદી અંકાય છે. ડો એલ. પી. ટેસીટોરી અનુસાર'' લક્ષ પસાવ'' એટલે રૂપિયા એક હજાર રોકડા, એક હાથી, એક હાથણી, બે ઘોડા, મોતીની માળા, એટલી ચીજોનો દરમાયો.) કરી, પગમાં સોનાનો દાગીનો, (''બેડી'' કે ''તોડો'') અને ''તલાદરા'' નામનું ગામ બક્ષીસ આપ્યું હતું જે બંનેના વંસજો આજપર્યંત તે ભોગવતા આવ્યા છે. આ સંદર્ભે એક દોહો પણ રચાયો છે જે આ પ્રમાણે છે.

''જુગકવિ ગિરધર-જેષ્ટકો, દલ્યો દરિદ્રકૌ દાપ,
દીનોગામ ''તલાદરો'' પારસ રાન પ્રતાપ''

એજ રીતે તેમની કવિતાથી પ્રસન્ન થઈને માલપુરના દરબાર સાહેબ તરફથી પણ ગામ અને બીજાં ઈનામ અકરામ મળ્યાની માહિતી ઉપલબ્ધ છે.[૨૯]

આ કવિઓની કાવ્યરચનાનો આસ્વાદ કરાવવા લોક સાહિત્યકાર શ્રી ડાહ્યાલાલ અં. બ્રહ્મભટ્ટ આ પ્રમાણે નોંધે છે કે ''આ બંને કવિઓએ સાથે મળીને કેટલાક ગ્રંથો (ઉપર યાદી આપેલ છે) ઉપરાંત કેટલાંક ફુટકળ કાવ્યો રચેલાં છે. કવિરાજ જેષ્ટલાલે લોક સાહિત્ય પણ સવૈયા, કવિતા, ગરીબ, દોહા વગેરેમાં રચેલ છે.

કવિરાજને એક સમયે મથુરાની યાત્રા દરમ્યાન યમુનાજીની આરતી ટાણે એક ચોબાજીએ (તે બંને કવિઓ છે એમ જાણીને) પાદપૂર્તિ માટે ''જમુના પરસૈ, જમુના પરસૈ, એ બે શબ્દો માત્ર કહ્યા જે પરથી કવિએ રચેલ સવૈયો જોઈએ :

''તમ નાશનહાર હુકી તનુજા, શમના અઘ ઓઘ સમી સરસૈ,
કવિ જેષ્ટ કહે જિનકે જલકી દ્યુતિ, નીલમની સરસી દરસે;
જીનકે જલમેં તન ધોવનકું, તનુજા સબ દેવનકી તરસે
ભ્રમના તજી ગાત ભિગાવહુ રેજમના પરસૈ, જમ ના પરસૈ''

અર્થાત્ અંધકારનો નાશ કરનાર સૂર્યની પુત્રી જમના પાપના ઢગલાનું શમન કરનાર ગણાય છે. કવિ જેષ્ટલાલ કહે છે કે જેના જળની કાન્તિ નીલમ રત્નના તેજ જેવી (શ્યામવર્ણની) ગણાય છે અને જેમાં સ્નાન કરવા માટે દેવ કન્યાઓ પણ તલસી રહી છે એવી એ સૂર્યપુત્રી જમના નદીમાં હે જગવાસીઓ તમે સ્નાન કરો જેથી તમને જમ નહિ સ્પર્શે. આ વાતના સમર્થનરૂપ આજ પર્યંત ભાઈબીજના દિવસે મથુરામાં યમુના સ્નાનનું મહત્ત્વ વૈષ્ણવ ભક્તોમાં વિશેષરૂપે જોવા મળે છે.[૩૦]

આતો થઈ પ્રાચીન ગુજરાતના સાક્ષરો અને કવિઓની ગુજરાતી સાહિત્યક્ષેત્રે પ્રદાનની વાત. હવે આપણે અર્વાચીન યુગ તરફ વળીએ. આપણા સંશોધનનો સમયગાળો (ઈ. સ. ૧૮૧૮થી ૧૯૪૭) એટલે મધ્યયુગ અને અર્વાચીનયુગનો સંક્રાન્તિકાળ. આવા સમયે નવયુગની હવા જ્યારે સમગ્ર સમાજ પર ફેલાઈ રહી હતી ત્યારે બ્રહ્મભટ્ટ કવિઓ અને સાહિત્યકારો તેનાથી મુક્તિ કેવી રીતે રહી શકે? આ પલટાતા જતા સમય પ્રવાહને સ્પષ્ટ કરવા ''ફાર્બસ ગુજરાતી સભાએ'' આવાં અનેક ''હસ્તલિખિત પુસ્તકોની સવિસ્તર નામાજલી'' શ્રી અંબાલાલ બુલાખીરામ જાની દ્વારા તૈયાર કરી હતી. જેમાં અગાઉ ન નોંધાઈ હોય તેવી કૃતિઓ અને તેના કર્તાઓની સવિસ્તર માહિતી આપવામાં આવી છે. તે સ્પષ્ટપણે દર્શાવે છે કે ગુજરાતના બ્રહ્મભટ્ટ સાહિત્યકારોએ અર્વાચીન યુગમાં વિકસેલા સાહિત્યનાં નવીન અને વિવિધ સ્વરૂપો પણ અપનાવ્યા હતાં. આપણે જોઈશું કે આ કૃતિઓની ભાષા શરૂશરૂમાં થોડીક કઢંગી કહી શકાય તેવો પ્રકારની હતી પરંતુ સમય જતાં તેમાં આધુનિકતાનાં લક્ષણો વિકસવા લાગ્યાં હતા. આ પરિવર્તનને સમજવા માટે સૌ પ્રથમ આપણે બ્રહ્મભટ્ટ કવિઓ દ્વારા રચાયેલ ''ગોહિલની ઉત્પત્તિ'' નામની એક રચના જોઈએ. આ રચના તત્કાલીન કવિતાનું સ્વરૂપ તેમજ વિષયવસ્તુનું એક સુંદર ઉદાહરણ છે. તેમાં ગોહિલ રાજવંશની ઉત્પત્તિ ગૌતમ ઋષિની થયાનું વર્ણવી આબુગઢથી ગુજરાતમાં શકપ્રર્વતક શાલીવાહને કેવી રીતે રાજગાદી સ્થાપી તેનો ઉલ્લેખ કરેલા છે. તેને કવિતાનું નામ આપવામાં આવ્યું છે પરંતુ તેનું માપ કવિતાનું નથી પરંતુ બ્રહ્મભટ્ટ કવિઓ તેને પોતાની વિશિષ્ટ લઢણ દ્વારા ગાતા હતા તેથી અત્રે ટાંકું છું :

આંહ ગો જ્ઞાન ઉપાસના !! પુષ પાટણ પરમાંણ !!
બુધવા ભરામણ નારી !! નાગનાથ નરદેવ !!
અધિક તે દુધ અહારી ।।૧।।
કીઓ સંજોગો શકલ કરે ।। પુગલ ઓશલ તાંન !!
પરાકરમ હસો પુંરો, નાગફુલ ઉપસાંન ।।

તેને દીધી ચાર ખંડ, તોરાગ પઢ્યે રોમ પરમાંણ ॥
દેવીવાગણ નરનાથ, ગજખાવ ગોહીલ ગોત્ર હો,
ગોહલ ગોત્ર ગઉતમતણો, દેવી નામને નવ લહે ॥૧॥[૩૧]

આ કાવ્ય શુદ્ધ ગુજરાતી નહીં , પણ મિશ્રભાષામાં લખાયું હોય તેમ જણાય છે. આ રીતે બ્રહ્મભટ્ટ લોકો પોતાંના પુસ્તકોમાં વાર્તાઓ કે કાવ્યો લખતા ત્યારે ગુજરાતી ભાષામાં વચ્ચે વચ્ચે હિન્દી તેમજ બાલબોધ લિપિનો ઉપયોગ કરતા હતા. તેમ છતાં તેનું ઐતિહાસિક મહત્ત્વ હોવાથી એલેકઝાન્ડર કે. ફાર્બર્સ જેવા ઈતિહાસ લેખકોએ ''પ્રબંધ ચિંતામણિ'' અને ''દ્વયાશ્રય'' જેવા સંસ્કૃત ગ્રંથોની સાથે સાથે આવાં બ્રહ્મભટ્ટ સાહિત્યનો પણ છૂટથી ઉપયોગ કર્યો છે. જો કે ફાર્બસ સાહેબે આવા બ્રહ્મભટ્ટ કવિઓનાં મોઢેથી નીકળતી વાણી ઝીલીને લહિયાઓ દ્વારા તેને કાગળ પર ઉતરાવી હોવાથી તેમાં આંક ત્રુટિઓ રહી ગયેલ જણાય છે. તેમ છતાં તેનું મહત્ત્વ સહેજ પણ ઘટતું નથી. આ રીતે ફાર્બસ સાહેબે કૂલ આઠ નોંધપોથીઓ તૈયાર કરી હતી. ''રાસમાળા''ના સર્જન માટે તૈયાર કરી હતી, જો કે ''ફાર્બસ ગુજરાતી સભા''ને આઠ નોંધપોથીઓ પૈકીની માત્ર ચાર જ (બીજી, પાંચમી, છઠ્ઠી અને આઠમી.) પ્રાપ્ત થઈ હોવાનું ઉપર્યુક્ત ગ્રંથમાં જણાવ્યું છે.[૩૨]

પ્રખ્યાત ઈતિહાસવિદ શ્રી ભોગીલાલ સાંડેસરાએ પોતાના પુસ્તક ''પ્રબંધાદિમાં ઐતિહાસિક અને સામાજિક વસ્તુ'' (ત્રણ વ્યાખ્યાન સંગ્રહ) માં પણ બ્રહ્મભટ્ટ સાહિત્યાકારો કે લેખકોની નોંધો-પુસ્તકો અને કવિતાઓનું મહત્ત્વ દર્શાવતાં જણાવ્યું છે કે, ''પ્રભાવચરિત'' ગુજરાતનાં ઐતિહાસિક સાધનોમાં પહેલો ગ્રંથ છે જે ઐતિહાસિક ઘટનાઓનાં વર્ષો આપે છે. ''પ્રબંધ ચિંતામણિ'', ''વિવિધ તીર્થકલ્પ'' અને ''પ્રબંધકોશ''માં આવી નોંધો વિપુલ પ્રમાણમાં છે. અને જૈન પદાવલિઓ અથવા ગુરુ પરંપરાનાં વૃતાંન્યો, જે ઠેઠ અર્વાચીન કાળ સુધી મળે છે. એમાં ભાગ્યેજ એવી મહત્ત્વની ઘટ્ના નોંધાઈ હશે કે જેનું વર્ષ આપ્યું ન હોય પ્રાચીન અને મધ્યકાલીન ભારતીય સાહિત્યમાં આ પરિપાટી લગભગ અપવાદરૂપ ગણાય તેવી છે. ભાટ-ચારણોએ તૈયાર કરેલ રાજવંશાવળીઓ (જેમાંની કેટલીક ''ફાર્બસ ગુજરાતી સભા'' પ્રકાશિત ''ગુજરાતનાં ઐતિહાસિક સાધનો''માં તથા વિવિધ સંશોધન સામયિકોમાં છપાઈ છે) અને વહીવંચાઓના ચોપડા સિવાય અન્યત્ર આવી સાલવારીઓ મળતી નથી.[૩૩] આ તમામ લખાણો બ્રહ્મભટ્ટ સાહિત્યનું મહત્ત્વ દર્શાવવા માટે પૂરતાં છે. આ સાહિત્ય દ્વારા તત્કાલિન સામાજિક,તેમજ રાજકીય પરિસ્થિતિનું યથાતથ દર્શન કરી શકાય છે. દા. ત. ''સદુબાની વાર્તા'' ''સતી સદીબાનો ગણ'' (પવાડો.) ''ચાડીયાની લાવણી''

કે ''ચાડિયાની વાર્તા'' જેવા જુદાં જુદાં નામે લખાયેલ કવિતા અને કથા વાર્તાનું સ્વરૂપ ધરાવતી એક ઘટનાનો ઉલ્લેખ માત્ર આ ''હસ્તલિખિત પુસ્તકોની સવિસ્તર નામાવલિ (ભાગ-૧ પૃ. ૧૩૪-૧૩૫-૨૩૯-૨૪૦)માં જ નહીં પણ, ફાર્બસની ''રાસમાળા'' (ભાગ-૨ પૃ. ૫૧૫ થી ૫૧૮), ઝવેરચંદ મેઘાણીની લોકકથાઓમાં તથા સ્વ. મગનલાલ વખતચંદ શેઠ કૃત ''અમદાવાદનો ઈતિહાસ'' (ગ્રંથ-૭ પૃ. ૨૧) જેવાં ઘણાં બધાં પુસ્તકોમાં આપણને જોવા મળે છે. તે પરથી તત્કાલીન ગુજરાતમાં ફેલાયેલ રાજકીય અંધાધૂંધી અને અરાજકતા તથા અમલદારશાહીના જુલમ સામે બ્રહ્મભટ્ટ કોમે સામાન્ય જનસમાજનો સાથ-સહકાર મેળવીને આવા અમલદારો અને તેમના દલાલોને કેવી રીતે ખુલ્લા પાડ્યા હતાં. તે જાણવું રસપ્રદ થઇ પડે તેમ હોવાથી આ ઘટના, કથા તેમજ કવિતાના જુદા જુદા સ્વરૂપે કઇ રીતે આલેખાયેલ છે. તે તેના મૂળ કર્તાની ભાષામાં જ ટુંકમાં જોઈએ.

''અમદાવાદમાં ચાડિયાનું એક ટોળું હતું. તેમનો ધંધો એકે ચાડી ખાવી કે ફલાણો ફલાણી સાથે ખાય છે. સરસુબાને તો એટલું જ કેમકે જુલમ કર્યા વિના તથા રૈયતને દંડયા વિના ઈજારાના રુપૈયા આપતાં નફો શી રીતે કહાડી શકે?... હેવી ચાડીઓ ખાનારનું ટોળું એટલું બધું હતું કે એક સમે બારમણનો દૂધપાક ખાઈ ગયાં હતાં. આમાં ઓતિયો (ઉત્તમ) નામનો ચાડીઓ; નામીચો અને સુબાની મુછ્નો વાળ હતો.

એક સમે એ ઓતિયે એવી ચાડી ખાધી કે, ભાટની બાયડી નામે સદુબા... એક પુરુષની સાથે ખાએ છે... તે પરથી બહેરા સરસૂબાએ સદુબાને પકડી લાવવા જાસૂદ મોકલ્યા. સાદુબાએ આ વાત સાંભળીને પોતાના ધણીને કહ્યું કે મહારી નકામી બેઆબરુ થશે માટે મારું માથું કાપી નાખ, ધણીએ માથું કાપી નાખ્યું. આ વાત બધા ભાટને માલૂમ પડી... બધા એકઠા થયા અને વિચાર કર્યો કે આજે એની જૂઠી વાત ભીડવીને કાલે આપણી (જૂઠી)વાત ભીડાવે માટે આપણે તેમને (ચાડિયાને) ઠેઠ પહોંચાડવો, એવો વિચાર કરીને સદુબાને ઝોળીમાં ઘાલી કોટવાળી ચબૂતરા આગળ લીંબડે બાંધીને તેહની આસપાસ તમામ ભાટનું ઝુંડ ભરાઇને બેઠું અને દાડો એક રાત તાંહે આગળ લાંઘ્યું..

આ વાત જાહારે ઓતિયાએ સાંભળી ત્યારે તે ભદરમાં જઈ સૂબાના ઘરમાં સંતાઓને બીજા ચાડીઆ નાસીને સંતાઈ ગયા. એ ભાટોએ સૂબાને કહ્યું કે સદુબાની વાત ખરી કરી આપો અને ન કરી આપો તો અમને ઓતિયો સૂંપી દો... ત્રીજે દહાડે રૈયતે તાંહા ભરાઈને ઘણા દહાડાના જુલમથી કકળી રહી હતી,... સરસૂબો તમામ રૈયતને ઉપડેલી જોઈને સમજી ગયો કે (ઓતિયાને) નીહં સોપું તો તોફાન લાંબુ થશે, તેથી એવો કરાર કર્યો કે ઓતિયાને મારી નાંખવો નહીં પણ બીજું ગમે તે કરો, પછી

એક ગધેડું લાવી ઓતિયાનું માથું મુંડાવી મોંઢે મેસ ચોપડી કોટમાં ખાસડાનો હાર ઘાલી તથા અવળે ગધેડે બેસાડીને બાર દરવાજા ફેરવવા લઈ ગયા... અઢારે વરણ ઈંટાળાને ઢેખાળાનાં ફૂલથી વધાવતી હતી... દાદા હરીની વાવ સુધી જતાં ઈંટોથી ટાટીને તેને મારી નાંખ્યો. બાલેટઈન સાહેબ આ તોફાન જોઈને હબકી ગયા... આ તોફાનને અંતે કંઈક ચાડિયા નાસી ગયા... કોઈ વરસે ને કોઈ બે વરસે પાછા ઘેર આવ્યાને તાર પછીએ ચાડિયાએ શિંઘડાં ઉપાડ્યાં નથી. (જુલ્મ કર્યો નથી.)[૩૪]

આ લાવણી અને વાર્તા તત્કાલીન અમદાવાદમાં સાશક અને સાશિતો વચ્ચેના વૈમનસ્યને છતું કરવા ઉપરાંત પ્રજાએ જુલ્મી સત્તાધીશો અને તેમના દલાલોને આત્મ બલિદાન આપીને પણ કેવો પાઠ ભણાવ્યો હતો તે વાતની સાક્ષી પૂરે છે.

આ પ્રસંગ ''હસ્તલિખિત પુસ્તકોની સવિસ્તર નામાવલીમાં (પૃ. ૨૫૨-૨૫૩ ૫૨) શ્રીસતી સદુબાઈનાં ગણ મિશ્ર (ગુ. દિ. લો. ૫. ૮૧-૮૬) ના સ્વરૂપે પણ નોંધવામાં આવ્યો છે. જેની કેટલીક પંક્તિઓ આ મુજબ છે.

''પ્રથમ ગણપત પાયે નમું સરસત દોહો સમત'' ॥૧॥
પવાડો અહુવલ તણો તે વધ્ય વધ્ય કહું વધત્ય ॥૧॥
બહેચર અંબે કાલકા હરસિધી હિંગલાજ ॥૧॥
વિશદખોડિ ચંડિકા કરો સેવકનાં કાજ ॥૨॥
ભાટ-ચારણને ભાંમણાં, કવિજન કિજે કોડ, ॥૩॥[૩૫]
ગણ ગાવું સદુબા તણો ક્ષણ વે ન દિજે ખોડ ॥૩॥[૩૫]

આવો જ એક બીજો ગ્રંથ ''આઠ હજાર ગુજરાતી પુસ્તકોની વર્ગીકૃત નામાવલી'' શ્રી દેવીદાસ હરગોવિંદદાસ શાહે (પ્રમુખ ''વડોદરાની પુસ્તકાલય સહકારી મંડળી લિમિટેડ'' વતી ઈ. સ. ૧૮૨૯)માં તૈયાર કર્યો હતો. જેમાં શ્રી અંબાલાલ બુ. જાનીના ઉપર્યુક્ત ગ્રંથની માફક અનેક પ્રચલિત તેમજ અપ્રચલિત કવિઓ-લેખકોનાં પુસ્તકોની યાદી આપવામાં આવે છે. તેમાંના મુખ્ય મુખ્ય બ્રહ્મભટ્ટ સાહિત્યકારો અને તેમની કૃત્તિયોની એક ઝલક અત્રે રજૂ કરું છું જેથી એ સમયે વિવિધ ક્ષેત્રે બ્રહ્મભટ્ટ સાહિત્યકારોનું સર્જન કેવું હતું તે જાણી શકાય.

બારોટ શિવલાલ લલ્લુભાઈનું – ''જાતિ-સ્વભાવશતક'', બ્રહ્મભટ્ટ છગનલાલ મેતાપસંગનું – ''સુખકર'', બારોટ હરગોવિંદદાસ હાથીભાઈનું ''પત્ર વ્યવહાર'', તેમજ ''નિબંધશિક્ષણ'', પ્રચલિત બ્રહ્મભટ્ટ કવિ ધીરાભગતનાં પુસ્તકો ''પ્રશ્નોત્તરમાલિકા'', ''કવિતા અને સ્વરૂપ'' ''વિભાગ વિલાસ'', બારોટ રમણલાલનું

''સુંદરશૃંગાર'', બ્રહ્મભટ્ટ નરસિંહભાઈ ભાણજીભાઈનું ''સૂરદાસજીનું જીવનચરિત્ર'' બારોટ મોહનલાલનું ''નદીઓના મહાત્મા ભગવાન ચૈતન્ય દેવ'' વગેરે મુક્ય કહી શકાય તેવાં નામોનો આમાં સ્પષ્ટ ઉલ્લેખ છે.[૩૬]

શ્રી કૃષ્ણરાવ ગણપતરામ ભટ્ટકૃત ''વાઘેલાવૃત્તાન્ત'' (ઈ. સ. ૧૯૧૪) નામનાં પુસ્તકમાં પણ બ્રહ્મભટ્ટો રચિત કેટલાંક કાવ્યો અને વૃત્તાંતો આપવામાં આવ્યા છે. અને લેખક પોતે કબૂલ પણ કરે છે કે,) ''આ પુસ્તકમાં જૂની હકીકત, મહેરબાન એલેકઝાન્ડર કીન્લોક ફાર્બસ સાહેબની લોકપ્રિય, ''રાસમાળા'' તથા બીજા ઈતિહાસના આધારથી લખી છે અને જે જે હકીકત વધારાની દાખલ કરી છે તે બારોટોની દંતકથા ઉપરથી દાખલ કરી છે. પેઢીનામાં વગેરે બારોટના ચોપડા ઉપરથી તેમજ કેટલાક વૃદ્ધ અનુભવીઓ પાસેથી મેળવીને લખ્યાં છે.''[૩૭]

ઉક્ત ગ્રંથમાં લેખકે બ્રહ્મભટ્ટ શૈલીનાં જે કાવ્યો લીધાં છે તે પૈકીનો એક નમૂનો અત્રે રજૂ કરીએ. જે પરથી તત્કાલીન સામાજિક તેમજ રાજકીય રીતભાત અને દાનધર્મની પ્રક્રિયા કેવા પ્રકારની હતી તેનો ખ્યાલ આપણે મેળવી શકીશું.

''ગાદી પાટણ તણી, મુસલમાનાએ લીધી,
કીધ ખાલસા રાજ, રીસ ઝાઝેરી કીધી.
ભીલડીને સરધાર, કરણના પુત્રો વસિયા,
વરસંગજી સરધાર, રાજ કરવાને ધસિયા,
સારંગે જઈ ભીલડી, નીજમાતાના ગરાસમાં...
ગાદી કરી કલોલમાં, રાજ દિપાવ્યું સદા,
સાણંદ ગાંગડ તણા, ભૂપ-ભાયાતો સહિતા.
લીંબોદરો ઠાકોર, ઘણી નિત ભાર્તો સહિતે,
ભાદરવા ભલીભાત, ભૂપતિ પેથાપર તે,
પોષીના પરખ્યાત, થરાદ અને બંધીઓનો,
સરધારા વાઘેલા તણો, વધ્યો છે વિસ્તારતો,
કલોલના દરબાર તણાં, જે રાણી હતાં રૂઢા,
ગામ અડાલજ વિષે વાપર્યા નાણાં પ્રૌઢા,
બાંધી સુંદર વાવ, લ્હાવ જગતમાં લીધો,
ટકા પાંચ જ લાખ, ખરચી ડંકો તો દીધો.''[૩૮]

(ઉક્ત કાવ્યમાં વ્યક્ત થતી કલોલ વસાવનાર વરસાજી અને જેતાજીની વાત મારા અન્ય શોધગ્રંથ 'કલોલ-એક અધ્યયન' (એમ.ફીલનું ડેઝર્ટેશન)માં વધુ વિસ્તારથી આપેલ છે. (રસ ધરાવતા વાચક તે જોઈ લેવું) જેને ગુજરાતના વિખ્યાત ઇતિહાસકાર અને સંશોધક શ્રી ડૉ. હરિપ્રસાદ જી. શાસ્ત્રીએ પોતાના ટાઈમ્સ ઑફ ઇન્ડિયાના લેખ દ્વારા સમર્થન પણ આપેલ છે. તે જાણ સારું)

પ્રસ્તુત કાવ્યમાં બ્રહ્મભટ્ટ કવિએ પોતાની આગવી શૈલીમાં ઈતિહાસની કથાવસ્તુને સરળ, તેમજ લોકભોગ્ય રીતે રજૂ કરેલ છે. પ્રથમ નજરે જોઈએ તો તે એક સામાન્ય પ્રશસ્તિ ગીત હોય તેમ જણાય છે. પરંતુ હકીકતમાં કંઈક જુદી જ છે. આ સમગ્ર ગીતમાં ગુજરાતના ઈતિહાસનો એક એવો તબક્કો વર્ણવવામાં આવ્યો છે કે જ્યારે ગુજરાતના પાટનગર પાટણમાંથી કરણ વાઘેલાના પતન પછી મુસ્લિમ સત્તાની સ્થાપના થઈ અને તેથી જ વાઘેલા-વંશજોને ક્યાં ક્યાં અથડાવું પડ્યું? ક્યાં ક્યાં તેમણે જાગીરો સ્થાપી? અને સ્થાપત્ય કલાના ઉત્તમ નમૂના સમાન અડાલજની વાવ બંધાવવા જેવાં કયાં દાન-ધર્મના કાર્યો? તેની અત્યંત ઉપયોગી માહિતી આ ગીતમાં વિગતવાર આપવામાં આવી છે. માટે જ આપણે એમ કહી શકીએ કે આવાં ગીતો રાજા મહારાજાઓની પ્રશસ્તિ કરવા પૂરતાં જ રચાતાં ન હતા પરંતુ ઐતિહાસિક તથ્યોને જનમાનસમાં સરળતાપૂર્વ જાળવી રાખવા માટે તેની રચના કરતી હતી. વાસ્તવમાં વર્તમાન જગતનાં મનોરંજન તથા બીજાં અનેક લોક માધ્યમોની તે વખતે અભાવ હતો ત્યારે આવાં ઐતિહાસિક તથ્યોને લોકભોગ્ય રીતે જનસામાન્ય સુધી પહોચાડવાના અને તેને સદાય જન સ્મૃતિમાં જાળવવાના માધ્યમ તરીકેનું કપરું કામ આવાં ગીતોએ અને કથાવાર્તાઓએ આબાદ રીતે નિભાવ્યું હતું. બીજા શબ્દોમાં કહીએ તો કંઈક અંશે નીરસ અને શુષ્ક કહી શકાય એવા ઈતિહાસના કથાનકને કલ્પના, અતિશયોક્તિ, પ્રશસ્તિ તથા વીરરસ, શૃંગારરસ ભર્યા પ્રાસાનુપાસ અને છંદબદ્ધ શૈલીમાં ગ્રંથ સ્વરૂપે જાળવવાનું કામ આવાં બ્રહ્મભટ્ટ કાવ્યોએ જ કર્યું હતું જે સાચેજ ઈતિહાસ પ્રેમીઓની પ્રશંસા મેળવવા યોગ્ય કામ ગણી શકાય.

આ ઉપરાંત શ્રી આત્મારામ કેશવજી 'દ્વિવેદીએ' ''કચ્છ દેશનો ઈતિહાસ'' (૧૮૭૬) નામના પોતાના પુસ્તકમાં કચ્છ પ્રદેશની ભાતીગળ સંસ્કૃતિને અનુરૂપ આવા બ્રહ્મભટ્ટ કાવ્યો, ગીતો અને દોહાઓનાં અનેક દૃષ્ટાંતો ટાંક્યા છે. જે કચ્છતા પ્રાદેશિક ઈતિહાસનો સુંદર અને રસાળ શૈલીમાં વાચકવર્ગને રસાસ્વાદ કરાવે છે. તેનાં કેટલાંક દૃષ્ટાંતો જોઈએ.

''લાખોને લખધર, બએ જન્મ્યા જાડા, ।।
વૈરા ઘર લાખો, બડો, જૈધુ જાડેજા ।।

(અર્થાત્ લાખો અને લખધીર બંને જોડકા ભાઈઓ વરેજીના ઘેર જનમ્યા હતા. જેમાંથી મોટા દીકરા લાખાના વંશજો જાડેજા કહેવાયા.)

બીજું એક દષ્ટાંત લઈએ, જેમાં કચ્છની પોતાની આગવી શૈલીમાં કવિએ લખ્યું છે કે :

''ઢાલ પિનદી તરારી, પિનદી પિનદી કટારી, ।।
જાચક પિનણ છડીઘાં, જડે થીંદી લુરેજી બારી. ।।

અર્થાત્ તર્કટાઈ (કલયુગ)નો સમય આવશે ત્યારે યાચક યાચવું છોડી દેશે અને ઢાલ કટારીને ભીખ માંગવી પડશે. કવિએ આ પંક્તિઓ દ્વારા ભવિષ્યનાં એંધાણ સ્પષ્ટપણે જોઈને વર્ણવ્યાં છે. જે સમય જતાં આજે સાચાં ઠર્યા છે. કેવી હતી આ કવિઓની દૂરદર્શિતા? વળી દેશ અને દુનિયાના રાજકારણમાં બનતું આવ્યું છે તેમ કચ્છના રાજકાણમાં શૈલીમાં બ્રહ્મભટ્ટ કવિઓએ વર્ણવી છે. તેનો ઉલ્લેખ કરતાં પ્રસ્તુત પુસ્તકના લેખક એક સુંદર દષ્ટાંત આપતાં નોંધે છે કે –

''હાજાબાજી હોરહી, હો રહા હરઘોર ।।
કલ્યાણ બીચારા ક્યા કરે? ભયા રાઘુરાકા જોર ।।

આની પાછળ મૂળ કથાનક આ પ્રમાણે છે. કચ્છના રાવ (રાજવી) શ્રી તમાચીજીને છ કુંવરો હતા. તેમાંના હાજાજી અને રાયઘણજીની માતાને થોડે અંતરે ઓધાન (ગર્ભ) રહ્યા. રાયઘણજીની માતાને પ્રસન્ન કસ્ટ (પ્રવસપીડા) થતું સાંભળી હાજાજીની માતાએ અગાઉથી જ પોતાને પેટે રાજકુંવર અવતર્યાની વધામણી કપટપૂર્વક જાહેર કરીને રાજાજીને છેતર્યા. તે પછી થોડાક સમયમાં જરાયઘણજીના જન્મના સમાચાર પણ પ્રસર્યા. પરંતુ હાજાજીના જન્મની જાહેરાત અગાઉથી થઈ ચૂકી હોવાથી એમને પાટવી કુંવર ગણી રાજની જાગીરના માલિક ગણવામાં આવ્યા હતા. હવે હકીકતમાં હાજાજીનો જન્મ તો રાયઘણજના જન્મ પછી બે દિવસે થયો હતો. તે રહસ્યની જાણ રાયઘણજીને પુખ્તવયનાં થતાં થઈ. તેથી તેમણે પોતાની કાયદેસરની જાગીર પર કબજો કર્યો. આ વાર્તાને એક દોહામાં જ બ્રહ્મભટ્ટ કવિઓએ અત્યંત સંક્ષેપમાં ઉપર મુજબ કહી છે.

આવી છળકપટની આખી વાતને કેવા લાઘવથી છતાં સચોટ રીતે કવિઓ કહી શક્યા છે! આવાં તો અનેક દષ્ટાંતો કચ્છ, કાઠિયાવાડ અને ગુજરાતની લોકકથાઓનાં પૃષ્ઠો ઉપર અંકિત છે. પરંતુ તે તમામનો ઉલ્લેખ અત્રે શક્ય નથી અને જરૂરી પણ નથી.

અહીં માત્ર એના દૃષ્ટાંતરૂપ આવાં કેટલાક કાવ્યોની ઝલક મેળવી અભ્યાસને રોચક બનાવવા યથાસંભવ પ્રયત્ન કર્યો છે. આ સંદર્ભે વિદ્વાન સંશોધક ભાઈશ્રી વિજાપુર નિવાસી કવિવર જયેષ્ઠ અને કવિશ્રી ગિરધરની જોડી ઉપરાંત ગુજરાતના અગ્રગણ્ય બ્રહ્મભટ્ટ કવિઓ પર પીએચ.ડી.નું સંશોધન કાર્ય કરી તેનો તલસ્પર્શી અભ્યાસ તૈયાર કર્યો છે. (રસ ધરાવતા વાચક મિત્રને તે જોઈ લેવા વિનંતી).

ઈતિહાસ એટલે પુનરાવર્તન અને પરિવર્તનની પરંપરાથી ભરપૂર ગાથા. સતત પલટાતા રહેવું તેનો સ્વભાવ, એ ન્યાયે રાજા મહારાજાઓ બાદશાહો અને નવબોનો સમય વીતતાં તેનું સ્થાન અંગ્રેજ હકુમતે લીધું. પરિણામે પ્રાચીન પરંપરાઓને સ્થાને પાશ્ચાત્ય વિચારસરણી અને કેળવણી આવી. તેણે જ્ઞાન-વિજ્ઞાનની સીમાઓ વિસ્તારી. પ્રજાના રોજિંદા જીવન વ્યવહારમાં પણ જબરજસ્ત પરિવર્તન આવવા પામ્યું તેવા સંજોગોમાં બ્રહ્મભટ્ટ કવિઓ આ પરિવર્તનના ભાવથી મુક્ત ન રહી શકે તે સ્વાભાવિક ક્રમ ગણાય. વળી હવે જૂના-પુરાણાં મનોરંજનના માધ્યમોનું સ્થાન અનેક વૈજ્ઞાનિક ઉપકરણોએ લેવા માંડ્યું હતું. પરિણામે પ્રાચીન કાળમાં માત્ર રાજા-મહારાજાઓના મહેલ કે દરબાર પૂરતાં મર્યાદિત રહેતાં બ્રહ્મભટ્ટ કાવ્યો હવે લોકરંજનનું કામ કરવા લાગ્યાં. નાટકો, સીનેમાઓ અને ગીતો દ્વારા આ કવિઓ કથા-કવિતાઓ રચીને મનોરંજનનાં નવાં નવાં માધ્યમો દ્વારા જનસામાન્યના અંતર સુધી પહોંચાડતા થયા, પરિણામે હવે તે રાજદરબારી કવિઓમાંથી સાચા અર્થમાં લોકકવિઓ કે લેખકો બની શક્યા. લોકચાહનાનો સરપાવ પામેલા આ બ્રહ્મભટ્ટ કવિઓ અને લેખકો પૈકીના અત્યંત પ્રચલિત એવાં કેટલાકે સામાન્ય જનજીવનનાં વિવિધ અંગોને સ્પર્શતી કથા-કવિતાઓ રચી તો કેટલાંકે સામાજિક કુરિવાજો અને અંધશ્રદ્ધાને પોતાનો વિષય બનાવ્યો. જ્યારે બીજા કેટલાકે રાષ્ટ્રીય વિચારસરણીને લઈને ''સ્વરાજ્ય'' ''સ્વદેશી'' અને ''સ્વતંત્ર''ની કથા કવિતાઓ દ્વારા ગાંધીજી જેવા અનેક રાષ્ટ્રીયનેતાઓની વિચારસરણીને જનસામાન્ય સુધી પહોંચતી કરવાનું કામ ઉપાડી લીધું આવા કેટલાક મુખ્ય મુખ્ય બ્રહ્મભટ્ટ કવિ-લેખકોનાં જીવન અને કથનનો હવે ટૂંક પરિચય મેળવીશું.



**રસકવિશ્રી રઘુનાથ બ્રહ્મભટ્ટ :**

(ઈ. સ. ૧૮૯૨-૧૯૮૩)

રસકવિના હુલામણા નામથી જાણીતા થયેલા, સાક્ષરભૂમિના સાક્ષર-રત્ન, રંગભૂમિના આદ્ય મહર્ષિઓ પૈકીના શ્રેષ્ઠ, કલારસિકોને પોતાના મૃત્યુપર્યંત રસસભર ગીતોની રસલ્હાણ કરનારા ગુજરાતના પનોતા સરસ્વતી પુત્ર શ્રી રઘુનાથ

બ્રહ્મભટ્ટનું મૂળ વતન સાક્ષરભૂમિ નડિયાદ. તેમનો જન્મ માતામહ શ્રી પૃથ્વીરાજ રણાનાં સુપુત્રી મોટીબાની કૂખે મહેસાણા જિલ્લાના લીંચ ગામે તારીખ ૧૩-૧૨-૧૮૯૨નાં રોજ થયો હતો. બાલ્યાવસ્થામાં જ પિતાની છત્રછાયા ગુમાવનાર આ કવિને ગુણિયલ માતાએ સારા સંસ્કારોનું સિંચન કર્યું. કવિએ પ્રાથમિક શિક્ષણ પાંચમા અંગ્રેજી ધોરણ સુધી ડાકોર તેમજ નડિયાદની ગર્વમેન્ટ સ્કૂલમાં મેળવ્યું. આર્થિક વિટંબણાઓને લીધે શિક્ષણ ત્યજવા મજબૂર બનેલા કવિએ નડિયાદમાં ડૉ. રામસંગના દવાખાનામાં કંપાઉન્ટર તરીકે નોકરી સ્વીકારી. અહીંથી એમના જીવનને એક જુદો જ માર્ગ સાંપડ્યો. દવાખાનાની સામેના થિયેટરમાં અવારનવાર નાટકો ભજવાતાં, ત્યારે બીમાર કલાકારો ઈલાજ કરાવવા ડૉ. રામસંગના દવાખાનો જ આવતા. આ ક્રમમાં ગુલનાર નામની અભિનેત્રીની શરદીનો ઈલાજ કરતાં કરતાં કવિ નાટ્યકલાના રંગે રંગાયા. ત્યારબાદ અધ્યાપક કેશવ હ. ધ્રુવની પ્રેરણાથી તેમણે સંસ્કારી સાહિત્યનો રસાસ્વાદ માણ્યો. જન્મજાત સંસ્કાર, સાક્ષરભૂમિની હવા, અ. શ્રી. કેશવ હ. ધ્રુવની પ્રેરણા અને સંતરામ મંદિરની પવિત્ર તીર્થભૂમિમાં પરિવ્રાજક સાધુઓના અવિરત સમાગમને લીધે અધૂરો છૂટેલો વિદ્યાવ્યાસ પૂરો કરવાનો સોનેરી અવસર એમને દૈવયોગે જ સાંપડ્યો. દવાની બાટલીઓ સાથે સંસ્કૃતના શ્લોકો લખીને તેનું સતત રટણ કરતાં-કરતાં તેમનું શિષ્ટ સાહિત્યજ્ઞાન સમૃદ્ધ બનતું ચાલ્યું. નડિયાદની નાગર જ્ઞાતિના પંડિતોનાં અને ડાહીલક્ષ્મી પુસ્તકાલયનાં ઘણાખરાં પુસ્તકો કવિએ વાંચ્યાં. આમ ગુજરાતી, મરાઠી, સંસ્કૃત તેમજ અંગ્રેજીનો અભ્યાસ કવિશ્રીએ અથાગ પરિશ્રમ કરીને મેળવ્યો.

એ અરસામાં ''આર્નોલ્ડ લાઈટ ઓફ એશિયા'' નામનો ગ્રંથ વાંચતાં તેમને ભગવાન બુદ્ધના જીવન પર નાટક લખવાનો વિચાર આવ્યો, જે ટૂંક સમયમાં જ સાકાર થતાં અહિંસાનો સંદેશ આપતું, ''બુદ્ધદેવ'' નામનું નાટક એમણે માત્ર ૧૭ વર્ષની કુમળી વયે જ તૈયાર કર્યું. આ નાટક એમણે ''મોરબી આર્યસુબોધ નાટક મંડળી''ના માલિક શ્રી મૂળજીભાઈ આશારામ ઓઝાને લખી મોકલ્યું. તેમને આ નાટક ખૂબ જ ગમી જતાં કવિને તાર કરીને મુંબઈ તેડાવી લીધા. ''બુદ્ધદેવ'' નાટક મુંબઈમાં ભજવાયું (ઈ. સ. ૧૯૧૪) અને ખૂબજ પ્રશંસા પામ્યું. હસવા રમવાની આ વયે લખેલા આ નાટકથી જ કવિશ્રી ખ્યાતનામ થયા અને શ્રી ડાહ્યાભાઈ ધોળશાજી જેવા પ્રતિભાસંપન્ન નાટ્યકારોની હરોળમાં સ્થાન પામ્યા. તત્કાલીન મુંબઈનાં વિખ્યાત નાટ્યગૃહોમાં પ્રસિદ્ધ વિદ્વાનો, રાજાઓ, મુંબઈના પ્રથમ પંક્તિના શ્રીમંતો વગેરે ઉપસ્થિત રહેતા. સર્વેએ નાટકનાં મુક્ત કંઠે વખાણ કર્યા. સ્વ પ્રભાશંકર પટ્ટણી અને ગુજરાતી સાહિત્ય પરિષદના પિતાશ્રી રણજિતરાય મહેતાએ કવિને હાર્દિક અભિનંદન આપ્યાં. પૂ. મહાત્મા ગાંધીજીએ તથા શ્રી લોકમાન્ય ટિળક મહારાજે પણ આ નાટક જોઈને પ્રશંસાના પુષ્પો વેર્યાં. ત્યાર પછીના વર્ષે જ ''શૃંગ

ઋષિ'' (ઈ. સ. ૧૯૬૫) અને ''સૂર્યકુમારી'' (ઈ. સ. ૧૯૧૬) નામનાં બે અભિનવ નાટકો રજૂ થયાં. આમ રંગભૂમિને ક્ષેત્રે રસકવિના પ્રવેશ સાથે એક નવી જ હવા ઊભી થઈ. ત્રણે નાટકો અત્યંત સફળ થયાં. માધુર્ય, ઓજ, રસ અને શબ્દ સમૃદ્ધિથી ભરપૂર રસકવિનાં ગીતો ઘેર ઘેર ગવાતાં થયાં એથી મિથ્યાભિમાન કરવાને બદલે કવિનું જીવન કાવ્યપ્રધાન બન્યું. ત્યારબાદ કવિની નાટ્લેખન પ્રવૃત્તિ અત્યંત વેગવાન બની. ''છત્રવિજય'' (૧૯૧૬) ''ઉષાકુમારી'' (૧૯૨૧) ''શ્રીમંત બાજીરાવ'' (૧૯૨૬) ''સ્નેહમુદ્રા'' (૧૯૨૬) ''પ્રેમવિજય'' (૧૯૨૮) ''અજાતશત્રુ'' (૧૯૩૦) ''નવીનયુગ'' (૧૯૩૧) અને 'અમરકીર્તિ' (૧૯૩૨) જેવાં નાટકો રચાયાં. આ ઉપરાંત ''અનારકલી'', ''લક્ષ્મીનારાયણ'' અને ''ચાણક્ય'' જેવાં એમનાં રચેલાં કેટલાંક નાટક ભજવાઈ શકાયાં નહિ. અહીં એમનો ભેટો થયો શ્રી પ્રભુલાલ દ્વિવેદી અને શ્રી મણિલાલ 'પાગલ' સાથે રસકવિ અને ઉક્ત બંને મળીને રચાયેલ આ ત્રિપુટીએ ચાર ચાર દાયકાઓ પર્યંત સતત ગુજરાતની રંગભૂમિની સેવા કરી લોકોના દિલો દિમાંગને રસતરબોળ કરી કાયમી છાપ ઊભી કરી.

સફળ નાટકોની સાથે સાથે કવિશ્રી રઘુનાથ બ્રહ્મભટ્ટ તેમની અર્થસભર, સુંદર અને ભાવવાહી કવિતાઓ દ્વારા લલિત-રસિક કવિ તરીકે પણ ખૂબ જ ખ્યાતિ પામ્યા. તેમની કવિતામાં માધુર્ય, ઓજસ તેમજ રસ અને શબ્દ-લાલિત્યનો સુંદર સમન્વય જોવા મળે છે. મુંબઈ-ગુજરાતની નાટ્યપ્રેમી જનતાએ તેમની રચનાઓ ખૂબ જ વખાણી અને તેમને ''રસકવિ''ના હુલામણા નામથી બિરદાવ્યા. બદલામાં કવિએ પણ લગભગ ૪,૦૦૦ ગીતોનો રસથાળ રંગભૂમિને ચરણે ધર્યો. ગુજરાતી શિષ્ટ સમાજમાં પણ તેમનાં ગીતોની બોલબાલા હતી. ગ્રામોફોન રેકોર્ડો એમના ગીતોથી ગૂંજતી. મુંબઈ, સુરત, વડોદરા, અમદાવાદ વગેરે મોટાં મોટાં શહેરોનાં બેન્ડવાજાં પણ લગ્ન પ્રસંગે કવિશ્રીનાં જ ગીતો વગાડતાં એમનાં આવાં અત્યંત પ્રચલિત ગીતોની એક ઝલક મેળવીએ.

''મોહે પનઘટ પે નંદલાલ છેડ ગયો રે,
મોરી નાજુક કલઈયાં મરોર ગયો રે.''

''છત્રવિજય'' નાટકનું આ સુંદર અને લોકપ્રિય ગીત પાછળથી એ. કે. આસીફે ગીતકાર ''શકીલ બદાયૂંની''ના નામે ચઢાવીને મુગલેઆઝમ નામની ફિલ્મમાં ગોઠવી દીધેલું. કવિને આ વાતની જાણ થતાં તેમણે તેની સામે વાંધો-વિરોધ નોંધાવી કેસ કરેલો અને તે ગીતને પોતાની રચના સાબિત કરેલી. એમના બીજા એક નાટક ''અજાતશત્રુ''માં એમની કલમનો કસબ કેવો ખિલ્યો હતો તે જોઈએ :

''શું માગું હું આ ટૂંકી જિંદગીમાં શું માંગુ ?

કલ્પનાના હિંડોળે ચઢે એવું હૈયું ચકડોળે,
મીઠી મૂંઝવણમાં રજની જાગું... શું માંગુ.''

એમના બીજા નાટક ''સૂર્યકુમારી'' નાટકનું એક ગીત આવું જ લોકપ્રિય બન્યું.

''કોઈ કહેજો જોગીડાને જઈને હો રાજ,
મધુવનમાં ઝૂરે તારી બાળા જોગન,
વિરહ અંગારે સળગે આખું નંદનવન.
મધુવનમાં ઝૂરે તારી બાળા જોગન...''

''સમુદ્રગુપ્ત'' નાટકનું એમનું અત્યંત પ્રચલિત અને મુખ્ય આકર્ષણ સમાન ગીત :

''નાગરવેલીઓ રોપાવ ! તારા રાજ મહેલોમાં,
રૂડા માંડવડા બંધાવ, તારા રાજ મહેલોમાં,
આંબલિયાની ડાળે, રૂડા સરવરિયાની પાળે,
રાજા હિંચકે હિંચાવ ! તારા રાજ મહેલોમાં.''

બહુ વખણાયેલ નાટક ''સૂર્યકુમારી''નું ગીત તે વખતના યુવક યુવતીઓની ઝીભને ટેરવે રમતું હતું જેના શબ્દો છે.

''ચતુરા ચિત્ત ચોરી ગઈ મારી નયનનાં બાણ,
કામિની કામણ કરી ગઈ, પ્રેમદા લઈ ગઈ પ્રાણ.''

ઉપરાંત ગુજરાતી શિષ્ટ સમાનમાં તેમનાં જે ગીતોએ ધૂમ મચાવી હતી તેમાં ''સોહામણી સ્વર્ગની વાટ'', ''સાર આ સંસારમાં ન જોયો'', ''રસની વિજોગણને જોગણના કહેશો'', ''તેમને ઘટે નહીં કાવું કાન્ત'', ''સાહબો મારો ગુલાબનો છોડ , વેલી હું તો લવિંગની'', મ્હારી ક્યારીમાં મ્હેક મ્હેંક ઓ રાજ'' વગેરે ગીતો લોકજીભે અને કંઠે ઘણા લાંબા સમય સુધી રહ્યાં. ઈ. સ. ૧૯૩૨માં કવિએ ''તારણહાર'' નાટક માટે એક જ રાતમાં ૨૫ (પચીસ) ગીતો રચીને રંગભૂમિ ક્ષેત્રે એક નવો જ વિક્રમ સર્જ્યો હતો. જે તેમની શીઘ્ર  કવિત્વ શક્તિનો પરિચય કરાવવા માટે પર્યાપ્ત ગણાય.

નાટકોની મુશ્કેલી એ હતી કે એકાદ બે નાટકો જ આખા વર્ષમાં ભજવાય અને તેમાં પચીસ ગીતો જ જોઈએ. કવિની કલમને આ ક્ષેત્ર સાંકડું પડવા લાગ્યું તેથી તેમણે બીજું વિશાળ ક્ષેત્ર શોધી કાઢ્યું જેમાં કવિએ ટૂંક સમયમાં ''હીઝ માસ્ટર્સ વોઈસ'' (એચ. એમ. વી.) ગ્રામોફોન કંપની માટે ટૂંકા સંવાદપ્રધાન નાટકો અને સેંકડોના હિસાબે

ગીતો લખી આપ્યાં. પોતાનામાં રહેલી કાવ્ય સર્જનની શક્તિને એમણે આ રીતે અભિવ્યક્ત કરી. રસકવિએ એચ. એમ. વી. રેકોર્ડીંગ કંપનીના ગુજરાતી વિભાગના પ્રધાન લેખક તરીકે સેવા આપતાં ગુજરાતને હજાર જેટલી રેકોર્ડો આપી છે, જે સદાસર્વદા રસલહાણ કરતી ગુજરાતી ગીત-સંગીતને સમૃદ્ધ કરતી રહેશે.

આ ઉપરાંત ગુજરાતી હિંદી ચલ ચિત્રો જેવાં કે ''બે ખરાબ જણ'', ''સંસારલીલા'', ''અછૂત'', ''સ્નેહલતા'', ''મેરાગાંવ'', ''બારાત'', ''આશીર્વાદ'', ''હરિશચંદ્ર'', ''જવાબદારી'' જેવા અનેક ચલચિત્રોમાં પણ એમણે ગીતો લખ્યાં અને ''શુકરંભા ચલચિત્રની કથા પણ એમણે લખી છે. આ સિવાય ઈ. સ. ૧૯૩૯માં ગુજરાતી સાહિત્ય પરિષદને સમયે શ્રી. ક. મા. મુનશીની નવલકથા ''જયસોમનાથ'' પરથી લખેલી નૃત્ય નાટિકાને ગુજરાતીમાં આ પ્રકારના પ્રથમ પ્રયોગનું બહુમાન પ્રાપ્ત થયું. એટલું જ નહીં પણ કે.સી.ડે, રાજકુમારી ખુરશીદ, રામચંદ્ર પાલ, જગમોહન અને મન્નાડે જેવા હિંદી કે બિન ગુજરાતી ગાયકોને ગુજરાતી ગીતો ગાતા કરવાનું બહુમાન પણ રસકવિને ફાળે જાય છે.

રસકવિની કવિતાઓમાં પ્રેમાનંદ, દયારામ, નાનાલાલ, એ વખતનાં પ્રખ્યાત નાટ્યકાર સ્વ.શ્રી. ડાહ્યાભાઈ ધોળશાજી અને કવિ-ચિત્રકાર ફૂલચંદ માસ્તર વગેરેમાંથી કોઈના રંગ તો કોઈના રસનિરૂપણની પદ્ધતિની અનુભૂતિ વાચકને થયા વિના રહેતી નથી. પોતાની કવિતામાં રસ વૈવિધ્ય અને શીઘ્ર-કવિત્વ ઉપરાંત સહસર્જનનો સુંદર પ્રયોગ કવિ કરી ચૂકયા છે. શ્રી. પ્રભુલાલ દ્વિવેદી રસકવિ સાથે મળીને કેટલીકવાર એક જ કવિતા લખતા. દા. ત. 'પ્રેમત્તત્વ કોઈ અજબ સનાતન, વિરલ પ્રેમીજન જાણે' આ લીટી શ્રી. પ્રભુલાલ લખે તે પછે ''ભ્રમર અને ડાળીઓની ભાષા કોઈ રસજ્ઞાની પિછાણે. ''એમ રસકવિ લખે. અને છતાં સમગ્ર ગીતમાં કયાંય રસભંગ ન વરતાય તે કેવી સિદ્ધિ કહેવાય?

રસકવિ સ્વભાવે સ્વૈરવિહારી હતા. સાહિત્યસર્જન અને રંગભૂમિ ક્ષેત્રે પ્રવેશ્યા ત્યારથી નાટકો અને ગીતોના સ્વતંત્ર સર્જનમાં તેઓ હંમેશા રાચતા રહેતા. ઘણી બધી લલચામણી ઓફરો આવવા છતાં તેમના ટેકીલા સ્વભાવે કોઈની તાબેદારી-નોકરી સ્વીકારી નહીં. દા ત. માં તેમને 'લક્ષ્મીકાંત નાટક સમાજ'ના માલિક શ્રી. ગાંધીએ વડોદરામાં રૂ. છ હજારના પગાર ઉપરાંત પ્રત્યેક નાટક દીઠ પંદરસો રૂપિયા અલગ આપવાની ઓફર કરી હતી, પરંતુ રસકવિએ તેને નકારી કાઢીને પોતાના સ્વાભિમાની તેમજ સ્વતંત્ર મિજાજી સ્વભાવનો પરિચય આપ્યો હતો.

રસકવિ સ્વાભિમાની અને સ્વૈરવિહારી હતા પરંતુ સ્વાર્થી ન હતા. તેમણે

અનેક નાટ્યકારોની કૃતિઓનું નવા સંસ્કરણ કરી સ્વતંત્ર પ્રવેશો રચી લલિત કોમળ પદાવલિવાળાં ગીતોથી તેને શણગારી આપેલી. નવાગંતુક નાટ્યકારોને પૂરતું પ્રોત્સાહન અને પ્રેરણા આપી તેમણે પગભર બનાવ્યા. જે એમના વિશાળ હૃદયની ઉદારતા અને સહાનુભૂતિના દષ્ટાંત છે.

ઈ. સ. ૧૯૪૪માં શ્રી. દેશી નાટ્ક સમાજે અન્ય સંસ્થાઓ તથા કલાકારોના સહકારથી મુંબઈમાં રસકવિનો ''વનપ્રવેશ ઉત્સવ'' ઉજવ્યો ત્યારે સમારંભના પ્રમુખસ્થાને મુંબઈના શેરીફ સર શાંતિલાલ આશાકરણ હતા. તે વખતે તેઓ પાર્લામેન્ટના સભ્ય હોવા છતાં ચાલુ પાર્લામેન્ટે કવિ પરના પ્રેમને લીધે તેઓ દિલ્હીથી ખાસ આવ્યા હતા. તેમણે રસકવિને સન્માનપાત્ર આપીને શ્રી. શામળદાસ ગાંધીની અધ્યક્ષતામાં એક સર્જન-કવિ-નાટ્યકાર પ્રતિ પોતાની કૃત્યજ્ઞતા વ્યક્ત કરી હતી.

ઈ. સ. ૧૯૫૪માં કવિશ્રીએ પોતાનાં નાટ્ય સંસ્મરણોના નિચોડ સમો ગ્રંથ ''સ્મરણ- મંજરી'' લખ્યો, જેની પ્રસ્તાવના ચંદ્રવદન ચી. મહેતાએ લખી. આ ગ્રંથની સુંદર સમાલોચના ગુજરાતી અને અંગ્રેજી પત્રોમાં પ્રસિદ્ધ થઈ હતી. સાહિત્ય ક્ષેત્રે લખેલા તેમના લેખો અવારનાર ''અખંડાનંદ'' અને ''ગુજરાતી ટાઈમ્સ'' દ્વારા પીરસી જનમનરંજન સાથે જ્ઞાનાર્જન કરાવી ગયેલ. આ લેખો અંગે તેમને કેરળ, હૈદરાબાદ અને આફ્રિકા જેવા સ્થળોએથી અભિનંદનના અનેક પત્રો મળ્યા હતા. ગુજરાતના સાહિત્ય પ્રેમી વાચકવર્ગે એને ખૂબ વખાણ્યો અને માણ્યો

ઈ. સ. ૧૯૫૫માં ગોવર્ધન શતાબ્દી અને ૧૯૫૮માં શ્રી મણિલાલ ન. દ્વિવેદી શતાબ્દી પ્રસંગે રચેલાં ''સરસ્વતીચંદ્ર'' તેમજ ''કાન્તા' નાટ્ય રૂપાંતરો ''સ્મરણ મંજરી'', ''સુમન સૌરભ'', ''યશોવર્મા'', ઈતિહાસનાં યશસ્વી પાત્રો'', દેવો, ઋષિઓ અને પ્રતાપી પુરુષો અને ''ભારતની વિભૂતિઓ'' વગેરે લલિત સાહિત્ય સર્જન કવિની અથાક અક્ષર પ્રવૃત્તિનું ઘોતક છે. સાહિત્યકારો તથા આસ્વાદોએ ''કાંતા'' તેમજ ''સરસ્વતીચંદ્ર'ના નાટ્ય રૂપાંતરનાં મુક્તકંઠે વખાણ કરી કવિને બિરદાવ્યા હતા. તે પ્રસંગે નડિયાદ નગરપાલિકા તરફથી હાસ્યસમ્રાટ જ્યોતીન્દ્ર હ. દવેના શુભહસ્તે તેમને સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યું. આ ઉપરાંત એમની કલાની કદરરૂપે ૧૯૭૯ના જાન્યુઆરીની ૨૦મી તારીખે ''ગુજરાતી રંગભૂમિ સવાશતાબ્દી સમિતિ-મુંબઈ''ના સમારંભમાં પણ કવિનું બહુમાન કરવામાં આવ્યું. આઈ. એન. ટી. : ઈન્ડિયન નેશનલ થિયેટર : તરફથી તેમને ચાંદીની કાસ્કેટ તથા શિલ્ડ એનાયત કરવામાં આવ્યાં. ફોર્બસ ગુજરાતી સભા દ્વારા તેમની પ્રથમ નાટ્યકૃતિ ''બુદ્ધદેવ''નું પ્રકાશન ૬૯ વર્ષના દીર્ઘકાળ પછી થયું. તે એક ગૌરવની ઘટના ગણાય. મુંબઈના ટી.વી. કેન્દ્ર પરથી પ્રસારિત થયેલ જૂની રંગભૂમિનાં સંસ્મરણો તાદશ રજૂ થતાં જનતામાં ભારે આકર્ષણ જમાવ્યું હતું.

''સંસારલીલા'' ફિલ્મનું ગીત ''તરસ્યાને પાણી પાશો'', તે વિશ્વશાંતિ, વિશ્વબંધુત્વ તથા પરમાર્થનો પયગામ આપતું કવિનું અમર ગીત છે. સાક્ષરભૂમિ તરીકે જાણીતા એવાપોતાના વતનના ગામ નડિયાદ માટે સ્નેહવશ કવિએ ગીત રચીને જણાવ્યું છે કે :

''અમર કુસમુ નડિયાદ, અમારું અમર કુસુમ નડિયાદ,
ભરતખંડનો ભવ્યબગીચો, નંદનવન ગુજરાત,
તેમાનું પણ ભર્યું-પરિમલ પુષ્પ એ પારિજાત,
મણિ-બાલ-ગોવર્ધન, યાજ્ઞિક, મનસુખ જ્યાં અભિજાત,
હરિદાસ-દોલતને પંડ્યા, ઠાકરશી રળિયાત... અમારું...''
રંગભૂમિના રસિક સેવકો, ફૂલચંદ-રઘુનાથ,
ભવ્ય મુત્સદ્દી, અર્થશાસ્ત્રીઓ, સંતરામ વિખ્યાત,
ચારુતરના હૃદય સમુ અતિ નાનું પણ આબાદ,
વલ્લભ-વિઠ્ઠલને રસ પાયા જન્મજાત એ માત અમારું...
કેંક થયાને કેંક થશે, ઉજ્જવલ કરશે ગુજરાત,
સંધ્યાને મધ્યાન સુભગ, જ્યાં ચેતનવંત પ્રભાત,
અમારું અમર કુસુમ નડિયાદ.''

આવા રસકવિ ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, કેરળ, હૈદરાબાદ અને પાકિસ્તાન, આફ્રિકા તથા ઈંગ્લૅન્ડ, અમેરિકા જેવા ઘણા દેશોમાં પોતાના ચાહકોને શોકસંતપ્ત-શોકમગ્ન મૂકી ''સોહામણા સ્વર્ગની વાટે'' તારીખ ૧૧-૭-૮૩ના રોજ સિધાવી ગયા. આ રસકવિને આજે પણ સ્નેહપૂર્વક યાદ કરનાર સાહિત્ય પ્રેમી વર્ગ મોટા પ્રમાણમાં છે.[૪૦] આવા રસકવિના દેહાવસાનને ગુજરાતના સાહિત્ય જગતે ખૂબ જ ઉષ્માપૂર્ણ શબ્દાંજલીઓ થકી રબીયાત કર્યું છે. ગુજરાતી સાહિત્ય જગત અને રંગભૂમિના કસબી શ્રી પ્રાગજી ડોસા, આ કવિને સ્મરણાંજલિ આપતાં જણાવે છે કે : ''હું જ્યારે સાત વર્ષનો હતો ત્યારે પોતાની આંગળીએ વળગાડી મને મુંબઈમાં ન્યુ એમ્પાયર થિયેટરમાં લઈ જનાર રસકવિ હતા. યૌવનના ઉષાકાળે જ્યારે યુવાનો શૃંગારમાં મસ્ત રહે ત્યારે એમણે આધ્યાત્મને વાચા આપતું ''બુદ્ધદેવ'' નાટક લખીને પ્રથમ કૃતિથી જ ગુજરાતી રંગભૂમિના વ્યોમમાં ધ્રુવતારક સમું સ્થાન મેળવ્યું. તેમના ઘણાં ગીતોમાં અનુરાગમાં યે વૈરાગ વર્તાય છે. સંગીતનું જ્ઞાન અને કંઠ માધુર્ય એ

એમના શબ્દો, એમનાં પદો અને એમની ભાષામાં સૌંદર્યનું તત્ત્વ લાવે જ. ૮૫ વર્ષના (એ વખતે) આ રસકવિને ગુજરાતી રંગભૂમિનો ૭૫ વર્ષનો ઈતિહાસ તો મોઢે છે. આવા વિદ્વદવર્યને ''અકાદમી''ના એવોર્ડ ન મળે તોપણ એમની પ્રતિભા છાની રહેત નહિ. એ પ્રતિભા પર પીએચ. ડી. કરવા માટે પ્રો. શ્રી ચંપકભાઈ મોદીને અનેકાનેક અભિનંદન''[૪૧]

એ જ રીતે રસકવિની ષષ્ટિપૂર્તિ પ્રસંગે અભિનંદન પાઠવતાં ગુજરાતનાં મૂર્ધન્ય અને લોકલાડીલા કવિઓ, લેખકો તેમજ નાટ્યકારોએ કવિ માટે જે શબ્દો પ્રયોજ્યા છે તે જોઈએ.

શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈ લખે છે કે : ''તારીખ ૩૦-૧૨-૧૯૫૩ના રોજ શ્રી રઘુનાથ બ્રહ્મભટ્ટ પોતાનાં સાઠ વર્ષ પૂરાં કરે છે એ જાણી આનંદ થયો, રંગભૂમિ અને સાહિત્યને એક બીજાની નજીક લાવી બંનેની સેવા કરનાર અને ગુજરાતને સુંદર ગીતો આપનાર એ રસકવિ શતાયુ થાઓ એવી ઈશ્વરને પ્રાર્થના...'' (ર. વ. દેસાઈ, વડોદરા તારીખ ૨૫-૧૨-૧૯૫૩)

શ્રી ચંદ્રવદન ચી. મહેતાના શબ્દોમાં જોઈએ તો ''શ્રી રઘુનાથ દીર્ઘાયુ પ્રાપ્ત કરી નાટકના વિશાળ ક્ષેત્રમાં અનેગકણી પ્રવૃત્તિ કરી અમરનામ પ્રાપ્ત કરો. ''ચંદ્રવદન મહેતા (ફારબસ સભા મુંબઈ તારીખ ૨૩-૧૨-૧૯૫૩)

ગુજરાતના હાસ્યલેખક જ્યોતીન્દ્ર હ. દવે નોંધે છે કે : ''રસકવિશ્રી રઘુનાથ બ્રહ્મભટ્ટ સાઠ વર્ષ પૂરાં કરીને એકસઠમાં વર્ષમાં પ્રવેશ કરે છે તે પ્રસંગે એમને મારાં હાર્દિક અભિનંદન,... ગુજરાતની રંગભૂમિને સમૃદ્ધ કરવામાં એમણે આપેલ ફાળો અવિસ્મરણીય છે. ગુજરાતે એમને ''રસકવિ''નું બિરૂદ આપીને યોગ્ય જ સન્માન કર્યું છે..'' : જ્યોતીન્દ્ર હ. દવે : મુંબઈ તારીખ ૨૪-૧૨-૧૯૫૩.

કવિશ્રી યજ્ઞેશ શુક્લ નોંધે છે કે : ''રસકવિનાં ઘણાં નાટકો મેં જોયાં છે. એમની વિદ્વતા અને સંસ્કૃત સાહિત્યની ખૂબીઓનું એમનાં સફળ નાટકોનાં સુમધુર ગીતોમાં પ્રતિબિંબ પડે છે. એમના કાવ્યોથી નાટકો ઘણીવાર આબાદ દીપી ઊઠતાં. નાટ્યગીતો રચવાની એમના જેવી સિદ્ધહસ્ત કલા બીજા કવિને ભાગ્યેજ લબ્ધ હશે. કાવ્યત્વ અને ગેયત્વ ઉભયનો સુયોગ નાટકનાં ગીતોમાં દુર્લભ હોવા છતાં એમને માટે તે સુલભ હતો. એમની આ શક્તિ વધુ વિકસે અને ગુજરાતની તેઓ વધુ સેવા કરી વધુ યશસ્વી થાએ એજ શુભેચ્છા અને પ્રાર્થના...'' : યજ્ઞેશ શુક્લનો વં. મા. વંદેમાતરમ'' મુંબઈ (તારીખ ૨૫-૧૨-૧૯૫૩)

ખ્યાતનામ પત્રકાર, સંપાદક, સાહિત્યકાર અને સુધારક એવા શ્રી સીતારામ

શર્મા રસકવિની ષષ્ટિજયંતિ નિમિત્તે નોંધે છે કે : ''વસંતની કોયલના ટહુકાર જેમ આમ્રકુંજો સંગીતમય બનાવી મૂકે છે, તેમ આપણા રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટે એમનાં રસઝરતાં, મધુર, સ્વચ્છ, પ્રવાહિત અને લયબદ્ધ મનોહારી ગીતોના ટહુકાથી ગુજરાતની રંગભૂમિને સંગીતમય બનાવી છે. એમના ગીતોમાં કોમળતા છે. સૌંદર્ય છે, વિચારો છે, કલ્પના છે, લય છે અને તેમાં છલોછલ રસ છલકાય છે. એમની ભાષામાં લાલિત્ય છે. એમની શબ્દપ્રસંદગીમાં વિવેક છે. માટે તે લોકજીભે વસી ગયાં છે. ગુજરાતના મહાકવિ સ્વ. નાનાલાલ કવિના પગલામાં પગ દઈને એ કલ્પના, આવેશ, વિચાર તથા ભાવોને કવિત્વ તથા સંગીતથી કલામય રીતે શણગારે છે. એમની કવિતામાં હૈયાના સૂક્ષ્મતમ સુંદર ભાવ, હૃદયને મુગ્ધ કરનારી કલ્પના, સુશોભિત ભાષા અને ઉમદા વિચારરત્નોના ચમકારા છે. જેવી હૃદયંગમ એમનાં ગીતોની શબ્દ રચના અને શબ્દશક્તિ છે તેવાં જ આકર્ષક એમનાં શબ્દાલંકાર શબ્દશક્તિ અને શબ્દવિચાર પણ છે. શ્રી રઘુનાથભાઈ જન્મજાત કવિ છે. એટલે સાચા બ્રહભટ્ટ છે. શબ્દબ્રહ્મના એ સાચા ઉપાસક છે. મા શારદાની એમણે પોતાનાં રસગીતોના ગુંજારવથી ગુજરાતની સાહિત્ય વાટિકાને વસંતના કોકીલ ટહુકારશા પોતાના કવિત્વ ટહુકારથી ગુંજવાતા રહો !'' સીતારામ શર્મા (મુંબઈ) કડી તારીખ ૨૨-૧-૧૯૫૩

એ જ રીતે ''સંદેશ'', ''સેવક'', ''આરામ'', ''જનસત્તા'', ''લોકસત્તા'' વગેરે સાથે ઘણો લાંબો સમય પત્રકાર તથા સંપાદક તરીકે સંકળાયેલા લેખક અને સુધારક શ્રી પ્રહ્લાદ બ્રહ્મભટ્ટ આ પ્રસંગે જણાવે છે કે :

''કવિશ્રી રઘુનાથભાઈએ જીવનભર સરસ્વતીની ઉપાસના કરીને ગુજરાતના જ નહીં બલ્કે ભારતવર્ષના મશહૂર કવિઓની હરોળમાં સ્થાન પ્રાપ્ત કરીને બ્રહ્મભટ્ટ જ્ઞાતિનું મુખ ઉજ્જવલ કર્યું છે.'' : પ્રહલાદ બ્રહ્મભટ્ટ ''જનસત્તા'' – અમદાવાદ (તારીખ ૨૪-૧૨-૫૩)

હવે જોઈએ ગુજરાતી નાટ્ય મંડળ-મુંબઈના પ્રમુખશ્રી દેવકરણ નાનજીનો રસવિ માટેનો ભાવસભર સંદેશ...

''રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટનું નામ ગુજરાતની નાટ્ય શોખીન અને ગીતપ્રેમી પ્રજાને (માટે) અજાણ્યું નથી. પદલાલિત્ય અને માધુર્યથી ભરેલાં એમનાં ગીતોએ અને મીઠી તરજોએ ગુજરાતને ઘણાં વર્ષો સુધી રસાનંદ આપ્યો છે. એમની નાટ્યસેવા પણ ઘણી લાંબી છે. ગુજરાતી રંગભૂમિની જાહોજલાલીના કાળના તેઓ સાક્ષી છે અને આજે પણ તેના ઉદ્ધાર માટે કાર્ય કરવાની તેમની તત્પરતા છે. એ દર્શાવે છે કે, એમને સાઠ વર્ષ થયાં હોવા છતાં તેઓ જુવાન છે. તેઓશ્રી શાસ્ત્રોક્ત સો વર્ષોનું આયુષ્ય

ભોગવે એજ પ્રાર્થના (પ્રાણલાલ દેવકરણ નાનજી, મુંબઈ તારીખ ૩૦-૧૨-૧૯૫૩)[૪૨]

આ ઉપરાંત ગુજરાતના મહાકવિ નાનાલાલ દલપતરામ કવિનો 'મણિમહોત્સવ', ગુજરાત બ્રહ્મભટ્ટ વિદ્યોતેજક મંડળે અમદાવાદમાં (તારીખ ૧૩-૪-૧૯૩૦)ના રોજ ઉજવ્યો તે પ્રસંગે આ મહાકવિએ રસકવિશ્રી રઘુનાથ બ્રહ્મભટ્ટ માટે પ્રયોજેલા સૂચક ઉજવ્યો જોઈએ : ''ચંદ્રજયંતિ એટલે હિંદના હોમરની જયંતિ… આ તિથિએ તમારા મંડળે મને કાળના પડદા પાછળ નિહાળતો કીધો. આજે એ ચંદ બારોટ નથી. હસોજી નથી. ભૂષણ નથી. કરણીદાન નથી, સૂરદાસ અને તુલસીદાસ નથી (ત્યારે) જોડકણાએ જોડાયેલા ધોરી (બળદ) ધુરા કેવી ઉપાડશે? આવો, ગુજરાતની નવકવિતામાં આવો, કવિતારસના ભર્યા અષાઢીલા મેઘ સમા આવો, અને ગર્જો. રાજદરબારોને વાણી (કાવ્યરસનાં) છાંટોને રાજવીઓને રાજવટનાં સંજીવન પામો. એક રઘુનાથ આવ્યા… અને ગાયું કે…. ''નાગરવેલીઓ રોપવા વ્હાલા રાજમહેલમાં…'' હજારો નરનારે આ ગીત ઝીલ્યું નવકવિતામાં તમે પગલાં ધરશો ત્યારે રાજમહેલમાં નાગરવેલીઓ રોપાશે જ…''

નાનાલાલ દલપતરામ કવિ. અમદાવાદ તારીખ ૧૩-૪-૩૭[૪૩]

આજન્મકવિશ્રી રઘુનાથ બ્રહ્મભટ્ટને શ્રી સમુરાજે કાવ્યની પંક્તિઓમાં આ પ્રમાણે વર્ણવ્યા છે :

''કવિની સૃષ્ટિમાં'' ''રસકવિ'' રસેંદુ સમ દીસે,
કવિહૃદયે દેવી સરસ્વતી કવિતાસમ વસે,
કવિતામાં ઘેલો કવિવર સદા કાવ્યરૂપ છે,
રસીલી રસસૃષ્ટિના કવિ ''રઘુનાથ'' ભૂપ છે.''

કવિઓની દુનિયા નિરાળી હોય છે. માયાવી જગતના માનવોમાં કવિતા દ્વારા પ્રભુ પ્રત્યેની ભવ્ય ભાવના પ્રગટાવતા પોતાની દિવ્ય કલ્પનાઓ દ્વારા સત્પંથનો વિકટ માર્ગ બતાવતા રસઘેલાં નરનારીઓને રસસરવરમાં તરબોળ કરતા કવિઓનું સ્થાન સમાજસુધારક તરીકે માનવ જીવનના રસિક પ્રણેતા તરીકે આ સંસારમાં અનોખું.''[૪૪]

અંતમાં આજ રીતે શ્રી મંગળદાસ ચતુર્ભુજ કવિરાજે રસકવિને અંજલિ આપતાં સુંદર ગઝલ રચી છે તેની શબ્દાંજલિ આપી વિરમીએ.

''કવિકુલ હૃદય પ્રગટતા કાવ્યે આનંદીએ સૌ,

નવરસ શ્રૃંગાર શ્રેષ્ઠે, ઉર અભિનંદીએ સૌ.
એ સપૂત ત્રિભુવનના, જ્ઞાતા સુનાટ્ય મતના,
રઘુનાથ રસકવિના, યશ અધિક ઈચ્છીએ સૌ.
સાહિત્ય કાવ્યરસમાં બ્રહ્મભટ્ટ શ્રેષ્ઠ યશમાં,
નૂર શારદનું નસમાં, સુખદાય વાંચ્છીએ સૌ
રસપ્રદ રચ્યાં સુગીતો, ગૂંજે સરસ સંગીતો,
ગુર્જરગિરાનાં હિતો, સાધેલ માનીએ સૌ.
સાક્ષરભૂમિ દિપાવી, વાકદેવતા રિઝાવી,
રસઝરણું દીપ વહાવી, લો લહાવ ઉન્નતિના,
બજતી રહે સુવીણ, સૂર દિવ્ય સૂણીએ સૌ.
મૈયા સરસ્વતીનાં, વરદાન સન્મતિનાં
'સંતજન' સુધાની છોળો, દેવી આશિષ ઢોળો,
અવસર મળ્યો અમૂલો, જયનાદ બોલીએ સૌ.''[૪૫]

❀ ❀ ❀

## શ્રી સારંગ બારોટ (૧૯૧૯-૧૯૮૮)



ગુજરાતી સાહિત્યના આકાશમાં ચમકતા તારલાઓ પૈકીના એક એવા 'કલમજીવી' શ્રી સારંગ બારોટનો જન્મ વિજાપુર : ઉત્તર ગુજરાતમાં તારીખ ૪-૧૦-૧૯૧૯ના રોજ થયો. મૂળનામ ડાહ્યાભાઈ દોલતભાઈ બારોટ. પિતાજી રેલ્વેમાં નોકરી કરતા હોવાથી રહેઠાણ અને શિક્ષણનાં સ્થળો બદલાતાં રહ્યાં. પ્રાથમિક શિક્ષણ વિજાપુરમાં જ્યારે માધ્યમિક, વિસનગર અને વડોદરામાં થયું. સ્નાતકકક્ષાના અભ્યાસ માટે તેઓ થોડોક સમય અમદાવાદમાં રોકાયા, પરંતુ આ અભ્યાસમાં રસ ન પડતાં

સંસ્કારનગરી વડોદરાની વાટ પકડી. કલાભવનમાં ફોટોગ્રાફી શીખવા પ્રવેશ મેળવવા પ્રયત્ન કર્યો.પરંતુ પ્રવેશ ન મળતાં એક વર્ષ વડોદરા રહી ત્યાંની સેન્ટ્રલ લાયબ્રેરીનાં ફોટોગ્રાફીને લગતાં તમામ પુસ્તકો વાંચી ગયા. પછે બીજે વર્ષે કલાભવનમાં જોડાયા. આવા ધૂની પુત્રને પિતાએ તમામ સગવડો કરી આપી. કલાભવનમાં ત્રણ વર્ષનો કોર્સ પૂરો કર્યો પરંતુ વ્યાયામના વર્ગોની ઓછી હાજરીને કારણે પ્રમાણપત્ર મેળવી શક્યા નહિ.

છતાં હતાશ થયા વગર જ કલાભવનનું શિક્ષણ લઈ, મનમાં ફોટોગ્રાફર બનવાની ધૂન, હાથમાં રોલીકાર્ડ કેમેરા, ખિસ્સમાં ફોટોગ્રાફરની પ્રોફેસરશ્રીનું અંગત પ્રમાણપત્ર તથા શ્રી ર. વ. દેસાઈ જેવા સાક્ષરના ભલામણપત્રની હૂંફ સાથે તેઓ મોહમયી મુંબઈની ફિલ્મનગરીમાં પ્રવેશ્યા. કંઈક કરી બતાવવાનો ઉત્સાહ અને કલ્પનાશીલતાથી છલકાતા સારંગ બારોટ ''ઔરત'' ફિલ્મના લેખક બાબુભાઈ મહેતા પરના ભલામણ પત્રને જોરે તે વખતના ફોટોગ્રાફર કરેદુન ઈરાની સાથે ફિલ્મલાઈનમાં ફોટોગ્રાફી કરવાનું કામ મેળવી શક્યા. ત્યારબાદ સૌ પ્રથમ એમણે જાતે ''રોટી'' ફિલ્મમાં સહાયક કેમેરામેન તરીકે સફળ રીતે કામ કર્યું. પાછળથી ચીફ કેમેરામેન પણ બન્યા. કમનસીબે એમનાં કેટલાંક ચલચિત્રો અધૂરા રહ્યાં અને કેટલાંક ''રજૂઆત'' ન પામી શક્યાં છતાં આ તમામ અનુભવે એમના ઘડતરમાં મહત્વનો ભાગ ભજવ્યો. ફરેદુન ઈરાની સાથે વગર પગારે કામ કરતાં કરતાં મરજીયાત બેકારી ભોગવી ચૂકેલા સારંગ બારોટ ત્યારબાદ ''જન્મભૂમિ''' દૈનિક સમાચારમાં ફોટો જર્નાલિસ્ટ તરીકે જોડાયા.

વિવિધ વ્યક્તિત્વ ધરાવતા સારંગ બારોટે ૧૯૪૧થી ૫૦ના દાયકા દરમ્યાન ફિલ્મ પત્રકારત્વના ક્ષેત્રે સારો એવો હાથ જમાવ્યો. ફિલ્મમાં કેમેરામેન અને સંવાદ લેખક તરીકે કેમેરા અને કલમની જુગલબંધી પણ ઠીક ઠીક ચાલી. ''જન્મભૂમિ'' જૂથનાં અખબારોમાં ફોટોગ્રાફી વિભાગ શરૂ કરનાર સારંગ બારોટ જ હતા. ત્યાં સુધી તો તેઓ ડી.ડી. બારોટના નામથી જાણીતા બની ચૂક્યા હતા. વર્ષો સુધી ''જન્મભૂમિ''માં એમણે તસ્વીરકાર તરીકે સેવઓ બજાવી. આઝાદીની ચળવળને ટાણે દેશના કેટલાક લોકલાડિલા નેતાઓની લાક્ષણિક તસ્વીરો એમણે ઝડપી. તે પૈકીની યરવડા જેલમાંથી સરદાર પટેલની મુક્તિવેળાની તસ્વીરથી ખુદ સરદાર પટેલ પણ પ્રભાવિત થયા અને શ્રી બારોટની કલાનાં એમણે ખૂબ વખાણ કર્યા. પોતાની કલાસૂઝ કલ્પના-શીલતા અને પુરુષાર્થી સ્વભાવને લીધે તેઓ અંગ્રેજી સમાચાર પત્રના (ના મનથી) ફોટોગ્રાફર બન્યા. ''જન્મભૂમિ'' છોડ્યા પછી તેમણે ફિલ્મ જગતમાં ફોટોગ્રાફર અને દિગદર્શકની બેવડી ભૂમિકા ભજવી. આ દરમ્યાન ''ટાઈમ્સ ઓફ ઈન્ડિયા''ના પત્રકાર મિત્ર શ્રી કિશોર દોશીના સંપર્કથી એમને ફિલ્મ નિર્માણનો નાદ લાગ્યો. તેથી પરશુરામ પરીખ અને

મધુભાઈ પટેલના સહયોગથી ''ભંવર'' નામની એક ફિલ્મ એમણે બનાવી. પરંતુ તેની રજુઆતના સમયે જ મુબંઈમાં ફાટી નીકળેલાં હુલ્લડોએ સારંગ બારોટને આ લાઈન પણ છોડાવી ને કેમેરાના સ્થાને હાથમાં કલમ પકડાવી દીધી. આ રીતે વ્યવસાયનો પાટો બદલવા બાબતે લેખક સ્વહસ્તકે ''આત્મકથન''માં નોંધ છે કે :

''અનુકૂળતા મળતી ગઈ તેમ તેમ નવાં નવાં માધ્યમો અપનાવવાના પ્રયાસો કર્યા. સંગીત, ચિત્રકલા, ફોટોગ્રાફી, સિનેમા અને સાહિત્યમાં સારી એવી જહેમત ઉઠાવ્યા પછી ફિલ્મફોટોગ્રાફી ફાવી. પણ સંજોગો એવા આવતા ગયા કે છેવટે કેમેરા છોડી કલમ પકડી. વ્યવસાય કલાનો જ અપનાવવો એવુ મનમાં નક્કી થઈ ચૂક્યું હતું. આ નિર્ણય પાછળ કારણ કે હતું કે કલાના કોઈપણ વ્યવસાયમાં નિજનું ખમીર જ કામ આવતું હોય છે. બીજાની સાડાબારી રાખવાની જરૂરત રહેતી નથી. એવી મારી માન્યતા હતી. ફિલ્મ લાઈન ખૂબ ગમી રહી હતી પણ ત્યાં મારી માન્યતા ખોટી પડતી ગઈ. જોયું કે ત્યાં તો ખમીર કરતાં ખાસદારી વધુ ખપ લાગતી હતી. ત્યારે યુવાનીનો મહામૂલો એક દાયકો નિછાવર કરીને મેં એ વ્યવસાય ત્યજી દીધો.''[૪૬] આમ એમનામાં છુપાયેલ લેખક અને સર્જકની સર્જનાત્મક શક્તિએ એમને ડી.ડી. બારોટમાંથી ''સારંગ બારોટ'' બનાવી દીધા. તેમના આ નવા નામકરણ માટે શ્રી કાન્તિભટ્ટ (''ચિત્રલેખા'', ''અભિયાન'') જણાવે છે કે :

''જીવનની ટ્રેનમાં સફર કરતાં કરતાં ક્યાંકથી આ નામ ''સારંગ'' તેમણે ઊચંકી લીધેલું. એમાં બન્યું એમ કે આપણે એક ''સોનેટ'''ની રચના કરી હતી. પરંતુ તેના કર્તા તરીકે ડાહ્યાભાઈ ડી. બારોટ જેવું જૂનવાણી નામ ન શોભે એ ખ્યાલથી કવિતાની નીચે ''સારંગ'' એનું ઉપનામ લખ્યુ. કવિતા છપાઈ. વખણાઈ. ત્યારથી ડાહ્યાભાઈ બારોટમાંથી નામ બદલાઈને કાયમ માટે સારંગ બારોટ બની જવા પામ્યું.''[૪૭]

શ્રી સારંગ બારોટની લેખક તરીકેની પ્રારંભિક અવસ્થા તેમની રૂબરૂ મુલાકાતને આધારે આ લેખક નીચે પ્રમાણે વર્ણવે છે :

''ચોમાસુ ચાલતું હતું. પત્ની વતનમાં હતી. ઘરમાં એકલો પડ્યો હતો. નવરાશના સમયે ટૂંકી વાર્તા લખવા વિચાર્યું. એક જ બેઠકે વાર્તા લખી નાંખી. ૧૯૫૦-૫૧ના ગાળાની આ વાત છે. વાર્તા લખીને ''કુમાર''ના તંત્રી બચુભાઈ રાવતને મોકલી. વાર્તા છપાઈ. તેથી જુસ્સો ચઢ્યો. બીજી વાર્તા લખી. ''અખંડાનંદ''ને મોકલી. પાછી આવી. સાથે તંત્રીશ્રી મોહનલાલ મહેતા – ''સોપાન''નો પત્ર આવ્યો કે આ વાર્તા ''અખંડાનંદ''ના ધોરણને માફક આવે તેવી નથી. તમે કહો તો 'જન્મભૂમિ-પ્રવાસીમાં' છાપું?'' ''કુમાર''માંથી છપાયેલ વાર્તાના પુરસ્કાર પેટે રૂ. ૭ મળ્યા. ''પ્રવાસી''માંથી

રૂ. ૧૫. પછી તો ''અખંડાનંદમાં પણ વાર્તાઓ છપાવવા માંડી. આમ મહિનાની પાંચ છ વાર્તાઓ લખીને રૂ. ૭૦ થી ૭૫ કમાવા લાગ્યો.''[૪૮]

એ જમાનામાં રૂ. ૭૦-૭૫માં મુંબઈ જેવા શહેરમાં ગુજરાન ચલાવી લેતા લેખકે પછી તો આ ક્ષેત્રે ક્યારેય પાછા વળી ને જોયું નથી. જેના પરિપાક રૂપે તેમની યશસ્વી કલમમાંથી અવતરેલી ૩૫થી વધુ નવલકથાઓ, ૧૪થી વધુ વાર્તાસંગ્રહો, ૪ નાટકો, ૫૦ જેટલા રેડિયો વાર્તાલાપ, થોડાંક કાવ્યો વગેરેનું ગુજરાતી સાહિત્યને નજરાણું મળ્યું. તેમની નવલકથાઓમાં ''વિલાસવહુ'', ''નંદનવન'', ''કુર્યાત સદા મંગલમ'', ''આનંદભૈરવી'', ''સૂર્યમુખી'', ''ઘટાઘનઘોર'' તથા ''દહેશત'' અત્યંત લોકપ્રિય બની. એમની ત્રણ નવલકથાઓને સાહિત્ય અકાદમી તરફથી શ્રેષ્ઠ નવલકથા તરીકેનાં પારિતોષિક મળ્યાં. ટૂંકી વાર્તાના ક્ષેત્રે તેમની ''રાગબૈરાગ'', ''કોઈ ગોરી કોઈ સાંવરી'', ''નારી નમણું ફૂલ'' વગેરે નવલિકાઓ વખણાઈ, ''નારી નમણું ફૂલ''ને પારિતોષિક મળ્યું. નાટકોમાં ''પ્રેમસગાઈ'', ''એક ડાળનાં પંખી'' અને ''દૂરના દીવા'' ખ્યાતનામ બન્યા. આમાંના ''પ્રેમસગાઈ''ને શ્રેષ્ઠ નાટકનું પારિતોષિક મળ્યું. જ્યારે 'એક ડાળનાં પંખી'' નાટકના અમદાવાદની ''અર્પણ'' સંસ્થા દ્વારા ૧૨૫ સફળ પ્રયોગો થયા. આ બધાથી સારંગ બારોટની સફળતા અને લોકપ્રિયતાનો આપણને અંદાજ આવી શકે છે. સૌરાષ્ટ્રના બહારવટિયા પરના કથાસર્જન માટે એમણે પોરબંદર સુધીનો પ્રવાસ કર્યો હતો. પરંતુ તે કથાનકને શબ્દ દેહ સાંપડે તે પહેલાં શ્રી સારંગ બારોટનું નિધન થયું. આ સમયે તૈયાર થઈ ચૂકેલ ત્રણ કથાનકો ''સૌદામનિ'', ''માટીના મિનારા'', તથા ''કબૂલ મંજૂર સહી'', તેમના મૃત્યુ પછી પુસ્તક સ્વરૂપે બહાર પડ્યાં. અમદાવાદ દૂરદર્શન પરથી પ્રસારિત થતી ''જ્યોતિ'' નામની સીરિયલમાં તેનાં સર્જક આશા પારેખે શ્રી સારંગ બારોટની વાર્તા પરથી એક વાર્તા દર્શાવી. એ ઉપરાંત ''પ્રેમસગાઈ'' નાટક પણ અમદાવાદ દૂરદર્શન પરથી રજૂ થઈ ખૂબ વખણાયું હતું. એ જ રીતે એમની અત્યંત લોકપ્રિય નવલકથા ''નંદનવન'' પરથી ગુજરાતી ફિલ્મ ''મઝિયારાં હૈયાં'' બની. જેની પટકથા અને સંવાદ વગેરે એમણે જ તૈયાર કર્યા હતા. આ ચલચિત્રને કેન્દ્ર સરકારનો રાષ્ટ્રીય તેમજ ગુજરાત સરકાર તરફથી બેસ્ટ ફિલ્મ તરીકેનો એવોર્ડ એમ બે પારિતોષિક મળ્યાં. ''વીરાંગના નાથીબાઈ'' નામની બીજી એક ગુજરાતી ફિલ્મના સંવાદ તથા પટકથા તેમણે તૈયાર કર્યા. જિંદગીના ફેરા ''નામની એમની વાર્તા પરથી અમેરિકામાં ૧૯૯૧માં એક કેસેટે બહાર પડી અને ''વિલાસવહુ'' પરથી આવી જ એક બીજી કેસેટ હમણાં અમેરિકામાં તૈયાર થઈ ચૂકી છે. મુંબઈ આકાશવાણી પરથી એમનાં નાટકો પણ ઘણીવાર પ્રસારિત થઈ ચૂક્યાં છે. આવી વિવિધ પ્રતિભા અને સર્જન શક્તિના સ્વામી સારંગ બારોટનું ભારતીય વિદ્યાભવન, મુંબઈ ખાતે તા. ૧૬-૦૯-૧૯૮૩ના રોજ ગુજરાતના મુખ્યમંત્રીની માધવસિંહ સોલંકીના હસ્તે જયવદન તકતાવાલાના

પ્રમુખપણાના નીચે ગુજરાતી સાહિત્યના અનેક સાક્ષરો, વિવેચકો અને ચાહકોની ઉપસ્થિતિમાં અભિવાદન કરવામાં આવ્યું હતું.''[૪૯]

શ્રી સારંગ બારોટ સાથે પુસ્તક પ્રકાશન કાર્યથી સંકળાયેલ મુંબઈ અને અમદાવાદની પ્રખ્યાત આર. આર. શેઠની કંપની દ્વારા સારંગ બારોટના અભિવાદન પ્રસંગે ''અભિવાદન પુસ્તિકા''માં કલાત્મક રીતે એમની મુખ્ય કૃતિઓને સાંકળી લેવામાં અવેલ છે જે રસપ્રદ હોવાથી અત્રે અક્ષરશઃ રજૂ કરું છું :

''સાહિત્ય જગતમાં ડગલું માંડતી વખતે ''બાદલછાયા'' જેવી ''ઘટા ઘનઘોર'', પરિસ્થિતિમાંથી ''જિંદગીના ફેરા''ના 'અગનખેલ'ને અપવાની લઈ ''માન-અભિમાન'' અને ''રાગ બેરાગ''ને ''નદી નાવ સંજોગ'' માની ક્ષણિક ''રૈનબસેરા'' જેવા ગણી તેને પરમકૃપાળુ પરમાત્માની ''માયા અપરંપાર'' તરીકે સ્વીકારી ''શ્યામ સૂરજનાં અજવાળાં'' માંથી આવતા ''ચંદ્રગ્રહણ''ને ક્ષણજીવી માની ''કુર્યાત સદા મંગલમ્''માં ''સદા સર્વદા'', ''પ્રેમસગાઈ''ને નાતે શ્રદ્ધા ધરાવી કલાનો કસબ ગુણવત્તા અને લોકપ્રિયતાની ''સંગમત્રિવેણી'' રચી સાહિત્યમાં ''નવાં નિશાન'' બાકી ''માનવ હૈયાં''ની ઊર્મિ અને આશા''ઓને વાચા આપી ''પ્યાસીઘટા''ઓ સમા સુજ્ઞ સાહિત્યના પિયાસુઓને ''માસૂમ ચહેરા''ઓને જીવન ''નંદનવન'' છે તેવું સાહિત્યના ''અક્ષરપાત્ર'' શ્રી સમજાવ્યું. તેથી જ સત્વશીલ લખવાની પદ્ધતિ ''અંગીકાર'' કરી ''ધીરા સો ગંભીર'' કહેવતને ચારિતાર્થ કરનાર સારંગ બારોટની સર્જક પ્રતિભા ''સાચાં મોતીનો ચારો'' નિજ આગ્રહી હોઈ તેને ''અનંતસીમા'' છે તેમાં કોઈ ''મનમેખ'' નથી. લાગણીઅઓના ઘટાટોપથી ધબકતી જિંદગીનો સ્પર્શ કરાવી સંવેદનાની મોસમ છલકાવતી હૃદયસ્પર્શી કૃતિઓનું સર્જન કરતી કલમના સ્વામી, અમારા અત્યંત સન્માનીય લેખકોમાંના એક અમારા કુટુંબીજન જેવા અંગત એવા શ્રી સારંગ બારોટને સાતત્યશીલ સર્જકની અક્ષરયાત્રાના શુભનિમિત્તે થતા અભિવાદન પ્રસંગે હૃદયપૂર્વકનાં અભિનંદન અને શુભેચ્છાઓ''[૫૦]

ઉપરોક્ત શબ્દોમાં માત્ર વ્યાપાર વૃત્તિ નહિ પણ એક બહુમુખી પ્રતિભા ધરાવતા સર્જકની પ્રતિભાને પિછાણીને તેનાથી અન્યને માહિતગાર કરવાનો નમ્ર પ્રયાસ માત્ર જણાય છે.

શ્રી સારંગ બારોટે પોતાની કારકિર્દીના મહત્ત્વપૂર્ણ દસ વર્ષો ફિલ્મ જગતમાં વિતાવ્યાં હોવાથી ત્યાં એમને થયેલા અનુભવો એમણે આબાદ રીતે ''અગનખેલ'' નામની પોતાની નવલકથામાં વણી લીધા છે. (આ કથાનક પરની ફિલ્મ પણ બની છે.) આમ શરૂઆતમાં ફિલ્મી ફોટોગ્રાફરની ચમકદમક, દિગ્દર્શક તરીકેની કોઠાસૂઝ, ફિલ્મ નિર્માણની વ્યાપારી કુનેહ અને સમાચારપત્રોનો ફોટોજર્નાલિસ્ટ તરીકેની ચબરાક

નજરથી જુદાં જુદાં ક્ષેત્રે હાથ અજમાવી ચૂકેલા સારંગ બારોટ સાચા અર્થમાં પ્રખ્યાત થયેલા હોય તો તેમના સાહિત્ય સર્જનથી જ એમની ઉપરોક્ત સાહિત્યકૃતિઓને ટીકાકારોએ અને વાચકવર્ગ પણ એકી અવાજે વખાણી છે. માટે જ શ્રી બંસીકુમાર બારોટ નોંધે છે કે :

''શ્રી સારંગ બારોટ પાશ્ચાત્ય નાટ્યકાર ડૂમાની માફક પાત્રોની ફાળવણી કરીને લહિયાઓ દ્વારા કથા-વાર્તાઓ લખાવતા. (જેના પરથી તેમની જન્મજાત સર્જક પ્રતિભાની ઝાંખી થાય છે.) જો કે ડૂમા નિરક્ષર હતા ત્યારે સારંગ બારોટ શિક્ષિત તેમજ ઊંડા અભ્યાસી હતા. બંનેની સાહિત્ય સર્જન પ્રતિભા અજોડ હતી. એ સાહિત્ય ક્ષેત્રે ચોક્કસ મતધોરણે સ્વીકારાઈ ચૂકેલ વાત અને વિસ્મય છે. શ્રી સારંગ બારોટની સર્જન શક્તિએ દાયકાના ટૂંકાગાળામાં સાહિત્યના એવરેસ્ટ પર પલાંઠી લગાવી છે. તેમના નવા વિચાર ઉન્મેષોએ ગુજરાતી સાહિત્ય રસિકોમાં મીઠી ગલીપચી મચાવી છે. તેમની શૈલીને વિવેચકોએ હૃદયના અંતરતલથી બિરદાવી છે અને તેમાંથી પ્રેરણાનાં પાન કર્યા બદલ આભાર નમ્ર બન્યા છે. ગુજરાત સરકારે પણ તેમની પ્રતિભાને પુરસ્કારથી નવાજી છે. કેટલાક સુજ્ઞ સંપાદકોએ તેમની નવલિકાઓને માધ્યમિક કક્ષાએ ચાલતાં પાઠ્યપુસ્તકોમાં ઉષ્માભર્યું સ્થાન આપ્યું છે.''

આ લેખક આગળ વધતાં નોંધે છે કે : ''ગુજરાતી સાહિત્યને ક્ષેત્રે માત્ર કલમને ખોળે માથું મૂકીને કથાવાર્તાઓ લખીને પણ સારી રીતે જીવી ગયા હોય તેવા સારંગ બારોટ જેવા વાર્તા લેખકો આંગળીને વેઢે ગણી શકાય તેટલા જ છે. વીર નર્મદને સરસ્વતીના શરણે જવાથી માત્ર પૌંઆ પર જીવવું પડ્યું હતું તે સાહિત્ય વિદિત સત્ય છે. પરંતુ સારંગ બારોટમાં નર્મદના જીવનનો પારસ્પરિક વિરોધ અને જીવન સાદશ્યનો યોગ જોવા મળે છે. તેમનામાં નર્મદનું વજ હૈયું અને વીરતા ભારોભાર ભરેલાં હતાં પરંતુ નર્મદની નિર્ધનતા તેમને વરી ન હતી. એટલું એમનું સદનસીબ. આ નીડર લેખકે વાચકો સિવાય ક્યારેય કોઈની ખેવના કરી નથી. તેઓ વાચકોને જ પોતાના વિવચકો માને છે. તેથી જ નાગપુર સાહિત્ય સંમેલનમાં પન્નાલાલ પટેલ, પીતાંબરદાસ પટેલ, ઈશ્વર પેટલીકર, ઉમાંશંકર જોષી, યથાવંત શુક્લ વગેરે લેખકો, વિવેચકોની હાજરીમાં સારંગ બારોટે પહેલાં તો જાહેર સંબોધન માટે સ્પષ્ટ ના કહી પરંતુ શ્રોતાઓના અતિઆગ્રહને લીધે એમણે પોતાના ટૂંકા સંબોધનમાં સાફ કહ્યું હતું કે ''તમારા (શ્રોતાઓના) આગ્રહને વશ થઈને તમારી સમક્ષ આવ્યો છું. અમારા સાચા વિવેચકો તમે છો. ખેતરને ખોળે કે પછી (ગામની) દુકાનની હાટડીએ અમને વાંચતાં વારી જાઓ એટલું અમારા માટે બસ છે.'', કવિ ન્હાનાલાલ (અને વીર નર્મદ) સિવાય આવો લેખક મેં ન તો સાંભળ્યો છે કે ન વાંચ્યો છે. સ્વયંપ્રકાશિતોને પરપ્રકાશની સ્પૃહા ક્યારેય સ્પર્શી સાંભળી છે? ભાઈ સારંગ બારોટ

સાહિત્ય જગતના સ્વયં પ્રકાશિત જ્યોર્તિધર છે.''[૫૧]

શ્રી બંસીકુમારની માફક શ્રી કાન્તિ ભટ્ટ પણ સારંગ બારોટનો પરિચય કરાવતાં જણાવે છે કે :

''રશિયન લેખક દોસ્તોવસ્કી, પ્રિન્સેસ ડાયેનાની દાદીમા બાર્બરા કાર્ટલેન્ડ અને સારંગ બારોટ એ ત્રણેય વચ્ચે એક સામ્ય છે. આ ત્રણેય નવલકથાકારો પોતાના સેક્રેટરી પાસે વાર્તા ડિક્ટેટ કરીને લખાવતા... ચાર પાંચ યુવતીઓને સેક્રેટરી તરીકે રાખી, આટલું બધું સાહિત્ય સર્જન કરીને રાત્રે વાર્તાઓ કહેતી ડોશીમાઓને નવરાં પાડી દેનાર સારંગ બારોટ... એટલે મોમાં મગ ભરીને ફાટફાટ વાર્તા કહેનાર... વાર્તા લેખક.''

અત્રે એ નોંધતાં અત્યંત આનંદ અને ગૌરવ થાય છે કે શ્રી સારંગ બારોટ એક જ સમયે ને એકસાથે પાંચ જુદી જુદી રાઈટર-સેક્રેટરીને એક પછી એક એમ પાંચેય જુદી જુદી કથાના પટ ઉપર વારાફરતી આગળ લખાવીને વાર્તા આગળ ધપાવતા, છતાં તેઓ ક્યાંય, ક્યારેય કોઈ અનુસંધાન મૂક્યા નથી, કે એમના સાહિત્ય સર્જન રસક્ષતિ અનુભવી નથી. એ સાચે જ અને જવલ્લે જ જોવા મળતી સર્જનશક્તિ ગણાય. ધન્ય છે આ બહુઅવધાની સર્જકને... લેખકને !!!

પોતાની આગવી છટાથી કાન્તિ ભટ્ટે સારંગ બારોટનો પરિચય આપ્યો. હવે એમના વિશે બીજી કેટલીક વાતો પણ એમની કલમે લખાઈ છે તે જોઈએ.'' સારંગ બારોટની વાર્તાઓ સીધી સાદી સામાજિક હોય છે. તેમની ભાષામાં ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, અમદાવાદ, વડોદરા અને સૌરાષ્ટ્રની બોલીઓની છાંટ છે. રાજકોટના ''ફૂલછાબ''માં તેઓ નવલકથા લખે ત્યારે સૌરાષ્ટ્રના હોય તેમ લાગે, અને ''ચિત્રલેખા'' કે ''યુવાદર્શન''માં વાર્તા લખે ત્યોર તે મુંબઈગરા જણાય'' તે પાછળનું રહસ્ય જણાવતાં કાન્તિ ભટ્ટ નોંધે છે કે, ''રેલ્વેમાં નોકરી કરતા પિતાની બદલી જુદાંજુદાં સ્થળે થતી તેથી સારંગ બારોટને જુદી જુદી બોલીઓ શીખવા-બોલવા મળી હતી. પિતાજી રેલ્વે કર્મચારી હોવાથી બીજાવર્ગનો પાસ મળતો હોવા છતાં સારંગ બારોટ ત્રીજા વર્ગની આમજનતા વચ્ચે બેસીને પ્રવાસ કરતાં બધા વિસ્તારોની લોકબોલી પકડી લેતા. કડિયા-ખારવા, લુહાર અને નાગરની બોલી પકડવામાં સફળ થયેલ સારંગ બારોટ કોલેજની ડિગ્રી પકડવામાં નિષ્ફળ નીવડ્યા હતા.''[૫૨]

આ સિવાય ગુજરાતી સાહિત્ય જગતના અત્યંત લોકપ્રિય લેખકો-વિવેચકો પૈકીના કેટલાકે સારંગ બારોટની વિવિધ સાહિત્ય કૃતિઓની કેવી ટીકા કે પ્રશંસા કરી છે તે હવે જોઈએ.

સૌ પ્રથમ ગુજરાતી સાહિત્યના પ્રખ સાક્ષરથી ઈશ્વર પેટલીકરનો સારંગ બારોટ અને તેમની કૃતિ-નવલકથા ''વિલાસવહુ'' માટેનો અભિપ્રાય જોઈએ.

''વિલાસવહુ''ને ''આધુનિક ગુણસુંદરી'' ગણાવતાં તેઓશ્રી નોંધે છે કે : ''શ્રી સારંગ બારોટની નવલકથા ''વિલાસવહુ'' વાંચી ત્યારથી તારા મનમાં વસી ગઈ છે. તે ''ગુણસુંદરી''ની આધુનિક વારસદાર. તરીકે દીપી ઊઠે છે. આ નવલકથાનાં તમામ પાત્રો પ્રસંગો અને કથાપટ પર શ્રી પેટલીકરે વિસ્તૃતપણે સુંદર વિવેચન કર્યું છે તે બધાની વિગતમાં ન ઉતરતાં છેલ્લે ટૂંકમાં તેમણે જે અભિપ્રાય વ્યક્ત કર્યો છે તે જોએ.'' વિલાસવહુ કુટુંબ કથા છે. તેમાં ઘર્ષણના પ્રસંગો નથી છતાંયે વાચકને સદા યાદ રહી જાય તેવી કથાનું સર્જન એ સારંગ બારોટની આગવી સિદ્ધિ ગણાય. વાચકોએ તેને આવકારી છે તેથી જ એક દશકામાં તેની ત્રણ આવૃત્તિઓ થઈ છે. મને ફરીથી વાંચતા, પહેલાં જેટલો જ એમાં રસ પડ્યો છે. જુવાન પેઢી બગડી રહી છે. એવી જૂની પેઢીની ફરિયાદ સનાતન ચાલી આવે છે. જેમાંથી હાલની જૂની પેઢી પણ મુક્ત નથી. જ્યારે સારંગ બારોટ ઉંમરે જૂની પેઢીમાં પ્રવેશેલા હોવા છતાં એમણે નવી પેઢીને જે (રીતે) બિરદાવી છે તે એમની સદા જુવાનની સર્જક દષ્ટિને આભારી છે. આજે જ્યારે એમના સર્જનકાર્યને લક્ષમાં લઈ તેમને સન્માનવામાં આવે છે ત્યારે તેમના પ્રત્યેનો મારો આનંદ ''વિલાસવહુ''નો હાર તેમને પહેરાવીને વ્યક્ત કરું છું.''[૫૩]

એ જ રીતે ગુજરાતના જાણીતા હાસ્યલેખક શ્રી બકુલ ત્રિપાઠીએ સારંગ બારોટની સાહિત્ય સર્જન કલા વિષે આ પ્રસંગે નોંધ્યું છે કે, ''શ્રી સારંગ બારોટ એક ઉત્તમ નવલકથાકાર તરીકે સન્માનાયા છે. એમની નવલકથામાં સાંપ્રત સમાજનું ચિત્ર ઝીલવાનો ગંભીર પ્રયાસ છે. આજના સમાજનું નિરીક્ષણ કરનારે જો નિર્ભાન્ત હોવા છતાં ગાઢ નિરાશા અને નિષ્ક્રિયતામાં સરી પડતાં બચવું હોય તો હસી લેતાં શીખવું જ રહ્યું ! શ્રી બારોટની કથાઓમાં પણ અહીં તહીં હાસ્યનાં છાંટણા છંટાયેલા છે જ. એમના નાટક ''એક ડાળનાં પંખી''માં તો પ્રેક્ષકોને આવી વિનોદપૂર્ણ ક્ષણોને ભરપેટે માણતા પણ મેં જોયા છે. વધુ સંતોષની વાત તો એ છે કે એમણે એક સંપૂર્ણ હાસ્ય નવલ પણ લખી છે. તે છે ''કુર્યાત સદા મંગલમ''[૫૪]

આ સમારંભમાં શ્રી ચંદ્રકાન્તે બક્ષીએ સારંગ બારોટ માટે પ્રયોજેલ શબ્દો ધ્યાન દોરે તેવા છે. ''સારંગ બારોટનું સન્માન એ એક પડાવ છે, મંઝિલ નથી. ગુજરાતીમાં તથા કથિત બુદ્ધિજીવી અને શુદ્ધતાવાદી દુર્બુદ્ધિજીવી ઘણા છે, કલમજીવી નર્મદવંશી લેખકો ઓછા છે. બારોટ એ દુનિયાના છે... ગુજરાતીભાષી ચાહકો અને ભાવકો જનતાના કથાકારનું બહુમાન કરે છે એ ભાષા માટે ગર્વની અને પ્રજા માટે આનંદની વાત છે. સારંગ બારોટની આંગળીઓની તાકાત કાયમ રહે એ શુભકામના.''[૫૫]

એજ રીતે બીજા એક વિદ્વાન પ્રો. મહેન્દ્રકુમાર મો. દેસાઈ – ''કુમાર'' સારંગ

બારોટ માટે નોંધે છે કે : ''શ્રી સાંગની વાર્તાઓમાં લોકમાનસ રંજકની ઘણી બધી શક્યતાઓ હોવા છતાં તેની સર્જકતાની સુગંધે તેને સદાય તાજી મહેકતી રાખી છે. તેમની વાર્તાઓ સહૃદય ભાવકોના ચિત્તમાં તેના સર્જકની કેવળ કથાકાર તરીકેની છબી અંકિત કરે છે... આ લેખકને લાઘવસિદ્ધ છે. તેઓ જ્યાં જ્યાં વર્ણનો કરે છે ત્યાં શબ્દોને વેડફી દેતા નથી. ધ્વન્યાત્મકતાને સાચવીને પણ તેઓ ચિત્રને ધૂંધળું કે અસ્પષ્ટ અથવા દુર્બોધ રાખતા નથી. આ મહત્ત્વનું ગુણ (જમા) પાસું છે... માહિતી અને તેનો કૃતિમાં વિનિયોગ કરવાની લેખકની આગવી સૂઝ છે... શ્રી સારંગની આ વિષયની સજ્જતા અને સમજ દાદ માંગી લે તેવી છે. તેમની નવલકથામાં પાત્ર અને પરિસ્થિતિ પ્રમાણે જે વિષય આવતા હોય તે વિષય બાબતે તેઓ પુસ્તકો અને નિષ્ણાત વ્યક્તિઓ દ્વારા સંપૂર્ણ માહિતી જ નહિ પણ પાકું જ્ઞાન મેળવી લે છે... પછી પાત્રોના સંવાદ, વર્તન વગેરેમાં ચોક્સાઈપૂર્વક તેનો ઉપયોગ કરી લે છે. અને તે પણ પાત્રાલેખન કે વસ્તુવિકાસ સંકલનને સહેજ પણ આંચ આવવા દીધા વિના જ. આ જ ખરું કલા કૌશલ છે, ખરું કવિ કર્મ-નવલકથાકારનું કર્મ છે.''[૫૬]

આ ઉપરાંત ગુજરાતી સાહિત્યના વર્તમાન મૂર્ધન્ય લેખકો-વિવેચકો પૈકીના એક એવા શ્રી રઘુવીર ચૌધરીના વિચારો જોઈએ :

''આપણા લોકપ્રિય વાર્તાકારોમાં શ્રી બારોટ જુદા પડે છે. શ્રી સારંગ બારોટ લખાતી વાર્તાના આધુનિક પ્રવાહોથી અતડા રહી શકે એટલા ઉદાસીન કે સંતોષી જીવ નથી. કેટલાક સમકાલીનો કરતાં તે ઘણા ઓછા ભાવુક છે અને નગરજીવી સમાજની આંટીઘૂંટી સમજ્યા વિના જીવી ન શકાય એવા અનુભવોમાંથી એ પસાર થયેલ છે. કેટલાક આધુનિકોની તીખાશ અને વિલક્ષણ શબ્દશક્તિ શ્રી બારોટની કૃતિઓમાં જોવા મળતી નથી, એના વિકલ્પે માર્મિક ઘટનાઓ છે. નવી વાર્તાની ચળવળના દિવસોમાં એક ઠરેલ વાર્તાકાર કરીકે એ વાચકલક્ષી રહ્યા, તેથી જૂના નવા વિવેચકોની ઝાપટમાંથી એ આબાદ બચી ગયા છે. પણ અધૂરા વાંચકોએ એમને એકલા પડવા દીધા નથી. વચ્ચે નાટકમાં ગયેલા પણ એમના પર વાર્તાનો હક્ક વધુ ચાલ્યો હોઈ એ પાછા આવ્યા. મેં એમને પાછા વાંચ્યા છે. પર કદી શંકાની નજરે જોયા નથી. પોતાના ગ્રાહકને ન છેતરવાની સચ્ચાઈ તેમજ ''બજારું'' બન્યા વિના સર્જનવ્યાપાર ચલાવવાની નિષ્ઠા લેખકમાં બચે તો એ પણ આજના સમાજને કંઈ નાનું સૂનું આશ્વાસન નથી.''[૫૭]

શ્રી રઘુવીર ચૌધરી સાવ સાહજિકતાથી સારંગ બારોટ વિષે જે અભિપ્રાય આપી શક્યા છે, તે જોતાં આપણે સારંગ બારોટની વિદ્વતા, લોકપ્રિયતા અને તેમની વાચકનિષ્ઠાનું અનુમાન લગાવી શકીએ છીએ.

'સારંગ બારોટની વાર્તાસૃષ્ટિ' વિષે છેલ્લે હરીન્દ્ર દવે અને ગિજુભાઈ વ્યાસ જેવા

લેખકો-વિવેચકો કેવો અભિપ્રાય ધરાવે છે તે જોઈને આપણે આપણું કથન પૂરું કરીશું. એક અંગ્રેજ વિવેચકે કહ્યું છે કે ''નવલકથામાં તમે તમારી અભિવ્યક્તિ કરી શકો પણ તમને : સાચા લેખક : પુરવાર કરવા માટે તો નવલિકાનું સ્વરૂપ જ જરૂરી છે. સારંગ બારોટે આ પડકાર ઝીલી લીધો છે. તેમણે નવલકથાની સાથે સાથે નવલિકાના સ્વરૂપનું ખેડાણ પણ કર્યું છે. તેમણે કલમજીવી રહેવાનો જ સંકલ્પ આરંભથી કર્યો. આના કારણે નવલકથાઓનું વિપુલ સર્જન થાય એ સમજી શકાય... છતાં નવલકથાઓના લેખનમાં એમણે સંયમ રાખ્યો છે... બારોટ ગુજરાતી વાર્તાકલામાં એક મહત્ત્વના સીમાસ્તંભ સમયે આવ્યા હતા. વાર્તાનાં નવાં વહેણ અને વળાંક એ પછી આવ્યાં. બારોટે આ બધાને અનુભવ કર્યો છે. પણ પોતાની રીતે લખવાનું ચાલું રાખ્યું છે... બારોટને વાચકોએ ભરપૂર પ્રેમ આપ્યો છે. બારોટે આનો બદલો એક પણ સુસ્ત ક્ષણ વાચકોને ન આપીને ચૂકવ્યો છે.''[૫૮]

આતો થઈ ગુજરાતના મૂર્ધન્ય લેખકો, સાહિત્યકારો અને વિવેચકોના અભિપ્રાયની વાતો હવે સારંગ બારોટ પોતાની જાતે જ પોતાને માટે ''આત્મકથન''માં શું કહે છે તે જોઈએ. ''મારા વ્યવસાયને પ્રતાપે જ ગુજરાતની જનતાએ મને પ્રેમ આપ્યો છે, આદર આપ્યો છે. અસંખ્ય લાગણીભર્યા સંબંધો આપ્યા છે. સુખ આપ્યું છે. સંતોષ આપ્યો છે. બીજા કયા વ્યવસાયમાંથી મને આ બધું મળવાનું હતું? પૈસા ખર્ચવાથી પણ ન મળે એવું ઘણું મને માત્ર મારા વ્યવસાયને કારણે મળ્યું છે. આ અમીરાત મારા માટે જેવી તેવી નથી. કદાચ આના કારણે જ હું મારી જાતને સામાન્ય આર્થિક સ્થિતિવાળો જણ કદી ગણી શક્યો નથી. એટલું જ નહીં પણ પ્રતિકૂળ સંજોગોમાં પણ હું સારી રીતે જીવી શક્યો છું.''[૫૯]

આમ માત્ર બ્રહ્મભટ્ટ જ્ઞાતિના જ સપૂત ન રહેતાં સમગ્ર ગુજરાતના બની ચૂકેલા અને ગુજરાતી સાહિત્યને ક્ષેત્રે અક્ષરદેહે અમરત્વ પ્રાપ્ત કરી ચૂકેલા આ સર્જકની કલમ ૬૯ વર્ષની વય તારીખ ૫-૨-૧૯૮૮ના રોજ પેટની બીમારીને લીધે એમની કર્મભૂમિ મુંબઈમાં અટકી જતાં બંધ થવા પામી, પરંતુ દેહાવસાન આવા લોકોનું અસ્તિત્વ મિટાવી દેવા સમર્થ નથી. પોતાના સમગ્ર જીવન પથ દરમ્યાન સાહિત્યની યથાશક્તિ સેવા કરનાર ફાંકડા, સ્વમાની, નિઃસ્પૃહ, ઓછાબોલા છતાં મિલનસાર અને ઉદારદિલ એવા માંગ્લયઉપાસકના દેહવિલયથી ગુજરાતી સાહિત્યને મોટી ખોટ પડી છે.

અંતમાં એમને સાચા શબ્દોની અંજલિ આપતાં શ્રી ચંદ્રકાન્ત મહેતા અને શ્રી નાનુભાઈ બારોટ નોંધે છે કે : ''શું શું સંભારું ને શું શું પૂજું? પૂણ્ય વિભૂતિઓના પુણ્યાત્માનાં ઊંડાણો તો આભ જેવાં અગાધ છે.!''[૬૦]



### શ્રી પ્રહ્લાદ બ્રહ્મભટ્ટ (૧૯૦૮-હયાત)

શ્રી પ્રહ્લાદભાઈ દામોદરભાઈ બ્રહ્મભટ્ટ મોટા તારાપુર (ખેડા) મૂળ વતની તેમના પિતાશ્રી દામોદરભાઈ લાલભાઈ બ્રહ્મભટ્ટ અમદાવાદી આવી સ્થાઈ થયા હોવાથી પ્રહ્લાદભાઈ અમદાવાદ ખાતે તારીખ ૨૨-૦૮-૧૯૦૮ના રોજ જન્મ્યા હતા. બચપણમાં જ માતાનું અવસાન થતાં માની મમતાના અભાવમાં તેઓ ઉછર્યા. પિતાજી દૂધનો ધંધો કરતા. ધંધામાં વધુ ધ્યાન આપવું પડતું હોવાથી પ્રહ્લાદભાઈના ઉછેર અને શિક્ષણ પાછળ તેઓ પૂરતો સમય આપી શક્તા નહીં. છતાં ખાડિયામાં ગોલવાડના નાકે આવેલ રાત્રી શાળામાં એક પૈસાની ફી આપીને પ્રહ્લાદભાઈએ અભ્યાસ કર્યો. ત્યારબાદ મોડેલ સ્કૂલમાં પ્રવેશ મેળવી મુંબઈ યુનિવર્સિટીની મેટ્રિકની પરીક્ષા પસાર કરી તે પછી આગળના અભ્યાસને અલવિદા કરી, નોકરી ધંધા તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું. ન ભણે તે કમાય એવી વૃત્તિ ઘરમાં પ્રવર્તતી હોવાથી તેમના પિતરાઈભાઈ મિલમાં સારા પગારે નોકરી કરતા હોવાથી મિલમાં કામ કરવાનું શરૂ કર્યું. પરંતુ મન કામને બદલે વાચનમાં વધુ રોકાયેલું રહેતું હોવાથી મસ્તકી માર્કેટના પુસ્તકાલયમાં જઈ વાંચનશોખ પૂરો કરવા લાગ્યા. લેખન પ્રવૃત્તિનાં બીજ પણ અહીંથી જ રોપાયાં, ને ટૂંકી વાર્તાઓ લખવાની શરૂઆત થઈ. ''બે ઘડી મોજ'' અને ''મોજ-મઝા'' જેવાં સાપ્તાહિકોમાં વગર પુરસ્કારે ટૂંકી વાર્તાઓ છપાવા માંડી. જેમાંથી પૈસોય ન મળતો હોવા છતાં વાર્તા છપાયાનો આનંદ મળતો.

આ અરસામાં (૧૯૨૮) ગુજરાતના સૌથી જૂના દૈનિક 'સંદેશ'માં એક સામાન્ય રિપોર્ટર તરીકે જોડવાની તક મળી ત્યારે 'સંદેશ' માત્ર એક પૈસાની કિંમતનું સાંજનું દૈનિક પત્ર હતું. અહીં પ્રહ્લાદભાઈએ પોતાની મહેનત, નિષ્ઠા, ખંત, ઉત્સાહ અને રસદ્વારા સહતંત્રીના હોદ્દા સુધી પ્રગતિ સાધી. ઈ.સ.૧૯૨૯નો આ સમય ખાસ કરીને ગાંધીવાદી સ્વાતંત્ર્ય ચળવળોનો સમય હોવાથી મહાત્માજી હરિજન આશ્રમમાં પ્રાર્થના પત્યા પછી સ્વાતંત્ર્ય લડત અંગે પ્રવચનો આપતા, પ્રહ્લાદભાઈ ત્યાં હાજર રહી તેનું રિપોર્ટિંગ કરતા. જે ''સંદેશ''માં છપાતું. ૧૨ માર્ચ, ૧૯૩૦ના રોજ ગાંધીજીએ સાબરમતી આશ્રમથી દાંડીકૂચ શરૂ કરી તેનું રિપોર્ટિંગ કવર કરવા માટે વિશ્વભરમાંથી પત્રકારો ભારત આવ્યા હતા. જેમાં 'સૌરાષ્ટ્ર સમાચાર'પત્રના હરગોવિંદ પંડ્યા અને અમૃતલાલ શેઠના રાણપુરથી પ્રસિદ્ધ થતા સાપ્તાહિકના પ્રતિનિધિ અને પ્રહ્લાદ બ્રહ્મભટ્ટ એટલા જ ગુજરાતી રિપોર્ટરો હતા. દાંડીકૂચના ૮૯ પદયાત્રીઓ સાથે ભોજનનિવાસ વગેરેમાં પ્રહ્લાદભાઈ અને મિત્રો સાથે જ રહેતા. આમ કૂચના યાત્રીઓ અને પૂ. બાપુ સાથે

પગપાળા ફરીને એમણે ''સંદેશ''ને માટે રિપોર્ટીંગ કર્યું. જેની ખૂબ જ પ્રશંસા થઈ. મહાત્માજીનું બોરસદ ખાતેનું પ્રવચન પ્રહ્‌લાદભાઈએ ''સંદેશ''ને લખી મોકલાવ્યું હતું. જે ''નવજીવન''માં પણ છપાયું હતું. આ લખાણ ઉશ્કેરણીજનક હોવાના આરોપસર ''નવજીવન''ને જપ્ત કરી સરકારે પ્રેસ સીલ કર્યું. પરંતુ ''સંદેશ'' બચી ગયું. હવે તેની જવાબદારી, વિતરણ અને માહિતી બધું જ વધી જવા પામ્યું. પરિણામે પ્રહ્‌લાદભાઈનું કામ પણ વધી ગયું. દાંડીથી પૂ. બાપુ કરાડી ગામે ગયા જ્યાં મીઠાના અગર પરથી જ એમની ધરપકડ કરવામાં આવી ત્યારે પ્રહ્‌લાદભાઈ ત્યાં જ હાજર હતા. એમના કહેવા મુજબ ફરજ પરના પારસી પોલીસ સુપ્રિટેન્ડટે ગાંધીજીને પ્રાર્થના પતાવી લીધા પછી જ એરેસ્ટ કર્યા હતા. આ સમગ્ર સમાચાર રાત આખી જાગીને પ્રહ્‌લાદભાઈએ ''સંદેશ''ને પહોંચાડ્યા.

મારી (સંશોધક) સાથેની પ્રત્યક્ષ મુલાકાતમાં મહાત્મા ગાંધીજી સાથેની દાંડીયાત્રાનાં સંસ્મરણો વાગોળતાં એમણે માર્મિક, બોધક અને રોચક એવો પ્રસંગ વર્ણવતાં જણાવ્યું છે : ''સુરતથી નજીક કતાર ગામે સત્યાગ્રહી અને દાંડીકૂચના પદયાત્રી એવા સેવકોને વાડીવાળા ફળ વહેંચતા, ગાંધીજી આ સત્યાગ્રહીઓથી અલગ કુટિરમાં હતા. એમને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે એ તમામને ટોકતાં કહ્યું કે ગરીબ દેશના સત્યાગ્રહી સેવકને આ ન પોસાય. જો તમે ગરીબ ખેડૂતો પાસેથી આ રીતે ફળો સ્વીકારી જયાફત ઉડાવો તો દેશના હજારો લોકોના ભોગે જયાફત ઉડાવતા વાઈસરોય સાથે નૈતિક બળથી કઈ રીતે લડી શકો?''

આવા અનેક નાના-મોટા પ્રસંગો અને સમાચારો એમણે પોતાની કલમ દ્વારા કાગળ પર ઉતારી ''સંદેશ''ના માધ્યમથી ગુજરાતી જનતાને પહોંચાડ્યા. આ તમામ નીડર અને રસપ્રદ રિપોર્ટીંગના કવરેજ માટે ''સંદેશ'' વતી એમની સેવાઓની કદર રૂપે સોનાની એક વીંટી તેમજ માસિક પગારમાં વધારો કરી આપી તેમનું સન્માન કરવામાં આવ્યું.

ત્યારબાદ પ્રહ્‌લાદભાઈ ''સંદેશ''ના રિપોર્ટર મટીને સહતંત્રી બન્યા. આ સ્થાન પર ઘણો લાંબો સમય એમણે સેવા બજાવી. એ દરમ્યાન તમામ દીપોત્સવી અંકો એમણે જાતે જ તૈયાર કર્યા હતા. એ સમયનાં ગુજરાતનાં મૂર્ધન્ય કવિવર શ્રી ન્હાનાલાલ સાથેનો એક પ્રસંગ તેમણે આ રીતે વર્ણવ્યો છે :

''દીપોત્સવી અંકોનું સંપાદનકામ મારે જ શિરે રહેતું. એના પ્રથમ પૃષ્ઠ પર કવિવર ન્હાનાલાલની સુંદર કાવ્યરચના મૂકવાનું મને ગમે. એકવાર ''સંદેશ'' વતી કવિવરને રૂ. ૨૫નો એમની કાવ્યરચના માટે પુરસ્કાર આપતો ચેક મોકલવામાં આવ્યો. ચેક પરત આવ્યો. સાથે ઠપકાભરી એક જ લીટીમાં જવાબ હતો. ''ભાઈ પ્રહ્‌લાદ પૈસા લઈને લખે એ બીજા, હું નહીં.''

આમ અનેક સારામાઠા અનુભવો મેળવતાં મેળવતાં તેઓ ''સંદેશ'' અને ''સેવક''નાં સહતંત્રી ઉપરાંત ''આરામ'' સાપ્તાહિકના સંપાદક પણ બન્યા. એટલું જ નહીં પણ ત્યાંથી આગળ વધીને ''સંદેશ'' લિ.ની મેનેજિંગ એજન્સી બોડીવાલા એન્ડ કું.ના એક ભાગીદાર બનવા માટે પણ ભાગ્યશાળી નીવડ્યા. આમ પોતાની જિંદગીના મહામૂલાં વીસ વર્ષો એમણે ''સંદેશ''ની સેવામાં વિતાવ્યાં. ત્યારબાદ ૧૯૫૦માં ''સંદેશ'' છોડીને વડોદરામાં નવા સ્થપાયેલા ''લોકસત્તા'' દૈનિકની બે વર્ષ સુધી તમામ જવાબદારી સંભાલી. આ દમર્યાન ૧૯૫૧માં ''કસોટી હરીફાઈ''ની ''ઉકેલ સમિતિ''માં શ્રી ધૂમેકતુ, શ્રી કે.કા.શાસ્ત્રી અને રામપ્રસાદ શુકલ સાથે સફળ કામગીરી બજાવી. ૧૯૫૩માં અમદાવાદમાં ''જનસત્તા'' શરૂ થયું. તેમાં સહતંત્રી તરીકે જોડયા. અને ત્યારબાદ ''લોકસત્તા'', ''જનસત્તા'' ગ્રુપના તમામ પ્રકાશકનોના સહતંત્રી તરીકે કામ કર્યું.

''સંદેશ'', ''સેવક'', ''આરામ'', ''લોકસત્તા'' કે ''જનસત્તા'' જેવાં ખ્યાતનામ પ્રકાશનોમાં ઉપરોક્ત કામગીરી બજાવવા ઉપરાંત ૧૯૩૦માં ''મુંબઈ સમાચાર''ના અમદાવાદના પ્રતિનિધિ અને ૧૯૪૨ થી ૧૯૫૩ સુધી ''જન્મભૂમિ''ના અમદાવાદના પ્રતિનિધિ તરીકે સેવાઓ આપી.

પત્રકાર, તંત્રી કે સંપાદકની આવી વિવિધ કામગીરી સંભાળતી વખતે એમના કામ, સત્યનિષ્ઠા અને નીડરતાને લીધે, ''ગુજરાતી વ્યવસાયી પત્રકાર સંઘ''ના સર્વપ્રથમ પ્રમુખ બનવાનું સન્માન એમને મળ્યું. એ જ રીતે ''ગુજરાત યુવાન સાહિત્ય સભા''ના પણ તેઓ પ્રમુખ પદે રહી ચૂક્યા. તેમની લાંબાગાાની આ તમામ સફળતાને અનુલક્ષીને ''ખેડા જિલ્લા પત્રકાર સંઘ'' દ્વારા નડિયાદ મુકામે, શાલ ઓઢાડી ચાંદીનું કાસ્કેટ અર્પણ કરી ગુજરાતના પત્રકારો અને તેની સાથે સંકળાયેલા લોકો ઉપરાંત જનતાએ તેમનું બહુમાન કર્યું.

આ તો થઈ પત્રકારિત્વના ક્ષેત્રે તેમના પ્રદાનની વાત. હવે એમના વ્યક્તિત્વના બીજા પાસા તરફ ધ્યાન આપીએ તો જણાય છે કે પ્રહ્લાદભાઈ એક સારા લેખક, નવલકથાકાર પણ છે. તેમનો લેખન વ્યવસાય પણ બહોળો છે. ''ગૃહલક્ષ્મી'' : (નવલિકા સંગ્રહ) એ એમનું પ્રથમ પ્રકાશન. ત્યારબાદ ''ઉમા'', ''બિન્દુ'' વગેરે મળી સાતથી પણ વધુ એમણે પોતાની કમલથી તૈયાર કર્યા છે. જેમાં નેતાજી સુભાષચંદ્રનું જીવન ચરિત્ર ખૂબ જ પ્રખ્યાત થયું. તેની, સાતથી વધુ આવૃત્તિઓ થવા પામી અને હિંદીમાં પણ તેની આવૃત્તિ બહાર પડી. આ ઉપરાંત ''સ્વામી શ્રદ્ધાનંદ'' ''દેશબંધુ ચિત્તરંજનદાસ'', ''કવિશ્રી દલપતરામ'' જેવાં રાષ્ટ્રીય અને સાહિત્યિક જીવન ચરિત્રો ઉપરાંત ધાર્મિક કથાનકો અને ખાસ કરીને ''મહાભારત''નાં પાત્રો પરથી

''ધૃતરાષ્ટ્ર'', ''શકુની'', ''યુધિષ્ઠિર'', ''કુન્તીપુત્ર-કર્ણ'', ''દુર્યોધન'' વગેરે મહત્ત્વપૂર્ણ ગણાય. એવાં નવલકથા સ્વરૂપનાં જીવનચરિત્રો એમણે તૈયાર કર્યાં. નવલકથાને ક્ષેત્રે પણ એમણે મહત્તાપૂર્ણ પ્રદાન કર્યું છે. લગભગ બે ડઝન જેટલી નવલકથાઓ લખીને પ્રહ્લાદભાઈ બ્રહ્મભટ્ટે એક સારા નવલકથાકાર તરીકે નામના મેળવી છે. ''અરમાનનાં નગારાં'' તેમજ ''સાધના અને સિદ્ધિ''ની હિંદી આવૃત્તિઓ પણ પ્રસિદ્ધ થઈ છે. વળી તેમની નવલકથા ''સાધના અને સિદ્ધિ'' પરથી ''યહ ધરતી હૈ બલિદાનકી'', ''અમે બે'' પરથી ''હમદોનો'' અને તેમની વાર્તા ''ઉમા''ને આધારે ''સજની'' નામનું હિંદી ચિત્રપટ તૈયાર થઈ સારી એવી પ્રસિદ્ધ અને લોક્ચાહના પામ્યું છે. આઝાદ સોસાયટી, અમદાવાદ ખાતે આજે ૮૫ વર્ષની જૈફ ઉંમરે પહોંચીને પણ તેઓ સ્વજ્ઞાતિ, સમાજ, સાહિત્ય અને પત્રકારત્વ વગેરે ક્ષેત્રે યથાશક્તિ સેવા આપી રહ્યા છે. એ એમના પ્રવૃત્તિ ભૂખ્યા સ્વભાવની નિશાની છે. શ્રી પ્રહ્લાદ બ્રહ્મભટ્ટને એમની આ બહુમુખી પ્રતિભા માટે માત્ર જ્ઞાતિજનો જ નહિ પણ સમગ્ર ગુજરાતની જનતા સદાકાળ યાદ કરશે.[૬૧]

આ તો થઈ કવિઓ, સાહિત્યકારો, સાક્ષરો કે લેખકોની વાત. પરંતુ ગુજરાતના બ્રહ્મભટ્ટોએ કલા સાહિત્યનાં અન્ય ક્ષેત્રોમાં પણ સફળતાનાં શિખરો સર કર્યા હતાં. તેમાંય ખાસ કરીને નાટ્યકલા-અભિનયકલાને ક્ષેત્રે એમણે જે કામગીરી બજાવી હતી તે પૈકીના કેટલાક યાદગાર કલાકારો અંગે થોડુંક જાણીએ.



### નાટ્યકલાધર સ્વ. શ્રી વાઘજીભાઈ બારોટ (૧૮૮૦-૧૯૫૬)

ગરવી ગુજરાતની રંગભૂમિના અનેક અભિનય સમ્રાટનાટ્યકલાકારો પૈકીના શ્રી વાઘજીભાઈ છત્રસિંહ બારોટનો જન્મ ઊંઝા પાસેના ઉનાવા ગામ (જિ. મહેસાણા)માં ૧૮૮૦માં થયો હતો. પોતાની અભિનય ક્ષમતા દ્વારા મહારાષ્ટ્ર (મુંબઈ) બંગાળ (કલકત્તા) મદ્રાસ તથા કરાંચી, રંગુન તેમજ ચીન, જાપાન, જાવા, સુમાત્રા વગેરે સમીપવર્તી દેશોમાં પ્રેક્ષકોને અભિભૂત કરી દેનાર આ નાટ્યકલાધર શાળાકીય શિક્ષણ તો ઓછું પામ્યા હતા, પરંતુ અનુભવની શાળામાં એમને જે શિક્ષણ મળ્યું હતું તેના પ્રતાપે તેઓ એક સિદ્ધહસ્ત કલાકાર બની શક્યા હતા. તેથી જ માતૃભાષા ગુજરાતી ઉપરાંત હિંદી, અંગ્રેજી, મરાઠી, બંગાળી, મદ્રાસી વગેરે કેટલીક અન્ય ભાષાઓ પણ તેઓ લખી વાંચી અને બોલી શકતા હતા.

શ્રી વાઘજીભાઈ બહુ નાની ઉંમરે સંસાર તરફના વિરકતભાવથી સાધુ બનવાના ઈરાદાથી ઘેરથી ચૂપચાપ જૂનાગઢ ચાલ્યા ગયા હતા. ત્યાં નિજાનંદ અને પ્રભુભક્તિમાં મગ્ન રહેવા લાગ્યા. પરંતુ ઉદરપૂર્તિનો પ્રશ્ન નડતો. ભીક્ષાવૃત્તિ કરવાની વાતથી મન પાછું પડતું. સ્વમાનના ભોગે સાધુ બની રહેવાની ગડમથલમાં થોડોક સમય ગાંઠના પૈસે માત્ર ચણા ખાઈ દિવસો ગુજાર્યા. પૈસા ખૂટતાં ફરી મહેનત મજૂરી કરી રોજી કમાવાના ઈરાદાથી સાધુ બનવાના વિચારને ફગાવી ફરી સંસારમાં પર્દાપણ કર્યું. સદ્ભાગ્યે જૂનાગઢના નવાબને ત્યાં થોડું ઘણું કામ મળવા લાગ્યું. થોડોક સમય વીતતાં જૂનાગઢ છોડી ભાવનગર આવવાનું થયું. અત્યાર સુધીની રઝળપાટ અને જુદા જુદા અનુભવે તેમને પરિપક્તવ બનાવ્યા. એવામાં ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારની દીકરીને શિક્ષણ આપવાનું કામ મળ્યું. તે પણ આનંદથી કર્યું.

આ સંજોગોમાં ભાવનગર મુકામે આવેલ નાટક મંડળીમાં અવારનવાર નાટક જોવા જતાં, કલાકરો પૈકીના કોઈક સાથે ઓળખાણ થઈ. પરિચય કેળવ્યો. નાટકનો રંગ લાગ્યો અને શ્રી વાઘજીભાઈ ભાવનગર છોડી કંપની સાથે મુંબઈ આવી ગયા. હવે નાટકના રંગે તેઓ પૂરા રંગાઈ ચૂક્યા. એમની અંદર છુપાયેલા કલાકારને જાણે કે મોકળું મેદાન મળ્યું. તીવ્ર સ્મરણ શક્તિ, અદ્ભુત વાકછટા, રૂપાળા નાક નકશા અને સુંદર કદાવર દેહની કુદરતી ભેટે એમને વિવિધ પાત્રોમાં આબેહૂબ ફિટ કરી દીધા. મોટે ભાગે, રાજામહારાજા, ઋષિમુનિ, શ્રીમંત-શાહુકાર કે ઈતિહાસ પ્રસિદ્ધ વીરચરિત્રોમાં એમનો અભિનય સોળેકલાએ ખીલવા લાગ્યો.

''મુંબઈ ગુજરાતી નાટક મંડળી''નું અસ્તિત્વ પણ ન હતું, એવે સમયે શ્રી વાઘજીભાઈ પારસી સદગૃહસ્થ બેરિસ્ટર શ્રી રૂસ્તમજી આદરજી અજજણાની નાટક કંપની 'ખટાઉ ફોર્ડ એલ્ફિસ્ટન'માં તારીખ ૧૫-૮-૧૯૮૯ના રોજ કલાકારની હેસિયતથી જોડાયા. અહીં તેમને વિવિધ પાત્રોના બહુમુખી અભિનયની તક અને તાલીમ મળી. મહાન અંગ્રેજી નાટ્ય લેખક શેક્સપિયરનાં નાટકોમાં શૂટ-બૂટ ને ટાઈ પહેરેલા વાઘજીભાઈને કોઈ ભૂલથી પણ ઓછું ભણેલા ન કહે તેવા તે શોભી ઉઠતા. (એ નાટકોના વિવિધ ફોટોગ્રાફ્સ આજે પણ એમના દીકરા શ્રી ચંદુભાઈ પાસે અકબંધ છે.)

શ્રી રૂસ્તમજીની આ નાટક કંપની ભારતના મુખ્ય મુખ્ય શહેરો ઉપરાંત વિદેશના પ્રવાસે પણ જતી, જેમાં ચીન, જાપાન, સિંગાપુર બ્રહ્મદેશ, શ્રીલંકા મુખ્ય હતા. આ બધાં સ્થળે કંપનીને સારો એવો પ્રતિભાવ મળતો. કલાકારોની અભિનય ક્ષમતાને પ્રેક્ષકો પૂરતી દાદ આપતા. આમ પૂરતાં દામ અને નામ મળતાં હોવા છતાં લાંબી સફરો અને ઠેરઠેર અજાણ્યા માણસોનો સહવાસ વગેરેથી કંટાળેલા વાઘજીભાઈએ કંપની



પ્રખ્યાત નાટક 'કોલેજ કન્યા'માં સોલોમનના પાત્રમાં શ્રી વાઘજીભાઈ બારોટ (જમણેથી પહેલા) જયશંકર સુંદરી (સ્ત્રીપાત્રમાં)
અને બાપુલાલ નાયક (પુરુષ પાત્રમાં) વગેરે કલાકારો સાથે

છોડવા વિચાર કર્યો. એ જ અરસામાં તેઓ બાપુલાલ નાયકના સંપર્કમાં આવ્યા. બંનેએ ''મુંબઈ ગુજરાતી નાટક મંડળી''માં સહસલાકાર તરીકે જોડવાનું ઉચિત ગણ્યું. આ સમયે ''મંડળી''ની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી તેના માલિક શેઠશ્રી છોટાલાલ મૂળચંદ્રભાઈએ તેને વેચવાનું નક્કી કર્યું. તેની જાણ છતાં વાઘજીભાઈએ બાપુલાલને આ કંપની ખરીદવા સમજાવ્યા. પૈસાના અભાવે એ શક્ય લાગતું કામ વાઘજીભાઈની કુનેહથી તથા સહકલાકારો અને મિત્રોના સહકારથી થોડાક રોકડા અને બાકીના હપ્તેથી ચૂકવવાની શરતે શ્રી વાઘજીભાઈની મધ્યસ્થીથી સફળ થયું.

હવે બધા કલાકારો વધુ ઉત્સાહમાં આવી ગયાં. બાપુલાલે મંડળીનું સંચાલન અને તમામ જવાબદારી વાઘજીભાઈને સોંપી. એમણે ૧૦/- રૂપિયાના બ્રિટિશ સ્ટેમ્પ અને ૪/- રૂપિયાના ગાયકવાડી સ્ટેમ્પ ઉપર ''કુલમુખત્યારનામું'' લખીને કાનૂની માર્ગે તારીખ ૨૧-૩-૧૯૨૪થી કંપનીને લગતી તમામ જવાબદારી શ્રી વાઘજીભાઈને સોંપી.[૬૨] આને લીધે કલાકાર વાઘજીભાઈને હવે વહીવટકર્તા (મેનેજર) તરીકેની પણ તાલીમ મળવા લાગી. કંપનીનો તમામ હિસાબ, નાણાંકીય લેવડદેવડ, નાટકોનાં કથાનક-પટકથા-તેને લગતું સાહિત્ય વગેરે તેમને હસ્તક રહેવા લાગ્યું. એ તમામનો ઊંડા રસપૂર્વક અભ્યાસ કરવાથી વાઘજીભાઈ જ્ઞાન સમૃદ્ધ બન્યા. પોતાના સાફ મરોડદાર અક્ષરોથી તેઓ રોજેરોજનો હિસાબ તથા પોતાની રોજનીશી લખતા થયા.

હવે આ ''મંડળી''માં વાઘજીભાઈ અને બાપુલાલ સાથે જયશંકર ''સુંદરી'', શ્રી પ્રાણસુખ નાયક, છગન રોમિયો, ચીમન મારવાડી જેવા પાછળથી અત્યંત લોકપ્રિય બનેલા કલાકારો આવીને જોડાયા. આ તમામ સહકલાકારો સાથે વાઘજીભાઈને અત્યંત આત્મીયતા અન પ્રેમભાવ હતો. મેનેજર તરીકે બધા તેમનું માન પણ જાળવતા. નવરાશના સમયે એકબીજાની અભિનયક્ષમતા, કોઠાસૂઝ, વાક્છટા અને અનુભવોનું આદાનપ્રદાન પણ કરતા. આને લીધે ''મંડળી''એ એક એકથી શ્રેષ્ઠ નાટ્યપ્રયોગો કરી ભારે લોકચાહના મેળવી.

''મંડળી''નાં પ્રખ્યાત નાટકોમાંના ''હરિશ્ચંદ્ર તારામતી''માં વાઘજીભાઈ વિશ્વામિત્ર બનતા. ત્યારે પ્રેક્ષકો પોતાના અભિનયથી ખૂબજ પ્રભાવિત બની જતા. આ નાટકના એક પ્રયોગ વખતે કલકત્તામાં ''વિશ્વામિત્ર''ના પાત્રની કુટિલતાથી ત્રાસીને પ્રેક્ષકોએ સ્ટેજ પર અભિનય કરી રહેલા વાઘજીભાઈ પર બુટ-ચંપલ ફેંક્યાં હતા. ખલનાયકના પાત્રની પ્રશંસા પ્રેક્ષકો આથી સારી બીજી કઈ રીતે કરી શકે? એ જ રીતે ''નવરત્ન'' નામના નાટકમાં તેઓ ''રાજા''નું પાત્ર ભજવતા. મદ્રાસમાં આ નાટ્ય પ્રયોગ પછી લોકો એમને ''રાજા''ના નામથી જ ઓળખવા લાગ્યા હતા. તે એમની અભિનય ક્ષમતાની બીજી સાબિતી. આ ઉપરાંત ''કોલેજ કન્યા''માં તેઓ સોલોમનનું પાત્ર પણ આબાદ ભજવતા. વળી ''નંદબત્રીસી'',

''જુગલ જુગારી'', ''કામલતા'', ''કાર્યસિદ્ધિ'', ''મધુબંસરી'', ''શંકુલતા'', ''દેવકન્યા'' જેવા અનેક (કુલ ૬૭) નાટકોમાં એમણે અભિનયનાં અજવાળાં પાથર્યાં. ''પૃથ્વીરાજ ચૌહાણ'' અને ''વીરવિક્રમ'' નાટકમાં તેઓ મુખ્યપાત્રની ભૂમિકા ભજવતા. તે ઘણી વખણાઈ હતી. એ સિવાય હાસ્યકલાકારને લગતાં અન્ય પાત્રો પણ તેઓ આબાદ ભજવી શકતા. આમ અભિનયનાં વિવિધક્ષેત્રે એમણે સારી એવી નામના મેળવી અને પોતાના અભિનય અને વહીવટની ક્ષમતાને કારણે તથા સહકલાકારોના અથાગ પરિશ્રમને લીધે ''મુંબઈ ગુજરાતી નાટક મંડળી''ને દેશભરમાં પ્રખ્યાત બનાવી. વાઘજીભાઈ અમલદારો, મહારાજાઓ, વેપારીઓ વગેરે સાથે ખૂબ સારા સંબંધો જાળવતા, પરિણામે ''મંડળી''ને દરેક સ્થળે સારામાં સારી વ્યવસ્થા અને સુંદર પ્રતિસાદ મળતો.

''મંડળી''નું મુખ્ય કામકાજ વડોદરા રહેતું હોવાથી વાઘજીભાઈને મહારાજાશ્રી ગાયકવાડ સરકાર સાથે ખૂબ જ નિકટના સંબંધો હતા. આ ઉપરાંત ભાવનગર નરેશ, ગોંડલ મહારાજા, મોરબી નરેશ, જૂનાગઢના નવાબ તથા પારસી ઉદ્યોગવીર ટાટા અને ગોદરેજ કુટુંબો સાથે પણ એમણે સારા સંબંધ કેળવ્યા હતા. તેનો ઘણો ભાગ ''મંડળી''ને મળતો. ગુજરાતના મૂર્ધન્ય સાહિત્યકારો શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠી અને સ્વજ્ઞાતિબંધુ રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટ તેમજ શ્રી સારંગ બારોટ તથા શ્રી ર.વ.દેસાઈ સાથે એમને સારો મનમેળ હતો. શ્રી ર.વ.દેસાઈ તો મહેસાણામાં જ્યારે કલેક્ટર હતા ત્યારે અન્ય કલાકારોની માફક વાઘજીભાઈને મળવા ઘણીવાર ઉનાવાના એમના નિવાસસ્થાને આવતા. હિંદીના સ્ટેજના કલાકારો નટસમ્રાટ શ્રી પૃથ્વીરાજ કપૂર અને શ્રી વ્હી. શાંતારામે જ્યારે ફિલ્મીલાઈન પકડી ત્યારે શ્રી વાઘજીભાઈને તેમાં જોડાવા સમજાવેલા પરંતુ વાઘજીભાઈને તખ્તાના અભિનયમાં જ રસ હોવાથી તેમણે ફિલ્મલાઈન ક્યારેય પકડી જ નહીં.

અભિનય ક્ષમતા ઉપરાંત, વાક્પટુતા, કામ કઢાવી લેવાની આવડત, સમય ઓળખવાની શક્તિ અને બહાદુરી તથા દિલેરીનાં એમના જીવનના કેટલાક પ્રસંગો એમના પુત્ર શ્રી ચંદુભાઈએ રૂબરૂ મુલાકતનાં આ પ્રમાણે છે :

'શ્રી જયશંકર ''સુંદરી''ને એમની સ્ત્રીપાત્ર ભજવવાની અદ્ભુત અભિનયકલાને લીધે કરાંચી મુકામે નાટ્યપ્રયોગ ટાણે સ્ત્રી સમજીને પઠાણો ઉપાડી ગયા ત્યારે ''સુંદરી''ને સલામત છોડાવી લાવવાની જવાબદારી નિભાવવામાં વાઘજીભાઈ મુખ્ય હતા. એમનામાં રહેલી ઉપરોક્ત શક્તિઓને લીધે જ તેઓ સફળ પણ થયા હતા.

એ જ રીતે તેમના સ્વમાની સ્વભાવનો પરિચય આપતો એક પ્રસંગ ભાવનગરમાં નાટ્યપ્રયોગ ટાણે બન્યો. ભાવનગર નરેશ શ્રી કૃષ્ણરાવના સાળાએ નાટકની કોઈ

અભિનેત્રી સાથે અઘટિત વ્યવહાર કર્યો તેથી ઉશ્કેરાઈને વાઘજીભાઈએ એને સોટીએ સોટીએ ફટકાર્યો. આ બાબતે મહારાજાને જ્યારે વાઘજીભાઈને ઠપકો આપી રાજ્ય છોડી દેવા આદેશ કર્યો ત્યારે તેમના મોઢા ઉપર સાફ શબ્દોમાં સંભળાવી દીધું કે ''જ્યાં બહેન દીકરીની આબરૂ મુલાકાત સલામત ન હોય ત્યાં અમે ખુદ એક મિનિટ પણ રોકાવા તૈયાર નથી. તમારું આ રાજ્ય તમને મુબારક'' કહી તેઓ નીડરતા અને સમ્માનપૂર્વક કંપની લઈ ભાવનગર રાજ્ય છોડી ગયા હતા.

શ્રી વાઘજીભાઈ દિલેર પણ એવા જ શ્રી બાપુલાલ નાયક માટેનો એમનો સ્નેહ નિવૃત્તિ પછી પણ યથાવત રહ્યો હતો. એકવાર શ્રી બાપુલાલને એમના માયાળુ અને લાગણી પ્રધાન સ્વભાવને લીધે ''મંડળી''ને બંધ કરવાના સંજોગો ઊભા થયા. એમના નામનું વોરંટ નીકળ્યું હોવાથી શ્રી બાપુલાલ ક્યાંક ચાલ્યા ગયા છે એવા સમાચાર મળ્યા ત્યારે વાઘજીભાઈ પોતાની દીકરીના લગ્નપ્રસંગમાં રોકાયેલ હોવા છતાં તેની પરવા કર્યા વગર જ વડોદરા મહારાજ પાસે પહોંચ્યા અને ત્યાંથી મુંબઈ-કલકત્તા વગેરે સ્થળે ફરી છેવટે ઇંદોરથી બાપુલાલને સમજાવી પાછા ઘેર લાવ્યા. ''મંડળી''ને તેમજ વડોદરાના ''વાંકાનેર થિયેટર''ને શેઠ મોહનલાલ ઝવેરીને ત્યાં વેચીને મળેલી રકમમાંથી કલાકારોનો પગાર અને લહેણદારોને હપ્તેથી બાકીની રકમ ચૂકવવાની અંગત કબૂલાત લઈને એમણે નિવૃત્તિના સમયે પોતાના જૂના સહકલાકાર મિત્રને આપત્તિમાંથી ઉગાર્યા હતા. એ એમની દીલેરીનો ઉમદા નમૂનો ગણાય.

આમ કલાકાર તથા ''મંડળી''ના મેનેજર તરીકે લગભગ ચાલીસ વર્ષની કામગીરી દરમ્યાન એમણે બાપુલાલ નાયક, જયશંકર સુંદરી તથા ઉપરોક્ત અન્ય નાટય કલાકારો સાથે આત્મીયતા કેળવી હતી. આ બાબતની સાક્ષીરૂપ એક તસ્વીર અમદાવાદના જયશંકર ''સુંદરી'' હોલમાં આજે પણ જોવા મળે છે.

સાહિત્ય અને કલા સાથેના ખૂબ જ નિકટના સંબંધો ધરાવનાર આ કલાકાર ગુજરાત સાહિત્ય અને સભાના સક્રિય કાર્યકર હતા. તેમના પરનો ગુજરાત સાહિત્ય સભાના સેક્રેટરીનો અમદાવાદથી તારીખ ૨-૪-૧૯૪૬ના રોજ લખેલ પત્ર અત્રે શબ્દશઃ રજૂ કરું છું.

પ્રતિ : શ્રી વાઘજીભાઈ છત્રસિંહ બ્રહ્મભટ્ટ, મુ. ઉનાવા,

વિ.વિ.કે આપણા વયોવૃદ્ધ નાટ્યકાર શ્રી મૂળશંકર હ. મુલાણીના સન્માન સમારંભમાં જાતે હાજરી આપીને તે સફળ કરવાને માટે આપે અમોને જે હાર્દિક સહકાર આપ્યો છે એને માટે આપનો અમે ઉપકાર માનવાની આ તક લઈએ છીએ.

અમદાવાદ''[૬૩] એજ લિ, સહી-સેક્રેટરી, ગુજરાત સાહિત્ય સભા. આવા ઉમદા કલાકાર ૭૬ વર્ષની વયે ૧૯૫૬માં અવસાન પામ્યા.

હવે આપણને સહજ રીતે જ સવાલ થાય કે આવા બહુમુખી પ્રતિભાવાળા કલાકારને જયશંકર ''સુંદરી'' વગેરે એમના સહકલાકારોની માફક લોકો કેમ ઓળખતા નથી? એ માટેનું કારણ આપતાં એમના સુપુત્ર ચંદુભાઈ જણાવે છે કે :

''પાછળથી ''સુંદરી'', બાપુલાલ નાયક, પ્રાણસુખનાયક, છગન રોમિયો, ચીમન મારવાડી વગેરે તમામ તખ્તાના કલાકારોએ વ્યવસાયી રંગભૂમિનો ત્યાગ કરી આધુનિક રંગભૂમિનું ક્ષેત્ર અપનાવ્યું. ત્યારે વાઘજીભાઈ આ નવા પ્રયોગથી વિરક્ત રહ્યા. વળી જીવનનો ઘણો સમય વતનથી દૂર રહી વિતાવ્યો હોવાને લીધે સ્વૈચ્છિક નિવૃત્તિ સ્વીકારી ઉનાવા આવી રહ્યા. પરિણામે નવાયુગના નાટ્યપ્રિય પ્રેક્ષકો તેમનાથી અજાણ રહ્યા. પરંતુ કોઈ કોઈ જૂની રંગભૂમિના ચાહકને પૂછશો તો વાઘજીભાઈને જરૂર ઓળખતા હશે.'' વધુમાં ખેદ સાથે ચંદુભાઈએ મને ભારપૂર્વક જણાવ્યું કે :

''ગુજરાતી રંગભૂમિના કુશળ અભિનેતા અને મુંબઈ-ગુજરાતી નાટક મંડળી''નાં લાંબા સમય સુધી વ્યવસ્થાપક રહેલા વાઘજીભાઈને આમ ભૂલી જવાય તે સાવ દુઃખદ બાબત છે. સ્વ. શ્રી વાઘજીભાઈના લખાણ, ફોટોગ્રાફ્સ, એમના અંગત પુસ્તકાલયનાં ૨૧૫ જેટલાં અમૂલ્ય પુસ્તકો વગેરે અમારી પાસે અકબંધ છે તેનો સાહિત્ય અને નાટ્યક્ષેત્રે યોગ્ય સદુપયોગ થાય તે માટે કોઈ કલાપારખુ હાથ દ્વારા સરકારશ્રી એનો હવાલો સંભાળી લે તેવી અભ્યર્થના છે.''

**શ્રી ન્હાનાલાલ બળદેવજી બ્રહ્મભટ્ટ**

ગુજરાતનાં ભટ્ટસ્થાનોમાં વિજાપુર (ઉત્તર ગુજરાત) અને નડિયાદ (ખેડા)માંથી સાહિત્યકારો, કવિઓ અને કલાકારોમાં જેટલા બ્રહ્મભટ્ટો જોવા મળે છે એટલા ભાગ્યે જ બીજા કોઈ ભટ્ટસ્થાનોમાં જોવા મળશે.

નડિયાદમાં રસકવિ ઉપરાંત બીજા કેટલાક બ્રહ્મભટ્ટ સાત્યિકારો, કવિઓ, લેખકો અને કલાકારો થઈ ગયા તે પૈકીના એક એવા શ્રી ન્હાનાલાલભાઈ જાતે નાટ્યકાર, કવિ અને કલાકાર એમ વિવિધ પ્રતિભા સંપન્ન બ્રહ્મભટ્ટ હતા. તેમને શ્રી રઘુનાથ બ્રહ્મભટ્ટ પછીના સ્થાને મૂકવામાં આવે એટલા તે વિદ્વાન અને પ્રખ્યાત હતા.

શ્રી ન્હાનાલાલભાઈએ હેમજીની નાટક કંપની માટે ''જયમતી'' નામનું સુંદર નાટક લખ્યું હતું. જેમાં મુખ્ય નાયકની ભૂમિકા ગુજરાતી રંગભૂમિના પ્રખ્યાત અભિનેતા ચુનીલાલ નાયકે ભજવી હતી. તે પછી ન્હાનાલાલની પ્રતિભાથી આકર્ષાઈને ''દેશી નાટક સમાજ મુંબઈ''ના માલિક શ્રી હરગોવિંદદાસે તેમને પોતાની કંપની માટે નાટ્ય લેખક તરીકે આમંત્ર્યા હતા. ત્યાં શ્રી ન્હાનાલાલે પ્રખ્યાત ઐતિહાસિક કથાનકવાળું નાટક ''મીનળ-મુંજાલ'' લખ્યું જેમાં મુંજાલની પ્રખ્યાત ભૂમિકા ચુનીલાલ દુર્ગાદાસે ભજવીને નાટ્યપ્રેમી દર્શકોની ઘણી મોટી પ્રશંસા મેળવેલી.

ન્હાનાલાલ બ્રહ્મભટ્ટનાં ગીતો પ્રણય, રાષ્ટ્રભક્તિ અને ઈશ્વરભક્તિથી ભરપૂર રહેતાં. તેમાં ચિંતન અને નીતિબોધનું ઉપદેશપ્રમાણ પણ વિશેષ રહેતું. તેમની ભાષા સરળ, સહજ છતાં પ્રાસાનુપ્રાસ યુક્ત હતી. પોતાનાં ગીતોમાં ગરવી ગુજરાતની ભૂમિના ગુણગાન ગાતાં ગાતાં તેને રૂડી દૈવી ભૂમિ અને રત્નની ખાણ કહી બિરદાવી છે. તે એમના વતન પ્રેમની સાક્ષી છે. સ્ત્રીદાક્ષિણ્યની ભાવના વ્યક્ત કરવા તેઓ પોતાનાં ગીતોમાં નારીને જગતની તારણહાર ગણાવે છે. તેમનાં પ્રણયગીતો, યુવકો અને યુવતીઓનાં હૈયે તેમજ હોઠે રમતાં હતાં જેમાં ''થાએ અંતરની ઓળખાણ ક્યારે?

પહેલી નજરે, પહેલી નજરે....''

વગેરે પ્રણયગીતના ઉત્તમ નમૂનારૂપ ગીતો છે. દુર્ભાગ્યે આ કવિ બત્રીસ વર્ષની યુવાવસ્થામાં સ્વર્ગવાસી બન્યા. રંગભૂમિના રસિયાઓ એમની કલમની રસલહાણ પૂરી માણે તે પહેલાં તે જ રસનો ઝરો સદા માટે લુપ્ત થઈ ગયો.[૬૫]

**શ્રી રામપ્રસાદ અને શ્રી રમણલાલ કલ્યાણજી બ્રહ્મભટ્ટ**

નાટ્ય દિગ્દર્શક અને નાટ્યકાર એવા આ બે બ્રહ્મભટ્ટ બંધુઓ પૈકીના શ્રી રામપ્રસાદનું બીજું નામ ન્હાનાલાલ પણ હતું. તેમનો જન્મ ૧૮૮૯માં અને શ્રી રમણલાલનો જન્મ ૧૯૧૨માં શ્રી કલ્યાયજી છેલભાઈ બ્રહ્મભટ્ટને ત્યાં જૂના રાવપુરા, નડિયાદ મુકામે થયો હતો. પિતાજી રેલ્વેમાં સરકારી કર્મચારી હતા. પ્રભુભક્તિનો અને સાહિત્ય પ્રેમનો વારસો એમને બંને ભાઈઓને પિતા તરફથી જ મળ્યો હતો. એમના દાદા શ્રી છેલભાઈ સ્વામીનારાયણ ભગવાનનાં પરમભક્ત હોવાથી સ્વરચિત ભજનો અને છપ્પા મુક્તકંઠે ગાતા. આજે પણ પોતાની આ રચનાઓ માટે ભક્તજનો એમને યાદ કરે છે. એવા કુટુંબમાં ભક્તિ અને સાહિત્ય રચનાઓ વારસો લઈને ઉછરેલા આ બે ભાઈઓ બચપણથી જ ચબરાક હતા. બંનેની સ્મરણશક્તિ અત્યંત તેજ હતી.

નડિયાદના મોગલકોટ વિસ્તારની શાળામાં અભ્યાસ કર્યા પછી મોટાભાઈ ન્હાનાલાલ અમદાવાદમાં પ્રેસમાં કામ કરતા હતા. ત્યાં જ નવરાશના સમયે નાટકની પ્રવૃત્તિઓમાં રસ લેતાં પ્રતિદિન વધુને વધુ સક્રિય બનતા ગયા. એમના મતે સાહિત્યના ક્ષેત્રમાં નાટકનું સ્થાન મહત્ત્વનું હતું. તેથી નાટકો લખવાની એમની અભિરુચિ વિકસી. તેમની કલમે હળવાં છતાં જ્ઞાન સભર નાટકો તૈયાર થયા. જેમાં સૌપ્રથમ ૧૯૩૪માં ''હું તવંગર-યાને, લક્ષ્મીનો મદ'' નામનું નાટક લખાઈને તૈયાર થયું. અમદાવાદની રંગભૂમિ પર તે ભજવાયું ને વખણાયું. આ નાટ્યપ્રયોગ ને મળેલી ધારી સફળતાને લીધે પ્રોત્સાહિત થઈને ગુજરાતની જૂની રંગભૂમિને એમણે ''આત્મબલિદાન'', ''પવિત્ર-પ્યાર'', ''એ છૂપી વાત'', ''સમયના રંગ'' વગેરે સુંદર નાટ્યપ્રયોગો આપ્યા. આ નાટકોનું કથાનક અને પટકથા તૈયાર કરવા ઉપરાંત ન્હાનાલાલે તેનું સફળ દિગ્દર્શન પણ કર્યું અને નામના મેળવી.

આ બધાં નાટકોની રચના અન્ય માવજત પાછળ ન્હાનાલાલને રમણલાલનો પૂરતો સાથ-સહકાર મળતો એટલું જ નહિં પણ આ નાટકોમાં અભિનયનાં અજવાળાં પાથરીને લોકચાહના અર્પિત કરી. રમણભાઈએ મોટાભાઈની પ્રેરણાને વધુ પ્રોત્સાહિત કરી હતી.

ગુજરાતી રંગભૂમિ આ બંને ભાઈઓની ઋણી છે. આ બંને ભાઈઓના પ્રયત્નોને લીધે જ નાટકો અને નાટ્ય કલાકારોની સંખ્યા વધી. એને લીધે ગુજરાતી રંગભૂમિની શોભા વધી. સુશીલ અને સંસ્કારી નાટકો તૈયાર કરીને તેમણે જૂની રંગભૂમિની ઉમદા સેવા બજાવી છે.

''નડિયાદ કલા મંદિર''ના નાટ્યપ્રયોગોમાં પણ એમણે ઘણાં પાત્રો ભજવ્યાં હતાં. ''આત્મબલિદાન'' નાટકમાં ન્હાનાલાલની પઠાણની ભૂમિકા લોકોએ ખૂબ જ વખાણી હતી. એ જ રીતે ''રસમણિ''નું પાત્ર પણ ઉત્તમ રીતે ભજવ્યું હતું. ગોવિંદરામ વ્યાસ અને મનસુખરામ રાણા સાથે પણ એમણે ઘણાં નાટકોમાં કામ કર્યું હતું. એમનું સ્વરચિત નાટક ''પ્રણયના રંગ'' પ્રશંસાને પાત્ર બન્યું હતું. તેનું દિગ્દર્શક પણ એમણે કર્યુ હતું. આજે પણ કેટલીકવાર તે નાટ્ય પ્રયોગ અમદાવાદમાં થાય છે. આવા અદના કલાકારે તારીખ ૭-૭-૧૯૭૭ના રોજ સ્વર્ગની વાટે સિધાવવા આપણી વિદાય લીધી.''[૬૬]

આ તમામ નામી કલાકારો ઉપરાંત કેટલાક ઓછા પ્રખ્યાત એવા બ્રહ્મભટ્ટ કલાકારો કે જેમણે રંગભૂમિનાં નાટકો તેમજ ભવાઈ ક્ષેત્રે પોતાની અભિનયકલાનાં ઓજસ પાથર્યા હતાં અને જેમને વિષે ઘણા ઓછા માણસોને પૂરતી માહિતી છે, એવા કેટલાંક કલાકારોનો અત્રે એક જ સાથે ટૂંકો પરિચય આપું છું :

વળી ઉત્તર ગુજરાતના દુલાણા ગામના : જિલ્લા મહેસાણા : વતની શ્રી મંગળદાસ વાઘજીભાઈ જાગીરદાર : જન્મ : ૧૯૦૧ : પણ એમની અભિનયક્ષમતાને લીધે જૂનાગઢના નવાબને ખુશ કરી શકેલા. ખુશ થયેલા નવાબે એમને પોતાની સાથે રાખી લીધા. નવાબ શ્રી મોહબત્તખાન સાહેબના અંગત સચિવના હોદ્દા સુધી પહોંચેલા અને ૧૯૨૧થી ફેબ્રુઆરી ૧૯૩૯ સુધી આ સ્થાને સેવારત રહેલા આ મંગળદાસને ગાયકવાડ સરકારના દિવાન શ્રી ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈએ પણ ''વન્ડરબોય'' તરીકે મહારાજા ગાયકવાડ સાહેબને પરિચય કરાવેલો. રમણલાલ વ. દેસાઈ, ગોકળદાસ દ્વારકાદાસ રાયચુરા, મૂળજીભાઈ શાહ (નભોવણી અમદાવાદના ડાયરેક્ટર) તથા છેલશંકર દવે ''છેલભાઈ'' (પોલીસ કમિશ્નર) તેમજ શામળદાસ ગાંધી જેવા ધુરંધરો સાથે એમને આત્મીયતા. મહાત્મા ગાંધી સાથે પણ લાંબો સહવાસ કેળવેલો.

માત્ર પાંચ ધોરણ સુધીનો અભ્યાસ મેળવી શકેલા આ શ્રી મંગળભાઈ જાગીરદાર પોતાની વાકછટા-બુદ્ધિચાતુર્ય-અભિનયકલા વગેરે ગુણોને કારણે મિત્રો અને અમલદારોમાં પણ પ્રિય થઈ પડેલા અને નવાબ સાહેબની સેવાના લીધે જુનાગઢ પાસે જાગીર પામેલા. ગાંધીવાદી અને સુધારક વિચાર સરણીને લીધે મોટાભાગના કુરિવાજો અને દૂષણોથી હંમેશા દૂર રહ્યા એટલું જ નહિ એના વિરોધી પણ રહ્યા. આજે પણ પોતાના વતનના ગામમાં ૯૨ વર્ષની ઉંમરે ગુલાબી મિજાજમાં જિંદગીના પાછલાં વર્ષો પોતાના પુત્રો અને પૌત્રો વચ્ચે ગુજારી રહ્યા છે.[૬૭]

આ ઉપરાંત ઉનાવા (જિલ્લા મહેસાણા)ના વતની શ્રી સુરજમલ બારોટ પણ નાયકો સાથે ભવાઈ વેશમાં સ્ત્રીપાત્ર ભજવતા હતા. નાયકો એમને આગ્રહપૂર્વક લઈ જતા. એમના અભિનય વિના ભવાઈનો રંગ જામતો નહીં એમ આજે પણ જાણકારો કબૂલે છે.

બીજા એક બ્રહ્મભટ્ટ કલાકારશ્રી પરધુજી મુ. કંથરાવી (જિલ્લા મહેસાણા) પણ નાયકો સાથે ભવાઈમાં સ્ત્રી પાત્ર ભજવતા. એમને તેજ વખતે અઠ્ઠઈ કાંચળિયા કલાકાર તરીકે લોકો ઓળખતા. ''તેજાં''નાં પાત્રમાં તેઓ ખૂબ જ ખીલતા.

આ સિવાય શ્રી રૂગનાથજી જેસંગજી બારોટ ગામ-ભાટવાસ (તાલુકો ખેરાલુ જિલ્લો મહેસાણા) જન્મ ૧૯૨૩-૨૪ મૃત્યુ તારીખ ૩-૮-૧૯૮૬ : પણ થોડોક સમય માટે દેશી નાટ્ક સમાજમાં-ભાંગવાડી ખાતે વલીમંહમદભાઈ અને તેમના બનેવી કાસમભાઈ (વતનનું ગામ ભાલુસણા, તા.ખેરાલુ) સાથે નાટકમાં કામ કરી ચૂક્યા હતા. પરંતુ તે સમયે આ કામ લોકદષ્ટિમાં માનભર્યું ગણાતું ન હતું. તેથી એમણે કલોલ (ઉત્તર ગુજરાત) આવી ત્યાંની કેલિકો મિલ્સમાં ટાઈપકીપર તરીકે નોકરી સ્વીકારી. છતાં કલાકર જીવ હોવાથી અભિનય રુચિ તો એમણે આજીવન જાળવી.

આ ઉપરાંત ગામડી (સાબરકાંઠા)ના ચીમનલાલ બારોટ, ચાડા (ઉત્તર ગુજરાત)ના અંબાલાલ મોઢાભાઈ બારોટ કે જેમણે જયશંકર સુંદરી જેવા કલાકાર સાથે તખ્તા પર સ્ત્રીપાત્ર ભજવ્યું હતું તે તેમજ દેવડા (ઉ.ગુ.)ના હાસ્યકલાકાર મફતલાલ મણીલાલ અને કનુભાઈ રણછોડજી બારોટ કે જે ''પાનેતનો રંગ'' થી પ્રચલિત બન્યા હતા તેવા અનેક બ્રહ્મભટ્ટ ભાઈઓએ નાટ્યકલાને ક્ષેત્રે સુંદર પ્રદાન કરેલ છે.[૬૮]

લોકકથા-વાર્તા કહેવાના તથા લખવાના ક્ષેત્રે પણ બ્રહ્મભટ્ટોનું નોંધપાત્ર પ્રદાન રહ્યું છે. લોકકથા લેખક તરીકે ડાહ્યાલાલ અંબાલાલ બ્રહ્મભટ્ટ (કાકાનું તારાપુર, જિલ્લા ગાંધીનગર) પ્રખ્યાત છે. જ્યારે લોકકથાકાર તરીકે સરકારશ્રી તરફથી પદ્મભૂષણ સન્માન પાત્ર કરનાર કાનજી ભુટા બારોટ, ઉપરાંત રેડીયો, ટી.વી. પર લોકકથા

કહેનાર કેશુભાઈ બારોટ (જૂનાગઢ) ફિલ્મીગીતોને સુરીલાકંઠથી યાદગાર બનાવનાર પાર્શ્વગાયિકા કમલ બારોટ અને એવા અનેક બ્રહ્મભટ્ટ કલાકારોએ ગુજરાતની સંસ્કાર યાત્રાના પથ પર પોતાની કલાનું ઓજસ પાથર્યું છે.

આ ઉપરાંત સ્વાતંત્ર્ય ચળવળના સમયે અને ખાસ તો જ્યારે ગાંધીવાદી ચળવળોથી દેશભરમાં નવજાગૃતિ ફેલાઈ હતી ત્યારે ગુજરાતના લોકોને પોતાની પ્રાચીન પરંપરા અનુસાર વીરરસ અને સ્વાતંત્ર્ય પ્રેમી લખાણો ધ્વારા જાગૃત કરવાનું કામ પણ બ્રહ્મભટ્ટ કવિઓ અને લેખકોએ કર્યું હતું. એમની તમામ રચનાઓની કોઈ ખાસ ચર્ચા કર્યા વગર જ યથાસ્વરૂપે એમના નામ સાથે ક્યાંક કેટલીક કંડીકાઓના રૂપમાં તો ક્યાંક જરૂરિયાત મુજબ આખેઆખું કાવ્ય તથા પ્રસંગો અત્રે ટાંકીને આપણે એ સાબિત કરી દઈએ કે આ બ્રહ્મભટ્ટો ભૂતકાળમાં જ નહિ પરંતુ વર્તમાનકાળમાં પણ સ્વાતંત્ર્ય પ્રેમ, સ્વદેશ-ભક્તિ અને વીરરસયુક્ત ગીતો દ્વારા પોતાના સાંસ્કૃતિક વારસાને અકબંધ જાળવી શક્યા છે. હવે આવી કેટલીક રચનાઓની ઝલક મેળવીએ.

૧. **''કર્મવીર મહાત્મા ગાંધીને'' : શ્રી ભગુભાઈ ગં. બ્રહ્મભટ્ટ ખંભાત :**

''ગાવા ગુણ ગોવિંદના દઢ પ્રતિજ્ઞા મ્હારી,
પણ ત્હારા ગુણથી આજ, તે ટેક મૂકાવી મોહનતા : ગાંધીજી :
જાણે ઉગ્યો ભાણ, એમ મોહન કર્મે પ્રકાશતો,
તે જીવ્યું તારું પ્રમાણ, બીજા જીવે મૂવા જયમ... મોહના.
''કબા'' તું ભલે રે દીવાન, સુદામાપુરીને પાદરે,
પણ તારા સપૂતની આણ, માણસના મન-ઉદરે-મોહના.''[૬૯]

૨. **''નિષ્કામ આદર્શ'' : શ્રી ધેનુ સેવક :**

''સ્થાપેજ છે તે અચલ ઠામ પર, કરી કામ કંઈ, ન મરો નામ પર,
સ્વતંત્રતા જન્મ અધિકાર છે, તેના વિના જન્મ ભૂભાર છે.
સ્વભૂમિ તથા દેશનો દાસ છે, સફળતા સદા તેની પાસ છે.
બને ધન્ય નર તે ધરા ધામ પર, કરો કામ કંઈ, ન મરો નામ. પર.''[૭૦]

૩. **''સ્વદેશ સેવાનો નમૂનો'' : શ્રી દેવિસિંહ મો. બ્રહ્મભટ્ટ-દેવડા :**

''જનમ લઈ હિંદૂભમિમાં, વિદેશીને વખાણે છે.॥
ફૂલે જે થેંક્સ સૂણીને, કરે શું દેશની સેવા?

વદીને વંદે માતરમ જે, ભળે વિશ્વાસઘાતીમાં,
બની બગભગતડાઓ તે, કરે શું દેશની સેવા?
ટીંગાળી ચાંદ સત્યાગ્રહ, જણાવ્યું નામ છાપામાં,
થયો જે સ્વાર્થ-સાધુ તે, કરે શું દેશની સેવા?
સ્વદેશીને જ ઉત્તેજે, ગણીને ધર્મ પોતાનો,
વસાવેજે વિદેશીને, કરે શું દેશની સેવા?[૭૧]

૪. **''વહાલા બ્રહ્મભટ્ટોને એક આદેશ'' : શ્રી ભોળાભાઈ મો. બ્રહ્મભટ્ટ-મુંબઈ :**

''અમારી ભારતી માનાં, અમૂલાં દૂધહાં પીને,
રસાળા સૌ પ્રદેશોનાં, ફળોને તો પચાવીને,
અમે સંતાનો સૌ એનાં, નહિ બેસી રહી શકીએ,
દિપવવા દૂધડાં એનાં, અમે આદેશ કર ધરીએ
ઝનૂની રંગમાં ઝાલશું, જગતને દં તો કરશું.
બનીશું ને અમે પાલશું, સ્વદેશીમાં મળી જઈશું.
અમે ભારતને ઝીલશું, જગતને ભાવમય કરશું.''

૫. **''તન ચરખીડો'' : શ્રી મણિલાલ મો. બ્રહ્મભટ્ટ :**

''તનનો ચરખીડો અદ્‌ભુત સરખો, શબ્દ સુતરથી ફરતો,
ગુરુ ગાંધીથી ગમ પડી હવે, તે સઘળાં સંકટ હરતો,
લગની મોહનની લાગી રે, સફળ ભ્રામણાઓ ભાંગી રે,
કરમ કાષ્ટનો ચરખીડો, સુંદર સુઘડ સુથારે ઘડીયો.
અંતઃકરણ ઈંઢોણી પ્રોઈ, દશ દામણીઆ લીધા,
મનમાંકડી ચોક્કસ કરીને આંટા અદ્‌ભુત દીધા,
ત્રાક ત્રિવેણી સુંદર તેની માળાચૈતન્ય કેરી,
અસહકારી ત્યાં ઘર પૂણીઓ ફરે રેટિયો ફેરી,
મોહન સદ્‌ગુરુ બળથી કાંતો સુતર સારું.
પરમાત્મા કંઈ કૃપા કરે તો મળે સ્વરાજનું બારું.''[૭૩]

૬. **"નૂતન વર્ષ વિચારણા" : "પાદરા કર" :**

"પ્રભુજી નવ વર્ષે વિચારું હું હૃદય મહીં !
છૂપાયાં કીર્તિ બળ-ક્રાંતિ કહોને હિંદનાં કયહીં?
મટી ક્ષત્રી ખત્રી, રાજપુત્રો બન્યા રજ-પૂત !
ત્યજી સમશેરને બખ્તર, બન્યા છે આજે કપૂત.
પ્રભુ અમ દેશ દીપક શા ! જગવજો શૂર ક્ષત્રિઓ !
કર્મવીર બન પૂરા, પિતા બળ સુમતિ દેજો.
બનાવો દેશના ભક્તો, સકળ સંતાન ભારતનાં
વિજયશ્રી રંગ ધરનારા, સુભટ્ટ-ભાસ્કર તણા જેવાં.
નવા વર્ષે પ્રભુ દેજો, અમ દેશને મુક્તિ,
રામ રાજ્યે વિલસવાની મણિમય શાંતિને શક્તિ"[૭૪]

૭. **"ગાંધીજી" : શ્રી ઈશ્વરલાલ રસિકરણજી :**

"જગતને છાંટણે રે, સત્યવ્રત ઘોળ્યાં ગાંધીજી,
ભારતને આંગણેરે, હેડાં ઝબોળ્યાં ગાંધીજી,
દેશ કેરે કારણે રે, સર્વને જગાડ્યાં ગાંધીજી.
ભલાં ભલાં ભાષણોરે, જેહને ભણાવ્યા ગાંધીજી.
ભારતને બારણે રે, ભાગ્ય કંઈ લખાવ્યાં ગાંધીજી.
સુતરને તાંતણે રે, સાજ શું સજાવ્યો ગાંધીજી."[૭૫]

૮. **"કર્મવીર સોરઠા-દશક" : શ્રી છગનલાલ અ. બ્રહ્મભટ્ટ-મહેસાણા :**

મોહનની મોહની મૂરત, મન ભલભલાં ડગાવિયાં,
કરજો તાજબુજ, તુરત અમલ અનેરો અમ પરે.
મોહન મન હરી લીધ, મંત્ર સ્વતંત્ર પઢાવિયા,
જાણે જાગ્રત કીધ, ભર નિંદ્રાના સ્વપ્નથી.
મોહન મોંઘુ જ્ઞાન, કર્મયોગનું શીખવ્યું.
ગયું ઘોર અજ્ઞાન જ્ઞાન ન રગ રગથી ખસ્યું.[૭૬]

૯. **"નવ વર્ષ અભિલાષ" : શ્રી પરધુભાઈ વ. શર્મા :**

"ભગવાન ભારત ભૂમિમાં, આધિ ઉપાધિ નાહો,
વ્યાધિ અવિદ્યા નાહો, ઈર્ષા કુસુંપ નાહો.
દુષ્કાળ દુઃખ ના હો, ભૂકંપ આગ નાહો.
સંસાર-યુદ્ધ નાહો, અત્તર અશાંતિ નાહો.
હિન્દુ-મુસલમાં પારસી, જૈનોને ખ્રિસ્તી સૌ કો,
વૈદિક ધર્મને ઝંડે, ભારત કાજ એક હો."[૭૭]

૧૦. **"નવા વર્ષની શુભેચ્છા" : શ્રી છગનભાઈ ખે. બ્રહ્મભટ્ટ-ખંભાત :**

"પ્રગટી પ્રભા નવ વર્ષની, કલ્યાણકારી એ હજો
તાપો ત્રિવિધ ટાળીને, સુયશ જગે, પ્રસારાવજો.
જનની જન્મભૂમિ તણુ હિત હૈયે કંઈક ધારજો
અસહકાર યુદ્ધ સંગ્રામમાં, "સુભટ" તમે સાચા થજો.[૭૮]

૧૧. **"પ્રભુજી ક્યારે ?" : "સારંગ-પાદરા :**

"પ્રભુજી તિમિર ભર્યા ભારતને, ક્યારે જગાડશો રે ?
નાથજી પરવશતા જિંપરથી સિંહ, ક્યારે ઉઠાડશો રે ?
સ્વદેશ માટે જગ ઝૂઝનારા, મરતાં પાછા નહિ પડનારા,
સત્યાગ્રહી વીરોમાં શૌર્ય ક્યારે સ્ફૂરવશો રે"[૭૯]

૧૨. **"બ્રહ્મભટ્ટ જાગશો ક્યારે ?" : પાદરાકર" :**

"સમર રસ રેલતાં રણમાં સમર સિતારના તારે !
માતૃભૂમિ માટે અર્પાતા બ્રહ્મભટ્ટો જાગશે ક્યારે ?
તમારો દેશ રીબે છે ? ગુલામીની દશામાં રે !
વદી હર હરને કેશરિયાં, કરી ખૂંખાર શો ક્યારે ?"[૮૦]

૧૩. **"સજો અંગે સૌ ખાદી" : "મંગળદાસ ચ. કવિ-વિજાપુર :**

વાત સમજોને સાદી, કાજ હિંદ દેશની આબાદી,
આદિને અનાદિની આ, સજો અંગે સૌ ખાદી.

ફેશનના ફંદે થયા સઘળા બેભાન એથી,
સર્વે પર બોજો, પ્રજા અન્ય રહી લાદી... વાત...
સંયમનો મંત્ર સાચેરો શીખવતી ખાદી
અંતરમાં સર્વે લખી રાખજો એ બધી યાદી... વાત...
સદ્ગુરુને ચર્ણ શર્ણ ''સંતજન'' વદે છે.
અનુભવીને ઓળખ્યોથી પામશો આઝાદી..
વાત સમજોને સાદી, કા હિંદ દેશની આબાદી...[૮૧]

૧૪. **''જયવંદે માતરમ્'' : ઝવેરભાઈ બે. કવિ-કલોલ :**

નિર્મળીને નિરાળી દૈવી સાધના સમી,
પ્રેમથી પ્રસારતી રહી સદા અમી,
પોષિયા છે પિંડ પડ્યા આજ તુજ કદમ
ભારતીય જયભારતી ! જય વંદે માતરમ્ !...
એ શિવજીને પ્રતાપ આજ સાંપડ્યા
લાલ બાલ પાલ નવા આજ પણ અડ્યા
ગાંધીજીએ જગાડી આજ ઉંઘતી આલમ
ભારતી જયભારતી જયવંદે માતરમ્ !
જોડ બંધુ વલ્લભાને વિઠલા જડ્યા,
સેન ગુપ્ત ને જવાહર છે રણે ચડ્યા
પૂરજે તુ આશ રહી પાસ વીર ધરમ
ભારતી જયભારતી જયવંદે માતરમ !
એમથી અનેક આજ જાય ઉઘલતા
હિંદુ મુસલમાન પુત્ર શીશ અર્પતા
લાજ હાથ તું અને હરિ તણે કદમ
ભારતી જયભારતી જય વંદેમાતરમ ।[૮૨]

૧૫. **''મોહન'' : ''પ્રભુદાસ બ્રહ્મભટ્ટ-ચાંગોદ :**

''જગત સુધારનકો આયે રઘુરાજ માનો,
હિંસા દંભહીકો રાજ બેહાલ બનાયો હૈ,
ભારતકે ભાગ્યકો યોં, ઉજ્જવલ બનાને કે લિયે
સારે હિંદમેં અહિંસા ધ્વજ ફરકાયો હૈ.
મોહન હૈ ધન્ય સત્ય પેલ્ત સાધના રે,
ધર્મ કો મર્મ દિવ્ય સબેંકો સુનાયો હૈ,
કહે ''પ્રભુદાસ'' ''ગાંધી'' યુગ ગયે પ્રગટ ભયો.
મોહન ન રહ્યો જહાં તે આનંદ છવાયો હૈ.

૧૬. **''સ્વ. મોતીલાલ : નહેરુને એક શ્રદ્ધાંજલિ.''**

**ઝવેરભાઈ બેચરભાઈ કવિ-કલોલ :**

પંડિત મોતીલાલજી ઝૂઝયા જીવનના જંગમાં
એ દેહધરી દેશપ્રેમી બહુ રમ્યા રણ રંગમાં,
ઓચિંત ક્યાંથી આવ્યું તેડું એમના અવસાનનું
અણીને સમય એવા જતાં, દુર્ભાગ્ય હિંદુસ્તાનનું...
આદર્યા એનાં અધૂરાં આજ તો પૂરાં થશે
સંદેશ સિદ્ધ સ્વરાજનો કોઈ સ્વર્ગ દૂત હોતો જશે
પૈગામ તક પંડિતનું સ્વાગત રહ્યું સન્માનનું
અણીને સમય એવા જતા દુર્ભાગ્ય હિંદુસ્તાનનું
દેવાધિદેવ દયાળુ દુઃખ અમ દેશનાં અટકાવજો
મુક્તિ લડત શ્રી મહાત્મા ગાંધી કરે જે મિટાવજો.
જયદેવ એમ ''ઝવેર'' માનું દેશ-મુક્તિ દાનનું.
અગીને સમય તીર જાય એ દુર્ભાગ્ય હિંદુસ્તાનનું[૪]

આ તમામ ગીતોથી હળવી શૈલીમાં છતાં ખૂબ જ સચોટ રીતે લખાયેલું રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટનું એક કાવ્ય જોઈને આપણે બ્રહ્મભટ્ટો રચિત સ્વાતંત્ર્ય ગીતોનું સમાપન કરીશું. આ તમામ ગીતો સરળ અને સ્વયંસ્પષ્ટ હોવાથી એની કોઈ જ ટિપ્પણી કરવાનું ટાળ્યું છે.

**૧૮. પ્રેરણા : રસકવિ : રઘુનાથ બ્રહ્મભટ્ટ :**

બહેનો આજે ઉરની કહું એક વાતડી,
સજની મારી શરમ તણો નહિ પાર જો,
પડોશણનો પતિ ગયો ધારાસણે,
ગયા મારે ઘરખૂણે : નિજ : ભરથાર જો.
છ છ મહિના વિનવી વિનવી વહી ગયા,
પાણી ચડે નહિ પિયુજીને તલભાર જો
એ દુઃખે દિન દિન અતિશય દૂબળી
સૌ કહે મને કાયર નરની નાર જો.
આજ પ્રતિજ્ઞા લઉં છું બહેનો આકરી,
દાળ કરું તો મને દેરાણીના સમજો.
ભાત વિના ભરથાર ભલે ભૂખે મરે,
શાક કરું તો મને સાસુડીના સમજો,
સાત સાત દિવસો ભૂખે તરસે વહી ગયા,
પાણી ચડ્યું મારા પિયુજીને તો અપાર જો
સૈનિક બની રણસંગ્રામે સંચર્યા
જેલ સિધાવ્યા શૂરાના સરદાર જો.
સરળ શિખામણ બહેનો સૌને આપતી
કાયર હોયે સખી જેનો ભરથાર જો
મેં અજમાવી એવી યુક્તિ વાપરો,
સજની થાશે સૌનો બેડો પારજો,
સ્વતંત્રતા વરશે જનની આ સહજમાં
ખુલ્લા થાશે ઘર ઘરનાં મુક્તિ દ્વાર જો,[૮૫]

''ભટ્ટભાસ્કર'' ઉપરાંત ''સુભદ'' – ''બ્રહભટ્ટ'' વગેરે જે જ્ઞાતિમાસિકો આ સમયે બહાર પડ્યાં હતાં તે તમામ પૈકી ''ભટ્ટભાસ્કર'' સ્વજ્ઞાતિ ઉપરાંત સ્વદેશ માટે વિશેષ

જાગૃત હોય તેમ તેનાં લખાણો પરથી જણાય છે. ''ભટ્ટભાસ્કર''નાં આદ્યતંત્રી સ્વ. પુરુષોત્તમદાસ શામળદાસ માતરવાળાએ ''બ્રહ્મભટ્ટ કોમમાંથી હવે સાચા જ્ઞાતિ હિતૈષી સ્વયંસેવકો કાર્ય કરવા બહાર આવશે?''

એ શીર્ષક નીચે જ્ઞાતિબંધુઓને સ્વતંત્રતા પ્રાપ્તિ માટે દેશસેવાના કામમાં લાગી જવા આહ્‌વાન કરતાં કહ્યું કે : ''હાલ આખા દેશમાં ભારે જાગૃતિ આવી છે. આપભોગ (સ્વશાસન) એ પ્રજાનો મહામંત્ર થઈ પડ્યો છે. યજ્ઞકુંડ રચાયા છે. વકીલમંડળ, વિદ્યાર્થીજગત એ યજ્ઞવેદી પર આત્મભોગનાં પવિત્ર બલિદાન આપી રહ્યા છે. હિંદના ચોખૂણે સેવામંત્રની તૂરી વાગી રહી છે. હિંદ માતા પોતાને દુઃખમાંથી મુક્ત કરવા પુત્રોને આહ્‌વાન કરી રહી છે. આવે વખતે બ્રહ્મભટ્ટ કોમ કુંભકર્ણની ઊંઘ પેરે કાં ઘોરે છે?

જે વીર સત્યાગ્રહી કોમમાં સંજય, ચંદ, ગંગ, ભૂષણ, નરહર, બિરબલ જેવા કેશરીનરો પાક્યા હતા તેના વંશજો દેશ સેવા માટે હજુ કેમ બહાર આવતા નથી? દેવોને કરમાયેલાં પુષ્પો નથી અર્પાતાં; તેમ દેશને અત્યારે થાક્યા પાક્યા (વૃદ્ધ) પુરુષો કરતાં નવયુવકોની ઘણી જરૂર છે. યુવકવર્ગ ઉપર જ અત્યારે દેશને બહુ મોટી આશા છે આથી બ્રહ્મભટ્ટ જ્ઞાતિના યુવકોને વિનંતી કરવામાં આવે છે કે તેમણે પોતાથી બનતી મદદ કરવા બહાર આવવું...ને નીચેના શિરનામે લખવું. બ્રહ્મભટ્ટ સમાજ તરફથી તેને માટે ઘટતી વ્યવસ્થા થશે.''[૮૬]

આવું જ એક બીજું આહ્‌વાન ''ભટ્ટભાસ્કર'' (ઓક્ટો-નવેમ્બર ૧૯૨૧)ના દીપોત્સવી અંકમાં ઉત્તર ગુજરાતના મહેસાણા પાસે આવેલ લીંચ ગામના વતની શ્રી છોટાલાલ બ્રહ્મભટ્ટે ''નૂતન વર્ષને નૂતન પ્રભાતે'' શીર્ષક નીચે આ પ્રમાણે કર્યું :

''બ્રહ્મભટ્ટોનાં બાળકો માટે આ (સ્વતંત્રતા ચળવળ) મંગલમય મુહૂર્ત છે. ઊઠો ! જાગૃત થાઓ અને સાધ્ય સિદ્ધ ન થાય ત્યાં સુધી આરામ ન લેવાની ભીષ્મ પ્રતિજ્ઞા લઈ નવયુગને કિનારે વ્યુત્ક્રમ પામતા સ્વરાજ્યવાદી પ્રજાસમૂહમાં સંપ-શૌર્ય-સ્વાર્પણની અજબ જ્યોત જગાવી આ ભવ્ય ભારતવર્ષને એક વાર ફરીથી બ્રહ્મભટ્ટ મય બનાવી દો.''[૮૭]

બ્રહ્મભટ્ટ સમાજના આગેવાનો અને સુજ્ઞ જ્ઞાતિજનો તથા ''ભટ્ટભાસ્કર''ના આદ્યતંત્રી શ્રી પુરુષોત્તમદાસ માતરવાળાની તથા તંત્રી ચૂ. પુ. બારોટની ઉપરોક્ત અપીલોને પરિણામે સમાજમાં એક સ્વાધીનતાપ્રિય વર્ગ તૈયાર થવા લાગ્યો. જેને ગાંધીયુગનાં આંદોલનોમાં ભાગ લેવાનું અહોભાગ્ય સાંપડ્યું. આ પૈકીના સૌથી પ્રથમ નંબરે આવતા શ્રી માતરવાળાના અનુગામી અને મહાત્મા ગાંધીજીના અંતેવાસી એવા શ્રી ચૂ. પુ. બારોટ અને તેમનાં ધર્મપત્ની શ્રી દિવાળીબહેને જ્ઞાતિજનો સમક્ષ ઉત્તમ

ઉદાહરણ રજૂ કર્યું. શ્રી ચૂ. પુ. બારોટ ગુજરાત વિદ્યાપીઠમાંથી ''સાબરમતી'' નામના દ્વિમાસિકનું તંત્રીપદ તત્રા બીજું ઘણું ઘણું કામ સંભાળતા હતા. આ ''દ્વિમાસિક'' વિષે બે શબ્દો નોંધતા માતરવાળાએ ''ભટ્ટભાસ્કર''ના માધ્યમથી જે લખ્યું છે તે શ્રી ચૂ. પુ.ની પ્રતિભાની ઝલક આપતું હોવાથી અત્રે નોંધું છું.

''આ નવું દ્વિમાસિક જોતાં જ અમારી આંખમાં હર્ષના આંસુ આવ્યાં. દેશને માટે ફકીરી ધારણ કરી બેઠેલાં આ દેશસેવકને હાથે પ્રગટ થતાં દ્વિમાસિક વિષે વધારે વિવેચન કરવાની શી અગત્ય હોય? જૂના કાળથી જ બ્રહ્મભટ્ટકોમ દેશ સેવાનાં કાર્યોમા આગેવાની ભર્યો ભાગ લેતી આવી છે. ભાઈ ચુનીલાલને પણ દેશસેવાની આવી સુંદર તક મળી છે. તે બદલ અમે તેમને હૃદયપૂર્વક અભિનંદન આપીએ છીએ.'' આ અરસામાં શ્રી ચૂ. પુ. બારોટને કારાવાસ પણ ભોગવવો પડ્યો. એટલું જ નહિ પણ એમણે સફળ રીતે સંભાળેલું ''ભટ્ટભાસ્કર'' શ્રી મંગળદાસ ચ. કવિને સોંપ્યુ પડ્યું હતું. આ ''ભટ્ટભાસ્કર'' ઉમરેઠના ''સરસ્વતી પ્રેસ''માં છપાયુ હતું તેને સરકારી ઓર્ડિનન્સની રુએ જામીન નહીં મંગાવવાને લીધે બંધ કરવામાં આવતાં તે પ્રેસની સાથે સહાનુભૂતિ ખાતર કેટલીક વખત ''ભટ્ટભાસ્કર'' પણ બંધ રાખવું પડેલું. પાછળથી ''ખડાયતામિત્ર'' વાળા શ્રી કેશવ હ. શેઠે ભટ્ટભાસ્કરનું ડેકલેરેશન નોંધાવવાનું કબુલ્યું ત્યારે ચાલુ થયું તે પ્રસંગે ''ભલભલાને વેઠવું પડે એવા સ્વાતંત્ર્ય સંગ્રામના દિવસોમાં 'ભાસ્કર'ની આ આપત્તિ ગ્રાહકવર્ગ પ્રફુલ્લિત ચિત્તે વેઠી લેશે એવી અમે આશા રાખીએ છીએ.''[૮૮] એવી દિલોજી સાથે તંત્રીએ પુનઃ ભટ્ટભાસ્કર શરૂ કર્યું હતું. આમ ''ભટ્ટભાસ્કર'' અને બ્રહ્મભટ્ટ યુવકોને પણ આ સમય દરમિયાન અનેક મુશ્કેલીઓ વેઠવી પડી હતી, જે તેમણે સંઘર્ષ વેઠી લઈને સ્વદેશ સેવાનો ઉત્તમ નમૂનો પૂરો પાડ્યો હતો.

એક વાત ચોક્કસ હતી કે આવાં જ્ઞાતિ-માસિકોનાં લખાણો એના તંત્રીઓ અને સ્વાતંત્ર્યપ્રેમી જ્ઞાતિવીરોનાં વીરોચિત આહ્વાનોને લીધે ઠેરઠેર યુવક મંડળો સ્થપાયાં હતાં જેનું મુખ્ય કાર્ય સ્વાતંત્ર્ય લડતમાં ભાગ લેવાનું હતું. હવે આવાં એકાદ બે દૃષ્ટાંત જોઈએ. ''વીરોને અભિનંદન'' શીર્ષક નીચે ''ભટ્ટભાસ્કરે'' પોતાનાં મુખપૃષ્ઠ પર છાપેલા આ સમાચાર બ્રહ્મભટ્ટ યુવકોએ સ્વાતંત્ર્ય લડતમાં લીધેલા ભાગનું ઉદાહરણ છે. ''અમદાવાદ-બ્રહ્મભટ્ટ યુવક મંડળ''ની આ સભા મહાત્મા ગાંધીએ આદરેલા સ્વાતંત્ર્ય સંગ્રામો વધાવી લે છે. અને એમાં અમદાવાદના જે બ્રહ્મભટ્ટ યુવકો જોડાયા છે તેમને અભિનંદન આપે છે. અને બાકીનાઓને બનતી ત્વરાએ તેમાં સહાયભૂત થવા વીનવે છે.''

અમદાવાદ બ્રહ્મભટ્ટ યુવક મંડળના સમાચાર પછી તરત જ આવા સ્વાતંત્ર્ય ચળવળના લડવૈયા ભરૂચ બ્રહ્મભટ્ટ યુવક મંડળના સમાચાર આ પ્રમાણે આપ્યા હતા.

''ભરૂચ બ્રહ્મભટ્ટ યુવક મંડળે તારીખ ૧૯-૪-૧૯૩૦ના રોજની સભામાં પોતાનામાંથી સૈનિક બની સ્વાતંત્ર્ય સંગ્રામમાં જોડાયેલા વીરોને અભિનંદન અને વિદાય આપી હતી... ભરૂચના બ્રહ્મભટ્ટ વીરોનાં નામો નીચે મુજબ છે:

૧. શ્રી. શંકરલાલ વાઘજીભાઈ  ૨. શ્રી ગોરધનભાઈ ઝીણાભાઈ

૩. શ્રી મૂળજીભાઈ મોહનભાઈ  ૪. શ્રી અંબાલાલ હાથીભાઈ

સત્યની લડત અહિંસાપૂર્વક વિજયી અંત સુધી લડીને માતાને દીપાવો''[૯૯] એવી તંત્રીની શુભેચ્છાઓ સાથેના આ સમાચાર સ્વાતંત્ય ચળવળના સ્મયે બ્રહ્મભટ્ટોમાં વહી રહેલ સ્વાતંત્ર્યોન્માદના પ્રતીક છે.

એ જ રીતે ''ભટ્ટભાસ્કર''ના આગલા અંકના મુખપૃષ્ઠ પર ''આપ જાણો છો?'' વિભાગમાં ''શૂરા જાગજો રે'' શીર્ષક નીચે તંત્રીશ્રી ચૂ. પુ. દ્વારા આપવામાં આવેલ સ્વાધીનતા સમાચાર ધ્યાનાકર્ષક છે.

''વ્હાલી માતૃભૂમિને સ્વતંત્ર કરવા માટે મહાત્મા ગાંધીએ જે રણસંગ્રામ શરૂ કર્યો છે તેમાં નીચેના બ્રહ્મભટ્ટ યુવકો સ્વયંસેવક તરીકે જોડાયાના ખબર મળ્યા છે.

૧. શ્રી.પ્રભાતસિંહ ગુમાનસિંહ બારોટ, ભાલોદ (સભ્ય ગુ.બુ.યુ.મંડળ, વડોદરા) કોલેજના પ્રીવીયસ વર્ગ છોડી ગુજ. વિદ્યાપીઠમાં જોઈતી તાલીમ લીધા પછી આ ભાઈને ભરુચ જિલ્લામાં મોકલ્યા છે.

૨. શ્રી મોતીલાલ નારણદાસ બ્રહ્મભટ્ટ-તારાપુર-સભ્ય ગુ.બ્ર.યુ.મંડળ તથા મંત્રી અમદાવાદ બ્ર.યુ.સંઘ.

૩. શ્રી હરગોવિંદદાસ નારણદાસ, તારાપુર, અમદાવાદ બ્ર.યુ.સંઘના સભ્ય.

૪. શ્રી મૂળજીભાઈ છોટાલાલ, તારાપુર, દાજીભાઈ છાત્રાલયના મેટ્રિક ક્લાસના વિદ્યાર્થી.

૫. શ્રી પુરુષોતમદાસ ત્રિ. ગોમતીપુરા, સભ્ય-અમદાવાદ બ્ર. યુ. સંઘ તથા ઉપપ્રમુખ-સરસપુર બ્રહ્મભટ્ટ મિત્રમંડળ. આ ઉપરાંત –

૬. શ્રી હરિલાલ કાનજીભાઈ-નડિયાદ.

૭. શ્રી કનુભાઈ ભગુભાઈ-નડિયાદ.

૮. શ્રી ઠાકોરલાલ છગનલાલ

૯. શ્રી ગણપતલાલ છોટાલાલ-નડિયાદ.

૧૦. શ્રી શાંતિલાલ કહાનભાઈ-નડિયાદ.

૧૧. શ્રી બાબુભાઈ પરધુભાઈ-નડિયાદ.

છેલ્લા દશ જણે સ્વયંસેવક તરીકે નામ નોંધાવ્યા છે. હુકમ મળતાં ઉપડશે. માનું મુખ ઉજ્જવળ રહે એમ લડજો અને વિજય યા મૃત્યુને વર્યા વિના પાછા ન ફરજો ! ભારત સ્વતંત્ર હો !''

ઈ. સ. ૧૯૩૦ના સમયે એક જ્ઞાતિ માસિકના મુખપૃષ્ઠ પર આવા ખુલ્લા સમાચાર છાપવાની હિંમત શ્રી. ચૂ. પુ. બારોટ જેવા નરકેસરી જ ધરાવી શકે. અંગ્રેજોના શાસન નીચે ખુલ્લેઆમ છાપીને ટપાલથી ઘેરઘેર ને ગામગામ વહેંચાતી આ જ્ઞાતિપત્રિકા પર ચૂ. પુ. બારોટે ''ભારત સ્વાતંત્ર્ય હો'' એવી શુભકામના છાપી જ્ઞાતિના ગામે ગામના યુવકોમાં સ્વદેશી તેમજ ખાદીનો ઉપયોગ તથા વ્યસન અને વિદેશના ત્યાગનીએ ધુન ફેલાવી હતી. આ અંગે અમદાવાદ બ્રહ્મભટ્ટ યુવક મંડળના આશ્રયે તારીખે ૨૨-૬-૧૦૩૦ ''મણિલાલ મેન્શન''માં ''સ્વદેશીનો સંદેશ'' આપતાં શ્રી ચૂ. પુ. બારોટે કહ્યું હતું કે :

''સ્વદેશી વિષે બોલવા લખવાનો વિચાર કરતાં પ્રથમ તો દુઃખનો વિચાર આવે છે. જે દેશમાં વિદેશી એ જ નવાઈની વાત હતી તે જ દેશમાં આજે સ્વદેશી વિષે બોલવાનું છે.... આપણે આપણા વ્યગિત કૌટુંબિક તથા ન્યાતજાતના નાના નાના સ્વાર્થોમાં નફા-નુકશાનના સાંકડા વિચારોમાં જ આપણી માતૃભૂમિને ''ભૂખ્યા'' પરદેશીના હાથમાં સપડાવી દીધી છે. અને અત્યારે પણ એ જે રીતે તેની મુક્તિના ચાલી રહેલા મહાયજ્ઞમાં આપણામાંના હજારો એને મુક્ત થતાં અટકાવી રહ્યા છે.... સસ્તુ એટલું જ આપણું એનાથી વધારે અનર્થકારક વાદ બીજો કયો હોય ? સારું દેખાય, પહેર્યે થી વટ પડે એ જ મારે જોઈએ એ કેવો અનર્થકારક માનસિક રોગ છે? વેશ્યા ભભકાદાર હોય, સહેલ અપારિયણ હોય, મોહક હોય અને સસ્તી પણ હોય એટલે શું કદી તે ધર્મપત્નીની જગ્યા પૂરી શકશે ?.... આપણા દેશની ગુલામીને હું કારમામાં કારમી કહું છું કારણ કે વ્રજલેપ જેવી અટલ અને છતાંય સોનાની શૃંખલાઓ જેવી મોહક દેખાય છે. આપણે ઝકડાયેલા છીએ. આપણે તિરસ્કૃત ગુલામ છીએ, પરંતુ આપણને લાગે છે કે આપણને બેડીઓ નથી પહેરાવી-ઘરેણાં પહેરાવ્યાં છે એ બંધન સૌથી કારમું તે છે કે જે બંધન હોવા છતાં બંધનરૂપ ન જણાતાં આભૂષણ રૂપ જણાય-એવા બંધનમાંથી તો આપણને છૂટવાનો વિચાર સરખો પણ મન લાવે-તેત્રીસ કરોડેની આપણી વિરાટ પ્રજા દરરોજ અડધો કલાક રેંટિયો દેશમાં ફેરવવાનો મહાત્માજીનો તદ્દન વહેવારૂ કાર્યક્રમ એક સંપથી ઉપાડે

તો સૂતરના અને એથી કરીને કાપડના તો ઢગલા થાય ઢગલા.... મહાત્માજીએ કહ્યું ૧૯૨૧માં પ્રજાને બરાબર માન્યું હોત અને રચનાત્મક કાર્યક્રમ પાર ઉતાર્યો હોત તો આજે માથાં ફોડાવવાં પડત? આજે જ્યારે આપણા દેશમાં ઠેર ઠેર ધારાસણા થવાના ભણકારા વાગી રહ્યા છે ત્યારે તમે શું કરશો? એ સમજી શકાય એમ છે કે કેટલાક ધરાસણામાં માથાં ન ફોડવી શકે. પણ સૌ કોઈ બાળક અને વૃધ્ધ સ્ત્રી અને પુરુષ રોજના કલાક કાંતી ના શકે? પરદેશી વસ્ત્રનો બહિષ્કાર ન કરી શકે?''[૯૦]

'ભટ્ટભાસ્કર'ના માધ્યમથી ચૂ. પુ. બારોટની કલમથી સતત આવી વાતો વહેતી હતી. એ નાનકડા કદના માથે મૂકેલા દિમાગમાં સ્વતંત્રતાની, સ્વદેશીની અને ગાંધીવાદી મૂલ્યોની જે ખુમારી ભરી હતી તેણે સમગ્ર જ્ઞાતિમાં આપણે આગળ જોયું તેવા અનેક નવલોહિયા યુવકોને સ્વાતંત્ર્ય ચળવળ માટે મરજીવા બનાવ્યા હતા. દૂરદૂરના નાનકડા ગામના લોકોમાં વિદેશી ચીજો નહીં વાપરવાની પ્રતિજ્ઞા કરતા કર્યા હતા. તેનું એક ઉદાહરણ જોઈએ તો છેક ખેરાલુ તાલુકા (જિલ્લા મહેસાણા)ના એકાન્ત પહાડી વિસ્તારમાં આવેલા ભાટવાસ ગામના યુવકોમાં આવેલી જાગૃતિના સમાચાર આવા નેતાઓ દ્વારા ચલાવવામાં આવેલી ચળવળના પરિણામ રૂપ જ ગણી શકાય. ''ભાટવાસમાં જાગૃતિ'' શીર્ષક નીચે ભટ્ટભાસ્કરમાં આપેલા આ સમાચાર આ મુજબ છે.

''ભાટવાસના નીચેના ભાઈઓએ પ્રેતભોજન તેમજ ચા-પાન-બીડી-વગેરે વ્યસન (તથા વિદેશી ચીજોની વપરાશ) બંધ કરી છે.

| | |
|---|---|
| ૧. શ્રી રામાજી મહેતાબજી | ૧૨. શ્રી મૂળજીજી દોલતજી |
| ૩. શ્રી મોરલીધર દામોદરદાસ | ૧૪. શ્રી હીરાલાલ પૃથ્વીરાજ |
| ૫. શ્રી ઈશ્વરભાઈ રામદાસ | ૧૬. શ્રી ચૂનીલાલ (ત્રિભુવનદાસ) |
| ૭. શ્રી નથુભાઈ શનદાસ | ૧૮. શ્રી પરધુભાઈ રામાભાઈ |
| ૯. શ્રી પુરુષોત્તમદાસ | ૧૦. શ્રી છબીલદાસ મોરલીધર... |

નાની પણ શુભ પ્રતિજ્ઞા જે મક્કમપણે પાળે છે અને મોટી પ્રતિજ્ઞાઓ લેવાનું અને તેનું પાલન કરવાનું આપોઆપ બળ મળે છે.''[૯૧]

આ જ અંકમાં પાલિતાણાના બારોટ કવિ શ્રી જોરસિંહ, સત્યાગ્રહ લડતમાં જોડાયા હોવાથી સરકાર દ્વારા તેમની ગેરહાજરીમાં તેમની પત્નીને હેરાન કરવાના સમાચાર છે. તો વિજાપુરના યુવકોમાં પણ વિદેશી ચીજો અને વ્યસનના બહિષ્કારના સમાચાર પણ

છાપવામાં આવ્યા છે. વૃદ્ધો દ્વારા પણ ખાંડનો બહિષ્કાર અને ખાદીને પવિત્ર માનીને તેની ટોપી ધારણ કરવાના અને દારૂના પીઠા ઉપર પિકેટિંગ કરવાના સમાચાર છે. વિજાપુરના બ્રહ્મભટ્ટ યુવકોમાં શ્રી મણિલાલ મોઢભાઈ અને શ્રી ચીમનલાલ છોટાલાલે દારૂના પીઠા પર પિકેટીંગ કરીને પંદર દિવસ માટે દારૂનું પીઠું બંધ કરાવવાના સમાચાર અને જ્યાં સુધી પીઠાં સદંતર બંધ ન થાય ત્યાં સુધી મહાત્માજીને આપણે વ્યર્થ જેલ સેવડાવીએ છીએ એ ધ્યાનમાં રાખવાની શિખામણ પણ ભટ્ટભાસ્કરના ભડવીર તંત્રીએ આપી છે. એ જ અંકમાં નડિયાદ, ગોમતીપુર, વિસનગર, વિજાપુર, કલોલ, મહેસાણા, કડી વિગેરે ગામોમાં રેંટિયા અને તકલીથી બ્રહ્મભટ્ટોના ઘરો ગૂંજવા લાગ્યાં છે. એક પણ બ્રહ્મભટ્ટ ઘર ''તારે તારે ભારતનો ઉદ્ધાર'' નો મોહનમંત્ર અપનાવ્યા વિનાનું ન રહે તો બ્રહ્મભટ્ટ કોમે ભારતના ચાલુ સ્વાતંત્ર્ય સંગ્રામમાં જેવો તેવો ફાળો આપ્યો ન ગણાય''. એવા શિખામણના શબ્દો ઉપરાંત આ અંકમાં જ ''શ્રી પુરુષોત્તમદાસ ત્રિભુવન ગોમતીપુરા જે કેટલાક મહિનાઓથી અડાલજના દારૂના પીઠા પર પિકેટિંગમાં રોકાયેલા હતા તેમની તપશ્ચર્યા ફળી છે અને તેમનો તારીખ ૫-૭-૧૯૩૦ની આસપાસમાં ત્રણ મહિના માટે સાબરમતી જેલ મહેલમાં સરકારે સાદો ઉતારો આપ્યો છે...'' એવા વ્યંગપૂર્ણ સમાચાર છાપેલા છે.

વળી ''બારોટ નરભેરામ નાગજી નામના ભરૂચના આપણા એક બીજા જ્ઞાતિભાઈને તારીખ ૫-૭-૧૯૩૦ની આસપાસ સરકારે પોતાના જેલમહેલમાં નવમાસ માટે ઉત્તમ ઉતારો (સખ્ત કેદ) આપ્યો છે અને ૨૦૦ રૂપિયાનો ચાંલ્લો ફરમાવ્યો છે... મુંબઈ બ્રહ્મભટ્ટ યુવક મંડળના એક સભ્ય વ્રજલાલ અમરશીની પણ સરકારે જેલમહેલમાં બેસાડવા જેટલી કદર કરી છે. તારીખ ૨૬-૬-૩૦ને રોજ એમને ઉક્ત મંડળ તરફથી સભા ભરી અભિનંદન અપાયું હતું... આવા રૂડા ટાંકણે, સરકાર જેના પર પ્રસન્ન થાય અને અમારા અભિનંદન છે.[૯૨]

આમ ઉગ્રતાપૂર્વક જ્ઞાતિપત્રો જેવાં અને જાહેર લખાણોમાં સરકાર વિરુદ્ધ આગ ઝરતી જુબાનીમાં તીખાં તમતમતાં વેણ વાંચીને અંગ્રેજ સરકાર શ્રી ચૂ. પુ. બારોટને કેદ કર્યા વિના રહે? એ પ્રસંગ શ્રી ચૂ.પુ.ના શબ્દોમાં જ જોઈએ. ''ઘણા દિવસથી જેની વાટ જોતો હતો તે સુંદર પ્રસંગ છેવટે પ્રાપ્ત થયો છે. આ અંક આપના હાથમાં પડશે નહિ પડે ત્યાં સુધી મેં સ્વાતંત્ર્ય સંગ્રામમાં કોઈ મારે લાયકની કામસેવા મેળવી લીધી હશે.''[૯૩] છેલ્લે બીજાં કેટલાંક ગામોના બહ્મભટ્ટોની દેશસેવા બદલ જેલયાત્રા વગેરેના સમાચાર ભટ્ટભાસ્કરમાં આપેલા છે તે જોઈ આ પ્રકરણનું સમાપન કરીશું.

''છૂટ્યા અને મંડ્યા''-શીર્ષક નીચે. એક સમાચાર છે ''શ્રી પુરુષોત્તમ ગોમતીપુરા એમની સજાની મુદત પૂરી થતાં ગયા માસની આખરમાં છૂટ્યા છે અને ફરી દેશસેવાના

પોતાના કામમાં મંડ્યા છે.'' એવા બીજા સમાચાર ''જેલયાત્રાએ'' શીર્ષક નીચે આ પ્રમાણે છે. ''શ્રી પ્રભાતસિંહ ગુમાનસિંહ બારોટ જેઓ પ્રિવિયસનો અભ્યાસ છોડીને સ્વાતંત્ર્ય સંગ્રામમાં જોડાયા હતા અને ભરૂચ જિલ્લામાં સુંદર કાર્ય કરી રહ્યા હતા એમની દેશસેવાની કદર કરી હિંદનું ભલું કરવા (?) સ્થપાયેલી આપણી સરકારે છ માસની સખત કેદ કરી છે. અને તેમને ''ક'' વર્ગમા મૂકવામાં આવ્યા છે.''

એજ પૃષ્ઠ પર કાકાના તારાપુર (તાલુકા કલોલ)ના કેટલાક યુવકો અને વૃદ્ધોએ વ્યસનમુક્તિ અને વિદેશી વસ્તુઓ નહિ વાપરવાની પ્રતિજ્ઞા લીધી હતી તેના પણ સમાચાર આપવામાં આવ્યા છે.[૯૪]

આમ સમગ્રપણે જોઈએ તો સમગ્ર ગુજરાતી બ્રહ્મભટ્ટ જ્ઞાતિમાંથી અનેક સપૂતોએ સ્વાતંત્ર્ય સંગ્રામમાં પોતાનો યથાશક્તિ ફાળો આપ્યો છે. કોઈએ વીરોચિત કાવ્ય રચીને તો કોઈએ દારૂનું પિકેટીંગ કરીને. કોઈએ વિદેશી અને વ્યસનમુક્તિની પ્રતિજ્ઞા કરીને તો કોઈએ સ્વદેશી ખાદી અને ગાંધી ચિંધ્યા માર્ગે ચાલવાની પ્રતિજ્ઞા લઈને પોતાના ફાળે આવતી જવાબદારી વીરતાપૂર્વક નિભાવી છે. ધરાસણાના સત્યાગ્રહમાં દાંડીકૂચમાં કે હિંદ છોડો આંદોલનમાં પ્રત્યેક સ્થળે ગુજરાતની બ્રહ્મભટ્ટ જ્ઞાતિના સપૂતોએ ભાગ લઈને યથાશક્તિ કામ કરી સંસ્કૃતિના ત્રિભેટે ઉભેલા ગુજરાતને અને સમગ્ર હિંદને ''સ્વ''ની ઓળખ માટે સ્વતંત્રતા અપાવવામાં મદદ કરી છે એમ ગર્વ સાથે જરૂર કહી શકાય.

## પાદનોંધ

૧૧. એ. કે. ફોર્બ્સ, **રાસમાળા** ભા. અનું. રણછોડરાય ઉદયરામ : અમદાવાદ, ૧૮૯૯ : પૃ.

૧૨. ડાહ્યાભાઈ મો. વકીલ, ''પ્રતિભાસંપન્ન બ્રહ્મભટ્ટ કવિઓ'', **બ્રહ્મભટ્ટ યુવક-રજતજયંતિ અંક,** : અમદાવાદ નવે-૧૯૬૫ : પૃ. ૮૨.

૧૩. ''બ્રહ્મભટ્ટ'' હિંદી સાહિત્યમાં બ્રહ્મભટ્ટોનું સ્થાન'', **સુભટ્ટ** : મુંબઈ, ઓક્ટો. ૧૯૨૧.

૧૪. ભીમરાવ ભોળાનાથ, **પૃથુરાજ રાસા,** અમદાવાદ-૧૮૯૭ : પૃ. ૨૯.

૧૫. પેસ્તનજી જમશેદજી સઢા, : **અકબર-બિરબલની વિનોદી વાર્તાઓ :** મુંબઈ, ૧૯૩ : પૃ. ૧૬૮.

૧૬. કવીવર શ્રીમાન નરહરિદાસજી,**ભટ્ટભાસ્કર :** અમદાવાદ,જૂન ૧૯૨૨ : પૃ.૧૮-૨૩.

૧૭. ''સુવિચાર દર્શક મંડળી'' **''બાદશાહ અને બિરબલની વાર્તાઓ.'** ભા.પ. : મુંબઈ ૧૮૯૨ : પૃ. ૭૦૮.

૧૮. રુસ્તમ ઈરાની, **'શાહનશાહ અકબર કથાગ્રંથ'**, : મુંબઈ, ૧૮૮૬ : પૃ. ૪૬-૪૭.

૧૯. ડા. મો. વકીલ, ઉપર્યુક્ત પૃ. ૮૩.

૧૦. એજન, પૃ. ૮૫-૮૬.

૧૧. ડાહ્યાલાલ અં. **બ્રહ્મભટ્ટ** ''લોકસાહિત્યમાં બ્રહ્મભટ્ટોનો ફાળો'' **બ્રહ્મભટ્ટ યુવક**-અમદાવાદ-૧૯૬૫, પૃ. ૫૩.

૧૨. હરગોવિંદદાસ દવ. કાંટાવાળા. ''રાજકવિભૂષણ'', **ભટ્ટભાસ્કર :** અમદાવાદ, જાન્યુ. ૧૯૨૧ : પૃ. ૯૫.

૧૩. ડા. મો. વકીલ ઉપર્યુક્ત પૃ. ૮૫-૮૬.

૧૪. નરસિંહભાઈ ભાણજીભાઈ બ્રહ્મભટ્ટ 'કાવ્યશાસ્ત્ર અને બ્રહ્મભટ્ટ જાતિ'', **ભટ્ટભાસ્કર, :** અમદાવાદ, માર્ચ-એપ્રિલ ૧૯૨૧ : પૃ. ૨૬૦-૨૬૪.

૧૫. ચૂ. પુ. બારોટ, ''આપણા પ્રિતમ'', **ભટ્ટભાસ્કર, :** અમદાવાદ, ઓક્ટો. ૧૯૨૯ : પૃ. ૧૮.

૧૬. હ. દ્વા. કાંટાવાળા, ''બ્રહ્મભટ્ટ કવિ ધીરાભક્ત''', **પ્રાચીન કાવ્ય માળા :** ભા.ભા. ઓક્ટો-નવે-૧૯૨૨, પૃ. ૧૨૬-૩૨.

૧૭. બુદ્ધિપ્રકાશ તારીખ **૯-૧-૧૯૨૪** : ભ.ભા.મે. ૧૯૩૩, પૃ. ૧૮૬.

૧૮. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ ''ધીરાભગત-જ્ઞાનધારાના કવિ'' **ભટ્ટભાસ્કર :** ફેબ્રુ-૧૯૭૫ : પૃ. ૧૫-૧૭.

૧૯. નાનુભાઈ કા. બારોટ, ''આપણા ભક્ત કવિઓ'' **બ્રહ્મભટ્ટ યુવક :** નવે.-૧૯૭૫ : પૃ. ૧૧૪-૧૬.

૨૦. અરવિંદ હ. સાવલીકર, ''પ્રાચીન બ્રહ્મભટ્ટ કવિઓ'', **ભટ્ટભાસ્કર** : એપ્રિલ-મે ૧૯૩૨ : પૃ. ૧૮૫-૮૬.

૨૧. એચ. જી. બ્રીઝેસ, **''ગુર્જરાષ્ટ્રનો ઈતિહાસ, :** મુંબઈ, ૧૮૪૯ : પૃ. ૨૩૮.

૨૨. ડા. મો. વકીલ, ઉપર્યુક્ત પૃ. ૮૯.

૨૩. માનદાનજી રત્નુ **''શ્રી બ્રહ્માનંદ કાવ્ય''** જામનગર, ૧૯૦૨ : પૃ. ૩-૬.

૨૪. ડા. મો. વકીલ, ઉપર્યુક્ત, પૃ. ૮૯-૯૨.
૨૫. કા. મા. મુનશિ **''બ્રહ્મબોલના કવિશ્રી બ્રહ્માનંદ''** : અંક. ગો. જી. સોરઠિયા-બગસરા, ૧૯૭૧ : પૃ.૧૩.
૨૬. કિશોરલાલ મશરૂવાલા-ઉપર્યુક્ત પૃ.૧૪.
૨૭. દલપતરામ કવિ, ઉપર્યુક્ત-પૃ.૧૫.
૨૮. મંગળદાસ ચ. કવિ, ''સુપ્રસિદ્ધ કવિવરો-જેષ્ટ અને ગિરધર'' **ભટ્ટભાસ્કર :** સપ્ટે. ૧૯૨૭ : પૃ.૩૬૩-૬૫.
૨૯. છગનલાલ અ. કવિ. ''કવિરાજ જયેષ્ટરાવ'' **ભટ્ટભાસ્કર,** : માર્ચ-૧૯૨૮ : પૃ. ૨૩.
૩૦. ડા. અં. બ્રહ્મભટ્ટ-પૃ. ૫૫
૩૧. અંબાલાલ બુ. જાની, : **ફોર્બ્સ ગુજ. સભાનાં હસ્તલિખિત પુસ્તકોની સવિસ્તર નામાવલિ** ભાગ-૧ : મુંબઈ, ૧૯૨૩ : પૃ. ૨૨૧.
૩૨. એજન પૃ. ૩૨૪.
૩૩. ભોગીલાલ સાંડેસરા, **'પ્રબંધાદિમાં ઐતિહાસિક અને સામાજિક વસ્તુ''** : અમદાવાદ,૧૯૭૭ : પૃ. ૪.
૩૪. મગનલાલ વ. શેઠ, **''અમદાવાદનો ઈતિહાસ''** અમદાવાદ, ૧૮૫૧ : પૃ.૪૮-૫૦
૩૫. અં.બુ.જાની, ઉપર્યુક્ત-પૃ. ૨૫૨-૫૩.
૩૬. દેવીદાસ હ. શાહ : પ્રમુખ : **'આઠ હજાર, ગુજ. પુસ્તોકી વર્ગીકૃત નામાવલિ'** : વડોદરા : ૧૯૨૯ : પૃ. ૯.
૩૭. કૃષ્ણરાવ ગ. ભટ્ટ, **''વાઘેલા વૃત્તાન્ત',** : અમદાવાદ, ૧૯૧૪ : પૃ. પસ્તાવનામાંથી,
૩૮. એજન પૃ. ૪૦૮.
૩૯. આત્મારામ કે. દ્વિવેદી, 'કચ્છ દેશનો ઈતિહાસ' : મુંબઈ, ૧૮૭૬ : પૃ. ૨૨-૨૪
૪૦. ડો. ચંપકભાઈ ર. મોદી, ''જૂની રંગભૂમિના મહર્ષિ રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટ'' શુભદા, : અમદાવાદ, ઓગષ્ટ-૧૯૮૩ : પૃ. ૨૧-૨૬, તથા **''ખેડા જિલ્લા સવા શતાબ્દી મહોત્સવ સમિતિ યોજિત-સ્મરલિશ''**(સંપા.ડો.મોદી, : નડિયાદ, માર્ચ ૧૯૭૯) પૃ.૧-૬ તથા ડો. મોદી : નડિયાદ : રૂબરૂ મુલાકાત :

તારીખ ૧૫-૭-૯૨ : ને આધારે.

૪૧. પ્રાગજી ડોસા, ''રસકવિની રસલહાણ'', **સ્મરણિકા,** : નડીયાદ, ૧૯૭૯ : પૃ. ૫૬-૫૮.

૪૨. ''ષસ્ટિજયંતિ-અભિનંદન'' **ભટ્ટભાસ્કર :** જાન્યુ-૧૯૫૪ : પૃ. ૩-૧૯.

૪૩. નહાનાલાલ દ. 'કવિ **મણીમહોત્સવ' :** અમદાવાદ ૧૩-૪-૧૯૩૭ : ના વ્યાખ્યાનમાંથી.

૪૪. સુમનરાજ, 'જન્મથી કવિ', **ભટ્ટભાસ્કર,** : માર્ચ-૧૯૫૪ : પૃ. ૧૮૫.

૪૫. મ.ચ. કવિ. **ભટ્ટભાસ્કર,** : જાન્યુઆરી ૧૯૫૪ : પૃ. ૪.

૪૬. સારંગ બારોટ, આત્મકથન, **''સારંગ બારોટ અભિવાદન સમારંભ''**-ભારતીય વિદ્યાભવન : મુંબઈ ૧૯૮૩ : પૃ. ૫૩.

૪૭. કાન્તિ ભટ્ટ, ઉપર્યુક્ત : પૃ. ૧૭.

૪૮. એજન પૃ. ૧૭.

૪૯. શ્રી અશ્વિન સારંગ બારોટ પ્રા. શ્રી અજીત બારોટ (કલોલ) પરના (તારીખ ૩૧-૧૦-૧૯૯૨) પત્રને આધારે.

૫૦. આર. આર. શેઠની કંપની : અમદાવાદ-મુંબઈ વતી : ઉપર્યુક્ત પૃ. ૮.

૫૧. બંસીકુમાર ટી. બારોટ, **''આપણું ગૌરવ-સારંગ બારોટ''-બ્રહ્મભટ્ટ યુવક :** નવે. ૧૯૬૫ : પૃ. ૨૪૩-૪૫.

૫૨. કાન્તિભટ્ટ ઉપર્યુક્ત પૃ. ૧૩.

૫૩. ઈશ્વર પેટલીકર, ઉપર્યુક્ત પૃ. ૫-૯.

૫૪. બકુલ ત્રિપાઠી, ઉપર્યુક્ત પૃ. ૨૧.

૫૫. ચંદ્રકાન્ત બક્ષી, ઉપર્યુક્ત, પૃ. ૨૩.

૫૬. મા. મહેન્દ્ર દેસાઈ ઉપર્યુક્ત, પૃ. ૩૧-૩૩.

૫૭. રઘુવીર ચૌધરી, ઉપર્યુક્ત, પૃ. ૩૫-૪૩.

૫૮. હરીન્દ્ર દવે, ઉપર્યુક્ત પૃ. ૪૫-૪૯.

૫૯. સાંરગ બારોટ-આત્મકથન, ઉપર્યુક્ત પૃ. ૫૩-૫૫.

૬૦. ચંદ્રકાન્ત મહેતા અને નાુભાઈ બારોટ'' **''સારંગ બારોટ'' શુભદા :** અમદાવાદ-માર્ચ-૧૯૮૮ : પૃ. ૧૭-૧૮.

૬૧. **''બ્રહ્મભટ્ટ યુવક''** ઉપર્યુક્ત પૃ. ૨૪૩-૨૪૮ અને શ્રી પ્રહલાદ બ્રહ્મભટ્ટની

તારીખ ૧૯-૨-૯૨ની મુલાકાતને આધારે.

૬૨. બાપુલાલ બી. નાયક : મુંબઈ ગુજરાતી નાટક મંડળીના માલિક : **નું કુલમુખત્યારનામું :** મુંબઈ, ૨૧-૩-૧૯૨૪.

૬૩. સેક્રેટરી, ગુજ. સાહિત્યસભા. અમદાવાદ, તા. ૨-૪-૧૯૪૬નો પત્ર.

૬૪. શ્રી ચંદુલાલ વાઘજીભાઈ બારોટ-અમદાવાદની તારીખ ૨૩-૩-૯૩ની રૂબરૂ મુલાકાતને આધારે.

૬૫. ડૉ. ચંપકભાઈ મોદી, **''ચરોતર રંગભૂમિના જ્યોતિર્ધરો'' સ્મરણિકા :** નડિયાદ, માર્ચ ૧૯૭૯ : પૃ. ૨૭.

૬૬. એજન, પૃ. ૨૮-૨૯.

૬૭. શ્રી મંગળજી વાઘજીભાઈ જાગીરદાર (દુલાણા,તા.ખેરાલુ તારીખ ૧૦-૬-૯૨) ની રૂબરૂ મુલાકાતને આધારે.

૬૮. શ્રી વીરમજી કેશાજી બારોટ તથા અન્ય (સોતામણલા-તાલુકા ડીસા. તારીખ ૮-૧૧-૯૨)ની રૂબરૂ મુલાકાતને આધારે.

૬૯. ભગુભાઈ બ્રહ્મભટ્ટ, **'ભટ્ટભાસ્કર'** : ઓગસ્ટ : પૃ. ૫૭.

૭૦. ધેનુસેવક, **'ભટ્ટભાસ્કર'** : સપ્ટે.-૧૯૨૦ : પૃ. ૧૮૦.

૭૧. દેવિસિંહ બ્રહ્મભટ્ટ **'ભટ્ટભાસ્કર' :** સપ્ટ. ૧૯૯૨ : પૃ. ૧૮૯.

૭૨. ભોળાભાઈ બ્રહ્મભટ્ટ, **'ભટ્ટભાસ્કર' :** માર્ચ-એપ્રિલ, ૧૯૨૧ : પૃ. ૨૪૦.

૭૩. મણીલાલ બ્રહ્મભટ્ટ **'ભટ્ટભાસ્કર' :** જૂન-૧૯૨૧ : પૃ. ૪૧.

૭૪. પાદરાકર, **'ભટ્ટભાસ્કર' :** ઓક્ટો-નવે. ૧૯૨૧ : પૃ. ૧૬૩.

૭૫. ઈશ્વરલાલ રસિકરણીજ, ઉપર્યુક્ત પૃ. ૧૬૪.

૭૬. છગનલાલ બ્રહ્મભટ્ટ **'ભટ્ટભાસ્કર', :** ઓક્ટો-૧૯૨૧ : પૃ. ૧૯૮.

૭૭. પરઘુભાઈ શર્મા, **'ભટ્ટભાસ્કર' :** ઓક્ટો-નવે-૧૯૨૨ : પૃ. ૮૭.

૭૮. છ. મો. બ્રહ્મભટ્ટ, ઉપર્યુક્ત પૃ. ૮૯.

૭૯. સારંગ પાદરાઘી, ઉપર્યુક્ત પૃ. ૧૦૦.

૮૦. પાદરાકર, ઉપર્યુક્ત પૃ. ૧૭૧.

૮૧. મં. ચ. કવિ **'ભટ્ટભાસ્કર' :** સપ્ટે. ૧૯૩૦ : પૃ. ૩૨૧.

૮૨. ઝવેરભાઈ કવિ, ઉપર્યુક્ત પૃ. શ. ૩૩૦.

૮૩. પ્રભુદાસ બ્રહ્મભટ્ટ ઉપર્યુક્ત પૃ. ૩૩૨.

૮૪. ઝવેરભાઈ કવિ, **'ભટ્ટભાસ્કર' :** એપ્રિલ-૧૯૮૦, પૃ. ૧૮૨.

૮૫. રસકવિ, રઘુનાથ બ્રહ્મભટ્ટ, **ગુજરાત ટાઈમ્સ, દિપોત્સવી અંક :** ઓક્ટો-નવે. ૧૯૩૧.

૮૬. પુરુષોત્તમદાસ માતરવાળા, **'ભટ્ટભાસ્કર', :** જાન્યુ-૧૯૨૧ : કવર પેજ.

૮૭. છોટાલાલ બ્રહ્મભટ્ટ, **ભટ્ટભાસ્કર :** ઓક્ટો-નવે.૧૯૨૧ : પૃ. ૧૮૭.

૮૮. **'ભટ્ટભાસ્કર' :** જુલાઈથી સપ્ટે. ૧૯૩૦ : મુખ પૃષ્ઠ.

૮૯. **'ભટ્ટભાસ્કર' :** મે-૧૯૩૦ : મુખ પૃષ્ઠ.

૯૦. ચૂ. પુ. બારોટ, **'ભટ્ટભાસ્કર', :** જુલાઈથી સપ્ટે. ૧૯૩૦ : પૃ. ૨૭૨-૨૭૬.

૯૧. એજન પૃ. ૩૩૫-૩૩૭.

૯૨. ચૂ. પુ. બારોટ, **'ભટ્ટભાસ્કર' :** નવે.-૧૯૩૧ : મુખ પૃષ્ઠ.

૯૩. એજન પૃ. ૩૩૯.

૯૪. **'ભટ્ટભાસ્કર'** : ઓક્ટો. ૧૯૩૧ : પૃ. ૪૪.

❀ ❀ ❀

પ્રકરણ-૬

# બ્રહ્મભટ્ટ જ્ઞાતિના જ્યોતિર્ધરો

આપણે આગળનાં પ્રકરણોમાં જોયું તેમ બ્રહ્મભટ્ટ જ્ઞાતિ પોતાની મૌલિક અને પારંપરિક એવી સાંસ્કૃતિક પરંપરાઓને ચુસ્તપણે વળગી રહી હોવા છતાં આધુનિકતાના પલટાતા પ્રવાહમાં ભળીને, એણે ક્રમશઃ શિક્ષણ અને સામાજિક સુધારણાની પ્રક્રિયામાં ભાગ લઈ, પોતાનું આધુનિકરણ કર્યું. જેને પરિણામે એક સબળ નેતાગીરી ઉત્પન્ન થવા પામી. આ પ્રક્રિયામાં તેણે જે નરરત્નો પેદા કર્યા, તેમના પ્રતિનિધિરૂપે કેટલાંક પ્રચલિત પાત્રોના જીવન અને કવનનું હવે આ પ્રકરણમાં આપણે આલેખન કરીશું. (અગાઉના પ્રકરણમાં જેમનાં જીવન-કવનનું આલેખન થઈ ગયું છે તેનો અત્રે ઉલ્લેખ કરેલ નથી.)



**સમાજ શિલ્પી સ્વ. શ્રી. પુરુષોત્તમદાસ શામળદાસ માતરવાળા**
**(૧૮૭૪ – ૧૯૨૬)**

શ્રી દાજીભાઈ બ્રહ્મભટ્ટ છાત્રાલયના જનક, ભટ્ટભાસ્કરના આદ્ય-તંત્રી-પ્રણેતા, સ્વપ્રદષ્ટા અને આધુનિક બ્રહ્મભટ્ટ સમાજના શિલ્પી એવા શ્રી પુરુષોત્તમદાસ શામળદાસ માતરવાલાનો જન્મ ઈ. સ. ૧૮૭૪માં

માતર : જિ. ખેડા : ના રહેવાસી શ્રી શામળદાસ ફતેહસિંહ બ્રહ્મભટ્ટના નડિયાદ મુકામે બ્રહ્મપોળમાં આવેલા નિવાસસ્થાને થયો હતો. તેમનાં માતુશ્રીનું નામ જીબાબા હતું. તેઓ ત્રણ ભાઈ અને બે બહેનોનું કુટુંબ ધરાવતા હતા. પિતાશ્રી પોતાના અનાજ વગેરેના વેપારને અનુલક્ષીને નડિયાદ રહેતા હોવાથી સાક્ષરભૂમિ નડિયાદમાં બચપણ વિતાવવાનો અને ધોરણ છ સુધી અંગ્રેજી કેળવણી મેળવવાનો લાભ શ્રી પુરુષોત્તમદાસને મળ્યો હતો.

શ્રી પુરુષોત્તમદાસનું પ્રથમ લગ્ન બાલ્યાવસ્થામાં જ ઓડ (તાલુકો આણંદ, જિલ્લો ખેડા) ગામે દિવાળીબા સાથે થવું હતું. પરંતુ કેટલાંક વર્ષો સુધી સંતાનપ્રાપ્તિ ન થવાથી એમણે વિસનગર (જિલ્લો મહેસાણા) ગામે શ્રી પ્રહ્લાદજીભાઈનાં પુત્રી મેનાબા સાથે બીજાં લગ્ન કર્યા. આ બંનેથી એમને સર્વપ્રથમ ડાહ્યાભાઈ નામે પુત્રલાભ મેનાબાએ અને ત્યારબાદ બે વર્ષે છોટાલાલના નામે પુત્રલાભ દિવાળીબાએ આપ્યો હતો. પાછળથી મેનાબાનું ઈ.સ.૧૯૦૫માં અવસાન થયા પછી શ્રી પુરુષોત્તમદાસે વિરકતભાવ ધારણ કર્યો હતો જે સમયાંતરે જ્ઞાતિસેવામાં પલટાયો અને બ્રહ્મભટ્ટ કોમને એક ઉત્કૃષ્ટ સમાજ શિલ્પી મળવા પામ્યો.

૧૯ વર્ષની ઉંમરે સૌ પ્રથમ તેઓશ્રી બી. બી.એન્ડ આઈ. સી. રેલ્વેમાં (રાજસ્થાન-માળવા રેલ્વે વિભાગમાં) તારમાસ્તરની નોકરીએ જોડાયા, જ્યાં આઠ વર્ષ સેવા આપ્યા પછી વતન નજીક નોકરી મેળવવાના આશયથી એમણે અહીંની નોકરીમાંથી રાજીનામું આપ્યું. તેના બે ત્રણ માસ પછી એ જ રેલ્વે કંપનીમાં તેઓશ્રી આણંદ રેલ્વે સ્ટેશને ટ્રેઈન ક્લાર્ક તરીકે જોડાયા. ત્યાંથી વિરમગામ, અમદાવાદ ફરી વિરમગામ થઈ ૧૯૦૮માં ભરૂચ મુકામે હેડ ક્લાર્ક તરીકે બદલી પામ્યા. અહીં પવિત્ર નર્મદા કિનારાને લીધે એમની વિરક્તભાવના સંતોષાઈ ''એવામાં એમની અનિચ્છા અને અનાકાની હોવા છતાં ડી.ટી. એસે (તારીખ ૨૩-૬-૧૯૧૩ના ઓર્ડરથી) વડોદરા બદલી કરીને ત્યાં હાજર થવા ફરજ પાડી. ''એમાં વિધિનો કોઈ હાથ જણાય છે''[૧] એવું એમના લઘુપુત્ર શ્રી છોટાલાલભાઈનું કથન યથાર્થ જણાય છે. કારણ કે આ રીતે જૂન ૧૯૧૩માં વડોદરા આવ્યા પછી જ એમનામાં છૂપાયેલ સબળ વ્યક્તિ ''નારાયણ'' બહાર આવવા પામ્યા જેમણે પ્રખર જ્ઞાતિસેવક તરીકે આજીવન જ્ઞાતિસેવા કરીને નામના મેળવી.

શ્રી પુરુષોત્તમદાસને વડોદરામાં એમનાં જેવી જ જ્ઞાતિસેવાની ધૂન લઈ ફરતા વડોદરા રાજ્યના નિવૃત્ત ફોજદાર શ્રી દાજીભાઈ કુંવરજી બ્રહ્મભટ્ટ(સાવલીવાળા)નો પરિચય થયો અને બંનેની સેવાવૃત્તિને જાણે કે પાંખો ફૂટી. ત્રણ ત્રણ વખતનાં લગ્નજીવન

અને બે પુત્રો પૈકીના એકને તો છ દિવસનો મા વગરનો (જાતે કુંવારા રહી) ઉછેર્યા તે પછી તેનું અકાળ અવસાન થતાં સમસ્ત જ્ઞાતિનાં બાળકોને પોતાનાં સંતાન ગણીને તેમની કેળવણી માટે પોતાનું સર્વસ્વ દાનમાં આપી દેવા ઈચ્છતા શ્રી દાજીભાઈના વિચારોને પરિપક્વ કરી આખરી રૂપ આપવાનું પુણ્ય કામ શ્રી પુરુષોત્તમદાસે પૂર્ણ કર્યું. જેમાંથી શ્રી ''દાજીભાઈ બ્રહ્મભટ્ટ છાત્રાલય'' અને ''બ્રહ્મભટ્ટ વિદ્યોતેજક મંડળ''નો વડોદરા મુકામે આવિર્ભાવ થયો. આ પ્રવૃત્તિને આર્થિક સહાય મેળવી આપવા માટે માતરવાળાએ શ્રી ચૂ.પુ.બારોટ, શ્રી. ચુ.ઈ.બારોટ વગેરે સાથે મળી ગામેગામ ફરીને ભટ્ટસ્થાનોની સેવાયાત્રાનો ક્રમ શરૂ કર્યો.

તારીખ ૮-૪-૧૯૧૪ના રોજ સર્વપ્રથમ આવી સેવા યાત્રામાં વિજાપુર મુકામે સ્થાનિક જ્ઞાતિબંધુઓના ઉમળકાભર્યા સહકારથી પ્રથમ સભા ભરવામાં આવી જેમાં રૂ. ૧૨૭૦ જેટલી માતબર (એ સમયે) રકમનું દાન મળ્યું પછી તો એમણે મહેસાણા અને ખેડા જિલ્લામાં મોટાભાગનાં (કુલ ૨૨) ભટ્ટસ્થાનોમાં પોતાની રેલ્વેની નોકરીમાં મળતી રજાઓની અનુકૂળતા મુજબ સેવાયાત્રાઓ યોજીને કુલ રૂ. ૫૩૮૯ એકત્ર કરી ''બ્ર. વિ. મંડળ અને છાત્રાલય'' ને પગભર કરવા પ્રયત્ન કર્યો. શ્રી. દાજીભાઈ દ્વારા દાન કરાયેલ મિલકતના સુચારુ વહીવટ માટે તારીખ ૧૦ થી ૧૨ મે, ૧૯૧૫ના રોજ ત્રણ દિવસની બેઠકનું સફળ આયોજન કર્યું. જેના પ્રમુખપદે (૧) શ્રી. રા. ખાસેરાવશ્રી ભગવતરાય જાદવ (સર્વે એન્ડ સેટલમેંટ કમિશ્નર, વડોદરા.) (૨) રા. બા. શ્રી હરગોવિંદધાસ દ્વારકાદાસ કાંટાવાળા (માજી દીવાન-લુણાવાડા સ્ટેટ) અને (૩) રા. મનુભાઈ નંદશંકર મહેતા (નાયબ દીવાન વડોદરા) જેવા ઈતર જ્ઞાતિના છત્તાં વડોદરા રાજ્યમાં મહત્ત્વપૂર્ણ મોભ્ભો ધરાવતા પ્રતિષ્ઠિત સજ્જનોને આમંત્રીને પહેલી બેઠકેથી જ એમણે સમગ્ર રાજ્યનું ધ્યાન આ પરિષદ તરફ આકર્ષિત કર્યું. આને લીધે આવા મહાનુભાવોનાં વિદ્વતાપૂર્ણ વ્યખ્યાનો અને વિવિધ સંસ્થાઓ, સજ્જનો અને જ્ઞાતિજનોના દાનનો બેવડો લાભ કરાવી આપવાની ચતુરાઈ શ્રી માતરવાળાની હતી. આ બધાને અંતે કાગળ-કલમના ફલક પરથી છાત્રાલય વાસ્તવિક સ્વરૂપ ધારણ કર્યું. આ છાત્રાલયમાં હવે કુલ પાંચ વિધાર્થીઓને દાખલ કરી તારીખ ૧-૧૨-૧૯૧૫ ના રોજ શ્રી રા. અમરસિંહ વિક્રમસિંહ બ્રહ્મભટ્ટ (પાટણ) ના હસ્તે છાત્રાલય ઉદ્ઘાટન સમારંભ પૂર્ણ કરવામાં આવ્યો. આ ઉપરાંત સમગ્ર હિન્દના બ્રહ્મભટ્ટ બંધુઓના ઉત્થાન માટે એમણે સદા યાદ રહે તેવી કામગીરી બજાવી. ૧૯૧૯ના મોન્ટફર્ડ સુધારાની પૂર્વભૂમિકારૂપ ૧૯૧૭માં ભારતના પ્રવાસે આવેલા અને મોન્ટેગ્યુ જાહેરાતને લીધે પ્રખ્યાત થયેલા ઈ. એસ. મોન્ટેગ્યુ (સેક્રેટરી ઓફ ફોર ઈંડિયા) ને ડિસેમ્બર ૧૯૧૭માં મળીને ''અખિલ હિંદ બ્રહ્મભટ્ટ સમાજ'' તરફથી સમગ્ર જ્ઞાતિ માટે વિશેષ હક્કો-લાભો

માગતું એક આવેદનપત્ર શ્રી માતરવાળા અને શ્રી પંડિત રામદીન ચૌધરીએ અર્પણ કર્યું. જેની મહત્ત્વપૂર્ણ માગણીઓ આ પ્રમાણે હતી.

૧. હિંદ સરકારની મધ્યસ્થ ધારાસભામાં તથા પ્રત્યેક પ્રાંતની ધારાસભામાં બ્રહ્મભટ્ટ જ્ઞાતિનો એક એક પ્રતિનિધિ નીમવો.

૨. આ જ્ઞાતિના વિદ્યાર્થીઓને પ્રાથમિકથી ઉચ્ચ તેમજ ઔદ્યોગિક શિક્ષણ મફત આપવું.

૩. આ વિદ્યાર્થીઓને વધુ વિદ્યાભ્યાસ કરવા ખાસ શિષ્યવૃત્તિઓ હિંદ અને હિંદ બહાર પણ આપવી.

૪. આ જ્ઞાતિના કવિઓ અને ઇતિહાસકારોનાં જૂના કીમતી ગ્રંથોનું સરકારે સંશોધન અને મુદ્રણ કરાવવું.

૫. આ જ્ઞાતિના લાયક ઉમેદવારોને મુલ્કી તેમજ લશ્કરી નોકરીઓ માટેની પસંદગીમાં લાભ આપવા.

૬. સરકારી વસ્તી ગણતરીમાં, પત્ર-વ્યવહારમાં અને રેકોર્ડમાં આ જ્ઞાતિને બ્રાહ્મણ જાતિ ગણવી.

૭. અગાઉ જ્ઞાતિના મશહૂર કવિઓને વર્ષાસનો જાગીરો અને ઈનામો અપાતાં તે પ્રમાણે હાલની સરકારે પણ આપવાં.

૮. દેશસેવાની આ જ્ઞાતિની વંશપરંપરાગત બુદ્ધિ અને શક્તિનો ઉપયોગ બાબતે તપાસ કમીટી નીમવી. અને

૯. આ જ્ઞાતિના પુરુષોએ હાલના વિશ્વયુદ્ધમાં જુદાં જુદાં ખાતાઓમાં આવેલ સેવાઓની કદરરૂપે એમના વારસદારોને આજીવન પેન્શન તથા ગ્રેજ્યુઈટી આપવાં.

આ ભાલામણોનો સરકારે સ્વીકાર કર્યો કે નહીં તે બાબત મહત્ત્વ નથી પરંતુ સમગ્ર રાષ્ટ્રની બ્રહ્મભટ્ટ જ્ઞાતિના ઉદ્ધાર માટે આવી માગણીઓ વાળુ આવેદનપત્ર બ્રિટિશ હકૂમતના આવડા મોટા વડાને એ સમયે આપવું તે પણ નાની સૂની વાત ન હતી. તે નિર્વિવાદ હકીકત છે. એ સમયે સ્વજ્ઞાતિજનોએ દર્શાવેલ આવી સજાગતા વાસ્તવમાં અભિનંદનીય ગણાય.

જૂન, ૧૯૨૦માં સ્વ. નારાયણે પોતાના આદ્યતંત્રીપદ નીચે સમગ્ર જ્ઞાતિના હિત માટે આવા પત્રની ઉપયોગિતા તેમજ હેતુ સમજાવતાં જ્ઞાતિપત્ર-માસિક

''ભટ્ટભાસ્કર''નો પ્રથમ અંક સમાજના હાથમાં મુક્યો. ત્યારબાદ ટૂંક સમયમાં જ આ માસિક કેવળ બ્રહ્મભટ્ટ જ્ઞાતિ પૂરતું મર્યાદિત ન રહેતાં ઈતર જ્ઞાતિના લોકો પણ તેના નિયમિત વાચક અને લેખક બન્યા. એટલું જ નહીં પણ ગાયકવાડ સરકારની નજરમાં વસતાં રાજ્યભરનાં પુસ્તકાલયોમાં ફરજીયાત સ્થાન પામ્યું. ''વડોદરા રાજ્યના વિદ્યાધિકારી મારફત (રાજ્યની લાઈબ્રેરી વગેરે માટે) ૭૫ નકલ ખરીદાવી ચાલુ કરી તે એમણે જ.'' (શ્રી નારયણે જ) એવું શ્રી. ચૂ. પુ. નું કથન યથાર્થ છે. આ કથન આ માસિકની તાત્કાલીન સમયની મહત્તા સમજાવવા માટે પણ પૂરતું છે. જે આજપર્યંત સાત સાત દાયકાઓ અને અનેક તડકી છાંયડી વેઠીને ચાલુ રહ્યું. છે તે તેના મજબૂત પાયાનો જ પ્રતાપ ગણાય ને?

'બ્રહ્મભટ્ટ વિદ્યોતેજક મંડળ'ના ફંડમાં વૃદ્ધિ કરવાના શુભ આશયથી આ કર્મવીરે ગુજરાતના પ્રમુખ ભટ્ટસ્થાનો પૈકીના અમદાવાદ (તારીખ ૮-૮-૧૯૨૦), વિજાપુર (તારીખ ૩૦-૮-૧૯૨૦), વડોદરા (તારીખ ૯-૧૦-૧૯૨૦), નડિયાદ (તારીખ ૧૭-૧૦-૧૯૨૦) અને જંબુસર (તારીખ ૬-૧૧-૧૯૨૦) મુકામે જાહેર સભાઓ યોજીને જ્ઞાતિબંધુઓને તથા ઈતર જ્ઞાતિના વિદ્વાનો શેઠશાહુકારો વહીવટી અધિકારીઓ વગેરેનાં સંભાષણો યોજીને બ્રહ્મભટ્ટ છાત્રો દ્વારા ''કવિ અને કળિનો સંવાદ'' રજૂ કરી જ્ઞાતિમાં સુધારા અને શિક્ષણ માટે સતત પ્રયત્ન કરવા લાગ્યા પરિણામે પાંચ વર્ષ (ઈ. સ. ૧૯૨૦) સુધી તો છાત્રાલય અને ''બ્ર. વિ. મંડળ'' સારી સંસ્થા તરીકે જાણીતાં બન્યાં. એમાં ''વાચનાલય'' પછી, ''વ્યાયામશાળા વગેરે સગવડો પણ વધી. સાથે સાથે વિદ્યાર્થીઓની સંખ્યા ૩૧ થવા પામી. ગુજરાતનાં જુદાં જુદાં ભટ્ટસ્થાનોમાંથી જરૂરતમંદ વિદ્યાર્થી અહીં આવી શિક્ષણલાભ મેળવવા લાગ્યા.

હવે શ્રી નારાયણ સાચા અર્થમાં લોકપ્રિય બન્યા. પોતાની કલ્પના પ્રમાણેના છાત્રાલય, ''બ્ર. વિ. મંડળ'' અને ''ભટ્ટભાસ્કર'' વગેરેના સફળ સંચાલન માટે એમણે એક સરસ ટીમ-બીજી હરોળ તૈયાર કરી. આ ટીમના સૌથી પહેલા યોદ્ધા એટલે અઠંગ જ્ઞાતિસેવક, કર્મવીર, ગાંધીવાદી, સત્યવક્તા, સફળ તંત્રી, ફાંફડા અને માર્મિક-વેધક ક્લમબાજ એવા શ્રી ચૂ. પુ. બારોટ. શ્રી. ચૂ. પુ. એ વખતે વિદ્યાર્થી અવસ્થામાં હતા. છ્તાં તેમનામાં રહેલી શક્તિઓને શ્રી નારાયણે બરાબર ઓળખી કાઢી હતી. તેથી જ ''ભટ્ટભાસ્કર''ની સઘળી જવાબદારી શ્રી ચૂ. પુ. ને સોંપી પોતે નિશ્ચિંત બન્યા હતા. આ માટે શ્રી નારાયણનાં ''સ્મરણ અને મનન'' વાગોળતાં શ્રી. ચુ. પુ. જાતે જ નોંધે છે કે :

''એમનામાં (શ્રી નારાયણમાં) માણસ અને એની જ્ઞાતિઓ પારખવાની ઘણી સચોટ શક્તિઓ હતી. મને એ કહેતા કે ''તું લેખકના કામ માટે જ સરજાયો છે. બસ મહાન લેખક થા, પત્રકારનું કામ એ આપણા બાપદાદાનું છે. અને તારામાં એક મહાન

પત્રકાર થવાની નિગૂઢ શક્તિ છે. તારા પિતાને કહીને આપણે એક છાપખાનું કઢાવીશું અને ''સંજય'' (મહાભારતના દિવ્યદષ્ટા સંજય બારોટ પરથી) નામનું એક દૈનિક તારા હાથમાં સોંપીશું. તુ એ માટે અત્યારથી જ તૈયારી કર. આમ વારંવાર અનેક રીતે પત્રકાર થવાના સંસ્કાર તેઓ મારામાં નાંખતા. મને પત્રકાર તરીકેનું ભવિષ્ય ગમતું પણ એનાથી સંતોષ ન હતો. વિચારક થવું, કાર્યકર્તા થવું, લેખક થવું, મોટા કવિ થવું, સંસ્કૃત-અંગ્રેજી ના મહાગ્રંથો ઉથલાવવા અને એને ગુજરાતીમાં ઉતારવા એવી કૈંક ઊર્મિઓ (મારી અંદર) ઉઠતી. આ બધું એ કળી શકતા અને મારી શક્તિતઓને બહાર કાઢવા, ઉત્તેજવા અને પોષવા મથતા... મને પત્રકાર તરીકે તૈયાર કરવાની ''ભટ્ટભાસ્કર'' સોંપવાની એમને ઊંડી અભિલાષા હતી... પહેલા જ અંક માટે મને લેખ લખવા નોંતર્યો... પ્રબુદ્ધ ભારતમાંના સ્વામી વિવેકાનંદનો એક લેખ ''ભારતનું ભલું કરવાનો ઉપાય'' છાપામાં પ્રસિદ્ધ થયેલો. મારો પ્રથમ લેખ... લખવાની ઝાઝી શક્તિ નહિં એટલે મે અનુવાદથી જ શરૂ કર્યું. ત્યારબાદ બીજા અંકથી લેખોની છટણી અને ત્રીજા અંકથી બરાબર લપેટમાં લઈ બધું મારા પર નાંખ્યું.''[૩] અને ત્યારબાદ અવિરતપણે ત્રણ-ચાર દાયકાઓ સુધી ચૂ. પુ. એ ભટ્ટભાસ્કરનું તંત્રીપદ સફળતાપૂર્વક સંભાળ્યું. આ દરમ્યાન એમણે આગ ઝરતી કલમથી કોઈની પણ શેહશરમ રાખ્યા વિના ''સત્ય કથન'' જ લખ્યું. અનેક પુસ્તકો અને પુસ્તકાલય વિજ્ઞાન પર ગુજરાતભરમાં સર્વપ્રથમ વખત લેખમાળા લખી. ઓછું હોય તેમ ગુજરાત વિદ્યાપીઠમાંથી ''સાબરમતી'' નામના પત્રનું સફળ સંચાલન-તંત્રી પદુ કરીને શ્રી નારાયણની તાલીમ અને ભવિષ્યકથન તે શતપ્રતિશત યથાર્થ ઠેરવ્યાં.

''ભટ્ટભાસ્કર'' કેવું હોવું જોઈએ? તે માટે એ સતત શ્રી ચૂ. પુ. ને માર્ગદર્શન આપતા, ઠેરઠેરથી ગ્રાહકો અને દાનનો પ્રવાહ ઊભો કરતા. આ લેખમાં આગળ વધતા શ્રી નારાયણ અંગે શ્રી ચુ. પુ. જણાવે છે કે ''મેં પણ લખાપટ્ટથી બને એટલા ગ્રાહકો મેળવ્યા અને નિયમિત કામથી અને કોલેજના અભ્યાસ અને સેન્ટ્રલ લાઈબ્રેરીના (વાંચન) શોખથી પરવારતાં આપી શકાય એટલા સંગીન વાંચનથી ''ભટ્ટભાસ્કર''ની પ્રતિષ્ઠા જમાવી, પરંતુ તેની તે કાળની આર્થિક ઉન્નતિનો યશ તો એમને (શ્રી નારાયણને) જ ઘટે છે. ભક્તોનું યોગક્ષેમ શ્રીકૃષ્ણ સાચવે છે એમ કહીં મારે તો માત્ર સેવા જ કરવાની હતી. યોગક્ષેમ એ જ સંભાળતા... એ કહેતા કે માસિક એવું કોમન (સામાન્ય) વિષયોનું કરો કે જેથી પરકોમના ગ્રાહકો (પણ) મેળવવાનું મને ફાવે. જ્ઞાતિ-માસિકનું ક્ષેત્ર સાહિત્યના, રાજકારણના કે સામાન્ય વર્તમાનપત્રોથી તદ્દન નિરાળું છે. એ સ્વર્ગસ્થનો ખ્યાલ નહોતો. અને હું પણ તેમનો (પત્રકાર-તંત્રી) હતો. એટલે માત્ર (એમની સલાહ મુજબ) દોરવાતો. એ કહેતા ''એકવાર માસિકને આર્થિક સફળતા

મેળવવા દો પછી આપણે એના વડે જ્ઞાતિમાં પરિવર્તન પણ સાધી શકીશું.'' એક સ્વપ્નદષ્ટા અને પ્રખર જ્ઞાતિસેવક સ્વ. નારાયણનું સ્વજ્ઞાતિ ઉત્કર્ષ માટેનું કેવું વહેવારુ છતાં અદ્‌ભુત આયોજન હતું તે આ શબ્દોથી જણાઈ આવે છે.

ચૂ. પુ. બારોટ જેવા આજીવન ઉત્સાહી સેવક અને સુધાકર તથા ફાંકડા કલમબાજને એક જ નજરમાં ઓળખી કાઢી એમણે જ્ઞાતિને આપ્યા હતા. તેમની સાથે થયેલ પ્રથમ મુલાકાત ચૂ. પુ. ક્યારેય ભૂલ્યા ન હતા તે એમના શબ્દોમાં. ''એમને સ્ટેશન પર (દોડી) પકડી પાડીને હું મારું ઓળખાણ આપતો હતો ત્યાં જ એમણે મને ઓળખી કાઢેલો. મેં એમને કહ્યું, ''હું બે મિનિટ મોડો પડ્યો અને ચાંપાનેરની ગાડી ઉપડી ગઈ'' એમણે કહ્યું, ''હશે, પણ મોડા પડાય જ કેમ? બે મિનિટ તે શું ઓછી છે? બે મિનિટ શું બે સેકન્ડ મોટા પડો તો વિલાયતનો મેલ (ટ્રેન) ઉપડી જાય અને સાત દિવસ મોડા પડી જવાય. મિસ્ટર ! સાત દિવસ.'' હું ભોંઠો પડી ગયો. બે મિનિટ મોડો એટલે શું? વિલાયત જવાનું હોય તો એક બે નહિ, પણ સાત દિવસ મોડો પડું (આ શબ્દો મગજમાં ગૂંજતા રહ્યા અને વિચાર આવ્યો કે હુક્કાપરસ્ત અને અમલ-કસુંબામાં કલોકાના કલાકો તો શું પણ દહાડાના દહાડા વેડફી નાંખતા આપણા અનેક જ્ઞાતિજનો ક્યાં? અને બે મિનિટની આટલી કિંમત કરનાર અને વિલાયતના ખ્યાલમાં ઘૂમનાર (આ મહામાનવ) ક્યાં? એ મારે મન જુદા જ તરી આવ્યા. એમનો અને મારો આ પ્રથમ પરિચય.'' હીરા અને ઝવેરીનો કેવો સુભગ પ્રથમ પરિચય! જે આગળ જતાં જ્ઞાતિ ઉત્કર્ષ માટેનો સભગ સમન્વય બની રહ્યો. મને તો એમાં વિધિનું વિધાન જ રહેલ જણાય છે.

આ પરિચયના પ્રતાપે શ્રી. કૂ. પુ. બારોટ જીવનભર સમયના પાકા પાબંદ રહ્યા. આવા શ્રી નારાયણે ચૂ. પુ. જેવા બીજા અનેક જ્ઞાતિયુવકોને-સેવકોને તૈયાર કર્યા હતા, જે પૈકીના શ્રી ભૂપતસિંહ શિવલાલ બારોટ ''જલધિ'' (સહતંત્રી ''ભટ્ટભાસ્કર'' અને અભ્ય ગુજરાત બ્રહ્મભટ્ટ યુવક લેખક મંડળ)ના સ્વ. નારાયણ માટેનાં સંસ્મરણો પણ જાણવા જેવાં છે જેને લીધે શ્રી નારાયણના વિરલ વ્યક્તિત્વનાં વિવિધ પાસાંથી આપણે વાકેફ બની શકીશું. ''તેઓ-શ્રીનારાયણ અનેક નામધરી નટવર હતા. ''જેવું કામ તેવો વેશ'' એ એ અનુભવી જાણતા. એક એમને ''દમકેલ ધરદીવડો'', તો બીજાએ ''પીઢ જ્ઞાતિ સેવક'' ''ઉસ્તાદોના ઉસ્તાદ'' ''જ્ઞાતિના નેપોલિયન'', ''જ્ઞાતિના મહાપુરુષ'', ''યુગનેતા'', એવાં વિવિધ વિશેષણોથી સંબોધ્યા છે. ત્રીજાએ એમને ''લોઈડ જ્યોર્જ'' કહ્યા, ચોથાએ જ્ઞાતિના ગાંધીજી'' ભારતવર્ષીય બ્રહ્મભટ્ટ પરિષદમાં કોઈકે એમને કુમારિલ ભટ્ટનો અવતાર કહ્યા, પરંતુ લેખકને (ભૂપતસિંહને તો નારાયણમાં) ''મરજીવા જ્ઞાતિ સેવક'' અને ''સેવાશૂરા મહારાજા'' જ દેખાયા. આ બધાંય ભિન્ન ભિન્ન તત્ત્વો જો સેવા અને

સ્વાર્પણનાં સબળ રંગે રંગાયા હોય તો તે અલંકારશાં ઉજ્માળાં નથી બનતાં ?.... દાનવીર દાજીના દરિયાને અંજલિમાં સમાવે એવા વાતોના તડાકાએ મને ૧૯૧૬માં વડોદરા ખેંચ્યો. નારાયણની પ્રશંસા કર્ણોપકર્ણ ઘણી સાંભળેલી. એ પ્રશંશાશ્રવણમાં બાળકોનું નિર્દોષ હૃદય, શરમાળ અને ગુણગ્રાહી દૃષ્ટિ અને નારાયણની અવિરત ધમાલનો પ્રત્યક્ષ અનુભવ એ બધુંય ઉમેરાતાં તો એ મારા આરાધ્ય દેવ બન્યા. એમની શીળી છતાંય ઓજસ્વી છાંયડીમાં છ એક માસ એમની કને (છાત્રાલયમાં) અને પછી સાત વર્ષનો લાંબો ગાળો (છાત્રાલય)થી દૂર રહી મેં મારું વ્યક્તિ સારી કોડે ખીલવવાનું શરૂ કર્યું. અને જે ખીલ્યું તે એમને ચરણે યથાશક્તિ ધરતો ગયો.''

''એ જ રીતે'' ''સુભટ્ટ'' ના તંત્રી અને ઉમદા જ્ઞાતિસેવક શ્રી સીતારામ શર્મા (મંત્રી બ્રહ્મભટ્ટ મંડળ) અને સભ્ય ગુજરાત બ્રહ્મભટ્ટ યુવક મંડળના શબ્દોમાં શ્રી નારાયણનું વ્યક્તિત્વ જોઈએ તો-

''વિક્રમ સંવત ૧૯૭૦-૭૧ : ૧૯૧૪-૧૫ : માં આપણી જ્ઞાતિએ એક જાદુ જોયો. આપણે ન ધારેલો ન માનેલો, ન જોયેલો, ન જાણેલો, એવો એ જાદુ હતો. એ જાદુ જ્ઞાતિની સપાટી નજરે ન ચઢેલા એક જાદુગરે કરી બતાવ્યો હતો. એ જાદુ તે પહેલી બ્રહ્મભટ્ટ પરિષદ અને એ જાદુગર તે પુરુષોત્તમદાસ માતરીયા. એ પરિષદ નહોતી ઉત્સાહમાં આવી ગયેલી જ્ઞાતિનો નવાયુગનો મેળો હતો. પરિષદદેવીનું મંદિર સ્થપાયું હતું. પણ મેળાને દર્શને આવેલા જ્ઞાતિજનોની નયનઠારક મૂર્તિ તો પેલા જાદુગરના હૈયામાં હતી. પરિચિત માણસો એમને નારાયણ કહેતા. નારાયણની ગમે તેટલી ભૂલો થઈ હોય છતાં તે ભૂલો પણ જ્ઞાતિનું કલ્યાણ કરી જવાની એમની તાલાવેલી જ કરાવતી. ગાંધીજીની એક કરોડની પ્રતિજ્ઞા વખતે એક લાખની પ્રતિજ્ઞા અને મિષ્ટાન્ન ત્જવાનો સંયમ, એ તો એમના જ્ઞાતિભ હૃદયને જ સૂઝે... જ્ઞાતિમાં જે વખતે લગભગ સૂનકાર હતો ત્યારે તે જાગ્યા, જ્યારે (આજે) જ્ઞાતિમાં ખૂબ જ ખળભળાટ (જાગૃતિ) મચ્યો છે. ત્યારે એમણે (એ જોઈને સંતોષ સાથે) છેલ્લી વેળાની આંખ મીંચી... ગમે તેમ તોય નારાયણ જ્ઞાતિની એક સબળ, વિરલ વ્યક્તિ હતી, લેખ અને ભાષણના પડઘમિયા જમાનામાં પૈસા એકઠા કરવા, છાત્રાલય ચલાવવું, પરિષદો ભરવી એવાં સેવાનાં સક્રિય કામ સહુથી પહેલાં ''ગુજરાતી બ્રહ્મભટ્ટ જ્ઞાતિમાં મોટાપાયા પર એમણે જ આદર્યા. જ્ઞાતિના હિતની એકલી જ ઈષ્ટ નજર સમક્ષ રાખી, ગુણપરીક્ષક જ બનીએ તો જરૂર એમને વિષે કહી શકાય. ''આશા તો વડલા જેવી, ભાવના તો નદી-નાળા સમિ.''

આ શબ્દો શ્રી નારાયણ સાથે વિચારભેદ ધરાવતા શ્રી શર્માના છે જે પરથી આપણે સમજી શકીએ કે વિરોધીઓ પણ (શ્રી શર્મા તેમના શત્રુ તો ક્યારેય ન હતા) જેમના ગુણોના સ્વીકાર કરતાં અચકાતાં નહીં એવું વિરાટ વ્યક્તિત્વ એટલે શ્રી પુરુષોત્તમદાસ માતરવાળા.

દાજીભાઈ બ્રહ્મભટ્ટ છાત્રાલયના એક વખતના ગૃહપતિ અને સ્વયંસેવક એવા શ્રી સીતારામ અમુલખ બ્રહ્મભટ્ટ (વીજાપુરા) શ્રી નારાયણના અજબ વ્યક્તિત્વનો પરિચય કરાવતાં જણાવે છે કે : ''એકઠા કરેલ આખી જુવાનીના જોમ ને ખખડતાં તાજાં ખમીર, સેવાયજ્ઞમાં હોમનાર હિંમતદર્દ તે નારાયણ, જ્ઞાતિધ્યેયના ધખારામાં લોહીનાં પાણી કરી પ્રાણની પરવા કર્યા સિવાય પ્રતિકૂળ સંજોગોમાં પણ ધાર્યા પ્રમાણે પ્રત્યક્ષ કાર્ય કરી બતાવનાર કર્મવીર નારાયણ અવિશ્રાંત પરિશ્રમ ખેડી, સ્વપુરુષાર્થે પોતાનાં માંસ રુધિર રેડી જ્ઞાતિની નિશ્ચેષ્ટ જ પરિસ્થિતિમાં વિદ્યાવૃક્ષરોપી નિરાધાર જ્ઞાતિ બાળકો માટે તે ખુલ્લું મૂકી અનેક વાવાઝોડાના ઝાપટા અને અનાવૃષ્ટિવાળા પ્રતિકૂળ સંજોગોમાં પણ પાળી, પોષી મરણાંત સુધી નિભાવી રાખનાર પુરુષાર્થી પુરુષવર તે નારાયણ-આર્યાવતના અનેક ભટ્ટસ્થાનોમાં હું ફર્યો છું. અને ભારતના પ્રખ્યાત બ્રહ્મભટ્ટોનો પરિચય મને થયો છે. પણ આપણા આ નારાયણની જેમ જલતા જિગરની જોડ ક્યાંય જડી નથી. ભારતમાં પ્રત્યેક પ્રાંતમાં સેવાકાર્ય કરતા જ્ઞાતિના અગ્રગણ્ય પુરુષોને પણ નારાયણના પુરુષાર્થ અને સેવા આગળ સર ઝુકવતા જ જોયા છે...''

શ્રી દાજીભાઈ છાત્રાલયના છાત્રો પૈકીના ખાનદેશના વતની શ્રી જંગલરાવ દલપતરાવ ઠાકુરનાં સ્મરણોમાં રહેલા નારાયણ કેવા હતા તે જોઈએ ''ગમે તેવા નિરાશાવાદી પણ એ નારાયણના અલ્પ પરિચયમાં આવતાં જ આશાવાદી બની જતા. પોતાના વિચારોનું પ્રાબલ્ય બીજાના મન પર પ્રસ્થાપિત કરવાનું એમનું કૌશલ અજબ હતું. એ જેટલા શીઘ્રક્રોધી એટલા જ શીઘ્રશાંત પણ હતા. તેમનું હૃદય અત્યંત પ્રેમાળ હતું.... ગરીબ અને લાયક વિદ્યાર્થી પર તેમને અનહદ પ્રેમ હતો.... એમના કાર્યબાહુલ્યને લીધે શક્તિ બહારનો શ્રમ કરતાં જ્વર આવતો, ત્યારે તેને પાછા બિલકુલ ગણકારતા ન હતા. તેમની સહનશક્તિ આશ્ચર્ય-જનક હતી.... એમની સ્મરણશક્તિ પ્રશંસનીય હતી. સમાજ છાત્રાલયના રેકોર્ડમાં કયો કાગળ ક્યાં છે તેઓ બરાબર કહી શકતા... અમુક લેખ ''ભટ્ટભાસ્કર''ના અમુક વરસના અમુક અંકમાં આવી ગયો હોય એ ચોક્કસ કહી શકતા...''[૭] આવા હતા 'નારાયણ' !!

મુંબઈ રાજ્યમાં મેજિસ્ટ્રેટ તરીકે વર્ષો સુધી સેવારત રહેલા શ્રી જે. એમ. બારોટ સ્વ. નારાયણ માટે નોંધ છે કે :

''બોર્ડીંગનો સંચાલક, પોષક અને આત્મા છતાં ત્રીવ પ્રેમની ગાંડાઈથી પોતાના બાળકને દબાવી ગુંગળાવી દેનાર પ્રેમઘેલી માતા. બોર્ડીંગથી (દ્વારા) જ્ઞાતિસેવા કરનાર સાચો સામંત, છતાં સ્વાર્થમય અંકુરોથી છંટાયેલ અમર આત્મા, કેળવણી ખાતર બોર્ડિંગનો પાયો નાંખનાર છતાં કેળવાયેલાનો પવન ન લાગે માટે એરટાઈટ કોટ કરનાર હોશિયાર કારીગર. કેળવણીની સાચી દાઝથી મહેસાણા બોર્ડિંગ ખોલી દુશ્મનને તેમના જ હથિયારથી મહાત કરવામાં ફળીભૂત થયેલો ઈર્ષાળું મિત્ર...''[૮]

આ ઉપરાંત શ્રી દાજીભાઈ છાત્રાલયના બીજા એક ગૃહપતિ શ્રી ગોપાળજી બ્રહ્મભટ્ટનાં સંસ્મારણો કંઈક આ મુજબ છે. ''નારાયણ કોઈપણ સ્થળે જતા તો તેઓ પોતાનાં કપડાંની પણ પરવા કરતા નહિ-જ્ઞાતિહિતના કામમાં એટલા ધુની હતા કે તેમને કોઈપણ જાતની કપડાંની ખબર રહેતી નહીં.. છેલ્લા દિવસોમાં પૂ. શ્રીએ પ્રયત્ન કરીને ગાયકવાડી રાજ્યમાં આખી બ્રહ્મભટ્ટ કોમના વિધાર્થીઓ માટે મેટ્રિક સુધી ફી માફી કરાવી. એ ઉપકાર બ્રહ્મભટ્ટ કોમ કેમ ભૂલી જશે? પ્રેમાનંદભાઈ (ડેપ્યુટી), ભવાનશંકર માસ્તર (લોહાણા બોર્ડિંગ), બાપુભાઈ વૈષ્ણવ, મી. બુશ વગેરે તેમના શિક્ષિત મિત્રો હતા. એમના માટે અન્ય કોમના માણસોને પણ બહુ માન હતું.''[૯]

શ્રી જેઠાલાલ મો. બારોટ નોંધે છે કે : ''શ્રી નારાયણની વાણીમાં કુદરતી પ્રભાવ હતો. ગમે તેવો તેમનાથી અંજાઈ જતો અને એમને સાથ દેવામાં પોતે મોટાઈ માનતો.... પ્રભુમાં એમને અઢળક શ્રદ્ધા હતી. છતાંય એમનો પુરુષાર્થ ગમે તેવાને શરમાવે તેવો હતો. ગુજરાતીઓને માથે પ્રારંભશૂરાનું તહોમત ભલે હોય, પણ તેમાંથી સ્વ. શ્રી નારાયણ બાકાત હતા. ધન્ય છે તેમની જનેતાને.. સર્વને જુદા જુદા પ્રકારના શોખ હોય છે તેમાં શ્રી નારયણને જ્ઞાતિની અધોગતિ દૂર કરવાનો શોખ હતો. (તેથી) જ્ઞાતિલાઓ સાથે, ઓફિસરો સાથે, દેશજનેતાઓ સાથે (તેઓ) એ જ વાત કરતા દેખાતા.''[૧૦]

આ તમામ સંસ્મરણો તો જ્ઞાતિજનો દ્વારા રજૂ કરવામાં આવેલા હોઈ કદાચ એમાં અતિશયોક્તિ કે અહોભાવ આવી ગયાં હોય પરંતુ ઈતર જ્ઞાતિના શ્રી ચતુરભાઈ શં. પટેલ પોતાની તારીખ ૧૩-૧૧-૧૯૨૩ની નમ્ર નિવાણાંજલિમાં 'નારાયણ' માટે જે શબ્દો યોજે છે તે ધ્યાન દોરે તેવા છે. ''શ્રી માતરવાળા એટલે મૂર્તિમંતી જ્ઞાતિસેવા, અવિશ્રાન્ત પરિશ્રમ, અવિરત કર્મનિષ્ઠા, અખંડ ઉત્સાહની મૂર્તિ અભંગ આશાની પ્રતિમા, અનંત ઉન્નતિનો અવતાર... પરમ કર્તવ્યવીર, વિરલ વિધાવીર ખરે જ 'પુરુષોત્તમ' નીવડ્યા... બારોટ જ્ઞાતિને કાર્યક્ષેત્ર બનાવ્યું માટે બારોટોમાં, ગુજરાતને કાર્યક્ષેત્ર બનાવ્યું હોત તો ગુજરાતમાં. – બારોટોનો મધ્યારાત્રિનો ગાઢ અંધકાર ભેદનાર

એ દીવડો હતો. ઉંઘતા બારોટોને પરોઢની ઝાંખી કરાવી જગાડનારએ કૂકડો હતો. બારોટ અભ્યુદયનો ઉજાસ પ્રકટાવનાર એ અરુણ હતો. સેવા અને કામ એમનો મુદ્રામંત્ર હતો. જ્ઞાતિગંગામાં અવગાહન એ એમનો અવિરત આનંદ હતો. રાતદિન એમના મનની "રેકર્ડ" જ્ઞાતિનાં ગીત ઉતારતી... એમનું દરેક દાનનું ઝરણું જ્ઞાતિગંગાને જઈ મળતું. એમના વિચાર, વાણી અને વર્તન જાણે જ્ઞાતિને ચરણે કૃષ્ણાર્પણ હતાં. બારોટ કોમને આવું અમોલ સેવક-રત્ન મળી આવ્યું એ એમનું અહોભાગ્ય"[૧૧]

અંતે શ્રી વિઠ્ઠલભાઈ ન. બ્રહ્મભટ્ટના ગીતમાં વર્ણવાયેલ નારાયણ જોઈએ :

"જ્ઞાતિકેરા વીર શૂરઓ ! પરાક્રમી પુરુષોત્તમદાસ,
કાર્ય અધૂરાં મૂકી આપે, જઈ કર્યો શું સ્વર્ગે વાસ?
ઉન્નતિ કરાવી જ્ઞાતિની તેહતો જીવનમંત્ર તવ ખાસ,
એવા જ્ઞાતિહિતચિંતક શું ગયા સ્વર્ગમાં પુરુષોત્તમદાસ."[૧૨]

તેમજ "પુરુષોત્તમવિરહ" નામના કાવ્યમાં બ્રહ્મભટ્ટો દ્વારા જ્ઞાતિ મણિ ગુમાવવાનો શોક જોઈએ :

"અમર નામના, જ્ઞાતિમાં કરી પુરણ દાઝતો જ્ઞાતિની ધરી,
તુજ વિના પડી ખોટ તો ઘણી, અરર ! શું ગયો જ્ઞાતિનો મણિ?
અધમ સ્તિથિમાં જ્ઞાતિ જે હતી, ગણતરી કશી એની ના થતી,
ભરતખંડમાં, જાણીતી કરી, અરર ! શું ગયો જ્ઞાતિનો મણિ."[૧૩]

વાસ્તવમાં અજ્ઞાનના અને ભવ્ય ભૂતકાળના મિથ્યા અંધકારમાં રાચતી સમગ્ર બ્રહ્મભટ્ટ જ્ઞાતિને આધુનિકતાનો ઉજાસ બતાવનાર કેટલાક જ્ઞાતિસેવકોમાં શિરમહોર સમાન શ્રી માતરવાળા એ બ્રહ્મભટ્ટ જ્ઞાતિના ઉત્કર્ષ માટે જે કાર્યો કર્યા છે તેને શબ્દોની સાંકળથી કેદ કરવાનો પ્રયત્ન મિથ્યા અને વામણો કહેવાય એવું વિરલ વ્યક્તિત્વ ધરાવતા શ્રી માતરવાળાને બ્રહ્મભટ્ટ જ્ઞાતિ સદાકાળ યાદ રાખશે જ.



### મહાત્મા દાજીભાઈ કુંવરજીભાઈ બ્રહ્મભટ્ટ (૧૮૫૧ – ૧૯૨૫)

જ્ઞાતિનાં તમામ બાળકોને પોતાનાં સમજી તેમના શિક્ષણ માટે જેમણે પોતાનું સર્વસ્વ (સ્વ હસ્તેજ) અર્પણ કરી દેનાર. દાનવીર દાજીભાઈનો જન્મ માતામહ શ્રી રાવજીભાઈને ત્યાં વડોદરા મુકામે થયો હતો. તેમના માતૃશ્રી અચરતબા; દાજીભાઈ

જ્યારે માત્ર ત્રણ વર્ષના હતા ત્યારે વિધવા થતાં પ્રતિષ્ઠિત અને સંપન્ન પિતૃપક્ષના સથવારે અને પોતાની અખૂટશક્તિ તેમજ ઈશ્વરભક્તિને આધારે દાજીભાઈને એમણે સારી રીતે ઉછેર્યા. બચપણથી જ મામા જસવંતરાવ ઉત્તમ કવિ હોવાથી મામાના ત્યાં આવતા વિદ્વાનો અને ખુદ મામાના સહવાસમાં દાજીભાઈએ પણ તે સંસ્કાર ઝીલ્યા. સાધારણ પ્રાથમિક શિક્ષણ મેળવીને નોકરીની શરૂઆત પણ દાજીભાઈએ વડોદરાથી જ કરી તાત્કાલીન રિવાજ અનુસાર માત્ર ૧૨-૧૩ વર્ષની બાળવ્યે એમણે પ્રથમ લગ્ન વાડેલ (ઈડર સ્ટેટ) મુકામે કર્યા.

પુસ્તકોના વાંચનનો શોખ હોવાથી વાંચન અને અભ્યાસને કારણે યુવાન થતાં સુધી એમણે સ્વધર્મ ઉપરાંત હિંદુ જૈન, ઈસ્લામ તેમજ ખ્રિસ્તી ધર્મશાસ્ત્રોનો જાતે જ પૂરતો અભ્યાસ કરી લીધો હતો. શ્રી મલ્હારરાવ ગાયકવાડના શાસન ટાણે રાજ્યમાં ખ્રિસ્તી પાદરીઓની વટાળ પ્રવૃત્તિ વિશેષ જોરમાં હતી. દાજીભાઈએ પાદરીઓ દ્વારા ભોળા ભલા લોકોને લલચાવવા અને ભ્રમણોમાં ફસાવવા થતા આ પ્રયાસો અને હિંદુધર્મને ઉતારી પાડવા કરવામાં આવતા આક્ષેપોનો વિરોધ કર્યો. તેમની સાથે શાસ્ત્રાર્થ કરવા તૈયારી બતાવી ત્યારે આ લોકોએ એમના પર હુમલો કર્યો. છેવટે ધર્મકાર્યમાં વિક્ષેપ નાખવાના આરોપસર તેમને મહારાજા શ્રી મલ્હારરાવ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. પરંતુ પોતાની યોગ્યતા, સત્યપ્રિયતા અને વિવિધ ધર્મશાસ્ત્રોના પૂરતા જ્ઞાનને લીધે મહાત્માજીએ ગાયકવાડ સરકારને દાખલા દલીલો સહિતના પોતાના વક્તવ્યથી ખુશ કરી દીધા અને સજાને બદલે વાર્ષિક ૨૦૦ રૂ.નું સાલિયાણું મેળવ્યું. જે મહારાજશ્રીના ગાદી ત્યાગ પછી સર ટી. માધવરાવના સમયે બંધ કરી દેવામાં આવતાં તેમણે મહારાજશ્રીને તે ફરી ચાલુ કરવા યોગ્ય રજુઆત કરી. જવાબમાં પેન્શન ફરી ચાલુ કરવા કરતાં મહત્માજીને પોલીસ ખાતામાં નોકરીની ઓફર કરવામાં આવી, જે સ્વીકારી લઈને પોતાની યોગ્યતાને બળે એમણે ફોજદાર સુધીનું પ્રમોશન મેળવી પોતાની આવડત પૂરવાર કરી. પોતાની આ નવી જવાબદારીમાં તેઓ વધુ સતર્ક અને હોશિયાર બન્યા. નિર્દોષને સજા ન થાય તથા દોષિત છટકી ન જાય તેની એઓ ખૂબ જ ચીવટ રાખતા. વળી ખોટી ખટપટ કરનારા વચેટિયાઓને તે સદા દૂર રાખતા. આને લીધે જ્યાં જ્યાં એમણે ફરજ બજાવી ત્યાં લોકોએ એમને પૂરતાં માન-સન્માન આપ્યાં.

જો કે ઈશ્વરે એમની સાથે અન્યાય કર્યો હતો. પ્રથમ પત્ની છ દિવસના બાળક જાયકૃષ્ણને મૂકીને ગુજરી ગયાં, જેને સોળવર્ષનો કરી ભણાવી ગણાવી પરદેશ મોકલવાને લાયક બનાવવા સુધીની જહેમત એમણે એકલા રહી જાતે જ ઉઠાવી, બાળકમાં ધર્મ અને સંસ્કારનું સિંચન કર્યું અને હિમત તથા લાડકોડથી ઉછેરી તેર વર્ષની ઉંમરે પાટણ પરણાવી દીધો. આ જયકૃષ્ણ ભણવામાં ખૂબ જ હોંશિયાર હોવાથી તેને વિલાયત ભણવા મોકલવાની તૈયારી કરી રહેલા શ્રી દાજીભાઈને બીજો ફટકો પ્લેગમાં સપડાઈને મૃત્યુ

પામેલા ઉગતા તેજસ્વી પુત્રે આપ્યો. ઘણાબધા પ્રયત્નો છતાં પુત્રને બચાવી લેવામાં નિષ્ફળ નીવડેલા દાજીભાઈને આમાં પણ ઈશ્વરેચ્છા જ જણાઈ. હવે વિધુર અવસ્થામાં રહીને દાજીભાઈ બાળવિધવા પુત્રવધુનું જીવન સુધારવા ચિંતિત રહેવા લાગ્યા. આ દુઃખમાંથી છૂટવા અને શાંતિ મેળવવા સમગ્ર ભારતની એમણે યાત્રા કરી, ત્યારબાદ લાંબાકાળે ૫૫ વર્ષની ઉંમરે એમણે ફરી લગ્ન કર્યા. પરંતુ ફરી સુખ હાથતાળી દઈ ગયું. પુત્રને જન્મ આપ્યા પછી પત્ની અને પુત્ર બંને ટૂંક સમયમાં જ ગુજરી ગયાં ને ફરી તેઓ સંસારમાં એકલા પડી ગયા.

ત્યારબાદ એમણે ત્રીજું ને છેલ્લું લગ્ન મહુધા ગામે કર્યું. જેથી એમને કંઈ જ સંતાન પ્રાપ્ત થયું નહિ. પરિણામે પોતાની મિલ્કતનો જ્ઞાતિસેવા કાજે ઉપયોગ કરવા સતત તેઓ વિચારતા રહ્યા. થોડોક સમય સાધુ સંતોના સહવાસમાં ગાળ્યો. ઈશ્વરપરાયણ જીવન જીવતાં જીવતાં એમણે ઘણાં બધાં ભજનો રચ્યાં. શ્રીમંત મહારાજા સયાજીરાવના લગ્ન પ્રસંગે (ઈ. સ. ૧૮૦૦માં) માંગલિક કસિતાઓનું એક પુસ્તક પણ તૈયાર કર્યું.

અત્યાર સુધી માત્ર પોતાના પુત્ર-પત્ની કે પુત્રવધૂનું કલ્યાણ ઈચ્છતા દાજીભાઈએ હવે સમગ્ર જ્ઞાતિનાં બાળકો તરફ નજર કરી. લાંબા વિચાર અને વાનપ્રસ્થ સ્થિતિને લીધે રા. ભગવાનદાસ વકીલની સલાહ મુજબ એમણે બ્રહ્મભટ્ટ બાળકોની કેળવણી માટે યોગ્ય વ્યવસ્થા કરવાનું વિચાર્યું. આ અરસામાં શ્રી પુરુષોત્તમદાસ માતરવાળાના વડોદરા સ્ટેશને બદલી થતાં મહાત્માજીના જ્ઞાતિહિતચિંતનમાં વિશેષ વૃદ્ધિ થઈ. વકીલશ્રી હરગોવિંદભાઈ બ્રહ્મભટ્ટની સલાહ મુજબ એમણે જ્ઞાતિનાં બાળકોને વિદ્યાદાન મળી રહે તે માટે પોતાની તમામ મિલ્કતનું ટ્રસ્ટ ડીડ કર્યું. જેના પરિણામે વડોદરા મુકામે શ્રી દાજીભાઈ બ્રહ્મભટ્ટનું છાત્રાલય આકાર પામ્યું. (જુઓ આ સાથે આપેલો ફોટો) જ્યાં રહીને અનેક જરૂરતમંદ જ્ઞાતિ બાળકોએ સુંદર કેળવણી મેળવીને શ્રી દાજીભાઈનાં સ્વપ્નાં સાકાર કર્યાં. જ્ઞાતિની આવી ઉમદા સેવા કરનાર શ્રી દાજીભાઈ હવે મહાત્મા તરીકે જાણીતા બન્યા. લોકોએ એમનું સન્માન કર્યું. પરંતુ એથી પગવાળીને બેસી રહેવાને કે ફુલાઈને ફાળકો થવાને બદલે દાજીભાઈ બમણા ઉત્સાહથી જ્ઞાતિની જ્ઞાનસાધના માટે શક્ય એટલું ધન એકઠું કરવાના પુણ્યકાર્યમાં લાગી ગયા. ગામે ગામ ભૂખ્યા તરસ્યા રખડીને, પગપાળા પ્રવાસ કરીને, લોકોનાં મહેણાં ટોણાં સાંભળીને પણ એમણે ગણ્યા ગાંઠ્યા બેચાર જ્ઞાતિજનોના સાથ સહકારથી છાત્રાલય માટે અને બ્રહ્મભટ્ટ બાળકોની કેળવણી માટે મોટું ફંડ ઊભું કર્યું; જેમાંથી જ્ઞાન અને સદાચારની પરબ મંડાઈ, જેણે અનેક અતૃપ્ત જ્ઞાતિજનોની જ્ઞાન-તૃષા સંતોષી. પોતાના વતન સાવલી મુકામે એમણે ચણાનું સદાવ્રત ખોલીને ભૂખ્યાજનોની ઉદરપૂર્તિ માટે પણ બીજો એક પ્રયોગ કર્યો. આમ હજારો ગરીબોની શુભ આશિષ મેળવનાર આ ભડવીર બ્રહ્મભટ્ટ દાજીભાઈનું ઈ. સ. ૧૯૨૫માં અવસાન થતાં જ્ઞાતિને મોટી ખોટ પડી.



વડીલશ્રીઓ સાથે વિદ્યાર્થીવૃંદ : શ્રી દાજીભાઈ બ્રહ્મભટ્ટ છાત્રાલય, વડોદરા

તેમનાં આદરેલાં સત્કાર્ય અધૂરાં ન રહે તે માટે સ્વ. પુરુષોત્તમદાસ માતરવાળા, શ્રી ચૂ. પુ. બારોટ અને બીજા અનેક જ્ઞાતિસેવકો આગળ આવ્યા. જેથી જ્ઞાનોપાર્જનનું તેમનું મહાન સત્કાર્ય વધુ વેગવાન બન્યું. આવા કર્મવીર અને દાનવીર દાજીભાઈના મૃત્યુ પ્રસંગે જ્ઞાતિ અને પરજ્ઞાતિમાંથી પણ કેટલાક લોકોએ અનેક શોકાંજલિઓ આપી. આ તમામ શોકાંજલિઓ શ્રી દાજીભાઈની અનેકવિધ લાક્ષણિકતાઓની સાક્ષી પૂરે તેવી છે. તે પૈકીની કેટલીક મહત્ત્વની શોકાંજલિઓ અત્રે ટૂંકમા જ રજૂ કરું છું.

શ્રી દાજીભાઈ છાત્રાલયમાં રહી અભ્યાસ કરતા જ્ઞાતિના અનેક નાના નાના ''પ્રભુઓ'' (શ્રી દાજીભાઈ દરેક વિદ્યાર્થીને ''પ્રભુ'' કહેતા) પૈકીના એક એવા શ્રી ભૂપતસિંહ શિવલાલ બારોટની સ્મરવાંજલિના શબ્દો આ પ્રમાણે છે :

''દશ વર્ષથી એ દાનવીર દાજીભાઈનાં જીવનવહેણ હું જોતો આવ્યો છું. પ્રથમ જ મેં તો એમને મહાત્મા માનેલા. એ ઘરડા છતાં જુવાનનાં જોમ ધરાવતા. સ્વભાવે ઉગ્ર છતાં ભાવભીના અને ભાવભૂખ્યા હતા. હાથે કઠોર છતાં હૈયે હેતાળ હતા. ઝીણી દષ્ટિનાં છતાં ઉદાર હતા. સ્વાર્થી છતાં પરમાર્થી હતા. કોઈથી પણ ગાંજ્યા ન જાય એવા હતા. તોયે જીવના મોટા અને દિલના દરિયાવ હતા. ખાંટ હતા છતાં પાસે કશુંય ''મારું'' કહી રાખી જાણ્યું ન હતું. બહુરૂપી છતાંય યશવરેલ હતા. પાકા ગઠીઆ હતા તોય જીવન સર્વસ્વ લૂંટાવી દીધું હતું. લોકવાયકા ઝાંઝવાનાં જળ જેવી લાગે તોય સાચી માની સાર શોધતા. કલ્પના દાંત કઢાવે તેવી હોય તોય ગંભીર થઈ સાચી વાત મનાવવા મથતા.''

તેઓ આગળ નોંધે છે કે ''એ ધારેલું કરતા ત્યારે જ જંપતા. જાત દેતાં બોચી નહોતા ખંજવાળતા. સંસ્થા માટે પાસે હતું તે તમામ દીધું સાથે સાથે જીવન પણ દીધું. નિશ્ચય બળે તો તેઓ મરેલા મરેલા પણ ત્રણ માસ જીવ્યા. ટેકીલા હતા. થુકેલું ગળવું એમને બહુ અઘરું લાગતું. ઘરડા થઈને પણ ઘરનો ખૂણો નથી સેવ્યો. એમની ''સેવાયાત્રા'' (અંગે) લખીએ તો વાંચતા થાક ચઢે. ચાલવાનું આવતું ત્યારે વીસ પચીસ માઈલ વગરવિશ્રાંતિએ ચાલી શકતા. કલમ કરતાં કડછી અને બરછીનો ઉપયોગ વધુ સારો કરી જાણતા. પોતાની તેમજ પારકી જાત માટે બહું જ કડક. સાડા ચારે જાતે ઊઠી જતા. પ્રભાતિયાં લલકારી ઊંઘતા વિદ્યાર્થીગણને જગાડતા. સાડા છ પહેલાં તો પ્રાતઃ સંધ્યાની શરૂઆત થઈ જ ગઈ હોય. સાયંસંધ્યા છના સુમારે થતી, નિયમન બહુ. રાતના વિદ્યાર્થીઓ ધોરણવાર હારદોર ઊભા રહેતા. પલાખાં લેતાં વગેરે અરસ પરસ (પ્રશ્નો) પૂછાતા. ન આવડે તેને ભોંય ખોરતાં શીખવું પડતું.''

શ્રી ભૂપતભાઈના સુંદર સંસ્મરણને વાગોળ્યા પછી આ છાત્રાલયના બીજા એક તેજસ્વી વિદ્યાર્થી (૧૯૧૯) અને જ્ઞાતિ સેવક શ્રી ચૂ. પુ. બારોટના શબ્દો હવે જોઈએ.

''જ્ઞાતિમાં ઘરડા તો ઘેર ઘેર તું ક્યાં નથી જોતો? પરંતુ હે વાંચક જ્ઞાતિના બાળકો માટે આટલો જુવાન થયેલો ઘરડો એ સંસારનાં ખોખલામાંથી મર્દ દાજીભાઈ વિના કોઈ તેં જોયો? દીકરા દીકરીના વિવાહ કરવા માટે કે સાત સાંધવાને તેર તોડવા માટે ગામે ગામ આથડતા ઘરડા તેં જોયા હશે, પણ તારી જ્ઞાતિના બાળકોની કેળવણી માટે આથડતો ઘરડો, તેં નિઃસ્વાર્થ દાજીભાઈ વિના તારી ન્યાતમાં કોઈ જોયો? પોતાની પાછળ લહાણાં કરનાર પોતાની પાછળ મિલ્કતો સમર્પણ કરનાર ઘરડા તો જ્ઞાતિમાં તે જોયા હશે, પરંતુ જ્ઞાતિમાં કેળવણી પ્રચારાર્થે મિલ્કત સર્મપણ કરવા જેટલો નવો ચીલો પાડનાર સપૂત દાજીભાઈ વિના કોઈ જોયો? પૂ. દાજીભાઈ અમૂલ્ય વારસો મૂકી ગયા છે તે અમૂલ્ય વારસો તે એમની પાર્થિવ મિલ્કતનો નહિ. તે અમૂલ્ય વારસો તે જ્ઞાતિનાં બાળકોને એમના નામથી મળી હશે અને મળશે એ આધુનિક સરકારી કેળવણીનો નહિ... પણ... એ અમૂલ્ય વારસો એ તો એમનો ઘરડે ઘડપણ જુવાનીનો દાખલો. જ્ઞાતિનાં જાહેર કામો માટે મિલ્કત સમર્પણ કરવાનો એમણે આચરી બતાવેલ આદર્શ. એમને મહાત્મા કહેતાં ઘણા અચકાશે હું પણ અચકાતો. અરે કદી મહાત્મા કહેતો જ નહિં, પરંતુ એમના જેટલી ઉંમરે આપણા જેવી જ્ઞાતિમાં આટલો જાહેર અને સાચો ઉત્સાહ બતાવે તે મહાત્મા તો ખરો જ. એમ આજે હું નિઃસંકોચ કહીશ.''

શ્રી ચૂ. પુ. બારોટનાં આ વેધક છતાં સચોટ શબ્દો શ્રી દાજીભાઈના વ્યક્તિત્વનાં મહામૂલાં પાસાં દર્શાવવા માટે અત્યંત મહત્ત્વનાં છે. એ જ રીતે વિજાપુરના ''ઉત્સાહી'' બ્રહ્મભટ્ટ બંધુના શબ્દો શું સૂચવે છે તે જોઈએ. ''મર્હૂમ દાજીભાઈ લખી શકાય. ગમે તેવો પણ અત્યાર સુધી એમના જેવો સ્વાર્થ ત્યાગ કોઈપણ એટલી ઉંમરના વૃદ્ધ પુરુષે આપણી જ્ઞાતિમાં આ જમાનામાં દર્શાવ્યો નથી. વૃદ્ધાવસ્થા છતાં કેટલેક ગામ રખડીને બોર્ડિંગમાં ભણતા વિદ્યાર્થીઓ માટે ફંડ ભેગું કરવાનું કામ એમના જેવા કોઈ વૃદ્ધે ભાગ્યે જ કર્યું હશે.

આ ઉપરાંત શ્રી અંબાલાલ રામચંદ્ર દેવીપુત્ર શ્રી દાજીભાઈ વિશે જણાવે છે કે ''આપણા ભડવીર, સ્વાર્પણવીરે શું કર્યું? પોતાની શક્તિ પ્રમાણે બધું જ કર્યું. અખિલ ભારતીય બ્રહ્મભટ્ટ કોમને કોઈ ન કરી શકેલું કાર્ય કરી બતાવનાર તે પુ. મહાત્મા દાજીભાઈ તાજમહેલ, ગુજરાત મહાવિદ્યાલય (વિદ્યાપીઠ) શાંતિનિકેતન વગેરે એવી રીતે એ એ પુરુષોની અથાગ પરિશ્રમનું ફલ તે દાજીભાઈ બ્રહ્મભટ્ટ છાત્રાલય. તેને પગભર કરવા માયે ઘેર ઘેર જ્ઞાતિ અને પરજ્ઞાતિમાં ભટકી, જ્ઞાતિના બંડખોર-યુવકોના હાથે લેખના ઝપાટા વેઠી, અપમાન વેઠી, પોતાનું તન, મન અને ધનથી સર્વસ્વ અર્પણ કર્યું તે કોણ? મહાત્મા દાજીભાઈએ. એમણે નથી કરી રાજ્યની મુત્સદીગીરી કે નથી કરી દીવાનગીરી કે નથી કર નાતની મોહભરી પટલાઈઓ, છતાં એમણે જે કર્યું છે તે તો કોઈપણથી થઈ શક્યું નથી.''[૧૭]

શ્રી દાજીભાઈના સ્વભાવની મુખ્ય ત્રુટી (ક્રોધ) માટે સ્વાનુભવ વર્ણવતા શ્રી ખોડાભાઈ વજેસિંગ બ્રહ્મભટ્ટ લખે છે કે ''પૂ. દાજીભાઈનો સ્વભાવ ક્રોધી હતો. પરંતુ મારા માનવા પ્રમાણે લાગે છે કે તેમણે ફોજદારીની નોકરી કરેલી અને ઘણી મુદ્દત તે હોદ્દા પર રહેલા એ જ એમના ઉગ્ર સ્વભાવનું કારણ છે. તેની સાથે દયાનાં કારણો તેમનામાંથી લેખે થઈ ગયાં નહતાં. વળી મહાત્મા ગાંધીજીનો સિદ્ધાંત છે કે સ્વાશ્રયી થવું. તે પ્રમાણે સ્વ. દાજીભાઈ વર્તતા. બોર્ડિંગ માટે ફરતા. પગે ચાલતા અને પોતાના સરસામાનનો ખાનાંવાળો ખડિયો તે પોતે જ ઉપાડી લેતા. કોઈ ઉપાડવા માંગે તો તે ના જ કહેતા. આટલી વયે આવા સ્વાશ્રયવાળા તો આંગળીને ટેરવે ગણાય એટલા જ મળે.''[૧૮]

આવા શ્રી દાજીભાઈ વિષે સ્વજ્ઞાતિજનો ઉપરાંત પર જ્ઞાતિના લોકોને પણ વિશેષ આદર હતો તેનાં દષ્ટાંત રૂપે શ્રી રમણલાલ પ. વ્યાસના શબ્દો જોઈએ :

''નાકે ક્ષાત્રત્વ ને આંખે ઓજસ લલાટે ચિંતન રેખ અને શિરે પુષ્પકુંજ શો શુભ જટાજૂટ. જોનારને આંજતું વિરલ વ્યક્તિત્વ અને એ જ એમના કીર્તિકોટનો વજ્રપાયો. આગ્રહી અને વેગીલી વાણીમાં વહેતો ઉત્સાહ અને યશભૂખી સેવા એ જ એમનાં સબળા સાધન. એ વડે એ જ્વલંત જીવનજીવ આજ યજ્ઞદેહ મૂકતા ગયા. એમનું અંતર તો અણકેલ્યો કોયડો. અનુભવ કહે છે કે જાણતા. સાધ્યની ચીવટ રાખતા એટલી સાધનની નહિ છતાં પણ સાધ્ય કરતાં ઉદાત્ત નહોતાં. જે આ સાધનનાં ભૂલવ્યાં ભૂલાય? દંભ હતો પણ મમતે ક્યાં ઓછો હતો? મમતાના માર્યા તો એ મરી જાણતા... એઓશ્રી મહત્ત્વાકાંક્ષી હતા. નિશ્ચયબળથી અનેકને નમાવતા ધાર્યું કરતા. દોષ તો સૌમાંય હોય એમના અનેક દોષ દાબવા એમનો પરમાર્થ પૂરતો છે. પરાર્થ બધુંય ફના કરનાર તો દાજી એક જ જડ્યા. એમને પગરખે હજી કોણે પગ ઘાલ્યો છે?''[૧૯]

ભક્તિ ભાવે નમે હૈયું (એ) સાધુના સંન્યાસને.'' આવા શ્રી દાજીભાઈના ''અંતવખત''નાં સંભારણાં કહેતા શ્રી હિંમતભાઈ રાવ શું કહે છે તે જોએ. ''બધાઓને તે નમન કરતા. અને હાથ જોડીને બોલતા ને વખતે એમના પ્રેમ અને નમ્રતા અદ્‌ભુત હતાં. એઓશ્રી અમારી બધાની સામે હાથ જોડીને જોઈ રહ્યા હતા અને બધા હાથ જોડીને તેઓ શું કહે છે તે જોતા હતા. ''હું જન્મ લઈશ તો આ જ્ઞાતિમાં જ લઈશ'' એવું એવું એ બોલતા હતા... ને મહાવદ એકાદશીની પુણ્યતિથિએ દિવસના અગિયાર વાગતાં એમણે દેહ છોડ્યો-જ્ઞાતિનો નરમણિ ગુમ થયો.[૨૦]

તેઓશ્રી માટે બ્રહ્મભટ્ટ માત્ર ગર્વ અનુભવે છે.

આવા નરામણિ, મહાત્મા પ્રખર જ્ઞાતિહિતચિંતક અને દાનવીર દાજીભાઈને એમના નિકટના સાથી એવા શ્રી પુરુષોત્તમદાસ માતરવાળા કયા શબ્દોમાં અંજલિ અર્પે છે તે જોઈએ.

''દાજી તો દાજી જ હતા. એમની ખોટ પૂરી પડાય તેમ નથી. ઉદારતા, અડગ આત્મકથા, અખંડ ઉત્સાહ, મોટા થવાની પ્રબળ મહેચ્છા ને તેને માટે બધુંય ખુવાર કરવાની ધગશ એ એમનાં આગળ પડતા ગુણો હતો. દાજીનાં દર્શન કરવાં હોય તો આ ગુણોને નોંતરો. પ્રભો ! એ સ્વાર્પણમૂર્તિ દાજીને એમની જ્ઞાતિની સેવા કરવાની આંતર અભિલાષા પૂરી પાડવા પાછા વહેલા મોકલો''[૨૧]

આમાંશ્રી પ્રહલાદ બ્રહ્મભટ્ટ પોતાના કાવ્યથી સ્વ. દાજીભાઈને શબ્દ કુસમુની અંજલિ અર્પતાં શું કહે છે તે જોઈએ.

''જતાં એ વીર દાજીની, પડી ગઈ ખોટ જ્ઞાતિમાં.
હિતેચ્છુ સ્વાર્થ ત્યાગીની, પડી ગઈ ખોટ જ્ઞાતિમાં,
દઈ સર્વસ્વ જ્ઞાતિને, બજાવી જ્ઞાતિને સેવા,
વિરાગી વીર દાજીની. પડી ગઈ ખોટ જ્ઞાતિમાં.
અભાગી કોમને છોડી, જતાં કંઈ વાર ના લાગી,
ખરા એ જ્ઞાતિ સેવકની, પડી ગઈ ખોટ જ્ઞાતિમાં.
તરસ ભૂખ, કષ્ટ વેઠીને, ભમ્યો તું ગામ પરગામે,
ગયો તું આજ આ કામે? પડી ગઈ ખોટ જ્ઞાતિમાં.
વરસ સિત્તેરના જાણ્યાં, જણાવ્યાં જોર પચ્ચીસાં,
નમે ''પ્રહલાદ'' તુજ નામે, પડી ગઈ ખોટ જ્ઞાતિમાં''[૨૨]

આવો જ્ઞાતિ સેવક્ને જ્ઞાતિજનો સદાસર્વદા યાદ કરી સ્નેહ-સુમન અર્પતાં જ રહેશે.

•



## સ્વાતંત્ર્યવીર અને પ્રખર જ્ઞાતિસેક શ્રી ચૂ. પુ. બારોટ (૧૮૯૯-૧૯૮૪)

વામન કદ અને વિરાટ વ્યક્તિત્વના સ્વામી અને સમસ્ત બ્રહ્મભટ્ટ જ્ઞાતિમાં ચૂ. પુ. ના મિતાક્ષરી તથા હુલામણા નામથી જાણીતા એવા શ્રી ચૂનીલાલ પુરુષોત્તમદાસ બારોટનો જન્મ ઈ. સ. ૧૮૯૯માં નડિયાદમાં શ્રી પુરુષોત્તમદાસ દોલતરાય બારોટને ઘેર થયો હતો. તેમની માતાનું નામ

અચરતબા હતું. માતા અને પિતા બંને સંસ્કારી અને ધર્મપરાયણ હતાં. પરંતુ ધર્માંધ ન હતાં. પિતાજી રેલ્વેમાં સ્ટેશનમાસ્તર હતા અને દાદાજીએ ગાયકવાડ સરકારના વડોદરા સ્ટેટમાં વર્ષો સુધી શિરસ્તેદાર તરીકે સેવાઓ આપી હતી. પરિણામે શિક્ષણ અને સંસ્કાર આ કુટુંબમાં પેઢી દર પેઢી ચાલ્યાં આવતાં હતાં. પિતાજી રાજકારણ તેમજ સમાજ સુધારણામાં વિશેષ રુચિ અને ઉત્તમ ચિંતન ધરાવતા હતા. તેમના વિચારો મહાત્મા દયાનંદ સરસ્વતીથી અત્યંત પ્રભાવિત થયેલા હતા. આમ માતા-પિતાના સંસ્કાર, આચાર અને વિચારના સિંચન ઉપરાંત સાક્ષરભૂમિ નડિયાદના વાતાવરણમાં થયેલા ઉછેરે એમનામાં સ્વદેશપ્રેમ, સ્વભાષાપ્રેમ, સ્વજ્ઞાતિપ્રેમ, સાહિત્યપ્રેમ અને સુધારક વૃત્તિનું ભરપૂર સિંચન કર્યું હતું.

પ્રાથમિક શાળાનો અભ્યાસ પતાવ્યા પછી આગળ અભ્યાસ માટે શ્રી ચૂ. પુ.ને નડિયાદથી વડોદરા આવ-જા (અપડાઉન) કરવી પડતી હતી. વડોદરાથી એક વાર નડિયાદ જવા માટેની ગાડી છૂટી જવા પામી (આ પ્રસંગ આગળ વિગતે આવી ગયેલો હોઈ અત્રે માત્ર ઉલ્લેખ કરું છું) ત્યારે ચૌદ પંદર વર્ષના કિશોર ચૂ. પુ. વડોદરા સ્ટેશને રેલ્વેમાં નોકરી કરતા પોતાના કુટુંબના મુરબ્બીશ્રી પુરુષોત્તમદાસ માતરવાળાને મળ્યા અને રાત રોકાવાની વ્યવસ્થા માગી ત્યારે'' ''આ ગાડી ચૂક્યા તે ચાલ્યું પણ જીવનની ગાડી ચૂકતા નહીં.'' એવી ટકોર સાથે અસાધારણ વ્યક્તિત્વ અને વ્યક્તિ પરખના સ્વામી શ્રી માતરવાળાએ એક ઝવેરી હીરાની પરખ કરે તેમ શ્રી ચૂ. પુ. ને ઓળખીને તેમનું ધ્યાન જ્ઞાતિ સેવા-સમાજસેવા તરફવાળી બ્રહ્મભટ્ટ જ્ઞાતિને એક પ્રખર સેવક, એક અડીખમ યોદ્ધો આપી ગયા, શ્રી નારાયણ (માતરવાળા)ના અવાજનો રણકો અને જ્ઞાતિસેવાની ધગશથી મુગ્ધ થયેલા ચૂ. પુ. જાતે જ નોંધે છે કે ''તેમની વાત મને અસાધારણ લાગી અને તેની મારા પર ભારે અસર થઈ. જો હું આ રીતે એમને અથડાયો ન હોત તો મારો જીવનપ્રવાહ બીજે રસ્તે વહી ગયો હોત. કારણ કે મારા પિતાના સંસ્કારો દેશસેવાના હતા, જ્ઞાતિસેવાના (માત્ર) નહીં, દેશ જ સર્વોપરી અને સેવ્ય વસ્તુ છે. એવા સંસ્કારો એમને સ્વામી દયાનંદ સરસ્વતી તરફથી મળ્યા હતા.''[૨૩] અને ત્યારથી શ્રી ચૂ. પુ. એ જ્ઞાતિ સમાજ-સેવાના પણ લઈ સ્વ. નારાયણની માફક આજીવન સેવાનો ભેખ ધારણ કર્યો.

ઈ. સ. ૧૯૨૦-૨૧માં એકવીસ વર્ષની યુવાવસ્થામાં નસોમાં ઉકળતા યુવાન લોહી અને જ્ઞાતિ, સમાજ તેમજ રાષ્ટ્રસેવાના ભેખધારી ચૂ. પુ. મહાત્મા ગાંધીજી દ્વારા દેશભરમાં ચલાવવામાં આવી રહેલી અસહકારની લડતમાં જોડાઈ ગયા. પૂ. બાપુની અંગ્રેજી શિક્ષણના ત્યાગની અપીલને માન આપીને એમણે ઈન્ટર આર્ટ્સની પરીક્ષા ટાણે કોલેજના અંગ્રેજી શિક્ષણને સદા માટે અલવિદા કહી દીધી અને પૂ. બાપુના

રચનાત્મક પ્રવૃત્તિના નમૂનારૂપે સ્થપાયેલ રાષ્ટ્રીય શિક્ષણની પ્રખર સંસ્થા ગુજરાત વિદ્યાપીઠમાં તેઓ જોડાઈ ગયા. અહીંથી ૧૯૨૩માં એમણે ''ભાષાવિશારદ''ની પદવી પૂ. બાપુના વરદહસ્તે ગ્રહણ કરી, સાથે સાથે બાપુના સત્યાગ્રહી અને સુધારક વિચારોને આત્મસાત કરી વિદ્યાપીઠમાં જ પુરાતત્ત્વમંદિરના જ્ઞાનભંડારના સંરક્ષક-ક્યુરેટર તરીકે જોડાઈ ગયા. આમ તે પૂ. બાપુના સાચા અર્થમાં સાનિધ્યમાં આવ્યા અને બાપુમય બની તેમના સાચા અંતેવાસી પૂરવાર થયા. પૂ. બાપુના સુધારક અને રચનાત્મક વિચારો એમણે પોતાની રોજિંદી જિંદગીમાં ચુસ્તપણે ઉતાર્યા, સ્વદેશી મોહ સાથે કુરિવાજ ઉન્મૂલન અને મદ્ય-નિષેધની પ્રવૃત્તિઓ તેમની પ્રાણપ્યારી પ્રવૃત્તિ બની. પૂ. બાપુનો જીવનમંત્ર પચાવી સ્વજ્ઞાતિ-સમાજ અને દેશની સેવા કાજે સમર્પિત એવા ચૂ. પુ. એ ગુજરાત વિદ્યાપીઠને પોતાની કર્મભૂમિ બનાવી.

શ્રી ચૂ. પુ. એ મહાત્મા ગાંધીજી પ્રેરિત લગભગ તમામ રાષ્ટ્રીય ચળવળોમાં ખરા તન-મનથી ભાગ લીધો. ઈ. સ. ૧૯૨૮માં બારડોલી સત્યાગ્રહ અને ૧૯૩૦-૩૨ સવિનય કાનૂનભંગથી ૧૯૪૨ સુધીની તમામ લડતોને પ્રસંગે સત્યાગ્રહી પત્રિકાઓનું એમણે સફળ સંપાદન કર્યું હતું. આ અગાઉ વિદ્યાપીઠ દ્વારા પ્રકાશિત ''સાબરમતી'' નામના દ્વિમાસિકનું તંત્રીપદ પણ એમણે એક વર્ષ સુધી સંભાળ્યું હતું. તેમની આ રાષ્ટ્રસેવાના પુરસ્કાર રૂપે અંગ્રેજ સરકારે એમને અનુક્રમે ૧૯૩૧-૧૯૩૨ અને ૧૯૪૩ એમ કુલ ત્રણ વખત કારાવાસની સજા કરી હતી. સ્વરાજ્ય સેવાના ભેખધારી ચૂ. પુ. એ સ્વરાજ્ય ન મળે ત્યાં સુધી સાચા સત્યાગ્રહીરૂપે દાઢી રાખવી (પંચકેશ) અને મિષ્ટાન્ન ન જમવું એવાં બે પ્રણ (પ્રતિજ્ઞા) લીધેલાં તે બંને પૂર્ણ પણે પાળી સ્વરાજ્ય મળ્યે જ છોડ્યાં.''[૨૪]

''હિંદ છોડો ચળવળમાં અમદાવાદનું પ્રદાન'' એ પીએચ.ડી. મહાનિબંધની તૈયારીના ભાગરૂપે એના સંશોધક પ્રો. જયકુમાર શુક્લને શ્રી ચુ. પુ. બારોટની (તારીખ ૮-૬-૧૯૭૦ની) મુલાકાતની એમના પર પડેલ છાપ વિષે પૂછતાં એમણે જણાવ્યું કે ''તેઓશ્રી નિષ્ઠાવાન કાર્યકર હતા. મારા સંશોધનમાં ઉપયોગી માહિતી એમણે સ્પષ્ટ અને વ્યવસ્થિત સ્વરૂપે મને આપી હતી. તેમની વાત સરળ અને સમજાય તેવી હતી. જન-સામાન્ય સાથે રહેવાના અને તેમને સતત સમજવા પ્રયત્ન કરવાના તેમના સાદગીપૂર્ણ વિચારો પણ અત્યંત પ્રભાવશાળી હતા. વળી સ્વાતંત્ર્ય સેનાનીઓ અને તે માટે કામ કરતા લોકો તરફ તેમને એક ચોક્કસ સદભાવ હોય એમ મને લાગ્યું હતું.''

પ્રા. શ્રી શુક્લ સાહેબે શ્રી ચૂ. પુ. બારોટ સાથે પોતાના સંશોધન દરમ્યાન મળી તૈયાર કરેલ પ્રશ્નોત્તરી એમના એક ચોક્કસ વ્યક્તિત્વને ઉપસાવતી હોવાથી તેમાંના કેટલાક પ્રશ્નોત્તરો અત્રે રજૂ કરીએ :

પ્રશ્ન : આપ આ લડત કોની પ્રેરણાથી જોડાયા હતા?

જ. : ''સ્વયમ્ પ્રેરણાથી''

પ્ર. : આપે આ લડતની કઈ કઈ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો?

જ. : સરઘસો કાઢવાં તથા પત્રિકાઓ છાપવા-વહેંચવામાં.

પ્ર. : ઉપરથી પ્રવૃત્તિઓમાં આપે ક્યારે અને ક્યાં ભાગ લીધો?

જ. : અમદાવાદના ''છેલ્લા સરમુખત્યાર'' તરીકે સરઘસ કાઢવું ત્યારે તે વખતે સરઘસ પર પ્રતિબંધ હતો. મારા સાથી હતા પાંડુરંગ દેશપાંડે.

પ્ર. : આપ સરઘસમાં કે અન્ય સ્થળે હાજર હો અને ગોળીબારો કે લાઠીચાર્જ થયો હોય તેવા પ્રસંગો જણાવો.

જ. : પોલીસે ઉપરોક્ત સરઘસ પર ગોળીબાર કર્યો હતો.

પ્ર. : પત્રિકાઓ ક્યાં ક્યાં છપાવી હતી?

જ. : વિદ્યાપીઠમાં, ચૂ. પુ. બારોટ લખતા, વિઠ્ઠલદાસ કોઠારી છાપતા.

પ્ર. : પત્રિકાઓ વહેંચવામાં આપ ભાગ લેતા? કેવી રીતે? ક્યારે? કેટલી વાર?

જ. : સ્વયંસેવકો દ્વારા આ પત્રિકાઓ રોજ કાઢીને રોજ વહેંચાવતા.

પ્ર. : ગામડે જવા માટે યુવાનોને કોણે હાકલ કરી? આપ ગામડે ગયા? ક્યાં? આપના સાથીદાર કોણ હતા?

જ. : અમે સાણંદ તાલુકાના ઘણાંખરાં ગામોમાં જતા. શ્રી નારાયણ સલારિયા સાથે ''હિંદ છોડો''નો પ્રચાર કરવા જતા. જેલમાંથી છૂટ્યા પછી બોરસદ તાલુકામાં પણ ગયા હતા. ત્યાં પત્રિકાઓના તંત્રી તરીકે કામ કર્યુ.

પ્ર. : આ લડતમાં ભાગ લેનાર યુવાનોનાં બને તેટલાં નામ આપો.

જ. : ગુજરાત વિદ્યાપીશમાંથી ઘણા બધાએ ભાગ લીધો હતો જેમાં (૧) શ્રી મગનભાઈ પ્ર. દેસાઈ (૨) શ્રી છગનલાલ કાછિયા (૩) પાંડુરંગ દેશપાંડે (૪) વિઠ્ઠલભાઈ કોઠારી (૫) શ્રી શાંતિલાલ ગાંધી (૬) શ્રી છોટાભાઈ પટેલ વગેરે મુખ્ય હતા.

પ્ર. : આ લડત માટેના ખર્ચની શી જોગવાઈ હતી?

જ. : પ્રાઈવેટ ફાઈનાન્સિંગ બહાર જઈએ તો ગાડીભાડું આપતા અને લોકો જમાડતા.

પ્ર. : આપના વિસ્તારના વોર્ડ નાયક-લત્તા નાયક કોણ હતા?

જ. : વિદ્યાપીઠમાંથી વિઠ્ઠલભાઈ કોઠારી.

પ્ર. : આપની ક્યારે અને કેવી રીતે ધરપકડ થઈ?

જ. : જૂન, ૧૯૪૩ (ઉપર જણાવ્યા મુજબ)

પ્ર. : આપે કેટલા સમય માટે જેલયાત્રા કરી? કઈ જેલમાં?

જ. : એક વર્ષ સખત કેદની સજા. સાબરમતી જેલમાં.

પ્ર. : જેલજીવનની ટૂંકી માહિતી આપો. આપ જેલના કયા વર્ગમાં હતા? ખોરાક, શ્રમકાર્ય, મુલાકાતે, દિનચર્યા, જેલરનો વર્તાવ વગેરે વર્ણવો.

જ. : ત્રીજા વર્ગમાં, હળવું કામ, સુતરના દડા બનાવવાનું, માવલંકરજીએ સાબરમતી જેલને એક વિહાર (પર્યટનસ્થળ) જેવી બનાવી દીધી હતી. જેલરને ખાતરી આપી હતી કે કોઈને તોફાન કરવા નહિ દઈએ. માવલંકર ટપાલના વડા સેંસર હતા, હું ગુજરાતી ટપાલનો સેંસર હતો. જેલમાં સુખ હતું.

પ્ર. : આ લડતથી દેશને શા શા લાભ થયા?

જ. : મોટામાં મોટો લાભ-સ્વરાજની આવશ્યકતાનો પ્રચાર લોકોના દિલમાં થયો ! દરેક લડત બાહ્ય રીતે નિષ્ફળ દેખાઈ પણ તેની દૂરગામી અસરો થઈ હોઈ બધાને થયું કે અંગ્રેજો જવા ન જોઈએ. એ જ્વાળા હૃદયે હૃદયે પ્રકટી. હાર્યા છતાં જીત્યા. દરેક લડત વખતે આગળને આગળ વધેલાં.''[૨૬]

આ પ્રશ્નોત્તરી આપણને ચૂ. પુ. ના વ્યક્તિત્વની એક ઝલક આપી જાય છે.

ગુજરાત વિદ્યાપીઠના દ્વિમાસિક ''સાબરમતી''ના તંત્રીપદેથી શરૂ કરેલ સાહિત્યયાત્રામાં ચૂ. પુ. તેજીલા તોખાર જેવી કલમ સાથે સદાય અગ્રેસર રહ્યા. દેશદાઝમાં લખાણો હોય કે સ્વજ્ઞાતિ સુધારણા એમની કલમ ધારદાર તલવાર જેવી ચાલતી. વિદ્યાપીઠમાં સખત પરિશ્રમ અને ખંત દ્વારા ''સાર્થ જોડણી કોષ''ના મુખ્ય સંપાદક તરીકે ગ્રંથપાલ તરીકે એમણે અવિરત સેવાઓ આપી. ત્યારબાદ વર્ષો સુધી ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયમાં મુખ્ય ગ્રંથપાલ તરીકે સતત સેવારત રહ્યા. ૧૯૬૪માં વિદ્યાપીઠમાંથી સેવાનિવૃત્ત થયા પછી ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય અમદાવાદ ખાતે પણ એમણે આવી સેવાઓ આપી. વિદ્યાપીઠના એમના સેવાકાળ દરમ્યાન તેમણે આપેલ સેવા કોઈપણ વિદ્યા-સાહિત્યપ્રેમીને પ્રભાવિત કરે તેવી હતી. વર્ષો સુધીની

ગ્રંથાલયની સેવાના કારણે જ એમણે ગ્રંથાલય શાસ્ત્રમાં ગુજરાતમાં સર્વપ્રથમ અને અજોડ એવાં બે પુસ્તકો (૧) 'રંગનાથી સૂચિકરણ' અને (૨) 'રંગનાથી વર્ગીકરણ' તૈયાર કરી ગ્રંથાલય શાસ્ત્રમાં પોતાની નિપુણતા બતાવી આપી હતી. જે ગ્રંથાલયશાસ્ત્રના અભ્યાસુઓ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ ગ્રંથ પુરવાર થયેલ છે.

આ ઉપરાંત એમની કલમપ્રસાદી તરીકે જે પ્રખ્યાત પુસ્તકો તૈયાર થયાં તેમાં (૧) 'ઈસ્લામનો સુવર્ણયુગ', (૨) 'જાપાનનો ગાંધી-કગાવા', (૩) 'બેતાજ બાદશાહ-સર ફિરોજશાહ મહેતા', (૪) 'બંગ કેસરી-સર સુરેન્દ્રનાથ બેનરજી' અને (૫) 'બળવાની બીજી બાજુ' (જેના પર બ્રિટિશ સરકારે બાન-પ્રતિબંધ મૂક્યો હતો.) વગેરેનો મુખ્યત્વે સમાવેશ થાય છે. એમની લેખન માટેની વિષય પસંદગી જોતાં, એમનાં આ પુસ્તકોમાં સ્વદેશાભિમાન અને સ્વાધિનતા પ્રાપ્તિ માટે જીવનભર ઝઝૂમતા દેશ વિદેશના વિરલાઓની વાતો કેન્દ્ર સ્થાને રહેલી જણાય છે. સ્વાતંત્ર્ય સેનાનીઓનાં જીવન-કવન એમનો પ્રિય વિષય હોવાથી ગેરિસન વિલિયમ લોઈડ, લુથુમી આલ્બર્ટ જ્હોન, ચર્ચિલ, વિલસન્ટ, લિયોનાર્દ સ્વેસર : ઇંગ્લેન્ડના પ્રમુખ : રૂસી સાહિત્યકાર તુર્ગેનોવ ઈવાન સર્વેપિયસ જેવા વિદેશના મહાન સપૂતો ઉપરાંત સ્વદેશના મહાત્મા ગાંધીજી, શ્રી પુરુષોત્તમદાસ ટંડન, શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા, મૌલાના અબુલ કલામ આઝાદ, લોકમાન્ય ટિળક, શ્રી મહાદેવભાઈ દેસાઈ અને સ્વદેશ કાજે સ્વાતંત્ર્ય સંગ્રામમાં જાનફેસાની વહોરનાર વીર પુરુષોનાં જીવન વિષે રોચક પ્રસંગોવાળા લેખો લખીને એમણે પોતાની મૌલિક લેખનપ્રવૃત્તિનો ખ્યાલ આપ્યો છે.

બીજી બાજુ હજરત મહંમદ પયગંબર, સ્વામીશ્રી રામકૃષ્ણ પરમહંદ, કાર્તિકેય, અંગુલિમાલ, આદ્યશક્તિશ્રી અંબાજી, શ્રી અદીષ્ટનેમિ, (શ્રી નેમિનાથ) જેવા ધાર્મિક અને એરાવત, ચાર્વાક, કરોળિયો જેવાં પશુ, પંખી, કીટકો તથા અમદાવાદ, હૈદરાબાદ, મોરિસિયસ, ચિત્રકૂટ અને અડાલજની વાવ જેવાં સ્થળદર્શનની વાત હોય કે મદ્રાસના વિખ્યાત ગણિતજ્ઞ ડૉ. શીયાલી રામામૃત રંગનાથન હોય, ઈંગ્લેન્ડના મજૂર અને સમાજવાદી નેતા મહામના ઓવન હોય કે અમેરિકા ખાતે મજૂરમાંથી ગ્રંથાલય શાસ્ત્રી બનેલ મેલવિલેડયૂઈ હોય, કોઈ એમની વિદ્વત્તા અને વૈવિધ્યપૂર્ણ કલમનો સ્પર્શ પામ્યા વિના બાકી રહ્યા નથી. એ વાત એમના વિશાળ વાચન, મનન તેમજ ચિંતનની પ્રતીતિ કરાવે છે. મહાત્મા ગાંધીજીના સાનિધ્યમાં રહીને ચૂ. પુ. એ પણ સાહિત્ય, નિસર્ગ, દેશવિદેશની વિભૂતિઓ, પશુપંખીઓ તેમજ ગ્રંથાલય જેવાં વિવિધ શાસ્ત્રો પર પોતાના મત પ્રકટ કર્યા છે. ''સ્વતંત્ર આફ્રિકાની સફર'' નામની લેખમાળા પોતાના જ્યેષ્ઠ પુત્ર શ્રી બંસીધરભાઈને સંબોધીને લખેલ પત્રોના સ્વરૂપે તેર ચૌદ મણકામં ''પ્રસ્થાન''માં છપાઈ છે, જે આપણને પ્રવાસવર્ણનના નિષ્ણાંત લેખક શ્રી કાકાસાહેબ

કાલેલકરની યાદ અપાવે છે. ''પ્રસ્થાન''ના સંચાલકના શબ્દો પણ એમને સિદ્ધહસ્ત-લેખક પુરવાર કરતા હોઈ અત્રે નોંધીએ, ''આ લેખમાળાના લેખક ભાઈશ્રી ચૂ. પુ. બારોટ ગુજરાત વિદ્યાપીઠના પહેલી હરોળના સ્નાતક, સિધ્ધહસ્ત લેખક, સામાજિક કાર્યકર્તા અને સારી (સમગ્ર) જિંદગી વિદ્યાપીઠના ગ્રંથપાલ તરીકે ગુજારેલ છે. તેમણે ગુજરાતીમાં અનેક પુસ્તકો લખ્યાં છે. ''પ્રસ્થાન'' કાર્યાલયની સરસ્વતી ગ્રંથમાળામાં તેમણે ''૧૯૫૭-બળવાની બીજી બાજુ'' એ પુસ્તિકા લખી છે. રાજકારણના પણ સારા અભ્યાસી છે. અભ્યાસકાળ દરમ્યાન જ ''સાબરમતી'' દ્વિમાસિકના તંત્રી રહી ચૂકેલા અને ''ભટ્ટભાસ્કર'' નામનું ''જ્ઞાતિ માસિક ચલાવતા નીડર વિચારક છે. આટલો ટૂંકો પરિચય પૂરતો છે. પૂર્વ આફ્રિકાનો પ્રવાસ, (એમણે) ગયે વર્ષે કર્યો. શ્રદ્ધા છે કે એમની કલમમાંથી ગુજરાતના ઉદ્યોગપતિઓ, વેપારીઓ, નોકરી કરતો ગુજરાતી સમાજ, એ બધાં વિશે આજની રાજકીય પરિસ્થિતિમાં આપણને ઉપયોગી અને માર્ગદર્શક પણ થઈ પડે એવું ઘણું નિરીક્ષણ આફ્રિકા-ભ્રમણને પરિણામે આપણને મળી રહેશે.''-સંપાદક.[૨૭]

આવા સિધ્ધહસ્ત લેખક અને ''સાર્થ જોડણી કોષ''ના મુખ્ય સંપાદક શ્રી ચૂ. પુ. સ્વયમ સાહિત્ય, ભાષા શુદ્ધિ, જોડણી વગેરે માટે અનન્ય આગ્રહ ધરાવતા હતા. જીવનભર એ જ રીતે તેઓ જીવ્યા હતા. એમનો ભાષા પ્રેમ વ્યક્ત કરતો એમના જીવનની અંતિમ સંધ્યાનો ખુદ મારી સાથેનો એક પ્રસંગ અત્રે ટાંક્યા વિના રહી શકતો નથી. મને (સંશોધકને) યાદ છે એમના જીવનની છેલ્લી ક્ષણો. શારીરિક વ્યાધિઓને લીધે તેઓ સાંભળી કે બોલી શકવા અસમર્થ બન્યા હતા. સદા ગુલાબી અને નીરોગી શ્રી ચૂ. પુ. ને આવી સ્થિતમાં જોઈ મને સહજ રીતે જ વિસ્મય થયું. એમના મોટા દીકરા શ્રી બંસીભાઈનાં ધર્મપત્ની શ્રીમતી પુષ્પાભાભીએ સ્લેટમાં પેનથી લખીને મારા આવવા અંગે એમને જાણ કરી ત્યારે એમની પાસેથી પેન લઈ સ્લેટમાંનો જોડણીદોષ સુધારવાનું પહેલું કામ કર્યા પછી અને પુષ્પાભાભી તરફ ઠપકાભરી નજરે જોઈ લીધા પછી જ મને આંખો દ્વારા એમણે આવકાર્યો. એ અમારી છેલ્લી મુલાકાત બની રહી. બીજે જ દિવસે એમના ગુજરી જવાના સમાચાર આવતાં ઉપરોક્ત પ્રસંગ મારા માનસપટ પર કાયમી ધોરણે શુદ્ધભાષા અને જોડણીના સાચા આગ્રહી તરીકેની એમની અમીટ છાપ છોડી ગયો.

શ્રી ચૂ. પુ.ની દેશસેવા અને સાહિત્ય સેવાની વાતો જાણ્યા પછી હવે એમણે સ્વજ્ઞાતિ સુધારક તરીકે કરેલ દીર્ઘકાલની સેવાઓની નોંધ લઈએ તો સ્પષ્ટ જણાય છે કે રાષ્ટ્ર અને સમાજસેવાની સાથે સાથે સ્વ. નારાયણ સિંચેલા જ્ઞાતિસેવાના ખ્યાલોએ ચૂ. પુ.ના પગમાં તાકાત, આંખમાં દરિદ્રો તેમજ તરછોડાયેલાઓ માટેનો આત્મીયતાનો

ખ્યાલ સિંચ્યો હતો. તત્કાલીન સમાજમાં કાયમી થઈ પડેલા કુરિવાજો, અન્યાય, ઊંચનીચના ભેદ, કૃત્રિમ કુલીનતા વગેરે દુષણોનો આચરણમાં સહજપણે જ ભળી ગયા હતા. દેશ સેવા સાથે સ્વજ્ઞાતિ-સેવાનો ભેખ લઈ બેઠેલા શ્રી ચૂ. પુ. એ આજીવન સ્વજ્ઞાતિકલ્યાણના વિચારો કર્યા. તેને પોતાના રોજિંદા કામોમાં પણ પ્રાથમિકતા આપતા. જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થી-બાળકો તેમજ ખૂબ જ વ્હાલાં લાગતાં. જ્ઞાતિસેવા કાજે અડધીરાતે પણ તે તત્પર રહેતા. રાષ્ટ્રસેવ કાજે જ્ઞાતિસેવા જરૂરી છે એ સમજવા માટે જ્ઞાતિસેવા બાબતે મહાત્મા ગાંધીજીના  મૂળ વિચારો એમણે આત્મસાત કર્યા હતા. તે વિચારો ગાંધીજીના શબ્દોમાં જોઈએ :

'જ્ઞાતિ સેવાએ દેશ સેવાની વાનગી છે, વિરોધી નથી. જ્ઞાતિ સેવા કરનાર સેવક કેવળ જ્ઞાતિ સેવક જ નથી. પરંતુ દેશ-સેવક, વિશ્વ સેવક છે.''[૨૮] એમણે આ વિચારો બરાબર પચાવ્યા હતા. આ વાત સમજીને સ્વ. નારાયણે આપેલા માર્ગદર્શન મુજબ તૈયાર થયેલા ચૂ. પુ. બારોટ આજન્મ જ્ઞાતિ સેવક રહ્યા.

દિવાળી જેવાં પર્વોમાં પણ આ જ્ઞાતિસેવક પોતાના અન્ય સાથીદારો જેવા કે શ્રી દાદુભાઈ જેસંગભાઈ બ્રહ્મભટ્ટ, શ્રી ચૂનીલાલ ઈશ્વરલાલ બારોટ અને શ્રી પુરુષોત્તમદાસ ગોમતીપુરવાળા વગેરે સાથે ખભે થેલા ભરાવી ખાદીનાં વસ્ત્રોમાં સજ્જ થઈ ''બ્રહ્મભટ્ટ ભાસ્કર'' (પાછળથી 'ભટ્ટભાસ્કર') કે જ્ઞાતિના જરૂરતમંદ વિદ્યાર્થીઓ માટેના ''દાજીભાઈ છાત્રાલય'' અને 'બ્રહ્મભટ્ટ વિદ્યોતેજક મંડળ'-વડોદરા, માટે ફંડફાળાની પાવતીબુકો લઈ ગામેગામ ફરવા નીકળી પડતા. મોટાભાગનો પ્રવાસ તેઓ પગપાળા અને ઓછામાં ઓછી જરૂરિયાતો સાથે પૂરો કરી જ્ઞાતિનાં બાળકોની કેળવણી માટે એક એક પાઈ-પૈસો એકઠો કરતા. આ જોતાં અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીની સ્થાપના પૂર્વેના સર સૈયદ અહેમદના પ્રયાસો સહજ રીતે જ યાદ આવી જાય છે. આવી ભિક્ષા માગતી વખતે કોઈ ગામમાં કોઈ સજ્જન એમને ધુત્કારી કાઢે અથવા ગાલીપ્રદાન કરે ત્યારે ચૂ. પુ. એને કહેતા કે ''તમે ગાળદીઠ એક રૂપિયો આપણી જ્ઞાતિનાં બાળકો માટે આપવા તૈયાર હો તો તમે જેટલી ગાળો બોલો તે તમામ હું હસતા મોઢે સાંભળી લેવા તૈયાર છું.''૨૯ આવા રમુજી, સહનશીલ છતાં મક્કમ હતા ચૂ. પુ. બારોટ.

તત્કાલીન બ્રહ્મભટ્ટ સમાજમાં થતાં બાળલગ્નો, વૃદ્ધ લગ્નો, દ્વિલગ્નો, વરવિક્રય, કન્યાવિક્રય, લાજ અને ઘુંઘટની પર્દાપદ્ધતિ, ગોળ, તડાં અને વાડા પદ્ધતિ, પ્રેત ભોજન, આણાં-જિયાણાંના અસહ્ય ખર્ચાળ રિવાજો કે લગ્ન-મરણ નિમિત્તે શક્તિ બહારનાં જમણવારના ખર્ચાઓ સામે તેઓ અડિખમ યોદ્ધાની માફક લડતા. માત્ર ગાંધીવાદી વિચાર અનુસાર સાદગીથી જ લગ્ન કરવાના, બેન્ડવાજા-દારૂખાનાની જયાફત તથા વિદેશી કાપડની ઠાઠમાઠથી તેઓ સદા દૂર રહેતા. પોતાના જ્યેષ્ઠપુત્ર શ્રી

બંસીભાઈના ઈ. સ. ૧૯૪૫માં રાજપીપળા ખાતે થયેલા લગ્ન પ્રસંગે પણ ઉપરોક્ત વિચારોનું ચુસ્ત પાલન કરી કુરિવાજો અને ખોટા દંભમાં રાચતા સમાજમાં એમણે દાખલો બેસાડ્યો હતો. પોતાના પુત્ર અને કુટુંબીજનોનાં તમામ કપડાં તો ખાદીનાં જ હતા, પરંતુ કન્યાપક્ષેથી દહેજમાં લીધેલ માત્ર એક સાડી અને તે પણ ખાદીની જ એમણે સ્વીકારી હતી. વળી ફટાકડા ફોડવા બેન્ડવાજાં વગાડવાં વગેરે મોટી ભભકથી પણ તેઓ દૂર રહ્યા હતા. વરના બાપ હોવા છતાં મિષ્ટાન્નને અડક્યા પણ નહોતા (કે જેથી એમની આઝાદી મળે ત્યાં સુધી મીઠાઈ ન ખાવાની પ્રતિજ્ઞા સચવાય) આજ રીતે પોતાના નાનાભાઈ શ્રી ચિમનલાલનાં લગ્ન વખતે કન્યાના ભાઈ અને સંશોધકના પિતાજી શ્રી ચતુરભાઈ; શ્રી ચૂ.પુ.ને (તેઓએ વખતે સાબરમતી જેલમાં રાષ્ટ્રસેવા બદલ સજા ભોગવતા હતા ત્યારે) મળવા ગયા હતા ત્યારે એમને પણ આવા ખોટા દંભી ઠાઠ માઠથી દૂર રહી માત્ર સાદાઈપૂર્વક લગ્ન કરવા આગ્રહ કર્યો હતો.[૩૦] આ બધા અંતરંગ પ્રસંગો એમના ગાંધીવાદી વિચારો પરની નિષ્ઠા અને સમાજ સુધારણા માટે સદા અગ્રેસર રહેવાની ભાવના સ્પષ્ટ કરે છે.

કન્યા કેળવણીના પ્રચાર માટે, વિધવાવિવાહની પ્રથા દાખલ કરવા અને સામાજિક સુધારાઓ દૂર કરવા માટે તેઓ સદા અગ્રેસર રહેતા, સુધારક વિચારોનો અમલ પણ એમણે પોતાના ઘરથી જ કર્યો. કુલીન-અકુલીન વિચારોને તિલાંજલી આપવા માટે પોતાની બંને સુશિક્ષિત દીકરીઓને એમણે પોતાના ગામ નડિયાદ કરતાં એ વખતના સામાજિક બંધારણ અનુસાર કહેવાતાં ઉતરતાં ગામોમાં પરણાવીને, સુધારાઓ માત્ર કહીને નહીં પણ કરીને બતાવ્યા હતા. પરિણામે નડિયાદના જ્ઞાતિજનોએ તેમને જ્ઞાતિ બહાર મૂકીને સામાજિક બહિષ્કારનો દંડ ફડકાર્યો હતો. પરંતુ ચૂ. પુ. એ બધાથી તદ્દન બેફિકર અને પોતાના નિર્ણયમાં અટલ રહ્યા હતા. આ વાત સુધારા માટેની તેમની સાચી ધગશથી પ્રતિક છે. શુદ્ધ ગાંધીવાદી આચાર-વિચારો એમણે પોતાના લઘુપુત્ર વિરેન્દ્ર સાથેના અમેરિકાના નિવાસ દરમ્યાન પણ કોઈ બાંધછોડ વિના પાળ્યા હતા.[૩૧]

આવી ઉત્કૃષ્ટ અને નીડર સ્વજ્ઞાતિ સેવાના પ્રત્યુત્તર રૂપે વડોદરા મુકામે તારીખ ૧૭-૮-૧૯૫૮ને રવિવારના રોજ 'શ્રી બ્રહ્મભટ્ટ વિદ્યોતેજક મંડળ' તથા સમસ્ત બ્રહ્મભટ્ટ સમાજના ઉપક્રમે શ્રી ચૂ. પુને સન્માનવાનો ખાસ દબદબાભર્યો પ્રસંગ ઉજવવામાં આવ્યો. શ્રી ચૂ. પુ.ને આપેલ એ સન્માનપત્રના શબ્દો જોઈએ : ''ભટ્ટભાસ્કરના આપ પ્રાણ હતા... તે સ્વાશ્રયી હોવું જોઈએ, તેમાં સમાજ સુધારણાને લગતી બાબતો નીડરપણે મુકાવી જોઈએ આદિ પ્રણાલિકાઓ આપે ઊભી કરી છે. ત્રણ-ત્રણ દાયકાઓ ઉપરાંતની મંત્રી, તંત્રી, સમાજ સુધારક અને સમાજસેવક તરીકે લોકેષણાની જરાપણ ખેવના સિવાય જ્ઞાતિની અને દેશની આપે સેવા કરી છે. અને જ્ઞાતિનું ઉજ્જવળ કરવામાં સારો એવો

ફાળો આપ્યો છે. ઈશ્વરને અમારી પ્રાર્થના છે કે જ્ઞાતિમાં આપના જેવા સપૂતો પેદા કરે. એ દેશનું નામ ઉજ્જવળ કરવામાં આપને વધુને વધુ યશસ્વી ફાળો આપવાનું સામર્થ્ય તથા દીર્ઘાયુ બક્ષે.''[૩૨]

આ સન્માન સમારંભમાં જાણીતા જ્ઞાતિબંધુઓની કદર કરતાં આપેલાં વક્તવ્યો ટૂંકમાં આ પ્રમાણે છે. સમારંભમાં પ્રથમ વક્તા શ્રી ભાઈલાલભાઈ વકીલે કહ્યું કે

''તેમની વિચારશ્રેણી મહાત્મા ગાંધીજી અને તેમની પ્રેરણા ગુજરાત વિદ્યાપીઠના આરે ઘડાઈ છે. આ વિચાર શ્રેણીમાં જ્ઞાતિ સંસ્થાનું મહત્ત્વ બિલકુલ નથી, એટલું જ નહિ પણ જ્ઞાતિ-સંસ્થાની એ કટ્ટર વિરોધી છે. આમ છતાં ચૂ. પુ એ આ સંસ્થામાં રહીને પણ કમર કસીને જ્ઞાતિ સેવા કરી એ તેમની વિશિષ્ટતા બતાવે છે. પહેરવેશ ફકીર જેવો વિચારો ઋષિ જેવા, મહાત્મા દાજીભાઈ અને શ્રી પુરુષોત્તમદાસ પછી સેવાનો પુણ્ય પ્રવાહ ચાલુ રાખવાનું કાર્ય શ્રી ચૂ. પુ. એ કર્યું છે. એટલું જ નહિ જ્ઞાતિનાં રત્નોનો ઝબકાર ફેલાવવા પણ જોઈએ એવા સેવકો નિર્માણ કરવાની પરંપરા ભાઈ ચૂ. પુ. થી શરૂ થઈ છે.''[૩૩]

મુંબઈ સેક્રેટરી ટીચર્સ એસોસીએશનના (ઈ. સ. ૧૯૫૪-૫૬ સુધીના) પ્રમુખ અને ભટ્ટભાસ્કરના (૧૯૫૮) તંત્રી એવા શ્રી અંબાલાલ ઈનામદારે કહ્યું કે :

''ભાઈ ચૂ. પુ. એમને જે કાળે જે સત્ય લાધ્યું તેનો સ્વીકાર વજ્ર જેવા કઠોર બનીને પણ કરતા. સત્યના આ પરિશીલનથી જે અથડામણો, આફતો કે વેરઝેર ઉભાં થયાં તે સહન કરવા તેઓ સદા તત્પર રહેતા.''[૩૪]

સ્વાતંત્ર્ય સેનાની, પત્રકાર લેખક, સમાજ સુધારક, કુશળ વેપારી અને બ્ર. વિ. મંડળના પ્રમુખ-એવા શ્રી મોતીલાલ શર્માએ ચૂ. પુ. માટે કહ્યું કે ''તેઓ મને કર્તવ્યનિષ્ઠ અને સાચાબોલા લાગ્યા છે. એમની જ્ઞાતિ માટે કેળવણીની ધગશ અજોડ છે. કોઈ એક પુરુષે જ્ઞાતિની આટલી લાંબી સેવાઓ કર્યાનો એમના પિતાતુલ્યશ્રી પુરુષોત્તમદાસ માતરવાળા સિવાય બીજો કોઈ દાખલો મારા ખ્યાલમાં નથી.''[૩૫]

બ્ર. વિ. મંડળના બીજા સેક્રેટરી અને મુંબઈના પ્રખ્યાત મોહનલાલ એસ. મીઠાઈવાળાના સહસંચાલક શ્રી છોટુભાઈ હ. સ્વામીનારાયણના શબ્દો જોઈએ તો : યોગીઓને પણ જે માર્ગે ચાલવું કઠણ થઈ પડે એવો સેવાનો માર્ગ ભાઈશ્રી ચૂ. પુ. એ એને જીવન ધ્યેય તરીકે અપનાવ્યો છે. આવા કઠણ માર્ગોને પસંદ કરનાર પોચી માટીમાંથી બનેલો હોય તેમ ન જ માની શકાય.''[૩૬]

આ તમામ અભિપ્રાયો અને સમગ્ર જ્ઞાતિના સન્માનના યશભાગી બનનાર ચૂ. પુ. ને એમની રાષ્ટ્રસેવા માટે પણ સરકારશ્રી વતી ફેબ્રુઆરી ૧૯૭૦ના ''ગાંધીદર્શન''

દિલ્હીના ઉપક્રમે ''સત્યાગ્રહના તત્ત્વજ્ઞાનનું મૂલ્યાંકન કરવા બદલ ''તાત્કાલીન રાષ્ટ્રપતિ શ્રી વી. વી. ગીરી તેમજ એન. સી. જી. સી. નાં ચેરમેન તેમજ માજી વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધી દ્વારા (એમને) અભિનંદન સૂચક પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું (તારીખ ૧૫ ઓગસ્ટ ૧૯૭૩) જેમાં ભારત સરકાર તરફથી સ્વાતંત્ર્ય સેનાનીને અપાતું તામ્રપત્ર અને માસિક રૂ. ૨૦૦નું પેન્શન એનાયત થયાં.[૩૭]

આમ રાષ્ટ્ર, સમાજ, જ્ઞાતિ અને સાહિત્યની સેવા કરનાર આ વામનકદના વિરાટ વ્યક્તિને લીધે સમગ્ર જ્ઞાતિનું મસ્તક ગર્વથી ઊંચું થવા પામ્યું. જ્ઞાતિના સપૂત તારીખ ૩૧-૧૦-૧૯૮૩ને સરદાર જયંતિ જેવા શુદ્ધ રાષ્ટ્રપ્રેમી દેશનેતાના જન્મદિને નિર્વાણ પામ્યા.

સ્વ. ચૂ. પુ.ની સ્મૃતિમાં ''ભટ્ટભાસ્કર'' દ્વારા ''સ્મારક (સ્મૃતિ) અંક'' બહાર પાડવામાં આવ્યો, જેમાં પોતાના પ્રાણપ્યારા નેતાને સ્મરણાંજલિઓ અર્પતા જ્ઞાતિના આગેવાનોએ રજૂ કરેલ શબ્દાંજલી ક્રમશઃ જોઈએ.

શ્રી બ્ર. વિ. મંડળ, વડોદરાના પ્રમુખ અને જાણીતા સમાજસેવક તથા લેખક શ્રી ચંદ્રકાન્ત હ. રાવે અંજલિ અર્પતા નોંધ્યુ છે કે ''ચૂ. પુ. સ્વમતના એટલા બધા આગ્રહી હતા કે જેથી ને હઠાગ્રહી કે દુરાગ્રહી જ લાગે. બુદ્ધિના ખૂબ જ સતેજ. એમની તર્કબદ્ધ દલીલો સામે કોઈ બુદ્ધિશાળી જ ટક્કર લઈ શકે. શિસ્તપાલનના કડક આગ્રહી. કોઈની પણ શેહશરમ રાખે તો એ ચૂ. પુ. શાના? એમનું માનસ લોકશાહી હોવા છતાં તે પૂરા બંધારણવાદી. એટલે બ્ર. વિ. મંડળના બંધારણ માટે એમણે પોતાના ગુરુ સમાન સ્વ. નારાયણ સામે પણ ઝુંબેશ ચલાવેલી. એમની જોરદાર કલમમાંથી ધારદાર લખાણ ટપકતું... સ્વાતંત્ર્ય લડતમાં પણ એમણે સક્રિય ભાગ લીધેલો... પ્રંશસા કે ટીકાની પરવા કર્યા વિના જ ચૂ. પુ. પોતાના મત પ્રમાણેની વાત લઈને જ આગળ વધતા.

આજ અંકમાં શ્રી દીપક નોંધે છે કે : ''મહાન ચૂ. પુ. એ વર્ષો સુધી (બ્ર. વિ.) મંડળનું નાવ રેતીમાં ચલાવેલું. વર્ષો સુધી મંડળની એકધારી સેવા કરેલી. કોઈપણ પ્રસિદ્ધિની ખેવના વિના જ આવો આજે આપણે સૌ એ વિરલ વિભૂતિને, નિરાઠ રાહબરીને, સાચા સેવકને કોટિકોટિ વંદન કરી કૃતાર્થ થઈએ.''[૩૮]

શ્રી પ્રતાપ કડીકર નોંધે છે કે : ''ચૂ. પુ. એટલે આખા બોલા, ચુસ્ત ગાંધીવાદી, કોઈની શેહશરમમાં ન આવે તેવો, વિચાર એવા જ આચારવાળો અડીખમ યોદ્ધો.''[૩૯] બ્ર. વિ. મંડળના વડોદરા અને અમદાવાદ બ્રહ્મભટ્ટ સમાજના ટ્રસ્ટી તેમજ સુપ્રિ. ઓફ પોલીસ શ્રી એન. સી. બારોટ જણાવે છે કે ''સ્વ. ચૂ. પુ. શુદ્ધ ખાદીનાં કપડાં પહેરતા અને નીતિ-રીતિથી તેને શોભાવતા. તે સાચા ક્રાંતિકારી હતા. એમના માટે સમગ્ર

સમાજ એક સરખો હતો.'' ગોળ-વાડા''ના ઊંચનીચના ભેદભાવથી તેઓ સદંતર દૂર હતા. પ્રભુએ એમની જીભ પર કાપ રાખ્યો હોવા છતાં સારી એવી છટાથી કોઈ અફલાતૂન સામે પણ ન્યાય માટે તે ટક્કર લઈ શકતા. તેમનામાં ભવિષ્યની સૂઝ હતી અને તેઓ વર્તમાનને સારી રીતે સાચવી જાણતા હતા.''

છેલ્લે શ્રી ચૂ. પૂ.નાં ચરિત્ર ચિત્ર આંકતા સોજિત્રાવાળા શ્રી રણછોડભાઈ બ્રહ્મભટ્ટ નોંધે છે કે :

''ચૂ. પુ. મને તો લડાયક વૃત્તિવાળા ભારતના લોખંડી પુરુષ સ્વ. સરદાર પટેલ જેવા સ્પષ્ટવક્તા લાગ્યા''[૪૦] એ વાત સર્વથા યથાર્થ જ લાગે છે. આવા જ્ઞાતિવીર સ્વ શ્રી ચુ. પુ.ને શતશત વંદન !!!

•



**શ્રી સીતારામ જેસીંગભાઈ શર્મા (૧૮૯૧-૧૯૬૫)**

શ્રી સીતારામ શર્માનો જન્મ (તારીખ ૧૬-૮-૧૮૯૧ના રોજ) એમના મોસાળ પ્રાંતિજ (સાબરકાંઠા) ખાતે થયો હતો. તેમનું મૂળ ગામ કડી. (ઉત્તર ગુજરાત) બાલ્યાવસ્થામાં જ પિતાજીની છત્રછાયા ગુમાવી દેવાને લીધે તેઓ મોસાળમાં ઉછર્યા. સામાન્ય આર્થિક સ્થિતિને કારણે વર્નાક્યુલર ફાઈનલ તથા અંગ્રેજી પાંચ ધોરણના અભ્યાસ બાદ-શિક્ષકની નોકરી સ્વીકારી. ત્યારબાદ મુંબઈ ગયા. ત્યાં નામું લખવાથી માંડીને ગુજરાતી નાટક કંપનીમાં ટિકિટ આપવાની નોકરી કરી. અહીં એમના વાચનશોખને વિશેષ પ્રોત્સાહન મળ્યું.

શર્માજીને બચપણથી જ કવિતા-વાર્તા લખવાનો શોખ. ''બ્રહ્મભટ્ટ શુભેચ્છક'' : જ્ઞાતિપથમાં પ્રેતભોજનનો વિરોધ કરતી ટૂંકી વાર્તા (૧૯૦૯માં) છપાયા પછી પ્રોત્સાહિત થઈ ''વડોદરા વર્તમાન''માં સળંગ વાર્તા લખી. તે દરમ્યાન મહિકાંઠા એજન્સીમાં સરકારી નોકરી મળી. પરંતુ કલમનું આકર્ષણ પ્રબળ હોવાથી ''ગુજરાતી પંચ'' : ૧૯૪૨ : અને ''હિંદુસ્તાન'' સાપ્તાહિક (૧૯૧૭)ના સહતંત્રી બન્યા. ''વાર્તામંદિર'' નામનું વાર્તામાસિક પણ આ દરમ્યાન સંભાળ્યું. ત્યારબાદ ''સુભટ્ટ'' બ્રહ્મભટ્ટ જ્ઞાતિપત્ર શરૂ કર્યું (૧૯૨૦-૨૨) જેને પ્રારંભે ત્રિમાસિક પછી દ્વિમાસિક અને છેલ્લે માસિકપત્ર બનાવ્યું. સ્વજ્ઞાતિ સુધાર માટે આ જ્ઞાતિપત્ર માર્ગદર્શક પુરવાર થયું. દઢાવ (ઉત્તર ગુજરાત)ના પ્રાણપ્રશ્નો

માટે એમાં વિશેષ સ્થાન રહેતું. કુરિવાજોના ઉન્મૂલન, કન્યા કેળવણી અને ''સ્વદેશભક્તિ એ આ પત્રના મુખ્ય સૂર હતા. એજ રીતે તે વખતના અન્ય પ્રચલિત સ્વ-જ્ઞાતિમાસિક ''ભટ્ટભાસ્કર''ના તંત્રી શ્રી ચૂ. પુ. બારોટ સ્વાતંત્ર્ય લડત દરમ્યાન કારાવાસમાં જતાં તેમનું કામ પણ સ્વહસ્ત લઈ સારી રીતે નિભાવ્યું. આ ઉપરાંત ''બ્રહ્મભટ્ટ શુભેચ્છક'', ''બ્રહ્મભટ્ટ મિત્ર'' અને ''બ્રહ્મભટ્ટ યુવક'' નામના બ્રહ્મભટ્ટ જ્ઞાતિપત્રોમાં પોતાની કલમ પ્રસાદી અવારનવાર પિરસ્તા રહીને એમણે સ્વજ્ઞાતિપ્રેમ પ્રદર્શિત કર્યો.

માત્ર સ્વજ્ઞાતિપત્રોમાં જ નહિ પણ જાહેરજીવનમાં ''જન્મભૂમિ'', ''વંદેમાતરમ'', ''મુંબઈ સમાચાર'' જેવાં સમાચારપત્રોની પણ એમણે સારી એવી સેવા બજાવી. આ સમયે સમગ્ર રાષ્ટ્ર ગાંધીવાદી વિચારો અને લડતોથી પ્રભાવિત થયું હતું ત્યારે શર્માજી એમાંથી મુક્ત કેમ રહી શકે? ગાંધીવાદી વિચાર અને સ્વાતંત્ર્ય લડતના સમાચાર શર્માજીના પ્રિય વિષયો હતા. આમ ક્રમશઃ તેઓ એક નીડર અને મૂલ્યાનિષ્ઠ પત્રકાર તરીકે પ્રખ્યાત બનતા ગયા. શ્રી બચુભાઈ લોટવાલા સાથે ''હિંદુસ્તાન પ્રજામિત્ર'' સાપ્તાહિકને મુંબઈ ગુજરાતમાં પ્રસિદ્ધ કરવામાં એમનો ફાળો નોંધપાત્ર હતો. મુંબઈના શાંતાક્રુઝ વિસ્તારમાંથી કોંગ્રેસ અને અસ્પૃશ્યતા નિવારણ જેવી સ્વદેશપ્રેમી સંસ્થાઓમાં એમણે અવિરત સેવાઓ આપી. ''હોમરૂલ લીગ વોલંટિયર કોર'' (ત્રણ વર્ષ માટે), મુંબઈ કોંગ્રેસ અધિવેશન (૧૯૧૮), અમૃતસર અધિવેશન (૧૯૧૯) તથા ઈન્ફ્લુએન્જાના રોગચાળામાં (૧૯૧૮) મુંબઈની હોસ્પિટલોમાં સ્વયંસેવક તરીકે ખૂબજ સુંદર સેવાઓ બજાવી. પરિણામે મુંબઈના નાગરિકા અને 'અમદાવાદ ગીતામંદિર ટ્રસ્ટ' તરફથી એમનું બહુમાન કરવામાં આવ્યું. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ સુધી આ ધગશ એમણે જાળવી રાખી અને ત્યારબાદ સ્વદેશપ્રેમ ઉપરાંત સ્વજ્ઞાતિ સુધારની ચળવળને એમણે વિશેષ મહત્ત્વ આપ્યું.

પત્રકારિત્વનો એમનો અનુભવ દીર્ઘકાલીન અને વૈવિધ્યપૂર્ણ ગણાય. મુંબઈનાં ઘણાં સમાચારપત્રોમાં એમની કલમપ્રસાદી પિરસાઈ. 'નવયુગ'ના તંત્રી તરીકે અને 'પ્રજામિત્ર', 'કેસરી' તેમજ 'હિંદુસ્તાન પ્રજામિત્ર' (૧૯૩૩-૪૦)ના તંત્રી તરીકે એમણે નોંધપાત્ર સેવાઓ બજાવી.

ગુજરાતના તત્કાલીન સાક્ષરો-લેખકોમાં શ્રી ક.મા.મુનશી અને શ્રી ર. વ. દેસાઈને અનુસરીને શર્માજીએ પણ કટાક્ષપૂર્ણ છતાં હાસ્યવ્યંગ દ્વારા મનોવૈજ્ઞાનિક ઢબે સાહિત્ય સર્જન કર્યું. તત્કાલીન ગુજરાતી સામયિકોમાં કૌમુદી, 'નવચેતન', 'શારદા' વગેરેમાં એમની વાર્તાઓ પ્રસિદ્ધ થતી. જેમાં 'નિરંજન', 'સત્તરમી સદીનું બંગાળ', 'ભવસાગર', 'સંસારયજ્ઞ', 'જીવતાં મુડદાં', 'ભારતનું ભવિષ્ય', 'ગુર્જરવીર અણહીલ', 'મરમના ઘા', 'જય સ્વદેશ' તથા વાર્તાસંગ્રહ 'જુવાની'માંની વાર્તાઓ મુખ્ય છે. આ ઉપરાંત એમની અન્ય કૃતિઓમાં પ્રસુનાંજલિ અને સ્વદેશી-ગીતોના કાવ્યસંગ્રહો (અનુક્રમે ૧૯૧૫-૧૯૨૧)

'ત્રિયારાજ'-નાટક (૧૯૨૪), 'વીણા વિહારી'-ભાગ ૧-૨ (૧૯૨૪), 'સુભંગા' (૧૯૪૦) નવલકથાઓ તથા 'આપણો સંસાર સુખી કેમ થાય?' (૧૯૧૦) અને અમેકિાના ગરીબ વિદ્યાર્થીઓ (૧૯૧૬) નામના નિબંધોનો સમાવેશ થાય છે.

શર્માજી સ્વભાવે સ્વતંત્રમિજાજી અને નિજાનંદી એટલે કોઈના 'ફરમાસુલેખક' બનવા કરતાં સ્વયંસ્ફૂરણા દ્વારા સાહિત્ય સર્જન કરવાના હઠાગ્રહી. તેમની કલમ સ્પષ્ટ, ધારદાર અને કટાક્ષયુક્ત હતી. મુંબઈમાં પ્રતિષ્ઠાસંપન્ન જીવન વિતાવ્યા પછી તેઓ પહેલાં અમદાવાદ અને ત્યારબાદ વતનના ગામ કડીમાં આવી રહ્યા. કડીમાં લુહારકૂઈ ખાતેનું ''પર્ણકૂટિ'' નામનું એમનું નિવાસસ્થાન કલમબાજોના અખાડારૂપ હતું. કડીમાં લેખક વર્તુળની સ્થાપના કરીને શર્માજીએ નવા-જૂના લેખકોને હૂંફાળું માર્ગદર્શન આપવા ઉપરાંત સાહિત્ય જગતની અવનવી અનુભવ કથાઓ દ્વારા પ્રોત્સાહન પૂરું પાડ્યું. આ વર્તુળમાં મોહનલાલ પટેલ, રામજીભાઈ કડીયા, ડૉ. બિપીન પરીખ, દિલીપરૉય, ભગવત સુથાર વગેરે મુખ્ય હતા. મિત્રો સાથે સાહિત્યક ગોષ્ઠી અને માનસિક વ્યાયામ કરતાં તેઓ ક્યારેય થાકતા નહિ. સમાજ સુધારણા, કન્યાકેળવણી, કુરિવાજ ઉન્મૂલન અને રાજકારણની ચર્ચામાં ૭૫ વર્ષના જૈફ અને એકલવાયા (એમનાં પત્ની મણીબેન નિસંતાન અવસ્થામાં જ ગુજરી ગયાં હોવાથી) શર્માજી ક્યારેય બિચારા કે પરાધીન જણાતા નહીં.

પાછલી અવસ્થામાં પોતાની તમામ મિલકતનું કડી, વડોદરા, મુંબઈ તેમજ પ્રાંતિજની, શૈક્ષણિક, સામાજિક અને ધાર્મિક સંસ્થાઓમાં દાન કરતા ગયા.[૪૧] આવા જ્ઞાતિસપૂતને સલામ !!

•



## સ્વાતંત્ર્ય સેનાની શ્રી મોતીલાલ શામળદાસ શર્મા (૧૮૯૨-૧૯૮૮)

હિંદની સ્વાતંત્ર્ય લડતમાં ગુજરાતભરમાંથી અનેક સપૂતોએ પોતાની શક્તિઓ સમર્પિત કરી હતી. જેમાં બ્રહ્મભટ્ટ જ્ઞાતિના શ્રી ચૂ. પુ. બારોટ અને શ્રી મોતીલાલ શર્માનાં નામ લાંબાગાળા સુધી યાદ રહેશે.

''તારીખ ૧૫મી ઓગસ્ટ ૧૯૭૩ના રોજ ભારત સરકાર તરફથી સ્વાતંત્ર્ય સેનાનીને અપાતું તામ્રપત્ર અને માસિક રૂ. ૨૦૦નું પેન્શન આ બંને સપૂતોને એનાયત થયા હતાં.''[૪૨]

આવા સ્વાતંત્ર્ય સેનાની શ્રી મોતીલાલ શર્માનો જન્મ તા. ૭-૧-૧૮૯૨ના રોજ ખંભાત પાસેના મોટા તારાપુર ગામમાં થયો હતો. તારાપુરની ગુજરાતી શાળામાં કેળવણીની શરૂઆત કરી જરૂરી શિક્ષણ મેળવ્યા પછી ૨૪ વર્ષની ઉંમરે તો (૧૯૧૬-૧૭)માં સ્વદેશાભિમાનની ભાવનાથી પ્રેરાઈને શ્રીમતી એનીબેસંટ સ્થાપિત 'હોમરૂલ લીગ'ની કારોબારીમાં સભ્ય તરીકે જોડાઈને પોતાની અંદર રહેલ દેશદાઝની એમણે પ્રતીતિ કરાવી. ત્યારબાદ મહાત્મા ગાંધીના હિંદમાં આગમન અને સ્વાધીનતા ચળવળના તે અનુયાયી બન્યા. ઈ. સ. ૧૯૧૯ સુધી સત્યાગ્રહની લડતોમાં તથા સત્યાગ્રહી સાહિત્ય વેચવાના કામમાં જોડાયા. ઈ. સ. ૧૯૨૦માં નાગપુરના વાવટા સત્યાગ્રહમાં પણ તેમણે ભાગ લીધો. સ્વાધીનતા ચળવળની સાથે સાથે મહાત્માજીના આદેશ અનુસાર રચનાત્મક પ્રવૃત્તિઓ કરવાના આશયથી કલોલ (ઉત્તર ગુજરાત)માં ઈ. સ. ૧૯૧૮માં ફાટી નિકળેલ ઈન્ફ્લુએન્ઝાના રોગચાળા વખતે જનતાની સેવાના આશયથી ખાસ દવાખાનું ખોલીને કલોલ ગામ તથા તાલુકાના ગામડાઓમાં દર્દીઓની સુશ્રુષા કરવાની તક તેમણે ઝડપી લીધી. આ ઉપરાંત નાની મોટી પ્રવૃત્તિઓ કરતાં કરતાં ઈ. સ. ૧૯૨૨ સુધીમાંતો કોંગ્રેસના સક્રિય સ્વયંસેવક તરીકે તેઓ પ્રવૃત્તિશીલ બન્યા. જેના પરિણામે ડિસેમ્બર ૧૯૨૭માં મદ્રાસ મુકામે હિંદી રાષ્ટ્રીય મહાસભા (ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ)ના અધિવેશનમાં શ્રીનિવાસ આયંગરના પ્રમુખપણા નીચે યોજાયેલ અખિલ ભારતીય દેશી રાજ્ય પરિષદમાં કાર્યવાહક ''સભા'' તરફથી ગુજરાતમાંથી જે ચાર પ્રતિનિધિઓ નિમાયા તેમાં (૧) શ્રી અમૃતલાલ શેઠ (૨) શ્રી મણિલાલ કોઠારી (૩) શ્રી સુમંત મહેતા અને (૪) શ્રી મોતીલાલ શા. શર્માનો સમાવેશ થતો હતો.[૪૩]

આમ શ્રી શર્માજી હિંદમાં રાષ્ટ્રીય જાગૃતિકાજે સ્થપાયેલ – I. N. C. – 'હિંદી રાષ્ટ્રીય મહાસભા' સુધી સારી રીતે પહોંચ્યા. તેમા ગુજરાતના પ્રતિનિધિ તરીકે નિયુક્ત થયા અને એ રીતે ગુજરાતનું તથા બ્રહ્મભટ્ટ જ્ઞાતિનું નામ ઉજ્જવળ કર્યું. સાથે સાથે કલોલમાં સુધરાઈના સભાસદ, વડોદરા શહેર ત્યારબાદ ૧૯૨૮માં વડોદરા રાજ્ય પ્રજામંડળમાં વડોદરા અધિવેશનના પ્રકાશન મંત્રી તરીકે પણ એમણે સફળ કામગીરી બજાવી. ઈ. સ. ૧૯૨૮ના પ્રખ્યાત બારડોલી સત્યાગ્રહ વખતે 'સરભોણ છાવણી'માં નોંધપાત્ર સેવાઓ આપી. ત્યારબાદ દસક્રોઈ તાલુકા કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખપદે (ઈ. સ. ૧૯૩૨માં) નિયુક્ત થયા. અમદાવાદમાંની રેસનિંગ પ્રવૃત્તિની કારોબારીના સભ્ય બનીને (૧૯૩૮માં) એમણે પોતાની સેવાઓ સમર્પિત કરી.

આ તો થઈ શ્રી શર્માજીની સ્વાતંત્ર્યપ્રિયતા યુક્ત પ્રવૃત્તિઓની વાતો. એ ઉપરાંત તેઓ કેવા કુશળ વ્યાપારી હતા અને વેપાર, સમાજ તથા રાષ્ટ્રની પ્રવૃત્તિઓમાં કેવા ગળાડૂબ રહેતા હતા તે જોઈએ. ઈ. સ. ૧૯૧૮થી મુંબઈ તેમજ અમદાવાદમાં મિલ

ઉદ્યોગને લગતી ચીજવસ્તુઓ જેમાં કેમિકલ્સ, એસિડ, પેઈન્ટસ, વાર્નિસીઝ વગેરેનો વેપાર કરવા લાગ્યા. અમદાવાદની ઈન્ટરનેશનલ ટ્રેડર્સ લિ.ના તેઓશ્રી ઈ. સ. ૧૯૪૨-૪૪ દરમ્યાન મેનેજીંગ ડાયરેક્ટર રહ્યા. પાછળથી ઈ. સ. ૧૯૫૨ સુધી તો તેના માલિક બન્યા. આ બાબત તેમની વેપારી-કુનેહ બતાવી આપે છે. ઈ. સ. ૧૯૪૪માં તેઓશ્રી 'કૈસરે હિંદ ઈન્યુયરેંસ કું, લિ.'ની આમદાવાદ શાખાના મેનજરપદે નિમાયા. એજ રીતે 'ઈન્ટરનેશનલ ટ્રેડર્સ લિ.' અમદાવાદ. 'ન્યૂ સ્વસ્તિક લાઈફ ઈન્સ્યુ. લિ. મુંબઈ' 'અમદાવાદ ન્યુ સ્વસ્તિક લાઈફ ઈન્સ્યુરેન્સ લિ, મુંબઈ' અને 'અમદાવાદ હેસિયત એસોસિએશન લિ.' ના ઉપ-પ્રમુખ, 'ગુજરાતી વેપારી મહામંડળ'ના કારોબારી સભ્ય બન્યા. પોતાના વતનના ગામ તારાપુરની કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટીના ચેરમન, તારાપુરની કો-ઓપરેટીવ બેંકના ડાયરેક્ટર અને તારાપુર ખરીદ-વેચાણ સંઘની કારોબારીના સભ્ય તરીકે એમણે પોતાના ગામની પણ સેવા કરી. આ ઉપરાંત અમદાવાદ મિલ-જીન સ્ટોર્સ એસો.ના માનદ-મંત્રી તરીકે ઈ. સ. ૧૯૨૭માં કામ કર્યું.

સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછીનાં વર્ષોમાં શ્રી શર્માજીએ દેશના રાજકારણમાંથી ગાંધીજીના 'કૉંગ્રેસ વિખેરી દેવા'ના આદેશ અનુસાર સક્રિય રસ લેવાનું ઓછું કરી દીધું અને પોતાની વેપાર વિષયક તેમજ સામાજિક પ્રવૃત્તિઓ ચાલુ રાખી. ઈ. સ. ૧૯૬૫માં 'ગાંધીબજાર કન્ઝયુમર્સ સોસાયટી લિ.'ના ચેરમેન તથા 'અમદાવાદ સીડ્ઝ મર્ચન્ટસ એસો. લિ.'ની વિવિધ સમિતિઓના સભ્ય રહ્યા. એમની વ્યાપારી તથા ધંધાકીય પ્રવૃત્તિઓમાં મુંબઈની એલિફન્ટ ઓઈલ મિલ્સ લિ,ના ગુજરાત, રાજસ્થાન, મધ્ય ભારત અને કચ્છના સોલ સેલિંગ એજન્ટ તરીકે કામ કર્યું. ઈંગ્લેન્ડની બ્લન્ડોલ સ્પેન્સ એન્ડ કું. લિના ૧૯૬૬ સુધી વિક્રેતા બન્યા. મુંબઈની ઈસ્ટર્ન કેમિકલ અને ઈમ્પિરિયલ કેમિકલ (ઈંગ્લેન્ડ)ના ડિસ્ટ્રીબ્યુટર તરીકે કામ કર્યું. ૧૯૬૩થી એમણે ગુજરાત કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ નામે કારખાનું ખરીદી સારી રીતે ચલાવ્યું. આમ વેપારક્ષેત્રે પણ એમણે બહુમુખી પ્રતિભા દર્શાવી.

શ્રી શર્માજીએ આ બધાની સાથે સાથે પોતાનો સાહિત્ય શોખ પણ જાળવ્યો હતો. તેમનું સાહિત્યિક વાંચન પણ વિશાળ હતું. પ્રકાશન ક્ષેત્રે પણ દક્ષ. ૧૯૨૦માં શ્રી ગોકળદાસ રાયચુરાકૃત ''રેણુકા'' અને ''શેરબજારનું સ્વપ્ન'' એ બે પ્રકાશનો એમણે કર્યા હતાં. શ્રી ન્હાનાલાલ કવિનું ''ચિત્રદર્શન'' અને કવિશ્રી રવીન્દ્રનાથ ટાગોરના ''વિશ્વભારતી''નો ગુજરાતી અનુવાદ તેમણે પ્રકાશિત કર્યો હતો. જે સોલીસીટર ગણાત્રાએ અનુવાદિત કર્યો હતો. ઈ. સ. ૧૯૨૦માં અમદાવાદમાં સાહિત્ય સંમેલન મળ્યું હતું. જેમાં પ્રમુખસ્થાને કવિવર રવીન્દ્રનાથ ટાગોર હતા. તેમાં મુંબઈ સાહિત્ય સભાના પ્રતિનિધિ તરીકે તેમણે ભાગ લીધો હતો. શ્રી મટુભાઈ કાંટાવાળા, જ્યારે

પ્રમુખ હતા ત્યારે વડોદરા સાહિત્ય સભામાં શ્રી શર્માજી કાર્યવાહકના સ્થાને હતા. આ સભામાં કવિશ્રી ન્હાનાલાલ મુખ્ય મહેમાન હતા. આ ઉપરાંત મંત્રી તરીકે અમદાવાદમાં ''સંદેશ'' સમાચારપત્રના ''મનોરંજન'' નામના સાપ્તાહિકપત્રના તંત્રી તરીકે તેમણે કામ કર્યું. એ જ રીતે વડોદરાથી હિંદી-તેમજ મરાઠીમાં પ્રકાશિત થતા ''વ્યાયામ'' નામના પત્રમાં શ્રી મજમુદાર સાથે ગુજરાતી વિભાગનું તંત્રીપદ એમણે સંભાળ્યું.

આમ રાષ્ટ્ર-સાહિત્ય અને વેપાર ક્ષેત્રના એમના પ્રદાન પર નજર કર્યા પછી હવે, તેમણે સ્વજ્ઞાતિ ક્ષેત્રે કેવી રીતે સેવાઓ આપી હતી તે જોઈએ. અમદાવાદ બ્રહ્મભટ્ટ સમાજ દ્વારા સંચાલિત પ્રવૃત્તિઓ ઉપરાંત વડોદરાના બ્રહ્મભટ્ટ વિદ્યોત્તેજક મંડળના તેઓ મુરબ્બી હતા. ઈ. સ. ૧૯૪૩માં આ બ્ર. વિ. મંડળના પ્રમુખપદે રહીને તેમણે જ્ઞાતિની સેવાઓ કરી હતી. આ સમયે શ્રી ચૂ. પુ. બારોટ, સત્યાગ્રહપ્રવૃત્તિ બદલ જેલમાં ગયા હોવાથી જ્ઞાતિપત્ર 'ભટ્ટભાસ્કર'નું પ્રકાશન યથાવત રીતે ચાલુ રાખવામાં તેમજ શ્રી દાજીભાઈ છાત્રાલય વડોદરાના મકાનનું બાંધકામ અધૂરું હોવાથી પૂરતું ફંડ ઊભું કરીને મકાનનું કામકાજ પૂરું કરવામાં શ્રી શર્માજીએ મહત્ત્વનો ફાળો આપ્યો. 'તારાપુર બ્રહ્મભટ્ટ સેવા સમાજ'ની સ્થાપના કરીને તેના પ્રમુખ તરીકે ચૂંટાયા, જૂનાગઢમાં પણ બ્રહ્મભટ્ટ છાત્રાલયને એમણે આર્થિક સહાય પૂરી પાડી.

તેમની જ્ઞાતિપ્રવૃત્તિઓના પ્રત્યુત્તરરૂપે તેમજ રાષ્ટ્રીયભાવનાથી એમણે સેવેલા જેલવાસને લીધે ઈ. સ. ૧૯૩૪માં જ્યારે તેઓ જેલયાત્રાએ જઈ આવ્યા ત્યારે અમદાવાદના બ્રહ્મભટ્ટ સમાજે માનપત્ર તથા 'જાહેર સન્માનપત્ર' આપીને તેઓશ્રી નું બહુમાન કર્યું.

આવા બહુમુખી પ્રતિભા સંપન્ન શ્રી શર્માજી તારીખ ૬-૬-૮૮ના રોજ સ્વર્ગે સિધાવી જતા માત્ર બ્રહ્મભટ્ટ જ્ઞાતિને જ નહીં પરંતુ સમગ્ર સમાજને કર્મવીર, સેવાભાવી, રાષ્ટ્રભક્ત સેવકની ન પૂરી શકાય તેવી ખોટ પડી છે.''[૪૪] એમનાં પહેલાં જ (તારીખ ૨૦-૦૨-૧૯૬૫ના રોજ સ્વર્ગવાસી બનેલાં ''શ્રી શર્માજીનાં પત્ની શ્રીમતી મણિબહેન શર્મા પણ કોકિલકંઠી મહિલા હતાં. તેઓ પ્રાચીન ભજનો-ગીતો વગેરે મધુર રીતે ગાતાં હતાં. લાજમલજાના એ યુગમાં બ્રહ્મભટ્ટ જ્ઞાતિની સન્નારીઓ જાહેરમાં બહુ જ ઓછી જણાતી પરંતુ સ્વ. મહાકવિ ન્હાનાલાલ, શ્રી ઝવેરચંદ મેઘાણી, કવિશ્રી ગોકુળદાસ રાયચુરા અને રસકવિ શ્રી રઘુનાથ બ્રહ્મભટ્ટ જેવા થોડાક કવિઓ આ બ્રહ્મભટ્ટ સન્નારીના કોકિલ કંઠથી સરતી કવિતાઓના પ્રસાદ પામ્યા છે અને તેનું મૂલ્યાંકન કરી શક્યા છે. શ્રી રાયચુરાએ એમનાં એ ગીતો ''શારદામાં'' પ્રસિદ્ધ પણ કર્યા છે. તે બતાવે છે કે આ શર્મા દંપતી રાષ્ટ્રપ્રેમ ઉપરાંત સાહિત્ય અને સમાજસેવાના રંગે પણ રંગાયેલું હતું.[૪૫]

•



### દાનવીર શ્રી મોહનલાલ એસ. મીઠાઈવાલા (૧૮૯૫-૧૯૫૪)

શ્રી મોહનલાલનો જન્મ મહેળાવ (જિલ્લા ખેડા) ખાતે ૧૮૯૫ એક ગરીબ કુટુંબમાં શંકરભાઈ શીવાભાઈ શર્માને ત્યાં થયો હતો. તેમની માતાનું નામ કાશીબા હતું. પિતા મુંબઈમાં જરીવાલાની દુકાનમાં નોકરી કરતા હતા. મોહનલાલની માત્ર નવ (૯) વર્ષની ઉંમરે તેમના પિતાનું અવસાન થયું. માતાપિતાનું એકમાત્ર સંતાન હોવાથી છ ધોરણ સુધી અભ્યાસ મેળવી. તેઓ કાકાશ્રી મોકમભાઈની દુકાનમાં નોકરી કરીને મા દિકરાનું ગુજરાન ચલાવવા લાગ્યા. તે દરમ્યાન ભરોડ નિવાસી ગુલાબબેન સાથે લગ્ન થતાં તેમની જવાબદારીઓ વધી જવા પામી.

પોતાની ઉક્ત જવાબદારીઓ સારી રીતે નિભાવવા માટે મુંબઈ નોકરી કરવા ગયેલા મોહનલાલને પ્રારંભમાં એક મીઠાઈની દુકાનમાં માસિક રૂ. ૧૦ના પગારથી નોકરી મળી. ખંત, નિષ્ઠા અને ઉદ્યમથી શેઠનો સ્નેહ સંપાદન કરવામાં સફળ રહેલા મોહનભાઈને ઈશ્વરે સાથ ન આપ્યો. તેમનાં પત્ની બે બાળપુત્રો મૂકી અવસાન પામ્યાં. થોડાક સમય પછી તેમનાં બીજાં લગ્ન સોજિત્રાના ચંચળબેન સાથે થયાં. ટૂંકા પગારમાં મુંબઈમાં રહેવાનું હોવા છતાં ચંચળબેનના મિલનસાર, હસમુખા, કુશળ અને કરકસરિયા સ્વભાવને લીધે તેઓ સારી રીતે ગુજરાન ચલાવી શક્યા.

શ્રી મોહનલાલની શ્રમનિષ્ઠા, ધગશ અને પ્રમાણિકતા જોઈને શેઠ દયારામ દામોદર મીઠાઈવાળાએ મુંબઈની ચીરાબજારની દુકાનમાં (તેમની) ભાગીદારી કરી. કર્મયોગે મોહનલાલે આ ધંધાને ખૂબ જ પરિશ્રમ કરીને વિકસાવ્યો. પોતાના સગાવહાલાં અને જ્ઞાતિનાં બાળકોને કામધંધો આપી મોહનલાલે, માથેરાન જેવા મહારાષ્ટ્રના ગિરિનગરમાં ''રીગલ હોટલ'' શરૂ કરવા ઉપરાંત મુંબઈના ઝવેરી બજાર, ગ્રાંટરોડ અને ભૂલેશ્વરમાં બે શાખાઓ સાથે ''મોહનલાલ એસ. મીઠાઈવાલા''ના નામથી આઈસ હલવા માટે ખૂબ નામનાવાળો ધંધો શરૂ કર્યો. ટૂંક સમયમાં મીઠાઈ ઉદ્યોગમાં મુંબઈ ખાતે એમનું નામ થઈ ગયું. દૂરદૂરના ગામડે જતા મુંબઈવાસીઓ પોતાના વતનના ગામે જતા ત્યારે પ્રેમના પ્રતીક તરીકે મોહનલાલની મીઠાઈઓ અને એમનો 'ગોલ્ડન આઈસ હલવો' અચૂક લઈ જતા થયા.

આમ બીજા વિશ્વયુદ્ધ પછી મીઠાઈના વેપારમાં પ્રથમ હરોળમાં નામ જમાવી ચૂકેલા શ્રી મોહનલાલ માત્ર ધંધા-રોજગારમાં જ ડૂબેલા હતા તેમ નથી. સ્વજ્ઞાતિના

કલ્યાણ માટે ઈશ્વરે પોતાને આપેલા અઢળક સંપત્તિમાંથી જ્ઞાતિના બાળકોના અભ્યાસ માટે દાજીભાઈ છાત્રાલય-વડોદરાને સર્વ પ્રથમ એમણે રૂ. ૩૦,૦૦૦નું દાન કરી, જ્ઞાતિનાં બાળકોના શિક્ષણનો પ્રશ્ન હલ કરી આપ્યો. આ સિવાય પણ ઈ. સ. ૧૯૫૧-૫૨માં રૂ. ૧૨,૦૦૦ મકાન ફંડમા અને રૂ. ૧૧,૦૦૦ રજત મહોત્સવ ખર્ચ માટે એ સિવાય અવારનવાર નાના મોટા દાન દ્વારા એમણે જ્ઞાતિજનોને મદદરૂપ થઈ દાનવીર તરીકે નામના મેળવી 'ભટ્ટ ભાસ્કર'ના મુખપૃષ્ઠ પર દાનવીર દાતા તરીકે એમની છબી કાયમ માટે છપાતી રહે તે એમની દાનવીરતાની નિશાની રૂપ ગણાય.

આ ઉપરાંત સ્વામીનારાયણ મંદિરોના બાંધકામ તથા મૂર્તિપ્રતિષ્ઠા વગેરે માટે કારિયાણી મંદિરમાં સારો એવો ફાળો આપીને એમણે પોતાની દાનવૃત્તિનો પરિચય આપેલ છે.[૪૬]

આમ જ્ઞાતિજનો, સમાજ અને ધર્મને ક્ષેત્રે પોતાનો અમૂલ્ય ફાળો આપનાર શ્રી મોહનલાલ મીઠાઈવાલા ૫૯ વર્ષની ઉંમરે ઈ. સ. ૧૯૫૪માં અવસાન પામતાં બ્રહ્મભટ્ટ જ્ઞાતિને એક દાનવીરની ખોટ પડી.

•



### ન્યાયમૂર્તિશ્રી જે. એમ. બારોટ

અનેક સાક્ષરો અને સપૂતોની જન્મભૂમિ નડિયાદમાં જન્મેલા શ્રી જયદેવભાઈ મોહનભાઈ બારોટે પોતાની કર્મભૂમિ તરીકે મુંબઈને પસંદ કર્યુ હતું. સ્વભાવે ન્યાયપ્રિય, નીડર અન પરગજુ હોવાના નાતે એમણે કાયદાના સ્નાતક બની જ્ઞાતિ અને સમાજની સેવા કરતા વકીલ બનવાનું પસંદ કર્યું. ન્યાય તરફની પોતાની નિષ્ઠા, ધગશ અને આગવી કોઠાસૂઝને લીધે ક્રમશઃ આગળ વધી છેવટે વધારાના મુખ્ય પ્રેસિડેંસી મેજસ્ટ્રેટના હોદ્દા સુધી તેઓ પહોંચ્યા હતા. તે પદેથી નિવૃત્ત થયા પછી પણ મુંબઈમાં હાઈકોર્ટમાં વકીલાત કરતાં કરતાં સમાજ અને જ્ઞાતિનાં અનેક જરૂરતમંદ લોકોને પોતાની સેવાઓ આપી હતી. જાહેર જનજીવનમાં પણ એમણે લોકસેવાના હેતુથી અનેક સેવા સંસ્થાઓમાં પોતાની સેવાઓ આપી હતી. આ તમામ પૈકીની ''મહાલક્ષ્મી ટેમ્પલ ચેરિટી ટ્રસ્ટ''માં એમણે લાંબાગાળા સુધી આપેલ સેવાઓ જ્ઞાતિજના અને સમાજ તથા મંદિર ટ્રસ્ટ સદાકાળ યાદ રાખશે. મારા (સંશોધકના) કોલેજકાલિન અભ્યાસ દરમ્યાન આ સ્કોલરશિપનો લોભ પ્રતિવર્ષ મળતો રહ્યો હતો એનો ઋણ સ્વીકાર કરવાની અત્રે તક લઉ છું.

બાહોશ વકીલ અને મેજિસ્ટ્રેટ તરીકે એમણે નામના મેળવી હતી. જ્ઞાતિસંસ્થાઓ અને સામાજિક સંસ્થાઓએ એમની સેવાઓની કદરરૂપે ઘણીવાર એમનું બહુમાન કર્યું હતું. એમની શક્તિઓ અને સેવાઓની ઓળખ માટે ''ટાઈમ્સ'' (તારીખ ૩૦-૧-૧૯૫૫)નું નીચે મુજબનું લખાણ ધ્યાનપૂર્ણ હોવાથી અત્રે રજૂ કરીએ. ''માનવીના જીવનને દૂરતમ સંબંધ ધરાવતી વ્યક્તિઓ અને પ્રસંગો કેટલીકવાર કેવી રીતે બદલી નાંખે છે એ આશ્ચર્યકારક છે. શ્રી જ. મો. બારોટના દાખલામાં વકીલાતની પસંદગી કરવામાં સ્વ. હેરોલ્ડ લાસ્કી (રાજ્યશાસ્ત્રના પ્રાધ્યાપક અને ઈંગ્લેન્ડના મજૂરપક્ષના પ્રમુખ)ના પિતા સીધી કે આડકતરી રીતે જવાબદાર હતા. મોટાલાસ્કી જે લોર્ડ રીડિંગના એક સંબંધી હતા. એ માનચેસ્ટરના કાપડના વેપારી હતા. તેઓ ધંધાને અંગે હિંદમાં આવ્યા બાદ સર આર. જે. વકીલના સંપર્કમાં આવ્યા હતા.

સર આર. જે. વકીલ (કે) જેઓ ઇંગ્લેન્ડમાં પોતાના ધંધાની વ્યવસ્થા માટે માણસ ખોળતા હતા, તેઓ બારોટોને ઓળખતા હતા. શ્રી જ. મો. બારોટ એમના સંપર્કમાં આવતાં એક દિવસ મોટા લાસ્કીએ સૂચવ્યું કે આ બારોટ છોકરો કાયદાનો અભ્યાસ કરે તો તમારા કામમાં આવે તેમ છે. વિલાયત જવાની શ્રી જયદેવલાલની યોજનાઓ તેમના કાબૂ બહારના સંજોગોને લીધે પાર પડી નહીં, પરંતુ એમણે કાયદાનો અભ્યાસ કર્યો ખરો.

મુંબઈમાં શ્રી ક. મા. મુનશી ગૃહપ્રધાન હતા ત્યારે તેઓ ઈ. સ. ૧૯૩૮માં પ્રેસિડંસી મેજિસ્ટ્રેટ નિમાયા. મેજિસ્ટ્રેટની સોળ વર્ષની કારકિર્દીમાં એમણે ન્યાયનો સારી રીતે (અને) દયાપૂર્વક અમલ કર્યો, એમ કહી શકાય. છતાં એમાં જે કેસમાં ઈરાદાપૂર્વક તેમજ વિચારપૂર્વકનો ગુનો થયેલો હોય એવા દાખલાઓમાં એમણે ભારે સજાઓ કરેલ છે. કાળાબજારના ગુનાઓના કેસને ચલાવવામાં શ્રી બારોટે નામના મેળવી હતી. એક દાખલામાં ખોરાક અને બીજી વસ્તુના વેપારમાં કંટ્રોલના ભંગ બદલ એક જણને દસ લાખ રૂપિયાનો અને (આવાજ) બીજા એક દાખલામાં બે લાખનો દંડ કર્યો હતો. બંને દાખલાઓમાં આરોપીઓને વિશેષમાં બે વર્ષની સખત મજૂરીની સજાઓ પણ થઈ હતી. આ અસાધારણ સજાઓએ દુનિયા સમસ્તનું ધ્યાન ખેંચ્યુ હતું અને બે લાખના દંડવાળા કેસને બી.બી.સી. અને સ્વીસ રેડિયોએ આકાશવાણી દ્વારા પણ જાહેર કરાયો હતો.

તિક્ષ્ણ અને પ્રચંડ યાદશક્તિ ધરાવતા શ્રી બારોટ, તેમને સોંપાતા કેસોનો નિકાલ ઘણોજ ઝડપથી કરતા. કોમી રમખાણોમાંથી એમણે એવા કેસો દર ત્રણ મિનિટમાં એક લેખે પતાવેલા અને છતાં નિષ્પક્ષતા અને ન્યાય બુદ્ધિનું એમનું ધોરણ ઊંચું જ રહેવા પામ્યું હતું. શ્રી બારોટની સ્મરણશક્તિમાં ફોટોગ્રાફીનો ગુણ રહેલો છે. એકવાર તમે એમના જોવામાં આવ્યા તો એ તમને કદી ભૂલતા નથી. એમના મગજમાં હકીકતો અને

આંકડાઓ પત્રકની જેમ નોંધાઈ જાય છે. ન્યાય કરવાની ત્વરાએ સ્મૃતિને આભારી છે.''[૪૭] આમ ન્યાયાસનેથી નિવૃત્ત થવાને પ્રસંગે એમની અનેક નિખાલસ પ્રશંસા થયેલી.

શ્રી જે. એમ. બારોટે ન્યાયક્ષેત્ર ઉપરાંત જ્ઞાતિસેવામાં પણ પોતાની સેવાઓ આપી હતી. કુરિવાજોના ઉન્મૂલન માટે અને કન્યા કેળવણીના પ્રચાર પસાર માટે તેઓ સદા અગ્રેસર રહેતા. તેમનાં ધર્મપત્ની ડાહીબેન પણ સ્ત્રીઓની ઉન્નતિ માટે હંમેશાં કાર્યરત રહેતાં. લાજ-પડદા હટાવવાની વાત હોય, દહેજ કે કરીયાવરનો પ્રશ્ન હોય કે બહેનોને કોઈપણ ક્ષેત્રે થતા અન્યાયની વાત હોય તો આ દંપતી પોતાનાથી શક્ય એટલી સેવાઓ આપવા દોડી જતાં. બ્રહ્મભટ્ટ સમાજની લાજ-મર્યાદાનાં બંધનો તોડી જાહેર મેળાવડાઓમાં ભાગ લેવાની શરૂઆત કરવામાં તેઓ મુખ્ય હતાં.

આટલી બધી પ્રવૃત્તિઓ વચ્ચે શ્રી જે. એમ. બારોટ નિસ્પૃહ અને વિરક્ત રહી શકતા. એમના આ સ્વભાવ માટે શ્રી ચુ. પુ. બારોટની નોંધ સાથે સમાપન કરીએ.''ઉગતી જુવાનીમાં શ્રી બારોટે સંન્યાયી થવાનો વિચાર કરેલો. પંદર વર્ષની ઉંમરે એ ઘરબાર છોડી નીકળી ગયેલા અને ગુજરાતનાં જંગલોમાં આથડેલા. રખડતા રખડતા નાસિક પહોંચવુ એવો એમનો વિચાર હતો. ત્યાં એમને ગુરુ મળી જશે અને એમના ચરણોમાં માથુ મૂકી સાધના કરી શકાશે એવી એમની કલ્પના હતી. અલબત્ત નાસિક જતાં પહેલાં જ એમના કુટુંબીઓએ એમને પકડી પાડેલા અને દુઃખાર્ત માબાપને એની ખબર આપી દીધેલી.''[૪૮] એ ઘટના એમના સ્વભાવમાં રહેલી સંસાર તરફની અનાસક્તિ, ઈશ્વર પરાયણતા અને સેવાપરાયણતાનાં દર્શન કરાવે છે.

•



### શ્રી ગુલાબસિંહ નારસિંહ બારોટ

મૂળ પીપલોદ : જિલ્લો સુરત : ના વતની શ્રી ગુલાબસિંહભાઈ આજના શિક્ષક કેળવણી કાર, સંનિષ્ઠ સમાજ જ્ઞાતિ સેવક અને પ્રખર ગાંધીવાદી વિચારક-લેખક હતા. એમણે અમદાવાદની પ્રેમચંદ રાયચંદ કોલેજમાંથી શિક્ષકની તાલીમ અને હિન્દી ''કોવિદ''નો અભ્યાસ કરી, આજીવન શિક્ષણક્ષેત્રની સેવા કરી હતી. ''સુલભ નાગરિક શાસ્ત્ર'' ધોરણ ૧ થી ૭ સુધીના એમના પુસ્તકજૂથને મુંબઈ રાજ્યમાં સરકાર અને શિક્ષણ જગતે સારો એવો આવકાર આપ્યો હતો. વળી ૧ થી ૧૦ ધોરણનાં માર્ગદર્શક પુસ્તકો તથા ધો. ૫-૬-૭ માટે ''સુલભ નિબંધમાળા'' તેમજ

''ભાષાદર્શન'' જેવાં અનેક કેટાંક પુસ્તકો વિદ્યાર્થીજગતને ઘણાં ઉપયોગી સાબિત થયેલાં પુસ્તકો છે.

શિક્ષક તરીકે એ સંનિષ્ઠ અને વિદ્વાન હોવા ઉપરાંત લોકપ્રિય પણ હતા. ''અખિલ ભારત શિક્ષક સંઘ''ની સ્થાપના કરવામાં તેઓ મુખ્ય હતા. ''જોઈન્ટ કાઉન્સિલ''ની રચના કરી કેળવણીના પ્રશ્નો હલ કરવા તેમને ચૂંટવામાં આવ્યા હતા. સુરત શહેરમાં કોલેજના અધ્યાપકો, શિક્ષકો અને કેળવણી પ્રેમીઓએ સ્થાપેલ ''કેળવણી મંડળ''માં એમણે મંત્રી તરીકે સતત છ વર્ષ સુધી સેવાઓ આપી હતી.

આમ સુરતના જાહેર જીવનમાં શ્રી ગુલાબસિંહ બારોટ અત્યંત લોકપ્રિય હતા. તેમણે સુરતના દૈનિક વર્તમાનપત્ર ''પ્રતાપ''માં તંત્રીપત્રકાર તરીકે બે વર્ષ કામ કર્યું હતું જે દરમ્યાન તેમના અગ્રલેખો અત્યંત લોકપ્રિય બન્યા હતા. આ ઉપરાંત પિપલોદ વિભાગનાં ૧૫ ગામો તરફથી સ્થપાયેલા 'આરોગ્ય મંડળ'ના પ્રમુખ તરીકે અને 'ઉમરા-પીપલોદ ખેડૂત મંડળ'ના પ્રમુખ તરીકે પણ લાંબી સેવાઓ આપી હતી.

સમાજ સેવાની સાથે સાથે દેશના સ્વાતંત્ર્ય સંગ્રામના પ્રારંભથી જ પૂ. મહાત્મા ગાંધીજીએ કરેલ હાકલના અનુસંધાનમાં શ્રી ગુલાબભાઈએ સરકારી નોકરી છોડીને દેશસેવા કરવા રાષ્ટ્રીય કેળવણી મંડળની નોકરી સ્વીકારી હતી. સુરત રાષ્ટ્રીય વિનય મંદિરમાં અધ્યાપક તરીકે એમણે નિષ્ઠાપૂર્વક સેવાઓ આપી હતી. અસહકાર, સત્યાગ્રહ, સ્વદેશી ચળવળના સવિનય કાનૂનભંગની લડત વગેરે આંદોલનોમાં એમણે સક્રિય ભાગ લીધો હતો. ચોર્યાસી તાલુકા કોંગ્રેસ સમિતિના મંત્રી તરીકે એમની સર્વાનુમત્તે વરણી કરવામાં આવી હતી. લડત દરમ્યાન ચોક્કસ પ્રસંગોએ સુરતમાં રેડક્રોસ સ્વયંસેવક મંડળના કેપ્ટન તરીકે પણ તેમણે સેવાઓ બજાવી હતી. ગુજરાત પ્રાથમિક શિક્ષક સંઘના મંત્રી તરીકે ચાર વર્ષ અને ઉપપ્રમુખ તરીકે છ-સાત વર્ષ સેવાઓ આપી તે દરમ્યાન પણ એમણે ટ્રેનિંગ કોલેજના સ્કોલરોની ''ડ્યુટી પે'' અંગે આમરણાન્ત ઉપવાસની લડત અમદાવાદ સુરતથી ઉપાડવાની જવાબદારી સફળતાપૂર્વક નિભાવી હતી. એજ રીતે મુંબઈ ઈલાકા શિક્ષક સંઘના ઉપપ્રમુખ તરીકે પાંચ વર્ષ સેવાઓ આપી. તે દરમ્યાન કેન્દ્રના માજી ગૃહપ્રધાન ગુલઝારીલાલ નંદાજીએ જેને ''આદર્શ હડતાળ'' ગણાવી હતી તેવી બાવન દિવસની લાંબી અને સફળ હડતાળનું સંચાલન પણ શ્રી ગુલાબસિંહભાઈએ કર્યું હતું. આ તમામ બાબતો એક સાચા સત્યાગ્રહી તરીકે તેમની છાપ ઉભી કરે છે.

સમાજ અને રાષ્ટ્રની સેવાની સાથે સાથે એમણે સ્વજ્ઞાતિ સુધારણા અને સેવા અર્થે સારી એવી કામગીરી બજાવી હતી. ''સુરત બ્રહ્મભટ્ટ મિત્ર મંડળ''ની સ્થાપના કરી તેની સાત-આઠ વર્ષ સુધી અવિરત સેવા શ્રી ગુલાબભાઈએ કરી હતી. ''બ્રહ્મભટ્ટ વિદ્યોતેજક મંડળ'-વડોદરાના કાર્યવાહક સભ્ય તરીકે પણ એમણે બે વર્ષ સુધી સેવા

આપી હતી. પોતાના વતનના ગામ પિપલોદના સરપંચ તરીકે, એમણે હળપતિઓ અને શ્રમિકો માટે રહેઠાણનાં ૩૨ પાકાં મકાન તૈયાર કરાવી આપ્યાં ગામને વીજળી, રસ્તા, બગીચા વગેરેથી સંપન્ન કર્યું અને રામક્રિષ્ણ મિશનના સહકારથી ૨૦,૦૦૦ની ગ્રાન્ટથી ગામમાં પ્રાર્થના મંદિર, અતિથિગૃહ તથા ''આરોગ્ય કેન્દ્ર'', મીઠા પાણીના વારીગૃહો વગેરે અનેક લોકોપયોગી કામો કરવામાં તેઓ સદા અગ્રેસર રહ્યા હોવાથી જ્ઞાતિજનો સદા સર્વદા આ સપૂતને યાદ રાખશે.[૪૯]

•



**જ્ઞાતિકવિશ્રી ઝવેરભાઈ બેચરભાઈ બ્રહ્મભટ્ટ (૧૮૯૯-૧૯૮૨)**

સમગ્ર બ્રહ્મભટ્ટ જ્ઞાતિમાં કવિઓ તો અનેક થઈ ગયાં. જેમણે દેશ-દુનિયા-રાજા-બાદશાહ અને બીજા અનેક વિષયો પર કાવ્યરચનાઓ દ્વારા ખ્યાતિ અને સંપત્તિ બંને મેળવ્યાં. પરંતુ કેવળ જ્ઞાતિહિત કાજે જ સતત તલવારની ધાર જેવી કલમ ચલાવનાર જ્ઞાતિકવિશ્રી ''ઝવેરભાઈ બેચરભાઈ બ્રહ્મભટ્ટનો જન્મ નવેમ્બર, ૧૮૯૯માં થયો હતો. તેઓ કલોલ (જિલ્લો : મહેસાણા)ના વતની હતા. માત્ર છ ધોરણ સુધીની શાળાકીય કેળવણી પામેલા શ્રી ઝવેરભાઈનું ભાષાજ્ઞાન ફાંકડું હતું. તેઓ અવિરતપણે સ્વજ્ઞાતિ-સુધાર માટે જ ચિંતન કરતા અને જ્યાં અન્યાય, કુરિવાજ કે દંભ જુએ ત્યાં તુરત જ ચોટદાર ભાષામાં કવિતાઓ રૂપી ચાબખા ફટકારતા. તે જાતે જ સ્વરચિત ગીતો અદ્ભુત છટાથી ગાતા પણ ખરા. પોતાના કુટુંબીજન અને ગુરુ એવા શ્રી માસ્તર ડોસાલાલ મોહનલાલ બ્રહ્મભટ્ટની માફક વેધક, સચોટ અને યથાર્થ વર્ણન દ્વારા ધાર્યું શબ્દચિત્ર દોરવામાં તે સિદ્ધહસ્ત કલાકાર હતા.

સાંસારિક જીવનમાં એમણે અમદાવાદની ઠા. આણંદજી ખીમજીની પેઢીમાં કુલ ૩૫ વર્ષની નોકરી કરતાં મેનેજર સુધીનો હોદ્દો પણ શોભાવ્યો હતો. પરંતુ તેમની તમામ સાંસારિક સિદ્ધિઓ એમની કાવ્યકલા આગળ ઝાંખી હોવાથી અત્રે આપણે એમની કવિત્વ શક્તિની જ વાત કરીશું. માત્ર ૧૩ વર્ષની બાલ્યાવસ્થાથી જ એમણે કાવ્યકલા પર હાથ જમાવ્યો હતો. પોતાની અદ્ભુત વાક્છટાને લીધેજ મહારાજાશ્રી સયાજીરાવ ગાયકવાડ સામે હેમુનો સંવાદ બોલી તેમને ખુશ કરી રૂ. ૫૦૦નો પુરસ્કાર મેળવવાપાત્ર બન્યા હતા.

પોતાની જ્ઞાતિમાં થઈ રહેલા કુરિવાજા અને રૂઢિઓ દંભ તથા કુલીનતાના ભ્રામક ખ્યાલથી કવિ એટલા વ્યગ્ર રહેતા કે એમને પોતાની કાવ્યકલા અજમાવવા ભાગ્યે જ બીજો કોઈ વિષય એમને મળતો. આ બદીઓ જોઈને ત્રસ્ત થયલા તે બરાબર તપીને ગરમ થયેલા તવા પર પાણીનાં ટીપાં પડતાં જે તિખારો ઉદ્‌ભવે તેવો તિખાશભર્યો સ્વર પેદા કરતાં કાવ્યો રચતા. માટે જ વિજાપુર તાલુકાના દેવડા ભટ્ટસ્થાને ભરાયેલા દંઢાવ બ્રહ્મભટ્ટ મહાપંચે એમને ''જ્ઞાતિકવિ''નો ઈલ્કાબ આપ્યો હતો. જે આજીવન એમણે પોતાના કાવ્યો દ્વારા સાર્થિક કરી બતાવ્યો હતો.

શ્રી ચૂ. પુ. બારોટ અને શ્રી સીતારામ શર્મા કે જે અનુક્રમે ''ભટ્ટભાસ્કર'' અને ''સુભટ્ટ'' જેવાં જ્ઞાતિપત્રોના અનુભવી અને સિદ્ધહસ્ત તંત્રીઓ હતા. તે બંનેએ ઝવેર કવિની કાવ્ય કૃતિઓના સંગ્રહ ''બ્રહ્મભટ્ટ ચેતન'' ભાગ ૧-૨ની સમાલોચના કરતાં વાચકોને તેને ''આસ્વાદ'' અને ''રસાસ્વાદ'' કરાવતાં નોંધ્યું છે કે :

''દરેક હિલચાલને પોતાના કવિ હોય છે. ૧૯૨૨ના ઉત્તરાર્ધનાં ઉત્તરાર્ધનાં દંઢાવ્ય (ઉત્તર ગુજરાત) અને ચરોત્તર (દક્ષિણ ગુજરાત) સંમેલનની હિલચાલનાં મૂળ નંખાયાં. તેના કવિ એટલે આપણા ઝવેરભાઈ કવિ-''બ્રહ્મભટ્ટ ચેતન''ના કર્તા શ્રી ડોસાલાલ બ્રહ્મભટ્ટ (માસ્તર)ના તેઓ અનુયાયી છે. ''બ્રહ્મભટ્ટ ચેતન'' એ એમના (માસ્તરના) ''બ્રહ્મભટ્ટ હિતોપદેશ'' પછી આજે આટલે (પંદર વર્ષે ઈ. સ. ૧૯૨૭માં) એમની માતૃભૂમિની કંઠમાં અર્પાતી કાવ્યદૃષ્ટિએ સુંદરતમ્ કાવ્યમાળા છે. ઉપરોક્ત હિલચાલના જોશના સમયમાં આ કવિતાઓ ઉપર દંઢાવ્યની જનતા આફરીન હતી. એની અસર સ્ત્રીહૃદય સુધી પહોંચી હતી. ઉત્સાહના પૂરમાં ખાનગી ધંધારોજગાર તરફ ઉદાસીન બનેલા ઝવેરકવિ પૂર હર્ષમાં આમાંની એકાદી કવિતા ગાતા હોય અને પારકા ગામમાં ઘુંઘટઘેર્યા બૈરાંનો સમૂહ પણ એ રસભેર ઝીલતો હોય એવાં દૃશ્યો એ કાળમાં અસામાન્ય ન હતાં.''

અત્રે ચૂ. પુ. બારોટના જણાવ્યા મુજબનો ઉપરોક્ત કાળ એટલે બ્રહ્મભટ્ટ કોમમાં વ્યાપ્ત સામાજિક બદીઓ કુરિવાજો, લાજ-મર્યાદા તેમજ પર્દાના કાળ એવા ટાણે પોતાના ગામના અને જ્ઞાતિના માણસ જોડે પણ સ્ત્રીવર્ગ હળીમળી શકતો ન હતો એવા રૂઢિચુસ્ત અને સંકુચિત સમયે ઝવેરકવિ પ્રસંગોપાત જ્યારે બહારગામ જતા ત્યારે એમને જ્ઞાતિની સ્ત્રીઓ આગ્રહ કરીને એમની રચેલી કવિતાઓ ગાતી-ગવરાવતી અને જ્ઞાતિમાં કોઈ એમની દુઃખભરી વાતો સાંભળનાર સમજનાર છે એવું આશ્વાસન લેતી. ભોળીભલી ગામડાની સ્ત્રીઓ પણ સમજી શકે એવી સાદી છતાં ડંકાની ચોટ જેવી તેજવાણીમાં લખાયેલ માર્મિક કવિતાઓ જ્ઞાતિના પંચાતિયા અને કહેવાતા કુલીનતાના દંભી દેખાવકારો તો શ્રી ઝવેરભાઈ કવિના નામ માત્રથી ભડકતા. એમના વિષે નોંધતાં શ્રી ચૂ. પુ. બારોટ આગળ લખે છે કે :

''ઝવેર કવિની કવિતાઓના રાગ, પ્રાસાદિકતા અને વિષય અનુક્રમે એટલા રોચક, વિશદ અને સ્ત્રીજન સુલભ છે બલકે એમની કવિતાઓતો દંઢાવતા એક જ છે એ જ ''હોય'' છે... જ્ઞાતિમાં કવિઓ તો અનેક છે. પણ જ્ઞાતિકવિ એક જ છે એ આપણા ઝવેરભાઈ ''નિત્યાનલ'' (ભર્તૃહરિના શબ્દોમાં ''જ્ઞાતિશ્ચેલનલેન કિં''-અર્થાત જ્ઞાતિ છે પછી અગ્નિની શી જરૂર છે?) એવી જે જ્ઞાતિ તેની અગનભઠ્ઠીમાં દિનપ્રતિદિન દગ્ધ થતી આપણી નિર્દોષિતાઓ, ભોળી જનતા અને ગરીબોની ચારેકોર પડતી આર્ત ચીસોથી વલોવાતું અને કાવ્યામૃતની ભેટ કરતું કવિ હૃદય આપણી જ્ઞાતિમાં અત્યારે તો માત્ર ઝવેરભાઈનું જ છે. એટલે દરજ્જે આપની કવિતાઓના વિષય સમસ્ત હિંદુ સમાજના નારી હૃદયની સામાન્ય અવગણનાઓ, સાસરિયાંઓના સંતાપનો અને કુલીનતાની કુટિલતાનો છે એટલે દરજ્જે આ કાવ્યો ગમે તે જ્ઞાતિના જનસમુદાયને પ્રિય થઈ પડશે. દા. ત. દુઃખી દંઢાવની બાળાની આખેરી અરજ (નામનું કાવ્ય) લ્યો, તો કોઈ ગભરૂ બાળા કુલિનતાના અભિમાની સાસરિયાના સંતાપથી બળી જળી થઈ પ્રાણત્યાગ કરતી હોય ત્યારે કવિ આ કિસ્સો વાંચી એ મૃત્યુમુખાને મુખે આમ કહે છે :

''માતાપિતા બંધુસ્વજન હું સત્યતા સમજાવું છું.
મર્યાદના પરદા મહીં, કહેતા કંઈક શરમાઉં છું.
પણ માનીયું નક્કી હવે, હું કાળ મુખમાં જાઉં છું.
માતાપિતા નાંખી તમે કુળ કૂપમાં ઘૂંટાઉ છું.
દેવા રસોડાના રૂપૈયા, ના દીધા પૂરા ગણી
ના ચરણ મારાં પડે, એ પાકશાળા ભણી
પતિદેવને પ્રતિબંધ છે, બહુ રોષ, જો બોલાઉં છું.
માતાપિતા નાંખી તમે, કુળ કૂપમાં ઘૂંટાઉ છું.
આખરે હવે આવી સ્વજન, પોકાર મારો ઉર ધરો,
કુળયજ્ઞમાં હોમો ન કન્યા, પાપભાથાં મા ભરો.
બાળા બચાવો ગાવડી છે, ના કસાઈને આપશો
જ્ઞાતિતણા ડાહ્યાનરો, પાપીપ્રથા કાપશો?''

કેટલું સાચું અને સર્વરસિક ! કેવી રામબાણ જેવી-સચોટ વાણી. આ પંક્તિઓ કોણ અને કેવી કેવી કનડગતોથી કંટાળેલી કન્યા બોલે છે? રીબાઈ રીબાઈને સાસુનાં ''શાંશાં'' અને નણદીનાં ''કટુ'' વચનો સાંભળીને ટાઢું ખાતી અને ધાગડી (ગોદડી) વગર જમીન પર પડી રહેતી અને અંતે શોક્યના સાલે કાઢી મુકાયેલ તથા કોકનાં

વાસણ ઘણીને... અટૂલી પડેલી મૃગલી આપઘાત કરે અને "જ્ઞાતિના ડાહ્યાનરો પાપી પ્રથાને કાપશો?" એ વાક્ય ઉચ્ચારે ત્યારે તે સાંભળી શયતાનું હૃદયપણ ઘડીભર ન પીગળી જાય? કોઈ જરઠો જાડશાઈ કુલીન પણ ઘડીભર એમ ન વિચારે કે કુલીનપણાનો અર્થ આવા જુલમો કરી કરીને પૈસા પડાવવાનો જ કરવાનો હોય તો આના કરતાં બહેતર છે, કે આવી કુલીનતાનું આજે જ રસાતાળા જાય !!!

"દીકરીઓનો વિલાપ" નામના કાવ્યમાં મૂર્ખ અને લોકલાજ ભીરુ માબાપોએ કહેવાતા કુળની કઠણ અને નિષ્ઠુર શિલાપર ઝીંકેલી કન્યાઓ જે છાતીફાટ રુદન કરી રહી છે તેનું કવિએ એવું સુરેખ ચિત્ર દોર્યું છે?

"ખોળ્યા તમે કુળવાનના બેટા, રહ્યા જે વિદ્યાથી છેટા,
અધૂરા કો પથ્થર પેટા - - માતાપિતા.
ભમે રે પોર્ટર રેલોમાં, વળી રે કોઈ સડતા જેલોમાં,
ઘસે છે કોઈ વાસણ મ્હેલોમાં - - માતાપિતા.
આથીરે રૂડી અન્યવરણ કામે. . . માતાપિતા.
દયા નહિ દૈત્યોને આવે, પરણી પર બીજીને લાવે,
વેચ્યાં વસ્ત્રો કંઈ વડા રાવે,... માતાપિતા.
વ્હેછે રે આંખે શ્રાવણ, ભાદરવો, સુખેદુઃખે સંસારને ભરવો,
ઉણોરે ખોળો આંસુથી ભરવો... માતાપિતા."

બ્રહ્મભટ્ટ બાળાઓનો વિલાપ આથી વધારે સચોટ, સંક્ષિપ્ત અને પ્રાસાદિક વાણીમાં અત્યાર સુધી કોઈએ મૂક્યો છે? ભવિષ્યની પ્રજા જે આ "પાપી પ્રથાને" વટી (ભૂલી) ગઈ હશે તેને પોતાના પૂર્વજોના "કેવળકુળ"ની કેટલી અંધી (ગરમી.) ચઢી હતી એ જોવાનો આથી વધારે સારો ચિતાર બીજે ક્યાંય મળી શકશે? આ કાવ્યની છેલ્લી પંક્તિઓ વાંચતા એમ લાગે કે એના શબ્દોના ઝંકારમાં અને રાગમાં પોતાનં જ આંસુનો શ્રાવણ ભાદરવો ખરેખર વરસી રહ્યો છે. પ્રફુલ્લ કમળશી હાસ્યવદનાજીવનનો ઉલ્લાસ માણવા રસદેવીની પૂજારણ થવા ગયેલી પ્રફુલ્લ યૌવના સાસરિયાના જુલ્મની અવળી ઘાણીએ પિલાઈ રુધિરનો વરસાદ વરસાવે અરે ! એક સુકોમલ ફૂદડીશી નિર્દોષ કન્યા "સુખે દુઃખે સંસાર તરવો" એવું ઘરડું ઠચ્ચર વહેણ કાઢે એ ઓછું કરુણ પરિવર્તન છે? જ્ઞાતિમાં જ્ઞાતિ બંધુઓ જો સાચે જ હયાત હોય તો આ દશ્ય એમનાથી કેમ સહ્યું જાય? જ્ઞાતિમાં "ડાહ્યાનરો" જો સાચે જ વિદ્વાન હોય તો તે આ પાપી પ્રથાને ભૂંસવાની ભીષ્મ પ્રતિજ્ઞા કેમ ન લે? "કેવળ કૂળ"ના આવા અંધ અને અભિમાની નાયકો સારું

''ન્યાયી પિતાજી'' કારી સજાની નરકભૂમિ સ્થાપશે?'' એવા વિશિષ્ટ નરકની કલ્પના કવિ હૃદયને કેમ ન ઉદ્ભવે?

પરંતુ ''કીર્તિનો ઝરો અને આબરૂનો ફુવારો'', ''અમે કુળવાનના જાયા'', ''પ્રભુજી પૂછવાનો છે'', ''કારીગર છે કુળવાનો'' ઈત્યાદિ ઉપહાસાત્મક માર્મિક સચોટ કાવ્યોની રચના કરીને ઝવેર કવિ કેવળ કુળના મિથ્યાભિમાનીઓની મૂર્ખતા, કાવાદાવા અને ધૃષ્ટતાને વખોડીને જ અટકતા નથી. સાચી કુલીનતાનું લક્ષણ અને વર્ણન પણ આપે છે. ''કુલીન તે કહેવાય'' એ નામનું કાવ્ય એનો સુંદર નમૂનો છે. તત્કાલીન ગુજરાતની માત્ર બ્રહ્મભટ્ટ જ્ઞાતિને જ નહીં પણ આ સ્થિતિ તો વત્તે-ઓછે અંશે સર્વે જ્ઞાતિઓને લાગુ પડે છે.

ઉક્ત સંદર્ભે વર્તમાન લગ્ન પદ્ધતિનાં પાપ શાં છે? અને એનું મૂળ ક્યાં છે? એનું ભાન કરાવતા કવિની એક કવિતાની થોડીક પંક્તિઓ રજૂ કરીએ :

''જે દે બરાબરમાં અરે, કિંમત નહિ તેની કશી.
એ તો કરે ''પેલા''' નથી, છે તેમની જ નવાઈ શી?''
નખ્ખોદ નિરાધારનાં જાશે પછી ઈન્સાફ શું?
તમે દીકરી તાત છો કુળ હીણા,
કુલીનો અતિ આબરૂમોહી ઝીણા... ... (વગેરે.)

આમ સ્પષ્ટપણે કવિએ આ નિંદ્ય પાપીપ્રથાનાં કારણો સમજીને તેના નિરાકરણમાં જ જ્ઞાતિસમસ્તનું કલ્યાણ છે. એ વાત સમજાવવા પ્રયાસ કર્યો છે. વાસ્તવમાં આ પ્રથાના મૂળમાં સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વના સિદ્ધાંતોનો ઘાત રહેલો છે. આ પ્રથાના મૂળમાં જ જન્મપરંપરાના વિશિષ્ટ હક્કો આપવાની અને જ્ઞાતિને ચઢતા ઉતરતા એવા કાયમી અને બેહૂદા વર્ગોમાં વહેંચી નાંખવાની વાત છે કે શું કુલીન કે શું અકુલીન સર્વેએ એકત્ર મળીને આ પાપી પ્રથા કાપવી જ જોઈએ. એમાં જ બંનેનું શ્રેય છે. એવું કવિ અત્રે સિદ્ધ કરવા માગતા જણાય છે.

આ ઉપરાંત ઉક્ત મહાપ્રશ્નથી ભિન્ન એવાં સ્વજ્ઞાતિની ઉન્નતિનાં કાવ્યો ''ઉદય અહો જ્ઞાતિજનોનો'' અને ''પર્યકમાં શું પડી રહ્યા છો?'' તે ઝવેર કવિરચિત સુંદર કાવ્યો છે. એમાંના આ ''પર્યક''વાળા ગીતની થોડીક ચોટદાર પંક્તિઓ જોઈએ :

''જાગી જુઓ તો શાણા સુભટ્ટો પર્યકમાં શું પડી રહ્યા છો?
સાહિત્યના શ્રૃંગાર-રસીલા, રંક બની શું રડી રહ્યા છો?
જતાં જમાનો ઉન્નતિ શૃંગે, અવનતિ ખોળામાં સડી રહ્યો છો?

ઘર જાગીરો ગીરો મૂકી, મિથ્યા મદમાં મરી રહ્યો છો
વરા કરીને વેચી વસ્ત્રો, વિત્ત વિના રડવડી રહ્યા છો.
કન્યાઓ દેવામાં ખોટા, કુળના નાદે રડી રહ્યા છો
કુળ બન્યું કંચનનું વેરી, ભિખારીઓને ભરી રહ્યો છો.
મોવડીઓના મુખના મોટા, ગેબી ગોળે લડી રહ્યો છો
''ઝવેર''કથે એક તંત્ર બનો, પશાંત્ર-ગુલામો-ઘડી રહ્યો છો-

સ્વજ્ઞાતિમાં વ્યાપ્ત કુરિવાજો અને કોઈકાળે ઉન્નત અને સમાજની પથપ્રદર્શક ગણાતી બ્રહ્મભટ્ટ જ્ઞાતિને તેના વર્તમાનનું ભાન કરાવવા સારું. અતિની ભવ્ય સ્થિતિ વર્ણવતા કવિના હૃદયમાં ઉમટી રહેલા ભાવ આ પંક્તિઓમાં છલકાઈ રહેલા સ્પષ્ટપણે જોઈ શકાય છે.

સ્વજ્ઞાતિ ઉત્કર્ષની સાથે સાથ કવિએ સ્વદેશહિત કાજે પણ કલમ ચલાવી છે. એવા એક ગીત જેમાં જ્ઞાતિજનોને કમ્મર કસી આગળ વધી દેશને સ્વતંત્ર બનાવવા હાકલ કરતાં આ કવિ કહે છે.

''જાગી જુઓ શાણા સુભટ્ટો જે જમાનો જાય છે,
''આગળધસો'' ઉદગાર પ્યારા પૂજ્ય ગાંધી ગાય છે.
લાવો ઝલક પ્રાચીનતાની સર્વને અંતર વસી
તમ વીરભટ્ટ સુભટ્ટ જાગને દાખવો કમ્પર કસી.''

આવાં ગીતો સહેલાઈથી ઘસડી કઢાતાં મામૂલી જોડકણાં નથી. પરંતુ અંતરના ઉંડાણથી ઉદ્ભવેલી સાચી કવિતાઓ છે. આ જ ગીતમાં આગળવધતાં સ્વતંત્રતાની ભૂખ કરતાં કુદંનનીબેડીઓવાળી પરતંત્રતા પર ફિટકાર વરસાવતાં કવિ આગળ નોંધે છે કે :

''બેડી ભલે કુંદનતણી, મહેલો રૂપેરી છો રચ્યા,
પણ કેદખાનું એ ભલા, શું મોહમાં રહો છો મચ્યા...
જેને સ્વમાન તણી ન કિંમત, હો ભલે તે ધનપતિ,
જેને નહિં નિજ કોમ કે, નિજ દેશદાઝ ઉરે થતી.
ધિક તેહ નરની જિન્દગી, બેઠા ગુલામીમાં ફસી,
તમ વીરભટ્ટ સુભટ્ટ જાગને દાખવો કમ્મર કસી.''

બીજાં એક ગીતમાં કવિ સ્વતંત્રતાની અભિલાષા જણાવતાં દેશ બાંધવોને કહે છે કે :

આજ ઉઠોને આળસ મરડી, સ્વતંત્રતા શણગાર સજી,
અમાન બંધુ સર્વગણીને, પરધીનતા ઘોર તજી''[૫૦]

આમ મુખ્યત્વે તો જ્ઞાતિવીરોને જ સંબંધીને લખેલાં ઝવેર કવિનાં ગીતોમાં જ્ઞાતિહિત અને રાષ્ટ્રહિતથી વિશેષ કોઈ વાત જ નથી.

એ જ રીતે શ્રી ઝવેર કવિના ''બ્રહ્મભટ્ટ ચેતન'' ભાગ-૨ની પ્રસ્તાવના ''રસાસ્વાદ'' લખતાં ''સુભટ્ટ''ના તંત્રી શ્રી સીતારામ શર્મા નોંધે છે કે ''સમાજની વ્યવસ્થા મનુષ્યને બંધનમાં નાખવા માટે નથી. મુક્તિ માટે છે. જેટલે અંશે તે બંધનમાં નાંખનાર બને એટલે અંશે સુધારવા યોગ્ય છે. તેજ રીતે સત્ય સાથે સંબંધ ધરાવે એટલે અંશે જ્ઞાતિ કે કુળનું અભિમાન વાસ્તવિક ગણાય પરંતુ જો તેથી જ્ઞાતિનો પોતાના બંધુઓને નીચા પાડવાની વૃત્તિ વધે અને અંસખ્ય માણસોને તેથી કષ્ટ વેઠવાં પડે તો તે અભિમાન મનુષ્યને પાડનાર બને છે. એટલે તેને તોડી પાડવું તે દરેક સહદયી મનુષ્યનો ધર્મ બને છે?''

ગુજરાતની બ્રહ્મભટ્ટ કોમમાં પણ એજ રીતે એક વર્ગનું મિથ્યા કુલાભિમાન જ્ઞાતિ બંધુઓને પાડનારી હદે પહોંચ્યા ત્યારે તેની સામે પોકાર ઉઠાવવાનો ધર્મ થઈ પડ્યો, જેની સામે ''સુભટ્ટે'' જંગ આદર્યો. ''સુભટ્ટ''ની લડતના એ કાળમાં કોમનો સર્વનાશ કરાવનારી ખોટી રૂઢિઓ અને અંધશ્રદ્ધા તરફ બંડ ઉડાવનારા કેટલાક બંડખોરો જન્મ્યા. એમાનાં એક બંડખોર તે આપણા જ્ઞાતિ કવિ શ્રી ઝવેરભાઈ.

રૂઢિઓની ધૂંસરી નીચે દબાતા રહેવું તે ઝવેરભાઈને કપરુ લાગે છે. અંધશ્રદ્ધાની ભડભડતી હોળીમાં નિર્દોષ કન્યાઓને હોમાતી જોઈ એમનો આત્મા કકળી ઉઠે છે. અજ્ઞાનને વશ થઈ અમુક વર્ગના બીજાઓએ ગુલામ રહેવું, એવી સામાજિક વ્યવસ્થાનાં બંધન એમને ખૂંચે છે એટલે એમનાં પ્રસ્તુત કાવ્યોમાં ઠાઠમાઠના ભભકાથી સમાજમાં તાંડવ કરી રહેલા અજ્ઞાન તિમિરના દૈત્યોને ચોળી નાંખવાની તાલાવેલી છે. ખોટી રૂઢિઓના જાળમાં ગુચંવાયેલા જ્ઞાતિ બંધુઓને સવળે રસ્તે મૂકવાની અભિલાષા છે. સત્ય લાગ્યું તે કશા પણ આડપડદા વિના બોલી નાખવાની ધગશ છે.... અને એ નિશ્ચય સાથે કવિ જ્યાં કષ્ટ, અપમાન અને દંભ જુએ છે ત્યાં ત્યાં સળગી ઉઠે છે. એ જવાલાઓએ છેવટે કવિતાનું રૂપ લીધું છે. તેનો સંગ્રહ એટલે જ ''બ્રહ્મભટ્ટ ચેતન.''

આ કવિતા સંગ્રહની ''કુરબાન કરો શિર'', ''નવપલ્લવ વાડી શુષ્ક થઈ'', ''જન્મ લઈ અણમોલ આ, ''ઘડયા ઘરડાના ધારા'', માતાપિતા ધિક્ક હજો તમને, વગેરે ગીતો સુંદર અને માર્મિક છે. કવિની ''પ્રેમદા પરિષદ'' એક લાક્ષણિક છટાભરી પ્રસાદી છે. જ્ઞાતિમાં વ્યાપી રહેલા અજ્ઞાનના અંધકારમાં આપણી જ્ઞાતિની

'વહુજીમાઓ', 'રણીમાઓ', 'જીમાઓ', 'વહુબાઓ' કેવો ભાગ ભજવી રહી છે તેનું આમાં તાદશ ચિત્ર છે. આવી રણચંડીઓને આંગણે મંડાતા ''કુળયજ્ઞ''નો કરુણચિતાર આપતાં કવિના બળતા હૈયામાંથી ભયંકર રસ ઝરાવતું કાવ્ય નિર્ઝરે છે કે :

''રણ ચંડીઓને આંગણે કુલ યજ્ઞ છે ત્યાં આવજો,
જેને દયા-ભક્તિ નથી તે શુષ્ક સાધુ આવજો.
જે છે અવલ તે ધર્મમાં તે ધર્મવીરા આવજો.
આહુતિઓ લેનાર ત્યાં, કુળવાન દેવો આવશે
શોષી રુધિરને હાડકાંની ખાખને વહેંચાવશે
એ યજ્ઞની કાળી વિભૂતી ચોળજો ચોળાવ જો....
રણ ચંડીઓને આંગણે કુળયજ્ઞ છે ત્યાં આવજો....''[૫૧]

આવાં સચોટ અને માર્મિક કાવ્યો-ગીતોના રચયિતા જ્ઞાતિકવિ શ્રી ઝવેરભાઈ બેચરભાઈ કવિનું તારીખ ૨૪-૫-૧૯૮૨ના રોજ અવસાન થયાં જાણે કે જ્ઞાતિની કુરૂઢિઓ પર કલમ કસવા માટે હવે કોણ આગળ આવશે એનો પોકાર જ્ઞાતિજનોને કાને અથડાય છે. એવો અદ્‌ભુત જ્ઞાતિકવિ ફરી ક્યારે પાકશે તેવી જ્ઞાતિજનો રાહ જુએ છે.

•



### શ્રી મંગળદાસ ચતુર્ભુજ કવિ (૧૯૦૨-૧૯૮૪)

'કલમબાજ' કવિરાજ શ્રી મંગળદાસનો જન્મ કવિઓની ખાણ સમાન વિજાપુર (ઉત્તર ગુજરાત)માં ચતુર્ભુજ કવિને ત્યાં થયો હતો. તેમના માતુશ્રી ફૂલબાના પિયર ભાટવાસ (તાલુકો ખેરાલુ)માં પણ કવિત્વ અને જાગીરી વારસામાં આવતાં હોવાથી શ્રી મંગળદાસને આ ગુણો માતા-પિતાના લોહીમાંથી જ મળ્યા હતા. દસ વર્ષની બાલ્યાવસ્થામાં જ કવિએ માતાની હૂંફ સદા માટે ગુમાવી હતી. એવે સમયે પિતાએ એમને માતાના સ્નેહનું સિંચન કર્યું હતું. પરંતુ કવિ અઢાર વર્ષના થયા ત્યારે પિતાજીનો પણ સ્વર્ગવાસ થતાં તેઓ નિરાધાર બની ગયા. મોટા પુત્ર હોવાથી એમના ભાગે વિશેષ જવાબદારીઓ આવી હતી. આને કારણે જ મેટ્રિક સુધી પહોંચેલ શિક્ષણ એમણે ના છૂટકે દોડી દીધું અને રેલ્વેમાં ગાર્ડની નોકરી કરવા નક્કી કર્યું. પરંતુ એમ કરવા જતાં સંતરામપુર અને માલપુર

સ્ટેટના રાજકવિની અને તલાદરા અને ખુમાનપુરની જાગીરની જવાબદારી નિભાવાતી ન હોવાથી આ નોકરી સ્વીકારી નહિ. ત્યારબાદ ચાંગોદ મુકામે જાબઈબા સાથે લગ્ન કરી ગૃહસ્થજીવનમાં જોડાયા. પચીસ વર્ષની ઉંમરે કવિએ કવિત્વ-કલા પર હાથ અજમાવતો શરૂ કર્યો. સંતરામપુર સ્ટેટના રાજકુમાર પ્રવિણિસિંહજીની સ્મૃતિમાં ભજનો અને કવિતાઓનો ગ્રંથ ''અંતરના સૂર'' રચ્યો. (૧૯૫૧)

આ ઉપરાંત 'મંગલકીર્તન', 'કીર્તનસંગ્રહ', 'કીર્તનજ્યોતિ', 'શ્રી નાથજી અવધૂતલીલા', 'શક્તિસ્તવન', 'શામળિયા શતક', 'સંતસમાગમ' (ભાગ ૧ થી ૫), 'સુકવિ કાવ્ય પ્રકાશ', જેવાં કીર્તન કાવ્યોનાં પુસ્તકો તૈયાર કર્યા. આ ઉપરાંત તેમને વૈધકનો ખૂબ શોખ હોવાથી ''વૈધ પ્રભા'' નામના પુસ્તકની રચના કરી. કવિએ વૈદક પ્રેમને કવિતામાં સુંદરરીતે વણી લઈને તૈયાર કરેલ વૈદક ક્કકો કવિની કવિત્વશિક્તિ અને વૈદકજ્ઞાનની ખાતરી કરાવતો હોવાથી કેટલીક પંક્તિઓ નમૂનારૂપે રજૂ કરીએ :

**વૈદક ક્કકો**

''ક્કકા કડુ કરિયાતુના કવાથ થકી જ્વર જાય,
પાવા રૂપિયાભારનું માપજ શુભ યોજાય.
ખખ્ખાના ખાવું કદી ખારું ખાટું ખૂબ,
ખાનપાન યોજી ભલાં રહેવું ઉર મગરુબ.
ગગ્ગા ગુણિયલ ગોખારુ, ગળો આમળાં દ્રાવ્ય,
સાકર ઘીમાં સેવતાં દેહ અને દઢ ભવ્ય.
ધધ્ધા ઘા લાગેલમાં ઘા બજરિયુ પૂર્ય,
ધોર પીડા જેથી મટે આનંદ ઉપજે ઉર.''[૫૨]

આમ પૂરો ક્કકો તૈયાર કરી પ્રત્યેક અક્ષર પર વૈદકશાસ્ત્રમાં સૂચવ્યા અનુસારનાં ઔષધો જનસામાન્યની સમજમાં આવે એવી સરળ રીતે અને સદા યાદ રહે તેવા સ્વરૂપમાં રચીને કવિએ પોતાની કાવ્યક્લાનો ઉત્તમ નમૂનો રજૂ કર્યો છે. એમની આ સિદ્ધિને બિરદાવવા ૧૯૫૭માં લોદરા (તાલુકો વિજાપુર)ની આર્યુવૈદિક મહાશાળા (કોલેજ)ના સ્થાપક શ્રી મહંતશ્રી બલરામદાસજીએ ગુજરાત સૌરાષ્ટ્રના તમામ વૈધોની સંમેલનમાં શ્રી મંગળદાસ કવિને ઉપપ્રમુખ તરીકે નિયુક્ત કરીને ''આયુવૈદિક આર્ય અભિષેક'' ગ્રંથ તેમજ અન્ય ઈનામો આપીને બહુમાન કર્યુ હતું. આ અગાઉ મહારાજા પ્રતાપસિંહ ગાયકવાડે પણ કવિરાજનું વિજાપુરમાં (૧૯૩૯)માં બહુમાન કરેલું. એ બાબત કવિરાજની કાબેલિયત દર્શાવે છે.

સ્વદેશભક્તિ અને ગાંધીજીની વિચારસરણી અનુસાર સત્યાગ્રહ, સ્વદેશી તેમજ ખાદીના પ્રચાર-પ્રસાર માટે પણ એમણે અનેક ગીતો-કાવ્યો રચ્યાં હતાં. (જે આપણે આગળ જોઈ ગયા છીએ.) આ સિવાય એમણે રચેલ ''ગરીબોનાં ગીતો (૧૯૩૬) નામની પુસ્તિકામાં આપેલ પંદર ગીતો-કાવ્યો ખાસ કરીને આપણી અન્યાયી સમાજ વ્યવસ્થા અને અંગ્રેજી પ્રશાસનને લીધે ગરીબાઈમાં સબડતા સમાજનું તાદશ ચિત્ર રજૂ કરે છે. તે પરથી જણાય છે કે કવિએ સમાજની વાસ્તવિકતાને કંડારતા માટે જ પોતાની કલમ ચલાવી હતી.[૫૩]

કવિને સ્વજ્ઞાતિ ઉધ્ધાર, કુરિવાજઉન્મૂલન, કન્યા કેળવણી, સ્વાસ્થ્ય સુરક્ષા તેમજ જ્ઞાતિના શ્રેષ્ઠ કવિવરોમાં કાવ્યો અને અન્ય રચનાઓ પ્રકાશિત કરવામાં વિશેષ રસ હોવાથી ''ભટ્ટભાસ્કર'', ''સુભટ્ટ'' ''બ્રહ્મભટ્ટ યુવક'' વગેરે અનેક જ્ઞાતિપત્રોમાં તેમનાં ગીતો કે કાવ્યો વારંવાર પ્રકાશિત થતાં હતાં.

આજીવન કેવળ કવિતાની જ સેવા કરનાર આ સાચા કલમબાજ કવિ શ્રી મંગળદાસ તારીખ ૧૫-૧૫૧૯૮૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા.

●



**સ્વ. શ્રી પ્રતાપસિંહભાઈ વાઘજીભાઈ બ્રહ્મભટ્ટ (૧૮૯૭-૧૯૮૬)**

સમસ્ત બ્રહ્મભટ્ટ જ્ઞાતિના હક્ક અને સ્વાભિમાન કાજે યુવાવયે આત્મબલિદાન આપનાર ઉંઝા (જિલ્લો મહેસાણા)ના સત્યાગ્રહી વીર અશીદ શ્રી ભૂપતસિંહ કીરતસિંહ બ્રહ્મભટ્ટના વંશજ પ્રપૌત્ર શ્રી. પ્રતાપસિંહભાઈનો જન્મ ઈ. સ. ૧૮૯૭માં થયો હતો. બાલ્યાવસ્થાથી જ નીડરતા નેતૃત્વ અને સ્પષ્ટ વૃત્વ જેવા ગુણો એમનામાં દેખાતાં હતા. વિધાર્થીકાળમાં આ ગુણો વિકસ્યા. તેથી જ મૃત્યુપર્યત જાહેર જીવનમાં રહી માત્ર સ્વજ્ઞાતિ જ નહિ પરંતુ સમગ્ર ઉંઝાનગર અને સમસ્ત ઉપર ગુજરાત વિસ્તારનો સર્વાંગી વિકાસ સાધવા માટે તેઓ પોતાનાથી થતું બધું કરી છૂટ્યા. માત્ર ૨૭ વર્ષની યુવાનવયે ઈ. સ. ૧૯૨૪માં તેઓ ઉંઝા સુધરાઈના સભ્ય બન્યા. પોતાની ધગશ, ખંત અને કોઢાસૂઝથી ઉંઝાના વિકાસમાં એમણે ઉત્તમફાળો આપ્યો. સતત ૩૦ વર્ષ સુધી તેઓશ્રી ઉંઝાએ એમને નગરપાલિકાના પ્રમુખપદે રહ્યા. બ્રહ્મભટ્ટ કોમની લઘુમતિ હોવા છતાં સમગ્ર ઉંઝાએ એમને હરહંમેશ

ઉત્સાહભેર આવકાર્યા. પરિણામે પોતાના જીવનમાં કુલ ૩૫ વર્ષ ઉંઝા સુધરાઈ-નગરપાલિકામાં રહી ઉંઝાને આધુનિક રૂપ આપવા પાછળ એમણે ખર્ચ્યાં. આટલા દીર્ઘકાળ માટે નગરની ધાર્મિક, શૈક્ષણિક, સામાજિક અને આર્થિક એમ સાર્વત્રિક વિકાસકૂચમાં એમની આગેવાની તમામ પ્રવૃત્તિઓના પ્રાણ સમાન હતી. સાચા અર્થમાં તન, મન અને ધનથી નગરની સેવા કરનાર શ્રી પ્રતાપસિંહ ભાઈએ પોતાની મિલ્કતમાંથી કુલ ૧ લાખ રૂપિયા જેટલું શાળા, છાત્રાલય, દવાખાનાં, પુસ્તકાલય અને પાંજરાપોળને દાન આપીને નવો જ દાખલો બેસાડ્યો. એમના આ નોંધાયેલ દાનની ફાળવણી નીચે મુજબ છે. જેમાં યુવાનવયે સ્વર્ગવાસી બનનાર પોતાના જ્યેષ્ટ પુત્ર શ્રી ભગવતપ્રસાદની પુણ્યસ્મૃતિમાં રૂ. ૫૧,૦૦૦ શ્રી બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ કોલેજ-ઉંઝા અને વિસનગર ખાતે જ્ઞાતિનાં બાળકો માટે બંધાયેલ વિદ્યાર્થીભૂવનમાં શ્રી ભૂપતસિંહ કીરતસિંહ બ્રહ્મભટ્ટ (દાદાના નામે) કુટુંબવતી ૧૫,૦૦૦, જેમાંથી ૧૦,૦૦૦નું એમનું વ્યગિત દાન મહત્ત્વનું છે. તેમણે જીવન દરમ્યાન અનેક વેપાર-ઉદ્યોગોના સંચાલનમાં સૂત્રો સંભાળી સમસ્ત ઉત્તર ગુજરાતમાં એક કુશળ ઉદ્યોગપતિ તરીકે નામના મેળવી. જેને લીધે સતત ૨૦ વર્ષ સુધી તેઓ 'શ્રી ઉંઝા ગ્રેઈન એન્ડ સીડસ મરચન્ટ' તથા ગુજરાત વહેપારી મહામંડળની કારોબારીમાં સભ્યપદે લગભગ ૧૪ વર્ષથી પણ વધુ સમય માટે વારંવાર કો-ઓપ્ટ થયા તે બાબત વહેપારી તરીકેની એમની આવડત અને પ્રતિભા દર્શાવે છે.

ઈ. સ. ૧૯૬૦માં ઉંઝા મુકામે રોટરી કલબની સ્થાપના, કેટલાક મિત્રો અને સામાજિક પ્રવૃત્તિઓ કરનાર સજ્જનોની મદદથી કરી જેમાં પ્રમુખપદે રહી સમસ્ત ઉંઝાના સમીપવર્તી વિસ્તારની પ્રજાની સુંદર સેવા કરી ''૩૦૫-ઉંઝા રોટરી કલબ''નું નામ ઉજ્જવળ કર્યું. તેમની આ સેવાઓની કદરરૂપે ''રોટરી કલબ ઉંઝા'' ઉપરાંત મેડિકલ એસો. ઉંઝાના સંયુક્ત ઉપક્રમે ગુજરાતભરમાંથી નિષ્ણાત અને સેવાભાવી ડોકટરો દ્વારા'' 'આરોગ્ય વિષે સહજ જાણો' પુસ્તક તૈયાર કર્યું જે સર્વાનુમતે શ્રી પ્રતાપસિંહને સમર્પિત કરવામાં આવ્યું.

શ્રી પ્રતાપસિંહભાઈ શ્રેષ્ઠ અને મંત્રમુગ્ધ કરી દેતી વકતૃત્વ શક્તિ ધરાવતા હતા. એમનું જ્ઞાન ઉપલકિયું નહિં, પણ વિશાળ વાંચનનો પરિપાક હતું. ધાર્મિકક્ષેત્રે પણ તેઓ અભ્યાસુ તેમજ ઉંડી શ્રદ્ધા ધરાવતા છત્તાં માત્ર આંધળુ અનુકરણ ન કરનાર સજ્જન હતા. 'શ્રીમદ ભાગવત' તેમને કંઠસ્થ હતું તેમજ વેદો-પુરાણો વગેરેનો તેમને અભ્યાસ પણ દાદ માગી લે તેવો હોવાથી દ્વારકા શારદા પીઠના શંકરાચાર્યજી પ.પૂ.શ્રી અભિનવ સચ્ચિદાનંદજીએ તેમને ''ધર્મભૂષણ''ની શ્રેષ્ઠ પદવીથી નવજ્યા હતા. તેમની ધર્મભાવના પોકળ ન હતી. માત્રપૂજા-પાઠ અને ધર્મગ્રંથોના વાંચન પૂરતી મર્યાદિત ન હતી. જીવદયા કાજે મૂક પશુ-પક્ષીઓના કલ્યાણ માટે ઉંઝા પાંજરાપોળ સંસ્થાના તેઓશ્રી

સતત ૪૦ વર્ષ સુધી પ્રમુખ રહ્યા અને એ સ્થાને આમરણઆંત સેવારત પણ રહ્યા. તેમના આ સદ્‌ગુણોને લીધે આઝાદી પછી ''મુંબઈ'' અને ''ગુજરાત સરકાર'' દ્વારા ત્રણ વખત ''માનદ મેજિસ્ટ્રેટ'' તરીકે નિયુક્તિ કરવામાં આવી. આવાં વિચક્ષણ અને વિવિધક્ષેત્રે સેવારત રહેનાર આ ''જ્ઞાતિરત્ન જ્ઞાતિની સેવા માટે પણ આ બધાની સાથે જીવનભર કાર્યરત રહ્યા.

શ્રી પ્રતાપસિંહભાઈએ જ્ઞાતિ ક્ષેત્રે પણ ગામ રાજ્ય કે પ્રાંતના સીમાડાઓની પરવા કર્યા વિના પોતાની વિચક્ષણ સેવાઓ આપી હતી. તે વિશે હવે જોઈએ. 'અખિલભારત ભટ્ટ-બ્રાહ્મણ સભા'ના પ્રમુખ તરીકે (લુધિયાણામાં), દંઢાવ બ્રહ્મભટ્ટ કેળવણી મંડળ'ની સ્થાપના કરીને પોતાના દાદા ભૂપતસિંહના નામે છાત્રાલય માટે મુખ્ય દાન આપીને અને વડોદરામાં સ્થપાયેલ 'બ્રહ્મભટ્ટ વિદ્યોતેજક મંડળ'ના ટ્રસ્ટી તરીકે એમણે લાંબો સમય સેવાઓ આપી. આ ઉપરાંત અનેક જરૂરતમંદ વિદ્યાર્થીઓને પણ આર્થિક સહાય કરી. આવા શ્રી પ્રતાપસિંહભાઈનું તારીખ ૭-૧૨-૧૯૮૪ના રોજ અવસાન થતાં તેમના માનમાં જ્ઞાતિ ગામ તથા વેપારી આલમના અનેક માણસોએ સ્મરણાંજલિ આપતો ''પ્રગતિ'' સાપ્તાહિકનો દળદાર સ્મૃતિઅંક બહાર પાડ્યો જેમાં પ્રતાપસિંહને પ્રવૃત્તિઓના પ્રેરણાદાતા ગણાવતી વિવિધ સ્મૃતિઓ ટાંકવામાં આવી હતી. તેમાંની કેટલીક અત્રે ટૂંકમાં રજૂ કરું છું :

સર્વપ્રથમ ''પ્રગતિ'' સાપ્તાહિક, ઉંઝાના તંત્રીશ્રી જશવંત એમ. દાણીના શબ્દો જોઈએ : ''ઉંઝાના અનેકવિધ પ્રવૃત્તિઓના પ્રેરણાદાતા, ઉંઝાના વિકાસના શિલ્પી અને શિક્ષણપ્રેમી અગ્રણી નાગરિક શ્રી પ્રતાપસિંહભાઈનું અવસાન તારીખ ૭-૧૨-૧૯૮૪ના રોજ થયું. ઉંઝાના ઉત્તમ નાગરિક, ધર્મપ્રેમી, અતિથ્યપ્રેમી, ઉદ્યમી અને અજાતશત્રુ એવા મુરબ્બીશ્રી પ્રતાપસિંહભાઈ આજના ઉંઝા નગરના ઘડવૈયા હતા. ઉંઝા તેઓને વર્ષો સુધી યાદ કરશે...''

ઉંઝા કેળવણી મંડળના માજી મંત્રીશ્રી અનંતરાય એમ. રાવલ : ''ઉંઝાના ચાર દાયકાના જાહેર જીવનમાં સામાજિક, શૈક્ષણિક ધાર્મિક તેમજ વ્યાપારીક્ષેત્રે પોતાના વિચાર... આચારથી જેમણે પ્રજાને કેળવણી આપી છે, તેવા પરમ પ્રાતઃ સ્મરણીય વિભૂતિ શ્રી પ્રતાપસિંહકાકા'' કહીને પોતાની અંજલિ આપે છે.

રોટરી ક્લબ ઉંઝાના પ્રમુખશ્રી બી. એમ. મારફતિયા કહે છે કે : ''તેઓશ્રીમાં કામ કરવાની ધગશ અને સમયનું પાલન એ સદ્‌ગુણો સૌને આકર્ષે તેવા હતા. તેમના અવસાનથી ઉંઝાએ સાચા અર્થમાં એક રોટેરિયન ગુમાવ્યો છે.''

માજી અંત્યંજ સ્પેશ્યલ ઓફિસર, બરોડા સ્ટેટ-ઉંઝાના જ્ઞાનરત્ન શ્રી અંબાલાલ ડી. પરમાર નોંધે છે કે : ''સ્ટેટના સમયે નેક ટેકથી હકથી સિદ્ધાંતની ખાતર સઘળું ન્યોચ્છાવર

કરી ઈતિહાસના પાને ચઢવાને પાત્ર એવા ઉંઝાના બ્રહ્મભટ્ટ કુટુંબમાં જન્મેલા તે જ કુળના પનોતાપુત્ર સ્વ. પ્રતાપસિંહભાઈ બ્રહ્મભટ્ટે ઉંઝાના સર્વાંગી વિકાસમાં બીજા અગ્રણીઓ સાથે મળી ઉંઝાને, સાથ સહકાર અને શુભ દોરવણી ભર્યો કિંમતીફાળો આપ્યો છે.''

પ્રખ્યાત ઉંઝા ફાર્મસીવાળા શ્રી મહેશભાઈ બી. શાહ નોંધે છે કે ''તેમના અવસાનથી ઉંઝા શહેરે એક નિઃસ્વાર્થ અને લોખંડી છાતીવાળા કાર્યકર ગુમાવ્યા છે.''

શ્રી બ્રહ્મભટ્ટ વિદ્યોતેજક મંડળ, વડોદરાના પ્રમુખ એમ. એસ. યુનિ. વડોદરાના સેનેટ મેમ્બર તેમજ સાહિત્યકાર લેખકશ્રી ચંદ્રકાન્ત હ. રાવ પોતાના ઉમદા ચરિત્ર મુરબ્બી જ્ઞાતિબંધુને અંજલિ આપતાં નોંધે છે કે : ''કહેવાય છે કે લક્ષ્મીની પાછળ અનેક દુર્ગુણો આવે છે. શ્રી પ્રતાપસિંહભાઈના કુટુંબનો સમાવેશ તેમાં અપવાદરૂપે થાય છે. શ્રી અને સરસ્વતીને બહુ બનતું નથી, પરંતુ આ કુટુંબમાં તે બંને પણ સંપીને રહે છે ! તે કેવી ધન્યતા કહેવાય'' !!

નિવૃત ડી.એસ.પી., બ્ર.વિ.મંડળ-વડોદરા અને અમદાવાદ બ્રહ્મભટ્ટ સમાજના ટ્રસ્ટી શ્રી એન. સી. બારોટ આ વિરલ વ્યક્તિત્વ વિશે નોંધે છે કે : ''ઉંઝામાં વાણિયા, પાટીદાર, બ્રાહ્મણ વ. વસ્તી વિશેષ. તે બધા સ્વ. પ્રતાપસિંહજીને ''ભાઈ'' (વડીલ) તરીકે સંબોધતા. એ તેમના તરફથી સદ્‌ભાવના અને વિશ્વાસનું દ્યોતક છે, કારણ કે તેઓ શુદ્ધ ચારિત્રવાળા નિઃસ્વાર્થ વૃત્તિવાળા, નિષ્પક્ષપાતી અને વિશ્વાસપાત્ર સજ્જન ગણતા… ઉંઝાના સામૂહિક વિકાસમાં એમણે અથાક મહેનત કરી પ્રાણ પૂર્યા છે.''

ઉંઝા કોલેજના માજી આચાર્ય અને પ્રખ્યાત સાહિત્યકાર શ્રી પુષ્કર ચંદરવાકર એમને ''ઉંઝાના ભીષ્મપિતામહ'' કહી જણાવે છે કે : ''સ્વ. શ્રી પ્રતાપસિંહભાઈની સુવાસ ઉંઝા નગર પર સદાય ફોરતી રહેશે. કેમકે તેઓ સજ્જન, પરોપકારી જીવ, શાણા નાગરિક અને વિદ્યાપ્રેમી માનવ હતા. આવા સજ્જન ઉંઝા ક્યારે પ્રાપ્ત કરશે તે જ મારી ચિંતા છે.''

પૂના(મહારાષ્ટ્ર)ના ટેક્સેશન કન્સલટંટ શ્રી સૂર્યપ્રસાદ લ. દવે લખે છે કે :

''ઉંઝાના એ મહાન નાગરિક, ઉંઝાને ભારતભરની વેપારી આલમમાં સુવિખ્યાત બનાવનાર પ્રથમ શ્રેણીના વેપારીઓ પૈકીના એ વેપારી, ઉંઝાની સામાજિક શૈક્ષણિક ને લોકહિતની પ્રવૃત્તિઓના પ્રેરક તથા સંસ્થાપક એવા મહાનુભાવ શ્રી પ્રતાપભાઈને કોણ નથી જાણતું ? ઉંઝાના લગભગ બધાં ક્ષેત્રોમાં તેમનો પુણ્યપ્રકાશ પથરાયેલો છે. કહો કે કે શૂન્યમાંથી સૃષ્ટિ સર્જી અને તેને તેઓ સક્ષય સમૃદ્ધ કરતા રહ્યા. જનતા તેમને વર્ષો સુધી યાદ કરશે અને પ્રેરણા પામશે.''

આયુ. કોલેજ, પાટણના અધ્યાપક અને સાહિત્યસભાના ઉંઝાના પ્રમુખશ્રી વૈદ્ય તુળજાશંકર જોષી લખે છે કે : ''સંપર્કમાં આવતા દરેક કક્ષાના માનવીઓ પ્રત્યે તેઓએ નિષ્કપટ વ્યવહાર રાખ્યો છે. આવા પ્રતાપી અને જાગૃત સેવાભાવી માનવીનું જીવન આપણને પ્રેરણાદાયી બની રહે તે માટે તેમનું... સ્મારક થાય એ ઈચ્છનીય છે.''

હવે ઉંઝા માર્કેટ યાર્ડ કમિટીના ચેરમેનશ્રી કાન્તિલાલ એ. પટેલની અંજલિ જોઈએ. ''તેમણે નિષ્કલંક ભાવે જાહેર સેવા કરી જીવન ધન્ય કર્યું છે. તેઓનું પ્રતિભાસંપન્ન વ્યક્તિત્વ ઉંઝાના અનેક કાર્યકરો માટે પ્રેરણારૂપ છે. ઉંઝાની અનેકવિધ સંસ્થાઓમાં સતત ઘણાં વર્ષો સુધી પ્રમુખપદે રહી સંસ્થાઓનો વિકાસ સાધનામાં આપેલી સક્રિય સેવા ઉંઝાના નગરજનો સદાય યાદ કરશે.''

છેલ્લે ઉંઝા વિસ્તારના માજી ધારાસભ્ય શ્રી કાનજીભાઈ લ. પટેલ નોંધે છે કે :

''તેમના અવસાનથી ઉંઝા ગામે એક નીડર, સ્પષ્ટવક્તા અને ઉમદા વિચારોવાલા અગ્રણી નાગરિક ગુમાવ્યા છે મને એક વડીલ-માર્ગદર્શક ખોયાનું દુઃખ છે.''[૫૪]

આવા જ્ઞાતિબંધુ ગુમાવ્યાનું દુઃખ કોને ન હોય? જ્ઞાતિજનો ઉપરાંત સ્વામીશ્રી સચ્ચિદાનંજી મહારાજ (દંતાલી) અને શ્રી આશારામજી (સાબરમતી) જેવા વિરક્ત સંત મહાત્માઓને પણ આ સ્મૃતિઅંક દ્વારા શ્રી પ્રતાપભાઈને શબ્દાંજલી આપી હતી. સ્વામીશ્રી સચ્ચિદાનંદજીએ તો આ સ્મરણિકાનું વિમોચન કરીને સ્વ. ને ભાવભીની અંજલિ આપી તે પરથી તેઓશ્રી કેવી બહુમુખી પ્રતિભા ધરાવતા તે જણાઈ આવે છે.

•



## શ્રી નાનુભાઈ કહાનજીભાઈ બારોટ (૧૯૧૧-૨૦૦૯)

આપણા તત્કાલીન ઉપરાષ્ટ્રપતિ શ્રી શંકરદયાલ શર્માજીના શુભહસ્તે (તારીખ ૨૪-૩-૧૯૯૨) દેશભરમાંથી રાષ્ટ્રભાષાના સ્વૈચ્છિક પ્રચાર કાર્યમાં આજીવન સમર્પિત એવા કુલ ૧૩ સેવકોનું અબહુમાન કરવામાં આવ્યું. તે મહાનુભવો પૈકીના એક એવા સમર્પિત સેવક શ્રી નાનુભાઈ કહાનજીભાઈ બારોટનો જન્મ તારીખ ૧૦-૬-૧૯૧૧ના રોજ નડિયાદમાં થયો હતો.

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ નડિયાદમાં રહી લીધા પછી ફરગ્યૂસન કોલેજ-પૂના મહારાજા સયાજીરાવ યુનિ. કોલેજ વડોદરા તથા ગુજરાત કોલેજ-અમદાવાદમાં

ફરી ને એમણે સ્નાતકની ડીગ્રી મેળવી. ફરી પાછા બાબાસાહેબ ડો. ભીમરાવ આંબેડકરના આચાર્યપદવાળી કોલેજ મુંબઈમાં રહી એમણે કાયદાના સ્નાતકડિગ્રી મેળવી. આ ઉપરાંત ''કોવિદ'' તથા સાહિત્ય સંમેલનપ્રયાગ દ્વારા સંચાલિત ''સાહિત્ય વિશારદ'' (૧૯૩૯) જેવી હિંદી પદવીઓ મેળવ્યા પછી પ્રારંભે ઈ. સ. ૧૯૪૦માં નડિયાદ મુકામે વકીલાત શરૂ કરી. પણ જામ્યું નહિ. તે છોડીને ઈ. સ. ૧૯૪૧માં શ્રી ગોપાળદાસ દરબાર સાહેબવાળી વસો હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયા. ફાવ્યું. છ વર્ષ કામ કર્યું. સાથે સાથે રાષ્ટ્રભાષા પ્રચાર કાર્ય છેક ૧૯૩૭થી શરૂ કર્યું હોવાથી તે પણ ચાલુજ રહ્યું.

ઈ. સ. ૧૯૪૭માં ગુજરાત વિદ્યાપીઠના શ્રી મહાદેવભાઈ દેસાઈ સમાજ સેવા મહાવિદ્યાલયમાં હિંદુસ્તાનીના અધ્યાપક તરીકે જોડાયા અને હિંદી તથા ઉર્દૂનું શિક્ષણ કાર્ય કરવા લાગ્યા. અહીં મહાત્માજીના પુનિત પગલાંવાળા વિદ્યાપીઠના વાતાવરણમાં એમણે બરાબર માફક આવી ગયું. પરિણામે હિંદી સેવામાં અને લેખનકાર્યમાં ગળાડૂબ બની ગયા.

સર્વપ્રથમ એમણે ''ગુજરાતી-હિન્દી શબ્દકોષ'' તૈયાર કર્યો. તે પાછળના અથાગ પ્રયત્નોને ધારી સફળતા મળી અને કલમને વાચા મળી. બીજો ગ્રંથ ''હિંદી-ગુજરાતી શબ્દકોષ'' રૂપે તૈયાર થયો (૧૯૫૧-૫૨) સાથે સાથે હિંદીમાં વિવિધ સ્તરનાં પાઠ્યપુસ્તકોનું સંપાદન એમણે સંભાળવા માંડ્યું. આ દરમ્યાન ''રામચરિત માનસ'' જેવા પ્રખ્યાત સંતશ્રી તુલસીદાસના ધાર્મિક ગ્રંથનો સંક્ષિપ્ત ગુજરાતી અનુવાદ પણ કર્યો. ૬૦ વર્ષની વય સુધી એટલે કે ઈ. સ. ૧૯૭૧ સુધી આ પ્રવૃત્તિઓમાં એવા તો ડૂબેલા રહ્યા કે નિવૃત્તિનો સમય આવ્યો ત્યારે ન તો વિદ્યાપીઠને ખબર પડી કે ન શ્રી નાનુભાઈને પરિણામે પાંચ વર્ષની મુદત વધારવામાં આવી. ફરી એજ કામકાજ. હિન્દી-ગુજરાતી કોષમાં સુધારા વધારા કરી નવી આવૃત્તિ તૈયાર કરી.

શ્રી નાનુભાઈના મત મુજબ આ સમયે યોજવામાં આવેલ અમૃત મહોત્સવ એટલા માટે મહત્ત્વનો હતો કે એમાં એમને કુલ રૂ.૯૦,૦૦૦ની થેલી હિન્દી પ્રચારકોએ એકત્ર કરી અર્પણ કરી. જે તમામ રકમમાંથી ૫,૦૦૦ ગુજરાત વિદ્યાપીઠને ૫,૦૦૦ ગુજરાત બ્રહ્મભટ્ટ મહાસભાને અને બાકીની રકમ હિંદી પ્રચાર કાર્યમાં વાપરવા માટ સાભાર પરત કરી.

ઈ. સ. ૧૯૬૯માં પૂ. મહાત્મા ગાંધીજીને ૧૦૦ વર્ષ પૂરા થયાં હોવાથી ગુજરાત વિદ્યાપીઠે દાંડીયાત્રાનું આયોજન કર્યું જે શ્રી નાનુભાઈની આગેવાની નીચે ખૂબ જ આનંદ ઉત્સાહ અને મહાત્મા ગાંધીજીની માફક રોજના પગપાળા ૧૨ માઈલ ચાલીને એમણે સૌએ માણ્યું હતું.

આ સમયે જ્ઞાતિસેવાના કાર્યથી પણ શ્રી નાનુભાઈ વિમુખ રહ્યા ન હતા. તેમણે વડોદરાના શ્રી પુરુષોત્તમદાસ માતરવાળાના પ્રયાસોથી શરૂ થયેલ અને ત્યારપછી ચૂ. પુ. બારોટ દ્વારા સંચાલિત ''ભટ્ટભાસ્કર''માં લેખક અને સહતંત્રી તરીકે સેવાઓ આપી. વળી વડોદરાના ''બ્રહ્મભટ્ટ વિદ્યોતજક મંડળ''માં સક્રિય ભાગ લઈને વિવિધ હોદ્દા પર કામ પણ કર્યું. આ ઉપરાંત ગુજરા બ્રહ્મભટ્ટ મહાસભાના સ્થાપક પ્રમુખ પણ બન્યા.

ગુલાબી સ્વભાવ, સલામત સ્મૃતિ, ઢળતી ઉંમરે પણ નોંધપાત્ર પત્ર ઉત્સાહ જેવા ગુણો સાથે જ્ઞાતિમેળાવડા, તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારંભો, સમૂહલગ્નો તથા સ્વજ્ઞાતિ સુધારણાની ઝુંબેશરૂપ સમારંભોમાં તેઓની આજીવન જોડાયેલા રહ્યા. સ્વજ્ઞાતિ માસિક 'સુભદા' માટેના પ્રયાસોની સૌ જ્ઞાતિજનો વાકેફ છે. એ જ રીતે રાષ્ટ્રભાષા પ્રચારના પવિત્ર કામ માટે ગુજરાત વિદ્યાપીઠ સહિત જેણે એમને યાદ કર્યા હતાં ત્યાં એ દોડી જવા સદૈવ તત્પર રહેતા. તેમના ઉક્ત ઉમદા ગુણોને સ્વજ્ઞાતિ ઉપરાંત ગુજરાત ભરના લોકો હંમેશા યાદ રાખશે.[૫૫]

•





**શ્રી અને શ્રીમતિ જોરસિંહ કવિ**

સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ જૈન તીર્થસ્થળ પાલીતાણાનું આ યુગલ, બ્રહ્મભટ્ટ જ્ઞાતિનું એક સેવાભાવી અને આદર્શ યુગલ છે. આ દંપતિએ જ્ઞાતિસેવા, સમાજ સેવા અને રાષ્ટ્રસેવાન કાર્યમાં સહિયારો પરિશ્રમ વેઠ્યો હોવાથી સૌરાષ્ટ્ર અને ગુજરાતભરમાં તેઓ સુપ્રસિદ્ધ છે. બ્રહ્મભટ્ટ જ્ઞાતિમાંથી બે વખત માટે મોટી બહુમતીથી ધારાસભામાં ચૂંટાઈ આવનાર શ્રી જોરસિંહભાઈ અને પ્રથમ બ્રહ્મભટ્ટ મહિલા ધારાસભ્ય તરીકે તેમનાં પત્ની શ્રીમતી કસ્તુરબહેન રાષ્ટ્ર અને જ્ઞાતિસેવા માટે સદા અગ્રેસર હતાં.

તેમનો જન્મ સુસંસ્કારી જાગીરદાર કુટુંબમાં તા. ૧૦-૯-૧૯૦૮ના રોજ થયો હતો. સોળ વર્ષે તેમનાં લગ્ન શ્રી કવિ સાથે થયા હતા. જ્યારે શ્રી જોરસિંહ કવિનો જન્મ પાલીતાણાના પ્રસિદ્ધ કવિશ્રી કસલસિંહને ત્યાં તારીખ ૧૭-૨-૧૯૦૦ના રોજ થયો

હતો. બચપણથી જ તેઓ દયાળુ સેવાભાવી ભક્તિભાવભર્યું હૃદય ધરાવતા હોવાથી એકવર્ષ તપસ્વી જૈન મુનિ સાથે કઠણ અને તપસ્વી જીવન ગાળ્યું તે દરમ્યાન વઢવાણ(સૌરાષ્ટ્ર)ના સંતશ્રી ફુલચંદભાઈ શાહના સંપર્કમાં આવતાં ગાંધીજી વિષે જાણતા થતાં આત્મકલ્યાણની વાત છોડી સમાજ અને રાષ્ટ્રના કલ્યાણ અર્થે વિચારતા થયા. આ દેશપ્રેમી યુગલે દેશની સ્વાતંત્ર્ય ચળવળો અને સત્યાગ્રહો જેવાકે ખાખરેચી, લીંબડી, રાજકોટ, ધ્રોળ તથા વિરમગામ સત્યાગ્રહમાં સાથે જ ભાગ લીધો. તે માટે સાબરમતી, યરવડા, વીસાપુર, રાજકોટ, ધ્રાંગધ્રા અને પાલીતાણામાં સાત વર્ષ કારાવાસ પણ ભોગ્યો હતો. અંતે ૧૯૪૩માં આંતરડાની બિમારીને લીધે સરકારે શ્રી કવિને કેદમાંથી મુક્ત કર્યા, ત્યારેજ આ યુગલના કારાવાસનો અંત આવ્યો, પરંતુ પગવાળીને બેસનારાઓમાં એમનો સમાવેશ થતો ન હતો. તેથી જ થોડોક સમય પસાર થયા પછી અને ૧૯૪૪માં થોડાક સ્વસ્થ થતાં એમણે 'માનવ રાહત મંડળ' શરૂ કર્યું. આ રીતે હજારો રૂપિયાનું ફંડ એકઠું કરી ઠેર ઠેર સસ્તા અનાજની દુકાનો શરૂ કરી. એ સમયે ઉપરાઉપરી પડેલા ત્રણ ભયંકર દુષ્કાળોમાં તેમનું રાહતકાર્ય પ્રજાને ભૂખમરાંથી ઉગારવા માટે ખૂબ ઉપયોગી સાબિત થયું.

કવિએ જાતે માત્ર સાત ધોરણ સુધી જ શિક્ષણ મેળવ્યું હોવા છતાં કેળવણીને ક્ષેત્રે એમણે ખૂબજ સારું સેવા કાર્ય કરેલ છે. તેમણે કન્યાશાળા, જાહેર પુસ્તકાલય અને વાચનાલય શરૂ કર્યા. યુવક શિબિરો ચલાવી અને રચનાત્મક કાર્યો કરવા માટે ''ગાંધી સેવા મંદિર'' સ્થાપ્યું.

રાજ્યોના વિલિનીકરણ વખતે શ્રી કવિની 'નિમણૂક પાલીતાણા રાજ્યના એડમીનીસ્ટ્રેટર તરીકે થઈ. ગોહિલવાડ જિલ્લા કોંગ્રેસના મંત્રી તરીકે કામ કરવા ઉપરાંત પાલીતાણા તાલુકા કોંગ્રેસના પ્રમુખ તરીકે પણ એમણે સેવાઓ આપી. મહાદ્વિભાષી રાજ્ય વખતે મુંબઈ ધારાસભામાં શ્રી કવિ તળાજા વિભાગમાંથી ચૂંટાઈ આવ્યા હતા. વળી સમગ્ર રાજ્યમાં રચનાત્મક પ્રવૃત્તિઓ શરૂ કરી તેમાં સઘન ક્ષેત્રે, લોકશાળા, ગૌશાળા, પ્રગતિશીલ ખેડૂત મંડળ, પ્રાયોગિક ખેતી, કેન્દ્ર સહકારી મંડળીઓનું સુપરવાઈઝીંગ યુનિયન, સર્વોદય પુસ્તકાલય, વાચનાલય ભારત સેવક સમાજ, ખાદી મંદિર, ગાંધી મંદિર, પબ્લીક ડેરી, નાગરિક સહકારી બંક જેવા અનેક નાનાં મોટાં કેન્દ્રો અને સંઘોના પ્રમુખ તરીકે રહીને એમણે પ્રજાની અનેકવિધ ક્ષેત્રે સેવાઓ કરી. અહિંસા, ખાદી, સ્વદેશી અને રચનાત્મક કાર્યો દ્વારા તે સમગ્ર રાષ્ટ્ર અને સ્વજ્ઞાતિનો ઉત્કર્ષ કરવા સદા ચિંચિત રહેતા.

તેમનાં ધર્મપત્ની શ્રીમતી કસ્તુરબેને આ તમામ પ્રવૃત્તિઓમાં તો શ્રી કવિને આદર્શ આર્ય સન્નારીની માફક સાથ આપ્યો હતો. તે ઉપરાંત પણ સ્વાતંત્ર્યોત્તર કાળમાં

સ્ત્રીઓની પ્રવૃત્તિઓ હાથ ધરીને સ્ત્રી વિકાસ મંડળ, નાના ગૃહઉદ્યોગ વર્ગો, મહિલા વિદ્યાલય અને પ્રૌઢ શિક્ષણ વર્ગો ચલાવીને સમાજમાં મહિલાઓને જાગૃત અને શિક્ષિત બનાવવા પ્રયત્નો કર્યા. તેઓ પાલીતાણા વિભાગમાંથી મુંબઈની ધારાસભામાં બહુમતિથી ચુંટાઈ આવનાર પ્રથમ બ્રહ્મભટ્ટ મહિલા હતા. આ ઉપરાંત સ્ત્રી વિકાસ મંડળ સંસ્કાર કેન્દ્ર અને મહિલા કોંગ્રેસ (એ ત્રણેના) પ્રમુખ તરીકે, જિલ્લા શિક્ષણ સમિતિના સભ્ય તરીકે મહિલા વિકાસ કેન્દ્રના કન્વીનર તરીકે તથા પાલીતાણા પ્રદેશ સોશયલ વેલ્ફેરના કન્વીનર તરીકે એમણે વર્ષો સુધી સેવાઓ આપી હતી.[૫૬]

માત્ર જ્ઞાતિજ નહિ પણ સમગ્ર સમાજ અને રાષ્ટ્ર ગૌરવ કરી શકે તેવાં આ દંપતિને હજારો વંદન.

•



**સ્વાતંત્ર્ય સેનાની અને સાહિત્યકાર**

**શ્રી બળદેવભાઈ પ્રહ્‌લાદજી મોલિયા (બ્રહ્મભટ્ટ)**

ગાંધીયુગની સ્વાતંત્ર્ય લડતમાં જોડાઈને સમગ્ર રાષ્ટ્ર અને સમાજની સેવા કરનાર શ્રી બળદેવભાઈ મોલિયાના પિતાશ્રી પ્રહ્‌લાદજી બ્રહ્મભટ્ટ મૂળ ખંભાતના વત્ની. વ્યવસાય અર્થે તેઓ સુરત આવીને ઘણાં વર્ષોથી વસ્યા હોવાથી શ્રી બળદેવભાઈનો જન્મ તા. ૫-૯-૧૯૧૫ તેમજ ઉછેર સુરતમાં જ થયો હતો. સુરતને પોતાની કર્મભૂમિ બનાવી ચૂકેલા મોલિયાએ જીવનભર પોતાની પ્રવૃત્તિઓના કેન્દ્ર તરીકે સુરતને જ પસંદ કર્યું.

માતા-પિતાના સરળ અને ધાર્મિકવૃત્તિના સંસ્કારમાં શાળાકાળથી રાષ્ટ્રીયતાના વિચારો ઉમેરાતાં શ્રી મોલિયાનું વ્યક્તિત્વ સુંદર રીતે નીખરી ઊઠ્યું. ઈ. સ. ૧૯૩૦-૩૧માં સમગ્ર રાષ્ટ્ર જ્યારે ગાંધીવાદી ચળવળોમાં રંગે રંગાઈ ચૂક્યું હતું ત્યારે માત્ર ચૌદવર્ષની કિશોરાવસ્થામાં જ શ્રી મોલિયા મહાત્મા ગાંધી દ્વારા શરૂ કરાયેલ દાંડીકૂચ અને નમક સત્યાગ્રહ જોડાવા થનગની રહ્યા હતા. સુરત પાસે આવેલ દાંડીકૂચ અને નમક સત્યાગ્રહમાં જોડાવ થનગની રહ્યા હતા. સુરત પાસે આવેલ ભગવાદાંડી સ્થળે આંતરરાષ્ટ્રીય ધોરણે પત્રકારો અને મુલાકાતીઓ દાંડીકૂચ અને નમકસત્યાગ્રહનો આંખે દેખ્યો અહેવાલ લેવા આવ્યા ત્યારે શ્રી મોલિયા પણ આ પૂનિત પ્રસંગ માણવા પહોંચી ગયા. આ પ્રસંગ પછી એમણે રાષ્ટ્રને ચરણે પોતાનું સર્વસ્વ સમર્પિત કરવાના પણ લીધા.

જેના એક ભાગરૂપે સુરત વાનરસેના (બાળ ક્રાંતિકારીઓની એક ટુકડી)ના એક અદના સૈનિક તરીકે જોડાઈ સુંદર કામગીરી બજાવી. ડિસેમ્બર ૧૯૩૦માં સુરત ખાતે યોજાયેલ ગુજરાત વાનર પરિષદના પ્રચાર અર્થે ગુજરતમાં નાનાં-મોટાં ગામો-શહેરોનો પ્રવાસ કરીને ઠેરઠેર સભાઓ યોજી પ્રવચનો દ્વારા પોતાની રાષ્ટ્રવાદી વિચારસરણીનો એમણે મોટાપાયા પર પ્રચાર-પ્રસાર કર્યો. અંગ્રેજ સરકારે આવી સભાઓ પર જુલમ ગુજારવામાં પાછી પાની કરી નહીં. નાનકડી વાનર સેનાને ધમકાવવા સરકારે બળપ્રયોગ કર્યો પરંતુ એમ ગાંજી જાય તો આ વાનરસેના કેમ કહેવાય? નડિયાદની આવી એક સભા પર તો સરકારે લાઠીચાર્જ કર્યો, પરંતુ શ્રી મોલિયા એમાં સહેજમાં જ બચી જવા પામ્યા. સરકારના જુલમની પરવા કર્યા વગર એમણે એજ દિવસે બીજી એવી જ સભા કપડવંજ ખાતે ભરીને પોતાની નિડરતા અને મક્કમતાનાં દર્શન કરાવ્યાં.

કિશોરાવસ્થાથી જ રાષ્ટ્રીય પ્રવત્તિઓમાં જોડાઈ જવાથી શ્રી મોલિયાનો શાળાકીય અભ્યાસ અધવચ્ચે જ અટકી પડ્યો. પરંતુ વધુ અભ્યાસની પોતાની અંદર પડેલી ધગશને લીધે તેમણે ગુજરાતી ઉપરાંત અંગ્રેજી સાહિત્યનો રસાસ્વાદ માણ્યો અને સમય મળતાં પોતાની કલમ પણ ચલાવી. શ્રી મોલિયાની સાહિત્યસેવાની વાત આગળ ઉપર કરવાની હોવાથી અત્રે ફરી આપણે એમની રાષ્ટ્રીય લડતની પ્રવૃત્તિઓ તરફ નજર કરીશું.

ઈ. સ. ૧૯૩૮ સુધીમાંના યુવાવસ્થાના ઉંબરે પગ માંડતા શ્રી મોલિયા સમગ્ર સુરત શહેર કોંગ્રેસ સમિતિના સક્રિય સભ્ય તરીકે જાણીતા બની ચૂક્યા હતા. સાથે સાથે ગુજરાતના આગેવાન સ્વાતંત્ર્યવીરો અને સમાજસુધારકો જેવાં કે મહાત્મા ગાંધી, પૂ. કસ્તૂરબા ગાંધી તથા સરદાર વલ્લભભાઈ પટેલ અને પ્રખર સુધારક શ્રી ડો. સુમંત મહેતા વગેરેના માર્ગદર્શન નીચે કામ કરવાની એમને અમૂલ્ય તક મળી. પરિણામે એમનું વિશેષ ઘડતર થઈ શક્યું. વળી આજ વર્ષે (ઈ. સ. ૧૯૩૮માં) પત્રકાર તરીકે મદ્રાસ-ગંતૂર ખાતે મળેલ અર્થશાસ્ત્રીઓની શિબિરમાં ભાગ લેવાની તક એમને મળી. તે પછી રાવલપીંડી, લાહોર, કરાંચી તેમજ અમૃતસરના પ્રવાસ દરમિયાન દેશના આગેવાન ક્રાંતિકારીઓના સંપર્કમાં આવવાનો એમને લાભ મળ્યો. જેમાં લાલા હંસરાજ, લાલા ઉત્તમચંદ વગેરેની વિચારસરણીથી પ્રભાવિત થઈ શ્રી મોલિયાએ ક્રાંતિકારી અને રાષ્ટ્રવાદી સાહિત્યરચનાઓનો ખૂબ જ રસપૂર્વક અભ્યાસ કર્યો. પરિણામે તેઓ સંપૂર્ણપણે રાષ્ટ્રવાદી રંગે રંગાઈ ગયા. પોતાના વિચારોને પૂરતો વ્યાપ આપવા માટે એમણે પત્રકારત્વનાં પોતાનાં વ્યવસાય ઉત્તમ લાગ્યો.

આ અરસામાં જ તા. ૧૧-૧૦-૧૯૪૦ના રોજ વિનોબાજી દ્વારા શરૂ કરાયેલા 'વ્યક્તિગત સત્યાગ્રહ'માં જોડાઈ જવા તેઓ અત્યંત ઉત્સુક હતા, પરંતુ તે માટેની રજા ન મળતાં હતાશ થયા વગર તેઓ રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં જોડાઈ ગયા. ઈ. સ. ૧૯૪૨માં

'હિંદ છોડો' ચળવળ ટાણે ભાંગફોડિયા પ્રવૃત્તિઓ તેમજ ગેરકાયદેસર પત્રિકાઓ વહેંચવાના કામમાં જોડાઈને સરકારની 'મોસ્ટ વોન્ટેડ'ની યાદીમાં ચઢી ગયા. સરકારની ચાંપતી નજરથી બચવા બીજા લોકો અજ્ઞાત-ભૂગર્ભમાં ચાલ્યા જતા હતા ત્યારે ગભરાયા વગર પરંતુ ચાલાકીપૂર્વક પોલીસની નજરથી બચીને ૧૯૪૫ સુધી બોમ્બપ્રવૃત્તિ તેમજ ગેરકાનૂની પત્રિકાઓનો સંચાલનનું કામ એમણે ચલાવ્યે રાખ્યું. આ માટે એમણે એક 'આઝાદ પ્રેસ' પણ ઊભું કર્યું. વળી અનેક નાની-મોટી ભાંગફોડિયા ટુકડીઓની રચના કરીને સુરત શહે અને આજુબાજુના વિસ્તારોમાં બોમ્બ ધડાકાઓ કરી સરકારની ઊંઘ હરામ કરી દીધી. રઘવાયેલ પોલીસે આખી ટોળકીને ઝબ્બે કરવા અથાગ પ્રયત્નો કર્યા પણ તેમાં તેને ઝાઝી સફળતા સાંપડી નહીં.

આમ છેક સ્વાતંત્ર્ય પ્રાપ્તિ (૧૯૪૭) સુધી શ્રી મોલિયા અને એમની ટૂકડીએ ક્રાંતિકારી પ્રવૃત્તિઓ ચાલુ રાખી. સ્વાતંત્ર્ય પ્રાપ્ત થયા પછી જ આ તમામે રાહતનો શ્વાસ લીધો. ગુજરાતભરના બ્રહ્મભટ્ટ સમાજમાંથી શ્રી ચુ.પુ. બારોટ તથા શ્રી મોતીલાલ શર્માની માફક શ્રી મોલિયા પણ એક સ્વાતંત્ર્યસેનાની બ્રહ્મભટ્ટ સપૂત હતા.

સ્વાતંત્ર્ય લડતની સાથે સાથે મોલિયાએ સાહિત્ય તરફનો પોતાનો પ્રેમ સારી રીતે જાળવ્યો હતો. શરૂઆતના સમયે પોતાની નબળી આર્થિક સ્થિતિને લીધે શ્રી માલિયાએ સમાચારપત્રો વહેંચવાની-ફેરિયા તરીકેની કામગીરી નિઃસંકોચ સ્વીકારી હતી. તેથી જ સમાચારપત્રોમાં આવતા લેખો તેમજ સમાચારોથી પ્રભાવિત થઈ તેઓ પત્રકારત્વ તરફ આકર્ષાયા. કલમના સથવારે આગળ વધતાં વધતાં એક સામાન્ય ફેરિયાથી માંડી સહતંત્રી તરીકેનું સ્થાન મેળવનાર મોલિયા કામ તરફની તેમની શ્રદ્ધા, ધગશ અને પરિશ્રમનું ઉત્તમ ઉદાહરણ છે.

ઈ. સ. ૧૯૩૮માં 'પ્રતાપ' નામના દૈનિક સમાચારપત્રમાં જોડાયા પછી શ્રી મોલિયાની કલમે લખાયેલ કટાક્ષભર અને હાસ્યપ્રચૂર લેખોએ એક વિશાળ વાચકવર્ગ ઊભો કર્યો. તેનાથી પ્રોત્સાહિત થઈને એમણે 'વાતોનાં વડાં' નામના હાસ્યરસથી ભરપૂર પુસ્તક દ્વારા ગુજરાતના હાસ્યલેખકોમાં સ્થાન મેળવ્યું. તત્કાલીન ગુજરાતી સાહિત્યમાં હાસ્યલેખક તરીકે શ્રી જ્યોતીન્દ્ર હ. દવેનું ખૂબ જ મોટું નામ હતું. શ્રી મોલિયા કદ-કાઠી અને એકવડિયા શરીરને લીધે સુરતના જ્યોતીન્દ્ર દવે તરીકે જાણીતા બન્યા હતા. આ બાબત પણ એમની લેખન શૈલિનું મહત્વ દર્શાવે છે.

હાસ્ય કથાનકો ઉપરાંત શ્રી મોલિયાએ કવિતા અને નાટ્યલેખનક્ષેત્રે પણ સારું એવું ખેડાણ કર્યું હતું. એટલું જ નહીં પણ તેઓ સ્વરચિત નાટકોમાં જાતે જ અભિનયનાં અજવાળાં પાથરતાં. એમની લોકપ્રિય રચનાઓમાં ખાસ કરીને 'અક્ષયપાત્ર', 'કાંટાનાં ફૂલ', 'આટાપાટા', 'પગલાં', મિલાપ તથા 'વાદોના અહંવાદ' જેવી કૃતિઓનો સમાવેશ

થાય છે. આ પૈકીની આખરી બે નાટ્યકૃતિઓમાં એમનો અભિનય પણ વખણાયો હતો. શ્રી માલિયાના લેખન-સાહિત્યસર્જન તથા અભિનય ક્ષમતાથી પ્રભાવિત થઈને સુરતની કલા-સંસ્થાઓએ શ્રી માલિયાનું બહુમાન કર્યું હતું. એ જ રીતે એમની નાટ્યરચના 'અક્ષયપાત્ર'ને સરકારે પુરસ્કૃત કરીને તેની કદર કરી એ બાબત શ્રી મોલિયાની કલમના કૌવતની સાક્ષી પૂરે છે.

ગુજરાત રાજ્ય સંગીત-નાટ્ય અકાદમીના સ્થાપનાકાળથી જ શ્રી મોલિયા એના સક્રિય સભ્યપદે હતા. વળી ગુજરાત રાજ્ય સરકાર તરફથી યોજાતા લેખક-પત્રકારોના પ્રવાસોમાં પણ એમણે અવારનવાર ભાગ લઈને સમગ્ર રાજ્યના વિવિધ વિસ્તારોનો પ્રવાસ કર્યો હતો. એ ઉપરાંત ૧૯૬૫-૬૬મા સુરત મુકામે યોજાયેલ 'ગુજરાત સાહિત્ય પરિષદ'ની વ્યવસ્થા સમિતિ તેમજ કારોબારીના સભ્ય તરીકે એમણે અત્યંત ઉપયોગી સેવાઓ પૂરી પાડી.

આમ સ્વાતંત્ર્યસેનાની, પત્રકાર, નાટ્ય-લેખક તેમજ સાહિત્યકાર તરીકે શ્રી મોલિયાએ આગવી અને અગ્રગણ્ય સેવાઓ બજાવી પોતાના વિવિધતાસભર વ્યક્તિત્વની ખાતરી કરાવી હતી. આ તમામ કામગીરીમાં એમનાં ધર્મપત્ની કમળાબહેન શ્રી મોલિયાને નોંધપાત્ર પ્રોત્સાહન અને સાથ-સહકાર આપ્યાં હતાં. ઈ. સ. ૧૯૪૨ની 'હિંદ છોડો' ચળવળ ટાણે શ્રી મોલિયા પર ચાંપતો પોલીસ પહેરો હતો ત્યારે એમનાં ધર્મપત્ની કમળાબહેને બોમ્બની સ્ફોટક અને અત્યંત જોખમી સામગ્રી તેમજ ગેરકાનૂની પત્રિકાઓ એક સ્થળેથી બીજા ચોક્કસ સ્થળે પહોંચાડવાની મહત્ત્વપૂર્ણ કામગીરી નિભાવીને પતિના કામમાં સારો એવો સાથ આપ્યો હતો. આવાં ઉમદા સન્નારીનું જૂન ૧૯૬૫માં અવસાન થતાં જીવનની પાછળી અવસ્થામાં જીવનસાથી ગૂમાવવાની આપત્તિ પણ શ્રી મોલિયાએ મક્કમતાપૂર્વક સહન કરી લીધી. પોતાનું તમામ ધ્યાન સાહિત્ય, સમાજ અને ઈશ્વર તરફ આકૃષ્ટ કરીને એકલતા કે વૃદ્ધાવસ્થાની વ્યાધિ સામે એક સુભટની માફક લડનાર શ્રી મોલિયાને સમગ્ર સમાજ હંમેશાં યાદ રાખશે.

•



### શ્રીમતિ દીવાળીબહેન અને શ્રી ચૂનીલાલ પુ. બારોટ (૧૯૦૩-૧૯૭૧)

શ્રીમતિ દિવાળીબહેનનો જન્મ નડિયાદ પાસેના ચાંગા મૂકામે શિક્ષક પિતાશ્રી ખોડાભાઈ વજેસિંગ બ્રહ્મભટ્ટના ત્યાં થયો હતો. અને તેમનાં લગ્ન જાણીતા જ્ઞાતિસેવક અને સ્વાતંત્ર્ય

સેનાની શ્રી ચૂ. પુ. બારોટ સાથે થયાં હતાં. તેઓ સામાન્ય બહેનોની માફક પતિપરાયણ અને ભક્તિભાવ ધરાવતાં હોવા છતાં સ્વદેશ, સ્વજ્ઞાતિ અને સમાજ સેવાની ધૂન પણ ધરાવતાં સન્નારી હતાં. આ માટે ચૂ. પુ. જેવા જીવનસાથીનો સહવાસ પણ જવાબદાર હશે. પરંતુ સેવા પરાયણતા અને હસમુખા રહેવાનો સ્વભાવ એ એમની અંગત મૂડી હતાં જેમાં ઉપરો ગુણોનો ઉમેરો થતાં તેમનું વ્યત્વિ ખૂબજ સુંદર રીતે વિકસ્યું હતું.

શ્રી. ચૂ. પુ. બારોટને ૧૯૩૦-૩૨ની સત્યાગ્રહ લડત વખતે કારાવાસની સજા થઈ ત્યારે તેમની પાછળ સ્વેચ્છાએ દિવાળીબહેને પણ બોરસદ તાલુકાના સરમુખત્યાર તરીકેનો કાર્યક્રમ કરી બોરસદથી ગિરફ્તારી વહોરી જેલમાં ગયાં. જેલમાં એમણે પૂ.કસ્તુરબા ગાંધીનો સહવાસ કેળવ્યો અને નિરક્ષર કેદીઓને અક્ષરજ્ઞાન આપવામાં પોતાની અમૂલ્ય સેવા આપી.

સમાજ અને જ્ઞાતિની સેવામાં પણ તેઓ સદા અગ્રેસર રહ્યાં. પતિની સેવાપરાયણતામાં અવિરત પ્રાણ પૂરવાનું કામ એમણે કર્યું. ''ગુજરાત બ્રહ્મભટ્ટ યુવક મંડળ''ના સુરતના મરોલી ખાતેના સંમેલનમાં : શ્રીમતી ડાહીબહેન જયદેવલાલ બારોટ સાથે પડદા (લાજ-મર્યાદા) તોડવાના કાર્યક્રમમાં તેમણે સફળ રીતે પહેલ કરેલી. આ અગાઉ શ્રી ચૂ. પુ.એ વર્ષો સુધી ''ભટ્ટભાસ્કર'' (જ્ઞાતિપત્ર)ના તંત્રી પદે જે સેવા આપી તેની પાછળ; અંકોના રેપર લગાવવાં, સરનામાં કરવાં વગેરે કામોમાં શ્રીમતી દિવાળીબહેન તથા તેમનાં તમામ બાળકોએ નિઃસ્વાર્થપણે અને વર્ષો સુધી આપેલ સેવાપરાયણતા કારણભૂત છે. આમ સમાજ-જ્ઞાતિ અને કુટુંબ સેવાના કાર્યમાં જીવનભર પોતાનું સર્વસ્વ ખરચી નાંખનાર દિવાળીબહેન જેવી સન્નારીઓ વાસ્તવમાં સુધારકો અને સેવકો તરીકે પણ ખ્યાતિ પ્રાપ્ત કરનાર મહાપુરુષોના જીવનનું સાચું ચાલકબળ હતાં. એમ કહી શકાય.[૫૭]

•



**શ્રીમતી કંચનબેન અને**
**શ્રી ડાહ્યાભાઈ બારોટ**

શ્રીમતી કંચનબેનનો જન્મ મહેસાણા (ઉત્તર ગુજરાત)માં થયો હતો. તેમની માતાનું નામ નાથીબા હતું અને પિતાનું નામ છબીલદાસ હતું. તત્કાલિન સમાજની પ્રણાલિકા અનુસાર

કંચનબેનનું લગ્ન પણ એમની બાલ્યાવસ્થામાં જ માતરવાળા કુટુંબમાં શ્રી પુરુષોત્તમદાસ માતરવાળાના જ્યેષ્ઠપુત્ર શ્રી ડાહ્યાલાલ સાથે થયાં હતાં. પિતૃગૃહે કંચનબેન ખૂબજ ઓછું અક્ષરજ્ઞાન મેળવી શક્યાં હતા પરંતુ શ્રી પુરુષોત્તમદાસના ત્યાં પરણીને આવ્યા પછી જે માણસે સમગ્ર જ્ઞાતિમાં જ્ઞાનદિપક પ્રગટાવ્યા તે પોતાના કૂળદિપકના ઘરમાં અજ્ઞાનનો અંધકાર કેમ સહી શકે? એમણે જાતે અને એમના પુત્ર ડાહ્યાલાલે સ્વપ્રયત્ને કંચનબેનને માત્ર વાંચતા લખતાં જ નહિં પણ તેઓ સ્વતંત્ર રીતે લેખન પ્રવૃત્તિ કરી શકે એવાં તૈયાર કર્યા. કંચનબેનને જાતે પણ શિક્ષણ મેળવવાની ધગશ લાગી હતી તેમાં આ સુધારક અને શિક્ષિત પરિવારમાં આવવાથી તેઓ સારું એવું શિક્ષણ મેળવી શક્યાં. પોતાના પુસ્તક ''શ્રી બદ્રી વિશાલકી જ્ય'' (શ્રી કેદાર-બદ્રી-નારાયણનો પ્રવાસ) પોતાના પતિને અને પૂ. માતા નાથીબાને સમર્પિત કરતાં કંચનબેન જાતેજ નોંધે છે કે : ''જેમણે હૃદયનાં અમી સીંચીંસીંચી મારા જીવનનું ઘડતર કર્યું ને આ યાત્રા પ્રવાસનું વર્ણન આલેખવા અને પ્રોત્સાહન આપી તેમની સહભાગી બનાવી મારા જીવનનો વિકાસ સાધવામાં અથાગ પરિશ્રમ લીધો, સદાય મારા પર સ્નેહ અને મમતાની અમીધારાની વર્ષા વરસાવી એ પૂજ્યને વંદનીય મારા જીવનસાથી અને ઘડવૈયા સદ્‌ગત ડાહ્યાભાઈ પુ. બારોટનાં ચરણાવિંદમાં કોટિ કોટિ સ્નેહભરી વંદના અને પ્રણામ સાથે આ પુસ્તક તેમને સમર્પણ કરું છું. ''-અક્ષય તૃતિયા, નડિયાદ તારીખ ૧૫-૫-૧૯૭૨''[૫૮]

આમ શ્રી ડાહ્યાભાઈ અને શ્રી પુરુષોત્તમદાસે કંચનબેનનાં દિલોદિમાગમાં જ્ઞાન અને જાગૃતિની જે ચેતના જગાવી એ ચૈતન્યને જોરે કંચનબેને સમગ્રજ્ઞાતિની બહેનોને જાગૃત કરવા અભિયાન આદર્યુ. સમાજના કુરિવાજોના ઉન્મૂલન માટે હોય સ્ત્રી જાગૃતી અને સ્ત્રીસન્માનની વાત હોય, કન્યા કેળવણીની વાત હોય કે એમને થતા અન્યાયના નિવારણની વાત હોય, લાજ-મર્યાદા અને પરદા હટાવવાની વાત હોય કંચનબેન સદા અગ્રેસર રહ્યાં. બ્રહ્મભટ્ટ સ્ત્રીઓની કફોડી હાલત સુધારવા માટે એન સ્ત્રીજાગૃતિના પ્રચાર-પસાર કાજે એમણે ભગિની સમાજ-નડિયાદની સ્થાપના કરી હતી. જેણે બહેનોને અપમાન અને અન્યાયનો સામનો કરી પગભર થવાની તાલીમ આપી હતી. તે માટે નડીયાદ મુકામે તારીખ ૭-૧૦-૧૯૮૬ના રોજ બ્રહ્મભટ્ટ સમાજે એમનું બહુમાન કરી માનપત્ર પણ આપ્યું હતું જેમાં જણાવેલ વિગત પરથી કંચનબેનના જીવન અને કવન પર પ્રકાશ પડતો હોવાથી અત્રે રજૂ કરીએ.

''આપે બાવીસ વર્ષની યુવાન વયથી સ્ત્રી ઉન્નતિના કાર્યમાં, જાહેર જીવનમાં પદાર્પણ કર્યું. ૧૯૨૫ની સાલમાં મુંબઈમાં સાન્ટાક્રુઝ ગુજરાતી હિંદુ સ્ત્રી મંડળમાં આપે આપની અમૂલ્ય સેવાઓ લગભગ તેર વર્ષ સુધી અવિરત આપ્યા કરી. આ ગાળા દરમ્યાન

સમગ્ર સ્ત્રી ઉન્નતિનાં કાર્ય સાથે સાથે આપણી જ્ઞાતિનું સર્વપ્રથમ બ્રહ્મભટ્ટ મહિલા મંડળ સ્થાપ્યું... જે... અત્યારે ખૂબજ ફલ્યું અને ફાલ્યું છે. એ આપની સુવાસ ફેલાવ્યે જાય છે. ઈ. સ. ૧૯૩૯માં આપનાં પતિની બદલી અજમેર થઈ ત્યાં પણ આપે. પ્રથમ ગુજરાતી મહિલા મંડળની સ્થાપના કરી. બે વર્ષ જેટલા ટૂંકાગાળામાં મંડળ પોતાનું મકાન ઊભું કરી શક્યું તે એમની કાર્યદક્ષતા સૂચવે છે. ૧૯૪૧માં સુરત આવી હિંદુ સ્ત્રી મંડળમાં મંત્રી અને ઉપ-પ્રમુખ તરીકે આપની દક્ષ સેવાઓનો લાભ આપી. અખીલ હિંદ મહિલા પરિષદની સુરત શાખાને ઉપપ્રમુખ પ્રમુખ (ચાર વર્ષ) અને પ્રમુખ તરીકે માર્ગદર્શન આપ્યું. ૧૯૫૫માં પતિની નિવૃત્તિ સાથે નડિયાદમાં સ્થાયી વસવાટ કરી મહિલા સમાજની પ્રવૃત્તિ સંભાળી. ઈ. સ. ૧૯૬૧માં નડિયાદમાં અખિલ હિંદ મહિલા પરિષદનું ગુજરાત શાખાનું સંમેલન કરી નડિયાદનાં સ્ત્રી જીવનમાં નવી ચેતનાનો સંચાર કર્યો. મહિલા સંસ્થાઓને એમણે માતબર રકમ લગભગ ૧૦,૦૦૦ રૂપિયા તથા શ્રી ડાહ્યાલાલના સ્મરણાર્થે ચાંદીનાં શિલ્ડ અર્પણ કર્યા. વળી બ્રહ્મભટ્ટ વિદ્યોતેજક મંડળની કારોબારી સમિતિમાં અને જ્ઞાતિપત્ર ''ભટ્ટભાસ્કર''માં મહિલા વિભાગનું સંપાદન પંદર વર્ષ સુધી કર્યું.

ઈ. સ. ૧૯૫૮માં કંચનબેને 'શ્રી બ્રહ્મભટ્ટ ભગિની સમાજ'ની સ્થાપના કરી શરૂઆતમાં મંત્રીપદ અને ત્યારબાદ પ્રમુખપદે (સાત વર્ષ સુધી) સેવા આપી. આ સંસ્થાને પગભર કરી સમાજની અનેક બહેનોને જાહેરજીવન અને પગભર થવાની તાલીમ આપી.

આમ શ્રીમતી કંચનબેનના ઉદાહરણ પરથી જોઈ શકાય છે કે, એક અશિક્ષિત સ્ત્રીને જો શિક્ષિત અને જાગૃત તથા તાલીમ આપવામાં આવે તો તે સ્વપ્રયત્ને સમગ્ર સમાજની બહેનોને જાગૃત કરી સમાજમાંથી અજ્ઞાન, અપમાન, કૂરિવાજ અને એવાં બીજાં અનેક દૂષણો દૂર કરી સમાજને સ્વસ્થ અને સુશિક્ષિત બનાવી શકે છે.

એ સમયે સમાજમાં જ્યારે બહેનોને જાહેરમાં આવતાં પણ સંકોચ થતો. લાજ મર્યાદા અપે પર્દાનાં બંધનોમાં તે અટવાયેલી રહેલી ત્યારે આ તમામ બંધનોને દૂર હટાવી કંચનબેને જ્ઞાતિની અને સમગ્ર સમાજની બહેનોમાં નવીજ ચેતનાનો સંસાર કર્યો હતો. જાહેરમાં પ્રવચનો અને જ્ઞાનગોષ્ટિ કર્યા હતાં. સ્ત્રી સંમેલનો અને ભગિની સમાજને ઉપક્રમે મેળાવડા યોજી બહેનોને જાગૃત કરવા યથાશક્તિ ફાળો આપ્યો હતો તે જોતાં સમગ્ર બ્રહ્મભટ્ટ જ્ઞાતિ આ સુધારક મહિલાની સદૈવ આભારી રહેશે એમ કહી શકાય.

•



## ૫. પૂ. ગંગાસ્વરૂપ કાશીબા

આ અગાઉ આપણે બ્રહ્મભટ્ટ જ્ઞાતિનાં અનેકવિધક્ષેત્રે પોતાની પ્રતિભા-પ્રકાશ પાથરતાં કેટલાંક પાત્રો વિષે માહિતી મેળવી. હવે કેટલાંક એવાં જીવનચરિત્રોની માહિતી મેળવીએ કે જેમણે આધ્યાત્મિક ક્ષેત્રે પોતાની પ્રતિભાને જોરે સમાજ અને સ્વજ્ઞાતિને સ્વધર્મની સાથે સાથે રાષ્ટ્રધર્મના પાઠ પણ ભણાવ્યા છે.

આ પૈકીનાં પ્રથમ અને સાચા અર્થમા ગંગાસ્વરૂપ, સમાજની મોહ-માયાથી અજાણ, અલિપ્ત, પ્રચાર-પ્રસાર માધ્યમોથી સાવ દૂર એકાકી અને સાચાં સંત તેમજ વિદૂષી બ્રહ્મભટ્ટ સન્નારી પૂ.કાશીબા વિષે રસપ્રદ માહિતી આપતાં શ્રી વ્રજલાલભાઈ મો.બ્રહ્મભટ્ટ 'મંગલમ્' (પી.એ.ટુ. મિનિસ્ટર-ગાંધીનગર) જણાવે છે કે ''પૂ. કાશીબાનો જન્મ (આશરે) ઈ. સ. ૧૮૭૦માં શ્રીજીભાઈ માવસંગજી બ્રહ્મભટ્ટ ભાન્ડુ (જિલ્લો મહેસાણા), ખાતે થયો હતો. તત્કાલીન રીત-રિવાજ અનુસાર બાલ્યાવસ્થામાં જ એમનાં લગ્ન નાદરી (તાલુકો કલોલ) થયા હતાં પરંતુ એ ટૂંક સમયમાં જ બાળવિધવા થતાં સદા માટે શ્વસુરગૃહ છોડી પિતૃગૃહે આવી રહ્યાં. સંત પ્રકૃતિના એમના ફોઈના દીકરા શ્રી નાથાલાલભાઈએ (દેત્રોજ) એમને ભાન્ડુમાં જ રહી આધ્યાત્મિક અભ્યાસ કરવા સમજાવ્યાં. પિયરમાં માબાપ અને ભાઈઓએ એમના નિર્વાહ માટે ભેંસ તથા જમીનની જોગવાઈ કરી આપી. નિસ્પૃહ અને સ્વાશ્રયી પૂ. કાશીબાએ ઈશ્વર સ્મરણ, કીર્તન અને સંસ્કૃત સાહિત્ય, વેદ-પુરાણ અને ઉપનિષદોના અભ્યાસમાં મન પરોવી સંસારથી વિરક્તિ મેળવી લીધી. સુંદર-મિઠા કંઠે તેઓ જ્યારે પ્રભુભક્તિનાં પદો-ભજનો ગાતાં હોય ત્યારે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની જતું. ભજનો અને પદોની પસંદગી પણ ગહન ભક્તિપૂર્ણ અને ભાવસભર રહેતી. ઘણાં બધાં ભજનો ઉપરાં શ્રુતી વેદો, ઉપનિષદોનાં સંસ્કૃત શ્લોકો તેમને કંઠસ્થ હતા. જેનું સરળ અર્થઘટન કરતાં કાશીબા જન્મજાત વિદ્વતા ધરાવતાં હતાં. અજાચક અને સ્વાવલંબી પૂ. કાશિબાની જરૂરિયાતો સાવ થોડીક જ હતી. તે માટે એમની પૈતૃક જમીન અને ભેંસ વગેરેમાંથી મળી આવક તેમના માટે પૂરતી હતી. તેઓ ક્યારેય કોઈને કંઠી બાંધી શિષ્ય પ્રણાલિકા ઊભી કરવા માંગતા નહતાં. તમામ બાહ્યાડંબરો સિવાય કેવળ પ્રભુસ્મરણ અને જ્ઞાન સંપાદન કરવા માટે સંસ્કૃતનાં ધાર્મિક ગ્રંથોનું અધ્યયન એ એમની એકમાત્ર પ્રવૃત્તિ હતી.

ધર્મ અને આધ્યાત્મિક વાતો અને પ્રવૃત્તિ ઉપરાંત તેમને ગાંધીજીન અહિંસા, વ્યસનમુક્તિ અને સ્વાવલંબનની વાતો ખૂબજ પસંદ હતી. એટલા માટે તેઓ પોતાના

સંપર્કમાં આવતાં ભાઈ-બહેનોને આ બાબતો પર ભાર મૂકવા કહેતાં. રેંટિયાનો ઉપયોગ કરી પોતાના જેવી બહેનોને સ્વાશ્રયી બનવા તે સમજાવતાં. પોતાના ગામની બહેનોને એકત્ર કરી આધ્યાત્મિક તેમજ સ્વાશ્રયી બનવા માટે રેંટિયો ચલાવવાની પ્રવૃત્તિ તરફ તેઓ વાળતાં. વ્યસનમુક્તિમાં જાતે આજીવન ચા છોડી બીજા લોકોને પણ સામાન્ય વ્યસનોથી દૂર રહેવા સમજાવતાં. આમ આધ્યાત્મિકતાની સાથે સાથે એમણે સ્વાવલંબનના અને રાષ્ટ્રધર્મના પાઠ પોતાના સંપર્કમાં આવતા લોકોમાં આબાદ રીતે ફેલાવ્યા હતા.

તેમના એક ભાઈ શ્રી ચતુરભાઈ અમદાવાદ નોકરી કરતા હતા. તે અચાનક ગુજરી ગયા અને મોટાભાઈ પ્રતાપભાઈ સાધુ બની ગયા હોવાથી પૂ. કાશીબાને હવે સંસારમાં ઈશ્વરભક્તિથી વિશેષ કોઈજ વાતમાં રસ નહોતો. અલબત્ત સાધુ બની ગયેલા ભાઈ એકવાર મળે તેવી ઝંખના તો તેમને મૃત્યુ પર્યંત રહી. બાકી તમામ સાંસારિક મોહ-માયા એમણે અધ્યયન અને ભજન કીર્તનની પ્રવૃત્તિના જોરે દબાવી દીધા હતાં.

એમનાં સાનિધ્યમાં રહેતી ભાન્ડુની બે વિધવા નાગર બહેનો કમળાબહેન અને પશીબહેન તેમજ મૂળીબહેન બ્રહ્મભટ્ટ પણ કાશીબાના પ્રભાવે આધ્યાત્મિક કેળવણી પામ્યાં હતાં. ગામ-પરગામનાં ભાઈ-બહેનો એમનાં ત્યાં ભજન-કિર્તન અને સત્સંગ માટે એકઠાં હતાં. આ માટે એમણે ગામનાં શિવાલયને પસંદ કર્યું હતું પરંતુ જાતે કોઈ આશ્રમ સ્થાપિ કમાણી કરવાનો મોહ ક્યારેય ન હતો. ઉલટાનું પોતાની આવકમાંથી સાધુ-સંતો અને વટેમાર્ગુઓને જમાડીને જ તેઓ જમતાં. ધતિંગ અને આડંબર કે ચમત્કારો કરતા સાધુને તેઓ ક્યારેય પોતાના ત્યાં આવવા દેતાં નહિ. તેઓ માનતાં હતાં આધ્યાત્મિક શક્તિને જોરે સાત્વિક વ્યક્તિમાં આવી ચમતકારિક શક્તિનો આર્વિભાવ થાય છે છતાં ચમત્કારો કરવાથી આધ્યાત્મિક શક્તિ નાશ પામે છે, માટે એવા દંભ ક્યારેય કરતાં કે કરવા દેતાં નહિ. એમના સંપર્કમાં આવનાર ઘણાંના જીવનમાં વ્યસનમુક્તિ સ્વાશ્રય અને આધ્યાત્મિકતાનો પ્રવેશ કર્યો હતો. તેમના પ્રભાવથી દૂર દૂરથી લોકો સાધુ સંતો અને અભ્યાસુઓ સત્સંગ કરવા આવતા. જેમાં વેદો અને પુરાણોની ગહન આધ્યાત્મિક ચર્ચાઓ થતી. અને સાંભળનાર અભિભૂત થઈ જતા. પૂ. કાશીબા જાતે પ્રચારથી દૂર રહેતાં પરંતુ તેમના સાથે સત્સંગ કરી ગયેલ સાધુ સંત કે કોઈપણ માણસ એમને ક્યારેય ભૂલી શકતા નહિ. પરિણામે કર્ણોપકર્ણ ફેલાતી વાતોને લીધે તેમનું શિષ્યવૃંદ ઘણું મોટું થવા પામ્યું હતું. જેમાં પ્રખર સાધુ સંતો, અમલદારો અધિકારીઓ અને પ્રધાનોનો સમાવેશ થતો. ડીસા-વારાહી અને ભાભર સુધીના પ્રદેશોમાં પણ તેમના અનેક ભક્તો આજે પણ મળી રહે છે.''[૬૦]

શ્રી 'મંગલમ' જેવાજ એક અત્યંત શિક્ષિત અને ગુજરાત રાજ્ય સહકારી કૃષિ અને ગ્રામિણ વિકાસ બેંકના મેનેજર (ફાઈનાન્સ) શ્રી હરિશભાઈ પ્રભુરામ ગણાત્રા પૂ.

કાશીબા માટે જણાવે છે કે : ''મારા પિતાશ્રી પ્રભુરામ શંકરલાલ ઠક્કર પોતાના ત્યાં સો-દોઢસો વર્ષોથી સત્સંગ મંડળ ચલાવતા હતા. એમનો સત્સંતગ સાત્વિક અને ખૂબ જ ઊંચી આધ્યાત્મિક ભાવનાથી પૂર્ણ હતો.'' આવા ધાર્મિક અને આધ્યાત્મિક વાતાવરણમાં ઉછરેલા શ્રી ગણાત્રા તેમણે પૂ. કાશીબા સાથે ગાળેલી ક્ષણો તાજી કરતાં જણાવે છે કે ''પૂ. કાશીબાને ઓળખવાં ખૂબ જ મુશ્કેલ હતાં. આવી સરળ પ્રકૃતિ ધરાવતાં ગ્રામ્ય મહિલા આટલી ભવ્ય અને ઉચ્ચ આધ્યાત્મિક શક્તિ ધરાવતાં હશે તેવું માન્યામાં ન આવે. આઠ-દસ દિવસ મારા ત્યાં વારાહી રોકાયેલ પૂ. કાશીબાએ વેદ, વેદાન્ત, 'વેદાન્તવિચાર સાગર', 'બ્રહ્મસૂત્ર પંચીકરણ', 'વિવેક ચૂડામણી', 'કંઠ ઉપનિષદ', 'કેવલ ઉપનિષદ્ય વગેરે પર જે વ્યાખ્યાનો આપ્યાં હતાં તે તેમના ઉચ્ચ અને સાત્વિક-આધ્યાત્મિક જ્ઞાનની સાક્ષીરૂપ હતાં. શ્રી જયપ્રકાશ નારાયણના ગુરુ સ્વામી અખંડાનંદ સરસ્વતીના પુસ્તકોનાં પૂ. કાશીબા અને શ્રી પ્રભુરામ ઠક્કર બંને વાચક અને પ્રશંસક હતાં. તેમના વિચારો આદી શંકરાચાર્યના ગૂઢ આધ્યાત્મિક તત્ત્વોથી પ્રભાવિ થયેલાં હતાં. તેઓ વચનસિદ્ધી અને આત્મ સાક્ષાત્કાર કરી ચૂકેલા સ્વામી રામકૃષ્ણ પરમહંસ તથા સ્વામી રામતીર્થ જેવી આધ્યાત્મિક સિદ્ધિઓ ધરાવતાં હતાં. તેમની આધ્યાત્મિક શક્તિનો પ્રભાવ અમે ઘણા પ્રસંગે અનુભવ્યો હતો. તેઓ શિવસરોદુ (શ્વાસની આવાગમનની પ્રક્યિા પરથી જ્યોતિષ જોવાની કલા) જાણતાં હતાં અને એ પ્રમાણે આગાહી કરતાં તે અચૂક સાચી ઠરતી. પરંતુ પોતાની આધ્યાત્મિક શક્તિને તેઓ ખોટા ચમત્કારો દ્વારા નષ્ટ કરતાં નહતાં.''[૬૧]

શ્રી હરિશભાઈ ગણાત્રાના જણાવ્યા અનુસારની એમની ચમત્કારિક શક્તિઓ અને ચમત્કારોની બાબતોમાં આપણે ઊંડા ન ઉતરીએ તો પણ વર્તમાનયુગના વિવેકાનંદ સમા સાચા સાધુ શ્રી સચ્ચિદાનંદજી અને વલાદ વેદાંત આશ્રમ (નરોડા પાસે)ના શ્રી કૃષ્ણાનંદજી પૂ. કાશીબાથી અત્યંત પ્રભાવિત થયેલ સંતો છે. તે પૂ. કાશીબાની આધ્યાત્મિક સિદ્ધિઓનું પ્રમાણ ગણાય.

આ તમામ બાબતો પરથી એક વાત સ્પષ્ટ જણાય છે કે સાવ નિરક્ષર અવસ્થામાંથી જ આટલી વિદ્વતા પ્રાપ્ત કરનાર આ બ્રહ્મભટ્ટ વિદૂષિ પૂ. કાશીબા પ્રચાર-પ્રસારના મોહથી સાવ અલિપ્ત હોવાથી ઘણા ઓછા લોકો તેમની વિદ્વતાથી વાકેફ છે. ઈ. સ. ૧૯૮૮માં બ્રહ્મલીન થયેલાં અને એકાંત ગામડામાં રહી સ્વબળે આટલી શક્તિઓ અને વિદ્વતા મેળવનાર પૂ. કાશીબા માટે સમગ્ર બ્રહ્મભટ્ટ જ્ઞાતિ સદા ગર્વ અનુભવે છે.

•



### યોગીરાજ મનુવર્યજી મહારાજ

વર્તમાન ગુજરાતના બીજા બ્રહ્મબટ્ટ સંત અને અમદાવાદમાં એલિસિબ્રિજ વિસ્તારમાં ''યોગસાધના આશ્રમ''માં યોગ, ભક્તિ અને જ્ઞાનનો પ્રચાર-પ્રસાર કરતા યોગીરાજ મનુવર્યજી મહારાજનો જન્મ વિરમગામના બ્રહ્મબટ્ટ સીતારામભાઈના ત્યાં થયો હતો. ભારતના પ્રખ્યાત યોગીરાજ શ્રી માધવજી મહારાજ (રૂપાલ)ના તેઓ દોહિત્ર થાય. તેમના એન્જિનિયર પિતા અને માતા મણીબેન સ્વામી રામતીર્થના જ્ઞાનયોગનાં વિચરોથી પ્રભાવિત અને પ્રણવોપાસના દ્વારા દેહભાન ભૂલી જાય તેવાં ભક્ત હતાં. આ તમામનો વારસો સ્વામીજીને મળેલો જણાય છે.

બાલ્યકાળથી જ તેઓ એકાંત અને આત્મચિંતનના ચાહક હતા. વિરમગામમાં માધ્યમિક શિક્ષણ મેળવ્યા પછી મુંબઈમાં ઉચ્ચ અંગ્રેજી અને સંસ્કૃત શિક્ષર અને અભ્યાસ કર્યા પછી મરીન ડ્રાઈવ પરના અમરધામ યોગાશ્રમમા રહી યોગાભ્યાસ અને વૈરાગ્ય પ્રાપ્ત કરી યોગના ગૂઢ રહસ્યો અને ગહન પ્રક્યિાઓ સરળતાથી પ્રાપ્ત કરી, ઈ. સ. ૧૯૩૬થી અમદાવાદમાં યોગસાધના આશ્રમનું સંચાલન સંભાળ્યું. ઈ. સ. ૧૯૪૩માં તેની બીજી શાખા ખાડિયા-અમદાવાદ ખાતે શરૂ કરી. ૧૯૪૫માં અવધૂત યોગનિષ્ઠ અને બ્રહ્મનિષ્ઠ સ્વામીશ્રી કૃષ્ણરાજ મહારાજ પાસેથી જાણીતા ઉદ્યોગપતિ શ્રી અંબાલાલ સારાભાઈના નિવાસસ્થાને સંન્યસ્ત ગ્રહણ કરીને યોગ, જ્ઞાન અને ભક્તિ પર પુસ્તકો લખી ઉપશમ, બોધ અને સમતાના જીવનમંત્ર સાથે જનસેવા કરી છે. વ્યવહારિક ક્ષેત્રે તેઓશ્રી અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. ગુજરાત યોગ મંડળના પ્રમુખ, યોગસાધના મંડળના પ્રમુખ, યોગસાધના આશ્રમના સંચાલક, ભારત સાધુ સમાજ ગુજરાતના પૈદેશ મંત્રી, દિવ્યજીવન સંઘ-અમદાવાદ શાખાના પ્રમુખ, શિવાનંદ સાહિત્ય પ્રચાર સમિતિના ઉપપ્રમુખ અને સદાચાર સમિતિ જેવી સેવાભાવી સંસ્થાની કાર્યકારિણીના સભ્ય છે.

આમ આધ્યાત્મિક અને ભારતીય સંસ્કૃતિની અસ્મિતા જાળવવનો માર્ગ ગ્રહણ કરીને સ્વામીજીએ બ્રહ્મભટ્ટ જ્ઞાતિને ગૌરવ અપાવ્યું છે.[૬૨]

•



## સ્વાતંત્ર્યસેનાની શ્રી પ્રવીણચંદ્ર સી. બારોટ (૧૯૧૫-૧૯૭૭)

દેશની આઝાદી માટે જાનફેસાની વહોરનાર છતાં લોકસ્મૃતિથી અલિપ્ત રહી જવા પામેલ કેટલાંક જવામંર્દ નવયુવકો પૈકીના એક અને બ્રિટિશ સૈન્યમાં 'બંડખોર બારોટ' તરીકે જાણીતા થયેલા શ્રી પ્રવીણચંદ્ર ચુનીલાલ બારોટનો જન્મ નડિયાદ મુકામે તા. ૧૫-૮-૧૯૧૫ના રોજ થયો હતો. શૈશવકાળમાં જ પિતાની છત્રછાયા ગુમાવનાર પ્રવીણચંદ્ર હિમંત હાર્યા વગર સ્વબળે જ આગળ આવનાર વ્યક્તિ હતા. શાળાકીય શિક્ષણ મેળવવા અને ઘરખર્ચ કાઢવા માટે સમાચારપત્રો વેચવાનો વ્યવસાય એમણે સ્વીકાર્યો. આ સમયે સમગ્રદેશ સ્વાતંત્ર્ય લડતના મહત્વપૂર્ણ તબક્કામાંથી ગુજરી રહ્યો હતો. સમાચારપત્રોમાં દરરોજ નવા નવા સમાચારો છપાતા હતા. પ્રવીણચંદ્ર આ બધા સમાચાર વાંચવાનું ચૂકતા નહીં. આ રસ એટલી હદે વધ્યો કે સમાચારપત્રો વેચતાં વેચતાં તેઓ સ્વાતંત્ર્યલડતની ગુપ્ત પત્રિકાઓ વહેંચતા થઈ ગયા. શાળામાં ચિત્ત ચોંટે નહીં. ગાધીજીની સત્યાગ્રહોનું પડઘમ જ્યાં ચારે બાજુ વાગતું હોય ત્યાં ક્યો નવયુવક એના પ્રભાવથી મુ રહી શકે? અભ્યાસ છોડી સીધા ધરાસણા નમક સત્યાગ્રહમાં જોડાઈ ગયા. પોલીસનો સખત માર ખાધા પછી એમની અંદર રહેલા 'બંડખોર બારોટે' વધુ મક્કમ નિર્ણય ચુપચાપ લઈ લીધો.

સત્યાગ્રહ પૂરો થતાં તેઓ ફરી વધુ અભ્યાસ તરફ વળ્યા. સ્નાતક થયા અને સુરત જિલ્લાના કડોદ ગામે શિક્ષક તરીકે જોડાયા.દેશની આઝાદી માટે સતત મનોમંથન કરતા યુવકો પૈકીના એક એવા શ્રી પ્રવીણચંદ્ર એમના જેવા ક્રાંતિકારી મિત્રો સાથે ચર્ચાવિચારણાને અંતે પદ્ધતિસરની લશ્કરી તાલીમ મેળવી અંગ્રેજો સામે જ એ યુદ્ધકૌશલ બતાવવાના નિર્ણય પર આવ્યા. યથાસમયે સશસ્ત્ર બળવો કરવાના સંકલ્પ સાથે ૧૯૪૧માં બ્રિટિશ સૈન્ય જોડાયા. પૂરતી તાલીમ મેળવી. માત્ર એક જ વર્ષના ટૂંકા ગાળામાં ૧૯૪૨માં આસામને મોરચે લશ્કરી પુરવઠા ખાતીની લડાયક પાંખમાં નિયુક્ત થયા.

આ સમયે સમગ્ર દેશની સ્વાતંત્ર્યલડતના અંતિમ તબક્કામાંથી પસાર થઈ રહ્યો હતો. મહાત્મા ગાંધીએ 'હિંદ છોડો' ચળવળની જાહેરાત કરી એને પગલે પગલે દેશભરમાં એક અદમ્ય ઉત્સાહ ફેલાઈ ગયો. બ્રિટિશ સૈન્યના પ્રવીણચંદ્ર જેવા નવયુવકો પણ આ લક્ષથી અત્યંત પ્રભાવિત થયા હતા. ગાંધીજીનો પ્રભાવ સમગ્ર જનજીવન પર ફેલાઈ ચૂક્યો હતો. એવા સંજોગોમાં એક દિવસ પ્રવીણચંદ્રે ગાંધીજીના આમરણાંત ઉપવાસ અંગે સમાચારપત્રોમાં વાંચ્યુ. આવા ઉપવાસને સમર્થન અને સહાનુભૂતિ

આપવા માટે દેશદાઝથી ભરેલા પ્રવીણચંદ્રે નક્કી કર્યું. ગાંધીજીના પગલે પગલે પોતે ઉપવાસ પર ઉતરવા માગે છે તેવા નિર્ણયની એમણે પોતાના અધિકારીઓને જાણ પણ કરી દીધી. અન્ય લશ્કરી અમલદારોને પ્રવીણચંદ્રના આ નિર્ણયની જાણ થતાં અત્યંત ગુસ્સે ભરાયા. આવાં કૃત્યો જો ડામવામાં ન આવે તો એને પગલે પગલે સમગ્ર સૈન્યમાં ગેરશિસ્ત ફેલાય એવી દહેશત સાથે ઉપવાસ પર ઉતરેલા શ્રી બારોટને તાત્કાલિક કેદ કરી એકાંતવાસમાં ધકેલી દેવામાં આવ્યા. પોતાના ઉપરી લશ્કરી અફસરોની ખફામરજી, કોપ અને અમાનુષી અત્યાચારની પરવા કર્યા વિના જ એમણે આમરણાંત ઉપવાસ ચાલુ રાખ્યા. લશ્કરી અફસરોએ શ્રી બારોટને શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં કંઈ જ કસર રાખી નહીં.બંદૂકના બેયોનેટથી એમના પગની પીંડીઓ ચીરી નાંખવામાં આવી. રાયફલના કુંદા અને ફટકાથી એમને ખૂબ જ ત્રાસદાયક માર મારવામાં આવ્યો. પરિણામે પગે તો છ ઈંચ જેટલા ઉંડા ઘા પડી ગયા. હાલવા-ચાલવાના હોશ ગુમાવી દેધેલ પ્રવીણચંદ્ર મરવાના વાંકે જીવી ગયા. પરંતુ પોતાના પગનો ઘા જીવનભર એમને યાદ અપાવતો રહ્યો. એકાંતવાસ-કેદ, ઉપવાસ, તેમજ ભયંકર મારને લીધે શ્રી બારોટ માનસિક સંતુલન ગુમાવ્યું. એમની સારવાર કરી ફરી સ્વસ્થ થતાં તેમના પર માર્શલ-લો અનુસાર લશ્કરી શિસ્તભંગનાં અને વિદ્રોહ કરવા માટેનાં પગલાં લેવાનું લશ્કરી અદાલતે નક્કી કર્યું. કેદખાનામાં પણ ભયંકર રાજદ્રોહી ગુનેગાર તરીકે એમને કડક જાપ્તા નીચે અન્ય કેદીઓથી અલિપ્ત રાખવામાં આવ્યા. એમની સતત ચિત્તભ્રમ-અર્ધપાગલ અને બિમાર અવસ્થાને લીધે ડૉક્ટરો અને લશ્કરી અધિકારીઓએ છેવટે એમને પાગલ જાહેર કરી છોડી મૂક્યા.

આ બાબતનો સ્પષ્ટ ઉલ્લેખ કરતાં શ્રી પ્રવીણચંદ્ર બારોટ જાતે જ નોધે છે કે ''આ સખત જુલમ અને એકાંતવાસી મારા મગજ પર ખૂબ જ અસર થઈ. પરિણામે હું શૂન્યમનસ્ક થઈ ગયો. તેથી એ લોકોએ (અંગ્રેજોએ) મને ઈનવેલીડ આઉટ ઑફ સર્વીસ કરીને કાઢી મૂક્યો.'' (તા. ૧૭-૩-૧૯૭૫ની શ્રી પી. સી. બારોટે ભારત સરકારને કરેલી અરજી અનુસાર) આમ, સરકારની ગોળીથી વિંધાઈ મરવા કે દેહાંતદંડની સજા પામવાને બદલે પ્રબળ દૈવયોગને લીધે શ્રી બારોટને કેદમુક્ત થવાની તક મળી.

પોતાની જાતનું કે કપડાંલત્તાનું ભાન ગુમાવી દેનાર શ્રી બારોટ ચિંથરેહાલ અવસ્થામાં ઠેરઠેર ભટકવા લાગ્યા. એ સ્થિતિમાં એમનાં કપડાંમાંથી વતનથી આવેલ એક પત્ર મળી આવતાં કોઈકે એમના ઘેર શ્રી બારોટની આ અવસ્થાની જાણ કરી. જેને આધારે એમનાં કુટુંબીજનો એમને ભાગલપુરથી આણંદ લઈ આવ્યાં. અહીં મિશન હોસ્પિટલમાં ડૉ. કુકની લાંબી સારવાર અને આપ્તજનોની સ્નેહભર હુંફને લીધે ધીરે ધીરે સ્વસ્થ થયા. પરંતુ સરકારી નોકરી કે એના લાભો તેમણે ગુમાવી દીધા હતા. આ

સમયે દેશ બ્રિટિશ ગુલામીમાંથી મુક્ત થઈ ચૂક્યો હતો. સ્વસ્થ થયા પછી આ સમાચારે એમને સૌથી મોટી રાહત પહોંચાડી. ફરી પાછા તેઓ નવી જિંદગી જીવવાના નિર્ધાર સાથે શિક્ષકની નોકરી તરફ વળ્યા. ૧૯૫૬માં સેલટેક્સ ઈન્સપેક્ટર તરીકે નોકરી કરવાની તક મળતાં શિક્ષકનો વ્યવસાય ત્યજી સ્થાયી થવાની ગણતરી સાથે અમદાવાદ આવ્યા. પોતાની ધગશ, આવડત અને અદમ્ય ઉત્સાહને લીધે ખાતાકીય પરીક્ષા પાસ કરીને ઑફિસર તરીકે બઢતી પામ્યા. સાથે સાથે એલ.એલ.બી.નો અભ્યાસ (૪૩ વર્ષે) પૂર્ણ કરી કાયદાના સ્નાતક પણ થયા. પોતાના પરિવાર સાથે કૌટુંબિક જીવન જીવતાં એમનામાં રહેલો સર્જક-કવિ જાગૃત થયો.અંગ્રેજી ભાષા પર સારો કાબૂ હોવાથી 'My Sweet Roses' નામનો કાવ્યસંગ્રહ (અંગ્રેજીમાં) તૈયાર કરી પ્રકાશિત કર્યો. જે ભારતના રાષ્ટ્રપતિ, ઉપરાંત અન્ય મહાનુભાવો અને સાહિત્યકારોએ વખાણ્યો. અમેરિકન પ્રમુખવતી ત્યાંની એલચી કચેરીએ આ કવિતાઓ માટે શ્રી પ્રવીણચંદ્રને અભિનંદન પાઠવ્યાં. એનું પ્રથમ કાવ્ય –

'Pluck me not, man ! For I am rose,
My lovely colours Shall In return decorate thee.'

– સારી પ્રસંશા પામ્યું. આવા બહારથી કઠોર છતાં અંદરથી કોમળ એવા શ્રી પ્રવીણચંદ્રએ ૬૨ વર્ષની વયે ૨૨-૮-૧૯૭૭ના રોજ સંસાર ઉપવનને પાછળ છોડી સ્વર્ગની વાટ પકડી અને ભારતમાતાએ એક સપૂત ગુમાવ્યો.

શ્રી પ્રવીણચંદ્રની ઉપરોક્ત કથનીથી પ્રભાવિત થઈને, તા. ૧૨-૧૦-૭૬ના ગુજરાત સમાચારમાં 'પ્રસંગપટ'માં શ્રી પ્રવીણચંદ્ર માટે 'બળવાખોર બારોટ'ના શીર્ષક નીચે રેંટિયા બારસ-ગાંધીજયંતીના પર્વ નિમિત્તે છપાયેલ લેખમાં નોંધવામાં આવ્યું કે '૧૯૪૨ની જેલ (યાત્રા) દરમિયાન ગાંધીજીએ આગાખાન પેલેસમં ઉપવાસ કર્યા ત્યારે તેની સાથે લશ્કરમાં આમરણાંત ઉપવાસ કરનાર... બ્રિટિશ લશ્કર રહીને અફસરોની ખફગી અને બરતરફી વહોરી લે (તેવા) એક ગુજરાતી જુવાનનો કિસ્સો તો પ્રથમવાર જ શ્રવણગમ્ય થયો છે. શ્રી બારોટ જેવા જર્વાંમર્દોની વીરતા તારીફ લાયક એટલા માટે છે કે ભાવીની પરવા કર્યા વગર (માત્ર) અંતરાત્માના અવાજને અનુસરનાર આવા વિરલા કેટલાં ? આ સંદર્ભે જોઈએ તો ખુદાઈ ખિદમતગારોની ટૂકડી પર ગોળીબાર કરવાનો ઈન્કાર કરનાર ગઢવાલની ટુકડીની ગૌરવગાથા પણ ઈતિહાસનાં પાનાં પર રોશન થઈ છે. ૧૯૪૨માં આવા અન્ય પ્રસંગો બન્યા હતા (કે) નહિ તેની જાણ નથી. પરંતુ શ્રી બારોટના ઉદાહરણ પછી એટલું તો અવશ્ય પ્રતીત થાય છે કે સ્વાતંત્ર્ય સંગ્રામનો પડઘો લશ્કરમાં પણ પડ્યો હતો.... દેશમાં (આજે જ્યારે) ગાંધી જયંતી ઉજવાઈ રહી છે ત્યારે જાન-ફેસાનીની આવી કથાઓ પણ આપણે સ્મરીએ...''[૬૩]

માતૃભૂમિના સન્માન કાજે આવી જાનફેસાની વહોરનાર જવાંમર્દ સૈનિકો સ્વદેશવાસીઓ આ રીતે સ્મરણાંજલિ અર્પે એથી મોટો બીજો કયો ઇલ્કાબ હોઈ શકે?[૬૪] મા-ભારતીના સ્વાતંત્ર્ય સન્માન અર્થે કોઈ જ પરવા કર્યા વગર સામી છાતીએ લડી છૂટેલા આ બ્રહ્મભટ્ટ સપૂતને આપણે શતશત વંદન કરીને ધન્ય બનીએ.

(**નોંધ :** બીજી આવૃત્તિ વેળાએ નવા ઉમેરેલા જ્ઞાતિના જ્યોર્તિધરોની વિગત હવે જોઈશું.)

•



**દાનવીર શેઠ સ્વ.શ્રી ભગવતીપ્રસાદ ડી. રાવ**

**(૧૯૨૬-૨૦૧૭)**

**❖ જન્મ-ઉછેર અને સંસ્કાર સિંચન :**

શ્રી ડાહ્યાભાઈ રાવ (ખંભાત)ના પરિવારમાં તા.૦૯-૧૧-૧૯૨૬ના રોજ ભગવતીપ્રસાદનો જન્મ થયો. શેઠશ્રી ભગવતીપ્રસાદના પિતાશ્રી ધાર્મિકવૃતિના, સરળ હૃદયના, ઋજુ હૈયાના, લાગણી સભર અને અતિશય સજ્જન. બીજાનો વધુ વિચાર કરે, દુઃખીને જોઈ કરુણા છલકાય અને ઉપયોગી થવાનો પ્રયત્ન કરે. ભૂખ્યાને અન્ન, તરસ્યાને જળ અને જરૂરિયાતવાળા સૌને સ્વજન લાગે તેવો ડાહ્યાકાકાનો સ્વભાવ. બાળ ભગવતી માંડ માંડ ડગલાં ભરવા માંડ્યા હતા અને અચાનક ડાહ્યાકાકાના ઘરમાં જાણે વીજળી ત્રાટકી, એમનાં ધર્મપત્ની કાશીબા વૈકુંઠવાસી થયાં.

તત્કાલિન ગુજરાતની સમગ્ર બ્રહ્મભટ્ટ જ્ઞાતિમાં ખંભાત ઊંચું સ્થાન ધરાવતું હતું. એ જમાનામાં પુરુષોને તમામ નીતિ-નિયમોમાંથી મુક્તિ હતી. સ્ત્રીના મૃત્યુ પછી સ્મશાનમાં જ સગાઈ થઈ જાય તેવો સમય હતો. પરંતુ ડાહ્યાકાકા ટસના મસ ના થયા. માના જવાથી ખાલી પડી ગયેલા ઘરમાં અમીસિંચન કરી બાળ ભગવતી માટે જીવનબાગ મહેકતો કરવાનો એમણે સંકલ્પ કર્યો.

એ સમયે તેઓ ત્રીસ રૂપિયાનો ટૂંકો પગાર મેળવતા. જેમાંથી નિયમિત રીતે પાંચ રૂપિયા ધર્માદાકાર્યમાં અચૂક વાપરતા. બાકીના પચીસ રૂપિયા માતા જીબાબાના હાથમાં મૂકતા. પત્ની વૈકુંઠવાસી થયા પછી બાળકમાં સંસ્કાર સિંચન કરવા તેઓ સતત સજાગ રહેતા. જીવમાત્રમાં પ્રભુનાં દર્શન કરતા અને તેમની સેવામાં જીવન વ્યતિત કરતા.

એક વખત તેઓ બીમાર પડ્યા અને એમ લાગ્યું કે, હવે થોડી પળના જ મહેમાન છે ત્યારે પુત્રે પિતાને તેમની કોઈ ઈચ્છા હોય તો જણાવવા કહ્યું. ધાર્મિકવૃતિના પિતાએ ભગવતીલાલને કહ્યું, તું ખંભાતમાં આવેલ સિદ્ધનાથ મહાદેવમાં અન્નક્ષેત્ર ચાલુ કર. આજ્ઞાપાલક પુત્રે તેનો તુરંત જ અમલ કર્યો. જો કે ત્યારબાદ ડાહ્યાકાકા પછી સાજા થતા ગયા, છતાં પિતાની ઈચ્છાને નજર સમક્ષ રાખીને એમણે આજીવન આ અન્નક્ષેત્ર ચાલુ રાખ્યું.

**● ખંભાત ખાતે જ્ઞાતિના સર્વપ્રથમ નગરસેવક :**

શ્રી ભગવતીપ્રસાદના હૈયામાં સેવા કરવાનો એક અદમ્ય સંકલ્પ હતો. આ માટેનો અવસર ઈ. સ. ૧૯૫૨ની ખંભાત નગરપાલિકાની ચૂંટણીઓએ પૂરો પાડ્યો. તેમણે ચૂંટણીમાં ઝંપલાવ્યું અને ભારે બહુમતીથી ચૂંટાઈ આવ્યા. ખંભાતમાં નાની વયે તેઓ સર્વ પ્રથમ બ્રહ્મભટ્ટ કાઉન્સિલર બન્યા. આ દરમિયાન તેમણે અનેકવિધ સેવાનાં કર્યાં. સામાન્ય જનતાને એમની સેવાનો પૂરતો લાભ મળે તે રીતે કામો પાર પાડ્યાં પરિણામે તેમની લોકપ્રિયતા વધી.

ઈ. સ. ૧૯૫૭માં ફરી વાર નગરપાલિકાની ચૂંટણીઓ આવી તેમાં પણ તેઓ જંગી બહુમતીથી ચૂંટાઈ આવ્યા. ખૂબ તમન્નાથી સેવાકાર્યમાં જોડાયા, સેવાભાવનાના સંસ્કારથી ભીંજાયેલા ભગવતીલાલને સેવાકાર્યમાંથી મેવા મેળવવાનો વિચાર સ્પર્શ્યો નહોતો, એ વાત નોંધવી જ રહી.

**● સાહસિકશ્રી ભગવતીલાલ :**

૧. શ્રી ભગવતીપ્રસાદમાં રહેલી અદમ્ય સાહસવૃત્તિનાં દર્શન આપણને તેમની અત્રે નોંધેલ કેટલીક પ્રવૃત્તિઓમાંથી મળી રહેશે.

૧. ખંભાતથી અજંતા-ઈલોરા સુધીનો માઈલનો મિત્રો સાથેનો દિવસ લાંબો સાઈકલ પ્રવાસ.

૨. ખંભાતથી આબુ પર્વત સુધીનો મિત્રો સાથેનો સાહસિકતાપૂર્ણ સાઈકલ પ્રવાસ યોજી, તેમાં નવયુવાનોને સાથે લઈ અનેકવિધ તકલીફો છતાં ઉત્તમ રીતે પૂર્ણ કર્યો.

૩. નર્મદાના કિનારાનો પ્રવાસ ગોઠવ્યો અને સાથી મિત્રો સાથે સંપન્ન કર્યો.

૪. પાલનપુરથી અમીરગઢ વચ્ચે ઉમરદશી આગળનો રેલવેબ્રિજ સાઈકલ પર બેસી પસાર કરતા હતા ત્યાં જ સામેથી ગાડી આવતી દેખાઈ અને પળનાય વિલંબ વિના શીઘ્ર નિર્ણય કરી તમામ સાથીદારોને સાઈકલ

સહિત નદીના પટમાં કૂદી પડવા કહ્યું અને પોતે સૌથી છેલ્લે સેનાપતિની જેમ કૂદ્યા.

૫. ખંભાતના દરિયા નજીક લાકડાની લાટીઓમાં ભયાનક આગ ભભૂકી ઊઠી. નજીકમાં ક્યાંય પાણી ન મળે. સૌ કોઈ ચિંતામગ્ન થઈ શું કરવું એવા વિચારમાં અટવાયા હતા ત્યારે ભગવતીલાલે ત્યાં જે સાધનો ઉપલબ્ધ હતાં તેનો ઉપયોગ શરૂ કરી દીધો . જોતજોતામાં હાજર સૌ આ કાર્યમાં જોડાઈ ગયાં સૌના સાચા દિલના પ્રયાસથી આગ તો હોલવાઈ ગઈ, પરંતુ અતિશય શ્રમ અને ગૂંગળામણના કારણે ભગવતીલાલ બેભાન થઈ ગયા. જીવની પરવા કર્યા વિના જોખમ વહોરનારા આ સાહસિકનો આવો જ પરિચય જીવનભર થતો રહ્યો છે.

૬. એક વખત ખંભાતની ત્રણ સગીર બાળાઓને એક અસામાજિક ટોળકી ઉપાડી ગઈ. ભારે પ્રયત્ન છતાં તેનો પત્તો લાગ્યો નહીં ત્યારે જવાંમર્દ ભગવતીલાલે બાળાઓને ઉઠાવી જનાર ટોળકીનું પગેરું શોધી કાઢી છેક દિલ્લીની ઝૂંપડપટ્ટીમાંથી એમને પાછી લઈ આવવાનું ભગીરથ અને અદ્દભુત કાર્ય કરી બતાવ્યું.

૭. ઈ. સ. ૧૯૪૭ની ૧૫મી ઑગસ્ટ એટલે આઝાદીનો દિવસ, ચોતરફ આનંદ અને ઉલ્લાસનું વાતાવરણ. ચૌટે અને ચોટે નગર અને શહેરોમાં દરેક વ્યક્તિ સ્વતંત્ર ભારતનો ધ્વજ ફરકાવવા અને ધ્વજવંદન કરવાનો માહોલ. ખંભાતના ઝંડા ચોકમાં પણ આ આનંદ અવસરનાં વધામણાં લેવાયાં. ધ્વજની દોરી ખેંચાઈ, પણ ધ્વજ ફરક્યો નહીં. સૌ કોઈ શું કરવું તેનો વિચાર કરતા જ હતા, ત્યાં ટોળામાંથી એક યુવાન દોડતો આવ્યો અને આંખના પલકારામાં સ્તંભ ઉપર ચઢી ગયો. બાંધેલો ધ્વજ છોડી દીધો અને સડસડાટ નીચે ઊતરી ગયો. ધ્વજ લહેરાવવા લાગ્યો. ખંભાતના ઝંડાચોકમાં એકઠી થયેલી મેદની એ ભગવતીને આવા ત્વરિત નિર્ણય દ્વારા હિમંતભેર કામ કરવા બદલ હર્ષનાદથી વધાવી લીધો.

૮. તાત્કાલિન ભારતમાં સેવાદળ એ રાષ્ટ્રપ્રેમનું પ્રતિકરૂપ સંસ્થા. રાષ્ટ્રસેવાની ધૂનવાળા લોકોની તે ઇચ્છિત જગ્યા હતી. વાસ્તવમાં તે કોંગ્રેસનુ એક યુવાદળ વાસ્તવમાં તે સંગઠન હતું. બાળ ભગવતી આ સેવાદળમાં જોડાયા. હોમગાર્ડના બહાદુર કમાન્ડર રાવજીભાઈના હાથ નીચે કાર્ય કરતા રહ્યા. ખુદ બહાદુર હોય અને બહાદુરીના પાઠ

શીખવાડનારનું સબળ માર્ગદર્શન હોય, પછી તો પૂછવું જ શું? ભગવતીલાલની બહાદુરી અને જાંબાજી જોતજોતામાં ઝળકી ઊઠી.

૯. ઑગસ્ટ ૧૯૪૭માં ભારતમાંથી અંગ્રજોના ગયા પછી પણ દરિયાકાંઠાના થાણામાં અડિંગો જમાવીને બેઠેલા પોર્ટુગીઝો જવાનું નામ લેતા ન હતા. એમને દૂર કરવાનો એક જ રસ્તો હતો સશસ્ત્ર આક્રમણનો. દાદરા-નગર હવેલીનો વિસ્તાર તેમના હાથમાં હતો. આ પ્રદેશોની મુક્તિ માટે પ્રયત્ન કરવો જરૂરી હતો. શાંત મિશનને અસર ના થાય તે માટે આ આખી યોજના ગુપ્ત રીતે આગળ વધારીને પાર પાડવાની હતી. ચુનંદા સશસ્ત્ર જવાનો સ્થાનિક બળવાખોરોનો વેશ ધારણ કરી થાણા પર હલ્લો બોલાવે અને કબજો કરી ધ્વજ ફરકાવે એમ નક્કી થયું. બહાર બધાંને સ્થાનિક રહેવાસીઓએ જ બળવો કર્યો છે, એમ લાગે ભારતની છાપ બગડે નહિ, તેવી મુસદ્દીગીરીભરી યોજના ગોઠવાઈ. ભગવતીલાલ પોતાનું નામ બદલીને ચુનંદા સૈનિકો સાથે એમાં ગોઠવાઈ ગયા. તેઓને સરહદ પર છોડી દેવાયા. મધ્ય રાત્રિએ હુમલો કરવાનો હતો. પહેલેથી નક્કી થયા મુજબ ભડકો થયો અને ચારે દિશાએથી આક્રમણ શરૂ થઈ ગયું. થોડા સમય માટે દાદરા અને નગર હવેલીનો કબજો ભગવતીલાલ પાસે રહ્યો. છેવટે ભારત સરકારે તેનો હવાલો સંભાળી લેતાં આ લડતનો અંત આવ્યો. આઝાદ ભારતના ઇતિહાસમાં આવું એક નવું પ્રકરણ ઉમેરવામાં શ્રી ભગવતીપ્રસાદનો ફાળો મહત્ત્વનો અને યાદગાર બની રહ્યો.

૧૦. **મહત્ત્વનો જીવન વળાંક :** ભગવતીલાલ રાજકારણમાં સત્તા મેળવી સેવા કરવાનો માર્ગ સ્વીકારી ચૂક્યા હતા. નગરપાલિકામાં મળેલી જંગી બહુમતી અને લોકપ્રિયતાથી તે રાજી હતા.

ઈ. સ. ૧૯૬૨માં ગુજરાત વિધાનસભાની ચૂંટણી આવી મહાગુજરાતની ચળવળને આ ચૂંટણીમાં મુખ્ય મુદ્દો બનાવાયો. કોંગ્રેસના સંનિષ્ઠ અને કાર્યનિષ્ઠ સેવક બાબુભાઈ જશભાઈ પટેલ ભગવતીલાલના મિત્ર હતા. ખંભાત તેમનું કાર્યક્ષેત્ર હતું. પોતે ભારે બહુમતીથી જીત્યા હોવાથી તેમણે બાબુભાઈને પણ ખંભાતથી ચૂંટણી લડવા નિમંત્રણ આપ્યું અને જીતાડવાની ખાતરી આપી. પરંતુ આ ચુંટણીમાં બાબુભાઈ જશભાઈ પટેલ હારી જતાં ભગવતીલાલને જબરજસ્ત આઘાત લાગ્યો. પક્ષના જ વિરોધીએ બાબુભાઈને હરાવ્યા.

બાબુભાઈ જેવો સંનિષ્ઠ સેવક હારી જાય તો મારા જેવા ગરીબ માણસનું શું? બસ, એ જ એક વિચારને લીધે અને એ જ સમયે એમણે રાજકારણને તિલાંજલિ આપી. પૈસા જ મહત્ત્વના છે અને જીવનમાં આગળ વધવા ઉપર વધવા પૈસાથી વધારે મહત્ત્વનું બીજું કંઈ જ નથી. તે વાત તેઓ હવે અનુભવથી બરાબર સમજી ચૂક્યા હતા. આ પરિસ્થિતિમાં તેમને પૈસાની અછત અને અભાવ ખૂબ જ સ્પર્શી ગયા. એમણે હવે મનમાં દઢપણે સંકલ્પ કર્યો કે હવે અઢળક પૈસા કમાવા અને પૈસાની શક્તિને મુઠ્ઠીમાં રાખીને જીવનમાં ખૂબ આગળ વધવું.

૧૧. **ભોમિયા વિનાને મારે ભમવા'તા ડુંગરા :** એ વખતે શ્રી ભગવતીપ્રસાદ સોળ-સત્તર વર્ષની ઉંમર ધરાવતા હતા. મનમાં એવી ઇચ્છા હતી કે, કાયમી ધોરણે આજીવિકા મળે તેવું કંઈ શીખવું. ખંભાતમાં એ વખતે ઝવેરાતના – હીરાના કટિંગ અને પોલિશનું કામ પૂરબહારમાં ચાલતું હતું. ભગવતીલાલને થયું કે આ કૌશલ્ય શીખવા જેવું છે. તેમણે પોતાના પરિચિત એવાશ્રી લાલાકાકાના ત્યાં પ્રકારનું પરચૂરણ આ કામ કરવાનું શરૂ કર્યું. એમની ધગશ, મહેનતુ સ્વભાવ, પ્રામાણિકતાને લીધે તેમનામાં શેઠને વિશ્વાસ બેઠો. આ કામમાં બે વર્ષ વીત્યા પછી ત્રીજે વર્ષે, મહિને પચાસ રૂપિયાનો પગાર મળતો થયો. સાત વર્ષ સુધી આ ક્ષેત્રમાં યોગ્ય રીતે તાલીમ લીધા પછી કટિંગ અને પોલિશિંગના કાર્યમાં એમણે ઠીક ઠીક એવી નિપુણતા પ્રાપ્ત કરી. હવે ભગવતીપ્રસાદ કામકાજ મેળવવા અને કમાવા માટે આતુર બન્યા. મૂળ એમનું ભણતર ઓછું અંગ્રેજીનું જ્ઞાન તો સાવ નહિવત્. આમ છતાં સ્વદેશના બદલે પરદેશમાં તકલીફ વેઠીને પણ કમાવાનું તેમણે સ્વીકાર્યું. ભારતના સ્વાતંત્ર્યકાળમાં બ્રિટિશ કોમનવેલ્થના દેશોએ એ વખતે નક્કી કર્યું કે ૩૦-૬-૧૯૬૨ સુધી આ દેશોના નાગરિકો માટે જવા માટે વિઝાની જરૂર નથી. ત્યારબાદ આ પ્રક્રિયા ફરજિયાત બની રહેશે. આ સમાચાર સાંભળી આપેલી તકને વધાવી લેવા માટે સાહસવીર શ્રી ભગવતીલાલ આતુર બની ગયા. એ સંજોગો જોતાં જણાય છે કે પોતે ગામમાં તો સ્થિર થયા નથી, માંડ માંડ ડગ માંડ્યાં છેઅને એમાં પણ અસંખ્ય વિઘ્નોનો સામનો કરવાનો વખત આવ્યો છે, એવામાં આ ભડવીર પરદેશ જવા નીકળ્યો.'' તાજુબ થાય તેવો સંકલ્પ હતો. તે વખતે લંડન જવા માટે ઈરાન એરવેઝની ટિકિટ સસ્તામાં સસ્તી હતી, જે સાડા ત્રણ સો રૂપિયામાં મળતી હતી. પોતાના ગજવામાં માત્ર

ત્રણ પાઉન્ડ જ હતા. (એ વખતના વિનિયમ દર મુજબ માત્ર ૩૯ રૂપિયા) આવી મોટી મૂડીના માલિક હતા ભગવતીલાલ !!! છતાં છાતીના જોરે આ ભડવીરે સાહસ યાત્રાનાં શ્રી ગણેશ કર્યાં.

**પરદેશ તરફ પ્રયાણ**

અજાણ્યા લોકો, અજાણી ભૂમિ અને ત્રણ પાઉન્ડની જૂજ મૂડી સાથે ભગવતીલાલે પરદેશની ભૂમિ પર પગ મૂક્યો.

આમ તો જીવનના આરંભથી જ કઠણાઈ ભાગ્યમાં હતી, પરંતુ તેમનામાં રહેલો આત્મવિશ્વાસ ભારે હતો, શ્રદ્ધા જીવંત હતી અને પરિશ્રમ કરવાનો દૃઢ મનસૂબો હતો. આ માનવીને જોઈને અમેરિકાના ગાંધીવાદી નિગ્રો નેતા માર્ટિન લ્યુથર કિંગની એક કવિતા અત્રે ટાંક્યા વિના રહેવાતું નથી. (જેનો અનુવાદ પિનાકિન ઠાકરે કર્યો છે.)

**''સતત ગણગણતા રહીએ તો પણ, આપણે પાર ઊતરી જઈએ,**
**અમે પહોંચી જાશું પાર, અઢળક શ્રદ્ધાને આધાર,**
**અમે પહોંચી જાશું પાર.''**

શ્રી ભગવતીલાલે ઈ. સ. ૧૯૬૨માં જ્યારે ખંભાતની ભૂમિ છોડી ત્યારે તેઓ કટિંગ અને પોલિશિંગના કાર્યમાં સારી એવી નિપુણતા ધરાવતા હતા. ઘણી મહેનત અને અથાગ પરિશ્રમ પછી પણ લંડનમાં કામ મળશે નહીં એવું એમને લાગતું હોવાથી અહીં આવીને આર્થિક ઉપાર્જન માટે હોટલની નોકરી કરી, મજૂરી પણ કરી, પરંતુ હીરાના કામ અંગે કેળવેલું કૌશલ્ય બતાવવાની મહેચ્છા પૂરી થાય તેવું લાગતું નહોતું. છતાં મનથી તેઓ બિલકુલ મક્કમ હતા. ભાગ્યનો દરવાજો ખૂલશે જ એ ભરોસે તેઓ સતત દોડતા જ રહ્યા. એવામાં તેમના એક મિત્રે લંડનને બદલે પેરિસ જવાનુ સૂચન કર્યું. એક મહિનો અજમાયશી ધોરણે કામ કરવા અને જો કામ પસંદ પડે તો વધુ કામ આપવાની શરતે ભગવતીલાલ ફ્રાન્સની રાજધાની પેરિસ પહોંચ્યા.

થોડું ભણેલા આ ભારતીય યુવાનનો હસમુખો ચહેરો તેઓ જેમની પાસે તે જાય તે સૌને ગમી જાય તેવો હતો. એટલે જ પેરિસ જેવા અજાણ્યા શહેરમાં થોડા સમયથી જ આવીને રહેલા ભગવતીલાલને ટિલીસ ફેમિલી સાથે ઘેરોબો થયો હતો. તેમની સહાયથી જ વિશ્વના ઝવેરીબજાર જેવા પેરિસના ઝવેરાત કેન્દ્ર રુ-લાફાયતમાં તેઓને ઓફિસની જગા મળી.

પેરિસ ખાતે એમને હોટલમાં રહેવાનું હતું. એમનું કટિંગ અને પોલિશિંગનું કામ ત્યાં સૌને પસંદ પડ્યું અને પગાર ચાલુ થઈ ગયો. હવે અઠવાડિયે પચાસ ડોલર મળતા થયા.

પેરિસના ઝવેરી બજારમાં દુનિયાભરના ઝવેરીઓ આવે. જાતજાતનાં અને ભાતભાતનાં રત્નો, ડિઝાઈન વગેરે જોવા મળે. બજારના અવનવા અનુભવ થાય. ભગવતીલાલની મહેનત અને ધગશ ધીરે ધીરે રંગ લાવવા લાગી.

આ દરમિયાન સંદેશો મળ્યો કે રહોડેશિયા નામના આફ્રિકન દેશમાં પન્નાની ખાણ નીકળી છે. પેરિસમાં આવ્યાને અગિયાર મહિના થયા હતા. આ ધંધાની અનેક આવડતો તેમણે હવે શીખી લીધી હતી. ટિલીસ દંપતીના પ્રેમ, સ્નેહ, હૂંફથી અહીં સરળતાથી જીવાતું હતું. આવી અનુકૂળતા થઈ ચૂકી હતી એ વાત સાચી, પરંતુ જિંદગી આખી નોકરી કરવી  નથી એ ભગવતીલાલનો મનોમનનો નિર્ણય હતો.

હવે પરિસ્થિતિ બદલાઈ હતી. ત્રણ પાઉન્ડની મૂડી વધીને ચાર હજાર ડોલર થઈ હતી. ઉત્કૃષ્ટ કારીગર તરીકેનું નામ (ક્રેડિટ) પણ થયું હતું. હવે રત્નોના કટિંગ-પોલિશિંગને બદલે તેમને જમીનમાંથી રત્નો કાઢવા અને તેનો વેપાર કરવામાં રસ જાગ્યો. આ કામનો અનુભવ નહોતો, પણ કામ કરવાની તમન્ના, આત્મવિશ્વાસ અને ઈચ્છા ખૂબ જ હતી. વધુમાં પાંચ સો ડોલરના ટ્રાવેલર્સ ચેક પણ તેમની પાસે હતા. તેને જોરે ઈ. સ. ૧૯૬૪માં  તેઓ નૈરોબી ભાગ્ય અમજાવવા ઉપડ્યા.

**નૈરોબીમાં ભગવતીલાલ :** લંડન અને પેરિસના કામ પછી વધેલા આત્મવિશ્વાસ તેમજ હિમંત સાથે ભગવતીલાલ નૈરોબીમાં આવ્યા. નૈરોબીમાં કોઈ ઓળખાણવાળું નહીં. અહીં દુનિયાભરમાંથી આવીને ઘણા લોકો વસ્યા હતા. પોતાના વતનથી આવેલ અજાણ્યા લોકોને મદદ કરવાની ભાવનાથી અહીં વસેલા લોકો વતનથી આવેલ સ્વજનને નોકરીએ લગાડે. ઠેકાણું પડે નહીં ત્યાં સુધી રોટલા-ઓટલાની જોગવાઈ પણ કરી આપે. આવા એક ખંભાતવાસીને ત્યાં ભગવતીલાલ ઊતર્યા. ત્યાંથી હવે રહોડેશિયા જવાની પોતાની યોજના અંગે એમને વાત કરી. સમજણ મેળવી. એક મિત્રને ત્યાં રોકાયા. તેમની બિયરની દુકાન હતી. ખાણમાં કામ કરતા મજૂરો બિયર પીવા આવે. રમત રમતમાં ખાણમાંથી બે ચાર પથ્થર લેતા આવે. આ પથ્થર માત્ર લોકોની જ નહિ, પરંતુ આખા પથંકની તાસીર બદલી નાખવાના છે તે વાતની આ બિચારા હબસી ખાણિયાઓને ક્યાંથી ખબર હોય ! એવામાં એક મિત્રે ભગવતીલાલને બસો ડોલર ઉછીના આપ્યા. તેમાંથી તેમણે આવા પથ્થર ખરીદ્યા. ગુણવત્તાની તો ભગવતીલાલને પણ ખબર ન હતી. લીલા રંગની ઝાંયવાળા આ પથ્થરો રત્નો, પન્ના તરીકે ઓળખાય છે. તેનું કટિંગ-પોલિશિંગ કરતાં તે આકર્ષક અને  મૂલ્યવાન બની રહે છે તેવી તેમને થોડીક માહિતી હોવાથી લીધાં.

ત્યારબાદ ભગવતીલાલ ત્યાંથી ઝામ્બિયા આવ્યા. અહીં પણ પન્નાના અખૂટ ભંડાર પથરાયેલ હતા. કીટવે શહેરની આજુબાજુના વિસ્તારના ભૂગર્ભમાં પન્ના જ

ભરાયેલા હતા. ભગવતીલાલે અહીંની સરકાર પાસેથી જમીન ખરીદી. રત્નો મળે એવી એક આશા અનુભવના આધારે હતી, પરંતુ તેમ ન થાય તો? નકારાત્મક વિચારોને છોડી દીધા. સાહસ, આત્મવિશ્વાસ, જોખમ, તનતોડ મહેનત અને મા અંબા પરની અખૂટ શ્રદ્ધાને લીધે જાણે કે બધું કામ સરળ થવા લાગ્યું. આજપર્યંત ભગવતીલાલે કરેલા સંઘર્ષનું જાણે એકી સાથે વળતર મળતું હોય તેમ ખાણમાંથી પન્ના નીકળ્યા, જેની ગુણવત્તા સર્વશ્રેષ્ઠ હતી. આમ રાવસાહેબની ગાડી ચાલી નીકળી.

વાસ્તવમાં ત્યાંની તાંબાની ખાણમાંથી આ પન્ના આડપેદાશ તરીકે નીકળતા હતા. તાંબુ સરકારની માલિકીનું અને પન્નાની માલિકી ખાણ માલિકની એવો નિયમ હોવાથી ભગવતીલાલની કંપનીનો ધંધો ધમધોકાર ચાલતો થયો. સમગ્ર વિશ્વમાં રત્નોની નિકાસ અહીંથી થાય. સદ્‌નસીબે આ ખીણનાં રત્નો, વિશ્વમાં સર્વશ્રેષ્ઠ હતાં. પૈસો પૈસાને ખેંચી લાવે એ ન્યાયે અઢળક પૈસો આવવા લાગ્યો. હજારો-લાખોના બદલે કરોડોની આવક શરૂ થઈ. વડની વડવાઈઓ પણ વધીને થડ જેવી થવા લાગી. કિસ્મત બદલાઈ ગયું. કેન્યામાં કટિંગ અને પોલિશિંગનું કારખાનું ધમધોકાર ચાલવા લાગ્યું. સ્ટોર મબલક કમાણી કરાવતો થયો. વતનની યાદ સદૈવ હૈયામાં રાખી ચૂકેલા શ્રી રાવસાહેબે ખંભાતથી અનેક યુવાનોને અહીં લાવી કામે લગાડ્યા, જેથી તેઓ પણ સમૃદ્ધ થયા અને શ્રી ભગવતીપ્રસાદના ગુણ ગાવા લાગ્યા.

વાસ્તવમાં સેવા કરવાનો મનસૂબો, ઉપયોગી થવાની ભાવના, દેશદાઝ અને રાષ્ટ્રપ્રેમ ભગવતીલાલમાં ભારોભાર ભરેલાં હોવાથી પોતાના વતનના લોકોને જ નહીં પણ સ્થાનિક મજૂરોને પણ તેઓ દીકરાની જેમ સાચવતા. પોતાના માણસોને સાચવવાના આશયથી તેમણે માત્ર વ્યવસાયનો જ નહિ વિસ્તારનો પણ વિકાસ કર્યો. કર્મચારીઓનાં બાળકોનાં શિક્ષણ માટે ચાર સ્કૂલો બનાવવા જંગી દાન આપ્યું. પાણીની તકલીફ દૂર કરવા ઠેર ઠેર પાણીના હેન્ડપંપ મુકાવ્યા. અહીં મોટે ભાગે ખ્રિસ્તી ધર્મ પળાતો હોવાથી તેમણે ચર્ચ બનાવ્યાં. દવાખાનાં પણ બનાવ્યાં. ફલતઃ ભગવતીલાલ આ વિસ્તારમાં અત્યંત લોકપ્રિય થયા. સૌ કોઈ તેમનું અભિવાદન કરે, પોતાના સમજે, પણ વધુ પડતી લોકપ્રિયતા રાજસત્તાને ખટકે છેઅને તે કારણે ભગવતીલાલની પ્રગતિમાં રૂકાવટ આવી. ખાણ નહીં આપવાનું કહેતાં ભગવતીલાલ પર સરકાર ઉથલાવવાનું કાવતરું કરવાનો ગુનો કર્યાનું તેમ જણાવીને, તેમને જેલમાં પૂર્યા.

સમયે કરવટ બદલી. ભગવતીલાલ જેલમાં, તેમના વકીલો દોડાદોડ કરતા હતા. નવ મહિના પૂરા થતાં કેસ મુકાયો. અંતે નક્કી થયું કે, આ માણસ તો આપણા દેશમાં ઈન્ડસ્ટ્રી લાવ્યો છે, તેને શી રીતે પૂરી શકાય? ભગવતીલાલને નિર્દોષ છોડ્યા, પણ તડીપાર કર્યા. જેલમાંથી સીધા એરપોર્ટ પર મૂક્યા. તેમને કીટવે છોડવુ પડ્યું.

નૈરોબીમાં આવ્યા. અહીં ધંધો ચાલુ હતો, પણ કીટવેની ખાણનું શું? આર્થિક પરિસ્થિતિમાં ફેર પડે નહીં, એ વાત સાચી, પણ પીડા તો થાય જ ને?

સમયની ચાલ ગજબની હોય છે. ઈ. સ. ૧૯૯૧માં જેલવાસનો એક સાથીદાર ફ્રેડરીઝ ચિલુબા હવે ઝામ્બિયાનો પ્રમુખ થતાં, તેણે ભગવતીલાલને સન્માનપૂર્વક ઝામ્બિયા બોલાવ્યા. ભગવતીલાલને જેલમાંથી છોડાવવામાં મહત્ત્વનો ભાગ ભજવનાર એ તરવરિયા વકીલે શ્રી ભગવતીપ્રસાદને થયેલ અન્યાય નિવારવા યશાસંભવ પ્રયાસો કર્યા.

હાલમાં લગભગ ભગવતીલાલે એંસી વરસની મજલ કાપી છે. હવે તેઓ નિવૃત્તિની આનંદ માણવા ઈચ્છતા હોવાથી કારોબાર ધીમે ધીમે બંધ કરવાના આશયથી બધું વેચી માતૃભૂમિમાં સ્થાયી થવાનું વિચાર્યું છે. ત્યાં એમની કુલ ચાલીસ કરોડની મિલકત છે. જેનો માત્ર દસ કરોડમાં જ સોદો થઈ ચૂક્યો છે. ત્યારે પ્રશ્ન થાય કે આવું કેમ? તો તેની સામે શ્રી રાવસાહેબનો જવાબ તૈયાર જ છે. ‘‘દેશ છોડ્યો ત્યારે ખિસ્સામાં માત્ર ઓગણચાલીસ રૂપિયા જ હતા. મા અંબાની કૃપાથી જે મળ્યુ તે મારે માટે બસ છે !

**શ્રીરાવ સાહેબના ઘર-સંસારની સંક્ષિપ્ત ઝલક :**

ઘરની સ્થિતિ સામાન્ય, અભ્યાસ પણ સામાન્ય એવા શ્રી ભગવતીલાલના પિતાશ્રી ડાહ્યાલાલના ઘરમાં દીકરી આપતાં કોઈ પણ દસવાર વિચાર કરે. આમ છતાં સદ્ગુણ સંપન્ન ડાહ્યાકાકાનું ઘર ધર્મિષ્ઠ ગણાતું હતું. ઉ. ગુજરાતના કલોલ ખાતે તેમની શાખ સારી હતી. એ જમાનામાં સંસ્કારી ઘર જોવાતાં હતાં. માટે ભગવતીલાલનું લગ્ન લીલાબહેન સાથે થયું. એમનાં પગલાં થતાં ઘરની સ્થિતિ બદલાઈ. વાસ્તવમાં સમગ્ર કુટુંબની પ્રગતિના પાયામાં ભગવદ્પરાયણ લીલાબહેનનું તપોમય જીવનતપ સાફ દેખાઈ રહ્યું છે. તેમની કુટુંબ સેવા, સમર્પણ, સહિષ્ણુતા, સાદાઈ, સૌજન્ય, આતિથ્ય-સત્કાર, પ્રેમ, પ્રસન્નતા આદિ સદ્ગુણો આ જમાનાની નારી માટે આશીર્વાદરૂપ અને અનુકરણીય છે. એમનો સંસ્કાર વારસો અદ્વિતીય છે.

પતિના અઢળક ધનનો સદ્ઉપયોગ થાય અને ધર્મકાર્યમાં વપરાય તે અંગે તેઓ વ્યવસ્થિત આયોજન કરતાં. ત્યારબાદ બચેલું ધન છૂટે હાથે વાપરતાં. ભગવદ્કૃપાથી મળ્યું છે અને ભગવદ્કાર્યમાં વપરાય તેમાં કંઈ વિશેષ નથી, એમ તેઓ માનતાં. ભગવતીભાઈ દોડે તેનાથી તેઓ વધુ દોડે અને સૌ કોઈને પ્રેમથી સાચવે, ભગવતીભાઈ કહે તે પહેલાં ઘરે આવેલા મહેમાનને પ્રેમથી જમાડે અને આતિથ્ય સત્કાર કરે. આપણે સૌ કોઈ એક પરિવારના છીએ તેવું માને અને સૌ કોઈ સાથે તેવી રીતે વર્તે. બોલવું અને માનવું એ કરતાં તે મુજબ વર્તવું ખૂબ અઘરું છે. આવી અઘરી વાત તેઓ અત્યંત સહજ ભાવે કરતાં.

સંસ્કારો અને વ્યવહાર વર્તનમાં સરળતા રહે તો માણસ અંહકારી બનતો નથી. લીલાબહેન માત્ર આદર્શ નારી જ નહીં પણ સૌજન્યતા અને કરુણાની જીવંત મૂર્તિ સમાં હતાં.

પોતાના સંસારમાં તેમને ત્રણ પુત્રીઓ છે. મોટી પુત્રી હર્ષદા (જન્મ ઈ. સ. ૧૯૫૧), બીજી પુત્રી ભારતી (જન્મ ઈ. સ. ૧૯૫૪) અને ત્રીજી પુત્રી નીલમ. ત્રણે દીકરીઓને એમણે હંમેશાં પિતાની પડખે, પુત્ર સમોવડી બનાવીને રાખી છે.

લીલાબહેને જીવનભર એકલવીર ભગવતીભાઈના હૈયામાં હિમંત આપી. પરિવારના કપરા કાળની ચિંતા કર્યા વગર પરદેશ જવાની હિમંત આપનારાં લીલાબહેન હંમેશાં પતિની પડખે રહી તેમને બળ પૂરું પાડતાં રહ્યાં.

સંસ્કારથી શોભાયમાન અને શાણી તથા સમજુ દીકરીઓએ સાસરે જઈ પોતાના માતપિતાની શોભા વધારી છે એટલું જ નહીં જમાઈઓ પણ તેમને પ્રેમ કરતા રહ્યા છે. ચારે બાજુ હર્યું ભર્યું વાતાવરણ અને સૌમાં ભળી જવાની ભાવનાથી લીલાબહેને દીકરીઓ જમાઈઓ ભગવતીભાઈની પડખે રહ્યા. એ ભગવાને આપેલું મોટું સુખ છે. આવો હર્યોભર્યો સંસાર મૂકીને લીલાબહેન અચાનક જ વૈકુંઠવાસી થયાં. ઝેરી મલેરિયા આ માટે નિમિત્ત બન્યો. બંને કિડની કામ કરતી બંધ થઈ ગઈ. ચાર-પાંચ દિવસ ડૉક્ટરો બહુ ઝઝૂમ્યા, પરંતુ ત્યાં જ અંતિમ શ્વાસ લીધો. મૃત્યુ શૈયાએ પોઢેલાં લીલાબહેનની અંતિમ વાત જાણવા જેવી છે.

''મારી જાત માટે મેં પૈસો વાપર્યો નથી, પણ હંમેશાં સમાજ માટે જ વાપર્યો છે.'' જીવનયાત્રાના આ ક્રમમાં તેઓ સદ્‌ગતિને પામ્યાં. પત્નીને પોતાના પતિમાં સર્વસ્વ દેખાય અને પતિને પોતાની પત્ની દેવી જેવી લાગે એ સુખી-આનંદી દામ્પત્યજીવનનો સુખદ ધબકારો ગણાયને !!.

શ્રી લીલાબહેન અને શ્રીરાવસાહેબના ગૃહસ્થાશ્રમની ચરમસીમા તો ત્યારે આવે છે જ્યારે ભગવતીલાલ આ સંદર્ભે કહે છે કે, ''જો પુનઃ જન્મ, જેવું કંઈ હોય તો મને જન્મોજન્મ આ જ પત્ની મળે.'' આવાં શ્રી લીલાબહેનના અકાળે થયેલા દેહાવસાનથી હાલમાં ભગવતીલાલ એકલા અને એકાકી બની ગયા છે, પરંતુ તેમના ફૂલ જેવા હૈયામાં પત્નીની મધુર યાદો, સમાજજીવનની ધન્યતા, ધાર્મિક વૃતિની સજ્જતા અને સેવાકાર્યની ભવ્યતા જેવાં અનુપમ તત્ત્વો અવિરત ધબકતાં રહીને એમને જીવનસાફલ્યનો અનુભવ કરાવતાં રહે છે.

અમૃતજીવનના આધારમય ભગવતીલાલને પ્રભુ જીવન સંધ્યાના પડાવ ટાણે શાંતિ અને સાફલ્યની હંમેશાં અદ્‌ભુત તેમજ અનેરી ઝાંખો કરાવતી રહે એ જ અભ્યર્થના.

**● દાનનો અસ્ખલિત વહેતો પ્રવાહ :**

માનવી હંમેશાં સુખ મેળવવા માટે અઢળક સંપત્તિનો માલિક થવા ખૂબ પ્રયત્ન કરે છે પરંતુ મેળવીને આપી દેવાની ભાવના બહુ ઓછાને હોય છે.

સદૈવ અતિ કઠિનાઈમાં જીવન વ્યતિત કર્યું અને અછતમાં ખૂબ સંઘર્ષ કર્યા હોય તેવા માત્ર ૩૯ રૂપિયાની મૂડી લઈને નીકળેલા એ યુવાન ભગવતીએ અઢળક ધન મેળવવાનો સંકલ્પ કર્યો એને તેને સાર્થક કરવા પરિશ્રમ કર્યો એ આખો ઘટનાક્રમ કલ્પનાતીત છે. ભાગ્યની રેખાઓ બદલાઈ. ત્રણ પાઉન્ડના ચારસો ડોલર અને ત્યાર બાદ એંસી હજાર ડોલરનો પહેલો સોદો થયો. પછી તો લક્ષ્મીદેવીએ આ પુરુષને અઢળક ધન આપ્યું.

ધનપ્રાપ્તિ પછી પણ તેમણે પોતાના સમાજ માટે, પોતાના ગામ માટે, પોતાની જ્ઞાતિ માટે, પોતાના રાષ્ટ્ર માટે, ગરીબોના અભ્યાસ માટે, ત્યકતા-વિધવા બહેનો માટે, ધાર્મિકસ્થાનો માટે યાદ કરી કરીને છૂટા હાથે દાન આપ્યુ છે.

ભગવતીલાલ રાવ, મા ભગવતીના ખજાનાનો ધનવાન પુત્ર હોવા છતાં તેના માત્ર ટ્રસ્ટી બનીને કોઈ પણ જાતના આડંબર, અભિમાન કે અહંકાર વિના મહાત્મા ગાંધીના ટ્રસ્ટીશીપના સિદ્ધાંતને આત્મસાત કરતાં સહજભાવે, સામાન્ય બનીને જીવ્યા તે તેમની વિશેષતા છે. શ્રી ભગવતીલાલે પોતાના આ જ પર્યંતના જીવનકાળ દરમિયાન કરેલા અપૂર્વ દાનપ્રવાહની એક ઝલક નીચે પ્રમાણે આપી શકાય.

- માતૃશ્રી જીબાબા રાવ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત અન્નક્ષેત્ર-સિદ્ધનાથ મહાદેવ શકરપુર
- શ્રીમતી લીલાવતીબહેન ભગવતીલાલ રાવ હાઈસ્કૂલ બિલ્ડિંગ.
- ત્યક્તા, વિધવા, નિરાધાર બહેનો સ્વમાનભેર જીવી શકે તે માટે શ્રી ડાહ્યાકાકા બાપનું ઘર.
- ગુજરાત બ્રહ્મભટ્ટ મહાસભાને નિજકાર્ય માટે સરનામું આપ્યું – શ્રી અમૃતલાલ હરગોવિંદદાસ (ખંભાતવાળા) સભાખંડ'
- શ્રી ભગવતીલાલ ડી. રાવ ટાવર, ખંભાત
- શ્રી ભગવતીલાલ ડાહ્યાલાલ રાવ સાંસ્કૃતિક સંકુલ, અમદાવાદ.
- વિશ્વ વિદ્યાલયના અભ્યાસ માટે વિદ્યાર્થીઓને આર્થિક સહાય.
- અભ્યાસ દરમિયાન રહેવા-જમવાની સુવિધા માટે છાત્રાલય નિર્માણ અને સંચાલન.
- ભાગવત સપ્તાહના આયોજન દ્વારા સંસ્કાર સિંચનનો યજ્ઞ.

- અનેક મંદિરોનો જીર્ણોદ્ધાર અને નવનિર્માણ કરાવી ધાર્મિકતાના પ્રસારનો પ્રયાસ.
- આર્થિક મુશ્કેલીઓના કારણે વિદ્યાર્થીઓ ખાસ કરીને તેજસ્વી વિદ્યાર્થીઓને દત્તક લઈ તેમની સ્વૈચ્છિક જવાબદારી સ્વીકારી.
- ખંભાતની ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ આર્થિક ભીંસના ભરડામાં મૃતપ્રાયઃ થઈ રહી હતી ત્યારે, તેમણે સહજભાવે અંતરના ઉમળકાથી વતનપ્રેમના ફળસ્વરૂપે 'શ્રી ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ' ને માત્ર આર્થિક ખોટ ભરપાઈ કરવા માટે માતબર રકમનું દાન.
- શ્રી ખંભાત એજ્યુકેશન સોસાયટી સંચાલિત હાઈસ્કૂલોને માતબર દાન.
- માતૃશ્રી કાશીબાની પુણ્ય સ્મૃતિમાં પ્રાથમિક કન્યા શાળાના અદ્યતન મકાન માટે દાન.
- સનાતન મંદિર – ઝામ્બિયા (આફ્રિકા).
- સ્વામિનારાયણ ભગવાનનું મંદિર, નૈરોબી (કેન્યા).
- ઈસ્કોન હરેકૃષ્ણ મંદિર (બેંગકોક).
- માતાજીનું મંદિર (બેંગકોક).
- ગુજરાતી મહિલા સમાજ.
- ગુજરાતની ઘણી વ્યાયામ શાળાઓમાં દાન ગંગાનો પ્રવાહ.
- વડોદરા ખાતે શ્રી.બ્ર.વ.મંડળને પૂજ્ય કાશીબા હોલ બાંધવા માટે સહાય.
- અહમદનગરમાં સંસ્કૃત ભાષાના પ્રખર પંડિતો તૈયાર કરવા માટે સંસ્કૃત શાળા માટે દાન.
- મુંબઈની ''જેમોલોજિકલ ઈન્સ્ટિટ્યૂટ'' (ઝવેરાતનો ઉદ્યોગ શીખવા માટેની દેશની એક માત્ર ઈન્સ્ટિટ્યૂટ)નું મકાન ખૂબ જ કંગાળ હાલતમાં હતું, તેને અદ્યતન બનાવવા કરોડોનું માતબર દાન.
- જયપુરમાં પાંજરાપોળ માટે વિશાળ જમીન અને પાણી માટે કાયમી વ્યવસ્થા.
- શ્રીમતી લીલાબહેન ભગવતીલાલ રાવ બ્રહ્મભટ્ટ પથિકાશ્રમ અંબાજી માટે માતબર દાન.
- ખંભાતમાં ઝવેરી મંડળની સ્થાપના કરી, સંસ્થાના મકાન માટે માતબર દાન.
- મુ.ભાટવાસ (તા. સતલાસણા)માં શ્રી રામજી મંદિરના જીર્ણોદ્ધાર માટે દાન

તેમની ઈચ્છા હતી કે બધે ધાર્મિક વાતાવરણનું નિર્માણ થાય ધર્મ અને સમાજની ધાર્મિકતામાં વધારો થાય. તૂટેલાં મંદિરોનો જીર્ણોદ્ધાર થાય તેથી એમ કરી ધર્મ તરફનો પોતાનો લગાવ પણ એમણે બતાવ્યો. ધર્મપતાકા ફરકતી રહે અને સમાજમાં ધાર્મિકતા નાના મોટા સૌમાં સાચા અને સારા વિચારો ફેલાય. સમજ વર્તનમાં ધર્મનો સમાવેશ કરે અને ધર્મબળ જીવન જીવવા માટે ખૂબ જરૂરી છે તે માટે જુદા જુદા સંપ્રદાયોના મહંતોને પરદેશમાં પણ મોકલાતા અને સત્સંગસુધા વહેવડાવતા.

ખાલી વાતો કરીને ચાહના મેળવવી તે તેમને પસંદ ન હતું. ભૂખ્યા પેટે ભક્તિ ન થાય એટલે જ્ઞાતિ – ગામ – સમાજમાં કોઈ ભૂખ્યો ન રહે તે અંગે પ્રબંધ કરતા અને અન્નક્ષેત્ર શરૂ કરતા. જીવન પરિભ્રમણનો સાર આવો અસ્ખલિત હોઈ શકે ખરો? તે વિચારીએ ત્યારે આ નર આપણને નારાયણ લાગે છે. ભૂખ્યાને અન્ન મળે, ભક્તિરસમાં તરબોળ થાય અને વર્ષો સુધી તેમની છાયામાં પ્રેમભાવ રહે, વધે અને પ્રફુલ્લિત બને તો માનવી માત્રનું વિરામસ્થાન બને. વિશાળ જગ વિસ્તારે માનવીને બધું મળી શકે પણ મીઠો મધુર ભાવભર્યો આવકાર અને આત્મીયતાભરી હૂંફ મળતી રહે. આવા ઘટાદાર વિશાળ વટવૃક્ષ સમા પ્રભુકૃપાપાત્ર સંત સમા ભગવતીલાલ પાસેથી આવો નિનાદ મળે. કલરવ મળે અને સૌના વહાલા આ દાનવીર, કર્મવીરને મા અંબા દીર્ઘાયુષ્ય અર્પે – સ્વસ્થતા અર્પે –આનંદી રાખે – કર્મશીલ રાખે એ જ પ્રાર્થના.

## શ્રી ભગવતીપ્રસાદ રાવ – અન્ય મહાનુભાવોની નજરે

''ખંભાત નગરની કાયાપલટના સ્વપ્નદ્રષ્ટા અને ખંભાતમાં ઉચ્ચ શિક્ષણની સુવિધાનાં બી વાવી, પાંગરેલા છોડનું લાલન-પાલન અને પોષણ કરી શિક્ષણનાં પુષ્પનો પમરાટ ફેલાવનારના બાગની બાગડોર, કર્તવ્યનિષ્ઠ શ્રી ભગવતીલાલ રાવના હાથમાં છે. સમાજની સેવા કરવાનું સામર્થ્ય પ્રભુએ શ્રી ભગવતીલાલ રાવને બક્ષેલું છે. એ સામર્થ્ય જનસમુદાય માટે શુભ અને કલ્યાણમયી બને, એવી મારી અંતરની શુભેચ્છા.''

***– શંકરસિંહ વાઘેલા – સંસદ સભ્ય (પ્રમુખ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ)***

''સેવા ભાવનાના પ્રતીક – વિદ્યાદાનના આગ્રહી – અભિમાનથી દૂર – આત્મીયતાની નજીક – દાન આપી ભૂલી જનારા વીર છે, ભગવતીલાલ.''

***– કાંતિલાલ મગનલાલ પટેલ (નગર પ્રમુખ – ખંભાત નગરપાલિકા)***

''ભગવતીલાલનો સાલસ સ્વભાવ સર્વત્ર મુકંઠે પ્રશંસા પામ્યો છે. તેઓ ગુણાનુરાગી અને કદરદાતા છે. તેઓનું ઘર ઈશ્વરી દરબાર જેવું છે. જ્ઞાતિ કે વર્ગના ભેદભાવ વિના નાનામાં નાનો માણસ પણ ત્યાં નિઃસંકોચ અને રોકટોક વિના તેમને મળી શકે છે. તેઓથી માત્ર ધૈર્યપરાયણ દાનવીર જ નથી, પરંતુ સાચા અર્થમાં સામાજિક અને સાંસ્કૃતિક ઉત્થાનમાં તેમનું અનેરું પ્રદાન છે.''

*– નવીનતભાઈ બ્રહ્મભટ્ટ (જ્ઞાતિ અગ્રણી અને જાણીતા કોન્ટ્રાકટર)*

''શિક્ષણપ્રેમી, ધર્મપ્રેમી, જ્ઞાતિપ્રેમ, કુટુંબપ્રેમી, શૂરવીર, પરગજુ, નેકદિલ, દયાવાન, નિષ્ઠાવાન, કર્મયોગી, વડીલ, મિત્ર અને સાથી છે ભગવતીલાલ તે હિમંતવાન, સાહસિક, સેવાભાવિ, ધૈર્યવાન છે તેમજ સૌથી અગત્યની વાત છે આટલું બધું હોવા છતાંય નિરાભિમાની છે.''

*– ડૉ. જે.પી.અમીન*

*(અધ્યક્ષ – ભારતીય સંસ્કૃતિ વિભાગ, આર્ટસ ઍન્ડ કૉમર્સ કોલેજ, ખંભાત)*

''ગરીબ, દુઃખી, નિરાધાર સ્ત્રીઓ અને બાળકો પ્રત્યે કરુણા અને ઉદારતાના ઉત્તમ ગુણો શ્રી રાવ સાહેબ ધરાવે છે. ઘરબહાર નીકળી સમગ્ર સમાજને કુટુંબસ્નેહથી તરબોળ કરે છે.''

*– ન્યાયમૂર્તિ શ્રી ઘનશ્યામભાઈ શનાભાઈ બારોટ*

*(પૂર્વ પ્રમુખ – ઔદ્યોગિક અદાલત, અમદાવાદ, ગુજરાત.)*

*– ડૉ. ચંદ્રકાન્ત મહેતા*

*(પૂર્વ વાઈસ ચાન્સેલર અને પૂર્વ અધ્યક્ષ પત્રકારત્વ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી)*

''જ્ઞાતિના પારસમણિ અને યુગધર્મ બજાવનાર દાનવીર, શૂનવીર, કર્મવીર ભામાશા છે ભગવતીલાલ. સામાન્ય સ્તરમાંથી સંસ્કારો અને સેવાનું ભાથું મેળવી તપોબળ અને આત્મબળ કેળવનારા તેઓશ્રી એક સંસ્કારી જીવ છે. ભગવતીલાલે, તન, મન અને ધન સમર્પિત કરી સમાજને જીવનનો આદર્શ આપ્યો છે.''

*– જીતુ ભગત (પ્રમુખ, ગુજરાત બ્રહ્મભટ્ટ મહાસભા)*

''માનવીની સફળતાનું મૂળ આત્મશ્રદ્ધામાં છે અને આત્મશ્રદ્ધાનો સીધો સંબંધ સંકલ્પબળ સાથે છે. તનબળ, મનોબળ અને બુદ્ધિબળએ બધામાં આત્મબળ સૌથી

શ્રેષ્ઠ છે. આત્મશ્રદ્ધા જેના અંતઃકરણમાં પ્રવર્તતી હોય તે ભલે એકલો હોય, સર્વ સાધનવિહોણો હોય તોપણ વિજયદેવી તેને જ વરમાળા પહેરાવે છે. ભગવતીલાલે આત્મબળે શ્રદ્ધા અને સંકલ્પ દ્વારા શૂન્યમાંથી સિદ્ધિઓનું સર્જન કર્યું છે.''

***– શ્રી મણિભાઈ ગોરધનભાઈ બ્રહ્મભટ્ટ***
***(પૂર્વ પ્રિન્સિપાલ, જ્ઞાનયજ્ઞ હાઈસ્કૂલ)***

''પ્રારબ્ધે સાથ જરૂર આપ્યો છે, પણ ભગવતીભાઈનો પુરુષાર્થ ભવ્ય છે. યાદ કરનાર સૌને સાથ-સહકાર અને હૂંફ આપે છે, એમાં વટવૃક્ષીય મહાનતા છે. બ્રહ્મભટ્ટ જ્ઞાતિના રતન સમા છે શ્રી ભગવતીલાલ.''

***– ચંદ્રકાન્ત હ. રાવ (ટ્રસ્ટી – શ્રી બ્રહ્મભટ્ટ વિદ્યોત્તેજક મંડળ, વડોદરા)***

''પરમ ભગવદીય ભગવતીલાલ રાવ તેમની સમાજોપયોગી પ્રવૃત્તિઓ, ઉદાર ભાવના અને ધર્મપ્રેમી પ્રતિભાપૂર્ણ વ્યક્તિત્વ માટે સુપ્રસિદ્ધ છે. ભગવાન સ્વામિનારાયણ તેઓશ્રીને દીર્ઘાયુ બક્ષે અને તેમના દ્વારા સમાજ અને સત્સંગ ઉપયોગી અનેક સેવાની પ્રવૃત્તિઓ આ જીવનપર્યંત થાય.''

***– પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી***

''સમાજ આગળ ધપે અને અટકેલાં કાર્યો સમાજ સારી રીતે પાર પાડે તથા સમાજવિદ્યા, વિજ્ઞાન, ધર્મ, સંસ્કારમાં પણ આગળ વધે તે હેતુસર ઉદારદાતાઓ શ્રી ભગવતીલાલની ષષ્ટીપૂર્તિના આ પ્રસંગને ધન્ય બનાવે.

ભગવતીલાલ રાવે ગુજરાતમાં અને બીજે પણ સામાજિક, શૈક્ષણિક અને ધાર્મિક ક્ષેત્રોમાં આર્થિક દાન આપીને ભગવાને આપેલી લક્ષ્મીનો સદુપયોગ કર્યો છે. તેઓએ જ્ઞાતિના ઉત્કર્ષ માટેની ખેવના કરી છે. ઉત્કૃષ્ટ ફાળો આપીને અમૂલ્ય સેવા કરી છે.''

***– સ્વામી શ્રીસચ્ચિદાનંદજી (દંતાલી, ગુજરાત)***

''ગૃહસ્થ માટે અંતઃકરણ નિર્મળ કરવાનું સાધન દાન અને સદાચાર છે. દાનવીર શ્રી ભગવતીભાઈએ જીવનનો પરમ ઉદ્દેશ ચરિતાર્થ કરવા છૂટા હાથે અનેક દાન કર્યાં છે. પરમાત્માને પ્રાર્થના કરું છું કે, તેઓ જીવનના પરમ લક્ષ્યને પહોંચવા અધિકારી બને અને ધન્યતા અનુભવે.''

***– સ્વામિનારાયણ સ્વરૂપદાસ (પ્રમુખ સ્વામી મહારાજ)***

•



## શ્રી મગનભાઈ રણછોડદાસ બારોટ (૧૯૨૭-૨૦૧૧)
## (પૂર્વ કેન્દ્રીય નાણામંત્રી અને પ્રખર ધારાશાસ્ત્રી)

ઉત્તર ગુજરાતના વિદ્યાપ્રેમી ગામ, જંગલના શ્રી રણછોડદાસ બારોટના પરિવારમાં (તા. ૮ ઑગસ્ટ, ૧૯૨૭) જન્મેલ શ્રી મગનભાઈનાં ઉછેર અને પ્રાથમિક કેળવણી જંગલરાળમાં જ સંપન્ન થયાં. વડોદરા રાજ્યની શિક્ષણપ્રિયતા અને વિદ્યાર્થીના સર્વાંગી ઘડતરની ધગશનો પૂરતો લાભ મળતાં બાળ મગનભાઈને પ્રાથમિક શિક્ષણ દરમિયાન સંસ્કાર સિંચન કરતી કેટલીક શિક્ષણેત્તર પ્રવૃતિઓ જેવી કે વકતૃત્વસ્પર્ધામાં હંમેશાં પ્રથમ ક્રમ હાંસલ કરવાની તક મળી. તે પછીનું ઉચ્ચ શિક્ષણ એમણે વડોદરા જેવી સંસ્કારનગરીમાં રહીને મેળવ્યું. ત્યારબાદ વધુ અભ્યાસ (કાયદાક્ષેત્રે) માટે મોટા ભાઈશ્રી પુરુષોત્તમદાસની પ્રેરણા અને આર્થિક સહાય સાથે મુંબઈની વાટ પકડી. અહીં તેમને મહાત્મા ગાંધીજીની હિંદ છોડો લડતનાં અગ્રગણ્ય મહિલા કાર્યકર્તા ડૉ. ઉષાબહેન મહેતાનું માર્ગદર્શન પ્રાપ્ત થયું. ડૉ. ઉષાબહેને બ્રિટિશ સરકારના વાજા જેવા All India Radioની સામે 'આઝાદ રેડિયો' શરૂ કર્યો. પ્રખ્યાત વિચારક અને રાજપુરુષ શ્રી રામમનોહર લોહિયા ઉપરાંત શ્રી અશોક મહેતા અને શ્રી અચ્યુત પટવર્ધન ('હિંદનો કોમી ત્રિકોણ'-ની લેખક બેલડી) તથા શ્રી સ્વામીઆનંદ, શ્રી મધુ લીમયે, શ્રી જયપ્રકાશ નારાયણ વગેરે મહાપુરુષોના વિચારો જનસામાન્ય સુધી પહોંચતા કર્યા હતા. એ સર્વેનો લાભ મગનભાઈનો તેમના પ્રારંભિક ઘડતરમાં મળ્યો.

ઉક્ત સંસ્કાર સિંચનનો પ્રભાવ નવયુવક મગનભાઈએ જ્યારે અડાસ (જિ.ખેડા) ના રૂઢિભંજક શ્રી શંકરલાલના સુપુત્રી અને શિક્ષિકા એવાં લીલાબહેન સાથે પ્રભુતામાં પગલાં માંડ્યાં ત્યારે સાફ વર્તાઈ આવ્યો. શ્રી મગનભાઈએ સાવ સાદગીથી (જાન નહીં જોડવા તેમજ ફટાકડા, મીઠાઈ તથા માતાપિતા દ્વારા વસ્ત્રાલંકારોનો દાયજો લીધા વિના માત્ર ખાદીના કપડાંમાં) લગ્ન કરવાની વાત કરી ત્યારે સમજુ લીલાબહેને એમાં મક્કમ અને ભરપૂર સાથ આપી પતિનું મનોબળ વધાર્યું. જો કે આમ કરવા જતાં પિતાતુલ્ય મોટાભાઈ સહિત અનેકની ખફગીનો તેઓ ભોગ બન્યા, છતાં પોતાની વાતને વળગી રહેવાની મક્કમતા અને સમર્પિતતા એમણે દર્શાવી.

આ દરમિયાન કાયદાનો અભ્યાસ પૂર્ણ થતાં તેમણે શરૂમાં બનાસકાંઠા અને ત્યારબાદ મુંબઈ ખાતે સમાજસેવાની સાથેસાથે વકીલાત શરૂ કરી. જેમાં એમને જાણીતા ધારાશાસ્ત્રી શ્રી એચ. આર. ગોખલેનું માર્ગદર્શન અને આસિસ્ટન્ટસ પ્રાપ્ત થયું. આ

તબક્કે એમને એક વિચિત્ર કેસની પેરવી કરવાની તક મળી. જેમાં ઉત્તર ભારતીય ભટ્ટબ્રાહ્મણ પરિવારના એક સભ્ય પૂનાના એક રામમંદિરમાં સેવા-પૂજા કરતાં કરતાં સાવ રામમય થઈ ગયેલા, પોતાના મંદિરમાં ચોકીદારની અયોગ્ય વર્તણૂકથી, તેનામાં રાવણનાં દર્શન કરી તેની હત્યા માટે નિમિત્ત બન્યા હતા, તેનો બચાવ કરવાનો હતો. શ્રી મગનભાઈએ કેસનો ઝીણવટપૂર્વક વિચાર અને તપાસ કરતાં પવિત્રગ્રંથ રામાયણના એક પૃષ્ઠને ફાડીને તેના પર તેણે કરેલ વિચિત્ર લખાણ મળી આવ્યું. જેને નામદાર અદાલત સમક્ષ રજૂ કરી શ્રી મગનભાઈએ પોતાના અસિલની માનસિક સ્થિતિ જોતાં, (પોતે જેને સમગ્ર જીવન અર્પિત કર્યું છે એવા પવિત્ર ગ્રંથ રામાયણનું પૃષ્ઠ ફાડીને તેના પર લખવાની કૂચેષ્ટા કરનાર માણસના) ભાવવેશમાં લેવાયેલા આ પગલાને કોઈ મનોચિકિત્સકની મદદ લઈ ઉકેલવા જણાવી, આખો કેસ સેસન્સ કોર્ટમાં ચલાવી, તેની સજા માફ કરાવીને ધારી સફળતા મેળવી હતી. આ તો થઈ એમના વ્યવસાયની પ્રારંભિક સ્થિતિ ત્યારબાદ તો ઘણા બધા કેસ ચલાવી સફળતા મેળવવાનો ક્રમ થઈ ગયા. જેમાંના એકાદ બેનો અત્રે ઉલ્લેખ કરીને એમની પોતાના વ્યવસાય પ્રત્યેની નિષ્ઠા અને કાબેલિયતનો ખ્યાલ મેળવીશું.



**(કેન્દ્રીય નાયબ નાણામંત્રી શપથગ્રહણ સમારોહ – રાષ્ટ્રપતિશ્રી નિલમ સંજીવ રેડ્ડી સાથે)**

ત્યારબાદ દ્વિભાષી મુંબઈ રાજ્યમાંથી ગુજરાતને અલગ કરવાના મુદ્દે ‘મહાગુજરાત આંદોલન’ ચાલ્યું. ગુજરાત રાજ્યની રચના થતાં શરૂ થયેલ નવી હાઈકોર્ટમાં પ્રેક્ટિસ કરવાના ઇરાદા સાથે મગનભાઈ હવે અમદાવાદ ખાતે સ્થાઈ થયા. પરંતુ પ્રારંભિક ઘડતર ટાણે રાજકારણનો જે પ્રભાવ તેમના પર પડ્યો હતો એણે અમદાવાદમાં પણ એમના પીછો છોડ્યો નહીં. ફલતઃ તેઓ ગુજરાત વિધાનસભામાં બે વખત સફળતાપૂર્વક ચૂંટાઈ આવ્યા. શ્રી ચિમનભાઈ પટેલ સરકારમાં તો તેઓ શિક્ષણખાતામાં રાજ્યકક્ષાના મંત્રી તરીકે નિમાયા. પોતાના આ (મંત્રી તરીકેના) સેવાકાળ દરમિયાન

એમણે ઉત્તર ગુજરાતને અલગ યુનિવર્સિટી મળી રહે તે માટે પૂરતા પ્રયાસો કર્યા. આ ઉપરાંત સ્વજ્ઞાતિનાં બાળકોને બક્ષિપંચની યાદીમાં સમાવિષ્ટ કરાઈ શૈક્ષણિક અને સામાજિક રીતે પછાતપણાનો લાભ મળતાં તે પૂરતો વિકાસ સાધી શકે તે માટેની સફળ અને કાયમી યાદગાર રહે તેવી કામગીરી પણ તેમણે બજાવી.

જૂન ૧૯૮૦માં શ્રી મગનભાઈએ અમદાવાદથી કોંગ્રેસી ઉમેદવાર તરીકે લોકસભાની ચૂંટણી જીતી. ત્યારસુધી તો એમની કાર્યક્ષમતા અને વિચક્ષણ બુદ્ધિનો પરિચય વડાપ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધી સુધી પહોંચી ચુક્યો હોવાથી, તેમણે શ્રી મગનભાઈને રાજ્ય કક્ષાના કેન્દ્રીય નાણામંત્રી પદે પસંદ કર્યા. એ દરમિયાન દેશના વિકાસમાં રાષ્ટ્રીયકૃત બેંકો કેવી ભૂમિકા ભજવી શકે એ બાબતે શ્રી મગનભાઈ તથા નાણામંત્રીશ્રી વેંકટરમણ સમક્ષ પોતાની યોજના રજૂ કરી. જે તર્કસંગત જણાતાં ઇન્દિરાજીએ રિઝર્વ બેંકના ગર્વનરશ્રી સહિત દેશભરની બેંકોના ચેરમેન સાથે નાણામંત્રી, નાયબ નાણામંત્રી સહિત વડાપ્રધાનની બેઠક યોજી, જેમાં આકસ્મિક રીતે નાણામંત્રી શ્રીવેંકટરમણ અનુપસ્થિત રહેતાં આખી બેઠક શ્રી મગનભાઈ સારી રીતે સંભાળી શકે તેમ હોવાની ઇન્દિરાજીને ખાતરી આપતાં વડાપ્રધાનશ્રીએ પોતાની ચેમ્બરની પડખે આવેલ કોન્ફરન્સ રૂમ આ માટે ફાળવીને આ મીટિંગને વધુમાં વધુ સમય અને માર્ગદર્શન આપવા પ્રયાસ કર્યો. આ સમગ્ર મીટિંગનું શ્રી મગનભાઈએ સફળ રીતે સંચાલક કરી ઇન્દિરાજીનો વિશ્વાસ અને સ્નેહ સંપાદિત કર્યો.



**(વ. પ્ર. શ્રીમતી ઇન્દિરા ગાંધી, રિઝર્વ બૅન્કના ગર્વનર અને દેશભરની બૅન્કોના ચેરમેનશ્રીઓને સંબોધતા શ્રી મગનભાઈ બારોટ)**

આમ દેશના વિચક્ષણ વડાપ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધીનો વિશ્વાસ જીતી ચૂકેલા મગનભાઈને એ વાતની પ્રતિતી ત્યારે જ થઈ કે જ્યારે તેઓ સત્તાસ્થાને નહોતાં અને પોતાના સત્તાકાળ દરમિયાન સત્તા અને વગનો દુરુપયોગ કર્યાનું દોષારોપણ એમના પર થયું હતું. એવા સમયે ઇન્દિરાજીએ પોતાના બચાવ માટે ધારાશાસ્ત્રી તરીકે શ્રી મગનભાઈની કાબેલિયેતમાં વિશ્વાસ મૂકીને તેમને એ જવાબદારી સોંપી અને મગનભાઈએ તેને સાચી ઠરાવી. શ્રીમતી ગાંધીને એમાંથી દોષ મુક્તિ અપાવીને પોતાના પરનો વિશ્વાસ સાચો ઠેરવ્યો હતો, જે એમની કાબેલિયત દર્શાવે છે.

આ અરસામાં શ્રી મગનભાઈને એક ફોરેન ડેલિગેસનના મેમ્બર તરીકે રશિયા જવાનું થયું. એ દરમિયાન તત્કાલિન રશિયાની વિશ્વવિખ્યાત જાસૂસી સંસ્થા K.G.B.એ શ્રી મગનભાઈની મુલાકાત ગોઠવીને પૂરતું માન-સન્માન આપ્યું. આ બાબતે મગનભાઈએ આશ્ચર્યસહિત પૃચ્છા કરતાં K.G.B.ના પ્રતિનિધિએ શ્રી મગનભાઈ એ ઇન્દિરાજીનો બચાવ કરનાર સફળ અને બાહોશ ધારાશાસ્ત્રી તરીકેનો પ્રશંસાલેખ કે **જે દિલ્હીના અંગ્રેજી સમાચારપત્ર 'પેટ્રિઓટ'માં ફોટા સાથે પ્રકાશિત થયો હતો તે** બતાવીને મગનભાઈને સંતુષ્ટ કર્યા. આ વાતથી મગનભાઈને પણ પોતાની જહેમત કામે લાગ્યાનો સંતોષ થયો હતો.

એ જ રીતે પૂર્વ વડાપ્રધાન નરસિંહરાવ જ્યારે સત્તા પર ન હતા ત્યારે એમની સામે થયેલ દોષારોપણમાં શ્રી મગનભાઈ સહિતની એડવોકેટ્સની ટીમે આબાદ અને સફળ રીતે બચાવ કરી એમને દોષમુક્ત કરાવ્યા હતા. શ્રી નરસિંહરાવે આ સંદર્ભે પત્ર લખીને શ્રી મગનભાઈનો વ્યક્તિગત રીતે આભાર માન્યો હતો. જે શ્રી મગનભાઈની કાબેલિયતનું એક અન્ય દૃષ્ટાંત ગણાય.

આ ઉપરાંત આચાર્યશ્રી રજનીશજીએ જ્યારે રામાયણના ઉત્કૃષ્ટ પાત્ર લક્ષ્મણજી સંદર્ભે કરેલ ટીકાથી કેટલાક ધર્મપ્રેમીઓની લાગણી દુભાતાં મહાન પંડિત અને પદ્મશ્રી એવા કે. કા. શાસ્ત્રીજીની આગેવાનીમાં કોર્ટ કેસ કરવામાં આવ્યો હતો. જેમાં આચાર્યશ્રી રજનીશજીના બચાવ પક્ષના વકીલ તરીકે રામાયણ અને સંસ્કૃતના જાણકાર એવા વિદ્વાન ધારાશાસ્ત્રીની જરૂર ઊભી થતાં આ કામ શ્રી મગનભાઈને શ્રી રજનીશજીએ સ્વયંમ્ (રૂબરૂમાં) આવીને સોંપ્યુ હતું. આવી દુષ્કર કામગીરી અને ખાસ કરીને પ્રતિપક્ષમાં પ્રખર પંડિત શ્રી કે. કા. શાસ્ત્રીજી જેવાને મનાવવાનું કામ શ્રી મગનભાઈએ સફળતાપૂર્વક પાર પાડીને પોતાની કાબેલિયત પુરવાર કરી હતી. આવાં બીજા અનેક દૃષ્ટાંત અને ટાંકી શકાય. પરંતુ સ્થળ સંકોચવશ નમૂનારૂપ કેટલાક (ઉપરોક્ત) પ્રસંગોનો અત્રે ઉલ્લેખ કરીને અટકું છું.

આવા બાહોશ ધારાશાસ્ત્રી મગનભાઈના મનમાં સ્વજ્ઞાતિ ઉત્કર્ષ માટે પણ એટલી જ ઉત્કટ ભાવના રહેલી છે એનો પરિચય મને એમની ત્રણચાર રૂબરૂ મુલાકાતો દરમિયાન પૂરેપૂરો થઈ જવા પામ્યો. વાર્ધક્ય તેમજ એને લગતી કેટલીક તકલીફો (લકવો વગેરે) હોવા છતાં એમણે આ સંદર્ભે મારી સાથે મન મૂકીને વાતો કરી. તે જોતાં આ

સ્વજ્ઞાતિરત્નને આપક્ષી ભાવી પેઢી પણ સદૈવ યાદ રાખે અને કેન્દ્રીય કેબિનેટ સુધી પ્રતિનિધિત્વ કરવા તથા પ્રખર ધારાશાસ્ત્રી બનવાની તેને પ્રેરણા મળી રહે એ આશયથી અત્રે ઉલ્લેખ કર્યો છે.

**નોંધ :** આ સાક્ષાત્કાર(ઇન્ટરવ્યૂ)નો ક્રમ પૂરો થયા પછી એકાદ બે વાર મેં (લેખકે) રૂબરૂમાં એમની મુલાકાત કરવા પ્રયાસ કર્યા, પરંતુ નાદુરસ્ત તબિયતને કારણે એ શક્ય બન્યું નહીં. થોડા દિવસ પછી શ્રી મગનભાઈનો સામેથી ફોન આવ્યો. ખબર અંતર પૂછ્યા પછી એમણે 'પૃથ્વીરાજ રાસો'માં ચંદ બારોટે વર્ણવેલ પ્રખ્યાત 'ચાર ફૂટ ચોવીસ ગજ' વાળો અંતિમ છંદ ક્યાંક ટાંકવા માટે મારી પાસે બે-ત્રણ વખત ખરાઈ કરીને નોંધી લીધો. ત્યારે મને થયું કે વાર્ધક્યની મર્યાદાઓ અને આટલી બધી વ્યસ્તતા વચ્ચે પણ આટલી જિજ્ઞાસા જાળવી રાખનાર સાહિત્યરસિક જીવની જિજ્ઞાસાવૃત્તિને સલામી કરવી જ રહી. એના બે-ત્રણ દિવસ બાદ (૨૭-૧૨-૨૦૧૧) એમના નિધનના સમાચાર મળતાં, આ દિવંગત આત્માને પ્રણામ કર્યા સિવાય રહી શકાયું નહીં. પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે એ જ સમગ્ર જ્ઞાતિજનો વતી અભ્યર્થના.

•



**શ્રી નવીનચંદ્ર એમ. બારોટ**
**(ગાંધી મજૂરપ્રવૃત્તિના આજીવન સેવક)**

શ્રી મોતીલાલ બારોટ (નડીયાદ, જિ.ખેડા)ના પરિવારમાં ઑક્ટોબર ૧૯૨૪માં જન્મેલા શ્રી નવીનચંદ્રે બી.એ., એલ.એલ.બી.નો અભ્યાસ (એ જમાના – ૧૯૪૯માં) પૂર્ણ કરીને વકીલાતનો ધીકતો ધંધો કરવાને બદલે ગાંધી ચિંધ્યા માર્ગે આગળ વધવાનું નક્કી કર્યું એજ બતાવે છે કે તેઓ નોખી માટીના માનવી હતા. પૂ.મહાત્મા ગાંધીજી દ્વારા સ્થાપિત 'મજૂર મહાજન સંઘ'ને પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરી દઈને એમણે માત્ર સ્વજ્ઞાતિ કે ગુજરાત રાજ્યને જ નહીં પરંતુ સમસ્ત રાષ્ટ્રને ખ્યાતિ અપાવી. એમના જીવનક્રમ (અલબત્ત અનેક પ્રયત્નો છતાં, એમના પરિજનોએ કોઈ જ માહિતી ન આપતાં)ને એમની ૭૫મી જન્મજયંતિ નિમિત્તે પ્રકાશિત થયેલ સ્મરણીકામાં દેશ-વિદેશના મહાનુભાવોએ એમને સમર્પિત કરેલાં સ્મૃતિપુષ્પોને એકત્રિત કરી એમાંથી બનેલ એક પુષ્પમાળા થકી એમને અત્રે માલ્યાર્પણ કરવા પ્રયાસ કર્યો છે. આશા છે આપણે સૌ એમના ચારિત્ર્ય અને કર્મણ્યતાની સુવાસથી મઘમઘતી આ પુષ્પમાળાથી તરબતર થઈ ધન્ય બનીશું અને આ જ્ઞાતિરત્નનું સદા સર્વદા સ્મરણ કરતા રહીશું. અસ્તુ.

# સ્મરણાંજલિ

"ગુજરાત યુનિયન્સ ફેડરેશન અને રાજ્યની મજૂર મહાજન સંઘની વિવિધ સંસ્થાઓ દ્વારા એકત્રિત થઈને પ્રખર ગાંધીવાદી વિચારસરણી ધરાવતા અને મજૂર ક્ષેત્ર તથા સામાજિક ક્ષેત્રના અગ્રણી શ્રી નવીનચંદ્રભાઈ બારોટની ૭૫મી જન્મજયંતી અને શ્રી બારોટની સેવા પ્રવૃત્તિઓમાં તેઓની જ્વલંત કારકિર્દીનાં ૫૦ વર્ષ પૂરાં થાય છે તે નિમિત્તે એક સ્મરણિકા પ્રસિદ્ધ કરવાનું આયોજન કરવામાં આવેલ છે તે પ્રસંગે આપ સૌને મારી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું."

***મહેન્દ્ર ત્રિવેદી** (મંત્રીશ્રી, યુવક સેવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને રમતગમત)*

"મુ. શ્રી નવીનચંદ્રભાઈના કામથી તો ગુજરાત-દેશ અને દુનિયા સુપેરે પરિચિત છે. એમના જેવા મજૂર સેવામાં જીવન અર્પનાર આપણે ત્યાં ગણ્યાગાંઠ્યા જ છે."

***બાબુભાઈ જશભાઈ પટેલ** (માજી. મુખ્યમંત્રી)*

"ગુજરાતમાં મજૂર પ્રવૃત્તિના ક્ષેત્રે છેલ્લાં પચાસ વર્ષમાં જે કંઈ જ્વલંત સિદ્ધિ પ્રાપ્ત થઈ છે તેમાં ગાંધી વિચારસરણીના પીઢ આગેવાન મુરબ્બી શ્રી નવીનચંદ્રભાઈ બારોટ એક દંતકથા સમાન કામ કરી રહ્યા છે. મજૂર પ્રવૃત્તિ માટે મુરબ્બી શ્રી નવીનચંદ્રભાઈ બારોટનું કેન્દ્ર સિદ્ધપુર રહ્યું છે તે જોતાં સિદ્ધપુર પ્રજાના પ્રતિનિધિ ધારાસભ્ય તરીકે પણ હું તેમની સેવાઓની હૃદયપૂર્વક કદર કરું છું. ૨૭મી ડિસેમ્બર, ૧૯૯૯"

***જયનારાયણ વ્યાસ** (મંત્રી, નર્મદા અને મોટી સિંચાઈ યોજનાઓ)*

"ગુજરાતમાં મજૂર પ્રવૃત્તિઓના ક્ષેત્રે સતત ૫૦ વર્ષ સુધી સક્રિય અને ઉપયોગી કામગીરી વિધેયાત્મક સ્વરૂપે બજાવતા રહી શ્રી બારોટે મજૂરકલ્યાણની દિશામાં આપેલો સક્રિય સહયોગ તેમની ઉમદા ભાવના અને લાગણીના દ્યોતક છે. આ ઉપરાંત મજૂર મહાજન, નવજીવન ટ્રસ્ટ, ગુજરાત વિદ્યાપીઠ તથા સરદાર વલ્લભભાઈ પટેલ જેવી પૂજ્ય મહાત્મા ગાંધીજીની ચાર રચનાત્મક સંસ્થાઓના મેનેજિંગ ટ્રસ્ટી તરીકેની તેમની ઉપયોગી સેવાઓ પણ પ્રશંસનીય રહી છે."

***ફકીરભાઈ વાઘેલા** (મંત્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા, નશાબંધી અને આબકારી)*

©

"મજૂર પ્રવૃત્તિ સાથે સંકળાયેલા મુરબ્બી શ્રી નવીનચંદ્રભાઈની છેલલા પાંચ દાયકાની વિવિધ સેવાભાવી પ્રવૃત્તિઓથી હું તેમની સાથે સારી રીતે પરિચયમાં છું.

તેઓએ મજૂરોનાં આર્થિક ઉત્થાન, જાગૃતિ અને કલ્યાણ માટે ખૂબ કાળજી લીધી છે, અને તેનાં કેટલાંક સારાં પરિણામો પણ મળ્યાં છે.''

***ભૂપેન્દ્ર લાખાવાળા** (મંત્રી, શ્રમ અને રોજગાર)*

''શ્રી નવીનચંદ્રભાઈ બારોટ મજૂર સંસ્થાના પ્રમુખ હોવા ઉપરાંત ગુજરાતનાં અનેક કેન્દ્રોના મજૂર મહાજન સંસ્થાઓના પ્રમુખ કે મેનેજિંગ ટ્રસ્ટી તરીકે સેવાઓ આપી રહ્યા છે. આ ઉપરાંત ગાંધીજીની ચાર રચનાત્મક સંસ્થાઓ સાથે પણ સંકળાયેલા છે તે આપણા સૌનું ગૌરવ છે. તેઓશ્રીની સેવાઓ ગુજરાતને દીર્ઘકાલીન સુધી મળતી રહે તેવી શુભેચ્છા પાઠવું છું.''

***અમરસિંહ ચૌધરી** (કૉંગ્રેસપક્ષના નેતા)*

''૫૦ વર્ષની મજૂર પ્રવૃત્તિની કારકિર્દી દરમિયાન શ્રી નવીનચંદ્રભાઈ વિવિધ સંસ્થાઓ સાથે જુદી જુદી જવાબદારીવાળા હોદ્દાઓ સંભાળી હંમેશાં કાર્યશીલ રહેલ છે અને તેમનાં જ્ઞાન તથા અનુભવનાં ભાથાનો લાભ આપણને મળતો રહ્યો છે. ગાંધી વિચારધારાનો ફેલાવો કરવા વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ ચલાવતા આ પીઢ મજૂર આગેવાનની પ્રવૃત્તિને આપ અનુસરતા રહેશો એવી આશા સાથે આ શુભ કાર્યની સફળતા ઇચ્છું છું.''

***રણજિતસિંહ ચાવડા** (કુટિર ઉદ્યોગ મંત્રી)*

''ગ્રામ્ય અને શહેરોમાં વસતા સમાજના નબળા વર્ગના ગરીબ અને અસલામત કામદારોને તેમણે સંગઠિત કરીને તેમના માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓ શરૂ કરી છે. એક અદના શિક્ષક તરીકે પોતાની કારકિર્દી શરૂ કરનાર આ મૂઠી ઊંચેરા માનવીએ પોતાની જાત આજીવન કામદારોને સમર્પિત કરી દીધી છે. મજૂર મહાજન સંઘ એ એમની કર્મભૂમિ જ નહીં પણ સાચા અર્થમાં સેવાસદન બની રહ્યું છે એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી એમ હું નિઃશંકપણે માનું છું.''

***લીલાધરભાઈ વાઘેલા** (મંત્રી, ગ્રાહક બાબતો અને ગ્રામવિકાસ)*

''ગાંધી વિચારસરણીના પીઢ મજૂર આગેવાન શ્રી નવીનચંદ્રભાઈ બારોટે મજૂર પ્રવૃત્તિમાં જ્વલંત કારકિર્દીનાં ૫૦ વર્ષ પૂરાં કર્યાં છે. એક સફળ મજૂર આગેવાન તરીકે તેમની સેવા પ્રેરણારૂપ છે.''

***ભરત બારોટ** (મંત્રી, ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ)*

''શ્રી નવીનચંદ્રભાઈ બારોટે રાષ્ટ્રીય મજૂર સંસ્થાના અગ્રણી ઉપરાંત જુદાં જુદાં કલ્યાણટ્રસ્ટોના પ્રમુખ કે મેનેજિંગ ટ્રસ્ટી ઉપરાંત મહાત્મા ગાંધીજીની રચનાત્મક સંસ્થાઓ –'મજૂર મહાજન સંઘ', 'ગૂજરાત વિદ્યાપીઠ', 'નવજીવન ટ્રસ્ટ' તેમજ 'સરદાર વલ્લભભાઈ પટેલ સ્મારક ટ્રસ્ટ' સાથે વર્ષોથી ટ્રસ્ટી તરીકે સંકળાયેલા રહ્યા

છે. રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય મજૂર ક્ષેત્રે તેમનું પ્રશંસનીય યોગદાન રહ્યું છે. ગુજરાતની કેટલીક મજૂર સંસ્થાઓમાં શ્રી નવીનચંદ્રભાઈ બારોટ જેવા સમર્પિત, કર્મનિષ્ઠ, પ્રામાણિક અને મજૂર પ્રવૃત્તિના કર્મઠ યોગી (ધૂણી ધખાવીને બેઠા) છે.''

***હેમંતભાઈ ચપટવાલા*** *(મંત્રી, કાયદો અને ન્યાયતંત્ર)*

''શ્રી બારોટે તેમના જીવનમાં કામદારોના ઉત્થાન માટે ઘણા બધા સક્રિય પ્રયત્નો કરેલા છે, તેમની તે સેવાઓ કદી પણ ભૂલાય તેમ નથી.''

***આત્મારામભાઈ મગનલાલ પટેલ*** *(એમ.પી. – લોકસભા)*

''ધારાસભામાં ખૂબ નજદીકથી જોવાનું સદ્ભાગ્ય સાંપડ્યું હતું. ગાંધી વિચારસરણીને સંપૂર્ણપણે અમલમાં મૂકનાર પેઢી લગભગ પૂરી થઈ છે. આજથી ૫૦ વર્ષ પહેલાં મજૂરોના હિતની ચિંતા કરનાર ખૂબ ઓછા કાર્યકરો અને આગેવાનો હતા અને તેઓ સતત મજૂરોના હિતરક્ષણ માટે ઝઝૂમતા રહ્યા છે. તેઓ એક સ્પષ્ટ અને નીડર આગેવાન તરીકે ઓળખાયા છે.''

***અમૃત પટેલ*** *(એમ.પી. – લોકસભા)*

''શ્રી નવીનચંદ્રભાઈ બારોટને છેલ્લા લગભગ છ દાયકાથી ઓળખવાની મને તક મળી છે. અમો વિદ્યાર્થી અવસ્થામાં એક જ છાત્રાલયના સહવાસીઓ છીએ. સદ્ભાગ્યે અમારું છાત્રાલય ''ગાંધી વિચારસરણી''ના એવી સંસ્થામાં હતું, જેને તેમણે સમસ્ત જીવન સમર્પિત કર્યું. પૂ. નંદાજી, શ્રી ખંડુભાઈ દેસાઈ અને અન્ય નેતાઓ સાથે લીધેલ તાલીમનો તેમણે દેશની સર્વોચ્ચ અને ઉચ્ચ અદાલતો, ટ્રિબ્યૂનલો વગેરેમાં મજૂરમંડળોને લાભ આપ્યો.''

***મગનભાઈ બારોટ*** *(કેન્દ્રીય નાણામંત્રી, રાજ્યકક્ષા : ઈંદિરા ગાંધી પ્રધાનમંડળ)*

''મુરબ્બી શ્રી નવીનચંદ્રભાઈએ તેમના જીવનનાં શ્રેષ્ઠ વર્ષો લોકસેવામાં અને ખાસ કરીને કામદાર કલ્યાણની પ્રવૃત્તિમાં સતત વ્યસ્ત રહીને સમર્પિત કર્યાં છે. તેઓ ઉચ્ચ કોટિના મજૂરનેતા છે. તેઓ વહીવટી અને કાનૂની કુશળતા ધરાવે છે. રાજ્યના પ્રથમ પંક્તિના આગેવાનોમાં તેમનું સ્થાન છે. સરળ સ્વભાવ, સાદાઈ, વિનમ્રતા અને નિરાભિમાન એમનાં ગુણલક્ષણો છે. તેઓ નીડર અને સ્પષ્ટવકતા છે. મહાત્મા ગાંધીજીના વિચારો અને આદર્શો એમણે પૂરા હૃદયથી સમજીને અપનાવ્યા છે. ગુજરાતને તેઓ બહુમૂલ્ય સેવાઓ આપી રહ્યા છે એ ગૌરવ લેવા જેવું છે.''

***લેખરાજ બચાણી*** *(ઉપપ્રમુખ, ગુજરાત એક્સ એમ.એલ.એ. કાઉન્સિલ)*

''શ્રી બારોટ સાહેબે ગાંધી વિચારધારાને આત્મસાત કરીને કામદારોની ઉત્તમોત્તમ સેવા કરી છે. મજૂર પ્રવૃત્તિમાં એમનું સ્થાન ઊંચું છે. તેમણે વહીવટકુશળ, દઢનિશ્ચયી, વ્યવહારુ અને નિષ્ઠાવાન મજૂરનેતા તરીકે નામના મેળવી છે. રાજ્યકક્ષાની, રાષ્ટ્રકક્ષાની અને આંતરરાષ્ટ્રીય સ્તરની સર્વશ્રેષ્ઠ એવી વિવિધ સંસ્થાઓમાં ગણનાપાત્ર પદ પર રહીને સામાજિક, શૈક્ષણિક અને શ્રમિક ક્ષેત્રે તેમણે બહુમૂલ્ય સેવાઓ આપી છે.''

***શંકરલાલ ગુરુ*** *(ચૅરમૅન, ગુજરાત એક્સ એમ.એલ.એ. કાઉન્સિલ)*

''શ્રી નવીનચંદ્રભાઈ બારોટ સાથે મારા ૩૦ વર્ષના સંબંધો દ્વારા મેં જોયું છે કે તેઓ એક સંગઠનકર્તા હોવા છતાં ઉચ્ચ મૂલ્યોનો આગ્રહ રાખતી સંસ્થાઓ સાથેના તંદુરસ્ત સંબંધો ઊભા કરવામાં, જાળવી રાખવામાં શ્રી શ્રી નવીનચંદ્ર બારોટનો ભારે મોટો હિસ્સો રહ્યો છે.''

***જયરામભાઈ પટેલ*** *(ચૅરમૅન, ધી ગુજરાત સ્ટેટ કો. ઓ. બૅન્ક લિ.)*

''તેમણે મજૂર પ્રવૃત્તિમાં આખી જિંદગી વિતાવી છે. મારા ખ્યાલ મુજબ કોઈ એક માણસે એક જ પ્રવૃત્તિમાં સતત ૫૦ વર્ષ સુધી ભાતભાતની રીતે સેવાકાર્ય કર્યું હોય તેવા બહુ ઓછા હશે. મજૂર પ્રવૃત્તિનું એમનું કાર્યક્ષેત્ર ગુજરાત નહીં, પણ અખિલ ભારત અને વિશ્વના અનેક દેશો સુધી વિસસ્તેલું છે.''

***મોતીભાઈ ચૌધરી*** *(ચૅરમૅન, મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ)*

''આ. મુ. શ્રી નવીનચંદ્રભાઈ બારોટ સાથે પ્રસંગોચિત જ્યારે જ્યારે કામ કરવાનો પ્રસંગ પડ્યો ત્યારે તેઓની આગવી કાર્યશૈલી, ગાંધી વિચારધારા અને તેઓના શ્રમિકો અને આર્થિક રીતે નબળા વર્ગની સેવાનું કાર્ય, સહકારી પ્રવૃત્તિને ઉત્તેજ અને શૈક્ષણિક પ્રવૃત્તિ દ્વારા કામદારો અને સમાજના નબળા વર્ગની ઉન્નતિ માટેના કાર્યક્રમો માટેની સતત ચિંતા અને જીવનધ્યેયને પાર પાડવા માટેના મક્કમ મનોબળનાં દર્શન થયા વગર રહેતાં નહીં.''

***જયંતિભાઈ બારોટ*** *(અધ્યક્ષ, ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ)*

''મજૂર મહાજનની નવી વર્તમાન પેઢીએ ગુજરાતની મજદૂર પ્રવૃત્તિનું નામ દેશમાં અને દુનિયામાં રોશન કર્યું છે. શ્રી નવીનચંદ્રભાઈ બારોટ એમાંથી મંત્રીપદે રહી ચૂક્યા એ મહત્ત્વનું તો છે જ, પરંતુ તેથી પણ વધારે મહત્ત્વનું અને ગૌરવપ્રદ આપનું મજૂરો માટેનું આજીવન કાર્ય છે. 'બ્રિટિશ લેબર યુનિયન' કે 'અમેરિકન લેબર યુનિયન'ની તોલે આપનું આ મજૂર મહાજન ગણી શકાય, ફેર એટલો કે આપ 'અપરિગ્રહી' છો ! જ્યારે અમેરિકન મજૂરનેતા લાખો ડૉલર કમાયા છે. અમારે મન આપ અનંત આદરને પાત્ર છો.''

***હરિહર ખંભોળજા***

"મુ. શ્રી બારોટ સાહેબની સેવાઓ અને અનેકવિધ પ્રવૃત્તિઓને શબ્દદેહ આપવો ખૂબ જ કપરું કાર્ય છે. તેઓ ખુદ એક વિવિધ સેવાકીય પ્રવૃત્તિની સંસ્થા સમાન છે."

***દિલીપભાઈ ઠાકર*** *(પ્રધાનમંત્રી, સૌરાષ્ટ્ર મજૂર મહાજન સંઘ)*

"શ્રી નવીનચંદ્રભાઈ બારોટ સાથે ૪૯-૫૦ વર્ષના સંબંધોનાં ઘણાં સ્મરણો છે. તેઓએ કામદારના માત્ર આર્થિક નહીં પણ સર્વાંગી વિકાસમાં પણ પોતાનું યોગદાન આપ્યું છે. તેઓએ જીવન કામદાર હિલચાલ અને પ્રવૃત્તિને અર્પિત કર્યું છે. ગુજરાત રાજ્યના મંત્રીમંડળના સભ્ય તરીકે તેમણે શકવર્તી નિર્ણયો કરી ગુજરાતની સમગ્ર કામદાર આલમની પ્રગતિને વેગ આપ્યો છે."

***પ્રસન્નવદન મહેતા*** *(એક્સ. એમ. પી.) (પ્રમુખ, સેલ્ફ એમ્પ્લોય વર્ક્સ ઑર્ગેનાઈઝેશન)*

"શ્રી નવીનચંદ્રભાઈ બારોટની વિશિષ્ટતા અને વૈચારિકતા નજદીકથી જાણવા મને પાંચ વર્ષની તક મળી. એ અમદાવાદ, હું કચ્છ. તેમને હું અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન એક અગ્રણી તરીકે તે પૂર્વેથી જાણું. શ્રી નવીનભાઈ તે પછી મંત્રી થયા, ટ્રસ્ટી થયા, દેશવિદેશના પ્રવાસી થયા, અનેક સંસ્થાના પ્રતિનિધિ થયા, પણ મને કોઈ પૂછે કે, શ્રી નવીનભાઈના જીવનસંગીતનો પંચમ સૂર કયો, તો હું કહું, 'મજૂર મહાજન'. મજૂરપ્રવૃત્તિમાં તો નાના નહીં પણ 'મહાજન' !!! આજપર્યંત રહ્યા છે. એ પણ ખરું કે, તેમને મ્યુનિસિપાલિટીની એવી લગની કે શેક્સપિયરનું વાક્ય યાદ આવે – 'Navinbhai, thy name is Municipal Corporation'."

***કુન્દનલાલ ધોળકિયા*** *(માજી અધ્યક્ષ, ગુજરાત વિધાનસભા)*

"શ્રી નવીનભાઈ બારોટને મળીએ એટલે ગાંધીજીની મજૂર ચળવળ અને અમદાવાદની મજૂર મહાજન આપણી સમક્ષ તાદશ્ય ખડાં થઈ જાય છે. આ પ્રવૃત્તિમાં એમની શ્રદ્ધા અને નિષ્ઠા તેમજ કામ કરવાની ચીવટાઈ તેમજ મજૂર પ્રશ્નોને સમજવાની પકડ એ આજના મજૂરઆગેવાનો માટે એક દોરવણી સમાન છે. આવા મોટા મજૂરઆગેવાન હોવા છતાં એમની વિનમ્રતા, સાદાઈ અને છતાં મક્કમતા સૌને માટે પ્રેરણારૂપ છે."

***પોપટભાઈ વ્યાસ*** *(માજી ગૃહમંત્રી, ગુજરાત રાજ્ય)*

"ઐતિહાસિક મજૂર ચળવળની જૂની પેઢીના આગેવાનો પૈકીના એક શ્રી નવીનચંદ્ર બારોટ છે. એટલું જ નહીં પણ, એક જમાનો હતો જ્યારે ગુજરાતમાં કૉંગ્રેસ કોઈ ચૂંટણી લડવાની હોય કે રાજ્યમાં સરકાર બનાવવાની હોય તો મજૂર વિસ્તારના ઉમેદવારો મજૂર મહાજન સંઘને પૂછીને જ મૂકે. આવા મજૂર આંદોલનના સુવર્ણ યુગમાં

શ્રી નવીનચંદ્ર બારોટ ગુજરાત રાજ્યના મજૂર મંત્રી પણ બન્યા અને અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનની સ્થાયી સમિતિના અધ્યક્ષ પણ બન્યા. આ અધ્યક્ષપણે રહીને એમણે અમદાવાદના મિલ મજૂરોની ચાલીઓને અનેક સગવડોમાં પ્રાધાન્ય આપવા આકરા પ્રયાસો કર્યા.''

***સનત મહેતા*** *(ભૂતપૂર્વ નાણામંત્રી – ગુજરાત, ભૂતપૂર્વ સંસદસભ્ય – લોકસભા)*

''શ્રી નવીનચંદ્ર બારોટને યાદ કરતાં જ એક ખાદીધારી, સાદું, સરળ છતાં સ્પષ્ટવક્તા એવું એક વ્યક્તિત્વ આપણી નજર સમક્ષ ખડું થાય. આમ તો એક મજૂર પ્રવૃત્તિ માટેના ભેખધારી ગણાવી શકાય. સ્વ. શ્રી ખંડુભાઈ દેસાઈ સાથે રાષ્ટ્રીય મજૂર સંસ્થાના પ્રમુખપદે રહી ગુજરાતના જ નહીં પણ દેશભરના ટેક્ષટાઇલ મજૂરોને સંગઠિત કરી તેમનાં હિતોની સુરક્ષા માટે ઝઝૂમ્યા છે. એકલી ટ્રેડ યુનિયન પ્રવૃત્તિ પૂરતી તેમની કામગીરી મર્યાદિત નથી. તેઓ સાચા અર્થમાં એક રચનાત્મક કાર્યકર છે.''

***ડૉ. ઊર્મિલાબહેન પટેલ*** *(પૂર્વ સાંસદ, રાજ્યસભા)*

''કોણ કહી શકે કે શ્રી નવીનચંદ્ર બારોટ ૭૫ વર્ષના થઈ ગયા? એમનો ઉત્સાહ ને કાર્યદક્ષતા આજેય એક યુવાનને પણ શરમાવે તેવાં છે. તેમની સાથેનો મારો પરિચય ૪૦ વર્ષથી પણ વધારે વર્ષનો છે. મહાત્મા ગાંધીએ મજૂર મહાજનની સ્થાપના કરી મજૂર પ્રવૃત્તિને નવી દિશા ને પ્રાણ ચીંધ્યા. મજૂર અને માલિક સામસામા નથી. બંનેનું હિત ઉદ્યોગના સારાં સંચાલન અને મજૂરોનાં સારાં જીવનમાં છે.''

***નવલભાઈ શાહ*** *(માજી શિક્ષણમંત્રી, ગુજરાતરાજ્ય)*

''મુ. નવીનચંદ્રની ૫૦ વર્ષની જ્વલંત મજૂર પ્રવૃત્તિ રાજ્ય કક્ષાની નહીં, રાષ્ટ્ર કક્ષાની નહીં પણ વિશ્વ કક્ષાની એક અદ્ભુત ઘટના છે. તેમને અને તેમના કાર્યને હું મનોમન હજારો નમન કરું છું. માણસ કેટલું જીવ્યો તે અગત્યનું છે.''

***દિનશા જે. પટેલ*** *(રાજ્યકક્ષાના મંત્રી – સંસદસભ્ય)*

''શ્રી નવીનચંદ્ર બારોટ વિશ્વની મજૂર આલમમાં ચમકેલું ગુજરાતનું મોતી છે. તેઓએ મુંબઈ યુનિવર્સિટીમાં બી.એ., એલએલ.બી.ની ઉપાધિ મેળવી હતી. તે પછી મહાત્મા ગાંધીની ઝુંબેશમાં ઝંપલાવી વકીલાત કરી કલદાર કમાવાને બદલે મજૂર આલમ માટે તેમનું પૂરું જીવન સમર્પિત કરી દીધું. શ્રી નવીનભાઈ જેવા સેવકો મળવા મુશ્કેલ છે. ઉદ્યોગપતિઓ, અમલદારોએ પબ્લિક સેક્ટર કંપનીઓના અધિકારીઓ સાથે ઘરોબો હોવા છતાં તેમણે મજૂરોની જ વકીલાત કરી. ઘણા સાથે સંબંધો તૂટ્યા તો ઘણા સાથે અબોલા થઈ ગયા પરંતુ તેમણે મજૂરના જ પક્ષે રહી તેમના હક્કો માટે લડત

અવિરત ચાલુ રાખી. અંગત લાભ, સ્વાર્થ કે સત્તાની પરવા કર્યા વગર તેઓએ એકનિષ્ઠાથી મજૂર મહાજનની સેવા કરી છે.''

*ડૉ. ઠાકોરભાઈ પટેલ*

*(ભૂ.પૂ. મેયર – વડોદરા, ચૅરમેન – મેયર્સ કાઉન્સિલ ઑફ ઇન્ડિયા અને આરોગ્ય – પંચાયતમંત્રી)*

''અમદાવાદ મજૂર મહાજન સંઘના એક અદના કાર્યકર તરીકે જોડાયેલા શ્રી બારોટ તેઓના નિષ્ઠાભર્યા સેવાકાર્યથી સંસ્થાના પ્રમુખપદે પણ બિરાજમાન થયા. ગુજરાત વિદ્યાપીઠ, નવજીવન ટ્રસ્ટ અને સરદાર વલ્લભભાઈ પટેલ સ્મારક ટ્રસ્ટના પ્રમુખ અને ટ્રસ્ટી તરીકે પણ તેઓ સેવા આપી રહ્યા છે. તેમની સમસ્યાના મૂળ સુધી પહોંચવાની કુનેહ, નમ્રતાપૂર્વક છતાં મક્કમતાથી પોતાના દૃષ્ટિબિંદુને રજૂ કરવાની આવડત અને ગાંધી વિચારધારાને કેન્દ્રમાં રાખીને જ પ્રત્યેક સમસ્યાનું સમાધાન શોધવાની તેમની વિચાસરણી વગેરે બાબતો હંમેશાં યાદ રહેશે.''

***ઈશ્વરભાઈ પટેલ** (પ્રમુખ, ગુજરાત હરિજન સેવકસંઘ)*

''શ્રી બારોટ સાહેબને લગભગ આખું ગુજરાત એક મજૂરનેતા તરીકે ઓળખે. માત્ર ગુજરાત જ નહીં પરંતુ દેશભરમાં એ મજૂર અગ્રણી તરીકે ખ્યાતિ પામ્યા છે. પૂ. બાપુએ વણિકપુત્ર દ્વારા થયેલા એક 'ઋષિકાર્ય' તરીકે જેને ઓળખાવી છે એવી ગુજરાત વિદ્યાપીઠને માત્ર અમદાવાદ જ નહીં, પરંતુ ગુજરાત અને ભારત ઉપરાંત અન્ય દેશોમાં પણ જે નામાંકિત વ્યક્તિઓએ સંભાળી છે. એમાંના એક, એ જ શ્રેણીના શ્રી બારોટ સાહેબ એટલે શ્રી નવીનચંદ્ર બારોટ, પૂ. બાપુના વિચારોમાં રહેલું નાવીન્ય વિચારની સીમામાં ન રહેતાં એ કાર્યમાં પરિણમતું એવી જ એક વિચારસરણી હતી ટ્રસ્ટીશિપના સિદ્ધાંતની. શ્રી બારોટ સાહેબ એટલે આ વિચારધારા પર બનેલી વિદ્યાપીઠના ટ્રસ્ટી મંડળના એક સક્રિય કાયમી ટ્રસ્ટી.''

***ડૉ. ઈલાબહેન નાયક** (આચાર્યા, શિક્ષણ મહાવિદ્યાલય ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ – ૧૪)*

''ગાંધીવાદી વિચારધારાના પીઢ મજૂર અગ્રણી શ્રી નવીનચંદ્ર બારોટ એટલે એક વ્યક્તિ નહીં પરંતુ એક સંસ્થા, એક આદર્શ ભાવનામય મજૂર આલમના માતાપિતા તુલ્ય, જીવનના ઘડવૈયા તરીકેના આદર્શ મજૂર નેતા, તેમનામાં અનેક સદ્‌ગુણોનો સમન્વય સ્ફટિક મણિ જેવા પારદર્શક, ચોખ્ખા કંચન જેવા સ્પષ્ટવક્તા.''

***ગુણવંત શાહ***

''જેમણે અમદાવાદ શહેર, ગુજરાત, ભારત અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે મજૂરકલ્યાણની પ્રવૃત્તિમાં ભાગ લઈ મજૂરોનાં કલ્યાણનાં સારાં એવાં કાર્યો કર્યાં છે. સાથે સાથે મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં ૧૯૬૯માં ચૂંટાઈને સ્ટૅન્ડિંગ કમિટીના ચૅરમેન તરીકે અમદાવાદ શહેરના વિકાસમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે. સામાન્ય રીતે મજૂર સંગઠનમાં હોવાને કારણે શહેરની આમજનતા અને ચાલીઓમાં, ઝૂંપડાંઓમાં રહેતાં માણસોને નાગરિક સેવાઓ ઉપલબ્ધ થાય તે માટે સક્રિય પ્રયાસો કર્યા છે.''

***ચીમનલાલ નગીનદાસ શાહ***

"Shri N. M. Barot. A true Gandhian, Mr. Barot's contribution to textile labour in particular and to the trade union movement in general will be remembered for ever."

***Dr. C. S. Venkta Raman***

"I remember my long association with Shri Barot. He was one of the Vice-President of INTUC and President of the INTUC, Gujarat Branch for quite some time. He is a true Gandhian and still active and heading a number of trade unions and prominent instutions in Gujarat."

***G. Snajeeva Reddy*** *(President, Indian National Trade Union Congress)*

"I am glad you have an elder like Shri Barot to guide you in your publications activities."

***Nani A. Palkhivala***

"Shri N. M. Barot is a veteran and dedicated social worker who always stood for the upliftment of the weaker sections of the society. He is rending valuable contributions to the trade unione movement."

***Kashiram Rana*** *(Minister of Textile, Governement of India)*

"Mr. N. M. Barot has played an important role in defending the right of the Indian workers in general and the textile workers of Gujarat in particular ever since he joined the legal section of the Textile Labour Association (TLA). Ahmedabad in 1949. During

the last 50 years, he has led a number of struggles of the workers and has been instrumental in getting them a number of benefits. Mr. Barot has promoted a number of education institutions, trusts as well as co-operatives for catering to workers' needs."

***Mary Johnson*** *(Director, International Labour Organization for India & Bhutan)*

"Navinchandra Barot unflinchingly for the whole of his life, remained an integral part of the movement and never departed from it. 'Majoor Mahajan' also participated in electoral process. Navinchandra Barot was elected as a member of Gujarat State Legislative Assembly, and became a Labour Minister. His in-depth experience of the problem of working class shaped his thinking as inister, and he tried to bring in legislation for amelioration of the working class. I had a privilege to work with him in the first Labour Law Inquiry Committee set up by the Government of Gujarat."

***Justice D. A. Desai*** *(Former Judge S.C. & Chairman, Law Commi. of India)*

"In the history of industrial relations of the country, a very few trade unionists are found with devotion, sincerity, intelligence and commitment. In last 50 years T.L.A. has given a number of such labour leaders who have not only adopted Gandhian Ideology but also practised it. **Shri Navinchandra Barot** in one of such labour leaders that the textile industry of Gujarat will never forget."

***Arvind N. Lalbhai*** *(Chairman & M.D., The Arvind Mills Limited, A'bad)*

"On behalf of the International Textile, Garment and Leather Workers' Federation's 250 affiliated unions in 130 countries worldwide witha a combined membership of some 10 million workers. I am delighted to extend our congratulations to Brother N. M. Barot on not only celebrating his 75th birthday, but also half a century's service to the trade union movement. Brother Barot's record of activity during those 50 years is unsurpassed and the

very many tasks he has undertaken on behalf of the trade union movement is a tribute to his dedication to teh improvement of the lives of workers, not only in India, but across the world."

***Nel Kearney*** *(General Secretary)*

"Mr. Barot has long been associated with the Textile Labour Association (TLA) even beore leading the organization as the current President of the organisaton. We in the TWARO have alwyas been impressed by the glorious achievements."

***Akiko Gono (Ms)***

*(Secretary, Asian and Pacific Regional Organization, Tokyo, Japan)*

•



**સ્વ. શ્રી નવનીતભાઈ શામળદાસ બ્રહ્મભટ્ટ**

**(૧૯૩૮-૨૦૧૬) (જ્ઞાતિસેવક)**

શ્રી નવનીતભાઈનો જન્મ (૧૦-૧૨-૧૯૩૮) ઉત્તર ગુજરાતના પાટણ મુકામે પિતાશ્રી શામળદાસ બ્રહ્મભટ્ટના પરિવારમાં થયો. પિતાની છત્રછાયા નાની ઉંમરે ગુમાવી હોવા છતાં માતાએ પ્રેમ, હૂંફ અને જીવન-જરૂરી પાઠનું અદ્ભુત માવજતથી સિંચન કર્યું. એક મા સો શિક્ષકની ગરજ સારે એ કહેવત માતાએ ચરિતાર્થ કરી બતાવી. નાનકડો નવનીત ભણવામાં હોશિયાર, રમવામાં કુશળ અને નેતૃત્વમાં અગ્રસર હતો. ધોરણ ૭ સુધીનો અભ્યાસ તેમણે પાટણની સરકારી પ્રાથમિક શાળામાં કર્યો. ત્યારબાદ પાટણમાં આવેલી ભોગીલાલ દોલતચંદ હાઈસ્કૂલમાં ધોરણ ૧૧ સુધીનો અભ્યાસ કર્યો.

શાળા-કૉલેજના અભ્યાસ દરમિયાન ભણવાની સાથે-સાથે નિપુણતા બતાવવામાં ક્યાંય પાછળ ન પડે. નિશાળની બધી પ્રવૃત્તિઓ હોંશભેર કરવા અને શિક્ષકોનો પ્રેમસંપાદન કરવામાં તે એક્કા હતા. ખૂબ ભણવાનો અને ખૂબ પ્રવૃત્તિ કરવાનો નાનપણથી મનસૂબો. એન.સી.સી.ની કામગીરીમાં પણ સાર્જન્ટ બનીને આગવી હરોળમાં રહ્યા.

એ જમનામાં એસ.સી.સી પછી એન્જિનિયર કે ડૉક્ટર થવું હોય તે સાયન્સ કોલેજમાં પ્રવેશ મેળવવો પડતો. ત્યારબાદ ઈન્ટર સાયન્સમાં સારા માર્ક્સ આવે તો જ આગળ વધાતું. સાયન્સ કોલેજ(વિસનગર)માં અભ્યાસ કરવા જવાનો વિચાર કરતા હતા, પરંતુ મોટા ભાઈ (ચંદ્રસિંહભાઈ)ને પોસ્ટ એન્ડ ટેલિગ્રાફ ખાતામાં નોકરી હોવાથી અને પોતાના પરિવાર સાથે અમદાવાદ રહીને ભણવાનું કહ્યું. અમદાવાદ કૉલેજનો અભ્યાસ કરવા જવાનું એ વખતે અભ્યાસ માટે અત્યારે પરદેશ જવા જેવું ગણાતું. આમ નવનીતભાઈએ અમદાવાદની સેંટ ઝેવિયેર્સ કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. મોટા ભાઈ માલેતુજાર નહોતા. તેમનો પગાર માસિક માત્ર રૂ. ૧૪૨/- હતો. પરંતુ નાના ભાઈ પ્રત્યેની ઊંડી લાગણી અને ભેગા હોઈશું તો પહોંચી વળાશે તેવી સમજણ. સ્વ. અમરસિંહભાઈ અને ભાભી જ્યાબહેનના આગ્રહથી નવનીતભાઈ અમદાવાદ આવ્યા. અહીં તેમની કારકિર્દીનું ઘડતર સિવિલ એન્જિનિયર તરીકે થયા પછી તેઓને પી.ડબ્લ્યુ.ડી. ખાતામાં નોકરી મળી. સરકારી નોકરી મળે એટલે સૌ કોઈ રાજી થઈ જાય એવો એ જમાનો. લોકશાહી રાજ્યમાં રાજાઓનો દબદબો પૂરો થઈ ગયો હતો, પરંતુ સરકારી નોકરીના અધિકારીઓ-અમલદરો-સાહેબોનો વટ જ કંઈ ઓર હતો. આવા દોરદમામના સમયમાં પણ સખત પરિશ્રમ ઉઠાવી સોંપાયેલું કામ કરતા હતા. સાચા-સારા કાર્યની આગવી છાપ લોકમાનસ પર પડે છે. આ સરકારી નોકરી દરમિયાન દુષ્કાળ પડ્યો અને સરકારે રાહત પ્રવૃતિ શરૂ કરી.પાટણ જિલ્લાનાં સિત્તેરેક ગામોમાં આ પ્રવૃતિ ચાલે. જાહેર બાંધકામ ખાતાના માણસો આ કામની દેખરેખ રાખતા હતા. વહેલી સવારથી મોડી રાત સુધી આ કામની રખડપટ્ટી થઈ. નક્કી થયેલા યોજના મુજબ કામ ચાલે છે કે નહીં તેની કાળજી રાખે-નિષ્ઠાથી કામ પૂરું કરે. ગામેગામ જીપમાં ફરે, લોકોને મળે, લોકોની સમસ્યાઓ સાંભળે અને ઉકેલવામાં પ્રયત્નશીલ રહે, પોતાને તકલીફ પડે, જમવા ન મળે તેમ છતાં દરેક માણસને ભોજન મળે છે કે નહીં તેની દરકાર રાખે. તકલીફ ન પડે તે માટે સજાગ રહે. નોકરી દરમિયાન બ્રહ્મભટ્ટ સાહેબ તરીકે સૌ બોલાવતા. નોકરીમાં સારી ફાવટ નવનીતભાઈનાં કાર્યોની સુવાસ, લોકપ્રિયતા જોઈને એક ધારાસભ્યને ગમ્યું નહીં અને તેમનો રાજકારણી જીવ સળવળ્યો. પોતાનાને વિશ્વાસમાં લઈને તેમની પાસે રહી બદલી કરાવી. જાહેર બાંધકામખાતાના આ ક્ષેત્રમાં આશરે આઠ-નવ વર્ષ નોકરી કરી, પરંતુ રચનાત્મક કાર્યનો જીવ, નવું-નવું નિર્માણ કરવાનો સ્વભાવ, સખત અને સતત કામ કરવાની તમન્ના અને એવી બધી જાગરુકતાવાળા માનવીએ આ નોકરીની ગુલામી અને ગંદા રાજકારણની બદબૂને કારણે નોકરી છોડવાનો સંકલ્પ કર્યો. ઘણી બધી સમજાવટ અને ભવિષ્યની ધૂંધળી સ્થિતિની વાત સાંભળ્યા પછી પણ જીવનમાં કંઇ કરવું અને આગળ આવવું હોય તો નોકરીથી નહીં ચાલે, ધંધો કરવો પડશે એવું લાગ્યું અને સરકારી નોકરી છોડી.

પ્રોપરાયટરશિપથી નાના પાયે ધંધાની શરૂઆત કરી અને નાનકડી મોટરસાઇકલથી ઘણા સમય સુધી સાઇટો પર દોડાદોડ કરતા રહ્યા. સુઝ, આવડત, સાહસ, હોશિયારી, ચોક્કસ ગણતરી અને કાર્યમાં સદા ગળાડૂબ, અભ્યાસ અને સચોટ નિર્ણય કરવાની સિદ્ધિએ તેમને સફળતાના શિખરે બેસાડ્યા. મિત્રો અને સ્વજનો સાથે ધંધાનો વિકાસ અને વિસ્તાર વધારવા ખૂબ જ જહેમત ઉઠાવી. એકમાંથી બીજી, ત્રીજી એમ અનેક ભાગીદારી પેઢીઓ ઊભી કરી અને તેમનો બહુમુખી રીતે વિકાસ કર્યો અને પ્રસરાવ્યો.

અમદાવાદ-રાજકોટ નેશનલ હાઈવેના અમુક ભાગનું ચોમાર્ગીય કરવાનું કામ તેઓએ વર્લ્ડ બેંકના કન્સલ્ટન્ટની દેખરેખ નીચે ખૂબ જ સારી રીતે પૂર્ણ કર્યું. આ માર્ગનાં ઉદ્‌ઘાટન તેમજ પૂર્ણાહુતિ માનનીય પૂર્વ મુખ્યમંત્રીશ્રી કેશુભાઈ પટેલના વરદ હસ્તે કરવામાં આવેલ.

વ્યવસ્થાની દષ્ટિએ બહોળા વિસ્તારને સાચવવામાં મૂઝંવણ ન અનુભવવી પડે અને વિકાસ કૂચ ચાલુ રાખવા જરૂરિયાત જણાતા પ્રાઈવેટ લિમિટેડ કંપની શરૂ કરી અને છેલ્લાં  વર્ષથી મેનેજિંગ ડાયરેક્ટરપદે સફળ સંચાલન કરી રહ્યા છે.

વિશાળ ફલક પરનો બહોળો અનુભવ તેમની આગવી વિશેષતા છે. ગુજરાતના તમામ જિલ્લાઓમાં રોડ, કેનાલ, બ્રિજ બાંધકામની કામગીરી કર્યા બાદ તેઓ મધ્ય પ્રદેશ અને છત્તીસગઢ રાજ્યોમાં પણ રોડ કન્સ્ટ્રકશનની કામગીરી ચલાવે છે.

ગુજરાત અને તમિલનાડુ રાજ્યમાં બિલ્ડિંગ કન્સ્ટ્રકશન ઘણું મોટું કામ કર્યું છે અને શોપિંગ સેન્ટર પણ બનાવેલ છે.

આ ઉંમરે પણ વહેલા ઊઠવું, શારીરિક સ્વચ્છતા માટે સજાગ રહેવું. નિયમિત ચાલવું અને આ બધા કરતા વિશેષ તેઓ આજે પણ યુવાનને શરમાવે એટલો બધો સમય ધંધાના કામમાં કે સમાજસેવાના કાર્યમાં કાર્યરત રહે છે. થાક નહીં અને ઉત્સાહ બમણો, હૈયામાં હામ અને પગમાં પ્રવૃતિ. સતત અને સતત કાર્યરત.

ધંધામાં અગ્રિમ હરોળમાં રહેવાની, સદા અગ્રેસર બનવાની સૂઝ, નાનકડી વાતોને સહજ ભાવે સ્વીકારી તેને સદા ચીવટપૂર્વક પાર પાડવાની પ્રવૃત્તિ, સૌને સાંભળવાની નિખાલસતા અને નાનામાં નાના માણસ પાસે પણ તેના સ્વજન બની જવાની લાગણી તેમની આગવી વિશેષતા.

પોતાની સાથે પોતાના સાથીઓ પણ સ્વતંત્ર બને, ખૂબ કમાય અને સ્વતંત્ર રીતે કામ કરે એવો ઉદાર સ્વભાવ અને બાહોશ વ્યક્તિત્વ ધરાવતા નવનીતભાઈ જાગૃત સ્વયંસેવક સમાન મોભી અને દૂરંદેશી સૂઝબૂઝના પ્રભાવી કોન્ટ્રાક્ટ અને વેપારી હોવા ઉપરાંત ઉમદા સમાજસેવક હોવાથી આ તેમના વ્યક્તિત્વના આ પાસા પર એક નજર કરીએ.

## ● સમાજસેવાની એક ઝલક ●

- આ વાત તેઓ ધોરણ ૧૦માં અભ્યાસ કરતા હતા ત્યારની છે. તે વખતે પાટણમાં જ્ઞાતિના સાત મહોલ્લા. દરેક મહોલ્લાના અલગ-અલગ આગેવાનો. આ તમામ આગેવાનોને ભેગા કરી મંડળ બનાવવાનું કામ ખૂબ જ અઘરું હતું. આ માટે દીવાનપદું ભોગવી ચૂકેલા શ્રી જેસંગલાલ લાલજીભાઈ બ્રહ્મભટ્ટને મળ્યા અને જ્ઞાતિનું મંડળ બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો. ખૂબ જ અઘરું કામ છે એવો સર્વસામાન્ય સૂર હોવા છતાં સંકલ્પ કરી કાર્ય કરવા કટિબદ્ધ બન્યા અને બે વર્ષના ટૂંકા સમયમાં સાતે મહોલ્લાના આગેવાનોને એકત્ર કરી એક મંચ પર બેસાડી વ્યવહારો અને નાતોના ખર્ચાળ રિવાજોને બંધ કરવાનું ભગીરથ કાર્ય કર્યું. આ હતું તેજસ્વી દૂરંદેશી સૂઝવાળા સામાજિક કાર્યકર્તાનું પ્રથમ ચરણ.
- દીકરી પરણે ત્યારે પાટણમાં નાત કરતી વખતે લાપસી અને ઘી લાણાદીઠ આપવાનો રિવાજ હતો. આ રીતે દરેક ઘરમાં આશરે ૨૦ થી ૨૫ કિલો લાપસી અને ઘી આવે. લાપસી તો બીજા દિવસે બગડી જાય એટલે નાતવાળા બહાર જાય એટલે આજુબાજુવાળાને આ લાપસી વેચીને રોકડી કરી લેવામાં આવે. આ પ્રક્રિયા જોઈ કુરિવાજો બંધ કરવાનો સંકલ્પ કર્યો. આવો ખરાબ રિવાજ બંધ કરાવ્યો અને પાટણ બ્રહ્મભટ્ટ પ્રગતિ મંડળની શરૂઆત કરાવી. આજે તે શૈક્ષણિક કાર્ય કરતું મંડળ બન્યું છે.
- પાટણ નગરપાલિકામાં ચૂંટણીમાં ઝુકાવ્યું અને સૌથી વધુ મતે જીતી નગરપાલિકામાં કોર્પોરેટર બન્યા. પોતાની આગવી સૂઝ અને યોગ્ય રજૂઆતના કારણે વોટર વર્ક્સ સમિતિના ચેરમેન બન્યા. ટાઉન પ્લાનિંગ કમિટિના અધ્યક્ષ થયા, બાંધકામ સમિતિના ચેરમેન બન્યા અને તમામ સમિતિઓમાં સુંદર કામગીરી કરી બતાવી. નોકરી દરમિયાન અને નગરપાલિકાના વહીવટ દરમિયાન તેઓએ ખૂબ જ લોકચાહના મેળવી. આ દિશામાં આગળ વધવાની અને રાજકીય જીવન નિર્માણ કરવાની ખૂબ જ મહેચ્છા, મિત્રોનો પણ ખૂબ જ આગ્રહ, છતાં રાજકીય જીવનમાં ગંદવાડ અને ખાયકીના થર પથરાયેલા જોતાં તેઓએ આ ક્ષેત્રમાં નહીં જવાનો સંકલ્પ કર્યો બાળકોને સારું શિક્ષણ આપી શકાય એ હેતુથી પાટણ છોડી તેઓ કુટુંબ સાથે અમદાવાદ સ્થાયી થયા.
- અમદાવાદ વસવાટ દરમિયાન શ્રી મણિભાઈ ગોરધનભાઈ બ્રહ્મભટ્ટ (નારવાળા) જેઓ અમદાવાદ બ્રહ્મભટ્ટ મંડળ ચલાવતા હતા તેમની સાથે કારોબારી સભ્ય અને પછી મંત્રીપદે રહી જ્ઞાતિસેવાના શ્રી ગણેશ કર્યા.

- આ દરમિયાન શ્રી બાબુભાઈ બ્રહ્મભટ્ટ (નાપાવાળા) અને શ્રી ભાઈલાલભાઈ-(ખંભાતવાળા)ના પરિચયમાં આવ્યા અને તેમની સાથે પણ સમાજની સેવા કરી.
- શ્રી નાનુભાઈ બારોટ(ગુજરાત વિદ્યાપીઠમાં હિંદી વિભાગના વડા)ના પરિચયમાં આવ્યા. 'અખિલ હિંદ ભટ્ટબ્રામણ મહાસભા' તેમજ 'ગુજરાત બ્રહ્મભટ્ટ મહાસભા'માં સેવાના કામની શરૂઆત કરી. જ્ઞાતિસેવાની જ્યોત પ્રજ્વલિત કરી. નાનુભાઈ બસમાં ફરી એકલા હાથે કામ કરતા અને નવનીતભાઈના આગમાન પછી તેમની સાથે ગાડીમાં જતા. આમ, મહાસભાની બાગડોર નવનીતભાઈના હાથમાં સોંપાઈ.આ સંસ્થાને ચેરિટીમાં રજિસ્ટર કરાવી પદ્ધતિસર કામકાજ શરૂ કર્યું. શરૂઆતમાં શૈક્ષણિક કામગીરી શરૂ કરી, તેઓ મહાસભાના મહામંત્રી બન્યા.
- જ્ઞાતિમાં વ્યાપેલા પ્રાદેશિક વાડાઓ દૂર કરી સૌ જ્ઞાતિજનોને એક સૂત્રે બાંધવાની જરૂર હતી. આ માટે સંપર્ક સૂત્ર જેવું કંઈ હોવું જોઈએ. જ્ઞાતિનું પોતાનું મુખપત્ર હોવું જોઈએ એવો વિચાર અગાઉ સ્વ. શ્રી પુરુષોત્તમભાઈ મોરલીધર બ્રહ્મભટ્ટે વહેતો મૂક્યો હતો. આ માટે સુભટ્ટ નામનું મુખપત્ર ચાલું કર્યું હતું. તંત્રી તરીકે તેઓએ વર્ષો સુધી કામગીરી કરી. આ મુખપત્ર દ્વારા સમાજના છેવાડાના જ્ઞાતિજનને મળવાનો પ્રયત્ન કર્યો તો બીજી બાજુ જરૂરિયાતો અને મુશ્કેલીઓની છણાવટ યોગ્ય રીતે કરી દેશ અને વિદેશમાં વસતા જ્ઞાતિજનો માટે આ 'સુભટ્ટ' સેતુરૂપ બન્યું. દસ લાખ રૂપિયા દાતા પાસેથી મેળવી તેને સ્વાવલંબી બનાવ્યું, રજિસ્ટ્રેશન વખતે થોડાંક ટેક્નિકલ કારણોસર આ 'સુભટ્ટ'ને સ્થાને 'શુભદા' નામ રાખવામાં આવ્યું.
- ૧૯૮૩માં સૌરાષ્ટ્રમાં અતિવૃષ્ટિ થઈ ત્યારે વંથલી તાલુકાના મેઘપુર ગામમાં ખૂબ જ નુકસાન થયું. નવનીતભાઈએ મહાસભાના હોદ્દેદારો સાથે આ ગામની મુલાકાત લીધી. જ્ઞાતિજનોની હાલત જોઈને સૌ દ્રવી ઊઠ્યા. મજૂરો રહેતા હતા તેવા રહેઠાણમાં મા-દીકરીઓ રહેતી હતી. સમસ્ત ભટ્ટસ્થાનોમાં ફરી ફંડ એકઠું કરવામાં આવ્યું. મહાસભાએ મુરબ્બી મંગાકાકા અને હરગોવનભાઈને સ્થળ ઉપર હાજર રાખી મકાનો જાતે બાંધી બ્રહ્મભટ્ટ કુટુંબોને અર્પણ કર્યાં. સેવાવૃત્તિનું આ પવિત્ર ઝરણું નાનુકાકા પાસેથી વહેતું થયું અને મારા પરમ મિત્ર અને ગુરુ શ્રી વાડીભાઈ ત્રિભોવનદાસ બ્રહ્મભટ્ટ પાસેથી દાન ઉઘરાવવાની કળા શીખ્યા. સંગઠનનાં કાર્યો અંગતરસ લઈને થાય તો તેની અસર વધુ પ્રભાવી અને ફળદાયી બને. આ માટે નવનીતભાઈએ સંસ્કારયાત્રાનો પ્રયોગ શરૂ કર્યો. દરેક ગામમાં

જવાનું જ્ઞાતિજનો સાથે બેસવાનું મહાસભાની પ્રવૃત્તિઓની જાણ કરવાનું અને કઈ રીતે ઉપયોગી થવાય તેનો ખ્યાલ આપવાનું શરૂ કર્યું. જ્ઞાતિના અગ્રણીઓ આનંદરાય, વાડીભાઈ, જયદેવભાઈ, અરવિંદભાઈ, મનુભાઈ, લક્ષ્મીપ્રસાદભાઈ, સોભાગભાઈ, ઘનશ્યામભાઈ, અમૃતભાઈ, કીર્તિકુમાર, જગદીશભાઈ વગેરે સાથીઓએ આ અંગે અથાક મહેનત કરી. મહાસભા દ્વારા થતી આ પ્રવૃત્તિથી પોતાના ગામ કે ભટ્ટસ્થાન પૂરતું નહીં, પરંતુ સમગ્ર ગુજરાતના જ્ઞાતિબંધુઓ માટે વિચારતા થયા.

- જ્ઞાતિમાં અગ્રણી અને સફળ ઉદ્યોગપતિ શ્રી ભગવતીલાલ ડી. રાવ જેવા અમુક દાતાઓ હતા, પણ તેમનો સંપર્ક થયો નહોતો. તેઓ માતબર દાન આપતા હતા તેવી વાતો સાંભળી હતી. ૧૩ ડિસેમ્બર, ૧૯૮૬ના રોજ ભગવતીલાલની સૌથી નાની દીકરી નીલમનાં લગ્ન ખંભાત મુકામે હતાં. કાર્યકર્તા તરીકે નવનીતભાઈને પણ આમંત્રણ મળેલું. બસ, એ જ પળ સમગ્ર બ્રહ્મભટ્ટો માટે અમૂલ્ય ઘડી બની ગઈ. ‘‘તમે દાનમાં જ્ઞાતિમાંથી જે રકમ લાવો તેટલી જ રકમ હું તમને આપીશ.’’ એવી રાવસાહેબની ચેલેંજ એમણે ઉપાડી લીધી. વાત સાંભળવામાં સહજ લાગે, પરંતુ અમલમાં મૂકવી ખૂબ જ કઠિન હતી. નવનીતભાઈની કાર્ય કરવાની પદ્ધતિ અને વહીવટી સૂઝથી આકર્ષાઈ મુરબ્બી ભગવતીલાલના દાનનો પ્રવાહ અસ્ખલિત વહી રહ્યો છે. સમાજસેવાના પાયામાં ઊભી થતી આર્થિક મુશ્કેલી આ રીતે દૂર થઈ ગઈ.

સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનો અભ્યાસ, પૈસાના અભાવે અટકી જતો હતો. કુરિવાજોને દેખાદેખીને લીધે સમાજ પૈસેટકે ખુવાર થાય છે, ત્યકતા, વિધવા કે નિરાધાર બહેનોને જીવન ગુજારાની ઘણી મોટી સમસ્યા છે. સમાજનું એવું સંગઠન નથી કે જે સુખદુ:ખમાં પડખે આ બધું વિચારીને રહે. એમણે મહાસભા માટે કાર્યાલય શરૂ કરાવ્યું. શ્રી અમૃતલાલ હરગોવિંદદાસ બ્રહ્મભટ્ટ સભાખંડ સ્વરૂપે શરૂ કર્યું. બહેનો રોજીરોટી મેળવે સ્વમાનભેર જીવે અને પ્રવૃતિ કરી કાર્યશીલ બને તે માટે ભગવતીલાલના સહયોગથી ડાહ્યાકાકાએ બાપાનું ઘર શરૂ કર્યુ. તેજસ્વી વિદ્યાર્થીઓને આર્થિક સહાય આપવા ભગવતીલાલના સહયોગથી તેજસ્વી વિદ્યાર્થી ફંડ આફ્રિકા અને લંડન જઈ એકઠું કર્યું અને સંસ્થાએ અનેક વિદ્યાર્થી ભાઈ-બહેનોને ઉપયોગી થવાનો સંકલ્પ પૂરો કર્યો.

અંબાજી જેવા પવિત્ર યાત્રાધામમાં લગભગ દરેક જ્ઞાતિની ધર્મશાળા હતી, પરંતુ બ્રહ્મભટ્ટ સમાજની ધર્મશાળા નહતી તે સૌને ખટકતુ હતું. આ અંગે આનંદરાય તથા વ્રજલાલભાઈ સાથે રહી સુરત મુકામે ઉદયભાઈ બ્રહ્મભટ્ટને મળી અંબાજીનું

પથિકાશ્રમ ખરીદવાનું વિચાર્યું. ઉદયભાઈ પાસેથી દોઢ લાખની દેણગી લઈ બાનું આપ્યુ અને ત્યાર બાદ ઉપરનો માળ અને સુધારાવધારા કરી ઉદ્‌ઘાટનનો ત્રણ દિવસનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. વિવિધ દાતાઓનાં દાનથી ભગવતીલાલ રાવના નામે બ્રહ્મભટ્ટ પથિકાશ્રમ શરૂ કર્યો. જરૂરિયાત વધવા લાગી, પૈસાની ખેંચ રહેવા લાગી, એકના એક દાતા પાસે વારંવાર દાન લેવા જવાનો કાર્યકર્તાઓને ક્ષોભ હતો. આ માટે શું કરી શકાય તે અંગે જ્ઞાતિ હિતચિંતકોની ખંભાત મુકામે મીટિંગથી રાખવામાં આવી. આ મિટિંગમાં અમદાવાદમાં જ્ઞાતિનો પોતાનો સાંસ્કૃતિક હૉલ હોય તેવી ચર્ચા થઈ.

શ્રી રાવસાહેબની અને જ્ઞાતિના અન્ય દાતાઓના સહાયથી ભૂયંગદેવ વિસ્તારમાં અદ્યતન, સુવિધાપૂર્ણ અને વિશાળ હૉલ તૈયાર થયો. તેમાં દિલ, દિમાગ અને દોડાદોડ નવનીતભાઈનીજ. આજે આ હૉલ સમગ્ર વિસ્તારની શાનરૂપ બનીને સ્વજ્ઞાતિના જ નહીં પણ અન્ય જ્ઞાતિના અનેક શુભપ્રસંગો માટે શોભા અને સગવડનું સરનામું બની ચૂક્યો છે. ('બ્રહ્મભટ્ટ મહાસભા' માટે મોટી આવક રળી આપતો કમાઉ દીકરો પણ!) આ માટે જેટલો યશ નવનીતભાઈ સહતિના જ્ઞાતિના ઉત્સાહી કાર્યકર્તાઓને આપીએ એટલો ઓછો છે. આવા શ્રી નવનીતભાઈનું દેહાવસાન (તા.૨૦-૦૮-૨૦૧૬) થતા સમગ્ર સમાજને ન પુરી શકાય તેવી ખોટ પડી છે. પ્રભુ એમના આત્માને શાંતી અર્પે એજ અભ્યર્થના.

•



**શ્રી જયંતિભાઈ સીતારામ બારોટ**

**(પૂર્વ સાંસદશ્રી, રાજસભા ભારત સરકાર)**

ભારતીય સંસદના ઉપલાગૃહ – રાજસભામાં ભાજપના પ્રતિનિધિ, ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી તથા ગુજ. હાઉસિંગ બોર્ડના ચેરમેન પદને શોભાવી ચૂકેલ શ્રી જયંતિભાઈએ જૂની એસ.એસ.સી. પછી વાયરલેસ ટેલિગ્રાફી રેડિયો સર્વિસીસના ટેકનિકલ અભ્યાસક્રમ રાજકોટ, એ.વી.પી.ટી. કોલેજમાં પૂર્ણ કરી. આ તરવરીયા યુવકે લીંચ ગામમાં સને ૧૯૬૫માં શ્રી લીંચ પ્રગતિ યુવક મંડળની સ્થાપના કરી. તે દ્વારા ગ્રામ રક્ષકદળ, બાલમંદિર સેવાભાવી આયુર્વેદિક દવાખાનું, રમતગમતની પ્રવૃત્તિઓ તથા ગ્રામ્ય અને સમાજના પછાત અને ગરીબ વર્ગના જરૂરત મંદ લોકોના ઉત્થાન અને વિકાસની પાયાની જરૂરિયાત ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું.

ભારતીય જનસંઘમાં (સને ૧૯૬૯થી) પોતાની ઉમદા કારકિર્દી શરૂ કરનાર શ્રી જયંતિભાઈ એસ. બારોટે પોતાની તમામ શક્તિ સેવાના આદર્શ ભાવ સાથે સમાજને સમર્પિત કરી દીધી. સને ૧૯૭૧માં મહેસાણા જિલ્લાના પૂર્ણકાલીન સંગઠન મંત્રી તરીકેનો જવાબદારી ઉપાડી. રાજકીય ક્ષેત્રે પદાર્પણ કર્યું. સમગ્ર દેશમાં જ્યારે કોંગ્રેસના ધુઘવતા પૂર સામે હતાં ત્યારે જનસંઘ જેવા રાષ્ટ્રવાદી પક્ષમાં કામ કરનારની લોકો ટીકા કરતા હતા. પરંતુ લોકોની ટીકા અને કટાક્ષ નજરઅંદાજ કરી માત્ર પક્ષનું સંગઠન થાય તે હેતુથી પક્ષની વિચારધારાઓ ફેલાવો કરવો તથા તેની સાથે સંમત લોકોના જીવંત સંપર્ક સાધી સંગઠનનું અગત્યનું કામ કરતા રહેતા શ્રી જયંતિભાઈ બારોટે ઘણી તડકી-છાંયડી નિહાળી છે.

સને ૧૯૭૫ના કપરા કાળમાં અગિયાર માસ સુધી તેઓએ કારાવાસ ભોગવ્યો. સને ૧૯૭૯માં લીંચ ગામના સરપંચ તરીકે ચૂંટાતા દસ વર્ષ સુધી એકધારી જવાબદારી સંભાળી હતી સને ૧૯૮૮માં મહેસાણા જિલ્લા પંચાયતની લીંચની બેઠક પરથી ચૂંટાયા. આમ તેમણે પાયાના કાર્યકર તરીકે કારકિર્દી ઘડી.

તેઓની વિશિષ્ટતા એ છે કે કાર્યકર્તાને ઓળખવાની શક્તિ દાદ માંગી લે તેવી છે. ભાજપની સ્થાપના બાદ ઉ.ગુ.ની વિધાનસભા તથા લોકસભાની ચૂંટણીમાં રાજકીય સમીકરણ ગોઠવવાની તમામ સત્તા પક્ષના મોવડી મંડળે તેમને સોંપેલી. ભાજપના મોવડી મંડળે સંગઠનના પ્રાણને પીછાની સને ૧૯૯૦માં ભાજપના પ્રદેશ મંત્રી તરીકે જવાબદારી સોંપેલી. ત્યાર પછી ૧૯૯૫માં પ્રદેશના ઉપપ્રમુખ તરીકે બઢતી આપી.

આ સમય દરમિયાન પક્ષ તરફથી કોઈ પણ અપેક્ષા વગર તન-મનથી પોતાની જાતને ઘસી નાખનાર શ્રી જયંતિભાઈ એસ. બારોટને ગુજરાતના ગરીબ અને આદિવાસી રોજગારી મળે અને ગ્રામ રોજગારીની તકો વધે તે હેતુથી પૂ. મહાત્મા ગાંધીના વિચારોને વેગવંતા કરવાના ઉદ્દેશથી સ્થાપવામાં આવેલ ગુ. ખાદી બોર્ડના ચેરમેન તરીકે ૧૯૯૮માં નિમણૂક આપી. ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના સમયગાળા દરમિયાન ગ્રામ્ય રોજગારી, ગરીબ-પછાત વર્ગના ઉત્કર્ષ માટે અનેક વિદ્ય દિશાઓમાં પરિવર્તન કરી ખાદીની પ્રવૃત્તિ જીવંત રાખવા અને ખાદી દ્વારા રોજગારી વધારવા અનેક યોજનાઓ અમલમાં મૂકી.

સને ૨૦૦૨માં દિલ્હી રાજસભા માટે ગુજરાતની ખાલી પડેલ ત્રણ જગ્યામાંથી એક જગ્યા માટે શ્રી જયંતિભાઈ એસ. બારોટની પસંદગી થઈ અને તેઓ બિનહરીફ ચૂંટાતાં તેઓ તા. ૧૮ – ૩ – ૨૦૦૨ના રોજથી છ વર્ષ માટે રાજસભામાં નિયુક્ત થયા.

વિધાનસભા ૨૦૦૨ની ચૂંટણીની તૈયારીરૂપે તા. ૮ – ૯ – ૨૦૦૨થી શરૂ થનાર ગુજરાત ગૌરવ યાત્રાના સંયોજક તરીકેની જવાબદારી તેમને સોંપવામાં આવી હતી. જેમાં ફાગવેલથી યાત્રા શરૂ કરી તા. ૧૨ – ૧૧ – ૨૦૦૨ના રોજ છેલ્લે

ગાંધીનગર પૂર્ણ કરી. જેમાં કુલ ૨૮ દિવસ ૫૫૦૦ કિ.મી. ૧૬૩ વિધાનસભા વિસ્તારને આવરી ૩૫૦ કરતાં વધુ નાના-મોટાં સ્થાનો ઉપર સભાઓનું આયોજન કરાવેલ જેના ફળ સ્વરૂપે ગુજરાતમાં સતત ચોથી વખત ગુજરાતની પ્રજાને ભાજપની સરકારને પ્રસ્થાપિત કરેલ.

નવેમ્બર ૨૦૦૧થી ભારતીય જનતા પાર્ટીના સંગઠનમાં ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી તરીકેની જવાબદારી સોંપવામાં આવી અને ડિસેમ્બર ૨૦૦૯ સુધી તેમણે પૂરા ખંત સાથે જવાબદારી પૂર્ણ કરી. હાલ રાષ્ટ્રીય ભાજપના સીનિયર સિટીજન સેલના સહ કન્વિનર તરીકેની જવાબદારી નિભાવી રહ્યા છે.

તા. ૨૫ – ૧ – ૨૦૧૧ના રોજ ગુજરાત સરકાર દ્વારા તેમની ગુજરાત હાઉસિંગ બોર્ડના ચેરમેન તરીકે નિમણૂક થયેલ છે. શ્રી જયંતિભાઈની સેવાઓને સમગ્ર સમાજ માન-સન્માન અને ગૌરવની નજરથી નિહાળે છે. મા અંબા એમની ઉત્તરોત્તર પ્રગતિ કરે અને સમાજસેવાનો ક્ષેત્રે તેઓશ્રી ઉત્તમ ઉદાહરણરૂપ બની રહે એવી શુભકામના !!

•



**શ્રી એન. એમ. બ્રહ્મભટ્ટ**
**(જ્ઞાતિના સર્વપ્રથમ I.R.S. ઑફિસર)**

પાટણ જિલ્લાના જંગરાલ ગામે સન ૧૯૨૭માં જન્મ. પિતા મોતીલાલ જીવનભર આદર્શ શિક્ષક અને માતા મણિબા ધાર્મિક વૃત્તિનાં વિદુષી મહિલા હતાં. તેમના બે વડીલબંધુઓ, સ્વ. ડાહ્યાભાઈ વકીલ – પોતાના સમયના પાટણના વિખ્યાત ધારાશાસ્ત્રી, 'ભટ્ટભાસ્કર'ના ભૂતપૂર્વ તંત્રી અને દક્ષગીતાના રચયિતા તથા સ્વ. અમૃતલાલ બારોટ ગુજરાતના વિખ્યાત ધારાશાસ્ત્રી અને ડાબેરી રાજકારણી હતા.

આવા બહુશ્રુત કુટુંબમાં પ્રાથમિક શિક્ષણ જંગરાલમાં તથા માધ્યમિક શિક્ષણ પાટણમાં, (પાટણ હાઈસ્કૂલ તથા પ્રખર ગાંધીવાદી ડૉ. પંડ્યા અભ્યાસગૃહમાં સન ૧૯૪૫માં) તે સમયની મેટ્રિકની પરીક્ષામાં, ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક અને સિંધને આવરી લેતી મુંબઈ યુનિવર્સિટીમાં ત્રીજા નંબરે અને ગુજરાતમાં પ્રથમ નંબરે

ઉત્તીર્ણ થઈ અનેક ચંદ્રકો અને સ્કોલરશીપોને પાત્ર થયા. બાળપણથી જ ગાંધી વિચારધારાથી પ્રભાવિત થયેલા હોઈ, પાટણ નિવાસ દરમિયાન, શિક્ષણ ઉપરાંત અનેક લોકસેવાની પ્રવૃત્તિઓ કરી. કલાસંગ્રહસ્થાન સંભાળ્યું, હસ્તલિખિત પત્રો કાઢ્યાં, સન ૧૯૪૧થી ૪૫ના ગાળામાં પાટણમાં ખૂબ લોકપ્રિય થયેલાં, ભીંતપત્રો લખ્યાં. દરમિયાન, રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિની 'કોવિદ' પરીક્ષામાં ગુજરાતમાં પ્રથમ અને ભારતમાં બીજા નંબરે સફળ થયેલ. મેટ્રિક થતાં સુધીમાં ગુજરાતી, હિન્દી, ઉર્દૂ, સંસ્કૃત અને અંગ્રેજી ભાષાઓ ઉપર ઠીકઠીક પ્રભુત્વ પ્રાપ્ત કર્યું. ત્યારબાદ બરોડા કૉલેજ, ફર્ગ્યુસિન કૉલેજ પૂના, બોમ્બે સ્કૂલ ઑફ ઇકોનોમિક્સ અને ગવર્નમેન્ટ લૉ કૉલેજ-મુંબઈમાં અર્થશાસ્ત્ર અને કાયદાનું શિક્ષણ પ્રાપ્ત કર્યું. સન ૧૯૫૧માં મુંબઈ હાઈકોર્ટના એડવોકેટ થયા સાથે સાથે અખિલ ભારતીય સનદી સેવાઓ (All India Civil Services) માં પ્રથમ પ્રયત્ને જ સફળ થઈ ઇન્ડિયન રેવન્યુ સર્વિસમાં કોલકાતા ખાતે જોડાયા. ત્યારબાદ સન ૧૯૫૭માં મુંબઈથી આયકર વિભાગમાંથી સ્વૈચ્છિક રાજીનામું આપી પૂર્વ આફ્રિકા સ્થળાંતર કર્યું.

સન ૧૯૫૭થી ૧૯૭૦ સુધી પૂર્વ આફ્રિકાના કેનિયા ખાતે વકીલાત કરી તેમજ મોટાં ઔદ્યોગિક સંકુલોના સલાહકાર રહ્યા. સન ૧૯૭૧માં ભારત પાછા ફર્યા અને આંતરરાષ્ટ્રીય ચંદરિયા ગ્રુપની જાહેર કંપની એજીસ લોજિસ્ટિકલ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર તરીકે દસ વર્ષ સેવાઓ આપી. હાલમાં તેઓશ્રી આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે બિઝનેસ કન્સલન્ટન્ટ તરીકે સેવાઓ આપી રહેલ છે.

તેમના જીવનનું ઉજ્જવળ પાસું, તેમણે જુદા જુદા ક્ષેત્રે, જુદા જુદા દેશોમાં આપેલી સેવાઓ છે. કેનિયામાં 'સેટરડે ક્લબ', 'ટ્રાઇડર આર્ટ સોસાયટી', 'કોસ્ટ આફ્રિકન કલ્ચર સોસાયટી' જેવી સંસ્થાના પ્રમુખ તેમજ ઇન્ડિયન એસોસિએશનના મહામંત્રી રહી ચૂક્યા છે. તેઓશ્રી કેમ્બ્રિજ(UK)ની વિશ્વવિખ્યાત સંસ્થા – 'રોયલ ઇકોનોમિક સોસાયટી'ના આજીવન ફેલો તેમજ 'રોયલ મેસોનિક હૉસ્પિટલ – લંડન'ના આજીવન ગવર્નર છે. ભારતમાં પણ સેવાનાં અનેક ક્ષેત્રોમાં તેમનું યોગદાન રહ્યું છે. મુંબઈની વિખ્યાત 'ઇન્ડો અમેરિકન સોસાયટી'ના ઈ. સ. ૧૯૮૬ – ૮૭ના વર્ષના પ્રમુખ રહ્યા, જે સંસ્થામાં સર હોમી મોદી, નાની પાલખીવાળા, કેશવ મહિન્દ્ર આદિ પ્રમુખ રહી ચૂક્યા છે. મુંબઈમાં 'ઓવરસિઝ ઇન્ડિયન જામ્બો એસોસિએશન' નામની પ્રવાસી ભારતીયો(NRI)ને સેવા આપતી સંસ્થાના વર્ષો સુધી પ્રમુખ હતા. પ્રવાસી ભારતીયો માટે મૂડીરોકાણ સુવિધાઓ પ્રાપ્ત કરવામાં આ સંસ્થાએ ખૂબ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. એશિયાની વરિષ્ઠ રોટરી ક્લબ રોટરી ક્લબ ઑફ બોમ્બેના તેઓ વરિષ્ઠ સભ્ય છે. આ ક્લબ વતી નાઇરોબીમાં જયપુર ફૂટ(પગ)નું ઉત્પાદનકેન્દ્ર સ્થાપ્યું, જે કેન્દ્રમાં હજારો આફ્રિકનોને કૃત્રિમ પગ

આપી ભારતની પ્રતિષ્ઠામાં વધારો કર્યો. તે જ રીતે કચ્છના ભૂકંપ વખતે રોટરી ક્લબવતી કચ્છના ખૂણે ખૂણે ફરી ભૂકંપપીડિતોને અનેક પ્રકારની સહાય આપી. મુંબઈની વિખ્યાત સંસ્થા 'ઇન્ડિયન મર્ચન્ટસ ચેમ્બર'ની આરબિટ્રેશન (arbitration) અને કાનૂની (Law) સમિતિઓના વર્ષોથી સક્રિય મેમ્બર છે. 'ઇન્ડો આફ્રિકન ચેમ્બર ઑફ કૉમર્સ ઍન્ડ ઇન્ડસ્ટ્રીઝ'ના વર્ષો સુધી ઉપપ્રમુખ તરીકે આફ્રિકન દેશો જોડે સંકળાયેલા છે.

તેઓશ્રી વિખ્યાત સ્વાતંત્ર્ય સેનાનીઓ અને પ્રખર ગાંધીવાદીઓ, સ્વ. અકબરભાઈ ચાવડા તેમજ સ્વ. ઉષાબહેન મહેતાના નિકટના સાથી રહ્યા અને ગાંધી વિચારધારાઓ પ્રચાર આફ્રિકામાં કરવામાં પ્રવૃત્ત છે.

તેમનાં પત્ની શ્રીમતી ઇન્દુબહેન વિલ્સન કૉલેજ, મુંબઈમાં શિક્ષણ લઈ સન ૧૯૪૯માં મુંબઈ યુનિવર્સિટીના સ્નાતિકા (B.A.) થયેલાં. ઇન્દુબહેનના પિતાશ્રી સ્વ. ટી. જે. ઇનામદાર (જ્ઞાતિના પ્રથમ બેરિસ્ટર અને પૂર્વ આફ્રિકાના પ્રખર ધારાશાસ્ત્રી) હતા. તેમના બે નાના ભાઈઓ શ્રી ઇન્દ્રવદનભાઈ તેમજ શ્રી સુબોધભાઈ પણ પૂર્વ આફ્રિકાના ટોચના, ખ્યાતનામ ધારાશાસ્ત્રીઓ છે. નટવરલાલ અને ઇન્દુબહેનના સુપુત્ર મિલનભાઈ બ્રહ્મભટ્ટ વૉશિંગ્ટનમાં વિશ્વ બૅન્ક (World Bank)ના વડામથકે વરિષ્ઠ સલાહકાર તરીકે ઉચ્ચ હોદ્દો ધરાવે છે. તેમનાં પુત્રી નિયતીબહેન શુક્લ, અર્થશાસ્ત્ર અને પત્રકારિત્વમાં B.A. કરી, બોસ્ટન, U.S.A. ની વિખ્યાત એમર્સન (Emerson) કૉલેજમાંથી Mass Communicationના વિષયમાં M.A. થયેલાં છે અને હાલ મુંબઈમાં એક જાણીતી માર્કેટ રિસર્ચ કંપનીનાં ડાયરેક્ટર છે.

આ રીતે, ધંધાકીય અને સમાજસેવાની અનેક પ્રવૃત્તિઓ અંગે દેશ-વિદેશમાં સતત પ્રવાસ કરતા હોય છે. આવા પ્રવાસો દરમિયાન ભારત અને આફ્રિકાના વિવિધ પ્રશ્નો ઉપર તેમજ વર્તમાન યુગમાં ગાંધી વિચારધારાના મહત્ત્વ ઉપર, અનેક સભાઓ અને વર્તુળોમાં પ્રવચન દ્વારા પ્રકાશ પાડી રહ્યા છે. બાળપણથી જ લેખનનો શોખ હોવાથી પૂર્વ આફ્રિકા તેમજ ભારતમાં, અંગ્રેજી તેમજ ગુજરાતીમાં, તેમના લેખો પ્રકાશિત થયા છે. જીવનસંધ્યાએ પણ જનસેવાની વિવિધ પ્રવૃત્તિઓનો ભાતીગળ દોર ચાલુ જ છે. આવા જ્ઞાનાનુરાગી-ગુણાનુરાગી પરિવારને સમસ્ત જ્ઞાતિ વતીના અનેક અભિનંદન !!!

**(નોંધ : આ શોધગ્રંથનું વિદ્વત્તાપૂર્ણ અવલોકન કરનાર સર્વપ્રથમ બ્રહ્મભટ્ટ આગેવાન - જુઓ પ્રારંભિક ગ્રંથાવલોકન પૃ. xix)**

•



**વિશ્વવિખ્યાત રત્નપરિક્ષક ડૉ. નંદકિશોર બારોટ**
**(M.Sc., Ph.D., M.R.Sc., F.G.A. – જેમોલૉજીસ્ટ)**

ખંભાતનું ખમીર અને વિશ્વ વિખ્યાત રત્નપરિક્ષક ડૉ. નંદકિશોર રાવજીભાઈ બારોટનો જન્મ, ધાર્મિક અને સંસ્કારી, માતૃશ્રી કમળાબાની કુખે તા. ૬-૭-૧૯૪૪ના રોજ મુંબઈ મુકામે થયો હતો. ડૉ. નંદકિશોરભાઈ નાનપણથી જ ભણવામાં હોશિયાર અને સ્વાશ્રયી હતા. ચાર બંધુઓમાં તેઓ ત્રીજા ક્રમે હતા. તેમણે એસ.એસ.સી.થી એમ.એસ.સી. સુધી કોલેજનું શિક્ષણ ખંભાતમાં જ મેળવ્યું. વિદ્યાર્થીકાળમાં ભણવામાં હોશિયાર હોવાને કારણે તેઓ શિક્ષકોમાં પ્રિય હોવાથી અભ્યાસમાં પૂરતી મદદ મેળવી લેતા હતા. પી.એચ.ડી.ની પદવી પણ તેઓએ સ્વબળે શિષ્યવૃત્તિ મેળવીને, લંડન જઈ પ્રાપ્ત કરેલ છે. એ એમની વિદ્યાપ્રાપ્તિની ધગશનું પ્રતીક છે.

બ્રહ્મભટ્ટ જ્ઞાતિના ભામાશા અને જ્ઞાતિરત્ન શ્રી ભગવતીલાલ ડી. રાવનાં બીજા નંબરનાં સુપુત્રી ભારતીબેન સાથે લગ્નગ્રંથિથી જોડાઈને તેમણે ગૃહસ્થ જીવનની (૧૯૭૩) શુભ શરૂઆત કરી. તેમના પરિવારમાં પુત્ર મેહુલ અને પુત્રી શીતલનો સમાવેશ થાય છે. ગૃહસ્થાશ્રમના ૩૮ વર્ષે હાલમાં તેઓ લીલીવાડીના બાગબાન છે, ડૉ. નંદકિશોરભાઈ અને ભારતીબેને દરેક કૌટુંબિક પ્રસંગોએ ઉદારતાપૂર્વક પોતાની જવાબદારી નિભાવીને પરિવારને હરિયાળો રાખ્યો છે.

ડૉ. બારોટે માતૃશ્રી કમળાબાની સ્મૃતિમાં બી. ડી. રાવ કોલેજ કેમ્પસ ખંભાત ખાતે અભ્યાસ કરતી કન્યાઓ માટે ‘કમળાબેન રાવજીભાઈ બારોટ લેડીઝ હોસ્ટેલ’ બંધાવી શ્રવણ તરીકેની ફરજ નિષ્ઠાથી બજાવી છે. સમજુ અને સંસ્કારી માહોલનું નિર્માણ કરે તેવી દીકરી શીતલ સાસરે બાગ ખીલવી-સંભાળી ચોતરફ સુવાસ પ્રસરાવે છે. પિતાએ કંડારેલ કેડીએ ચાલતો દીકરો મોં ઉપર સદાય નરમાશ લાવી કુંટુબના વડાનું માન-સન્માન જાળવે છે. જરૂર જેટલું જ બોલતો અને કામમાં ગુંથાયેલો રહેતો જોઈ કોઈ પણ પિતાને સગર્વ આનંદ થાય.

ઝવેરાતના ધંધામાં તેઓ પોતાના શ્વસુર (શ્રી ભગવતીલાલ રાવ) સાથે સંકળાઈ રત્નોદ્યોગ અર્થે વિદેશમાં વસ્યા. કેન્યાના નમણા શહેર નૈરોબી(ઇસ્ટ આફ્રિકા)માં ખાણમાંથી નીકળેલાં કુદરતી રત્નો તથા ફેક્ટરીમાં પહેલ પાડેલાં રત્નોના જથ્થાબંધ નિર્યાતકાર બન્યા. પોતાની ધંધાકીય શાખાઓ દ્વારા રત્ન પરીક્ષણક્ષેત્રે વૈશ્વિક સેવાઓ પ્રદાન કરતી પ્રતિષ્ઠિત વેપારીપેઢી ‘રૂબી સેન્ટર’(નૈરોબી)ના આરંભકાળ(૧૯૭૪)થી

જ મેનેજિંગ ડિરેક્ટર તરીકેની સફળ જવાબદારીઓ સંભાળતા ડૉ. નંદકિશોર બારોટે જેમ સ્ટોન(રત્ન)ના વિશ્વ વિખ્યાત સંશોધક, પરીક્ષક અને વિશેષજ્ઞ તરીકે ઓર્ગેનિક કેમેસ્ટ્રીમાં મેળવેલ ડોક્ટરેટની પદવીને સાર્થક કરેલ છે.

માઈનિંગ કમિટિના ચેરમેન, ડિરેક્ટર આદ્યસ્થાપક તેમજ સંયોજક તરીકેની જવાબદારીઓ સંભાળીને 'ઇન્ટરનેશનલ કલર્ડ જેમ સ્ટોન્સ એસોસિએશન' (ICA, USA)ની સ્થાપના (૧૯૮૫) અને વિકાસ માટે તેઓ નિમિત્ત બન્યા છે. વિશાળ ફલક પરનો એમનો ઉક્ત અનુભવ એક આગવી વિશેષતા ગણાય.

વિશ્વનાં રત્નોની અત્યંત મૂલ્યવાન સામગ્રીને માતૃભાષામાં અને ભારતની રાષ્ટ્ર ભાષા હિન્દીમાં ગ્રંથસ્થ કરીને લોકભોગ્ય બનાવવાનું બીડું ઝડપીને તેમણે એક યશસ્વી કાર્ય કર્યું છે. તેમણે ગુજરાતીમાં 'વિશ્વનાં રત્નો' (૧૯૯૫), 'મોર્ડન ડિક્ષનરી ઑફ જેમ્સ સ્ટોન્સ' (૧૯૯૫) અને 'વિશ્વ કે રત્ન' (૧૯૯૬)માં પ્રગટ કરી, ત્યારબાદ વિવિધ ભાષાઓમાં 'મણીમાળા' અથવા 'એ ટીટાઇસઓન જેમ્સ'-(મૂળ લેખક એસ. એમ. ટાગોર દ્વારા ૧૮૮૭માં પ્રકાશિત)નું પુનઃમુદ્રણ (સને ૧૯૯૬) કરાવી આ લુપ્ત થતી જતી ધરોહરને નવા રૂપરંગમાં સમાજ સમક્ષ ફરીથી મૂકવાનું શ્રેય તેમણે અર્જીત કર્યું છે. (આ તમામ પુસ્તકો 'ગુજરાત જેમોલોજીકલ ઇન્સ્ટિટ્યૂટ', સી. જી. રોડ, અમદાવાદ ખાતે પ્રાપ્ત છે.)

ધંધાકીય ક્ષેત્રે ડૉ. નંદકિશોરભાઈ, 'ગુજરાત જેમોલોજીકલ ઇન્સ્ટિટ્યૂટ' અમદાવાદના અને 'રૂબી સેન્ટર' કેન્યાના ચેરમેન, 'કુબેર મિનરલ ઍન્ડ મેટલ માઈનિંગ કંપની (ઝામ્બિયા)ના મેનેજીંગ ડિરેક્ટર અને ઝવેરાતની વિવિધ સંસ્થાઓમાં જુદા જુદા હોદ્દાઓ પરથી માનદ્ સેવાઓ આપી રહેલ છે. શૈક્ષણિક ક્ષેત્રે તેઓશ્રી ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળના ઉપપ્રમુખ અને ટ્રસ્ટી છે. આ સંસ્થા અંતર્ગત બી. ડી. રાવ કોલેજ કેમ્પસ ખાતે આર્ટ્સ, કોમર્સ, સાયન્સ, ફાર્મસી તથા પી.ટી.સી. કોલેજના સંચાલનની પ્રવૃત્તિઓમાં હાલમાં ખંભાત ખાતે કાર્યરત છે. બ્રહ્મભટ્ટ જ્ઞાતિના વિકાસ માટે તેઓ ઉમદા વિચારો માત્ર નહીં પરંતુ ઉદાર હાથ પણ ધરાવે છે. અમદાવાદ ખાતે બ્રહ્મભટ્ટ સમાજના સામાજિક, તબીબી, આર્થિક ક્ષેત્રે કાર્ય કરતા 'બી. ડી. રાવ ચેરીટેબલ ટ્રસ્ટ' જેવી સંસ્થાના તેઓ કાયમી ટ્રસ્ટી છે. ખંભાત ખાતે 'શ્રી બ્રહ્મભટ્ટ પ્રગતિ મંડળ'ના તેઓ પ્રમુખ પણ છે. આમ જ્ઞાતિની અનેકવિધ સંસ્થાકીય પ્રવૃત્તિઓમાં હંમેશાં યથાશક્તિ દાન દ્વારા કાર્યારંભ કરનાર તેઓશ્રી વાસ્તવમાં એક સાચા અને સેવાભાવી કાર્યકર છે. રાય કે રંકના ભેદભાવ વિનાની તેમની બહુવિધ સમાજ સેવાઓ, કારકિર્દીના પ્રબળ-પ્રાણવાન પુરુષાર્થ અને જનસેવાના કામણગારા કાર્યોથી સભર છે. આ ઉંમરે પણ વહેલા ઊઠવું, શારીરિક સ્વસ્થતા માટે સજાગ રહેવું (નિયમિત કસરત કરવી) અને આ બધા કરતાંય

વિશેષ તેઓ આજે પણ યુવાનને શરમાવે એટલો બધો સમય ધંધાના કામમાં કે સમાજ સેવામાં ફાળવે છે. તન-મનમાં સહેજે થાક નહીં અને ઉત્સાહ બમણો. હૈયામાં હામ અને પગમાં પ્રવૃત્તિ, સતત અને સતત કાર્યરત રહેવું એ ડૉ. નંદકિશોરભાઈની પ્રકૃતિ છે.

ખંભાત સહિત સમસ્ત બ્રહ્મભટ્ટ સમાજનું તેઓ મૂલ્યનિષ્ઠ ઘરેણું છે. સતત ઉદ્યમ, સતર્કતા, બૌદ્ધિકતા, પુરુષાર્થ, પારદર્શકતા અને પ્રમાણિકતાએ તેમની અદ્વિતીય સેવાઓની શાખ પૂરે છે. જ્ઞાતિના વિકાસ માટે તેઓ સતત કાર્યરત છે. ખંભાત તેમનું વહાલસોયું માદરેવતન હોવાના નાતે ત્યાંની સેવાભાવી સંસ્થાઓને કાર્યરત રાખવા સદા પુરુષાર્થ કરે છે. આ ગ્રંથ 'બ્રહ્મભટ્ટ સંહિતા'ના પ્રથમ સંસ્કરણ ટાણે પોતાના સ્વસુર શ્રી તેમજ પ્રસિદ્ધ જ્ઞાતિ આગેવાન શ્રી બી.ડી.રાવ સાહેબને બદલે આ ગ્રંથનું પ્રકાશન તેમને પોતાને કરવા દેવું વધુ યોગ્ય હોવાનું કહી, રાજી કર્યા હતા. વાસ્તવમાં એમણે આપેલ ઉદાર આર્થિક સહાય થકી જ એનું પ્રકાશન શક્ય બન્યું હતું એ વાતની અત્રે સંશોધક સાભાર નોંધ લે છે.

મા અંબા ડૉ. નંદકિશોરભાઈના નંદનવન સમા પરિવારને સદાય ખિલ્યું ખિલ્યું રાખે અને એમના થકી સમાજસેવાનાં અનેક સદ્કાર્યો થતાં જ રહે. એવી અભ્યર્થના !



•

**"આદ્ય દાતાશ્રી" સ્વ. શ્રી ગોરધનદાસ બાપુજી બ્રહ્મભટ્ટ (વેડા, તા. વિજાપુર)**

ઉત્તર ગુજરાતના વેડા ગામના વતની, ખ્યાતનામ જ્ઞાતિબંધુ શ્રી ગોરધનદાસનો જન્મ સંવત ૧૯૬૪માં વેડા મુકામે કરણાવત કુટુંબમાં થયેલો. તેઓશ્રી જૂજ અભ્યાસ કરી નાની ઉંમરે મુંબઈ ગયેલા ત્યાંથી થોડા દિવસમાં જ અમદાવાદ આવી ૨૦ દિવસ મિલમાં નોકરી કરેલી. વળી પાછા મુંબઈ ગયા અને એક હોટેલમાં નોકરી જોડાયા. થોડા વખતમાં જ તેમણે આ લાઈનનો સારો અનુભવ લઈને હોટેલનો પોતાનો સ્વતંત્ર ધંધો શરૂ કર્યો.

સખત પરિશ્રમ અને ધગશથી શ્રી ગોરધનદાસે શૂન્યમાંથી સર્જન કર્યું. તેઓ સ્વભાવે સાહસિક અને ઉદાર હતા. ખેતીકામમાં પણ તેમને ઘણો જ સારો રસ ધરાવતા. ખેતીમાં નવા નવા આધુનિક અખતરાઓ કરવા તેઓ તત્પર રહેતા. સરકારી એગ્રિકલ્ચર ખાતાનો ઉપયોગ કરી ખેતી કરતા અન્ય ખેડૂતોને માટે પણ માર્ગદર્શક બની શક્યા હતા. વિજાપુરમાં તેમણે ગુજરાત લિફ ટોબેકો કું. નામની પ્રાઈવેટ લિમિટેડ કંપની શરૂ કરી જેના તેઓશ્રી ચેરમેન તથા જોઈન્ટ મેનેજિંગ ડાયરેક્ટર રહેલા. આ કંપનીએ સિગારેટ

બનાવવાની તમાકુનું ઉત્પાદન કરી સારી એવી કમાણી કરી.

શ્રી ગોરધનદાસે સારી આર્થિક પ્રગતિ સાધી હોવાથી સામાજિક ઉત્કર્ષ માટે તેનો ઉપયોગ કરવા અનેક ક્ષેત્રે ઉદાર હાથે સખાવતો કરવી શરૂ કરી. જેમ કે રૂ. ૨૫૦૦૦/-ની સખાવત પીલવાઈ (તા. વિજાપુર) ખાતે કોલેજ સ્થાપવા માટેના ફંડમાં કરી. (એ જમાનામાં ૨૫,૦૦૦/-ની સખાવત ઘણી મોટી સખાવત ગણાતી.) આ ઉપરાંત તેમણે તેમનાં માતૃશ્રીના સ્મરણાર્થે આ કોલેજમાં એક હોસ્ટેલ બંધાવી. આ ઉપરાંત વિસનગર ખાતેના શ્રી કે. ગો. બ્રહ્મભટ્ટ છાત્રાલયમાં તેમના પિતાશ્રીના નામે રસોડું બંધાવી આપવામાં રૂ. ૧૦,૦૦૦/- ઉપરાંતનું દાન આપ્યું તથા તેમના મોટા ભાઈ શ્રી વૃજલાલભાઈના નામથી પ્રાથમિક શાળામાં એક હોલ બંધાવી આપ્યો.

સ્વજ્ઞાતિ સેવા ઉપરાંત ગામલોકોની અગવડતા નિવારવા વેડામાં એક વારિગૃહ પણ બંધાવી આપ્યું. ધર્મ ક્ષેત્રે પણ જ્યાં જ્યાં જરૂર લાગી ત્યાં ત્યાં તેમણે ઉદાર સખાવતો કરી. વ્યક્તિગત રીતે પણ તેમણે ઉદાર દિલથી સહાય કરી. તેમના સખાવતી સ્વભાવનીઓ પુરાવો છે. ૩ પુત્રો અને એક પુત્રી પૈકી મોટા પુત્ર શ્રી રમેશભાઈ તેમનો ધંધો સંભાળે છે અને જ્ઞાતિસેવામાં સારો રસ લે છે.

એમના બીજા સુપુત્ર શ્રી પ્રવીણભાઈ, શ્રી દંઢાવ બ્રહ્મભટ્ટ મંડળના મેનેજિંગ ટ્રસ્ટી છે અને વેડા ખાતે પ્રાથમિક સ્કૂલ તેમજ પી.ટી.સી. અને બી.એડ્. કોલેજોનું સંચાલન કરી રહ્યા છે. સાથે સાથે જ્ઞાતિસેવામાં પણ મહત્ત્વનું યોગદાન આપી રહ્યા છે.

હંમેશાં હસમુખા અને આનંદી સ્વભાવના શ્રી ગોરધનદાસને તેમની ઉક્ત સખાવતોને ધ્યાનમાં લઈને મુંબઈ ખાતે વસતા સમસ્ત જ્ઞાતિજનો તરફથી એક ભવ્ય અને શાનદાર મેળાવડામાં તેમને **''માનપત્ર''** અપાયું હતું. આ સમારંભ મુંબઈમાં થયેલા કોઈ પણ જ્ઞાતિસમારંભ કરતાં અનોખો અને યાદગાર હતો. તેમની ઉદાર સખાવતો માટે બ્રહ્મભટ્ટ જ્ઞાતિ અને સમાજ હંમેશાં તેમનો ઋણી રહેશે. સમાજના દાતાઓમાં તેમનું સ્થાન કાયમી અગ્રેસર અને અવિસ્મરણીય રહેશે.

•



**શ્રી પ્રવીણભાઈ ગોરધનદાસ બ્રહ્મભટ્ટ (વેડા)**

**(મેનેજિંગ ટ્રસ્ટીશ્રી, શ્રી દંઢાવ બ્રહ્મભટ્ટ મંડળ, અમદાવાદ)**

શ્રી પ્રવીણભાઈ ગોરધનદાસ બ્રહ્મભટ્ટ પણ પિતાશ્રીના માફક મિલનસાર, ઉદાર અને જ્ઞાતિપ્રેમી છે.

ઉદ્યોગપતિની સાથે સાથે તેમણે શિક્ષણક્ષેત્રે બી.એડ્. તથા પી.ટી.સી. કૉલેજથી પ્રાથમિક શાળા સુધીની શૈક્ષણિક સંસ્થાઓનું વિશાળ સંકુલ ઊભું કરી સમાજની સેવારૂપ શૈક્ષણિક કામગીરી કરી છે. તેમનાં લગ્ન ગોમતીપુરના અગ્રણી શ્રી શંકરલાલ છબીલદાસની સુપુત્રી ચંદ્રિકાબેન સાથે થયેલાં છે. તેઓ પણ ઘણાં જ સંસ્કારી અને ઉદાર ભાવનાવાળાં ગૃહિણી છે.

શ્રી પ્રવીણભાઈ અને શ્રીમતી ચંદ્રિકાબેનના પરિવારમાં શ્રી બ્રિજેશભાઈ અને ગૌરાંગભાઈ બે સુપુત્રો છે. તેઓ પણ ઉચ્ચ અભ્યાસ કરી ઉપર જણાવ્યા મુજબ ઉપરોક્ત શિક્ષણ સંકુલમાં મહત્ત્વની જવાબદારી વહન કરી રહ્યા છે. તેમની સુપુત્રી ચિ. હેતલ પણ બી.કોમ., એલ.એલ.બી. થયેલ છે અને તેમનાં લગ્ન મોટા તારાપુરના કુલદીપસિંહ મહેન્દ્રસિંહ રાવ સાથે થયાં છે. તેઓ હાલમાં અમેરિકા સ્થાયી થયાં છે. તેમનાં મોટા દીકરા શ્રી બ્રિજેશભાઈનાં લગ્ન ચડાસણા (સાબરકાંઠા) હાલ-રાજકોટના વતની પી. સી. બારોટની સુપુત્રી ચિ. રૂપલ સાથે થયેલ છે. પી. સી. બારોટ રાજકોટ અરબન ડેવલપમેન્ટ ઓથોરિટીના ચેરમેન રહી ચૂક્યા છે. શ્રી પ્રવિણભાઈના બીજા સુપુત્ર ગૌરાંગના લગ્ન ખેરાલુ નિવાસી મહેશકુમાર દશરથલાલ બારોટની પુત્રી ચિ. સપના સાથે થયેલ છે. શ્રી મહેશભાઈ નાગરિક બેંકના ચેરમેન તરીકેની સેવા બજાવી રહ્યા છે.

શ્રી પ્રવીણભાઈના પિતાશ્રી સ્વ. ગોરધનદાસનું નામ જ્ઞાતિમાં ઘણું જ જાણીતું છે. તેઓશ્રીએ શ્રી દંઢાવ બ્રહ્મભટ્ટ મંડળને તેમના પિતાશ્રી શેઠશ્રી બાપુજી ગેંદલજીના ભોજનાલય માટેનું સને ૧૯૪૫ની સાલમાં (જ્યારે રૂપિયો ગાડાના પૈડા જેવો હતો તે વખતે) રૂપિયા ૧૦,૦૦૦/- દાન કરેલ છે. એટલું જ નહીં પરંતુ તેમના પિતાશ્રીને જ્ઞાતિસેવામાં અને વિદ્યામાં ખાસ રસ હોવાના કારણે શ્રી દંઢાવ બ્રહ્મભટ્ટ મંડળ કે જે વિસનગરથી ૧૯૭૪માં ખસેડવામાં આવેલું તે વખતે અમદાવાદ ખાતે આંબાવાડી વિસ્તારની આઝાદ સોસાયટીમાં બંગલા નં. ૫૩-૫૪માં ઊભું કરવામાં આવેલ અને જેના પ્રમુખ તરીકે પણ ઘણી લાંબી સેવાઓ આપેલ છે.

આમ પ્રવીણભાઈ પણ તેમના પિતાશ્રીના પગલે ચાલીને અમદાવાદ ખાતે ગોરધનદાસ બાપુજી બ્રહ્મભટ્ટ (વેડાવાળા) હોલ બાંધવા માટે તેમના ભાઈઓ સાથે મળીને રૂ. ૨,૫૧,૦૦૦/-નું દાન કરેલ છે. જેના કારણે જ હોલ ઊભો કરવામાં આવેલ છે. તેનું નવીનીકરણ કરવાના કારણે સંસ્થાને રૂ. ૧૫,૦૦,૦૦૦/- (પંદર લાખ)ની સારી એવી વાર્ષિક આવક ઊભી થઈ છે. જેમાંથી સમાજના તેજસ્વી વિદ્યાર્થી/ વિદ્યાર્થિનીઓના શૈક્ષણિક વિકાસમાં સારો એવો સહકાર આપી શકાય છે. તાજેતરમાં

શ્રી પ્રવીણભાઈએ આ હૉલ ખાતે સંશોધકના વર્ષો જૂના સ્વપ્ન સમા 'બ્રહ્મભટ્ટ કેરિયર કાઉન્સિલિંગ સેંટર' ઊભું કરીને સ્વજ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થી ભાઈ-બહેનોને એક નવું આશાકિરણ આપ્યું છે. આ ઉપરાંત શ્રી પ્રવીણભાઈએ સમાજના સુંદર એવા સંકુલ માટે શ્રી બી. ડી. રાવ ચેરિટેબલ ટ્રસ્ટમાં રૂ. ૧,૦૦,૦૦૦/-નું દાન કરેલ છે. તદ્ઉપરાંત તેમણે અને તેમના ભાઈઓએ અવિરત દાનની સરવાણી વહાવી છે. જેવી કે (૧) વિજાપુર ટી. બી. હૉસ્પિટલ રૂ. ૨૫,૦૦૦/- (૨) દેત્રોજ એસ. ટી. સ્ટેન્ડ માટે રૂ. ૨૫,૦૦૦/- (૩) ધાણોધરડા ગામમાં શાંતાબેન ગોરધનદાસ બ્રહ્મભટ્ટ બાળમંદિર માટે રૂ. ૨૧,૦૦૦/- (૪) અમદાવાદ ઈન્ડિયા કોલોની, રમેશનગરમાં ગોરધનદાસ બાપુજી બ્રહ્મભટ્ટ સાંસ્કૃતિક હોલ માટે (૫) વેડા વાહીગૃહમાં ગં.સ્વ. શાંતાબેન ગોરધનદાસના નામે, (૬) વેડાઈ માતાજીના જીર્ણોદ્ધાર માટે (૭) વેડા પ્રાથમિક શાળામાં (૮) શાંતાબેન ગોરધાનદાસ બ્રહ્મભટ્ટ બાલમંદિર, વેડા માટે (૯) વલ્લભ વિદ્યાનગર ખાતે, પણ દાન આપેલ છે. (૧૦) પિલવાઈ કોલેજમાં મહાકુંવરબા છાત્રાલયનું સ્વતંત્ર મકાન રૂ. ૨૫,૦૦૦/-નું ટ્રસ્ટ ''પ્રવીણકુમાર ગોરધનદાસ બ્રહ્મભટ્ટ તેજસ્વી વિદ્યાર્થી ટ્રસ્ટ'' જેવી અનેક દાન પ્રવૃત્તિઓ કરેલ છે.

શ્રી પ્રવીણભાઈ સાચા અર્થમાં જ્ઞાતિના હિતચિંતક અને જ્ઞાતિના ઉત્કર્ષના કામોમાં ઊંડો રસ ધરાવતા હોવાથી શ્રી દંઢાવ બ્રહ્મભટ્ટ મંડળના મે. ટ્રસ્ટી તરીકે સેવા આપી રહ્યા છે. એટલું જ નહીં પણ શ્રી પ્રવીણકુમાર ગોરધનદાસ બ્રહ્મભટ્ટ (વેડાવાળા) અતિથિભવન, આઝાદ સોસાયટી માટે તેમણે રૂ. ૫,૫૧,૦૦૦/-નું દાન આપેલ છે.

આ ઉપરાંત (૧) રૂ. ૧,૦૦,૦૦૦/- શ્રી દંઢાવ બ્રહ્મભટ્ટ મંડળ, અમદાવાદના મુખપત્ર બ્રહ્મભટ્ટ એકતામાં શુભેચ્છક દાતા દંપતી તરીકે (૨) ૫,૫૧,૦૦૦/- શ્રી દંઢાવ બ્રહ્મભટ્ટનું મંડળ સંચાલિતે અતિથિ ભુવન માટે તથા (૩) મું. લાલપુર અને વિજાપુર ખાતેના વિદ્યાર્થીની અને વિદ્યાર્થીઓને આર્થિક સહાય, કરવા ઉપરાંત જ્ઞાતિમંડળ દ્વારા આયોજિત સમૂહલગ્નમાં પણ અવાર-નવાર સહયોગ આપેલ છે. તેઓશ્રી અંબિકા વિજય હોટલ, પાયધુની,મુંબઈ-૩. ફોન : (૦૨૨) ૨૩૪૩ ૦૬૪૬ અને ૨. Pioneer Foods (મુંવેડા તા. માણસા, જિ. ગાંધીનગર) નામની ધંધાકીય સંસ્થાઓ ધરાવે છે.

ઈશ્વર તેમને વધુને વધુ સમૃદ્ધ બનાવે, સારી તંદુરસ્તી આપે અને તેઓ સતત સમાજ સેવા કરતા રહે એવી અભ્યર્થના.

•



**પ્રોફેસર શ્રી અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ (૧૯૩૭-૧૯૮૧)**
**(પ્રસિદ્ધ સાહિત્યકાર, વિવેચક અને ઉત્તમ શિક્ષક)**

ઈ. સ. ૧૯૩૭ની ૧૧મી નવેમ્બરે, ઉત્તર ગુજરાતના પાટણ ગામે એમનો જન્મ. મૂળ વતન વિરમગામ તાલુકામાં આવેલ દેત્રોજ. મધ્યમ વર્ગના નીચલા થરનું ઘર. પિતા લાલજી નારાયણજી બ્રહ્મભટ્ટ પ્રાથમિક શાળાના શિક્ષક. ઊંચી દેહયષ્ટિ. માથે ફેંટો. સાદો સ્વચ્છ પહેરવેશ. માતા લક્ષ્મીબહેન ખૂબ પ્રેમાળ, અત્યંત ચીવટવાળાં, જૂનવાણી અને કડક સ્વભાવનાં. માત્ર બે સંતાન – હરિગંગા અને અનિરુદ્ધ. પિતા મેધાવી અને સંસ્કૃતપ્રેમી. એમણે સંસ્કૃત સુભાષિતો અને સ્તવનોના અનુવાદ કરેલાં પિતાની બુદ્ધિ અને સંસ્કારિતા અનિરુદ્ધભાઈને વારસામાં મળેલાં. પિતાના વાચન પ્રેમને કારણે નાનકડા અનિરુદ્ધનેય પુસ્તકોનો સંગ સુલભ અને પછી તો પુસ્તકોનું જાણે વ્યસન. શાળાનું શિક્ષણ તથા યુનિવર્સિટી શિક્ષણ એમણે વડોદરામાં લીધું.

શાળામાં હંમેશાં પ્રથમ નંબરે પાસ થતા. પિતાજીએ મોટી ઉંમરે લગ્ન કરેલાં. પિતાજી રિટાર્યડ થતાં આર્થિક મુશ્કેલી વધી. આથી તેઓ ટ્યુશન કરતા અને ભણતા. પરિણામે સ્વભાવ અત્યંત કરકસરવાળો. રાત્રે ફાનસના અજવાળામાં મોડે સુધી વાંચતા. મેટ્રિક બાદ આર્ટ્સમાં ગયા. મનમાં એવી લાગણી પણ ખરી કે જલદી કમાતો થાઉં ને પિતાને મદદરૂપ બનું.

તેજસ્વી વિદ્યાર્થી, બી.એ. તથા એમ.એ.માં સુવર્ણ ચંદ્રક. ૧૯૫૮માં તેઓ ગુજરાતી અને સંસ્કૃત વિષયો સાથે પ્રથમ વર્ગમાં પ્રથમ આવ્યા ને સુવર્ણ ચંદ્રક મેળવ્યો. ૧૯૬૦માં એ જ વિષયો સાથે એમ.એ.ની ડિગ્રી પણ પ્રથમ વર્ગમાં મેળવીને મટુભાઈ કાંટાવાળા સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યો. સુરેશ જોષીએ લખ્યુ છે કે – ''પ્રથમ વાર મેં એમને (અનિરુદ્ધને) મારા વર્ગમાં એક તેજસ્વી વિદ્યાર્થી તરીકે જોયા. સંસ્કૃત અલંકારશાસ્ત્ર શીખવતા ક્યાંક હું કશુંક ચૂકી જાઉં તો તેઓ તરત યાદ દેવડાવે. પછી એવા શિષ્યો બહુ મળ્યા નથી. વિદ્યાર્થી તરીકેની ઉજ્જવળ કારકિર્દી પૂરી કરીને એમણે વડોદરા છોડ્યું. એ ગાળો મારે માટે વિક્ષોભકર અને વિટંબણાભર્યો હતો, એમાં એકલ તેજસ્વી વિદ્યાર્થીને કારણે મને બહું ધરપત મળી.''

ઈ. સ. ૧૯૫૯માં, એટલે કે બી.એ. થયા પછી તરત ડભોઈમાં કોલેજમાં ગુજરાતીના વ્યાખ્યાતા તરીકેનું આમત્રંણ મળ્યું. આમ માત્ર ૨૧ વર્ષની ઉંમરે જ એમણે ડભોઈની આર્ટ્સ કોલેજથી અધ્યાપન કાર્ય શરૂ કર્યું. એમ.એ.ની પરીક્ષા પણ ડભોઈમાં રહીને આપી.

પોતાની આગવી શિક્ષણ શૈલી, સજ્જતા, વિદ્યાર્થી અભિગમ અને સાથીઓ સાથેના સ્નેહસભર વ્યવહારથી તેઓ સૌના પ્રીતિભાજન બન્યા. ત્યારે ડભોઈના સાર્વજનિક પુસ્તકાલયના વાચનાલયમાં અનેક ખ્યાતનામ વિદ્વાનોનાં વ્યાખ્યાનો, ચર્ચાના તથા વક્તૃત્વ અંગેના કાર્યક્રમો તેમજ મહાપુરુષોની જ્યંતિઓના સમારંભો પણ યોજાતા તેમાં અનિરુદ્ધભાઈની રૂપેરી વાણી સૌના આકર્ષણનું કેન્દ્ર બની રહેતી.

ઈ. સ. ૧૯૬૨માં અનિરુદ્ધભાઈ બિલીમોરાની કોલેજમાં જોડાયા. અહીં એમની શક્તિઓ સોળે કળાએ ખીલી ઊઠી. વિદ્યાર્થીઓ ઉપર તો તેઓ જાણે વશીકરણ જ કરતા. વિદ્યાર્થીઓને તેઓ ખૂબ ચાહતા. પ્રાણ રેડીને શીખવતા. વિદ્યાર્થીઓ સાથેનો તેમનો સંબંધ એ માત્ર અધ્યાપક-વિદ્યાર્થીનો નહોતો રહેતો. વિદ્યાર્થીઓ સાથેનો સંબંધ મૈત્રીનો અને પ્રેમનો રહેતો. ઘણા બધા વિદ્યાર્થીઓ તો એમના પરિવારના સભ્ય જ બની જતા. ઘણી વાર વિદ્યાર્થીઓના અંગત પ્રશ્નોનીય તેઓ ચિંતા કરતા ને પ્રશ્નો ઉકેલી આપવામાં મદદ કરતા. વિદ્યાર્થીઓને જીવતાંય શીખવતા. એમનો અભ્યાસ પણ સતત ચાલુ. પગારનો મોટો હિસ્સો પુસ્તકોની ખરીદીમાં. પછીથી તો પુસ્તકોને સમાવવાના ને સંભાળવાનાય પ્રશ્નો થતા. દેશવિદેશના સાહિત્યની અભિજ્ઞતા કેળવેલી. ગુજરાતી સાહિત્યના વિવિધ ઈતિહાસોનું અધ્યયન એમણે પી.એચ.ડી. નિમિત્તે શરૂ કરેલું પરંતુ એમને પદવી કરતાં તો કશાક પ્રતિપાદનમાં વધુ રસ હતો.

અધ્યાપકને છાજે એવી શાલિનતા, આત્મગૌરવ, વારસામાં જ મળેલાં શિક્ષણ કળા અને વાણી, શ્રોતાઓ પર ભૂરકી નાખતો અવાજ, હૃદયમાં માણસને ચાહવાની ભૂખ, પૂરી આત્મશ્રદ્ધા, અનેક શિખરો સર કરવાની મહત્ત્વાકાંક્ષા અને અગણિત સ્વપ્નો. ઉમાશંકર જોશીએ યોગ્ય લખ્યું છે કે, ''અનિરુદ્ધના અવાજમાં મધુરતા અને સાથે જ બળકટતા જોવા મળતાં વાગ્ધારામાં શબ્દાડંબર નહીં પણ વિચારાર્દતાનો અનુભવ થતો. એક વિશાળ સંસ્કારિતાઓનો સંસ્પર્શ સાંભળનારને થતો. એમની રુચિ પ્રમાણે એક સારું સાહિત્યૈક માસિક કાઢવું, ફ્રેન્ટાના કોલમ્બિયા કે ટવેન્ટીએથ સેન્ચ્યુરી વ્યૂઝ જેવી, સર્જકો અને ચિંતકોનાં અનેક પાસાંઓને આવરી લેતી અભ્યાસ-પુસ્તિકાઓ તે તે વિષયના અભ્યાસીઓના સહકારથી પ્રગટ કરવી, પશ્ચિમની પ્રભાવક વિચારધારાઓનો પરિચય કરાવવો. સાહિત્યકોશ, પૌરાણિક કોશ તથા ગુજરાતી સાહિત્યના ઈતિહાસનો વિચાર તથા યોજના પણ તેમના મનમાં રમતાં રહેતાં. ઉપરાંત સર્જનાત્મક કામનાય અનેક સ્વપ્નો એમના મનમાં હતાં. મોડાસાના પ્રથમ જ્ઞાનસત્રમાં તેઓ સ્વતેજે ઝળકી ઊઠ્યા. પછી તો ભાગ્યે જ કોઈ એવો પરિસંવાદ, કોઈ એવી જ્ઞાનચર્ચા હોય,જેમાં અનિરુદ્ધભાઈ ન હોય. એમની વાણીનો રણકો, શ્રોતાને વિશ્વાસમાં લેતી કર્ણમધુર છટાઓ, સ્પષ્ટ મુદ્દાસર વાત, અદ્યતન દૃષ્ટાંતો તથા વાણીના લયવર્તનથી

તેઓ છવાઈ જતા. આથી એમના ચાહકો ઘણા બધા હતા. સભઓમાં છવાઈ જવાનોય એક નશો હોય છે. સર્જકે આવા નશાથી, લોકપ્રિયતાથી તથા ચાહકવૃંદથી બચવાનું હોય છે. અનિરુદ્ધભાઈ આ મર્યાદાથી જ્ઞાત હતા.

નાની ઉમંરે એમણે સંપાદન-વિવેચક તરીકે ગજું કાઢ્યું. ૧૯૬૯માં એમણે એરિસ્ટોટલના કાવ્યશાસ્ત્રનો અનુવાદ આપ્યો. ગુજરાતી સાહિત્યમાં પૂનર્મૂલ્યાંકનો થવાં જોઈએ એવું તેઓ ભારપૂર્વક માનતા. આ માટે એમણે સ્વાધ્યાય શ્રેણી શરૂ કરી. આ શ્રેણીનું પ્રથમ પુસ્તક ઝવેરચંદ મેઘાણી (૧૯૬૯). જેના વિશે ચૂનીલાલ મડિયાએ લખેલું- આખોયે ગ્રંથ એક જ કલમે લખાય તો એમાં એક પ્રકારની સળંગસૂત્રતા અવશ્ય પ્રાપ્ત થાય. પણ બહુમુખી સાહિત્યકારોનાં સર્વ પ્રતિભા પાસાને એથી એકસરખો ન્યાય ન પણ થાય. એથી મેધાવી કવિ, નવલકથાકાર, વાર્તાકાર, વિવેચક, લોકસાહિત્યનાં સંપાદક અનુવાદક પત્રકાર વગેરે વિશે અભ્યાસી અને ઉત્સાહી લેખકો પાસે સારાં અને માહિતીસભર અધ્યાપનો તૈયાર કરાવીને ગ્રંથસ્થ કરાયાં. આ અધ્યાપનો, પ્રશંસાત્મક હોવા ઉપરાંત સમતોલ અને વિવેચનાત્મક પણ બની રહ્યાં છે, એ એની વિશેષતા ગણાય. મેઘાણીની બાબતમાં એવું બન્યું કે તેમની અતિપ્રશંસા થાય છે વિશેષતઃ ગયા (પાંચમા) દાયકા દરમિયાન અથવા તો, અતિઉપેક્ષા થાય છે  આ (છટ્ઠા) દાયકા દરમિયાન. આ બેઉ અંતિમો વચ્ચેનું સમતોલ છતાં સમભાવપૂર્ણ મૂલ્યાંકન આ ગ્રંથમાં અને વિશેષતઃ સંપાદકીય લેખ મેઘાણી : શબ્દના સોદાગરમાં પ્રાપ્ત થાય છે એનું શ્રેય આ નવતર વિવેચનશ્રેણીને જવું ઘટે.

સર્જકો વિશેની આ સ્વાધ્યાયશ્રેણી ઝવેરચંદ મેઘાણી (૧૯૬૯), મણિશંકર ભટ્ટ-કાન્ત (૧૯૭૧) અને રમણભાઈ નીલકંઠ (૧૯૭૩) કાયમી મહત્ત્વ ધરાવે છે. સર્જકો વિશેની સ્વાધ્યાયશ્રેણીની જેમ એમણે સર્જન વિશે સ્વાધ્યાય શ્રેણીનું સંપાદન કર્યું. જેમાં 'કાન્તા' (૧૯૭૩), 'સુદામાચરિત્ર' (૧૯૭૫) પ્રેમાનંદકૃત 'કુંવરબાઈનું મામેરું', 'શર્વિલક' વગેરે અભ્યાસીઓ માટે અત્યંત ઉપયોગી છે. ભારતીય સાહિત્યશાસ્ત્રમાં ગુણ અને રીતિની વિચારણા(૧૯૭૪)માં આચાર્ય ભરતથી માંડીને પંડિત જગન્નાથ સુધીના મૂર્ધન્ય આલંકારિકોના મૂળ ગ્રંથોના સૂક્ષ્મ અધ્યયન અને વિવેચનાત્મક પૃથ્થકરણ છે. એમનો પ્રથમ વિવેચનસંગ્રહ 'અન્વીક્ષા' (૧૯૭૦). જેના વિશે શ્રી જયંત કોઠારી લખે છે. ''આટલું અવશ્ય કહેવું જોઈએ કે સંગ્રહમાંનું એક પણ લખાણ નિરર્થક થયેલું નથી. લેખકે કંઈક નવું વિચાર્યું છે, એમને કંઈક કહેવા-બતાવવાનું છે માટે જ એમણે લખ્યું છે, અને જે કંઈ કહેવાનું છે તે વિશદ રીતે, ચોકસાઈથી, કેટલીક વાર માર્મિક સઘનતાથી પણ કહી આપ્યું છે વિચારનિષ્ઠ વિવેચન જે પ્રાત્સાદિકતાથી અનિરુદ્ધે આપ્યું છે તે એમની એક સિદ્ધિ છે. એથી જ આવી વૈવિધ્યસભર સામગ્રીમાંથી પણ એમની વિવેચકપ્રતિભા એકંદરે ઉપસી

આવે છે. અનિરુદ્ધ પાસે Facile Pen – રસળતી કલમ છે, ભાષા-પરિભાષાની એમને ક્યાંય મુશ્કેલી પડતી નથી. ઘાટીલા શબ્દો અને વાક્યો એમની પાસે સહજ રીતે આવે છે. આથી એમનું ગદ્ય સદ્યોગમ્યતા અને આકર્ષકતા ધારણ કરે છે.'' નિરંજન ભગતે પણ નોંધ્યું છે કે, ''ભાઈ અનિરુદ્ધની વિવેચ્ય સામગ્રી અલ્પ અપવાદો બાદ કરતાં સમકાલીન, બલકે છેલ્લા એક દસકાના સમયની છે એટલું જ નહિ. પણ એથી વિશેષ મહત્ત્વની વાત તો એ છે કે 'અન્વીક્ષા'ના અન્વેશકની ઇક્ષા આધુનિક છે, બીજા શબ્દોમાં કહું તો એ સ્વરૂપલક્ષીતાના અતિરેકને કારણે સ્વરૂપની શુદ્ધતા વિશેની અશુદ્ધ વિચારણાને કારણે કેટલાક અન્વેષકોમાં જ દૃષ્ટિદોષ હોય છે તે ભાઈ અનિરુદ્ધમાં નથી.''

૧૯૬૭-૬૮નાં વર્ષોમાં એમણે 'જન્મભૂમિ' દૈનિકમાં 'અલપ-ઝલપ' નામની કોલમ શરૂ કરેલી. એ પછી 'સંદેશ'માં 'સાહિત્ય અને સંસ્કાર' નામની તથા 'મુંબઈ સમાચાર'માં 'ચલ મન વાટે ઘાટે' નામની કોલમ લખેલી. 'વિશ્વમાનવ'ના સાહિત્ય વિભાગના સંપાદક તરીકે પણ કેટલાક સરસ સંપાદકીય લેખો લખેલા.ઉપરાંત 'વિશ્વમાનવ'ના કેટલાક મૂલ્યવાન વિશેષાંકોય કરેલા. સાહિત્યક લેખો તથા પત્રોનું પુસ્તક 'પૂર્વાપર' ૧૯૭૬માં પ્રગટ થયું.

૧૯૬૭માં અનિરુદ્ધભાઈ મુબંઈની વિલ્સન કોલેજમાં વ્યાખ્યાન માટે ગયેલા. ત્યાં અભ્યાસ કરતી કુ. નલિની તુરખિયા સાથે પ્રથમ પરિચય થયો . અને પછી તો પ્રેમ પાંગર્યો. ૪ જુલાઈ ૧૯૬૮ના રોજ એમણે કુ. નલિની તુરખિયા સાથે આંતરજ્ઞાતિ પ્રેમલગ્ન કર્યું. નલિનીબહેને લગ્ન બાદ એમ.એ. પૂરું કર્યું. નલિનીબહેનેય સાહિત્યમાં ખૂબ રસ ઉપરાંત એમની સર્જકતાય પાંગરતી હતી. સાહિત્ય ઉપરાંત બેઉ જણને સંગીતમાંય રસ.

૧૯૭૦માં એમણે બિલીમોરા છોડ્યું અને અમદાવાદ ગુજરાત યુનિવર્સિટીના ગુજરાતી વિભાગમાં જોડાયા. આઠેક વર્ષ બિલીમોરામાં કામ કર્યુ અને વિદ્યાર્થીઓ ઉપર તો એમણે વશીકરણ જ કરેલું. આથી બિલીમોરા છોડીને એમણે અમદાવાદ જવાનું સ્વીકાર્યું ત્યારે એમના ચાહકોએ ખૂબ પ્રક્ષોપ અને ખિન્નતા અનુભવ્યાં પણ તેઓ કૃતિનિશ્ચય હતા. બિલીમોરાનો સમયગાળો એ એમના માટે સુરેશ જોશીની પ્રતિભાની છાયામાંથી બહાર આવીને સ્વપ્રતિભાના વિકાસનો ગાળો રહ્યો. વડોદરાનો અભ્યાસકાળ તથા બિલીમોરાનો સમય તેઓ વારંવાર યાદ કરતા પણ એમના હૈયે મોટાં શિખરો સર કરવાના મનોરથો. તે તક મળતાં જ અમદાવાદ આવ્યા. પણ અમદાવાદનું વાતાવરણ ?! શ્રી ભોગીભાઈ ગાંધીએ નોંધ્યું છે.- ''સર્વક્ષેત્રે શિક્ષણથી માંડી સાહિત્ય અને પત્રકારત્વના ક્ષેત્રે – 'આગળ' આવવાનો અને ઉપરના સ્થાને ચીટકી રહેવાનો સૌ કોઈનો સંઘર્ષ ! આચારસંહિતાની તો વાત જ શી ? તેથી અનિરુદ્ધની

અકળામણ વધતી ચાલી. બીજી બાજુ, સ્વબળે આગળ આવવાની અને રહેવાની ભારે ખેવના. વરસો વીતતાં ગયાં ને સંઘર્ષ વધતો ગયો. જીવનના ખાસ્સા ગમાઅણગમા અને સતત માન-અપમાનની ભીંસમાં જાતે ભીંસાતા રહ્યા.'' એમનો અહમહમિકાજન્ય જીદ્દી સ્વભાવ પણ આ ભીંસ માટે જવાબદાર હતો.

૧૯૭૫માં મેં અનિરુદ્ધભાઈને સૌપ્રથમ વાર જોયા. સફેદ દૂધ જેવાં, ખાદીના પેન્ટ અને શર્ટ આછો શ્યામ વર્ણ લગભગ સાડા પાંચ ફુટ ઊંચાઈ પણ પોલિયોની ખોડના કારણે ઊંચાઈ થોડી ઓછી ભાસે. આત્મ તેજે ચમકતી આંખો જાણે ચુંબકીય બળ ધરાવતો હોય એવો, આત્મશ્રદ્ધાથી રણકતો, તાંબા જેવો અવાજ. અનેક સ્વપ્નો અને જીવનરસથી ભરેલું હૃદય. આંખોમાં એમની તીવ્ર બુદ્ધિનો 'ગ્લો' તેમજ લાગણીની ભીનાશ દેખાય. છેક બંને લમણા તરફ પહોંચતી, કમાનાકાર, પૂર્ણ ભમ્મરો. મારી એક વાર્તા તથા બે-ચાર કાવ્ય વાંચતાં જ એમણે મારાંમાની શક્તિ પારખેલી. કશું વાંચતા હોય ત્યારે અવારનવાર એમના હોઠ પર મધુર સ્મિત છલકાતું જાય ને વાંચતાં વાંચતાં, ક્યારેક ક્યારેક આંખો ચમકી ઊઠે ને ભમ્મરો ઊંચકાય. માણસોને જ નહીં, કુદરતનેય તેઓ ખૂબ ચાહતા વન અને પહાડો તો ખૂબ ગમે હિમાલયનું તો એમને ગજબનું આકર્ષણ હતું. દરિયો જોઈને તો ગાંડા થઈ ઊઠતા. ભૂતકાળમાં, કોક કોક વાર, ઘોડાઘાડીય ચલાવી છે. પોતે બાલારામ ગયેલા એની વાત કરતાં કહેલું, કેવું ચોખ્ખુ પાણી ! સ્ફટિક જેવું ! હું તો કિનારે જ ઊભો રહી ગયો. આટલા સ્વચ્છ પાણીમાં કઈ રીતે બોળી શકાય પગ ?! પોતાની ઈમેજ પ્રત્યે અત્યંત સભાન. ક્યારેક લેક્ચરર ક્વાર્ટસથી હું એમને મારી સાઇકલ પાછળ બેસાડીને લઈ જતો પણ, દૂરથી યુનિવર્સિટી ગ્રંથાલય દેખાય ત્યાં જ કહે, 'હવે મને ઉતારી દો, કોઈ જોશે.'

**'જોશે તે જોશે, એમાં શું ?'**
**'એ તમને અત્યારે નહીં સમજાય.'**

૧૯૭૫માં, ચન્દ્રકાંત ટોપીવાલાએ દાહોદમાં રિલ્કેની શતાબ્દી નિમિત્તે એક પરિસંવાદનું આયોજન કર્યું હતું એમાં સક્રિય ભાગ લેવા અનિરુદ્ધભાઈ ગયેલા. ખૂબ તાવ છતાં એમણે બધાં વ્યાખ્યાનો સાંભળ્યાં અને પોતાનું વક્તવ્ય પણ રજૂ કર્યું ત્યારે જ લ્યુકેમિયા (બ્લડ કેન્સર) નાં પ્રથમ લક્ષણો વરતાયાં. રિલ્કે પણ કેન્સરમાં જ મૃત્યુ પામેલા તેનું સ્મરણ પાછળથી કરતાં મિત્ર ડૉ. દામોદર બલરને આ રોગ વિશે શંકા ગઈ એટલે મુંબઈના નિષ્ણાત પાસે એમને મોકલ્યા. નિદાન થયું તો લ્યુકેમિયાને આભ તૂટી પડ્યું. માત્ર ૩૮ વર્ષની ઉંમરે લ્યુકેમિયા – મોઢામોઢ આવીને, પંજો લંબાવીને ઊભેલું સાક્ષાત મરણ. ત્યારે નલિનીબહેનની વય તો માંડ ત્રીસ વર્ષ અને સંતાનો ચિ. મેઘા, ઋચા,

અપૂર્વ તો સાવ નાનાં. નાનકડો પુત્ર અપૂર્વ તો સાવ ઘોડિયામાં ને પિતા અનિરુદ્ધભાઈ મોતના વિરાટ પંજામાં.

પત્નીને બ્લડ કેન્સરની વાત કરવી, કે છૂપાવવી એની દ્વિધા અનિરુદ્ધભાઈએ ખાસ અનુભવી નહોતી. સત્યનો સ્વીકાર કરવો જ રહ્યો એનો કોઈ જ વિકલ્પ ન હોય અને ધારો કે એમણે પત્નીથી આ વાત છૂપાવી હોત તો શું નલિનીબહેન એમને માફ કરી શક્ત? સત્ય અને એકમેક પ્રત્યેની શ્રદ્ધાની પાયા પર ઊભું હોય છે દામ્પત્યજીવન અને પતિ જો નિશ્ચિત મરણની આ વાત છુપાવે તો બંને વચ્ચે મોટી ખાઈ ઊભી ન થાય?

પોતાના રોગ વિશે માને કહેવું કે નહીં તે અંગે એમણે જરૂર દ્વિધા અનુભવેલી. પછી ગંભીર રોગ છે એમ કહ્યું પણ સાથે માને આશા આપી પરદેશમાં ખૂબ સંશોધન ચાલે છે. જેમ શીતળાની રસી શોધાઈ ગઈ, જેમ ટીબીની દવા શોધાઈ ગઈ, તેમ હવે આ રોગની દવા શોધવાની તૈયારીમાં છે. પરદેશમાં લ્યુકેમિયા માટે ચાલતા સંશોધનોનીય તેઓ જાણકારી રાખતા, માને આશા તો આપી, મરણ નિશ્ચિત છે, એવું સ્પષ્ટ જણાવ્યું તો નહીં, છતાં તેઓ અંદરથી ઇચ્છતા કે બા પણ આવનારા આઘાત માટે તૈયાર રહે. ક્યારેક મને કહેતા,

‘બા હજી આ રોગની ગંભીરતા સમજતાં નથી.’’

નલિનીબહેનને પતિના આ રોગ વિશે જાણ થઈ ત્યારે એમની વય માત્ર ત્રીસ વર્ષની સાત ફેરા સાથે ફર્યાને ય હજી તો માંડ સાત વર્ષ જ થયેલાં ! શિક્ષિકાની નોકરી ઉપરાંત, નાનાં નાનાં ત્રણ સંતાનો, સાસુ અને ઘરની જવાબદારીનો ભાર તો હતો જ અને હવે પતિના આવનારા મરણનોય ભાર… પણ આ ભાર તળે ચગદાઈ જવાને બદલે નલિનીબહેને પણ પતિના આવનારા મરણ સાથે માથું ઊંચું રાખીને મરણ સાથેની લડાઈમાં ખભેખભો મિલાવીને પતિને સાથ આપ્યો. રઘુવીર ચૌધરીએ લખ્યું છે કે ‘‘અનિરુદ્ધ એમના આત્મા અને અવાજના બળે જીવતા હતા, નલિનીબહેન એમની મૌન તપસ્યા દ્વારા, અનિરુદ્ધે મૃત્યુની સામે જે નિર્ભય લડત આપી એમાં એમનાં સાવધ સાથીદારો હતાં આ બે જણ.’’ એમનો અવાજ એટલે રણકતો તાંબાનો સિક્કો. ઉશનસે યોગ્ય અંજલિ આપી છે. ‘‘હવે અનિરુદ્ધનો અવાજ મૃત્યુ વડે અવરુદ્ધ થઈ ગયો છે. મૃત્યુનેય સાંભળવા ઊભા રહેવું ગમે તેવો તે અવાજ હશે. એટલે તો મૃત્યુય સાતેક વર્ષ અદબ રાખીને બહાર ઊભું હતું.’’

મૃત્યુ સમીપેની આ સ્થિતિમાં અનિરુદ્ધભાઈમાં તો કોઈ સંતનેય દુર્લભ એવી સ્વસ્થતા. ભાંગી પડવાને બદલે, અત્યંત સ્વસ્થ રહીને, મરણ સાથે દ્વંદ્વ સંકલ્પ. એમની આ સંકલ્પશક્તિ અસાધારણ પુરવાર થઈ. ‘‘મળવા જાઓ તો આવી માંદગીમાં પણ

પોતે માંદા છે જ નહીં એ રીતે બેસે, બોલે, વર્તે પોતાની વેદનાનો ભાર કોઈ જ રીતે કોઈ ઉપર પડવા ન દે. છેલ્લાં વરસોમાં તો મૃત્યુની સંભાવના નહીં, મૃત્યુના હકીકત સ્વીકારની ભૂમિકાએ એ જીવ્યા.'' એમ કવિ ઉમાશંકર જોશીએ સૂક્ષ્મ નિરીક્ષણ કર્યું છે. એલોપેથી, આયુર્વેદ, હોમિયોપેથી, નેચરોપેથીના ઈલાજોના ટેકે, દૈવી આસ્થાના જોરે અને આત્મસંકલ્પ બળે તેઓ મોતને હંફાવીને પાછું ઠેલતા રહ્યા. બારમાસીનાં ફૂલોમાંથી લ્યુકેમિયાની દવા બને છે એવું જાણ્યા પછે તેઓ બારમાસીનાં ફૂલો ચાવી જતા રશિયાથી કોઈ વનસ્પતિ મંગાવતા. લ્યુકેમિયા અંગેના સંશોધન વિશેનીય અદ્યતન જાણકારી મેળવતા રહેતા. (ઇન્ફેક્શન ન થાય માટે લીમડાના પાનની પથારીમાં સૂતા.)

લ્યુકેમિયાની જાણ થયા પછી તેઓ જાણી ગયેલા કે હવે તેમની પાસે કામ થઈ શકે એવો સારો સમય કેટલો ઓછો છે અને હજી તો કેટકેટલાંક સ્વપનો, કેટકેટલાંક શિખરો સર કરવાનાં હતાં ! આથી તેઓ એક ક્ષણ પણ અમથી વેડફતા નહીં. સામે જ ઊભેલા મરણનું મોં જોયા પછી એમણે બાકી રહેલા સમયની દરેકે દરેક ક્ષણને પોતાને વશ કરીને કામ લેવાનો સંકલ્પ કર્યો. અડધી રાત્રે, પથારીમાં બેસીને, તાવથી ધખતા દેહેય તેઓ લખતા. સાહિત્ય ઉપરાંત આયુર્વેદ, નેચરોપેથી, અધ્યાત્મ-ઉપનિષદોનોંય અભ્યાસ ચાલતો સાથે ક્યારેક, ઘોડિયામાં સૂતેલા અપૂર્વને હીંચોળવાનું, કે ચિ. મેઘાને ગણિત શીખવાવાનું કામ પણ કરી લેતા. આમ, મરણની જાણ પછીય તેઓ સાચા અર્થમાં કર્મવીર બની રહ્યા.

પોતાને બ્લડ કેન્સર છે એની જાણ માત્રથી જ નબળા મનનો માણસ ભાંગી પડે ને આત્મહત્યા કરવાનું વલણ ધરાવે કેટલાક ચમત્કારોમાં બાધા-આખડીમાં અને અંધશ્રદ્ધામાં આશરો શોધવા લાગે. તો કેટલાક, અધ્યાત્મ તરફ, મુક્તિ તરફ ઢળવા લાગે. પણ એમાં અધ્યાત્મ કરતાં તો વધુ ભાગેડુ વૃત્તિ કામ કરતી હોય. માત્ર મરણની બીકને કારણે અધ્યાત્મિક બની જતા, પૂજા-પાઠ-સેવા-જપ ધ્યાન વગેરે કરવા માંડતા ઘણા બધા હશે. પણ અનિરુદ્ધભાઈએ બ્લડ કેન્સરની જાણ થયા પછી,આ રોગ વિશેય અભ્યાસ કરી પૂરી જાણકારી મેળવી. ઉપરાંત અધ્યાત્મનો, ઉપનિષદોનોય સઘન અભ્યાસ કર્યો. જેના દોહનરૂપ ઋષિવાણી સંગ્રહ મળ્યો ગીતા, ઉપનિષદ ઉપરાંત જગતના અન્ય ધર્મો વિશે એમણે અભ્યાસ કર્યો અને સાચા અર્થમાં તેઓ અધ્યાત્મિક બનતા ગયા. પૂજા-પાઠ-જપ-તપ-દેવદર્શન કશું જ તેઓ કરતા નહીં, નિશ્ચિત મરણ છતાં બાધા-આખડીમાં માનતા નહીં. લાગણી કે ભાવનાઓમાં તણાઈ જવાને બદલે સ્વસ્થ રહીને બુદ્ધિપૂર્વક, સમજપૂર્વક કર્મ કર્યે જતા. આમ તેઓ ગીતાના સાચા અર્થમાં કર્મયોગી બની રહ્યા.

૧૯૭૬માં 'ભૂમિકા' નામનું સામાયિક શરૂ કર્યું. એમની કવિતાય નવા રૂપ-રંગ-તેજે પ્રગટવા લાગી. સર્જકતાની શગ પણ જાણે મરણે સંકોરી ! વિવેચન-સંપાદનની

સાથે કવિતા, ચરિત્રનિબંધ અને વાર્તા પણ ચાલ્યાં. ૧૯૭૯માં કાવ્ય માટેનો નવરોઝ સુવર્ણ ચંદ્રક એમને એનાયત થયો 'અવાશે મારી પાછળ પાછળ?' થી શરૂ થતા એક કાવ્ય અવાશેમાં લોહીના કેન્સરની એમની પીડા આમ પ્રગટે છે –

'મારી શિરાઓમાં અસંખ્ય શ્વેત અશ્વો

ખરી પછાડતા હણહણતા રણે ચડ્યા છે.' (પૃ. ૧૧)

અને આ જ કાવ્યના અંતે કવિ કેવી તો સ્વસ્થતાથી સમજપૂર્વક કહે છે –

'એકાદ વહાણ ભૂલું પડે તો ધ્રુવના તારાને જાળવી લેજે, હોં ! ના, ન અવાય મારી પાછળ પાછળ.' (પૃ-૧૨)

'ભગવાનની સામે ઊભેલો હું

મારી જાતને સંકોરવા,

ઘીના દીવા પેઠે,

મથું છું. (પૃ-૪)

'મૃત્યુને' કવિતામાં કવિ મૃત્યુને કહે છે,

'ચાલ, આપણે ફરવા જઈએ –

ફરીને વિરમવા જઈએ. (પૃ-૨૦)

'કિમપિ' કાવ્યસંગ્રહ અનિરુદ્ધભાઈનું મરણોત્તર પ્રકાશન, વાર્તાસંગ્રહ 'અજાણ્યું સ્ટેશન'ની જેમ. પણ નામ તો એમણે જ રાખેલું. એમની કાવ્યસૃષ્ટિ નાની, પણ સાવ નોખી, નાંખી દેવા જેવી નહીં. થોડાંક કાવ્યો જરૂર એમના કવિત્વની સાક્ષી પૂરે. એક એક પંક્તિ એમના કવિત્વની સાક્ષી પૂરે. એક પંક્તિ પણ એમના રંગદર્શી માનસને જાણવા માટે પૂરતી છે.

અવાય તો આવજે કોક વાર,

ગ્રીષ્મમાં આવીશ તો ગુલમોર ખીલશે,

સવારે આવીશ તો શિરીષ,

રાત્રે આવીશ તો રજનીગંધા,

હેમંતમાં આવીશ તો પારિજાત

ને વર્ષામાં આવીશ તો મોગરો.'

આવી બીજી એક કવિતા – 'રૂપેરી વાણી'માં કવિ કહે છે ...

મારાં નયન,
તેજ તમારું ગુમાવી ન બેસતાં
કદાચ આ સૂરજ નવા તેજે ઊગે પણ ખરો.
મારાં ચરણ,
તમે ઢગલો ન થઈ જતાં એકાએક
કદાચ કોઈ અણજાણ કેડીએ એનો સાથે મળે પણ ખરો.
મારી શ્રવણેન્દ્રિય,
છોડી ન દેશો તમારી શક્તિને
કદાચ કોઈ નવતર પંખીનું ગીત સંભળાય પણ ખરું.
મારી નાસિકા,
ન જવા દઈશ તારી ઘ્રાણશક્તિને
કદાચ કોઈ સાવ અજાણ્યું ફૂલ મહોરે પણ ખરું.
મારાં પ્રકંપિત ટેરવાં,
જો જો ન ચાલી જાય તમારી સ્પર્શશક્તિ
કદાચ કોઈ તેજલ સ્પર્શનો આનંદકંપ મળે પણ ખરો.
મારી રૂપેરી વાણી,
ન છોડી દઈશ તારું લય-નર્તન
શબ્દ કોઈ નવા લયે નિઃસમયમાં તરે પણ ખરો.

કવિના ઉક્ત શબ્દો હૈયાના ઊંડાણથી આવેલ રણકો દાખવે છે, જે અત્રે અનુભવતાં 'વાહ!!' જેવા શબ્દો નીકળી પડ્યા વિના રહેતા નથી. અનિરુદ્ધભાઈની કવિતાશક્તિ બાદ હવે રસાસ્વાદ કરીએ એમની નિબંધકલાનો...

'અખંડ આનંદ'માં પ્રગટ થયેલા એમના ચરિત્રનિબંધોનો સંગ્રહ 'નામરૂપ' (૧૯૮૧) એમની હયાતીમાં પ્રગટ થયેલો. આ સંગ્રહ ચરિત્રનિબંધના સીમાચિહ્નરૂપ છે. આ ચરિત્ર- નિબંધોમાં ઘણી બધી ઘટનાઓ છે પણ 'ઘટના' શબ્દોનોય ભાર ન લાગે એટલી હળવાશથી કલાત્મક રીતે રજૂ થઈ છે. આથી 'ઘટનાઓ છે' એમ કહેવા કરતાં 'વિગતો છે' એમ કહેવું વધુ ઠીક. વળી, આ ઘટનાઓનો ઉપયોગ 'ઘટના' તરીકે નથી થયો. આવી ઘણી બધી વિગતો છે જેમાં નોંધપાત્ર વાર્તાતત્ત્વ રહેલું હોય.

લેખકે ભાષા પાસેથી, એવી ખૂબીથી કામ લીધું છે કે જેથી ચરિત્રનિબંધની રૂપરચના જાણે કશુંક ચુંબકીય બળ ધારણ કરે છે અને આ ચુંબકીય બળ, લેખકને પોતાને ચરિત્રોનો અનુભવ ચેતાનાની જે કક્ષાએ થયો છે કક્ષા સુધી ભાવકનેય ખેંચી જવા પ્રયત્ન કરે છે. આ બધા માનવોનો લેખકને જ્યારે અનુભવ થયો હશે તે સમયની લેખકના મનની આબોહવાએ, ચરિત્રનિબંધ લખતી વખતે ફરીથી લેખકના મનનું અપહરણ કર્યુ હોય એ સ્વાભાવિક છે, પણ વાચન પછી, ભાવકના મનમાં બંધાતી આબોહવાય, લેખકના મનની અબોહવા સાથે જાણે કશુંક સામ્ય ધરાવે છે. આમ લેખક, દરેકે દરેક ચરિત્રની ચેતનાના ભિન્ન ભિન્ન સ્તરોનો ભાવકનેય અપરોક્ષ અનુભવ કરાવવામાં અત્રે સફળ થાય છે.

એમના આ નિબંધોની ભાષા પુસ્તકિયા કે નિબંધિયા નથી, પણ સાચોસાચ જીવાતી ભાષા છે લેખકે સ્વગતમાં કહ્યું છે તેમ ભાષાની મર્યાદાઓ અને વિશેષતાઓના પૂરા ભાન સાથે કામ પાર પાડ્યું છે . અશ્વત્થ શબ્દ જ કહે છે કે આવતી કાલે આ બધું જોઈને કોઈક વાર અવાક થઈ જવાય છે. આવા કોઈક વાર અવાક થઈ જવાય એવા રૂપોને લેખકે શબ્દ દ્વારા મોક્ષ આપ્યો છે.

'ઘટનાઓને અથડાવી મારવાથી કંઈ કલાકૃતિ નીપજતી નથી. એ ઘટનાઓના ગ્રહો-ઉપગ્રહો જેની આજુબાજુ ફર્યા કરે એવા કોઈ અવર્ણનીય અદશ્ય તત્ત્વનું અસ્તિત્વ કલાકૃતિમાંથી વ્યંજિત થવું જોઈએ.' એવી એમની દષ્ટિ 'નામરૂપ'માં અનુભવાય છે.

જીવનના સત્યને પ્રકટ કરવાની બારીક અવલોકન શક્તિ, નર્મમર્મ, વ્યંગ, વિનોદ, રહસ્ય, સંસ્કૃતિસંદર્ભ વગેરે સંદર્ભે લેખકની અવલોકન શક્તિ અદ્ભુત છે.

અનિરુદ્ધભાઈની શબ્દ પાસેથી કામ લેવાની ઊંડી કલાસૂઝના કારણે જ આપણુંય આ ચરિત્રો સાથે તાદાત્મય સધાય છે. કથનશૈલી ટૂંકાં ટૂંકાં વાક્યોથી રસળતી ચાલે છે. લેખક ઘણું ખરું પાત્રોને જ બોલવા દે છે. તળપદા રણકાવાળી ભાષા, પ્રાદેશિક ભાષાના વિશિષ્ટ ઉચ્ચારો, લોકજીભેથી લીધેલાં વિલક્ષણ વાક્યો, તળપદા પ્રાંતીય શબ્દોનો ઉપયોગ, આટલું જ નહિ પણ લોકગીતો તથા અન્ય ગીતોનોય ઉપયોગ કરીને લેખકે, ચરિત્ર નિબંધ માટે આવશ્યક એવી વિલક્ષણ આબોહવા રચી છે. આ નિબંધોને પણ જીવનસત્ય સાથે સંબંધ છે એવું ફલિત કરવામાં એમને ધારી સફળતા સાંપડી છે. સર્જકે દરેકે દરેક માનવીની ભીતરમાં છુપાઈને પડેલા સત્ય પર સર્સલાઇટનો પ્રકાશ ફેંક્યો છે. આથમતી જતી માનવચેતનાને ઢંઢોળીને જગાડવનું કામ કર્યુ છે. જીવનમૂલ્યની અદ્ભુત માવજત કરી છે. નષ્ટદષ્ટ નામરૂપની ચિરનવીન લીલાની પાછળ રહેલા 'અરૂપ તત્ત્વ'ને લેખકે તો બધીય ઇન્દ્રિયોથી અનુભવ્યું છે, એટલું જ નહીં પણ શબ્દ દ્વારા વ્યક્ત ન કરી શકાય એવા 'અરૂપ તત્ત્વ'ને લેખકે 'નામરૂપ'ની ભાતીગળ સૃષ્ટિમાં અશબ્દ ભાવસંકેતો દ્વારા માત્ર સૂચવ્યું જ નથી, પણ એ 'અરૂપ રતન'નો ભાવકનેય અપરોક્ષ અનુભવ કરાવી આપ્યો છે.

અનિરુદ્ધભાઈની વાર્તાઓ ‘અજાણ્યું સ્ટેશન’માં સંગૃહિત થઈ છે, એમાં ૨૧ વાર્તાઓ છે. સ્વરૂપની દૃષ્ટિએ વિચારીએ તો કેટલીક ટૂંકી વાર્તાના પ્રકારમાંથી બાકાત રાખવી પડે એવી છે, તો થોડીક રચનાઓ પ્રસંગચરિત્રની નજીક આવીને બેસે તેવી છે. કોઈ કોઈ કૃતિ ચરિત્ર પ્રકારમાં ગોઠવાઈ શકે નવી રીતિની છે. ચિત્તના આંતર પ્રવાહને નિરૂપતી વાર્તા રચવામાં પણ લેખક કુશળ છે, એવું નિર્દેશન વાર્તામાંથી મળે છે. એમની પાસે કલ્પનાશક્તિની અછત નથી. પાત્ર નિરૂપણમાં એમનું કૌશલ ખીલે છે. ભાષા-બોલીઓ યથાર્થ વિનિયોગ કરવામાં નિપુણ છે. અનાયાસ પ્રતીક યોજના કરી શકે. મનોહર ગદ્ય અને અભિવ્યક્તિની છટા એમની વાર્તાઓનું આગવું લક્ષણ છે. માત્ર ૨૧ વાર્તાઓથી પણ એમનું ટૂંકી વાર્તા ક્ષેત્રે નોખું સ્થાન બની રહેશે એમાં શંકા નથી.

આ વરસોમાં તેઓ વારંવાર પથારીવશ રહેવા છતાં, પરિવારની ઝીણી રોજિંદી જરૂરિયાત નવા મકાનની અંદરની સગવડો અને આંગણામાં ફૂલ-છોડ રોપવા જેવી બાબતોથી માંડીને કુટુંબની ભાવિ સલામતિને લગતી ગંભીર બાબતોમાં પ્રવૃત રહ્યા. ત્રણ નાના બાળકો, યુવાન પત્ની અને વૃદ્ધ માતાની જવાબદારી ધરાવતો એક સાધારણ સ્થિતિનો કેન્સરગ્રસ્ત માણસ છ-છ વરસ જીરીકે ભાંગી પડ્યા વિના, કશી જ વ્યગ્રતા વિના, કશી જ હતાશા વિના, કશી જ લાચારી વિના ક્ષણે ક્ષણ સ્વધર્મ બજાવતો રહ્યો … ભલભલા મહારથીઓને આનાથી ઓછી કઠોર કસોટીમાંય ભાંગી પડતાં નથી જોયા આપણે? આથી જ તો અનિરુદ્ધભાઈ માટે સૌનું મસ્તક આદરથી ઢળ્યા વિના રહેતું નથી.

તેઓ હંમેશાં મોતના પડછાયાને ઊંડે ઊંડે ધરબી રાખે પણ ક્યારેક ક્યારેક એમની આંખોમાં મોતના પડછાયાને હલબલતો જોયો છે. અત્યંત ગંભીર થઈ જાય ખાસ્સી વાર સુધી અમે બંને ચૂપચાપ બેસી રહીએ. પછી તેઓ મૌન તોડે –

‘બાળકો ક્યારે મોટા થઈ જશે? અપૂર્વ થોડો મોટો થઈ જાય પછી વાંધો નહિ.’

આ જ વેદના, એમની ‘ભગવાન’ શીર્ષકવાળી કવિતામાં કેવી તો સૂક્ષ્મતાથી, નર્મમર્મ સાથે પ્રગટી છે!- આ કવિતામાં કવિ ભગવાનને કહે છે – મેં ક્યાં કશુંય ઇચ્છ્યું’ તું તારી પાસે? કયાં કશુંય મેં માગ્યું’ તું તારી પાસે? છતાંય ભગવાને બધું … બધું જ આપ્યું છે એની વાત કરીને પછી અંતિમ પંક્તિમાં કહે છે –

‘‘ના, મારે કશુંય ન જોઈએ, ભગવાન !
હા, કોઈ શિશુની આંગળી પકડી એને ઓળંગાવી દઉં રસ્તો
ને એ હસીને મને કહી દે ‘આવજો …’

(‘કિમપિ’ પૃ.-૩૫)

કરવાનાં કામો અને બાકી રહેલાં સમય અંગે તેઓ પૂરા સભાન હતા. ડૉ. દામોદર બલરને ક્યારેક પૂછી લેતા 'હજી કેટલો સમય મળે એમ લાગે છે ? કામ થઈ શકે એવો સારો સમય?' હાડકે હાડકું છેક અંદરથી દુઃખે. અસહ્ય પીડા થાય. હાડકાની અંદરના ભાગમાં, પોલાણમાં જે માવો હોય એ ધગધગે. છતાં નિસાસો કે વેદનાનો ઊહંકાર સુદ્ધાં નહીં.

'બા સાંભળી જાય તો?'

રાત્રે જોર કરીને કફ કાઢતાંય વિચારે –

'બા કે નલિની જાગી જશે તો?'

પથારીમાં રાત્રે, ચૂપચાપ અસહ્ય પીડા સહન કરતાં કરતાંય એમનું મગજ તીવ્રતાથી ચાલતું હોય.

'કુટુંબની ભાવિ સલામતી અંગે ભોગીભાઈ સાથે વાત કરવી છે.

રોગ, રોજે રોજ આગળ વધતો જતો હતો. એમની બધીય ઇન્દ્રિયોને જાણે કે ધીરે ધીરે હડકવા લાગ્યો હતો. બધીયે ઇન્દ્રિયો ક્ષીણ અને અતિ ક્ષીણ થતી જતી હતી. મરણ નજીક ને નજીક આવતું જતું હતું. શરીરની અસહ્ય પીડામાં જ નહિ, બ્લડ રિપોર્ટસના આંકડાઓમાં પણ તેઓ મરણને વધુને વધુ નજીક આવતું જોતાં. બ્લડ રિપોર્ટ્સના આંકડાઓ જોઈને તેઓ ડૉ. બલરને પૂછતા – 'હવે કેટલો સમય?'

વાળ આછા અને સાવ સફેદ થઈ ગયેલા. ચામડીનો રંગ બદલાઈ ગયેલો. લોહીમાં શ્વેતકણોની સંખ્યા સખત વધી ગયેલી. હાડકે હાડકાના પોલાણમાં, જ્યાં શ્વેતકણો ઉત્પન્ન થાય છે ત્યાં, અસહ્ય-ભયંકર પીડા થતી. આંખોનુ તેજ સાવ ઝાંખું થઈ ગયેલું. કાનેથી હવે બરાબર સંભળાતુ નહોતું. હોલવાતી જતી શગ સંકોરીએ એમાં તેઓ આત્મબળે ઇન્દ્રિયોને સંકોરવા મથે. હજી આ ઇન્દ્રિયો પાસેથી કેટલું કામ લઈ શકાશે? એનુંય ગણિત માંડતા. બીજી ઇન્દ્રિયોના પ્રમાણમાં અવાજ હજી સાવ ક્ષીણ નહોતો થયો, અવાજ હજી સારો હોવા છતાં તેઓ કહેતા – 'મારો અવાજ હવે પહેલાં જેવો રહ્યો નથી.' ને એમની એક કાવ્ય પંક્તિ મારા મનમાં રણકી ઊઠતી-

'મારી રૂપેરી વાણી,

ન છોડી દઈશ તારું લય-વર્તન

શબ્દ કોઈ નવા લયે નિઃસમયમાં તરે પણ ખરો.'

શરીરમાં શક્તિ તો જરીકે રહી નહોતી માત્ર પ્રબળ આત્મબળના કારણે ટકી રહેલા ને ટકી રહેવાનું સંકલ્પપૂર્વક કહેતા – એમ તો હું હજી મચક આપું એવો નથી.'

૩૧ જુલાઈ, ૧૯૮૧નો દિવસ એમના માટે છેલ્લો હતો. મરણ હવે અત્યંત નજીક છે એ તેઓ પામી ગયેલા. ૨૭મી જુલાઈએ કહેલું – 'હવે હું નહીં હોઉં, યોગેશ ... ભોગીભાઈને કાગળ લખી દો, અહીં આવી જાય. બધું એમણે સોંપીને જઉં.'

'તમે બોલો છો પણ મને બરાબર સંભળાતું નથી, યોગેશ ...'

'શરીર ભાંગી ગયું છે , પણ મારું મગજ ખૂબ ચાલે છે ... મારા મગજમાં તમરાં બોલે છે ...'

'એક સંતે કહેલું, ઓક્ટોબર સુધી ભારે છે ... ના, એવું કશું તો નહીં થાય, એમ તો હું હજી મચક આપું એવો નથી.'

અને છેવટ સુધી એમણે મચક ન આપી, મોત સાથે ટક્કર લીધી. ૩૧મી જુલાઈએ પોતે વિદાય લીધી પણ ૧લી ઓગસ્ટનો 'મુબંઈ સમાચાર'નો હપ્તો સમયસર પહોંચાડ્યો. ભાષા-ભવનના વર્ગોય છેક સુધી લીધા.

મરણના સાંનિધ્યમાંય, સંતનેય દુર્લભ એવી સ્વસ્થતા એમણે કેવી રીતે મેળવી હશે? સાક્ષાત્ મરણ સાથે દ્વંદ્વ ખેલવાની આટલી શક્તિ એમણે ક્યાંથી મેળવી હશે? મરણ વડે રોજ રોજ ખવાતા જતા ને અસહ્ય પીડા સહન કરતા આટલા દુર્બળ શરીર પાસેથી એમણે છેક છેલ્લી ક્ષણ સુધી કઈ રીતે લીધું હશે કામ? કઈ ખુમારીથી છ-છ વર્ષ લગી હંફાવ્યું હશે મરણને? મરણ જેવા મરણનેય આત્મબળે પાછું ઠેલી ઠેલીને, ક્ષણેક્ષણે સ્વધર્મ બજાવતા રહે અને કર્મ કરતા રહે એવા યોદ્ધા તરીકે, હંમેશાં પ્રેરક બની રહેશે અનિરુદ્ધભાઈનું નામ. આવા સર્જકોને આપણે માત્ર સ્વજ્ઞાતિજનના માપદંડથી ન મૂલવતાં એક અદના શિક્ષક, સાહિત્યકાર, સર્જક અને મૂઠી ઊંચેરા માનવી ગણીએ તો તે યથાર્થ બની રહેશે !! પ્રભુ એમના દિવ્યાત્માને શાંતિ અર્પે એ જ અભ્યર્થના.

**નોંધ :** ઈ. સ. ૧૯૮૧ પછીનાં લેખકનાં બધાં જ પુસ્તકોનાં સંપાદનો તેમનાં પ્રાધ્યાપક પત્ની શ્રીમતી નલિનીબહેન બ્રહ્મભટ્ટે તેમજ ઈ. સ. ૨૦૦૭ના વર્ષમાં લેખકની બાળવાર્તાઓનો સંગ્રહ 'દેશાવરનાં કથારત્નો' લેખકની પ્રાધ્યાપક પુત્રી ડૉ. ઋચા બ્રહ્મભટ્ટે સંપાદિત કર્યાં છે, તે જાણ સારું.

•



## દક્ષગીતાના સર્જક / ભાષ્યકારશ્રી ડાહ્યાલાલ મો. બારોટ (વકીલ)

**લે. - *એન. એમ. બ્રહ્મભટ્ટ***

દક્ષગીતાના ભાષ્યકાર સ્વ. શ્રી ડાહ્યાભાઈ વકીલનો જન્મ તારીખ ૧૧-૧-૧૯૧૩ના રોજ પાટણ તાલુકાના જંગરાલ ગામે થયો. પિતાશ્રી મોતીલાલ બારોટ ધાર્મિક, વિદ્યાપ્રિય તેમજ આજીવન શિક્ષક હતા. માતા – મણિમા ધર્મનિષ્ઠ, બહુશ્રુત અને પ્રગતિશીલ વિચારવાળા મહિલાં હતા. ડૉ. પંડ્યા અભ્યાસગૃહમાં રહી, પાટણ હાઈસ્કૂલમાં રહી મેટ્રિકની પરીક્ષા પાસ કરી તેમણે પ્રથમ મુલકી અને શિક્ષણ ખાતામાં સેવા આપી અને ટૂંક જ સમયમાં વડોદરા રાજ્યની વકીલાતની પરીક્ષામાં એક સફળ ઉમેદવાર તરીકે સનદ પ્રાપ્ત કરી, ઈ. સ. ૧૯૩૮માં પાટણમાં વકીલાત શરૂ કરી. (ત્યારથી વકીલ તરીકે જ ઓળખાવા લાગ્યા.)

તેમનું વ્યક્તિત્વ અત્યંત પ્રભાવશાળી હતું. ગૌરવપૂર્ણ, મધ્યમ કદ અને ભરાવદાર મુખમંડળ ઉપર સદાય રમતા સ્મિતવાળો તેમનો ભૌતિક દેખાવ બહુ આકર્ષક હતો. સાથે સાથે કુશાગ્રબુદ્ધિ, કુશળ વાક્પટૂતા, સાહિત્યપ્રેમ, વિનોદી સ્વભાવ અને લેખન તેમજ વક્તૃત્વ બંનેની નિપુણતાને લીધે તેઓ ટૂંક સમયમાં જ પાટણ વિસ્તારના સફળ અને લોકપ્રિય ફોજદારી વકીલ તરીકે પ્રસિદ્ધિ પામ્યા. તેમની વકીલ તરીકેની કારકિર્દીનો ઝળહળતો સૂર્ય ચાળીસેક વર્ષ અબાધ્ય રીતે પ્રકાશતો રહ્યો. એક વખત એવો હતો કે ગમે તેવો ગંભીર આરોપ હોય પણ ડાહ્યાભાઈ કેસ સ્વીકારે તો અસીલ છૂટી જ જાય, એવી જાહેર માન્યતા હતી. એમના અનેક સમવયસ્કો અને અનુગામીઓ હજુ એમનું ઉલટતપાસ(Cross examination)નું અદ્ભુત કૌશલ્ય યાદ કરે છે.

પરંતુ ડાહ્યાભાઈની પ્રતિભા બહુમુખી હતી. જીવનના મધ્યાહ્ને તો એ સોળે કળાએ ખીલી ઊઠી હતી. આ ઉપરાંત તેમનાં મુખ્ય કાર્યક્ષેત્રો હતાં, રાજકારણ, સાહિત્ય અને અધ્યાત્મ. નાનપણથી જ તેઓ દેશભક્તિના રંગે રંગાયેલા. ૪૨ના મુક્તિ સંગ્રામ (હિંદ છોડો ચળવળ) વખતે એમનું યુવાન લોહી ઊકળી ઊઠેલું. બ્રિટિશ રાજ્યને ઉથલાવી પાડવાના કાવતરામાં તેઓ હથિયાર સાથે રંગે હાથ પોલીસના હાથમાં ઝડપાઈ ગયેલા.

ફાંસી અથવા જન્મટીપ તો થશે જ એવો સૌને ડર હતો. જામીન મળતાં સુધી સિદ્ધપુર જેલમાં રિમાન્ડ ઉપર બે એક માસ માટે રાખેલા. એ વખતે પણ એમના ચેહરા પર વ્યગ્રતા કે ભય વગરનું એ જ હાસ્ય. સામેથી કુટુંબીઓ અને મિત્રોને મુલાકાત વખતે હિંમત આપે. જેલમાં બધો સમય ગીતાનું અધ્યયન જ કરતા. ગીતાનું હાર્દ સમજવાનાં

બીજ એ વખતે એમના અંતરમાં રોપાયાં. પરંતુ ઘટનાના આઘાતથી એમનાં પત્ની કાયમ માટે બીમાર થયાં અને એમણે બીમાર અને પથારીગ્રસ્ત પત્નીની જીવનભર સેવા કરી. આટલો દેશપ્રેમ, છટાદાર વક્તૃત્વ અને જાહેરજીવનની પકડ હોવા છતાં આઝાદી મળ્યા પછી પોતે આપેલા બલિદાનનો લાભ ઉઠાવવાનું એમણે યોગ્ય ન માન્યું, છતાં લાંબો વખત રાજકારણના જીવ રહ્યા. કોગ્રેંસ સમાજવાદી પક્ષની સ્થાપનાથી જ તેઓ તેમાં જોડાયેલા અને જયપ્રકાશ નારાયણ, ડૉ. લોહિયા, છોટે સરદાર જેવા નેતાઓની સાથે પાટણની પ્રજાને જાગૃત કરવામાં તેમણે મોટો ભાગ ભજવેલો. તેઓ તાલુકા કોંગ્રેસના પ્રમુખ પણ રહી ચુકેલા. ચૂંટણી વખતે એમની શક્તિઓ પૂર્ણ રીતે ખીલી ઊઠતી. તેમની મદદથી ઘણાએ રાજકીય કારકિર્દીઓ બનાવી. પરંતુ અંતરમાં ઊંડે ઊંડે છુપાયેલા આધ્યાત્મ પ્રેમે તેમને રાજકારણની હોડથી  અલિપ્ત જ રાખ્યા.

નાનપણથી જ તેમનું વાંચન વિશાળ અને સાહિત્ય પ્રેમ ઊંડો હતો. નાની ઉંમરે જ તેઓ સુંદર કાવ્યો અને લેખો લખતા. સંસ્કૃત ભાષા અને કાવ્યશાસ્ત્ર ઉપર એમનું સારું પ્રભુત્વ. શાસ્ત્રોનો પણ એટલો જ અભ્યાસ. જ્ઞાતિના માસિક 'ભટ્ટભાસ્કર'નું એમણે વર્ષો સુધી સફળ સંપાદન કર્યું. એમનાં મૌલિક લખાણોને લીધે જ તે માસિક અત્યંત લોકપ્રિય થયેલું. તેમનાં કાવ્યો, નવલકથાઓ અને લેખો જુદાં જુદાં પ્રસિદ્ધ થતાં. કાકભુષંડી સંવાદનામે રાજકીય કટાક્ષનું કાવ્ય લાંબા સમય સુધી એક દૈનિકમાં કડીબદ્ધ રીતે પ્રગટ થયેલું જે અત્યંત લોકપ્રિય પણ થયેલું. પૂર્વ વ. પ્ર. સ્વ. મોરારજીભાઈ દેસાઈએ પુસ્તિકા રૂપે એની હજારો નકલો ચૂંટણી વખતે વહેંચાવેલી. પાટણ સાહિત્ય સભાને આશ્રયે મહાકવિ નાનાલાલને પાટણ બોલાવવાનો અવસર પાટણના સાહિત્ય ઇતિહાસનો એક અપૂર્વ પ્રસંગ હતો. જોડે જોડે તેઓ અખંડ પ્રવાસી અને ભારત દર્શનના શોખીન. કુટુંબ સાથે મિત્રો સાથે તેઓ ખૂબ જ ફરેલા. એમાંના કેટલાક પ્રવાસ અનુભવોને તેમણે સાહિત્યમાં પણ વણી લીધેલા.

ડાહ્યાભાઈના જીવન અને કાર્યની સુવાસ ઉત્તર ગુજરાતમાં સુપેરે પ્રસરેલી. શ્રીમદ્ ભગવદ્ગીતાના સિદ્ધાંતો એમણે નિષ્ઠાપૂર્વક જીવનમાં ઉતારેલા. સ્વભાવે તેઓ અજાતશત્રુ પોતાનું વારંવાર બૂરુ કરનારને પણ તેની આપત્તિના સમયે સહજ ક્ષમાભાવનાથી ઉદારતાપૂર્વક ઉગારી લેતા. જીવનની અનેક તડકી-છાંયડીમાં તેમણે અદ્ભુત સમન્વય જાળવ્યું હતું. ધન અને પ્રતિષ્ઠા બંને હાથ વગે કરવાની અનેક તકો અને પૂરી યોગ્યતા હોવા છતાં, તેમણે કદી એની પાછળ આંધળી દોટ ન મૂકી. ગીતાના બારમા અધ્યાયમાં વર્ણવેલાં ભક્તનાં લક્ષણો આચરવાનો સંનિષ્ઠ પ્રયત્ન એમણે જીવનભર કર્યો. વિનોદવૃતિ માટે પણ તેઓ જાણીતા હતા. સામાન્ય ટોળટપ્પાં હોય, રાજકીય જાહેરસભા હોય કે ગંભીર ચર્ચા હોય, બધામાં હળવાશ લાવે. શ્રોતાઓને ખડખડાટ હસાવવાની એમનામાં

સ્વાભાવિક આવડત હતી. આવા સંતુલિત અને સંયમપૂર્ણ જીવનને પણ ખરો ઓપ તો એમની ઉત્તરાવસ્થામાં મળ્યો. પ. પૂ. ભાનુવિજયજી મહારાજના સંપર્કમાં આવ્યા પછી મહારાજશ્રી તરફ એમના હૃદયમાં અતૂટ ભક્તિ અને શ્રદ્ધા જાગ્યાં હતાં. મહારાજશ્રીને પણ એમના ઉપર એટલો જ પ્રેમ જાણે ગુરુશિષ્ય પરંપરાના સાચા પ્રતિનિધિઓ. અધ્યાત્માને ઝંખી રહેલા એમના અતૃપ્ત આત્માએ મહારાજશ્રીમાં શ્રીકૃષ્ણનાં દર્શન કર્યાં. એટલે જ મહારાજશ્રીનાં ગીતા ઉપરનાં પ્રવચનો સાંભળ્યા પછી તેઓ હરિગીત છંદમાં ગીતા ઉપર ભાષ્ય લખવા પ્રેરાયા. પરિણામે મહારાજશ્રીની કૃપાથી દક્ષગીતાનું સર્જન થયું. આવા સફળ અને સુચારુ જીવનની કંઈક વહેલી સમાપ્તિ થઈ. ઈ. સ. ૧૯૮૧ની સાલમાં કિડનીની બીમારીને લીધે તેઓ સ્વર્ગવાસી થયા. આમ, જીવનના અનેક ક્ષેત્રોમાં તેઓ પોતાના વ્યક્તિત્વની સુવાસ છોડી ગયા જેને પાટણના તત્કાલીન નાગરિકો આજે પણ પ્રેમપૂર્વક યાદ કરે છે.

ડાહ્યાભાઈનો વિદ્યાવ્યાસંગ એમના સમગ્ર કુટુંબમાં ઊતર્યો. એમના નાના ભાઈ સ્વ. અમૃતલાલ બાહોશ ધારાશાસ્ત્રી તરીકે ગુજરાતભરમાં વિખ્યાત. તેઓ પોતાની ડાબેરી રાજકીય વિચારધારા માટે જાણીતા હતા. તેથી નાના ભાઈ શ્રી નટવરલાલ પ્રથમ Indian Revenue Service(IRS)ના સભ્ય થયા અને તે પછી દેશવિદેશમાં અનેક ઔદ્યોગિક સંકુલોના સલાહકાર તરીકે કામ કરી રહ્યા છે. હાલમાં તેઓ ભારત અને આફ્રિકામાં સમાજ સેવાનાં અનેક કામોમાં પ્રવૃત્ત છે. તેમના સુપુત્રો, શ્રી નિરંજનભાઈ વકીલ, શ્રી કિરીટભાઈ બૅન્ક મેનેજર, શ્રી શરદભાઈ ગુજરાતીના પ્રોફેસર અને શ્રી પ્રિયદર્શનભાઈ કોન્ટ્રાક્ટર છે. તેમના ભત્રીજા શ્રી અશોકભાઈ અમૃતલાલ અમદાવાદમાં સફળ વેપારી તેમના બીજા ભત્રીજા શ્રી મિલન નટવરલાલ બ્રહ્મભટ્ટ લંડન સ્કૂલ ઑફ ઈકોનોમિમાં શિક્ષણ લઈ અત્યારે વિશ્વ બેંકના વરિષ્ઠ અધિકારી છે અને વિશ્વ ગરીબી નિવારણ કાર્યક્રમના વડા અર્થશાસ્ત્રી છે. તેઓ અવારનવાર બી.બી.સી. અને બીજી ટી.વી. ચેનલો ઉપરથી વિશ્વ બેન્કનું આ સંદર્ભનું દષ્ટિ બિંદુ રજૂ કરતા હોય છે. તેમના કાકાના દીકરા સ્વ. શ્રી જે. સી. બારોટ સફળ વેપારી અને ઉદ્યોગપતિ હતા.

પોતાનો દેશ અને સમાજ ગરીબીમાંથી મુક્ત થઈ પ્રગતિ કરે એ ડાહ્યાભાઈના જીવનની એકમાત્ર મહેચ્છા હતી. ગીતાએ પ્રતિપાદિત કરેલા સિદ્ધાંતોના આચરણ અને નિષ્કામભાવે કરેલી સેવાથી જ આ ધ્યેય પ્રાપ્ત કરી શકાય છે એવી એમની દઢ માન્યતા હતી. એટલે જ આ ગ્રંથ દક્ષગીતા દેશપ્રેમ, કર્તવ્ય પરાયણતા અને સાહિત્ય સેવાને આપેલો સાચો અર્ઘ્ય છે. જો તેના પ્રચારથી થોડીક વ્યક્તિઓ પણ પ્રભાવિત થઈ એના ઉપદેશને પોતાના જીવનમાં ઉતારશે તો આ તમામ પરિશ્રમ સફળ થયાનો એમના આત્માને સંતોષ થશે. એ જ અભ્યર્થના.

# દક્ષગીતાનું પુરોવચન

*– ભોગીલાલ જે. સાંડેસરા*

''જે સ્વયં પદ્મનાભમાંથી નીકળેલી છે એ ગીતાને સુગિતા કરવી અર્થાત સારી રીતે ગાવી – સમજવી : બીજા શાસ્ત્રોના સંગ્રહનું શું કામ છે?''

''ઘોર સંસાર સાગરને જે મનુષ્ય તરવા ઇચ્છે છે તેણે ગીતારૂપી નાવમાં બેસીને સુખેથી પાર પહોંચવું.''

**(શ્રી વરાહ પુરાણ-અંતર્ગત ગીતા મહાત્મ્ય)**

ગીતા આપણા દેશનો પરમ માન્ય ધર્મગ્રંથ – કહો કે જીવન ગ્રંથ છે. સેંકડો વર્ષોથી આ લઘુ પણ આર્ષ ગ્રંથે અગણિત મનુષ્યોને પ્રેરણાના પિયુષ પાયાં છે તથા આચાર્યો, ધર્મ પ્રવર્તકો, સમાજ સુધારકો અને દેશનાયકોને અમયનારૂપ માર્ગદર્શન આપ્યું છે. આદિ શંકરાચાર્યથી માંડી શ્રી અરવિંદ, લોકમાન્ય ટિળક અને મહાત્મા ગાંધીજી જેવા યુગંધરોને પોતાના જીવન કાર્ય માટે જોઈતું પાથેય ગીતામાંથી પ્રાપ્ત થયું છે. ભારતની અને જગતની વિવિધ ભાષાઓમાં એક પુસ્તકાલય બને એટલાં ભાષ્યો, ટીકાઓ, વિવેચનો, ભાષાંતરો અને અર્થ દર્શનો ગીતાનાં થયાં છે. એમાં સતત ઉમેરો થાય છે અને થયે જવાનો. કેમ કે ગીતાનો એકાદ શ્લોકાર્ધ પણ આચારમાં ઊતરે તો જીવનનો ઉદ્ધાર કરવાનો સમર્થ છે.

આ દૃષ્ટિએ મારા મિત્ર સ્વ. ડાહ્યાભાઈ મોતીલાલ વકીલે કરેલા, ગીતાના ટીકા સહિત પદ્યાનુવાદને હું આવકારું છું. ડાહ્યાભાઈ મારા એક નિકટના મિત્ર હતા. વ્યવસાયે વકીલાતની વ્યવહાર પ્રવીણ દુનિયાના માણસ અને એમનો બાહ્ય રાજકારણનો જો કે તેમણે કોઈ સત્તાસ્થાન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કદી કર્યો ન હતો. એમના હૃદયનો આંતરિક રસ અને નિર્ભળ રૂચિ તો સાહિત્ય અને આધ્યાત્મમાં જ રમમાણ રહ્યાં. આથી તેઓ પૂ. મૂનિ શ્રી ભાનુવિજયજીના ગાઢ પરિચયમાં આવ્યા. ગીતાના બીજા અધ્યાયમાં સ્થિતપ્રજ્ઞનાં (વર્ણવાયેલાં) લક્ષણો વિશેનાં મુનીજીનાં પ્રવચનોનું સુબુદ્ધ હરિગીતમાં તેમણે પદ્યરૂપાંતર કર્યું. છેલ્લે, સમગ્ર ગીતાના અઢારે અધ્યાયનાં પ્રત્યેક શ્લોકનું ડાહ્યાભાઈએ એક હરિગીતમાં ભાષાંતર આપ્યું છે અને પછી તે જ શ્લોકની ટીકા એના ભાવાર્થના મહત્ત્વ અનુસાર, આવશ્યક એટલાં પદ્યોમાં કરી છે. પ્રાચીન કે અર્વાચીન ગુજરાતી ભાષામાં સમગ્ર ગીતાનું આવું પદ્યાત્મક ભાષાંતર અને તેનું સુબદ્ધ પદ્ય વિવેચન, મને જાણ છે ત્યાં સુધી અદ્વિતીય છે. ભાષાંતર અને વિવેચન શૈલી સરળ અને પ્રસાદિક છે. છંદ ઉપર ડાહ્યાભાઈનો હાથ બેઠેલો છે અને નિરૂપિત વિષયપ્રત્યે એમને

પરમ ભક્તિ હોઈ સામાન્ય વાચકને પણ આ ભાષાંતરનો ભાવ સમજવાને ક્યાંય થોભવું પડતું નથી. ગીતા અને ગીતા વિવેચન અહીં વિશદ અને હૃદયસ્વરૂપે આપણી ભાષામાં રજૂ થયા છે.

મુનિશ્રી ભાનુવિજયજીને ઋણનો આર્જવયુક્ત સ્વીકાર ડાહ્યાભાઈએ પ્રત્યેક અધ્યાયના ભાષાંતર અને વિવેચનની અંતિમ કડીમાં કર્યો છે: 'ડાહ્યા'(ભાઈ)નો સંસ્કૃત પર્યાય દક્ષ છે; આથી પ્રસ્તુત ગ્રંથને 'દક્ષ-ગીતા' નામ આપ્યું છે તે સર્વથા ઉચિત. ગીતાના અનુવાદ-ટીકા રૂપ આ 'દક્ષ-ગીતા' ડાહ્યાભાઈનો અક્ષરદેહ છે અને તે જ એમનું સાચું અને ચિરંજીવ સ્મારક છે.

'સંવાદ',

૯, શ્રેયસ સોસાયટી, રેડક્રોસ સર્કલ (વેસ્ટ), વડોદરા-૭.

---

- ''બ્રહ્મભટ્ટ સંહિતા''ના પ્રથમ સંસ્કરણમાં ન સમાવી શકાયેલ 'દક્ષગીતા' તેમજ તેના કર્તા શ્રી ડાહ્યાલાલ મો. બારોટ વકીલનો સંક્ષિપ્ત પરિચય અહીં સમાવિષ્ટ કરીને સાહિત્યસેવા ક્ષેત્રે બ્રહ્મભટ્ટ સપૂતોએ કરેલ પ્રદાનની એક ઝલક ભાવિપેઢીને આપવા અને આ શોધગ્રંથને સંપન્ન કરવા નમ્ર પ્રયાસ કરેલ છે. સુજ્ઞ વાચકમિત્રો તેને આવકારશે એવી અભ્યર્થના.

*– સંશોધક*

## 'દક્ષગીતા' અને કર્તાનો કાવ્યાત્મક પરિચય સ્વયમ્ ગ્રંથાકારની કલમે

*– ડાહ્યાભાઈ મો. બારોટ (વકીલ)*

ના પ્રજ્ઞ વા પંડિત ના, હું શાસ્ત્ર અભ્યાસી નથી, ૧
ન જ્ઞાનના પંથે વળી વિશેષ કંઈ મારી ગતિ; ૧
સેવ્યા નથી ગુરુ ચરણ સરસિજ સર્વદા સ્નેહે કરી, ૧
ન જ્ઞાનનો આ ગ્રંથ લખવા પાત્રતા મારી જરી. ૧
આભ લેવા બાથમાં જ્યમ મૂર્ખ કો મચ્છર ચહે, ૨
ઉખડેલાં મેરુ અચલ જ્યમ ચકલી ચંચુથી ગ્રહે; ૨
જલધિ ચહે જીહ્વા તરી જ્યમ જંતુ કો ગોપદ ગણી, ૨

ત્યમ જ્ઞાનનો આ ગ્રંથ રચવા હામ મેં કીધી ઘણી. ૨
ભગવાન નારાયણ અને નરશ્રેષ્ઠ અર્જુનને નમી, ૩
સન્માર્ગ પ્રેરક શારદાને પ્રેમથી પાયે પડી; ૩
માતા-પિતા ગુરુદેવને ગણરાજને મનથી સ્મરી, ૩
આ ગ્રંથનો આરંભ કરવા કલમ મેં કરમાં ધરી. ૩
ગુજરાતની ઉત્તરે દિશે પ્રાચીન પાટણપુર છે, ૪
જૈન નગરી ધર્મની જે મુલ્કમાં મશહુર છે; ૪
કોશ દ્વાદશ તે થકી ઉત્તર દિશે શુભ ઠામ જે, ૪
પ્રાચીન ને જગ જાણીતું જંગરાલ નામક ગ્રામ છે. ૪
સુત શારદાના ભટ્ટ બ્રાહ્મણ ચંદની જ્ઞાતિ તણા, ૫
કૃષિકર્મને વિદ્યા વિષે અતિ નિપુણ નર છે જ્યાં ઘણા; ૫
શિક્ષક પિતાને ઘરે કવિનો જન્મ એ ગામે થયો, ૫
માતા-પિતાની પાસમાં ત્યાં કાળ શૈશવનો ગયો. ૫
ગંગા સમાં માત-પિતા મણિબા તાત મોતિલાલજી,
જ્ઞાનના સાગર અને વિદ્યા ઉપર બહુ વ્હાલજી;
વ્યવસાય વિદ્યાવ્યય તણો વ્યાસંગણી જેણે કર્યો,
જેમને સ્મરતાં સદા હજુ સેંકડો શિષ્યો અહીં.
વ્યવસાય ન્યાયાલય સમીપે વકીલાતનો કવિએ કર્યો,
તે છતાં ઉત્સાહ સંતત કાવ્યનો હૃદયે રહ્યો;
મૂળ નામ ડાહ્યાભાઈ પણ ‘દક્ષ’ ઉપનામે સદા,
કુમારવયથી કીધી કવિએ કાવ્ય કેરી સાધના.
ભટ્ટ પ્રેમાનંદ, શામળ, ચંદ, મહેતા ને મીરાં,
સુર આદિ કાવ્યના આદર્શ રૂપ ઉરમાં રહ્યા;
તુલસી, બિહારી, ગંગ, ભુષણ, ભોજ, ભવભુતિ થકી,
કવિશ્રેષ્ઠ કાલિદાસથી પણ પ્રેરણા કવિને મળી.
ક.દ.ડા. તણા પિંગળ વડે મૂળ જ્ઞાન પિંગળનું થયું.

લખપત તણું પિંગળ કવિને કચ્છમાં જાતાં જડ્યું;
રણછોડનું રણ પિંગળે પૂર્ણ ઉપકારક થયું,
સંસ્કૃતમાંથી છંદ કેરુ જ્ઞાન બાકીનું મળ્યું.
તે પછી કંઈ કાળ વીત્યે પૂર્વના પુણ્યે કરી,
સંત શ્રેયસ્કર મળ્યા ગુરુદેવ ભાનુવિજયજી;
અગમ નિગમ પુરાણનો ત્યાં સાર સર્વે સાંભળ્યો,
કૃપા કટાક્ષે સંતના તવ ધર્મપક્ષ કવિએ ગ્રહ્યો.
ગુરુપદ પદ્મ રેણુની કૃપાથી તે પછી મેં આ રચી,
કવિતા-ટીકા ગીતા તણી અદ્વૈત અમૃતથી ભરી;
અર્થ વા ભાષા તણો જો કંઈ એમાં જડે,
કવિ કોવિદે તો ક્ષમા કરવી બાળ જાણીને મને.
દ્રય સહસ્રને છત્રીસ ઉપર વર્ષ વિક્રમનું ખરે,
મહાસભાને હેમંત રત વદ ત્રીજ ને રવિ વાસરે;
દસ વર્ષ અને દસ માસમાં ગીત ગ્રંથ આ ગીતા તણો,
કવિ દક્ષ શ્રી શારદ સુતે પુર પાટને પૂરો કર્યો.

**દક્ષ ગીતા**

**ૐ પરમાત્મને નમઃ**

**અધ્યાય ૧**

**અર્જુન વિષાદ યોગ**

धृतराष्ट्र उवाच

धर्मक्षेत्रे कुरुक्षेत्रे समवेता युयुत्सवः।। १ ।।
मामकाः पाण्डवाश्चैव किमकुर्वत संजय।। १ ।।

ભૂમિ તીર્થસમ કુરુક્ષેત્રની, જ્યાં યુદ્ધ કરવા ઇચ્છતા,
મારા અને પાંડુ તણા પુત્રો સખા! છે જે મળ્યા;

તેમણે ત્યાં શું કર્યું તે સર્વ તું મુજને કહે,
માંડીને વૃત્તાંત સઘળો વિગતથી સંજય સખે!
ટીકા : સુતસ્નેહથી પ્રેરાઈને ધૃતરાષ્ટ્ર સંજયને પૂછે,
વૃત્તાંત સંજય કહે મને કુરુક્ષેત્રનો શું છે સખે!
ધર્મ કેરું ક્ષેત્ર આ કુરુક્ષેત્ર જે કહેવાય છે,
યુદ્ધતત્પર જ્યાં ઊભાં, કુરુવંશીઓનાં સૈન્ય બે.
યુદ્ધ કરવા ઇચ્છતા શત પુત્ર જ્યાં મારા સખા!
ને પાંચ પાંડુના તનય એ સર્વે જ્યાં ભેગા મળ્યા;
અત્યાર સુધી એમણે થઈ એકઠા ત્યાં શું કર્યું?
વૃત્તાંત એનું કહે સખા! વિગતે થકી મુજને બધું

संजय उवाच

दृष्टा तु पाण्डवानीकं व्यूहं दुर्योधनस्तदा।। १ ।।
आचार्यमुपसंगम्य राजा बचनमब्रवीत्।। २ ।।

સંજય વદે ભૂપતિ સુણો, રણક્ષેત્રમાં દુર્યોધને,
જ્યારે નિહાળ્યું વ્યૂહ મહીં ઊભેલ પાંડવ સૈન્યને;
તવ સુત ત્યારે સત્વરે ગુરુ દ્રોણની પાસે ગયો,
ઊભા રહીં આચાર્ય પાસે, બોલ હા! આવો કહ્યો.
બળવાન સેના પાંડવોની યુદ્ધમાં જે આ ખડી,
વ્યૂહરચના જેહની વીર ધૃષ્ટદ્યુમ્ને છે કરી;
જે આપનો છે શિષ્ય, બુદ્ધિવાન સુત દ્રુપદ તણો,
આચાર્ય! તેણે ગોઠવેલું સૈન્ય આ ઊભું જુઓ.
ટીકા : ગુરુદેવની સેના પાંડવોની મહાન ઓ રણમાં
જુઓ દ્રુપદપુત્ર ધૃષ્ટદ્યુમ્ને વ્યૂહ જેનો ગોઠવ્યો;
આપ કેરો શિષ્ય એ રણકુશલ છે જાણો તમો,
વેર લેવા તાતનું જે રાત-દિન ઝંખી રહ્યો.
કંઈ વર્ષ પહેલાં દ્રુપદ રાજા આપથી હાર્યો હતો.
એ હાર કેરો દાહ દારુણ અંતરે એના થતો;

આપના વધ કાજ એથી સુત મેળવવા શૂરો,
તૃપ્ત કરીને દેવ યત્ને યજ્ઞ એણે આદર્યો.
એ યજ્ઞમાંથી દ્રૌપદી ને સુત : આ બે સાંપડ્યાં,
જે વૈર લેવા તાત કેરી હારનું તત્પર થયાં;
મારું અને પાંડવ તણું આ યુદ્ધ કહેવાયે છતાં,
આ વૈર જાગ્યાં છે જૂનાં ખુદ આપ ને દ્રુપદ તણાં.
અમ તણો આધાર સઘળો આપની ઉપર રહ્યો,
આધાર ત્યમ દ્રુપદતનય આ પાંડવોનો જાણવો;
આચાર્ય! તેથી યુદ્ધ આ, ખુદ આપનું જાણો તમો,
આપ અગ્રેસર અમારા, આપને પાછળ આમો.

अत्र शूरा महेष्वासा भीमार्जुनसमा युधि ।।४।।
युयुधानो विराटश्च दुपदश्च महारथः ।।४।।

એ સૈન્યમાં છે શૂર મોટા ધનુષ્યના ધરનાર કૈં,
ને વીર અર્જુન ભીમ સમ મહા પરાક્રમી રણની મહીં;
મહાયોધ યુયુધાન ને વીરશ્રેષ્ઠ નૃપ વિરાટ હા!
મહારથી રાજા દ્રુપદ એ સર્વ ત્યાં ભેગા મળ્યા.

---

- વાચક મિત્રોને 'દક્ષગીતા'નો રસાસ્વાદ કરાવવાના હેતુસર અત્રે દક્ષગીતાના પ્રથમ અધ્યાયના થોડાક અંશ અત્રે મૂક્યા છે. રસ પડે તો દક્ષગીતા વાંચવા વિનંતી. **– લેખક**

•



**શ્રી ચંદ્રકાન્ત હ. રાવ (સાહિત્યકાર)**

ભરૂચ જિલ્લાના અછાલીયા નિવાસી, શ્રી હરગોવિંદ રાવ પરિવારમાં (તા. ૨ – ૨ – ૧૯૩૦) જન્મેલા શ્રી ચંદ્રકાન્તભાઈએ પ્રાથમિક કેળવણી અછાલીયામાં પ્રાપ્ત કરી. ત્યારબાદ ઉચ્ચ અભ્યાસ અર્થે

સંસ્કારનગરી વડોદરા તરફ પ્રયાણ કરી M.A. B.Edની ડિગ્રી મેળવી. આ દરખાસ્ત લેખન, વાચન, વકૃતત્વ અને F.S.R.કાઉન્સિલની ચૂંટણી જેવી શિક્ષણેત્તર પ્રવૃતિઓમાં ઉત્સાહભેર ભાગ લઈ પોતાની બહુમુખી પ્રતિભાનો પરિચય કરાવ્યો. ત્યારબાદ પઠન-પાઠનને જ અર્થોત્પાદનનો વ્યવસાય બનાવતાં, વડોદરાને કર્મભૂમી તરીકે સ્વીકારી અહીં જ સ્થાઈ થયા. વિચક્ષણ અને હસમુખા સ્વભાવને કારણે શિક્ષણસંઘના ઉપપ્રમુખ પ્રમુખ બન્યા. સાથે સાથે સ્વજ્ઞાતિના કર્મઠ સેવક તરીકે બ્રહ્મભટ્ટ વિદ્યોતેજક મંડળના મંત્રી, પ્રમુખ તેમજ ટ્રસ્ટી અને 'ભટ્ટભાસ્કર'(જ્ઞાતિપત્ર)ના લગભગ ૩૫ વર્ષ સુધી સળંગ તંત્રી-સંપાદક તરીકે સેવારત રહ્યા. (શ્રી ચુ. પુ. બારોટ પછી આવી જ્ઞાતિસેવા કરવા બદલ સમાજે તેમને વિશેષ સન્માનપત્ર તથા એક લાખની થેલી આપી, જેમાં થોડાક પોતાના ઉમેરીને એમણે સ્વજ્ઞાતિ સંસ્થાને સાભાર પરત અર્પણ કરી.)

આ તો થઈ શ્રી રાવસાહેબની શૈક્ષણિક સામાજિક સેવાપ્રવૃતિઓની વાત, પરંતુ વાસ્તવમાં એમની સાચી ઓળખ તો સાહિત્યસર્જક તરીકે જ આપવી રહી. પઠન-પાઠનના વ્યવસાયે એમનામાં રહેલ સર્જકને સદૈવ જાગૃત રાખી ઉત્તરોત્તર સફળતાની સીડીઓ ચઢતા કર્યા. જેમાં 'બ્ર.વિ.મંડળ તથા 'ભટ્ટભાસ્કર'ની પ્રવૃતિઓએ વિશેષ બળ પૂરું પાડ્યું. વળી 'ગુજરાત સાહિત્ય પરિષદ' સાથેની નિકટતાએ એમના સાહિત્ય શોખને પુષ્ટ કરી એમની રહેલ સાહિત્ય સર્જકને અનાવૃત કરી આપ્યો. ફલતઃ 'પ્રેમદિવાની', 'કુમકુમનાં પગલાં', 'વિસામો', 'ઘરભણી', 'સ્નેહદીપ' તેમજ 'આંબાની ડાળે' જેવી અત્યંત રસાળ માર્મિક અને બોધપ્રદ સાહિત્ય કૃતિઓનું સર્જન થવા પામ્યું. (જેમાં કુલ છ નવલકથા અને ચાર નવલિકા મુખ્ય ગણાય).

શ્રી રાવસાહેબની બે નવલકથાઓને તો  ધારાવાહિક રૂપે પ્રકાશિત થવાની વાચકોની ઉત્કંઠા તથા રસવૃત્તિ જાગૃત રાખવાની તક મળી. એ ઉપરાંત તેઓ બાળમિત્રોને પણ ખુશ રાખવાનું ચૂક્યયા નહીં. પરિણામે 'મોહન મોરલીવાળો' તેમજ 'ગોરી મારા ગામની' જેવી બાલ સાહિત્યકૃતિઓનું સર્જન થવા પામ્યું. જે આકાશવાણી (અમદાવાદ- વડોદરા-રાજકોટ અને ભૂજથી) તેમજ દૂરદર્શન પરથી પ્રસારિત થતાં, ગુજરાતભરનાં બાળકો તેનો રસાસ્વાદ માણી શક્યાં. એ જ રીતે એમની વાર્તાઓ, નાટકો, ચિંતનકણિકાઓ તેમજ કાવ્યો પણ પ્રસારિત થતાં, ગુજરાતના સાહિત્ય પ્રેમીઓને રસલ્હાણ માણવાની તક મળી.

શ્રી રાવસાહેબની સાહિત્યપ્રસાદી Who's Who', 'Indo-Arab Who's Who', તેમજ 'Asian Admirable Achievement' જેવાં પ્રકાશનો થકી પણ પીરસાઈ. આ સમગ્ર પ્રવૃત્તિઓની સાથે સ્વજ્ઞાતિસેવાની ધગશનો સ્વ શ્રી દાજીભાઈ, સ્વ શ્રી

પુરુષોત્તમદાસ માતરવાળા તેમજ સ્વ. શ્રી ચુ. પુ. બારોટનો વારસો એમણે જાળવી રાખીને તેને ઝળાંહળાં-દીપાવ્યાં પણ ખરો.

આવા શ્રી રાવસાહેબ આજે વયમર્યાદા(૮૧ વર્ષ)ની સહેજ પણ ફિકર કર્યા વિના એજ ગુલાબી સ્વભાવ અને જ્ઞાતિહિત માટેનો તરવરાટ અનુભવે છે. એમાં એમને સદૈવ સાથ મળ્યો છે, એમનાં ગુણિયલ અને સંસ્કારી ધર્મપત્ની સૌ. કલાબહેનનો વાસ્તવમાં શ્રીમતી કલાબહેનના પિતાશ્રી પ્રહ્‌લાદ બ્રહ્મભટ્ટ પણ જાણીતા સાહિત્યસેવી હતા. જેમનો વારસો જાળવીને કલાબહેન શ્રી રાવસાહેબને પોતાના તરફથી સદૈવ પ્રોત્સાહિત કર્યા છે, તે કબૂલવું રહ્યું. આવા સાહિત્યપ્રેમી દંપતીને એમની સાહિત્યસેવા તથા સ્વજ્ઞાતિસેવા માટે સમસ્ત બ્રહ્મભટ્ટ સમાજ સદૈવ યાદ કરતો રહેશે. મા સરસ્વતી અને મા અંબા એમની કલમનું તેજ અને બળ સદા તરોતાજા રાખે તેમજ તેમની કલમપ્રસાદી આપણા સૌને ફૂલગુલાબી રાખીને, રળિયાત કરતી રહે એ જ અભ્યર્થના !!!

શ્રી ચંદ્રકાન્ત હ. રાવના લેખનકાર્ય સંદર્ભે

# વિવેચકો લેખકો-ભાવકોના પ્રતિભાવો

અમદાવાદ
૬ – ૦૯ – ૦૯

**પરમ સ્નેહીશ્રી ચંદ્રકાન્તભાઈ,**

''કુશળ હશો. તમારી 'કુમકુમ પગલે' નવલકથા મળી. આમાં ઇતિહાસ અને કલ્પના દ્વારા જે સુંદર ભાત ઉપસાવી છે, એ પ્રસન્ન કરે તેવી છે. વડોદરામાં તમારી સુંદર સાહિત્યિક પ્રવૃત્તિઓથી પણ વાકેફ રહું છું અને તેનો આનંદ અનુભવું છું...''

સ્નેહાધીન
***–કુમારપાલનાં સ્મરણ***
***–પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ***

(જાણીતા લેખક અને પૂર્વ પ્રમુખ, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ)

''શ્રી ચંદ્રકાન્તભાઈની શૈલી, રમણલાલ દેસાઈ જેવી છે.'' ('કુમકુમ પગલે' લોકાર્પણ પ્રસંગે)

***–પદ્મશ્રી સિતાંશુ મહેતા***

''તમે વિવિધ સ્વરૂપ વાર્તા તત્ત્વ પ્રગટ કરો છો એ તમારી સર્જક તરીકે ગતિ

સૂચવે છે. સરળ છતાં હૃદયયંગમ ભાવ નિરૂપણ એ તમારી વિશેષતા છે... તમે શબ્દને તપરૂપે આરાધ્યો છે. ('આંબાની ડાળે') શ્રી ચંદ્રકાન્તભાઈ અભિજાત પુરુષ છે, આગળ વધીને કહું તો તેઓ અજાતશત્રુ છે.... તેઓ કવિતા, વાર્તા, નવલ તો લખે છે જ, પણ પ્રબોધક-સંસ્કારી સાહિત્ય પણ લખે છે.'' ('વિસામો' પુસ્તક અંગે પ્રતિભાવ, લુણાવાડા)

**– પદ્મશ્રી ડૉ. પ્રવિણ દરજી**

''તમારી વાર્તાઓ શ્રેયસાધક છે. શૈલીની સરળતાને સ્પષ્ટતા પણ નોંધપાત્ર છે. અભિનંદન.'' ('આંબાની ડાળે'નો પ્રતિભાવ)

સુરત (૨૨ – ૦૪ – ૦૩)

***– ડૉ. જયંત પાઠક*** *(જાણીતા કવિ, લેખક)*

**પ્રિય ભાઈ,**

''જેલમ જંપી ગઈ' (નવલકથા) સંબંધે વિમોચન વેળા હું થોડુંક બોલ્યો હતો. મને એ નવલકથા ખૂબ ગમી છે. એની ત્રીજી આવૃત્તિ થાય તો નવાઈ નહિ. **કોઈ ફિલ્મ કંપનીએ એનું પિક્ચર ઉતારવું જોઈએ. સફળ ચલચિત્રની બધી જ સામગ્રી એમાં ભરપેટે છે.**

શુભેચ્છા સાથે''

***– 'અનામી'ના જય શિવ*** *(ડૉ. રણજીત પટેલ)*

''સમાજના વિવિધ વર્ગમાંથી આવેલ આ વાર્તાઓ સમાજની રૂઢિઓ, તેના તાણાવાણા, માનવીની સંવેદનાઓ, સંબંધો અને તેની ન મુકાઈને સ્પર્શી જાય એ રીતે મૂકી છે, તે જ આ સંગ્રહ ('પીળાં પાંદડાંની લીલાશ')ની ખૂબી છે. આ સંગ્રહની વાર્તાઓ માનવીના મનના ઊંડાણમાં લઈ જાય છે.''

વડોદરા

***– ડૉ. પ્રદીપ પંડ્યા*** *(જાણીતા નવલકથાકાર, વાર્તાકાર)*

''પ્રેમાનંદ સાહિત્ય સભા'ના પ્રમુખશ્રી ચંદ્રકાન્ત રાવ મોટી ઉંમરે બાલકાવ્ય સર્જન તરફ વળ્યા તે ખૂબીની વાત છે... એમનાં કાવ્યોમાં વૈવિધ્ય, ગેયતા અને કલ્પનાશીલતા છે...''

***– ડૉ. લવકુમાર દેસાઈ*** *(નાટ્યકાર, ચિંતક, વિવેચક)*

''નવલકથાકાર અને વાર્તાકાર શ્રી ચંદ્રકાન્ત રાવ 'છબછબિયાં' દ્વારા બાલકાવ્યો લઈને આવે છે એ ઘણી મોટી વાત છે. એમાં એમના અનુભવનો નિચોડ હોય જ.''

***– ડૉ. ચિનુ મોદી*** *(જાણીતા શાયર, નાટ્યકાર, વિવેચક, ચિંતક)*

‘‘બાળ માનસને કેન્દ્રમાં રાખીને, કથાવ્યોયનો વિષય, ભાષા, ભાવ વગેરેનું ચયન અને પ્રયોગ એટલાં સરળ, સહજ અને સ્વાભાવિક છે કે ક્યાંય દુર્બોધતાનો અહેસાસ થતો નથી.’’

**– ડૉ. રશીદ મીર** *(જાણીતા શાયર, તંત્રીશ્રી : ‘ધબક’)*

‘‘હરિન્દ્ર દવે પછી આવી નવલકથા (‘સામે કાંઠે શ્યામ’) વાંચવા મળી... રાધા આજીવન કૃષ્ણથી વિરહીત રહી જાય તેમ પણ ‘અલ્પા’ને વિરહીણી મૂકી છે, તે વાર્તાકારની સફળતા છે. વચ્ચે વચ્ચે ગીતો પણ રંગ પૂરે છે. નવલિકા લેખક તરીકે તો તેમને ઘણા વખતથી ઓળખતો આવ્યો છું. ધન્યવાદ.’’

**– રામજીભાઈ કડિયા** *(જાણીતા લેખક – કડી)*

‘‘તમારી નવલકથા ‘સામે કાંઠે શ્યામ’ વાંચી. અલ્પા અને મૌલિકની અમદાવાદની પશ્ચાદ ભૂમિમાં રચાયેલ કથા રસપ્રદ છે. મજા આવી.

સ્નેહાધીન (અમદાવાદ)

**– પ્રિયકાન્ત પરીખ** *(લોકપ્રિય નવલકથાકાર)*

**United States Library of Congress, New Delhi, India**

Dear Sir,

We have received a work of which you are the Author. In order to process it, we need some date... The information sent by you will be used to distinguish your name from other persons listed in the catalogs of **American Libraries.**

Sincerely yours.

***– (Mrs.) Eunice Stutoman Gupta*** Library of Congress, South Area.

‘‘પ્રેમાનંદ સાહિત્ય સભા’ જેવી ગુજરાતની ખ્યાતનામ સાહિત્યિક સંસ્થાના પ્રમુખ તરીકે કાર્યરત એવા શ્રી ચંદ્રકાન્ત રાવની ખૂબ જ લોકભાગ્ય પાંચ નવલકથાઓ (‘પ્રેમદીવાની’થી ‘સામે કાંઠે શ્યામ’) અને ‘સ્નેહદીપ’ જેવા નવલિકા સંગ્રહો ગુજરાતી સાહિત્યને એમનું ઉત્તમ નજરાણું છે.’’

**– યશવંત કડીકર** *(જાણીતા વાર્તાકાર, કવિ, ચિંતક, વિવેચક)*

‘‘આપની કૃતિઓથી હું પ્રભાવિત થયો છું. સારી અને સાચી લાગણી આપણો સમાજ સમજે એ જ અભ્યર્થના... સ્નેહાધીન.’’

***– બી. એલ. રાવ (અમેરિકા)***

''તમે ભલે 'ચન્દ્ર' કહેવાયા પણ કાવ્યમોતી ચરનારાયે છો.''

(તા. ૧૧-૧૧-૦૭)

('ગોરી મારા ગામની' કાવ્યસંગ્રહનો પ્રતિભાવ)

**– રાધેશ્યામ શર્મા** *(જાણીતા લેખક, વિવેચક ચિંતક)*

''શ્રી રાવ, નવલકથાકાર અને વાર્તાકાર તરીકે ખ્યાત હોવાથી અને અનેક સામયિકોમાં એમની કૃતિઓ પ્રગટ થતી હોવાથી લેખન નિપૂણતા એમની પાસે હોય તે સ્વીકારી શકાય.''

**– રવીન્દ્ર ઠાકોર** *('કિતાબઘર', લોકસત્તા-જનસત્તા)*

''સ્નેહીશ્રી ચંદ્રકાન્તભાઈ,

તમે સંસ્કારનગરી વડોદરાની સાહિત્યિક-સાંસ્કૃતિક-શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સક્રિયતા દાખવવાની સાથે નવલકથા અને નવલિકા સાહિત્યનો સર્જનમાં રસ દાખવ્યો એ અભિનંદનીય છે.''

અમદાવાદ.

**– પ્રા. પ્રસાદ બ્રહ્મભટ્ટ** *(જાણીતા વિવેચક, ચિંતક)*

''પ્રિયશ્રી ચંદ્રકાન્તભાઈ,

આપની સુંદર નવલિકાઓ વાંચી. માણી... નવલિકામાં ખૂબ જ ટૂંકા વ્યાપમાં ચમત્કૃતિ ઉત્પન્ન કરવી એ અઘરું કામ છે. આ કળા આપે સુપેરે સિદ્ધહસ્ત કરી છે. આપ 'પ્રેમાનંદ' સાહિત્ય સભા જેવી માતબર સંસ્થાના પ્રમુખ છો એ ગૌરવની વાત છે.''

**– નટવરલાલ એમ. બ્રહ્મભટ્ટ**

B.A.LLB., I.R.S.(Ex) (Advocate) F.I.C.A. (Advocate), *(મુંબઈ : 26-7-04)*

''ગામ, તડકો, આકાશ, પરોઢ, પૂર્વની સિંદૂરી, સંધ્યાના સિંદુરિયા શ્વાસની અનુભૂતિનું કથન શ્રી ચંદ્રકાન્ત રાવની કવિ ચેતનાની ઉપલબ્ધિ છે... 'મેળામાં મ્હાલતી ગોરી મારા ગામની.' ... ગતિશીલ શબ્દચિત્ર રચતી આ શબ્દાવલિની નિર્વ્યાજ પ્રાસાદિક બાની કેવી તો ભાવસૃષ્ટિ રચે છે ! કવિ મસ્તરંગી પ્રકૃતિઓના અસબાબથી સ્વસ્થ દર્શનને નિરૂપે છે, એ કવિશ્રી ચંદ્રકાન્ત રાવની ચેતનાની ઉપલબ્ધિને પોંકીએ...''

**– ડૉ. સુભાષ દવે** *(જાણીતા વિવેચક)*
*('ગોરી મારા ગામની'ના લોકાર્પણ પ્રસંગે)*

''ટૂંકી વાર્તા, કાવ્યો, ચિંતન લેખ, રેડિયો, નાટક, બાળસાહિત્ય અને નવલકથા... આ વૈવિધ્યને અંકે કરી સર્જન કેડીએ ચાલનાર ચંદ્રકાન્ત રાવનાં નિખાલસતા, નમ્રતા અને સાદગી સૌને સ્પર્શી જાય છે.''

**– *ત્ર્યંબક જોષી* (પત્રકાર 'દિવ્ય ભાસ્કર' દૈનિક)**

''ગોરી મારા ગામની' કાવ્યસંગ્રહનો ઉજાસભર્યો ઉઘાડ જ સુંદર શબ્દરચનાના આવિષ્કારથી થયો છે : 'તડકો ભરી લો ગજવે મારા ગામનો, કેવું ઊજળું અહીં આકાશ છે.' લાલિત્યસભર લયની શબ્દાળુતા આ કાવ્યસંગ્રહ ('ગોરી મારા ગામની')નો શ્વાસ છે... શ્રી ચંદ્રકાન્તભાઈએ આ કાવ્યસંગ્રહમાં નારીને અનેક રૂપે કાવ્ય સ્વરૂપે સ્મરી અને કંડારી છે. કવિશ્રીએ આ સંગ્રહમાં વિષય વૈવિધ્ય સાથે હાઈકુ, મુક્તકો, અછાંદસ કાવ્યો, ગઝલો, ગરબા, ગીતો વગેરે આમેજ કરી તેમનાં વર્ષોનાં કાવ્યો અને કવિઓ સાથેના સંબંધોનું નવનીત પાથર્યું છે...''

***– શ્રી કીર્તિકાન્ત પુરોહિત*** *(જાણીતા ગઝલકાર, વાર્તાકાર, ગીતકાર)*

•



## પ્રોફેસર (ડૉ.) શ્રી ભગીરથ રૂઘનાથજી બ્રહ્મભટ્ટ (સાહિત્યકાર, વિવેચક)

ગાંધીનગર જિલ્લાના નાદરી ગામના વતની ભગીરથ રૂઘનાથજી બ્રહ્મભટ્ટનો જન્મ તા.૫–૦૧–૫૪ (અમાસ)ના દિવસે નાદરી મુકામે થયો. પ્રાથમિક શિક્ષણ ગામની 'આમજા, નાદરી, ચાંદીસણા પ્રાથમિક શાળા'માં, માધ્યમિક શિક્ષણ 'શેઠ એમ. એમ. પટેલ સાર્વજનિક હાઈસ્કૂલ, સોજા'માં તેમજ કૉલેજ શિક્ષણ માણસા અને અમદાવાદમાં લીધું. પિતા રૂઘનાથજી અને દાદા શંકરજી ધાર્મિક ભાવના ધરાવતા હતા. આમ, શ્રી ભગીરથભાઈ ધાર્મિક અને સંસ્કારી પરિવારમાં ઘડતર પામ્યા. તેમણે નાનપણમાં દર પૂનમે સત્યનારાયણની કથાનો પાઠ પોતાના ઘરે થયેલો જોયેલો. રામાયણ – મહાભારતનું વાંચન પણ ઘરે થતું.

મોટા ભાઈ નટવરભાઈ ઍન્જિનિયર, નાના ભાઈ રમેશચંદ્ર આચાર્ય (વિનય મંદિર, મલાણા, જિ. બનાસકાંઠા) એ વચ્ચેના ક્રમે ત્રણ બહેનો ભગવતીબહેન (દેવડા),

નયનાબહેન (પાટણ), જ્યોત્સનાબહેન (જંઘરાલ) પરણિત છે. તેમનાં લગ્ન ડુલાણાના મંગલસિંહ જાગીરદારના પરિવારમાં ભૂપેન્દ્રસિંહ જાગીરદારની પુત્રી મીના સાથે થયાં છે. મીનાબહેન પણ એમ.એ. બી.એડ. છે. મહાત્મા ગાંધી વિદ્યાલય, કણજરી ખાતે ઉચ્ચર માધ્યમિક શિક્ષણ વિભાગમાં સેવાઓ આપે છે.

ભગીરથભાઈએ સાહિત્યક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કર્યું છે. તેમણે 'સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી ગીત સાહિત્ય' પર પી.એચ.ડી.નો શોધ-નિબંધ લખી (૧૯૯૨) ડૉક્ટરેટની પદવી પ્રાપ્ત કરી છે. તેઓ સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર ખાતે અનુસ્નાતક ગુજરાતી વિભાગના અધ્યક્ષ અને પ્રોફેસર રહી ચૂક્યા છે. નિવૃત્તિ બાદ યુ.જી.સી.માં બે વર્ષનો પ્રોજેક્ટ સંપૂર્ણ કરવામાં પણ સફળ રહ્યા છે.

ગુજરાતી સાહિત્યમાં કવિતા, વાર્તા, રેખાચિત્ર, નિબંધ, લઘુકથા તથા વિવેચનક્ષેત્રે કામ કરીને 21 જેટલાં પુસ્તકો આપ્યાં છે.

૧. 'વિચ્છિત્તિ', (કવિતા), ૨. 'ક્ષણનો ઝરુખો' (લઘુકથા), ૩. 'શબ્દનાં સગપણ' (નિબંધ), ૪. 'નાઈટલેમ્પ' (વાર્તા), ૫. 'માનવતાના ભેરુ' (રેખાચિત્ર), ઈનામી એકાધિક યુનિવર્સિટીમાં પાઠ્યપુસ્તક, ૬. 'ધરતીનાં અજવાળાં' (રેખાચિત્ર), ૭. 'મીઠા વગરનો રોટલો' (વાર્તા) ઈનામી, ૮. 'પ્રકૃતિ પર્વ', (નિબંધ) – કાકાસાહેબ કાલેલકર ઍવોર્ડ, ૯. 'અક્ષરના અજવાળાં' (નિબંધ) – સાહિત્ય પરિષદનો વિષ્ણુપ્રસાદ ત્રિવેદી ઍવોર્ડ, ૧૦. 'સ્મૃતિ કળશ' (અનુવાદ), ૧૧. 'અક્ષરને અજવાળે' (નિબંધ), ૧૨. 'ગીત સ્વરૂપ વિચાર' (વિવેચન), ૧૩. 'યથામતિ' (વિવેચન), ૧૪. 'નિષ્કર્ષ' (વિવેચન), ૧૫. 'ગીત-લોકગીત' વિચાર (વિવેચન), ૧૬. 'સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી ગીતપ્રવાહ' (વિવેચન), ૧૭. 'સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી ગીતનાં સ્થિત્યતરો' (વિવેચન), ૧૮. 'આથમતાં અજવાળાં' (નિબંધ) કુમાર સુવર્ણચંદ્રક વિજેતા, ૧૯. 'એચ. એમ. પટેલ (સંપાદક), ૨૦. 'મધ્યકાલીન ગુજરાતી ગીત કવિતાનો વૈભવ' (સંપાદન), ૨૧. અર્વાચીન ગુજરાતી ગીત વિશે (વિવેચન) ઉપરાંત જનકલ્યાણ જેવા પ્રતિષ્ઠિત સામયિકોમાં તેમના ૩૦૦+ અનુવાદ, નિબંધ તેમજ વાર્તાઓ પ્રસિદ્ધ થઈ ચુકી છે.

ભગીરથ બ્રહ્મભટ્ટને 'કુમાર' સામયિકનો પ્રતિષ્ઠિત સુવર્ણચંદ્રક ૨૦૦૮ પ્રાપ્ત થયો છે. તેઓ સાહિત્ય પરિષદ, કલાગુર્જરી, મુંબઈ તથા હ્યુમન સોસાયટીનાં એકાધિક પારિતોષિકો પ્રાપ્ત થયાં છે. ખૂબ ખૂબ અભિનંદન !

●



**શ્રી હરીશ વટાવવાળા (સાહિત્યકાર)**

પ્રયોગાત્મક અને વિવિધતાસભર સાહિત્યસર્જન કરતા સ્વજ્ઞાતિના આ મનમૌજી સાહિત્યકારનો જન્મ ખેડા જિલ્લાના પેટલાદ તાલુકાના ગામ વટાવ ખાતે (તા. ૧૮મી જુલાઈ ૧૯૪૭) પિતાશ્રી અમૃતલાલ અને માતૃશ્રી કમળાબાના પરિવારમાં થયો. પ્રારંભિક શિક્ષણ મેળવી લીધા બાદ એમણે અર્થશાસ્ત્ર વિષય સાથે સ્નાતક થવાનું પસંદ કર્યું. ત્યારબાદ નોકરી સુપેરે પાર પાડીને ઓફિસ સુપ્રિટેન્ડેન્ટના પદ પરથી નિવૃત્ત મેળવી. સંસ્કારનગરી વડોદરાના એમના નિવાસને લીધે ઘણા બધા સાહિત્ય સર્જકોનો સંપર્ક થતાં એમનામાં રહેલા સર્જકને જાણે કે સોળે કલાએ ખિલવાની તક મળી.

શ્રી હરીશભાઈ છેલ્લા પાંચ દાયકાઓથી ગુજરાતી સાહિત્યસર્જન ક્ષેત્રે ગળાડુબ (પ્રવૃત) છે. પ્રતિષ્ઠિત કવિ, ગીતકાર, ગઝલકાર, સંપાદક, વિવેચક, આસ્વાદક અને નવલકથાકાર તથા પ્રયોગાત્મક સર્જક તરીકે એમની કલમ થકી ગુજરાતી વાચકોએ આવો આપણે એમની સર્જનસૃષ્ટિ પર એક નજર કરી લઈએ.

**<u>શ્રી હરીશ વટાવવાળાનું લેખન, સર્જન અને વિશેષ ઉપલબ્ધિ</u>**

**નવલકથા** : 'ઓગળતી ભીનાશનાં મૃગજળ' (૧૯૯૧), ડૂમો (૨૦૦૩), 'અહીં આંસુ ત્યાં દર્પણ' (૨૦૦૪), 'સાંજ' (૨૦૧૦) 'પછીત' (૨૦૧૦).

**કવિતા** : 'સૂરજ ઊગવાની ક્ષણ' (૧૯૮૩), 'દર્પથી દર્પણ' (૨૦૦૦) 'મોરેપીંછ', 'મંજીરા' (૨૦૧૧)

**જીવનલક્ષી** : 'અશક્યને શક્ય બનાવો' (૨૦૦૬, ૨૦૦૮, ૨૦૧૦), 'અંધાકારમાં તેજ કિરણ' (૨૦૦૭)

**બાળસાહિત્ય** : 'વિક્રમ વેતાળની કિશોર કથાઓ' (૨૦૦૫, ૨૦૦૮, ૨૦૧૦)

**વિવેચન** : 'અંગત સંગત' (૨૦૦૩), 'અક્ષરનો ઉત્સવ' (૨૦૦૪), 'અનાગત' (૨૦૦૯), 'વિવેચન વિમર્શ' (૨૦૧૧),

'વિનેશ અંતાણીની વાર્તાસૃષ્ટિ : અભ્યાસ' (૨૦૧૧).

**સંશોધન-અભ્યાસ** : 'ગઝલ : પરંપરા, પરિવર્તન અને પ્રયોગ'
કૃષ્ણલાલ શ્રીધરાણી (૨૦૧૧)

**ચિંતનાત્મક નિબંધ** : 'અંતરના અજવાળાં'

**સંતચરિત્ર** : 'પરબ્રહ્મના ચરણમાં' (૨૦૦૬)

**સંત સત્સંગ** : 'ઊંચી મેડી સંતની' (૨૦૧૦), 'કૃપાનિધિ સંતો' (૨૦૧૦), 'ત્યાગમૂર્તિ સંતો' (૨૦૧૦), 'સંગમ તીર્થ સંતો' (૨૦૧૦), 'કૃપાસિંધુ સંતો' (૨૦૧૦)
મોહન પરમાર : વાર્તા આસ્વાદ અને અધ્યયન' (૨૦૦૮)

**ચરિત્ર** : 'અમીર નગરીનો ફકીર બાદશાહ : ઈન્દુલાલ યાજ્ઞિક' (૨૦૧૧)

**ગ્રંથ** : સર્જક-પ્રતિભા શ્રેણી નોંધ
**સેલ્ફ ડેવલપમેન્ટ : કાર્યક્રમનું સંચાલક કેવી રીતે કરશો?**
**(૨૦૦૯, ૨૦૦૯, ૨૦૧૦, ૨૦૧૦, ૨૦૧૦, ૨૦૧૧, ૨૦૧૧)**

**'વાંચે ગુજરાત' અંતર્ગત પસંદગી પામેલ ગ્રંથ**

**સંપાદન** : 'વિશ્વ કવિતા' (૧૯૯૫), 'આંખ મીંચું ત્યાં તમે યાદ આવ્યાં' (૨૦૦૫)

**શિક્ષણ** : 'જ્ઞાનની પરબ' (૨૦૧૧) (ડૉ. પ્રતાપ પંડ્યાના શિક્ષણ વિષયક લેખો) મોહન પરમારની વાર્તાસૃષ્ટિ (૨૦૧૧)

**એવોર્ડસ** : ગુજરાત રાજ્ય સ્થાપના દિન :
૧લી મે નિમિત્તે ગુજારાત ગૌરવ પારિતોષિક-૨૦૧૧
શ્રી સદ્‌વિદ્યા શિક્ષણ સમાજ ટ્રસ્ટ નડિયાદ દ્વારા
ગોવર્ધન રામત્રિપાઠી સાહિત્યકાર એવોર્ડ : ૨૦૧૧
શ્રી કમળાશંકર પંડ્યા ફાઉન્ડેશન વડોદરા, દ્વારા સાહિત્યકાર એવોર્ડ

**વિશેષ નોંધ** : 'અંગત-સંગત', 'અક્ષરનો ઉત્સવ' અને પરંપરા અને પ્રયોગ વિવેચન અને અભ્યાસ ગ્રંથો ૨૦૦૬-૨૦૦૮ વર્ષ માટે

'ગુજરાત યુનિવર્સિટીના એફ.વાય.બી.એ.ના અભ્યાસક્રમમાં સંદર્ભ ગ્રંથો તરીકે.

ગઝલ : 'કૃષ્ણલાલ શ્રીધરાણી'. વિનેશ અંતાણીની વાર્તાસૃષ્ટિ' 'ગઝલ : પરંપરા પરિવર્તન અને પ્રયોગ' આ ત્રણ ગ્રંથો પૈકી :

'કૃષ્ણલાલ શ્રીધરાણી' અને વિનેશ અંતાણીની વાર્તાસૃષ્ટિ' આ બે ગ્રંથો 'વીર નર્મદ : દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી' – સુરતના પ્રથમ વર્ષ બી.એ. માટે ગુજરાતી વિષયનું એક્માત્ર સંદર્ભ પુસ્તક.

પરંપરા, પરિવર્તન અને પ્રયોગગ્રંથ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી : રાજકોટના એમ.એ.પાર્ટ-૧ ગુજરાતી વિષયના સંદર્ભગ્રંથ

**કૃષ્ણલાલ**
**શ્રીધરાણી ગ્રંથ :** સૌરાષ્ટ્ર યુનિવર્સિટી : રાજકોટના દ્વિતીય વર્ષ બી.એ.ના સંદર્ભ ગ્રંથ : એક માત્ર સંદર્ભ ગ્રંથ.

શ્રી હરીશભાઈના વિવિધ સાહિત્ય સર્જનને ગુજરાતભરના જાણીતા સાહિત્ય વિવેચકો જેવા કે ડૉ. મફત ઓઝા, કવિશ્રી રણજીત પટેલ 'અનામી', કવિશ્રી હસિત હ. બૂચ, ડૉ. બિપીન આશર, શ્રી સતીશ ડણાક, શ્રી દિનેશ દેસાઈ તેમજ શ્રી ગુણવંત ઉપાધ્યાય વગેરે જુદા જુદા પત્ર-પત્રિકાઓ થકી મુલવ્યા અને પોંખ્યા છે. એમની એક એક કૃતિને વાચકો અને વિવેચકોએ આપેલી દાદ એમના સર્જનની સાર્થકતા સૂચવે છે.

આવા સાહિત્યકારશ્રી હરીશભાઈની કલમમાં રહેલબળ અને રસમાધુર્યમાં અંબાના આશીર્વાદ થકી વધુને વધુ નિખરે એજ અભ્યર્થના.

•



**સ્વ. પં. લક્ષ્મીનારાયણ આર. શર્મા (૧૯૩૯-૨૦૨૨)**

**('બ્રહ્મભટ્ટ ચરિતમ્'ના કર્તા - કાનપુર ઉત્તર પ્રદેશ )**

સમગ્ર ભારતવર્ષના પ્રસિદ્ધ બ્રહ્મભટ્ટ સમાજના ઇતિહાસની વેરવિખેર કડીઓને સાંકળવાનો સ્તુત્ય પ્રયાસ કરનાર પં. એલ. આર. શર્માજીનો જન્મ તા. ૨૪ – ૦૭ –૧૯૩૯, મુંબઈ મુકામે સ્વ. પં. રામકીરત પ્રસાદરાય અને સ્વ. શ્રીમતી રાજેશ્વરી દેવીરાયના (મૂળ ગ્રામ

પહાડપુર – ઉત્તર પ્રદેશ-નિવાસી) પરિવારમાં થયો. ઇન્ટરમીડિયેટ (સાયન્સ) બાદ ડી.ટી.ટી. (ડિપ્લોમા ઇન ટેક્સ્ટાઇલ એસો. ઑફ ઇન્ડિયા) મુંબઈથી કરી લીધા પછી શ્રી શર્માજીએ પિતાજીના પગલે પગલે મુંબઈને પોતાની કર્મભૂમિ બનાવી. સયાજી મિલ્સ (મુંબઈ) તેમજ 'માધવનગર કોટન મિલ્સ સાંગલી(મહારાષ્ટ્ર)માં આસિ. ફોલ્ડિંગ માસ્ટર તથા એક્સપર્ટ મેનેજરના પદ પર (ઈ. સ. ૧૯૬૮ થી ૧૯૭૭) અને તે પછી એન.ટી.સી. (નેશનલ ટેક્સ્ટાઇલ કૉર્પોરેશન)ના કાનપુર એકમમાં ફોલ્ડિંગ માસ્ટર / વેયર હાઉસ સુપ્રિ. તેમજ ડિપાર્ટમેન્ટલ હેડ તરીકે (ઈ. સ. ૧૯૭૯થી ૧૯૯૨) કાર્યભાર સંભાળ્યા બાદ સ્વૈચ્છિક સેવા નિવૃત્તિ લઈ સ્વજ્ઞાતિ સેવા તરફ અગ્રેસર બન્યા.

આચાર્ય મુંશીરામ શર્મા – 'સોમ' આચાર્ય રાળચંદ્ર શાસ્ત્રી – 'મયંક', પં. મનોહરલાલ શર્મા – 'શબનમ' તથા ડૉ. ત્રિભુવનરાયનાથ શર્મા – 'મધુ' જેવા વિદ્વાનોના સંપર્ક અને પ્રેરણા સહાયથી સ્વજ્ઞાતિ સેવારત થયા. ત્યારબાદ કાનપુર સ્થિત 'શ્રી ભટ્ટબ્રાહ્મણ સેવાસંઘ' તેમજ ભટ્ટ બ્રાહ્મણસભામાં ઉપાધ્યક્ષ રહી રાષ્ટ્રીય કક્ષાએ કાર્યાન્વિત રહ્યા. આ સંદર્ભે એમણે 'ભારત જાગરણ યાત્રા'ના નેજા નીચે ચાર તબક્કામાં સમગ્ર રાષ્ટ્રવ્યાપી ભ્રમણ અને જનસંપર્ક કરવાના યશભાગી બન્યા. આમ શ્રી શર્માજી રાષ્ટ્રીય કક્ષાએ સ્વજ્ઞાતિસેવાના કાર્યથી ભારતભરમાં જાણીતા થયા. આ દરમિયાન એમણે જે રચનાઓ કરી અને સ્વજ્ઞાતિએ એમને જે સમ્માનોથી નવાજ્યા તેના પર એક નજર કરી લઈએ.

**૧. પ્રકાશિત કૃતિઓ :**

૧. પં. કુંજલાલ બ્રહ્મભટ્ટ વંશવૃક્ષ

૨. 'બ્રહ્મભટ્ટ ચરિતમ્' – (હિન્દીમાં ત્રણ સંસ્કરણ)

૩. લગભગ સો જેટલા સામાજિક લેખ, કાવ્યો

૪. 'બ્રાહ્મણ ચેતના', 'ભટ્ટ અસ્મિતા', 'કાવ્યલોક', 'સોમસુધા' અને 'બ્રહ્મસત્ય'ના સંપાદક

**સન્માન :** 'અદ્યતન ભદ્દાર્જુન' (1991), 'જ્ઞાનસોમ', 'જ્ઞાનભારતી', 'અવધ રત્ન', 'જાતિરત્ન', 'સરસ્વતીપુત્ર', 'આર્યભટ્ટ', 'બેતાબ', 'મયંક' સહિત દેશભરની કુલ 24 જેટલી સંસ્થાઓ દ્વારા સન્માનિત.

પં. શર્માજીની ઉક્ત કૃતિઓમાં શિરમોર એવી જો કોઈ કૃતિ હોય તો તે 'બ્રહ્મભટ્ટ ચરિતમ્' છે. દેશભરના વિવિધ વિદ્વાનો ખાસ પ્રશંસા કરી છે. જ્ઞાતિપંડિતોએ એની જે પ્રશંસા કરી છે તે અત્રે સંક્ષિપ્તમાં નીચે મુજબ છે.

- **શાસ્ત્રી બલદેવરાજ – 'શાંત' (ફરીદાબાદ – હરિયાણા) :** ''ભટ્ટાવંશાવંત શ્રી એલ. આર. શર્માજીએ જે નિષ્ઠા, મનોયોગ, સાધનાશ્રમ, લગન, આત્મીયતા, શ્રદ્ધા તેમજ આસ્થા સાથે પ્રસ્તુત ગ્રંથની રચના કરીને આર્ય પરંપરાનું ચોક્કસ છે. બ્રહ્મભટ્ટ પરંપરાનું નિર્વહન કરનાર કોઈક વિરલાની ઋષિકલ્પ વિદ્વત્તાપૂર્ણ કૃતિનું સર્જન એમણે 'બ્રહ્મભટ્ટ ચરિતમ્' થકી કર્યું છે જે વાસ્તવમાં એક ભગીરથ પ્રયાસ છે.''
- **સુરેશચંદ્ર શર્મા, લંભુઆ – (સુલતાનપુર) :** ''બ્રહ્મભટ્ટ ચરિતમ્' ગ્રંથમાં વિવેચ્ય વિષયવસ્તુ અનુપમેય છે. સૃષ્ટિના આદિકાળથી સાંપ્રત સમય સુધીની સાહિત્યિક તેમજ ઐતિહાસિક અનંતયાત્રાનું એમાં જીવંત-તાદશ્ય ચિત્રણ કરાયું છે. માટે તો તેના રચનાકાર શ્રી લક્ષ્મીનારાયણ શર્મા માત્ર અભિનંદનનીય જ નહીં પણ પૂજનીય અને વિસ્મરણીય છે.''
- **ડૉ. મુંશીરામ શર્મા – 'સોમ' (કાનપુર) :** ''પ્રત્યેક વ્યક્તિ પોતાના અતીતને વ્હાલ કરી એમાંથી પ્રેરણા પ્રાપ્ત કરતો હોય છે. બ્રહ્મભટ્ટવંશ પણ પોતાના વૈદિક-પૌરાણિક સ્વરૂપથી અત્યંત સંપન્ન છે. જેનો ઇતિહાસ રજૂ કરવાનું કામ આદર્શોની કડીઓ સાંકળવા જેવું છે. જે કરકમળ આ પુણ્યકાર્યમાં જોડાયા છે તે ભરપેટ પ્રશંસા અને આશીર્વાદને યોગ્ય છે.''
- **ડૉ. રવીન્દ્ર-'ભ્રમર' (અલીગઢ) :** ''વાસ્તવિકતાતો એ છે કે સરસ્વતીના મહાન સપૂતોએ સાહિત્ય અને સંસ્કારને યુગોથી જે આધાર પુરો પાડ્યો છે તેને ઇતિહાસ કહેવાય છે. પરંતુ કમનસીબે આજપર્યંત આ કામ કરનાર બ્રહ્મભટ્ટ જ્ઞાતિના સપુતોના આવા ગૌરવપૂર્ણ પ્રદાનની કોઈએ ખાસ નોંધ લીધી નથી. 'બ્રહ્મભટ્ટ ચરિતમ્' થકી શ્રી લક્ષ્મીનારાયણ શર્માજીએ આ અભાવની પૂર્તિ કરી છે જેનાથી આપણા પૂર્વજો તેમજ ભાવી પેઢી ગૌરવાન્વિત બની છે.''

•



**વૈદ્ય મૂળરાજભાઈ જેઠાલાલ બ્રહ્મભટ્ટ**

**(પૂર્વ આચાર્યશ્રી, અખંડાનંદ આયુર્વેદિક મહાવિદ્યાલય, અમદાવાદ)**

**જન્મ : મોસાળ-ખેરાલુ, તા. ૭ – ૧૦ – ૧૯૪૦**

બાળપણ ગોમતીપુર, અભ્યાસ : એસ.એસ.સી. સુધી, અમદાવાદ કોલેજમાં આયુર્વેદ (DSAC) સ્નાતક

વડોદરા – ૧૯૬૪-૬૫ (ગોલ્ડ મેડાલિસ્ટ) અભ્યાસ દરમિયાન રમતગમતમાં શિલ્ડો મેળવ્યા. સુરતમાં ઓ. એમ. નાઝર આયુર્વેદ કૉલેજમાં લેક્ચરર – ચિકિત્સક (૧૯૬૫ થી ૧૯૬૯).

પિતાશ્રી જેઠાલાલ વૈદ્યનું આકસ્મિક મૃત્યુ થવાથી ઘરની વિશેષ જવાબદારી ૧૯૬૯થી અમદાવાદ આવવું પડ્યું. ૧૯૭૦થી સરકારી આયુર્વેદિક કૉલેજ અખંડાનંદ કૉલેજ /હૉસ્પિટલમાં મદદનીશ પ્રાધ્યાપક તરીકે નિમણૂક. ગુજરાત આયુ. સ્નાતક મંડળના પ્રમુખ વિદ્યાર્થીસંઘના ચેરમેન.

**સંશોધક** : ''કેશ પતન એક સમસ્યા''. રિસર્ચ પેપર ૨૦૦૦ વ્યક્તિ પર ખરતા વાળ, સફેદ વાળની સારવારના નિષ્ણાત

**વિભાગાધ્યક્ષ** : વનસ્પતિ-દ્રવ્યગુણ-રસશાસ્ત્ર

૧૯૭૨ થી ૧૯૭૩ – અખંડાનંદ આયુર્વેદિક કૉલેજ.

૧૯૭૫ થી ૧૯૭૭ – સરકારી આયુર્વેદિક કૉલેજ, વડોદરા, કાયચિકિત્સા વિભાગ

૧૯૭૮ થી ૧૯૯૦ – અખંડાનંદ આયુર્વેદિક કૉલેજ, અમદાવાદ.

૧૯૯૦ થી ૧૯૯૧ – ભાવનગર આયુર્વેદિક કૉલેજ, કાયચિકિત્સા

૧૯૯૨ થી ૧૯૯૮ – અમદાવાદ શલ્ય શાલાક્ય નિવૃત્ત

૧૯૭૫ થી ૧૯૮૦ – સેનેટર ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટી, જામનગર.

- **''આયુર્વેદામૃત''** દળદાર પુસ્તક પ્રકાશિત કર્યું.
- ગુજરાતના ખ્યાતનામ સમાચારપત્રો ગુજરાત સમાચાર, સંદેશમાં આરોગ્ય વિષયકના કટાર લેખ.
- આકાશવાણી, અમદાવાદ અને દૂરદર્શન અમદાવાદ, ઇ-ટીવી અમદાવાદ પર આયુર્વેદોક્ત વાર્તાલાપ.
- નિરામય – શુભદા – હલચલ (કોલકાતા) આયુષ્ય વિ. સામયિકોમાં લેખો પ્રકાશિત
- **માનદ્ સેવા :** 'તેરાપંથ સેવા સમિતિ', અમદાવાદ.

પ્રમુખસ્વામી હેલ્થ સેન્ટર, શાહીબાગ, અમદાવાદ.

સ્ટેટ બૅન્ક ઑફ ઇન્ડિયા (ઝોનલ ઑફિસ), અમદાવાદ

સેમિનાર, નિદાન યજ્ઞો.

વનવિભાગ – પોઇચા – રાજપીપળા આદિવાસી વિસ્તારોમાં નિઃશુલ્ક આયુર્વેદ ઔષધ વિતરણ.

વનૌષધી સેમિનાર અને આયુર્વેદોક્ત ઔષધીઓનું વૃક્ષારોપણ

પોઇમા – (નર્મદાતટ) ૩૦૦ વૃક્ષો રોપ્યા અને નિજાનંદ આશ્રમમાં પ્રભુભજન, જનસેવા કાર્ય ચાલુ.

- **ધર્મપત્ની :** શ્રીમતી બિંદુબહેન પણ આયુર્વેદ સ્નાતક-ચિકિત્સક તરીકે મ્યુ. કૉર્પોરેશન, અમદાવાદ મેડિકલ ઑફિસર, નિવૃત્ત-૨૦૦૫.

•

## ગૌરવવંતા ગુજરાતી



**ડૉ. સુભાષ બ્રહ્મભટ્ટ, કુલપતિશ્રી, કે.એન. યુનિવર્સિટી, ગોતા, અમદાવાદ**

**(પૂર્વ આચાર્યશ્રી એચ. કે. આર્ટ્સ કૉલેજ, આશ્રમ રોડ, અમદાવાદ)**

**પૂર્વ અધ્યક્ષ - A.I.C.P. તથા Eminent Professor,**

**ઉચ્ચ શિક્ષણ, સંસ્કૃતિ, રંગમંચ અને કલાક્ષેત્રે સક્રિય**

ઉચ્ચ શિક્ષણ અને સાંસ્કૃતિક બંને ક્ષેત્રે મહત્ત્વનું યોગદાન કરનાર સુભાષ બ્રહ્મભટ્ટનો જન્મ ૧૬ સપ્ટેમ્બર, ૧૯૫૬ના રોજ કાકાનું તારાપુર(તા.કલોલ, જિ.ગાંધીનગર)માં પિતા વાડીલાલ ત્રિભોવનદાસ બ્રહ્મભટ્ટ અને માતા શારદાબહેનની કૂખે થયો.

અમદાવાદની વિદ્યાનગર હાઈસ્કૂલમાં માધ્યમિક શિક્ષણ અને આશ્રમ રોડ ઉપર આવેલી એચ. કે. આર્ટ્સ કૉલેજના ભારતીય સંસ્કૃતિના વિષય સાથે ઈ. સ. ૧૯૭૯માં એમ.એ. થઈ, ગુજરાતના યુનિવર્સિટીના ગોલ્ડ મેડલિસ્ટ તરીકે પ્રથમ વર્ગમાં પ્રથમ આવ્યા. તેઓ વિદ્યાર્થીકાળમાં એન.સી.સી.ના બેસ્ટ કેડેટ, ગુજરાત યુનિવર્સિટીના ખો-ખોના ખેલાડી અને માઉન્ટેનિયરિંગ ઇન્સ્ટિટ્યૂટના આઇસ ઍન્ડ સ્નો રોક ક્લાઇમિંગના માઉન્ટેનિયર છે.

અધ્યાપક તરીકેની કારકિર્દી રાજકોટની માતૃશ્રી વિરબાઈમા મહિલા કૉલેજથી શરૂ કરી. ઈ. સ. ૧૯૮૪થી અમદાવાદની શ્રી એચ. કે. આર્ટ્સ કૉલેજમાં અધ્યાપક તરીકે જોડાયા. હાલમાં તેઓ જે કૉલેજમાં ભણ્યાં તે જ કૉલેજ – શ્રી એચ. કે. આર્ટ્સ કૉલેજના આચાર્ય તરીકે ઈ. સ. ૧૯૯૮થી આજદિન સુધી કાર્યરત છે. તે પહેલાંથી જ ગુજરાતના ઇતિહાસ, શિલ્પ અને સ્થાપત્ય, રાસ-ગરબા, નૃત્યકલા, કથક નૃત્ય, ગુજરાતમાં પારસીઓ જેવા વિવિધ વિષયો પર એમણે અનેક શોધ-નિબંધો લખી ગુજરાત તેમજ રાષ્ટ્રીય કક્ષાએ યોજાયેલા પરિસંવાદોમાં તેને રજૂ કર્યાં છે.

શ્રી સુભાષભાઈ એક સારા અભિનેતા છે. નાટકમાં તેમનો ઊંડો રસ છે. પ્રત્યક્ષ રંગભૂમિ ઉપર ગુજરાત સમાચાર પ્રેરિત એકાંકી નાટ્ય સ્પર્ધાઓના આયોજન તેમજ નિર્ણાયકની ભૂમિકામાં અને ટેલિવિઝનના પડદે અભિનય, નાટ્યલેખન, દિગ્દર્શન ક્ષેત્રે તેમનું મહત્ત્વનું પ્રદાન છે.

સાંસ્કૃતિક બાબતો ઉપરાંત તેમણે ગુજરાત ઇતિહાસ પરિષદના અધિવેશનમાં 'ગુજરાતના ઇતિહાસમાં ખૂટતી કડીઓ', 'ગુજરાતનું બૌદ્ધ સ્થાપત્ય', 'બારડોલી સત્યાગ્રહ', 'ગુજરાતની રાજધાનીઓ' વગેરે તેમજ ગુજરાતની અન્ય યુનિવર્સિટી, કૉલેજો દ્વારા યોજાયેલા ઇતિહાસ વિષયક પરિસંવાદો, અધિવેશનો અને વર્કશોપમાં અનેક વખત ભાગ લીધો છે. અમદાવાદના ઇતિહાસ ઉપર તેઓનું સંશોધન ઘણું ઊંડું છે. આ વિષય ઉપર તેઓ વર્ષોથી કામ કરી રહ્યા છે અને અમદાવાદના ઇતિહાસ ઉપર તેમનો સ્લાઇડ શૉ તેમજ મલ્ટિમીડિયાના ઉપયોગ સાથે તેમનું વક્તવ્ય અસરકારક હોય છે.

આ પ્રકારનાં સાંસ્કૃતિક વિષયો ઉપર તેમણે ભારતીય ચિત્રકલા, 'સંસ્કૃત સાહિત્ય અને ૬૪ કળાઓ', 'ભારતનો સાંસ્કૃતિક ઇતિહાસ' વગેરે જેવાં પુસ્તકો લખ્યાં છે. ઇતિહાસ, સંસ્કૃતિ અને પુરાતત્ત્વ વિષયના 'પથિક' નામે ગુજરાતી ત્રિમાસિકનું તંત્રીપદ (સ્વ. કે. કા. શાસ્ત્રી પછી) તેઓ સંભાળે છે. આ ઉપરાંત પરફૉર્મિંગ આર્ટ્સના ત્રિમાસિક 'મંથન'ના તેમજ એચ. કે. કૉલેજના વાર્ષિક અંક 'સાબરમતી'ના તેઓ તંત્રી છે.

સાંસ્કૃતિક બાબતોમાં રસ ઉપરાંત ઉચ્ચ શિક્ષણક્ષેત્રે પણ શ્રી સુભાષભાઈ એટલા જ સક્રિય છે. 'યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન'(U.G.C.)ના નિયુક્ત રિસર્ચ સ્કોલર છે. સ્પેનની ગ્રેનેડા યુનિવર્સિટીમાં તેઓએ ભારતીય કલા વિષયક વ્યાખ્યાનો દ્વારા સ્પેનિશ વિદ્યાર્થીઓને ભારતીય સ્થાપત્ય કલામાં રસ લેતા કર્યા છે. U.G.C. તરફથી ગુજરાતની છ યુનિવર્સિટીઓની વિવિધ કૉલેજોમાં ૧૧મી પંચવર્ષીય યોજનાના નોડલ ઑફિસર તરીકે કામ કર્યું છે. કેન્દ્ર સરકારના 'નેશનલ મિશન ઑન મોન્યુમેન્ટ્સ ઍન્ડ

એનિન્ટક્વિટીઝ'ના તેઓ સદસ્ય છે. મગધ યુનિવર્સિટીના 'જનરલ ડેવલપમેન્ટ ગ્રાન્ટ-૨૦૦૯'ના U.G.C. નિયુક્ત સભ્ય છે. ભારતની કૉલેજોના પ્રિન્સિપાલના એસોસિએશનના તેઓ મહામંત્રી છે અને પ્રિન્સિપાલ એસોસિએશન દ્વારા પ્રકાશિત થતાં ''કૉલેજ ન્યૂઝ'' મેગેઝિનના તેઓ એડિટર છે. આ ઉપરાંત ગુજરાત યુનિવર્સિટી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, સેપ્ટ. યુનિવર્સિટીની અનેક શિક્ષણ, સંચાલન તેમજ વિકાસ માટેની સમિતિઓ અને વિવિધ યોજનાઓ સાથે સક્રિય રીતે સંકળાયેલા છે.

શિક્ષણ તેમજ સંસ્કૃતિક્ષેત્રે તેમણે આપેલા પ્રદાન બદલ તેમને 'ઇન્ટરનેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઍન્ડ મેનેજમેન્ટ' – ન્યૂ દિલ્હી તરફથી ઈ. સ. ૨૦૦૭માં 'રાષ્ટ્રીય વિદ્યાગૌરવ પુરસ્કાર' અને તાજેતરમાં ઇન્ટરનેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઍજ્યુકેશન ઍન્ડ મેનેજમેન્ટ, ન્યૂ દિલ્હી તરફથી શિક્ષણના ક્ષેત્રે અપ્રતિમ સિદ્ધિ બદલ 'રાજીવ ગાંધી વિદ્યા શિરોમણી ઍવોર્ડ'-૨૦૧૦માં એનાયત કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત તેઓ ગુજરાત રાજ્ય માહિતી ખાતું અને દૂરદર્શન, અમદાવાદના ડૉક્યુમેન્ટરી ફિલ્મ નિર્માતા પણ છે. તેઓએ ૨૫ જેટલી ડોક્યુમેન્ટરી ફિલ્મ બનાવી છે અને ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે બેસ્ટ ડોક્યુમેન્ટરી ફિલ્મ ડિરેક્ટર ઍવોર્ડ એનાયત થયો છે.

**– ''મૂઠી ઊંચેરા ગુજરાતીઓ''માંથી સાભાર**

**(લેખક : રજની વ્યાસ)**

•



## ડૉ. રોહિત બારોટ
## (આં. રા. ખ્યાતિપ્રાપ્ત સમાજશાસ્ત્રી)

આ વિદ્વાન સમાજશાસ્ત્રીનો જન્મ આફ્રિકાની મધ્યમાં આવેલા વિશાળ કોંગો દેશની તેમજ યુગાન્ડાની લગભગ સીમા પરે યુગાન્ડાના વાયવ્ય ખૂણે, આવેલા અરૂઆ ગામે ૯ જુલાઈ, ૧૯૩૯ના રોજ થયેલો. માતા વિમળાબહેન અને પિતા હિંમતભાઈ બારોટનું એ ત્રીજું સંતાન. હિંમતભાઈનું મૂળ વતન ખેડા જિલ્લામાં, તો બીજી બાજુ, વિમળાબહેનનું મૂળ કાઠિયાવાડમાં જડી આવે. રોહિતભાઈથી મોટેરા અનિલભાઈ આફ્રિકા હતા ત્યાં એમનો થોડાક સમય પહેલાં દેહાંત થયેલો. એ પછીનાં બહેન સુદર્શનાબહેન બ્રહ્મભટ્ટ પાટનગર લંડન નજીકના હેમેલ હેમ્પસ્ટેડમાં વસે છે .

રોહિતભાઈથી નાનેરા રાહુલ અને સૌથી નાની બહેન હેમા બ્રિસ્ટલમાં છે. જ્યારે જગદીશ બારોટ સ્વિડન દેશમાં માનસચિકિત્સા ક્ષેત્રે સેવાઓ આપે છે ને સૌથી નાનાભાઈ સતીષ બારોટ હેરફર્ડમાં રહે છે.

પોતાના કમ્પાલાના દિવસો દરમિયાન રોહિત બારોટના દિલમાં જ્યોતિ શાહ નામની યુવતી વસી ગઈ. બંનેનું ઉભય આકર્ષણ રહ્યું વધ્યું. પરિચયની કેડી વાટે પ્રણયસુખ પીતાં પીતાં છેવટે, બંનેનો પરિચય પરિણયમાં પરિણમ્યો. આ દંપતિને સંતાનમાં તેજસ નામે દીકરો તથા સોનલ નામે દીકરી છે. બંને પોતપોતાનાં ક્ષેત્રમાં કાબેલ બનતાં રહ્યાં છે. લંડન સ્કૂલ ઓફ ઇકોનોમિમાંથી ઉપાધિ મેળવનાર તેજસે હમણાં મધ્ય પૂર્વના જોર્ડન દેશમાં જનસેવા પેટે કાફી સમય આપીને અનુભવજ્ઞાન સંપાદાન કરેલું છે. જ્યારે સોનલે વિલાયત ઉપરાંત ભારત, જાપાન જેવા દેશોમાં હરીફરીને અનુભવને પોતાની પોઠમાં સિલકરૂપે લીધો છે. ભારતીય કલાસંસ્કૃતિમાં ઊંડો રસ લેતી સોનલે ભરતનાટ્યમ્ નૃત્યની તાલીમ લઈને અરંગેત્રમની સિદ્ધિ પણ મેળવી જાણી છે.

કેન્યાના બંદરી નગર મોમ્બાસામાં પ્રાથમિક શિક્ષણ મેળવ્યા બાદ ભાવનગર જિલ્લાના સોનગઢ મુકામે આર્યસમાજ ગુરુકુળમાં રહીને રોહિતભાઈએ માધ્યમિક શિક્ષણ અંકે કરેલું. ભાવનગરની વિખ્યાત શામળદાસ કૉલેજમાંથી સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્રના વિષયો જોડે સન ૧૯૫૯માં બી.એ.ની ડિગ્રી હાંસલ કરેલી. રોહિત બારોટ એ પછી યુગાન્ડા પાછા ફરે છે અને આફ્રિકી બાળકો માટેની નિશાળ મેન્ગો હાઈસ્કૂલમાં શિક્ષક બને છે. ત્યાંથી રામગઢિયા શીખ સ્કૂલમાં થોડોક વખત શિક્ષણકામ કરીને રોહિત બારોટ સન ૧૯૬૪ દરમિયાન કમ્પાલાની મકરરે યુનિવર્સિટીમાંથી સોશિયલ એન્થ્રોપોલોજીના (સમાજશાસ્ત્રીય માનવશાસ્ત્ર વિજ્ઞાનના) વિષય સાથે એમ.એ.ની ડિગ્રી મેળવે છે. આ અભ્યાસ વેળા, કમ્પાલાની મિશ્ર હિંદી વસાહતમાં ઝઘડાટંટા વેળા થતી તકરારો વિશેનું એમણે સંશોધનકામ કરવાનું જ રાખેલું. યુનાઈટેડ સ્ટેટસ ઓફ અમેરિકાના પશ્ચિમી રાજ્ય કેલિફોર્નિયાની યુનિવર્સિટીમાં ૧૯૬૯થી કામચલાઉ શિક્ષક તરીકે બે વર્ષ ભણાવવાનું એમણે રાખ્યું અને પછી આ જ યુનિવર્સિટીના બર્કલી સંકુલમાંથી પી.એચ.ડી.નો અભ્યાસ કરવા પ્રવેશ મેળવ્યો. એ વિયેટનામ યુદ્ધના દારૂણ દિવસોનો સમયગાળો હતો. વળી, પ્રમુખ રોનાલ્ડ રિગનની અર્થતંત્ર ક્ષેત્રે કાપકૂપની નીતિને કારણે કેલિફોર્નિયા યુનિવર્સિટી અંદાજપત્રનેય અવળી અસર પહોંચી ગઈ અને ઓરિએન્ટલ એન્ડ આફ્રિકન સ્ટડીસમાં પી.એચ.ડી. કરવાનું એમણે ગોઠવ્યું. ૧૯૭૦ના જ લેંકેશર પરગણાના બોલટન વિસ્તારમાં પથરાયેલી, 'સ્વામિનારાયણ સિદ્ધાંત સંજીવન મંડળ હેઠળ તે સ્વામિનારાયણી કંઠીબંધી કોમની પ્રગતિ થઈ છે, તેનો ઊંડો જાત અભ્યાસ એમણે કર્યો અને આ ઉપાધિ પણ હાંસલ કરી. ત્યારબાદ ૨૦૦૪માં એ નિવૃત્ત થયા ત્યાં લગી, રોહિત બારોટે બ્રિસ્ટલ યુનિવર્સિટીમાં ૧૯૭૨થી સોજ્જુ અધ્યાપનકામ કરેલું.

દક્ષિણ એશિયામાંથી આવેલા પ્રજાસમૂહ વિશેનો એમનો ઊંડો અભ્યાસ હોવાનું લાગ્યું છે. આ સમુદાયના વિવિધ ધર્મો વિશેય એમની પાસેથી માહિતીભંડાર સાંપડે. સ્વામિનારાયણ સંપ્રદાય વિશેના જગતભરના એક ઉમદા અભ્યાસી તરીકે એમની તોલે બહુ ઓછા આવે. ઈન્ટરનેટ પર સ્વામિનારાયણ પંથના વિવિધ ફિરકાઓની જે અઢળક વિગત સામાગ્રીઓ સાંપડે છે તેની સાથે એમની ઘનિષ્ટતા છે. એ અંગે પણ એ સંશોધન અભ્યાસ કરતા કરાવતા રહ્યા છે. કહેવાય છે તેમ, ઓક્સ્ફર્ડ યુનિવર્સિટીની બોદલ લાઈબ્રેરી સારું ડિજિટલ શિક્ષાપત્રીની પરિયોજનામાં રોહિત બારોટે ધ્યાનપાત્ર યોગદાન પણ આપેલું છે.

રોહિત બારોટે ક્યારેય પણ એમની તજજ્ઞતા, સજ્જતા અને વિદ્વતા વિશે ડોળદમાંક દાખવ્યો નથી. અત્યંત વિવેકી અને ઋજુ સ્વભાવના આ વિદ્વાને ક્યાંય છવાઈ જવાનું પણ રાખ્યું નથી. વળી, પોતાના જ્ઞાનથી લોકોને અભિભૂત કરી ઝાંખા પાડવાનો તેમણે કદી પ્રયાસ કર્યો હોય તેવુંય જોવા જાણવા મળ્યું નથી. પોતાની આભા, પ્રતિભાની નોબતદાંડી પીટી જાણી નથી. બ્રિસ્ટલની માટીમાં ટાઢા પડેલા રાજા રામમોહનરાયના સીધા વારસદાર સમા રોહિત બારોટ ઘણા બધા અર્થમાં સમગ્ર ગુજરાતીઓના જ નહીં, બલકે હિંદી વસાહતી કોમનાય એક બહુ ઉંચેરા કર્મઠ આદમી છે.

•



**શ્રી પ્રભુદાસ છોટાલાલ બારોટ (પી. સી. બારોટ)**

**(અધ્યાપક અને 'રૂડા'ના પૂર્વ ચેરમેનશ્રી)**

**હાલનું સરનામું :** તીર્થભૂમિ, નીલ સીટી પ્રશીલ પાર્ક પાસે, યુનિવર્સિટીના દક્ષિણ દરવાજે, કાલાવાડ રોડ, રાજકોટ-૫.

**ફોન :** (H) (૦૨૮૧) ૨૫૬૨૭૯૪,

**ફોન :** (O) (૦૨૮૧) ૨૫૮૯૫૮૨

**ફોન :** (M) ૯૭૧૨૭ ૩૦૨૦૭ / ૯૪૨૬૨ ૦૨૯૯૬૧

**જન્મ તારીખ** : ૧૯ – ૧૨ – ૧૯૩૯

**જન્મ સ્થળ** : **ચડાસણા, તા. ઈડર, જિ. સાબરકાંઠા**

**અભ્યાસ** : અંગ્રેજી સાહિત્યમાં એમ.એ. – એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા

૪ નવેમ્બર ૧૯૬૭માં રાજકોટની શ્રી જસાણી આર્ટ્સ ઍન્ડ કોમર્સ કોલેજમાં અંગ્રેજીના અધ્યાપક તરીકે જોડાયા અને અંગ્રેજી વિભાગના વડા તરીકે ફરજો અદા કરી સને ૧૯૯૮માં સ્વૈચ્છિક નિવૃત્ત થયા.

**શૈક્ષણિક** : (૧) સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સેનેટ, સિન્ડિકેટ તથા એકેડેમિક કાઉન્સીલના સભ્ય પદે રહી ૧૦ વર્ષ કરતાં વધુ સમય સેવાઓ આપી છે.

: (૨) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી વિનિયન વિદ્યાશાખાનું ડીનપદ પણ શોભાવ્યું છે.

**યુનિયન પ્રવૃત્તિ :** (૧) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી વિસ્તાર અધ્યાપક મંડળના સ્થાપક (૩૦ વર્ષ સુધી)

: (૨) ગુજરાત રાજ્ય અધ્યાપક મહામંડળના પૂર્વ મહામંત્રી તથા પ્રમુખ

: (૩) અધ્યાપકોના રાષ્ટ્રીય મહામંડળના કારોબારીના વરિષ્ઠ સદસ્ય

: (૧) ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ચીમનભાઈ પટેલના સાથીદાર તરીકે રાજકારણમાં પ્રવેશી રાજકોટ જનતાદળના પ્રમુખ

: (૨) જનતાદળ કોંગ્રેસમાં વિલીન થયા બાદ રાજકોટ શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ તથા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કારોબારી સભ્ય.

: (૩) રાજકોટ શહેર વિકાસ સત્તામંડળ(રૂડા)ના પૂર્વ ચેરમેન. (પાંચ વર્ષની સુંદર કામગીરી.)

શ્રી પ્રભુદાસભાઈએ દંઢાવ બ્રહ્મભટ્ટ મંડળ, અમદાવાદને શૈક્ષણિક ફંડમાં રૂ.૨,૫૧,૦૦૦/-નું, બ્રહ્મભટ્ટ એકતા સામયિકમાં રૂ.૧,૦૦,૦૦૦/-નું તેમજ જ્ઞાતિ મંડળો જેવાં કે શ્રી દંઢાવ બ્રહ્મભટ્ટ મંડળ, 'ગુજરાત બ્રહ્મભટ્ટ મહાસભા' તેમજ 'વિદ્યોતેજક મંડળ'(વડોદરા)માં દરેકમાં રૂ.૫,૦૦,૦૦૦/- અને પોતાના વતનના ગામ ચડાસણમાં પિતાશ્રીના નામે બ્રહ્મભટ્ટ વાડીના નિર્માણ કાર્યમાં રૂ.૧૧,૦૦,૦૦૦/-નું દાન આપેલ છે. આવા દરિયાદિલ, ગૌરવવંતા, ઉદારદિલ દાતાને હાર્દિક અભિનંદન.

•



**શ્રી હર્ષ બ્રહ્મભટ્ટ**

**(પૂર્વ અધિક સચિવ, ગુજરાત રાજ્ય)**

ગુજરાતની મોદી સરકારના વહીવટકાળ દરમિયાન ગાંધીનગર સ્થિત સચિવાલયમાં સામાન્ય (General) વહીવટ વિભાગમાં અધિક સચિવ તથા મુખ્યમંત્રીશ્રીના પૂર્વ અધિક સચિવના હોદ્દા પર અત્યંત નિષ્ઠાપૂર્વક સેવારત રહી ચૂકેલા અને વર્તમાનમાં રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના પૂર્ણકાલીન સલાહકાર તરીકે સેવારત એવા શ્રી હર્ષભાઈનો જન્મ તા. ૩૧ – ૭ – ૧૯૫૪ના રોજ મહેસાણા(ઉ.ગુ.)ના શ્રી વાડીલાલ બ્રહ્મભટ્ટના પરિવારમાં થયો.

શાળાકીય અને કોલેજકાલીન અભ્યાસ પૂર્ણ કરી એમણે ભૌતિકશાસ્ત્રના વિષય સાથે M.Sc. ની ડિગ્રી હાંસલ કર્યા બાદ એમણે એક સરકારી અધિકારી તરીકે સેવા આપવાનું શરૂ કર્યું. પ્રમાણમાં શુષ્ક ગણાતા આ સેવાક્રમમાં શ્રી હર્ષભાઈએ પોતાનામાં રહેતા સર્જકને સહેજ પણ ગુંગળામણ અનુભવવા દીધી નથી. એ સાચે જ એક અભિનંદનીય બાબત છે. 'લાલ ફીતાશાહી' અને તુમારો (Files)ના ખડકલા વચ્ચે પણ એમની અંદર રહેલ સાહિત્ય સર્જક કવિ ક્યારેક ક્યારેક મીઠો ટહુકાર કરી લે છે. તેની પ્રતીતિ એમના ગુજરાતી, ઉર્દૂ કાવ્યસંગ્રહો 'એકલતાની ભીડમાં', 'અંદર દીવાદાંડી', 'ખુદને ય ક્યાં મળ્યો છું ?', 'મૌનની મહેફિલ', 'જીવવાનો રિયાઝ', 'કંદીલ' અને 'સરગોશી', 'ઝાકળ ને તડકાની વચ્ચે', 'આભ દોર્યું તો સૂર્ય ઊગ્યો'તો', 'કોડિયામાં પેટાવી રાત', 'તું મળે ત્યારે જડું છું' નામના સંગ્રહો તેમજ ઊર્દૂ રચનાઓમાં 'કંદીલ', 'સરગોશી', 'મેરા અપના આસમાન', 'ખામોશી આઈ ઈબાદત', 'મંજીલો કો હટાકે ચલતે હૈ', 'જબ શામ કે સાયે ઢલતે હૈ' થકી આપણને મળી રહે છે. એમનું પ્રસિદ્ધ ઉર્દૂ આલ્બમ 'એક આરઝૂ'ને ગાયકજોડી ભૂપેન્દ્ર-મિતાલી જેવાની ગાયકીનો લાભ, 'સિટીઝન'ના માધ્યમથી ગુજરાતના સંગીત શોખીનોને એક નવા જ અંદાજ રૂપે મળેલ છે. જ્યારે એમની ગુજરાતી રચના 'પાંખ ફૂટી આભને' ને 'નવભારત કોમ્યુનિકેશન' થકી નવો દેહ સાંપડ્યો છે. ઉક્ત બંને આયામોએ ગુજરાતના ગીત-સંગીત શોખીનોની પ્યાસ બૂઝાવવાને બદલે અદકી ઉઘાડી આપી છે. માત્ર સ્વજ્ઞાતિ જ નહીં પણ સ્વભાષા અને ઉર્દૂ રચનાઓને ક્ષેત્રે શ્રી હર્ષભાઈ હજુ એમાં નીત નવાં ઉમેરણ કરતા જ રહે એવી સમગ્ર ગુજરાતી પરિવારની અભ્યર્થના.

ગઝલ, ગીત અને સંગીત ઉપરાંત શ્રી હર્ષભાઈએ 'મારું સત્ય' (અંકિત ત્રિવેદી સાથે), 'વીસમી સદીની ગુજરાતી કાવ્યમુદ્રા' (ચંદ્રકાન્ત શેઠ, યોગેશ જોષી અને ઉર્મિલા ઠાકર સાથે) તથા 'યોગેશ જોષીની શ્રેષ્ઠ વાર્તાઓ'નું (ઉર્મિલા ઠાકર સાથે મળીને) સંપાદન પણ કરેલ છે જે એમની સાહિત્ય રૂચિના અદકાં પ્રમાણ છે. એજ રીતે 'પાંખ ફૂટી આભને' (નવભારત કોમ્યુનિકેશન)માં પુરૂષોત્તમ ઉપાધ્યાય, પાર્થિવ ગોહીલ, સાધના સરગમ, આશુ-હેમા-આલાપ દેસાઈ, વીરાજ-બીજલ ઉપાધ્યાય, શ્યામલ, સૌમિલ મુન્શી, નયનેશ જાની અને ભુપેન્દ્રસિંહ દ્વારા કંઠ પામેલી હર્ષ બ્રહ્મભટ્ટની ગઝલો અને કાવ્યરચનાઓ ઘણી પ્રસંશા પામી છે. આ ઉપરાંત 'લે ગઝલ પ્રગટાવ તું' (નવભારત કોમ્યુ.)માં પોતાના ગુજરાતી કાવ્યો તથા ગઝલોમાં સ્વતઃ સુરાંકન કરી તથા 'કુછ દીલને કહા' (રેડ રીબીન)માં મા. રાશીદ ખાન, મા. અહેમદ હુસેન-મોહંમદ હુસેન, સોનુ નિગમ, કવિતા કૃષ્ણમૂર્તિ, અરીજીતસિંગ, ઝાવેદ અલી તથા અનુપ જલોટા જેવા વિખ્યાત ગઝલ ગાયકોને પોતાની ગઝલો ગાવા પ્રેરીત કર્યા. એ ઉપરાંત 'આબસાર' (વંડર વેવ્સ)માં શામલ અને સૌમિલ મુન્શી થકી ગવાયેલ હર્ષદભાઈની ગઝલ રચનાઓ તેના શોખીનોને સંમોહીત કરી ગઈ.

'વીસમી સદીની ગુજરાતી કાવ્યમુદ્રા'માં શ્રી ચંદ્રકાંત શેઠ, યોગેશ જોશી અને ઊર્મિલા ઠાકરની સાથે તેમજ 'બેસ્ટ ઓફ મિસ્કિન'માં સ્વતઃ, 'શબ્દ સાથે મારો સંબંધ' અનિલ ચાવડા સાથે, 'યોગેશ જોષીની શ્રેષ્ઠ વાર્તાઓ'માં ઊર્મિલા ઠાકર સાથે, 'મારું સત્ય'માં અંકિત ત્રિપેદી સાથે 'પ્રેમ વિશે'માં અનિલ ચાવડા સાથે, 'સાહિત્યમાં દરિયો'માં પ્રફુલ્લ રાવલ અને રાજેન્દ્ર પટેલ સાથે કરેલી તેમની સાહિત્ય સફર એક નવોજ આયામ અર્પે છે.

શ્રી હર્ષભાઈની અંદર રહેલા સર્જકને જ્યારે શ્રોતા અને વાચક વર્ગે ઉમળકાભેર આવકાર્યો ત્યારે વિવિધ સંસ્થાઓ તેમના ઉક્ત પ્રદાનને બિરદાવવાનું કેમ ચૂકે? ગુજરાતી ગઝલક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન આપવા બદલ I.N.T. મુંબઈ (વર્ષ-૨૦૧૦ માટેના) 'શયદા પુરસ્કાર' થકી એમનું સન્માન કરવામાં આવ્યું. જ્યારે એમના કાવ્યસંગ્રહ 'મૌનની મહેફિલ'ને (વર્ષ ૨૦૦૮-૦૯ માટે) ગુજરાતી સાહિત્ય પરિષદના નેજા હેઠળ 'દિલીપ મહેતા પારિતોષિક'થી નવાજવામાં આવ્યું. એમના ગઝલ સંગ્રહ 'જીવવાનો રિયાઝ'ને (વર્ષ ૨૦૧૦ માટે) ગઝલ સભા, વડોદરાએ સન્માનિત કરેલ છે. એજ રીતે ગુજ. સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ ૨૦૧૦માં ઊર્દૂ ગઝલ ક્ષેત્રે એમને ગૌરવ પુરસ્કાર એનાયત થયેલ છે. ત્યારબાદ વર્ષ ૨૦૧૨માં ગુજરાતી ભાષાના વરિષ્ઠ ગઝલકાર તરીકે I.N.T. મુંબઈ દ્વારા 'કલાપી એવોર્ડ', વર્ષ ૨૦૧૨-૧૩નો ગુજરાત સાહિત્ય પરિષદનો- ઉમા સ્નેહરશ્મિ પુરસ્કાર (ઝાકળ અને તળકાની વચ્ચે)માટે આપવામાં

આવ્યો. ત્યારબાદ વર્ષ ૨૦૧૫માં 'કુમાર સુવર્ણચંદ્ર' તથા એજ વર્ષે હિરેન્દ્ર દવે મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા હિરેન્દ્ર દવે સ્મૃતિ પારિતોષિક ઉપરાંત 'ધનજી-કાનજી સુવર્ણચંદ્રક' અને 'જયંત પાઠક પુરસ્કાર', 'આભ દોર્યુ તો સૂર્ય ઉગ્યો' નામની રચના બદલ, જ્યારે વર્ષ ૨૦૧૮માં તેમને 'કવિ શ્રી રમેશ પારેખ સન્માન'થી પુરસ્કૃત કરવામાં આવ્યા.

વિશ્વવંદ્ય મહાત્મા ગાંધીજી તેમજ આધુનિક ભારતના શિલ્પી સરદાર પટેલને પોતાનો જીવન આદર્શ માનનાર શ્રી હર્ષભાઈના આદરણીય પ્રેરણાસ્રોત સ્વામી રામકૃષ્ણ પરમહંસ અને જે. કૃષ્ણમૂર્તિ જેવા ભારતયી હિન્દુ તત્ત્વજ્ઞાનના આધારસ્તંભ છે. આવા મહાપુરુષો પાસેથી પ્રેરણાનાં ઊર્જાસ્રોત પામનાર શ્રી હર્ષભાઈના ભાવિ આયોજનો થકી ગુજરાતભરના સાહિત્ય રસિકોની તૃષા તૃપ્ત થતી જ રહે એવી સમસ્ત જ્ઞાતિ અને ગુજરાતની ગુણીયલજનતા વતી શુભકામના.

ભાઈશ્રી હર્ષ બ્રહ્મભટ્ટ એક ઉચ્ચ અધિકારી, સરકારની વિશેષ જવાબદારી નિભાવતા હોવા છતાં પોતાની અંદર રહેલા કવિ-ગઝલકાર કે સાહિત્ય સર્જકને જીવતો રાખી શક્યા તે આપણને સૌને રોમાંચિત, આશ્ચર્યચકિત તથા ગૌરવાન્વિત કરી દેતી બાબત છે. એમના પરિવારમાં ખાસ કરીને એમનાં ધર્મપત્ની શ્રીમતી દેવયાનીબેન એક સરકારી અધિકારી હોવા છતાં પતિના આ સર્જનપથ પર સદૈવ સહાયક રહ્યાં છે. હર્ષભાઈમાં રહેલા સર્જકને એમણે સર્જનાત્મકના ગગનમાં મુક્તવિહાર કરવા સાનુકૂળતા કરી આપી હોવાથી શ્રી હર્ષભાઈના સર્જનમાં એમનું પ્રધાન્ય નોંધવું રહ્યું. વળી સુપુત્ર ડૉ. જિત પોતે કલમને બદલે એટલે કે સર્જનાત્મકતાને બદલે સર્જરી થકી સમાજને સ્વસ્થ રાખવાના માર્ગ પર અગ્રેસર છે. પ્રભુ આવા સર્જનાનુરાગી અને ગુણાનુરાગી પરિવાર તથા તેમની કલમને સદૈવ જાગ્રત રાખે એવી મા જગદંબાને પ્રાર્થના.

•



## શ્રીમતી કીર્તિદા વિજયકુમાર બ્રહ્મભટ્ટ

શ્રીમતી કીર્તિદા વિજયકુમાર બ્રહ્મભટ્ટ, ભાન્ડુના વતની શ્રી વ્રજલાલ બ્રહ્મભટ્ટ 'મંગલમ્' (નિવૃત્ત સરકારી અધિકારી) અને શ્રીમતી જયભારતીબેન બ્રહ્મભટ્ટ, (નિવૃત્ત શિક્ષણાધિકારી)નાં સુપુત્રી અને વિસનગરના વતની, સરકારી અધિકારી અને જ્ઞાતિચાહક, સમાજસેવક સ્વ. શ્રી ડાહ્યાલાલ

બાપાલાલ બ્રહ્મભટ્ટ અને. સ્વ. શ્રીમતી શાંતાબેન બ્રહ્મભટ્ટના સુપુત્ર શ્રી વિજયકુમાર બ્રહ્મભટ્ટનાં ધર્મપત્ની છે.

શ્રીમતી કીર્તિદાબેન સંસ્કારી પરિવારના સંસ્કારસિંચન સાથે બી.એ.એલ.એલ.બી. થઈ ગુજરાત જાહેર સેવા આયોગ મારફત પસંદગી પામી ઉત્તરોત્તર પ્રગતિ કરતાં હાલ સંયુક્ત સચિવ, ગુજરાત રાજ્ય તરીકે ફરજ બજાવી રહ્યાં છે. આ સ્થાને પહોંચનાર તેઓ પ્રથમ બ્રહ્મભટ્ટ મહિલા છે, જેની સમસ્ત જ્ઞાતિએ સગર્વ અને આનંદ નોંધ લેવી જ રહી.

વાંચન, લેખન અને પ્રવાસ તેના રસના વિષયો છે. માતાનો અક્ષરવારસો અને પિતાનો સાહિત્યવારસો મેળવનાર કીર્તિદાબેન સરકારી સેવાની સાથે સાથે નિજાનંદ ખાતર સાહિત્ય સર્જન પણ કરી રહ્યાં છે. 'ઝરણું ઝાંઝરિયું' નામના પોતાના પ્રથમ કાવ્યસંગ્રહ બાદ તેમણે 'ટમકે તારા', 'પર્વતની ટોચે' અને 'તારલિયાની ટોળી' એ ત્રણ બાલકાવ્ય સંગ્રહો આપ્યા છે. 'ટમકે તારા' પુસ્તકને ગુજરાત સાહિત્ય અકાદમીનું વર્ષ : ૨૦૦૭ના વર્ષનું શ્રેષ્ઠ બાલકાવ્ય સંગ્રહ તરીકેનું અને 'પર્વતની ટોચે' પુસ્તકને ગુજરાત સાહિત્ય પરિષદ તરફથી ૨૦૦૯ના વર્ષની શ્રેષ્ઠ સાહિત્યકૃતિ માટેનું પારિતોષિક એનાયત થયેલ છે.

એમના પિતાશ્રી 'મંગલમ્' પણ ગાંધીનગર સચિવાલયમાં ઉચ્ચ અધિકારી હોવા છતાં, સાહિત્ય સર્જન અને સંસ્કારિતાને ક્ષેત્રે સદા અગ્રેસર રહ્યા હતા. પિતાનું નામ ઉજ્જવળ કર્યું છે. સ્વભાવે મિતભાષી, મૃદુભાષી હોવાથી ઠાલા બાહ્યાડંબરમાં પડ્યા વિના સેવાભાવ અને સાચું કરવાની ખેવનાને આજીવન વરેલાં રહ્યા. પિતાના પગલે ચાલીને બહેનશ્રી કીર્તિદાબેન પણ મા-બાપની સાથે સાથે જ્ઞાતિનું હિત જાળવવાની વાતને પ્રાધાન્ય આપતાં આ બહેનશ્રીને મા અંબા સપરિવાર ક્ષેમકુશળ રાખે એ જ અભ્યર્થના !!

●



**હર્ષદકુમાર રઘુનાથભાઈ બ્રહ્મભટ્ટ**

(નિવૃત્ત એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર, **જી.એસ.એફ.સી., વડોદરા)**

હર્ષદકુમારનો જન્મ તા. ૧૪ – ૧૨ – ૧૯૫૪ના રોજ તેમના મોસાળ વિસનગર મુકામે થયો. પિતાશ્રી રઘુનાથભાઈ લાલજીભાઈ બ્રહ્મભટ્ટ (લીંચ), અમદાવાદમાં એક મિલ કામદાર તરીકે કામ કરતા હતા. તેઓશ્રી સ્વભાવે અતિ ધાર્મિક અને માયાળુ હતા. સંત

કવિ તુલસીદાસ રચિત 'રામચરિતમાનસ' તેમને કંઠસ્થ હતું. તેઓશ્રી બાઢડા, સૌરાષ્ટ્રના ગોદડિયા સંપ્રદાયના સંતશ્રી ભીખારામ બાપુના અત્યંત ઉપાસક હતા. લીંચ ગામ અને બ્રહ્મભટ્ટ સમાજમાં તેઓ 'રામબાપા'ના હુલામણા નામે ઓળખાતા હતા. હર્ષદકુમારના માતૃશ્રી તારાબહેન નટવરલાલ બારોટ વિસનગરના વતની હતા. તેઓ પણ અત્યંત ધર્મપરાયણ હતા.

આવી સહજ આર્થિક સ્થિતિવાળા કુટુંબમાં હર્ષદકુમારનો જન્મ થયો. આર્થિક કટોકટીના કારણે તેઓએ તેમનું પ્રાથમિક શિક્ષણ અમદાવાની મ્યુનિસિપલ સ્કૂલમાં લીધું. અમદાવાદમાં રહેવા છતાં મકાનમાં વિદ્યુતની સગવડ ન હોવાથી પોળમાં સાર્વજનિક ઇલેક્ટ્રિક પોલની નીચે ભણ્યા-ગણ્યા. તેઓ દર વર્ષે પ્રથમ નંબરે ઉત્તીર્ણ થતા. પિતાજીની શારીરિક સ્થિતિ નબળી હોવાને લીધે મિલમાંથી વહેલા છૂટા થઈ માદરે વતન લીંચ રહેવા જવાનું નક્કી કર્યું. હર્ષદકુમારનો ધો. ૮ થી ૧૨ સુધીનો અભ્યાસ લીંચ ગામમાં થયો. જૂની એસ.એસ.સી.ની બોર્ડ પરીક્ષા તેઓએ ઈ. સ. ૧૯૭૦માં વિસનગર કેન્દ્રમાં દ્વિતીય નંબરે પસાર કરી અને જ્ઞાતિનું ગૌરવ વધાર્યું. આ સાથે તેઓ બોર્ડમાં કુલ ૩૪માં નંબરે પાસ થયા. તેઓને આગળ અભ્યાસાર્થે સરકાર તરફથી ''નેશનલ મેરિટ સ્કૉલરશીપ'' પ્રાપ્ત થઈ.

તેઓ ઈ. સ. ૧૯૭૦માં વડોદરા ખાતે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં જોડાયા અને કારકિર્દી તરીકે 'કેમિકલ ઍન્જિનિયરિંગ' શાખાને પસંદ કરી ઈ. સ. ૧૯૭૬માં કેમિકલ ઇજનેર બન્યા. તે વખતે જ્ઞાતિમાંના જૂજ કેમિકલ એન્જિનિયર્સમાંના તેઓ એક હતા. ઝળહળતી શૈક્ષણિક કારકિર્દીને લીધે તેઓ ભારતની એક અગ્રગણ્ય ખાતર ઉત્પાદન કરતી કંપની નામે ''ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર્સ કંપની લિ.' વડોદરામાં જોડાયા, જે આગળ જતાં તેના વૈવિધ્યકરણને પગલે 'ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર્સ અને કેમિકલ્સ લિ.'ના નામે પંકાઈ.

શ્રી હર્ષદકુમાર તેમની બુદ્ધિમત્તા, અથાક પરિશ્રમ અને બહોળા જ્ઞાનને લીધે પ્રસ્તુત કંપનીમાં ઉત્તરોત્તર પ્રગતિ સાધી Executive Director તેમજ ફેક્ટરી મેનેજર તરીકે વધારાનો કાર્યભાર પણ સંભાળી ચૂક્યા છે. આ ઉપરાંત તેઓશ્રી G.I.P.C.L., G.A.T.L., V.E.C.L. તેમજ G.G.R.C. જેવી વિખ્યાત કંપનીઓમાં ડિરેક્ટર તરીકેનો હોદ્દો પણ શોભાવી ચુક્યા છે.

તેમનાં લગ્ન વિસનગર નિવાસી શ્રી ભગવતીપ્રસાદ ચીમનલાલ બારોટની સુપુત્રી કોકિલાબહેન સાથે થયાં. શ્રી ભગવતીપ્રસાદ તેમની ધાર્મિક પ્રવૃત્તિના લીધે 'ભગત' તરીકે સમાજમાં ઓળખાતા હતા. કોકિલાબહેન પણ તેમના પિતા અને સાસરીપક્ષના ધાર્મિક સંસ્કારોને આગળ ધપાવી ધાર્મિક પ્રવૃત્તિઓમાં ઓતપ્રોત રહે છે. વડોદરામાં 'સખી મંડળ'નું સંચાલન કરે છે.

શ્રી હર્ષદકુમારને સંતાનોમાં બે પુત્રો છે. જ્યેષ્ઠ પુત્ર ચિ. સમીર વડોદરામાં પોતાનો વ્યવસાય સંભાળે છે અને 'સ્ક્રીન પ્રિન્ટિંગ'ની પ્રવૃત્તિમાં જોડાયેલા છે. તેમનાં લગ્ન જંગરાળના શ્રી પંકજભાઈ બારોટની સુપુત્રી ચિ. નિહારિકા સાથે થયેલ છે. તેમને બે સુપુત્રી કાવ્યા-અદીતી છે.

તેમના નાના પુત્ર ચિ. હિરેન વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીમાંથી કેમિકલ ઈજનેર અને M.B.A. થયેલ છે. તેમનાં લગ્ન ભાટવાસ અને હાલમાં અમદાવાદ નિવાસી ડૉ. કે. સી. બારોટ (એલ.ડી.આર્ટ્સ કૉલેજ, ગુજરાત યુનિવર્સિટીમાં પ્રોફેસર અને ઈતિહાસ વિભાગના પૂર્વ હેડ ઑફ ધી ડિપાર્ટમેન્ટ)ની સુપુત્રી ચિ. જિજ્ઞા સાથે થયેલ છે. અ. સૌ. જિજ્ઞાએ ઇતિહાસ વિષયમાં ગુજરાત યુનિવર્સિટીની Ph.D.ની ડિગ્રી હાંસલ કરેલ છે. તેમને એક પુત્રરત્ન – પ્રત્યૂષ અને સુપુત્રિ દીર્ઘા છે. ચિ. હિરેન અબુધાબીની સરકારી ઑઈલ કંપની ADCOમાં ટીમલીડર એન્જિનિયર તરીકે જોબ કરે છે અને સપરિવાર ત્યાં રહે છે. મા અંબા આ સમગ્ર પરિવારને સ્વજ્ઞાતિ સેવામાં સદા પ્રવૃત્ત રાખે, એ જ અભ્યર્થના !

●



**શ્રી મિલનકુમાર બ્રહ્મભટ્ટ**

**(પ્રબુદ્ધ અર્થશાસ્ત્રી** અને વિશ્વબૅન્કના વરિષ્ઠ સલાહકાર)

શ્રી મિલનકુમાર બ્રહ્મભટ્ટનો જન્મ તા.૧૨–૦૨–૫૫ના રોજ મોમ્બાસા, કેનિયા ખાતે થયો. પિતા મૂળ જંગરાલના શ્રી નટવરલાલ મોતીલાલ બ્રહ્મભટ્ટ અને માતા શ્રીમતી ઈન્દુમતી બ્રહ્મભટ્ટ.

પ્રાથમિક શિક્ષણ નાઈરોબી, કેન્યામાં થયું. બાળપણથી જ પ્રબળ બુદ્ધિમત્તા તેમજ પ્રબુદ્ધ માતા-પિતાની સંભાળ નીચે, શિક્ષણક્ષેત્રે અગ્રતમ રહ્યા અને કેન્યા પ્રિલિમિનરી પરીક્ષામાં સમગ્ર કેન્યામાં પ્રથમ સ્થાને સફળ થયેલા. ત્યારબાદ માધ્યમિક શિક્ષણ માટે લંડનની વિખ્યાતને બ્રિટનની ટોચની પબ્લિક સ્કૂલ હેબરડેશર્સ આસ્કે (Haberdasher's Askes)માં દાખલ થયા અને O લેવલ અને A લેવલની પરીક્ષાઓ ઉચ્ચત્તર સ્થાને પાસ કરી. ત્યારબાદ વિશ્વવિખ્યાત વિદ્યા સંસ્થા, લંડન સ્કૂલ ઑફ ઈકોનોમિક્સ (London School of Economics, LSE)માં જોડાયા અને અર્થશાસ્ત્રમાં B.Sc.ની ડિગ્રી પ્રાપ્ત કરી. તે જ સંસ્થામાં Macroeconomics and Specialisation in Development Economicsના વિષયોમાં Distinction સાથે M.Sc. (Master of Science)ની ડિગ્રી પણ પ્રાપ્ત કરી. સાથે સાથે એકાઉન્ટન્સીનો

અભ્યાસ પણ સફળતાપૂર્વક પાર પાડી Member of the Institute of Chartered Accountant of England and Wales ના સભ્ય બન્યા. આ રીતે એમણે તેજસ્વી શૈક્ષણિક કારકિર્દી પૂરી કરી.

શિક્ષણ પૂરું કર્યા બાદ તેઓ Data Resources Inc. (DRI) નામની આંતરરાષ્ટ્રીય અર્થવ્યવસ્થાના પ્રશ્નોમાં સલાહ આપતી કંપનીમાં Asian Economics Serviceના ડાયરેક્ટર તરીકે જોડાયા અને લંડન, બોસ્ટન અને વૉશિંગ્ટનમાં સેવાઓ આપી. ત્યારબાદ સન ૧૯૯૪માં વૉશિંગ્ટન ડી.સી. ખાતે વિશ્વ બૅન્ક (World Bank)ની હેડ ઑફિસમાં Global Economics Prospects Groupમાં Senior Economist તરીકે જોડાયા અને વિશ્વ બૅન્કમાં જુદાં જુદાં ખાતાંઓમાં વિશિષ્ટ સેવાઓ આપી. હાલમાં તેઓ વિશ્વ બૅન્કની વૈશ્વિક ગરીબીને લગતી શાખા Poverty Reduction & Economics Management માં વરિષ્ઠ સલાહકાર (Senior Advisor) તરીકે સેવા આપી રહ્યા છે.

વિશ્વ બૅન્કે Bird Flue નામની મહામારીના આર્થિક પ્રત્યાઘાતોનો અભ્યાસ કરવાનું ઘણું અઘરું કામ તેઓશ્રીને સોંપેલું. જેના અહેવાલ પર આધાર રાખીને વિશ્વ સ્તરે કેટલાંક મહત્ત્વનાં Policy Decision લેવાયાં.

આ વિષય ઉપર જિનીવા ખાતે ભરાયેલી વિશ્વ પરિષદમાં તેઓશ્રીને પ્રારંભિક પ્રવચન આપવાનું બહુમાન પ્રાપ્ત થયું. વિશ્વના આર્થિક પ્રશ્નોનાં વિવિધ પાસાં પરના અને વિવિધ પ્રદેશો ઉપરના એમના રિપોર્ટોનું દિલ્હી, ટોકિયો, હૉંગકૉંગ આદિ સ્થળોએ વિમોચન કરી, પત્રકાર પરિષદો સંબોધી. BBC અને અન્ય ચેનલો ઉપર પ્રસંગોપાત તેમના ઇન્ટરવ્યૂ આવતા રહે છે. હાલમાં તેઓ વિશ્વ બૅન્કની વૉશિંગ્ટન સ્થિત હેડ ઑફિસમાં, વૈશ્વિક Poverty Reduction and Economics Management વિભાગના Senior Advisor તરીકે સેવા આપી રહ્યા છે.

એમનાં ધર્મપત્ની ડૉ. પ્રેરણા બ્રહ્મભટ્ટ (Ph.D.), વૉશિંગ્ટન ખાતે Microboloogy નાં પ્રાધ્યાપિકા છે. પિતાશ્રી નટવરલાલ બ્રહ્મભટ્ટ યશસ્વી કારકિર્દીઓ બાદ હાલ મુંબઈ અને કેન્યામાં સમાજસેવામાં અનેક ક્ષેત્રોમાં પ્રવૃત્ત છે. માતા શ્રીમતી ઇન્દુમતી, મુંબઈની વિલ્સન કૉલેજમાં અભ્યાસ કરી મુંબઈ યુનિવર્સિટીનાં બી.એ. અને જ્ઞાતિની સૌપ્રથમ મહિલા ગ્રૅજ્યુએટોમાંના એક છે. તેમના મામા શ્રી ઇન્દ્રવદન ઇનામદાર અને શ્રી સુબોધ ઇનામદાર કેન્યાના ટોચના ધારાશાસ્ત્રીઓ છે. શ્રી ઇન્દ્રવદનભાઈના પુત્ર શ્રી સમીર ઇનામદાર પણ જાણીતા ધારાશાસ્ત્રી અને કેન્યા ક્રિકેટ કાઉન્સિલના વર્ષોથી પ્રમુખ હોવાને નાતે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ વર્તુળોમાં જાણીતા છે. મા અંબા આ પરિવારમાં યશ-કીર્તિમાં સદા વૃદ્ધિ કરે એ જ અભ્યર્થના !!!

•



## આચાર્ય શ્રી પ્રહલાદભાઈ જે. બ્રહ્મભટ્ટ
### (સાહિત્યકાર, કેળવણીકાર)

શ્રી પ્રહલાદભાઈનો જન્મ પિતાશ્રી જુગલદાસ શીવલાલના પરિવારમાં તા.૧૦–૦૪–૧૯૪૩ના રોજ થયો. વતનના ગામ–ગામડીમાં પ્રાથમિક શિક્ષણની પણ સુવિધા ન હોવાથી પાસે આવેલા હાથરવા ગામે જઈ પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ મેળવ્યું. ત્યારબાદ પિલવાઈ અને મોડાસાથી સ્નાતક કક્ષાનું શિક્ષણ મેળવી વડાલી ખાતે શેઠ સી. જે. હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયા. ત્યારબાદ (ઈ.સ.૧૯૮૫થી) પાલનપુર – વિદ્યામંદિરમાં આચાર્ય તરીકે સેવાઓ આપી. વર્ષ ૨૦૦૧માં વય નિવૃત્ત થઈ હાલમાં પાલનપુર મુકામે પરિવાર સાથે સ્થાઈ થયા છે અને સમગ્ર વિસ્તાર, સમાજ તેમજ સ્વજ્ઞાતિની યથાશક્તિ સેવા તથા સ્વરૂચિનું સાહિત્યસર્જન કરી નિવૃત્તજીવનનો આનંદ માણી રહ્યા છે.

આવા શ્રી પ્રહલાદભાઈએ પોતાની સમગ્ર કારકિર્દી દરમિયાન હાંસલ કરેલ શૈક્ષણિક-સામાજિક સેવાઓનું સંક્ષિપ્ત વિવરણ આ પ્રમાણે આપી શકાય.

તેઓશ્રી ભારતવિકાસ પરિષદ, પાલનપુર, શાળામિત્ર મંડળ ગાંધીનગરમાં પૂર્વપ્રમુખ તથા બ્રહ્મભટ્ટ સેવાસમાજ પાલનપુરમાં વર્તમાન પ્રમુખ તરીકે સેવારત છે. તેઓશ્રી સ્વજ્ઞાતિ પત્ર 'શુભદા'ના શ્રી સારસ્વત રાજ્ય આચાર્ય સંઘ – ગુજરાત રાજ્યમાં સેવા પ્રદાન કરી રહ્યા છે. સાથે સાથે ગુ. મા. શિક્ષણ બોર્ડ શિસ્ત સમિતિ તથા પાઠ્યપુસ્તક મંડળ ગાંધીનગરમાં સભ્યપદે રહી ચૂક્યા છે. વળી તેઓ વડાલી કેળવણી મંડળ સાબરકાંઠા અને માતૃધારા ટ્રસ્ટ, અમીરગઢ-પાલનપુરમાં પણ સભ્યપદે સેવાઓ આપી રહ્યા છે.

સાહિત્ય સર્જનક્ષેત્રે તેમણે કરેલ પ્રદાનમાં 'તમને પારકા માનું કે...', 'આરતી', 'ત્રીજે પગલે આકાશ', 'હસી હસી હળાહળ પીધાં'ને મુખ્ય ગણાવી શકાય. તે ઉપરાંત શિક્ષક-આચાર્ય પરિચય ગ્રંથ રચીને ગુજરાત રાજ્ય સરકાર તરફથી પુરસ્કૃત થવાનું સૌભાગ્ય મેળવેલ છે. તેમણે ગુ. મા. શિક્ષણ બોર્ડમાં રહીને અભ્યાસક્રમ તથા પરીક્ષા-પરીક્ષણ આયોજન અને પાઠ્યપુસ્તક લેખન-ચયન જેવી કામગીરી પણ સફળતાપૂર્વક સંપન્ન કરી છે. આ ઉપરાંત પોતાની સમગ્ર કારકિર્દી દરમિયાન નીચે પ્રમાણેની મુખ્ય મુખ્ય સિદ્ધિઓ પ્રાપ્ત કરેલ છે.

- ગુજ. રાજ્ય સરકાર દ્વારા શ્રેષ્ઠ આચાર્ય પુરસ્કાર – ૧૯૯૮
- શ્રેષ્ઠ આચાર્ય-તામ્રપત્ર. ગુજ. પ્રદેશ શિક્ષણ સમિતિ – ૧૯૯૫

- 'સારસ્વત'નું દસ વર્ષ સુધી સફળ સંપાદન – સન્માનપત્ર રા. આચાર્ય સંઘ
- માનવતાવાદી – ખરા આચાર્ય સન્માનપત્ર, વિવિધલક્ષી વિદ્યામંદિર પરિવાર
- કારોબારી સભ્ય પુરસ્કાર, ટીચર્સ ફેડરેશન, ગુજ. રાજ્ય
- તેમના પ્રયત્નોથી વિદ્યામંદિરને 'શ્રેષ્ઠ શાળા'નો દરજ્જો એનાયત થયો
- S.S.C. / H.S.C. ની બોર્ડ પરીક્ષાના ટોપ ટેનમાં દર વર્ષ શાળાના વિદ્યાર્થી સમાવિષ્ટ
- દુષ્કાળ અને ભૂકંપ રાહત સમિતિ, અભિવાદન
- મેડિકલ ક્ષેત્રે દર વર્ષ ૩૫-૪૦ (કુલ ૫૦૦) તથા ઇજનેરી વિદ્યા શાખામાં અને કુલ ૨૦૦૦ વિદ્યાર્થીઓને સફળ પ્રવેશ અખાવી અનોખી સિદ્ધિ હાંસલ કરી છે. ગુજ. રાજ્ય શાળા સંચાલક પણ મંડળના સફળ કારોબારી સભ્ય તરીકે અભિવાદન.

શ્રી પ્રહલાદભાઈએ પૂર્વ પ્રાથમિકથી માધ્યમિક (અંગ્રેજી માધ્યમ) શિક્ષણ સંકુલની રચના દ્વારા પાલનપુર વિસ્તારની શિક્ષણભૂખ સંતોષી છે. ઇન્સ્ટિટ્યૂટ દ્વારા નર્સિંગ અભ્યાસક્રમનું શિક્ષણ સંકુલ સ્થાપવા તેમજ આ તમામ વિદ્યાર્થીઓ માટે છાત્રાલય સુવિધા ઊભી કરવાનું કામ પણ તેમણે સફળ રીતે પાર પાડ્યું છે.

આમ, શિક્ષણ સાહિત્ય અને સમાજસેવામાં ગળાડૂબ રહેનાર શ્રી પ્રહલાદભાઈની સેવા પ્રવૃત્તિઓની યાદી ખાસી લાંબી હોવાથી અત્રે તેનો ઉલ્લેખ માત્ર કરીને, એમાં ઉત્તરોત્તર વધારો કરતા રહેવાની મા અંબા એમને શક્તિ અર્પે તેવી અભ્યર્થના.

•



**શ્રી ભાલચંદ્ર લાલજીભાઈ રાવ (બી. એલ. રાવ)**

**(ધારાશાસ્ત્રી અને દાતાશ્રી)**

શ્રી બી. એલ. રાવના નામથી આપણી જ્ઞાતિમાં જાણીતા શ્રી ભાલચંદ્ર રાવ મૂળ કહીપુર તા. વડનગર, જિ. મહેસાણાના વતની છે. તેઓએ એમ.એ., એલ.એલ.બી સુધીનો અભ્યાસ પોતાના વતનમાં પુરો કરી વકિલાતનો વ્યવસાય કરેલ અને ત્યારબાદ અમેરિકા જેવા સમૃદ્ધ દેશમાં વકિલાત ક્ષેત્રે તેમજ આર્થિક ક્ષેત્રે પોતાની આગવી છાપ ઊભી કરી. તેઓ નિરાભિમાની

અને જ્ઞાતિપ્રેમીની છાપ ધરાવે છે. તેમજ જ્ઞાતિ માટે કામ કરતી સંસ્થાઓમાં ઉદાર દિલે ફાળો આપતા રહ્યા છે.

સાહિત્યમાં રસ ધરાવતા હોવાથી સાહિત્યકારોને પ્રોત્સાહિત કરવાની તેમની હોબી છે અને સાહિત્યકારોને પ્રકાશનક્ષેત્રે પણ મદદરૂપ થાય છે. હાલમાં અમેરિકા ખાતે તેઓ રાવ ઇમીગ્રેશન સર્વિસ પ્રા. લી. નામની કંપનીનું સંચાલન કરે છે. તેમનાં ધર્મપત્ની અ. સૌ. ઉષાબહેન તે ચુનીલાલ મોહનસિંહ રાવ સીંઝીવાડાનાં પુત્રી છે. તેઓ બિલ્ડિંગ કોન્ટ્રાક્ટર હતા.

સંતાનોમાં શ્રી બી. એલ. રાવને બે પુત્રો અને એક પુત્રી છે. મોટા દીકરા પ્રિયનાથભાઈ કેલીફોર્નિયામાં પોલીસ ડિપાર્ટમેન્ટમાં કૉમ્પ્યુટર ખાતાના નેટવર્ક એન્જિનિયર છે. નાના દીકરા શ્રી ઋતુરાજ કેલિફોર્નિયામાં રાવ ઇમીગ્રેશન પ્રા. લી. નામની કંપની ચલાવે છે. દીકરી શ્રી નીનાબહેન ફેડરલ ગર્વમેન્ટમાં ભાષાંતરકાર તરીકે અમેરિકામાં ફરજ બજાવે છે.

ઉત્તર ગુજરાત બ્રહ્મભટ્ટ સભામાં પંદર લાખનું માતબર દાન આપી શ્રી લાલજીભાઈ દયાળજી રાવ છાત્રાલય શરૂ કરેલ છે જ્યાં દરેક વિદ્યાર્થીને વિનામૂલ્યે નિવાસ અને ભોજન આપવામાં આવે છે. દરેક વિદ્યાર્થીને મફત સાઇકલનું વિતરણ પણ કરવામાં આવ્યું છે. જ્ઞાતિપ્રેમી, શિક્ષણપ્રેમી અને સાહિત્યપ્રેમી શ્રી રાવ સાહેબે ભટ્ટભાસ્કર સહાયક ટ્રસ્ટમાં રૂ. એક લાખનું દાન આપેલ છે

## અન્ય દાન

| | | |
|---|---|---|
| ૧. | ₹ ૨,૫૦,૦૦૦ | દંઢાવ બ્રહ્મભટ્ટ સમાજ |
| ૨. | ₹ ૧,૦૦,૦૦૦ | બ્રહ્મભટ્ટ એકતા મુખપત્રને |
| ૩. | ₹ ૧,૩૫,૦૦૦ | કહિપુર બ્રહ્મભટ્ટ સમાજ |
| ૪. | ₹ ૨,૦૦,૦૦૦ | કહિપુર રામજી મંદિર પુનરોદ્ધાર |
| ૫. | ₹ ૧,૦૦,૦૦૦ | કહિપુર શાળા માટે કમ્પ્યુટર ખરીદી |
| ૬. | ₹ ૧,૦૦,૦૦૦ | કહિપુર શાળા માટે કમ્પ્યુટર રૂમ માટે |
| ૭. | ₹ ૧,૫૦,૦૦૦ | છાબલીયા – શાળામાં કમ્પ્યુટર રૂમ માટે |
| ૮. | ₹ ૧,૭૫,૦૦૦ | છાબલીયા શાળાને કમ્પ્યુટર ખરીદી |
| ૯. | ₹ ૧,૧૨,૦૦૦ | કહિપુર અને છાબલીયાના તેજસ્વી વિદ્યાર્થી અને |

| | | |
|---|---|---|
| ૧૦. | ₹ ૧,૧૨,૦૦૦ | સંસ્કૃતમાં ઉચ્ચત્તમ ગુણ ધરાવનારને દર વર્ષે પુરસ્કાર |
| ૧૧. | ₹ ૧,૦૦,૦૦૦ | પાણીની ટાંકી માટે કહિપુર. (ગુજરાત રાજ્ય યોજના) |
| ૧૨. | ₹ ૧,૬૦,૦૦૦ | કહિપુરમાં વીજળીની વ્યવસ્થા માટે કહિપુર ગ્રામ પંચાયતને |
| ૧૩. | ₹ ૨,૦૦,૦૦૦ | કહિપુર મહાકાળી મંદિરના નિર્માણ માટે |
| ૧૪. | ₹ ૧,૦૦,૦૦૦ | સુણોક, તા. ઊંઝા માતાજીના મંદિર નિર્માણમાં ફાળો |
| ૧૫. | ₹ ૧,૦૦,૦૦૦ | બ્રહ્મભટ્ટ લેખક / કવિના પુસ્તકો જ્ઞાતિને પહોંચે તે અંગે ફાળો |
| ૧૬. | ભટ્ટ ભાસ્કર અને સુભદ્રામાં પ્રસિદ્ધ થયેલ જ્ઞાતિજનોની મૌલિક કૃતિઓને પુસ્તક | સાકારે પ્રસિદ્ધ કરવા તમામ ખર્ચની ઓફર. |
| ૧૭. | ₹ ૨,૦૦,૦૦૦ | કહિપુર – જ્ઞાતિની કન્યાઓને ₹ ૫,૦૦૦ – લગ્ન પ્રસંગે **અથવા** મેટ્રિકની પરીક્ષા પાસ કરે તેને આપવા. |

●



જન્મ તા.૮–૧૦–૧૯૫૧
મુ. કડી (ઉ.ગુ.)

## ડૉ.પ્રસાદ મૂળજીભાઈ બ્રહ્મભટ્ટ

**(ડાયરેક્ટર, ગુજ. યુનિ. એકે. સ્ટાફ કૉલેજ, અમદાવાદ.)**

શૈક્ષણિક કારકિર્દી : બી. એ. ગુજરાતી, મનોવિજ્ઞાન,૧૯૭૩, ગુજરાત યુનિવર્સિટી (ગોલ્ડ મેડાલિસ્ટ)એમ.એ.ગુજરાતી, સંસ્કૃત, ૧૯૭૫, ગુજરાત યુનિવર્સિટી (ગોલ્ડ મેડાલિસ્ટ) પીએચ.ડી. ગુજરાતી, 'રાજેન્દ્ર - નિરંજન યુગની કવિતા' વિશે, ગુજરાત યુનિવર્સિટી, ૧૯૮૦

**વ્યાવસાયિક કારકિર્દી :**

- આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, બાલાસિનોરમાં જૂન ૧૯૭૫માં ગુજરાતીના અધ્યાપક. એ પછી ઈડરની આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજમાં બાર વર્ષ સ્નાતક –

અનુસ્નાતક કક્ષાએ અધ્યાપનકાર્ય કરી ૧૯૯૧માં ગુજરાત યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનમાં રીડર (એસોસિએટ્સ પ્રોફેસર) તરીકે જોડાયા. ૧૯૯૯માં પ્રોફેસર, નવેમ્બર ૨૦૦૪થી ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક સ્ટાફ કૉલેજના નિયામક.

- ૨૪ વિદ્યાર્થીઓએ તેમના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. અને ૫૨ (બાવન) વિદ્યાર્થીઓએ એમ.ફિલ.ની પદવી પ્રાપ્ત કરી છે.
- ગુજરાત યુનિવર્સિટી ટીચર્સ એસોસિએશન(ગુટા)ના ૨૦૦૪-૦૭ દરમિયાન અધ્યક્ષ.
- ગુજરાત યુનિવર્સિટીના સંશોધન સામયિક 'વિદ્યા' અને ન્યૂઝલેટર 'વિદ્યાવૃત્ત'ના ૨૦૦૫-૦૬ દરમિયાન મુખ્ય સંપાદક.
- સંસ્કાર ભારતી, ગુજરાત પ્રાંતના મંત્રી ૧૯૯૩-૯૭.
- 'વિલોક' ટ્રસ્ટ અને મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ, કડીના ટ્રસ્ટી.
- ૨૨ જીવનચરિત્રો, ૩ નવલકથાઓ, ૧ વાર્તાસંગ્રહ, ૩૨ વિવેચનસંગ્રહો, ૯ સંદર્ભગ્રંથો, ૬ 'સાહિત્યનો ઇતિહાસ'નાં પુસ્તકો, ૨૬ સંપાદનો, ૯ નવલકથાઓના બંગાળીમાં અનુવાદ, ૭ અન્ય અનુવાદો મળી કુલ ૧૧૫ પુસ્તકો પ્રકાશિત
- વિવિધ સાહિત્યિક સામયિકોમાં ૩૫૦થી વધુ અભ્યાસલેખો પ્રકાશિત.
- આકાશવાણી, દૂરદર્શન ઉપર અનેક વાર વાર્તાલાપ પ્રસારિત. નિવૃત્તિ બાદ યુ.જી.સી.નો બે વર્ષનો સ્પેશીયલ પ્રોજેક્ટ, સફળતાપૂર્વક પુરો કર્યો.

**પારિતોષિક**

- ૧૯૯૦ના શ્રેષ્ઠ વિવેચનગ્રંથ તરીકે 'સમીક્ષાસેતુ'ને ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી રમણલાલ જોષી પારિતોષિક.
- સરદાર પટેલ યુનિવર્સિટી તરફથી ૧૯૯૨ના શ્રેષ્ઠ સંશોધનલેખ માટે હરિૐ એવોર્ડ.
- સાહિત્ય અકાદમી, નવી દિલ્હી તરફથી કમલદાસની બંગાળી નવલકથા 'અમૃતસ્ય પુત્રી'ના ગુજરાતી અનુવાદ માટે ૧૯૯૭નું શ્રેષ્ઠ અનુવાદ માટેનું પારિતોષિક.
- ગુજરાતી સાહિત્ય અકાદમી તરફથી ૨૦૦૦ના શ્રેષ્ઠ જીવનચરિત્ર તરીકે 'સરદાર પ્રસંગ-પરાગ'ને પ્રથમ પારિતોષિક.

સંપર્ક : ૧૦, શુકન વિલાઝ, મકરબા રોડ, વેજલપુર, અમદાવાદ – ૩૮૦ ૦૫૧.

•



**ડૉ. દિનેશ બ્રહ્મભટ્ટ (MA, LLB, Ph.D.)**

**રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે સંકલન, સલાહકાર અને પૂર્વ IAS**

મા. શ્રી દિનેશભાઈને સમજવા માટે તાજેતરમાં અપડેટ કરાયેલ પ્રશ્નોત્તર (ઈન્ટરવ્યૂ સ્વરૂપે) પર એક નજર કરવી પુરતી છે. અત્રે મને ખાતરી છે કે પોતાની ઉણપોને ઓળખીને તથા આવડતોને ઉજાગર કરીને પોતાની કારકિર્દી ઘડવા માટે આતુર યુવક-યુવતીઓને આ પ્રતીભા પરિચય અત્યંત માર્ગદર્શક બની રહેશે.

પૂર્વ સચિવ, ગુજરાત સરકાર અને નિવૃત્ત આઈ.એ.એસ. આપણા સમાજના કદાચ પ્રથમ આઈએએસ અધિકારી બન્યા છે. કોલેજ સમયથી ઉજ્જવળ શૈક્ષણિક કારકિર્દી ધરાવતા શ્રી દિનેશભાઈ અર્થશાસ્ત્ર વિષય સાથે ૧૯૭૪માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ૬૫ ટકા સાથે યુનિવર્સિટીમાં પ્રથમ રહ્યાં. આટલા ટકા એ કોલેજમાંથી હજુ સુધી બીજા કોઈને મળ્યા નથી.

ગ્રેજ્યુએશન પછી ગુજરાત સરકાર દ્વારા અમદાવાદ ખાતે ચાલતા આઈએએસ ટ્રેનિંગ પ્રોગ્રામમાં તેમની પસંદગી થતા જિંદગીને નવો વળાંક મળ્યો.

સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પણ તેઓ પ્રથમ રહ્યા. નાયબ મામલતદારમાં પ્રથમ તથા ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન દ્વારા લેવાયેલી વર્ગ એકની પરીક્ષામાં ૧૯૭૬માં તેઓ સમગ્ર રાજ્યમાં પ્રથમ રહ્યા અને જીપીએસસી ટોપર તરીકે જ્ઞાતિનું નામ રોશન કર્યું. ગુજરાત સરકારમાં સહકાર વિભાગમાં વર્ગ એક અધિકારી તરીકે તથા સંયુક્ત રજીસ્ટ્રાર તરીકે ૨૨ વર્ષ રહ્યા. ગુજરાત કો.ઓપ.માર્કેટિંગ ફેડરેશનના ચેરમેન, ચેરમેન-કચ્છ જિલ્લા સહકારી બેંક, ગુજરાત મિલ્ક માર્કેટિંગ ફેડરેશન, અમૂલના બોર્ડ પર તથા એનડીડીબીની અલગ-અલગ કમિટીઓ સાથે કામ કરી ગ્રામીણ વિકાસના કામમાં પોતાનાથી થાય તેટલું યોગદાન આપ્યું.

૨૦૦૧થી IASમાં જોડાયા અને ૨૦૦૧ થી ૨૦૧૪ સુધી માનનીય નરેન્દ્રભાઈ મોદીના હાથ નીચે જિલ્લા વિકાસ અધિકારી ગાંધીનગર, અમદાવાદ તથા કલેક્ટર વલસાડ, કલેક્ટર ગોધરા અને બે વાર અમદાવાદ અને રાજકોટ ખાતે મ્યુનિસિપલ કમિશનર તરીકે સેવા આપી. બહુ જૂજ કહી શકાય તેવા માઈલ સ્ટોન બનાવ તરીકે ગુજરાત સરકારે તેમને શ્રેષ્ઠ જિલ્લા વિકાસ અધિકારી અને શ્રેષ્ઠ કલેક્ટર તરીકે જાહેર કરી તેમનું બહુમાન કર્યું છે. મસુરી ખાતેની આઈએએસની તાલીમ સંસ્થામાં પણ તેઓને શ્રેષ્ઠ અધિકારી તરીકે ઘોષિત કરવામાં આવ્યા હતા.

છેલ્લે, સચિવ તરીકે સચિવ સહકાર અને કૃષિ વિભાગમાં રહી પશુપાલન, મત્સ્ય...વગેરે વિભાગોમાં પ્રશંસનીય કામગીરી નિભાવી ચૂક્યા છે. હાલમાં તેઓશ્રી પરિવાર સાથે નિવૃત્તજીવન વિતાવી રહ્યા છે. માતાજી એમને નિરામય, લાંબુ અને સ્વસ્થ આયુષ્ય અર્પે એજ અભ્યર્થના...

•



**સ્વ.શ્રી રઘુનાથસિંહ જી. બારોટ**
**(પ્રથમ બ્રહ્મભટ્ટ IPS Offi. ગુજ.રાજ્ય)**

સ્વ. શ્રી રઘુનાથસિંહ ગોવર્ધનસિંહ બારોટ (આર.જી.બારોટ) એટલે સમગ્ર ગુજરાત બ્રહ્મભટ્ટ સમાજનું ગૌરવવંતુ નામ.

સ્વ.શ્રી આર. જી. બારોટ સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના ગુંદેલ ગામના વતની. તેઓનો જન્મ, ઉછેર અને પ્રાથમિક શિક્ષણ સ્થાનિક કક્ષાએ થયું. કોલેજનું શિક્ષણ બાદ ગુજરાત રાજ્યના પોલીસ ખાતામાં જોડાયા. પોતાની કારકિર્દી દરમ્યાન અતિ ખંતિલા, પ્રામાણિક અને નિડર તેમજ બાહોશ અધિકારી તરીકે નામના મેળવીને સમગ્ર બ્રહ્મભટ્ટ સમાજમાં પ્રથમ **IPS**નું પદ મેળવવાનું ગૌરવ પ્રાપ્ત કર્યુ.

અત્યંત જ્ઞાતિપ્રેમી તેમજ વતન પ્રેમી હોવાથી સમાજના તેમજ વતનના અસંખ્ય વ્યક્તિઓને ખૂબજ મદદરૂપ થયા. આજપણ ઘણા લોકો તેમનું ઋણ યાદ કરે છે.

તેમના પ્રથમ લગ્ન રાજસ્થાનના પાલી જીલ્લાના બાંતા-રૂગનાથગઢ ખાતે થયા હતાં. તેમનાં પ્રથમ પત્નિ રાધાબેન (માંદગીને કારણે અવસાન) થકી પ્રાપ્ત થયેલ બે સંતાનો પૈકી મોટા સંતાન શ્રી ઘનશ્યામસિંહ રઘુનાથસિંહ રાવ, રાજ્યના પોલીસ ખાતામાં **IPS** તરીકે ફરજો બજાવી હાલ નિવૃત્ત થયેલ છે. નાના સંતાનમાં ઈલાક્ષીબેનના લગ્ન રસુલાબાદ-વડોદરા નિવાસી શ્રી ભક્તપ્રસાદ મનુલાલ રાવ સાથે થયેલ. જેઓ હાલના નિવૃત્ત અધિક સચિવ તરીકે ગાંધીનગર ખાતે જીવન વિતાવે છે. શ્રી આર. જી. બારોટનાં બીજાં લગ્ન અડાસ (તા.જી.આણંદ) ખાતે મધુરિકાબેન સાથે થયેલ અને તેઓ થકી ત્રણ પુત્રોની પ્રાપ્તિ થઈ.

શ્રી બારોટ સાહેબે ગુજરાતમાં અમરેલી, સાબરકાંઠા, પોરબંદર, ભરૂચ વિગેરે જીલ્લાઓમાં ખૂબજ સુંદર કામગીરી કરી, કાયદો વ્યવસ્થાનું પાલન કરતાં ગુનેગાર આલમમાં આર.જી. બારોટના નામનો ફફડાટ હતો. Dy.Sp. તરીકે તેમણે પોરબંદર,

હીંમતનગર તથા DSP તરીકે સુરેન્દ્રનગર, મહેસાણા, ગોધરા, અમદાવાદ (DCP) વગેરે સ્થળોએ યાદગાર અને પ્રસંશનીય કામગીરી બજાવી.

બ્રહ્મભટ્ટ સમાજ તરફથી એમનું ગુજરાતભરમાં અનેક સ્થળોએ સન્માન કરી તેમની સેવાઓની સાભાર નોંધ લેવામાં આવી હતી.

●

**"સત્તા સામે સત્યાગ્રહ"**



**શહિદ વીર વાસુદેવ બાપુલાલ બ્રહ્મભટ્ટ (કાકાનું તારાપુર)**

વર્તમાન ગાંધીનગર જીલ્લાના બ્રહ્મભટ્ટોનું બાહુલ્ય ધરાવતું ગામ એટલે કાકાનું તારાપુર. નજીકના મોટા શહેર કલોલ સાથે તમામ બાબતે સંકળાયેલા આ ગામના લોકો મુખ્યત્વે ખેતી, પશુપાલન તથા જીવન યાપન માટે નાના-મોટા હોદ્દાઓ ઉપર નિર્ભર રહેતા. પ્રમાણમાં શાંત તથા ઉદ્યમી એવા આ ગામના બ્રહ્મભટ્ટો પોતાની સ્વભાવગત નિર્ભિકતા અને વાકચાતુર્ય માટે કલોલ સહિત આજુબાજુના વિસ્તારોમાં ખૂબજ જાણીતા. અહીં શ્રી વાસુદેવ બાપુલાલ બ્રહ્મભટ્ટ પણ અન્ય ગ્રામજનોની માફક પોતાનું ગુજરાન ચલાવતા હતા. એમની નજીકમાં ટીંટોડા નામે ઠાકોર કોમની બહુમતીવાળુ ગામ. આ બંને કલોલ-વિજાપુર રેલ્વે લાઈન પર આવેલા ગામ. આ બંને ગામોના મોટાભાગના લોકો કલોલ સાથે ઘણા સંકળાયેલા હોવાથી રોડ-રસ્તા ઉપરાંત રેલ્વે વ્યવહાર પર વધારે આધારીત. પરંતુ કમનસીબે એમના ગામને રેલ્વેનું સ્ટેશન ફાળવવામાં આવ્યું ન હોવાથી ઘણા સમયથી એ માટે એમણે અધિકારીઓ સાથે બેઠકો અને પત્રાચાર કર્યા. તેમના આ પ્રયાસને ધારી સફળતા ન મળતાં યુવાન ગ્રામજનોમાં ભારે આક્રોશ વ્યાપતો જતો હતો. એ અરસામાં આ સ્ટેશનનું સ્ટોપેજ જો ન આપવામાં આવે તો આકરાં પગલાં લેવાની ચિમકી પણ ઉચ્ચારવામાં આવી હતી. ત્યારબાદ તા.૨૧, જાન્યુઆરી ૧૯૬૯ના રોજની વહેલી પરોઢે કલોલ પાસેના કાકાના તારાપુર ગામની નજીકમાં આવેલ ટીંટોડા સ્ટેશને થયેલ એક શાંત સત્યાગ્રહની ઘટના સર્જાઈ એ નિમિત્તે બ્રહ્મભટ્ટ કોમના એક નવજુવાને પોતાના રેડેલા રૂધિરની ગૌરવવંતી ગાથા અખબારોના પાને ચમકી.

આ કરૂણ ઘટનાનું વર્ણન અને પ્રત્યાઘાત એમના જ શબ્દોમાં જોઈએ. તારાપુર કલોલથી પાસે હોઈ અહિંના જ્ઞાતીજનોને ધંધાર્થે, નોકરી અર્થે અને વિદ્યાર્થીઓને

શિક્ષણ અંગે જે લાભ છેલ્લા ૩૫ વર્ષથી મળતો હતો એને છીનવી લેવાનો રેલ્વે તરફથી નિર્ણય થતાં અને સત્તા આગળ શાણપણ ન ચાલતાં, બ્રહ્મભટ્ટ જ્ઞાતિએ સેંકડો વર્ષો સુધી આવા પ્રસંગે જે માર્ગ અપનાવેલો છે તે "સત્તા સામે સત્યાગ્રહ"નો માર્ગ અપનાવવાનો અમો તારાપુરના જ્ઞાતીજનોએ નિર્ણય કર્યો.

સરકારે તા.૨૧-૦૧-૧૯૬૯ના દિને આ ફેરફાર દાખલ કરવાનો નિર્ણય કરતાં, અમોએ લાગતા વળગતા તમામ, જેમાં રેલ્વે મંત્રી, રેલ્વે બોર્ડ, રેલ્વેના ગુજરાતના અધિકારીઓ, ગુજરાત રાજ્યના અધિકારીઓ, કલેક્ટર, એટલે કે જીલ્લા માજીસ્ટ્રેટ, ડી.એસ.પી. વગેરેને જાણ કરી કે આ ફેરફારની સામે અમે, તારાપુરની તમામ બ્રહ્મભટ્ટ પ્રજા બાળકો, સ્ત્રીઓ અને પુરૂષો આનો શાંત અહિંસક પણ મક્કમ મુકાબલો કરીશું.

અમો બ્રહ્મભટ્ટો પાસે આનો, જ્ઞાતીની ગૌરવવંત સત્યાગ્રહની પરંપરા સિવાય, ભારત સરકાર જેવી મહાસત્તાનો મુકાબલો કરવા બીજો કોઈ માર્ગ નહોતો. તા.૨૦/૨૧-૦૧-૧૯૬૯ની મધરાતે હાડ થીજવી નાખે એવી ઠંડીમાં, બ્રહ્મભટ્ટ જ્ઞાતીનાં બાળકો, સ્ત્રીઓ, જુવાનો અને વૃદ્ધો, રેલ્વેની રાક્ષસી તાકાત સામે, માનવીની માનવતાને જગાડવા, રેલના પાટાઓ ઉપર પથરાઈ ગયાં. એ વખતે શહીદ વિર વાસુદેવભાઈએ રેલ્વેના પાટા પર જાણે કે સામી છાતીએ એન્જીનના રાક્ષસની પરવાહ કર્યા વિના ગામના આ સ્ટોપેજ માટે જાતનું બલિદાન આપવા સામી છાતીએ ઉભા રહ્યા. એ પછી રાજ્ય પાલીસની હાજરીમાં, સ્થળ ઉપર ઉભા રહેલા રેલ્વે અમલદાર ગાડીને ધીમી પાડતા બેટરીના પ્રકાશથી સૂચના આપતા હતા, એને અવગણી રક્ષક મટી ભક્ષક બનેલ સરકારના અમલદાર એ.આર.ઓ.એ ટ્રેનને પુર ઝડપે દોડાવી. પોલીસે ખેંચાય એટલાને ખેંચ્યા પણ જેના મનોબળને સેંકડો લોકો પણ ડગાવી શક્યા નહીં. અંતે ધસમસતી ટ્રેન સ્વ. શ્રી વાસુદેવભાઈને ભરખી ગઈ. આ શહાદતને નજરે જોનાર સૌ અવાક બનીને જોતાજ રહ્યા. એન્જીનની સાથે એમનો દેહ એવા પ્રચંડ પ્રતિકારથી અથડાયો કે શરીરનો કુચો થઈ ગયો. અથડામણને લીધે એમનો દેહ ઘટના સ્થળથી દોઢસો ફુટ દૂર છેંક ટીંટોડા ગામની સીમમાં ફેંકાયો.


રેલસત્તા સામે સત્યાગ્રહ


સત્યાગ્રહી શહીદ શ્રીવાસુદેવ બ્રહ્મભટ્ટ

આ સમાચારો પ્રગટ થયા તે ક્ષણથી સમસ્ત જ્ઞાતીજનો, અમારા વ્હાલાં સ્વજનોની જેમ અમને આશ્વાસન આપવા દોડી આવ્યા છો. દુઃખના ડુંગર નીચે દબાઈ ગયા. અત્યંત ક્ષોભ અને શહાદતની મિશ્ર લાગણી ધરાવતો આ પ્રસંગ ભુતકાળમાં પાટણના ઝમોર, ભાટવાસ (તા. સતલાસણા, ઉ. ગુજ.) તથા નડીયાદ કે માતરના બ્રહ્મભટ્ટ શહાદતોના પ્રસંગોની એક સાથે યાદ આપી ગયો. ઈતિહાસમાં આ પ્રસંગની જોઈએ એવી નોંધ લેવાઈ નથી. પરંતુ સરકારના કાળમીંઢ પથ્થર સામે ટકરાઈને પોતાના બલિદાનને ભોગે ગ્રામજનોના લાભ માટે ધાર્યું કરાવવાની બ્રહ્મભટ્ટોની સદાકાળથી ચાલી આવતી ખુમારીનું દર્શન કરાવે છે. અત્રે નોંધવું જોઈએ કે શહિદ વિર વિષ્ણુભાઈની આ શહાદત ધાર્યુ પરીણામ લાવી. જેને આપણે હંમેશા યાદ કરીશું.

•



**સાહિત્યકાર શ્રી દામોદર ભટ્ટ - 'સુધાંશુ'**

**(તા.૨૫, ડિસે. ૧૯૧૩ - તા.૨૯, માર્ચ ૧૯૮૩)**

વર્તમાન ગુજરાતના જાણીતા સાહિત્યકારો અને ભજનીકોમાં ભગત જીતુભાઈ બ્રહ્મભટ્ટ સહિત અનેક બ્રહ્મભટ્ટ કવિઓ અને ભક્તોનાં નામ જાણીતાં છે. એમાં સૌરાષ્ટ્ર-ગુજરાતના જાણીતા આ બ્રહ્મભટ્ટ કવિ, લેખક અને સાહિત્યકાર એવા અને 'સુધાંશુ' ઉપનામથી પોરબંદરના સદ્‌ગત દામોદાર ભટ્ટ (બ્રહ્મભટ્ટ) ગુજરાતી કવિતાક્ષેત્રે વિશિષ્ટ ભજનસર્જનને લીધે લોકપ્રિય હતા.

ગુજરાતી કવિતા સાહિત્યમાં અદ્‌ભુત ભજનોના સર્જક તરીકે જાણીતા થયેલા કવિ 'સુધાંશુ'ના પિતાનું નામ કેશવજીભાઈ અને માતાનું નામ માનકુંવરબહેન, એમણે પ્રાથમિક અને માધ્યમિક કેળવણી પોરબંદરમાં લીધી. ત્યાંની ભાવસિંહજી હાઈસ્કૂલમાંથી એમણે મુંબઈ યુનિવર્સિટીની મેટ્રિકની પરીક્ષા પસાર કરી. ત્યારબાદ કોલેજના પ્રથમ બે વર્ષ બરોડા કોલેજમાં પુરાં કર્યાં. ત્યારબાદ શિક્ષક તરીકે ભાવસિંહજી હાઈસ્કૂલ પોરબંદરમાં જોડાયા.

કવન પ્રવૃત્તિના આરંભે ''શારદા''ના તંત્રી ગોકુલદાસ રાયચુરા, કવિ ન્હાનાલાલ, ઝવેરચંદ મેઘાણી, દેશળજી પરમાર, ચં.ચી. મહેતા અને બચુભાઈ રાવલ વગેરેએ એમને સાહિત્ય સર્જનની પ્રેરણા પુરી પાડી. કવિ ન્હાનાલાલે 'સુધાંશુ'ના

ભજનોનો સંગ્રહ છપાવવાની ભલામણ પોરબંદરના મહારાણાને પત્ર દ્વારા કરી. ''રામસાગર'' એમની સર્જક-કવિતા-ભજન યાત્રાનો પ્રથમ સંગ્રહ, જેને મુંબઈના કલામંડળે મહિડા પારિતોષીક રૂપે નવાજ્યો. કવિ ન્હાનાલાલે એક પત્રમાં ઉદગાર કાઢેલો ''પોરબંદરમાં જોવા લાયક ત્રણ સુદામો, સાગર અને સુધાંશુ'' એ એમના સાહિત્ય સર્જનની પરાકાષ્ઠા દર્શાવે છે. તત્કાલીન વિવેચકોમાં વિજયરાજ્ય વૈદ્ય વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, એના આધ્યાત્મિક અર્વાચીન ભજનો ગુજરાતી કવિતા સાહિત્યમાં અનોખા છે એમ જણાવતા.

એમના ભજનોનો બીજો સંગ્રહ 'અલખતારો' (ઈ.સ.૧૯૫૬)માં પ્રસિદ્ધ થયો. તેને એમ.એસ. યુનિવર્સિટીના બી.એ.ના અભ્યાસક્રમમાં પાઠ્યપુસ્તક રૂપે સ્થાન મળ્યું. ત્રીજો ભજનસંગ્રહ ''સોહમ્'' (ઈ.સ.૧૯૬૦)માં પ્રકટ થયો. જે ગુજરાતના સ્થાપનાદિનને સમર્પિત થયો. સાગરકથા અંગે મેઘાણી, ગુણવંતરાય આચાર્યે ''સુધાંશુ''ને પ્રેરણા આપી અને 'હલેસાં' વાર્તાસંગ્રહ (ઈ.સ.૧૯૬૬) પ્રસિદ્ધ થયો.

ડોલરરાય માંકડ, મનસુખલાલ ઝવેરી, મેઘાણી, અનંતરાય રાવળ, ધીરૂભાઈ ઠાકર, ચં.ચી. મહેતા, સરોદ, મકરંદ દવે, ''સુધાંશુ''ની ભજન-ઢાળોની રચના સર્જક તરીકે નવો-મેઘશાળી છે એમ સમીક્ષામાં નોંધાતા ને આવા ગિરનારી ભજનો મારી જાણમાં નથી એમ ન્હાનાલાલની સૂઝ-સમજને અભ્યાસી વિદ્વાનો ધ્યાનમાં લેતાં.

હવે પછીની વિગત ગુજરાતી સાહિત્ય પરિષદના પૂર્વ પ્રમુખ અને 'કુમાર' જેવાં સામયિકોના આત્માસમા સાહિત્યકાર શ્રી ધિરુભાઈ પરીખની કલમે...

આ મરમી ભજનસર્જક અને સંગ્રાહક 'સુધાંશુ'નો ૨૯, માર્ચે ૧૯૮૩ મંગળવારે મગજમાં નસ તુટી જવાથી ૨૧ કલાકની અભાન અવસ્થા બાદ આઘાતક દેહવિલય થયો. તેઓ વ્યવસાયે મુખ્યત્વે પત્રકાર હતા. પત્રકારત્વના પ્રત્યક્ષ પાઠ એમણે સદ્ગત અમૃતલાલ શેઠ, ઝવેરચંદ મેઘાણી, કકલભાઈ કોઠારી જેવા પીઢ પત્રકારોના સાન્નિધ્યમાં મેળવ્યા હતા. એમણે સૌરાષ્ટ્ર ટ્રસ્ટનાં વૃત્તપત્રોના રાણપુર અને મુંબઈ ખાતેના તંત્રી-વિભાગમાં સફળ કામગીરી બજાવી હતી. આખરસુધી તેઓ 'જન્મભૂમિ', 'મુંબઈસમાચાર', 'જનશક્તિ', 'જનસત્તા', 'સંદેશ', 'પ્રભાત', 'ફૂલછાબ', 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' આદિ વર્તમાનપત્રોમાં સંવાદદાતા તરીકે કાર્યરત રહ્યા હતા.

એમનો અભ્યાસ કોલેજનાં બે વર્ષ સુધીનો પણ એમની વ્યવહારસૂઝ ઘણી બહોળી અને ઊંડી એમની વ્યવહારદક્ષતા એ કુટિલતા નહિ પણ ઋજુ હૈયાહૂંફમાં ફાલી હતી. એમના પરિચયમાં આવનાર કોઈને પણ એમના મીઠા વ્યક્તિત્વની માદક છાલક વાગ્યા વગર રહે નહિ. સ્મરણ છે ત્યાં સુધી, ન્હાનાલાલે કહેલું કે પોરબંદરમાં જોવાલાયક

ત્રણ સુદામો, સાગર અને 'સુધાંશુ'. હવે તો પોરબંદર સાથે માત્ર સદ્ગત 'સુધાંશુ'નું અમર્ત્ય સ્મરણ જ જડાયેલુ રહેશે !

સાહિત્યમાં કવિતા એમની પ્રથણ પ્રીતિનું ભાજન. એમનાં ભજનોનો પ્રથમ સંગ્રહ-'રામસાગર' ૧૯૫૧માં પ્રકટ થયો ત્યારે અનેક કાવ્યરસિકોનું એ સંગ્રહમાંનાં સાચકલાં ભજનો તરફ ધ્યાન દોરાયેલું. એમના એ સંગ્રહને ૧૯૫૧ ૫રનું 'મહિડા પારિતોષિક' પણ મળ્યું હતું. ત્યાર પછી એમનો બીજો ભજનસંગ્રહ 'અલખતારો' ૧૯૫૭માં પ્રકટ થયો. ત્રીજો કાવ્યસંગ્રહ 'સોડહમ' ૧૯૬૦માં પ્રકટ થયો હતો. અનેક સામયિકોમાં એણનાં ભજનો પ્રકટ થયાં છે એનો પણ એક સંગ્રહ જરૂર થાય. ૧૯૬૬માં એમની મૌલિક સાગરકથાઓનો સંગ્રહ 'હલેસાં' નામથી પ્રકટ થયો હતો. છેલ્લે ૧૯૭૭માં કવિવર ન્હાનાલાલના જન્મશતાબી વર્ષ નિમિત્તે કવિવરને પોતાના હૈયાની નિખાલસ અંજલિ ધરતાં કાવ્યોનો સંગ્રહ 'કવિ-સમ્રાટ ન્હાનાલાલને' પ્રકટ થયો હતો.

સદ્ગત 'સુધાંશુ' જેમ એક અચ્છા ભજનસર્જક હતા તેમ અચ્છા ભજન-સંગ્રાહક પણ હતા. સૌરાષ્ટ્રનાં અનેક ભજનોનો કીમતી સંગ્રહ એમણે કર્યો હતો. ગુજરાતી સાહિત્યમાં જેમને ભજનોમાં રસ છે તેમને સદ્ગત 'સુધાંશુ'નો આ ભજન-સંગ્રહ ઘણી ઉપયોગી સામગ્રી પૂરી પાડી રહેશે. એમણે સૌરાષ્ટ્રની ભૂમિના અનેક તળપદા લયઢાળોને કંઠસ્થ કર્યા હતા અને કલમમાં કંડાર્યા હતા. એણના ભજનો-ગીતોમાં એ લયઢાળોનું સફળ પરિણામ જોઈ શકાય છે.

એમનાં ભજનોમાં ભાવસચ્ચાઈ સાથે ગૂઢનું આકર્ષણ સહજ રીતે અભિવ્યક્ત થયું છે. એમની કાવ્યબાની એમના હૃદયભાવોને સચોટતાથી વ્યક્ત કરી શકે તેવી નીપજી આવી હતી. કૃતક ભક્તિવેડા કે મારીમચડીને બેસાડેલું ચિંતનમનન એમનાં ભજનોથી હમેશાં દૂર રહ્યું છે. આનાં કારણો કદાચ બે : એક તો સૌરાષ્ટ્રનાં ભજનોની પરંપરાનો ઊંડો અભ્યાસ; અને બીજું એમની હૃદયની સાચી લગન. આથી નિર્દંભ અને નિર્વ્યાજ પ્રભુપ્રીતિનાં દર્શન એમની અનેક રચનાઓમાં થાય છે. આ સાથે એ પણ નોંધવું જોઈશે કે એમને મધ્યકાલીન ભક્તકવિની જેમ આ જીવનને તુચ્છ ગણ્યું નથી. ઈહજીવનને ભોગે પરલોકપ્રીતિ ગાઈ નથી. બલકે ઈહજીવનના ઊર્ધ્વીકરણ અર્થે પ્રભુપ્રીતિનું જ્ઞાન થયું છે.

આવા એક સાચદિલ ભજનસર્જક, પત્રકાર અને નિર્દંભ મનુષ્યની ચિર વિદાય એ સાહિત્યનાં અને સદ્ગતનાં સહુ આત્મીયજનો માટે દુઃખદ ઘટના છે.

- ધીરુભાઈ પરીખ

•

ઉપરોક્ત તમામ બ્રહ્મભટ્ટ જ્યોર્તિધરોનાં ચરિત્રોમાં જેમનો વિગતવાર ઉલ્લેખકરેલ નથી તેવાં કેટલાંક પાત્રો વિષે ટૂંક માહિતી મેળવી આપણે આ પ્રકરણનું સમાપન કરીશું.

ખ્યાતનામ બેરિસ્ટર રજની પટેલના સાથી ગુજરાત રાજ્ય ઔદ્યોગિક અદાલતના માજી પ્રમુખ અને સીનિયર ડિવિઝનલ જ્યુડી. મેજીસ્ટ્રેટ શ્રી ઘનશ્યામભાઈ શ. બારોટ (ઉંદેલ), સમગ્ર ગુજરાતના બ્રહ્મભટ્ટોની નિઃશૂલ્ક સારવાર કરનાર ધનવંતરીના અવતાર સમા શ્રી છત્રસિંહ વૈદ્ય (વડોદરા), અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના માજી મેયર શ્રી પ્રફુલ્લ બારોટ (માતર), ખ્યાતનામ પત્રકાર અને સ્વાતંત્ર્ય લડતના સેવક શ્રી નરભેરામ સદાવ્રતી (સૌરાષ્ટ્ર) આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત ચિત્રકાર કલાકાર એવા શ્રી કનુભાઈ બ્રહ્મભટ્ટ (સોજીત્રા), સ્વજ્ઞાતિ સેવાકાજે શ્રી દાજીભાઈ, શ્રીમાતરવાલા અને શ્રી ચૂ. પુ. બારોટ જેવા પ્રખર જ્ઞાતિસેવકોના નિર્દિષ્ટ માર્ગ પર ચાલી 'ગુજરાત બ્રહ્મભટ્ટ મહાસભા'માં નવો પ્રાણ પૂરનાર અને 'શુભદા' (જ્ઞાતિપત્ર) દ્વારા સમગ્ર ગુજરાતના બ્રહ્મભટ્ટોને જાગૃત અને પ્રવૃત્ત કરનાર તથા મૂક સેવક પૂ. શ્રી વાડીલાલ ત્રી. બ્રહ્મભટ્ટ (કાકાનું તારાપુર) શ્રી ગજેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ (સાવલી) અને શ્રી કુંજબિહારી બારોટ વગેરેએ સ્વજ્ઞાતિના ઉત્કર્ષ તથા સમાજરાષ્ટ્રના ચારિત્ર્ય નિર્માણ સંદર્ભે કરેલ પ્રદાનને સાદર યાદ કરીને વિરમું છું.

(સ્વજ્ઞાતિ સંદર્ભે છેલ્લા કેટલાક સમયથી થયેલા સંશોધનોમાં ડૉ.નટવરભાઈ જાની એ કરેલા બ્રહ્મભટ્ટ જાતિના કવિઓ પરના પીએચ.ડી. શોધકાર્ય તથા નિવૃત્ત પોલિસ ઓફીસર શ્રી વિષ્ણુભાઈ બ્રહ્મભટ્ટે (ભાંડુ) રચેલા 'બ્રહ્મભટ્ટ શૌર્યગાથાઓ' જેવી કેટલીક રચનાઓ પર જિજ્ઞાસુ વાંચકોને એક નજર કરી લેવા વિનંતી. અત્રે ખાસ નોંધ કરવાની કે આ પ્રકરણમાં – બીજી આવૃત્તિ વેળાએ, પીએચ.ડી. શોધકાર્યની અગાઉની મર્યાદા ન રહેતાં મને મળેલી માહિતી અનુસાર, નવા ઉમેરાયેલા જ્યોર્તિધરોને એમની યોગ્યતા પ્રમાણે ક્રમમાં ગોઠવવાના ઇરાદાથી એમને લગતું મેટર સીધું જ – પાદનોંધ વિના મૂકેલ છે, જેની સુજ્ઞ વાચકમિત્રોને નોંધ લેવા અને દરગુજર કરવા નમ્ર વિનંતી છે. – આભાર, *લેખક.*) અસ્તુ.

●



## નભોમંડળના ધ્રુવતારક
## શ્રી દિનેશભાઈ કાનજીભાઈ બ્રહ્મભટ્ટ (ગોળવાળા) થલતેજ

સમાજ શ્રેષ્ઠી સ્વ. કાનજીભાઈ અને નર્મદાબા બ્રહ્મભટ્ટના જયેષ્ઠ પુત્ર કુલશ્રેષ્ઠ દિનેશભાઈનો જન્મ સને ૧૯૫૩ની સાલમાં થલતેજ મુકામે થયેલ જ્ઞાતિ, સમાજ, માનવ માત્ર પ્રત્યેના પરોપકારના ગુણ વારસામાં મળેલ હતાં.

માત-પિતાના ચિંધીત માર્ગે તેઓ પણ ચાલતા રહેલા છે. તેઓનું બાળપણ સરસપુર મુકામે શણગાર શેરીમાં પ્રસાર થયું. ધોરણ-૫ થી ધોરણ-૧૧ સુધીનું શિક્ષણ સીટી હાઈસ્કૂલ ખીજડાની પોળ, રાયપુરમાં મેળવ્યું. ત્યારબાદ પિતાશ્રીના ગોળના વ્યવસાયમાં જોડાયા ગોલગલી, ઢાલગરવાળમાં પિતાનો ગોળનો મોટો વ્યવસાય હતો, એટલે ગોળવાળા તરીકે ઓળખાવા લાગ્યા અને આ તેમની અટક બની ગઈ ત્યારબાદ તેઓએ માધુપુરા ખાતે દીપક ટ્રેડીંગ કંપની નામની કમીશનની પેઢી શરૂ કરી કોલ્હાપુર, કરાડ, સાંગલી, પૂના, મુઝફ્ફરનગર, હાપૂર, પૂરકાજી, સાયલી જેવા શહેરોમાં જાતે જઈ મહિનાઓ સુધી રોકાઈ ખેતરે ખેતરે ફરી ઉચ્ચ કટીનો ગોળ પસંદ કરી અમદાવાદ લાવતા, જેને કારણે ગોળના વેપારમાં ખુબ જ નામના મેળવી ૫૦ વર્ષ સુધી આ વેપારમાં ગાળાબુડ રહી યશસ્વી કામગીરી કરી સાથે સાથે મિરઝાપુર ખાતે અજંતા નામે હોટલના વ્યવસાયમાં પણ ઝંપલાવ્યું છેલ્લા ૬૦ વર્ષથી આ હિતેલાનો કારભાર પણ સફળતાપૂર્વક સંભાળી રહ્યા છે.

પિતાએ આપેલ સંસ્કારની કેડી ઉપર ચાલી આગળ વધવા લાગ્યા બ્રહ્મભટ્ટ સમાજની સંસ્થા દંઢાવ બ્રહ્મભટ્ટ મંડળ અમદાવાદ સાથે રહી સમાજ સેવાના કાર્યો તન, મન અને ધનથી કરવા લાગ્યા. દંઢાવ મંડળનો હોલ સારો થાય તે માટે પોતાનો કિંમતી સમય ફાળવી સતત હાજર રહી નવીન હોલ તૈયાર કરાવ્યો દંઢાવ મંડળના માસિક શુભદા ના પ્રચાર અને અને પ્રસાર માટે અને તેના સભ્યો બનાવવા માટે સ્વખર્ચે ગામડે ફરતા ત્યારબાદ સમાજના આગેવાનો સાથે ખભેખભા મીલાવી સમાજની એકતા અને ઉત્કર્ષ માટે યુવામેળા, સમૂહલગ્નો, બી.ડી.રાવ હોલનું રીપેરીંગ ખડે પગે ઉભા રહી ખુબ ચીવટ અને ચોક્કસાઈથી કરાવ્યું. ધન સમાજ માટે સદમાર્ગે વપરાય તે તેમનું જીવન ધ્યેય હતુ સહજ, સરળ ઉદાર સમજુ દષ્ટીવંત પ્રતિભાવાન સંવેદનશીલ અને પરિવારની ભાવના જેવા ગુણો દાખવનાર દિનેશભાઈએ સમાજ સેવા કરવામાં પાછું વાળીને જોયું નથી. બ્રહ્મભટ્ટ સમાજના યુવાનો બહેનો વિધવાઓ અને બીમાર વ્યક્તિઓ પ્રત્યે સદાય ચિંતા દાખવનાર છે.

તેમની કામગીરી પરિવારના પાલનપોષણ પૂરતી સિમિત રહી નથી પરંતુ સમાજના જન, જન સુધી તેમનો પ્રેમ વિસ્તર્યો છે. પુષ્કળ સંપત્તિના માલિક છે. અને આ સંપત્તિનો તેઓ સમાજ સેવા માટે સદુપયોગ કરી રહ્યા છે. બી.ડી.રાવ ટ્રસ્ટને ૫૧ લાખ રૂપિયા જેવી માતબાર રકમનું દાન કરેલ છે. આ ઉપરાંત બ્રહ્મભટ્ટ સમાજના સમૂહલગ્નો મંદિરો અને વિધવા સહાય માટે ઉદાર હાથે દાન આપ્યું છે. અને આપે જાય છે. કોરોના કાળમાં પણ બ્રહ્મભટ્ટ સમાજ માટે ખડા પગે ઉભા રહી તન, મન અને ધનથી અનેક લોકોની સેવા કરી છે. તેમના સગા સંબંધીઓ મિત્રો અને જરૂરીયાતમંદ લોકોને ગુપ્તદાનથી સહાય કરી છે. તેઓ કોટ્યાધીપતી દાતા છે એટલે કે તેમણે અત્યાર સુધીમાં એક કરોડ રૂપિયાનું દાન કરેલ છે.



## શ્રી રાજેન્દ્રકુમાર બાબુલાલ બ્રહ્મભટ્ટ (IPS)

**નિડર પૂર્વ.એડી. ડાયરેક્ટર જનરલ ઓફ પોલિસ**

મહેસાણા જિલ્લાના સિડોસણા ગામે (ઈ.સ.૧૯૬૪)માં જન્મેલા શ્રી રાજેન્દ્રકુમારે પ્રાથમિક શિક્ષણ વતનમાં અને માધ્યમિક શિક્ષણ જોટાણા ખાતે મેળવ્યું તે પછી અમદાવાદની પ્રખ્યાત એચ.એલ.કોમર્સ કૉલેજમાં બી.કોમ સુધીનો અભ્યાસ કરી સૌ પ્રથમ સચિવાલય - ગાંધીનગર ખાતે સિંચાઈ વિભાગમાં ક્લાર્ક તરીકે કારકીર્દીની શરૂઆત કરી. ત્યારબાદ જી.પી.એસ.સી. ક્લાસ-૧ની સીધી ભરતીથી ડેપ્યુટી સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોલિસના પદે નિયુક્તી પામ્યા. આપશ્રીની ઉત્કૃષ્ટ કામગીરી ધ્યાને લઈ ભારત સરકારે આપને આઈ.પી.એસ.કેડરમાં નિયુક્ત કર્યા (૧૯૯૫).

એસ.પી. તરીકેની ફરજ દરમ્યાન ગાંધીનગર ‘‘અક્ષરધામ’’ સ્વામિનારાયણ મંદિર ઉપર આતંકવાદીઓનો હુમલો થયો તે બનાવના સમાચાર મળતાં જ તેમણે તેમની ટીમ સાથે ઘટના સ્થળે પહોંચી જીવના જોખમે પરિસ્થિતિ ઉપર કંટ્રોલ મેળવ્યો. તેમના આ કાર્ય બદલ સરકારે, શોર્ય અને નૈતૃત્વ સંદર્ભે અપાતા રાષ્ટ્રપતિશ્રીના ગેલેન્ટરી એવોર્ડ (શોર્ય ચંદ્રક)થી નવાજ્યા.

આપશ્રી દ્વારા ઉત્કૃષ્ટ, ખંત, વફાદારી અને ઈમાનદારી પૂર્વક ફરજ બજાવવા બદલ રાષ્ટ્રપતિશ્રી દ્વારા (૧) રાષ્ટ્રપતિશ્રીનો શોર્ય ચંદ્રક એવોર્ડ-૨૦૦૩ (૨) ઉત્કૃષ્ટ સેવા બદલ ભારત સરકારશ્રીનો એવોર્ડ-૨૦૧૧ (૩) રાષ્ટ્રપતિશ્રીનો વિશિષ્ટ સેવા મેડલ - ૨૦૧૬ (૪) ડી.જી.પીશ્રી તરફથી ઉત્કૃષ્ટ સેવા બદલ સિલ્વર ડીસ્ક એવોર્ડ-૨૦૧૯ (૫) ડી.જી.પી. તરફથી સેવા બદલ ગોલ્ડ ડીસ્ક એવોર્ડ-૨૦૨૩ આપવામાં આવ્યા છે. આપશ્રીએ ઉપરોક્ત એવોર્ડ મેળવી કુટુંબ તથા સમાજનું પણ નામ રોશન કર્યુ છે. ઉપરોક્ત કામગીરી બદલ જેટલાં અભિનંદન આપીએ તેટલાં ઓછાં છે.

સમાજની સેવાકીય પ્રવૃત્તિઓમાં ખાસ સમૂહ લગ્નોત્સવમાં આપના તરફથી નિયમીત સહકાર મળેલ છે. તે બદલ આપનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. આપશ્રી ૩૪ વર્ષની સેવા પ્રદાન કરીને નિષ્કલંક અને સ્વમાન પૂર્વક નિવૃત્ત થયા છો તેનો અનેરો આનંદ પણ છે. પ્રભુને પ્રાર્થીએ કે આપનું શેષજીવન પરિવાર, સમાજ, આધાત્મક અને દેશ સેવામાં લાગેલું રહે. આપ હંમેશા સમગ્ર સમાજ માટે દીવાદંડીરૂપ બની રહો તેમજ સ્વાસ્થ્ય સમૃદ્ધિના સ્વામી બની રહો એજ અભ્યર્થના.

•



## શ્રી તરૂણભાઈ અમૃતભાઈ બારોટ
## જાંબાઝ પોલીસ અધિકારી/સમાજ સેવક :

શ્રી તરૂણભાઈએ સમાજ ઘડતર માટે સતત પ્રયત્નશીલ રહીને પોતાના આદર્શોને અનુરૂપ એક આદર્શ સમાજનું નિર્માણ કરવા ઉપરાંત દેશહિતની સેવામાં પણ અગ્રેસર રહી એક બાહોશ પોલીસ અધિકારી તરીકે આગવી ઓળખ ઊભી કરીને, અસામાજિક તત્ત્વો અને ત્રાસવાદીઓને જાનની બાજી લગાવી, પરાસ્ત કરી, યશસ્વી કામગીરી બજાવી છે. તે બદલ **શ્રી તરૂણભાઈ** ને ગુજરાત સરકાર તરફથી બાર એવોર્ડ, અન્ય ત્રણ રાજ્યસરકારના એવોર્ડ તેમજ કેન્દ્ર સરકાર તરફથી બે એવોર્ડ તેમજ એક મહામહિમ રાષ્ટ્રપતિ મેડલ એનાયત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત અન્ય નામાંકિત સામાજિક સંસ્થાઓ દ્વારા અસંખ્ય સન્માનપત્રોથી પણ સન્માનિત કરવામાં આવ્યા છે. પોતાની પોલીસ ખાતાની ૨૮ વર્ષની કારકિર્દીમાં ૨૨ વર્ષ ક્રાઈમ બ્રાંચ-એ.ટી.એસ. વિભાગમાં બજાવેલ કામગીરી તેની સાક્ષી છે. આ દરમ્યાન તેમણે રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાત અને ગુજરાત બહાર આતંકવાદીઓને ઠાર કરી, એન્કાઉન્ટર સ્પેશ્યાલિસ્ટ તરીકે આગવી ઓળખ ઉભી કરી, મોટા પ્રમાણમાં ડ્રગ્સ અને કેફી પદાર્થો સાથેના ગુનેગારોને ઝબ્બે કર્યા છે. સાથે સાથે ગેરમાર્ગે જતી અસંખ્ય દીકરીઓને સમજાવી, તેમના પરિવારને પરત સોંપી છે.

આ ઉપરાંત સામાજિક ક્ષેત્રે તેમણે કોરોના મહામારીમાં લોકડાઉન દરમિયાન સતત ૮૧ દિવસ સુધી દરરોજ ૫૫૦૦ થી ૬૦૦૦ જરૂરીયાતમંદ લોકોને ભોજનની વ્યવસ્થા અમદાવાદના ભીડભંડન હનુમાન, (બાપુનગર) વિસ્તારમાં કરેલ છે. તદ્ઉપરાંત જરૂરિયાતમંદ દર્દીઓને ઓક્સિજન, ઈંજેકશન અને દવાઓ પણ આપવાની સરાહનીય કામગીરી કરેલ છે. અમદાવાદની રથયાત્રામાં છેલ્લા ૨૫ વર્ષ થી સલામતીની વ્યવસ્થાનું સંચાલન તેમના નેતૃત્વ હેઠળ સફળતા પૂર્વક સંપન્ન થયેલ છે. કોરોનાના કપરા સંજોગોમાં સીવીલ હૉસ્પિટલ દર્દીઓ માટે તેમણે ખડે પગે સેવા અને સારવાર કરી છે. વળી ૭૨ ઉપરાંત મૃતકના અગ્નિસંસ્કાર જાતે ઉભા રહી કરેલ છે. સાથે સાથે ૨૬૦૦ ઉપરાંત બહેનોને અનાજની કિટ અર્પણ કરવા ઉપરાંત ૬ ગરીબ દિકરીઓના નિઃશુલ્ક લગ્ન પણ કરાવીઆપી ઉમદા સમાજસેવા બજાવી છે.

શ્રી તરૂણભાઈએ તાજેતરમાં પોલીસ ભરતી દરમિયાન ઉત્સુક યુવક યુવતીઓને ભરતી થવા માટે જરૂરી માર્ગદર્શન પણ પુરું પાડેલ છે. એમના પિતાશ્રી અમૃતભાઈ બારોટ દ્વારા સ્થાપિત આનંદ અમૃત ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લાં ૨૮ વર્ષથી ગરીબો માટે સદાવ્રતની સેવાઓ ચલાવી રહ્યા છે. સમાજની બહેનો માટે દહેજની માંગણી બાબતની તકલીફો દૂર કરવા 'સમસ્ત બ્રહ્મભટ્ટ સમાજ સેવા સેતુ મંચ અમદાવાદ' નામક સંસ્થા શરૂ કરી, અત્યાર સુધીમાં છ થી સાત બહેનોના દહેજના પ્રશ્નનો નિકાલ કર્યો છે. તાજેતરમાં ઇન્ટરનેશનલ કોન્કલેવ ઓફ ગુડ ગર્વનન્સ ૨૦૨૪-લંડન (યુ.કે.) ખાતે આયોજીત કાર્યક્રમમાં શ્રી તરૂણભાઈને ત્યાનાં સંસદશ્રીઓ વિવિધ નગરોના મેયરશ્રીઓ તેમજ નિવાસી ભારતીય અગ્રણીઓની ઉપસ્થિતિમાં સન્માનિત કરવામાં આવ્યા એ આનંદ અને ગૌરવની વાત છે. આવા શ્રી તરૂણભાઈની નિવૃત્તિને ઈશ્વર નીરામય અને દીર્ઘકાલીન બનાવે એજ પ્રાર્થના.

•



**નામ : ડો. હર્ષિદા પંડ્યા (બારોટ)**

અભ્યાસ : એમ.એ; ૧૯૮૫ પીએચ.ડી. ૧૯૯૧
વિષય : ગુજરાતી અધ્યાપક ૧૯૮૬ થી ૨૦૦૭
આચાર્યા : ૨૦૦૭ થી જૂન ૨૦૨૪ જુલાઈ
નિવૃતિ : ૨૦૨૪ થી સ્વૈચ્છિક
વ્યવસાય : પૂર્વ આચાર્યા એસ.ડી.આર્ટ્સ એન્ડ શાહ બી.આર કૉમર્સ કૉલેજ, માણસા, જિ. ગાંધીનગર
અનુભવ : ૩૬ વર્ષ
જન્મ : ૨૧-૦૭-૧૯૬૩ શ્રાવણી પ્રતિપદા
પ્રકાશનો :
વાર્તાસંગ્રહ : ૧) શ્વેત પંખીનું સામ્રાજ્ય (૧૯૮૩)
૨) માદક દરિયો ને હું (૨૦૦૫)
કાવ્યસંગ્રહ : ૧) જળની દીવાલો (૨૦૦૭)
વિવેચનસંગ્રહ : ૧) વિવક્ષા (૨૦૦૬)
સંશોધન : ૧) લોકસાહિત્યમાં માનવસંવેદના (૧૯૮૯)
૨) સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી વિવેચન : સૈદ્ધાંતિક અને પ્રત્યક્ષ (૧૯૯૫)
સંપાદન : ૧) સત્રસંવાદ -૨ (૧૯૮૭)
૨) અરવિંદ વેગડાની પ્રતિનિધિ દલિત કવિતાઓ (૨૦૧૭)
૩) પથિક પરમારની શ્રેષ્ઠ દલિત વાર્તાઓ (૨૦૧૭)
૪) પથિક પરમારની પ્રતિનિધિ દલિત વાર્તાઓ (૨૦૧૭)
૫) 'અગનઝાળ' વિશે (૨૦૧૭)
૬) 'તલપ' વિશે (૨૦૧૭)
વિદ્યાર્થી અભ્યાસ લક્ષી વિશેષ :
૧) ગુજરાતી સાહિત્યનો જ્ઞાન સાગર (૨૦૧૨)
૨) જ્ઞાનપ્રવિધિ ભાગ : ૧,૨,૩ (૨૦૧૪)

જુદી જુદી યુનિવર્સિટીમાં એમ.ફિલ., પીએચ.ડી. વાયવા લેવા ૨૦ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા પીએચ.ડી. ની પદવી પ્રાપ્ત થઈ અનેકવિધ સામયિકો અને પુસ્તકોમાં સર્જન, વિવેચન, સંશોધન લેખો પ્રકાસિત. શિક્ષણ, સાહિત્ય, સંસ્કૃતિ અને સામાજિક પ્રવૃત્તિમાં કાર્યરત. વાર્તા-કવિતાને જિલ્લા પુરસ્કાર, ગુજરાત સાહિત્ય અકાદમી, મમતા એવોર્ડ, તાદર્થ્ય પુરસ્કાર, મ.સ.યુનિવર્સિટી સાહિત્ય સંશોધન પ્રથમ પુરસ્કાર તથા અન્ય સંસ્થાઓ દ્વારા પુરસ્કૃત પામેલ છે. આકાશવાણી, દૂરદર્શન, બાયસેગ તથા અન્ય શૈક્ષણિક, સાહિત્યિક સંસ્થાઓમાં વ્યાખ્યાન, ઈન્ટરવ્યૂ... પાઠ્યપુસ્તક મંડળમાં સક્રિય યોગદાન. કોરાનાકાળમાં દિલ્હી આકાશવાણીમાં જાગૃતિ હેતુ પ્રસારણ.

## પાદનોંધ

૧૧. છોટાલાલ પુ. માતરવાળા, ''સ્વ. નારાયણ વિષે કાંઈક'', ભટ્ટભાસ્કર, (જુન-ઓગસ્ટ ૧૯૩૮) પૃ. ૨૧૮

૧૨. ચૂ.પુ.બારોટ, ''સ્મરણ અને મનન''. ભટ્ટભાસ્કર-નારાયણાંક : સપ્ટે. ૧૯૧૬ : પૃ. ૯૧

૧૩. એજન, પૃ. ૯૧

૧૪. એજન, પૃ. ૮૩

૧૫. ભૂપતસિંહ શિ. બારોટ-'જલધિ', ''મરજીવા નારાયણ'', ભટ્ટભાસ્કર (સપ્ટે. ૧૯૨૬)

૧૬. સીતારામ શર્મા, ''નારાયણ એક સબળ વ્યક્તિ'', ઉપર્યુક્ત પૃ. ૨૪-૩૫

૧૭. જંગલરાવ દ. ઠાકૂર, ''કેટલાંક સ્મરણો'' ઉપર્યુક્ત પૃ. ૪૨-૪૪

૧૮. જે. એ. બારોટ, ''મેં નિરખેલા નારાયણ'', ઉપર્યુક્ત પૃ. ૪૫-૪૭

૧૯. ગોપાલભાઈ ઝી. બ્રહ્મભટ્ટ ''પૂ. નારાયણનાં સંસ્મરણો'', ઉપર્યુક્ત પૃ ૫૭-૬૨

૧૦. જેઠાલાલ મો. બારોટ, ઉપર્યુક્ત પૃ. ૭૯-૮૧

૧૧. ચતુરભાઈ શક. પટેલ, ''નમ્ર નિવાપાંજલિ'', ઉપર્યુક્ત પૃ. ૬૩-૬૫

૧૨. વિઠ્ઠલભાઈ ન. બ્રહ્મભટ્ટ, ઉપર્યુક્ત પૃ. ૫૬

૧૩. ડાહ્યાભાઈ જ. બ્રહ્મભટ્ટ, ''પુરુષોત્તમ વિરહ'', ઉપર્યુક્ત પૃ. ૭૮

૧૪. ભૂપતસિંહ બારોટ ''જલધિ'', ''હાજીભાઈ સ્મારક અંક'' ભટ્ટભાસ્કર, (ઓગસ્ટ ૧૯૨૫) પૃ. ૩૦૦

૧૫. ચૂ. પુ. બારોટ, ''મનન'', ઉપર્યુક્ત પૃ. ૩૧૪

૧૬. ઉત્સાહી, ''દાજીની સેવાઓ'', ઉપર્યુક્ત પૃ. ૩૦૫

૧૭. અંબાલાલ રા. દેવીપુત્ર, ''બેકદર'', ઉપર્યુક્ત પૃ. ૩૦૦

૧૮. ખોદભાઈ વ. બ્રહ્મભટ્ટ ''મારો અનુભવ'' , ઉપર્યુક્ત પૃ. ૩૦૯

૧૯. રમણલાલ ૫. વ્યાસ, ''સાધુના સંન્યાસ'', ઉપર્યુક્ત પૃ. ૩૦૦

૨૦. હિમ્મતભાઈ રાવ, ''અંતવખત'', ઉપર્યુક્ત પૃ. ૩૧૧

૨૧. પુરુષોતમદાસ માતરવાળા ''સ્વ. દાજી'' ઉપર્યુક્ત પૃ. ૨૮૯

૨૨. પ્રહલાદ બ્રહ્મભટ્ટ ''પડી ગઈ ખોટ જ્ઞાતિમાં'' ઉપર્યુક્ત પૃ. ૨૯૦

૨૩. ચૂ.પુ.બારોટ ''ભટ્ટભાસ્કર'' : સપ્ટે-૧૯૫૮ : પૃ. ૨૭૦

૨૪. ''બ્રહ્મભટ્ટયુવક''-રજતજ્યંતિ અંક : નવે. ૧૯૬૫ : પૃ. ૨૭૮

૨૫. શ્રી ચૂ. પુ. બારોટ પોતાના પગારમાંથી ઘરખર્ચ જેટલી રકમ રાકી બાકીનાં નાણાં વિદ્યાપીઠમાં પૂ. ગાંધીબાપૂ પાસે સ્વાધીનતા લડત માટે જમા કરાવતા. : શ્રી ચૂ. પુ.ના દિકરા શ્રી બંસીભાઈની તારીખ ૮-૪-૧૯૯૨ રૂબરૂ મુલાકાતને આધારે.

૨૬. ડો. જ્યેશકુમાર શુક્લ : પા. એચ. કે. આર્ટ્સ કોલેજ, અમદાવાદની રૂબરૂ મુલાકાત : તારીખ ૨-૫-૧૯૯૨ : ને આધારે.

૨૭. ''સ્વતંત્ર આફ્રિકાની સફર'' ચૂ. પુ. બારોટ પર ''પ્રસ્થાન''ના તંત્રીની નોંધ : અમદાવાદ ૧૯૪૭ : પૃ. ૨૦૭

૨૮. ''જલધિ'', ''મરજીવા નારાયણ'' ભટ્ટભાસ્કર : સપ્ટે. ૧૯૬૨ : પૃ.૧૧

૨૯. શ્રી બંસીભાઈ પૂ., બારોટની ઉપરોક્ત મુલાકાતને આધારે.

૩૦. સ્વ.શ્રી ચતુરભાઈ લ.બારોટ : ભાટવાસ, તા. ખેરાલુની તારીખ : ૧૮-૫-૯૨ની મુલાકાત.

૩૧. વિરેન્દ્ર ચૂ. બારોટ : વાઈસ પ્રેસી.ધ. ઓડીટસ એન્ડ સર્વે બીલ્ડીંગ-ન્યુયોર્ક. : ની રૂબરૂ મુલાકાત.: અમદાવાદ તારીખ ૭-૧-૧૯૯૧.

૩૨. ચૂ. પૂ. બારોટનું માનપત્ર-ભટ્ટભાસ્કર, : સપ્ટે ૧૯૫૮ : પૃ. ૨૭૦

૩૩. એજન, પૃ. ૨૫૮

૩૪. એજન, પૃ. ૨૫૮

૩૫. એજન, પૃ. ૨૫૯

૩૬. એજન, પૃ. ૨૬૦

૩૭. શ્રી. બંસીભાઈ ચૂ. બારોટની ઉપરોક્ત મુલાકતને આધારે.

૩૮. ચંદ્રકાંત હ. રાવ અને શ્રી દીપક ''સ્વ. શ્રી.ચૂ. પુ. બારોટ સ્મારક અંક'' ભટ્ટભાસ્કર, ડીસ. ૧૯૮૪ પૃ. ૨૨૮-૨૩૧

૩૯. પ્રતાપ કડીકર, ઉપર્યુક્ત પૃ. ૨૧૭

૪૦. શ્રી એન.સી. બારોટ અને શ્રી રણછોડભાઈ બ્રહ્મભટ્ટ, ઉપર્યુક્ત પૃ. ૨૨૧

૪૧. ગ્રંથ અને ગ્રંથકાર-પુસ્તક : અમદાવાદ ૧૯૩૦, : પૃ. ૧૯૫-૯૬ તથા શ્રી રામજીભાઈ કડીયા, કડીનો પત્ર : તારીખ ૫-૭-૧૯૯૩ : તેમ ''બ્રહ્મભટ્ટયુવક'' : નવે.-૧૯૬૫ : પૃ. ૨૪૬-૪૭ને આધારે.

૪૨. બ્રહ્મભટ્ટોત્કર્ષ, : અમદાવાદ, ઓગસ્ટ-૧૯૭૩ : મુખપૃષ્ઠ

૪૩. ભટ્ટભાસ્કર, : જાન્યુઆરી ૧૯૨૮ : પૃ. ૧૩૪

૪૪. બ્રહ્મભટ્ટયુવક, (અમદાવાદ-નવે. ૧૯૬૫) પૃ. ૨૮૬-૮૭

૪૫. લોકસાહિત્યનાં ઉપાસક સ્વ. મણીબેન શર્મા, સ્ત્રીજીવન, : માર્ચ-૧૯૬૫ : પૃ. ૮-૯

૪૬. શ્રીમતી શાંતાબેન બ્રહ્મભટ્ટ : મુંબઈ : નો શ્રી મગનભાઈ કે બારોટ : ચાંગા : દ્વારા રૂબરૂ મળેલ પત્ર : તારીખ ૨૭-૨-૧૯૯૩.

૪૭. ભટ્ટભાસ્કર, (અમદાવાદ, માર્ચ ૧૯૫૫) પૃ. ૧૮૩

૪૮. એજન, પૃ. ૧૮૪

૪૯. બ્રહ્મભટ્ટ યુવક, (અમદાવાદ, નવે-૧૯૬૮) પૃ. ૨૭૪-૭૫

૫૦. ચૂ.પુ.બારોટ, ''આસ્વાદ'' : પ્રસ્તાવના : બ્રહ્મભટ્ટ ચેતન ભાગ-૧ : અમદાવાદ ૧૯૨૭ : પૃ. ૧-૭

૫૧. સીતારામ શર્મા, ''સસાસ્વાદ'' : પ્રસ્તાવના : બ્રહ્મભટ્ટ ચેતન-ભાગ. ૨ : મુંબઈ, ૧૯૨૭ : પૃ. ૧-૫ તથા શ્રી ઝવેર કવિનાં પુત્રી શ્રીમતી ગુણીયલબેન પ્રભુદાસની તારીખ ૨૩-૩-૯૩, અમદાવાદની મુલાકાત.

૫૨. ''ભટ્ટભાસ્કર, : જુલાઈ-સપ્ટે. ૧૯૩૨ : પૃ. ૨૫૭

૫૩. શ્રી મં ચ. કવિના પૌત્ર રવિન્દ્રભાઈ : કલોલની મુલાકાત : તા. ૧૦-૫-૯૩ અને પત્ર તા. ૧૭-૫-૯૩

૫૪. જસવંત દાણી : તંત્રી : 'પ્રવૃત્તિઓના પ્રેરણાદાતા સ્વ. પ્રતાપસિંહ બ્રહ્મભટ્ટ-સ્મૃતિઅંક'' પ્રગતિ : ઉંઝા ૧૯૮૬ : પૃ. ૧-૬૦

૫૫. શ્રી નાનુભાઈ કા. બારોટ : અમદાવાદની તારીખ ૧૫-૪-૧૯૯૩ની મુલાકાત

૫૬. બ્રહ્મભટ્ટ યુવક : નવે. ૧૯૬૫ : પૃ. ૨૭૯ + ૩૩૩

૫૭. ''બ્રહ્મભટ્ટ યુવક'' : જાન્યુ. ૧૯૭૧ : પૃ. ૨૫ તથા શ્રી બંસીભાઈની ઉપરોક્ત મુલાકાત.

૫૮. શ્રીમતી કંચનબેન ડા. બારોટ, ''શ્રી કેદાર બદ્રીનારાયણ પ્રવાસ, : નડીયાદ-મે. ૧૯૭૨ : પૃ ૧.

૫૯. પ્રમુખ-મંત્રી શ્રી બ્રહ્મભટ્ટ ભગિની સમાજનું માનપત્ર : નડિયાદ, તારીખ ૭-૧૦-૧૯૬૮: અને શ્રી નીરંજન માતરવાળા પુરુષોત્તમદાસ માતરવાળાના પૌત્રની : ગાંધીનગર : તા.૧૫-૪-૧૯૯૩ : રૂબરૂ મુલાકાત.

૬૦. વ્રજલાલ મો. બ્રહ્મભટ્ટ-''મંગલમ્'', પિએ ટુ. મિનીસ્ટર : ગાંધીનગરની તારીખ ૧૫-૪-૧૯૯૩ની મુલાકાત.

૬૧. હરિશભાઈ પ. ગણાત્રા : મેનેજર ગુ. રા. સ. કૃષિ અને ગ્રા. વિ. બેંક, અમદાવાદ : તારીખ ૬-૪-૧૯૯૩ની રૂબરૂ મુલાકાતને આધારે.

૬૨. ''બ્રહ્મભટ્ટ યુવક'' : અમદાવાદ નવે. ૧૯૬૫ : પૃ. ૩૪૨-૩૪૩

૬૩. વધુ વિગત માટે જુનો ''પ્રસંગપટ'', ગુજરાત સમાચાર, : તારીખ ૧૨-૧૦-૧૯૭૪

૬૪. વધુ વિગત માટે જુઓ જનસત્તા : પ્રથમ પૃષ્ઠ : અને ઈન્ડિયન એક્સપ્રેસ, પૃ. ૫ : તારીખ ૩-૧૦-૧૯૮૦.


•

પ્રકરણ-૭

# સમાપન

ગુજરાત યુનિવર્સિટીના ઇતિહાસ વિભાગ તથા U.G.C.ની નેશનલ ટિચર (રિસર્ચ) ફેલોશિયતા ભાગરૂપ તૈયાર કરવામાં આવેલ મહાનિબંધના કેટલાક મહત્ત્વનાં તારણો સંક્ષિપ્તમાં નીચે મુજબ છે.

વાસ્તવમાં બ્રહ્મભટ્ટ જ્ઞાતિએ પ્રાચીન કાળથી શરૂ કરીને ૧૯મા સૈકા સુધી દેશભરના તથા ગુજરાતના પરંપરાગત સંસ્કારોને પુષ્ટ કરીને ટકાવી રાખવાનું મહત્ત્વનું કામ કર્યું છે. આપણે આ શોધ ગ્રંથમાં અગાઉ ભારપૂર્વક જણાવ્યું છે કે, જનોઈ ધારણ કરતા અને કેટલેક અંશે ગ્રામીણ સંસ્કૃતિ પ્રદર્શિત કરતા બ્રહ્મભટ્ટોનું સ્થાન ગુજરાતમાં ઘણું જ ઊંચું હતું. તે એટલે સુધી કે તેમને ગુજરાતની પ્રજા ક્વચિત બ્રાહ્મણો કરતાં પણ વધારે પવિત્ર ગણતી. ક્યાં કારણોથી આમ બન્યું હશે તેવો પ્રશ્ન કોઈને પણ સ્વાભાવિક રીતે જ થાય. તેનું મુખ્ય કારણ મારી સમજ મુજબ, એ હતું કે બ્રહ્મભટ્ટ લોકો, બ્રાહ્મણ અને ક્ષત્રિયની પ્રતિભા  એકસાથે કે સંયુક્તપણે ધરાવતા હતા. સંસ્કૃત, હિન્દી અને ગુજરાતી ગ્રંથોનો અભ્યાસ કરીને તેઓ પોતાની આગવી રીતે લોકસાહિત્ય અને લોકશિક્ષણનો પ્રચાર કરતા. જે જમાનામાં ગુજરાતી ભાષાનું સાહિત્ય આધુનિકયુગની જેમ વિકસ્યું ન હતું તે જમાનામાં તેઓ શ્રૃંગાર, ભક્તિ, વૈરાગ્ય અને વીરરસથી ઉભરાતાં કાવ્યો રચતા. તેથી જ તેઓ માત્ર ગુજરાતના જ નહિ પરંતુ રાજસ્થાનના રાજદરબારોમાં પણ માન-અકરામ પામતા હતા. બ્રાહ્મણ તરીકેની તેમની આ ભૂમિકા ઘણી જ મહત્ત્વની હતી. પરંતુ આ ઉપરાંત ક્ષત્રિય તરીકેની ભૂમિકા પણ અદા કરી હતી. સત્તરમા સૈકા દરમ્યાન જીન-દ-થેવેનો જેવા જે યુરોપીયન મુસાફરો ગુજરાતમાં આવ્યા હતા, તેમણે જેમાં મુખ્યત્વે સમાવિષ્ટ કર્નલ જેમ્સટોડ, જેમ્સ ફોર્બ્સ, એ. કે. ફોર્બ્સ અને એચ. જી. બ્રીગ્સ જેવા વિદ્વાનોએ બ્રહ્મભટ્ટોની ક્ષાત્રવૃત્તિની પ્રશંસા કરતાં જણાવ્યું છે કે તેઓ રણક્ષેત્રોમાં વીરરસભર્યા ગીતો ને દૂંદંભીનાદો ગર્જાવીને સૈનિકોમાં આત્મસર્મપણની ભાવનાને પુષ્ટ કરતા બ્રહ્મભટ્ટોએ ઈતિહાસમાં પરંપરાગત સાહિત્યકારો તરીકેની તેમજ યોદ્ધાઓ તરીકેની ભૂમિકા ભજવી છે. ભારતના સર્વપ્રથમ આધારભૂત ઈતિહાસ ‘રાજતરંગીણી’માં કાશ્મિરનો ઈતિહાસ આલેખનાર બ્રહ્મભટ્ટકવિ ‘કલ્હણે’ ભારતીય ઈતિહાસ લેખનની પરંપરાને વિશ્વભરમાં સન્માનજનક સ્થાન અપાવ્યું છે. ભારતીય પ્રજામાં ઈતિહાસની દૃષ્ટિ નહીં

હોવાનું વિશ્વ ઈતિહાસકારોનું નાલેશી ભર્યું મ્હેણું એમણે જ ટાળ્યું છે. બ્રહ્મભટ્ટોનું કાર્ય એટલેથી સમાપ્ત થતું નથી. મધ્યયુગ દરમ્યાન જ્યારે વેપારીઓ અને મુસાફરોને ઠગ અને લૂંટારાઓ, લૂંટી લેતા તેવા સંજોગોમાં તેમનું રક્ષણ કરનાર માત્ર બ્રહ્મભટ્ટો જ હતા. બ્રહ્મભટ્ટ વળાવીયાનું અને તેની સાથે જતા વટેમાર્ગુનું લોહીનું એક ટીપું પડે તો, તેને લૂંટારાઓ પોતાના વ્યસાય માટે અશુભ માનતા. એવાં કેટલાંય દષ્ટાંતો છે કે જે દર્શાવે છે કે મુઘલકાળ દરમ્યાન જમીનમાર્ગે પસાર થતા વેપારીઓના કાફલા, બ્રહ્મભટ્ટોને રક્ષણાર્થે રોકતા. ૧૮મા અને ૧૯મા સૈકા દરમ્યાન પણ ત્રવાડી (ત્રિવેદી) શ્રીકૃષ્ણ અર્જુનજી નાથજી, હરિભક્તિ, આત્મારામ ભૂખણ, વખતચંદ ખૂશાલચંદ અને હિમાભાઈ વખતચંદ જેવા શેઠ શાહુકારો નાણાંની લેવડ-દેવડની બાંહેધરી માટે બ્રહ્મભટ્ટ લોકોને જ મધ્યસ્થી તરીકે નિયુક્ત કરવાનું પસંદ કરતા હતા. આપણે અગાઉ આ મહાનિબંધમાં નોંધ્યું છે કે જ્યારે રઘુનાથરાવ પેશ્વાએ નડિયાદ ઉપર આક્રમણ કરીને લૂંટવા માંડ્યું ત્યારે નડિયાદની વહારે ધાનાર એકમાત્ર બ્રહ્મભટ્ટો જ હતા. તેમણે સ્ત્રીઓ અને બાળકો સહિત ત્રાગાં કરીને છેવટે આત્મબલિદાનો ધરી દીધાં હતાં. શેઠ-શાહુકારો જ્યારે ગુજરાત-રાજસ્થાનના રાજવીઓને નાણાં ધીરે ત્યારે રાજવીઓ પાસેથી વ્યાજ સાથેની મૂળ રકમ શાહુકારોને પરત કરવાની જવાબદારી મધ્યસ્થી તરીકે નિમાયેલા બ્રહ્મભટ્ટો-બારોટોની જ ગણાતી. જે જમાનામાં આધુનિક અદાલતો અને વ્યાપારી કરારોનો જોઈએ એટલો પ્રચાર થયેલો ન હતો, તેવા સમયે બ્રહ્મભટ્ટોએ જે રીતે તેમની ભૂમિકા ભજવી તે નાની-સૂની વાત ન હતી,

બ્રિટિશ કાળ દરમ્યાન આ બધું ઝડપથી બદલાયું. બ્રિટિશરોએ ગુજરાતમાં વ્યક્તિ-સ્વાતંત્ર્યને આધારે રચાયેલા લૌકિક (સીક્યુલર) અને તર્કયુક્ત (રેશનલ) મૂલ્યો વિકસાવ્યાં. તેને પરિણામે સૈકાઓની પરંપરાથી ચાલ્યાં આવતાં સામાજિક અને સાંસ્કૃતિક મૂલ્યો તેમજ જીવન-પદ્ધતિમાં મૂળભૂત રીતે પરિવર્તન આવ્યું. બ્રિટિશ શાસકોએ નવી લશ્કરી અને સનંદી સેવાઓની પદ્ધતિઓ વિકસાવી. વળી તેમણે તાર-ટપાલ અને રેલ્વે જેવા માધ્યમો દ્વારા સમગ્ર દેશમાં શાંતિ અને સલામતીના વાતાવરણનું સર્જન કર્યું. પહેલાંના યુદ્ધો હવે નાબૂદ થયાં. રાજા-મહારાજાઓની સત્તા ક્ષીણ બની અને મૌખિક રીતે રસમોનું સ્થાન હવે અદાલતોમાં લડી શકાય તેવા કાનૂની કરારોએ લીધું. આ તમામ કારણોને લીધે બ્રહ્મભટ્ટોનો અસલથી ચાલ્યો આવતો આ વ્યવસાય બિન-ઉપયોગી પુરવાર થયો અને બ્રહ્મભટ્ટોની અસલથી પણ અસ્ત પામી. બ્રિટિશ શાસને વિકસાવેલી આધુનિકીકરણની આ લાંબી પ્રક્રિયા દરમ્યાન બ્રહ્મભટ્ટો આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક દષ્ટિએ ક્ષીણ બનતા ગયા.

પરંતુ આ બ્રહ્મભટ્ટો મૂળે ચપળ અને કાર્યદક્ષતો હતા જ. જ્યારે તેમણે જોયું કે ગુજરાતમાં નવાં પ્રગતિશીલ તત્ત્વો દાખલ થઈ રહ્યાં છે અને બધુજ બદલાઈ રહ્યું છે ત્યારે તેમણે પરંપરાગત જીવનશૈલીમાંથી મુક્ત થવાના ભગીરથ પ્રયાસો કર્યા. તેમણે નવું અંગ્રેજી શિક્ષણ લેવાની શરૂઆત કરી. લગભગ ઈ. સ. ૧૮૮૦ પછી સ્ત્રી શિક્ષણની પણ હિમાયત થવા લાગી. અત્યાર સુધી બ્રહ્મભટ્ટ જ્ઞાતિમાં ઘર કરી બેઠેલાં બાળલગ્નો, વૃદ્ધલગ્નો,

કન્યાવિક્રય, વરવિક્રય, દહેજપ્રથા, મૃત્યુ પાછળના જમણવાર રોવાકૂટવાના રિવાજ, લગ્નો પાછળ થતા બેફામ ખર્ચા, વ્હેમ-અંધશ્રદ્ધા અને પરદેશગમન નિષેધ જેવા સેંકડો અનિષ્ટો સામે બ્રહ્મભટ્ટ જ્ઞાતિના અગ્રવર્ગે સંઘર્ષ શરૂ કર્યો. આવા સંજોગોમાંથી જ ''ભટ્ટભાસ્કર'', ''સુભટ્ટ'' વગેરે જેવાં સામયિકો-(જ્ઞાતિપત્રો) વીસમા સૈકા શરૂ થયાં. આ સામયિકોનો એક પણ અંક એવો ન હતો કે જેમાં સામાજિક અને સાંસ્કૃતિક ઉત્થાનની વાત કરાયેલ ન હોય. આ દષ્ટિએ જોઈએ તો ''ભટ્ટભાસ્કર'' અને ''સુભટ્ટ'' જેવાં સામયિકો બ્રહ્મભટ્ટ જ્ઞાતિની નવરચનાના પ્રતીકરૂપ હતાં.

બ્રહ્મભટ્ટોમાં શૌર્ય-તર્પણની ભાવના તો હતી જ. ગાંધીયુગની સ્વાતંત્ર્ય લડત દરમ્યાન ચૂ. પુ. બારોટ, મોતીલાલ શર્મા, જોરસિંહ કવિ, કસ્તુરબેન જોરસિંહ કવિ, દિવાળીબેન ચૂનીલાલ બારોટ, નરભેરામ સદાવ્રતિ વગેરે સ્ત્રીપુરુષોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. વળી આ જ સમય દરમ્યાન બ્રહ્મભટ્ટ જ્ઞાતિએ રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટ, સારંગ બારોટ, પ્રહલાદ બ્રહ્મભટ્ટ, ઝવેર કવિ, નાટ્યસમ્રાટ વાઘજીભાઈ અને નાનાલાલ બ્રહ્મભટ્ટ જેવા સંસ્કાર-સ્વામીઓને જન્મ આપ્યો. જેમણે સાહિત્યસેવા દ્વારા ગુજરાતી સાંસ્કૃતિક અસ્મિતાને ઉજ્જવળ કરી.

બ્રહ્મભટ્ટ જ્ઞાતિએ જે રીતે તેની જીવનશૈલી અને રીતરસમોનું આધુનિકીકરણ કર્યું તે કામ ઘણું જ કપરું હતું. પોતાના પરંપરાગત વ્યવસાયને વળગી રહી ''જૂનું એટલું સોનું'' એમ માનનાર બ્રહ્મભટ્ટોનો વર્ગ વિશાળ હતો. આ વર્ગને ધીરજ અને ખંતપૂર્વક સમજાવવાનું કાર્ય જ્ઞાતિના જ્યોતિર્ધરોએ સભા સંમેલનો દ્વારા ઘણીજ સારી રીતે કર્યું. આમ બ્રહ્મભટ્ટ જ્ઞાતિએ ૧૯૪૭ સુધીમાં જે પરિવર્તન કર્યું તે પશ્ચિમના ''મોડેલ'' ને આધારે નહિ પરંતુ પોતાની જ પરંપરાને આધારે કર્યું હતું. **હોવર્ડ સ્પોડેક નામના અમેરિકન ઈતિહાસકારે લખ્યું છે તે પ્રમાણે ગાંધીજી જેવા યુગપુરુષે તેમની અહિંસાની વિચારસરણી અને ટેક્નિકની બાબતમાં પશ્ચિમનું મોડલ સ્વીકાર્યું ન હતું.** પરંતુ આવું જ કોઈ સ્વદેશી મોડેલ એમના મનને જરૂરથી સ્પર્શી ગયું હશે એમ કહી શકાય. તેણે એવી દલીલી કરી છે કે ગાંધીજીને બ્રહ્મભટ્ટોની ''ત્રાગા અને લાંઘણ શૈલીમાંથી પણ ઘણી જ પ્રેરણા મળી હોય તો નવાઈ નહીં. એટલે કે હિંદમાંથી બ્રિટિશ શાસન હટાવવા માટે અંગ્રેજોની હત્યા નહિ પરંતુ પોતાની ઉપર જ દેહદમન કરીને સામા ઉપર નૈતિકપ્રભાવ લાદવાની આ રીત એમને સ્પર્શી ગઈ હોય એમ બને. એ રીતે જોઈએ તો બ્રહ્મભટ્ટોએ સૈકાઓથી વિકસાવેલી ત્રાગા અને લાંઘણ (ભૂખહડતાલ) પદ્ધતિમાંથી જ ગાંધીજીએ અહિંસા અને સત્યાગ્રહની વિચારસરણીને નવો વળાંક આપ્યો હતો. આમ, પરંપરામાંથી પરિવર્તનલક્ષી વિકાસ કેવી રીતે થઈ શકે છે તેનું ઉત્તમ ઉદાહરણ બ્રહ્મભટ્ટ જ્ઞાતિનો ઈતિહાસ પૂરું પાડે છે, જેના પર મેં આ શોધકાર્યને કેન્દ્રિત કરવા પ્રયાસ કર્યો છે.

ઓગણીસમી-વીસમી સદી દરમ્યાન ગુજરાતમાં બ્રહ્મભટ્ટ સુધારકો તેમજ આગેવાનો દ્વારા પ્રસસ્થ માર્ગે આગળ વધી વર્તમાન બ્રહ્મભટ્ટ સમાજે લગભગ સર્વક્ષેત્રિય પ્રગતિનાં સોપાના સર કર્યા છે. વર્તમાન ભારતના યશસ્વી વડાપ્રધાન અને વિશ્વભરમાં

અપ્રતિમ આદર-સત્કાર અને પ્રતિષ્ઠા પામનાર શ્રી નરેન્દ્ર મોદી સાહેબને પણ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ (R.S.S.) સાથે સાંકળનાર તથા પથપ્રદર્શકની ભૂમિકા ભજવનાર શ્રી લક્ષ્મણરાવ માધવરાવ ઈનામદારની રચના 'સેતુબંધ'ના વિમોચન (જુઓ ગ્રંથને અંતે મુકેલ ફોટોગ્રાફ) વગેરે મુકીને બ્રહ્મભટ્ટ સમાજની કામગીરી ભૂતકાળની માફક સાંપ્રત સમયે પણ એટલીજ પ્રસ્તુત અને સ્તુત્ય હોવાનું પૂરવાર કર્યું છે.

અગાઉ-પ્રથમ આવૃત્તિ ટાણે યુ.જી.સી.ની નિર્ધારીત મર્યાદાઓને અનુલક્ષીને હું જ્ઞાતિના કેટલાક તેજસ્વી તારલાઓની વિગત આપી શક્યો ન હતો. એ વાતની સ્વયમ્ હું પણ ગ્લાનિ અનુભવી રહ્યો હોવાથી અત્રે કેટલાકનો ઉલ્લેખ કરું છું.

ત્યારબાદ સિનેજગતમાં મુખ્યત્વે એક ગાયક કલાકાર તરીકે ખ્યાતિ મેળવનાર શ્રી બાલી બ્રહ્મભટ્ટ (મુ.દહેગામ હાલ મુંબઈ) ખુબજ ખ્યાતિ પ્રાપ્ત કરી જ્ઞાતિનું નામ ઉજળુ કરી રહ્યા છે. એજ રીતે એક ઉમદા રીધમ આર્ટિસ્ટ તરીકે સિનેજગત અને સંગીત-કલાવૃંદમાં જાણીતા શ્રી શ્યામસુંદર બ્રહ્મભટ્ટ (મુ.કલોલ, ઉ.ગુજ) પણ પોતાની કલાના માધ્યમથી મુંબઈ અને ગુજરાતના પ્રખ્યાત કલાકાર શ્રી મહેશ-નરેશ અને સંગીતકાર-ગીતકાર શ્રી અવિનાશ વ્યાસ સાથે પારીવારીક સંબંધો ધરાવે છે. તાજેતરમાં રાજ્ય સરકારે એમને ગૌરવપુરસ્કાર આપી સન્માનીત કર્યા છે. એ આપણા સૌ માટે આનંદ અને ગૌરવની બાબત ગણાય. આવા ઘણા કલાકારો સાથે અમને પણ રૂબરૂ મુલાકાત કરાવવાનો લાભ એમણે પુરો પાડ્યો હોવાથી અમે એના સાક્ષી છીએ.

આ ઉપરાંત સરકારની વહીવટીક્ષેત્રની સેવાઓમાં પણ કેટલાક બ્રહ્મભટ્ટ મહાનુભાવોનો આપણે આગળ ઉલ્લેખ કર્યો. એ પરંપરાને આગળ વધારતાં બીજા કેટલાક બ્રહ્મભટ્ટ યુવાનો આજે નિષ્ઠા અને ગૌરવપૂર્વક પોતાની કામગીરી સફળ રીતે બજાવી રહ્યા છે, એમની વાત અત્રે સંક્ષિપ્તમાં કરીશું. જેમાં ડૉ.દિગંત કે. બ્રહ્મભટ્ટ (મુ.ભાટવાસ, તા.સતલાસણા, જિ.મહેસાણા, હાલ અમદાવાદ)નો અત્રે ઉલ્લેખ કરું છું ત્યારે મને સહજ રીતે એ મારા પુત્ર હોવાથી સ્વપ્રશંસાનો ભય સતાવી રહ્યો છે. એવામાં પૂર્વ આચાર્યશ્રી ડૉ. સુભાષ બ્રહ્મભટ્ટ જેવા કેટલાક વિદ્વાન મિત્રોએ "દિગંત તમારો પુત્ર હોવાથી તેને અન્યાય કરવાનો ?" કહી મને એના વિષયે સંક્ષિપ્ત માહિતી આપી ભાવી પેઢીના બ્રહ્મભટ્ટ બાળકોને એક ઉદાહરણ પુરું પાડવા કહ્યું. (તેમ છતાં કોઈ જ્ઞાતિ મહાનુભાવને એ અયોગ્ય જણાય તો ક્ષમાયાચના ચાહુ છું.) તેથી અહીં એની થોડી નોંધપાત્ર વિગતો આપીશ. ચિ. દિગંત ધો.૧૦ અને ૧૨ થી શરૂ કરી B.A., M.A., B.Ed. અને કોલેજ અધ્યાપકની યોગ્યતા માટેની પરીક્ષા ખૂબજ ઉચ્ચ ગુણવત્તા (Distinction) સાથે પાસ કરી. ત્યારબાદ સમાજવિદ્યાભવન, ગુજરાત યુનિ.અમદાવાદના ડાયરેક્ટર શ્રીમતી ડૉ.અંજનાબેન શાહના માર્ગદર્શન નીચે પીએચ.ડી. પુરુ કર્યું. સાથેસાથે પાંચ વર્ષ સુધી આચાર્યશ્રી (અને વાઈસચાન્સેલર) એ.યુ.પટેલના કડક પરીક્ષણ બાદ મુલાકાતી અધ્યાપક તરીકે એલ.ડી.આર્ટ્સ કોલેજના

ઈતિહાસ વિભાગમાં સેવાઓ આપી. સાથેસાથે G.P.S.C.-Class-1-2ની પરીક્ષા પણ આપી જેમાં સમગ્ર ગુજરાતમાં દ્વિતીય સ્થાન હાંસલ કર્યું. ખાસ કરીને ભુગોળ, અંગ્રેજી અને ગુજરાતી વિષયના તેમના સૌથી વધારે માર્કસે સમગ્ર શિક્ષણ જગતનું ધ્યાન આકર્ષિત કર્યું. એ વખતે વર્ગ-૧માં માત્ર ડી.વાય.એસ.પી.ની જ જગ્યા હોવાથી તેણે વર્ગ-૨ના અધિકારી એવા મામલતદારનો હોદ્દો એણે જાતે જ સ્વીકાર્યો. આમ કરવાનું કારણ પુછતાં તેણે કહ્યું કે પોલિસ ડિપાર્ટમેન્ટ એના સ્વ.દાદાને ઓછું પસંદ હોવાથી એણે આમ કર્યું. જો કે, આ હોદ્દા પર રહી તેણે જે કામગીરી બજાવી તેને લીધે Best Administrator આંતરરાષ્ટ્રીય કક્ષાનું સન્માન અને I.S.O., Q.A.R. અને U.K., A.S. 026માં રજીસ્ટ્રેશન પ્રાપ્ત કર્યું. આ રીતે જન ભાગીદારીથી રૂા.૩૫ લાખને ખર્ચે પ્રાંતિજ (સા.કાં.) મામલતદાર ઓફીસને આવા આં.રા. ધોરણે અપગ્રેડ કરી. ફલતઃ માત્ર ગુજ. કે ભારતમાં જ નહીં પણ એશિયા ભરમાં તેને બેસ્ટ એડમીનીસ્ટ્રેટરનું પ્રમાણપત્ર સરકાર દ્વારા જાહેર સમારંભમાં સન્માન સાથે એનાયત કરવામાં આવ્યું. તેને ક્વોલિટી મેનેજમેન્ટ (I.S.O. 9001-2008)નું પ્રશસ્તિ પ્રમાણપત્ર અને યુ.એન. દ્વારા આયોજીત વિશ્વના Best Administratorના સેમિનારમાં ભાગ લેવાનું આમંત્રણ પ્રાપ્ત કર્યું. તે પછી ખાતાકીય પ્રમોશ મેળવી નાયબ કલેક્ટર અને પ્રાંત અધિકારી (ડીસા)નું પોસ્ટીંગ મેળવ્યું. ત્યારબાદ ગુજરાત રાજ્ય મંત્રીમંડળમાં શિક્ષણ વિભાગનાં મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવેના અંગત સચિવ (P.S.) તરીકે અને તે પછી લેબર વેલ્ફેર કમિશ્નર-અમદાવાદ તથા કન્ઝ્યુમર કોર્ટ કમિશ્નર-અમદાવાદ જેવા હોદ્દા પર ફરજ નિભાવી, હાલમાં હિંમતનગર (સા.કાં.) નિવાસી અધિક કલેક્ટર (R.A.C.) તરીકે ફરજ બજાવી રહ્યા છે.

આ ઉપરાંત બ્રહ્મભટ્ટ સમાજમાંથી I.A.S. અધિકારી (UPSC-A.I.R.-332 અને UPSC, CSE-21) તરીકે સફળ થયેલા યુવાન શ્રી હીરેન જીતેન્દ્રભાઈ બારોટ (મુ.વેડા, હાલ અમદાવાદ)ને પણ અભિનંદન સાથે યાદ કરવા રહ્યા. ભાઈશ્રી હીરેન સુરેન્દ્રનગર ખાતે આસિ. કલેક્ટર તરીકે પોતાની સેવાઓ આપી રહ્યા છે. શ્રી હીરેન શાળાકીય શિક્ષણ બાદ બી.કોમ. થઈને R.B.I. Assi. (૨૦૧૭) દેના ગ્રામિણ બેંક-P.O. તથા G.P.S.C. થકી નાયબ કલેક્ટર (GAS-૨૦૧૯) અને U.P.S.C./C.S.E.-2019 દ્વારા ઈન્ડીયન કોર્પોરેટ લૉ સર્વિસ પણ સફળતાપૂર્વક નિભાવી ચુક્યા છે. આ ઉપરાંત અન્ય કેટલાક યુવાનો વર્તમાનમાં માલતદાર જેવા સરકારી હોદ્દાઓ પર સેવાઓ બજાવી રહ્યા છે. જેમાં નીરવ ઈન્દ્રવદન બ્રહ્મભટ્ટ (મુ.ભાન્ડુ, હાલ અમદાવાદ)ને ગણાવી શકાય. આવા બીજા અનેક બ્રહ્મભટ્ટ યુવાનો રાજયના સરકારી અને ખાનગી વિભાગોમાં અનેક મહત્ત્વપૂર્ણ જગ્યાઓ પર બિરાજી પોતાની કામગીરી શોભાવી રહ્યા છે. આ તમામ દૃષ્ટાંતો જ્ઞાતિના યુવા ભાઈ-બહેનોને માર્ગદર્શન પુરુ પાડે તેમ હોવાથી અહીં એમનો ઉલ્લેખ કર્યો છે. વાસ્તવમાં પ્રમાણમાં અલ્પ જનસંખ્યા ધરાવતી આ જ્ઞાતિમાં ભાવી પેઢીએ ભુતકાળની માફક યશસ્વી સ્થાન ગ્રહણ કરવું હોય તો સમગ્ર બ્રહ્મભટ્ટ સમાજ

તથા પરિજનોએ એમને પુરતુ પ્રોત્સાહન પુરુ પાડવું રહ્યું.

આ તમામ પરિપ્રેક્ષમાં  વર્તમાનમાં 'ગુજરાત' બ્રહ્મભટ્ટ મહાસભા જેવી સામાજિક સંસ્થાઓની રાહબરી નીચે ગુજરાતભરમાંથી બ્રહ્મભટ્ટ સમાજમાં ઘણા સમયથી ઘર કરી ગયેલાં દૂષણો નિવારી આધુનિકયુગની સુધારાવાદીવૃત્તિ અપનાવાઈ રહી છે. આધુનિકીકરણના આ અભિયાનમાં માત્ર ગુજરાતના બ્રહ્મભટ્ટ સમાજને જ નહિ પણ સમગ્ર ભારતના બ્રહ્મભટ્ટોનો ઉત્કર્ષ કરવાના આશયથી 'અખિલ હિંદ ભટ્ટ બ્રાહ્મણ મહાસભા'ના સથવારે સમગ્ર રાષ્ટ્રવ્યાપી બ્રહ્મભટ્ટોત્કર્ષની પ્રવૃત્તિ હાથ ધરાયેલ છે. તે અત્યંત પ્રશંસનીય અને આશાસ્પદ બાબત ગણી શકાય તેમ છે. આમ ચઢતી-પડતીના સૃષ્ટિના ક્રમ અનુસાર આ જ્ઞાતિ અતિભવ્ય ભૂતકાળ પછી વચ્ચે (બ્રિટિશકાળમાં) અવનતિના માર્ગે ચઢી ફરી પાછા વર્તમાનમાં ભવ્ય અને પ્રશસ્ય માર્ગે આગળ વધી રહી છે એમ કહીએ તે વ્યાજબી ગણાશે.

●

# પરિશિષ્ટ

## ગુજરાતનાં ભટ્ટસ્થાનોની જિલ્લાવાર યાદી

**( ૧ ) અમદાવાદ જિલ્લો :**

(૧) અમદાવાદ, (૨) ખારાઘોડા, (૩) ગોમતીપુર, (૪) થલતેજ, (૫) દહેગામ, (૬) બહિયલ, (૭) મુશીપુર, (૮) મોસમપુર, (૯) માંડલ, (૧૦) રખિયાલ, (૧૧) રાણપુર,(૧૨) લીલાપુર,(૧૩) વટવા,(૧૪) વિરમગામ, (૧૫) સાલડી, (૧૬) સાણંદ,(૧૭) સાંથલ,(૧૮) સાંતોલ,(૧૯) હરજીના મુવાડા, (૨૦) હાથીજણ

**( ૨ ) અમરેલી જિલ્લો :**

(૧) અમરેલી, (૨) કમળાપુર, (૩) કોડીનાર, (૪) ચલાલા, (૫) ધારાનાનેરા, (૬) ધારી, (૭) બગસરા, (૮) બાબરીયાધાર, (૯) મોટીપાનેલી, (૧૦) મૈસાણા, (૧૧) વાંકાનેર, (૧૨) સાવરકુંડલા

**( ૩ ) કચ્છ જિલ્લો :**

(૧) અંજાર, (૨) નખત્રાણા, (૩) ભચાઉ, (૪) ભુજ, (૫) મુંદ્રા, (૬) માંડવી, (૭) રાપર

**( ૪ ) ખેડા જિલ્લો :**

(૧) અડાસ, (૨) અનારા, (૩) અલીન્દ્રા, (૪) ઓડ, (૫) ઉંદેલ, (૬) કઠાણા, (૭) કપડવંજ, (૮) ખાત્રજ, (૯) ખેડા, (૧૦) ખંભાત, (૧૧) ગોભળજ, (૧૨) ચકલાસી, (૧૩) ચાંગા, (૧૪) ચૂણેલ, (૧૫) જલસણ, (૧૬) ઝારોળા, (૧૭) ડડૂસર, (૧૮) તોરણા, (૧૯) ત્રણોલ, (૨૦) ત્રાજ, (૨૧) થામણા, (૨૨) નરસિંહપુર, (૨૩) નાપા, (૨૪) નાર, (૨૫) નિસરાયા, (૨૬) પેટલા, (૨૭) ફાગણી, (૨૮) બાલાસિનોર, (૨૯) બારોટના મુવાડા, (૩૦) બોરસદ, (૩૧) બોરીઆવી, (૩૨) ભાટિએલ, (૩૩) ભાલેજ, (૩૪) મહિસા, (૩૫) મહુધા, (૩૬) મહેળાવ, (૩૭) મહેમદાવાદ, (૩૮) માતર, (૩૯) મિટલી, (૪૦) મોટા તારાપુર, (૪૧) મોટીઝેર, (૪૨) રામોલ, (૪૩) વટાવ, (૪૪) વડદલા, (૪૫) વનોડા, (૪૬) વલાસણ, (૪૭) વેરા, (૪૮) વીણા, (૪૯) વાસણાબુઝર્ગ, (૫૦) સિમરડા, (૫૧) સિંજીવાડા, (૫૨) સિહોલ, (૫૩) સોજીત્રા, (૫૪) હાથજ, (૫૫) હાંડીયા

**( ૫ ) ગાંધીનગર જિલ્લો :**

(૧) અબોય, (૨) અંબાપુર, (૩) અડાલજ, (૪) ઉનાવા, (૫) ઉવારસદ,

(૬) ઉઘરોજ, (૭) કાકાનું તારાપુર, (૮) કોબા, (૯) છાલા, (૧૦) બિલાસિયા, (૧૧) મગોડી, (૧૨) રૂપાલ, (૧૩) સોજા

**( ૬ ) જામનગર જિલ્લો :**
(૧) જામ ખંભાળીયા, (૨) જામ જોધપુર, (૩) જામદેવળીયા, (૪) જામનગર

**( ૭ ) જૂનાગઢ જિલ્લો :**
(૧) અગતરા, (૨) ઉના, (૩) કેશોદ, (૪) કૂતિયાણા, (૫) ગાંડલ, (૬) ઢાંક, (૭) તલાલા, (૮) પોરબંદર, (૯) બરખલા, (૧૦) બાછડી, (૧૧) બાંઠડી, (૧૨) બીલીયા, (૧૩) મિતિ, (૧૪) મેધપૂર, (૧૫) મેંદરડા, (૧૬) માંગરોળ, (૧૭) વટાવ, (૧૮) વેરાડ, (૧૯) વિસાવદર, (૨૦) વેરાવળ, (૨૧) સરાડીયા, (૨૨) સિમરોલી, (૨૩) સુલતાનપુરા, (૨૪) સોખડા

**( ૮ ) ડાંગ જિલ્લો :**
કોઈ જ માહિતી ઉપલબ્ધ નથી.

**( ૯ ) પંચમહાલ જિલ્લો :**
(૧) કડાછલા, (૨) કાલોલ, (૩) પાંડવા, (૪) લુણાવાડા

**(૧૦) બનાસકાંઠા જિલ્લો :**
(૧) આસોડા, (૨) ઉણ, (૩) કહીપુર, (૪) કાકોર, (૫) કોદરાલી, (૬) કલ્યાણપુર, (૭) ગોરીસણા, (૮) ઘટીયાળી, (૯) ચડાસણા, (૧૦) ચંડીસર, (૧૧) જૂના ડીસા, (૧૨) ઝેરડા, (૧૩) ઝાળા, (૧૪) તેરવાડા, (૧૫) દેરા, (૧૬) દાંતા, (૧૭) ધાનેરા, (૧૮) ધાખા, (૧૯) નાનું ભાટવાસ, (૨૦) પાંચડા, (૨૧) બેણપ, (૨૨) બુરાલ, (૨૩) બાંટ, (૨૪) ભૂતેડી, (૨૫) ભાંખર, (૨૬) મહેબતપુર, (૨૭) મેનપુર, (૨૮) મુનઈ, (૨૯) મૂળકપુર, (૩૦) મેમનપુર, (૩૧) મોકમપુર, (૩૨) મોરપા, (૩૩) મોરવાડા, (૩૪) મોરીયા, (૩૫) મોટપ, (૩૬) મોટી ચંદુર, (૩૭) રાનેર, (૩૮) રોહતક, (૩૯) રૂની, (૪૦) લીંબુઈ, (૪૧) લુણપુર, (૪૨) લોદાણી, (૪૩) વડગામ, (૪૪) સોતામલા, (૪૫) સાંતલપુર, (૪૬) શણવાળ, (૪૭) શણાદર, (૪૮) શેરઉ, (૪૯) હોતવાડા

**(૧૧) ભરૂચ જિલ્લો :**
(૧) અછભિયા, (૨) અસા, (૩) ગવાર, (૪) પાટણ, (૫) ભરૂચ, (૬) રાજપીપળા, (૭) લાછરસ

**(૧૨) ભાવનગર જિલ્લો :**

(૧) અકતરીયા, (૨) કોડીયાક, (૩) કુંભણ, (૪) ગઢડા, (૫) જાગધાર, (૬) ઢસા, (૭) તળાજા, (૮) દુધાણા, (૯) બોટાદ, (૧૦) પાળીયાદ, (૧૧) પાલીતાણા, (૧૨) ભાદરોલ, (૧૩) ભાવનગર, (૧૪) મહુવા, (૧૫) મોરબી, (૧૬) મોટાખુટવાડા, (૧૭) મોટીવડાલ, (૧૮) માંડવી, (૧૯) રતનવાવ, (૨૦) રાજુલા, (૨૧) રાણીવાવ, (૨૨) રંગીયા, (૨૩) વલભીપુર, (૨૪) વેળાવદર, (૨૫) શાહપુર, (૨૬) હાથલ

**(૧૩) મહેસાણા જિલ્લો :**

(૧) અઘાર, (૨) આહજોલ, (૩) ઉનાવા, (૪) ઉંઝા, (૫) કડી, (૬) કલોલ, (૭) કરણપુર, (૮) કરજીસણ, (૯) કહીપુર, (૧૦) કહોડા, (૧૧) કારોડા, (૧૨) કાંબલી, (૧૩) કાંસા, (૧૪) કુવાદરા, (૧૫) કુણઘેર, (૧૬) કુકરવાડા, (૧૭) કોચવા, (૧૮) કંથરાવી, (૧૯) કંબોઈ, (૨૦) ખરણા, (૨૧) ખેરાલુ ગાંભુ, (૨૨) ગવાડા, (૨૩) ગોઝારીયા, (૨૪) ગોરાદ, (૨૫) ગોરીસણા, (૨૬) ગાંભુ, (૨૭) ગંગેટ, (૨૮) ચરાડા, (૨૯) ચાડા, (૩૦) ચારૂપ, (૩૧) ચાણસ્મા, (૩૨) ચાંગોદ, (૩૩) ચંદ્રાલ, (૩૪) જગુદણ, (૩૫) જાસ્કા, (૩૬) જંગરાલ, (૩૭) ટુંડાવ, (૩૮) ડભાડ, (૩૯) ડાભણ, (૪૦) ડાભી, (૪૧) ડુલાણા, (૪૨) દાવડ, (૪૩) દેત્રોજ, (૪૪) દેથલી, (૪૫) દેવડા, (૪૬) ધાણોદરડા, (૪૭) નાદરી, (૪૮) નંદાસણ, (૪૯) પલીયડ, (૫૦) પાટણ, (૫૧) પિલવાઈ, (૫૨) પેઢામલી, (૫૩) ફિંચાલ, (૫૪) બહુચરાજી, (૫૫) બામણવા, (૫૬) બાલવા, (૫૭) બાલિસણા, (૫૮) બોરીસણા, (૫૯) ભાટવાસ, (૬૦) ભાટકાટા, (૬૧) ભાન્ડુ, (૬૨) ભાલક, (૬૩) મલાવ, (૬૪) મલ્લોપ, (૬૫) મહેસાણા, (૬૬) માણસા, (૬૭) માતપુર, (૬૮) માનપુર, (૬૯) માલોસણ, (૭૦) મેઉ, (૭૧) મોરવા, (૭૨) રાણપુર, (૭૩) લવાડ, (૭૪) લીંચ, (૭૫) લાલપુર, (૭૬) લાંઘણજ, (૭૭) લોર, (૭૮) લોદરા, (૭૯) વડસર, (૮૦) વડાવલી, (૮૧) વઘવાડી, (૮૨) વસઈ, (૮૩) વિજાપુર, (૮૪) વિરતા, (૮૫) વિસનગર, (૮૬) વાગડોલ, (૮૭) વેડા, (૮૮) સાગથલા, (૮૯) સિડોસણા, (૯૦) સિદ્ધપુર, (૯૧) સૂણોક, (૯૨) સૂંઢીયા, (૯૩) સોની, (૯૪) શીપોર, (૯૫) શંખેશ્વર, (૯૬) હાસમ

**(૧૪) રાજકોટ જિલ્લો :**

(૧) ઉપલેટા, (૨) ગુંદાલા, (૩) ચાંપરાજપુર, (૪) જસદણ, (૫) જામકંડોરણા, (૬) જેતપુર, (૭) ઠબીયા, (૮) દૂધેરી, (૯) ધોરાજી, (૧૦) પિથળ, (૧૧) મોરબી, (૧૨) રાજકોટ, (૧૩) વિરપુર, (૧૪) વાંકાનેર

**(૧૫) વડોદરા જિલ્લો :**

(૧) અચીસરા કડછલા, (૨) કોયલી, (૩) ચાપડ, (૪) જાસપુર, (૫) તાંદળજા, (૬) થુવાવી, (૭) દામનગર, (૮) બાણજ, (૯) ભાદરવા, (૧૦) ભાયલી, (૧૧) રસુલાબાદ, (૧૨) રામેસરા, (૧૩) વાઘોડીયા, (૧૪) વડસર, (૧૫) સમા (૧૬) સાઠોદ (૧૭) સાંથલ (૧૮) સાવલી

**(૧૬) વલસાડ જિલ્લો :**

(૧) ડુંગરી-ધરમપુર, (૨) વાંસદા, (૩) વાઘછીપા

**(૧૭) સાબરકાંઠા જિલ્લો :**

(૧) અસઈ, (૨) આહોડા, (૩) આકરુન્દ, (૪) આકરોલ, (૫) ઈંટાડી, (૬) ઈડર, (૭) કોદરાલી, (૮) કંબોયા, (૯) ગઢોડા, (૧૦) ગામડી, (૧૧) ગૂંદેલ, (૧૨) ગારોલ, (૧૩) ચડાસણા, (૧૪) ચામૂ, (૧૫) ચિતરિયા, (૧૬) ચિત્રોડા, (૧૭) ચાપંલાનાર, (૧૮) છાલા, (૧૯) દાવડ, (૨૦) નાદરી, (૨૧) નારસોલી, (૨૨) પાલુન્દ્રા, (૨૩) પ્રાંતિજ, (૨૪) પૂંસરી, (૨૫) પુંધરા, (૨૬) પેઢામલી, (૨૭) પોશીના, (૨૮) રમોસા, (૨૯) બાયડ, (૩૦) બેરણા, (૩૧) બોરોલ, (૩૨) બોટલ, (૩૩) ભાટકોટા, (૩૪) ભાટપુરા, (૩૫) ભીલોડા, (૩૬) મઉ, (૩૭) મૂંડેરી, (૩૮) મોકમપુર, (૩૯) મોંધરી, (૪૦) લાંબડીયા, (૪૧) વડાલી, (૪૨) વડાવલી, (૪૩) વાત્રક, (૪૪) સાદડ, (૪૫) હરસોલ, (૪૬) હિંમતનગર, (૪૭) ઝેર

**(૧૮) સુરત જિલ્લો :**

(૧) નવસારી, (૨) પિપલોદ, (૩) મરોલી, (૪) સુરત

**(૧૯) સુરેન્દ્રનગર જિલ્લો :**

(૧) ચોટીલા, (૨) ધ્રાંગધ્રા, (૩) પાટડી, (૪) રાજસીતાપુર, (૫) વડગામ (સંઘનું), (૬) વઢવાણ, (૭) વાટાવદર, (૮) સરસીયા, (૯) સુરેન્દ્રનગર

**નોંધ :** ગુજરાતભરનાં ભટ્ટસ્થાનો (બ્રહ્મભટ્ટની વસ્તી ધરાવતાં ગામો કે શહેરો)ની કુલ સંખ્યા લગભગ ૪૧૨ જેટલી હોવાનું ઉપલબ્ધ માહિતીને આધારે કહી શકાય.

•

# સંદર્ભ ગ્રંથ સૂચિ

## ગુજરાતી ગ્રંથો


(૧) અગ્નિહોત્રી, રૂષિરાજ અને પટેલ ગૌતમ.(અનુ.) 'કાદમ્બરી-મહાશ્વેતા વૃત્તાન્ત' (મૂ. લે. બાણભટ્ટ) (અમદાવાદ, ૧૯૮૧).

(૨) આચાર્ય, નવીનચંદ્ર 'મુઘલકાલીન ગુજરાત' (અમદાવાદ, ૧૯૭૪.).

(૩) ________. 'ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ' (અમદાવાદ ૧૯૮૪.).

(૪) અનામી, 'પુનવિર્વાહ પ્રબંધ-નિબંધ (અમદાવાદ, ૧૮૯૯.).

(૫) ઈરાની, રુસ્તમ, 'શહેનશાહ અકબર' (મુંબઈ, ૧૮૮૬.).

(૬) કાંટાવાલા, હરગોવિંદદાસ દ્વારકાદાસ, 'સંસાર સુધારો' (અમદાવાદ, ૧૮૮૬.).

(૭) ________. નાત સુધારો. (અમદાવાદ, ૧૮૮૬.).

(૮) કડવા પાટીદાર પરિષદ, 'વડોદરા રાજ્યનો વેઠનો કાયદો' (કડી, ૧૯૨૫.).

(૯) કડાકા, ધનજી શાહ હીરમલજીલ, 'કાઠિયાવાડી ડિરેક્ટરી' ભા. ૧ (રાજકોટ, ૧૮૮૬.).

(૧૦) કરશનદાસ મૂળજી. નિબંધમાળા ભાગ ૧ (મુંબઈ, ૧૮૭૦.).

(૧૧) કલ્યાણચંદ્ર શોભાગચંદ્ર. મૃત્યુ પાછળ જમણવાર કરવાના હાનિકારક ચાલ વિષે નિબંધ (મુંબઈ ૧૯૧૦.).

(૧૨) કવિ, દલપતરામ ડાહ્યાભાઈ, 'જ્ઞાતિનિબંધ' (અમદાવાદ, ૧૮૮૭.).

(૧૩) ________.'પુર્નવિવાહ નિબંધ' (અમદાવાદ, ૧૮૫૩.).

(૧૪) ________. 'બંગાળવિવાહ નિબંધ' (અમદાવાદ,૧૮૫૭.).

(૧૫) ________, 'ભાવનગર પ્રાચીન શોધસંગ્રહ' (અમદાવાદ, ૧૮૮૬.).

(૧૬) ________, 'ગુજરાતના કેટલાક ઐતિહાસિક પ્રસંગો અને વાર્તાઓ' (મુંબઈ, ૧૯૩૩.).

(૧૭) ________, 'ગુજરાતના હિંદુઓની સ્થિતિ' (અમદાવાદ, ૧૮૬૭.).

(૧૮) કવિ, ઝવેરભાઈ બે., 'બ્રહ્મભટ્ટ ચેતન' ભાગ ૧-૨. (કલોલ, ૧૯૨૭.).

(૧૯) કવિ મંગળદાસ ચ. 'ગરીબોનાં ગીતો' (વિજાપુર ૧૯૩૬.).

(૨૦) કેશવલાલ મોતીલાલ, 'ભોજન વ્યવહાર, ત્યાં કન્યા વ્યવહાર અથવા રોટી ત્યાં બેટી' (અમદાવાદ, ૧૮૯૩.).

(૨૧) ગઢવી, શંભુદાન, 'કચ્છ દર્શન' (અમદાવાદ, ૧૯૭૮.).

(૨૨) ગાયકવાડ, મહારાજા સયાજીરાવ. 'શ્રી સયાજીરાવ ગાયકવાડ એઓશ્રીનાં વ્યાખ્યાના તથા ભાષણો' (અમદાવાદ, ૧૯૩૫.).

(૨૩) ગાંધીજી, મોહનલાલ કરમચંદ, બીજી 'ગુજરાતી કેળવણી પરિષદ પ્રમુખ તરીકે ભાષણ' (ભરૂચ, ૧૯૧૮).
(૨૪) જાની અંબાલાલ બુલાખીરામ, 'શ્રી ફોર્બ્સ ગુજરાતી સભાનાં હસ્તલિખિત પુસ્તકોની સવિસ્તર નામાવલી' (મુંબઈ ૧૯૨૩).
(૨૫) જોટે, રત્નમરીરાવ ભીમરાવ, 'ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ' ભાગ ૧-૨. (અમદાવાદ ૧૯૫૯).
(૨૬) ________.ગુજરાતનું પાટનગર અમદાવાદ (અમદાવાદ, ૧૯૨૯).
(૨૭) જોરાવરસિંહ કુબેરસિંહજી, 'કઈડવા કણબીની જ્ઞાતિમાં દીકરીઓ સમરક્ષ સારુ નિયમ'. (અમદાવાદ, ૧૮૬૯).
(૨૮) ટોડ, જેમ્સ, 'રાજસ્થાનનો ઈતિહાસ' ભા.૧-૨. (મુંબઈ, ૧૯૧૩).
(૨૯) ઠાકર, શાંતિલાલ નડિયાદનો ઈતિહાસ (અમદાવાદ, ૧૯૫૧).
(૩૦) ત્રવાડી છોટાલાલ પરજારામ, 'ખેડા જિલ્લાની ભૂગોળ તથા સ્ટેશન' (અમદાવાદ, ૧૮૮૩).
(૩૧) ત્રિવેદી ત્રંબકલાલ શિ., 'શ્રીમાળી બ્રાહ્મણ જ્ઞાતિનો ઈતિહાસ તથા મહાનુભાવો અને જ્યોર્તિધરો' (અમદાવાદ ૧૯૬૮).
(૩૨) ત્રિવેદી, નવલરામ જ., 'સમાજ-સુધારણાનું રેખાદર્શન' (અમદાવાદ ૧૯૩૪).
(૩૩) ________ .અને રાવલ અનંતરાય મ.,'બુદ્ધિપ્રકાશ' ભા.૧.(અમદાવાદ ૧૯૪૧).
(૩૪) દવે, નર્મદાશંકર લા., 'ગુજરાત સર્વસંગ્રહ' (મુંબઈ, ૧૮૮૭).
(૩૫) દાણી, મહાસુખરામ હ., 'ખેડા જિલ્લાનું વર્ણન' (કપડવંજ, ૧૮૯૮).
(૩૬) દ્વિવેદી, આત્મારામ કે., 'કચ્છ દેશનો ઈતિહાસ' (મુંબઈ, ૧૮૭૬).
(૩૭) દ્વિવેદી, નર્મદાશંકર વ., 'ગુજરાતના ઐતિહાસિકસાધનો' ભાગ. ૧-૨. (મુંબઈ, ૧૯૨૮).
(૩૮) દેસાઈ અક્ષયકુમાર,'ભારતીય રાષ્ટ્રવાદની સામાજિક પૃષ્ઠભૂમિ' (અમદાવાદ, ૧૯૮૦).
(૩૯) દેસાઈ, ગણપતરામ રા., 'ભરૂચ શહેરનો ઈતિહાસ' (અમદાવાદ ૧૯૧૪.).
(૪૦) દેસાઈ, ગોવિંદભાઈ હાથીભાઈ., 'વડોદરા રાજ્ય પ્રાન્તિક સર્વસંગ્રહ-કડી પ્રાન્ત', (વડરોદા ૧૯૨૦-૨૧)
(૪૧) ________. 'ગુજરાતનો પ્રાચીન ઈતિહાસ' (અમદાવાદ, ૧૯૨૧.).
(૪૨) ________., 'ગુજરાતના અર્વાચીન ઈતિહાસ' (અમદાવાદ, ૧૮૯૮.).
(૪૩) દેસાઈ, ગોપાળજી હ., 'વિધવાવિવાહ અને કન્યા વિક્રય' (અમદાવાદ, ૧૯૦૮.).
(૪૪) દેસાઈ, ચૂનીલાલ મ., 'વડોદરા રાજ્યનો ઈતિહાસ' (વડોદરા, ૧૯૨૬.).
(૪૫) દેસાઈ, નીરા એ. 'ગુજરાતમાં ઓગણીસમી સદીમાં સામાજિક પરિવર્તન' (અમદાવાદ, ૧૯૮૬.).

(૪૬) દેસાઈ રમણલાલ વસંતલાલ., ‘વડોદરા રાજ્યવહીવટ’ (વડોદરા, ૧૯૪૨).
(૪૭) દેસાઈ શાંતિલાલ મ., ‘રાષ્ટ્રનો સ્વાતંત્ર્ય સંગ્રામ અને ગુજરાત’ (અમદાવાદ, ૧૯૭૨).
(૪૮) નર્મદાશંકર લાભશંકર, ‘કાઠિયાવાડ સર્વસંગ્રહ’ (મુંબઈ, ૧૮૮૬).
(૪૯) નાયક, છોટુભાઈ ર., ‘મધ્યયુગીન ભારત’ ખંડ-૨ (મુંબઈ, ૧૯૬૮).
(૫૦) નારાયણ હેમચંદ્ર., ‘જાતિભેદ અને ભોજન વિચાર’ (મુંબઈ, ૧૮૧૧).
(૫૧) પટેલ અમૃતલાલ, ‘સરસ્વતીને કાંઠે’ (મક્તુપુર, ૧૯૮૫).
(૫૨) પટેલ જેસંગદાસ ત્રિ., ‘વિધવાની અરજી સધવાને’ (અમદાવાદ, ૧૮૮૧).
(૫૩) પટેલ મંગુભાઈ રા., ‘રાવબહાદુર બેચરદાસ એ. લશ્કરી, ગુજરાતના સામાજિક અને ઔદ્યોગિક નેતાના જીવન વૃત્તાંતનો અભ્યાસ, પીએચ.ડી. મહાનિબંધ, ગુજરાત યુનિ. (અમદાવાદ, ૧૯૮૮).
(૫૪) પટેલ હિના ચુનીલાલ., ‘અમદાવાદના વ્યાપારી અને સાંસ્કૃતિક જીવનમાં નગરશેઠ કુટુંબનું પ્રદાન’, પીએચ.ડી. મહાનિબંધ ગુજ. યુનિ. (અમદાવાદ, ૧૯૮૬.).
(૫૫) પઢીયાર, મધુસુદન લ., ‘ગુજરાતના સામાજિક, આર્થિક અને રાષ્ટ્રીય ઉત્થાનમાં હરગોવિંદદાસ દ્વા. કાંટાવાળાનું પ્રદાન’, પીએચ.ડી. મહાનિબંધ, ગુજ. યુનિ. (અમદાવાદ, ૧૯૯૦.).
(૫૬) પરીખ દ્વારકાદાસ એમ., ‘બાળલગ્ન ઈતિહાસ’ (અમદાવાદ, ૧૯૦૦.).
(૫૭) પરીખ પુરુષોત્તમ., ‘કણબી, ક્ષત્રિય ઉત્પત્તિ અને ઈતિહાસ (અમદાવાદ, ૧૯૧૨.).
(૫૮) પરીખ પ્રવિણચંદ્ર અને શેલત ભારતીબેન, ‘ગુજરાતના અભિલેખો’ (અમદાવાદ, ૧૯૯૧.).
(૫૯) પરીખ રસિકલાલ (સંપા.), ‘ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ’ ગ્રંથ ૬ (અમદાવાદ, ૧૯૭૯.).
(૬૦) પરીખ રામલાલ (સંપા.), ‘ગુજરાત એક પરિચય-સ્મૃતિગ્રંથ’, ૬૧, રાષ્ટ્રીય કોંગ્રેસ અધિવેશન (ભાવનગર, ૧૯૬૧.).
(૬૧) પંડ્યા કૃપાશંકર ઝીણાભાઈ., ‘કન્યા વિક્રય’-ક્રુરતા (અમદાવાદ, ૧૮૯૪.).
(૬૨) ________. ‘બાળલગ્ન નિષેધ’ (વડોદરા, ૧૯૦૧.).
(૬૩) પંડ્યા નવલરામ, ‘બાળલગ્ન બત્રીસી’ (અમદાવાદ, ૧૮૯૧.).
(૬૪) પંડ્યા રામચંદ્ર ના. ‘ગુજરાતનો સાંસ્કૃતિક વારસો’ (અમદાવાદ, ૧૯૬૬.).
(૬૫) પંડિત, સુંદરલાલજી. ‘ભારતમાં અંગ્રેજી રાજ્ય’ (અનુ. ચતુર્ભુજ જસાલી) (અમદાવાદ, ૧૯૩૮.).
(૬૬) પંડિતા જમનાબાઈ. ‘સ્ત્રી પોકાર અથવા અડધી દુનિયા સામે લડત’. (અમદાવાદ, ૧૯૦૭.).

(૬૭) પારેખ હીરાલાલ ત્રિ., 'અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન'. ભા. ૧-૨. (અમદાવાદ ૧૯૩૪.).

(૬૮) ________, 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ઈતિહાસ'.૧-૨ (અમદાવાદ ૧૯૩૩).

(૬૯) ફોર્બ્સ, એલેક્ઝાન્ડર કે., 'રાસમાળા' (અનુ.રણછોડરાય ઉદયરામ) (અમદાવાદ, ૧૮૯૯).

(૭૦) બારોટનાં ઉખાણાં (સંકલન) (મુંબઈ, ૧૯૩૯.).

(૭૧) બારોટ કેશુભાઈ, 'બ્રહ્મભટ્ટ અસ્મિતા' (જૂનાગઢ, ૧૯૯૩.).

(૭૨) બારોટ ચુનીલાલ મુ., 'ઈસ્લામનો સુવર્ણયુગ' (અમદાવાદ, ૧૯૫૧.).

(૭૩) ________, 'જાપાનનો ગાંધી કગાવા'. (અમદાવાદ, ૧૯૫૬.).

(૭૪) ________, 'પ્રફુલ્લચંદ્ર રાય'. (અમદાવાદ, ૧૯૫૬.).

(૭૫) ________,'બેતાજ બાદશાહ સરફિરોજશાહ મહેતા'. (અમદાવાદ, ૧૯૫૮.).

(૭૬) ________, 'બંગકેસરી સુરેન્દ્રનાથ બેનરજી'. (અમદાવાદ, ૧૯૬૦.).

(૭૭) બારોટ, સારંગ, 'કુર્યાત સદા મંગલમ' (મુંબઈ, ૧૯૫૫.).

(૭૮) ________, 'આકાશ કુસુમ' (મુંબઈ, ૧૯૫૫.).

(૭૯) ________, 'મોરનાં આંસુ' (મુંબઈ, ૧૯૫૯.).

(૮૦) ________, 'રાગબેરાગ' (મુંબઈ, ૧૯૫૯.).

(૮૧) ________, 'અગન ખેલ' (મુંબઈ, ૧૯૬૦.).

(૮૨) ________, 'વિલાસવહુ' (અમદાવાદ, ૧૯૭૩.).

(૮૩) બારડોલ, 'ગુજરાતવાસી ન્યાતોના રિવાજ બાબત જવાબ' (મુંબઈ, ૧૯૮૪.).

(૮૪) બાવીસી, મુગટલાલ પોપટલાલ, 'ગુજરાત ઈતિહાસ સંદર્ભ સૂચિ' ખંડ-૭ (અમદાવાદ, ૧૯૮૦.).

(૮૫) બ્રહ્મભટ્ટ છગનલાલ અં., 'અમરેશરી કટારી' (મહેસાણા, ૧૯૨૯.).

(૮૬) બ્રહ્મભટ્ટ છગનલાલ પુ. 'બ્રહ્મભટ્ટ કાવ્ય સાહિત્ય સંગ્રહ' (અમદાવાદ, ૧૯૦૯.).

(૮૭) બ્રહ્મભટ્ટ ડાહ્યાલાલ અં., 'વિવિધ લોકકથાઓ' (કલોલ, ૧૯૮૦.).

(૮૮) બ્રહ્મભટ્ટ ડોસાલાલ મો., (માસ્તર.) 'બ્રહ્મભટ્ટ હિતોપદેશ' (કલોલ, ૧૯૧૨.).

(૮૯) બ્રહ્મભટ્ટ ત્રિભુવનદાસ કા. 'કાવ્ય સાહિત્ય સંગ્રહ' (અમદાવાદ, ૧૮૯૫.).

(૯૦) ________. 'બ્રહ્મભટ્ટ લોકોની ઉત્પત્તિ' (અમદાવાદ, ૧૮૯૫.)

(૯૧) બ્રહ્મભટ્ટ નરસિંગદાસ ભા. 'બ્રહ્મભટ્ટ દર્પણ તથા કાવ્યશાસ્ત્ર અને બ્રહ્મભટ્ટ જાતિ' (કુતીઆણા-૧૯૨૪).

(૯૨) બ્રહ્મભટ્ટ પ્રહલાદ, 'નેતાજીના સાથીદારો' (અમદાવાદ, ૧૯૪૬.).

(૯૩) ________, 'નવાં પ્રયાણ' (મુંબઈ, ૧૯૬૨.).
(૯૪) ________, 'એક ડાળનાં પંખી' (અમદાવાદ, ૧૯૬૩.).
(૯૫) ________, 'કવિશ્વર દલપતરામ' (અમદાવાદ, ૧૯૬૪.).
(૯૬) ________, 'ચિત્તરંજનદાસ' (અમદાવાદ, ૧૯૬૪.).
(૯૭) બ્રહ્મભટ્ટ નાથાલાલ અને બ્રહ્મભટ્ટ ડાહ્યાલાલ, 'મારો જિલ્લો મહેસાણા-અમદાવાદ', ૧૯૫૪).
(૯૮) બ્રહ્મભટ્ટ મગનલાલ બાપુજી, 'શૂરવીરની વાતો' (અમદાવાદ, ૧૯૩૩.).
(૯૯) ________, 'બારોટજીની વાતો' (અમદાવાદ, ૧૯૫૧.).
(૧૦૦) બ્રહ્મભટ્ટ રઘુનાથ (રસકવિ), 'બુદ્ધદેવ' (મુંબઈ, ૧૯૧૪.).
(૧૦૧) ________, 'કલ્યાણ રાજ્ય', (મુંબઈ, ૧૯૫૮.).
(૧૦૨) ________, 'સુમન સૌરભ' (નડિયાદ, ૧૯૬૪.).
(૧૦૩) બ્રહ્મભટ્ટ રઘુનાથ – 'રસકવિ', 'દેવો રૂષિઓ અને પ્રતાપી પુરુષો' (અમદાવાદ, ૧૯૬૫.).
(૧૦૪) બ્રહ્મભટ્ટ લલ્લુભાઈ મો., 'બ્રહ્મભટ્ટ સુધારા સંગ્રહ પોથી' (અમદાવાદ, ૧૯૨૫.).
(૧૦૫) બ્રહ્મભટ્ટ શ્યામજી જ., 'અન્યોક્તિ વિલાસ' (અમદાવાદ, ૧૮૯૪.).
(૧૦૬) બ્રહ્મભટ્ટ, કાશીનાથ 'બ્રહ્મક્ષત્રિયનો ઉજ્જવળ ઈતિહાસ', બુરહાનપુર, ૧૯૨૭.).
(૧૦૭) બેટાઈ, રમેશ સુંદરજી, 'ભારતની પ્રાચીન સામાજિકસંસ્થાઓ' (અમદાવાદ, ૧૯૭૩.).
(૧૦૮) બેંકર, શંકરલાલ, 'ગાંધીજી અને રાષ્ટ્રીય પ્રવૃત્તિ' (અમદાવાદ, ૧૯૬૭.).
(૧૦૯) ભટ્ટ કૃષ્ણરાવ ગ., 'વાઘેલા વૃત્તાંત' (અમદાવાદ, ૧૯૧૪.).
(૧૧૦) ભટ્ટ ગણપતરામ, 'બાળલગ્નથી થતી હાની' (અમદાવાદ, ૧૯૧૦.).
(૧૧૧) ભીમરાવ ભોળાનાથ, 'પૃથુરાજ રાસો' (અમદાવાદ, ૧૮૯૭.).
(૧૧૨) મહેતા કપિલરાય મ., 'અમદાવાદ સર્વસંગ્રહ' (અમદાવાદ, ૧૯૪૮.).
(૧૧૩) મહીપતરામ રૂપરામ, 'ભવાઈ સંગ્રહ' (અમદાવાદ, ૧૯૬૬.).
(૧૧૪) મહેતા, પાર્વતી., 'રોવાકૂટવાના ચાલ વિષે નિબં'ધ (નડિયાદ, ૧૯૧૩.).
(૧૧૫) મહેતા, મકરંદ જે., 'સાંસ્થાનિક ભારતનો આર્થિક ઈતિહાસ મુખ્ય પ્રવાહો' (અમદાવાદ, ૧૯૮૫.).
(૧૧૬) ________.'સામાજિક પરિવર્તન અને ગુજરાતના અસ્પૃશ્યો '૧૯મો સૈકો' (અમદાવાદ', ૧૯૮૬.).
(૧૧૭) મહેતા શારદાબહેન. 'જીવન સંભારણાં' (વડોદરા, ૧૯૩૮.).

(૧૧૮) મહેતા શિરીનબહેન. 'ગુજરાતમાં સ્વદેશી આંદોલનની સામાજિક ભૂમિકા', ૧૮૭૫-૧૯૦૮. (અમદાવાદ.).

(૧૧૯) મહેતા સુમંત. 'આત્મકથા' (અમદાવાદ, ૧૯૭૧.).

(૧૨૦) મેરુત્તુગાચાર્ય અને દુગાશંકર શાસ્ત્રી. 'પ્રબંધચિંતામણી' (મુંબઈ, ૧૯૩૪.).

(૧૨૧) મોતીવાલા ભગવાનદાસ ના. ગુજરાતીઓ અને સંસારસુધારા (મુંબઈ, ૧૯૧૮.).

(૧૨૨) મોદી ચંપકભાઈ ર. 'રસકવિ' રઘુનાથ બ્રહ્મભટ્ટ અને તેમનું ગુજરાતી રંગભૂમિનું સાહિત્યમાં પ્રદાન, પીએચ.ડી. મહાનિબંધ ગુજ. યુનિ. (અમદાવાદ, ૧૯૭૬.).

(૧૨૩) મોવડ વામવ અંબાજી, 'બાલવિવાહ સંબંધી લાભાલાભનો વિચાર', વડોદરા, ૧૮૯૩.).

(૧૨૪) રાનુ માવદાનજી ભી, 'શ્રી બ્રહ્માનંદ કાવ્યસંગ્રહ' (જામનગર, ૧૯૦૨.).

(૧૨૫) રાજગોર, શિવપ્રસાદ, 'અર્વાચીન ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ' (અમદાવાદ, ૧૯૭૪.).

(૧૨૬) રાઠૌર, ભોપાલસિંહ (જામજોધપુર), 'ગુજરાતકા ચારણી સાહિત્ય (પીએચ.ડી. મહાનિબંધ'), ગુજરાત યુનિ. (અમદાવાદ ૧૯૯૧).

(૧૨૭) લીલાધર હરખચંદ, 'ગુજરાત તાલુકદારી પ્રાચીન-અર્વાચીન સંગ્રહ' (વઢવાણ, ૧૮૯૧)

(૧૨૮) વડોદરા રાજ્ય, 'પાટીદાર જ્ઞાતિના સાંસારિક રીતરિવાજોનું એકીકરણ' (વડોદરા, ૧૯૧૪).

(૧૨૯) ________, 'અનાવિલ બ્રાહ્મણ જ્ઞાતિના સાંસારિક રીતરિવાજોનું એકીકરણ' (વડોદરા, ૧૯૧૪.).

(૧૩૦) વકીલ, ગિરીશ, 'ગુજરાતી સ્ત્રીઓનું જીવન અને આર્થિક વ્યવહાર' (મુંબઈ, ૧૯૩૮).

(૧૩૧) વલ્લભજી સુંદરજી, 'રાજનગરનાં રત્નો' (રાજકોટ, ૧૯૧૮.).

(૧૩૨) શાહ દામોદરદાસ રે. મહીકાંઠા ડિરેક્ટરી (અમદાવાદ, ૧૯૦૫.).

(૧૩૩) શાહ દેવીદાસ હ. (સંપા.), 'આઠ હજાર ગુજરાતી પુસ્તકોની વર્ગીકૃત નામાવલી' (વડોદરા, ૧૯૨૯.).

(૧૩૪) શાહ પુરુષોત્તમ અને શાહ ચંદ્રકાન્ત, 'ચરોત્તર સર્વસંગ્રહ' : વિ. ૧-૨. (નડિયાદ, ૧૯૫૪.).

(૧૩૫) શાસ્ત્રી કેશવલાલ કાશીરામ., 'ગુજરાતી હસ્તપ્રતોની સંકલિત યાદી' (અમદાવાદ, ૧૯૩૯.).

(૧૩૬) ___________ , 'બ્રહ્મભટ્ટ યુવક રજતજયંતિ અંક' (આમુખ) (અમદાવાદ, ૧૯૬૫.).

(૧૩૭) શાસ્ત્રી દુર્ગાશંકર દે, ‘ગુજરાતનો મધ્યકાલીન રાજપુત ઈતિહાસ’ (અમદાવાદ, ૧૯૫૩.).

(૧૩૮) શેઠ મગનલાલ વખતચંદ, ‘અમદાવાદનો ઈતિહાસ’ (અમદાવાદ, ૧૮૫૧.).

(૧૩૯) શુક્લ હરેન્દ્ર : ‘મનુસ્મૃતિ’ (ભાષાંતર) સુરત, ૧૯૯૩.

(૧૪૦) સુધીરચંદ્ર, ‘સાહિત્ય અને સામાજિક ચેતના’ (સુરત, ૧૯૮૩.).

(૧૪૧) સોરઠિયા ગોરધનદાસ જી. (સંક.) ‘બ્રહ્મબોલના કવિશ્રી બ્રહ્માનંદ સ્વામી’ (બગસરા, ૧૯૭૧.).

(૧૪૨) ________ , ‘સાંડેસરા ભોગીલાલ જ, ‘વાઘેલાઓનું ગુજરાત’ (વડોદરા, ૧૯૩૯).

(૧૪૩) ________ , ‘ઈતિહાસ અને સાહિત્ય’ (સંશોધનની દષ્ટિએ) (મુંબઈ, ૧૯૬૬).

(૧૪૪) ________ , ‘પ્રબંધાદિમાં ઐતિહાસિક અને સામાજિક વસ્તુ’ (અમદાવાદ, ૧૯૭૮).

(૧૪૫) સ્વામી સચ્ચિદાનંદ, ‘અધોગતિનું મૂળ-વર્ણવ્યવસ્થા’ (અમદાવાદ, ૧૯૮૮.).

(૧૪૬) સૌરાષ્ટ્રની પછાત જાતો (સૌ. પછાતવર્ગ બોર્ડ.) (રાજકોટ, ૧૯૫૯.).

(૧૪૭) શ્રીનિવાસ એમ. એન., ‘આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન’ (અમદાવાદ, ૧૯૭૫)

(૧૪૮) હટ્ટન જે. એચ. ‘હિંદુસ્તાનની જ્ઞાતિ સંસ્થા, તેનું સ્વરૂપ, કાર્ય અને ઉત્પત્તિ’ (અનુ. પાંડુરંગ દેશપાંડે) અમદાવાદ ૧૯૨૯.).

## સામયિકો, સમાચારપત્રો અને અહેવાલો

(૧) ‘અઢારમી હિન્દી સામાજિક પરિષદનો અહેવાલ’ (અમદાવાદ, ૧૯૦૫.).

(૨) ‘આર્યપ્રકાશ.’

(૩) ‘ગુજરાત ટાઈમ્સ.’

(૪) ‘ગુજરાત સમાચાર.’

(૫) ‘ગુજરાત વર્નાક્યુલર સોસાયટી લેખસંગ્રહ’ ભા. ૧-૨ (અમદાવાદ, ૧૯૪૧.).

(૬) ‘ગુજરાત વિદ્યાસભા’. (અમદાવાદ, ૧૯૩૩-૫૨.).

(૭) ‘ગ્રંથ અને ગ્રંથકાર’ (પૃ. ૪-૬-૮-૯ અને ૧૦.).

(૮) ‘જનકલ્યાણ.’

(૯) ‘જ્યોતિષદિષ.’

(૧૦) ‘પ્રજાબંધુ.’

(૧૧) ‘પાટીદાર.’

(૧૨) 'પ્રગતિ.'
(૧૩) 'ફોર્બ્સ ગુજરાતી સભા-ત્રિમાસિક.'
(૧૪) 'બુદ્ધિપ્રકાશ.'
(૧૫) 'ભટ્ટભાસ્કર.'
(૧૬) 'બ્રહ્મભટ્ટ'
(૧૭) 'બ્રહ્મભટ્ટ જ્યોતિ.'
(૧૮) 'બ્રહ્મભટ્ટ મિત્ર.'
(૧૯) 'બ્રહ્મભટ્ટોત્કર્ષ.'
(૨૦) 'બ્રહ્મભટ્ટ યુવક.'
(૨૧) 'બ્રહ્મભટ્ટ શુભેચ્છક'.
(૨૨) 'બ્રાહ્મણરાય પત્રિકા'. (ઉર્દુ. માસિક.)
(૨૩) 'નવજીવન'
(૨૪) 'મુંબઈ સમાચાર'.
(૨૫) 'મોઢ માર્તંડ'.
(૨૬) 'સત્યપ્રકાશ'.
(૨૭) 'સુભટ્ટ'.
(૨૮) 'સંદેશ'.
(૨૯) 'શુભદા'.
(૩૦) 'હિંદુમિલન મંદિર'.
(૩૧) 'હિંદી સામાજિક પરિષદનો અહેવાલ'.
(૩૨) 'ક્ષત્રિયબંધુ'.
(૩૩) 'જ્ઞાનસુધા'.

●

# ENGLISH SOURCES

## GOVERNMENT PUBLICATIONS


(1) Baroda Govt. Baroda Admini. Report 1904-05 (Bombay 1906)

(2) ... Gazeteer of the Baroda state Vol. 1 (Bombay, 1923)

(3) ... Historical selections from Baroda state : Baroda 1799-1813 Vol. 4 (Baroda, 1938.)

(4) ... Gaekwads of Baroda Being selections from the Baroda Residency Records Sayaje Reo II (Baroda, 1958.)

(5) Bombay Govt. Gazetterr. Census of Bombay Presidency 1872. Gen. Report and Tables of the Population. Houses Enumerated in the Bombayu Presidency on 21 February 1872 Part-2 (Bombay 1875)

(6) ... Gazetteer of the Bombay Presidency Vol. 2. Surat and Broach (Bombay, 1877)

(7) ... Gazetteer of the Bombay Presidency, Vol. 3 Kaira and Panchmahals (Bombay, 1879)

(8) ... Gazetteer of the Bombay Presidency Vol. 7 Baroda (Bombay, 1883)

(9) ... Gazetteer of the Bombay Presidency Vol. 9 Part II Gujarat Population Musolmane and Parsis (Bombay, 1899)

(10) ... Gazetteer of the Bombay Presidency Vol. 9 Part I Gujarat Population : Hindus (Bombay, 1901)

(11) ... Gazetteer of the Bombay Presidency Vol. 4 Ahmedabad (Bombay, 1904)

(12) ... Gen. Report of the Administration of the Bombay Presidency. Annual Reports, 1864-65) to 1919-20 (Bombay, 1865-1904)

(13) ... "Report on the Collectorate of Ahmedabad" by E.C. Fawcett, Selections from the Records of the Bombay Government Vol. 5 New Series (Bombay 1854)

(14) ... Representative Men of the Bombay Presidency 2nd Edn. (Bombay 1900)

(15) ... Government of India, Imperial Gazetteer of India, (Provincial Series) Vol. 1 (Calcutta, 1909)

(16) ... Census of India, 1921 Cities of the Bombay Presidency Vol. IX Part 1 Report (Poona, 1922)

**OTHER PUBLICATIONS**

( 1 ) Balhatchet, Kenncth Social Policy and Social Change in Western India 1817-1830 (London-1957)

( 2 ) Bearce, G.D. British Attitudes Towards Indian – 1984-1858 (London, 1961)

( 3 ) Bhattacharya, S. "Cultural and social Constraints on Techonogical Innovation and Economics Development : Some oase studies". The Indian Economics and Social History Review-III (Sept. 1966) pp. 240-267.

( 4 ) Briggs, H.G. The Cities of Gujarashtra (London, 1859)

( 5 ) Carpenter, Marry Six months in India (London, 1868)

( 6 ) Commissariat, M.S. A History of Gujarat with a Survey of its monuments and Inscriptions 1573-1758, Vol. 2 (Bombay, 1957)

( 7 ) ... Mandelslo's Travels in Western Indian (London, 1931)

( 8 ) ... Studies in the History of Gujarat (Bombay, 1935)

( 9 ) Dayaram Gidumal The status of women in India (Bombay, 1889)

(10) Desai, Neera Social change in Gujarat : A study of Nineteenth Century Gujarat Society (Bombay, 1978)

(11) Edalji, Dosabhai A History of Gujarat from the Earliest period to the present time (Ahmedabad, 1894)

(12) Eisen Stadt S.M. (Ed) Readings in social Evaluation and Development (London, 1970)

(13) Enthoven, R.E. The Tribes and Castes of Bombay (Bombay, 1920)

(14) Forbes, A.K. Ras Mala (London, 1878)

(15) Forbes, James Oriental Memoirs (London, 1813)

(16) Forrest, G.W. Cities of India Past and Present (London, 1903)

(17) Gillisn, Kenneth L. Ahmedabad A study in Indian Urban History (Berkeley, 1969)

(18) Hagen, Everette On the Theory of Social change (Bombay, 1962)

(19) Hardiman, David Peasant Natio nalists of Gujarat Kheda District 1917 – 1934 (Oxford, 1981)

(20) Hopkens, E Washburn India Old and New (New York, 1901)

(21) Hoston, J. Representative Men of the Bombay Presidency (Bombay, 1900)

(22) Jardens, J.T.F. Dayanand Saraswati : His life and Ideas (Bombay, 1978)

(23) Macmurdo, James An account of the province of Cutch, and the countries lying between Gujarat and the River Indus (Bombay, 1820)

(24) ... Remarks on the Province of Kathiawar Its Inhabitants, their Manners and Customs (Bombay, 1819).

(25) Majmudar, M.R. Cultural History of India From Early Time to Pre-British Period (Bombay, 1965)

(26) Malbari, B.M. Infant Marriage and Enforced Widowhood (Bombay, 1887)

(27) Mehta Makarand J (Ed) Regional Roots of Indian Nationalism (Delhi, 1989)

(28) ... (Ed) Urbanization in Western India (Ahmedabad, 1987)

(29) ... "From Sahjanand to Gandhi : Role perception and Methods" is S.P.Sen (Editor), social and Religious Reform Movements in the Nineteenth and Twentieth Centuries (Calcutta, 1979) pp 229-48.

(30) ... "Educational changes in Gujarat in the first half of the nineteenth Century" Quarterly Review of Historical Studies, VIII No. 4 (1968-69) pp 253-61.

(31) ... Maharaja libel Case : A study in Social change in Western India in 19th Century" Indo-Asian Culture, XIX No. 4 (Janu. 197) pp. 26-39.

(32) Mehta, Shirin — Peasantry and Nationalism. A case study of Bardoli Satyagraha (1928) New Delhi, 1984.

(33) Misra B.B. — The Indian Middle Class their growth in Modern Times (London, 1961)

(34) Munshi, K.M. — Glory that was Gujarat Desa Part II (Bombay, 1954)

(35) Natrajan S. — A century of social Reform Movement (Bombay, 1954)

(36) Pearson, M.N. — Political Participation in Mughal India" The Indian Economic and Social History Regiew IX No. 2 (June 1972) pp 113-31.

(37) Pockck, David — Kanbi and Patida A study of the Patida, Community of Gujarat (Oxdord, 1972)

... "The movement of Castes" Man. Vol. I-v (May, 1955) pp 71-82.

(38) Postans (Mrs.) — Western Indian in 1838, 2 Vol. (London, 1839)

(39) Rabitoy, Neil — Administrative Modernization and the Ethats of British Gujarat 1800-1820". The Indian Economics and Social History Review Vol. IX No. 1 March, 19th pp 46-73.

(40) Raval R.L. — Socio-Religious Reform Movements in Gujarat During the 19th Century (Delhi, 1987)

(41) Sen, Surendranath — (ed) Indian Travels of Thevenot and careri (New Delhi, 1949)

(42) Shah, A.M. & — "The Vahivancha Barots of Gujarat" In million Singer (ed) Traditional India Structure and change (philadelphia-1959) pp No. 40-70

(43) Sherring, M.A. — Hindu Tribes and Castes 3 Vol. (Calcutta, 1872)

(44) Singer Millton — when a Great Tradition Modernesses An Anthropoligical (ed) Approach to Indian Civlization (New York, 1972)

(45) Spodak, Howard — "On the origins of Gandhi's political Methodoligy", Journal of Asian studies, Vol. 30 No. 1, 1970, pp 361-72.

(46) Srinivas, M.N. — Social change in Modern India (Barkely, 1966)

(47) Wilson, John. — Indian Castes V & Vols (Bombay, 1877).

●●●

# દુર્લભરાજના દાનપત્ર(તામ્રપત્ર)વડનગરની
# ફોટો કોપી



**વિજાપુર નિવાસી બારોટ સતિ રતિબા ના**

## હયાત પાળિયાની દુર્લભ તસ્વીર



**સૌજન્ય : નિવૃત્ત પોલિસ અધિકારી શ્રી ભાઈલાલભાઈ બ્રહ્મભટ્ટ**




શ્રી મેહુલ બ્રહ્મભટ્ટના 'કટાર લેખન'માંથી સાભાર.

# બ્રહ્મભટ્ટ સમાજની મહાન વિભૂતિઓની લાક્ષણિક તસ્વીરો



મુનિશ્રી ભારદ્વાજ ઋષિ



ધ્રુતરાષ્ટને મહાભારત કથાનું વર્ણન કરતા સંજય (બ્રહ્મભટ્ટ)ની લાક્ષણિક પ્રતિક તસ્વિર





શ્રી તનસુખ મકરન્દ બ્રહ્મભટ્ટ (મહાન સંગીતજ્ઞ તાનસેન)



મહેશદાસ બ્રહ્મભટ્ટ (રાજા બિરબલ)




કવિ ચંદ બરદાઈ (બારોટ) ના માનમાં ભારત સરકારશ્રીએ પ્રસિધ્ધ કરેલ ટપાલ ટીકીટ




ભક્ત કવિ સુરદાસ




કવિ ગંગ



કવિ ચંદ બરદાઈ (બારોટ)

શ્રી મેહુલ બ્રહ્મભટ્ટના 'કટાર લેખન'માંથી સાભાર.

## કવિવરશ્રી ચંદ બરદાઈ (બારોટ)



સોશ્યલ મીડીયામાંથી સાભાર.

# પેશ્વા બાજીરાવ કાલીન મરાઠા સામ્રાજ્ય



**Welcome Brahmbhatt** 😊 feeling proud.
Jan 23 at 8:32pm ·

बाजीराव....

पेशवा बाजीराव प्रथम ( 1700-1740 ) मराठा साम्राज्य के शासक थे। बाजीराव, शिवाजी महाराज के पौत्र शाहूजी महाराज के पेशवा ( प्रधन )थे।

इनके पि.....Continue Reading




શ્રી મેહુલ બ્રહ્મભટ્ટના 'કટાર લેખન'માંથી સાભાર.

## પાલિતાણાના બ્ર. સત્યાગ્રહનું પ્રતિક ચિત્ર

Proude to be a BRAHMBHATT

Allaudin khillji attack Palitana well known jain religion temple (after somnath). But he failed because of BRAHMBHATT / BAROT sacrifice their life to save PALITANA'S Temple....



શ્રી મેહુલ બ્રહ્મભટ્ટના 'કટાર લેખન'માંથી સાભાર.

## વીરશ્રી દાદુજી બારોટ, પાલીતાણા




**સૌજન્ય : શ્રી કિન્નર બારોટ,**
**પાલીતાણા**


વિર શ્રી દાદુજી બારોટ
શ્રી આદિનાથાય નમઃ
એ શહાદતને શત શત વંદન
ઇતિહાસની ઉષા તો હજુ
પ્રગટુ પ્રગટુ થઇ રહી હતી ત્યારે પણ
પાલીતાણા ની પવિત્ર ભૂમિ એક
મહાન તીર્થ ભૂમિ બની ચૂકી હતી
વિશ્વનો જૈન સમાજ શ્રી શત્રુંજય તીર્થ
ભૂમિના આજે જેકાંઇ પ્રકાશ
અને સંસ્કૃતિ માણી રહ્યોછે.
તેના પાયામાં આ તીર્થની રક્ષા કાજે
ખોળામાં માથા લઇને
વીર પુરુષ દાદુજી બારોટની
આગેવાની નીચે બારોટ સમાજના
સંખ્યાબંધ મીંઢોળબંધા નવયુવાનોએ
શહાદત વહોરી ધરતીની ધુળમાં
સદાને માટે પોઢી ગયા
ઇ.સ.૧૨૯૭ માં વિધર્મી બાદશાહના
ભયાનક આક્રમણ સમયે
તીર્થ રક્ષા કાજે બારોટની
આ શહાદત એક ભક્તિ સાધના
અને ઉપાસનાજ હતી
પૂર્વકાલીન એ પ્રતાપી પુરુષોના
સ્વાર્પણ-કેસરીયાના આ પ્રસંગમાં
સામુહિક ભાવનાના દર્શન થાય છે.
ધન્યતા અનુભવેછે
સમસ્ત બ્રાહ્મભટ્ટ સમાજ
-:સૌજન્ય :-
પ્રતિમા ની પ્રેરણા આપનાર
શ્રી દિઓરા કાન્તીલાલ વીરચંદ બેચરભાઇ
(પાલીતાણાવાળા)

# તેલીયાવીર શ્રી હાથીજી બારોટ, ભાટવાસ




સૌજન્ય : ચિ. મનીશ અને ચિ. રવી- મુ. ભાટવાસ


તેલિયાવીર હાથીજી બારોટ (ભાટવાસ)ની સ્વાર્પણ કથા
સામાજિક પરંપરાઓ અને નૈતિક મુલ્યોની જાળવણી માટે પોતાના જીવનું પણ બલિદાન આપનાર એક બ્રહમભટ્ટ યુવકની આ સત્ય કથા છે.
આજથી લગભગ ૨૦૦ વર્ષ પુર્વેની આ ઘટના છે. મુ-ભાટવાસ, તા-સતલાસણા, જિ-મહેસાણાની દક્ષિણ-પુર્વમાં ટિંબા ગામ આવેલું છે. ત્યાંના ભાણેજ-હગૂજીના કોઈ અયોગ્ય વર્તનથી ઉશ્કેરાયેલ ગ્રામજનોએ તેમને મૃત્યુદંડ આપવા ઠરાવ્યું. તેની જાણ થતાં હગૂજી, ગામ ભાટવાસના બારોટ ભાઈઓ શરણે આવેલાની રક્ષા કરશે, તેવી ખાત્રી સાથે ભાટવાસ આવ્યા. તે દિવસે ગામનો મોટાભાગનો પુરુષવર્ગ કોઈ લોકાચાર નિમિત્તે બહારગામ ગયો હતો. ગામમાં માત્ર મહિલાઓ જ હતી. હગૂજીએ જીવ બચાવવાની કાકલુદી સાથે તેમની પાસે આશ્રય અને રજુઆતની માંગણી કરી. બારોટ બહેનોએ દયા ખાઈને એમને એક ઘરમાં છુપાવી બહારથી તા મારી દીધુ. એટલી વારમાં પીછો કરત ટિંબાના લોકો ભાટવાસ આવ્યા. તેમણે મહિલાઓને હગૂજી સાંપા વા સમજાવ્યુ, પરતુ તેમણે શરણે આવેલાને આ રીતે (મરવા માટે) નહી સોપવાની પોતાની ટેક જણાવી.
આવા સંજોગોમાં ઝનુની ટોળામાંના કેટલાકે હગૂજીને છુપાવેલા ઘર ઉપર ચડી અંદર ઉતરી હગૂજીને મરણતોલ માર માર્યો. થાકીને બારણું ખોલતાં હગૂજીએ જીવ બચાવવા દોટ મુકી, પરંતુ થોડુક દોડીને પડતાવેંત પ્રાણ ત્યજી દીધો. આમ, ભાટવાસના શરણે આવેલાનો ટિંબાવાસીઓએ જીવ લેતાં હાહાકાર મચી ગયો. ડઘાઈ ગયેલ મહિલાઓમાંથી એક નામે સમજુબા સુખદેવજી બારોટે આના વિરૂધ્ધમાં કટાર મારી પોતાનો પ્રાણ ત્યજી હત્યારા ઉપર પોતાનું લોહી છાંટયું. આ કૃત્ય અત્યંત કરૂણ અને અશુભ ગણાતુ હોવાથી હત્યરાઓ જીવ લઈને નાઠા. આ સમાચાર ગામમાં પાછા ફરેલા બારોટોના પુરુષવર્ગને મળતાં ભયંકર ઉશ્કેરાટ ફેલાયો. પુરુષવર્ગ ગેરહાજર હતો. ત્યારે મહિલાઓની વાત ન માનીને શરણે આવેલાની હત્યા કરનારની શાન ઠેકાણે લાવવાનું નક્કી થયું. આ માટે ભાટવાસના હાથીજી બારોટ નામના ૨૨ વર્ષીય યુવાને તેલિયો (તેલિયો એટલે ગળાથી પગની પાની સુધી સુતરાઉ ચોરણો પહેરી, તે દિવેલમાં પલાળી છેક નીચેથી આગ ચાંપી અન્યાય કરનારના ઘેર જઈ બળીને પ્રાણ ત્યજવો.) આ પ્રમાણે શ્રી હાથીજીએ ગ્રામજનો સાથે બૂંગીયો ઢોલ લઈ વાજતે ગાજતે તેલિયો પહેરી ટિંબાની સીમમાં આ સ્થળે દેહ ત્યજીને ટિંબા વાસીઓને શ્રાપ આપ્યો. આ ઘટનાને તેઓ સામાન્ય સમજી ભુલી ગયા.
ત્યારબાદ બન્યું એવુ કે, ટિંબાના દરબારોના પરિવારમાં જુવાન થયેલ પિતા-પુત્ર સહપરિવાર જીવતા રહી શકે નહી. અર્થાત બેમાંથી એકનું આકસ્મિક મોત થાય. આવું વારંવાર થતાં વહેમાયેલા લોકોએ જાણકાર પાસે તેનું નિવારણ માંગતા ભાટવાસના બારોટો તથા કુંવારીકાઓને વાજતે-ગાજતે આમંત્રિને, શ્રી હાથીજીની યાદમાં નાનકડી દેહરી બનાવી પુજાપાઠ, હવન,ભોજન અને દાનધર્મ કરતા (ઈ.સ.૧૯૮૯) છેવટે આ શ્રાપનું નિવારણ થયાનું ગ્રામજનો આજે પણ કબુલે છે.
પોતાના પુર્વજની સ્વાર્પણગાથાને સદા યાદ રાખીને લોકો સુધી પહોચાડવા માટે, એમના વારસદારો પૈકીના શ્રી ચતુરજી લલ્લુજી બારોટ પરિવાર (હસ્તે-ડાં.કે.સી.બારોટ) વતી આજરોજ આ સ્મારક રચી તેનું લોકાર્પણ કરવામાં આવે છે.
મુ-ભાટવાસ
卐 ॐ શાંન્તિ ॐ 卐
તા-૧૫/૦૫/૨૦૧૫

# Welcome Brahmbhatt માંથી લીધેલી માહિતી

भट्ट ब्राह्मण ही क्यों, ब्राह्मण मात्र को एक हो जाना चाहिए। भेदो से नही तो प्रभेदो से ही कार्य का प्रारम्भ हो। परस्पर सम्बंध स्थपित करने में केवल समान आचार, शील का विचार आवश्यक है। उचित तो यही है कि हम अपने भेद प्रभेदो को भुलकर एक हो जावें जिससे हमारी सम्मिलित शक्ति दुर्भेध सिद्ध हो।

## अतीतकालीन ब्रह्मभट्ट ब्राह्मण वंशी भाष्यकार और टिकाकार

### वेदों और शास्त्रों के टीकाकार

महर्षि वात्सायण, सायणाचार्य, माधवचार्य, कौशिक भट्ट, नारायण भट्ट, उब्बट भट्ट, कुमारिल भट्ट, जयन्त भट्ट, नागेश्वर भट्ट, कथ्थट भट्ट, नायक भट्ट, भास्कर भट्ट, अनन्त भट्ट, नीलकण्ठ भट्ट ।

### स्मृतियों के भाष्यकार का टीकाकार

मेधातिथी, कुलूक भट्ट, राजा गोविन्द भट्ट, राघोनंद भट्ट, हलायुध भट्ट, मदन्तदेव भट्ट।

### व्याकरण के रचियत्ता व टीकाकार

भट्टो जी दीक्षित (भट्ट), कौण भट्ट, वासु भट्ट, हरिहर भट्टस जयकृष्ण भट्ट माधवेन्द्र भट्ट, सरस्वती उद्धम भट्टस माधव भट्ट, राम भट्ट, शिवानंद भट्ट, भानु जी यज्ञेय भट्ट, वैद्यनाथ भट्ट, राघवेन्द्र भट्ट, काशीनाथ भट्ट ।

### वैदिक ग्रन्थों के रचयिता

महर्षि वाग्भट्ट, ब्रह्मेश्वर भट्ट, वेदवल्लभ भट्ट, सारङ्ङ्धर भट्ट।

### ज्योतिष ग्रन्थो के रचयिता

आर्य भट्ट, कालिदास भट्ट, माधोराव भट्ट, कमलाकर भट्ट, नीलकण्ठ भट्ट ।

### साहित्यिक एवं ऐतिहासीक ग्रन्थो के रचयिता

वासा भट्ट, प्रजा भट्ट, राघोनन्द भट्ट, नागोजी भट्ट, सोमदेव भट्ट बाहन भट्ट, निर्मल भट्ट, बामन भट्ट, और मम्मट भट्ट।

## ब्रह्मभट्ट ब्राह्मण जाति में जन्म लेने वाले महान विभूतीयाँ

1. महात्मा श्री सुमन्तजी महाराज दशरथ के प्रधान सचिव और दीर्धजीव योगिराज थे।
2. विदेहराज महाराज जनक (सीरध्वज) के दरबार में ब्रह्मभट्ट बब्राह्मण वंशी तीन महान पुरुष थे अर्थात (1) समितजी (2) आचार्य
3. महर्षि संजय जी महाराज धृतराष्ट्र के मंत्री तथा महाभारत के प्रथम आचार्य
4. महाकवि कालीदास (भट्ट) महाराज भोज के राजकवि और प्रधान सचिव थे।
   विमित जी और तीसरे राजमंत्री और राजकवि बन्दी जी।
5. बैताल भट्ट राजा भोज के राजकवि
6. महाकवि चन्द वरदायी दिल्लीपत्ति महाराज पृथ्वीराज चौहान के राजमंत्री और अभिन्न मित्र
7. फल्गुण भट्ट महाराज काश्मीर के प्रधानमंत्री थे।
8. जडगार (भट्ट) चन्देलों के राजकवि थे।
9. माधोराव (भट्ट) मोहम्मद गोरी के राजमंत्री थे।
10. केदार (भट्ट)- मोहम्मद गोरी के राजमंत्री थे।
11. ब्रह्मराजा बीरबल सम्राट अकबर के राजमंत्री थे।
12. राजा युगुलकिशोर (भट्ट) बादशाह मोहममद गोरी के प्रधान मंत्री थे।
13. बोधत्रिय (भट्ट) राजा शिशुपाल चन्देरी नरेश के प्रधान सभापति थे।
14. महर्षि बन्दी जी राजा दुर्योधन के राजकवि थे।
15. महाराज भट्ट महाराज विजयनगर के राजमंत्री थे।
16. नागोजी भट्ट श्रृंगवेश्वर के राजा रवि वर्मा के राजपण्डित और राजकवि थे।
17. वीर कविराज सूरजमल जी बुंदी राज्य के मंत्री भारत प्रसिद्ध कविराज थे।

जिनकी रचना वंश भास्कर को राजपूताने का दुसरा महाभारत ग्रन्थ मान कर सम्मानित किया गया है।

**श्री भट्ट ब्राह्मण नवयुवक संघ-मुंबई**

**'Welcome Brahmbhatt'માંથી સાભાર.**

## 'સેતુબંધ' પત્રિકા વિમોચનનું ચિત્ર

આખા વિશ્વમાં ભારતનું સન્માન વધારનાર આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના ગુરૂ લક્ષ્મણરાવ ઈનામદાર બ્રહ્મભટ્ટ છે. અને શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે 'સેતુબંધ' પુસ્તક ઈનામદાર સાહેબ પર લખ્યું છે.




સોશ્યલ મીડીયામાંથી અને શ્રી મેહુલ બ્રહ્મભટ્ટના 'કટાર લેખન'માંથી સાભાર.

## વ.પ્ર.મોદીજી સાથે શ્રી લક્ષ્મણરાવ ઈનામદાર



શ્રી મેહુલ બ્રહ્મભટ્ટના 'કટાર લેખન'માંથી સાભાર.



અમે સરસ્વતીપુત્ર છીએ.
શિવાધીન અમે બાર હઠના કારણે "બારોટ" છીએ.
અમે લોકોની પ્રશ્નો (ફરીયાદ)રાજાને કરનાર "રાવ" છીએ.
અમે કર્મ કરી ઈનામના હકદાર "ઈનામદાર" છીએ.
અમે રાજા અને પ્રજાના વિશ્વાસુ "જાગીરદાર" છીએ.
અમે સરસ્વતીપુત્ર "બ્રહ્મભટ્ટ" છીએ.
અમે ભારદ્વાજના સંતાન "ભારદ્વાજ" છીએ.
અમેજ "દેવલુક", "દશોંદી", "નવ કટારી રાણા" છીએ.
અમે સરસ્વતીપુત્ર "બ્રહ્મભટ્ટ" છીએ.
અમે અજબ વાણીના વક્તા "અજબાણી" છીએ.
અમે રાજા અને પ્રજાને જોડતી વિશ્વાસની કડી છીએ.
અમે સરસ્વતીપુત્ર "બ્રહ્મભટ્ટ" છીએ.
અમે હસ્તિનાપુર ના સમ્રાટના મંત્રી સંજય છીયે.
અમે પ્રુથ્વી રાજ ચૌહાણના મિત્ર ચંદ બારોટ છીએ.
અમે સરસ્વતીપુત્ર "બ્રહ્મભટ્ટ" છીએ.
અમે ૧૮૫૭ના સંગ્રામના રાણી લક્ષ્મિબાઈ અને તાત્યાટોપે છીએ.
અમે મરાઠા રાજાઓના પેશ્વા (મંત્રી) બાજી રાવ છીએ.
અમે સરસ્વતીપુત્ર "બ્રહ્મભટ્ટ" છીએ.
અમે શસ્ત્ર અને શાસ્ત્રના જાણકાર છીએ.
અમે શિવ-શક્તિના ઉપાસક બ્રહ્મભટ્ટ છીએ.
અમે સરસ્વતીપુત્ર "બ્રહ્મભટ્ટ" છીએ.
અમે ક્ષત્રિયોનુ સ્વાભિમાન છીએ. અમે દરેક સમાજનુ સન્માન છીએ.
અમે સર્વ ધર્મ સમભાવ છીએ. અમે સરસ્વતીપુત્ર બ્રહ્મભટ્ટ છીએ.

*સૌજન્ય : સોશ્યલ મિડિયા - સાભાર*

## ભટ્ટ બ્રાહ્મણોનું વિવિધ પેટાજ્ઞાતિ, અટક, ગોત્રનું કોષ્ટક




*(નોંધ : સંશોધકનું પોતાનું ગોત્ર પણ આ પૈકીનું એક - ભારદ્વાજ છે.)*

*સૌજન્ય : સોશ્યલ મિડિયા - સાભાર*

# બ્રહ્મભટ્ટ - બારોટની પ્રચલિત શાખાઓ

૧. વળંગ
૨. વલાસ
૩. સાર (હાર)
૪. સાંચોરા
૫. રણા
૬. શેલ
૭. લોળ
૮. ખુડાસીયા
૯. સોતામલીયા
૧૦. લોલાવલા
૧૧. પાલેચા
૧૨. મતીલીયા
૧૩. ધાનેચા
૧૪. ખડાલીયા
૧૫. ખરોલીયા
૧૬. મનેલા
૧૭. સુંડેસા
૧૮. આદસેલીયા
૧૯. હરિયાણસા
૨૦. આણસા
૨૧. સારેસા
૨૨. મામેસા
૨૩. ઈડરસા
૨૪. મુખેરસા
૨૫. કારોલીયા
૨૬. મૂળકપૂરિયા
૨૭. મંડોરા
૨૮. મીઠાલીયા
૨૯. સહારા
૩૦. ઉર્જનસા
૩૧. સિધ્ધપુરા
૩૨. મણમોદીયા
૩૩. ટાંક
૩૪. જોડવારીયા
૩૫. કરણપુરીયા
૩૬ હરસુરા
૩૭. ચોવિસ
૩૮. ભાંડેચા
૩૯. કલાવરા
૪૦. સાવરેચા
૪૧. મુખેજ
૪૨. બગવેડીયા
૪૩. સાકરોદીયા
૪૪. ભટાણચા
૪૫. કલાવચા
૪૬ આસોલીયા
૪૭. કેલપુરા
૪૮. દિપાવડા
૪૯. બોરલીયા
૫૦. બુટડેચા
૫૧. રણાવસા
૫૨. સંગેલીયા
૫૩. ભીનમાલા
૫૪. ચંડ
૫૫ લાદરેસા
૫૬ ટીંબસરા
૫૭. કવાદરીયા
૫૮. વીતલીયા
૫૯. પિંડોદરીયા
૬૦ પાલવીયા
૬૧. મરતીયા
૬૨. તલવારીયા
૬૩. સિસાદીયા
૬૪. નસવાદિયા
૬૫. ચાદડેચા
૬૬. સોમેગરા
૬૭. પાલનપુરા
૬૮. જંત્રાવલા
૬૯. દિયોદરા
૭૦. રૂપાવલા
૭૧. મંગલીયા
૭૨. સાવડેચા
૭૩ બાહોટીયા
૭૪ વાછડીયા
૭૫. પંચલાળીયા
૭૬. પટેતલીયા
૭૭. ઘોઘરીયા
૭૮. કાણેટીયા
૭૯. ખરોલીયા
૮૦ સાલાવાડીયા
૮૧. એચલીયા
૮૨. ભટવેચીયા
૮૩. ફાગણીયા
૮૪. નરોલીયા

**સૌજન્ય : શ્રી રમેશ રાવ - અઘાર**




‘શ્રીઅખિલ ભારતીય બ્રહભટ્ટ એકતા અભિયાન ‘ અંતર્ગત, માનસરોવર-
દીલ્હી ખાતે શ્રી રામારાજુ (હૈદ્રાબાદ), શ્રી એલ. એન. શર્મા (કાનપુર),
શ્રી અશોક ભારદ્વાજ (નવી દિલ્હી) તથા શ્રી નાનુભાઇ બારોટની
ઉપસ્થિતિમાં શ્રી બી.ડી. રાવસાહેબના  વરદહસ્તે આ શોધકાર્યના
સંશોધકશ્રીના સંન્માનની બોલતી તસ્વીર !

Fax : 91 – 11 – 38
GRAM : ICSORES
PHONE : 385959
TELEX : 31-61-083-ISS

राष्टीय सामाजिक विज्ञान प्रलेखन केन्द्र

**NATIONAL SOCIAL SCIENCE DOCUMENTATION CENTRE**
INDIAN COUNCIL OF SOCIAL SCIENCE RESEARCH – I.C.S.S.R.

DIRECTOR

Post Box No. 712
35 Ferozeshah Road,
New Delhi-110 001

F.No.TH / 95 – NASSDOC

Date : 09 – 03 – 1995

Dear Dr. Barot

Please accept our congratulations for completing your doctoral research.

You may be aware that ICSSR has a programme of acquiring one copy of every Ph.D. thesis in social science accepted by Indian Universities. If you are interested, please complete the encolsed proforma and send it to us alongwith synopsis of your Ph.D. thesis. On receiving this information, a formal order for purchase of copy of thesis will be sent to you.

Kindly note that the purchase of thesis shall be governed, among other conditions, by the following considerations :

( a ) That the copy of the thesis is to be supplied to this office must be complete, duly authenticated by Supervisor or the Registrar of the University.

( b ) It should be readable and well / hard bound.

( c ) The thesis which is already available in printed or mimeographed form will not be considered for purchase.

The price to be paid for each thesis is Rs. 600/- subject to free delivery at the National Social Science Documentation (ICSSR), 35, Ferozeshah Road, New Delhi – 110001.

If you require more information, please do write to me.

With best wishes,

Encl : As above.

Sincerely,
(K. G. TYAGI)

Dr. Kanubhai Chaturbhai Barot
C/o Dr. M. J. Mehta School of Science,
Gujarat University,
Ahmedabad – 380009

# About the Book...



બ્રહ્મભટ્ટ જ્ઞાતિ માત્ર ઐતિહાસિક અને સાંસ્કૃતિક દ્રષ્ટિએજ નહીં પરંતુ આજના એકવીસમા સૈકાના સાંપ્રત પ્રવાહની દ્રષ્ટિએ પણ મહત્ત્વની છે. આ જ્ઞાતિ પ્રાચીન ભારતના સમયગાળાથી માંડીને આજપર્યંત અવિરતપણે વહેતા નદીના ધોધમાર પ્રવાહની જેમ નિરંતર વિદ્યમાન છે. લોકસાહિત્ય, નૃત્ય, કાવ્યસર્જન, ગાયન અને નાટ્યકલા જેવાં લોકકલાનાં મોંઘેરાં ક્ષેત્રોમાં આ જ્ઞાતિએ ગજબની સિદ્ધિઓ હાંસલ કરી છે. ૧૮૫૭થી લઈ ૧૯૪૭ના ભારતની સ્વાતંત્ર્ય પ્રાપ્તિની લડતના સમયગાળા દરમ્યાન બ્રહ્મભટ્ટ સ્ત્રી-પુરૂષોએ, વિદ્યાર્થીઓએ અને ગ્રામ્ય વિસ્તારના પ્રમાણમાં ઓછું ભણેલા પણ વધુ ગણેલા બ્રહ્મભટ્ટ મહાનુભાવોએ એમાં પણ અનેરો ભાગ ભજવી પોતાનું આગવું પ્રદાન નોંધાવ્યું છે.

આતો માત્ર ઈતિહાસના પરિપ્રેક્ષની વાત થઈ. પરંતુ આજે આપણો દેશ જ્યારે વૈશ્વિક મહાસત્તાઓમાં ગુરૂસ્થાને વિરાજમાન થવા જઈ રહ્યો છે ત્યારે રાષ્ટ્રની સાર્વત્રિક અસ્મિતાને પુરતુ બળ આપવાનું અને સ્વાતંત્ર્ય લડતને સુપેરે આગળ ધપાવવાનું કામ બ્રહ્મભટ્ટ જ્ઞાતિજનોએ સારી રીતે કર્યું છે.

ઉક્ત કારણોસર આ ગ્રંથના પ્રથમ સંસ્કરણ બાદ લોકો દ્વારા થતી પ્રમાણમાં મોટી કહી શકાય એવી માંગ અને જિજ્ઞાસાને અનુલક્ષીને તથા સમાજની ભાવિ પેઢીનું દિશાસૂચન કરવાના આશયથી પૂર્વેની NATIONAL-TEACHER RESEARCH FELLOWSHIP AWARD સમયે રહેલી થોડીક મર્યાદાઓને લીધે કેટલીક વસ્તુઓનો ઉલ્લેખ અનિચ્છાએ પણ ટાળવો પડ્યો હોવાથી અત્રે આ ગ્રંથના સંશોધકે નવા સંસ્કરણ ટાણે એમાં નવી વિગતો, ફોટોગ્રાફ્સ, ચિત્રો વગેરે ઉમેરીને એને પુરતી જીવંતતા બક્ષવાનો પ્રયાસ કર્યો છે. ગુજરાતની સાર્વત્રિક અસ્મિતાની જાળવણી-વિકાસમાં રસ ધરાવતા માત્ર બ્રહ્મભટ્ટજ નહીં પરંતુ પ્રત્યેક વાચકને આ ગ્રંથ પર્યાપ્ત માહિતી પુરી પાડી, સંતોષી પોતાના તરફ આકર્ષિને જકડી રાખશે તે વાતની મને ખાત્રી છે.

શુભેચ્છા અને આશીર્વાદ સાથે...

**પ્રો. (ડૉ.) મકરન્દ મહેતા**
(આ શોધકાર્યના માર્ગદર્શક)
પૂર્વ અધ્યક્ષ અને પ્રોફેસર,
ગુજ. યુનિ., અમદાવાદ.
ઈતિહાસના વિઝિટિંગ પ્રોફેસર,
યુનિવર્સિટી ઑફ સંદરલૅન્ડ (ઇંગ્લૅન્ડ).